॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ વિરચિતમ્

શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્

ભાગ - ૧

અનુવાદક અને સંપાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી, વેદાન્તાચાર્ય, એમ.એ.

H

JJ ŸæèS±æç}æÝæÚæ²‡ææ ç±…²„¡„Úæ}æ JJ

yt[tÞ ©eh½ðehS {nthts rðhr[,{

©eŒ„…h{tntíßÞ{

¼t„ - 1

y™ðtŒf y™Ë…tŒf
þtMºte ¿tt™«ftþŒtËS
©eMðtr{™thtÞý „Áf¤, Ë-23,„tÄe™„h.

Ëð, 2059 sL{tü{e Ë™ 2003

«ftþf : þtMºte nrh«ftþ
©eMðtr{™thtÞý ËtrníÞ «ftþ™ {rŒh
„Áf÷, Ë-23, „tÄe™„h(„sht,)

¼t„ - …n÷t®f{, : Yt. 125/-

«r, : 2000

«ftþ™ MÚtt™ : ËíË„ «Ë,
„Áf÷, Ë-23, „tÄe™„h.(„sht,)

ËtŒh Ë{…ý{

…h{ ðŒ™eÞ, …ßÞ…tŒ, «t, :M{hýeÞ, „ÁðÞ, ËŒ„Á ftXthe …htýe Mðt{e ©enrh S ð™ŒtË S, „Z…h

yt…©ey ¼„ðt™ ©eMðtr{™thtÞý™e yz„ r™ct, þØ W…tË™t y™ {tntíBÞ ¿tt™…ðf Ä{, ¿tt™, ðhtøÞ y™ ¼Âõ, Ë¼h ËíË„™e r™»ft{ Ëðt fhðt™e «hýt yt…e™ y{tht Sð™™ r™{¤ ƒ™tÔÞ A. yt…™e yn,f f…t{Þ y{e áÂü ¼he «ËL™,t y{tht W…h hn yðe þ¼ ¼tð™tÚte ©enrh™t rŒÔÞ ÷e÷t [rhºttÚte ¼h…h yt “Œ„…h {tntíBÞ” „Út yt…™t fh f{¤{t …»…tsr÷Y… Ë{Š…, fhe y{ f,tÚt,t y™¼ðey Aey.

Ëð, - 2059

©tðý sL{tü{e

y{t Aey yt…™ rþ»Þ{z¤
þtMºte ¼Âõ, S ð™ŒtË S
þtMºte ¼Âõ, r«ÞŒtË S
…htýe nrhf»ýŒtË S
ftXthe ¼Âõ, ,™ÞŒtË S ™t
ftrx ftrx «ýt{ ..

પ્રકાશકીય

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના અનન્ય અને પરમ ઐકાંતિક ભક્તરાજ શ્રીદાદાખાચરના નાના પુત્ર મહાન્ ભક્તરાજ દરબાર શ્રીઅમરાખાચર અને સ.સ્વામી શ્રીચૈતન્યાનંદજીના સંવાદથી આચાર્ય પ્રવર શ્રીરઘુવીરજી મહારાજે આ અદ્ભુત મહાન ગ્રંથ 'શ્રીદુર્ગપુર માહાત્મ્ય' ની રચના કરી છે. તેમાં શ્રીદાદાખાચરનો દરબાર અને શ્રીહરિનું નિવાસ સ્થાન 'અક્ષર ઓરડી' આદિ અનેક ભવનોમાં શ્રીહરિએ જે અદ્ભુત દિવ્ય લીલાચરિત્ર કર્યાં છે, તેનું પ્રત્યક્ષદર્શી સુંદર વર્ણન કરેલ છે. રાજર્ષિ શ્રીઅમરાખાચરના બધા જ પ્રશ્નોના ઉત્તર સ.શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ આપ્યા છે. આ ગ્રંથની પ્રથમ કથા સ્વામી શ્રી શુકાનંદજીએ ગણોદના દરબાર શ્રીજૂણાભાઈને સંભળાવેલી છે. આ શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રોનો અદ્ભુત ગ્રંથ છે.

સર્વાવતારી શ્રીહરિના અને અનેક અનાદિ અક્ષરમુક્તોના ચરણકમળની રજથી અતિપાવન બનેલો દરબારગઢ તેમજ અનેક ભક્તજનોના ઘર, લક્ષ્મીવાડી તથા રાધાવાવ આદિ સ્થળ, ખેતીની જમીન તથા ઉન્મત્તગંગાના ઘાટ વગેરે પ્રત્યેક સ્થળોએ શ્રીહરિએ જે દિવ્ય લીલીચરિત્ર કર્યા છે, તેનું સુંદર અને સચોટ પ્રત્યક્ષદર્શી વર્ણન કરીને સદ્ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીએ દરબાર શ્રીઅમરાખાચરને આ કથા સંભળાવી છે.

આ પછી ભક્તરાજ શ્રીઅમરાખાચરના મનમાં દૃઢ સંકલ્પ થયો કે આ મારા ભાગમાં આવેલા દરબારગઢ અને શ્રીઅક્ષર (ઓરડી)ભવન વગેરે સ્થાન શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કરું.

પછી આ વિચાર તેમણે પોતાના ધર્મપત્નીને કહ્યો. ત્યારે તેણે પણ પોતાનો સંકલ્પ કહ્યો કે આ ઘરોમાં રહેલી તમામ વસ્તુઓ શ્રીહરિની પ્રસાદીની છે. એટલે આ બધી જ વસ્તુ સામગ્રી સાથે તે દરબારગઢ અક્ષરઓરડી વગેરે શ્રીગોપીનાથજી મહારાજને દાનમાં સમર્પણ કરવું અને આપણે પહેર્યે કપડે આ ભવનોમાંથી નીકળી જવું.

પછી દરબાર શ્રીઅમરાખાચરે મોટેરા સંતો અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને બોલાવીને તમામ વસ્તુ સામગ્રી સાથે દરબારગઢ તથા અક્ષરભવન વગેરે સ્થળ શ્રીગોપીનાથજી મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કર્યાં છે. અને પોતે બન્ને દંપતી પહેર્યે કપડે દરબારગઢમાંથી બહાર

નીકળી ગયા અને એક નાના ઘરમાં રહેવા લાગ્યા. પછીના દિવસોમાં લીંબડાવાળા વંડા પાસે નવો દરબારગઢ બંધાવ્યો. હાલ પણ ત્યાં દરબાર શ્રીદાદાખાચરના વંશજો રહે છે. આવા મહાન્ ભક્તરાજ દરબારશ્રી અમરા ખાચરે પોતાનું સર્વસ્વ શ્રીગોપીનાથજી મહારાજને સમર્પણ કર્યું છે અને તેથી જ આજ સૌને સંપૂર્ણ દિવ્ય અદ્ભુત સ્થળોના દર્શનનો લાભ મળે છે.

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પ્રસન્ન થયા અને આવા મહિમાસંપન્ન ભક્તરાજ શ્રીઅમરાખાચર અને સ્વામી શ્રીચૈતન્યાનંદજીના સંવાદવાળા આ દુર્ગપુર માહાત્મ્યગ્રંથની રચના સંસ્કૃતમાં કરી છે. જેના શ્રવણ, મનન કથનથી અનેક મુમુક્ષુ આત્માઓનો આત્યંતિક મોક્ષ થાય છે. આપણા સત્સંગમાં જે સંસ્કૃત ન જાણતા હોય તેમને પણ આ ગ્રંથનો લાભ મળે આવા હેતુથી સંપ્રદાયના વિદ્વાન્ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીએ ઘણો જ પરિશ્રમ કરીને મૂળ સંસ્કૃત ગ્રંથનો ગુજરાતી અનુવાદ સાથે પ્રેસકોપી તૈયાર કરી. આ શ્રીદુર્ગપુરમાહાત્મ્ય ગ્રંથને પ્રકાશિત કરીને અમે બન્નેય જીવનમાં ધન્યતા અનુભવીએ છીએ. આ પ્રકાશનમાં શાસ્ત્રી શ્રીરામકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી શ્રીઅક્ષરપ્રકાશદાસજીએ પ્રિટીંગની બધી જવાબદારી સંભાળીને સારી સેવા કરી છે, તેથી તેમને અમારા શુભ આશીર્વાદ છે.

જગતમાં જે કોઈ જન્મે છે તેને એક દિવસ અવશ્ય મરવાનું છે જ, પરંતુ તેમાં ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોનું સ્મરણ અને ભજન કરવામાં આવે તો તેના જીવનો મોક્ષ ચોક્કસ થાય છે. માટે સહુ કોઈ સંતહરિભક્તોએ શ્રીહરિના લીલાચરિત્રોના શ્રવણ મનનો લાભ લેવો. એજ અભ્યર્થના.

આ ગ્રંથમાં ઘણા પ્રસંગોએ વિદ્વાનોને એમ જણાશે કે આ ગ્રંથકારે શ્રીહરિના દાર્શનિક અને એકેશ્વરવાદ સિદ્ધાન્તોની ઉપેક્ષા કરી છે. પરંતુ એવું નથી. ભગવાન વેદવ્યાસકૃત તમામ પુરાણ સાહિત્યમાં આજ પ્રકારનો દાર્શનિક વિરોધાભાસ જોઈ શકાય છે. અહીં તો 'પોતાના ઈષ્ટદેવની સર્વોપરિતાનું વર્ણન કરવું' એજ ગ્રંથ રચયિતાનો મુખ્ય ઉદ્દેશ્ય છે, તેથી તે સ્વાભાવિક છે. લેખકે પોતાની અનુભૂતિ અને અનુશ્રુતિને આધારે મહિમાનું વર્ણન કર્યું છે. માટે શ્રીહરિના દિવ્ય લીલા ચરિત્રોનું શ્રવણ તથા મનન વગેરે મુમુક્ષુ જીવોનો મોક્ષ કરનારા છે જ. તેમાં જરા પણ સંશયને સ્થાન નથી. એજ

શાસ્ત્રી હરિપ્રકાશ, ગાંધીનગર

સંપાદકીય

શ્રીદુર્ગપુરમાહાત્મ્ય નામે આ ગ્રંથ શ્રીરઘુવીરજી મહારાજે લખ્યો છે. એમ તેના પ્રત્યેક અધ્યાયની પુષ્પિકા અને શ્રીહરિલીલામૃત (૧/૨) ના પ્રમાણે નિશ્ચિત થાય છે.

આના નામ ઉપરથી જ સહુ કોઈ શ્રીહરિના આશ્રિત સમજી શકે છે કે આ ગ્રંથમાં ગઢપુર(ગઢડા) નો ગૌરવપૂર્ણ મહિમા વર્ણવ્યો હશે. સત્સંગમાં પ્રચલિત અનુશ્રુતિઓને આધારે તેને રચયિતાશ્રીએ સ્વયં અનુભવ્યા પ્રમાણે શ્રીદુર્ગપુરમાહાત્મ્યમાં સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્ર, અદિવ્ય(માનવ) ચરિત્ર અને દિવ્યાદિવ્ય ચરિત્રોને ઉલ્લાસભરી ભાવનાથી નિરૂપ્યા દેખાય છે. ૧૬૫ અધ્યાય અને ૧૦૧૫૦ શ્લોકનો આ ગ્રંથ ગુજરાતી અનુવાદ મૂળ સાથે સત્સંગ સમક્ષ પ્રસ્તુત કર્યો છે તે વાંચીને સહુ કોઈ શ્રીહરિના અનુયાયી શ્રીહરિના લીલાચરિત્રોને વાંચી વિચારી કૃતાર્થ થશે. આથી ગ્રંથના વર્ણ્યવિષય અંગે કાંઈ પોતાનું મંતવ્ય પ્રકટ કરવું તે અસ્થાને ગણાશે. છતાં અહીં કિંચિત માત્ર નિર્દેશ કરી રહ્યો છું.

ગ્રંથનો પ્રારંભ, મંગલાચરણ, અનુબંધ ચતુષ્ટય, ગ્રંથ વિષયક પ્રથમ સંવાદ, ગ્રંથકથાનો દ્વિતીય સંવાદ વગેરે બાબતોને લેખકે સામાન્ય રીતે ઠીક રૂપમાં નિરૂપ્યા છે, લેખકના હૃદયમાં અદમ્ય ઉત્સાહ, શ્રદ્ધા, અપ્રતીમ સ્વરૂપનિષ્ઠા તથા પોતાના ઈષ્ટસ્વરૂપનું અનુપમપણું છે. તેઓ તેમને એવા રૂપમાં પ્રસ્તુત કરે છે કે તત્કાલીન સનાતન ધર્માવલંબી સમાજમાં જે અલૌકિક તત્ત્વવિષયક અવધારણાઓ, માન્યતાઓ કે સિદ્ધાન્તો હતા, તે સમગ્રની સમક્ષ પોતાના ઉપાસ્ય ઈષ્ટસ્વરૂપની સર્વશ્રેષ્ઠતા કહેવા માગે છે - કહે છે. વૈશ્વિક દૃષ્ટિએ ચતુર્દશ ભુવન માં કે અનેક કોટિ બ્રહ્માંડોમાં સ્વેષ્ટદેવની અવ્યાહત, વ્યાપક, વિશ્વનિહિત સર્વોત્તમતા સર્વોપરિતાને નિર્ભીકતાથી, નિશ્ચિતતાથી, અવાચ્યાતાને અવગણીને ભૂયોભયઃ કહેવામાં તત્પર રહ્યા છે.

વિષય વિવેચનમાં પ્રથમ સ્થાનોને બતાવ્યા છે. પછી શ્રીહરિના ઐશ્વર્ય ચરિત્ર આદિનું વિવરણ કર્યું છે. ક્યાંક પુનરુક્તિનો આભાસ થાય છે. તેમણે જે ઉદ્દેશથી કે જે શૈલીથી ઉલ્લેખ કર્યો છે તે તેમના મંતવ્યને અનુરૂપ જણાય છે. આ ગ્રંથમાં વિષય વર્ણનમાં પૂર્વાપરના ક્રમનું અનુસંધાન રહ્યું ન હોય તેમ બન્યું છે તેમજ પ્રસિદ્ધ વાતોમાં પણ વ્યુત્ક્રમ

દેખાય છે (જુઓ અધ્યાય ૭,૩૩-૩૪) પ્રસાદીના સ્થાનોનું વિભાજન ત્રણ ભાગે કર્યું દેખાય છે.

૧) શ્રીદાદાખાચરનો દરબારગઢ અને તેના પરિસરનો વિભાગ.

૨) ગઢપુર ગામમાં શ્રીદાદાખાચરના અને બધી બહેનોના અલગ અલગ વંડાઓ, કેટલાક મકાનો કે જેમાં શ્રીદાદાખાચરના ખેડૂતો રહેતા હતા, તે બતાવ્યા છે. શ્રીઘેલા ધાધલને બોટાદથી ગઢપુરમાં લાવીને વસાવ્યા તે દરબારગઢ, કેટલાક સંતોને શ્રીહરિએ જ્યાં રાખેલા તે વંડાઓ, મઘરપાટનો વિસ્તાર, વીંછિયા પરું, કેટલાક હરિભક્તો - બ્રાહ્મણ, વાણિયા કંદોઈ, સુતાર, ભાવસાર વગેરેના ઘરને બરાબર રીતે કહેવા પ્રયત્ન કર્યો છે. શ્રીજીવાખાચરનો દરબારગઢ, તેની આસપાસનો વસવાટવાળો પ્રદેશ, જ્યાં જ્યાં શ્રીહરિ પધાર્યા હોય, લીલા ચરિત્ર કર્યા હોય, ઉદાસ થઈને ક્યાંક એકાંતમાં બેસી ગયા હોય આવું બધું વર્ણન સહજભાવે કર્યું છે.

૩) ગઢપુર ગામથી બહાર બધી જ શ્રીદાદાખાચર તથા જીવુબા વગેરે બહેનોની જમીનનું વિવરણ કર્યું છે. તેમાં લક્ષ્મીવાડી, આજની ભક્તિબાગની જમીન, શ્રીરાધાવાવ, રાધાવાડી, પીપળાવાડી કેટલાક કૂવાઓને ગણાવ્યા છે. ઉગામેડી, પીપળ, અડતાળા, ગામના સીમાડાઓ, ખોપાળાનો માર્ગ, ગઢાળીનો માર્ગ, રળિયાણાનો માર્ગ અને દંડવતધારને પણ પ્રસાદીભૂત સ્થાનમાં વણી લીધા છે. માંધવધાર, રામપરા, હોળાયા, મેઘવડિયા, રાયપર, સારંગપુર, દુદાપર, ગોરડકા વગેરે ગામડાઓના સીમાડા સુધીની જમીનમાં શ્રીહરિના ચરિત્રોની વાત કહી છે. તે જમીનના ટેકરાઓ, ધારો, વોંકળીઓ, તલાવડીઓ, મોટા વૃક્ષો, એક એકના વિગતવાર ચરિત્રોનો નિર્દેશ કર્યો છે, ઉન્મત્તગંગા (ઘેલો) નદી, તેના પથ્થર બહુલ જલપ્રપાતો, ખળખળિયાઓ, પ્રવાહો, નાના મોટા ધરાઓ અને ઓરિયા કૂવાઓ ના જળ વિશ્રાંતિ સ્થળ, જ્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હોય તેનું પ્રત્યક્ષદર્શીના જેવું આલેખન કર્યું છે.

લીલા ચરિત્રો કે ઐશ્વર્યોનું ગૌરવ દર્શાવવા જતાં તે ઘટનાના સમયનું અનુસંધાન કમ રહ્યું છે. અ.૫૮/૨૮ માં ઐશ્વર્ય વર્ણન વખતે શ્રીરામપ્રતાપજી મહારાજ વગેરે અયોધ્યાવાસીઓ આવ્યા પછી પણ શ્રીએભલખાચરની ઉપસ્થિતિ કહી છે, વાસ્તવમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા પછી આઠ વરસે શ્રીએભલખાચર અક્ષરવાસી થયા હતા. (સ.જી.૩/૧) સ.જી. તૃતીય પ્રકરણના અન્નકૂટ ઉત્સવ અને પ્રબોધનીનો ઉત્સવ દેખતા

પણ અહીં તે ઊણપ જણાય છે. ૭૬/૪૬ માં શ્રીવાસુદેવનારાયણની સેવા જીવુબા કરે, તેમ શ્રીહરિ આ ગ્રંથમાં કહે છે. કોઠાવાળી જગ્યાના ઉગમણા ઓરડામાં શ્રીવાસુદેવનારાયણને પધરાવ્યા. પછી અત્યારે જે ઉત્તરદ્વારનો ઉગમણો ઓરડો છે, તેમાં પધરાવ્યા હતા. અને ભક્તિધર્મને પણ ત્યાં જ પધરાવ્યા હતા. અને છેલ્લે શ્રીગોપીનાથજી મહારાજથી પશ્ચિમ તરફના મંદિરમાં પધરાવ્યા. (જુઓ દુ.મા. ૭૬/૪૬ અને ૮૦/૨૮)

લેખક સુમધુર શૈલીથી સ્વાભાવિક પણે વર્ણ્ય વિષયનો ઉપન્યાસ કરે છે. તેમણે કોઈપણ લીલા કહેવી હોય, તેમાં અનેક ધામના મુક્તો તથા પ્રમુખ દેવતાઓ ઉપસ્થિત રહેલા વર્ણવ્યા છે. જેમ કે - બ્રહ્મા, શિવપરિવાર, શેષ, ઈંદ્ર, યમ, વરુણ, કુબેર, સનકાદિ સિદ્ધો, દેવર્ષિ નારદજી, પ્રહ્લાદજી, ગરુડજી તથા શારદા સરસ્વતી, ત્યાં આવીને હાજર થયા જ હોય છે. તે સહુ શ્રીહરિ અને સંતો વગેરેની પૂજા કરે છે. હિમાલય પર્વત, ગંગાજી, રામ, કૃષ્ણ, નૃસિંહ, વામનજી આદિ અવતારોનું પણ વારંવાર શ્રીહરિની સભામાં આગમન જણાવ્યું છે. અન્ય અવતારો, ઈસ્લામમાં ગણાતાં પેગંબરો, જૈનોના તીર્થંકર સુધ્ધા સહુ શ્રીહરિના દર્શન પૂજા કરે છે અને પ્રસાદ ગ્રહણ કરે છે. અને તે માહેલા પ્રત્યેક સ્વરૂપો શ્રીહરિની મૂર્તિમાં લીન થતા કહ્યા છે. આ ગ્રંથની એક સ્વતંત્ર અને ખાસ વિશેષતા જ તેમણે વારંવાર દર્શાવી છે, કાળભૈરવ અને શિવ ગણાધીશ વીરભદ્ર પણ શ્રીહરિને બાહુયુદ્ધ કરીને પ્રસન્ન કરવા આવ્યા હોય તેવી વાતનો ઉલ્લેખ કર્યો છે.

શ્રીદુર્ગપુર માહાત્મ્યમાં સંતોનો મહિમા પણ અનેરી રીતથી વર્ણવ્યો. ગઢપુરની સીમમાં લૂંટારા આવ્યા. શ્રીહરિએ ખેડૂતોની રક્ષા કરવા સશસ્ત્ર પાર્ષદોને મોકલ્યા. પાર્ષદોએ લૂંટારાઓને તગડી મૂક્યા. શ્રીનાજા જોગિયા માણકી જાતની ઘોડી ઉપર બેસીને ગયા હતા. તે પાછા આવ્યા. ઘોડી ખૂબ જ દોડી હતી. પલાણ ઉતારીને તેને છૂટી મૂકી. શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની આગળ વિરાજતા હતા. ત્યાં ઘોડી દોડીને આવી અને શ્રીહરિના ચરણોમાં ઢળી પડી. ઘોડીને પાણી પાવું હતું. શ્રીહરિએ પાણી મંગાવ્યું. તેમાં પ્રત્યેક સંતના પગનો અંગૂઠો બોળાવ્યો. શ્રીહરિએ સંતોના ચરણોદકનો મહિમા જણાવવા ખાતર તેમાંથી થોડું લઈને આચમન કર્યું. જીવુબાએ તે પાણી ઘોડીને પાયું અને તેનો મોક્ષ કર્યો. 'ગઢડું મારું ને હું ગઢડાનો' આવા શ્રીહરિએ ઉચ્ચારેલા શબ્દ સત્સંગમાં પ્રસિદ્ધ છે. શ્રીહરિને વશ કરનાર તો શ્રીએભલખાચરના

પરિવારની અનન્ય તથા ઐકાંતિકી ભક્તિ હતી. તે આ ગ્રંથમાં દર્શાવી છે.

વડોદરા ગાયકવાડ સરકારના દીવાન બાબા સાહેબનું નામ આપણા સંપ્રદાયમાં શ્રીહરિના દ્વેષી તરીકે જે વગોવાય છે. તે પ્રસંગની શ્રીહરિની મનુષ્ય લીલા, શ્રીદાદાખાચરની આજ્ઞાંકિતતા અને દીવાનના હૃદય પરિવર્તનની વાત, અન્યત્ર ક્યાંય જોવા નહિ મળે. આ પ્રસંગ દીવાન બાબા સાહેબ વિષે એક નવી જ છાપ ઊભી કરે છે. શ્રીહરિ શ્રીએભલ-ખાચરના પરિવારના હિત માટે અહર્નિશ ચિંતિત રહ્યા છે. કેટલાક ખળ લોકોની ખળતાઈ પણ ખુલ્લી પાડીને તેને તેનું ફળ પણ આપ્યું છે. તે સમયમાં ઘણી જાતની રાજકીય ખટપટો ઊભી થઈ હતી, ત્યારે શ્રીહરિએ પોતાનો પ્રતાપ જણાવીને શ્રીદાદાખાચરના હિતની રક્ષા કરી છે.

નિંબવૃક્ષની ચોતરફ ઓરડાઓ કરાવ્યા. તેમાં શ્રીદાદાખાચરના પરિવારે નિવાસ કર્યો. તેમાં પણ શ્રીહરિની સૂચના કે આજ્ઞા પ્રમાણે જ સહુને વસાવ્યા હતા. સ. શ્રીમુક્તાનંદ સ્વામી, સ.શ્રીબ્રહ્માનંદ સ્વામી, શ્રીભાઈરામદાસ સ્વામી અને અન્ય સંતો તથા બ્રહ્મચારીઓના નિવાસનો પણ ખાસ ઉલ્લેખ કર્યો છે. અયોધ્યા વાસીઓ આવ્યા. તેમને જ્યાં રાખ્યા. અને પછી તેમને માટે વંડાઓ ફાળવ્યા, તેને પણ ઝીણવટથી દેખાડ્યા છે. આવી ઘણી ઘણી લીલાઓ ઉપર અપૂર્વ પ્રકાશ પાડ્યો છે.

શ્રીહરિની અપાર લીલાઓ છે, તેમાં કોઈપણ જાતનો સંદેહ કે શંકા કર્યા સિવાય લેખકે જે કાંઈ અનુશ્રુતિઓ પ્રસરેલી હતી તેને લક્ષમાં લઈને નિર્ભીકપણે આ દુર્ગપુરમાહાત્મ્યમાં વર્ણવી છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો મહિમા અપાર છે, અપરિમેય છે અને અનંત છે. તેમના ચરિત્રોનું મૂલ્યાંકન કરવું તે આપણા જેવી સામાન્ય વ્યક્તિને માટે અનધિકાર ચેષ્ટા ગણાય. આ અંગે બીજું કાંઈ નહિ વિચારતા એક વાત નિશ્ચિત જણાય છે કે શ્રીહરિના માહાત્મ્યને સમજીને તેમના રંગમાં રાચતા ભક્તોને માટે આ ગ્રંથના લીલા ચરિત્ર છે તે મોક્ષ માર્ગનું ભાતું છે. આ ગ્રંથમાં પ્રત્યેક અધ્યાયના પ્રારંભમાં વિષય સંક્ષેપનો શ્લોક ગ્રંથથી બહારનો સંપાદકે નિવિષ્ટ કર્યો છે.

આ દુર્ગપુર માહાત્મ્ય ગ્રંથની મૂળમાત્ર હસ્તલિખિત પ્રતિલિપિ બે કે ત્રણ જ છે એમ કહેવાય છે. ગઢડા મંદિરમાં બે નકલ છે. બહુ ઓછા સંતોએ આ મૂળ ગ્રંથ વાચ્યો હશે. મને ખાસ યાદ છે કે સંવત ૨૦૦૯ ના શ્રાવણ માસમાં બોટાદ સ્વા. ના મંદિરના અક્ષરનિવાસી સાંખ્યયોગી

સમરથ ફઈબાએ બોટાદમાં શ્રીદુર્ગપુર માહાત્મ્યની સપ્તાહ કથા કરાવી હતી. પૂજ્યપાદ મારા ગુરુશ્રી સ.પુ. સ્વામી ત્રિકમચરણદાસજી તે કથામાં વક્તા હતા. તત્કાલીન પ.ભ. વડોદરિયા(વકીલ) શેઠ શ્રીશાંતિલાલ મણિલાલ ભાઈએ સંપૂર્ણ કથા પોતાને હાથે લખી લીધી હતી. તે પછી આવી કથા કોઈક જ ભાગ્યશાળી સંત હરિભક્તોએ વાંચી સાંભળી હશે.

મેં સાંભળેલી અનુશ્રુતિ પ્રમાણે ગઢપુર મંદિરના પ્રસિદ્ધ વિદ્વાન અ.નિ.સ.શા. શ્રીનારાયણચરણદાસજીએ કાશીથી આવ્યા પછી આ દુર્ગપુર માહાત્મ્યને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરવા વિચાર્યું હતું પણ કોઈ અવ્યક્ત કારણવશ તેમનો સંકલ્પ સાકાર ન થયો. વર્ષો વીત્યા પછી મારા સ્નેહી સ.શા.શ્રીભક્તિપ્રિયદાસજીએ પોતાનું વિદ્યાધ્યયન સમાપ્ત કર્યા પછી બોટાદમાં જ આ ગ્રંથને મૂળ સ્વરૂપમાં ગુજરાતી સાથે પ્રકાશિત કરવા કઠિન પરિશ્રમ કર્યો હતો. પણ સામયિક અને સાંયોગિક પરિસ્થિતિએ તેમને સાથ ન આપ્યો. અને તેમની લખેલી સામગ્રી આજદિન સુધી તેમની પાસે પડી છે. તેમણે વિષમતાથી બચવા માટે સંક્ષિપ્ત ગુજરાતી સંસ્કરણ એક નિષ્ઠાવાન હરિભક્ત પાસે પ્રસિદ્ધ કરાવ્યું. તે પછીના થોડા સમયમાં વડતાલની પુરાતત્ત્વ સંશોધન મંડળ નામની સંસ્થાએ 'આપણે જ દુર્ગપુર માહાત્મ્યને પ્રકાશિત કરીએ' આવી જાહેરાત કરી. પાંચ વિદ્વાનોની ઓફિશિયલ નિયુક્તિ કરીને તે કામ સોંપ્યું. સંશોધન કાર્ય તેમણે પ્રારંભ્યું પણ ખરું. છતાં તેમનો તે પ્રયત્ન અવાચ્ય કારણને લીધે અસફળ રહ્યો. અસ્તુ શ્રીહરિની જેવી ઈચ્છા.

ઉપર્યુક્ત પૂજ્ય ચરણ મારા ગુરુશ્રી અને સ્વનામધન્ય મારા ગુરુકલ્પ સ.પુ. સ્વામી શ્રીહરિપ્રિયદાસજી આ ગ્રંથના અધ્યેતા અને વ્યાખ્યાતા હતા. તેઓની પ્રબળ ઈચ્છા હતી કે આ ગ્રંથમાં ગઢપુરનો મહિમા અને શ્રીહરિની ગૌરવાન્વિત લીલા સત્સંગ સમક્ષ પ્રસિદ્ધ થાય તે ઘણું આવશ્યક છે. તે મહાન્ સંતોની અંતઃપ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિરના સ્થાપક અને પ્રમુખ શ્રીશાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ શ્રીદુર્ગપુર માહાત્મ્યનું પ્રકાશન કરવા વિચાર્યું. તે અંગેની પ્રક્રિયા શરૂ થઈ. સતત આઠ માસ સુધી તે કાર્યમાં વ્યસ્ત રહ્યા પછી લગભગ ૧૩૦૦ પાનાનાં આ ગ્રંથને બે ભાગમાં સત્સંગ સમક્ષ પ્રસ્તુત કરીને સંતોષ અનુભવું છું. આ કાર્યની સફળતાનો સંપૂર્ણ યશ શ્રી સ્વા. ના સાહિત્ય પ્રકાશન મંદિરના પ્રમુખશ્રીને છે. આ ગ્રંથનું પ્રૂફવાંચન મારા વિદ્યાર્થી શાસ્ત્રી શ્રીભક્તિકિશોરદાસજીએ કર્યું છે આથી તેમને અભિનંદન

છે. પ્રત્યેક દૃષ્ટિએ પ્રકાશન સુંદર બને, તે માટે કાળજી રાખી છે, છતાં પાઠકોને એક વિનંતી કરું છું કે ક્યાંય ન્યૂનતા જણાય તો 'હંસ નીરક્ષીર' ન્યાયે ક્ષમ્ય ગણશો.

- સંપાદક

પ્રસ્તુત પ્રકાશનમાં સહાયક

૫૦,૦૦૦/- શ્રીસ્વામિનારાયણ વિદ્યામંદિર - ગઢડા
હસ્તે- શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી

૨૫,૦૦૦/- ગઢડાના સાં.યો. કૈલાસબેન, ગુરુ મણિબા
માનકૂવા કચ્છના સાં.યો. નાનબાઈબેન તથા
તેમના શિષ્યા કેશરબાઈ, ગુરુ રામબાઈ બેન
હસ્તેશ્રી ભગવાનભાઈ ખાલપડા - રાજકોટ

૧૫,૦૦૦/- સાપરા શ્રીજાદવજીભાઈ થોભણભાઈ (બગડવાળા)
હાલ વડોદરા, હસ્તે- તેમના સુપુત્રો શ્રીપ્રેમજીભાઈ,
શ્રીમનસુખભાઈ, શ્રીભીમજીભાઈ, શ્રીલાલજીભાઈ,
શ્રીકેશવજીભાઈ અને શ્રીરસિકલાલભાઈ

૧૧,૦૦૧/- અ.નિ. શ્રીમતી સરોજબેન ચંદ્રકાંતભાઈ મહેતલિયા - મુંબઈ
હસ્તે આંબા શેઠના વંશજ શ્રીચંદ્રકાંતભાઈ ધીરૂભાઈ
મહેતલિયા - ગઢાળીવાળા

૧,૦૦૦/- પટેલ ગણેશભાઈ લક્ષ્મણભાઈ - કળથિયા
માંડવાવાળા - બોટાદ

ॐ

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

श्रीदुर्गपुरमाहात्म्यम्

श्रीरघुवीराचार्यविरचितम्

अथ प्रथमोऽध्यायः

ग्रन्थकृद्रघुवीरेण प्रथमे मङ्गलं कृतम् ।
गुणातीतोपदेशेन राजा दुर्गपुरं गतः ॥

यो दिव्येऽक्षरनाम्नि धाम्नि परमे मायापरे राजते ।
शेषब्रह्मशिरोमुनिप्रभृतिभिर्गीतोऽस्त्युदारश्रवाः ॥
सर्वज्ञः पुरुषोत्तमोऽक्षरपरः सर्वेश्वराधीश्वरः ।
वन्दे तं पितरं मदीयमनिशं श्रीस्वामिनारायणम् ॥१॥
अन्तर्याम्यखिलात्मनामगणितब्रह्माण्डकोट्युद्भव-
त्राणान्तान् कुरु ते सुखादिजलधिर्भ्रूविभ्रमेणैव यः ॥

અધ્યાય - ૧

ગ્રંથકાર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે મંગલાચરણ કર્યું

માયાથી પર, અત્યંત તેજોમય, દિવ્ય અક્ષરધામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન વિરાજે છે. શેષ, બ્રહ્મા, વેદાન્ત અને ઋષિમુનિઓ વગેરે તેમના મહિમાને કહે છે. તેમનો યશ વિશાળ છે. સ્વયં સર્વજ્ઞ છે, પુરુષોત્તમ છે, અક્ષરથી પર છે, સર્વ ઈશ્વરોના અધીશ્વર છે, મારા પિતા છે, માટે તેમને હું (રઘુવીરાચાર્ય) નિરંતર વંદન કરું છું. ॥૧॥

તેઓ સર્વ જીવપ્રાણિમાત્રના અંતર્યામી છે. ભ્રૂકુટિના વિલાસ માત્રથી અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરે છે. આનંદ આદિ અસીમ કલ્યાણ કારી ગુણોના સાગર છે. માયા, પુરુષ, કાળ અને બ્રહ્મા આદિ, નાથેલા બળદ જેમ ખેડૂતને વશ રહે છે તેમ, તેમની આજ્ઞામાં વ્યવસ્થિત રહે છે, આવા શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિને હું ભજું છું.॥૨॥

તેમની મૂર્તિ અત્યન્ત મનોહર અને મંગળમય છે, શરણાગત ભક્તોની

मायापूरुषकालपद्मजमुखा नस्योतगावो यथा
यस्याऽऽज्ञां परिपालयन्ति सहजानन्दं हरिं तं भजे ॥२॥
श्रीमन्मङ्गलमूर्तिमार्तिशमनं सान्द्रा ब्दवृन्दद्युतिं,
कोटिस्वच्छसरोजलज्जनमुखं कारुण्यपूर्णेक्षणम् ।
आत्माऽऽराममुनीन्द्रचिन्त्यचरणं शुभ्राम्बरं चिन्तये
धार्मिं कौसुमहारशेखरधरं श्रीस्वामिनारायणम् ॥३॥
यो गर्वं गजहंसयोर्ललितया गत्या जहार स्वया,
दृग्भ्यां खञ्जनमीनयोश्च शशिनो हास्याननोरु श्रिया ।
कोटिस्वान्तभुवामनन्यतुलया स्वैकाङ्गलक्ष्म्या तथा
तं वन्दे हरिराश्रिताऽऽधिशमनं श्रीस्वामिनारायणम् ॥४॥
स्वामिन् ! भूरिदयानिधान ! सहजानंद ! स्तुतं सज्जनैः,
कामाद्यान्तरवैरिदैत्यदलनं पुण्यं चतुर्वर्गदम् ।
कालव्यालभयक्षयं भवदवोद्दाहप्रशान्तिप्रदं
वन्देऽहं तव पादपद्मयुगलं वन्द्यं सदाऽऽनन्ददम् ॥५॥

પીડાને મટાડે છે, ઘાટા શ્યામ મેઘના જેવી તેમની સુંદર દીપ્તિ છે, તાજા ખીલેલા કરોડો કમળ તેમના મુખની શોભા આગળ ઝાંખા દેખાય છે. તેમની દૃષ્ટિ કરુણાથી તરબોળ છે, આત્મનિષ્ઠાવાળા મોટા મોટા સંતો તેમના ચરણોનું ધ્યાન કરે છે. સદા શ્વેત વસ્ત્ર પહેરે છે, સુગંધી ફૂલના હાર અને તોરાને ધારણ કરે છે, આવા ધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હું ધ્યાન કરું છું.॥૩॥

જે પોતાની સુંદર ગતિથી ગજરાજ અને હંસના ગર્વને હરે છે, ચંચળ દૃષ્ટિથી ખંજન પક્ષી અને માછલાંના ગર્વને ઉતારે છે, હાસ્યપૂર્ણ પ્રસન્ન મુખની અપાર શોભાથી ચંદ્રનો ગર્વ ગાળી દે છે. પોતાના સ્વરૂપની અનુપમ શોભાથી કરોડો કામદેવના ગર્વને નષ્ટ કરે છે. પોતાના ભક્તોની આંતરિક પીડાને ટાળનારા શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનને હું વંદન કરું છું. ॥૪॥

અપાર દયાના નિધાન હે સહજાનંદ સ્વામી ! મોટા સંતો આપના ચરણારવિંદની સ્તુતિ કરે છે, તે ચરણકમળ ચારેય પુરુષાર્થને સિદ્ધ કરે છે અને પરમ પવિત્ર છે, કામાદિ અંતઃશત્રુરૂપ દૈત્યનો વિનાશ કરે છે, કાળરૂપી મોટા સાપના ભયને ટાળે છે, સંસારરૂપ દાવાનળની બળતરામાં શાંતિ આપે છે, નિરંતર આનંદ

भक्तापत्तिहरं नमज्जनगणत्राणं विचिन्त्यं सदा,
तीर्थैकास्पदमिष्टदं कलिमलप्रक्षालनं मङ्गलम् ।
दिव्यं ब्रह्मशिरोऽक्षराद्यभिनुतं संसारवार्धिप्लवं,
पादाम्भोजमहं नमामि सहजानन्दस्य धार्मेर्हरेः ॥६॥
यस्य श्रीपुरु षोत्तमस्य दयया मूकोऽपि वाक्पाटवं
पङ्गुः शैलविलङ्घने पुरु तरं सामर्थ्यमेति द्रुतम् ।
जन्मान्धोऽपि सरोजसुन्दरदृशौ चाप्नोति शान्तिं परां
स श्रीधर्मसुतो हरिर्दिशतु मे सूक्ष्मार्थबोधां मतिम् ॥७॥
नलिनललितलोललोचनश्रीः कलिमलजालविलोपनाऽवलोकः ।
भवभयभिदुरोऽशुभाभिभावी हरिरखिलं वितनोतु मङ्गलं मे ॥८॥
रघुवीराऽभिधाचार्यो हरेः पुत्रः सतां मुदे ।

આપે છે આવા આપના બન્ને વંદનીય ચરણ કમળને હું પ્રણામ કરું છું. ॥૫॥

પોતાના ભકતોની આપત્તિને હરનારા, નમનશીલ વિનયી લોકોનું રક્ષણ કરનારા, દુનિયાના બધા જ તીર્થ જેને આશરે રહે છે, કળિયુગના બધા જ દોષોનું નિવારણ કરનારા, પરમ મંગલમય, વેદાન્ત અને અક્ષર પુરુષ આદિ જેની સ્તુતિ કરતા હોય છે, સંસારરૂપ સાગરને પાર કરવા માટે નૌકા રૂપ, હમેશાં ધ્યાન કરવા લાયક અને દિવ્યભાવોથી ભરપૂર, આવા ધર્મપુત્ર સહજાનંદ સ્વામી શ્રીહરિના ચરણકમળને હું નમસ્કાર કરું છું. ॥૬॥

જે પુરુષોત્તમ શ્રીહરિની અપાર કરુણાથી મૂંગો માણસ પણ પ્રવચન પટુ સારો વક્તા બને છે, પાંગળો (લંગડો) મનુષ્ય ઊંચા પહાડના શિખર ઉપર ચઢવાની અતિ પુષ્કળ શક્તિને તત્કાળ પામે છે, જન્માન્ધ વ્યક્તિ કમળના જેવી સુંદર આંખોને અને પરમ શાંતિ સુખને પામે છે, આવા ધર્મપુત્ર ભગવાન શ્રીહરિ ઝીણવટ ભરી સમજણ જેમાં ભરી હોય આવી સદ્‌બુદ્ધિ મને આપો.॥૭॥

જેમના ચંચળ નેત્રની શોભા સુંદર કમળના જેવી હોય છે, દર્શન કરવા માત્રથી જ કળિયુગના બધા જ દોષો લુપ્ત થઈ જાય છે, જન્મ મરણ રૂપ સંસારના ભયને જે ભેદી નાંખે છે. અને બધા જ અમંગળ-અશુભનો જે નાશ કરે છે તે ભગવાન શ્રીહરિ મારું સમગ્ર મંગળ વિસ્તારો અર્થાત્ બધી રીતે મંગળ કરો. ॥૮॥

શ્રીરઘુવીરાચાર્ય નામે હું ભગવાન શ્રીહરિનો દત્તપુત્ર છું. તે સંતોના આનંદ

श्रीदुर्गपुरमाहात्म्यसंज्ञं ग्रन्थं करोम्यहम् ॥९॥
अथैकदा गुणातीतानन्दसंज्ञो महामुनिः ।
सशिष्यो व्यचरत्क्षोण्यां निर्वाणाय शरीरिणाम् ॥१०॥
गणाद्यसंज्ञितं ग्रामं ततः प्राप्तः स सद्गुरुः ।
जीर्णसिंहाख्यभूपेन तत्रोवासाऽतिसत्कृतः ॥११॥
सर्वभूतसुहृच्छान्तो जितस्वान्तेन्द्रियो मृदुः ।
हरिध्यानप्रसक्ताऽऽत्मा निर्बाधाऽगाधबोधयुक् ॥१२॥
श्रीमद्धार्मिहरिप्रेयान् विषयाक्षुब्धमानसः ।
तपस्वी तीव्रनिर्वेदो धीरः क्षोणिक्षमान्वितः ॥१३॥
अर्थ्यपथ्यातितथ्योक्तिर्धर्मे प्राप्तो दृढां स्थितिम् ।
अन्यबोधाऽतिनैपुण्यो निर्ममो निरहङ्कृतिः ॥१४॥
अकिञ्चनः शुचिर्दान्तो मोहमानविवर्जितः।
निर्मत्सरो गभीरात्मा ध्वस्तकामादिदूषणः ॥१५॥

માટે, રાજીપા માટે "શ્રીદુર્ગપુર માહાત્મ્ય" નામે આ ગ્રંથ રચી રહ્યો છું.॥૯॥

સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવા પોતાના શિષ્ય મંડળને સાથે લઈને એક વખત ગામડાઓમાં ફરવા નીકળ્યા.॥૧૦॥

પછી ફરતા ફરતા સ્વામી ગણોદ ગામ આવ્યા. ગામ ધણી દરબાર શ્રી જૂણાભાઈએ તેમનો ભાવપૂર્વક સત્કાર કર્યો અને ત્યાં થોડા દિવસ રોકાયા.॥૧૧॥

શ્રીગુણાતીતાનંદ સ્વામી સર્વજીવપ્રાણિમાત્રના સાચા મિત્ર હતા. સ્વભાવે શાંત, અંતઃકરણ ઇન્દ્રિયોને જીતનારા અને કોમળ મનના હતા. તેમનું મન શ્રીહરિની મૂર્તિના ધ્યાનમાં પરોવાયેલું રહેતું. તેમનું જ્ઞાન નિર્દોષ અને અગાધ હતું.॥૧૨॥

તેઓ ધર્મનંદન શ્રીહરિના અત્યંત વહાલા સંત હતા. માયિક પંચવિષયમાં તેમનું મન ક્યારેય લલચાતું નહિ. તેઓ એક સારા તપસ્વી, તીવ્ર વૈરાગ્યવાન, ધીર અને પૃથ્વીના જેવી ક્ષમા રાખનારા સંત હતા.॥૧૩॥

તેમની કલ્યાણકારી વાતો અર્થભરી, હિતકારી અને સત્યથી તરબોળ હતી. સદાચારમય ધર્મમાં તેઓ દઢપણે રહેતા. બીજાઓને સત્સંગનો ઉપદેશ કરવામાં ઘણા ચતુર હતા. તેમનામાં અહંતા અને મમતા હતા જ નહિ.॥૧૪॥

તેમનું જીવન નિષ્કિંચન અને પવિત્ર હતું. દેહ-ઇન્દ્રિયોનું દમન કરતા હતા,

आदेशं श्रीहरेर्नित्यं पालयन् सावधानतः ।
क्वापि नाप्यणुमात्रं तं त्वतिक्रामन् सदाशयः ॥१६॥
परं जानन् यथाशास्त्रं माहात्म्यं सर्वथा हरेः ।
ईहाहीनोऽतिसन्तोषो देशकालविदां वरः ॥१७॥
प्राणिनां शमयंस्तापान् कामक्रोधादिदोषजान् ।
शुद्धबोधसुधावृष्ट्या यामिनीनाथवद्भृशम् ॥१८॥
अप्रमत्तोऽनवद्याऽऽत्मा गुणग्राही दयानिधिः ॥
सद्भिर्महागुणैर्मान्यो धीमान् दुष्टाग्रहोज्झितः ॥१९॥
उपकारी तथा वाग्मी श्रद्धालुर्दृढनिश्चयः।
साधुवृत्तिश्च निर्दम्भः सर्वसद्गुणराजितः ॥२०॥
स भूपालोऽथ तं प्रीत्या सेवमानो निरन्तरम् ।
शृण्वंस्तदीरितां वार्तां प्रापन्मोदं शुभां हरेः ॥२१॥

તેમને બાહ્ય જગતનો મોહ કે માન તદ્દન હતા જ નહિ. તેઓ નિર્મત્સર, ગંભીર સ્વભાવના અને કામ આદિ દૂષણોથી રહિત હતા.॥૧૫॥

શુદ્ધ આશયના તેઓ શ્રીહરિની આજ્ઞાનું પાલન હમેશાં સાવધાનીથી કરતા, ક્યારેય અણુ જેટલું પણ તેનું ઉલ્લંઘન કરતા નહિ.॥૧૬॥

શ્રીહરિનો મહિમા શાસ્ત્રને અનુસારે ખૂબ જ સમજતા હતા. લોકસુખ માટે કશી જ પ્રવૃત્તિ કરતા નહિ. અત્યંત સંતોષી અને દેશકાળને સમજનારાઓને મધ્યે તેઓ સર્વોત્તમ હતા.॥૧૭॥

કામ, ક્રોધ આદિ દોષોને લીધે પ્રાણીઓને થતા સંતાપોને પવિત્ર ઉપદેશરૂપ અમૃતવૃષ્ટિથી ચંદ્રમાની જેમ અત્યંત શાંત કરતા હતા.॥૧૮॥

તેઓ પ્રમાદી ન હતા, તેમની બુદ્ધિ નિર્દોષ હતી, સ્વભાવ ગુણગ્રાહી હતો, દયાનો તો અખૂટ ખજાનો હતા. અત્યંત ગુણવાન્ સંતોના સમુદાયમાં તેઓ માનનીય હતા. દુરાગ્રહ રહિત અને મહાન્ બુદ્ધિમાન હતા.॥૧૯॥

તેઓ પરોપકારી પ્રકૃતિના હતા અને સારા સભા ચતુર હતા. ઉચ્ચ શ્રદ્ધાવાળા અને નિર્ણય લેવામાં અડગ હતા. તેમનું વર્તન સાધુતા ભર્યું હતું. કોઈપણ જાતનો દંભ તેઓમાં ન હતો અને સર્વ સદ્‌ગુણોથી સુશોભિત હતા.॥૨૦॥

દરબાર શ્રીજૂણાભાઈ હમેશાં સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીની પ્રેમથી

प्रह्लादवद्धरेर्भक्तौ नित्यदाऽऽसक्तमानसः ।
धीरो वीरोऽतिगम्भीरो मानक्रोधादिवर्जितः॥२२॥
मृदुर्दक्षोऽमलप्रज्ञः सर्वजीवहिते रतः ।
दानी ज्ञानी सदा ध्यानी सत्प्रसङ्गातिलालसः ॥२३॥
मनसा कर्मणा वाचा क्वाप्यधर्ममनाचरन् ।
यथाशास्त्रं स्वकार्यज्ञः साधुशीलानुरक्तियुक् ॥२४॥
उदारःश्रद्धयाऽजस्रं कथावार्ताश्रुतौ हरेः ।
परीक्षिद्वैन्यभूपादिसन्निभो भक्तवल्लभः ॥२५॥
शान्तो दान्तस्तथा क्षान्तः सत्यवाक् सत्यसङ्गरः ।
युक्तः शौर्यप्रसादौजस्तेजोवीर्यमनोजयैः ॥२६॥

સેવા કરતા હતા. અને તેમના મુખથી મોક્ષકારી શ્રીહરિ સંબંધી સારી વાતો સાંભળીને ખૂબ જ રાજી થયા હતા.॥૨૧॥

દરબાર શ્રીજૂણાભાઈનું મન ભગવાનની ભક્તિ કરવામાં પ્રહ્લાદની જેમ નિરંતર લાગ્યું રહેતું હતું. તેઓ સ્વભાવથી ધીર, વીર અને અતિશય ગંભીર હતા અને માન તથા ક્રોધ આદિ દોષોથી રહિત હતા.॥૨૨॥

તેઓ સ્વભાવથી કોમળ, કામકાજમાં નિપુણ તથા નિર્દોષ બુદ્ધિવાળા હતા. સમગ્ર જીવપ્રાણિમાત્રના હિતમાં તત્પર રહેતા, દાન પરાયણ, જ્ઞાન સંપન્ન અને અખંડ ધ્યાનનિષ્ઠ હતા. તેમના હૃદયમાં સંતોના સમાગમની ઈચ્છા બળવાન રહેતી.॥૨૩॥

તેઓ મન, વાણી તથા ક્રિયાથી કયારેય અધર્માચરણ કરતા નહિ. શાસ્ત્રને અનુસારે પોતાના કર્ત્તવ્યને સમજતા હતા. તેમને સદાચારી લોકો ઉપર વિશેષ પ્રેમ હતો.॥૨૪॥

નિરંતર શ્રદ્ધાથી ભગવાનની કથા વાર્તા સાંભળવામાં તેઓ પરીક્ષિત્ અને પૃથુ મહારાજ વગેરેના જેવા એકાગ્રચિત્તવાળા હતા. તેમનું મન ઉદાર હતું તથા ભગવાનના ભક્તો ઉપર તેમને ઘણું વહાલ હતું.॥૨૫॥

તેમનું અંતઃકરણ શાંત રહેતું, બાહ્ય ઈન્દ્રિયોનું નિયમન કરતા, ક્ષમાશીલ, સત્યવક્તા અને સત્યપ્રતિજ્ઞ હતા. તેઓ શૂરતા, પ્રસન્નતા, ઓજ, તેજ, વીર્ય અને મનોજય(મનને વશ રાખવું) આદિ સદ્‌ગુણોથી યુક્ત હતા.॥૨૬॥

अथैकदेति तं वाक्यं सोऽवदत् सद्गुरु र्मुदा ।
राजन् ! दुर्गपुरे रम्ये श्रीहरिर्न्यवसच्चिरम् ॥२७॥
अस्ति दुर्गपुरं तस्मात्पुण्यं सर्वपुरोत्तमम् ।
प्राणिनिर्वाणदं भद्रं वन्द्यं ब्रह्माद्यधीश्वरैः॥२८॥
तत्सन्निधौ शुभा राजन्! सर्वतीर्थवरीयसी ।
मुक्तिदा विद्यते गङ्गा पावनोन्मत्तसंज्ञिता ॥२९॥
तस्यां सस्नौ हरिर्भूयो युक्तो मुन्यादिभिश्चिरम् ।
तस्मात्तदीयमाहात्म्यं केऽपि वक्तुं नहि क्षमाः ॥३०॥
तस्माद्राजंस्त्वया कार्या तद्यात्रा सर्वसिद्धिदा ।
स इत्याकर्ण्य तद्वाक्यं मुदं प्रापन्महीयसीम् ॥३१॥
आसीत्तस्याऽथ भूपस्य तद्यात्रायां महारु चिः।
बोधयित्वेति तं दक्षं स प्रायात्सद्गुरु स्ततः ॥३२॥

આવા સદ્‌ગુણોથી સંપન્ન દરબાર શ્રીજૂણાભાઇને એક દિવસ સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! અતિ ભવ્ય ગઢપુર ગામમાં ભગવાન શ્રીહરિ ઘણા સમય સુધી રહ્યા હતા.॥૨૭॥

તેથી જ ગઢપુર અતિ પવિત્ર છે, સર્વ નગરોમાં શ્રેષ્ઠ છે, પ્રાણીઓને મોક્ષ આપનાર છે, મંગળમય છે અને બ્રહ્મા આદિ દેવેશ્વરોએ પણ વંદન કરવા લાયક છે.॥૨૮॥

હે રાજન ! ગઢપુર ગામને અડતીજ ઉન્મત્ત ગંગા (ઘેલા) નામે નદી વહે છે, જે મંગલરૂપ છે, સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છે, પવિત્ર કરનારી અને મુક્તિ આપનારી છે.॥૨૯॥

ભગવાન્ શ્રીહરિ સંતો વગેરેને સાથે લઇને તેમાં ઘણીવાર સુધી વારે વારે નહાયા છે. તેથી જ તેનું માહાત્મ્ય સંપૂર્ણ રીતે કોઇ કહી શકતા નથી.॥૩૦॥

માટે હે રાજન ! સર્વ પુરુષાર્થની સિદ્ધિ કરાવનારી ગઢપુરની યાત્રા તમારે કરવી જોઇએ. સ્વામીના વચનને સાંભળીને દરબાર શ્રીજૂણાભાઇ મનમાં ખૂબ જ રાજી થયા.॥૩૧॥

સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી અત્યંત ચતુર તે દરબાર વગેરે હરિભક્તોને આમ ઉપદેશ આપીને ગણોદ ગામથી બીજે ગામ ચાલ્યા ગયા. પછી

स प्रयातोऽथ यात्रायै परिमेयैर्युतोऽनुगैः।
पुष्पदोलोत्सवे प्रापत्पुण्यं दुर्गपुरं वरम् ॥३३॥
अथ भूपतिः स पुरु निर्वृतिं व्रजन् हृदये स्मरन् प्रियतरं परं हरिम् ।
मथुराविदेहनगरीवरं ययौ मुदमेव दुर्गनगरं विलोकयन् ॥३४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये मङ्गलाचरणादिनिरू पणं नाम प्रथमोऽध्यायः॥१॥

अथ द्वितीयोऽध्यायः

द्वितीये दुर्गपत्तनगोपुरदेवसद्मनाम् ।
शोभां ददर्श प्रोत्कृष्टां जीर्णसिंहाभिधो नृपः ॥

श्रीधर्मनन्दनहरेरधिवासलब्धैर्दिव्यैर्गुणैः शुभरमास्थितिभूतिपूर्णम् ।
लोकत्रयैकतिलकं रमणीयताया एकास्पदं भवति दुर्गपुरं सुदिव्यम् ॥
श्रेणीसभाविविधचारु विशालशालाविभ्राजमानमसमं नगरैः समग्रैः।

તે દરબાર શ્રીજૂણાભાઇને ગઢપુરની યાત્રા કરવા જવાની તીવ્ર ઇચ્છા થઇ.॥૩૨॥

પછી તેઓ પોતાના થોડા માણસોને સાથે લઇને ગઢપુરની યાત્રા કરવા નીકળ્યા. ફૂલદોળના ઉત્સવ ઉપર તેઓ પરમ પવિત્ર ગઢપુર ધામ પહોંચ્યા.॥૩૩॥

પોતાના હૃદયમાં અત્યંત પ્રિય આવા શ્રીહરિને સંભારતા સંભારતા તેઓએ અપાર પરમ શાંતિ અનુભવી. મથુરા અને મિથિલા કરતાં પણ શ્રેષ્ઠતમ ગઢપુરના દર્શન કરીને તેઓ અતિશય આનંદ પામ્યા. ॥૩૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧ સમાપ્ત.

અધ્યાય - ૨

ગઢપુર વગેરેની શોભા

ગઢપુરમાં ધર્મપુત્ર શ્રીહરિ કાયમ નિવાસ કરીને રહ્યા હતા. તેથી તે દિવ્ય ગઢપુરને શ્રીહરિના દિવ્ય ગુણો મળ્યા હતા અને તેને લીધે જ તે શુભલક્ષ્મીથી અને ઐશ્વર્યથી ભરપૂર હતું. ત્રિલોકીમાં તિલક જેવું શ્રેષ્ઠ સુદિવ્ય ગઢપુર સુંદરતાનું તો એક પરમ આશ્રય હતું. ॥૧॥

माणिक्यसंज्ञकचतुष्कविकाशमानं भक्ताभिरामभवनाद्भुतभूरिशोभम्।
अत्राऽऽयतां हरिदिदृक्षितमानसानां
स्त्रीणां नृणां च हरिपादसमाश्रितानाम् ।
सम्मर्द एव हि गुरावुषितेऽत्र सिंहे गोदावरीरु चिरतीर्थ इवाधिकोऽभूत्॥
श्रियमतिशयिनीं परामुपेतं चिरमशुभार्त्तिहराद्धरेर्निवासात् ।
अमरनगरतर्जनं स्वलक्ष्म्या जयति हि दुर्गपुरं मनोऽभिरामम् ॥४॥
रु चिरतरसमानपङ्क्तिगेहैर्नरपतिसुन्दरदुर्गचित्रसौधैः ।
विलसितमुरु कोष्ठहट्टमालाधनिसदनैश्च सदोगृहैर्मनोज्ञैः ॥५॥
सुरवरतरमन्दिरातिरम्यं विततगृहाङ्गणवीथिराजमानम् ।
लसदतिशयमार्जिताम्बुसिक्तै र्विपणपथाजिरपङ्क्तिराजमार्गैः ॥६॥

ગઢપુર વેપારી મહાજનના સભાગૃહો, તથા અનેક પ્રકારની સુંદર વિશાળ હવેલીઓથી શોભતું હતું. બીજા બધા નગરોમાં આ એક અનુપમ હતું. માણેક ચોકની શોભા અદ્દ્ભુત હતી. નગરના ભક્તોના ભવ્ય ભવનોની અમાપ શોભા આશ્ચર્ય કારી અને અનેરી હતી.।।૨।।

શ્રીહરિચરણના આશ્રિતો પુરુષો અને સ્ત્રીઓ મનમાં શ્રીહરિના દર્શનની ઈચ્છા લઈને પુષ્કળ પ્રમાણમાં ગઢપુર આવતા હતા. સિંહ રાશિમાં ગુરુ વસે ત્યારે નાસિક ગોદાવરી તીર્થમાં સુંદર કુંભના મેળામાં જેવી ભીડ થતી હોય છે તેથી અધિક દર્શનાર્થીઓની ભીડ ગઢપુરમાં રહેતી હતી.।।૩।।

સર્વ અમંગળને અને બધી પીડાઓને નષ્ટ કરનાર ગઢપુર શ્રીહરિના ઘણા સમય સુધીના નિવાસથી સર્વાધિક શોભતું હતું અને સમૃદ્ધિથી હર્યું ભર્યું રહેતું હતું. તે પોતાની સમ્પત્તિથી સ્વર્ગને પણ ઝાંખું પાડી દેતું હતું. આવું મનોહર ગઢપુર સર્વાધિક વિજયી રહ્યું છે.।।૪।।

ત્યાં ગામવાસી લોકોના એક સરખા પંક્તિબદ્ધ ઘર સુંદર હતા. દરબારોના સુંદર ગઢ અને તેમાં જાત જાતના રૂપાળા ભવન (ઘર) શોભતા હતા. મોટા મોટા કોઠાઓ, એક સરખી ઘણી દુકાનો, ધનિક લોકોના ભવ્ય ભવનો અને મનોહર સભાગૃહો પણ વિશેષ શોભતા હતા.।।૫।।

ગઢપુર મોટા મોટા દેવમંદિરોથી રમણીય દેખાતું હતું. ઘર આગળના વિશાળ આંગણા અને પહોળી બજારોની શોભા પણ ત્યાં સુંદર હતી. ગઢપુરની

नृपतिपथचरैर्हयैर्विराजत्सुललितलक्षणलक्षितैर्विचित्रैः ।
सुरपुरमिव साङ्गनैर्द्युषद्भिर्वरवसनाभरणैर्नरैश्च दारैः ॥७॥
मनुजपतिपथाऽतिसञ्चरद्भिर्गृहिमुनिमुख्यजनैर्हरेश्च भक्तैः।
रु चदिव परमं विकुण्ठसंज्ञं रु चिरतरैर्हरिधाम पार्षदाग्र्यैः॥८॥
बहुविधलसितध्वजैर्विराजद्वरतरतोरणराजिराजमानम् ।
अनिलचपलकेतुभिर्विमुक्त्यै व्रजत इतस्तत आह्वयज्जनान्वा ॥९॥
सततमतिनिनादितं सुवेदीवरवलभीप्रमुखास्पदोपविष्टैः ।
इतरविविधपक्षिभिः कपोतैर्मदमधुरध्वनिभिश्च नीलकण्ठैः ॥१०॥
धनिकभवनपञ्जरस्थमेनाशुकरमणीयविरावरोचमानम् ।
अतिवरविपणीस्थचित्रपण्यैरतिलसितं द्विजचारु वेदघोषैः ॥११॥

નાની શેરીઓ, બજારો, મોટા રાજમાર્ગ અને આંગણાને સ્વચ્છ કરીને ત્યાં પાણી છાટ્યું હોવાથી તે અત્યંત સુંદર લાગતું હતું.।।૬।।

શુભ લક્ષણોથી સંપન્ન શુકનિયાળ જાત જાતના ઘોડાઓ રાજમાર્ગમાં આવતા જતા હતા તે ગઢપુરની એક અનુપમ શોભા હતી. સારા વસ્ત્રો અને આભૂષણો પહેરીને પત્નીઓની સાથે રાજમાર્ગમાં નીકળતા પુરુષોથી, દેવાંગનાઓ સાથે નીકળેલા દેવોથી જેમ સ્વર્ગ શોભે તેમ, ગઢપુર શોભતું હતું.।।૭।।

મુખ્ય માર્ગો ઉપર આવતા જતા શ્રીહરિના આશ્રિત સંતો વગેરે અને ગૃહસ્થોને લીધે ગઢપુર, અત્યંત સુશોભિત ભગવાનના પ્રમુખ પાર્ષદોથી ભગવાનનું સર્વોત્તમ વૈકુંઠ ધામ જેવું શોભે તેવું, શોભતું હતું.।।૮।।

અનેક પ્રકારની સુંદર ધજાઓથી અને સર્વશ્રેષ્ઠ તોરણોની પંક્તિઓથી ગઢપુર દીપતું હતું. પવનથી ફરકતી ધજાઓ દ્વારા ગઢપુર, પોતાના મોક્ષ માટે જ્યાં ત્યાં ભટકતા લોકોને પોતાની પાસે બોલાવતું હોય તેમ જણાતું હતું.।।૯।।

ચબૂતરા ઉપર અને મકાનના ઊંચા પડાળ ઉપર બેઠેલા જાત જાતના પંખીઓના, કબૂતરોના અને મદમધુર ટહુકા કરતા મોરના ધ્વનિથી ગઢપુર નિરંતર ગુંજતું રહેતું હતું.।।૧૦।।

ધનિક ગૃહસ્થોને ઘેર પાંજરામાં મેના અને પોપટ વગેરે પંખી જે સુમધુર ધ્વનિ કરતા હતા, તે પણ એક ગઢપુરની શોભા હતી. બજારમાં રહેલી સમૃદ્ધ દુકાનોમાં વેચવા માટે સજાવટથી ગોઠવેલ વસ્તુઓની સુંદરતા પણ અદ્દ્ભુત હતી. તે તે સ્થળોએ

रुचिकरसुरमन्दिरेषु गानैर्मधुरतरस्वरमूर्छनादियुक्तैः।
श्रियमधिकतरां किल प्रपन्नं बहुविधवाद्यनिनादचित्तहारैः ॥१२॥
सुभवनवलभीस्थिता मयूरा असितमवेक्ष्य गवाक्षनिर्गतं वै ।
अगरुसुरभिचारु धूपधूमं ननृतुरलं घनशङ्कया नदन्तः ॥१३॥
तुहिनकरसिताः सुचन्द्रशाला रविकिरणैरतिभान्ति यत्र युक्ताः।
विकसितकपिशैर्युताः सरोजैः सुरसरितो विशदाः शुभा इवाऽऽपः ॥१४॥
मरुदतिचटुला ध्वजा हि यस्मिन् धवलधराप्रतिबिम्बतामवाप्ताः।
तिमय इव लसन्त्यलं विलोलाः सितसलिले ललिते महासरस्याः ॥१५॥
निखिलरुचिरतानिधानमुर्वीसकलतलाऽऽभरणं नितान्तशोभम् ।
जननयनमनःप्रहर्षकारं हरति हि सर्वपुराऽभिरामतां यत् ॥१६॥
रुचिरसदनचित्रितोरगाणां शकुनिपतिस्तु जिघृक्षयाऽऽत्मचञ्चुम् ।
अवितथ इव लम्बयन् व्यलोकि नगरजनैरपि चित्रितः सचित्रम् ॥१७॥

બ્રાહ્મણો સસ્વર વેદોનું ગાન કરતા હતા તેની પણ ભવ્યતા હતી.॥૧૧॥

ઉજ્જ્વળ પ્રભાથી દીપતા દેવમંદિરોમાં અનેક પ્રકારના વાજિંત્રોના ધ્વનિથી મનને આકર્ષતા, અત્યધિક મધુર સ્વર અને તેના આરોહ અવરોહયુક્ત સંગીતને લીધે ગઢપુર ઘણી જ શોભા પામેલું હતું.॥૧૨॥

ભવ્ય ઊંચા ભવનોના પડાળ ઉપર મોર બેઠા હતા, તે જાળિયામાંથી નીકળતા અગરુ ચંદનના ધૂપધુમાડાને જોઇને વાદળાની શંકાથી ટહુકી ઊઠતા અને આનંદથી નાચવા લાગતા.॥૧૩॥

ગઢપુરમાં ચંદ્રમાના કિરણો જેવી ઊજળી અગાસીઓ દિવસે સૂર્યના કિરણોથી સોનેરી કમળવાળા ગંગાના પવિત્ર ઊજળા જળ જેવી શોભતી હતી.॥૧૪॥

ગઢપુરમાં શ્વેત ભૂમિ ઉપર પ્રતિબિંબિત થતી અને પવનને લીધે ખૂબ જ ફરકતી ધજાઓ, મોટા સરોવરના સુંદર ઊજળા પાણીમાં ઘૂમતી ચંચળ મોટી માછલીઓની જેમ શોભતી હતી.॥૧૫॥

અધિક શોભતું ગઢપુર સર્વ પ્રકારની સુંદરતાનો ખજાનો છે, સંપૂર્ણ ભૂતળનું ઘરેણું છે, તે દેખનારા લોકોની આંખોને અને મનને પ્રસન્ન કરે છે, બધા નગરોના સૌંદર્યને તેણે ખેંચી લીધું છે.॥૧૬॥

ગઢપુરમાં સુંદર ભવનની દીવાલ ઉપર ચીતરેલા સર્પને પકડવાની ઇચ્છાથી

स्फटिकदरगणो यदापणाब्धिर्धनचयवालुकया जगर्ज युक्तः।
सततमतिमनोज्ञरूप्यमुद्रागणनकृते भ्रममाणपाणिकूर्मः ॥१८॥
जलदवदसिता गृहाग्रभागा बभुररुणध्वजराजिता हि यस्मिन् ।
स्फुरितसुविसृतैर्नभःप्रदेशा अरुणकरैरिव रञ्जिता नितान्तम् ॥१९॥
वणिगपि तुलयन् सहैव नावैन्मधुकरमेणमदेन पौरशब्दैः ।
पुरुपरिमललोभनिश्चलाङ्गं विदधतमुत्तमगुञ्जितं विशेषम् ॥२०॥
निजनिजवृषयुक्तसर्ववर्णैरतिलसितं वरचित्रसंयुतं यत् ।
श्रुतिरुचिकरनैकवक्त्रशब्दं विविधवरस्वरभेदभासमानम् ॥२१॥
नवघनविशदान्युरुच्चकैर्यद्वरसदनानि पिशङ्गकेतुभिर्वै ।
तडिदधिकरुचा समन्वितानि विशदतराणि यथा नभांसि भान्ति ॥२२॥

ચીતરેલા ગરુડે પોતાની ચાંચ લંબાવી, અને તે ગરુડનો પ્રયાસ સફળ થયો હોયને શું ? તેમ નાગરિક લોકોએ વિસ્મિત થઇને જોયું.॥૧૭॥

ગઢપુરની વ્યાપારી બજાર માનો એક સાગર હતો. તે સાગરમાં સ્ફટિક મણિરૂપી ઉજ્જ્વળ શંખ હતા. પુષ્કળ રોકડા નાણારૂપી રેતી હતી. અને આકર્ષક ચાંદીના સિક્કાને ગણવાનું કામ કરતા માનવહાથ તેમાં ઘૂમતા કાચબા હતા. ત્યાં ઉત્પન્ન થતા અનેક પ્રકારના અવાજથી માનો તે સાગર ગર્જના કરી રહ્યો હતો.॥૧૮॥

ગઢપુરમાં મકાનની ઉપર છપરના પડાળ વાદળા જેવા શ્યામ હતા. તે લાલ રંગની ધજાઓથી સૂર્યોદય પહેલા અરુણના લાલ કિરણોથી અત્યંત રંગાયેલા વાદળભર્યા આકાશના ભાગ જેવા શોભતા હતા.॥૧૯॥

એક વેપારીએ તોલ કરવા કસ્તૂરીને ત્રાજવામાં મૂકી. તેના પુષ્કળ સુગંધથી લોભાયેલો ભમરો તે કસ્તૂરી ઉપર સ્થિર થઇને બેઠો. જો કે તે સુમધુર ગુંજન કરતો હતો. છતાં પણ કસ્તૂરીમાં ભળી ગયેલા તે ભમરાને નાગરિક લોકોના ઘોંઘાટમાં વેપારી ઓળખી શક્યો નહિ. ॥૨૦॥

પોતપોતાનો ધર્મ પાળતા બધી જ નાત જાતના લોકોથી ગઢપુર સોહામણું લાગતું હતું. અનેક પ્રકારના ઉત્તમ ચિત્રથી, સાંભળવા ગમે તેવા અનેક મુખે ઉચ્ચારેલા શબ્દોથી તથા જાતજાતના લય, તાલ, સ્વર આદિથી ગઢપુર ચમકતું હતું.॥૨૧॥

વર્ષા ઋતુના નવા વાદળા જેવા અને ઊંચા મોટા મોટા ભવનો સોનેરી રંગની ધજાઓથી ઝબૂકતી વીજળીથી ચમકતા વાદળિયા આકાશની જેમ શોભતા

अवनिविवरनाकवर्तमानैर्वरसक लैः रचितं च वस्तुभिर्यत् ।
समभितरपुरैर्न चास्ति तस्माद्धरिपुरुकालनिवासवत्तया तत् ॥२३॥
कुसुमफलभरावनम्रशाखैः सदुपवनैस्तरुभिर्युतैर्विचित्रैः ।
यदतिलसति नन्दनोपमानैर्बहुलसुमाल्यलताविलोकनीयैः ॥२४॥
हसति यदिव भूरिकालवासात्सुकृतभुवस्तु हरेरुदारधाम्नः ।
विकसितसितकौसुमच्छलेन दिवमनवाप्ततदीयभूरियोगाम् ॥२५॥
अथ सोऽवैक्षत राजा मन्दिरवरगोपुरं चतुर्भौमम् ।
रुचिकरविचित्रचित्रं सुरपुरगोपुरपरितर्जनम् ॥२६॥
यमिह विलोक्य हि लोकैः शिल्पिजनस्य बुध्यते कौशल्यम् ।
निपुणनृपतिसचिवाद्या यदवेक्षणतो यान्ति चित्रम् ॥२७॥
विलसितयदग्रभागे यन्त्रविरचितौ मारु तविचालितौ ।
सत्याविव जनदृष्टौ विलसतो रु चिरौ कलापिनौ ॥२८॥

હતા.॥૨૨॥

પૃથ્વી ઉપર, પાતાળમાં અને સ્વર્ગમાં રહેલી સમગ્ર શ્રેષ્ઠ વસ્તુઓથી આ ગઢપુર રચાયું હતું. આ બીજા નગર જેવું નથી. ભગવાન શ્રીહરિ ઘણો સમય અહીં રહ્યા હોવાથી પણ ગઢપુર સર્વોત્તમ હતું. ॥૨૩॥

નન્દનવન જેવા સારા બાગ બગીચાઓથી ગઢપુરની શોભા અનેરી હતી. તે બગીચાઓમાં વિવિધ પ્રકારના વૃક્ષોની ડાળીઓ ફૂલોથી અને ફળોથી નીચે ઝૂમી રહી હતી. પુષ્કળ પ્રમાણમાં ફૂલેલી વેલોને લીધે તે બાગ જોવા લાયક હતા.॥૨૪॥

મહાન્ પ્રતાપ જણાવતા ધર્મપુત્ર શ્રીહરિનો ઘણા સમય સુધી ગઢપુરમાં નિવાસ રહ્યો હોવાથી ગઢપુર, શ્રીહરિના લાંબા સંયોગ વિનાના સ્વર્ગને પણ ખીલેલા શ્વેત ફૂલોને બહાને હસી કાઢતું હતું.॥૨૫॥

પછી દરબાર શ્રીજૂણાભાઈએ શ્રીગોપીનાથજી મહારાજના મંદિરથી પૂર્વ તરફ ચાર માળનો દરવાજો જોયો. તેની દીવાલો ઉપર મોહક વિચિત્ર ચિત્ર હતા. સ્વર્ગના દરવાજાને પણ તે ગણકારતો ન હતો.॥૨૬॥

આ દરવાજાને દેખીને લોકો કારીગરોની કલાકુશળતા સમજી શકે છે. બુદ્ધિશાળી રાજાઓ અને તેના મંત્રીઓ તેને દેખીને વિસ્મય પામે છે.॥૨૭॥

સોહામણા આ દરવાજાના ઉપરના ભાગમાં ચાવી વાળા અને પવનની

अत्राऽऽगच्छत मुक्त्यै परितो जनान् यतोऽन्यथाऽत्र भविता ।
भ्रमणं भ्रमणमिषेण वा लसतस्त्विति सूचकौ ॥२९॥
यत्र खगांश्चित्रगतान् मन्वानैरात्मसमजात्यान् ।
विलसति यश्चित्रमयैर्विविधैरतिनादितः पतगैः ॥३०॥
विविधनिवेशसुरम्यो बहुविधरचनाविराजितद्वारः ।
गोपानसीविभासी बहुलतरविशेषसुस्तम्भः ॥३१॥
भान्ति यदन्तिकसौधे मधुरतररवाः सुयामतूर्याणाम् ।
दिवि देवदुन्दुभीनां श्रुतिसुखदाः शुभा इव स्वनाः ॥३२॥
रघुनाथचरणदासं मुनिमतिनिपुणं रघुवीरार्योऽहम् ।
कारयितुमेतं व्यदिशं गोपुरमथ स हि व्यधापयत् ॥३३॥
अथ स क्षितिपो व्यलोकयद्रमणीयं हरिमन्दिरं महत् ।

અનુકૂળ દિશામાં ઘૂમતા બે મોર મૂકેલા હતા. જોનારા લોકોની દૃષ્ટિમાં તે સાચા હોય તેવા સુંદર લાગતા હતા.॥૨૮॥

આ બન્ને મયૂર પોતાના ચારે બાજુ ઘૂમવાને બહાને માનો લોકોને બોલાવે છે કે ''જો મુક્તિ જોઈતી હોય તો અહીં આવો, નહિ તો તમારો જન્મ નિરર્થક થશે.'' આવી સૂચના આપતા તે વિશેષ શોભતા હતા.॥૨૯॥

દરવાજાની દીવાલો ઉપર પંખીના ચિત્ર આળેખેલા છે, તેને દેખીને 'પોતાની જાતના સાચા જ આ પંખી છે' એમ માનીને કલરવ કરતા તે જાત-જાતના પંખીઓથી દરવાજો દીપી રહ્યો હતો. ॥૩૦॥

તે અનેક જાતના રહેવાના ઓરડાઓથી મનોહર લાગતો દરવાજો ભાત ભાતની કલા કારીગરીથી ઓપતા બારણાંવાળો હતો. ઝરૂખાઓથી વિશેષ આકર્ષતો અને ઘણી જ વિશેષતાઓથી ભર્યા તેમાં સ્તંભ હતા.॥૩૧॥

દરવાજાની બાજુના ભવનમાં જ સ્વર્ગમાં દેવતાઓના દુન્દુભિ વાગતા હોય તેવા અને સાંભળવાથી શાંતિ થાય એવા, મધુર ધ્વનિ કરનારા શુભ ચોઘડિયા હતા.॥૩૨॥

સંતોમાં મહાન્ કાર્યકુશળ સદ્‌ગુરુ શ્રીરઘુનાથચરણદાસજી સ્વામીને મેં રઘુવીરાચાર્યે આવો દરવાજો કરવાનું કહ્યું હતું અને તેમણે પછી આ દરવાજો કરાવ્યો હતો.॥૩૩॥

वरशिल्पिजनैर्विनिर्मितं सदृशैरुत्तमविश्वकर्मणा ॥३४॥
स्वरतोत्तमनामभूभुजः प्रचुरप्रार्थनया सुमन्दिरम् ।
हरिणाऽऽश्रितशर्मकारिणा जनताविस्मयकृद्विधापितम् ॥३५॥
रचितं रचनाभिरञ्चितं विविधाश्चर्यकराभिरुत्तमम् ॥
हरशैलपुरुत्रपावहं सुरवर्याद्भुतकारणं शुभम् ॥३६॥
अतिचारुगवाक्षमण्डितं रुचिरद्वारकपाटतोरणम् ।
विलसद्वलभीविभासितं वरसोपानपथातिभूषितम् ॥३७॥
कलशैर्ललितैश्च काञ्चनैर्लसितैर्देवविमानसन्निभैः।
शिखरैस्त्रिभिरत्यलङ्कृतं रविराजत्तुहिनाद्रिकूटवत् ॥३८॥
अवलोकयतां शरीरिणां नयनान्तःकरणप्रहर्षदम् ।
यदवेक्ष्य जनैर्विबुध्यते सकलं शिल्पिजनस्य कौशलम् ॥३९॥

દરબારશ્રી જૂણાભાઇએ આ પછી મહાન્ રમણીય શ્રીહરિના મંદિરના દર્શન કર્યા. આ મંદિર મહાન્ વિશ્વકર્મા જેવા સર્વોત્તમ શિલ્પીઓએ તૈયાર કર્યું હતું.॥૩૪॥

પોતાના પ્રેમીભક્ત દરબાર શ્રીદાદા ખાચરની ઘણી જ પ્રાર્થનાથી ભક્તજન સુખકારી શ્રીહરિએ દેખનારા લોકોને વિસ્મય થાય એવું આ શ્રેષ્ઠ મંદિર કરાવ્યું હતું.॥૩૫॥

અનેક રીતે આશ્ચર્ય પેદા કરે એવી બહુવિધ કલાકારીગરીથી ભરપૂર મંદિર કૈલાસ પર્વતને પણ લજ્જિત કરે તેવું હતું અને મોટા મોટા દેવતાઓને પણ દેખવા માત્રથી અદ્‌ભુત લાગે આવું શુભ હતું.॥૩૬॥

મંદિર ભવ્ય ગોંખોથી ઓપતું હતું, તેમાં દરવાજા, બારણા અને તોરણ આકર્ષક હતા. ઉપરની છત પણ મનોહર હતી. નીચેથી ઉપર મંદિરમાં જવાના સરસ પગથિયાની શોભા ઉત્તમ હતી.॥૩૭॥

દેવતાઓના વિમાન ઉપર હોય તેવા સુંદર શોભતા કળશોવાળું અને ત્રણ શિખરોવાળું મંદિર સૂર્યના કિરણોથી ચમકતા હિમાલયના શિખરોના જેવું સોહામણું લાગતું હતું.॥૩૮॥

મંદિરના દર્શન કરનાર લોકોની આંખોમાં અને મનમાં હરખ ઊભરાતો હતો. મંદિરને જોનારા લોકો તે બનાવનારા શિલ્પીઓ (કારીગરો)ની કલાકુશળતાને

यदुदारसुजालनिर्गतो वरधूमोऽगरुधूपसम्भवः।
हरिदर्शनकृद्विनिःसृतस्तमसो व्रात इवातिराजते ॥४०॥
अतिसुन्दरमन्दिराग्रतः कमनीयो विचकास्ति मण्डपः ।
अतिरम्यनिवेशसुन्दरो विविधाभिः प्रतिमाभिरन्वितः ॥४१॥
सुरराजशरासनोपमैस्त्रिभिरेवोल्लसितश्च गोपुरैः ।
मृदुशालिविचित्रकुट्टिमश्चतुरस्रो विततो भृशोज्ज्वलः ॥४२॥
रुचिराणि च यत्र राजिते वरचित्राणि लसन्ति निर्भरम् ॥
परिबिभ्रति नामसार्थतां निजवीक्षाकरचित्रकृत्तथा ॥४३॥
इति बिभृदुरुत्तमश्रियं स विलोक्याऽतिवरं नरेश्वरः।
विशतिस्म मुदाऽऽशु मन्दिरं हृदये स्वेष्टमनुस्मरन् हरिम् ॥४४॥
अथ मध्यममन्दिरे नृपो बहुशश्चाऽर्प्य स रूप्यमुद्रिकाः ।

સમજી શકતા હતા.॥૩૯॥

તેના વિશાળ જાળિયામાંથી અગરુ ચંદનના ધૂપનો સુગંધી ધુમાડો બહાર નીકળતો હતો. તે શ્રીહરિના દર્શન કરનારા લોકોના છૂટા પડેલા અજ્ઞાનના અથવા તમો ગુણના ગોટા હોય તેવો સરસ જણાતો હતો.॥૪૦॥

અત્યંત ભવ્ય મંદિરની અંદર આગળના ભાગમાં રમણીય (ઘુંમટ નીચેનો) મંડપ દીપી રહ્યો હતો. તે સોહામણા ખંડો (વિભાગો) થી સુંદર લાગતો હતો. વિવિધ પ્રકારની પ્રતિમાઓ તેમાં મૂકેલી હતી.॥૪૧॥

ઇન્દ્રધનુષના જેવા ત્રણ દરવાજાઓથી તે વિશેષ ઓપતો હતો. મંડપ વિશાળ ચોખંડો અને અત્યંત ચમકતો જણાતો હતો, તેનું તળિયું અધિક સુવાળું શોભતું અને જાતજાતના રંગ પૂરેલું હતું. ॥૪૨॥

મંડપમાં ઉપરના સુંદર ઘૂમટમાં જાત જાતના અનેક આળેખેલા ચિત્રો શોભી રહ્યા છે, તે જોઇને લોકો આશ્ચર્ય ચક્તિ થઇ જાય છે અને તેનું ચિત્રકૃત્ નામ સાર્થક દેખાતું હતું. ॥૪૩॥

આ રીતે અપાર શોભા સંપન્ન વિશાળ ઘૂમટને તથા મંડપને જોઇને દરબારશ્રી જૂણાભાઇ હૃદયમાં ઇષ્ટદેવ શ્રીહરિને સંભારતાં સંભારતાં તત્કાળ મંદિરની અંદર કોળીના ભાગમાં પ્રવેશ્યા.॥૪૪॥

પછી ત્યાં તેમણે મધ્ય(વચલા) મંદિરના ઉંબરામાં ઘણા ચાંદીના રોકડા

हरिकृष्णमनर्घ्यभूषणं वरहेमाम्बरमैक्षताद्भुतम् ॥४५॥
गोपीनाथं प्रैक्षताऽथ क्षितीशः सम्बिभ्राणं स्वर्णसूत्राम्बराणि ।
चञ्चन्नानासन्मणिस्वर्णभूषं श्रीमद्भूषावस्त्रराधासमेतम् ॥४६॥
प्राप्तोऽथेक्ष्यं मन्दिरं स द्वितीयं दत्वा तस्मिन् रूप्यमुद्रा मुदैव ।
राजद्भूषावाससं वासुदेवं प्रीत्याऽपश्यत्सच्चतुर्बाहुयुक्तम् ॥४७॥
श्रीमद्वासोऽलङ्कृतिभ्राजमानं राजा शान्तं सोऽभिरामं व्यपश्यत् ।
धर्मं भक्त्याऽनर्घ्यवासोविभूषाधर्त्र्या युक्तं द्योतमानं सुरम्यम् ॥४८॥
स प्राप्याऽथ श्रीयुतं दर्शनीयं राजा शय्यामन्दिरं चार्घ्य भक्त्या ।
तत्राऽपश्यद्भूपती रूप्यमुद्राः शय्यामुख्यं चित्रमूर्तीश्च दिव्याः ॥४९॥
भूयो भूयः श्रीहरिस्तत्र शिश्ये भुक्तिं चक्रे चाऽवसत्स न्यषीदत् ।
तस्मात्प्रेक्षापापतापावलोपं दिव्यं शय्यामन्दिरं चास्त्यतुल्यम् ॥५०॥

રૂપિયા ભેટ મૂક્યા. સર્વોત્તમ સોનેરી વસ્ત્ર અને અમૂલ્ય આભૂષણોને ધારી રહેલા શ્રીહરિકૃષ્ણ મહારાજના અદ્‌ભુત દર્શન કર્યા.॥૪૫॥

પછી દરબાર શ્રી જૂણાભાઈએ શ્રીગોપીનાથજી મહારાજના દર્શન કર્યા. તેમણે સોનાના તારવાળા રેશમી વસ્ત્રોને તથા ચળકતા અનેક હીરા જડિત સોનાના ઘરેણાને પહેર્યા હતા. સુશોભિત વસ્ત્ર અને આભૂષણોને પહેરી રહેલા શ્રીરાધિકાજીના પણ દર્શન કર્યા.॥૪૬॥

પછી તેઓ દર્શનીય પશ્ચિમ તરફના મંદિર આગળ ગયા. ત્યાં પણ ઉંબરામાં ઘણા ભાવથી ચાંદીના રોકડા રૂપિયાની ભેટ મૂકી. સુંદર વસ્ત્ર આભૂષણોને ધારી રહેલા ચતુર્ભુજ શ્રીવાસુદેવ નારાયણના દર્શન ખૂબ જ પ્રેમથી કર્યા.॥૪૭॥

પછી તેમની બાજુમાં સુંદર વસ્ત્ર અલંકારોથી દીપતા, ભવ્ય, શાંત, કાંતિપૂર્ણ અને અત્યંત રમ્યમૂર્તિ શ્રીધર્મદેવના દર્શન કર્યા અને તેમની સાથે અમૂલ્ય વસ્ત્રાલંકાર ધારી રહેલા શ્રીભક્તિમાતાના પણ દર્શન કર્યા.॥૪૮॥

પછી તેઓ સુશોભિત અને દર્શનીય સુખશય્યાના મંદિર આગળ ગયા. ત્યાં ભક્તિભાવથી રૂપિયા ભેટમાં મૂક્યા અને સુખશય્યાના છપર પલંગ ઉપર પધરાવેલી શ્રીહરિની દિવ્ય ચિત્ર પ્રતિમાઓના દર્શન કર્યા.॥૪૯॥

શ્રીહરિ સુખશય્યાના મંદિરમાં વારે વારે શયન કરતા, થાળ જમતા, રહેતા અને ભક્તો સાથે બેસતા હતા. તેથી તે શય્યામંદિર દર્શન કરવાથી પાપ તથા ત્રિવિધ

सम्प्राप्तो वरमथ मन्दिरं तृतीयं, तत्रार्घ्य प्रचुरमुदा स रूप्यमुद्राः ।
श्रीकृष्णं बहुधनवस्त्रभूषणानि, बिभ्राणं नृपतिरलोकयन् मनोज्ञम् ॥
रेवत्या प्रवरविभूषणाम्बराणि, बिभ्रत्या सह बलदेवमीक्षणीयम् ।
विद्योतद्वसनविभूषणाभिरामं, भास्वन्तं क्षितिपतिरैक्षताऽतिरम्यम् ॥५२॥
आगत्याऽथ नितान्तमोदनिभृतः स्वेष्टं हरिं संस्मरन्,
साधूनां हरिपादपङ्कजहृदां शालां वरां शोभनाम् ।
भूरिप्रश्रयनम्र एव निखिलांस्तान् प्राणमत् सज्जना-
नन्यान् धर्मयुतांस्तथैव सकलान् भक्तान् गृहस्थांस्तथा ॥५३॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये दुर्गपुरादिवर्णनं नाम द्वितीयोऽध्यायः ॥२॥

अथ तृतीयोऽध्यायः

यात्रां कर्तुं शुकानन्दो दुर्गपत्तनमाययौ ।

તાપને નષ્ટ કરનાર છે, દિવ્ય છે અને અનુપમ છે.॥૫૦॥

આ પછી તેઓ પૂર્વ તરફના ત્રીજા મંદિરમાં આગળના ભાગમાં આવ્યા. ત્યાં ઘણા પ્રેમથી ચાંદીના રૂપિયા ભેટમાં અર્પણ કર્યા. અને ઘણા કીમતી વસ્ત્ર આભૂષણ ધારી રહેલા મનોહરમૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કર્યા.॥૫૧॥

પછી સારા આભૂષણો અને વસ્ત્રોને ધારણ કરી રહેલા શ્રીરેવતીજીની સાથે દર્શનીયમૂર્તિ શ્રીબળદેવજીના દર્શન કર્યા અને ચમકતા વસ્ત્ર અને અલંકારોથી સુંદર જણાતા અત્યંત મનોહરમૂર્તિ સૂર્યનારાયણના પણ દર્શન કર્યા.॥૫૨॥

દરબાર શ્રીજૂણાભાઈનું હૃદય અતિશય આનંદથી ભરાઈ ગયું. પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં તેઓ શ્રીહરિના ચરણકમળમાં મન રાખનારા સંતોની વિશાળ અને સારી ધર્મશાળામાં આવ્યા. અપાર વિનયને લીધે તેઓ નમ્ર હતા. તેથી જ તેમણે સહુ સંતોને પ્રણામ કર્યા અને બીજા જે ધર્મનિષ્ઠ ગૃહસ્થ સત્સંગી હતા તેમને બધાને પણ પ્રણામ કર્યા.॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨ સમાપ્ત.

तृतीये तं नृपः प्रश्नं कथां श्रोतुं मुदाऽकरोत् ॥

सद्भिर्दत्तेऽथ सत्सौधे गोपीनाथाऽऽलयाऽन्तिके ।
उषित्वा सोऽन्वितो भृत्यैर्व्यधात्तीर्थविधिं नृपः ॥१॥
स कृत्वाऽथ मुदा युक्तो गोपीनाथादिदर्शनम् ।
साधुशालासमासीनान्नत्वाऽस्थात्तत्र सज्जनान् ॥२॥
तावत् तत्राऽऽययौ धीमान् शुकानन्दो महामुनिः ।
यात्रां कर्तुं निजैर्युक्तो भूरिशिष्यैर्वरः सताम् ॥३॥
अथ श्रुत्वा तमायान्तं भक्ता दुर्गपुरौकसः ।
त्यागिनो गृहिणश्चान्ये तूर्णं प्रत्युद्ययुर्मुदा ॥४॥
तथा सार्धं स तैर्भक्तैर्जीर्णसिंहाभिधो नृपः ।
भृत्यैर्निजैर्युतः शीघ्रं तं मुदाऽभ्यव्रजन्मुनिम् ॥५॥
तेऽथावलोक्य तं प्रीत्या साष्टाङ्गप्रणतिं व्यधुः ।

અધ્યાય - ૩

સ.શ્રીશુકાનંદ સ્વામી તથા શ્રીજૂણાભાઈનો મેળાપ

દરબાર શ્રીજૂણાભાઈએ સંતોએ આપેલા, શ્રીગોપીનાથજી મહારાજના મંદિરથી નજીકના એક ભવનમાં ઉતારો કર્યો. તે પછી પોતાના સેવકોને સાથે લઈને બધો તીર્થ વિધિ કર્યો. ॥૧॥

પછી તેમણે મનમાં રાજી થઈને શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવાનના સ્વરૂપોના દર્શન કર્યા. ત્યાંથી સભામંડપમાં ગયા. ત્યાં સંતો બેઠા હતા. તેમને પગે લાગ્યા અને તેમની પાસે ઊભા રહ્યા. ॥૨॥

બરાબર તે જ સમયે મહાન્ બુદ્ધિમાન્ સદ્ગુરુવર્ય મહામુનિ શ્રીશુકાનંદ સ્વામી પોતાના ઘણાક શિષ્યોને સાથે લઈને ગઢપુરની યાત્રા કરવા આવ્યા. ॥૩॥

"શ્રીશુક સ્વામી પધારે છે" આવા સમાચાર સાંભળીને ગઢપુરમાં રહેનારા બધા જ ભક્તો-સંતો, ગૃહસ્થો અને બીજા આનંદિત થઈને તત્કાળ તેમની સામે ગયા. ॥૪॥

તે જ રીતે તે સહુ ભક્તો સાથે દરબાર શ્રીજૂણાભાઈ પણ પોતાના માણસોને સાથે લઈને હરખથી સત્વરે શ્રીશુકાનંદ સ્વામીની સન્મુખ ગયા. ॥૫॥

तस्मै सुगन्धिमाल्यानां सारहारान् समार्पयन् ॥६॥
तैरित्थं सत्कृतः सार्द्धं तैराप दुर्गपत्तनम् ।
ततस्तूर्णं ययौ प्रीत्या श्रीगोपीनाथमन्दिरम् ॥७॥
सोऽथ चक्रे मुदा युक्तो गोपीनाथादिवीक्षणम् ।
ततस्ते साधुशालायां सशिष्यं तं न्यवासयन् ॥८॥
तत्राऽथ सेव्यमानस्तैः सशिष्यः सोऽन्वहं वसन् ।
सस्नावुन्मत्तगङ्गायां गोपीशादीक्षणं व्यधात् ॥९॥
पापतापाऽपहारिण्या श्रीहरेश्चारुवार्त्तया ।
तथा सच्छास्त्रबोधाद्यैर्मुन्यादीन् सोऽनयन्मुदम् ॥१०॥
श्रीहर्यङ्घ्रिसरोजाङ्कैरङ्कितान्येत्य सोऽन्वहम् ।
स्थानान्यालोकयन् भक्तान् स्मारयन्नस्मरद्धरिम् ॥११॥

તે બધા ગામ બહાર ગયા ત્યારે રસ્તામાં જ સ્વામી વગેરે સંતો મળ્યા. તેમના દર્શન કરીને સામે ગયેલા સહુએ પ્રેમથી યથાયોગ્ય દંડવત્ પ્રણામ કર્યા અને સારા સુગંધી ફૂલહાર પહેરાવ્યા. ॥૬॥

ગઢપુરના તે સંત હરિભક્તોએ આમ સન્માન કર્યું. તે પછી શ્રીશુક સ્વામી સહુની સાથે ગઢપુર ગામમાં પધાર્યા. મંદિરના પરિસરમાં આવીને તુરંત શ્રીગોપીનાથજી મહારાજના દર્શન કરવા માટે પ્રેમથી મંદિર ઉપર ગયા. ॥૭॥

પછી મનમાં ખૂબ જ ખુશ થયેલા શ્રીશુકાનંદ સ્વામીએ શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવાનના સ્વરૂપોના દર્શન કર્યા. પછી ગઢપુરના સંતોએ શિષ્યમંડળ સાથે શ્રીશુક સ્વામીને સંતોની ધર્મશાળામાં ઉતારો આપ્યો. ॥૮॥

ગઢપુરના સંત હરિભક્તોએ સેવેલા અને ત્યાં વસેલા શ્રીશુકસ્વામી રોજ શિષ્યોને સાથે લઈને ઉન્મત્ત ગંગા (ઘેલા) નદીમાં સ્નાન કરવા જતા અને શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોના દર્શન કરતા હતા. ॥૯॥

શ્રીશુકસ્વામી ત્યાં રોજ અનેક પ્રકારના પાપોને અને ત્રિવિધ તાપોને ટાળનારી શ્રીહરિના સ્વરૂપની સુંદર વાતો કહેતા તથા સચ્છાસ્ત્ર સંબંધી જ્ઞાન વગેરેની વાતો કહીને ત્યાંના સંતો અને હરિભક્તોને રાજી કરતા હતા. ॥૧૦॥

શ્રીહરિના ચરણકમળના ચિહ્નોથી પ્રસાદીરૂપ થયેલા સ્થાનોના દર્શન કરવા રોજ જતા. ભક્તોને શ્રીહરિનું સ્મરણ કરાવીને પોતે પણ શ્રીહરિને ત્યાં સંભારતા

कश्चित्साधुस्ततो धीमान् भूपं तं चेत्थमब्रवीत् ।
वर्ततेऽसौ शुकानन्दो मुनीन्द्रः शास्त्रविद्वरः ॥१२॥
अखण्डं श्रीहरेरास्ते निवासं सन्निधौ शुभम् ।
नित्यदा श्रीहरेः कुर्वन् सेवामेवाऽनुवृत्तितः ॥१३॥
वरीयान् सर्वसाधूनां धर्मज्ञानविरक्तियुक् ।
सर्वसाधुगुणैर्युक्तो हर्यनुग्रहभाजनम् ॥१४॥
आकर्ण्येत्थं स भूपालस्तद्गुणांश्चान्यदुर्लभान् ।
तं हि जानन्मुनिश्रेष्ठं तस्मिन् प्रापन्महारतिम् ॥१५॥
अथैकदा शुकानन्दं कृतनित्यविधिं नृपः ।
सच्छालासत्सभामध्ये स्वासनस्थं मुदाऽनमत् ॥१६॥
राजाऽथ सत्कृतस्तेन नत्वा प्रीत्या सभासदः ।
तस्याऽग्रे सत्प्रवर्यस्य न्यषीदत्प्रीतमानसः ॥१७॥

હતા. ॥૧૧॥

પછી કોઇ એક બુદ્ધિશાળી સાધુએ દરબાર શ્રીજૂણાભાઈને આમ કહ્યું કે આ સદ્‌ગુરુવર્ય શ્રીશુકાનંદ સ્વામી ઘણા સારા શાસ્ત્રજ્ઞ વિદ્વાન છે. ॥૧૨॥

આ સ્વામી શ્રીહરિની નિકટમાં અખંડ શુભ નિવાસ કરીને રહેતા તથા અનુવૃત્તિ પાળીને શ્રીહરિની નિત્ય સેવા કરતા હતા. ॥૧૩॥

સ્વામી સહુ સંતોમાં મોટેરા છે. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન છે, સાધુતાના સર્વ ગુણોથી યુક્ત છે અને શ્રીહરિના કૃપાપાત્ર છે. ॥૧૪॥

દરબારશ્રીએ બીજામાં ન હોય તેવા શ્રીશુકસ્વામીના સદ્‌ગુણોને આ રીતે સાંભળ્યા. તેથી તેમને સદ્‌ગુરુવર્ય માન્યા અને તેમના ઉપર અપાર હેત થયું. ॥૧૫॥

પછી એક દિવસ સદ્‌ગુરુ શ્રીશુકાનંદ સ્વામી સવારમાં નિત્યવિધિ કરીને સંતોની ધર્મશાળાને નિકટ સંતોની સભામાં પોતાને આસને બેઠા હતા. ત્યાં જઈને દરબાર શ્રીજૂણાભાઈ સ્વામીને પ્રેમથી પગે લાગ્યા. ॥૧૬॥

શ્રીશુકસ્વામીએ તેમનો આદર સત્કાર કર્યો. તેઓ મનમાં રાજી થયા. સભામાં બેઠેલા સહુ સંત હરિભક્તોને પગે લાગ્યા. પછી સદ્‌ગુરુવર્ય શ્રીશુકમુનિની સન્મુખ બેઠા. ॥૧૭॥

बद्धाञ्जलिर्नरपतिः स ततो विनितो जिज्ञासुरु त्तमपुमर्थनिषक्तचित्तः।
सद्वन्दितं तमभिवन्द्य पुनर्मुनीन्द्रं प्राहेति वाक्यमतिचारु विशुद्धबोधम् ॥१८॥
श्रद्धान्वितो हरिकथाश्रवणे परीक्षिद्भूपालवद्धरिमहाप्रणयेन युक्तः।
भक्तो हरेर्नियतगीर्नितरां प्रसक्तस्त्यक्तान्यकार्यरु चिरेव विशुद्धभावः ॥
साधुप्रसङ्गनिरतो नितरामजस्त्रं निष्ठां दृढामधिगतः सततं स्वधर्मे ।
देहाङ्गनाद्रविणपुत्रधराद्यसक्तो हर्याश्रिताङ्कधरदर्शनभूरिहर्षः ॥२०॥
प्राप्तान्मुनीन्द्र ! सततं हरियोगमग्र्यं त्वतः परं रु चिरदुर्गपुरस्य भद्रम् ।
माहात्म्यमद्भुततरं हि लषामि रम्यं श्रोतुं ततो गदितुमर्हसि सद्गुरो ! त्वम्॥
प्रश्नं तदीयमखिलाङ्गभृतां नितान्तश्रेयस्करं शुभतरं स निशम्य हृष्टः ।
तत्स्मारितेष्टहरिरू पविकृष्टचेतःसर्वेन्द्रियो लिखितचित्रमिव स्थिरोऽभूत्
॥२२॥

દરબાર શ્રીજૂણાભાઇ વિનયી અને જિજ્ઞાસુ હતા, તેમનું મન ઉત્તમ પુરુષાર્થ મોક્ષને મેળવવામાં લાગ્યું રહેતું, તેઓ ભગવાનની કથા સાંભળવામાં પરીક્ષિત રાજાના જેવા શ્રદ્ધાળુ હતા. ભગવાનના સ્વરૂપના પ્રેમી હતા. ભગવાનની ભક્તિ કરવામાં અત્યંત તત્પર રહેતા હતા. અન્ય વ્યાવહારિક કામમાં રુચિ છોડી દીધી હતી. જરૂર પૂરતું જ બોલતા, હૃદયની ભાવના પવિત્ર હતી. સંતોનો સત્સંગ નિરંતર ખૂબ જ રાખતા. સ્વધર્મમાં અખંડ દૃઢનિષ્ઠા રાખતા. પોતાનું શરીર, પત્ની, પુત્ર, ધન અને (રાજ્યની) ભૂમિમાં તેમને આસક્તિ તૂટી ગઇ હતી. શ્રીહરિના આશ્રિત હોવાના ચિહ્નરૂપે કંઠી કે તિલક ચાંદલા વાળા કોઇ ભક્તને દેખે તો મનમાં ખૂબ જ રાજી થતા હતા. આવા બે હાથ જોડીને બેઠેલા દરબાર શ્રીજૂણાભાઇએ સંતો પણ જેમને વંદન કરતા હતા અને જેનો ઉપદેશ પણ અત્યંત સુંદર અને વિશુદ્ધ હતો આવા સદ્‌ગુરુવર્ય શ્રીશુકાનંદ સ્વામીને કહ્યું, હે મુનિવર્ય ! હે સદ્‌ગુરુ ! આપ નિરંતર શ્રીહરિના સર્વોત્તમ સંયોગમાં રહ્યા છો. તો આપની પાસેથી હું આ સોહામણા દુર્ગપુર-ગઢપુરનું અત્યંત અદ્‌ભુત, મંગળમય, સુંદર માહાત્મ્ય સાંભળવા ચાહું છું, તો આપ તે માહાત્મ્ય મને કહો. ॥૧૮-૨૧॥

દરબારનો પ્રશ્ન, સમગ્ર દેહધારીઓને માટે અત્યંત કલ્યાણકારી અને ઘણો શુભ હતો. તે સાંભળીને શુક સ્વામી રાજી થયા. પ્રશ્નને લીધે શ્રીહરિનું સ્વરૂપ યાદ આવ્યું. તેમના ઇન્દ્રિયો અને અન્તઃકરણ મૂર્તિમાં લાગી ગયા. તેથી તેઓ આળેખેલા

कृच्छ्राच्चिरेण स बहिर्दृशमिच्छयाऽऽप्त
स्तस्येशितुः प्रियहरिक्षणसौख्यमग्नः।
मोक्षैषिणं तमवबुध्य नृपं प्रशान्तं प्राहेति वाक्यमघहारि सुधासमानम्
निर्बाधशुद्धशुभबोधविधानदक्षो
वश्याखिलेन्द्रियमनाः करु णार्द्रचित्तः ।
देहाभिमानरहितश्च ममत्वहीनः सौशील्यतुष्टिविशदाशयधैर्ययुक्तः ।२४।
अष्टाङ्गसंयुतबृहद्व्रतभृत्प्रशान्तो वेदाऽखिलाऽऽगमपुराणसुहार्दवेत्ता ।
सर्वोपकारनिरतो जनजातमित्रं त्यक्तस्पृहः सरसविस्फुटवर्णभाषी ॥२५॥
धर्मात्मजे किल हरौ प्रवरोरु वीर्ये त्वेकान्तिकीमुपगतोऽभवदाशुभक्तिम् ।
लोभस्मरस्मयदुराग्रहदम्भमानमात्सर्यमोहमदरोषमुखैरपेतः ॥२६॥
साधु त्वया सकललोकहितैषिणैतत् पृष्टं नरेन्द्र ! पुरु शान्तिकरं पवित्रम् ।

ચિત્રની જેમ સ્થિર થઇ ગયા. ॥૨૨॥

પછી પરમાત્મા શ્રીહરિની ઈચ્છાથી જ, મહા મહેનતે બાહ્ય દૃષ્ટિ પામ્યા. પોતાના પ્રિય શ્રીહરિના દર્શનના સુખમાં લીન થઇ ગયા હતા. તે શુક સ્વામીએ શાંત સ્વભાવના તે દરબારને મુમુક્ષુ જાણીને પાપહારી અમૃત જેવું વાક્ય કહ્યું. ॥૨૩॥

શ્રીશુકાનંદ સ્વામી નિર્દોષ, શુદ્ધ અને શુભ જ્ઞાનોપદેશ કરવામાં નિપુણ હતા. તેમણે સર્વ ઈન્દ્રિય અંતઃકરણને વશ કર્યા હતા. તેમનું હૃદય દયાથી નીતરતું હતું. તેઓ દેહમાં અહંકાર અને મમતાથી રહિત હતા. તેઓ સુશીલતા, સંતોષ, ભાવશુદ્ધિ અને ધીરજ આદિ સદ્‌ગુણોથી સંપન્ન હતા. ॥૨૪॥

તેઓ અષ્ટાંગ બ્રહ્મચર્યને ધારી રહ્યા હતા. નિરંતર શાંત જણાતા હતા. વેદોનું અને સર્વ આગમ - પુરાણ વગેરેનું રહસ્ય યથાર્થ રીતે સમજતા હતા. સર્વના ઉપર ઉપકાર કરતા હતા. માનવમાત્રના તે મિત્ર હતા. ॥૨૫॥

તેમણે સ્પૃહા છોડી દીધી હતી. તેમની વાણી રસભરી અને સ્પષ્ટ ઉચ્ચાર વાળી હતી. મહાપ્રતાપી ધર્મપુત્ર શ્રીહરિના સ્વરૂપમાં તેમને એકાંતિકી દૃઢ તીવ્ર ભક્તિ હતી. લોભ, કામ, ગર્વ, દુરાગ્રહ, દંભ, માન, મત્સર, મોહ, મદ અને રોષ (ક્રોધ) આદિ દોષ તેમાં ક્યારેય હતા જ નહિ. ॥૨૬॥

તે શુકાનંદ સ્વામીએ કહ્યુ, હે રાજન્ ! સમગ્ર લોકોનું હિત ચાહતા તમે આ સારું પૂછ્યું. તમારો પ્રશ્ન ઘણો શાંતિકારી, પવિત્ર, સહુ લોકો માટે કલ્યાણકારી અને

श्रेयस्करं शुभतरं निखिलाङ्गभाजां राजन्! सतां मतमुदारधियां सुबुद्धे!।
शुकानन्दो भूपं तमिति स गदित्वा मुनिवरो,
हरिं धार्मिं रम्यं शुभगुणगणालङ्कृतितनुम् ।
मुदा ध्यायन् स्वेष्टं स्वहृदि सहजानन्दमतुलं,
कथारम्भं चक्रे सकलजननिर्वाणनिरतः ॥२८॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये राजकृतमाहात्म्यप्रश्नादिनिरू पणं नाम तृतीयोऽध्यायः ॥३॥

अथ चतुर्थोऽध्यायः

मङ्गलञ्च कथारम्भो चतुर्थेऽस्ति, हरिस्ततः ।
आभयक्ष्मातले सौधोद्धावनस्य वचोऽब्रवीत् ॥

श्रीशुकानन्द उवाच -
श्रीमद्वारिदवृन्दसुन्दररु चिर्गौराम्बरैर्योऽरु चत्

અત્યંત શુભ છે. હે બુદ્ધિમાન્ રાજા ! વિશાળ સમજણવાળા સંતો પણ આવા પ્રશ્નને આવકારે છે. ॥૨૭॥

સદ્‌ગુરુવર્ય શ્રીશુકાનંદ સ્વામીએ દરબાર શ્રીજૂણાભાઈને આવા વચન કહ્યા. પછી અતિ મનોહર અને સર્વ શુભગુણગણોથી અલંકૃતમૂર્તિ ધર્મપુત્ર શ્રી સહજાનંદ સ્વામી રૂપ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું હૃદયમાં પ્રેમથી ધ્યાન કર્યું અને સમગ્ર લોકોનું કલ્યાણ કરવા માટે તત્પર થઈને ''શ્રીદુર્ગપુર માહાત્મ્ય'' ની કથાનો આરંભ કર્યો. ॥૨૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩ સમાપ્ત.

અધ્યાય - ૪

શ્રીશુકાનંદ સ્વામીએ મંગલાચરણ કર્યું

શ્રીશુકાનંદ સ્વામી કહે છે, હંસના સમુદાય સાથે કાલિંદી (યમુના)ના જળનો શ્યામ પ્રવાહ જેમ શોભે છે તેમ જે અત્યંત સુંદર દેખાતા મેઘના સમુદાય જેવા સુંદર શ્યામ કાંતિમાન્ ઘનશ્યામ શ્વેત વસ્ત્રો પહેરીને શોભે છે, જે સંતોના

कालिन्दीसलिलप्रवाह इव सम्मिश्रो मरालव्रजैः ।
सत्पूज्यं द्विजराजतर्जनमुखं कारुण्यपूर्णेक्षणं
श्रीधार्मिं तमहं नमामि सहजानन्दं हरिं सर्वदा ॥१॥
श्रीमद्धर्मकुमारमारमदभित्सौन्दर्यमीशेश्वरं
भूषाभूषणविग्रहं शुभगुणग्रामाऽऽलयं मालयम् ।
सत्कार्तस्वरभास्वराम्बरधरं स्वर्णादिहारं हरिं
वन्दे धर्मधुरन्धरं परतरं श्रीस्वामिनारायणम् ॥२॥
असुरनिकरदारी भूरिभूभारहारी श्रितजनसुखकारी माल्यमुक्तादिहारी।
भवजलनिधितारी मुक्तवृन्दप्रचारी जयति वरविहारी श्रीहरिर्धर्मधारी ॥३॥
अस्मिन् दुर्गपुरे राजन् ! भूरिकालं परोऽक्षरात् ।
सर्वेषामवताराणां कारणं न्यवसद्धरिः ॥४॥
सन्तस्तेन तथा सार्द्धं धर्मवंश्या मुदाऽवसन् ।

પૂજ્ય છે, જેના મુખના સુખદ શાંત તેજ સમક્ષ ચંદ્રમા પણ ઝાંખો થઈ જાય છે, જેમના નેત્ર કરુણાથી ભર્યા હોય છે, આવા ધર્મપુત્ર ભગવાન શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિને હું સદા-સર્વદા નમસ્કાર કરું છું. ॥૧॥

કામદેવના ગર્વને ઉતારનાર સૌંદર્યથી સંપન્ન જે મહાપ્રતાપી ધર્મપુત્ર છે, બ્રહ્માદિ ઈશ્વરોના પણ અધીશ્વર છે, જેના સ્વરૂપ સૌંદર્યથી અલંકારો પણ શોભે છે, જેમાં અનેક કલ્યાણકારી સદ્‌ગુણ સમૂહો રહ્યા છે, જે સહુ કોઈના પરમ આશ્રયરૂપ છે, શુદ્ધ સોના જેવા ચળકતા વસ્ત્રને ધારી રહેલા, સોનાના અને પુષ્પોના હારને કંઠમાં પહેરનારા, પરાત્પર ધર્મધુરંધર પરમાત્મા શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને હું વંદન કરું છું. ॥૨॥

જે અસુર સંઘોનો વિનાશ કરે છે, ભૂમિના ભાર રૂપ અધર્મીઓનો ક્ષય કરે છે, ભક્તજનોને માટે સુખરૂપ છે, પુષ્પોના તથા મોતી વગેરેના હાર પહેરે છે, મુમુક્ષુઓને સંસારરૂપ સાગરમાં તારે છે, મુક્ત મંડળ દ્વારા પોતાના પ્રાકટ્ય હેતુઓનો પ્રચાર કરાવે છે, ભક્તોનું હિત કરે તેવું ભૂમિ ઉપર દિવ્ય વિચરણ કરે છે, તે ધર્મના આધારભૂત ભગવાન શ્રીહરિ સર્વોત્કૃષ્ટ પણે વિજયી રહ્યા છે. ॥૩॥

હે રાજન્ ! અક્ષરથી પર તથા સર્વ અવતારોનું કારણ, ભગવાન્ શ્રીહરિ આ ગઢપુરમાં ઘણો સમય રહ્યા છે. ॥૪॥

वर्णिमुख्याश्च तत्सक्ताः साधुशीलगुणालयाः ॥५॥
तस्मात्प्राप्तैरतिश्रेष्ठैः गुणैरेवाऽन्यदुर्लभैः ।
एतत् सर्वपुरश्रेष्ठं वर्तते दुर्गपत्तनम् ॥६॥
पुरस्यैतस्य रम्यस्य नानासम्पत्तिशालिनः ।
माहात्म्यं सर्वथा सर्वं केऽपि वक्तुं नहि क्षमाः ॥७॥
ततः संक्षेपतस्तुभ्यं शुश्रूषाऽऽसक्तचेतसे ।
तत्कीर्तयामि पापघ्नं श्रृणु त्वं स्वस्थमानसः ॥८॥
मुक्तानन्दो यथा स्वस्मै प्रभुदासाय पृच्छते ।
न्यग्रोधपत्तनस्थाय तन्माहात्म्यं समूचिवान् ॥९॥
गोपालानन्दसद्वर्यान्नित्यानन्दाच्च सद्वरात् ।
व्यापकानन्दमुख्येभ्यो यथा तद्वै श्रुतं मया ॥१०॥
सामीप्यं नित्यमाप्तेन श्रीहरेस्तस्य वै मया ।
तत्प्रसादाद्यथा ज्ञातं तन्माहात्म्यं महीपते! ॥११॥

શ્રીહરિના સ્વરૂપમાં ભક્તિવાળા, સાધુ સ્વભાવના અને સદ્‌ગુણોના ભંડાર જેવા સંતો, બ્રહ્મચારીઓ વગેરે તથા ધર્મવંશીઓ શ્રીહરિની સાથે અહીં પ્રેમથી ઘણું રહ્યા છે. ॥૫॥

બીજે ક્યાંય ન મળે તેવા અતિશય શ્રેષ્ઠ ગુણ ગઢપુરમાં છે, તેથી જ આ ગઢપુર સમગ્ર નગરોમાં શ્રેષ્ઠ રહ્યું છે. ॥૬॥

અનેક પ્રકારની સમૃદ્ધિથી ભરપૂર સોહામણા આ ગઢપુરનું સંપૂર્ણ માહાત્મ્ય યથાર્થ રીતે કોઈ પણ કહી શકે તેમ નથી. ॥૭॥

તો માહાત્મ્ય સાંભળવાની તીવ્ર ઈચ્છાવાળા તમને સર્વ પાપોનો વિનાશ કરનારું શ્રીગઢપુરનું માહાત્મ્ય ટૂંકમાં કહું છું માટે તમે સ્વસ્થ મનથી સાંભળો. ॥૮॥

વડોદરાના હરિભક્ત શ્રીપ્રભુદાસભાઈએ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીને શ્રીગઢપુરનું માહાત્મ્ય પૂછ્યું હતું, ત્યારે તેમણે જે માહાત્મ્ય કહ્યું હતું, તે તથા સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રીવ્યાપકાનંદ સ્વામી ઈત્યાદિ સંતોના મુખે તે માહાત્મ્ય મેં સાંભળ્યું છે, હે રાજન્ ! હું શ્રીહરિની સાથે કાયમ રહેતો, ત્યારે તેમના રાજીપાથી જેવું ગઢપુરનું માહાત્મ્ય મને સમજાયું છે, તે સાંભળ્યા જેવું અદ્‌ભુત માહાત્મ્ય હું તમને કહું છું તે તમે

तथा राजन्नहं तुभ्यं महिमानं तदद्भुतम् ।
वच्मि श्रव्यं यथाप्रज्ञं शृणु त्वं सावधानतः ॥१२॥
एषा दुर्गपुरी राजन् ! दर्शकाश्चर्यकारिणी ।
ब्रह्मवासवमुख्येशैर्वन्दनीया मनोरमा ॥१३॥
मेध्या दुर्गपुरी राजन् ! दिव्या तापसवाञ्छिता ।
सेव्या मुमुक्षुभिर्भव्या कस्य न श्रेयसे भवेत् ॥१४॥
श्रीहर्यङ्घ्रिसरोजाङ्कैरङ्किताऽशेषभूतला ।
सेव्यमाना सदा सद्भिर्ब्रह्मरू पैर्हरिप्रियैः ॥१५॥
स्वर्गकीर्तितिरस्कारकारिणी भीतिहारिणी ।
भूरिश्रवस्क री भूमेस्तीर्थक्षेत्रवरीयसी ॥१६॥
पापतापाऽपहृत्प्रेक्षा भूतलाऽऽभरणा शुभा ।
सिद्धानां चापि सर्वेषां वल्लभा पुण्यवर्धिनी ॥१७॥
नानाऽऽधिच्छिदुरा जनाऽऽर्तिभिदुरा योगं हरेरीयुषी

સાવધાનીથી સાંભળો. ॥૯-૧૨॥

હે રાજન્ ! આ ગઢપુરના દર્શન કરનારને આશ્ચર્ય ઊપજે છે, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવો પણ ગઢપુરને વંદન કરે તેવું તે મનોહર છે. ॥૧૩॥

આ ગઢપુર ભવ્ય, દિવ્ય અને શુદ્ધ છે, તપસ્વીઓ આને ચાહે છે, મુમુક્ષુઓએ પણ સેવ્યા જેવું છે. આ ગઢપુર કોનું કલ્યાણ ન કરે ? ॥૧૪॥

શ્રીહરિના ચરણકમળના ચિહ્નોથી આ ગઢપુરનું સંપૂર્ણ ભૂતળ પ્રસાદીરૂપ થયું છે, શ્રીહરિના વહાલા બ્રહ્મનિષ્ઠ સંતો આ ગઢપુરને નિત્ય સેવી રહ્યા છે. ॥૧૫॥

આ ગઢપુરની આગળ સ્વર્ગનો યશ પણ હડધૂત થાય છે, તે સંસારના ભયને ટાળે છે, ઘણો યશ ફેલાવે છે અને ભૂમિ ઉપરના બધા જ તીર્થ અને ક્ષેત્રોમાં સર્વોત્તમ જણાય છે. ॥૧૬॥

ગઢપુરના દર્શન માત્રથી જ અનેક પ્રકારના દુષ્કર્મોનો અને આધ્યાત્મિક આદિ તાપોનો નાશ થાય છે, આ ભૂમિનું શુભ ઘરેણું છે. સમગ્ર સિદ્ધોનું વહાલું છે તથા પુણ્ય વધારનારું છે. ॥૧૭॥

આ ગઢપુર અનેક પ્રકારના મનદુઃખોને કાપી નાખે છે. લોકોની પીડાને

नानाविघ्ननिवारिणी प्रणमतां संसारसंहारिणी ।
सर्वाभद्रविदारिणी मतिमतां प्रेष्ठा मनोहारिणी
श्रीमद्दुर्गपुरी भवाम्बुधितरीर्वर्वर्ति सर्वोपरि ॥१८॥
हर्यावासमनोहरां वरतरां रम्यैर्हरेश्चङ्क्रमै
र्भद्रैर्भूतलमण्डनैरतितरां मेध्यामुदारौजसम् ।
कल्याणार्थिजनेप्सितां विहितवान् यां राजधानीं निजां
सेयं दुर्गपुरी ततो विजयते धार्मिर्हरिर्भूपते ! ॥१९॥
नाऽयोध्याऽस्ति समाऽनया न मथुरा माया च वाराणसी
काञ्ची चैव पुरी ह्यवन्तिरपि वै न द्वारिका सन्निभा ।
इत्थं सा महिमानमद्भुतमिता सम्बन्धतः श्रीहरे
र्धन्या दुर्गपुरी यशःसुखकरी मुक्तिस्तु यत्किङ्करी ॥२०॥
अस्मिन् दुर्गपुरे रम्ये वर्ततेऽयं महीपते ! ।
दर्शकाश्चर्यकृत्प्रेक्षो राजदुर्गो मनोहरः ॥२१॥

ભેદે છે, શ્રીહરિનો સંયોગ કરાવે છે, અનેક પ્રકારના વિઘ્નોનું નિવારણ કરે છે, સંસારના ભટકણને ટાળે છે, બધા જ અમંગળોનો વિનાશ કરે છે, બુદ્ધિમાનોને પ્રિય - ગમે તેવું છે. સહુના મનને આકર્ષે છે અને સંસાર સાગરને પાર કરવા માટેનું એક જહાજ છે માટે ગઢપુર સર્વોપરિ રીતે વિરાજી રહ્યું છે. ॥૧૮॥

હે નૃપ ! શ્રીહરિના સર્વાધિક નિવાસથી ગઢપુર સહુના મનને આકર્ષે છે. અને તેથી જ સર્વોત્તમ છે. શ્રીહરિ ગઢપુરની ભૂમિ ઉપર ચાલ્યા છે. તે ચરણોના પગલાં-ડગલાં રમણીય છે, મંગળમય છે અને ભૂતળના અલંકારરૂપ છે અને તેથી જ ગઢપુર પવિત્ર અને અધિક પ્રભાવશાળી છે. ગઢપુરને ધર્મપુત્ર શ્રીહરિએ પોતાની રાજધાની કરી છે તેથી તે સર્વત્ર વિજયકારી રહ્યું છે. ॥૧૯॥

પ્રસિદ્ધ સાત પુરીઓ - અયોધ્યા, મથુરા, હરિદ્વાર, કાશી, અવન્તી, કાંચી અને દ્વારિકા - પણ આ ગઢપુરની બરાબરી કરી શકે તેમ નથી. આ રીતે શ્રીહરિના સંબંધથી ગઢપુરનો મહિમા અદ્ભુત છે, આના સેવનથી યશ અને સુખ વધે છે. અરે ! મુક્તિ તો આ ગઢપુરની દાસી છે. ॥૨૦॥

હે રાજન્ ! સોહામણા આ ગઢપુર ગામમાં લોકોને જોવા માત્રથી જ આશ્ચર્ય ચકિત કરતો એક મનોહર દરબારગઢ છે. ॥૨૧॥

इत्थं श्रुत्वा स तद्वाणीं सुधातुल्यां हितावहाम् ।
महाशान्तिं गतो राजा तं प्राहैवं महामुनिम् ॥२२॥
एतादृशस्त्वसौ जातो राजदुर्गोऽद्भुतेक्षणः ।
तत्र मे कारणं ब्रह्मन् ! वक्तुर्महसि सद्गुरो ! ॥२३॥
स इत्याकर्ण्य तद्वाक्यं प्रसन्नः सर्वविद्वरः ।
इत्थं भूपं दयाऽऽर्द्रस्तं तथ्यं पथ्यं वचोऽब्रवीत् ॥२४॥
त्वत्प्रश्नस्योत्तरं राजंस्तुभ्यमेतद्बुभुत्सवे ।
यथावत्कीर्तये धीमंस्त्वं शृणु स्वस्थचेतसा ॥२५॥
एकदा जीववर्माख्यो राजा सौधान् व्यचीकरत् ।
ततो वास्तुविधौ भोज्यैर्विप्रादीन् समतीतृपत् ॥२६॥
स श्रीहरिं ततो राजा युक्तं मुन्यादिभिर्मुदा ।
भोज्यैर्नानाविधैरम्यैस्तर्पयामास सादरम् ॥२७॥

અમૃત જેવી હિતકારી આવી વાત સાંભળીને દરબાર શ્રીજૂણાભાઈના હૃદયમાં ઘણી શાંતિ થઈ. પછી તેમણે મહામુનિ શ્રીશુક સ્વામીને આ રીતે હવે પછી કહેવાશે તેમ કહ્યું. ॥૨૨॥

હે બ્રહ્મન્ ! હે સદ્‌ગુરુ ! આ દરબારગઢ આટલો બધો અદ્‌ભુત થયો તેનું શું કારણ છે ? આપ મને સમજાવો. ॥૨૩॥

સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ અને કરુણારસથી ભીંજાયેલા શ્રીશુક સ્વામી શ્રીજૂણાભાઈનું વચન સાંભળીને રાજી થયા અને હવે કહું છું તે રીતે હિતકારી સત્ય વાત કહેવા લાગ્યા. ॥૨૪॥

હે રાજન્ ! તમે જિજ્ઞાસુ છો. માટે હે ધીમન્ ! તમારા પ્રશ્નનો પ્રત્યુત્તર યથાર્થ રીતે તમને કહું છું, તો તમે સ્વસ્થ મનથી સાંભળો. ॥૨૫॥

એક વખત દરબાર શ્રીજીવા ખાચરે પોતાના દરબારગઢમાં સારા ઓરડા કરાવ્યા. પછી વાસ્તુ વિધિમાં સારી રસોઇ કરાવી. બ્રાહ્મણો વગેરે સહુને સારી રીતે જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૬॥

પછી તેમણે સંતો વગેરેની સાથે પ્રેમથી શ્રીહરિને પધરાવ્યા અને આદરભાવથી અનેક પ્રકારની સારી રસોઇ-થાળ કરાવીને સહુને જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૭॥

सभायां स्वासनासीनं स भूपालस्ततो हरिम् ।
आर्चयच्चोपचारैस्तं मुन्यादींश्च यथोचितम् ॥२८॥
तदा सम्प्रेक्ष्य तान्सौधान् क्षत्रियोऽलयसंज्ञितः ।
इत्थं भक्तोऽकरोद्राजन् ! सङ्कल्पं स्वीयमानसे ॥२९॥
अस्मदीयस्य सद्दुर्गे स्युर्यदाऽभयभूभुजः ।
सौधा एवंविधा रम्यास्तर्हि स्यान्नो भृशं सुखम् ॥३०॥
अन्तर्याम्यङ्गिनां तावद्वाक्यमित्यब्रवीद्धरिः।
जीववर्ममुखान् प्रीत्या महाश्चर्यं नयन्प्रभुः ॥३१॥
भक्तस्याऽस्येति सङ्कल्पो जायतेऽलयसंज्ञिनः ।
जायेरन्नीदृशाः सौधा भर्त्तुर्दुर्गे हि नो यदा ॥३२॥
स्यात्तदा नो महानन्दः सङ्कल्पं चेति हृद्यसौ ।
करोत्युक्त्वेति तं वाक्यं प्राहेत्थं सस्मितं हरिः ॥३३॥
एवं ते भक्त! सङ्कल्पो जायते नाऽथवा वद ।
ततस्तं सोऽब्रवीदित्थं स मे जातस्त्विति प्रभो ! ॥३४॥

જમ્યા પછી સભા થઈ. તેમાં શ્રીહરિ પોતાના સારા આસન ઉપર વિરાજ્યા. પછી શ્રીજીવા ખાચરે સારા પૂજાના ઉપચારોથી શ્રીહરિની અને સંત-વર્ણી વગેરેની યોગ્ય રીતે પૂજા કરી. ॥૨૮॥

હે રાજન્ ! તે વખતે ત્યાં ભક્ત દરબારશ્રીઅલૈયા ખાચર સભામાં બેઠા હતા. તેણે શ્રીજીવાખાચરના નવા ઓરડા સામું જોઇને પોતાના મનમાં આવો સંકલ્પ કર્યો કે આપણા દરબાર શ્રીએભલ ખાચરના દરબારગઢમાં જો આવા સુંદર ઓરડાઓ હોય તો ખૂબ જ આનંદ થાય. ॥૨૯-૩૦॥

ત્યારે સર્વાન્તર્યામી ભગવાન્ શ્રીહરિ જીવા ખાચર વગેરે સહુને આશ્ચર્ય કરાવતા હોય તેમ પ્રેમથી આ રીતે બોલ્યા, "આ અલૈયા ખાચર પોતાના મનમાં આવો સંકલ્પ કરે છે કે અમારા દરબારશ્રી એભલખાચરના દરબારગઢમાં જો આવા સારા નવા ઓરડા થાય તો અમને સહુને ઘણો આનંદ થાય" શ્રીહરિ આટલું બોલીને હસતા હસતા ફરી વાર આમ બોલ્યા કે "અલૈયા ભક્ત ! તમે આવો સંકલ્પ કરો છો ને ?" "ત્યારે તેણે કહ્યું કે હા, પ્રભો ! મને આવો સંકલ્પ થયો હતો." ॥૩૧-૩૪॥

स एवं तं ततो वाक्यं हसन् प्रीत्याऽवदद्धरिः ।
भविष्यतीति सङ्कल्पः सत्यः श्रीदामवद्धि ते ॥३५॥
रात्रावथेति वृतान्ते विज्ञातेऽभयभूभुजा ।
सोत्तमाभिधपुत्रेण तत्राऽऽयात्स सदादियुक् ॥३६॥
ततो निम्बतरो राजन् ! पश्चिमायां दिशि स्वयम् ।
हरिर्गेहे स्थितस्याऽऽयात्सन्निधिं तस्य भूपतेः ॥३७॥
अथोत्थायाऽभयो राजा तं प्रणम्याऽऽत्ममञ्चके ।
युक्ते न्यषीषदत्प्रीत्या तूलिकास्तरणादिभिः ॥३८॥
प्राञ्जलिस्तमथ प्रेम्णा वाक्यं गद्‌गदया गिरा ।
इत्यब्रवीत्स भूपालस्तन्माहात्म्यं विदन् परम् ॥३९॥
क्वाऽहं मन्दमतिर्जीवस्त्वं दयालुः क्व सर्ववित् ।
ब्रह्माण्डानामसङ्ख्यानां कारणं भगवान् स्वयम् ॥४०॥
तवाऽयोग्येषु चाल्पेषु गेहेष्वेतेषु सत्पते !
श्रीदामाऽऽगारतुल्येषु भक्ताधीन ! दयानिधे ! ॥४१॥

પછી પ્રેમથી હસીને શ્રીહરિએ અલૈયા ભક્તને કહ્યું કે તમારો સંકલ્પ સુદામાની જેમ સાચો થશે. ॥૩૫॥

હે રાજન્ ! પછી મોડેથી શ્રીએભલખાચર અને તેમના પુત્ર શ્રીદાદા ખાચર આદિ સહુને શ્રીઅલૈયા ભક્તના સંકલ્પ વગેરેના વૃત્તાંતની ખબર પડી, તેટલામાં તો ચોકના લીમડાથી પશ્ચિમમાં જે મકાનમાં શ્રીએભલખાચર કુટુંબ સાથે રહેતા હતા ત્યાં તેમની પાસે સંતો વગેરેને લઈને સ્વયં શ્રીહરિ પધાર્યા. ॥૩૬-૩૭॥

તે જોઈને દરબાર શ્રીએભલખાચર ઊભા થયા. તેમને પગે લાગ્યા. પછી ઓછાડેલા ગાદી તકિયા વાળા પોતાના પલંગ ઉપર શ્રીહરિને પધરાવ્યા. ॥૩૮॥

શ્રીહરિના અત્યંત મહિમાને સમજનારા દરબાર શ્રીએભલ ખાચરે પછી બન્ને હાથ જોડ્યા અને ગદ્‌ગદ વાણીથી બોલ્યા, અલ્પ બુદ્ધિવાળો હું જીવ ક્યાં? અને સર્વજ્ઞ દયાળુ આપ ક્યાં ? આપ તો અસંખ્ય બ્રહ્માંડોનું કારણ સ્વયં ભગવાન છો. ॥૩૯-૪૦॥

હે સત્પતે ! ભક્તાધીન ! દયાનિધે ! સ્વામિન્ ! આપ અધમોનો ઉદ્ધાર કરો છો, માધવ-લક્ષ્મીના પતિ છો, બ્રહ્માદિ ઈશ્વરોના અધીશ્વર છો, કાળ અને માયા

अधमोद्धारकः स्वामिन् ! माधवश्चेश्वरेश्वरः ।
नियन्ता कालमायादेर्दुर्लभस्त्वं विराजसे ॥४२॥
दुरापस्तापसैरद्धा ब्रह्माद्यैरीप्सितेक्षणः ।
चिन्तामणिर्यथा प्राप्तस्त्वेतद्भाग्यं हि नो भृशम् ॥४३॥
शुभां तस्योदारां हरिरिति नरेन्द्रस्य रुचिरां गिरं श्रुत्वा प्रीतो
निजपदरतादभ्रकरुणः।
तदीयं सद्भावं विददखिलभक्ताऽवनविभुस्तमित्थं सद्वाक्यं
सरसमिदमूचे नरपतिम् ॥४४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये अलयभक्त कृतसङ्कल्पादिनिरूपणं नाम चतुर्थोऽध्यायः ॥४॥

अथ पञ्चमोऽध्यायः

प्राहाऽभयं हरिश्चेति प्रीतोऽहं न समृद्धिभिः ।
अथ भूपो हरिं प्रोचे स्ववंशं पञ्चमेऽखिलम् ॥

श्रीहरिरुवाच :-

આદિના નિયંતા અને અલ્પ પુણ્યવાળાને દુર્લભ છો. છતાં આપ પોતાને અયોગ્ય આવા નાના નાના ઘરોમાં વિરાજો છો. ॥૪૧-૪૨॥

બ્રહ્માદિ ઈશ્વરો આપના દર્શન ચાહે છે. મોટા મોટા તપસ્વીઓને પણ આપ સાક્ષાત્ મળવા દુર્લભ છો. ગરીબના હાથમાં જેમ ચિંતામણિ આવે તેમ આપ અમને પ્રાપ્ત થયા છો તે અમારું મહાન્ ભાગ્ય છે. ॥૪૩॥

પોતાના ચરણોમાં પ્રેમ રાખનાર ભક્ત ઉપર અપાર કરુણા કરનારા શ્રીહરિએ દરબાર શ્રીએભલખાચરની આ રીતની ઉદારભાવવાળી સુંદર શુભ વાણી સાંભળી અને રાજી થયા. સર્વ ભક્તોનું પાલન કરવામાં શક્તિમાન્ અને તેમના સર્વ ભક્તિભાવને જાણતા આવા ભગવાન શ્રીહરિએ શ્રીએભલખાચરને સુંદર અને સરસ વચન કહ્યું. ॥૪૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪ સમાપ્ત.

नैव तुष्याम्यहं राजन् ! महागारैर्मनोहरैः ।
समृद्ध्या वापि भूयस्या निष्कामस्वाश्रितप्रियः ॥१॥
दृढीयोब्रह्मचर्येण सकुटुम्बस्य ते नृप ! ।
मय्यशेषाऽधिकप्रीत्या प्रीतो युष्मास्वहं भृशम् ॥२॥
आसप्तपुरु षात्त्वत्प्राग् दार्ढ्यं त्वत्पूर्वजेष्वलम् ।
ब्रह्मचर्यव्रतस्याऽऽसीद्विद्धि राजन्निति ध्रुवम् ॥३॥
तस्मादक्षरधाम्नोऽहं प्रादुर्भूय धरातले ।
त्वद्भूरिप्रेमवश्येन सन्निधौ भवतः स्थितः ॥४॥
इति श्रुत्वाऽभयो वाचं हरेः प्रीत्येत्युवाच तम् ।
बाणाख्यस्य पितुर्मेऽभूद्राणदेव्यभिधा प्रसूः ॥५॥
हरे ! प्राक् सेत्यवोचन्मामस्ति रोधसि वारिधेः ।
प्रतापेनान्वितो दिव्यो गोपनाथाभिधः शिवः ॥६॥

અધ્યાય - ૫

શ્રીએભલ ખાચરના વડીલો

શ્રીહરિએ કહ્યું, હે રાજન્ ! મને મારા નિષ્કામ ભક્તો વહાલા છે. મનોહર મોટા મહેલોથી કે પુષ્કળ સમૃદ્ધિથી હું ખુશ થતો નથી. ॥૧॥

હે નૃપ ! કુટુંબે સહિત તમારા દૃઢ બ્રહ્મચર્યથી અને મારા ઉપર સહુથી અધિક તમારો પ્રેમ છે તેથી હું તમારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું. ॥૨॥

હે રાજન્ ! તમારા પહેલાની સાત પેઢીના તમારા પૂર્વજોમાં બ્રહ્મચર્યવ્રતની અત્યંત દૃઢતા ચાલી આવે છે, એમ તમે ચોક્કસ સમજો. ॥૩॥

અને તેથી જ હું અક્ષરધામથી આ ભૂમિ ઉપર પ્રગટ થયો છું. તમારી અપાર પ્રેમભક્તિને વશ થઈને તમારી સાથે રહ્યો છું. ॥૪॥

શ્રીહરિએ કહેલી વાત સાંભળ્યા પછી શ્રીએભલ ખાચર શ્રીહરિને પ્રેમથી વાત કહેવા લાગ્યા. મારા (પિતામહનું નામ ઉનડ ખાચર હતું અને મારા) પિતાનું નામ બાવા ખાચર હતું અને તેમની માતા (મારા પિતામહી) નું નામ રાણદે આઈ હતું. ॥૫॥

હે હરે ! હું નાનો હતો ત્યારે તેમણે મને કહ્યું હતું કે સમુદ્રને કિનારે મહાન્ પ્રતાપી ગોપનાથ નામે દિવ્ય શિવજીનું મંદિર છે. ॥૬॥

तत्राऽऽसीद् ब्रह्मविद्वर्णी महान् गोपालसंज्ञितः ।
आत्मानन्दाभिधस्तस्य शिष्योऽभूत्सद्गुणैर्महान् ॥७॥
स्वामिन्नासोदरग्रामे वसते स्वं समीयुषे ।
क्षत्रियायोढसंज्ञाय दत्तस्तेन वरः शुभः ॥८॥
सोऽथ प्रापन्महीयांसं प्रतापं चान्यदुर्लभम् ॥
आसीदित्थं गुणैश्वर्यैरात्मानन्दः प्रतापवान् ॥९॥
युक्तानन्दश्च तस्याऽऽसीन्मुक्तानन्दाभिधः प्रभो! ।
रामानन्दस्तथा शिष्यो माननाथाह्वयस्तथा ॥१०॥
तत्राऽथ माननाथस्य सद्गुणैर्महतः कृता ।
सेवा मत्तातमात्रैव भूयसी श्रद्धया हरे! ॥११॥
तस्मात्प्रीतः स वाचं तामेवं प्रोचेऽस्ति धर्मवान् ।
उन्नडाख्यः पतिस्तेऽयं जगद्व्याप्तयशाः शुचिः ॥१२॥
तीर्थयात्रां विधायाऽहं यदा दुर्गपुरं त्विदम् ।

ત્યાં ગોપાલાનંદ નામે બ્રહ્મવેત્તા મહાન્ બ્રહ્મચારી રહેતા હતા. તેના શિષ્ય સદ્ગુણોથી મહાન્ આત્માનંદ નામે હતા. ॥૭॥

હે સ્વામિન્ ! આંસોદર ગામના નિવાસી ઓઢાભાઈ નામે દરબાર શ્રી આત્માનંદ સ્વામીને શરણે જઈને શિષ્ય થયા. સ્વામીએ તે દરબારને શુભ વરદાન આપ્યું. ॥૮॥

તે પછી તેઓ બીજે ક્યાંય ન હોય તેવા મહાન્ પ્રતાપી થયા. આ પ્રમાણે શ્રીઆત્માનંદ સ્વામી ગુણ અને ઐશ્વર્યને લીધે ઘણા પ્રતાપી થયા હતા. ॥૯॥

હે પ્રભો ! તેમને જુક્તાનંદ, મુક્તાનંદ, રામાનંદ અને માનનાથ નામે ચાર શિષ્ય હતા. ॥૧૦॥

હે હરે ! તેમાં માનનાથ સદ્ગુણોથી ઘણા મહાન્ હતા. મારા પિતામહી (દાદી મા = પિતાની માતા) રાણદે આઈએ ઘણી શ્રદ્ધાથી તેમની સેવા કરી હતી. ॥૧૧॥

તેથી રાજી થઈને તેણે રાણદે આઈને કહ્યું, આ તમારા પતિ ઉનડ ખાચર ધર્મવાળા છે, પવિત્ર છે અને તેમનો યશ આખા સંસારમાં વ્યાપી જશે. ॥૧૨॥

તીર્થોની યાત્રા કરીને જ્યારે હું ગઢપુર આવ્યો અને આ દરબારના નિરંતરના

एत्याऽवसं सदादानस्थाने चास्य क्षमापतेः ॥१३॥
तदैतेनोरु सेवा मे कृताऽथ प्रीतमानसः ।
तं प्रावोचं त्विति स्याच्चेत्पृच्छ्यं ते तर्हि पृच्छ माम् ॥१४॥
स प्रीतोऽथेत्यवोचन्मामेतावत्पृच्छ्यमस्ति मे ।
कथं मिलेद्धरेः साक्षात्प्रेक्षाकारयिता गुरु : ॥१५॥
प्रत्यक्षस्य हरेराप्तिर्यथा स्यान्मे दया तथा ।
मयि कार्या त्वयेत्युक्ते तेनाऽवोचं तथास्तु ते ॥१६॥
आत्मानन्दगुरोरीक्षा ततस्तं कारिता मया ।
अथाप्युक्तं मया तस्मै वाच्छितं ते हि सेत्स्यति ॥१७॥
आत्मानन्दप्रतापात्ते शम्भोश्चाप्यनुकम्पया ।
भविष्यत्यात्मजो राजन् ! वाञ्छितस्ते हि सद्‌गुणः ॥१८॥
त्वत्पत्नीजनकागारे कृता भिक्षा मया चिरम् ।
सोऽस्ति मत्सेवकश्चेत्थं प्रीत्या तं वाक्यमब्रवीत् ॥१९॥
मत्तातस्य ततः पित्रा प्रेषिता मत्पितुः प्रसूः ।

સદાવ્રતને સ્થાને રહ્યો હતો. ત્યારે તેણે મારી ઘણી સેવા કરી હતી. ત્યારે મનમાં રાજી થઈને મેં તેને કહ્યું કે તમારે મને કાંઈ પૂછવું હોય તો પૂછો. ત્યારે ખુશી થયેલા ઉનડ ખાચરે મને કહ્યું કે મારે આટલું જ પૂછવું છે કે ''ભગવાનના સાક્ષાત્ દર્શન કરાવે એવા ગુરુ કેમ મળે ? પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ મને જે રીતે થાય તેવી આપ મારા ઉપર દયા કરો.'' ત્યારે મેં તેમને तथाऽस्तु ''તેમ થશે'' એવું કહ્યું. ॥૧૩-૧૬॥

પછી મેં ઉનડ ખાચરને ગુરુ શ્રીઆત્માનંદ સ્વામીના દર્શન કરાવ્યા. આમ છતાં મેં તેમને કહ્યું ''તમારો સંકલ્પ સિદ્ધ થશે. ॥૧૭॥

હે રાજન્ ! સદ્‌ગુરુ શ્રીઆત્માનંદ સ્વામીના પ્રતાપથી અને શંકર ભગવાનની દયાથી જેવો તમે ચાહો છો તેવો મહાન્ સદ્‌ગુણી પુત્ર તમારે થશે. ॥૧૮॥

પાડરસીંગા ગામમાં તમારી પત્નીના પિતા, એટલે કે તમારા સસરાને ઘેર મેં ઘણા સમય સુધી ભિક્ષા લીધી છે. તેઓ મારા શિષ્ય છે'' આમ તેણે પ્રેમથી વાક્ય કહ્યું. ॥૧૯॥

माननाथं स्थितं द्रष्टुं कुम्भनाथशिवालये ॥२०॥
श्रीशुकानन्द उवाच -
अथ स्वान्तिकमायातां वन्दमानां स वीक्ष्य ताम् ।
इत्थं प्रीतो ह्यवोचद्वै तामत्राऽऽगच्छ सुव्रते ! ॥२१॥
आत्मानन्दस्तथा शम्भुर्वाञ्छितं तेऽखिलं ध्रुवम् ।
पूर्णं विधास्यते तस्मात्त्वया कार्यं हि गोव्रतम् ॥२२॥
आरभ्यैतद्दिनं मासे द्वादशे ते भविष्यति ।
पुत्रः शूरो बलीयांश्च दृढनिष्कामधर्मयुक् ॥२३॥
त्वत्पुत्रस्य त्वया कार्या बाणाख्या तस्य सन्मते! ।
कार्यं त्वद्देशिविप्रेभ्यो भूमिदानं शुभं त्वया ॥२४॥
महायज्ञस्त्वया भद्रे! कारणीयो यथोदितम् ।
स्वर्णनिष्कलसद्‌ग्रीवा देया धेनुर्द्विजन्मने ॥२५॥

મારા પિતાના પિતા (મારા પિતામહ) ઉનડ ખાચરે મારી પિતામહી રાણદે આઈને દામનગર કુંભનાથ મહાદેવના મંદિરમાં રહેલા માનનાથના દર્શન કરવા મોકલ્યા. ॥૨૦॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, પછી રાણદે આઈ દામનગર કુંભનાથ મહાદેવના મંદિરે માનનાથના દર્શન કરવા ગયા. નજીક જઈને પગે લાગતા રાણદે આઈને તેમણે જોયા. ત્યારે રાજી થયેલા માનનાથે તેમને કહ્યું, ''સુવ્રતે ! અહીં આવો. ॥૨૧॥

સદ્‌ગુરુ શ્રીઆત્માનંદ સ્વામી અને ભગવાન્ શ્રીકુંભનાથ મહાદેવ તમારા મનની બધી જ ઈચ્છાઓને ચોક્કસ પૂરી કરશે. માટે તમારે ''ગોવ્રત'' નામે એક વ્રત કરવું. ॥૨૨॥

આજથી બારમે મહિને તમારે એક પુત્ર થશે જે ઘણો બળવાન્ શૂર અને દૃઢ નિષ્કામધર્મવાળો થશે. ॥૨૩॥

હે સન્મતે ! તમારે પોતાના પુત્રનું નામ ''બાવા ખાચર'' આવું રાખવું. તમારે તમારા દેશના બ્રાહ્મણોને શુભ ભૂમિદાન કરવું. ॥૨૪॥

હે ભદ્રે ! પછી તમારે વિધિ પ્રમાણે એક મોટો યજ્ઞ કરાવવો. કંઠમાં સોનાનો હાર પહેરાવેલી ગાય બ્રાહ્મણને દાનમાં આપવી. ॥૨૫॥

तर्पयित्वाऽग्रजान् भोज्यैस्तेभ्यो देयाश्च दक्षिणाः ।
सद्रूप्यमुद्रिका पञ्चसहस्त्रप्रमितास्त्वया ॥२६॥
त्वद्गेहे वै सदादानस्थाने छन्नं क्षितेरधः ।
शम्भोर्लिङ्गं प्रतापेन विद्यते महताऽन्वितम् ॥२७॥
पुरैतच्छाङ्करं लिङ्गं माण्डव्येन महर्षिणा ।
तापसेनार्चितं दिव्यं त्रिकालज्ञेन भक्तितः ॥२८॥
तत्ते दुर्गपुरं रम्यं द्वारवत्याः पुरा ह्यभूत् ।
शाखापुरं ततः कृष्णो व्यचरत्तत्र तद्वरम् ॥२९॥
तत्र नारायणः साक्षादवतारैककारणम् ।
आगमिष्यति सर्वज्ञो ब्रह्माद्यैर्वाञ्छितेक्षणः ॥३०॥
तस्मान्मेध्यौ युवां ज्ञात्वा दम्पती धर्मनिष्ठितौ ।
पुत्रं दद्यां हि वां भद्रे! स्वतातात्सद्गुणैर्वरम् ॥३१॥
तस्याभयाभिधः पुत्रो भविष्यत्यमलात्मनः ।

सारा મિષ્ટાન્નથી બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરવા. પછી તેમને પાંચ હજાર રૂપિયા દક્ષિણામાં આપવા. ॥૨૬॥

તમારે ઘેર સદાવ્રત આપવાનું જે સ્થાન છે ત્યાં જમીનની અંદર શંકરનું લિંગ દટાયેલું છે. તે મહાન્ પ્રતાપી છે. ॥૨૭॥

પૂર્વે ત્રિકાળજ્ઞાની, તપસ્વી, માંડવ્ય નામના મહર્ષિએ તે દિવ્ય શિવલિંગને ખૂબ જ ભક્તિભાવથી પૂજેલું છે. ॥૨૮॥

તમારું મનોહર ગઢપુર ગામ દ્વારિકાનું શાખાનગર ગણાતું હતું. આથી શ્રીકૃષ્ણ ભગવાન તે ભૂમિમાં વિચરેલા છે અને તેથી તેનું ઘણું માહાત્મ્ય છે. ॥૨૯॥

તે ગઢપુરમાં બ્રહ્માદિ દેવો પણ જેના દર્શનની ઈચ્છા રાખે છે, આવા સર્વજ્ઞ તથા સર્વ અવતારોનું એક કારણ અવતારી ભગવાન્ શ્રીનારાયણ સાક્ષાત્ પધારશે. ॥૩૦॥

હે ભદ્રે ! તેથી જ ધર્મનિષ્ઠ દંપતી તમને બન્નેને બુદ્ધિમાન - પવિત્ર જાણીને હું એક પુત્ર (થવાનું વરદાન) આપું છું, કે જે સદ્‌ગુણોને લીધે પોતાના પિતા કરતાં પણ મહાન્ થશે. ॥૩૧॥

પવિત્ર સ્વભાવના તે તમારા પુત્ર (બાવા ખાચર) ને અભય (એભલ ખાચર)

महाप्रतापस्तत्पुत्रो भविष्यत्युत्तमाभिधः ॥३२॥
महाप्रतापसंयुक्ता भविष्यन्ति तदात्मजाः ।
जयाख्या ललितासंज्ञा पाञ्चाली चैव नान्यपि ॥३३॥
सर्वावतारभृत् साध्वि! स्वतन्त्रः पुरुषोत्तमः ।
आविर्भविष्यति श्रीमान् देशे कोशलसंज्ञिते ॥३४॥
सोऽधीशो नीलकण्ठाख्यो विख्यातः पुण्यदर्शनः ।
निवासं प्राणभृत्साक्षी त्वद्दुर्गे हि विधास्यते ॥३५॥
स्निग्धो मदीयशिष्योऽयं गोमतीगिरिसंज्ञितः ।
कर्तव्यः पूजकस्तस्य शङ्करस्य त्वया सुधीः ॥३६॥
तस्मै भूमिस्त्वया देया तामित्याज्ञापयद्धि सः ।
साऽथ प्राप्तमहानन्दा तथेति प्राह तं वचः ॥३७॥
अभय उवाच – उन्नडाख्याय वृत्तान्तं तन्निजस्वामिने ततः ।

નામે પુત્ર થશે. તેના મહાન્ પ્રતાપી પુત્ર ઉત્તમ (ઉનડ ખાચર-દાદા ખાચર) નામે થશે. ॥૩૨॥

તે અભયરાજ (એભલખાચર)ની મહાન્ પ્રતાપી ચાર પુત્રીઓ - જયા (જીવુબા અર્થાત્ મોટીબા), લલિતા (લાડુબા), પાંચુબા અને નાનબાઈ બા આવે નામે થશે. ॥૩૩॥

હે સાધ્વિ ! સ્વતંત્ર, સર્વ અવતારને ધારણ કરનારા અનેક ઐશ્વર્ય સંપન્ન અવતારી શ્રીપુરુષોત્તમ ઉત્તર કોશલ દેશમાં પ્રકટ થશે. ॥૩૪॥

સર્વનિયામક, જીવપ્રાણિમાત્રના સાક્ષી તે ભગવાન પુરુષોત્તમ સહુને પુણ્ય દર્શન આપતાં નીલકંઠ નામે પ્રસિદ્ધ થઈને તમારા દરબારગઢમાં નિવાસ કરીને રહેશે. ॥૩૫॥

મારો શિષ્ય ગોમતીગર નામે છે. મારા ઉપર હેત રાખે છે, તો જમીનમાંથી નીકળેલા શંકરને મંદિર કરીને તમે પધરાવો ત્યારે ત્યાં રૂડી બુદ્ધિના ગોમતીગર ને પૂજારી કરજો. ॥૩૬॥

અને તેને તમે જમીન આપજો.'' આ પ્રમાણે માનનાથે મારા પિતામહી રાણદે આઈને આજ્ઞા કરી. રાણદે આઈ પણ ખૂબ જ રાજી થયા અને શ્રીમાનનાથજીને ''આપે જેમ કહ્યું તેમ અમે કરશું'' એમ વચન આપ્યું. ॥૩૭॥

राणदेवी मुदाऽवोचच्छ्रीहरे ! मत्पितामही ॥३८॥
पूताऽऽत्माऽथाऽभवत्तस्या यथा तत्प्रोक्तमात्मजः ।
सोऽचीकरत्ततो नद्याः प्रतीरे मन्दिरं नृपः ॥३९॥
अथ क्ष्मां खनयित्वा तां शम्भोर्लिङ्गं तदुत्तमम् ।
भृत्यैर्निष्कासयाञ्चक्रे बहिर्भूमेः स भूपतिः ॥४०॥
राजा तत्राऽथ तं देवं यथाशास्त्रं शिवं शुभम् ।
व्यतिष्ठिपन्महीदेवैः सोत्सवं वेदवेदिभिः ॥४१॥
कृतोऽथ पूजकः शम्भोर्गोमतीगिरिसंज्ञितः ।
माननाथाऽऽश्रितस्तस्मै दत्वा भूमिं च भूयसीम् ॥४२॥
अथ स्वदेशवासिभ्यः पौरेभ्यश्चादिशन्नृपः ।
ब्राह्मणेभ्यो मुदा भूमीस्तथाऽगारान्महामनाः ॥४३॥
ब्राह्मणायाऽथ सौवर्णनिष्कग्रीवां स चार्जुनीम् ।

શ્રીએભલખાચરે કહ્યું, હે શ્રીહરે ! પછી મારી પિતામહી રાણદે આઈએ આ બધું વૃત્તાંત પોતાના પતિ શ્રીઉનડખાચરને પ્રેમથી કહી સંભળાવ્યું. પછી માનનાથના કહ્યા પ્રમાણે દરબાર શ્રીઉનડ ખાચરને રાણદે આઈમાં એક પવિત્રાત્મા પુત્રના રૂપમાં જન્મ્યો. પછી તે દરબારે ઘેલા નદીને સામે કાંઠે એક મંદિર કરાવ્યું. ॥૩૮-૩૯॥

પછી તેમણે પોતાના સેવકો પાસે શ્રીમાનનાથે બતાવેલી જમીન ખોદાવી. અતિ પવિત્ર શિવ લિંગ જમીનમાંથી બહાર કઢાવ્યું. ॥૪૦॥

પછી દરબારશ્રીએ વૈદિક વિધિ જાણનારા બ્રાહ્મણોને બોલાવીને શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે શુભ દિવ્ય શિવલિંગની સ્થાપના (નીલકંઠ નામે) કરી, સારો ઉત્સવ કરાવ્યો. ॥૪૧॥

શ્રીમાનનાથના શિષ્ય ગોમતીગરને બોલાવીને ત્યાં પૂજારી બનાવ્યા અને તેને આજીવિકા માટે ઘણી જમીન આપી. ॥૪૨॥

પછી ઉદાર દિલના દરબાર શ્રીઉનડ ખાચરે ગઢપુર પ્રદેશના અને ગામના બ્રાહ્મણોને ઘણી જમીન અને રહેવા માટે સારા મકાન પ્રેમથી દાનમાં આપ્યા. ॥૪૩॥

બ્રાહ્મણોને સોનાનો હાર પહેરાવેલી શ્વેત રંગની એક સારી ગાય પણ આપી.

प्रादात्तथा बहून् विप्रांश्चारु भोज्यैरतर्पयत् ॥४४॥
पञ्चसाहस्रसद्रूप्यमुद्रिकासम्मितास्ततः ।
तेभ्योऽदाद्दक्षिणा राजा सोऽतिप्रीतो हि सादरम् ॥४५॥
भूपतिः स ततो विप्रैर्वेदवेदाङ्गपारगैः ।
अचीकरन्महायज्ञं श्रीहरिप्रीणनेच्छया ॥४६॥

श्रीशुकानन्द उवाच -

वृत्तान्तमित्यभयभूपतिरेतदीशं प्रीत्या जगाद स हरिं श्रितकामपूरम् ।
प्रीतो निशम्य तदशेषजनाऽऽशयज्ञो वाचं तमित्थमवदत् स्मितराजिताऽऽस्यः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये अभयनृपकथितस्ववंशोत्पत्त्यादिनिरूपणं नाम पञ्चमोऽध्यायः ॥५॥

अथ षष्ठोऽध्यायः

अतीताद्धरिशानिन्येऽभयराजपदार्थकान् ।
अथोपयाचितं राज्ञः पूर्णं षष्ठे समैच्छत ॥

સારા મિષ્ટાન્ન ભોજન તૈયાર કરાવીને ઘણા બ્રાહ્મણોને જમાડ્યા. ॥૪૪॥

અત્યંત પ્રસન્ન મનના દરબારશ્રીએ પાંચ હજાર ચાંદીના રૂપિયા બ્રાહ્મણોને દક્ષિણાના રૂપમાં આદર સાથે આપ્યા. ॥૪૫॥

પછી તેમણે વેદો અને વેદાંગના પારંગત બ્રાહ્મણોને બોલાવીને તેમની પાસે ભગવાનને રાજી કરવાની ઈચ્છાથી એક સારો યજ્ઞ કરાવ્યો. ॥૪૬॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીએભલ ખાચરે ભક્તોના મનોરથને પૂર્ણ કરનારા પરમાત્મા શ્રીહરિને આ ઉપર કહ્યા પ્રમાણેનું બધું જ વૃત્તાંત કહ્યું. સમગ્ર મનુષ્યોના હૃદ્ગત અભિપ્રાયને જાણનારા શ્રીહરિ આ બધી વાત સાંભળીને રાજી થયા, પછી મધુર મંદ હાસ્યથી સુંદર મુખવાળા શ્રીહરિ આગળ કહેવાશે તે પ્રમાણે કહેવા લાગ્યા. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫ સમાપ્ત.

श्रीहरिरुवाच –

माननाथः स राजर्षे ! माण्डव्यर्षिरभूत्पुरा ।
दुर्वासःशापतो जातो माननाथाभिधस्ततः ॥१॥
तेन कालत्रयज्ञेन मत्प्रादुर्भाववार्तिका ।
पितामह्यै हि ते प्रोक्ता वृत्तान्तं चान्यदीरितम् ॥२॥
स इत्युक्त्वाऽभयायेत्थमर्धरात्रेऽवदज्जयाम् ।
साम्प्रतं मे क्षुधा भद्रे ! जाता भोजय मां ततः ॥३॥
साऽथ तं भोजयाञ्चक्रे पर्पिकापिण्डकादिकम् ।
अथाऽभयाय स प्रादात्तत्स्वप्रासादिकं हरिः ॥४॥
तथा तदुत्तमायाऽदात्तत्पुत्राय स सद्धिये ।
भक्तप्रियोऽथ दिव्यात्मा शयनार्थं मनो दधे ॥५॥
अथाऽभयं हरिर्भूपं वाचमित्युक्तवान् प्रभुः ।

અધ્યાય - ૬

શ્રીહરિ અને શ્રીએભલખાચરની માનતા

શ્રીહરિએ કહ્યું, હે રાજર્ષે ! તે માનનાથ પૂર્વે માંડવ્ય ઋષિ હતા. પછી દુર્વાસાના શાપથી માનનાથ નામે જન્મ્યા હતા. ॥૧॥

ત્રિકાળજ્ઞાની માનનાથે તમારા પિતામહી રાણદે આઈને મારા પ્રાદુર્ભાવની વાત કહી અને બીજું બધું વૃત્તાંત કહ્યું. ॥૨॥

શ્રીએભલખાચરને આટલી વાત કહી. સમય ઘણો વીતી ગયો હતો. અધરાત થઈ ત્યારે શ્રીહરિએ જીવુ બા (મોટી બા) ને કહ્યું, અત્યારે મને ભૂખ લાગી છે, તો કાંઈ જમવાનું આપો. ॥૩॥

તે વખતે જીવુબાએ બરફી અને પેંડા વગેરે આપીને શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિએ પોતાના પ્રસાદીરૂપ બરફી પેંડા વગેરે શ્રીએભલખાચરને આપ્યાં. ॥૪॥

તથા રૂડી બુદ્ધિવાળા તેમના પુત્ર ઉત્તમ- દાદાખાચરને પણ આપ્યાં, પછી દિવ્યમૂર્તિ ભક્તપ્રિય શ્રીહરિએ સૂવાની ઈચ્છા કરી. ॥૫॥

પ્રભુ શ્રીહરિએ પછી દરબાર શ્રીએભલ ખાચરને પૂછ્યું "તમારી સાથે જે

अतीतस्याऽस्य का संज्ञा त्वत्सामीप्ये निवासिनः ॥६॥
प्राहाऽविचलगियाख्यस्ततस्तं स हरिं त्वसौ ।
मया तिष्ठति वै सार्धं प्राहेत्थं तं हरिस्ततः ॥७॥
अस्ति राजन्नतीतोऽयं तस्करो दुष्टमानसः ।
अस्याऽविश्वसनीयस्य विश्रम्भं कुरु षे कथम् ॥८॥
दूरीकार्यस्त्वसौ तूर्णं स प्राहाऽथ तथेति तम् ।
अथाऽब्रवीत्स तं चैवं राजंस्त्वद्रूप्यमुद्रिकाः ॥९॥
कस्त्रायते जनो धीमन् ! विश्वासास्पदमेव ते ।
तमिति प्रोक्तवान् प्रीत्या सोऽतीतोऽवत्यसौ हरे! ॥१०॥
स तं प्राहेत्यथाऽयं ते रू प्यमुद्रा हरिष्यति ।
तद्रक्षायै शयिष्ये तद्रूप्यमुद्रास्थितिस्थले ॥११॥
तथेत्युक्ते स पर्यङ्के कोमलस्तूलिकादिभिः ।
युक्ते सुप्तो हरिर्भद्रां योगनिद्रामुपाददे ॥१२॥

રહે છે તે અતીતનું નામ શું છે ?" ॥૬॥

તેમણે કહ્યું, "મારી સાથે જે રહે છે તેનું નામ તો અવિચળ ગિરિ છે." ત્યારે શ્રીહરિએ ફરી કહ્યું. ॥૭॥

"આ અતીત અત્યંત દુષ્ટ સ્વભાવનો છે અને ચોર છે, વિશ્વાસપાત્ર નથી. તમે તેનો વિશ્વાસ શા માટે કરો છો ? ॥૮॥

આને અહીંથી કાઢી મૂકવો જોઈએ. "તેણે કહ્યું, બહુ સારું મહારાજ !હું કાઢી મૂકીશ., ત્યારે શ્રીહરિ કહે "તમારા રોકડા ચાંદીના રૂપિયા કોણ સાચવે છે ? હે ધીમન્ ! તમારો વિશ્વાસપાત્ર માણસ કોણ છે ?" તેમણે પ્રેમથી કહ્યું, "હે હરે ! તે અતીત જ સાચવે છે." ॥૯-૧૦॥

શ્રીહરિ કહે, "અતીત તો તમારા રૂપિયા લઈ જશે, જ્યાં તમે રૂપિયા રાખો છો ત્યાં હું તેને સાચવવા સૂઈશ." ॥૧૧॥

તેમણે "બહુ સારું" આમ કહ્યું. પછી સારું ગાદલું ઓછાડ અને ઓશીકા વગેરેથી બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ સૂતા અને મંગળમય યોગનિદ્રા સ્વીકારી. ॥૧૨॥

अथाऽतीतः स दुर्मेधा मुषित्वाऽभयभूभुजः ।
खड्गं चर्म च वस्त्राद्यं रू प्यमुद्राशतं तथा ॥१३॥
द्राक् पलायत तं प्रातः सोऽदृष्ट्वा चैवमब्रवीत् ।
तं हरिं मे स चैलाद्यं हृत्वा दुष्टः पलायितः ॥१४॥
तं सोऽब्रवीत्ततो भूपं बह्वीस्ते रू प्यमुद्रिकाः ।
एतासां रू प्यमुद्राणां सोऽहरिष्यत्प्रतारकः ॥१५॥
तन्निधौ तदहं सुप्त्वा राजंस्तद्रक्षणं व्यधाम् ।
तद्बुध्वा तस्य दौरात्म्यं मया तुभ्यं प्रकीर्तितम् ॥१६॥
नामन्येथास्तथापि त्वं मद्वाक्यं तद्धितं शुभम् ।
तेनैव रू प्यमुद्रास्ते भूयस्यो हि हृताः पुरा ॥१७॥
सन्त्येता रू प्यमुद्रास्ते महासत्कर्मकारिणः ।
मदर्थं हि व्ययस्तासां सदर्थं च भविष्यति ॥१८॥
एतत्प्राप्त्युचितं भाग्यं नास्ति तस्य कृतैनसः ।
अथ प्रोक्तेऽभयेनेत्थं गच्छेयं तं ह्यनु प्रभो! ॥१९॥

પછી દુર્બુદ્ધિ તે અતીતે શ્રીએભલ ખાચરના ઢાલ, તલવાર, કપડાં વગેરે અને સો રૂપિયા ચોરીને લઈ લીધા. ॥૧૩॥

સવારમાં ઊઠીને તે ભાગી ગયો. તેને ન દેખ્યો ત્યારે શ્રીએભલ ખાચરે શ્રીહરિને કહ્યું, તે દુષ્ટ મારા કપડાં વગેરે લઈને ભાગી ગયો લાગે છે. ॥૧૪॥

શ્રીહરિ કહે, દરબાર ! તે ઠગ તો બીજા જે તમારા રૂપિયા છે તેમાંથી પણ ઘણા લઈ ગયો હોત , પણ તે જગ્યાએ સૂઈને મેં તેને બચાવ્યા છે. તેની દુષ્ટતા સમજીને મેં તમને અગાઉ જ કહ્યું હતું. ॥૧૫-૧૬॥

છતાં તેમાં વિશ્વાસ હોવાથી મારું હિતકારી શુભ વચન તમને મનાયું નહિ. પહેલા પણ આ અતીતે તમારા ઘણા રૂપિયા ચોરી લીધા હતા. ॥૧૭॥

મહાન્ પુણ્ય કર્મ કરનારા તમારા આ રૂપિયા છે, તેનો અમારે માટે અને સંતોને માટે સદ્વ્યય થશે. ॥૧૮॥

પાપ કરનારા તે અતીતના ભાગ્યમાં આ રૂપિયા મળે તેમ નથી. ત્યારે શ્રી એભલખાચરે કહ્યું, હે પ્રભો ! તે અતીતને ખોળવા હું તેની પાછળ જાઉં ? ॥૧૯॥

ततोऽवदद्धरिस्त्वित्थं कीदृशं त्वं नु वेत्सि माम् ! ।
तमथेत्याह सोऽद्धा त्वां भगवन्तं हि वेद्म्यहम् ॥२०॥
श्रीशुकानन्द उवाच -
सोऽवोचत्तं ततो राजन् ! खड्गमुख्यास्तवाऽखिलाः ।
पदार्था ये हि तान् सर्वांस्त्वमत्रैवोपलप्स्यसे ॥२१॥
अथेत्यूचे स तं भूपं शम्भोस्त्वद्वेदिकास्थितेः ।
शतं शिवास्त्वया भोज्यास्त्वं कुर्वित्युपयाचितम् ॥२२॥
स इत्याकर्ण्य तद्वाणीं तूष्णीमासीत् सुविस्मितः ।
ततस्तस्मै हरिर्दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥२३॥
समाधिस्थमथेत्यूचे सोऽखण्डानन्दसंज्ञितम् ।
स्वाऽऽज्ञासक्तं महासन्तं समाधौ श्रीहरिर्विभुः ॥२४॥
राज्ञोऽभयस्य खड्गादीन् पदार्थान् सन्मते ! खलः।
अतीतश्चोरयित्वा द्राग्दुष्टो धूर्तः पलायितः ॥२५॥

શ્રીહરિ કહે, તમે મને કેવો માનો છો ? તે કહે, "મહારાજ ! હું તો આપને સાક્ષાત્ ભગવાન જાણું છું." ॥૨૦॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, શ્રીહરિએ તેમને કહ્યું હે રાજન્! તલવાર વગેરે જે કાંઈ તમારી વસ્તુઓ છે તે બધી તમને અહીં ઘેર બેઠા જ મળી જશે. ॥૨૧॥

ક્ષણવાર રોકાઈને વળી ફરીથી કહ્યું, તમારે ત્યાં વેદિકા ઉપર સ્થાપેલા શંકરની માનતા કરો કે "મારી ચોરાયેલી તલવાર વગેરે વસ્તુઓ જો પાછી મળી જશે તો હું એક સો શંકરને જમાડીશ." ॥૨૨॥

શ્રીહરિનું કહેવું સાંભળીને શ્રીએભલ ખાચર વિસ્મય પામ્યા. વાત પૂરી સમજ્યા નહિ, તેથી ક્ષણવાર ચુપ રહ્યા. પછી શ્રીહરિએ તેમને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. ॥૨૩॥

પછી પોતાના સ્વરૂપમાં પ્રેમભક્તિથી જોડાયેલા અને સમાધિની સ્થિતિવાળા મોટેરા સંત શ્રીઅખંડાનંદસ્વામીને સર્વ વ્યાપક પ્રભુ શ્રીહરિએ સમાધિમાં પ્રકટ થઈને કહ્યું, ॥૨૪॥

"હે સન્મતે ! ખળ, ધુતારો અને દુષ્ટ, અવિચળગિરિ નામે અતીત દરબાર શ્રીએભલ ખાચરની તલવાર આદિ વસ્તુઓને ચોરી લઈને તુરંત અહીંથી ભાગી

तस्मात्सावतसंज्ञाद्रेर्ब्रह्मन्! प्राच्यां दिशि त्वया ।
निषद्यं चाऽऽव्रजन् मार्गे त्वां मिलिष्यति तत्र सः ॥२६॥
तत्राऽऽयातात्त्वया तस्माद् धीमंश्चाऽभयभूभुजः ।
खड्गमुख्या ग्रहीतव्याः पदार्थाः सर्वशो द्रुतम् ॥२७॥
अथ त्याज्यः स पापात्मा नाऽत्राऽऽनेयः स हि त्वया ।
तं त्वन्यथाऽभयो राजा शूरोऽसभ्यं हनिष्यति ॥२८॥
तस्माच्चपेटिकायास्तद्वक्त्रे कार्यस्त्वया मुने! ।
प्रहारश्चैव चिह्नार्थं स त्वित्युक्त्वा तिरोऽभवत् ॥२९॥
मुनीन्द्रोऽथ गिरेस्तस्माद्दिशि प्राच्यामुपाविशत् ।
स्वामिनारायणं ध्यायन् सोऽखण्डानन्दसंज्ञितः ॥३०॥
ततोऽध्वन्यागतात्तस्मिंस्तस्मात्सोऽभयभूभुजः ।
खड्गमुख्यान् पादार्थांस्तानाछिद्यैवाऽग्रहीन्मुनिः ॥३१॥
तदास्येऽथ चपेटायाः प्रहारं सोऽकरोद्वशम् ।
तेन तस्याऽखिला दन्ता व्यथाऽऽर्त्तस्याऽपतन् क्षितौ ॥३२॥

ગયો છે. ॥૨૫॥

સાલેમાળ પહાડથી પશ્ચિમ તરફ તમારે બેસવું. ત્યાં રસ્તામાં આવતો તે તમને મળશે. ॥૨૬॥

હે ધીમન્ ! ત્યાં તે આવે એટલે તેની પાસેથી તમારે દરબારશ્રી એભલખાચરની તલવાર વગેરે બધી વસ્તુઓ તુરંત આંચકી લેવી. ॥૨૭॥

પછી તે પાપીને તમારે છોડી મૂકવો. અહીં લાવવો નહિ. જો લાવશો તો તે અસભ્ય અતીતને શૂરવીર દરબાર શ્રીએભલ ખાચર હણી નાખશે. ॥૨૮॥

હે મુને ! તેથી તમે તેના મોઢા ઉપર નિશાની રૂપે એક થપ્પડ મારજો '' આટલું કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૨૯॥

પછી તે સદ્ગુરુ શ્રીઅખંડાનંદ સ્વામી સાલેમાળ પર્વતથી પશ્ચિમ તરફના રસ્તા પાસે બેઠા. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. ॥૩૦॥

પછી તે રસ્તે નીકળેલા અતીત પાસેથી દરબાર શ્રીએભલ ખાચરની તલવાર આદિ વસ્તુઓને તેમણે આંચકી લીધી. ॥૩૧॥

પછી જોર કરીને તે અતીતના મોઢા ઉપર એક થપ્પડ મારી, તેથી પીડાયેલા

अथोपादाय खड्गादीन् पदार्थांस्तान् स सद्गुरः ।
प्रायाच्चाभयभूपस्य वेदिकामत्र पत्तने ॥३३॥
तत्राऽथ संसदि स्वीये निषण्णं चाऽऽसने हरिम् ।
स प्रणम्याऽसिमुख्यांस्तान् पदार्थानार्पयन्मुदा ॥३४॥
सवृत्तान्तं ततः सर्वं तस्मै तत्सोऽवदद्धरिः ।
श्रुत्वा तच्चाऽभयाद्यास्ते सभ्याश्चित्रं भृशं ययुः ॥३५॥
तत्राऽथाभयभूपस्तं प्राहैवं पातितास्त्वया ।
तद्दन्तास्तत्समीचीनं दीर्घदर्शिस्त्वया कृतम् ॥३६॥
अथाऽभयो हरिं राजा प्राहेत्थं भवता प्रगे ।
शम्भवो हि शतं भोज्यास्तदैश्वर्येक्षणातुरः ॥३७॥
ततोऽहं भोजनं भोक्ष्ये श्रुत्वेत्थं तद्वचो हरिः ।
सङ्कल्पोऽयं हि ते राजन्! सेत्स्यत्येवं तमब्रवीत् ॥३८॥
ततो रुद्रयाऽभिषेकाढ्यां कर्तुं पञ्चाशदैरयत् ।

તેના મુખમાંથી બધા જ દાંત બહાર જમીન ઉપર નીકળી પડ્યા. ॥૩૨॥

પછી તે સદ્ગુરુ શ્રીઅખંડાનંદ સ્વામી તેમની તલવાર આદિ બધી વસ્તુઓ લઈને ગઢપુરમાં શ્રીએભલ ખાચરના દરબારગઢમાં વેદિકા પાસે આવ્યા. ॥૩૩॥

તે સમયે શ્રીહરિ સભા કરીને સુંદર પોતાના આસન ઉપર વિરાજમાન હતા. સ્વામી પ્રેમથી શ્રીહરિને પગે લાગ્યા અને તલવાર આદિ બધી વસ્તુઓ તેમની આગળ અર્પણ કરી. ॥૩૪॥

પછી શ્રીહરિએ બધી જ ઘટના શ્રીએભલ ખાચરને કહી. તે સાંભળીને તેઓ તથા સભામાં બેઠેલા સહુ સંત હરિભક્તો અત્યંત વિસ્મય પામ્યા. ॥૩૫॥

પછી શ્રીએભલખાચરે સદ્ગુરુ શ્રીઅખંડાનંદ સ્વામીને કહ્યું, ''હે દીર્ઘદર્શિન્ ! તમે તેના દાંત પાડી દીધા તે ઘણું સારું કર્યું. ॥૩૬॥

પછી શ્રીએભલખાચર શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપને જોવા ઉતાવળા થઈને બોલ્યા, ''મહારાજ ! આપે સવારના પહોરમાં એક સો શંકર જમાડવા પડશે. ॥૩૭॥

શંકરને જમાડ્યા પછી જ હું અનાજ જમીશ.'' તે સાંભળીને શ્રીહરિએ કહ્યું ''દરબાર ! તમારો સંકલ્પ પૂરો થશે.'' ॥૩૮॥

પછી દરબાર શ્રીએભલ ખાચરે સવારે ઘેલા કાંઠે શ્રીનીલકંઠ મહાદેવની

नीलकण्ठशिवस्यार्चां वेदज्ञान् सोऽग्रजान् नृपः ॥३९॥
तादृक्पूजाविधानार्थं वेदिकास्थपिनाकिनः ।
प्रैषयद्वाडवान् प्रीत्या पञ्चाशत् स नरेश्वरः ॥४०॥
ततः पौरान् स भूदेवान् सर्वान् भोक्तुं न्यमन्त्रयत् ।
अन्यांश्च राजगुर्वादीन् भिक्षुकान् सर्वशो मुदा ॥४१॥
राजा तदाधिकं भोज्यं शम्भून् भोजयितुं शतम् ।
विप्रैः शतत्रयप्राणिभुक्त्यै पूर्णं व्यधापयत् ॥४२॥
श्रीशुकानन्द उवाच - साधुनथोषितान् राजा समन्ताद्दुर्गपत्तने ।
हर्याज्ञया निजैर्भृत्यैराह्वयद्धरिवल्लभान् ॥४३॥
शतसङ्ख्यास्ततः सन्तस्तेऽत्राऽऽयन् दुर्गपत्तने ।
वन्दमानानथाऽशेषांस्तान् हरिः समभावयत् ॥४४॥
तानथाऽऽदयितुं तेषां हरिः पङ्क्तीर्व्यधापयत् ।
राजदुर्गचतुष्कस्थनिम्बभूमिजनेरधः ॥४५॥

રુદ્રાભિષેક સાથે પૂજા કરવા માટે વૈદિક વિધિ જાણનારા પચાસ બ્રાહ્મણોને મોકલ્યા. ॥૩૯॥

પોતાના દરબાર ગઢમાં સ્થાપેલા પિનાકી શંકરની રુદ્રાભિષેક સાથે પૂજા કરવા માટે બીજા પચાસ બ્રાહ્મણોને પ્રેમથી મોકલ્યા. ॥૪૦॥

પછી ગઢપુર ગામના બધા બ્રાહ્મણોને જમવા માટેનું નોતરું મોકલ્યું. રાજગોર અને બીજા જે ભિક્ષુકો હતા તે સહુને પ્રેમથી નોતર્યા. ॥૪૧॥

તેમણે તે વખતે એક સો શંકરને ઉમેરીને ત્રણ સો માણસ જમે તેટલી સારી રસોઇ બ્રાહ્મણો પાસે કરાવી. ॥૪૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, શ્રીહરિને સંતો વહાલા છે. તેથી જે સંતો ગઢપુરની આસપાસના ગામડાઓમાં હતા, તેમને શ્રીહરિની આજ્ઞા લઇને દરબારશ્રીએ પોતાના માણસો મોકલીને ગઢપુર બોલાવ્યા. ॥૪૩॥

તેથી સો જેટલા સંતો ગઢપુરમાં આવ્યા. તે સહુ આવીને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ તેમની સંભાવના કરી. ॥૪૪॥

પછી શ્રીહરિએ તે સહુને જમાડવા માટે દરબારગઢના ચોકમાં લીમડાના વૃક્ષ નીચે પંગત કરાવી. ॥૪૫॥

नानाभोज्यान्यथ प्रीत्या परिवेष्याऽखिलान् स तान् ।
अतर्पयद्भृशं साधून् साधुशीलविभूषणान् ॥४६॥
अथाऽऽहूयाऽब्रवीद्भूपं स प्रीत्येत्यभयं हरिः ।
यादृशोऽस्ति शिवो राजन् ! धर्मज्ञानादिभिर्गुणैः ॥४७॥
संयुक्तो हि महायोगी माननीयो महाजनैः ।
वैष्णवाग्र्योऽतिसंलग्नः परे ब्रह्मणि नित्यदा ॥४८॥
तादृशाः सन्त्यमी सन्तो योगीन्द्राः सद्गुणालयाः ।
एते सम्भोजिता यस्माद् ब्रह्मरू पा महाधियः ॥४९॥
तस्मात्पूर्णं हि ते जातं शाङ्करीयोपयाचितम् ।
इत्यथोचे स युक्तिस्तं समीचीना त्वया कृता ॥५०॥
भक्ताऽऽधीनस्ततो धार्मिर्वाचमित्यब्रवीत्स तम् ।
नास्ति युक्तिरियं राजन् ! सत्यं तद्विद्धि निश्चितम् ॥५१॥
साधुपङ्क्तौ शम्भवस्ते शतं भोक्ष्यन्ति निश्चितम् ।
भोजयिष्याम्यहं दिव्यान् शम्भूंस्तांस्त्वं विलोकय ॥५२॥

પછી સાધુતાના આભૂષણ જેવા તે સહુ સંતોને અનેક પ્રકારના ભોજન પ્રેમથી પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. ॥૪૬॥

પછી શ્રીહરિએ દરબાર શ્રીએભલ ખાચરને બોલાવ્યા અને તેમને પ્રેમથી કહ્યું, “શંકર ધર્મજ્ઞાન આદિ સદ્‌ગુણોથી યુક્ત છે. તે મોટા મહાપુરુષોએ પણ માનનીય મોટા યોગી છે, ભગવદ્‌ભક્ત વૈષ્ણવોમાં મુખ્ય છે અને હમેશાં પરબ્રહ્મના સ્વરૂપમાં તલ્લીન રહે છે, જેવા શંકર છે તેવા જ આ બધા મોટા સંતો છે. સંતો મોટા યોગિરાજ છે અને સદ્‌ગુણોની ખાણ છે. મહાન્ બુદ્ધિશાળી બ્રહ્મસ્વરૂપ આ સંતોને તમે જમાડ્યા છે, તેથી સો શંકર જમાડવા ની તમારી માનતા પૂરી થઇ ગઇ.” ત્યારે તેણે કહ્યું કે મહારાજ ! આ તો તે વાતને બંધ બેસાડવા માટે આપે એક ઘણી સારી યુક્તિ શોધી કાઢી હોય તેમ જણાય છે. ॥૪૭-૫૦॥

ભક્તાધીન ધર્મપુત્ર શ્રીહરિએ કહ્યું, “હે રાજન્ ! આ કોઇ શોધી કાઢેલી યુક્તિ નથી. આ તો એક અનુભૂત ચોક્કસ સત્ય છે. ॥૫૧॥

સંતોની પંગતમાં એક સો શંકર નિશ્ચિત જમશે. હું તે દિવ્ય સ્વરૂપ શંકરને

गिरमिति समुदीर्य तं नरेन्द्रं हरिरखिलार्तिहरोऽवतारहेतुः ।
रुचिरतरचमत्कृतिं तमैच्छत् प्रभुरभिदर्शयितुं दयार्द्रचित्तः ॥५३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर- माहात्म्ये मुनिद्वाराऽभयनृपपदार्थसम्पादनादिनिरूपणं नाम षष्ठोऽध्यायः ॥६॥

अथ सप्तमोऽध्यायः

सप्तमे शङ्करश्चायात्तस्माज्जाताः शतं शिवाः ।
भुङ्क्त्वा भोज्यानि भूत्वैकः हरिं स्तुत्वा तिरोदधे ॥

श्रीशुकानन्द उवाच -
राजन्नथाऽभयो राजा गौरं पुष्टं व्यलोकयत् ।
राजत्काञ्चनपल्याणं वृषभं विस्मयाऽऽकुलः ॥१॥
निषण्णं तत्र पुष्टाङ्गं कर्पूरश्वेतविग्रहम् ।
शान्तं राजज्जटाजूटं सोऽपश्यद्भास्वरं शिवम् ॥२॥

જમાડીશ. તમે જુઓ.'' ॥૫૨॥

સમગ્ર પીડાને હરનારા અને સર્વ અવતારોનું કારણ શ્રીહરિએ દરબારશ્રી એભલ ખાચરને આવી વાત કહી. પછી કરુણાભીના હૃદયના પ્રભુ શ્રીહરિએ તેમને એક અત્યંત સુંદર ચમત્કાર બતાવવાની ઈચ્છા કરી. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૬ સમાપ્ત.

અધ્યાય - ૭
સો શંકરને જમાડ્યા

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી દરબાર શ્રીએભલ ખાચરે ત્યાં પીઠ ઉપર સોનાના પલાણવાળો પુષ્ટ એક શ્વેત નંદી (પોઠીયો) જોયો. તેથી તેઓ વિસ્મય પામીને અતિ વિહ્વળ થઈ ગયા.॥૧॥

તે નંદી ઉપર શ્રીશંકર બેઠા હતા. તેમના અંગો પુષ્ટ હતા. શરીર કપૂરના જેવું શ્વેત હતું. મુખમુદ્રા શાંત હતી. મસ્તક ઉપર જટાજૂટ શોભતો હતો. સ્વરૂપ

व्याघ्राजिनं च बिभ्राणं नागान् कण्ठे च कर्णयोः ।
त्रिनेत्रं च जटाजूटे रम्यभालोल्लसद्विधुम् ॥३॥
आदधानं शुभे स्वाङ्के पार्वतीं स्वानुरागिणीम् ।
विशाले ललिते भाले त्रिपुण्ड्रं चारु बिभ्रतम् ॥४॥
अथोत्तीर्य हरस्तूर्णं चारु निम्बतरोरधः ।
प्राप्तो हर्यन्तिकं प्रीत्या प्राणमत्तं च पार्वती ॥५॥
ततस्तद्दर्शनानन्दो डमरुं वादयन् हरेः ।
तस्याऽकरोत् प्रभोरग्रे ताण्डवं नर्त्तनं शिवः ॥६॥
ततश्चन्दनपुष्पाद्यैर्विचित्रैश्चोपचारकैः ।
शङ्करः श्रीहरेरर्हां व्यधात्प्रीत्या यथोचितम् ॥७॥
शम्भुस्ततस्तदिच्छातो दिव्यं रूपशतं शुभम् ।
अबिभस्तान्यथाऽपश्यत्सोऽभयो विस्मितो नृपः ॥८॥

તેજસ્વી હતું. વાઘચર્મ પહેર્યું હતું. ગળામાં અને કાન ઉપર ઘરેણાના રૂપમાં નાગ હતા. તેમને નેત્ર ત્રણ હતા. જટાજૂટમાં સુંદર લલાટને નજીક ચંદ્રમા શોભતો હતો. મંગળરૂપ ખોળામાં આગળ પોતાને વિષે અનુરાગવાળા પાર્વતીજીને બેસાડ્યા હતા. સુંદર વિશાળ લલાટમાં ત્રિપુંડ્ર કરેલું હતું. આવા અતિ તેજસ્વી શ્રીશંકરને શ્રીએભલ ખાચરે જોયા. ॥૨-૪॥

શ્રીશંકર નંદી ઉપરથી નીચા ઊતર્યા. તુરંત સુંદર લીમડાના વૃક્ષ નીચે જ્યાં શ્રીહરિ હતા ત્યાં આવ્યા. તેમણે અને પાર્વતીજીએ પ્રેમથી શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૫॥

શ્રીહરિના દર્શનથી શંકરને ખૂબ જ આનંદ થયો. હાથમાં ડમરું લઈ વગાડ્યું અને શ્રીહરિની આગળ તાંડવ નૃત્ય કરવા લાગ્યા. ॥૬॥

પછી શ્રીશંકરે ચંદન, પુષ્પ આદિ અનેક જાતના ઉપચારો લઈને યથાયોગ્ય રીતે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ॥૭॥

પછી શ્રીહરિની ઈચ્છાથી શંકરે શુભ અને દિવ્ય એક સો રૂપ ધારણ કર્યા. દરબાર શ્રીએભલ ખાચરે અત્યંત વિસ્મય પામીને તે દર્શન કર્યા. તે રીતે જ તેમના પુત્ર શ્રીદાદા ખાચર, દરબાર શ્રીજીવાખાચર, જીવુબા આદિ બધી મહિલાઓ અને

तथोत्तमो हि तत्पुत्रो जीववर्मा च भूपतिः ।
जयाद्या योषितश्चाऽन्ये विप्राद्यास्तान्यलोकयन् ॥९॥
तेऽथ प्राप्ता महाश्चर्यं प्रोचुरेवं परस्परम् ।
भद्रं किलैतदाश्चर्यं दर्शितं हरिणाऽमुना ॥१०॥
अस्ति तस्मादसौ साक्षात्परं ब्रह्म सनातनम् ।
भगवान् परमात्मा च सर्वज्ञः पुरु षोत्तमः ॥११॥
भूयोऽथाऽऽदयितुं साधूंस्तेषां पङ्क्तीर्विधाप्य सः ।
परिवेष्यैव तान् भोज्यं श्रीहरिः समभोजयत् ॥१२॥
तदा प्रविश्य तत्पङ्क्तौ शम्भो रू पाणि तान्यरम् ।
न्यषीदन् भुक्तये प्रीत्या श्रीहरिस्तान्यथाऽऽदयत् ॥१३॥
तत्प्रेक्षाऽऽप्तमहाह्लादा साऽथ गौरी हरिश्रियम् ।
प्रेक्षमाणा जयादीनां स्त्रीणां संसद्युपाविशत् ॥१४॥
ततः शतत्रयप्राणिभुक्तिपर्याप्तमेव ते ।
राजन्नभुञ्जताऽशेषं भोज्यं सन्तो हरिप्रियाः ॥१५॥
तस्यैच्छयाऽथ रू पाणि तानि स्वानि शतं हरः ।

બીજા બ્રાહ્મણ આદિ સહુએ શ્રીશંકરના તે સો સ્વરૂપોના દર્શન કર્યા. ॥૮-૯॥

મહાન્ આશ્ચર્ય પામેલા તે બધા પરસ્પર એમ કહેવા લાગ્યા કે "આ શ્રીહરિએ ઘણું સરસ આશ્ચર્ય આપણ સહુને બતાવ્યું છે, માટે આ સનાતન, પરબ્રહ્મ, સર્વજ્ઞ, ભગવાન પુરુષોત્તમ સાક્ષાત્ પરમાત્મા છે. ॥૧૦-૧૧॥

પછી ફરીવાર સંતોને જમાડવા માટે પંકિત કરાવીને બેસાડ્યા. તે સહુને સ્વયં પીરસીને સારી રીતે જમાડ્યા. ॥૧૨॥

તે સમયે શ્રીશંકરના તે બધા સ્વરૂપ જમવા માટે તત્કાળ પંક્તિમાં બેસી ગયા અને શ્રીહરિએ સહુને પ્રેમથી જમાડ્યા. ॥૧૩॥

પંક્તિના દર્શનથી ગૌરી પાર્વતીને ઘણો આનંદ થયો. શ્રીહરિના સ્વરૂપની શોભાના દર્શન કરતાં કરતાં તેઓ જીવુબા વગેરે મહિલાઓની સભામાં બેઠા. ॥૧૪॥

હે રાજન્ ! પછી ત્રણ સો માણસને પૂરું થાય તેટલું જે ભોજન હતું તેને શ્રીહરિના વહાલા સંતો સંપૂર્ણ જમી ગયા. ॥૧૫॥

तिरोधायैकरू पोऽभूत् पूर्ववत् प्रीतमानसः ॥१६॥
अथ स्वं याचमानाय प्रीत्या प्रासादिकं निजम् ।
शम्भवे श्रीहरिः प्रादाद्भक्ष्यं नानाविधं वरम् ॥१७॥
पार्वतीं च ततो राजन्नानाभोज्यैरतर्पयत् ।
तथा स्मितोल्लसद्वक्त्रः शाङ्क रं वृषभं हरिः ॥१८॥
अथेत्थं प्रावदन् पौराः कश्चिद्योगी वृषस्थितः ।
हर्यन्तिकं समायातो जनाऽऽश्चर्यावहेक्षणः ॥१९॥
तस्य कण्ठे महासर्पा दृश्यन्ते च क्षणान्तरे ।
नानाभूषा विलोक्यन्ते दिव्यस्वर्णमणिप्रभाः ॥२०॥
ज्ञातं राज्ञाऽभयेनेत्थं दिव्याः शतमिताः शिवाः ।
भोजिता हरिणा साक्षात्सर्वाऽऽश्चर्यादिवार्धिना ॥२१॥
अथेत्यूचे महीपालं श्रीहरिः सोऽभयाभिधम् ।

પછી શ્રીહરિની ઈચ્છાથી શ્રીશંકરે પોતાના સો સ્વરૂપ હતા તેને તિરોહિત કર્યા. પહેલાની જેમ એક રૂપે થયા અને મનમાં પ્રસન્ન થયા. ॥૧૬॥

પછી શ્રીશંકરે પ્રેમથી પ્રસાદી માગી ત્યારે શ્રીહરિએ શ્રીશંકરને અનેક પ્રકારની રસોઈમાંથી પોતાની પ્રસાદી આપી. ॥૧૭॥

પછી અનેક પ્રકારના ભોજન પીરસીને દેવી પાર્વતીજીને તૃપ્ત કર્યા અને મંદ મંદ હસવાથી સુંદર મુખવાળા શ્રીહરિએ શિવજીના નંદીને પણ પ્રસાદી જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૮॥

તે સમયે ગઢપુર ગામમાં લોકો વાતો કરવા લાગ્યા કે એભલ બાપુના દરબારમાં શ્રીહરિની પાસે કોઈ એક યોગી પોઠિયા ઉપર બેસીને આવ્યા છે. ॥૧૯॥

અરે ! તે દેખાવમાં બહુ વિસ્મયકારી છે. તેના ગળામાં મોટા મોટા નાગ છે, થોડીવારમાં તો પાછા તે નાગ અનેક પ્રકારના રત્ન જડિત સોનાના ઘરેણાંના રૂપમાં દેખાય છે. ॥૨૦॥

હવે દરબાર શ્રીએભલ ખાચરને પણ ખ્યાલ આવી ગયો કે બધી જ જાતના આશ્ચર્ય આદિના સાગર જેવા ભગવાન શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે પ્રકટ થયેલા સો જેટલા શ્રીશંકરને સાક્ષાત્ જમાડી દીધા છે. ॥૨૧॥

પછી શ્રીહરિએ પણ તેમને કહ્યું કે દરબાર ! સો શંકર જમ્યા કે નહિ ?ત્યારે

शतसंख्यैः शिवै राजन् ! कृता भुक्तिर्न वा कृता ।।२२।।
तेनेत्युक्ते स तं चैवं प्रोचे राजा वचो मुदा ।
शम्भवोऽद्धा शतं भुक्तिं कुर्वन्ति स्माऽत्र निश्चितम् ।।२३।।
त्वं साक्षाद्भगवान् स्वामिन् ! स्वतन्त्रो वर्तसे ध्रुवम् ।
अकर्तुमन्यथाकर्तुं कर्तुं चासि प्रभो ! क्षमः ।।२४।।
अथाऽस्तौत्तमिति प्रीत्या प्रहर्षोत्पुलकाङ्कितः ।
प्राञ्जलिः प्रश्रयानम्रो गिरा गद्गदया हरः ।।२५।।
श्रीहरे ! त्वन्निदेशेन करोम्येकस्य संहृतिम् ।
ब्रह्माण्डस्याऽवनं विष्णुस्तथा सृष्टिं च पद्मजः ।।२६।।
मारुतस्त्वद्भयाद् वाति सूर्याचन्द्रमसौ तथा ।
प्राप्नुतो ह्युदयं चास्तं त्वद्भीत्येन्द्रश्च वर्षति ।।२७।।
पावको दहति स्वामिन्! वश्यस्ते त्वद्भयात्सदा ।
त्वत्त्रासाद् गच्छति क्रूरो मृत्युः सर्वत्र सर्वदा ।।२८।।
ब्रह्माद्या वयमीशानास्त्वद्भीतास्त्वद्विधौ स्थिताः ।

તેમણે આનંદથી કહ્યું કે મહારાજ ! અહીં પંગતમાં સાક્ષાત્ શંકર સો રૂપે પ્રકટ થઈને જમ્યા છે. ।।૨૨-૨૩।।

હે સ્વામિન્ ! પ્રભો ! આપ તો નિશ્ચય સાક્ષાત્ ભગવાન્ છો. અને સ્વતંત્ર છો. કર્તું અકર્તું અને અન્યથા કર્તું સમર્થ છો. ।।૨૪।।

પછી શંકર પ્રેમથી એકદમ રોમાંચિત થઈ ગયા. બે હાથ જોડ્યા. વિનયથી નમી ગયા. અને ગદ્ગદ વાણીથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ।।૨૫।।

''હે શ્રીહરે ! આપની આજ્ઞાથી બ્રહ્મા એક બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે, વિષ્ણુ તેનું પાલન કરે છે અને હું તેનો સંહાર કરું છું. ।।૨૬।।

''આપની આજ્ઞા લોપાય નહિ.'' આવા ભયથી વાયુ સર્વત્ર ગતિ કરે છે વાય છે. સૂર્ય અને ચંદ્રમા નિયમિત રીતે ઉદય અને અસ્તપણાને પામે છે, અને આપના આજ્ઞાભંગના ડરથી ઈંદ્ર વૃષ્ટિ કરે છે. ।।૨૭।।

આપના આજ્ઞાલોપના ભયથી અગ્નિ બાળે છે તથા ક્રૂર કાળ હમેશાં સર્વત્ર ઘૂમતો રહીને પોતાનું કામ કરતો રહે છે. ।।૨૮।।

બ્રહ્મા વગેરે અમે બધા ઈશ્વરો આપનો ભય રાખીને આપની આજ્ઞામાં

मायापूरुषकालाद्यास्तस्मात्त्वं चेश्वरेश्वरः ।।२९।।
हेतुः सर्वावताराणां कारणानां च कारणम् ।
सर्वाधारो निराधारो भवस्येवाऽक्षरात्परः ।।३०।।
वर्तसे चिदचिद्वर्गप्रशास्ता पुरुषोत्तमः ।
दिव्यात्मा सर्वजीवानामन्तर्यामी दयोदधिः ।।३१।।
ईशा विध्यादयोऽशेषा सर्वब्रह्मशिरोव्रजाः ।
शेषाद्यास्त्वद्गुणादीनां यान्ति नान्तं प्रभो! क्वचित् ।।३२।।
स्वौजसाऽस्यां क्षितौ भद्रं ब्रह्मचर्यं सुदुश्चरम् ।
त्वं प्रवर्त्तयसे स्वेषु धर्मज्ञानादिकान् गुणान् ।।३३।।
ब्रह्मरूपा महात्मानो मुनीन्द्रा सद्गुणाऽऽलयाः ।
गृहस्थाश्च त्वयैवान्ये भरिशो हि कृता हरे! ।।३४।।
कारयित्वा समाधिं त्वं जनान् भूमौ सहस्रशः ।

રહ્યા છીએ. માયા, પુરુષ અને કાળ આદિ પણ આપની આજ્ઞા પ્રમાણે વર્તે છે માટે આપ ઈશ્વરોના પણ ઈશ્વર છો. ।।૨૯।।

આપ સર્વ અવતારોના હેતુ અવતારી છો. સર્વ કારણોનું કારણ છો, સર્વના આધાર હોવા છતાં આપને કોઈ અન્ય આધારની જરૂર નથી. આપ અક્ષર થકી પણ પર છો. ।।૩૦।।

આપ સર્વ ચેતન અચેતન, સ્થાવર જંગમ વર્ગના નિયામક છો, દિવ્યસ્વરૂપ પુરુષોત્તમ આપ જીવપ્રાણિમાત્રના અન્તર્યામી છો અને દયાના સાગર છો. ।।૩૧।।

હે પ્રભો ! બ્રહ્મા આદિ બધા ઈશ્વરો, બધો જ ઉપનિષદ સમૂહ અને શેષ શારદા વગેરે, આપના ગુણો આદિનું વર્ણન કરવા છતાં પણ તેના પારને ક્યારેય પામતા નથી. ।।૩૨।।

બ્રહ્મચર્ય વ્રત અત્યંત દુશ્ચર છે, તેને તમે પોતાના પ્રતાપથી આ ભૂમિ ઉપર આશ્રિત ભક્તો પાસે પળાવો છો અને ધર્મ જ્ઞાન તથા વૈરાગ્ય, આ શુભ ગુણોને પ્રવર્તાવો છો. ।।૩૩।।

હે હરે ! સદ્ગુણોની ખાણ જેવા આ મહાત્મા સંતોને આપે બ્રહ્મરૂપ કરી દીધા છે અને ઘણા ગૃહસ્થોને પણ આપે બ્રહ્મનિષ્ઠ કર્યા છે. ।।૩૪।।

આ ભૂમિ ઉપર આપ હજારો લોકોને સમાધિ કરાવો છો, અને તેમાં તે

तांस्तत्रैवात्मधामाद्यं दर्शयस्यनुकम्पया ॥३५॥

ऐकान्तिकं परं धर्मं पोषयन् प्राणिनां शुभाम् ।
कुर्वन्नैकान्तिकीं मुक्तिं त्वं सदा जयसि प्रभो ! ॥३६॥

प्रचण्डं पाषण्डं क्षयमिह नयन्तं स्वमहसा,
सदर्पं कन्दर्पं किल परिभवन्तं रतिपतिम् ।
श्रियः कान्तं शान्तं कमलदलसन्तर्जनदृशं,
हरिं दिव्यं सेव्यं वृषभुवमहं नौमि सुखदम् ॥३७॥

सदा ध्येयं गेयं जितसकलदोषैर्मुनिगणैः,
श्रितस्वान्तध्वान्तक्षपणनिपुणं पुण्यशरणम् ।
अमन्दानन्दाब्धिं प्रणतजनमोक्षैकनियमं,
पदाऽऽसक्तं भक्तं समभिगमयन्तं निजपदम् ॥३८॥

सदादेशं क्लेशं द्रुतमपहरन्तं श्रितवतां,

સહુને દયા કરીને પોતાના અક્ષરધામ વગેરેના દર્શન કરાવો છો. ॥૩૫॥

હે પ્રભો ! આપ એકાંતિક પરમ ધર્મનું પોષણ કરો છો, જીવોનું શુભ આત્યન્તિક કલ્યાણ કરીને સદા વિજયી રહ્યા છો. ॥૩૬॥

આપ પોતાના પ્રતાપથી આ ભૂમિ ઉપરના ઘોર પાખંડ રૂપ અધર્મનો નાશ કરો છો, અત્યંત ગર્વિષ્ઠ રતિપતિ કામદેવનો પરાજય કરો છો, આપ લક્ષ્મીજીના પ્રિય પતિ છો, કમળની પાંખડીને લજવે એવા આપના નેત્ર છે, સદા સુખ આપનારા, અને એટલા માટે જ સેવવા યોગ્ય ધર્મપુત્ર દિવ્ય સ્વરૂપ શ્રીહરિને હું નમસ્કાર કરું છું. ॥૩૭॥

સમગ્ર અંતઃશત્રુઓ ઉપર વિજયી રહેલા સર્વ સંત મંડળ આપનું હમેશાં ધ્યાન કરે છે અને કલ્યાણકારી શુભ ગુણોનું ગાન પણ કરે છે. આપ આશ્રિત જનોના અન્તઃકરણમાંથી અજ્ઞાનરૂપ અંધારાનો નાશ કરવામાં અત્યંત નિષ્ણાત છો, આપનું શરણ (આશ્રય) અત્યધિક પવિત્ર છે, અપાર આનંદના સાગર છો, ''મારા જનને અંતકાળે જરૂર મારે આવવું'' આ રીતે ચરણમાં પ્રણામ કરતા ભક્તોનો મોક્ષ કરવાની આપે પ્રતિજ્ઞા કરી છે અને પોતાના ચરણોમાં પ્રેમમયી ભકિતથી તલ્લીન રહેનારા ભક્તોને આપ પોતાના અક્ષરધામમાં પહોંચાડો છો. ॥૩૮॥

આપના આજ્ઞાવચન સત્યરૂપ છે સચ્છાસ્ત્રના સારરૂપ છે, આશ્રિતોના

सकामैर्निष्कामैस्त्रिदशमनुजैः सेव्यचरणम् ।
कृपावीक्षाशिक्षाऽऽश्रितसकलदोषाधिशमनं,
सनिर्वेदैर्भक्तैर्निगदितगुणं मुक्तमुदितम् ॥३९॥

किसलयमृदुपाणिपादपद्मं विधुकरगौरवराम्बराभिरामम् ।
ललिततिलकशालिभाललीलं जलदरुचिं प्रणमाम्युरुश्रियं त्वाम् ॥४०॥

श्रीशुकानन्द उवाच -
इति हरिमभिनुत्य तं शुभेक्षं हरिमहिमानमतुल्यमेव जानन् ।
मुदमतिशयिनीं तदीक्षयाऽऽप्तः सपदि हरः स तिरोबभूव राजन् ! ॥४१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीमच्छङ्कराऽऽगमनादिनिरूपणं नाम सप्तमोऽध्यायः ॥७॥

અનેક પ્રકારના કલેશને આપ તુરંત ટાળી નાખો છો, સકામ ભાવવાળા અને નિષ્કામ ભાવવાળા દેવતાઓ અને મનુષ્યો આપના ચરણોની સેવા કરે છે. આપ કૃપા ભરી દૃષ્ટિથી અને શિક્ષા (ઉપદેશ વચન) આપો છો તેનાથી આશ્રિત ભક્તોના બધા જ દોષો શમી જાય છે, નાશ પામે છે. માયિક પંચવિષયથી વૈરાગ્ય પામેલા ભક્તો અને વેદ આપના કલ્યાણકારી શુભ ગુણોનું ગાન કરે છે, અને આપ મુક્તગણોને પણ સદા પ્રસન્ન રાખો છો. ॥૩૯॥

આપના હસ્ત કમળ અને ચરણારવિંદ નવા કૂંપળના જેવા સુંવાળા છે, ચંદ્રના કિરણોના જેવા ઉજ્જ્વળ શ્વેત વસ્ત્રથી આપ સોહામણા જણાઓ છો, સુંદર કેસર ચંદનના તિલકથી આપનું લલાટ મનોહર લાગે છે, નવીન મેઘના સમાન શ્યામ કાંતિવાળા-ઘનશ્યામ અને અપાર સૌન્દર્ય સંપત્તિવાળા આપને હું પ્રણામ કરું છું.'' ॥૪૦॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીશંકર શ્રીહરિના અપાર મહિમાને જાણતા હતા. તેમના પ્રત્યક્ષ દર્શનથી હૃદયમાં ખૂબ જ રાજી થયા હતા. તેથી તેમણે ઉપર કહ્યા પ્રમાણે જેના દર્શન મંગળમય છે એવા શ્રીહરિની સ્તુતિ કરી અને તે પછી તુરંત તિરોહિત થઈ ગયા. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૭ સમાપ્ત.

अथाऽष्टमोऽध्यायः

अभयस्य गृहे धार्मी राजदुर्गमचीकरत् ।
अष्टमे तन्महत्त्वं च शुकानन्दस्त्ववर्णयत् ॥

श्रीशुकानन्द उवाच–
भोजयित्वाऽथ राजन् ! स्वं कुटुम्बं सोऽभयो नृपः ।
भोज्यान्यादद्विचित्राणि हर्यैश्वर्यं स्मरन्मुदा ॥१॥
अथेत्याहाऽभयं भूपं राजंश्चारु स्मितां हरिः ।
वाचं सुधातिमाधुर्यां पुण्यां निर्वाणकारिणीम् ॥२॥
आपदस्तेऽखिला राजन् ! हनिष्याम्याशु दुःसहाः ।
विनङ्क्ष्यन्त्युग्रकर्माणस्त्वत्सपत्नाश्च सर्वशः ॥३॥
अस्ति क्ष्मा रमणीयाऽसौ पुण्या मत्पत्कजाङ्किता ।
राजदुर्गं ततस्तस्यां कारयिष्याम्यहं वरम् ॥४॥
राजदुर्गमथोदारं राजन्! भक्तप्रियो हरिः ।
शिल्पिभिः शिल्पशास्त्रज्ञैर्मनःकान्तं व्यधापयत् ॥५॥

અધ્યાય - ૮
શ્રીએભલખાચરનો દરબારગઢ

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી દરબાર શ્રીએભલ ખાચરે પોતાના કુટુંબને જમાડ્યું. અને શ્રીહરિના દિવ્ય ઐશ્વર્યને મનમાં યાદ કરતાં કરતાં પછી પોતે પણ અનેક પ્રકારના ભોજન જમ્યા. ॥૧॥

પછી શ્રીહરિએ દરબાર શ્રીએભલ ખાચરને સુંદર પ્રસન્નતાભરી, અમૃત કરતાં પણ મધુર, પવિત્ર અને કલ્યાણકારી એક વાત કરી. ॥૨॥

હે રાજન્ ! તમારી બધી અસહ્ય આપત્તિઓનો હું તત્કાળ નાશ કરીશ. અને ભયંકર ખટપટ કરનારા તમારા શત્રુઓ પણ બધા નાશ પામશે. ॥૩॥

મારા ચરણ કમળથી પ્રસાદીની થયેલી આ તમારી ભૂમિ (ગામ તળમાં) ઘણી પવિત્ર અને રમણીય છે તેથી હું અહીં એક સરસ દરબારગઢ કરાવીશ. ॥૪॥

હે રાજન્ ! ભક્તપ્રિય શ્રીહરિએ શિલ્પશાસ્ત્રના નિષ્ણાત સારા શિલ્પીઓને બોલાવ્યા અને તેમની પાસે મનોહર વિશાળ એક દરબારગઢ તૈયાર કરાવ્યો. ॥૫॥

तत्र नानाविधान् सौधान् देवविस्मापकान् हरिः ।
संराजद्देहलीशाखाकपाटद्वारतोरणान् ॥६॥
प्रोल्लसत्फलकश्रीमन्नानास्तम्भालिभास्वरान् ।
रम्यनानाविधानायान् विद्योतच्चित्रपट्टिकान् ॥७॥
श्रीमद्विचित्रशालाभिर्नानाकोष्ठैश्च राजितान् ।
राजद्वितर्दिसंयुक्तान् रम्यगोपानसीश्रियः ॥८॥
मनोज्ञाऽट्टालिकाप्रेक्षान् समानश्रेणिराजितान् ।
विचित्रैर्भ्राजितांश्चित्रैर्नैकसद्रचनाञ्चितान् ॥९॥
ततस्त्वेतेषु सौधेषु हरिः सर्वेषु भूपते ! ।
सर्वज्ञो व्यचरद्धार्मिर्दुर्लभेक्षो मुहुर्मुहुः ॥१०॥
तीर्थक्षेत्रोत्तमा ज्ञेयाः सौधा राजन्निमे ततः ।

તેમાં દેવતાઓને પણ જોઈને વિસ્મય થાય તેવા અનેક પ્રકારના ભવન કરાવ્યા. તે ભવનોના બારસાખ, તેના ઉંબરા, બારણા અને આગળના દરવાજા વગેરે ઘણા સુંદર શોભતા કરાવ્યા. ॥૬॥

આકર્ષક પાટિયાની છાજલીઓથી અને સુંદર કારીગરીવાળા થાંભલાઓની હારો (પંક્તિ) થી ભવનો ઓપતા હતા. તેમાં અનેક પ્રકારના ભવ્ય જાળિયાં પણ મૂક્યા હતાં. જાત જાતની ચમકતી ભરતની પાટિયોથી સજાવ્યા હતા. ॥૭॥

તે ભવનોમાં ઉપયોગની દૃષ્ટિએ ઘણી જાતના નાના મોટા ઓરડા કર્યા હતા. અનેક પ્રકારના કોઠાઓથી પણ તે સુંદર થયા હતા. આગળના ભાગમાં બેસવાને લાયક સુંદર ઓટલાઓ કરાવ્યા હતા. દીવાલોમાં ભવ્ય ઝરૂખા પણ શોભતા હતા. ॥૮॥

કેટલાક ભવનોમાં ઉપરના ભાગની ખુલ્લી સુંદર અગાસીઓ પણ જોવાલાયક હતી, તે ભવનોની એક સરખી પંક્તિથી તે વધારે સુંદર લાગતા હતા. જાત જાતના ચિત્રોથી અને ભરત-ગૂંથણની સજાવટથી તે મનોહર થયા હતા. તેમજ ઘણી જાતની કળા કારીગરીથી તે ભરપૂર હતા. ॥૯॥

હે રાજન્ ! ઓછે પુણ્યે જેમના દર્શન દુર્લભ હોય છે આવા સર્વજ્ઞ, ધર્મપુત્ર શ્રીહરિ આ બધા ભવનોમાં (ઓરડાઓમાં) વારંવાર ઘૂમ્યા, હર્યા-ફર્યા છે. ॥૧૦॥

હે રાજન્ ! આ બધા ઓરડાઓ શ્રીહરિના ચરણારવિંદના ચિહ્નોથી અંકિત

श्रीहरेः पादपद्माङ्कैरङ्किता दर्शनोचिताः ॥११॥
भूपते ! राजदुर्गेऽस्मिन् भूरिकालं स्वयं हरिः ।
न्यवात्सीत्सद्‌गुणश्रेष्ठैर्मुन्याद्यैरन्वितो निजैः ॥१२॥
ततस्तत्पादपाथोजैरङ्कितो विस्मयावहः ।
तीर्थक्षेत्रवरस्तस्माद्वर्ततेऽयं महीपते ! ॥१३॥
इति श्रुत्वा गिरं तस्य शुकानन्दमहामुनेः ।
प्रोवाच निर्वृतो राजा तमित्थं श्रीहरिप्रियम् ॥१४॥
एतस्य राजदुर्गस्य माहात्म्यं सद्‌गुरो ! शुभम् ।
श्रोतुमिच्छाम्यहं त्वत्तस्तस्मातन्मे वदाञ्जसा ॥१५॥
पृष्टस्तेनेति भूपेन सोऽतिप्रीतः सतां वरः ।
तमित्थं प्राह राजानं तत्कथाश्रवणोत्सुकम् ॥१६॥
भूरिकालं हरेर्वासात्प्राप्तयाऽद्भुतया श्रिया ।

પ્રસાદીના થયા છે, તેથી તે દર્શન કરવા લાયક છે અને સમગ્ર તીર્થોમાં અને ક્ષેત્રોમાં શ્રેષ્ઠ ગણાય છે. ॥૧૧॥

હે રાજન્ ! મહાન્ સદ્‌ગુણી પોતાના મોટા મોટા સંતોની સાથે સ્વયં ભગવાન શ્રીહરિ આ દરબારગઢમાં ઘણા સમય સુધી રહ્યા છે. ॥૧૨॥

હે ભૂપ ! આ દરબારગઢ શ્રીહરિના ચરણ કમળથી અંકિત અને આશ્ચર્યકારી છે માટે જ સર્વ તીર્થો અને ક્ષેત્રોમાં ઉત્તમ થયો છે. ॥૧૩॥

સદ્‌ગુરુ શ્રીશુકાનંદ સ્વામી પાસેથી આવી વાત સાંભળીને દરબાર શ્રીજૂણાભાઈને શાંતિ થઈ. પછી તેઓએ શ્રીહરિના વહાલા તે સદ્‌ગુરુને પૂછ્યું. ॥૧૪॥

હે સદ્‌ગુરો ! આ શ્રીએભલ ખાચરના દરબારગઢનું મંગળકારી માહાત્મ્ય હું આપની પાસેથી સાંભળવા ચાહું છું. તો આપ યથાર્થ રીતે તે માહાત્મ્ય મને કહો. ॥૧૫॥

તેમણે આમ પૂછ્યું ત્યારે સદ્‌ગુરુવર્ય શ્રીશુકાનંદ સ્વામી ઘણા રાજી થયા. અને માહાત્મ્યની કથા સાંભળવામાં ઉત્સાહી દરબાર શ્રીજૂણાભાઈને (આગળ કહેવાશે તેમ) કહેવા લાગ્યા. ॥૧૬॥

શ્રીહરિ અહીં ઘણો સમય રહ્યા તેથી અહીંની શોભા અને સમૃદ્ધિ અદ્‌ભુત

संयुक्तो राजदुर्गोऽसौ तीर्थक्षेत्रवरोऽस्ति तत् ॥१७॥
विस्तीर्णदीर्घसंराजच्चतुष्केण विराजितः ।
बद्धक्षोणितलो मेध्यः श्रीहरेश्चारुचङ्क्रमैः ॥१८॥
यथा मुख्यः समग्राणां सुराणामस्ति माधवः ।
यथार्कश्चेन्दुताराणां द्रूणां कल्पतरुर्यथा ॥१९॥
तथाऽद्यो राजदुर्गोऽयं तीर्थानामत्र सर्वशः ।
क्षेत्राणामप्यशेषाणां प्राणिकल्याणकारणम् ॥२०॥
वह्निर्यथा मरुन्नुन्नो वनं भस्मीकरोत्यलम् ।
तथाऽसौ स्वं प्रपन्नानां जनानां पातकं द्रुतम् ॥२१॥
तीव्रो वायुर्यथाऽभ्राणि भिनत्त्येवाऽऽशु भूपते ! ।
हन्त्यङ्गिनामयं दिव्यस्तथा पापान्युपेयुषाम् ॥२२॥
यथा पाथोधरो वर्षन् मलानि क्षालयत्यलम् ।
तथा स्वाऽऽसमनुष्याणां कल्मषाणि त्वयं द्रुतम् ॥२३॥

હતી અને તેથી જ આ દરબારગઢને સર્વ તીર્થ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કહીએ છીએ. ॥૧૭॥

આ દરબારગઢ વિશાળ મોટા સોહામણા ચોકથી દીપે છે. ચોકની ભૂમિ એક સરખી તથા દૃઢ કરેલી છે. શ્રીહરિના હરવા ફરવાથી-પગે ચાલવાથી તે અત્યંત પવિત્ર થયેલી છે. ॥૧૮॥

બધા દેવોમાં ભગવાન્ નારાયણ જેમ મુખ્ય ગણાય છે. ચંદ્ર અને તારા ગણમાં સૂર્ય જેમ મુખ્ય છે, વૃક્ષોમાં કલ્પવૃક્ષ જેમ સર્વોત્તમ છે, ॥૧૯॥

તેમ આ શ્રીએભલ ખાચરનો દરબારગઢ સમગ્ર તીર્થોમાં અને ક્ષેત્રોમાં મુખ્ય છે અને જીવ પ્રાણિમાત્રના કલ્યાણનું કારણ છે. ॥૨૦॥

જોરદાર પવન ફૂંકાવાથી વધેલો અગ્નિ જંગલને જેમ અત્યંત બાળી દે છે તેમ આ દરબારગઢ પોતાને શરણે આવેલા મનુષ્યોના પાપને તત્કાળ જ બાળી દે છે. ॥૨૧॥

હે રાજન્ ! તેજ ગતિથી ફૂંકાતો પવન જેમ વાદળાને તત્કાળ વીંખી નાખે છે તેમ પોતાના સંસર્ગમાં આવેલા મનુષ્યોના પાપોને આ દરબારગઢ નષ્ટ કરી દે છે. ॥૨૨॥

વરસાદ પુષ્કળ પાણી વરસાવીને ભૂમિના મળોને જેમ ધોઈ નાખે છે તેમ

एतं देवा हि वन्दन्ते सिद्धाश्चान्ये तपस्विनः ।
सन्तो भक्तास्तथा सर्वे वन्दनीयोऽस्त्यसौ ततः ॥२४॥
रजः पुण्यं किलैतस्य भक्ता माहात्म्यवेदिनः ।
वन्दमाना महानन्दा बिभ्रति स्वेषु मूर्द्धसु ॥२५॥
अस्य दर्शनमात्रेण पापपुञ्जैर्विमुच्यते ।
पापघ्नस्य जनो नूनं समग्राऽभद्रभेदिनः ॥२६॥
प्रणमेद्दण्डवद्भक्त्या पुण्यमेतं जनोऽत्र यः ।
सोऽभीष्टान् प्राप्नुयात् कामान् दर्शनात्पापहारिणम् ॥२७॥
राजन्नेतस्य यात्रायां कृतायामत्र वै जनैः ।
तेषां नश्यति बाल्यादौ तूर्णमंहः कृतं च यत् ॥२८॥
एतं प्रत्यागतौ राजन्! विधत्ते योऽङ्गभृन्मतिम् ।
तर्हि गायन्ति निर्मुक्ता नरकात् पितरो दिवि ॥२९॥

આ દરબારગઢ પોતાના સંપર્કમાં આવેલા લોકોના કલ્મષો (પાપો) ને ધોઈ નાખે છે ॥૨૩॥

દેવતાઓ, સિદ્ધો, બીજા તપસ્વીઓ, સન્તો અને ભક્તો, બધા જ આને વંદન કરે છે માટે આ વંદનીય છે. ॥૨૪॥

મહિમાને સમજનારા ભગવાનના ભક્તો આ દરબારગઢની પવિત્ર રજને વંદન કરીને અતિશય આનંદ પામે છે અને તે રજને માથે ચઢાવે છે. ॥૨૫॥

પાપોનો નાશ કરનારા અને સર્વ અમંગળને ભેદી નાખનારા આ દરબાર-ગઢના દર્શન કરવા માત્રથી જ મનુષ્ય અનેક પાપોના પુંજથી છૂટી જાય છે. ॥૨૬॥

દર્શન કરવા માત્રથી જ પાપને ટાળતા આ દરબારગઢને જે કોઈ મનુષ્ય આવીને ભક્તિભાવથી દંડવત પ્રણામ કરે છે તો તેના બધા જ સંકલ્પ (ઇચ્છાઓ) સફળ થાય છે. ॥૨૭॥

હે રાજન્ ! માણસ જો મહિમાથી આ દરબારગઢની યાત્રા કરે, તો તેના બચપણ વગેરેમાં થયેલા જે પાપ હોય તેનો સત્વરે વિનાશ થાય છે. ॥૨૮॥

હે રાજન્ ! કોઈ માણસ આની યાત્રા કરવાનો હજી વિચાર માત્ર જ કરે છે, તેનું જે પુણ્ય થાય, તેથી તેના પિતૃઓ નરક ગતિથી છૂટીને સ્વર્ગમાં જાય છે અને ત્યાં આનંદના ગીત ગાય છે. ॥૨૯॥

यावत्पदानि चैतस्य गच्छत्यध्वनि मानवः ।
पदे पदेऽश्वमेधस्य ध्रुवं स प्राप्नुयात् फलम् ॥३०॥
यात्रायै प्रेरयेदस्य यो जनः स्वहितोद्यतः ।
सम्प्राप्नुयात्समग्राऽघान्निवृत्तो वाञ्छितं फलम् ॥३१॥
एतस्मिन् यो वसेद्राजन् ! देही द्वादशवासरान् ।
भूरियज्ञफलं नूनं स चेयाद्वाञ्छितां गतिम् ॥३२॥
अहो! पुण्यत्तमा भूमिर्वर्ततेऽस्य सुमङ्गला ।
अहो! धन्यतमा त्वस्यां श्रीहरिर्व्यचरन्मुहुः ॥३३॥
नितरामिह भूप ! राजते हरिसौधो जनपावनेक्षणः ।
हरिवासगताऽतुलश्रिया रुचिरो ब्रह्मपुरोपमोचितः ॥३४॥
रमणीयविचित्रचित्रयुग् ललितोल्लोचविभूषितः शुभः ।
विविधोत्तमजालमञ्जुलो विलसद्द्वारकपाटतोरणः ॥३५॥

આના દર્શન કરવા જનારા માણસને રસ્તામાં જેટલા ડગલા ચલાય છે તે પ્રત્યેક ડગલે તેને એકેક અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. ॥૩૦॥

પોતાના હિતમાં પ્રયત્નશીલ મનુષ્ય જો બીજા કોઈને આની યાત્રા કરવાની પ્રેરણા કરે છે તો તે સર્વ પાપોથી છૂટીને અભીષ્ટ ફળને પ્રાપ્ત કરે છે. ॥૩૧॥

હે રાજન્ ! જે કોઈ મનુષ્ય આ દરબારગઢમાં ભગવત્પરાયણ થઈને બાર દિવસ સુધી જ રહે છે તો તેને ઘણા યજ્ઞોનું ફળ મળે છે અને અભીષ્ટ ગતિને પણ પામે છે. ॥૩૨॥

અહોહો !!! આની ભૂમિ અત્યંત પવિત્ર છે અને અતિશય મંગળરૂપ છે. અહો !!! આ ભૂમિને અતિ ધન્યવાદ ઘટે છે કારણ કે સાક્ષાત્ શ્રીહરિ અહીંયાં વારંવાર વિચર્યા છે. ॥૩૩॥

હે ભૂપ ! આ દરબારગઢમાં દર્શન કરવાથી પાવન કરનાર અક્ષર ભવન (અક્ષર ઓરડી) નામે શ્રીહરિનું નિવાસ સ્થાન ઘણું જ શોભે છે. શ્રીહરિના નિવાસને લીધે આવેલી શોભા-સમૃદ્ધિ તે સુંદર જણાય છે. તેને અક્ષર બ્રહ્મપુર ધામની ઉપમા આપી શકાય છે. ॥૩૪॥

તેમાં જાત જાતના રમણીય ચિત્ર દોરેલા છે. રમ્ય ઉલ્લેચથી તેને શોભાવેલ છે અને તે મંગળરૂપ છે. વિવિધ પ્રકારના સારા જાળિયાઓને લીધે ઓપી રહેલ છે.

वरशिल्पिजनोरुचातुरीरचनाचित्रतरश्रियाऽन्वितः ।
स्मृतिमाशु हरेर्विधापयन् हरिभक्तैरतुलो विलोकितः ॥३६॥
भुवि यो विदधीत दर्शनं हरिसौधस्य जनोऽस्य भक्तितः ।
दुरितं किल तस्य भूपते ! विलयं यात्युरुजन्मजं द्रुतम् ॥३७॥
अवलोक्य यमद्भुतेक्षणं प्रणमेद् दण्डवदत्र यो जनः ।
गतपापविशुद्धमानसः स च विद्यां किल सद्गतिं व्रजेत् ॥३८॥
श्रवणात्स्मरणाच्च वर्णनात्तनुभाजां द्रुतमंहसां व्रजम् ।
ननु हन्ति च मानसं मलं सुखमग्र्यं च ददाति वाञ्छितम् ॥३९॥
हरिभक्तजनाश्च तापसा बहुसिद्धा यमवेक्षितुं मुदा ।
हरिपादसरोजमण्डितं ध्रुवमायान्ति नमन्ति यं च ते ॥४०॥
महिमानमुदारमद्भुतं जनताभ्योऽस्य हि कीर्तयन्त्यतः ।
मुहुरस्य हितैषिभिर्जनैः किल यात्राऽतिशुभा विधीयते ॥४१॥

જેના બારસાખ બારણા સાથેના દરવાજા સુંદર લાગે છે. ॥૩૫॥

અક્ષર ભવન (અક્ષર ઓરડી) માં સારા કારીગરોએ કરેલી ઉત્તમ કલાકારીગરીની આશ્ચર્યકારી શોભા દેખાતી હતી. આજે પણ હરિભક્તોએ અનુપમ રીતે દર્શન કરેલ તે તત્કાળ શ્રીહરિનું સ્મરણ કરાવે છે. ॥૩૬॥

હે ભૂપતે ! આ ભૂમિ ઉપર જે મનુષ્ય ભક્તિભાવથી અક્ષર ભવનના દર્શન કરે છે તો તેનું અનેક જન્મનું પાપ તત્કાળ જ નષ્ટ થઈ જાય છે. ॥૩૭॥

જેના દર્શન મહિમાપૂર્ણ અને અદ્ભુત છે એવા અક્ષરભવનના દર્શન કરીને જે દંડવત પ્રણામ કરે છે તે નિષ્પાપ અને પવિત્ર મનનો થઈને શુદ્ધ વિદ્યાને પામી સદ્ગતિ પામે છે. ॥૩૮॥

જો કોઈ તેનો મહિમા સાંભળે, તે પછી તેને સંભારે, અથવા વાણીથી તેનું વર્ણન કરે તો અક્ષરભવન તેના પાપના સમૂહનો તત્કાળ નાશ કરે છે, મનની મલિનતાનો પણ નાશ કરે છે અને મન ચાહ્યા ઉત્તમ સુખને પણ આપે છે. ॥૩૯॥

ઘણા હરિભક્તો, તપસ્વીઓ અને અનેક સિદ્ધો શ્રીહરિના ચરણારવિંદથી સુશોભિત અક્ષરભવનના દર્શન કરવા પ્રેમભાવથી આવે છે અને તેને નમસ્કાર કરે છે. ॥૪૦॥

આ સ્થાનનો વિશાળ અને અદ્ભુત મહિમા લોકોને કહેવામાં આવે છે

यमवेक्ष्य शुभोत्तमं क्षितौ विलसन्त्यां परिलुण्ठते च यः ।
नृप ! तस्य जनस्य पातकं सकलं नश्यति वै दुरत्ययम् ॥४२॥
ब्रह्मादिभिर्बहुलविस्मयवीक्षणीयो भक्तेक्षितो मुनिगणैरपि वन्द्यमानः।
संवर्णितो हरिशुभस्मरणैकहेतुः सौधो हरेर्विजयते नितरां वरोऽसौ ॥४३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये राजकृतप्रश्नोत्तरे राजदुर्गमाहात्म्यादिनिरू पणं नामाऽष्टमो-ऽध्यायः ॥८॥

अथ नवमोऽध्यायः

नवमे सर्वशस्तीर्थस्थानान्युक्तान्यनुक्रमात् ।
गङ्गाजलीयकूपादिस्थानान्यत्राऽप्यवर्णयत् ॥

श्रीशुकानन्द उवाच - राजदुर्गेऽत्र विद्यन्ते तीर्थक्षेत्राणि भूपते ! ।
पापहारीणि भूरीणि योगं प्राप्तानि वै हरेः ॥१॥

તેથી પોતાનું હિત ચાહતા મુમુક્ષુઓ વારંવાર આ સ્થાનની અતિશુભ યાત્રા કરવા આવે છે. ॥૪૧॥

હે નૃપ ! આ સર્વોત્તમ અક્ષરભવનને દેખીને તેની સુશોભિત ભૂમિ ઉપર મહિમાથી કોઈ માણસ આળોટે છે તો તેનું ગમે તેવું, ન મટે એવું પાપ હોય તો પણ તે બધું જ નાશ પામી જાય છે. ॥૪૨॥

બ્રહ્માદિક દેવતાઓ પણ જેના દર્શન ઘણા આશ્ચર્ય સાથે કરે છે, અનેક ભક્તો જેના દર્શન રોજ કરે છે, મોટા સંત મંડળો પણ જેને વંદન કરે છે અને એનો મહિમા ગાય છે, જે શ્રીહરિના શુભ સ્મરણમાં એક હેતુભૂત છે તે આ સર્વશ્રેષ્ઠ આવું શ્રીહરિનું અક્ષરભવન (અક્ષર ઓરડી) બધી રીતે વિજયકારી રહ્યું છે. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮ સમાપ્ત.

અધ્યાય - ૯

અક્ષર (ઓરડી)ભવન અને આસપાસ

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! એભલ ખાચરના આ દરબાર ગઢમાં

तेषु स्थानेषु दिव्येषु हरिर्धार्मिर्व्यधात्प्रभुः ।
चरित्राणि विचित्राणि श्रव्याण्येवाऽऽदराज्जनैः ॥२॥
नानाविधान्यनेकानि दोषहृच्छ्रवणानि सः ।
दिव्यैश्वर्याणि भद्राणि दयालुस्तेष्वदीदृशत् ॥३॥
इत्थं तद्वाक्सुधापानप्राप्ताऽऽनन्दः स भूपतिः ।
निर्बाधाऽऽगाधसद्बोधं तं प्राहैवं सतां वरम् ॥४॥
मुनीन्द्र ! राजदुर्गेऽस्मिंस्तीर्थक्षेत्राणि सन्मते ! ।
यानि यानि च वर्तन्ते तानि तान्येव मे वद ॥५॥
यानि यानि चरित्राणि श्रीहरिस्तत्र सोऽकरोत् ।
तानि तान्यतिरम्याणि त्वं वक्तुं मेऽर्हसि प्रभो ! ॥६॥
ऐश्वर्याणि प्रवर्याणि यानि यानि स्वयं हरिः ।
प्रादर्शयद्गुरो ! तानि तानि मे ब्रूहि चाञ्जसा ॥७॥
इत्याकर्ण्य स तद्वाक्यं प्रीतचित्तो महामुनिः ।

શ્રીહરિના સંબંધને પામેલા અને પાપને નષ્ટ કરનારા ઘણા જ તીર્થો અને ક્ષેત્રો છે. ॥૧॥

તે બધા દિવ્ય સ્થાનોમાં, લોકોએ આદરથી સાંભળ્યા જેવા અનેક પ્રકારના ચરિત્ર ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ કર્યા છે. ॥૨॥

સાંભળવાથી બધા જ દોષ બળી જાય એવા અનેક પ્રકારના ઘણા દિવ્ય મંગળમય ઐશ્વર્ય દયાળુ શ્રીહરિએ સહુને બતાવ્યા છે. ॥૩॥

દરબાર શ્રીજૂણાભાઈ સદ્‌ગુરુ શ્રીશુકાનંદ મુનિની વાણીરૂપ અમૃતનું પાન કરીને ખૂબ જ રાજી થયા. પછી તેમણે નિર્દોષ અને અગાધ સુંદર જ્ઞાનવાળા તે સદ્‌ગુરુવર્યને આ પ્રમાણે કહ્યું, ॥૪॥

હે સન્મતિ મુનિવર્ય! આ દરબાર ગઢમાં જે જે તીર્થો અને ક્ષેત્રો છે તે બધા મને કહી સંભળાવો. ॥૫॥

જે જે અતિશય રમણીય ચરિત્ર શ્રીહરિએ અહીં કર્યા છે તે બધા હે પ્રભો ! આપ મને કહો. ॥૬॥

હે ગુરો ! સર્વોચ્ચ પ્રકારના જે જે ઐશ્વર્ય શ્રીહરિએ અહીં બતાવ્યા છે તે બધા મને સારી રીતે સમજાવીને કહો. ॥૭॥

तं प्राहैवं स्मरन् स्वेष्टं स्वामिनारायणं हरिम् ॥८॥
त्वत्पृष्टं सर्वमेतत्ते भद्रं वक्ष्यामि भूपते ! ।
अनुक्रमेण सुस्पष्टं शृणु त्वं चैकचेतसा ॥९॥
तत्रादौ कीर्तये तुभ्यं यानि यानि शुभानि च ।
तीर्थक्षेत्राणि दुर्गेऽस्मिन् विद्यन्ते तानि तान्यहम् ॥१०॥
वर्तते राजदुर्गेऽस्मिन् दिव्यसौधोऽक्षराऽभिधः ।
सर्वाऽवतारभृद्यस्मिन् हरिर्वासं चिरं व्यधात् ॥११॥
यस्मिन् राजन् ! विचित्राणां सच्छास्त्राणां स्वयं हरिः ।
सोऽचीकरत्कथाः सद्भिः सवाद्यं गायनं तथा ॥१२॥
यत्र नानोपचारैस्तं गन्धमाल्यस्त्रगादिभिः ।
मुन्यादयो हरिं प्रीत्या पूजयामासुरादृताः ॥१३॥
यत्राऽकरोद्धरिः साक्षान्मङ्गलान्यद्भुतानि सः ।
चरित्राणि विचित्राणि तीर्थक्षेत्रवरो हि सः ॥१४॥

દરબાર શ્રીજૂણાભાઈનું આવું કહેવું સાંભળી ને મુનિવર્ય શ્રીશુક સ્વામી મનમાં રાજી થયા. પછી પોતાના પ્રિય ભગવાન શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને સંભારીને પછી આ રીતે તેઓ બોલ્યા, ॥૮॥

હે રાજન્ ! તમે મને જે પૂછ્યું તે મંગળમય બધું અનુક્રમે સ્પષ્ટપણે તમને કહીશ. તમે એકાગ્ર મનથી સાંભળો. ॥૯॥

તેમાં સહુ પહેલા આ દરબારગઢમાં જે જે શુભ તીર્થો અને ક્ષેત્રો છે તે તે બધા હું તમને કહું છું. ॥૧૦॥

આ દરબારગઢમાં અક્ષરભવન (અક્ષર ઓરડી) નામે એક દિવ્ય ભવન છે, સર્વ અવતારને ધારણ કરનારા ભગવાન શ્રીહરિ તેમાં ઘણા સમય સુધી નિવાસ કરીને રહ્યા હતા. ॥૧૧॥

હે રાજન્ ! જ્યાં સ્વયં શ્રીહરિએ અનેક સચ્છાસ્ત્રોની કથા સંતો પાસે કરાવી હતી. અને સંતો પાસે વાજિંત્ર સાથે સંગીત અને કીર્તનભક્તિ કરાવી હતી. ॥૧૨॥

જ્યાં ભક્તિભાવવાળા સંતોએ ચંદન પુષ્પો અને ફૂલહાર આદિ વિવિધ ઉપચારોથી શ્રીહરિને પ્રેમથી પૂજ્યા હતા. ॥૧૩॥

જ્યાં પ્રત્યક્ષ શ્રીહરિએ અદ્‌ભુત મંગળમય અને વિવિધ પ્રકારના વિચિત્ર

पार्श्वेऽस्याऽक्षरसौधस्य कूपं सोऽखनयत्तदा ।
तत्र प्रादुरभूद् गङ्गा स्नानाद्यं चरितं व्यधात् ॥१५॥
ततो गङ्गाजलीयेति तत्संज्ञां स व्यधान्मुदा ।
तस्मात्समग्रतीर्थानां श्रेष्ठोऽयं वर्तते प्रहिः ॥१६॥
तस्माद्दक्षिणकाष्ठायां रम्यैकाऽभूत्कुटी शुभा ।
तस्यामेकं चमत्कारं महान्तं स व्यदर्शयत् ॥१७॥
साऽपि ज्ञेया ततस्तीर्थक्षेत्राणामुत्तमा त्वया ।
अग्निकोणे ततः कूपादासीन्निम्बतरुर्महान् ॥१८॥
तस्मादधो निषद्यायां हरिर्दिव्ये निजासने ।
उपाविशद्धि तत्स्थानं तीर्थक्षेत्राग्र्यमस्ति तत् ॥१९॥
अक्षराख्यात्ततः सौधात्प्राच्यां दिश्युत्तमोच्चकैः ।
आसीद्रम्या बहिःशाला श्रीहरेश्चङ्क्रमाञ्चिता ॥२०॥
पञ्चहस्तोन्नतं तस्याः स्फारजाख्यमभूद् गृहम् ।
तत्सन्निधावभूद्राजन् ! पाकशाला मनोहरा ॥२१॥

ચરિત્ર કર્યા હતા. તેથી જ અક્ષરભવન તીર્થ ક્ષેત્રોમાં સર્વોત્તમ છે. ॥૧૪॥

અક્ષરભવનની બાજુમાં જ (દક્ષિણ તરફ) શ્રીહરિએ એક કૂવો ખોદાવ્યો, ત્યારે તેમાં ગંગાજી પ્રકટ થયા. ત્યાં શ્રીહરિએ સ્નાન વગેરે ચરિત્ર કર્યા હતા. ॥૧૫॥

ગંગાજીના પ્રકટ થવાથી તે કૂવાનું નામ 'ગંગા જળિયો' એવું શ્રીહરિએ પ્રેમથી રાખ્યું. તેથી જ આ કૂવો સર્વ તીર્થોમાં અતિ શ્રેષ્ઠ છે. ॥૧૬॥

ગંગા જળિયાથી દક્ષિણ તરફ એક રમણીય શુભ નાની ઓરડી હતી. ત્યાં શ્રીહરિએ એક મહાન્ ચમત્કાર જણાવ્યો હતો. ॥૧૭॥

તેથી તે ઓરડીને પણ તમારે તીર્થક્ષેત્રોમાં ઉત્તમ જાણવી. ગંગાજળિયા કૂવાથી અગ્નિ કોણમાં એક મોટો લીંબડો હતો. ॥૧૮॥

તેની નીચે પલંગ ઉપર બિછાવેલા પોતાના દિવ્ય આસને શ્રીહરિ વિરાજમાન થયા હતા. તેથી તે સ્થાન તીર્થક્ષેત્રોમાં મુખ્ય છે. ॥૧૯॥

અક્ષરભવનથી પૂર્વ તરફ એક સુંદર સારી ઓસરી હતી જે શ્રીહરિના ચરણારવિંદથી ચાલવાને લીધે પ્રસાદીરૂપ હતી. અને ત્યાં પાંચ હાથ ઊંચો એક ફરજો

महावेद्यन्तिके तस्या अभूत्तस्यामुपाविशत् ।
महानिम्बतरुच्छायासंयुक्तायां मुहुर्हरिः ॥२२॥
तत्रैकं श्रीहरिर्दिव्यं चरित्रं पावनं परम् ।
चकाराऽऽश्चर्यकृद्भद्रं सर्वैश्वर्योदधिर्विभुः ॥२३॥
तत्रोत्तमाख्यभूपस्य कालाद्रक्षां हरिर्व्यधात् ।
तस्मात्सा भवता वेद्या तीर्थक्षेत्रवरीयसी ॥२४॥
अक्षराभिधसौधीयप्राग्द्वारस्याऽभवद्वरा ।
बहीर्वेदी चरित्राणि भूरीणि तत्र सोऽकरोत् ॥२५॥
तस्मात्सौधादुत्तरस्मिन् कोणे जम्बूफलं हरिः ।
भक्षयित्वा स तद्बीजं वापयामास भूपते ! ॥२६॥
आसीत्ततो महान् रम्यो जम्बूवृक्षोऽतिपावनः ।
यस्य मूलेऽतिपुण्येक्षो निषद्याऽस्नान्मुहुर्हरिः ॥२७॥
तस्मात्तद्भूरुहस्थानं तीर्थक्षेत्रोत्तमं शुभम् ।

હતો. હે રાજન્! તેની પાસે એક સારું રસોડું હતું. ॥૨૦-૨૧॥

તે રસોડાની પાસે એક મોટો ઓટો હતો. તેના ઉપર વિશાળ લીંબડાની છાયા રહેતી. તે છાયામાં શ્રીહરિ વારેવારે વિરાજતા હતા. ॥૨૨॥

સર્વ ઐશ્વર્યોના મહાસાગર પરમાત્મા શ્રીહરિએ ત્યાં એક પરમ પવિત્ર આશ્ચર્યકારી શુભ દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૨૩॥

શ્રીહરિએ ત્યાં દરબાર શ્રીદાદાખાચરની કાળથી રક્ષા કરી હતી. તેથી તમારે તે ઓટાને તીર્થક્ષેત્રોમાં શ્રેષ્ઠ ગણવો. ॥૨૪॥

અક્ષરભવનના પૂર્વ દ્વારને બહાર એક સારી વેદી (ઓસરી) હતી. ત્યાં શ્રીહરિએ ઘણા ચરિત્ર કર્યા હતાં. ॥૨૫॥

હે રાજન્ ! શ્રીહરિએ જાંબુ (ફળ) ખાઈને તેનો ઠળિયો (બીજ) અક્ષરભવનથી ઉત્તરમાં એક ખૂણે વવડાવ્યો હતો. ॥૨૬॥

સમય જતા ત્યાં એક મોટું જાંબુડાનું સુંદર અને પવિત્ર ઝાડ થયું હતું. જેમનું દર્શન અતિ પવિત્ર છે આવા શ્રીહરિ જાંબુડાના ઝાડને નજીક મૂળ પાસે બેસીને વારે વારે સ્નાન કરતા હતા. ॥૨૭॥

बहिःशाला ततः सौधात् प्रतीच्यामभवद्वरा ॥२८॥
राजमानेऽङ्गणे तस्या महाश्चर्यकरं हरिः ।
चरित्रं सोऽकरोत्तस्मात् तीर्थक्षेत्राऽग्र्यमस्ति तत् ॥२९॥
तस्माद्वै पश्चिमाशायां मार्गः स्वल्पोऽभवन्नृप ! ।
तस्माद्वारुणदिश्यासीद्द्विभौमं सुन्दरं गृहम् ॥३०॥
तस्मिन् राजन् ! हरिर्भूयश्चरित्रं चित्रमाचरत् ।
रम्या माणिक्यवर्णाऽस्थात्तस्याऽधस्ताद्धरेर्हयी ॥३१॥
रम्यौ तत्सन्निधावास्तां गर्भागारौ महीभुजः ।
वासुदेवं हरिः प्रीत्या तत्रैकस्मिन् व्यतिष्ठिपत् ॥३२॥
चरित्राणि विचित्राणि तत्राऽऽश्चर्याणि सोऽकरोत् ।
स विज्ञेयस्ततस्तीर्थक्षेत्राणामुत्तमस्त्वया ॥३३॥
गर्भागारे ततोऽन्यस्मिन्नयोध्यावासिनोऽवसन् ।
तत्राऽकरोद्धरिश्चित्रं चरित्रं चैकमुत्तमम् ॥३४॥

તેથી તે જાંબુડાનું સ્થાન તીર્થો અને ક્ષેત્રોમાં ઉત્તમ અને શુભ છે. અક્ષર ભવનને પશ્ચિમ તરફ એક સારી ઓસરી હતી. ॥૨૮॥

તેના સોહામણા આંગણામાં શ્રીહરિએ મહાન વિસ્મયકારી ચરિત્ર કર્યું હતું. તેથી તે તીર્થક્ષેત્રમાં મુખ્ય છે. ॥૨૯॥

હે નૃપ ! તેથી પશ્ચિમમાં એક સાંકડો રસ્તો હતો અને તે રસ્તાથી પશ્ચિમમાં માળવાળું એક સરસ ઘર હતું. ॥૩૦॥

હે રાજન્ ! તે ઘરમાં શ્રીહરિએ વારંવાર આશ્ચર્યકારી ચરિત્ર કર્યું છે. તે ઘરના નીચેના ભાગમાં શ્રીહરિની સુંદર માણકી ઘોડી રહેતી હતી. ॥૩૧॥

તેને નજીક દરબાર શ્રીએભલ ખાચરના રમણીય બે ઓરડાઓ હતા. ત્યાં એક ઓરડામાં શ્રીહરિએ પ્રેમથી શ્રીવાસુદેવ નારાયણને પધરાવ્યા હતા. ॥૩૨॥

ત્યાં પણ શ્રીહરિએ આશ્ચર્યકારી વિવિધ ચરિત્ર કર્યા હતાં. અને તેથી તે ઓરડો તીર્થક્ષેત્રોમાં ઉત્તમ જાણવો. ॥૩૩॥

તેની બાજુના ઓરડામાં અયોધ્યાવાસી રહ્યા હતા. ત્યાં શ્રીહરિએ એક વિસ્મયકારી ઉત્તમ ચરિત્ર કર્યું હતું. ॥૩૪॥

तीर्थक्षेत्रोत्तमो बोध्यो गर्भागारः स तत्त्वया ।
तत्सन्निधावभूद्गेहं पश्चिमद्वारमञ्चितम् ॥३५॥
तस्याऽन्तिकेऽभवत्कोष्ठश्चतुःकोणोऽतिमञ्जुलः ।
आसीद्वरः सदादानस्थानं भद्रं महीपते ! ॥३६॥
अभूत्तस्यैव सामीप्ये रम्या दीर्घा च विस्तृता ।
क्ष्माऽग्रहीत्तां यदा चित्रं चरित्रं सोऽकरोत्तदा ॥३७॥
ततो ज्ञेयं हि तत्स्थानं तीर्थक्षेत्रोत्तमं त्वया ।
तत्कोष्ठवामभागेऽभूत् सद्गृहं कोष्ठसन्निभम् ॥३८॥
रघुवीरार्यवर्यस्य तत्राऽवात्सीत्सती प्रसूः ।
हरिस्तत्र निजैश्वर्यं दर्शयामास पावनम् ॥३९॥
तीर्थक्षेत्रोत्तमं तस्माद्वेद्यं स्थानं हि तत्त्वया ।
तत्कोष्ठात्तत्समागारात्प्राच्यां चासीद्वरं गृहम् ॥४०॥
वारुणीदिग्बहिःशालायुक्ते राजन् ! वसन् हरिः ।
तत्राऽकरोच्चरित्राणि महाश्चर्याणि स प्रभुः ॥४१॥

આથી તે ઓરડો પણ તીર્થક્ષેત્રોમાં શ્રેષ્ઠ જાણવો. તેની સમીપે પશ્ચિમ બારનું સુંદર ભવન હતું. ॥૩૫॥

અને તેની પાસે એક ચતુષ્કોણ કોઠો અત્યંત સુંદર હતો. હે રાજા, ત્યાં એક કાયમ અપાતા સદાવ્રતનું સારું સ્થાન હતું. ॥૩૬॥

તે કોઠાની પાસે સુંદર વિશાળ અને લાંબી જમીન હતી. તે જ્યારે કબજામાં લીધી ત્યારે શ્રીહરિએ વિસ્મયજનક એક ચરિત્ર કર્યું હતું. ॥૩૭॥

તેથી જ તે સ્થાનને તીર્થક્ષેત્રોમાં ઉત્તમ ગણવું. તે કોઠાને ડાબે ભાગે કોઠાના જેવું જ એક સારું ઘર હતું. ॥૩૮॥

આચાર્યવર્ય શ્રીરઘુવીરજી મહારાજના મા વરિયાળી બાઈ ત્યાં રહેતા હતા. શ્રીહરિએ ત્યાં પોતાનું પાવનકારી ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૩૯॥

માટે તે સ્થાનને પણ તીર્થક્ષેત્રોમાં શ્રેષ્ઠ માનવું. તે કોઠાથી અને ઘરથી પૂર્વમાં એક સારું ઘર હતું. ॥૪૦॥

હે રાજન્ ! પશ્ચિમ તરફ ઓસરીવાળા તે ઘરમાં શ્રીહરિ રહ્યા હતા અને તે

पूर्वाऽऽशाराजितद्वारे रमा यत्राऽवसत् पुरा ।
अथोषिते हरौ तस्मिन् सन्तोऽशिक्षन् हि गायनम् ॥४२॥
तद्गेहाद्दक्षिणाऽऽशायां पटलेनैकतोऽन्वितम् ।
आसीद् गृहं हरिस्तस्मिंश्चरित्रं सोऽद्भुतं व्यधात् ॥४३॥
अध्येतारोऽवसन् यस्मिन् सन्तो गानोद्यतास्तथा ।
तीर्थक्षेत्रोत्तमं तस्माद्वेद्यं तद्भवनं त्वया ॥४४॥
अक्षराख्यात्ततः सौधादुतरस्यां दिशि ह्यभूत् ।
प्राग्द्वारं च गृहं तस्य चतुष्कं विस्तृतं महत् ॥४५॥
सोऽकरोत्तत्र भूरीणि चरित्राण्यद्भुतानि तत् ।
अगारं तत्त्वया ज्ञेयं तीर्थक्षेत्रोत्तमं शुभम् ॥४६॥
इत्थं ते मनुजपते ! सुमङ्गलानि प्रोक्तानि स्फुटमभितोऽक्षराख्यसौधम्।
स्थानानि प्रवरहरेः पदाङ्कितानि पुण्यानि श्रवणकृतामघापहानि ॥४७॥

સમયે ત્યાં મહાન્ આશ્ચર્યકારી ચરિત્ર કર્યા હતા. ॥૪૧॥

ઉગમણા બારના જે મકાનમાં પહેલા રમા બાઈ રહેતા હતા. તેમાં જ્યારે શ્રીહરિ રહેવા લાગ્યા ત્યારે ત્યાં સંતો પણ સંગીત શીખતા હતા. ॥૪૨॥

તે મકાનથી દક્ષિણ તરફ એક ઢાળિયું મકાન હતું. ત્યાં શ્રીહરિએ અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. ॥૪૩॥

જ્યાં ભણનારા અને સંગીતમાં મહેનત કરનારા સંતો રહેતા હતા તે ભવનને પણ તમે તીર્થક્ષેત્રોમાં અત્યંત શ્રેષ્ઠ સમજો. ॥૪૪॥

અક્ષરભવનથી ઉત્તર દિશામાં પૂર્વદ્વારનું એક ભવન હતું અને તેની આગળ મોટો ચોક હતો. ॥૪૫॥

શ્રીહરિએ ત્યાં ઘણાં અદ્‌ભુત ચરિત્ર કર્યાં હતા, તેથી તે શુભ ભવનને સર્વ તીર્થ ક્ષેત્રોમાં ઉત્તમ માનવું. ॥૪૬॥

હે રાજન્ ! આ રીતે અક્ષરભવનની ચારે બાજુના મંગળમય સ્થાન મેં તમને સ્પષ્ટ કહ્યાં, જે સર્વોપરિ શ્રીહરિના ચરણોથી અંકિત, પુણ્યકારી અને સાંભળનારાના બધા જ પાપોનો નાશ કરનારા છે. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૯ સમાપ્ત.

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिसम्बन्धातिमेध्यतीर्थक्षेत्रादिनिरू पणं नाम नवमोऽध्यायः ॥९॥

अथ दशमोऽध्यायः

गर्भागारत्रयाणां च निर्देशो दशमे कृतः ।
पूर्णमासीयकूपादितीर्थानां चापि भूरिशः॥

श्रीशुकानन्द उवाच –
भूपते ! ह्युत्तराऽऽशायामक्षराभिधसौधतः ।
गर्भागारा नरेन्द्रस्य त्रयोऽभूवन्मनोहराः ॥१॥
तत्राऽऽद्ये ह्युत्तमोऽवात्सीद् गर्भागारे नरेश्वरः ।
सोमाख्या न्यवसद्योषा गर्भागारे च मध्यमे ॥२॥
तस्माद्राजन् ! दिशि प्राच्यां गर्भागारेऽतिसुन्दरे ।
औदासीन्यं क्वचित् प्राप्तस्तृतीये सोऽवसद्धरिः ॥३॥
गर्भागारेषु रम्येषु त्रिष्वेतेषु महीपते! ।
स श्रीहरिश्चरित्राणि करोति स्माद्भुतान्यलम् ॥४॥
तदग्रे मन्दुरा रम्या दक्षिणद्वारवत्यभूत् ।

અધ્યાય - ૧૦

દરબારગઢમાં ઓરડાઓ

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! અક્ષરભવનથી ઉત્તર દિશામાં દરબારશ્રીએભલ ખાચરના મનોહર ત્રણ ઓરડા હતા. ॥૧॥

તેમાં પશ્ચિમ તરફના પહેલા ઓરડામાં દરબાર શ્રીદાદાખાચર રહેતા હતા. વચલા ઓરડામાં સોમાબાઈ રહેતા હતા. ॥૨॥

હે રાજન્ ! તેથી પૂર્વ તરફના અત્યંત સુંદર ત્રીજા ઓરડામાં ક્યારેક ઉદાસ થઈને શ્રીહરિ રહેતા હતા. ॥૩॥

હે મહીપતે ! આ ત્રણેય સુંદર ઓરડાઓમાં શ્રીહરિએ અત્યંત અદ્‌ભુત ચરિત્ર કરેલા હતા. ॥૪॥

चरित्राणि विचित्राणि तत्राश्चर्याणि स व्यधात् ।।५।।
चतुष्केऽशिक्षयन्मध्ये गर्भागाराऽश्वशालयोः ।
पट्टक्रीडां हरिर्मल्लयुद्धं चोत्तममुख्यकान् ।।६।।
अक्षराभिधसौधस्य मनाज्ञो विस्तृतो नृप! ।
चतुष्कोऽभूद्वरः सोमागर्भागारस्य चान्तरे ।।७।।
तत्राऽग्रे रामशरणनाम्नो धर्माऽन्वयोद्भवः ।
यज्ञोपवीतसंस्कारं विप्रस्याऽकारयद्धरिः ।।८।।
नारायणप्रसादस्य तथा तं स व्यधापयत् ।
तदाश्चर्यावहं चक्रे चरित्रं मङ्गलं हरिः ।।९।।
तत्सन्निधौ सदादानस्थानमन्याऽभवत् कुटी ।
तत्राद्भुतं परं भद्रं चरित्रं सोऽकरोद्धरिः ।।१०।।
तत्सन्निधौ हरिः कूपं खनयामास भूपते ! ।
तदा चित्रोद्भवं पुण्यं चरित्रं चाकरोन्महत् ।।११।।
पूर्णमास्यां यतः कूपे तत्रोद्भूतं जलं ततः ।

તેની આગળના ભાગમાં દક્ષિણાદે બાર એક સારી ઘોડશાળ હતી. ત્યાં શ્રીહરિએ વિસ્મયજનક અનેકવિધ ચરિત્ર કર્યા હતા. ।।૫।।

આ ઓરડાઓ અને ઘોડશાળની વચ્ચેના ચોકમાં શ્રીહરિ દાદાખાચર આદિને પટ્ટાનો ખેલ અને મલ્લ કુસ્તી શીખવતા હતા. ।।૬।।

અક્ષર ભવન અને સોમાબાઈના ઓરડાની વચ્ચે મનોહર વિશાળ સારો ચોક હતો. ।।૭।।

ત્યાં આગળના ભાગમાં શ્રીહરિએ ધર્મવંશી વિપ્ર (નંદરામના પુત્ર) શ્રીરામશરણનો યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો હતો. ।।૮।।

અને તેના નાના ભાઈ શ્રીનારાયણ પ્રસાદનો યજ્ઞોપવીત સંસ્કાર પણ કરાવ્યો હતો. તે સમયે શ્રીહરિએ આશ્ચર્યજનક ચરિત્ર કર્યું હતું. ।।૯।।

તેની પાસે સદાવ્રત આપવાની એક નાની ઓરડી હતી. ત્યાં શ્રીહરિએ અદ્‌ભુત મંગળમય ઉત્તમ ચરિત્ર કર્યું હતું. ।।૧૦।।

સદાવ્રતની ઓરડી પાસે શ્રીહરિએ એક કૂવો ખોદાવ્યો હતો. તે વખતે ત્યાં મહાન્ પવિત્ર આશ્ચર્યકારી ચરિત્ર કર્યું હતું. ।।૧૧।।

नाम्ना तं पूर्णमासीयं सर्ववित्स व्यधात्प्रभुः ।।१२।।
आसीत्कुट्युत्तराऽऽशायां तस्मात्कूपादुपावसत् ।
तस्यां केसरिसिंहो वै मानसिंहश्च वीर्यवान् ।।१३।।
तत्राऽकरोत्परं दिव्यं चरित्रं चाद्भुतं हरिः ।
स्वीयं कारयितुं भद्रं निश्चयं प्राणधारिणः ।।१४।।
तत्कुट्युत्तरदिग्देशे भूपस्याऽभयसंज्ञिनः ।
चारु दुर्गस्य तस्याऽऽसीद् गोपुरो नृपते ! वरः ।।१५।।
अभूतां वै बहिस्तस्माद्वेदिके धरणीपते! ।
आस्तां तत्सन्निधावुच्चैरतिरम्ये वितर्दिके ।।१६।।
तत्र चोत्तरदिश्यासीद्वितर्दिर्निम्बवृक्षयुक् ।
तस्यामभूद्यथाशास्त्रं स्थापितः पार्वतीपतिः ।।१७।।
वितर्दौ दक्षिणाऽऽशायामन्यस्यामभयो नृपः ।
न्यषीदत्सर्वदा तस्यां चरित्रं सोऽकरोद्धरिः ।।१८।।
साम्प्रतं यस्तयोर्वेद्योरु च्चकैरस्ति गोपुरः ।

તે કૂવામાં પૂનમને દિવસ પાણી આવ્યું હોવાથી સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિએ તેનું નામ “પૂનમિયો કૂવો” રાખ્યું હતું. ।।૧૨।।

તે કૂવાથી ઉત્તર તરફ એક નાની ઓરડી હતી. તેમાં મહા બળવાન્ પાર્ષદ કેસરીસિંહ અને માનસિંહ બન્ને રહેતા હતા. ।।૧૩।।

ત્યાં લોકોને પોતાના સ્વરૂપનો શુભ નિશ્ચય કરાવવા માટે શ્રીહરિએ એક દિવ્ય અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. ।।૧૪।।

હે રાજન્! તે નાની ઓરડીથી ઉત્તર તરફ દરબારશ્રીએભલખાચરના દરબારગઢનો સારો દરવાજો હતો. ।।૧૫।।

હે રાજા, દરવાજાની બહારના ભાગમાં બન્ને બાજુએ ચોતરા જેવી બે વેદિકાઓ હતી અને તેને અડતા બે ઊંચા સુંદર ઓટલા હતા. ।।૧૬।।

તેમાં ઉત્તર દિશા તરફના ઓટલાને અડતો એક લીંબડો હતો ત્યાં શાસ્ત્રોક્ત વિધિથી પાર્વતીજીની સાથે શંકરને પધરાવ્યા હતા. ।।૧૭।।

દક્ષિણ દિશા તરફ જે ઊંચો ઓટલો હતો ત્યાં દરબાર શ્રીએભલખાચર કાયમ આવીને બેસતા હતા. ત્યાં શ્રીહરિએ ચરિત્ર કર્યા હતા. ।।૧૮।।

केनचिद्भूरिवीर्येण यदाऽऽसीत्तत्र सङ्गरः ॥१९॥
तदा धृत्वा नृसिंहस्य रूपमुग्रं स्वयं हरिः ।
चकाराऽऽश्चर्यकृद्दिव्यं चरित्रं भद्रमीश्वरः ॥२०॥
तत्सन्निधौ सतामासीत्कुटी तत्राऽवसत्सुधीः ।
रामदासो मुनिश्रेष्ठो मान्यः सद्भिर्हरिप्रियः ॥२१॥
ततस्तदीयदेहान्ते हरिस्तं नेतुमागतः ।
भक्तानदर्शयच्चान्यांश्चमत्कारं वरं हरिः ॥२२॥
हट्टा यत्राऽद्य विद्यन्ते चतुष्कश्चाऽस्ति भूपते ! ।
तत्राऽगारं ह्यभूत्पूर्वं गुप्तं तत्राऽवसद्धरिः ॥२३॥
अथाऽशेषेश्वराधीशो हरिर्भक्ताऽवनोद्यतः ।
श्रव्यं सद्भिस्तथा गेयं चरित्रं सोऽद्भुतं व्यधात् ॥२४॥
गर्भागाराद्दक्षिणस्यां ललिताया दिशि ह्यभूत् ।
कुटी तत्राऽभवद्रम्या पाकशालोत्तमा हरेः ॥२५॥

અત્યારે ઓટલાની જગ્યાએ જે ઊંચો દરવાજો છે ત્યાં એક મહાન બળવાન યોદ્ધાની સાથે જ્યારે લડાઇ થઇ હતી. ॥૧૯॥

ત્યારે શ્રીહરિએ મહાન્ ભયંકર નૃસિંહજીનું રૂપ ધારણ કર્યું હતું. અને ત્યાં ઘણું સુંદર આશ્ચર્યકારી દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૨૦॥

તે દરવાજાને અડતી સંતોની એક નાની ઓરડી હતી. તેમાં શ્રીહરિના વહાલા, સંતોમાં મોટેરા, મહાન્ બુદ્ધિશાળી અને માનનીય સદ્‌ગુરુ શ્રીભાઇ રામદાસજી સ્વામી રહેતા હતા. ॥૨૧॥

પછી તે સ્વામીના દેહાંત સમયે શ્રીહરિ તેમને તેડવા પધાર્યા હતા અને બીજા ભક્તોને એક મોટો ચમત્કાર દેખાડ્યો હતો. ॥૨૨॥

હે રાજન્ ! આજે દુકાનો છે અને ચોક છે ત્યાં એક એકાંતે રહેવાય તેવું ઘર હતું. તેમાં શ્રીહરિ ગુપ્ત રહ્યા હતા. ॥૨૩॥

સર્વ બ્રહ્માદિ ઈશ્વરોના અધીશ્વર અને ભક્તોની રક્ષા કરવા માટે તત્પર રહેતા શ્રીહરિએ ત્યાં સંતોએ સાંભળ્યા જેવું અને ગાયા જેવું અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. ॥૨૪॥

લાડુબાના ઓરડાથી દક્ષિણ તરફ એક સુંદર નાની ઓરડી હતી. તેમાં

तत्राऽभुक्त विभुर्भोज्यं मुहुर्नानाविधं हरिः ।
तस्या वै दिशि वारुण्यां महावेद्युच्चकैरभूत् ॥२६॥
तस्यामुपाविशद्रम्ये स्वासने श्रीहरिर्मुहुः ।
आश्चर्यकृत्तथाऽतुल्यं सोऽकार्षीच्चरितं शुभम् ॥२७॥
प्राच्यां तत्पाकशालाया द्विभौमा भूपतेऽभवत् ।
सुविशाला बहिःशाला पद्गास्तत्राऽवसन्हरेः ॥२८॥
तत्रोपेत्याऽऽसने रम्ये न्यषीदद्धर्मभूर्हरिः ।
चरित्रं सोऽकरोद्रम्यं महाश्चर्यं शुभास्पदम् ॥२९॥
आसीद्वै तद्बहिःशालासन्निधौ धरणीपतेः ।
मनोज्ञमुत्तमाख्यस्य राजन्नैन्द्र्यां सभागृहम् ॥३०॥
तस्माद्दक्षिणकाष्ठायां पदातीनां महानसे ।
तान् प्रीत्योपदिशंश्चित्रं चरित्रं श्रीहरिर्व्यधात् ॥३१॥
यत्राऽद्य विद्यते दिव्यो गोपुरो योऽतिचित्रकृत् ।

શ્રીહરિ માટેનું સરસ રસોડું કર્યું હતું. ॥૨૫॥

ત્યાં મહાસમર્થ શ્રીહરિ વારેવારે અનેક પ્રકારના થાળ જમ્યા છે. અને તેથી પશ્ચિમ દિશામાં એક ઊંચો મોટો ઓટો હતો. ॥૨૬॥

ત્યાં બિછાવેલા પોતાના ભવ્ય આસન ઉપર શ્રીહરિ વારંવાર વિરાજમાન થતા હતા. અને ત્યાં વિસ્મયકારી અનુપમ શુભ ચરિત્ર કર્યું હતું. ॥૨૭॥

ઉપર કહેલા રસોડાથી પૂર્વમાં એક માળવાળી વિશાળ મેડીની ઓસરી હતી. તેમાં શ્રીહરિના પાર્ષદો રહેતા હતા. ॥૨૮॥

ત્યાં ધર્મપુત્ર શ્રીહરિ આવતા અને બિછાવેલ સારા આસન ઉપર વિરાજમાન થતા હતા. ત્યાં અતિ આશ્ચર્યમય શુભાસ્પદ સુંદર એક ચરિત્ર કર્યું હતું. ॥૨૯॥

તે મેડીવાળી ઓસરીને નજીક પૂર્વ દિશામાં દરબાર શ્રીદાદાખાચરનું સુંદર એક સભાસ્થાન (બેઠક માટેનું ઘર) હતું. ॥૩૦॥

તેથી દક્ષિણ તરફ પાર્ષદોનું રસોડું હતું. ત્યાં પાર્ષદોને પ્રેમથી ઉપદેશ આપતા શ્રીહરિએ આશ્ચર્યજનક સરસ એક ચરિત્ર કર્યું હતું. ॥૩૧॥

જ્યાં આજે અતિ વિસ્મયકારી દિવ્ય મુખ્ય દરવાજો રહ્યો છે, ત્યાં પહેલા

तत्राऽभूद्राजदुर्गस्य गोपुरः प्राग् महीपते ! ॥३२॥
तत्र दिव्याऽतुलैश्वर्यो हरिर्भक्तेष्टपूरकः ।
आश्चर्यं चरितं चक्रे पुण्यं दिव्यं मुनिस्तुतम् ॥३३॥
यामतुर्यमहासौधो वर्तते योऽधुनोच्चकैः ।
चतुष्के तस्य विस्तीर्णे न्यषीदत् स्वासने हरिः ॥३४॥
प्रीत्याऽथोपदिशन् साधून् स्वानुरक्तान् हरिर्व्यधात् ।
अद्भुतं चरितं भद्रं गेयं भक्तैर्निरन्तरम् ॥३५॥
तत्सौधादुत्तराऽऽशायां द्विभौमं साम्प्रतं गृहम् ।
वर्तते तदधस्ताद्या पवित्रा विद्यते क्षितिः ॥३६॥
एकदेशे कुटी तस्या ह्यासीत्तत्राऽवसन् नृप ! ।
सद्गुणाऽलङ्कृतः शान्तो मुक्तानन्दो हरिप्रियः ॥३७॥
मुनिवरशुभवासराजितायां हरिरखिलाऽऽश्रितवत्सलः स तस्याम् ।

પણ દરબાર શ્રીએભલખાચરના દરબારગઢનો દરવાજો હતો જ. ॥૩૨॥

ત્યાં ભક્તોને ઈચ્છિત સુખ આપનારા અને દિવ્ય અપાર ઐશ્વર્ય સંપન્ન ભગવાન્ શ્રીહરિએ અને સંતોએ પણ વખાણેલું પવિત્ર દિવ્ય આશ્ચર્યકારી ચરિત્ર કર્યું હતું. ॥૩૩॥

જ્યાં અત્યારે ચોઘડિયા વગાડવાની ઊંચી મેડી છે તેની આગળ વિશાળ ચોકમાં બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વિરાજતા હતા. ॥૩૪॥

પોતાના સ્વરૂપમાં પ્રેમવાળા સંતોને હેતથી ઉપદેશ કરતા શ્રીહરિએ ત્યાં ભક્તોએ નિરંતર યાદ રાખીને ગાયા જેવું મંગળમય અદ્ભુત ચરિત્ર કર્યું હતું. ॥૩૫॥

ચોઘડિયાવાળી મેડીથી ઉત્તરમાં અત્યારે જે માળબંધ ભવન છે તેમાં નીચેની જે પવિત્ર ભૂમિ છે. ॥૩૬॥

તેની બાજુના ભાગમાં એક નાની ઓરડી હતી. હે નૃપ ! તેમાં સર્વ સદ્ગુણના ભૂષણ જેવા અને શ્રીહરિને અત્યંત વહાલા શાંત સ્વભાવના સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી રહેતા હતા. ॥૩૭॥

મુનિવર્ય સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીના નિવાસથી ભવ્ય થયેલી તે ઓરડીમાં સર્વ ભક્તો ઉપર વાત્સલ્ય ભાવ રાખનારા શ્રીહરિએ મુનિજનોએ અતિશય

अकृत चरितमद्भुतं पवित्रं मुनिजनगेयमतुल्यमत्युदारम् ॥३८॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिसम्बन्धातिमेध्यतीर्थक्षेत्रादिनिरू पणं नाम दशमोऽध्यायः ॥१०॥

अथैकादशोऽध्यायः

अङ्गणानां तथा साधुकुट्यादीनां च वर्णनम् ।
नारायणलहर्याख्यकूपस्यैकादशे कृतम् ॥

श्रीशुकानन्द उवाच–
मुक्तानन्दमुनेः कुट्या अग्रे विस्तीर्णमङ्गणम् ।
हनुमन्मन्दिराद्राजन्नुतरस्यां ककुभ्यभूत् ॥१॥
तत्र दिव्यसमज्यायां निषद्याऽऽत्मासने हरिः ।
चकार स्निग्धमुन्यादीन् धर्मज्ञानादिवार्तिकाः ॥२॥
तत्र कर्कशवस्त्राणां परिधानं व्यधापयत् ।
स्वाऽऽज्ञासक्तान् हरिः साधून्निर्वेदालङ्कृताऽऽकृतीन् ॥३॥

ગાવા જેવું, અનુપમ, પવિત્ર, ઉદાર અને અદ્ભુત ચરિત્ર કર્યું હતું. ॥૩૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦ સમાપ્ત.

અધ્યાય - ૧૧

મંદિરનું આંગણું, સાધુની કુટીઓ અને નારાયણ લહેરી કૂવો

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીની ઓરડીથી આગળ અને શ્રીહનુમાનજીના મંદિરથી ઉત્તર દિશામાં વિશાળ આંગણું હતું. ત્યાં બેઠેલી દિવ્ય સભામાં બિછાવેલા પોતાના આસન ઉપર વિરાજમાન થઈને શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં સ્નેહ રાખનારા સંતો વગેરેની આગળ ધર્મ જ્ઞાન આદિની વાતો કરી હતી. વૈરાગ્યથી વિભૂષિત સ્વરૂપવાળા અને પોતાની આજ્ઞા પાળવામાં તત્પર રહેનારા સંતોને શ્રીહરિએ ત્યાં ટાટ(શણ) વગેરેના બરછટ વસ્ત્ર પહેરાવ્યા હતા. ॥૧-૩॥

तस्या उत्तरदिश्यासन् कुट्योऽल्पा लेखककारिणाम् ।
तत्राद्भुतं हरिर्दिव्यं चरित्रं मङ्गलं व्यधात् ॥४॥
ताभ्य उत्तरदिश्यासीद् ब्रह्मानन्दमुनेः कुटी ।
राजन्! दक्षिणदिग्द्वारा धर्मशाला तथाऽऽयता ॥५॥
तत्राऽनेकप्रकाराणि चरित्राण्यद्भुतानि सः ।
अकार्षीच्चातिरम्याणि प्रीत्या गेयानि सज्जनैः ॥६॥
मध्ये तदीयविस्तीर्णप्राङ्गणस्य वितर्दिका ।
गोपीनाथालयस्याऽस्य गोपुरादग्रतोऽभवत् ॥७॥
वारं वारं हरिस्तस्यां निषद्य स्वोत्तमाऽऽसने ।
चकाराऽऽश्चर्यकारीणि चरित्राण्यार्त्तिहृत्प्रभुः ॥८॥
अद्य यत्रान्नशुद्ध्यर्थं निबद्धाऽस्ति क्षमा समा ।
न्यषीदत्तत्र स श्रीमांस्तथा शिश्ये मुहुर्मुहुः ॥९॥
तस्या वारुणदिश्यासीत्कुटी रम्या महीपते !

તેથી પણ ઉત્તર દિશામાં પુસ્તક લખનારા લહિયાઓની નાની નાની ઓરડીઓ હતી. ત્યાં શ્રીહરિએ અદ્‌ભુત મંગળમય દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૪॥

હે રાજન્ ! લહિયાની ઓરડીઓથી ઉત્તર દિશામાં સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીની ઓરડી હતી. તે જ રીતે દક્ષિણ તરફ દ્વારવાળી એક વિશાળ ધર્મશાળા હતી. ॥૫॥

ત્યાં સંતો ગાન કરે તેવા અત્યંત રમણીય, અનેક પ્રકારના અદ્‌ભુત ચરિત્ર શ્રીહરિએ કર્યા હતાં. ॥૬॥

શ્રીગોપીનાથજી મહારાજના ઉત્તર તરફના દરવાજાની આગળના તે વિશાળ આંગણાની વચ્ચે વેદિકા (ઓટલો) હતી. ॥૭॥

સર્વ પ્રકારની પીડાને હરનારા પ્રભુ શ્રીહરિએ તે વેદિકા ઉપર બિછાવેલા સુંદર આસન ઉપર વિરાજીને વારંવાર અનેક પ્રકારના આશ્ચર્યકારી ચરિત્ર કર્યા હતાં. ॥૮॥

આજે જ્યાં અનાજ સાફ કરવાની પાકી બાંધેલી એક સરખી ખળી છે. ત્યાં શ્રીહરિ ઘણી વખત વિરાજમાન થયા હતા અને વારે વારે શયન પણ કર્યું હતું. ॥૯॥

હે રાજન્ ! ધર્મશાળાથી પશ્ચિમમાં શ્રીમુકુંદાનંદ વર્ણીના નિવાસથી ઘણી

मुकुन्दानन्दवर्णीन्द्रनिवासेनाऽतिपावना ॥१०॥
स तत्राऽभुक्त रम्याणि मुहुर्भोज्यानि तन्मुदे ।
तथा चक्रे विचित्राणि चरित्राण्याश्रितप्रियः ॥११॥
तस्या दक्षिणदिग्भागे प्राग्दिग्द्वारा महीपते ! ।
वर्णिनां पाकशालाऽभूच्चरित्रं तत्र सोऽकरोत् ॥१२॥
तदग्रेऽचीखनत्कूपं श्रीहरिर्भक्तशर्मदः ।
नारायणलहर्याख्यं स तत्राऽस्नान्मुहुस्ततः ॥१३॥
एतस्या धर्मशालायाः स्थाने दुर्गो महानभूत् ।
दाडिमीभूरुहास्तस्मिन् भूपते ! भूरिशोऽभवन् ॥१४॥
तत्र मुन्यासनान्यासंस्तत्र गुप्तं वसन् क्वचित् ।
करोति स्माऽतिदिव्यानि चरित्राण्यद्भुतानि सः ॥१५॥
राजन्नुत्तरकाष्ठायामक्षराभिधसौधतः ।
विद्येते सद्बहिःशालौ गर्भागारौ महीपतेः ॥१६॥

પવિત્ર થયેલી સુંદર એક ઓરડી હતી. ॥૧૦॥

શ્રીહરિને પોતાના આશ્રિતજન ઘણા પ્રિય છે, તેથી શ્રીમુકુંદ વર્ણીને રાજી રાખવા સારા ભોજનના થાળ તેમની ઓરડીએ વારંવાર જમ્યા હતા અને અનેક પ્રકારના ચરિત્ર પણ કર્યા હતાં. ॥૧૧॥

હે રાજન્ ! શ્રીમુકુંદ વર્ણીની ઓરડીથી દક્ષિણ ભાગમાં પૂર્વ દ્વારનું બ્રહ્મચારીઓનું રસોડું હતું. ત્યાં પણ શ્રીહરિએ ચરિત્ર કર્યા હતાં. ॥૧૨॥

તેની આગળના ભાગમાં ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ નારાયણ લહેરી નામે એક કૂવો ખોદાવ્યો હતો. પછી ત્યાં વારંવાર સ્નાન પણ કર્યું. ॥૧૩॥

હે રાજન્ ! આ જે સાધુની ધર્મશાળા આગળ કહી, ત્યાં એક મોટો વંડો હતો અને તેની અંદરના ભાગમાં ઘણા દાડમના ઝાડ હતા. ॥૧૪॥

તે સ્થળે સંતોના જે આસનો હતા ત્યાં શ્રીહરિ ક્યારેક છુપાઈને રહેતા હતા અને અત્યંત દિવ્ય અદ્‌ભુત ચરિત્ર પણ કર્યા હતા. ॥૧૫॥

હે રાજન્ ! અક્ષરભવનથી ઉત્તર દિશામાં શ્રીએભલ ખાચરના ઓસરીવાળા બે ઓરડા હતા. ॥૧૬॥

तत्रैकस्यातिरम्यस्य गर्भागारस्य स प्रभुः ।
वास्तुकर्मविधावित्थं महैश्वर्यं व्यदर्शयत् ॥१७॥
गर्भागारः स राजेन्द्र ! बहिःशालासमन्वितः ।
महातेजोमयो ह्यासीद्दिव्यब्रह्मपुरोपमः ॥१८॥
उत्तमाद्यास्तथाभूतं तं दृष्ट्वाऽऽप्ता हि विस्मयम् ।
प्रतापं श्रीहरेरेवं ज्ञात्वा तं प्राणमन्मुदा ॥१९॥
भक्तवात्सल्यपाथोधिस्तस्मिन् स्थापयितुं ततः ।
मूर्तिं श्रीवासुदेवस्य श्वेतद्वीपपतेर्हरिः ॥२०॥
होमवेदीं ततस्तस्य गर्भागारस्य सोऽङ्गणे ।
वाडवैः कारयाञ्चक्रे वेदशास्त्रविशारदैः ॥२१॥
अथ श्रीवासुदेवीयां तां दिव्यां प्रतिमां हरिः ।
व्यतिष्ठिपद्यथाशास्त्रं तैर्विप्रैः कारयन् विधिम् ॥२२॥
तस्याऽथ भ्राजमानस्य गर्भागारस्य भूपते !
''वासुदेवीय'' इत्याख्यां व्यधाद्धार्मिर्मुदा हरिः ॥२३॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિએ તેમાં અતિ સુંદર એક ઓરડાના વાસ્તુ કર્મના વિધિ વખતે એવું મહાન્ ઐશ્વર્ય દેખાડ્યું હતું કે ઓસરી સાથેનો તે ઓરડો દિવ્ય અક્ષરધામના જેવો મહાન્ તેજોમય થઈ ગયો હતો. ॥૧૭-૧૮॥

આવી રીતે તે ઓરડાને તેજોમય જોઈને શ્રીદાદાખાચર વગેરે તો વિસ્મિત થઈ ગયા હતા. આ તો શ્રીહરિનો પ્રતાપ છે એમ જાણીને પ્રેમથી સહુ પગે લાગ્યા. ॥૧૯॥

ભક્તોના ઉપર વાત્સલ્યભાવનાના તો સાગર જેવા શ્રીહરિએ તે ઓરડામાં શ્વેતદ્વીપપતિ શ્રીવાસુદેવ નારાયણની મૂર્તિની સ્થાપના કરી ત્યારે તે ઓરડાના આંગણામાં જ વેદ અને શાસ્ત્રોના વિદ્વાન બ્રાહ્મણો પાસે હોમ માટેની વેદી કરાવી હતી. ॥૨૦-૨૧॥

પછી તે વિપ્રો પાસે શાસ્ત્ર પ્રમાણે બધો વિધિ કરાવીને શ્રીહરિએ શ્રીવાસુદેવનારાયણની દિવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરી. ॥૨૨॥

તે દિવસથી શ્રીહરિએ તે સોહામણા ઓરડાનું નામ ''વાસુદેવનારાયણનો ઓરડો'' આવું પ્રેમથી જાહેર કર્યું હતું. ॥૨૩॥

अथाऽवात्सीद्धरिस्तस्मिन् योगिदुर्लभदर्शनः ।
सात्मजाऽभयमुख्यानां प्रीतये स्वानुरागिणाम् ॥२४॥
गवाक्षोऽभून्महान् भित्तौ गर्भागारद्वयान्तरे ।
निर्मितः शिल्पिभिर्दक्षैर्भ्राजमानो महीपते ! ॥२५॥
तस्मिन्नुपाविशन्नित्यं स्वासने श्रीहरिर्वरे ।
तत्पार्श्वयोः स्वभक्तानामासीद्दिव्या महासभा ॥२६॥
मनोज्ञतद्बहिःशालाविन्यस्ते चारु चक्रके ।
न्यषीदत्स मुहुर्दिव्यं चरित्रं चाद्भुतं व्यधात् ॥२७॥
गर्भागारस्य तस्येशो बहिःशालान्तरे हरिः ।
स न्यषीदन्मुहुश्चक्रे दोलाखेलं शुभं तथा ॥२८॥
प्रतीच्यां स तथा तस्या दोलायां खेलमाचरत् ।
तदीये पश्चिमे खण्डे भद्रां चाऽवाचयत्कथाम् ॥२९॥
राजंस्तत्पूर्वदिग्खण्डे कोमलायां मुहुर्हरिः ।

યોગીઓને પણ જેના દર્શન દુર્લભ છે આવા શ્રીહરિ દાદાખાચર આદિ પરિવારે સહિત પોતાને વિષે પ્રેમભક્તિવાળા શ્રીએભલખાચર આદિની પ્રસન્નતા માટે તે વાસુદેવનારાયણના ઓરડામાં રહ્યા હતા. ॥૨૪॥

હે રાજન્ ! તે બે ઓરડાની વચ્ચે રહેલી ભીતમાં સારા કુશળ કારીગરોએ સારો ગોખ કર્યો હતો. ॥૨૫॥

શ્રીહરિ રોજ તે ગોખમાં બિછાવેલા સુંદર આસન ઉપર બેસતા ત્યારે બન્ને બાજુના ઓરડામાં પોતાના ભક્તોની મહાન દિવ્ય સભા બેસતી હતી. ॥૨૬॥

તે ઓરડાની ઓસરીમાં પાથરેલા સુંદર ચાકળા ઉપર પણ શ્રીહરિ વિરાજમાન થતા અને વારંવાર અદ્‌ભુત દિવ્ય ચરિત્ર કરતા હતા. ॥૨૭॥

પરમેશ્વર શ્રીહરિ તે ઓરડાની ઓસરીની વચમાં બાંધેલા હિંડોળામાં ઝૂલતા હતા અને વારંવાર ત્યાં બેસતા હતા. ॥૨૮॥

તે ઓસરીના પશ્ચિમ તરફના ભાગમાં પણ હિંડોળો બંધાવીને ત્યાં હીંચકતા હતા અને તેથી પણ પશ્ચિમના ખંડમાં શુભ કથા વંચાવતા હતા. ॥૨૯॥

હે રાજન્ ! તે ઓસરીના પૂર્વ તરફના ખંડમાં તૈયાર કરેલી અતિ રમણીય

शय्यायां सोऽति रम्यायां योगनिद्रां व्यधात्प्रभुः ॥३०॥
प्राच्यां श्रीवासुदेवीयाद्‌गर्भागारादभूत्स्थलम् ।
दुर्गयुक्तं सुविस्तीर्णं तत्राऽस्नात्स मुहुर्हरिः ॥३१॥
तस्य पार्श्वे स्थितं रम्यं गर्भागारं ततो हरिः ।
प्रादादुत्तमभूपाय तदेत्यैश्वर्यमैक्षयत् ॥३२॥
सूर्यमण्डलवत्तेजः स तत्राऽदर्शयद्धरिः ।
हिरण्यगर्भरू पेण भक्तेभ्योऽदात्स्वदर्शनम् ॥३३॥
इच्छारामात्मजं प्राज्ञं सम्पन्नं सद्‌गुणैस्ततः ।
सीतारामं हरिस्त्वैच्छत्पदे स्थापयितुं निजे ॥३४॥
चतुष्कोऽथोत्तमक्ष्मेशगर्भागारस्य भूपते ! ।
बहिःशालान्तिके रम्यो वर्तते योऽतिविस्तृतः ॥३५॥
विप्रैस्तत्राऽगमाभिज्ञैर्वेदप्रोक्तं विधिं हरिः ।
धर्मप्रवर्तकः सर्वं कारयामास सोत्सवम् ॥३६॥

કોમળ શય્યા (પથારી) માં શ્રીહરિ વારંવાર યોગનિદ્રા ગ્રહણ કરતા હતા અર્થાત્ પોઢી જતા હતા. ॥૩૦॥

શ્રીવાસુદેવ નારાયણના ઓરડાથી પૂર્વમાં વંડીવાળું ખુલ્લું પહોળું સ્થળ હતું. ત્યાં શ્રીહરિ વારે વારે સ્નાન કરતા હતા. ॥૩૧॥

તેની બાજુમાં એક સુંદર ઓરડો હતો. તે શ્રીહરિએ શ્રીદાદાખાચરને રહેવા આપ્યો ત્યારે અપાર ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૩૨॥

ત્યાં શ્રીહરિએ સૂર્યમંડળના જેવું તેજ દેખાડીને તેમાં હિરણ્યગર્ભરૂપે પોતાના ભક્તોને દર્શન કરાવ્યા હતા. ॥૩૩॥

સર્વ સદ્‌ગુણોથી સંપન્ન અને સારા બુદ્ધિમાન, શ્રીઈચ્છારામજીના પુત્ર શ્રીસીતારામજીને પોતાના ઉત્તરાધિકારી તરીકે ગાદીએ બેસાડવાની ઈચ્છા કરી હતી. ॥૩૪॥

શ્રીદાદાખાચરના ઓરડાની ઓસરીની આગળ જે અતિ વિશાળ રમણીય ચોક છે. ત્યાં ધર્મપ્રવર્તક શ્રીહરિએ શાસ્ત્રજ્ઞ વિદ્વાન બ્રાહ્મણો પાસે બધો વૈદિક વિધિ ઉત્સવ સાથે કરાવ્યો. ॥૩૫-૩૬॥

सीताराममथ प्रेष्ठं स्वभक्तानां च सम्मतम् ।
गौरवे स्वे पदे प्रीत्या स्थापयामास भूपते ! ॥३७॥
सदुर्गं पृष्ठतस्तस्य स्थानमासीत्सुविस्तृतम् ।
अम्लिकां तत्र भृत्येन स्वीयेनाऽवापयद्धरिः ॥३८॥
उद्भूतायां ततस्तस्यां तन्मूले तीर्थसद्यशाः ।
स्नानं मुहुर्मुहुश्चक्रे श्रीहरिर्धर्मनन्दनः ॥३९॥
वर्तेते वासुदेवीयाद्‌गर्भागारान्महीपते ! ।
पूर्वाऽऽशायां सुविस्तीर्णौ गर्भागारौ मनोहरौ ॥४०॥
पूर्वपश्चिमदिग्द्वारौ भ्राजमानौ मनोहरौ ।
पृष्ठतः सद्बहिशालासंयुक्तौ हरिकारितौ ॥४१॥
श्रीहरिः स तयोर्विप्रैर्वास्तुकर्म यथोदितम् ।
विधाप्याऽतर्पयद्भोज्यैर्विप्रमुख्यान् सहस्त्रशः ॥४२॥
तयोर्दक्षिणकाष्ठायां गर्भागारोऽस्ति यो हरिः ।
तं जयायै मुदा प्रादाद्भक्ताधीनो दयानिधिः ॥४३॥

હે રાજન્ ! પોતાના વહાલા અને પોતાના ભક્તોને પણ માન્ય આવા શ્રી સીતારામજીને પોતાના ગુરુ પદ ઉપર પ્રેમથી સ્થાપિત કર્યા. ॥૩૭॥

તે ચોકની પાછળ વંડી વાળેલું વિશાળ સ્થળ હતું. ત્યાં શ્રીહરિએ પોતાના સેવક પાસે આંબલીનું બીજ વવડાવ્યું હતું. ॥૩૮॥

તીર્થરૂપ પવિત્ર યશવાળા ધર્મપુત્ર શ્રીહરિ આંબલી ઊગ્યા પછી તેના મૂળ પાસે વારંવાર સ્નાન કરતા હતા. ॥૩૯॥

હે રાજન્ ! શ્રીવાસુદેવનારાયણના ઓરડાથી પૂર્વમાં વિશાળ અને મનોહર બે ઓરડાઓ છે. તે શ્રીહરિએ જ કરાવ્યા હતા. તેના પૂર્વ અને પશ્ચિમ, બન્ને બાજુ દ્વાર છે. સુશોભિત તે ઓરડાને આગળ અને પાછળ બન્ને બાજુ ઓસરી છે. ॥૪૦-૪૧॥

શ્રીહરિએ તે બન્ને ઓરડાઓનું વાસ્તુકર્મ બ્રાહ્મણો પાસે યથાશાસ્ત્ર કરાવ્યું અને હજારો બ્રાહ્મણો વગેરેને સારી રસોઈ કરાવીને જમાડ્યા હતા. ॥૪૨॥

તેમાં જે દક્ષિણ તરફનો ઓરડો છે. તે ભક્તાધીન દયાનિધિ શ્રીહરિએ પ્રેમથી જીવુબાને આપ્યો હતો. ॥૪૩॥

तदा जयोत्तमाद्यास्तं श्वेतद्वीपवदद्भुतम् ।
भूरितेजोविराजन्तं पश्यन्ति स्मातिविस्मिताः ॥४४॥
श्रीवासुदेवरू पेण ततस्तेभ्यो हरिर्विभुः ।
तेजःपुञ्जावृताङ्गेन प्रादाद्भद्रं स्वदर्शनम् ॥४५॥
इत्थं प्रदर्शितं दिव्यं स्वैश्वर्यं हरिणाद्भुतम् ।
प्रीता विलोक्य भक्तास्ते महाश्चर्यं प्रपेदिरे ॥४६॥
विचित्राणि चरित्राणि गर्भागारे हि तत्र सः ।
भूरीणि चित्रकारीणि चकार श्रीहरिर्मुहुः ॥४७॥
अस्ति तस्यैव पृष्ठे या बहिःशाला विराजिता ।
व्यधात्भूरीणि वै तस्यां चरित्राण्यद्भुतानि सः ॥४८॥
प्राच्यां तस्य बहिःशाला गर्भागारस्य चाऽस्ति या ।
तस्याः सर्वेषु खण्डेषु न्यषीदच्छ्रीहरिर्मुहुः ॥४९॥
गर्भागाराद्धरिस्तस्मादुत्तरस्यां दिशि स्थितम् ।

તે સમયે જીવુબા અને શ્રીદાદાખાચર આદિ સહુએ તે ઓરડાને શ્વેતદ્વીપના જેવો અદ્‌ભુત જોયો. અત્યંત તેજને મધ્યે વિરાજતા તે ઓરડાને દેખીને સહુ અતિ વિસ્મય પામ્યા. ॥૪૪॥

મૂર્તિ તેજના પુંજને મધ્યે ઢંકાઇ ગયેલી હતી. શ્રીહરિએ પોતાના તે સહુ ભક્તોને આવા શ્રીવાસુદેવ સ્વરૂપે શુભ દર્શન આપ્યા. ॥૪૫॥

શ્રીહરિએ આ રીતે પોતાનું અદ્‌ભુત દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું. તે જોઇને ખુશી થયેલા સહુભક્તોને મહાન્ આશ્ચર્ય થયું. ॥૪૬॥

શ્રીહરિએ આ ઓરડામાં અનેક પ્રકારના આશ્ચર્યકારી ઘણા વિચિત્ર ચરિત્ર વારંવાર કર્યા હતા. ॥૪૭॥

તે ઓરડાની સુંદર પાછલી ઓસરી (જે પૂર્વમાં) છે ત્યાં પણ શ્રીહરિએ ઘણા જ અદ્‌ભુત ચરિત્ર કર્યા હતા. ॥૪૮॥

તે ઓરડાની જે પૂર્વ તરફની ઓસરી કહી ત્યાં તેના બધા જ ખંડમાં શ્રીહરિ વારંવાર બેઠા હતા. ॥૪૯॥

હે રાજન્ ! તે ઓરડાથી ઉત્તર તરફ જે બીજો ઓરડો છે તે શ્રીહરિએ

गर्भागारं मुदा प्रादाल्ललितायै महीपते ! ॥५०॥
ललितोत्तममुख्यास्ते भक्तास्तर्हि व्यलोकयत् ।
गर्भागारं च तं तेजोमयं गोलोकसन्निभम् ॥५१॥
तस्मिन् सिंहासनं हैमं दिव्यं नद्धमणिप्रभम् ।
अपश्यन्विस्मयाऽऽविष्टा भक्तास्ते प्रीतमानसाः ॥५२॥
तत्रोपविष्टमात्मेष्टं तेजःपुञ्जातिराजितम् ।
दिव्यवासोविभूषं ते हरिं शान्तं व्यलोकयन् ॥५३॥
तेऽथ राधान्वितं कृष्णं पीतचेलं व्यलोकयन् ।
बर्हाऽऽपीडं प्रभाव्याप्तं दिव्यसिंहासनस्थितम् ॥५४॥
एवं स्वेक्षासुखं तेभ्यो हरिर्दत्वाऽतिदुर्लभम् ।
स्वतन्त्रोऽभूदशेषज्ञः पूर्ववन्मानवाऽऽकृतिः ॥५५॥
राधान्वितोऽथ कृष्णो द्राग् राजंस्तेषां हि पश्यताम् ।
तत्रैवान्तर्दधे भक्ताश्चित्रं तद्वीक्ष्य तेऽव्रजन् ॥५६॥

પ્રેમથી લાડુબાને આપ્યો હતો. ॥૫૦॥

લાડુબા અને શ્રીદાદાખાચર આદિ સહુ ભક્તોએ તે સમયે તે ઓરડાને ગોલોક ધામના જેવો તેજોમય દેખ્યો હતો. ॥૫૧॥

તે ઓરડાની વચ્ચે જડેલા મણિઓથી ચમકતું દિવ્ય સોનાનું સિંહાસન જોયું અને તેમાં પોતાના વ્હાલા, શાંતિપૂર્ણ, દિવ્ય વસ્ત્ર અને આભૂષણોને ધારી રહેલા શ્રીહરિને તેજના પુંજને મધ્યે વિરાજતા જોયા. તેથી તે સહુ ભક્તો અત્યંત વિસ્મિત થઈને પ્રસન્ન થયા. ॥૫૨-૫૩॥

તે પછી થોડી વારમાં તેમને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન, પીતાંબરધારી, મોરપીછના મુકુટને મસ્તકે પહેરી રહેલા દિવ્ય તેજથી વ્યાપ્ત આવા રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયા. ॥૫૪॥

આ રીતે સ્વતંત્ર અને સર્વજ્ઞ આવા શ્રીહરિએ તે સહુને અતિદુર્લભ પોતાના દર્શનનું સુખ આપ્યું અને પછી પૂર્વની જેમ મનુષ્યરૂપે થયા. ॥૫૫॥

હે રાજન્ ! તે સહુ દર્શન કરતા હતા અને રાધિકાજીની સાથે શ્રીકૃષ્ણ ભગવાન્ પણ તુરંત અદૃશ્ય થઈ ગયા. આ બધું દેખીને તે સર્વ ભક્તો વિસ્મય પામ્યા. ॥૫૬॥

इत्थं स्वभक्तसुखदः करु णामहाब्धिर्नंनम्यमानचरणः सुरमर्त्यभूपैः ।
स्वैश्वर्यमद्भुततरं हरिराश्रितेभ्यस्तेभ्यो व्यदर्शयदनन्यतुलं सुदिव्यम्॥५७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपदाङ्किततीर्थस्थानादिनिरू पणं नाम एकादशोऽध्यायः ॥११॥

❮❋❀🔔❀❋❯

अथ द्वादशोऽध्यायः

ललिताया गृहस्याऽत्र जयासुर्योर्गृहस्य च ।
निर्देशोऽनेकतीर्थानां कृतोऽस्ति द्वादशे किल ॥

श्रीशुकानन्द उवाच -

गर्भागारे हरिस्तस्मिँल्ललिताया मुहुर्मुहुः ।
नानाविधानि भोज्यानि वरस्वादून्यभुक्त सः ॥१॥
तत्र कोमलशय्यायां शिश्ये श्रीहरिरच्युतः ।
ऐश्वर्याण्यद्भुतानीशो दर्शयामास वै तथा ॥२॥
दिशि प्राच्यां बहिःशाला गर्भागारस्य तस्य या ।

શ્રીહરિ પોતાના ભક્તોને માટે સુખદ છે, કરુણાના તો મહાન્ સાગર છે, દેવો, મનુષ્યો કે રાજાઓ તેમના ચરણોને વારે વારે ખૂબ જ પ્રણામ કરે છે, તેમણે આ રીતે પોતાના આશ્રિત ભક્તોને અત્યંત અદ્‌ભુત, અનુપમ, આશ્ચર્યજનક અને સુદિવ્ય આવું પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૫૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૧ સમાપ્ત.

❮❋❀🔔❀❋❯

અધ્યાય - ૧૨

લાડુબા તથા જીવુબાના ઓરડા અને અન્ય

હે રાજન્ ! લાડુબાના ઓરડામાં શ્રીહરિ વારે વારે અનેક પ્રકારના સારા સ્વાદુ ભોજનના થાળ જમ્યા હતા. ॥૧॥

નિર્વિકાર પરમાત્મા શ્રીહરિ ત્યાં સુકોમળ શય્યા (પથારી) માં સૂતા હતા અને અદ્‌ભુત ઐશ્વર્યોના દર્શન કરાવતા હતા. ॥૨॥

न्यषीदच्छ्रीहरिस्तस्यां सुन्दरे स्वासने मुहुः ॥३॥
गर्भागारवरद्वाराद्राजन्नुत्तरदिश्यभूत् ।
पाकशाला हरिस्तस्यां मुहुर्भोज्यान्यभुक्त सः ॥४॥
प्रतीच्यां तस्य या रम्या बहिःशाला हि वर्तते ।
खण्डे खण्डे हरिस्तस्या न्यषीदन्मञ्चके मुहुः ॥५॥
चरित्राणि हरिस्तस्यां विचित्राण्यद्भुतानि सः ।
चकार स्वीयभक्तेभ्यो महानन्दप्रदीत्सया ॥६॥
तस्या उत्तरदिग्भित्तौ द्वारमासीत्तदग्रतः ।
उदीच्यामकरोद्वेद्यां चरित्राण्यद्भुतानि सः ॥७॥
तस्यैवोत्तरदिग्भित्तौ द्वारमासीन्महीपते! ।
तस्मादुत्तरदिश्यासीद् द्विभौमं शोभनं गृहम् ॥८॥
आसीत्तत्र हरेः रम्या पाकशाला हि तत्र सः ।
भोज्यान्यभुक्त चाकार्षीच्चरित्राणि मुहुर्मुहुः ॥९॥

લાડુબાના ઓરડાની ઉગમણી ઓસરીમાં બિછાવેલા સુંદર આસન ઉપર શ્રીહરિ વારંવાર વિરાજમાન થતા હતા. ॥૩॥

આ ભવ્ય ઓરડાના બારણાથી ઉત્તર તરફ રસોડું હતું. શ્રીહરિ ત્યાં વારંવાર થાળ જમતા હતા. ॥૪॥

આ ઓરડાની આથમણી ઓસરી ઘણી રમ્ય હતી. તેના પ્રત્યેક ખંડમાં ઊંચી પાટ કે પલંગ ઉપર બિછાવેલ આસને વારે વારે વિરાજમાન થયા હતા. ॥૫॥

પોતાના ભક્તોને મહાન સુખ આપવાની ઇચ્છાથી તે ઓસરીમાં શ્રીહરિ અદ્‌ભુત અને નવા નવા ચરિત્ર કરતા હતા. ॥૬॥

ઓસરીની ઉત્તર તરફની દીવાલમાં એક બારણું હતું અને તેની બહાર આગળના ભાગમાં ઓટલો હતો. ત્યાં બેસીને પણ અદ્‌ભુત ચરિત્ર કર્યા હતા. ॥૭॥

હે રાજન્ ! ઉત્તર તરફની ભીંતમાં જે બારણું હતું તેથી પણ ઉત્તરમાં એક માળવાળું સારું ઘર હતું. ॥૮॥

તેમાં શ્રીહરિના થાળ માટેનું (અમુક સમયે) સારું રસોડું હતું. ત્યાં શ્રીહરિ વારંવાર થાળ જમતા અને ઘણા ચરિત્ર કરતા હતા. ॥૯॥

तस्मादुत्तरणार्थानि सोपानानि च मध्यतः ।
आसन्निषद्य तत्रेशश्चरित्रं सोऽद्भुतं व्यधात् ॥१०॥
गर्भागारस्य तस्याऽऽसीदुदीच्यां द्वारमुत्तमम् ।
न्यषीदत्स मुहुस्तस्मिंश्चरित्रं चाद्भुतं व्यधात् ॥११॥
गर्भागारद्वयद्वारोरन्तिकाङ्गणसद्गवोः ।
स न्यषीदद्धि पर्यङ्के तूलिकाद्यन्विते मुहुः ॥१२॥
भूरिमूल्ये च पर्यङ्के महिष्ठे पट्टकाऽऽसने ।
प्रेक्ष्यमाणो निजैर्भक्तैर्न्यषीदत्स पुनः पुनः ॥१३॥
गर्भागारान्तरस्थानां सोपानानां समीपतः ।
न्यषीदत्सोऽङ्गणक्षोण्यां मुहुर्वै तद्विधासने ॥१४॥
स्थानेष्वेतेषु पुण्येषु मङ्गलेषु त्रिषु प्रभुः ।
सोऽकार्षीत्सच्चरित्राणि महाश्चर्याणि भूपते ! ॥१५॥

તે ઘરમાંથી નીચે ઊતરવાના વચ્ચેના ભાગમાં પગથિયાં હતાં. તે પગથિયામાં બેસીને પણ શ્રીહરિએ અદ્‌ભુત ચરિત્ર કર્યું હતું. ॥૧૦॥

તે લાડુબાના ઓરડાની અંદર ઉત્તર તરફની દીવાલમાં એક સારું બારણું હતું. ત્યાં પણ શ્રીહરિ વારંવાર બેસતા અને અદ્‌ભુત ચરિત્ર કરતા હતા. ॥૧૧॥

જીવુબા અને લાડુબાના તે બન્ને ઓરડાના બારણાને નજીક બહારના ભાગમાં ગોખ પાસે ગાદી તકિયા બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વારંવાર વિરાજતા હતા.॥૧૨॥

ઘણા કીમતી તે પલંગ ઉપર અથવા મોટી પાટ ઉપર બિછાવેલા ગાદી તકિયાવાળા આસન ઉપર વારે વારે શ્રીહરિ વિરાજમાન થતા ત્યારે પોતાના ભક્તો દર્શન કરતા હતા. ॥૧૩॥

તે બન્ને ઓરડાની વચ્ચેના ભાગમાં જે પગથિયા છે તેની પાસે આંગણાની જમીન ઉપર પલંગ અથવા પાટ બિછાવેલ હોય તેના ઉપર વારંવાર વિરાજમાન થતા હતા. ॥૧૪॥

હે રાજન્ ! બન્ને બાજુની ઓસરી અને ઓરડાઓના ઉપર કહેલા ત્રણેય મંગળમય પવિત્ર સ્થાનોમાં મહાન્ આશ્ચર્યકારી સુંદર ચરિત્ર શ્રીહરિ કરતા હતા. ॥૧૫॥

स ततः पूर्वदिग्द्वारौ गर्भागारावकारयत् ।
तस्मै तौ न व्यरोचेतां सारासारैकवेदिने ॥१६॥
अथोत्तमं हरिर्भूपं स्वानुवृत्तिस्थितं सदा ।
प्राहैवं स्वीयसर्वस्वदाने वै बलिना समम् ॥१७॥
गर्भागाराविमौ रम्यौ नैव जातौ ततो नृप! ।
कारणीयौ निपात्यैतौ गर्भागारौ नवौ वरौ ॥१८॥
स इत्याकर्ण्य तद्वाक्यं तद्वाग्विश्रम्भमानसः ।
तदाज्ञापालनासक्तस्तमित्थं वाचमब्रवीत् ॥१९॥
स्वामिंस्त्वद्दासदासानां दासस्त्वच्छरणं गतः ।
त्वत्सेवयाऽस्म्यहं नित्यं भवत्सम्प्रीणनोद्यतः ॥२०॥
त्वत्प्रसादेन विद्यन्ते सम्पदो मेऽन्यदुर्लभाः ।
शत्रवो मे पराभूता जातं सौख्यं महत्सदा ॥२१॥
त्वद्भुक्तैश्चारु भिर्भोज्यैः खाद्यमिष्टफलादिभिः ।

તે પછી ઉગમણા બારના બે ઓરડાઓ કરાવ્યા પણ સાર અસારને બરાબર સમજનારા શ્રીહરિને તે ન ગમ્યા. ॥૧૬॥

પછી પોતાનું સર્વસ્વ આપવામાં બલિ રાજાના જેવા અને પોતાની અનુવૃત્તિમાં રહેલા શ્રીદાદાખાચરને શ્રીહરિએ આમ કહ્યું કે હે નૃપ ! આ બન્ને ઓરડા સારા થયા નથી, માટે આને પાડી નાંખીને ફરીવાર ઘણા સારા નવા બે ઓરડા કરાવીએ. ॥૧૭-૧૮॥

શ્રીદાદાખાચરે શ્રીહરિનું કહેવું સાંભળ્યું. તેમના મનમાં શ્રીહરિના વચનનો વિશ્વાસ હતો અને તેઓ તેમની આજ્ઞા પાળવામાં તત્પર હતા, તેથી તેમણે શ્રીહરિને કહ્યું. ॥૧૯॥

"હે સ્વામિન્ ! હું આપના દાસના દાસનો પણ દાસ છું. આપનો શરણાગત છું. હમેશાં આપની સેવા કરીને હું આપને રાજી કરવામાં જ તત્પર રહેનારો છું. ॥૨૦॥

બીજાને ન મળે એવી સંપત્તિ આપના રાજીપાથી મારી પાસે છે. મારા વિરોધીઓ હારી ગયા છે અને મને કાયમનું મહાન્ સુખ મળી ગયું છે. ॥૨૧॥

पोषितः पालितश्चालं लालितः पुत्रवत्सदा ॥२२॥
उपभुक्तैस्त्वया रम्यैरलङ्काराम्बरादिभिः ।
अलङ्कृतस्तथा स्वीये सामीप्ये रक्षितोऽन्वहम् ॥२३॥
ब्रह्मरूपमुनीन्द्राद्यैरुपेतो ह्यक्षरात्परः ।
हेतुरेवाऽवताराणां त्वं मद्दुर्गे विराजसे ॥२४॥
ब्रह्माद्यैरप्यधीशानैर्योगिभिश्चापि तापसैः ।
वाञ्छितेक्षश्च सन्मुक्तैर्नुतो ब्रह्मशिरोव्रजैः ॥२५॥
तस्मात्कृतार्थ एवाहं सञ्जातो जगति प्रभो !
किमप्राप्यं त्वयि प्रेष्ठे प्रसन्ने त्वच्छ्रिताङ्गिनाम् ॥२६॥
वित्तसम्बन्धिगेहाद्यं मदीयं सर्वमस्ति ते ।
तस्माद्यथा त्वदिच्छा स्यात्तथा त्वं कर्तुमर्हसि ॥२७॥
इत्थं निशम्य तद्वाक्यं जानंस्तस्य सदाशयम् ।
तस्मिन् सद्गुणसम्पन्ने प्रीतोऽभून्निर्भरं हरिः ॥२८॥

આપનો પ્રસાદીનો થાળ અને સ્વાદુ મીઠાં ફળ આદિથી મારું પાલન પોષણ થાય છે અને આપ પુત્રની માફક સદા મને લાડ લડાવો છો. ॥૨૨॥

આપ પોતાના પ્રસાદીના સુંદર વસ્ત્રો અને અલંકારોથી મને શણગારીને હમેશાં પોતાની સમીપે જ રાખો છો. ॥૨૩॥

અક્ષરથી પર અને સર્વ અવતારોનું કારણ આપ બ્રહ્મસ્વરૂપ આ મોટા મોટા સંતોને સાથે લઈને મારા દરબારગઢમાં વિરાજો છો. ॥૨૪॥

બ્રહ્મા આદિ અધીશ્વરો, યોગીઓ અને તપસ્વીઓ આપના દર્શનને ચાહે છે અનેક ઉત્તમ મુક્તો અને ઉપનિષદની શ્રુતિઓ આપની સ્તુતિ કરે છે. ॥૨૫॥

માટે હે પ્રભો ! હું આ દુનિયામાં કૃતકૃત્ય થઈ ચૂક્યો છું. પરમપ્રિય આપ જેના ઉપર પ્રસન્ન રહો તે આશ્રિત ભક્તને કઈ વસ્તુ અપ્રાપ્ય રહે ? ॥૨૬॥

ધન, કુટુંબ અને ઘર વગેરે જે કાંઈ મારું છે તે બધું આપનું જ છે. માટે જેવી આપની ઈચ્છા હોય તેમ આપ કરી શકો છો.'' ॥૨૭॥

શ્રીહરિએ શ્રીદાદાખાચરના આવાં વચન સાંભળ્યા અને તેમના હૃદયનો શુભ આશય સમજ્યા. તેથી સર્વસદ્‌ગુણ સંપન્ન શ્રીદાદાખાચર ઉપર સ્વયં ખૂબ જ રાજી થયા. ॥૨૮॥

तत्राऽथाऽकारयद्रम्यौ गर्भागारौ नवौ हरिः ।
तत्रैकं दक्षिणाशायां तं जयायै ददौ मुदा ॥२९॥
तदा जयोत्तमाद्यास्तं गर्भागारं हरीच्छया ।
वैकुण्ठवत्महातेजोव्याप्तं भक्ता व्यलोकयन् ॥३०॥
तथा ते श्रीहरिं हैमे दिव्ये सिंहासने स्थितम् ।
ज्योतिःपुञ्जैर्विराजन्तं प्रेक्षन्तैवाऽतिविस्मिताः ॥३१॥
लक्ष्मिनारायणौ तेभ्यस्तथाऽदातां स्वदर्शनम् ।
तेऽथ तं पूर्ववद्भक्ता नराकारं व्यलोकयन् ॥३२॥
गर्भागारात्ततस्तस्मादुत्तरस्यां दिशि स्थितम् ।
गर्भागारं सुरीसंज्ञयोषायै श्रीहरिर्ददौ ॥३३॥
बदर्याश्रमवद्दिव्यं सुरीवाञ्छानुसारतः ।
अदर्शयद्धरिः स्वेभ्यो गर्भागारं तमद्भुतम् ॥३४॥
ततः सुर्युत्तमक्ष्मेशमुख्या भक्ता व्यलोकयन् ।
हरिं तेजोमयाऽऽकारं हैमसिंहासनस्थितम् ॥३५॥

પછી તે ઓરડા પડાવીને શ્રીહરિએ ત્યાં બીજા નવા બે રમણીય ઓરડા કરાવ્યા. તેમાં દક્ષિણ તરફનો એક ઓરડો જીવુબાને પ્રેમથી આપ્યો. ॥૨૯॥

તે સમયે જીવુબા અને શ્રીદાદાખાચર આદિ ભક્તોએ શ્રીહરિની ઈચ્છાથી તે ઓરડાને વૈકુંઠના જેવો મહાન્ તેજથી વ્યાપ્ત હોય તેવો જોયો. ॥૩૦॥

અત્યંત વિસ્મય પામેલા તે સહુએ તેજના પુંજથી શોભતા અને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન આવા શ્રીહરિના દર્શન કર્યા. ॥૩૧॥

તે જ રીતે સહુને શ્રીલક્ષ્મીનારાયણ ભગવાને પોતાના દર્શન આપ્યા. વળી તે ભક્તોને ફરીવાર પૂર્વની માફક મનુષ્યાકારે શ્રીહરિના દર્શન થયા. ॥૩૨॥

તે ઓરડાથી ઉત્તર તરફનો ઓરડો શ્રીહરિએ સૂરબાઈ (સૂર પ્રભા, દાદા ખાચરના મા) ને આપ્યો. ॥૩૩॥

સૂરબાઈની ઈચ્છા મુજબ તે અદ્‌ભુત ઓરડો બદરિકાશ્રમ હોય તેવો સહુ પોતાના ભક્તોને દેખાડ્યો. ॥૩૪॥

પછી સૂરબાઈ તથા દરબાર શ્રીદાદાખાચર આદિ ભક્તોએ સોનાના સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય તેજોમય સ્વરૂપે શ્રીહરિના પણ દર્શન કર્યા. ॥૩૫॥

अनेकलोकसौन्दर्यं तर्जयन्तं निजश्रिया ।
दिव्यभूषाम्बरोद्भासं कोटिकामस्मयाऽपहम् ॥३६॥
तस्यान्तिकेऽथ तेऽपश्यन्नरनारायणौ स्थितौ ।
वर्णिवेशौ प्रभारम्यौ सज्जटामुकुटप्रभौ ॥३७॥
हरीच्छयेति तेभ्यस्तौ दत्वा पुण्यं स्वदर्शनम् ।
तेषां सम्प्रेक्षमाणानां तिरोऽभूतां हि सत्वरम् ॥३८॥
ते दृष्ट्वेत्थं तदैश्वर्यं पावनं भद्रमद्भुतम् ।
तन्माहात्म्यं हि जानन्तस्तस्मिन् प्रेम व्यधुर्भृशम् ॥३९॥
इत्थं स्वदिव्यरू पस्य तेभ्यो वीक्षासुखं हरिः ।
दत्त्वा विस्मितचित्तेभ्यः पूर्ववन्नाकृतिर्ह्यभूत् ॥४०॥
गर्भागारद्वये तस्मिन् वसंश्चारु णि स प्रभुः ।
हरिश्चक्रे चरित्राणि चित्रकारीणि भूपते! ॥४१॥
तयो राजद्बहिःशालासप्तखण्डेषु स प्रभुः ।

श्रीહરિની મૂર્તિ પોતાના સ્વરૂપ સૌંદર્યથી અનેક લોકોના સૌંદર્યને ઝાંખું પાડી દેતી હતી. દિવ્ય અલંકારો અને વસ્ત્રોની સુંદર કાંતિ ચમકતી હતી. સૌંદર્ય કરોડો કામના ગર્વને ગાળી દેતું હતું. ॥૩૬॥

આ શ્રીહરિના સ્વરૂપની બાજુમાં જ વર્ણીના સમાન વેષવાળા, તેજથી રમણીય જણાતા સુંદર જટારૂપી મુકુટથી ચમકતા આવા શ્રીનરનારાયણ ભગવાન ઊભા હોય તેવા દર્શન થયા. ॥૩૭॥

શ્રીહરિની ઇચ્છાથી શ્રીનરનારાયણ ભગવાને સહુને આવું પોતાનું પુણ્યરૂપ દર્શન દીધું. સહુ જોઇ રહ્યા હતા અને તુરંત તે સ્વરૂપ અદૃશ્ય થઇ ગયું. ॥૩૮॥

શ્રીહરિ સ્વરૂપોના દર્શન કર્યા અને પરમપાવનરૂપ, શુભ અને અદ્‌ભુત તે ઐશ્વર્યને પણ જોઇને સહુને શ્રીહરિનું માહાત્મ્ય સમજાયું અને તેમના સ્વરૂપમાં અતિશય હેત વધવા લાગ્યું. ॥૩૯॥

આ રીતે મનમાં વિસ્મય પામેલા તે સહુને શ્રીહરિએ પોતાના દિવ્ય સ્વરૂપના દર્શનનું સુખ આપ્યું અને પછી પૂર્વની જેમ મનુષ્યરૂપે થયા. ॥૪૦॥

હે ભૂપતે ! તે બન્ને ઉગમણા બારના ઓરડામાં રહીને શ્રીહરિએ આશ્ચર્યકારી સુંદર ચરિત્ર કર્યા હતા. ॥૪૧॥

पर्यङ्काद्यासने रम्ये न्यषीदद्वै क्वचित् क्वचित् ॥४२॥
अत्र यावन्ति वर्षाणि राजदुर्गेऽवसद्धरिः ।
तत्र तावन्ति वर्षाणि सायं नित्यं ह्युपाविशत् ॥४३॥
गर्भागारद्वयश्रीमद्बहिःशालाङ्गणद्वयोः ।
हरिर्नानाविधानीशः साधून् भोज्यान्यभोजयत् ॥४४॥
तदा शेषो हरेरीक्षां कर्तुमुत्सुकमानसः ।
आययौ विस्मितैर्भक्तैर्वीक्षमाणस्तदाश्रितैः ॥४५॥
गर्भागारबहिःशालासप्तखण्डान्तिकेषु सः ।
अङ्गणक्षोणिषु ग्रीष्मे हरिर्नीरं न्यषेचयत् ॥४६॥
हरिरतिरुचिरोऽथ तत्र राजन्मृदुलतरे ललिते वरासने स्वे ।
मुनिमुखनिजभक्तसत्सभायामुपविशति स्म विलोकितः सदस्यैः॥४७॥

પ્રભુ શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની સુંદર ઓસરીના સાતેય ખંડમાં કોઇ કોઇ વખતે પલંગ ઉપર બિછાવેલા આસને વિરાજમાન થતા હતા. ॥૪૨॥

શ્રીહરિ આ દરબારગઢમાં પછીથી જેટલા વર્ષ રહ્યા તેટલા વર્ષ નિત્ય સાંજે ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં વિરાજમાન થતા હતા. ॥૪૩॥

ઉગમણા બારના બંને ઓરડા, ઓસરી અને તેની આગળનું આંગણું આ શુભ સ્થળ ઉપર પરમેશ્વર શ્રીહરિ અનેક પ્રકારની રસોઇ કરાવીને સંતોને જમાડતા હતા. ॥૪૪॥

ત્યારે મૂર્તિમાન્ શેષનારાયણ શ્રીહરિના દર્શન કરવા મનમાં ઉત્સાહિત થઇને આવ્યા. અતિશય વિસ્મય પામેલા શ્રીહરિના આશ્રિત ભક્તોએ શ્રીશેષનારાયણના દર્શન કર્યા. ॥૪૫॥

ઉગમણા બારના ઓરડાની ઓસરીના સાતેય ખંડની આગળ ફળિયામાં ઉનાળામાં શ્રીહરિ પાણી છંટાવતા હતા. ॥૪૬॥

ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા થતી હતી. અતિશય કોમળ, સુંદર,શ્રેષ્ઠ આસન ઉપર અત્યંત રમ્યમૂર્તિ શ્રીહરિ વિરાજતા હતા અને સભામાં બેઠેલા સંતો વગેરે ભક્તો શ્રીહરિના સ્વરૂપના દર્શન કરતા હતા. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૨ સમાપ્ત.

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये गर्भागारविधापनादिनिरू पणं नाम द्वादशोऽध्यायः ।।१२।।

अथ त्रयोदशोऽध्यायः

पूर्वदिग्द्वारसद्गर्भागारयोर्वर्णनं तथा ।
पाकशालाबहिःशालादीनां त्रयोदशे कृतम् ।।

श्रीशुकानन्द उवाच– गर्भागारद्वयो राजद्विस्तीर्णाङ्गणयोर्हरिः ।
भक्तानन्दकरो राजन् ! मल्लक्रीडाद्यकारयत् ।।१।।
उत्तरस्यां तयोर्मध्ये गर्भागारोऽस्ति यो वरः ।
तस्य द्वारान्तिके खण्डो विद्यते यो विराजितः ।।२।।
क्वचित्तत्राऽऽसने रम्ये स न्यषीदत्स्वयं हरिः ।
भूपं विजयसिंहाख्यं मिलति स्माऽथ भूपते ! ।।३।।
तदाद्भुतं हरिश्चक्रे चरित्रं विस्मयाऽऽवहम् ।
आनन्दयन् निजान् भक्तान् स्वभक्तोदारशर्मदः ।।४।।
तस्माद्दक्षिणकाष्ठायां गर्भागारस्य भूपते ! ।

અધ્યાય - ૧૩

ઉગમણાબારના ઓરડા અને અન્ય

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ભક્તોને આનંદિત કરનારા ભગવાન્ શ્રીહરિએ ઉગમણાબારના ઓરડાના સુંદર વિશાળ આંગણામાં મલ્લક્રીડા આદિ ક્રીડાઓ કરાવી હતી ।।૧।।

ઉગમણાબારના બે ઓરડાઓમાં જે ઉત્તર તરફનો શ્રેષ્ઠ ઓરડો છે તેના બારણા પાસેનો જે ભવ્ય ખંડ છે ત્યાં કોઇ વખત રમણીય આસન ઉપર સ્વયં શ્રીહરિ વિરાજ્યા હતા અને હે રાજન્ ! ત્યારે ત્યાં ભાવનગરના મહારાજા શ્રીવિજયસિંહજીને મળ્યા હતા. ।।૨-૩।।

પોતાના ભક્તોને અપાર સુખ આપનારા શ્રીહરિએ તે વખતે પોતાના ભક્તોને આનંદ આપવા અદ્‌ભુત વિસ્મયજનક ચરિત્ર કર્યું હતું. ।।૪।।

હે રાજન્ ! ઉગમણાબારના દક્ષિણ તરફના ઓરડાના બારણા આગળના

चारु द्वाराऽग्रतः खण्डे निषण्णोऽभूत् क्वचिद्धरिः ।।५।।
आयात्तत्राऽथ तं साक्षात्सत्पतिं मिलितुं हरिम् ।
महाकीर्तिर्नरः कश्चिन् मीरसंज्ञोऽधिकारयुक् ।।६।।
हरिं नत्वाऽथ स प्रीत्या महामूल्याम्बरादिभिः ।
राजोचितोपचारैस्तं पूजयामास भूपते ! ।।७।।
अथोदारं हरिश्चित्रं स्वदिव्यैश्वर्यसूचकम् ।
चरित्रं पावनं भद्रं चकार स्वीयशर्मणे ।।८।।
पूर्वदिग्राजितद्वारगर्भागारद्वयात्ततः ।
दिश्युदिच्यां हरिर्धार्मिर्गर्भागारावकारयत् ।।९।।
श्रीहरिस्तावथ प्रादात्पाञ्चाल्यै तर्ह्यदर्शयत् ।
धामतुल्यौ हि तौ भूमपुंसः स्वेभ्यः सुतेजसौ ।।१०।।
एवं हरिर्निजैश्वर्यं भक्ताधीनः समग्रवित् ।
पाञ्चाल्युत्तममुख्येभ्यः स्वभक्तेभ्यो व्यदर्शयत् ।।११।।

ખંડમાં કોઇ વખતે શ્રીહરિ વિરાજમાન હતા. ।।૫।।

ત્યારે ત્યાં સત્પતિ શ્રીહરિને મળવા માટે કોઇ એક મહાન્ યશસ્વી મીર સાહેબ નામે ગાયકવાડ સરકારના અધિકારી આવ્યા હતા. ।।૬।।

હે રાજન્ ! તેણે આવીને શ્રીહરિને પ્રણામ કર્યા અને ઘણા કીમતી વસ્ત્ર આદિ રાજોપચારથી પ્રેમે સહિત શ્રીહરિની પૂજા કરી. ।।૭।।

ત્યારે પોતાના ભક્તોને સુખ આપવા માટે પોતાના દિવ્ય ઐશ્વર્યથી પૂર્ણ પરમ પવિત્ર આશ્ચર્યકારી શુભ ચરિત્ર શ્રીહરિએ ત્યાં કર્યું હતું. ।।૮।।

આ ઉગમણાબારના જે બે ઓરડાની વાત કહી તેથી ઉત્તર દિશામાં બીજા બે ઓરડા ધર્મપુત્ર શ્રીહરિએ કરાવ્યા. ।।૯।।

તે ઓરડા તૈયાર થયા પછી શ્રીદાદાખાચરના બહેન પાંચુબાને રહેવા માટે શ્રીહરિએ આપ્યા. ને તે બન્ને ઓરડા ભૂમા પુરુષના ધામ જેવા અતિ તેજસ્વી છે એમ પોતાના ભક્તોને દેખાડ્યું. ।।૧૦।।

સર્વજ્ઞ હોવા છતાં ભક્તાધીન શ્રીહરિએ આ રીતે પાંચુબા તથા શ્રીદાદા ખાચર આદિ પોતાના ભક્તોને ઐશ્વર્ય દેખાડ્યું હતું. ।।૧૧।।

द्वितीये चाऽवसंस्तस्माद् गर्भागारे व्रणार्दिताः ।
शूरा युद्धातिनैपुण्याः पत्तयः श्रीहरिप्रियाः ॥१२॥
त्रायते स्माऽथ तान्क्रूरात् कालाद्विश्वक्षयाद्धरिः ।
तथा चित्रावहं तेभ्यो निजैश्वर्यं व्यदर्शयत् ॥१३॥
तस्मिंश्चारु बहिःशाले गर्भागारे विराजिते ।
निवासं श्रीहरिश्चक्रे भूरिकालं दयानिधिः ॥१४॥
गर्भागारेऽथ पूर्वस्मिन्निवसन्त्यास्तयोर्हरिः ।
मोक्षं चकार पाञ्चाल्याः कन्याया दुर्लभं परैः ॥१५॥
तस्य या सद्बहिःशाला रम्या भूपाल ! वर्तते ।
स न्यषीदन्मुहुस्तस्यां मनोज्ञे स्वासने हरिः ॥१६॥
तत्राऽनेकविधानीशश्चरित्राणि व्यधाद्धरिः ।
यदा चाऽकारयद्रम्यं गोपीनाथस्य मन्दिरम् ॥१७॥
तदा तस्यां बहिर्वैद्यां स्वास्तृते स्वासने हरिः ।

પાંચુબાને જે ઓરડા આપ્યા તેમાં બીજા ઓરડામાં એક વખત શ્રીહરિના વહાલા, યુદ્ધમાં અતિ નિપુણ અને શૂરવીર આવા ઘવાયેલા પાર્ષદોને રાખ્યા હતા. ॥૧૨॥

આખા સંસારનો ક્ષય કરનારા ક્રૂર કાળથી તે પાર્ષદોને શ્રીહરિએ બચાવ્યા હતા. અને તે પાર્ષદોને પોતાનું આશ્ચર્યકારી ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૧૩॥

સુંદર ઓસરીવાળા સુશોભિત તે ઓરડામાં દયાનિધિ શ્રીહરિ ઘણો સમય નિવાસ કરીને રહ્યા હતા. ॥૧૪॥

તે બે ઓરડામાં પૂર્વ તરફના ઓરડામાં રહેતા પાંચુબાની બાળ વયની પુત્રી હીરાનો અન્ય દુર્લભ મોક્ષ શ્રીહરિએ કર્યો હતો. ॥૧૫॥

હે રાજન્ ! તે ઓરડાની મનોહર સુંદર ઓસરીમાં બિછાવેલા સારા આસન ઉપર પરમાત્મા શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૧૬॥

અને ત્યાં અનેક પ્રકારના ચરિત્ર કર્યા હતા. હે રાજન્ ! જ્યારે શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનું ભવ્ય બાંધકામ ચાલતું હતું ત્યારે તેની ઓસરીમાં સારું આસન તૈયાર કરાવીને ત્યાં ભક્તવત્સલ શ્રીહરિ રોજ આવીને ઘણીવાર સુધી વિરાજમાન

राजन्नुपाविशन्नित्यं चिरं भक्तातिवत्सलः ॥१८॥
स्तो हि द्वारे तयोः पृष्ठे सुविस्तीर्णं तदग्रतः ।
आसीद्दुर्गाऽन्वितं स्थानं मेध्यं दीर्घं महीपते ! ॥१९॥
तस्मिन् स्थाने बहिःशाला मनोज्ञाऽऽसीन्महीपते ! ।
दाडिमीभूरुहास्तस्या अग्रेऽभूवन् हि भूरिशः ॥२०॥
औदासीन्यं क्वचित्प्राप्तस्तस्यां शिश्ये हरिर्विभुः ।
आनेतुं धर्मवंशीयांस्तत्राऽऽदेशं तथाऽकरोत् ॥२१॥
हरिप्रियोऽथ सूराख्यः पार्षदः स्वकृतं शुभम् ।
छन्दोबद्धं हरेः पद्यं प्राकृतं समशिश्रवत् ॥२२॥
तन्निशम्याऽऽश्रितप्रेयान् गुणज्ञः करुणार्णवः ।
भक्तवर्ये हरिस्तस्मिन् प्रीतोऽभूद्भूपते ! भृशम् ॥२३॥
तदगारद्वयश्रीमद्विस्तीर्णाङ्गणयोर्हरिः ।
स न्यषीदन्मुहुश्चित्रं चरित्रं चाकरोद्वरम् ॥२४॥

થતા હતા. ॥૧૭-૧૮॥

હે રાજન્ ! પાંચુબાના ઓરડાની પાછળ બે બારણા હતા. તેની આગળ થોડું પહોળું અને લાંબું દીવાલથી કબજાબંધ પવિત્ર સ્થાન હતું. તે સ્થાનમાં એક ઉપર માળેલી ખુલ્લી સરસ ઓસરી હતી. હે રાજન્ ! તેની આગળના ભાગમાં ઘણા દાડમના ઝાડ હતા. ॥૧૯-૨૦॥

મહાસમર્થ શ્રીહરિ કોઇ વખત ઉદાસ થઈને તે ઓસરીમાં સૂઇ ગયા હતા. ધર્મવંશીઓને બોલાવવા માટેની આજ્ઞા પણ આ ઓસરીમાં બેસીને જ કરી હતી. ॥૨૧॥

શ્રીહરિના પ્રિય પાર્ષદ શ્રીસૂરાખાચરે પોતે રચેલું એક શુભ લોકભાષાનું પદ શ્રીહરિને અહીં જ સંભળાવ્યું હતું. ॥૨૨॥

હે રાજન્ ! જેમને આશ્રિતો ઘણા વહાલા છે, ગુણોને સમજનારા અને કરુણાના સાગર આવા શ્રીહરિએ તે પદ સાંભળ્યું અને ભક્તવર્ય શ્રીસૂરાખાચર ઉપર ખૂબ જ રાજી થયા. ॥૨૩॥

પાંચુબાના ઓરડાની આગળના સુંદર વિશાળ ફળિયામાં શ્રીહરિ વારેવારે વિરાજમાન થતા હતા અને શ્રેષ્ઠ આશ્ચર્યજનક ચરિત્ર કરતા હતા. ॥૨૪॥

ताभ्यां वै दक्षिणे भागे पाकशाला वराऽभवत् ।
तस्यां नानाविधं पाकं जयाऽकार्षीच्छुचिव्रता ॥२५॥
तावदेवाऽपतद्भीत्तिस्तस्याश्चोपरि भूपते! ।
तदाऽकरोद्धि तद्रक्षां श्रीहरिः स्वप्रतापतः ॥२६॥
तस्या वै दक्षिणे भागे वाजिशालाऽभवद्वरा ।
चरित्रं सोऽकरोत्तस्यां महाश्चर्यावहं शुभम् ॥२७॥
प्राच्यां सद्वाजिशालाया राजदुर्गेऽत्र भूपते ! ।
अक्षराभिधसौधान्तो मार्गो योऽद्यापि विद्यते ॥२८॥
तस्मिन् स व्यचरन्मार्गे हरिर्धार्मिर्मुहुर्मुहुः ।
पवित्रसन्महाकीर्त्तिस्तीर्थस्थानाङ्घ्रिपङ्कजः ॥२९॥
सोऽयं मार्गस्ततो राजंस्तत्पादाम्बुरुहाङ्कितः ।
तीर्थक्षेत्रोत्तमो ज्ञेयस्त्वया वै पुण्यदर्शनः ॥३०॥
यत्रैतन्मन्दिरं रम्यं गोपीनाथस्य वर्तते ।

પાંચુબાના ઓરડાથી દક્ષિણ તરફ એક સારું રસોડું હતું. પવિત્ર વ્રત પાળનારા જીવુબા ત્યાં અનેક પ્રકારની રસોઇ કરતા-કરાવતા હતા. ॥૨૫॥

હે રાજન્ ! રસોઈ થતી હતી એટલામાં તે મકાનની એક ભીંત જીવુબા ઉપર પડી પણ તે સમયે શ્રીહરિએ પોતાના પ્રતાપથી તેમની રક્ષા કરી. ॥૨૬॥

તે રસોડાથી દક્ષિણ ભાગમાં એક સારી ઘોડશાળ હતી. શ્રીહરિએ ત્યાં મહાન્ આશ્ચર્યજનક શુભ ચરિત્ર કર્યું હતું. ॥૨૭॥

હે રાજન્ ! ઘોડશાળથી પૂર્વમાં દરબારગઢનો અક્ષરભવન સુધીનો જે રસ્તો અત્યારે પણ છે. ॥૨૮॥

જેમની કીર્તિ મહાન્ પવિત્ર અને શ્રેષ્ઠ છે તથા ચરણ કમળ તીર્થ સ્થાન રૂપ છે- આવા ધર્મપુત્ર શ્રીહરિ તે રસ્તામાં વારેવારે વિચર્યા છે. ॥૨૯॥

હે રાજન્ ! તે શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીરૂપ થયેલો અને જેના દર્શન પણ પુણ્યરૂપ છે આવો તે રસ્તો તમારે તીર્થોમાં અને ક્ષેત્રોમાં સર્વોત્તમ જાણવો. ॥૩૦॥

અત્યારે સોહામણું શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર છે, તે બે માળવાળું

द्विभौमं प्रोल्लसज्जालं प्रेक्षकाश्चर्यकृच्छुभम् ॥३१॥
तत्र दक्षिणदिग्द्वारावुदीच्यां द्वारसंयुतौ ।
रम्यावास्तां बहिःशालायुक्तावुभयतो वरौ ॥३२॥
तयोर्यदा हरिः प्रीत्या वास्तुकर्म व्यधापयत् ।
यथाशास्त्रोदितं विप्रैर्वेदज्ञैः कर्मकोविदैः ॥३३॥
तदोत्तमादिभक्तेभ्यो हरिर्वैराजरूपिणः ।
दर्शनं स्वस्य दत्वाऽऽसीत्पूर्ववन्मानवाऽऽकृतिः ॥३४॥
तस्य दृष्ट्वेत्युदारं ते दिव्यैश्वर्यं सुपावनम् ।
भूयांसं मोदमापन्नास्तन्माहात्म्यं परं विदुः ॥३५॥
तयोः सन्तोऽवसन् राजन् ! हरिस्तत्राऽन्वहं व्यधात् ।
वार्ता वेदागमप्रोक्ता ब्रह्मवर्णनगर्भिताः ॥३६॥
तत्राऽऽश्चर्यकरं दिव्यं निजैश्वर्यं परं हरिः ।
गेयं शेषमुनीन्द्राद्यैर्दर्शयामास मङ्गलम् ॥३७॥

છે, તેના જાળિયા ઘણા સુશોભિત છે. દર્શન કરનારાને વિસ્મય પમાડે છે અને શુભ છે. ॥૩૧॥

ત્યાં દક્ષિણ અને ઉત્તર બારના બે ઓરડા સારા રમણીય હતા. તેને બન્ને બાજુ સારી ઓસરી પણ હતી. ॥૩૨॥

શ્રીહરિએ વેદાદિ શાસ્ત્રોને ભણેલા અને કર્મકાંડમાં નિપુણ બ્રાહ્મણો પાસે શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે જ્યારે પ્રેમથી વાસ્તુ કર્મ કરાવ્યું હતું ત્યારે શ્રીદાદાખાચર આદિ પોતાના ભક્તોને વૈરાજ પુરુષરૂપે પોતાના દર્શન કરાવ્યા અને થોડીવાર પછી મનુષ્યરૂપે થયા. ॥૩૩-૩૪॥

સહુએ શ્રીહરિનું વિશાળ અને અતિ પવિત્ર દિવ્ય ચરિત્ર ઘણું જોયું. ત્યારે મનમાં ખૂબ જ આનંદ પામ્યા અને તેમનું માહાત્મ્ય વિશેષ સમજવા લાગ્યા. ॥૩૫॥

હે રાજન્ ! તે ઓરડાઓમાં સંતો રહેતા, શ્રીહરિ ત્યાં રોજ પધારતા હતા અને વેદાદિ શાસ્ત્રોની અને આગમોની વાતો કહેતા તથા બ્રહ્મસ્વરૂપના વર્ણનથી ભરેલી વાતો પણ કરતા હતા. ॥૩૬॥

ત્યાં શેષનારાયણે અને મોટા સદ્‌ગુરુવર્યોએ ગાવા લાયક, આશ્ચર્યકારી, મંગળમય અને દિવ્ય આવું પોતાનું ઐશ્વર્ય પોતાના ભક્તોને બતાવ્યું હતું. ॥૩૭॥

तयोर्मध्ये दिशि प्राच्यां गर्भागारेऽवसद्वरे ।
कारयित्वा सभास्थानं राजा हर्याज्ञयोत्तमः ॥३८॥
तत्रोत्तमाख्यभूपेन सार्धं स्वानुव्रतेन सः ।
मन्त्रं कर्तुं हरिर्गुप्तं राजन्नायान्मुहुर्मुदा ॥३९॥
तस्माद्वै पश्चिमाशायां गर्भागारेऽवसद्वरे ।
ब्रह्मानन्दो मुनिश्रेष्ठश्चरित्रं तत्र स व्यधात् ॥४०॥
येऽवाभूतां तयोः पृष्ठे बहिःशाले हरिस्तयोः ।
रम्येष्वष्टसु खण्डेषु न्यषीदन्मञ्चकाऽऽसने ॥४१॥
तेष्वामयाविनः सन्तो न्यूषुस्तत्र हरिर्व्यधात् ।
बोधयंस्तान् हि सद्वार्तां चरित्रं चाद्भुतं शुभम् ॥४२॥
तयोर्वै दक्षिणद्वारबहिःशालाष्टखण्डतः ।
चातुर्मास्ये स पर्यङ्के न्यषीदत्सर्वदा हरिः ॥४३॥
तदा वार्ता व्यधाद्रम्याः सभ्यैरालोकितो हरिः ।

દક્ષિણાદા બારના બે ઓરડામાં પૂર્વ તરફનો જે સારો ઓરડો હતો તેમાં શ્રીહરિની આજ્ઞાથી શ્રીદાદાખાચરે પોતાની બેઠકનું સ્થાન (સભાસ્થાન) નક્કી કર્યું હતું. ॥૩૮॥

હે રાજન્ ! શ્રીહરિ પણ પોતાના આજ્ઞાંકિત દરબાર શ્રીદાદાખાચરની સાથે કોઈ ખાનગી વાતચીત કરવી હોય ત્યારે વારંવાર ગુપ્ત રીતે ત્યાં પ્રેમથી પધારતા હતા. ॥૩૯॥

તે ઓરડાથી પશ્ચિમ તરફના સરસ ઓરડામાં મુનિવર્ય સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી રહેતા હતા. ત્યાં શ્રીહરિએ ચરિત્ર કર્યા હતા. ॥૪૦॥

તે દક્ષિણ દ્વારના બન્ને ઓરડાની પાછળની ઓસરી હતી, તેના સુંદર આઠેય ખંડોમાં શ્રીહરિ બિછાવેલા પલંગ ઉપર અથવા પાટ ઉપર વિરાજમાન થતા હતા. ॥૪૧॥

તે આઠ ખંડની ઓસરીમાં બીમાર સંતો રહેતા. શ્રીહરિ ત્યાં પધારીને સારી જ્ઞાનવાર્તા કહેતા અને અદ્‌ભુત શુભ ચરિત્ર કરતા હતા. ॥૪૨॥

દક્ષિણાદા બારના ઓરડાની આગળની આઠ ખંડની ઓસરીના વચ્ચેના ભાગમાં ચાતુર્માસમાં કાયમ આવીને પલંગ ઉપર વિરાજમાન થતા હતા. ॥૪૩॥

चरित्रं चित्रकृद्दिव्यं भद्रं पुण्यं तथाऽकरोत् ॥४४॥
सोपानानि तयोर्मध्ये यान्यासंस्तत्र स प्रभुः ।
कोमले चक्रके रम्ये स न्यषीदन्मुहुर्हरिः ॥४५॥
तयोर्मध्ये प्रतीच्यां यो गर्भागारोऽभवद्वरः ।
तस्य कोणे महत्यासीद्भूपते ! ज्वारिकाखनिः ॥४६॥
स तत्रोदारश्रीर्वरतरसुगौराम्बरधरः
सभायां भक्तानां स्वचरणरतानां नरपते ! ।
न्यषीदत् पर्यङ्के मुखरुचिजिताम्भोरुहविधु
र्हरिर्दृष्टः सभ्यैर्निमिषरहितस्निग्धनयनैः ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचरणाङ्कितस्थानादिनिरू पणं नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

મુખારવિંદ આગળ સભા થતી ત્યારે સહુની આગળ શ્રીહરિ સારી કલ્યાણકારી વાતો કહેતા અને સભામાં બેઠેલા સહુ દર્શન કરતા. અને શ્રીહરિ આશ્ચર્યકારી દિવ્ય મંગળમય પવિત્ર ચરિત્ર કરતા હતા. ॥૪૪॥

દક્ષિણાદા બારના ઓરડાની ઓસરી આગળ વચ્ચેના ભાગમાં જે પગથિયા હતા ત્યાં શ્રીહરિ કોમળ ચાકળો નંખાવીને વારંવાર વિરાજમાન થતા હતા. ॥૪૫॥

હે રાજન્ ! આ બે ઓરડામાં જે આથમણો સુંદર ઓરડો હતો તેને પશ્ચિમ ખૂણે જુવાર ભરવાની એક મોટી ખાણ હતી. ॥૪૬॥

હે રાજન્ ! તે ખાણના ઉપર પોતાના ચરણોમાં ભક્તિભાવવાળા ભક્તોની સભા થતી. તે સભામાં બિછાવેલ પલંગ ઉપર શ્રીહરિ વિરાજતા. શ્રીહરિના સ્વરૂપની શોભા ઘણી મનોહર હતી. સારા સ્વચ્છ શ્વેત વસ્ત્ર પહેર્યા હોય, મુખારવિંદની કાંતિ આગળ કમળની શોભા કે ચંદ્રમા ઝાંખા પડી જતા. સભામાં બેઠેલા ભક્તો મટકું માર્યા વિના સ્નેહભરી નજરે સુંદર મુખના દર્શન કરતા હતા. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૩ સમાપ્ત.

अथ चतुर्दशोऽध्यायः

दक्षिणोत्तरदिग्द्वारगर्भागारचतुष्कके ।
अखेलयंश्चतुर्दशे वाहां निम्बाभितो हरिः ॥

श्रीशुकानन्द उवाच -
राजदुर्गे भवन्त्यस्मिन् गर्भागारास्तु ये वराः ।
दक्षिणोत्तरदिग्द्वारा बहिःशालासमन्विताः ॥१॥
पूर्वपश्चिमदिग्द्वारा बहिर्वेदीविराजिताः ।
भूपते ! नितरां रम्या गर्भागारा भवन्ति ये ॥२॥
तेषां मध्येऽतिविस्तीर्णश्चतुरस्रो मनोहरः ।
चतुष्को वर्तते राजन् ! हरेः पादाङ्कितः शुभः ॥३॥
महानिम्बतरु स्तस्मिन् विद्यते यो महीपते ! ।
सर्वतस्तं महावेदी वर्तते या विराजिता ॥४॥
तस्यां स्वीयासने रम्ये प्राङ्मुखं श्रीहरिर्मुहुः ।
स न्यषीदत्स्वभक्तानां सभा तां चाऽभितोऽभवत् ॥५॥
स न्यषीदद्धरिस्तस्यां मुहुर्वेद्यामुदङ्मुखम् ।

અધ્યાય - ૧૪
દરબારગઢમાં માણકી

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીએભલખાચરના આ દરબારગઢમાં ઉત્તર અને દક્ષિણ બારના ઓસરીવાળા જે શ્રેષ્ઠ ઓરડાઓ છે. ॥૧॥

તેમજ ઉગમણા અને આથમણા બારના ઓસરીવાળા જે ઓરડાઓ છે તે ઘણા જ સોહામણા છે. ॥૨॥

આ બધા ઓરડાઓની વચ્ચે શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીરૂપ થયેલો, અતિ વિશાળ, ચોરસ, મનોહર અને શુભ એવો ચોક છે. ॥૩॥

હે રાજન્ ! તે ચોકમાં એક મોટું લીંબડાનું ઝાડ છે. તે ઝાડને ચારે બાજુ સુશોભિત ઓટલો કરેલો છે. ॥૪॥

તે ઓટા ઉપર બિછાવેલા રમણીય આસન ઉપર શ્રીહરિ વારંવાર પૂર્વ મુખે વિરાજમાન થતા અને તેની ચારે બાજુ પોતાના ભક્તોની સભા થતી હતી. ॥૫॥

दक्षिणाशामुखं चेशः प्रतीचीदिङ्मुखं तथा ॥६॥
एकदा श्रीहरिर्वेद्यां स्वासने समुपाविशत् ।
तस्याऽथाऽग्रे सदादीनां स्वभक्तानामभूत्सभा ॥७॥
ततो माणिक्यवर्णां तां राजन् ! वाहां निजां हरिः ।
विधातुं पार्षदं सज्जां नान्नसंज्ञमजीज्ञपत् ॥८॥
तां स कृत्वा ततः सज्जां नानालङ्कारशालिनीम् ।
स्वर्णपल्यायनोपेतां चारु शीलामुपानयत् ॥९॥
साऽथ सौधाग्रसद्वेदीनिकषाऽवस्थितोत्तमा ।
विलोकिता जनव्रातैर्विरेजे चारु भूषणा ॥१०॥
सन्मणिस्वर्णमञ्जीरभ्राजिताग्रपदद्वया ।
कण्ठसंलग्नसुस्वर्णनद्धसद्रत्नमालिका ॥११॥
कण्ठलग्नेन हैमेन युक्ता हारेण चारु णा ।
नानामणिमयैर्हैमैर्भूषिता वक्त्रभूषणैः ॥१२॥

શ્રીહરિ ક્યારેક તે ઓટા ઉપર ઉત્તર મુખે વિરાજતા તો ક્યારેક દક્ષિણ મુખે અને પશ્ચિમ મુખે પણ વિરાજમાન થતા હતા. ॥૬॥

એક સમયે શ્રીહરિ લીંબડા નીચે ઓટા ઉપર પોતાને આસને વિરાજમાન હતા અને તેમની આગળ સંતો વગેરે પોતાના ભક્તોની સભા બેઠી હતી. ॥૭॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાની માણેકવર્ણી માણકી ઘોડીને સજ્જ-તૈયાર કરવાની પાર્ષદ નાનખાચરને આજ્ઞા કરી. ॥૮॥

માણકી અનેક પ્રકારના અલંકારોથી શોભતી અને સ્વભાવે ઘણી જ સારી હતી. તેની પીઠ ઉપર સોનેરી પલાણ મૂકી તૈયાર કરીને નાનખાચર લઈ આવ્યા. ॥૯॥

તે સર્વોત્તમ માણકી ઓરડાની આગળ ઓટલાને નજીક આવીને ઊભી રહી. બધા લોકો તેને જોઈ રહ્યા. સુંદર ઘરેણાથી શણગારેલી તે શોભતી હતી. ॥૧૦॥

હીરા માણેક જડેલા સોનાના ઝાંઝરથી તેના બન્ને આગલા પગ શોભતા હતા. તેના ગળામાં સોનામાં જડેલા રત્નની માળા (કોટિયું) અને સુંદર હૂલર હાર પહેરાવેલા હતા. અનેક મણિ જડેલો અને સોનાના તારથી ગૂંથેલો મોરડો મુખ ઉપર

नद्धशुद्धहरिद्रक्तपीतश्वेतमणिप्रभम् ।
काञ्चनं केकिनं कान्तं भास्वरं मूर्ध्नि बिभ्रती ॥१३॥
कपोलप्रोल्लसत्स्वर्णभास्करच्छविराजिता ।
भालहेममणिश्रेष्ठश्रीमदर्धेन्दुमण्डना ॥१४॥
स्वर्णकिङ्किणिकायुक्तैर्हैमरत्नविभूषणैः ।
सा रराज गिरिक्षोणिर्विचित्रैरिव धातुभिः ॥१५॥
श्वेतरोममयं भाले लक्ष्म सा दधती शुभम् ।
ताम्रा नूत्नोदयं चन्द्रं सन्ध्येवाऽतितरां बभौ ॥१६॥
नद्धश्यामहरित्पीतश्वेतरक्तमणिश्रिया ।
सौवर्णानामुपेतानां भूषणानां त्विषाऽन्विता ॥१७॥
हेमचन्द्रकपङ्क्तिभ्यां रोचमानेन चारुणा ।
पृष्ठाऽर्वाग्देशसंस्थेन रराजाऽऽभूषणेन सा ॥१८॥
काश्मीररञ्जिताऽत्यन्तभ्राजमानसटाछटा ।

હતો. તેના માથા ઉપર કલગીમાં સુંદર ચળકતો સોનાનો મોર હતો. તે મોર પણ જડેલા લીલા, લાલ, પીળા અને શ્વેત રંગના મણિઓથી ચળકતો હતો. ॥૧૧-૧૩॥

તેના મુખના બન્ને પડખેના ભાગ (ગાલ), સુંદર સોનાના બનાવેલા બે સૂર્યના ચળકાટથી સુંદર લાગતા હતા. તેમજ તેના કપાળમાં મણિ જડેલું સોનાના અર્ધચંદ્રાકારનું ઘરેણું શોભતું હતું. ॥૧૪॥

સોનાની ઘૂઘરિયો વાળા રત્નજડિત સોનાના આભૂષણોથી માણકી, વિચિત્ર ધાતુઓથી શોભતી પહાડની ભૂમિની જેમ, શોભતી હતી. ॥૧૫॥

માણકી પોતાના કપાળમાં સફેદ રૂંવાડાનું ચિહ્ન, તાજા ઊગેલા ચંદ્રમાને ધારણ કરતી લાલ રંગની સંધ્યાની જેમ, ધારી રહી હતી. ॥૧૬॥

ઘરેણામાં જડેલા નીલ, લીલા, પીળા, લાલ અને શ્વેત રંગના મણિની સુંદર શોભા યોગ્ય જણાતી હતી. તેમજ યોગ્ય રીતે પહેરાવેલા સોનાના ઘરેણાની ચમક પણ ઓપતી હતી. ॥૧૭॥

સોનાના ચંદ્રકની બે પંક્તિવાળા, પીઠ ઉપર પાછળના ભાગમાં રહેલા, આભૂષણથી માણકી વિશેષ દીપતી હતી. ॥૧૮॥

लाङ्गूलोल्ललितैर्वालैर्भासमानाऽरुणैरलम् ॥१९॥
कष्ठोढेनैव हैमेन पञ्चवर्णमणित्विषा ।
श्यामसौवर्णबुट्टश्रीतुलपट्या विभासिता ॥२०॥
हैमाभ्यां पादपीठाभ्यां श्वेतरक्तमणित्विषा ।
युक्ताभ्यां प्रोल्लसद्धंसप्रतिमाभ्यामलङ्कृता ॥२१॥
सा पश्यन्ती हरेस्तस्य रूपं मन्मथमोहनम् ।
साध्वी पत्युरिव बाष्पनेत्राऽऽसीत्पुलकाङ्किता ॥२२॥
स्तुवन्तीवेशितारं तं श्रीहरिं हेषितैः शुभैः ।
तेनाऽनवेक्ष्यमाणाऽऽसीन्निश्वसन्त्यधितापिनी ॥२३॥
स्वामिनोपेक्षिता स्वेन तत्सक्तेव पतिव्रता ।
लिखेन्महीं स्वपादेन राजन् ! सा न्यखनत्क्षितिम् ॥२४॥
एवं विधां स तां ज्ञात्वा श्रीहरिर्निरनाट्यभृत् ।

તેની કેશવાળી કુંકુમથી રંગી હોય તેમ અત્યંત ચમકતી હતી. ચારે બાજુ વીંઝાતા પૂંછના લાલવાળને લીધે તે શોભતી હતી. ॥૧૯॥

પાંચ રંગના મણિ જડીને સોનાથી મઢેલા કાઠાથી તે ઓપતી હતી અને સોનેરી બુટ્ટાવાળી શ્યામ રંગની દળીથી પણ સુંદર જણાતી હતી. ॥૨૦॥

સોનાના હંસની પૂતળિયો જેમાં બનાવી હતી એવા સોનાના પેગડાથી તથા શ્વેત અને લાલ મણિની કાંતિથી માણકી શોભતી હતી. ॥૨૧॥

પતિવ્રતા સ્ત્રી જેમ પતિના રૂપને જુએ તેમ કામદેવને પણ મોહ ઊપજે તેવા શ્રીહરિના રૂપને માણકી દેખી રહી હતી. તે રોમાંચિત થઈ ગઈ. આંખોમાં પ્રેમના આંસુ ઊભરાયા. ॥૨૨॥

સુંદર હણહણાટથી પોતાના સવાર પરમાત્મા શ્રીહરિની સ્તુતિ કરતી હોય તેમ અનુમાન કરાતી માણકીના સામું શ્રીહરિએ જ્યારે ન જોયું ત્યારે તે નિસાસા નાખવા લાગી અને વધારે અકળાઈ ગઈ. ॥૨૩॥

પતિ જ્યારે પતિમાં અધિક પ્રેમવાળી પતિવ્રતા પત્નીની ઉપેક્ષા કરે ત્યારે તે પત્ની દુઃખી થઈને પગથી જમીનને ખોતરે, તેમ માણકી ઘોડી પણ ભૂમિને ખોતરવા લાગી. ॥૨૪॥

મનુષ્ય લીલા કરતા શ્રીહરિ માણકીની મનોવ્યથાને સમજી ગયા. કરુણા

स गत्वा सन्निधौ तस्याः करु णार्द्रो व्यलोकयत् ॥२५॥
तदा हृष्टेव सा भूमौ चालयन्ती द्रुतं पदः ।
मत्वाऽऽत्मीयं कृतार्थत्वं तस्याऽऽयात्सन्मुखं हरेः ॥२६॥
अलिक्षत्साऽथ तत्पादौ चारु चन्दनचर्चितौ ।
ततो हसन् हरिर्हस्तं तदङ्गे पर्यवर्त्तयत् ॥२७॥
आदायाऽथ हरिस्तस्याः केसरान् वामपाणिना ।
तां सुशीलामृजुं रम्यां प्रारोहत् प्लुतिलाघवात् ॥२८॥
वामहस्ते ततस्तस्या वल्गुवल्गां सुवल्गिताम् ।
बिभ्राणो दक्षिणे पाणौ हरिर्यष्टिं च काञ्चनीम् ॥२९॥
चतुष्के मार्जिते तस्मिन् सिक्ते चन्दनवारिणा ।
तां नानागतिभिर्वाहां स प्रीतोऽजीगमत्प्रभुः ॥३०॥
आस्कन्दिते प्लुते रम्ये वल्गितेऽर्धपुलायिते ।
दक्षां धौरितके सोऽश्वां रेचिते चाप्यखेलयत् ॥३१॥

ભીના શ્રીહરિ તેની પાસે ગયા અને પ્રેમથી તેને દેખી. ॥૨૫॥

ત્યારે તે ખુશ થઇ ગઇ હોય તેમ જમીન ઉપર ઝડપથી ડગલા બદલવા લાગી. પોતાને કૃતાર્થ માનીને શ્રીહરિની સન્મુખ આવીને ઊભી રહી. ॥૨૬॥

સુંદર ચંદનથી પૂજેલા શ્રીહરિના ચરણ ઉપર હોઠ ફેરવીને ચાટતી હોય તેમ હેત દેખાડવા લાગી. ત્યારે શ્રીહરિએ પણ હસતાં હસતાં તેના શરીર ઉપર હાથ ફેરવ્યો. ॥૨૭॥

પછી શ્રીહરિએ ડાબે હાથે તેની કેશવાળી પકડી. સારા સ્વભાવની સરળ અને સોહામણી માણકીની પીઠ ઉપર સ્વયં ઊછળીને સવાર થયા. ॥૨૮॥

તેના મોઢામાં રહેલી ચંચળ ચોકડાવાળી સુંદર લગામને ડાબે હાથે પકડી. જમણા હાથે સોનાની છડી લીધી. ॥૨૯॥

સ્વચ્છ કરેલા ચોકમાં ચંદનથી સુગંધી પાણી છાંટ્યું હતું. પછી પ્રસન્ન મનના પ્રભુ શ્રીહરિએ તે ચોકમાં માણકીને અનેક પ્રકારની ચાલથી ચલાવી. ॥૩૦॥

આસ્કંદિત (જુસ્સાથી છલાંગ મારવી), પ્લુત (આગળ પાછળના બબ્બે પગને સાથે રાખીને કૂદવું.), સુંદર વલ્ગિત (મર્યાદા સાચવીને ધીમે ચાલવું), અર્ધપુલાયિત (કુંડાળાના રૂપમાં ઝડપથી ચાલવું), ધૌરિતક (રેવાળ-વારકું નામની

पदोरु पानहौ बिभ्रद्विचित्रे कोमले हरिः ।
दक्षिणोत्तरतो वाहां तां मनोज्ञामदिद्रवत् ॥३२॥
तदा तस्य प्रपश्यन्तः शोभां भक्तव्रजा हरेः ।
योषितश्च जयामुख्या आसंश्चित्रार्पिता इव ॥३३॥
तस्या नृत्यं तदाऽऽकाशे पश्यन्त्यश्चोर्वशीमुखाः ।
सर्वमप्सरसो गर्वं नृत्यचातुर्यजं जहुः ॥३४॥
स रंहसा धनुर्मुक्तबाणस्रोतोविलज्जिनीम् ।
पूर्वपश्चिमयोश्चैनां हरिर्व्यद्रावयद्द्रुराम् ॥३५॥
तां हरिर्गतिशैघ्र्येण वैनतेयस्मयाऽपहाम् ।
खेलयंश्चञ्चलाकारो रेजे लोलाऽऽवलित्रयः ॥३६॥
तं खेलयन्तमेवं तां प्रोलसच्छेखरछविम् ।
चकोरा इव चन्द्रं ते दृष्ट्वा भक्ता ययुर्मुदम् ॥३७॥

ચાલ), રેચિત (હરણની જેમ ચારે પગથી છલાંગ મારવી), આવી બધી ચાલોમાં ઘણી કુશળ માણકીને ખેલાવી. ॥૩૧॥

શ્રીહરિએ ચરણમાં સુંવાળી સુંદર મોજડીઓ પહેરી હતી. મનોહર માણકીને દક્ષિણથી ઉત્તર તરફ અને ઉત્તરથી દક્ષિણ તરફ ઘણી દોડાવી. ॥૩૨॥

તે સમયે માણકીને ખેલાવી રહેલા શ્રીહરિની શોભાને જોઇ રહેલા ભક્ત પુરુષો અને જીવુબા વગેરે મહિલાઓ ભીંતે આળેખેલા ચિત્ર જેવા સ્થિર થઇ ગયા. ॥૩૩॥

તે વખતે આકાશમાં રહીને માણકીનું નૃત્ય દેખી રહેલી ઊર્વશી આદિ અપ્સરાઓનો બધો ગર્વ પણ ગળી ગયો. ॥૩૪॥

ધનુષ્યમાંથી છૂટેલા બાણના પ્રવાહને પણ શરમાવે એવી શ્રેષ્ઠ માણકીને શ્રીહરિએ પૂર્વથી પશ્ચિમ તરફ અને પશ્ચિમથી પૂર્વ તરફ સારી રીતે દોડાવી. ॥૩૫॥

ચાલની ઝડપથી ગરુડના ગર્વને ઉતારનારી માણકીને આમ જ્યારે ખૂબ જ ખેલાવી ત્યારે શ્રીહરિની મૂર્તિ પણ ચંચળ દેખાતી હતી અને તેમના ઉદર ઉપરની ત્રિવળી પણ કંપનથી અત્યંત શોભતી હતી. ॥૩૬॥

શ્રીહરિ માણકીને ખેલાવતા હતા. મસ્તક ઉપરની પાઘમાં ઊછળતા છોગાની શોભા અનેરી હતી. તેને દેખીને ભક્તો ચંદ્રને દેખીને ચકોર પક્ષીની જેમ આનંદ

तदा तद्गतिवेगेन वेष्टनात्पतितैर्हरेः ।
विरेजे शेखरैर्हारैः सालङ्कारेव सा क्षितिः ॥३८॥
तांस्तु भक्तजनास्तस्य धावन्तो जग्रहुर्द्रुतम् ।
यूथशस्ते प्रपश्यन्तस्तं तृप्तिं नैव लेभिरे ॥३९॥
तत्र निम्बतरोस्तस्य समन्तादक्षरात्मनः ।
मण्डलाकारतो वाहां तां स व्यभ्रामयद्धरिः ॥४०॥
स्वर्णकिङ्किणिकाराजत्सिञ्जन्नूपुरशालिनी ।
भ्रमन्ती सा भृशं रेजे वात्याचारुत्वतर्जिनी ॥४१॥
राजंस्तया हरिरचीकरदीक्षणीयां यां हि भ्रमिं सुचतुरो बहुलक्रियासु ।
तां वीक्ष्य वायुरधुनाऽपि वितत्य वात्यामभ्यासमाप्तुमिह तां विदधात्यजस्रम् ॥
सर्वेश्वरेशपुरुषोत्तमसङ्गतायाः श्रीमत्क्वणच्चरणनूपुराजितायाः ।

પામતા હતા. ॥૩૭॥

તે વખતે માણકીની ગતિના વેગથી શ્રીહરિની પાઘમાંથી નીકળીને પડી ગયેલા હાર તથા તોરાઓથી ચારે બાજુ ભૂમિ શણગારી હોય તેમ શોભતી હતી. ॥૩૮॥

પરંતુ તુરંત જ ચારે બાજુથી દોડીને ભક્તજનો તે હાર તોરાને પ્રસાદી જાણીને લઈ લેતા હતા. પછી ટોળેવળીને શ્રીહરિના દર્શન કરતા હતા પણ મનમાં તૃપ્તિ થતી નહોતી. ॥૩૯॥

પછી શ્રીહરિએ અક્ષરસ્વરૂપ લીંબડાના ઝાડની ચારે બાજુ ગોળાકારે માણકીને ઘુમાવી. ॥૪૦॥

માણકી સોનાની ઘુઘરિયો વાળા, મનોહર, ઝણઝણાટી કરતા ઝાંઝરથી દીપતી હતી. વાવાઝોડાના વેગને પણ અવગણતી તે ચારે બાજુ ઘૂમતી ઘૂમતી અતિશય શોભતી હતી. ॥૪૧॥

હે રાજન્ ! અનેક ક્રિયાઓમાં અત્યંત ચતુર શ્રીહરિએ માણકીને કુંડાળામાં જે જે દર્શનીય રીતે ચલાવી તેને જોઈને વાયુ આજે પણ વંટોળિયાને વિસ્તારીને તેવી ગતિ મેળવવા સતત અભ્યાસ કરી રહ્યો છે. ॥૪૨॥

સર્વાધીશ્વર પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સુયોગને પામેલી અને સુંદર ઝણઝણાટીનો અવાજ કરતા પગમાં પહેરેલા ઝાંઝરથી શોભતી માણકી

यस्या विलोक्य जवसौष्ठवमद्वितीयं गर्वं मनोऽपि विजहौ निजवेगजातम्।
नानाविधाऽखिलगतिस्थिरदक्षताया यस्या निरीक्ष्य परिवर्तनमेव रम्यम्।
वाहा रवेरपि सदा गगने भ्रमन्तो भूयांसमापुरपि विस्मयमप्युदारम् ॥४४॥
ललितकाञ्चनवल्गितवल्गाया लसितचञ्चलवामकराम्बुजः ।
स दधदन्यकरे च हिरण्मयीं वरकशां समराजदधीश्वरः ॥४५॥
रुचिरकेसरचन्दनचर्चितश्चपलवेष्टनमध्यसुशेखरः ।
कटितटारुणहेममयाम्बरो विविधमाल्यविभूषणभूषितः ॥४६॥
विपुलचञ्चलशालिविलोचनो मधुरहास्यवदास्यमनोहरः ।
विलुलितालकनीलसुवल्लरी वलितलोक्यकपोलसुमण्डलः ॥४७॥
मकरकेतनकृन्तनकारिणीं विचलयन् भृकुटीं वरभङ्गुराम् ।
वरहयीजवविभ्रमणोच्चलल्ललितमाल्यसुमञ्जुलकुण्डलः ॥४८॥

ઘોડીના અનુપમ વેગની ભવ્યતાને જોઈને મનનો 'પોતે વેગીલું' છે આવો ગર્વ ઊતરી ગયો. ॥૪૩॥

અનેક પ્રકારની વિવિધ ગતિઓની સ્થિરતા લાવવામાં કુશળ માણકીનું પરિવર્તન (પાછું વળવું) જોઈને સદા આકાશમાં ચાલ્યા જતા સૂર્યના ઘોડાઓ પણ અત્યંત વિસ્મય પામ્યા. ॥૪૪॥

સર્વાધીશ્વર શ્રીહરિએ સુંદર ચપળ ડાબા કરકમળમાં મનોહર સોનાની ચંચળ લગામ પકડી હતી. તથા તેમના જમણા હાથમાં સોનેરી ચાબુક વિરાજતી હતી. ॥૪૫॥

સુંદર કેસર મિશ્રિત ચંદનની અર્ચા શ્રીહરિને કરેલી હતી. પાઘમાં સુંદર તોરો ઝૂકી રહ્યો હતો. કમરે લાલ રંગનું સોનેરી રેશમી વસ્ત્ર પહેર્યું હતું. અનેક પ્રકારના ફૂલહાર તથા ઘરેણાઓથી પોતે અલંકૃત હતા. ॥૪૬॥

તેમના નેત્ર અત્યંત ચપળ અને સુંદર હતા. સુમધુરભાવે હસતા મુખથી ભક્તોના મનને આકર્ષતા હતા. શ્યામ શિખારૂપી વેલ લહેરાતી હતી. હસતી વેળાએ ગાલમાં પડતા ખાડા સુંદર જણાતા હતા. ॥૪૭॥

શ્રીહરિ કામવાસનાને કાપનારી સુંદર વાંકડી ભૃકુટિને ફેરવતા હતા. શ્રેષ્ઠ માણકી વેગથી ચાલતી હતી ત્યારે તેમના કંઠમાં પહેરેલો ફૂલહાર અને સુંદર કુંડળ ઊછળતા હતા. ॥૪૮॥

विविधसन्मणिहेमविभूषणप्रवरवस्त्रचलद्वडवास्थितः ।
सतडिदिन्द्रधनुर्युतनूतनप्रचलमेघसमानकलेवरः ॥४९॥
श्रमजनीरपृषन्नवमौक्तिकैर्भृशमलङ्कृतमेव तदाननम् ।
हिमसुनिर्मलबिन्दुसमाकुलं विकसितं जलजं समतर्जयत् ॥५०॥
दिवि सुरास्त्वपि वीक्ष्य हरेर्वरां सुवडवापरिखेलनचातुरीम् ।
निजविमानजवस्मयवर्जिता ययुरनल्पतरं ननु विस्मयम् ॥५१॥
ततः फुत्कारसंयुक्तां फेनिलास्यां श्रमातुराम् ।
विलोक्य स्विन्नगात्रां तां तस्याश्चोत्तरति स्म सः ॥५२॥
अथाऽऽगत्यासने स्वीये स न्यषीदन्मनोहरे ।
ततस्तं वीजयामास व्यजनेनोत्तमो नृपः ॥५३॥
पार्षदाश्चापि भूयांसस्तालवृन्तैस्तमच्युतम् ।
प्रेयांसं वीजयामासुः सर्वाधीशं महादरात् ॥५४॥
नृनाट्यं सोऽनुकुर्वाणः परिश्रान्त इव प्रभुः ।

જાત જાતના મણિ જડેલા સોનાના ઘરેણા અને ઉત્તમ વસ્ત્ર પહેરીને શ્રીહરિ માણકી ઉપર સવાર થયા હતા. ત્યારે તેમનું સ્વરૂપ વીજળી અને ઈંદ્રધનુષ સાથેના ચાલતા શ્યામ વાદળા જેવું સુંદર દેખાતું હતું. ॥૪૯॥

પરસેવાના બિંદુ રૂપી ચમકતા મોતીથી અલંકૃત શ્રીહરિનું મુખ, શુદ્ધ હિમ કણોથી ભરેલા પ્રફુલ્લિત કમળ કરતા પણ વિશેષ શોભતું હતું. ॥૫૦॥

તે સમયે આકાશમાં દેવતાઓ આવ્યા હતા. તેમણે શ્રીહરિની માણકીને ખેલાવવાની નિપુણતા દેખી, તેથી તેમનો પોતાના વિમાનના વેગનો ગર્વ ઊતરી ગયો અને ખૂબ જ વિસ્મય પામ્યા. ॥૫૧॥

માણકી ફૂંફવાડા મારતી હતી. મુખમાં ફીણ આવી ગયા હતા. તેનું શરીર પરસેવાથી પલળી ગયું હતું, માનો તે થાકી ગઈ હતી. આમ જોઈને શ્રીહરિ નીચા ઊતરી ગયા. ॥૫૨॥

પછી શ્રીહરિ આવીને પોતાના મનોહર આસન ઉપર વિરાજમાન થયા. ત્યારે શ્રીદાદા ખાચર હાથમાં વીંજણો લઈને પવન ઢોળવા લાગ્યા. ॥૫૩॥

ઘણા પાર્ષદો પણ હાથમાં અલગ અલગ વીંજણો લઈને સર્વાધીશ અવિકારી શ્રીહરિને અતિ આદરભાવથી વીંઝવા લાગ્યા. ॥૫૪॥

याचित्वा स्वाश्रिताऽऽनीतं मृष्टं मिष्टं न्यपाज्जलम् ॥५५॥
अथेत्यूचे हरिः स्वीयान् पार्षदान् स्वानुवर्त्तिनः ।
वाहां भूरिश्रमामेतां वीजयध्वं हि पार्षदाः ! ॥५६॥
ततस्तस्याऽऽज्ञया राजंस्तेऽश्विनीं कतिचिच्च ताम् ।
वीजयाञ्चक्रिरे प्रीत्या वाजिनीजात्यलङ्कृतिम् ॥५७॥
तेऽथ तस्याऽऽज्ञयोत्तार्य पल्यानाद्यं च पार्षदाः ।
अम्भस्युन्मत्तगङ्गायास्तां पुण्येक्षामसिस्नपन् ॥५८॥
एवं स खेलयामास नानालङ्कारभास्वराम् ।
दशावर्त्तवतीं शुक्तित्रयोपेतां सुलक्षणाम् ॥५९॥
बिभ्रदेवं नवान् वासोलङ्कारान् स क्वचित् क्वचित् ।
राज्ञस्तस्याङ्गणे लक्ष्मीवाटिकायां च भूपते ! ॥६०॥
दुर्गपुर्युपशल्ये च राधावाट्यां च भूषितान् ।
नानासद्गतिभिर्वाहा वाजिनश्चाप्यखेलयत् ॥६१॥

પ્રભુ થાકી ગયા હોય તેમ મનુષ્ય લીલા કરતા હતા. પીવાનું પાણી મગાવ્યું સેવકે મીઠું ઠંડું પાણી લાવી આપ્યું તે પીધું. ॥૫૫॥

પછી શ્રીહરિએ આજ્ઞાંકિત પોતાના પાર્ષદોને કહ્યું, ‘‘હે પાર્ષદો ! આ માણકીને ઘણો શ્રમ થયો છે, માટે તેને વીંજણો લઈને પવન નાખો.’’ ॥૫૬॥

હે રાજન્ ! પછી શ્રીહરિની આજ્ઞાથી કેટલાક પાર્ષદોએ ઘોડાની જાતમાં ઘરેણા જેવી ગણાતી માણકી ઘોડીને વીંજણાથી પવન નાખ્યો. ॥૫૭॥

શ્રીહરિના કહેવાથી પાર્ષદોએ ઘોડી ઉપરથી પલાણ વગેરે ઉતારી લીધું અને પુણ્યદર્શન દેખાતી તે ઘોડીને ઉન્મત્ત ગંગાએ લઈ જઈને નવડાવી. ॥૫૮॥

માણકીના શરીર ઉપર રુંવાડાની દસ ભમરીઓ અને ત્રણ શુક્તિઓ (રુંવાડાનું છીપ જેવું ચિહ્ન) હતી. અનેક પ્રકારના અલંકારથી તે દીપતી હતી. અને તે શુભ લક્ષણવાળી હતી. શ્રીહરિએ તેને ઉપર કહ્યા પ્રમાણે ખેલાવી. ॥૫૯॥

હે રાજન્! આ રીતે કોઈ કોઈ વાર શ્રીહરિ સારા નવા વસ્ત્રાલંકાર પહેરીને દરબારગઢમાં, લક્ષ્મીવાડીએ, ગામને સીમાડે અને રાધા વાવે લઈ જઈને સારી ઘોડીઓને અને ઘોડાઓને વિવિધ પ્રકારની ‘ચાલો’ ચલાવીને ખેલાવતા હતા. ॥૬૦-૬૧॥

इयं त्वेकदिनस्योक्ता दिव्या लीला मयेति ते ।
तस्य शक्नोमि नाऽहं ताः सर्वा वर्णयितुं शुभाः ॥६२॥
अवतारी स्वयं साक्षात्पूर्णकामोऽपि स प्रभुः ।
स्वीयभक्तसुखायैवं व्यधाल्लीलां सुमङ्गलाम् ॥६३॥
स्वमूर्त्तिस्मरणायेत्थं स्वभक्तानां मुहुर्मुहुः ।
वाहखेलनसल्लीलां सोऽकरोत् प्रेक्षणोचिताम् ॥६४॥
इति मनुजपते! स धर्मसूनुर्हरिरनिशं निखिलाऽऽवतारहेतुः ।
भवदवशमनैः शुभैश्चरित्रैर्मुदमदिशद्विविधैर्निजाश्रितेभ्यः ॥६५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतमाणिक्याश्विनीखेलनादिनिरू पणं नाम चतुर्दशोऽध्यायः ॥१४॥

अथ पञ्चदशोऽध्यायः

चतुष्के मल्लयुद्धं च पञ्चदशे व्यदर्शयत् ।
अक्षरं ललिताजयोत्तमानां ललितागृहे ।

श्रीशुकानन्द उवाच –

में तमने आ एक दिवसनी ज दिव्य लीला कही छे. बधी ज ते शुभ लीलाओने हुं कही शकुं तेम नथी. ॥६२॥

અવતારી પ્રભુ શ્રીહરિ સ્વયં પૂર્ણકામ છે. છતાં પોતાના ભક્તોને સ્વસ્વરૂપના સંબંધથી સુખી કરવા માટે આવી મંગળમય લીલાઓ કરતા હતા. ॥૬૩॥

શ્રીહરિ ભક્તોને પોતાની મૂર્તિનું કાયમ સ્મરણ રહે તેટલા માટે દર્શનીય ઘોડા ખેલાવવાની લીલા વારેવારે કરતા હતા. ॥૬૪॥

હે રાજન્ ! આ પ્રમાણે સર્વ અવતારનું કારણ ધર્મપુત્ર શ્રીહરિ સંસારના તાપને શમાવનારા વિવિધ પ્રકારના શુભ ચરિત્ર નિરંતર કરીને પોતાના આશ્રિત ભક્તોને અતિશય આનંદ આપતા હતા. ॥૬૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૪ સમાપ્ત.

तत्राऽथ सोऽकरोन्मूकं भाषिणं स्वौजसा हरिः ।
राजन् ! पङ्गुं निजं भक्तं गच्छन्तं स व्यधात् प्रभुः ॥१॥
इत्थमाश्चर्यकृद्भद्रं निजैश्वर्यं परं हरिः ।
उत्तमक्ष्मेशमुख्येभ्यः स्वभक्तेभ्यो व्यदर्शयत् ॥२॥
तत्र मल्लैर्निजैर्भक्तैर्मल्लक्रीडां विभुर्हरिः ।
कारयामास तेभ्योऽदात्पारिबर्हं यथोचितम् ॥३॥
तिष्ठंस्तस्यां हरिर्वेद्यां रङ्गक्रीडां मनोहराम् ।
अकार्षीत् स्वाश्रितैर्भक्तैस्तानानन्दयितुं भृशम् ॥४॥
तदाऽत्यार्द्रीकृतो भक्तैरु त्क्षिप्तैरङ्गवारिभिः ।
आरु क्षन्निम्बवृक्षं तं शीतार्तो व्याकुलो हरिः ॥५॥
प्राग्द्वारस्याऽस्ति या रम्या गर्भागारस्य भूपते ! ।
बहिःशाला तथा वेदी याऽस्ति निम्बतरोरधः ॥६॥
तयोर्मध्ये स पर्यङ्के तूलिकाद्यैर्युते हरिः ।

અધ્યાય - ૧૫

જીવુબા, લાડુબા અને શ્રીદાદાખાચરને અક્ષરધામ દર્શન

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી ત્યાં પ્રભુ શ્રીહરિએ પોતાના પ્રતાપથી મૂંગા ભક્તને બોલતો કર્યો અને પાંગળાને ચાલતો કર્યો હતો. ॥૧॥

આ રીતે શ્રીહરિએ શ્રીદાદાખાચર વગેરે નિજભક્તોને વિસ્મયકારી મંગળમય સર્વોત્તમ ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૨॥

સર્વશક્તિમાન્ શ્રીહરિએ ત્યાં પોતાના ભક્ત મલ્લોને રમાડ્યા હતા. પછી તેમને યોગ્યતા પ્રમાણે ઈનામો આપ્યા હતા. ॥૩॥

શ્રીહરિએ તે ઓટલા ઉપર ઊભા રહીને, ભક્તોને આનંદ આપવા માટે, તેમની સાથે અતિશય મનોહર રંગક્રીડા કરી હતી. ॥૪॥

ભક્તોએ મળીને ખૂબ જ રંગનું પાણી શ્રીહરિ ઉપર છાંટ્યું. તેઓ સ્વયં અતિશય ભીંજાઈ ગયા, ઠંડી લાગી, આથી અકળાઈને લીંબડા ઉપર ચઢી ગયા. ॥૫॥

હે નૃપ ! ઉગમણા બારના ઓરડાની ઓસરી અને નિંબ વૃક્ષ નીચેનો ઓટો,

निषीदन् कर्हिचिद्दिव्यं चरित्रं चाद्भुतं व्यधात् ॥७॥
गर्भागारात्ततो रम्याच्चारु निम्बतरोस्तथा ।
प्राचेतस्यां किलाऽऽशायां महत्यासीत् खनिर्नृप ! ॥८॥
चतुष्के पूर्वदिग्द्वारगर्भागारत उत्तमे ।
सोऽखेलयद्धरिर्वाहां निम्बवृक्षान्तिके तथा ॥९॥
अस्मान्निम्बद्रुमात्प्राच्यां चतुष्के यवनाधिपम् ।
हरिः पिङ्गाम्बरान् कञ्चिच्चतुर्विंशतिमैक्षयत् ॥१०॥
चतुष्के निम्बसद्वृक्षाद्दिश्युदिच्यामदर्शयत् ।
तीर्थङ्करान् स जैनाय चतुर्विंशतिमीशिता ॥११॥
इत्थमात्मीयभक्तानामानन्दं प्रथयन् हरिः ।
आश्चर्यकृन्निजैश्वर्यं दिव्यं ताभ्यामदर्शयत् ॥१२॥
पिचुमन्दद्रुमादस्माद्दक्षिणस्यां दिशि प्रभुः ।
चतुष्के सोऽकरोद्दिव्यं चरित्रं पावनं हरिः ॥१३॥

આ બેની વચ્ચેની જગ્યામાં ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા પલંગ ઉપર ક્યારેક વિરાજમાન થઈને શ્રીહરિએ અદ્‌ભુત દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૬-૭॥

હે નૃપ ! ઉગમણા બારના ઓરડાની આગળ અને સુંદર નિંબવૃક્ષથી પશ્ચિમ તરફ અનાજ ભરવાની મોટી ખાણ હતી. ॥૮॥

ઉગમણા બારના ઓરડાથી આગળ સુંદર ચોકમાં અને નિંબવૃક્ષને નજીક શ્રીહરિ માણકી ઘોડીને ખેલાવતા હતા. ॥૯॥

શ્રીહરિએ નિંબવૃક્ષથી પૂર્વ તરફના ચોકમાં કોઈ મુસલમાન અલી મહમદને તેના ૨૪- પેગંબરોના દર્શન કરાવ્યા હતા. ॥૧૦॥

પરમેશ્વર શ્રીહરિએ નિંબવૃક્ષથી ઉત્તર તરફના ચોકમાં કોઇ એક જૈનને ૨૪-તીર્થંકરોના દર્શન કરાવ્યા હતા. ॥૧૧॥

આમ પોતાના ભક્તોને આનંદ આપતા શ્રીહરિએ પોતાનું આશ્ચર્યકારી દિવ્ય ચરિત્ર તે બન્ને-મુસલમાનને તથા જૈન-ને બતાવ્યું હતું. ॥૧૨॥

પ્રભુ શ્રીહરિએ નિંબવૃક્ષથી દક્ષિણ તરફના ચોકમાં પરમ પવિત્ર દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૧૩॥

राजदुर्गेऽत्र येऽभूवन्नुदीच्यां दिशि भूपते ! ।
दक्षिणाशावरद्वारा गर्भागारा विराजिताः ॥१४॥
तत्र वै ललिताराजद्गर्भागारे व्यदर्शयत् ।
तस्यै जयोत्तमाभ्यां च स स्वैश्वर्यमिति प्रभुः ॥१५॥
तदिच्छाऽऽत्तसमाधौ ते गोलोकाख्यस्य भास्वतः ।
धाम्नो मध्येऽक्षरं दिव्यं व्यपश्यन् धाम भास्वरम् ॥१६॥
तत्र सिंहासनं हैमं नद्धदिव्यमणिप्रभम् ।
दिव्यं चालोकयन् रम्यं भूरितेजोमयं च ते ॥१७॥
अथ विलसति तत्र ते निषण्णं शुभनिलयं समलोकयन् मनोज्ञम् ।
हरिमतिरमणीयदिव्यमूर्तिं सदवयवैरतुलैर्विराजमानम् ॥१८॥
निखिलभुवनचारु तावितर्जं खचितसुदिव्यमणीन्द्रहेमभूषाः ।
वरतरवसनानि चादधानं कनकमयं मणिभास्वरं किरीटम् ॥१९॥
युगपदुदितकोटिकोटिभास्वत्तुहिनकराधिकतेजसां निधानम् ।

આ દરબારગઢમાં નિંબવૃક્ષથી ઉત્તર દિશામાં દક્ષિણાદા બારના જે મનોહર ઓરડાઓ હતા. ॥૧૪॥

ત્યાં લાડુબાના ઓરડામાં, તેમને તથા જીવુ બા અને શ્રીદાદા ખાચરને પ્રભુ શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૧૫॥

શ્રીહરિની ઈચ્છાથી તે ત્રણેયને સમાધિ થઈ. તેજસ્વી ગોલોક ધામના મધ્યમાં સહુથી અધિક તેજસ્વી દિવ્ય અક્ષર ધામના તેમને દર્શન થયા. ॥૧૬॥

ત્યાં તેમણે જડેલા દિવ્ય મણિઓથી ચમકતું, અતિશય તેજોમય, રમણીય દિવ્ય સોનાનું સિંહાસન દેખ્યું. ॥૧૭॥

તે સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિના દર્શન ત્રણેયને થયા. શ્રીહરિની મૂર્તિ શુભ ગુણોનો આશ્રય હતી તે મનોજ્ઞ અતિ રમણીય અને દિવ્ય હતી. પ્રમાણસરના અનુપમ અવયવોથી શોભતી હતી. ॥૧૮॥

અખિલ વિશ્વનું સૌંદર્ય તેની આગળ ઝાંખું થઇ ગયું હતું. દિવ્ય શ્રેષ્ઠ રત્ન જડેલા સોનાના અલંકાર પહેર્યા હતા. સર્વશ્રેષ્ઠ વસ્ત્ર પહેર્યા હતા. હીરાઓથી ઝળહળતો સોનાનો મુકુટ મસ્તક ઉપર હતો. ॥૧૯॥

એકીસાથે ઉદય પામેલા કરોડો તેજસ્વી સૂર્ય ચંદ્રના કિરણો કરતા પણ

विविधमणिसुवर्णभूषणेषु श्रियमतुलां जनयन्तमङ्गलक्ष्म्या ॥२०॥
निजरु चिरतैकसत्प्रतीकप्रचुरतराऽनुपमश्रिया हरन्तम् ।
पुरुतरमदकोटिकोटिकामस्मयमजमुख्यपराभवप्रजातम् ॥२१॥
प्रकृतिभवगुणैरपेतमीशं परमशुभैश्च गुणैर्युतं सुदिव्यैः ।
भवभयभिदुरैरनन्यसाम्यैर्हितरतसज्जनवाञ्छितैरसङ्ख्यैः ॥२२॥
स्मितमधुरनिजाननोरु लक्ष्म्या बहुनलिनोडुपतीन् वितर्जयन्तम् ।
बहुलशकुलखञ्जनोत्पलाऽलीन् सुललितलोचनतो विलज्जयन्तम्
प्रकृतिपुरु षभीमकालमायारविशशिमुख्यनियामकं स्वतन्त्रम् ।
अगणितभुवनोद्भवादिलीलं परमसुखैकमहोदधिं प्रशान्तम् ॥२४॥
कुसुमरु चिरहारशेखरादीन् दधतमुदारदयामृतार्द्रदृष्टिम् ।

અધિક તેજોમય મૂર્તિ, વિવિધ પ્રકારના મણિઓથી જડિત સોનાના અલંકારોમાં પોતાના અવયવોની અપાર સુંદરતાથી અમાપ શોભાને ઉત્પન્ન કરતી હતી. ॥૨૦॥

પોતાના અતિ ભવ્ય (એક પ્રતીક જેવા) અંગોની અત્યધિક અનુપમ સુંદરતાથી, બ્રહ્મા આદિને પરાજિત કરવાથી ઊપજેલા કરોડો કામદેવના ગર્વને તે મૂર્તિ ઉતારી દેતી હતી. ॥૨૧॥

આ શ્રીહરિની મૂર્તિ માયાના સાત્ત્વિક, રાજસ અને તામસ, ત્રણેય ગુણોથી રહિત હતી અને દિવ્ય સદ્‌ગુણોથી યુક્ત હતી. તે બધા સદ્‌ગુણ પરમ શુભ, સંસારના ભયનો નાશ કરનારા, અનુપમ, કલ્યાણનું સાધન કરનારા સત્પુરુષોએ ચાહેલા તથા અસંખ્ય હતા. ॥૨૨॥

મંદ હાસ્યથી મધુર જણાતા શ્રીહરિના મુખની અપાર સુંદરતા આગળ અનેક કમળ તથા ચંદ્રમા પણ અપમાનિત થઈ જતા હતા. તેમની સુંદર ચંચળ આંખો આગળ અનેક માછલાં, ખંજન પક્ષી, કમળ અને ભમરાઓ શરમાઈ જતા હતા. ॥૨૩॥

શ્રીહરિ, પ્રકૃતિ, પુરુષ, ભયાનક કાળ, માયા, સૂર્ય અને ચંદ્રમા આદિના નિયામક છે, સ્વયં સ્વતંત્ર છે, અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેમની લીલા છે. પરમ સુખના મહાસાગર છે અને અતિ પ્રશાંત મૂર્તિ છે. ॥૨૪॥

ફૂલના સુંદર હાર અને તોરાઓ ધારણ કર્યા છે. ઉદારતા ભરેલી અને દયાથી ભીંજાયેલી દૃષ્ટિ છે. અનુપમ અક્ષર મુક્તોથી વીંટાયેલા અને મૂર્તિમાન

परिवृतमतुलाऽक्षराख्यमुक्तैर्निगमगणैर्विनुतं च मूर्तिमद्भिः ॥२५॥
जननयनमनःप्रहर्षरू पं ललितसुभद्रगभीरनाभिकूपम् ।
वरचरणनमन्मुनीन्द्रभूपं मृदुलतराङ्घ्रिविराजितोरु चिह्नम् ॥२६॥
इति परमतरश्रियं दधानं तमतिसुखप्रदपुण्यभद्रवीक्षम् ।
मुदमतिशयिनीं विलोक्य राजन् ! हरिनिरता ययुरच्युतप्रियास्ते ॥२७॥
तेभ्यः प्रदाय स इति स्वसुदिव्यरू पप्रेक्षासुखं करु णयैव मुहूर्तयुग्मम् ।
अन्यैर्दुरापमपि तापसलिप्स्यमानं सद्यो बभूव मनुजाऽऽकृतिरात्मतन्त्रः॥
स्वेभ्यः प्रदर्शितमुदारमिति प्रकामं स्वैश्वर्यमेतदतुलं हरिणा प्रियेण ।
आलोक्य विस्मयमुदारतरं गतास्ते प्रोचुर्मुदा हरिपदाश्रयवज्जनेभ्यः ।२९।

વેદોએ સ્તુતિ કરાયેલા છે. ॥૨૫॥

તેમનું રૂપ લોકોની આંખોને અને મનને આનંદ આપનારું છે. રમણીય અને મંગળમય તેમની ગંભીર નાભિ છે. મોટા મોટા મુનિઓ અને રાજાઓ તેમના ચરણમાં નમી પડે છે. અત્યંત સુકોમળ ચરણકમળમાં શોભા સંપન્ન ઘણા(૧૬)ચિહ્ન છે. ॥૨૬॥

તેમના દર્શન અતિશય સુખકારી, પુણ્યરૂપ અને મંગળમય છે, અને સર્વોત્તમ શોભાને ધારી રહ્યા છે. હે રાજન્ ! ભગવત્પરાયણ અને ભગવાનના અતિ પ્રિય તે ભક્તો ઉપર કહ્યા મુજબના ભગવાન્ શ્રીહરિના દર્શન કરીને ખૂબ જ આનંદિત થયા. ॥૨૭॥

સ્વતંત્ર આવા શ્રીહરિએ, બીજાને અતિ દુર્લભ તથા તપસ્વીઓ પણ જે સુખની સતત ઈચ્છા રાખે છે આવું પોતાના દિવ્ય સ્વરૂપના દર્શનનું સુખ શ્રીદાદા ખાચર, જીવુબા અને લાડુબાને બે મુહૂર્ત (દોઢ કલાકથી પણ વધારે) સુધી દયા કરીને આપ્યું, પછી તત્કાળ મનુષ્યરૂપમાં થયા. ॥૨૮॥

ભક્તોના પ્રિય શ્રીહરિએ આ પ્રમાણે પોતાનું અનુપમ ઉદાર ઐશ્વર્ય પોતાના ભક્તોને ખૂબ જ બતાવ્યું. તે ઐશ્વર્ય પ્રતાપના દર્શન કરીને શ્રીદાદાખાચર વગેરે ઘણું જ આશ્ચર્ય પામ્યા અને પછી શ્રીહરિના ચરણારવિંદના આશ્રિત બની બધા ભક્તોને આનંદથી તે બધી વાત કરી. ॥૨૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૫ સમાપ્ત.

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितैश्वर्यादिनिरू पणं नाम पञ्चदशोऽध्यायः ॥१५॥

अथ षोडशोऽध्यायः

उत्तमेनाऽऽर्थितो धार्मिर्गोपीशमन्दिरं व्यधात् ।

अत्र मन्दिरतीर्थानां निर्देशःषोडशे कृतः ॥

श्रीशुकानन्द उवाच–

अथोत्तमाभिधो राजा नित्यदाऽनुव्रतो हरिम् ।
प्रीत्येत्थं प्रार्थयाञ्चक्रे सादरं तं कृताञ्जलिः ॥१॥
राजदुर्गेऽत्र मे स्वामिन् ! रम्यं कारयितुं वरम् ।
अर्हस्यतुल्यवीर्यस्त्वं श्रीगोपीनाथमन्दिरम् ॥२॥
मनस्येवं हि संकल्पः सकुटुम्बस्य मे हरे! ।
अस्ति सत्यव्रतो हि त्वं पूर्णीकर्तुं तमर्हसि ॥३॥
ततो दक्षिणदिग्द्वारानुत्तरस्यां दिशि स्थितान् ।
गर्भागारान् स भक्तैः स्वैः पातयामास भूपते! ॥४॥

અધ્યાય - ૧૬
શ્રીગોપીનાથજી મહારાજ અને નિજમંદિર

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીદાદાખાચર હમેશાં શ્રીહરિની અનુવૃત્તિમાં રહેતા હતા. એક વખતે તેમણે બે હાથ જોડીને પ્રેમથી આદર સાથે શ્રીહરિની પ્રાર્થના કરી ॥૧॥

હે સ્વામિન્ ! આપની શક્તિ અમાપ છે તો આપ આ અમારા દરબાર ગઢમાં એક રમણીય સારું શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવો. ॥૨॥

હે હરે ! મારા મનમાં અને મારા કુટુંબીઓના મનમાં આવો એક સંકલ્પ રહ્યા કરે છે. આપ ભક્તોની ભાવનાને પૂર્ણ કરનારા સત્યવ્રત છો. તો અમારા સંકલ્પને પૂર્ણ કરો. ॥૩॥

હે રાજન્! આ પછી શ્રીહરિએ દરબારગઢના ચોકમાં ઉત્તર તરફના દક્ષિણાદાબારના ઓરડાઓને પડાવી નાખ્યા. ॥૪॥

अथैतन्मन्दिरं राजन्! गोपीनाथस्य शिल्पिभिः ।
श्रीहरिः शिल्पशास्त्रज्ञैर्भूरिशोभं व्यधापयत् ॥५॥
तदोत्तमाख्यभूपाय जयायै चित्रकृत्तथा ।
सोऽदीदृशन्निजैश्वर्यं पुण्यं श्रव्यं शुभं हरिः ॥६॥
जाते तस्मिंस्ततः पूर्णे संराजच्छिखरत्रये ।
चारु सिंहासनोपेते सर्वाश्चर्यमये शुभे ॥७॥
मन्दिराणां हरिस्तेषु दिव्यसिंहासनेषु सः ।
न्यषीददुत्तमक्ष्मेशप्रार्थ्यमानो दयोदधिः ॥८॥
सोऽतिष्ठिपद्यथाशास्त्रं मन्दिरेषु ततस्त्रिषु ।
गोपीनाथादिसन्मूर्तीर्मुक्त्यर्थं प्राणधारिणाम् ॥९॥
गोपीनाथस्य तत्राऽर्च्चां मध्यमे मन्दिरे हरिः ।
स्वतुल्याऽवयवौन्नत्यां राधायुक्तां व्यतिष्ठिपत् ॥१०॥
अथ श्रीहरिकृष्णस्य तत्र मूर्तिं मनोहराम् ।

હે રાજન્ ! પછી શિલ્પ શાસ્ત્રમાં નિષ્ણાત કારીગરો પાસે શ્રીહરિએ અત્યંત સોહામણું આ શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવ્યું. ॥૫॥

તે સમયે શ્રીહરિએ શ્રીદાદા ખાચરને તથા જીવુબાને , સહુએ સાંભળવા જેવું, મંગળમય, પવિત્ર અને આશ્ચર્યકારી પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૬॥

શ્રીગોપીનાથજી મહારાજના મંદિરના ત્રણ શિખર સુંદર શોભતા હતા. તેમાં રમણીય સિંહાસન ગોઠવ્યા હતા. મંદિર સૌને આશ્ચર્ય પેદા કરે તેવું તથા શુભ હતું. ॥૭॥

દયાસાગર શ્રીહરિ દરબાર શ્રીદાદાખાચરની પ્રાર્થનાથી મંદિરના તે દિવ્ય સિંહાસનો માં વિરાજ્યા હતા. ॥૮॥

પછી શ્રીહરિએ સર્વ દેહધારી જીવોના મોક્ષ માટે શ્રીગોપીનાથજી મહારાજ આદિ શુભ મૂર્તિઓની ત્રણેય મંદિરમાં શાસ્ત્રાનુસારે પ્રતિષ્ઠા કરી. ॥૯॥

તેમાં વચ્ચેના મંદિરમાં શ્રીહરિએ ઉંચાઈમાં અને અવયવોના પ્રમાણમાં બરાબર પોતાના જેવી જ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ રાધિકાજીની સાથે પધરાવી. ॥૧૦॥

रघुवीराभिधाचार्यो निजप्रेष्ठामतिष्ठिपत् ॥११॥
द्वितीयेऽतिष्ठिपद्रम्ये मन्दिरे सादरं हरिः ।
मूर्तिं श्रीवासुदेवस्य तथाऽर्चे भक्तिधर्मयोः ॥१२॥
तृतीये मन्दिरे सूर्यमूर्तिं सोऽतिष्ठिपत्ततः ।
कृष्णार्चां रघुवीराऽऽर्यो भ्राजमानामतिष्ठिपत् ॥१३॥
मूर्तिं श्रीबलदेवस्य देशिकेन्द्रः स चोत्सुकः ।
रेवतीप्रतिमां दिव्यां स्थापयामास भूपते ! ॥१४॥
मन्दिराणां हरिः प्रीत्या त्रयाणामवलम्ब्य सः ।
द्वारशाखा मुहुस्तस्थौ पश्यंस्ता मूर्त्तीरुत्तमाः ॥१५॥
मन्दिरद्वारशाखानां सर्वपार्श्वेषु स प्रभुः ।
न्यषीदद्वै मुहुर्धार्मिर्भद्रसद्धर्मवर्धनः ॥१६॥
तत्रैव मन्दिरद्वारशाखापार्श्वसमीपयोः ।
स्तो गणेशमरुत्सून्वोर्गवाक्षौ तत्प्रसादिनौ ॥१७॥

તે જ મંદિરમાં પછીથી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે પોતાના પ્રિય શ્રીહરિકૃષ્ણ મહારાજની મનોહર મૂર્તિ પધરાવી. ॥૧૧॥

તેથી પશ્ચિમતરફના બીજા રમ્ય મંદિરમાં શ્રીહરિએ આદરપૂર્વક શ્રીવાસુદેવનારાયણ, ધર્મદેવ તથા ભક્તિમાતાની મૂર્તિ પધરાવી. ॥૧૨॥

હે રાજન્ ! પૂર્વ તરફના ત્રીજા મંદિરમાં શ્રીહરિએ શ્રીસૂર્યનારાયણ પધરાવ્યા હતા અને તે પછી ઉત્સાહી આચાર્યવર્ય શ્રીરઘુવીરજી મહારાજે શ્રીકૃષ્ણ ભગવાનની તેજસ્વી મૂર્તિ તથા રેવતીજીની સાથે શ્રીબળદેવજીની મૂર્તિ પણ પધરાવી. ॥૧૩-૧૪॥

શ્રીહરિ આ ત્રણેય મંદિરના બાર સાખને વારંવાર ટેકો દઈને પ્રેમથી શ્રેષ્ઠ તે મૂર્તિઓની સામે જોઈને ઊભા રહેતા હતા. ॥૧૫॥

મંગળમય સદ્ધર્મની વૃદ્ધિ કરતા કરાવતા ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ તે મંદિરોના બારસાખની આસપાસના બધા જ ભાગોમાં બેસતા હતા. ॥૧૬॥

મંદિરના બાર સાખના બન્ને પડખાના ભાગમાં શ્રીગણપતિજી અને શ્રીહનુમાનજીને પધરાવેલા છે, તે બન્ને ગોખ પ્રસાદીના છે. ॥૧૭॥

तन्मन्दिराग्रखण्डेषु स न्यषीदन्मुहुस्त्रिषु ।
तत्र मध्यमसत्खण्डे नानाभोज्यान्यभुक्त सः ॥१८॥
तथा तदग्रखण्डेषु स प्रीत्योपाविशत् त्रिषु ।
तत्राऽकरोत् तथा दिव्यं चरित्रं विस्मयावहम् ॥१९॥
याऽस्ति सन्मन्दिरस्याऽन्तर्दिश्यवाच्यां प्रदक्षिणा ।
प्रीत्यैव श्रीहरिस्तस्यां न्यषीदद्धर्मवल्लभः ॥२०॥
यत्राऽस्ति साम्प्रतं रम्यं तच्छय्यामन्दिरं वरम् ।
शिश्ये तत्र हरिश्चित्रं चरित्रं चोत्तमं व्यधात् ॥२१॥
चारु तन्मन्दिरद्वारशाखासामीप्यतः प्रभुः ।
राजन्नुपाविशत्प्रीत्या श्रीहरिर्जीवमुक्तिदः ॥२२॥
अद्य तन्मन्दिरे दिव्ये मारुतिर्यत्र वर्तते ।
स्थाने तत्र हरिः प्रीत्या स न्यषीदन्महीपते ! ॥२३॥
मुकुन्दानन्दवर्णीन्द्रं तदेत्थं सोऽब्रवीन्मुदा ।

ત્રણેય મંદિરના બાર સાખની આગળના ત્રણેય ખંડમાં શ્રીહરિ વારંવાર વિરાજમાન થતા હતા. તેમાં પણ વચલા મંદિરની આગળના ભાગમાં તો અનેક પ્રકારના થાળ પણ જમ્યા હતા. ॥૧૮॥

ત્રણેય ખંડના આગળના ભાગમાં બેસીને તેમણે વિસ્મયજનક દિવ્ય ચરિત્ર પણ કર્યું હતું. ॥૧૯॥

મંદિરના અંદરના ભાગમાં દક્ષિણ તરફ જે પ્રદક્ષિણા છે ત્યાં ધર્મવલ્લભ શ્રીહરિ પ્રેમથી વિરાજમાન થતા (બેસતા) હતા. ॥૨૦॥

આજે જ્યાં પશ્ચિમ તરફના ભાગમાં સુંદર અને શ્રેષ્ઠ સુખશય્યા છે ત્યાં શ્રીહરિ શયન કરતા તથા આશ્ચર્યકારી ચરિત્ર કરતા હતા. ॥૨૧॥

હે રાજન્! જીવોનો મોક્ષ કરનારા પ્રભુ શ્રીહરિ સુંદર સુખશય્યા મંદિરના બારસાખની સમીપે પ્રેમથી વિરાજમાન થતા હતા. ॥૨૨॥

સુખશય્યાના દિવ્ય મંદિરમાં આજે જ્યાં હનુમાનજી મહારાજની મૂર્તિ પધરાવેલી છે, હે રાજન્ ! તે સ્થળે શ્રીહરિ પ્રેમથી વિરાજમાન થયા હતા. ॥૨૩॥

ત્યારે શ્રીહરિએ પ્રેમથી શ્રીમુકુંદાનંદ વર્ણીને કહેલું કે અહીંયાં હનુમાનજીના

अत्र मारु तिरू पेण स्थापनं ते भविष्यति ॥२४॥

स श्रीहरिर्दिशि प्राच्यामन्तरे जालिकास्ति या ।
तत्रैवोपाविशद्धार्मिर्निष्कामस्वाश्रितप्रियः ॥२५॥

तथा यन्मदिरं रम्यं सूर्यनारायणान्तिके ।
तत्राऽतिष्ठद्धरिर्देवप्रतिमा वीक्षितुं प्रभुः ॥२६॥

मन्दिराद्दक्षिणाशायां गवाक्षोऽस्ति महान् वरः ।
स तत्रोपाविशद्रम्ये सद्विचित्रनिवेशने ॥२७॥

अस्ति रू प्यचतुष्की या दिश्युदीच्यां हि मन्दिरात् ।
तस्यां भक्तसभामध्ये न्यषीदत्स्वासने हरिः ॥२८॥

कोणे तस्या दिशि प्राच्यां निजप्रेष्ठान् सतो हरिः ।
नर्मवाक्यैर्मनःकान्तैर्हासयामास सत्पतिः ॥२९॥

मन्दिरस्येन्द्रकाष्ठायां गोपुरो यस्तदग्रतः ।
स्थापितौ यत्र वर्तेते वातपुत्रगणाधिपौ ॥३०॥

રૂપમાં તમારી સ્થાપના થશે. ॥૨૪॥

પોતાના નિષ્કામ ભક્ત જેમને પ્રિય છે આવા ધર્મપુત્ર શ્રીહરિ પૂર્વ તરફ વચ્ચે જે જાળી છે ત્યાં આવીને વિરાજમાન થતા હતા. ॥૨૫॥

પૂર્વ તરફનું જે શુભ મંદિર છે ત્યાં પ્રભુ શ્રીહરિ સૂર્યનારાયણની પાસે દેવપ્રતિમાના દર્શન કરવા માટે ઊભા રહેતા હતા. ॥૨૬॥

મંદિરમાં દક્ષિણ તરફ પાછળના ભાગમાં ઘણો સારો એક મોટો ઝરૂખો છે. વિચિત્ર કળા કારીગરી વાળા તે ભવ્ય ઝરૂખામાં શ્રીહરિ વિરાજમાન થતા (બેસતા) હતા. ॥૨૭॥

મંદિરથી ઉત્તર દિશામાં જે રૂપ ચોકી છે ત્યાં ભક્તજનોની સભામાં સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૨૮॥

રૂપ ચોકીથી પૂર્વ દિશામાં ખૂણા ઉપર સત્પતિ શ્રીહરિ પોતાના વહાલા સંતોને મનોહર નર્મ વચન કહીને હસાવતા હતા. ॥૨૯॥

મંદિરની પૂર્વ દિશામાં જે દરવાજો છે તેની આગળના ભાગમાં જ્યાં શ્રીહનુમાનજીદેવ અને ગણપતિજી દેવ પધરાવ્યા છે. ॥૩૦॥

तत्सन्निधौ स शारद्यां पूर्णिमायां हरिर्मुदा ।
मण्डपं कारयाञ्चक्रे रम्भास्तम्भाद्भुतं शुभम् ॥३१॥

तत्र सिंहासने दिव्ये स्थापयित्वा शुभाकृतिम् ।
श्रीमद्बालमुकुन्दस्य स तत्रोपाविशद्धरिः ॥३२॥

ततस्तस्याऽऽज्ञया सन्तो नानावाद्यानि सादरम् ।
वादयन्तस्त्रियामान्तं जगुः पद्यानि वै हरेः ॥३३॥

एवं महोत्सवं भद्रं शारद्यां श्रीहरिर्विभुः ।
पूर्णिमायां यथाशास्त्रं कारयामास भूपते! ॥३४॥

यत्राऽस्ति मारुते राजन् ! मन्दिरं तत्र वेदिका ।
याऽऽसीत्तत्र हरिः प्राश्नात्स्वादुपक्वफलानि सः ॥३५॥

गणेशमन्दिरात्पूर्वं तत्स्थाने वेद्यभूद्वरा ।
तस्यां निषद्य सत्पीठे श्रीहरिः स्नानमाचरत् ।३६॥

अवाच्यां दिशि या तस्याः सोपानानां सुहस्तिनी ।

તેની પાસે શરદ પૂર્ણિમાને દિવસ શ્રીહરિએ પ્રેમથી કેળના થાંભલા ઊભા કરીને અદ્‌ભુત અને શુભ મંડપ કરાવ્યો હતો. ॥૩૧॥

ત્યાં દિવ્ય સિંહાસનમાં શ્રીમદ્ બાલમુકુંદ ભગવાનની શુભ મૂર્તિ પધરાવીને શ્રીહરિ ત્યાં વિરાજમાન થયા હતા. ॥૩૨॥

પછી શ્રીહરિની આજ્ઞાથી અનેક પ્રકારના વાજિંત્ર આદર સાથે વગાડીને સંતોએ સવાર સુધી કીર્તન ગાયા હતા. ॥૩૩॥

હે રાજન્ ! આ પ્રમાણે મહાસમર્થ શ્રીહરિએ શરદપૂનમને દિવસ શાસ્ત્ર પ્રમાણે શુભ મહોત્સવ કરાવ્યો હતો. ॥૩૪॥

આજે જ્યાં શ્રીહનુમાનજી મહારાજનું મંદિર છે. ત્યાં જે ઓટલો હતો ત્યાં બેસીને શ્રીહરિ સુંદર પાકેલા મીઠા ફળ જમ્યા હતા. ॥૩૫॥

શ્રીહનુમાનજીના મંદિરની સામે આજે જે ગણપતિજીનું મંદિર છે ત્યાં પહેલા સારો એક ઓટો હતો. ત્યાં બાજોઠ ઉપર બેસીને શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૬॥

તે ઓટાથી દક્ષિણ દિશામાં પગથિયા છે. તેની હાથણી (પગથિયા ચઢતી

स निषद्याऽकरोत्तस्यां परीक्षां पादचारिणाम् ॥३७॥

दिशि प्राच्यां च वारुण्यामुत्तरस्यां च मन्दिरात् ।

हस्तिन्यः सन्ति यास्तासु स न्यषीदन्मुहुर्मुहुः ॥३८॥

तथा तत्राऽधिकस्नेहैरात्मनि श्रीहरिर्मुहुः ।

सत्पद्यानि मुदा सद्भिर्गीतिदक्षैरगापयत् ॥३९॥

मन्दिरादुत्तराशायां द्वारि तिष्ठन्मुहुर्हरिः ।

शिक्षयन् स्वान् व्यधाद्भक्तिं गोपीनाथादिदर्शनम् ॥४०॥

अस्ति रू प्यचतुष्की या दिश्युदीच्यां हि मन्दिरात् ।

तस्याः पश्चिमदिक्कोणे स न्यषीदद्विभुर्हरिः ॥४१॥

तस्याश्चोपाविशन्मध्ये पार्श्वे तस्यास्तथा हरिः ।

स्वानुरक्तैर्निजैर्भक्तैर्वेष्टितः स्वेक्षणोत्सुकैः ॥४२॥

वरतराणि स तत्र महीपते! प्रचुरचित्रकराणि मुदा मुहुः ।

सुचरितानि शुभान्यकरोद्धरिर्मुनिनुतानि निजाश्रितसम्मुदे ॥४३॥

વખતે બાજુમાં ટેકા માટે જે હાથ દઈને બેસી શકાય તેવું સરખું સ્થળ કર્યું હોય તે હાથણી કહેવાય) ઉપર બેસીને શ્રીહરિએ પાર્ષદોની પરીક્ષા કરી હતી. ॥૩૭॥

મંદિરના પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફના પગથિયાની હાથણીઓ ઉપર શ્રીહરિ વારંવાર બેસતા હતા. ॥૩૮॥

તેમજ પોતાના ઉપર હેતવાળા કુશળ ગાયક સંતોને ત્યાં બેસાડીને તેમની પાસે પ્રેમથી સુંદર કીર્તન ગાન કરાવતા હતા. ॥૩૯॥

શ્રીહરિ મંદિરના ઉત્તર તરફના દરવાજામાં વારંવાર ઊભા રહીને પોતાના ભક્તોને ભક્તિની રીત શીખવવા શ્રીગોપીનાથજી મહારાજ આદિ સ્વસ્વરૂપોના દર્શન કરતા હતા. ॥૪૦॥

મંદિરથી ઉત્તર દિશામાં જે રૂપ ચોકી છે તેથી પશ્ચિમ દિશાનાં ખૂણા ઉપર મહાપ્રભુ શ્રીહરિ બેસતા હતા. ॥૪૧॥

તે રૂપચોકીમાં વચ્ચે અને આસપાસમાં દર્શન કરવામાં ઉત્સાહી પ્રેમી ભક્તોથી વીંટાઈને મહાસમર્થ શ્રીહરિ વારંવાર વિરાજતા હતા. ॥૪૨॥

હે રાજન્ ! તે સ્થળે શ્રીહરિએ પોતાના ભક્તોને રાજી કરવા માટે સંતોએ

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितश्रीगोपीनाथमन्दिरादिनिरू पणं नाम षोडशोऽध्यायः ॥१६॥

अथ सप्तदशोऽध्यायः

सप्तदशे कृतं तीर्थवर्णनं मन्दिरान्तिकम् ।

व्याघ्रयोरु परि स्वामी समारु क्षद्वयोरपि ॥

श्रीशुकानन्द उवाच -

तस्यास्तु पूर्वदिक्कोणे स न्यषीददुदङ्मुखम् ।

अवष्टभ्यैव कष्ठौढं स्वभक्तैरीक्षितो हरिः ॥१॥

तस्या विचित्रसंराजत्महास्तम्भान्तिके हरिः ।

प्रीत्यैवोपाविशद्भक्ता निषेदुस्तस्य चाग्रतः ॥२॥

मन्दिरात् स्तो दिशि प्राच्यां द्वारपौ यौ हि कृत्रिमौ ।

शार्दुलौ यौ तथा पाणिं तेषु सोऽभ्रामयद्धरिः ॥३॥

ततः स व्याघ्रयो राजन् ! पराभावयितुं हरिः ।

ગાયેલા, સર્વોત્તમ અતિ વિસ્મયજનક શુભ ચરિત્ર પ્રેમથી વારંવાર કર્યા હતાં. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૬ સમાપ્ત.

અધ્યાય - ૧૭

નિજ મંદિર, કોળી, ઘૂમટ, રૂપચોકી અને પ્રદક્ષિણા

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, તે રૂપચોકીથી ઉગમણે ખૂણે શ્રીહરિ કઠોડાને અડીને ઉત્તરમુખે વિરાજમાન થતા અને સહુ ભક્તો દર્શન કરતા હતા. ॥૧॥

તે રૂપચોકીથી કલાપૂર્ણ શોભતા મોટા સ્તંભની પાસે શ્રીહરિ પ્રેમથી વિરાજતા અને તેમની આગળ સહુ ભક્તો બેસતા હતા. ॥૨॥

મંદિરના પૂર્વ દરવાજાથી બહારના ભાગમાં બન્ને બાજુ પથ્થરના બે પરોળિયા અને બે વાઘ છે. શ્રીહરિ તે ચારેયના ઉપર હાથ ફેરવ્યા હતા. ॥૩॥

इच्छन् दुष्टानिवोद्वीर्यस्त्राता स्वेषामुपाविशत् ॥४॥
अस्ति रूप्यचतुष्की या वारुण्यां दिशि मन्दिरात् ।
उपरिष्ठात्तथा कूपात्स्थाने च गोपुराद्बहिः ॥५॥
तत्स्थानयोस्तथा तस्यां संयुक्तः स्वाश्रितैर्जनैः ।
भक्तनेत्रचकोरेन्दुः स न्यषीदत्पुनः पुनः ॥६॥
गोपीनाथाग्रतो मध्ये खण्डस्यैव क्षमापते ! ।
स्थित्वाऽपश्यत्स तं सार्धं मुहूर्तं श्रीहरिर्मुदा ॥७॥
स धर्मवासुदेवस्य मन्दिरस्याग्रतो हरिः ।
प्रेक्षमाणश्च तौ भक्तिं तत्र तस्थौ मुदा चिरम् ॥८॥
सूर्यसन्मन्दिरस्याग्रे तस्थौ पश्यन् स तं चिरम् ।
अस्ति यत्र महापट्टस्तत्र शिश्ये मुहुर्हरिः ॥९॥
मन्दिरोत्तरदिग्द्वारात्प्रतीच्यां दिशि जालकम् ।

આશ્રિતોનું રક્ષણ કરનારા અને મહાપ્રતાપી શ્રીહરિ દુષ્ટોનું દમન કરવા ચાહતા હોય તેમ તે બન્ને વાઘ ઉપર બેઠા. ॥૪॥

મંદિરથી પશ્ચિમ દિશામાં દરવાજાથી બહાર જે રૂપચોકી છે અને નારાયણ લહેરી કૂવાનો ઉપરનો જે ભાગ છે, તે બન્ને સ્થાનોમાં ભક્તોના નેત્રરૂપી ચકોરને ચંદ્રમા જેવા સુખદ શ્રીહરિ આશ્રિત ભક્તો સાથે વારે વારે વિરાજમાન થતા હતા. ॥૫-૬॥

હે રાજન્ ! શ્રીગોપીનાથજી મહારાજના સ્વરૂપની આગળના ખંડમાં વચ્ચે ઊભા રહીને શ્રીહરિ દોઢેક મુહૂર્ત (સવા કલાક) સુધી પ્રેમથી શ્રીગોપીનાથજી મહારાજની સન્મુખ જોઇ રહેતા હતા. ॥૭॥

તેમજ પશ્ચિમ તરફના મંદિરમાં શ્રીવાસુદેવનારાયણ, શ્રીધર્મદેવ અને ભક્તિમાતાની મૂર્તિ સામે પ્રેમથી દૃષ્ટિ રાખીને ઘણીવાર સુધી ઊભા રહેતા હતા. ॥૮॥

શ્રીહરિ શ્રીસૂર્યનારાયણના મંદિર સન્મુખ મૂર્તિ સામે દૃષ્ટિ રાખીને ઘણા સમય સુધી ઊભા રહેતા હતા અને જ્યાં મોટી પાટ છે (હાલમાં નથી, તે સમયે હશે) ત્યાં ઘણીવાર સૂતા હતા. ॥૯॥

મંદિરના ઉત્તર દરવાજાથી પશ્ચિમ તરફ જે જાળિયું છે તેની સમીપે શ્રીહરિ

यद्विद्यते हरिस्तस्य सन्निधौ स उपाविशत् ॥१०॥
चतुर्थ्यां श्रीगणेशस्य दिश्युदीच्यां स मन्दिरात् ।
तिष्ठन् पश्चिमदिक्कोणे गणेशार्चामचीकरत् ॥११॥
महापट्टकतश्चाग्रे मण्डपे कृत्रिमं हरिः ।
अन्नकूटोत्सवे चाऽर्चत्प्रीत्या गोवर्धनाऽचलम् ॥१२॥
गोपीनाथाऽऽलयद्वारपार्श्वयोर्यौ स्थितौ शुभौ ।
प्रतिहारौ तयोः पाणिं स पर्यभ्रामयद्धरिः ॥१३॥
श्रीगोपीनाथसंराजन्मन्दिराग्रेऽस्ति जालिका ।
या तस्याश्चान्तरीशानः स न्यषीदन्मुहुर्मुहुः ॥१४॥
अथैकदा स्वहस्तेन गृहीत्वा तत्करं हरिः ।
भूपं विजयसिंहाख्यं मन्दिरं चैतदैक्षयत् ॥१५॥
तथा तं मध्यमं भौमं दिश्यवाच्यां प्रदक्षिणाम् ।
दर्शयित्वा स तं वाचं प्राहैवं चामृतोपमाम् ॥१६॥
एतद्विधापितं राजन् ! गोपीनाथस्य मन्दिरम् ।

બેસતા હતા. ॥૧૦॥

મંદિરથી ઉત્તરમાં પશ્ચિમ દિશાના ખૂણામાં ઊભા રહીને ગણેશ ચતુર્થી ને દિવસ શ્રીગણેશજીનું પૂજન કરાવતા હતા. ॥૧૧॥

મોટી પાટની આગળ ઘૂમટમાં અન્નકૂટ પ્રસંગે ગોમયનો (છાણનો) ગોવર્ધન પર્વત કરાવીને પ્રેમથી પૂજન કરતા હતા. ॥૧૨॥

શ્રીગોપીનાથજી મહારાજના નિજ મંદિરના દ્વારની બન્ને બાજુમાં જે પથ્થરના બે પરોળિયા છે તેના ઉપર શ્રીહરિ હાથ ફેરવતા હતા. ॥૧૩॥

શ્રીગોપીનાથજી મહારાજના સુશોભિત મંદિરના આગળના ભાગમાં જે જાળી છે તેની અંદરના ભાગમાં પરમેશ્વર શ્રીહરિ ઘણીવાર બેસતા હતા. ॥૧૪॥

એક વખત ભાવનગર નરેશ ઠાકોર સાહેબ શ્રીવિજયસિંહજીનો હાથ પોતાના હાથમાં પકડીને શ્રીહરિએ તેમને આ બધું મંદિર દેખાડ્યું હતું. ॥૧૫॥

મંદિરના વચલે માળે દક્ષિણ તરફની પ્રદક્ષિણા દેખાડીને તેમને અમૃતના સમાન સુંદર વચન કહ્યું. ॥૧૬॥

नात्र कोष्ठस्तथा दुर्गो महिष्ठः कारितो मया ॥१७॥
स इत्याकर्ण्य तद्वाणीं प्राञ्जलिर्विनयानतः ।
वन्दमानः स्तुवन् धीमान् प्रीणयामास तं प्रभुम् ॥१८॥
मन्दिरत्रयसंराजच्छिखराणां स्वयं हरिः ।
मध्यमेष्वेव भौमेषु स न्यषीदन्महीपते ! ॥१९॥
स भौमराजितद्वारसोपानेषु हरिर्मुहुः ।
स न्यषीदत्तथाऽतिष्ठत्तत्राऽऽधायाऽऽत्मनः पदे ॥२०॥
ऊर्ध्वे तन्मन्दिरद्वाभ्र्यो द्वार्षु द्वितीयभौमतः ।
श्रीधर्मनन्दनो राजन्नतिष्ठत्स प्रभुर्मुहुः ॥२१॥
याऽस्ति मध्यमभौमस्य सोपानोपरि वेदिका ।
पूर्वाशायां हरिस्तस्यां स न्यषीदन्मुहुर्विभुः ॥२२॥
यानि मध्यमभौमस्य सोपानानि महीपते ! ।
भवन्त्यारोहणार्थानि तत्र स व्यचरन्मुहुः ॥२३॥

હે રાજન્ ! અમે અહીંયાં શ્રીગોપીનાથજી મહારાજનું આ મંદિર કરાવ્યું છે. અહીં અમે નથી કોઠો કરાવ્યો કે નથી મોટો કિલ્લો કરાવ્યો. ॥૧૭॥

શ્રીહરિના વચનને સાંભળીને વિનયી ઠાકોર સાહેબે હાથ જોડ્યા. તેમણે શ્રીહરિને વંદન કર્યા, સ્તુતિ કરી અને રાજી કર્યા. ॥૧૮॥

હે રાજન્ ! સુંદર ત્રણ શિખરવાળા આ મંદિરના વચલા માળમાં જ સ્વયં શ્રીહરિ વિરાજતા હતા. ॥૧૯॥

નિજમંદિરમાં જવાના સુંદર પગથિયામાં શ્રીહરિ ઘણીવાર સુધી બેસતા અને તે પગથિયા ઉપર પોતાના ચરણારવિંદ મૂકીને ઊભા રહેતા હતા. ॥૨૦॥

નિજ મંદિરના દરવાજાથી ઉપલા બીજા માળના દરવાજામાં ધર્મનંદન પ્રભુ શ્રીહરિ ઘણી વાર સુધી ઊભા રહેતા હતા. ॥૨૧॥

વચલા માળ ઉપર જવા માટેની જે સીડી છે, તેના ઉપર પૂર્વ તરફ વેદિકા (ઓટલી) છે, મહાપ્રભુ શ્રીહરિ તેના ઉપર વારંવાર બેસતા હતા. ॥૨૨॥

હે રાજન્ ! વચલા માળ ઉપર જવાની સીડીના જે પગથિયા છે ત્યાં શ્રીહરિ વારંવાર ચાલ્યા છે. ॥૨૩॥

या हि प्रदक्षिणा रम्या मन्दिरस्यातिमध्यमा ।
अधोभौमेऽचरत्तस्याः स तस्थौ चाऽस्वपन्मुहुः ॥२४॥
गोपीनाथस्य राजन्तीमाश्लिष्य प्रतिमां मुहुः ।
इत्यवोचद्धरिः प्रीत्या भक्तानानन्दयन्निजान् ॥२५॥
गोपीनाथस्य वै भक्ता मूर्तिरेषाऽस्ति मत्समा ।
मनोज्ञाऽवयवा दिव्या पुण्येक्षा भवहारिणी ॥२६॥
सन्ति या वासुदेवार्चा धर्मदेवादिमूर्तयः ।
सर्वास्ताः श्रीहरिः प्रीत्या पस्पर्शैवात्मपाणिना ॥२७॥
तीर्थक्षेत्रवराण्येवं यान्युक्तानि पदानि ते ।
भवन्त्येकशतं तानि चतुःपञ्चाशदेव च ॥२८॥
इत्थं लसद्धरिसुदिव्यपदाङ्कितानि यात्राकृदङ्गिभवभीतिनिवर्तनानि
पापार्त्तिहृच्छ्रवणदर्शनकीर्तनानि स्थानानि ते निगदितानि मयाऽत्र दुर्गे॥

મંદિરની મધ્યમ પ્રમાણની રમણીય પ્રદક્ષિણા, જે નીચેના માળમાં છે, તેમાં શ્રીહરિ ફર્યા છે, ઊભા રહ્યા છે અને ઘણી વાર શયન પણ કર્યું છે. ॥૨૪॥

શ્રીહરિ શ્રીગોપીનાથજી મહારાજની સોહામણી મૂર્તિને બાથમાં લઈને ભેટ્યા છે અને પોતાના ભક્તોને રાજી કરીને પ્રેમથી એમ બોલ્યા છે કે હે ભક્તો ! આ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ મારા સમાન (બરાબર, તુલ્ય) છે, તેના અવયવ મનોહર છે, દિવ્ય છે, તેના દર્શન પુણ્યરૂપ છે અને તે સંસારને ટાળનારી છે. ॥૨૫-૨૬॥

બીજી જે શ્રીવાસુદેવ નારાયણ અને ધર્મદેવ આદિની મૂર્તિઓ છે. તે સર્વ મૂર્તિઓનો શ્રીહરિએ પ્રેમથી પોતાને હાથે સ્પર્શ કર્યો છે. ॥૨૭॥

આ રીતે તમને મેં તીર્થક્ષેત્રના જે સ્થાનો કહ્યા તે એકસોને ચોપન થયા છે. ॥૨૮॥

આ દરબારગઢના સ્થાનો જે શ્રીહરિના સુંદર દિવ્ય ચરણથી પ્રસાદીરૂપ થયા છે, યાત્રા કરનાર લોકોના સંસારના ભયને ટાળનારા છે, જેનું શ્રવણ, દર્શન અને કીર્તન પાપ અને પીડાને મટાડે છે, તે મેં તમને આ પ્રમાણે કહ્યા છે. ॥૨૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૭ સમાપ્ત.

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिपदाङ्कितमन्दिरस्थतीर्थस्थानादिनिरू पणं नाम सप्तदशोऽध्यायः ॥१७॥

अथ अष्टादशोऽध्यायः

तीर्थकृद्भिर्जनैश्चात्र पालनीयोऽस्ति यो विधिः ।
वर्णितोऽष्टादशे चाऽत्र स्थेयं तद्विधिना सह ॥

राजोवाच - तीर्थक्षेत्रेष्विह ब्रह्मन् ! कार्यस्तीर्थविधिः कथम् ।
जनैस्तीर्थफलं कीदृक् सर्वं गच्छेन्न वा जनः ॥१॥
इच्छाम्येतदहं त्वतः श्रोतुं सच्छास्त्रवेदिनः ।
इदं तस्माद्दयालो! त्वं वक्तुमर्हसि मेऽञ्जसा ॥२॥
श्रीशुकानन्द उवाच -
यथा तीर्थविधिर्धीमन्! शतानन्दमुनेर्मुखात् ।
मया श्रुतस्तथा तुभ्यं कीर्त्तये शृणु भूपते ! ॥३॥
तीर्थकारी जनो ब्राह्मे मुहूर्ते भूपते! प्रगे ।
उत्थाय श्रीहरेः कुर्याद् ध्यानं नाम्नां च कीर्तनम् ॥४॥

અધ્યાય - ૧૮
તીર્થક્ષેત્રોની યાત્રાવિધિ

દરબાર શ્રીજૂણાભાઈએ પૂછ્યું, હે બ્રહ્મન્ ! અહીં તીર્થ તથા ક્ષેત્રોમાં લોકોએ તેની વિધિ કેવી રીતે કરવી ? તીર્થનું ફળ કેવું હોય છે ? માણસને બધું તીર્થફળ મળે કે નહિ ? હે દયાળુ, આપ શાસ્ત્રોના જ્ઞાતા છો, માટે આપની પાસેથી હું સાંભળવા ચાહું છું. તો આપ મને બરાબર રીતે કહો. ॥૧-૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે બુદ્ધિમાન રાજા, મેં સદ્ગુરુ શ્રીશતાનંદ સ્વામીના મુખથી જેવો તીર્થવિધિ સાંભળ્યો છે, તેવો હું તમને કહું છું, તમે સાંભળો. ॥૩॥

હે ભૂપ ! તીર્થોની યાત્રા કરનારા મનુષ્યે સવારમાં બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન કરવું તથા નામ સંકીર્તન (ધૂન) કરવું. ॥૪॥

गत्वाऽथोन्मत्तसद्गङ्गां स्वामिनारायणं स्मरन् ।
कृत्वा शौचविधिं स प्राक् स्नायादेवोदयाद्रवेः ॥५॥
नित्यकर्म ततः सर्वं यथायोग्यं विधाय सः ।
गोपीनाथप्रमुख्यानां भक्त्या कुर्वीत दर्शनम् ॥६॥
ततः स प्रणमेत् साधून् हरेर्भक्तांस्तथा मुदा ।
हरिर्भूयान्मयि प्रीतो हृदीत्थं चिन्तयेत्सदा ॥७॥
सद्भ्यो गुरोस्तथाऽजस्रं वार्ताश्चाद्धा कथा हरेः ।
शृणुयात्सादरं कुर्यात्प्रसङ्गश्चान्वहं सताम् ॥८॥
तीर्थे सपिण्डकं श्राद्धं कार्यं चोपोषणं जनैः ।
विधाप्यं वै तथा क्षौरं न क्वचिद् व्रतिभिस्तु तत् ॥९॥
सद्भिश्च वर्णिभिर्जीवत्तातैः क्षौरं तु सन्मते ! ।
नियतक्षौरकालैश्च कारणीयं न भूपते ! ॥१०॥
योषाभिर्भर्तृयुक्ताभिर्विधाप्यं नैव तत्र तत् ।

યાત્રિક ભક્ત ભગવાન્ સ્વામિનારાયણનું સ્મરણ કરતાં કરતાં ઉન્મત્ત ગંગા નદીએ જાય. શૌચવિધિ કરીને સૂર્યોદયના પહેલાં જ સ્નાન કરે. ॥૫॥

પછી યથાયોગ્ય પોતાનું નિત્યકર્મ કરવું. અને ભક્તિભાવથી શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોના દર્શન કરવા. ॥૬॥

પછી તેણે સર્વ સંતોને અને બીજા ભગવદ્ભક્તોને પ્રેમથી પગે લાગવું. ''શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાય'' આમ મનમાં હમેશાં ચિંતવવું. ॥૭॥

ગુરુ અને સંતો પાસેથી નિરંતર પ્રત્યક્ષ ભગવાન્ શ્રીહરિની કથા વાર્તા આદરથી સાંભળવી. પ્રતિદિન સંતોનો સત્સંગ રાખવો. ॥૮॥

યાત્રા કરનારાએ તીર્થમાં સપિંડક શ્રાદ્ધ કરવું. ઉપવાસ કરવો, મુંડન કરાવવું, પણ નિયમિત મુંડન કરાવનારાએ કે વ્રતવાળાએ મુંડન કરાવવું નહિ. ॥૯॥

હે રાજન્ ! સંતોએ, બ્રહ્મચારીઓએ, જેના પિતા હયાત હોય તેવા ગૃહસ્થોએ અને જેને મુંડન કરાવવાનો સમય નિશ્ચિત નિર્ધારિત હોય, તથા સધવા સ્ત્રીઓએ, તે સૌએ તીર્થોમાં મુંડન કરાવવું નહિ અને તીર્થમાં આવીને મુંડન કરાવ્યું હોય, પછી ફરીવાર દસ માસની અંદર આવવાનું થયું હોય તો પણ મુંડન કરાવવું નહિ. ॥૧૦-

पुनर्जनैस्तथा तीर्थे दशमासाऽन्तराऽऽगतौ ॥११॥

भोज्याश्च साधवो विप्रा वाडवानां परीक्षणम् ।

कार्यं न सर्वथा तीर्थे देयं दानं च शक्तितः ॥१२॥

गोपीनाथप्रमुख्यानां वासोभूषाधनादिभिः ।

जनैर्भक्त्या यथाशक्ति कर्तव्यं सेवनं हितम् ॥१३॥

दरिद्रस्तु जनोऽजस्त्रं श्रीगोपीनाथमन्दिरे ।

कुर्यान्मार्जनलेपाद्यं गुरोः सेवां सतां तथा ॥१४॥

महापूजाफलं तेन सर्वदानफलं तथा ।

स प्राप्नुयात्फलं सर्वं श्राद्धादेश्चापि भूपते ! ॥१५॥

तैर्थिकस्तु जनोऽजस्त्रं ग्राम्या वार्ताः परित्यजेत् ।

नयेन्नापि क्षणं व्यर्थं क्वापि भक्तिं विना हरेः ॥१६॥

कुर्यात्स्वयोषितस्त्यागं तीर्थस्थोऽपि गृहाश्रमी ।

प्रेष्ठं हरेर्यथाशास्त्रं ब्रह्मचर्यं च पालयेत् ॥१७॥

૧૧॥

તીર્થમાં સાધુઓને તથા બ્રાહ્મણોને જમાડવા, તીર્થમાં બ્રાહ્મણની પરીક્ષા ન કરવી અને પોતાની શક્તિ પ્રમાણે દાન આપવું. ॥૧૨॥

ભક્તોએ શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોની હિતકારી સેવા વસ્ત્ર ઘરેણાં અને ધન વગેરે આપીને યથાશક્તિ ભક્તિભાવથી કરવી. ॥૧૩॥

આર્થિક રીતે ગરીબ હોય તેવા ભક્તે શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં નિરંતર વાળવા-લીંપવાની સેવા કરવી, અને ગુરુ તથા સંતોની સેવા પણ કરવી. ॥૧૪॥

હે રાજન્ ! શ્રદ્ધાથી વાળવા લીંપવાની કોઈ ભક્ત સેવા કરે તો તેને મહાપૂજાનું ફળ, સર્વપ્રકારના દાનોનું ફળ અને શ્રાદ્ધ ઈત્યાદિકનું ફળ બધું જ મળે છે. ॥૧૫॥

યાત્રિક ભક્તે બધી રીતે લૌકિક ગ્રામ્ય વાતોને છોડી દેવી. ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ જેટલો સમય પણ વ્યર્થ વિતાવવો નહિ. ॥૧૬॥

તીર્થમાં ગયેલા ગૃહસ્થાશ્રમીએ પોતાની પત્નીનો ભોગ પણ છોડી દેવો. શ્રીહરિનું પ્રિય બ્રહ્મચર્યવ્રત તીર્થોમાં શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પાળવું. ॥૧૭॥

वयोवृद्धाः स वै पश्येन्मातृतुल्याः पराङ्गनाः ।

स्वसमानाः कनिष्ठाश्च स्वसृतुल्याः सुतासमाः ॥१८॥

सत्कर्माण्येव सर्वाणि क्षीयन्ते व्यभिचारतः ।

नियच्छेयुर्नरास्तस्माद्योषितश्च रिपुं स्मरन् ॥१९॥

परद्रोहं त्यजेन्नित्यं तीर्थक्षेत्रे विशेषतः ।

त्यजेच्चाऽसत्क्रियां स्तेयं निन्दां चान्यस्य सर्वथा ॥२०॥

पैशुन्यं मत्सरः क्रोधो लोभो दम्भश्च हिंसनम् ।

अहङ्कारो मदश्चैतान् पुण्यघ्नांस्तीर्थकृत्त्यजेत् ॥२१॥

नियच्छेत्तीर्थकृन्नित्यमिन्द्रियाणि मनस्तथा ।

साहसं सर्वदा जह्याद्वृथावादं च भाषणम् ॥२२॥

शौचक्षमादयामैत्रीनम्रताद्यैर्गुणैर्युतः ।

तीर्थकृत्सार्थकं तस्य सर्वं सत्कर्म वर्तते ॥२३॥

વયોવૃદ્ધ પરસ્ત્રીને માતાની ભાવનાથી જોવી, પોતાની સમાન ઉંમરની પરસ્ત્રીને બહેનના જેવા ભાવથી દેખવી અને નાની ઉમરની પરસ્ત્રીને દીકરીના જેવા ભાવથી જોવી. ॥૧૮॥

તીર્થમાં વ્યભિચાર કરવાથી બધી જ જાતના સત્કર્મ-પુણ્યનો નાશ થાય છે. માટે પુરુષો તથા સ્ત્રીઓએ વ્યભિચારને શત્રુ માનીને પોતાના ઈન્દ્રિય અન્તઃકરણને વશ રાખવા. ॥૧૯॥

ખાસ કરીને તીર્થો તથા ક્ષેત્રોમાં પારકા દ્રોહનો નિરંતર ત્યાગ કરવો. તેમજ પાપમય અસત્પ્રવૃત્તિ છોડી દેવી, ચોરી અને પારકી નિંદા તો કોઈ રીતે કરવી નહિ. ॥૨૦॥

ચાડિયાપણું, મત્સર, ક્રોધ, લોભ, દંભ,હિંસા, અહંકાર અને મદ, આ બધા પુણ્યનો નાશ કરનારા છે, માટે યાત્રા કરનારાએ આ બધા દોષોનો ત્યાગ કરી દેવો. ॥૨૧॥

તીર્થ કરનારાએ હમેશાં ઈન્દ્રિયો અને અંતઃકરણને વશ રાખવા. બધી રીતે સાહસ છોડવું. ખોટો વાદવિવાદ અને મિથ્યા ભાષણ પણ છોડી દેવું. ॥૨૨॥

શૌચ (શરીર શુદ્ધિ), ક્ષમા, દયા, મૈત્રી અને નમ્રતા આદિ સદ્ગુણોથી યુક્ત તીર્થયાત્રીનું બધું સત્કર્મ સાર્થક (સફળ) થાય છે. ॥૨૩॥

तीर्थकृद्भिस्तु यत्तीर्थे पुण्यकर्म विधीयते ।
समग्रं जायते राजंस्तत्सहस्राधिकं ध्रुवम् ॥२४॥
पादौ करौ च रसना च मनश्च शिश्नं
स्युर्यस्य संयततराण्यखिलान्यमूनि ।
विद्यातपोविनयमुख्यगुणैरु पेतः स प्राप्नुयात्सकलतीर्थफलं मनुष्यः ॥
रोषोज्झितो दृढतरव्रतसत्यवादी निर्मत्सरो विमलधीर्दृढधर्मनिष्ठः ।
आत्मोपमोऽखिलजनेषु च यः स यायात्सर्वं श्रुतोक्तमिह तीर्थफलं सुशीलः॥
लोभं च यो मनसिजं प्रविजित्य कुर्यात्
तीर्थं रु षं त्वखिलपातककर्मभीतः ।
नाप्राप्यमीप्सितफलं भगवत्प्रसादात्
स्यात्तेन किञ्चिदपि तीर्थकृतैव पुंसा ॥२७॥
श्रद्धाविहीनहृदयो दुरितालयात्मा संदेहवान् प्रचुरनास्तिकतासमेतः ।
यः प्राप्तवांश्च मनुजो नृप! हेतुनिष्ठां नैते च पञ्च किल तीर्थफलं लभन्ते ॥

હે રાજન્ ! તીર્થયાત્રિક તીર્થમાં જે પુણ્ય કર્મ કરે છે તે બધું હજારગણું ફળ આપનારું થાય છે. ॥૨૪॥

જે માણસના હાથ, પગ, જીભ, મન અને શિશ્ન, આ બધા અત્યંત વશ હોય અને વિદ્યા, તપ તથા વિનય આદિ સદ્‌ગુણ જેમાં હોય, તે મનુષ્ય સમગ્ર તીર્થોનું સંપૂર્ણ ફળ પામે છે. ॥૨૫॥

જેમાં ક્રોધનો આવેશ થતો ન હોય, જેનું વ્રત અતિ દૃઢ હોય, જે સત્ય બોલતો હોય, જેમાં મત્સર દોષ ન હોય, બુદ્ધિ નિર્મળ હોય, ધર્મમાં દૃઢ નિષ્ઠા હોય, સર્વ લોકોમાં આત્મતુલ્ય (પોતાના જેવી) ભાવના વાળો હોય, તે સુશીલ મનુષ્યને શાસ્ત્રમાં બતાવેલું તીર્થોનું ફળ મળે છે. ॥૨૬॥

તીર્થ કરનાર મનુષ્ય કામ, ક્રોધ અને લોભ, આ ત્રણ દોષોને જીતે, બધા પાપમય કર્મથી ડરતો ચાલે, તેના ઉપર ભગવાનનો રાજીપો થાય છે અને તેથી મન ચાહ્યું બધું જ ફળ મળે છે, તેને કશું જ અપ્રાપ્ય રહેતું નથી. ॥૨૭॥

જેના હૃદયમાં શ્રદ્ધા ન હોય, જેનો આત્મા અતિ પાપી હોય, જે અતિશય સંશય કરનારો, જે અત્યંત નાસ્તિકતાથી ભર્યો હોય અને હેતુનિષ્ઠ (અતિ તર્ક વિતર્ક કરીને દોષ દેખનારો) હોય, આ પાંચ પ્રકારના મનુષ્યને તીર્થનું ફળ મળતું નથી.

यो दम्भलोभशठतापिशुनत्वयुक्तः स्यादुग्रतामलिनहृद्विषयप्रसक्तः ।
दुष्टप्रियः सकलतीर्थकृताप्लवोऽपि पापी स एव न विशुद्धिमुपैति राजन्!।
कृतं पुण्यं शुभे तीर्थे यथा स्वल्पं विवर्धते ।
पातकं विहितं मर्त्यैर्वृद्धिमाप्नोति वै तथा ॥३०॥
अन्यत्र यत्कृतं त्वेनस्तीर्थे नाशं किलैति तत् ।
वज्रलेपं हि तत्तीर्थे प्रोक्तं पापं कृतं जनैः ॥३१॥
तीर्थे कृतैनसां न स्यात्प्रायश्चित्तैर्हि शुद्धता ।
तस्मात्स्थेयं जनैस्तीर्थे नित्यदा नियमैः सह ॥३२॥
यैर्यैस्तीर्थे कृतं पापं नरास्ते ते पिशाचताम् ।
प्राप्ताश्च सन्ति पापिष्ठा डाकिन्यादिकतां स्त्रियः ॥३३॥
ते प्रेक्षन्ते च ता रन्ध्रं सर्वदा तीर्थकारिणाम् ।
दोषं चापि विलोक्याल्पं नृषु स्त्रीष्वाविशन्ति च ॥३४॥

॥૨૮॥

હે રાજન્ ! જેમાં દંભ, લોભ, શઠતા અને ચાડિયાપણું, આ દોષ હોય, જે ઉગ્રતાથી વિહ્વળ રહેતો હોય, મનથી મલિન હોય, વિષયની વાસનાથી બંધાયેલો હોય, જેને દુષ્ટલોકોનો સંપર્ક ગમતો હોય, આવો મનુષ્ય કદાચ બધા જ તીર્થોમાં સ્નાન કરે, તો પણ તે પાપી જ રહે, તે શુદ્ધ થાય નહિ. ॥૨૯॥

મનુષ્યે શુભ તીર્થમાં કરેલું થોડું એવું પણ પુણ્ય જેમ વધે છે તેમ જ થોડું એવું પણ જો પાપ કરેલું હોય તો તે પણ વધે છે. ॥૩૦॥

મનુષ્ય બીજી જગ્યાએ જે પાપ કરે છે તેનો તીર્થ ક્ષેત્રમાં વિનાશ થાય છે પણ તીર્થક્ષેત્રમાં જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે. ॥૩૧॥

તીર્થમાં કરેલા પાપની શુદ્ધિ પ્રાયશ્ચિતથી પણ થતી નથી, માટે માણસે તીર્થમાં હમેશાં નિયમોને અવશ્ય પાળવા. ॥૩૨॥

જે જે પુરુષો તીર્થમાં પાપ કરે છે તે મરીને પિશાચ થાય છે અને જે પાપી સ્ત્રીઓ તીર્થમાં પાપ કરે છે તે ડાકણ થાય છે. ॥૩૩॥

તે પિશાચ અને ડાકણો તીર્થ કરનારા સ્ત્રી પુરુષોના છિદ્રોને-દોષોને દેખતા જ રહે છે. તેથી તેનો થોડો એવો પણ જો દોષ દેખાય તો તુરંત પિશાચો પુરુષોને વળગે છે અને ડાકણો સ્ત્રીઓને વળગે છે. ॥૩૪॥

कामयन्ति नरान् योषास्तद्वशाः स्त्रीर्नरास्तथा ।
हिंसादौ हि प्रवर्तन्ते वित्तलोभेन ताश्च ते ॥३५॥
एवं प्रत्यूहकर्त्तारो वर्तन्ते तीर्थकारिणाम् ।
अयोग्याऽऽचरणात्तस्माद्भेतव्यं तैर्निरन्तरम् ॥३६॥
परस्त्रीवीक्षणस्पर्शक्ष्वेल्यालापादिभिर्द्रुतम् ।
तीर्थेषु क्षीयते पुण्यं नृणां शास्त्रविदामपि ॥३७॥
सत्कर्म योषितामेवं वीक्षाद्यैश्चेतरस्य नुः ।
क्षीयते तन्नियच्छेयुः स्वेन्द्रियाण्येव ताश्च ते ॥३८॥
दैहिको नियमः प्रोक्तं मानुषं कोविदैर्व्रतम् ।
मनःशुद्धिस्तथा दैवं साध्यं तीर्थकृता द्वयम् ॥३९॥
यो दद्याद्गच्छतस्तीर्थक्षेत्राण्येतान्युपानहौ ।
स श्रीहरेः प्रसादेन गच्छत्यारुह्य कुञ्जरम् ॥४०॥

તે વળગાડથી સ્ત્રીઓ (વ્યભિચાર માટે) પુરુષોને ચાહે છે અને પુરુષો (વ્યભિચાર માટે) સ્ત્રીઓને ચાહે છે. ધન આદિના લોભથી તે સ્ત્રી પુરુષો હિંસા આદિ પાપ કરવા પણ તત્પર થઈ જાય છે. ॥૩૫॥

આ રીતે તે પિશાચો અને ડાકણો તીર્થ કરવા આવનારાને માટે વિઘ્ન કરે છે. માટે તે સહુએ અયોગ્ય આચરણથી હમેશાં ડરતા રહેવું. ॥૩૬॥

શાસ્ત્રજ્ઞ મનુષ્ય પણ તીર્થમાં કામવાસનાથી પરસ્ત્રીને દેખે, તેનો સ્પર્શ કરે, તેની સાથે ક્રીડા કરે કે વાતો કરે, તો તત્કાળ તેનું પુણ્ય નાશ પામે છે. ॥૩૭॥

આ રીતે જ સ્ત્રીઓ પણ તીર્થોમાં કામવાસનાથી પર પુરુષને જુએ છે, અડે છે, તેની સાથે ક્રીડા કે વાતો કરે છે તો તે સ્ત્રીઓનું પુણ્ય નાશ પામી જાય છે. માટે તીર્થ યાત્રા કરનારા પુરુષો અને સ્ત્રીઓએ પોતાના ઈંદ્રિયોને વશ રાખવા. ॥૩૮॥

વિદ્વાનોએ દૈહિક નિયમોને માનુષ વ્રત કહ્યું છે અને મનની શુદ્ધિને દૈવ વ્રત કહ્યું છે ! માટે તીર્થયાત્રા કરનારાએ દૈવ અને માનુષ્ય બન્ને વ્રત કરવા. ॥૩૯॥

આ ગઢપુર જેવા તીર્થ ક્ષેત્રોની યાત્રા કોઈ ચાલીને કરતો હોય અને તેને કોઈ પગરખાનું દાન કરે, તો તે શ્રીહરિના રાજીપાના પુણ્યને લીધે હાથીની સવારી કરે તેવા સુખને પામે છે. ॥૪૦॥

नीरपात्रं तथा धान्यं प्रयच्छत्यध्वगस्य यः ।
प्रपादानसहस्रस्य स प्राप्नोति फलं जनः ॥४१॥
पादसंवाहनं कुर्याद्यात्रार्थं यस्तु गच्छतः ।
प्रक्षालयेत्तथा पादौ स व्रजेत् स्वेप्सितं फलम् ॥४२॥
तीर्थक्षेत्राणि चैतानि प्रेक्ष्य रोमाञ्चितस्तु यः ।
वाहनं भूपते ! त्यक्त्वा लुण्ठते भूतले जनः ॥४३॥
कृतं मार्गे तु यत्पापं पञ्चसूनाकृतं तथा ।
हता गच्छद्भिरज्ञानात्कीटकृम्यादयोऽध्वनि ॥४४॥
अन्यनीरं परान्नं च तथाऽस्पृश्येन सङ्गमः ।
नाशमाप्नोति तत्सर्वं दुर्विनाश्यं महीपते ! ॥४५॥
शुभतीर्थविधिर्मयेति राजन् ! गदितस्ते श्रुतविद्भिरुच्यमानः ।
हितकृत्सकलाऽशुभापहारी करणीयोऽत्र जनैरयं पवित्रः ॥४६॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

તીર્થયાત્રા કરનારાને રસ્તામાં કોઈ પીવાના પાણીથી ભરેલું પાત્ર દાનમાં આપે કે અનાજ દાનમાં આપે, તો તેને એક હજાર 'પાણીના પરબ' ના દાનનું ફળ મળે છે. ॥૪૧॥

પગે ચાલીને કોઈ યાત્રા કરતો હોય અને તેનો થાક ઉતારવા કોઈ તેની પગચંપી કરે અથવા તેના પગ ધોવડાવે તો તેને મન ચાહ્યું ફળ મળે છે. ॥૪૨॥

હે રાજન્ ! આ ગઢપુર જેવા તીર્થક્ષેત્રને દેખીને જે માણસ રોમાંચિત થઈ જાય, વાહનમાંથી નીચે ઊતરી જાય અને જમીન ઉપર આળોટવા લાગે છે તો તેના ન નાશ પામે એવા બધા પાપોનો નાશ થાય છે, રસ્તામાં જે પાપ થયું હોય, પાંચ પ્રકારની હિંસા (ખાંડણી, ઘંટી, ચૂલો, પાણીયારું અને સાવરણીથી થતી ઝીણા જંતુઓની હિંસા) થી થયેલું પાપ, રસ્તામાં ચાલતા જે કીટ કૃમી આદિ જીવોની અજાણે હિંસા થાય તે પાપ, પારકા અન્ન-પાણીથી કે અસ્પૃશ્ય વસ્તુના સ્પર્શથી થયેલું પાપ, તે બધા જ પાપોનો આ તીર્થક્ષેત્રના પ્રતાપથી નાશ થઈ જાય છે. ॥૪૩-૪૫॥

હે રાજન્ ! શાસ્ત્રજ્ઞ વિદ્વાનોએ કહેલી શુભ તીર્થવિધિ બધી જ મેં તમને કહી છે. આ તીર્થ વિધિ હિતકારી છે, સમગ્ર અમંગળને ટાળનારી છે અને લોકોએ અહીં અનુસરવા જેવી પવિત્ર છે. ॥૪૬॥

माहात्म्ये तीर्थकर्तव्यविधिनिरू पणं नामाऽष्टादशोऽध्यायः ॥१८॥

अथैकोनविंशोऽध्यायः ।

ऊनविंशे तु माहात्म्यं दुर्गपुरस्य चाधिकम् ।
वर्णितं चाऽन्यतीर्थेभ्यो मोक्षदं परमाद्भुतम् ॥

राजोवाच - राजदुर्गे त्वदुक्तानां माहात्म्यं श्रोतुमुत्तमम् ।
इच्छाम्यहं गुरो ! तीर्थक्षेत्राणां भवतः शुभम् ॥१॥
स इत्याश्रुत्य तद्वाक्यं प्राप्तो मोदं महत्तरम् ।
स्वामिनारायणं स्वेष्टं स्मरन् प्राहेति तं वचः ॥२॥
श्रीशुकानन्द उवाच -
साक्षाद्धार्मेर्हरेर्योगान्निर्गुणानां महीपते ! ।
तेषां सर्वं हि माहात्म्यं वक्तुं देवा नहि क्षमाः ॥३॥
तन्माहात्म्यं तथाऽशेषं ब्रह्मा विष्णुश्च शङ्करः ।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૮ સમાપ્ત.

અધ્યાય - ૧૯

અન્ય તીર્થક્ષેત્રો કરતાં ગઢપુરની વિશિષ્ટતા

દરબાર શ્રીજૂણાભાઈએ પૂછ્યું, હે ગુરો ! આપે કહેલા આ ગઢપુરમાં દરબાર ગઢના તીર્થ અને ક્ષેત્રોનું શુભ અને સર્વોત્તમ માહાત્મ્ય હું આપની પાસે સાંભળવા ચાહું છું. ॥૧॥

શ્રીશુકાનંદ સ્વામી તેમનું વાક્ય સાંભળીને ખૂબ જ રાજી થયા. પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનને સંભારીને પછી તેમને વાત કહેવા લાગ્યા. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિના સંબંધને લીધે આ તીર્થ ક્ષેત્રો નિર્ગુણ થયા ગણાય, તેથી તેનું સંપૂર્ણ માહાત્મ્ય તો દેવતાઓ પણ કહી શકે નહિ. ॥૩॥

બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને શેષ આદિ તથા કવિરાજો પણ તેનું છે તેટલું બધું

कवीश्वराश्च शेषाद्याः शक्ता वर्णयितुं न वै ॥४॥
तस्मात्तन्महिमानं ते कीर्तयेऽहं समासतः ।
श्रव्यं तं मङ्गलं पुण्यं शृणु त्वं स्वस्थमानसः ॥५॥
नृलोके ते द्युषल्लोके पाताले चापि सन्मते ! ।
नास्त्येतत्सन्निभं त्वन्यत्तीर्थक्षेत्रं हि पावनम् ॥६॥
येषां दर्शनमात्रेण दुरितौघच्छिदां जनः ।
मुच्यते पातकैः सर्वैरशेषैश्चाप्यमङ्गलैः ॥७॥
एतेषां पावनेक्षाणां मनोमालिन्यहारिणाम् ।
ये जनाः कुर्वते यात्रां तेषां स्यात्पातकक्षयः ॥८॥
ते यान्ति स्वेप्सितान् कामान् सुखं स्वेष्टं तथोत्तमम् ।
भुक्तिं मुक्तिं तथा श्रेष्ठां तापसैरपि वाञ्छिताम् ॥९॥
भूरिकालनिवासेन वाराणस्यां तु यत्फलम् ।
एतेषां प्रेक्षणात्पुण्याज्जनः प्राप्नोति तत्फलम् ॥१०॥
प्रयागे मानवो गत्वा मासान् द्वादश यो वसेत् ।

જ માહાત્મ્ય ન કહી શકે. ॥૪॥

માટે આ તીર્થક્ષેત્રોનો મહિમા સાંભળવા જેવો છે, પવિત્ર છે અને મંગળમય છે તે હું તમને ટૂંકમાં કહું છું તો તમે સ્વસ્થ મન કરીને સાંભળો. ॥૫॥

હે સન્મતે ! સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાલ લોકમાં આ ગઢપુરના દરબાર ગઢના જેવું પવિત્ર બીજું કોઈ તીર્થક્ષેત્ર નથી. ॥૬॥

પાપ પુંજનો નાશ કરનારા આ તીર્થ ક્ષેત્રોના દર્શન કરવા માત્રથી જ મનુષ્ય સમગ્ર પાપોથી અને બધા અમંગળોથી પણ છૂટી જાય છે. ॥૭॥

જેમનું દર્શન પાવન કરે છે અને મનની મેલાશ ટળી જાય છે આવા આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવા જે કોઈ પણ આવે છે તેના પાપોનો નાશ થઈ જાય છે. ॥૮॥

તેમના ઈચ્છિત સંકલ્પ પૂર્ણ થાય છે, તેમને સર્વોત્તમ ધાર્યું સુખ મળે છે અને તપસ્વીઓ પણ ચાહે તેવી ભુક્તિ અને શ્રેષ્ઠ મુક્તિ પણ તેને મળે છે. ॥૯॥

વારાણસીમાં મનુષ્ય તીર્થ અને ક્ષેત્રોની ઘણા સમય સુધી સેવા કરે અને જે ફળ મળે તે ફળ અહીં આ દરબારગઢના પુણ્યરૂપ દર્શનમાત્રથી જ મળે છે. ॥૧૦॥

यत्फलं तस्य तत्सर्वमेतेषां दर्शनाद्भवेत् ॥११॥
मथुराकल्पवासेन यत्फलं मानवो व्रजेत् ।
एतेषु तत्फलं पञ्च वासरान् याति यो वसेत् ॥१२॥
काश्यां वै योगयुक्तानां गतिर्देहत्यजां तु या ।
एतद्यात्राकृतां राजन् ! सा गतिः स्यान्न संशयः ॥१३॥
उपेत्य पुष्करं मर्त्यः कार्तिक्यां पुण्यवासरे ।
यत्फलं याति न्वेतेषां यात्रया तदवाप्नुयात् ॥१४॥
भूरिकल्पान् वसन् देही यात्यवन्त्यां तु यत्फलम् ।
यात्रिकाणां किलैतेषां सुलभं तत्फलं भवेत् ॥१५॥
राजन् ! भागीरथीस्नानाद्भूरिवर्षाणि यत्फलम् ।
तत्फलं यात्रयैतेषां प्राप्नुयाद्भूपते ! जनः ॥१६॥
यात्रयैतन्महातीर्थक्षेत्राणां यज्ञजं फलम् ।

માણસ પ્રયાગમાં જઈને એક વર્ષ પર્યંત જપ તપ વ્રત સાથે તીર્થ સેવન કરે અને તેને જે ફળ મળે તે બધું અહીંના તીર્થક્ષેત્રોના દર્શન કરવા માત્રથી જ મળે છે. ॥૧૧॥

મથુરામાં એક કલ્પ (૧-હજાર ચતુર્યુગ) સુધી તીર્થ સેવાથી મનુષ્યને જે ફળ મળે તે ફળ આ દરબારગઢના તીર્થ ક્ષેત્રોને માત્ર પાંચ દિવસ સેવવાથી મળે છે. ॥૧૨॥

કાશીમાં યોગીઓ શરીર છોડે, તો તેને જે સદ્‌ગતિ પ્રાપ્ત થાય તે સદ્‌ગતિ તો અહીંની યાત્રા કરનારાને પણ પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ સંશય નથી. ॥૧૩॥

કાર્તિકી પૂનમના પવિત્ર દિવસે માણસ પુષ્કર તીર્થની યાત્રા કરે અને તેને જે ફળ થાય છે તે ફળ આ દરબારગઢના તીર્થક્ષેત્રોની યાત્રાથી થાય છે. ॥૧૪॥

મનુષ્યને અનેક કલ્પપર્યંત અવન્તીમાં રહેવાથી જે ફળ મળે છે તે ફળ આ તીર્થક્ષેત્રોના યાત્રિકોને સુલભ છે. ॥૧૫॥

હે રાજન્ ! ઘણા વર્ષ સુધી કોઈ મનુષ્ય ગંગાજીમાં સ્નાન કરે અને તેથી તેને જે ફળ મળે તે ફળ તો માણસને આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવા માત્રથી જ મળે છે. ॥૧૬॥

મનુષ્ય અહીંના તીર્થક્ષેત્રોની યાત્રા કરે છે, તો તેને યજ્ઞનું ફળ અને સમગ્ર

सर्वतीर्थाभिषेकाणां फलं चैवाप्नुयान्नरः ॥१७॥
एतेषामत्र यात्रायै गच्छतां प्राणधारिणाम् ।
पदे पदेऽश्वमेधस्य फलं स्यादेव भूपते ! ॥१८॥
कुर्युरत्राऽग्निहोत्रं ये राजन् ! वर्षशतं नराः ।
प्राप्नुयुर्यत्फलं तत्स्याद्रात्रिमेतेषु वासतः ॥१९॥
एतेषु प्राणभृद्भक्त्या कुर्यादेकमुपोषणम् ।
अश्वमेधफलं गच्छेत् स पूताऽऽत्मा तथा भवेत् ॥२०॥
गतिं स चाप्नुयात्स्वेष्टां दुर्गतिं चापि न व्रजेत् ।
एतेषामीशवन्द्यानां दर्शनात् स्यान्महाफलम् ॥२१॥
दण्डवत्प्रणमेत्प्रीत्या भद्राण्येतानि यो जनः ।
तस्य बाल्यादिजं पापं सर्वं नश्यति भूपते ! ॥२२॥
अग्निष्टोमादिभिर्यज्ञैर्यत्फलं स्यान्महीपते ! ।

તીર્થોમાં અભિષેકનું ફળ પણ મળે છે. ॥૧૭॥

હે રાજન્ ! અહીંયાંના તીર્થોની યાત્રાએ આવતા યાત્રિકોને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. ॥૧૮॥

હે રાજન્ ! આ લોકમાં કોઈ મનુષ્ય સો વર્ષ પર્યંત અગ્નિહોત્ર કરતા રહે, અને તેને જે પુણ્યફળ થાય તેટલું પુણ્ય ફળ તો આ તીર્થ ક્ષેત્રોમાં માત્ર એક રાત રહેવાથી જ થાય છે. ॥૧૯॥

અહીંના આ પવિત્ર તીર્થ ક્ષેત્રોમાં કોઈ માણસ મહિમા અને ભક્તિભાવનાથી એક ઉપવાસ કરે, તો તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે અને તેનો આત્મા પવિત્ર થાય છે. ॥૨૦॥

તે પોતાની અભીષ્ટ ગતિને પામે છે, તેની દુર્ગતિ ક્યારેય થતી નથી. બ્રહ્માદિ ઈશ્વરોએ વંદન કરવા યોગ્ય આ તીર્થ ક્ષેત્રોના દર્શનથી આવું મહાન્ ફળ થાય છે. ॥૨૧॥

હે રાજન્ ! જે કોઈ મનુષ્ય આ મંગળમય તીર્થ ક્ષેત્રોને પ્રેમથી દંડવત પ્રણામ કરે છે તેને બાલ્ય વયથી આરંભીને જે કાંઈ પાપ થયું હોય તે બધાનો નાશ થઈ જાય છે. ॥૨૨॥

एतेषां यात्रयाऽशेषं जनानां तत्फलं भवेत् ॥२३॥
वाडवा बाहुजा वैश्याः शूद्राश्चेयुर्जनाः परे ।
फलं शताश्वमेधेभ्यो यात्रयैषां किलाऽधिकम् ॥२४॥
आरभ्य जन्म यत्पापं योषितः पुरुषस्य वा ।
यात्रया पुण्ययैतेषां तद्धि नश्यति सर्वशः ॥२५॥
यात्रामेषां प्रकुर्युर्ये स्वीयधर्मान्विता जनाः ।
शुद्धीभूतात्मनां तेषां भवेदेवाऽक्षयं फलम् ॥२६॥
सायं प्रातः स्मरेद्भक्त्या तीर्थक्षेत्राण्यमूनि यः ।
तेनाऽशेषाणि तीर्थानि कृतान्येवातिसद्धिया ॥२७॥
तीर्थक्षेत्रेषु चैतेषु नरो द्वादश वासरान् ।
उषित्वा सर्वयज्ञानां फलं स्वर्गं तथा व्रजेत् ॥२८॥
यत्र कुत्र स्थितो देही पुण्यान्येतानि यः स्मरेत् ।
न तस्य पुनरावृतिः स्यात्सुखं वाञ्छितं तथा ॥२९॥

હે રાજન્ અગ્નિષ્ટોમ આદિ યજ્ઞ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે સંપૂર્ણ ફળ તો અહીંની યાત્રા કરવાથી લોકોને મળે છે. ॥૨૩॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને બીજા જે કોઇ પણ મનુષ્યો અહીંની યાત્રા કરે, તો તેનાથી તે લોકોને સો અશ્વમેધ યજ્ઞ કરતાં પણ વધારે ફળ મળે છે. ॥૨૪॥

પુરુષ કે સ્ત્રીને જન્મથી આરંભીને જે કાંઇ પાપ થયું હોય, તે બધા પાપનો નાશ આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવાથી થઇ જાય છે. ॥૨૫॥

સ્વધર્મનિષ્ઠ જે મનુષ્યો આ તીર્થક્ષેત્રોની યાત્રા કરે છે તે પવિત્રાત્માઓને અખૂટ પુણ્યફળ મળે છે. ॥૨૬॥

જે મનુષ્ય સાંજ સવાર ભક્તિભાવથી આ તીર્થક્ષેત્રોને સંભારે છે, તે અતિશય શુભ બુદ્ધિવાળા મનુષ્યે માનો બધા જ તીર્થોની યાત્રા કરી લીધી છે. ॥૨૭॥

મનુષ્ય અહીંના તીર્થ ક્ષેત્રોમાં બાર દિવસ પર્યંત રહીને શુભ પ્રવૃત્તિ કરે છે તો તેને સર્વ યજ્ઞોનું ફળ મળે છે અને અંતે તે સ્વર્ગમાં જાય છે. ॥૨૮॥

જે કોઇ પણ સ્થળે રહેતો મનુષ્ય આ પવિત્ર તીર્થ ક્ષેત્રોને સંભારતો હોય છે તો તેને પુનર્જન્મ ટળે છે અને મન ચાહ્યું સુખ મળે છે. ॥૨૯॥

एतेषां सेवया राजन् ! पक्षिणः पशवस्तथा ।
पापात्मानो जनाश्चान्ये तेऽपि यान्त्येव सद्गतिम् ॥३०॥
यो मध्ये दिवि देवानां सिद्धगन्धर्ववेष्टितः ।
सुधां पातुं शुभामिच्छेदेतद्यात्रां करोतु सः ॥३१॥
यो विमानेन दिव्येन सत्यादौ देवलोकतः ।
यातुमिच्छेत्किलैतेषां भद्रां यात्रां स चाऽऽचरेत् ॥३२॥
यामीभ्यो यातनाभ्यश्च नरकेभ्यश्च दुर्गतान् ।
स्वपितॄन् पातुमिच्छेद्यस्त्वेतद्यात्रां करोतु सः ॥३३॥
भवाऽभवभयोपेतात् संसारात् क्लेशसंकुलात् ।
विदध्यात्सोऽवितुं वाञ्छेदेतद्यात्रां शुभावहाम् ॥३४॥
श्रेष्ठं नाकसुखं भोक्तुं राज्यं चाकण्टकं क्षितौ ।
य इच्छेत्कुरु ताद्यात्रामेतेषां सोऽघहारिणाम् ॥३५॥
कलिप्रवेशहीनेषु जनाश्चैतेषु सद्धियः ।
वसेयुस्तेन गच्छेयुर्वश्यं नैव क्वचित्कलेः ॥३६॥

હે રાજન્ ! આ તીર્થક્ષેત્રોના સેવનથી પક્ષીઓ, પશુઓ અને બીજા પાપી મનુષ્યો હોય, તે પણ સદ્ગતિ ને પામેજ છે. ॥૩૦॥

જેને દેવતાઓના સ્વર્ગમાં સિદ્ધો અને ગંધર્વોની વચ્ચે શુભ અમૃતપાન કરવાની ઇચ્છા થાય તેણે અહીંના તીર્થક્ષેત્રોની યાત્રા કરવી જોઇએ. ॥૩૧॥

જે દેવોના સ્વર્ગમાંથી દિવ્ય વિમાન વડે સત્ય આદિ લોકમાં જવા ચાહે તેણે આ તીર્થક્ષેત્રોની મંગળમય યાત્રા કરવી. ॥૩૨॥

દુર્ગતિ પામેલા પોતાના પિતૃઓનો યમયાતનાથી અને નરકથી જે લોકો ઉદ્ધાર કરવા ચાહે તેમણે આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવી. ॥૩૩॥

અનેક પ્રકારના ક્લેશથી ભરેલા, જન્મમૃત્યુના ભયથી યુક્ત આવા સંસારથી જે બચવા માટે ચાહે, તેમણે આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવી. ॥૩૪॥

જે શ્રેષ્ઠ સ્વર્ગીય સુખને ભોગવવા ઇચ્છે છે અને ભૂમિ ઉપર નિષ્કંટક રાજ્ય ભોગવવા ચાહે છે તેમણે પાપહારી આ તીર્થક્ષેત્રોની યાત્રા કરવી. ॥૩૫॥

કળિયુગનો પ્રવેશ જેમાં નથી આવા આ તીર્થક્ષેત્રોમાં સદ્બુદ્ધિવાળા લોકો

वसेयुर्ये जनाः पक्षं मासं चैतेषु वत्सरम् ।
वक्तुं न शक्यते राजंस्तेषां पुण्यं महत्तरम् ॥३७॥
तस्मात्पाषण्डिभिर्जुष्टे भूतले कलिसङ्कुले ।
तीर्थक्षेत्राणि चैतानि सेव्यान्येव मुमुक्षुभिः ॥३८॥
एतानि चिन्तितान्येनो मानसं शतवर्षजम् ।
कीर्तितानि हरन्ति द्राक् तथाऽघं सप्तजन्मजम् ॥३९॥
दुर्गपुर्यामिह स्थित्वा ये कुर्युर्नित्यदेक्षणम् ।
गोपीनाथप्रमुख्यानां धन्यास्ते मुक्तिगा जनाः ॥४०॥
एतानि वीक्षितुमघौघहराणि तीर्थक्षेत्रोत्तमानि विधिमुख्यसुराधिनाथाः।
आयान्ति योगनिपुणा ननु नारदाद्या गन्धर्वकिन्नरगणा बहवश्च सिद्धाः।
एतानि चारुहरिपत्कमलाङ्कितानि सर्वाऽशुभक्षयकराणि सुमङ्गलानि ।
संसारसागरमहाप्लवसन्निभानि सेव्यानि देहिभिरलं भवमुक्तिकामैः ॥

રહે છે. તેથી તેઓ ક્યારેય કળિયુગને વશ નહિ થાય. ॥૩૬॥

હે રાજન્ ! જે લોકો આ તીર્થક્ષેત્રોમાં પંદર દિવસ, એક માસ અથવા એક વરસ પર્યંત રહે તો તેનું અતિશય મહાન્ પુણ્ય વર્ણવી ન શકાય. ॥૩૭॥

માટે પાખંડીઓથી વસાયેલા અને કળિયુગથી ભરપૂર આ ભૂતલ ઉપર મુમુક્ષુઓએ આ તીર્થક્ષેત્રોને સેવવા જોઈએ. ॥૩૮॥

આ તીર્થક્ષેત્રનું મનમાં ચિંતન કરવામાં આવે તો તે સો વર્ષમાં થયેલું માનસ પાપ ટાળે છે અને જીભથી આનું યશોગાન કરવામાં આવે તો તે સાત જન્મના પાપને તત્કાળ નષ્ટ કરે છે. ॥૩૯॥

આ ગઢપુરમાં રહીને જે રોજ શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોના દર્શન કરે છે તે મુક્તિને પામનારા લોકો ધન્યવાદને યોગ્ય છે. ॥૪૦॥

પાપના પુંજને નષ્ટ કરનારા આ સર્વોત્તમ તીર્થક્ષેત્રોના દર્શન કરવા માટે બ્રહ્મા આદિ દેવાધિદેવો આવે છે, યોગશાસ્ત્રમાં નિપુણ નારદજી વગેરે, ગંધર્વ અને કિન્નરોના સમુદાયો તથા ઘણા સિદ્ધો પણ અહીં દર્શન કરવા આવે છે. ॥૪૧॥

આ તીર્થક્ષેત્ર શ્રીહરિના સુંદર ચરણારવિંદથી અંકિત છે, સમગ્ર અશુભોનો વિનાશ કરનારા છે, શુભ મંગળમય છે અને સંસારરૂપ સાગર તરવા માટે મોટા

संसारदावपुरु दग्धसमस्तदेहा एतानि वीक्ष्य दुरितार्त्तिनिकृन्तनानि ।
गङ्गाह्रदं त्विव समेत्य गजा दवार्त्ताः शान्तिं प्रयान्ति परमां नितरां हि राजन् ! ॥
यः प्रेरयत्यसुभृतोऽतिशुभामिहैतद्यात्रां विधातुमखिलाऽऽधिहरां च पुण्याम् ।
स प्राप्नुयान्नरपते ! वरराजसूययज्ञस्य सद्विधिकृतस्य फलं समग्रम् ॥४४॥
आगच्छते तनुभृतेऽत्र जनाय यात्रां कर्तुं धनं दिशति यः स किलाङ्गधारी।
प्राप्नोति दुर्लभफलं शुभगोसहस्रदानोद्भवं ह्यतिविशुद्धिमुपैति चैव ॥
यानं व्रजेद्दिशति यो मनुजः स काशीयात्राशतोद्भवफलं श्रमिताय मार्गे।
क्षुत्पीडिताय वितरेच्च लभेत योऽन्नं श्राद्धस्य पुण्यफलमेव गयाकृतस्य॥
नीरं ददाति ननु योऽध्वगयात्रिकाय स प्राप्नुयात्फलमदभ्रतरप्रपानाम् ।

જહાજ જેવા છે માટે સંસારથી મુક્તિ મેળવવા ચાહતા હોય તેમણે આને સેવવા. ॥૪૨॥

હે રાજન્ ! સંસારરૂપી દાવાનળમાં જેના શરીર અતિશય દાઝી ગયા છે આવા મનુષ્યો પાપ અને પીડાને ટાળનારા આ તીર્થક્ષેત્રના દર્શન કરે છે તો તે, દાવાનળમાં દાઝેલા હાથી ગંગાના પ્રવાહને પામીને જેમ શાંતિ અનુભવે છે તેમ અપાર પરમ શાંતિને પામે છે. ॥૪૩॥

મનના સમગ્ર સંતાપને શાંત કરનારી, અતિશય શુભ અને પુણ્યરૂપ આ તીર્થક્ષેત્રની યાત્રા કરવા માટે જે બીજા લોકોને પ્રેરણા કરે છે તો તે વિધિપુરઃસર કરેલા સર્વોત્તમ રાજસૂય યજ્ઞના સંપૂર્ણ ફળને પામે છે. ॥૪૪॥

આ તીર્થક્ષેત્રની યાત્રા કરવા આવતા માણસને કોઈ ખર્ચ માટે મદદના રૂપમાં ધન આપે છે તો તે એક હજાર ગાયોના દાનના અતિશય દુર્લભ અને શુભ ફળને પામે છે. ॥૪૫॥

આ તીર્થક્ષેત્રની યાત્રા કરવા આવનારો માણસ થાકી ગયો હોય તો તેને જે કાંઈ વાહન આપે છે તો તે એક સો વખત કાશીની યાત્રા કર્યાના ફળને પામે છે અને ભૂખ્યા યાત્રિક ને કોઈ ભોજન આપે છે તો તેને ગયામાં કરેલા શ્રાદ્ધનું પુણ્ય ફળ મળે છે. ॥૪૬॥

આ ગઢપુરના તીર્થક્ષેત્રની યાત્રા કરનારાને જે પીવા માટે પાણી આપે છે તો તેને અનેક પરબો કરાવવાનું પુણ્ય ફળ મળે છે. યાત્રિક ને જરૂરી વસ્તુ જો કોઈ લાવી

यो यात्रिकाय तदपेक्षितवस्तु दद्याद्गच्छेज्जनः स विविधान्निखिलान् हि
कामान् ॥४७॥

मार्गे व्रजन् नृप! शृणोति कथां हरेर्यो गीतं प्रगायति तथा रु चिरं पवित्रम्।
ध्यानं करोति च हरेरतिशान्तिकारं तस्मात्क्षितौ भवति धन्यतरः परः कः ॥

आगच्छतां तनुभृतां सुखकारणैतद्यात्रार्थमुत्सुकहृदां विदधाति विघ्नम्।
यो मूढधीर्निखिलदुष्टजनाऽग्रगण्यः पुण्यं विनाशयति वै निखिलं स राजन्!

एतेष्वेव चिरं निवासमकरोत्सर्वाऽवतारी हरिः,
श्रीधार्मिर्मुनिचिन्तनीयचरणः श्रीस्वामिनारायणः ।
तत्पादाम्बुरु हाङ्कितानि तदुरु ध्यानावहानि ध्रुवम्,
जीवानां हि जयन्त्यमूनि भवभीत्युच्छेदकर्तॄण्यलम् ॥५०॥

योगं हरेरतितरां वरमाप्नुवन्ति स्वर्गापवर्गपरिलब्धिकराण्यमूनि ।
नानाविधाघनिचयक्षपणानि राजन्! भूमेर्भवन्ति रु चिराणि विभूषणानि

આપે છે તો તેના અનેક પ્રકારના સમગ્ર સંકલ્પો સિદ્ધ થાય છે. ॥૪૭॥

હે રાજન્ ! યાત્રા માટે નીકળેલો મનુષ્ય રસ્તામાં જે ભગવાનની કથા સાંભળે છે, ભગવાનના સુંદર પવિત્ર કીર્તન ગાય છે, અને અતિશય શાંતિ આપનારું ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરે છે, તો આનાથી દુનિયામાં અધિક ધન્યવાદને પાત્ર કોને કહી શકાય ! ॥૪૮॥

હે રાજન્! સર્વ સુખના મૂળ આ તીર્થક્ષેત્રની યાત્રા કરવામાં જેનું હૃદય ઉત્સાહી હોય અને યાત્રા માટે ચાલ્યા આવતા હોય આવા યાત્રિકની યાત્રામાં જે મનુષ્ય વિઘ્ન કરે છે તે મૂઢ બુદ્ધિનો છે, સમસ્ત દુષ્ટોનો તે મુખિયો છે અને તેના જીવનના સમગ્ર પુણ્યનો તે નાશ કરી રહ્યો છે. ॥૪૯॥

મોટા મોટા સંતો જેમના ચરણકમળનું ધ્યાન કરે છે આવા સર્વાવતારી ધર્મપુત્ર શ્રીહરિ આ તીર્થક્ષેત્રોમાં ઘણો સમય નિવાસ કરીને રહ્યા હતા. તેમના ચરણ કમળથી અંકિત, તેમનું ધ્યાન કરવામાં અતિશય ઉપયોગી અને જીવોના સંસાર ભયનો નાશ કરનારા, આવા આ તીર્થક્ષેત્રો વિશેષપણે વિજયી રહ્યા છે. ॥૫૦॥

શ્રીહરિના સર્વાધિક સંબંધને પામેલા, સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનારા, અનેક પ્રકારના પાપના પુંજનો વિનાશ કરનારા, આવા આ તીર્થક્ષેત્ર ભૂમિના સુંદર ઘરેણા જેવા છે. ॥૫૧॥

एतेषां शुभनिलयः सुदिव्यतीर्थक्षेत्राणामिति महिमा मयेरितस्ते ।
यो भक्त्या भुवि शृणुयात्पेठेत्तथा तं गच्छेद्वै गतदुरितः स सर्वकामान्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये तीर्थयात्रायियासुमानवपदार्थार्पणजन्यपुण्यनिरू पणं नामैकोनविंशोऽध्यायः ॥१९॥

अथ विंशोऽध्यायः

अमराख्यनृपस्यात्र चैतन्यानन्दयोगिनः ।
संवादोऽन्तर्गतो विंशे तद्गुणाश्चापि वर्णिताः ॥

श्रीशुकानन्द उवाच - तीर्थक्षेत्रेषु चैतेषु स्वामिनारायणो हरिः ।
विचित्राणि चरित्राणि महाश्चर्याणि सोऽकरोत् ॥१॥
स तथैतेषु दिव्यानि चित्रकारीणि भूपते ! ।
नानाविधानि पुण्यानि स्वीयैश्वर्याण्यदर्शयत् ॥२॥
इत्थं श्रुत्वा स तद्वाक्यं प्राप्तानन्दो नरेश्वरः ।

આ અતિશય દિવ્ય તીર્થક્ષેત્રનો પરમ શુભાશ્રયરૂપ મહિમા મેં તમને કહ્યો છે. દુનિયામાં જે કોઈ મનુષ્ય ભક્તિભાવથી આ મહિમાને સાંભળે કે બીજાને સંભળાવે, પાઠ કરે, તો તે નિષ્પાપ થાય છે અને તેના સર્વ મનોરથ સફળ થાય છે. ॥૫૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૯ સમાપ્ત.

અધ્યાય - ૨૦

શ્રીઅમરાખાચરને સ. શ્રીચૈતન્યાનંદસ્વામીનો યોગ

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, આ તીર્થ ક્ષેત્રમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને મહાન્ આશ્ચર્ય થાય તેવા વિવિધ ચરિત્ર કર્યાં છે. ॥૧॥

અને હે રાજન્ ! તેમણે તેમાં અનેક પ્રકારના આશ્ચર્યકારી દિવ્ય પવિત્ર પોતાના ઐશ્વર્ય પણ દેખાડ્યા છે. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીનું વચન સાંભળીને દરબાર શ્રીજૂણાભાઈ ખૂબ જ ખુશ

सर्वसाधुगुणश्रेष्ठं तं प्राहैवं वचो मुनिम् ॥३॥
यानि यानि चरित्राणि यत्र यत्र महामुने ! ।
लोकानां श्रेयसे भूमौ चकार श्रीहरिर्विभुः ॥४॥
तानि तान्यतिभद्राणि प्रीत्या गेयानि सज्जनैः ।
श्रेयस्कराणि जीवानां मह्यं वक्तुं त्वमर्हसि ॥५॥
यानि यानि प्रवर्याणि स स्वैश्वर्याण्यदीदृशत् ।
तानि तान्यतिचित्राणि ब्रह्मंस्त्वं मे वदाञ्जसा ॥६॥
इत्थं श्रुत्वा स तद्वाचं शुकानन्दो महामुनिः ।
अब्रवीत्तमिदं वाक्यं हृदि स्वेष्टं स्मरन् हरिम् ॥७॥
साधु पृष्टं त्वया राजन् ! सर्वलोकहितैषिणा ।
अपाराणि चरित्राणि तथैश्वर्याणि वै हरेः ॥८॥
तस्मात्तानि चरित्राणि तथैश्वर्याणि भूपते ! ।
वक्ष्ये संक्षेपतस्तुभ्यं त्वं श्रृणवेकाग्रमानसः ॥९॥
एवमेव पुराऽपृच्छत्पुत्रो ह्युत्तमभूभुजः ।

થયા અને સર્વ સાધુતાના ગુણોથી સંપન્ન શ્રીશુક સ્વામીના પ્રત્યે ફરીવાર તેમણે કહ્યું, ॥૩॥

હે મુનિવર્ય ! આ ભૂમિ ઉપર લોકોના કલ્યાણ માટે મહાપ્રભુ શ્રીહરિએ જ્યાં જ્યાં જે જે ચરિત્ર કર્યા હોય, ॥૪॥

સંતોએ પ્રેમથી ગાયા જેવા, જીવોનું કલ્યાણ કરનારા, અતિમંગળમય તે તે ચરિત્ર આપ મને કહો. ॥૫॥

હે બ્રહ્મન્ ! વિવિધ પ્રકારના અને સર્વોત્તમ જે જે પોતાના ઐશ્વર્ય લોકોને બતાવ્યા હોય તે તે મને આપ યથાર્થ રીતે કહો. ॥૬॥

દરબાર શ્રીજૂણાભાઈનું આ રીતનું વાક્ય મહામુનિ શ્રીશુકાનંદ સ્વામીએ સાંભળ્યું. પછી તેઓ હૃદયમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને સંભારીને બોલ્યા, ॥૭॥

હે રાજન્ ! સમગ્ર લોકોનું કલ્યાણ ચાહતા તમોએ ઘણું સારું પૂછ્યું છે. શ્રીહરિના ઐશ્વર્યો અને ચરિત્રો અપાર છે. ॥૮॥

માટે હે રાજન્ ! તે ઐશ્વર્યો અને ચરિત્રો તમને ટૂંકમાં કહું છું. તમે મન એકાગ્ર કરીને સાંભળો .॥૯॥

भूपालोऽमरसिंहाख्यश्चैतन्यानन्दसद्गुरु म् ॥१०॥
राजोवाच - कुत्राऽऽसीत्तेन संवादो ब्रह्मन् ! सद्गुणशालिना ।
तस्य राज्ञस्त्वमेतन्मे वक्तुमर्हस्यनल्पवित् ॥११॥
श्रीशुकानन्द उवाच -
एकदा स यथाशास्त्रं कृत्वा नित्यविधिं निजम् ।
न्यषीदत्स्वासने भक्तैस्त्यागिभिश्चेतरैर्वृतः ॥१२॥
तावत्तत्राऽऽगतो राजा स धीमांस्तद्दिदृक्षया ।
तं नत्वा चेतरान् भक्तांस्तस्थौ तत्र तदादृतः ॥१३॥
स ततः प्रणिपत्य तं पुनर्नृपतिर्नम्रतरः कृताञ्जलिः ।
तमपृच्छदिदं महामुनिं सुधियं ध्यानरतं हरेः सदा ॥१४॥
उपलब्धयुधिष्ठिरोपमः सततं स्वीयवृषस्य पालने ।
प्रचुरप्रणयो हरौ दयामृदुलान्तःकरणो जितेन्द्रियः ॥१५॥

તમે પૂછ્યું તે રીતે જ અગાઉ એક વખત દરબાર શ્રીદાદાખાચરના સુપુત્ર શ્રીઅમરાખાચરે સદ્ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીને પૂછ્યું હતું. ॥૧૦॥

દરબાર શ્રીજૂણાભાઈએ કહ્યું, હે બ્રહ્મન્ ! આપ સર્વજ્ઞ છો, તો સર્વ સદ્ગુણ સંપન્ન શ્રીચૈતન્યાનંદ સ્વામીની સાથે શ્રીઅમરાખાચરને આવો પ્રશ્નોત્તરનો સંવાદ ક્યાં થયો હતો. તે આપ મને કહો. ॥૧૧॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, એક દિવસ શ્રીચૈતન્યાનંદ સ્વામી શાસ્ત્રાનુસાર પોતાનો નિત્યવિધિ કરીને પોતાને આસને બેઠા હતા અને ચારે બાજુ સંતો તથા હરિભક્તો બેઠા હતા. ॥૧૨॥

તે સમયે મહાબુદ્ધિમાન દરબાર શ્રીઅમરાખાચર સદ્ગુરુ શ્રીચૈત્યાનંદ સ્વામીના દર્શન કરવા ત્યાં આવ્યા. તેઓ સ્વામીને અને બીજા ભક્તોને પગે લાગ્યા. સહુએ તેમને આદર આપ્યો. તેઓ ત્યાં રોકાયા. ॥૧૩॥

દરબાર શ્રીઅમરા ખાચરે અતિનમ્રભાવે બે હાથ જોડ્યા, પગે લાગ્યા અને નિરંતર શ્રીહરિનું ધ્યાન કરવામાં પ્રીતિમાન રૂડીબુદ્ધિવાળા શ્રીચૈતન્યાનંદ સ્વામીને આવો જ પ્રશ્ન કર્યો. ॥૧૪॥

શ્રીઅમરા ખાચર નિરંતર સ્વધર્મનિષ્ઠામાં મહારાજા યુધિષ્ઠિરના જેવા હતા.

अतिशुद्धमनाः सुशीलवान् बहुलप्रश्रयवान् क्षमान्वितः ।
उरु शौर्यसुधैर्यवीर्यवान् हितकृत्सत्यमनोज्ञभाषणः ॥१६॥
सुमतिः खलु रन्तिदेववज्जनतायामुपकारतत्परः ।
पृथुवद्धरिपुण्यसत्कथाशुभवार्ताश्रवणे महादरः ॥१७॥
बलिना हरिसक्तचेतसा हरये सर्वसमर्पणे समः ।
वयुने जनकेन सन्निभः शुभसत्सङ्गतिलालसान्तरः ॥१८॥
सुजनप्रियसत्यसङ्गरः प्रभुरिक्ष्वाकुरिव प्रजाऽवने ।
शरणाऽऽगतरक्षणे समः शिबिना दानविधौ च भूभुजा ॥१९॥
हरिभक्तिकृतां पुरःसरः परमैकान्तिकभक्तवत्सलः ।
गुरु सज्जनसेवने रतो हरिमूर्तिस्मरणाऽऽग्रहोऽनिशम् ॥२०॥
मृगराज इवोरु विक्रमः प्रसहिष्णुः पितराविवाऽऽगसाम् ।

શ્રીહરિના સ્વરૂપમાં તેમને અપાર પ્રેમ હતો, દયાને લીધે તેમનું મન કોમળ રહેતું હતું, તેમણે ઈન્દ્રિય ગણને જીત્યો હતો. ॥૧૫॥

તેમનું મન અત્યંત શુદ્ધ હતું, ચારિત્ર્યવાન હતા, ઘણા વિનયી અને ક્ષમાયુક્ત હતા. તેમનામાં શૌર્ય, ધૈર્ય અને વીર્ય અપાર હતાં, સત્ય, હિત અને પ્રિય બોલનારા હતા. ॥૧૬॥

સદ્‌બુદ્ધિમાન તેઓ રંતિદેવ રાજાની જેમ લોકોપકારમાં તત્પર રહેતા. પૃથુ મહારાજની જેમ ભગવાનની શુભ કથા વાર્તા સાંભળવામાં ઘણા આદરભાવવાળા હતા. ॥૧૭॥

તેઓ સર્વસ્વ સમર્પણ કરવામાં તો ભગવાનમાં મન જોડી બેઠેલા બલિ રાજાના જેવા હતા. સમજણમાં જનક રાજાના જેવા હતા, તેમનું મન શુભ સત્સંગમાં સતત લલચાયેલું રહેતું. ॥૧૮॥

સજ્જનો તેમને પ્રિય હતા. તેમની પ્રતિજ્ઞા હમેશાં સત્ય રહેતી, ઈક્ષ્વાકુની જેમ પ્રજાનું પાલન કરવામાં સશક્ત હતા, શરણાગતનું રક્ષણ કરવામાં અને દાન આપવામાં તો મહારાજા શિબિના જેવા હતા. ॥૧૯॥

ભગવાનની ભક્તિ કરનાર ભક્તોમાં આગળ ચાલનારા, પરમ એકાંતિક અને ભક્તવત્સલ હતા. ગુરુ અને સંતોની સેવામાં તેમને પ્રેમ હતો નિરંતર ભગવાનની મૂર્તિના સ્મરણના આગ્રહ યુક્ત હતા. ॥૨૦॥

अरिभिर्नितरां दुरासदो विजितानङ्गक्रुधादिदूषणः ॥२१॥
गिरिशप्रतिमस्त्वनुग्रहे समतायां कमलासनोपमः ।
सततं हरिमूर्तिसंस्मृतौ ननु कायाधवतुल्यतां गतः ॥२२॥
निजवंशयशोविवर्धनो ननु सेव्यो हिमवानिवाङ्गिनाम् ।
सुखकारिहरिप्रसन्नताकरणे सद्गयभूपसन्निभः ॥२३॥
अहमस्म्यभिलाषवान् हरेरुचिरैश्वर्यचरित्रसंश्रुतेः ।
वद तानि ततो महामुने ! दयया तापनिवर्तनानि मे ॥२४॥
श्रीशुकानन्द उवाच -
इति तस्य निशम्य सद्वचो नितरां प्रीतमनाः स सद्गुरः ।
इति तं प्रणतं समब्रवीत् स्ववचोविश्वसनान्वितं नृपम् ॥२५॥
जनजातसुहृत्तमो महान् मुनिमान्यः करुणामृतार्द्रहृत् ।

સિંહના જેવા પરાક્રમી હતા અને બાળકના અપરાધને માતાપિતા જેમ સહન કરે તેમ પ્રભુ ભક્તોના અપરાધને સહન કરતા હતા. શત્રુઓને માટે તે અત્યંત દુર્જેય હતા અને તેમણે કામ ક્રોધાદિ દોષોને જીતી લીધા હતા. ॥૨૧॥

તેઓ રાજીપામાં શિવજી જેવા હતા. સમત્વની ભાવનામાં બ્રહ્મા જેવા હતા અને અખંડ ભગવત્સ્મરણ કરવામાં તો પ્રહ્લાદજીના જેવા હતા. ॥૨૨॥

પોતાના કુળના યશને વધારનારા, સહુ કોઈ દેહધારીએ હિમાલયની જેમ સેવવા યોગ્ય, સુખકારી ભગવાનની પ્રસન્નતા મેળવવામાં તો તેઓ મહારાજા ગયના જેવા હતા. ॥૨૩॥

(તેમણે શ્રીચૈતન્યાનંદ સ્વામીને કહ્યું કે) શ્રીહરિના સુંદર ઐશ્વર્યો અને ચરિત્રોને સાંભળવાની અભિલાષા મારા મનમાં છે. માટે હે મહામુને ! ત્રિવિધ તાપને શમાવનારા તે ઐશ્વર્યો અને ચરિત્રો દયા કરીને મને કહો. ॥૨૪॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, આ પ્રમાણેનું શ્રીઅમરાખાચરનું સુંદર વચન સાંભળીને સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામી ખૂબ જ રાજી થયા. પછી પોતાના વચનના વિશ્વાસી અને પોતાને પ્રણામ કરી રહેલા તે દરબાર આગળ સ્વામી કહેવા લાગ્યા. ॥૨૫॥

સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામી જીવપ્રાણિમાત્રના સાચા સુહૃદ હતા. સંતોમાં માન પામેલા એક મહાન્ સદ્‌ગુરુ હતા, તેમનું હૃદય સદા કરુણારૂપી અમૃતથી

क्वचन क्षणमप्यविस्मरन् सहजानन्दमुदारदर्शनम् ॥२६॥
प्रियसत्यहितावहोक्तिमान् विजितान्तःकारणाऽखिलेन्द्रियः ।
हरिपुण्यसुभद्रसत्कथाश्रवणादावतिसक्तमानसः ॥२७॥
उपकारपरः शरीरिणां शुभसाधुत्वविभूषणोल्लसन् ।
शुचिरेव सदा ह्यकिञ्चनो धृतियुक्तो मितभुग् जितासनः ॥२८॥
विधुचन्दनवत्समीयुषां पुरुशान्ति प्रणयन् वपुर्भृताम् ।
घनवत्सुखदोऽङ्गधारिणां जनबोधाधिकपाटवान्वितः ॥२९॥
वृषबोधविरक्तिभक्तिमान् निरवद्योत्तमशीलराजितः ।
स्पृहणीयगुणो महाजनैः सुजनप्रार्थितपुण्यदर्शनः ॥३०॥
हरेरैश्वर्याणां विविधचरितानां च नृपते !
शुभानामानन्त्याद्भवभयभिदां पातकहृताम् ।

ભીંજાયેલું હતું. ઉદાર દર્શનવાળા શ્રીસહજાનંદ સ્વામીના સ્વરૂપને તેઓ એક ક્ષણવાર પણ ક્યારેય ભૂલતા નહિ. ॥૨૬॥

તેમની વાણી પ્રિય, સત્ય અને હિત રૂપ હતી. સર્વ ઈંદ્રિયોને અને અંતઃકરણ ને તેમણે વશ રાખ્યા હતા. તેમનું મન ભગવાનની પુણ્યમય અને મંગળરૂપ શુભ કથાને સાંભળવા આદિમાં તત્પર રહેતું હતું. ॥૨૭॥

તેઓ સર્વ પ્રાણીઓના ઉપર ઉપકાર કરનારા, શુભ સાધુતાના ઘરેણાંથી દીપતા, નિરંતર પવિત્ર નિષ્કિંચન રહેતા હતા. તેઓ ધીર, ગંભીર, અલ્પાહારી અને આસન જીતનારા હતા. ॥૨૮॥

શરણે આવનારા લોકોને ચંદ્રમા અને ચંદનની જેમ અપાર શાંતિ આપતા હતા. સહુ કોઈ પ્રાણીઓને વરસાદની જેમ સુખકારી હતા અને લોકોને સમજણ આપવામાં તો તેઓ અત્યંત નિષ્ણાત હતા. ॥૨૯॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી તેઓ સંપન્ન હતા, નિર્દોષ અને શ્રેષ્ઠ ચરિત્રથી તેઓ શોભતા હતા. મોટા મોટા સજ્જનો પણ તેમના સદ્‌ગુણોને ચાહતા હતા. તેમના પવિત્ર દર્શનની ઈચ્છા તો પુણ્યાત્માઓના મનમાં પણ રહ્યા કરતી હતી. ॥૩૦॥

(આવા શ્રીચૈતન્યાનંદ સ્વામીએ દરબાર શ્રીઅમરાખાચરને કહ્યું,) હે રાજન્! જન્મમરણરૂપ સંસારના ભયને ટાળનારા અને પાપહારી આવા શ્રીહરિના

क्षमस्तत्कस्तानि प्रगदितुमशेषाणि सुमतिस्
ततस्तान्यव्यासान्निपुण ! कथयिष्यामि भवते ॥३१॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीचैतन्यानन्दामरसिंहभूपतिसमागमनिरू पणं नाम विंशोऽ-ध्यायः ॥२०॥

अथैकविंशोऽध्यायः

एकविंशे बहिर्दुर्गात् तीर्थक्षेत्राणि यानि वै ।
तेषु लब्ध्याद्यगाराणां निर्देशोऽत्र कृतोऽस्ति हि ॥

श्रीचैतन्यानन्द उवाच –
पितुस्ते भूपते ! सुज्ञो मन्त्री लब्धाभिधःसुधीः ।
हरेरैकान्तिको भक्तः कार्यदक्षतरो ह्यभूत् ॥१॥
दुर्गपुर्यां हि तद्भागे प्राच्यां तद्दुर्गतोऽन्तिके ।
गर्भागारान् हरिः प्रीत्या तन्मन्त्र्यर्थं व्यचीकरत् ॥२॥
स श्रीहरिस्ततो विप्रैर्वेदज्ञैः कर्मकोविदैः ।

પરમ શુભ ઐશ્વર્ય અને વિવિધ ચરિત્ર અપાર છે તેને કયો એવો સુબુદ્ધિ પુરુષ છે કે જે સંપૂર્ણપણે કહી શકે. માટે હે નિપુણ દરબાર ! તે ઐશ્વર્યો અને ચરિત્રોને હું તમારી આગળ ટૂંકમાં કહીશ. ॥૩૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૦ સમાપ્ત.

અધ્યાય - ૨૧

શ્રીલાધા ઠક્કર આદિના પ્રસાદીના ઘર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તમારા પિતાના કારભારી શ્રી લાધા ઠક્કર ઘણા બુદ્ધિમાન અને સુજ્ઞ હતા. તેઓ ભગવાનના એકાંતિક ભક્ત અને અત્યંત કાર્યકુશળ પણ હતા. ॥૧॥

ગઢપુરમાં પોતાના ભાગમાં ગઢને નજીક પૂર્વતરફ તે કારભારી માટે શ્રીહરિએ પ્રેમથી ઓરડાઓ કરાવ્યા હતા. ॥૨॥

वास्तुकर्म यथाशास्त्रं कारयामास भूपते ! ॥३॥
सोऽमात्योऽथ हरिं प्रीत्या नानाभोज्यैरतर्पयत् ।
साधूंश्च वर्णिनो विप्रान् भक्तान् पद्गादिकांस्तथा ॥४॥
दिव्यरूपं ततस्तस्मै मन्त्रिणे स व्यदर्शयत् ।
तथा तन्मातृमुख्याय तत्कुटुम्बाय भूपते ! ॥५॥
अवतारांस्ततो राजन् ! महाभासो मनोहरान् ।
श्रीहरिः प्रेक्षयाञ्चक्रे प्रीत्या तेभ्यो दयानिधिः ॥६॥
तदिच्छयाऽथ तद्रूपं तिरोऽभूत्तत्र सत्वरम् ।
अवताराश्च ते सर्वे तिरोऽभूवन्महीपते ! ॥७॥
इत्यद्भुतं निजैश्वर्यं दिव्यं पुण्यं शुभं हरिः ।
अदर्शयत् स्वभक्तेभ्यो भक्तकल्पद्रुमो विभुः ॥८॥
उदग्दिद्वारयुक्तेषु तेषु रम्येषु साम्प्रतम् ।
आस्ते बाणाख्यभूपस्य कन्यका माङ्कसंज्ञिता ॥९॥

હે રાજન્ ! પછી કર્મકાંડી વેદજ્ઞ બ્રાહ્મણો પાસે શ્રીહરિએ શાસ્ત્રાનુસાર તેનું વાસ્તુકર્મ કરાવ્યું. ॥૩॥

પછી તે કારભારીએ પ્રેમથી અનેક પ્રકારના ભોજન કરાવીને શ્રીહરિને થાળ જમાડ્યા. તેમજ બ્રહ્મચારીઓ, સાધુઓ, પાર્ષદો, બ્રાહ્મણો તથા હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા. ॥૪॥

હે રાજન્ ! શ્રીલાધા ઠક્કર તથા તેમના મા વગેરે કુટુંબને શ્રીહરિએ પોતાના દિવ્યસ્વરૂપે દર્શન આપ્યા. ॥૫॥

હે રાજન્ ! તે પછી દયાનિધિ શ્રીહરિએ મહાતેજસ્વી અને મનોહર અવતારોના પણ પ્રેમથી દર્શન કરાવ્યા. ॥૬॥

પછી શ્રીહરિની ઈચ્છાથી જ તે પોતાનું દિવ્ય સ્વરૂપ અને બધા અવતારો સત્વરે અદૃશ્ય થયા. ॥૭॥

ભક્તો માટે કલ્પવૃક્ષના સમાન મહાસમર્થ શ્રીહરિએ આ રીતે પોતાના ભક્તોને દિવ્ય, પુણ્ય, શુભ અને અદ્‌ભુત પોતાના ઐશ્વર્યના દર્શન કરાવ્યા. ॥૮॥

ઉત્તરદાબારના તે ભવ્ય ઓરડાઓમાં હાલમાં શ્રીબાવા ખાચરના પુત્રી માંકુબા રહે છે. ॥૯॥

तेषु लब्धाख्यभक्तस्य गर्भागारोऽन्तिमोऽस्ति यः ।
याऽस्ति तस्य बहिःशाला दीर्घा रम्या च विस्तृता ॥१०॥
तस्यामुपाविशत्तुङ्गे महापट्टासने हरिः ।
कोमलास्तरणे युक्ते कोमलैस्तूलिकादिभिः ॥११॥
ततो दिव्यं स्वमैश्वर्यं हरिर्भद्रं व्यदर्शयत् ।
आयातेभ्यो निजेक्षार्थं भक्तेभ्यः सूर्यपत्तनात् ॥१२॥
तत्र यो दिशि वारुण्यां गर्भागारो मनोहरः ।
तत्राऽवसद्धरिर्गुप्तं स्वतन्त्रोऽमोघवाञ्छितः ॥१३॥
तदा क्रूरजिदाख्याय स्वभक्तायाऽच्छचेतसे ।
श्रीहरिर्दर्शयाञ्चक्रे स्वं रूपं दिव्यमद्भुतम् ॥१४॥
गर्भागारस्य तस्याग्रे दिश्युदीच्यां समाङ्गणे ।
स स्वभक्तसभामध्ये न्यषीदत्स्वासने मुहुः ॥१५॥
देशान्तरीयभक्तानां सङ्घस्तत्राऽवसन्नृप ! ।
तत्राऽऽनाय्याऽथ तं भक्ता रम्यैरघ्यैरपूजयन् ॥१६॥

તેમાં છેલ્લો ઓરડો શ્રીલાધા ઠક્કરનો છે. તેની ઓસરી વિશાળ, લાંબી, પહોળી અને રમણીય છે. ॥૧૦॥

તે ઓસરીમાં મોટી પાટ ઉપર સુંવાળા ગાદી, તકિયા ઓછાડીને બિછાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૧૧॥

પછી ત્યાં સુરતથી દર્શન કરવા આવેલા હરિભક્તોને શ્રીહરિએ પોતાનું મંગળમય દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૧૨॥

ત્યાં પશ્ચિમ દિશામાં એક મનોહર ઓરડો છે. અકુંઠિત ઈચ્છાવાળા શ્રીહરિ ત્યાં છુપાઈને રહ્યા હતા. ॥૧૩॥

તે સમયે નિર્મળ મનના કુરજીભાઈ નામના પોતાના ભક્ત હતા, તેને શ્રીહરિએ પોતાનાં અદ્‌ભુત અને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા હતા. ॥૧૪॥

તે ઓરડાની આગળ ઉત્તર દિશાના એક સરખા આંગણામાં પોતાના ભક્તોની સભામાં બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વારેવારે વિરાજમાન થતા હતા. ॥૧૫॥

હે નૃપ ! દેશાંતરથી આવતા હરિભક્તોના સંઘ ત્યાં ઉતારો કરતા હતા. તે

श्रीहरिः स ततो राजन् ! भक्तेच्छापूरणोद्यतः ।
तत्राऽद्भुतं परं दिव्यं स्वैश्वर्यं चाप्यदर्शयत् ॥१७॥
राजदुर्गादितो रम्यात्पादपद्माङ्कितार्द्धरेः ।
यो धीमनुत्तराशायामट्टमार्गो हि वर्तते ॥१८॥
तस्मान्मार्गाद्दिशि प्राच्यामासंस्तातस्य ते नृप ! ।
मातुलस्य ग्लहाख्यस्य गर्भागारा मनोहराः ॥१९॥
श्रीहरिर्व्यचरत्तेषु गर्भागारेषु सत्पतिः ।
प्रीत्या चोपाविशत्तुङ्गे तूलिकाद्यन्वितासने ॥२०॥
भक्तिमांस्त्वं हरौ राजन् ! राजदुर्गं निजं सुधीः ।
आचार्यायैव भगवत्प्रसादायाऽर्पयो मुदा ॥२१॥
ततो यौ च ग्लहाख्यस्य मातुलस्य महीभुजः ।
प्राग्द्वारौ पश्चिमद्वारौ गर्भागारौ बभूवतुः ॥२२॥
तत्राद्यैव त्वया राजन् ! राजदुर्गो महीभुजा ।

હરિભક્તો શ્રીહરિને આ ઉતારે પધરાવીને સારા પૂજાના ઉપચારોથી પૂજતા હતા. ॥૧૬॥

હે રાજન્ ! ભક્તોની ઈચ્છા પૂરવા માટે તત્પર રહેતા શ્રીહરિએ ત્યાં સર્વોત્તમ અને અદ્‌ભુત પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૧૭॥

હે ધીમન્ ! શ્રીહરિના ચરણ કમળથી પ્રસાદીરૂપ થયેલા આ રમણીય દરબારગઢથી ઉત્તર દિશામાં જે બજાર (રસ્તો) છે. ॥૧૮॥

તે રસ્તાથી પૂર્વમાં તમારા પિતાજીના મામા શ્રીઘેલા ધાધલના જે મનોહર ઓરડાઓ હતા. ॥૧૯॥

સત્પતિ શ્રીહરિ તે ઓરડાઓમાં વિચર્યા હતા. અને ગાદી તકિયા બિછાવેલા ઊંચા આસન ઉપર વિરાજ્યા પણ હતા. ॥૨૦॥

હે રાજન્ ! તમે શ્રીહરિના સ્વરૂપમાં ભક્તિમાન છો, સદ્‌બુદ્ધિવાળા છો, તેથી આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજને પોતાના ભાગનો દરબારગઢ પ્રેમથી અર્પણ કર્યો. ॥૨૧॥

પછી શ્રીદાદાખાચરના મામા શ્રીઘેલા ધાધલના ઉગમણા અને આથમણા બારના જે બબ્બે ઓરડાઓ હતા. હે રાજન્ ! તે જગ્યાએ હાલમાં તમે દરબારગઢ

कारितश्चास्ति तद्भूमिर्हरेः पादाङ्किता मुहुः ॥२३॥
तद्गार्भागारसंयुक्ते राजदुर्गस्य विस्तृते ।
चतुष्के वर्तते राजन् ! निम्बवृक्षो महत्तरः ॥२४॥
तस्माद्वै दक्षिणाऽऽशायां भूपते ! विद्यते प्रहिः ।
चत्वरे तत्र विस्तीर्णे न्यषीदत्स्वासने हरिः ॥२५॥
ततः साधूंश्च भक्तान् स्वान् भक्तप्रेयान् स्वयं हरिः ।
अदर्शयन्निजैश्वर्यं चित्रकारि शुभं परम् ॥२६॥
आयात्तत्र तदाऽऽदित्यो द्रष्टुमुत्कण्ठितो हरिम् ।
तेजःपुञ्जोल्लसन्मूर्तिर्भासयन्नखिला दिशः ॥२७॥
ततो मुन्यादिभिर्भक्तैराश्चर्येणेक्षितो रविः ।
तं विलोक्यातिहृष्टात्मा साष्टाङ्गं प्राणमत्प्रभुम् ॥२८॥
भक्त्या स्तुत्वाऽथ तं स्तुत्यं तिरोऽभूत्तत्र सत्वरम्
इत्थं दिव्यं स्वमैश्वर्यं भक्तेभ्योऽदर्शयद्धरिः ॥२९॥

કરાવ્યો છે. તે બધી ભૂમિ શ્રીહરિના ચરણકમળોથી વારંવાર પ્રસાદીરૂપ થઈ છે. ॥૨૨-૨૩॥

હે રાજન્ ! તે ઓરડાઓને લગતો દરબાર ગઢનો વિશાળ ચોક છે, તેમાં એક મોટું લીંબડાનું ઝાડ છે. ॥૨૪॥

હે રાજન્ ! તે લીંબડાથી દક્ષિણ દિશામાં એક કૂવો છે. તે વિશાળ ચોકમાં બિછાવેલા પોતાના આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨૫॥

જેને ભક્તો ઘણા પ્રિય છે આવા શ્રીહરિએ સ્વયં પછી પોતાના સંતોને તથા હરિભક્તોને અતિ આશ્ચર્યકારી સર્વોત્તમ પોતાનું શુભ ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨૬॥

તેવામાં ત્યાં શ્રીહરિના દર્શનની ઉત્કંઠાથી સૂર્ય આવી પહોંચ્યા. તેજના પુંજમાં સૂર્યની મૂર્તિ શોભતી હતી અને તેથી બધી જ દિશાઓ ઝળહળી ઊઠી હતી. ॥૨૭॥

પછી સંતો અને સર્વ ભક્તોએ આશ્ચર્ય ચકિત થઈને સૂર્યના દર્શન કર્યા. સૂર્યે પણ પ્રસન્ન મનથી શ્રીહરિના દર્શન કર્યા અને પ્રભુને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ॥૨૮॥

સ્તુતિને યોગ્ય શ્રીહરિની ભક્તિભાવથી સ્તુતિ કરીને સત્વરે સૂર્ય અદૃશ્ય

तत्राऽथ पूर्वदिग्द्वारे गर्भागारे वरे हरिः ।
सार्धमेत्य मुनीन्द्राद्यैर्न्यषीदत् स्वोत्तमासने ॥३०॥
न्यग्रोधपत्तनावासी भक्तोऽथ व्यापजिद्वणिक् ।
तथाऽन्यः परमानन्दश्छोटालालश्च वाडवः ॥३१॥
एते स्निग्धास्त्रयो भक्ता नानाभोज्यानि सादरम् ।
कारयित्वा यथायोग्यं तैर्हरिं समतर्पयन् ॥३२॥
तथा विचित्रभोज्यैस्ते साधून् संन्यासिनस्तथा ।
भक्तांश्च वर्णिनः पद्गांस्तर्पयामासुरादृताः ॥३३॥
तुङ्गोपवेशनस्थाने ततो निम्बतरोरधः ।
न्यषीदन्मञ्चके युक्ते तूलिकाद्यैर्वरैर्हरिः ॥३४॥
स्वर्णसूत्रं ततस्ते तं सुरवारं व्यदीधपत् ।
हेमसूत्रमयोष्णीषं तत्र मौक्तिकशेखरान् ॥३५॥
मणिस्वर्णशिरोभूषां काञ्चनं कञ्चुकं तथा ।

થયા. આ રીતે શ્રીહરિએ ભક્તોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. ॥૨૯॥

ત્યાં ઉગમણા બારના શ્રેષ્ઠ ઓરડામાં સંતો વગેરેની સાથે આવીને શ્રીહરિ સારા આસન ઉપર વિરાજ્યા હતા. ॥૩૦॥

વડોદરાના બાપુભાઈ શેઠ, બીજા પરમાનંદભાઈ અને વિપ્ર છોટાલાલ, આ ત્રણેય પ્રેમી ભક્તોએ આદરભાવથી અનેક પ્રકારે થાળ રસોઈ કરાવીને યોગ્ય રીતે શ્રીહરિને જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૩૧-૩૨॥

તે રીતે જ ભાતભાતના ભોજનોથી વર્ણીઓ, સાધુઓ, સંન્યાસીઓ, પાર્ષદો વગેરે ભક્તો, સહુને આદરભાવથી જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૩૩॥

પછી લીંબડાના ઝાડ નીચે ગાદી, તકિયો અને ઓછાડથી બિછાવેલા પલંગવાળા ઊંચા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૩૪॥

પછી તે ત્રણેય પ્રેમી ભક્તોએ સોનાના તારવાળો સુરવાળ શ્રીહરિને પહેરાવ્યો અને તેવી જ સોનેરી પાઘ મસ્તકે બંધાવી, તથા તે પાઘમાં મોતીના તોરા ઝુકાવ્યા. ॥૩૫॥

મણિ જડિત સોનાનું શિરોભૂષણ, સોનેરી અંગરખું, અને સોનાના તારવાળો

हेमसूत्रं च कौसुम्भं प्रावारं ते व्यधारयन् ॥३६॥
सौवर्णौ कटकौ रम्यौ तथा हारं हिरण्मयम् ।
तं ते त्वधारयन् प्रीत्या ललन्तीं ललितां हरिम् ॥३७॥
तेऽथ चन्दनसन्माल्यहाराद्यैर्धूपदीपकैः ।
अन्यैर्नानोपचारैस्तं पूजयामासुरच्युतम् ॥३८॥
ततो रम्योपचारैस्ते मुन्यादीन् स्वर्च्य सादरम् ।
नूत्नवस्त्राणि रम्याणि तेभ्यः प्रीत्या समार्पयन् ॥३९॥
अथ यतिपतिरात्मनः प्रतापं परमतरं हरिराश्रितार्त्तिहारी ।
दुरितभरहरश्रुतिं सुभद्रं मुनिवरगेयमदर्शयत् स्वभक्तान् ॥४०॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर–माहात्म्येश्रीहरिपादाङ्कितस्थानादिनिरू पणं नामैकविंशाऽध्यायः ॥२१॥

अथ द्वाविंशोऽध्यायः

हरिसम्बन्धयुक्तानां स्वभक्तवेश्मनां तथा ।
बहिर्वेद्यन्धुमुख्यानां द्वाविंशे वर्णनं कृतम्॥

કસુંબી રંગનો ખેસ પહેરાવ્યો. ॥૩૬॥

સુંદર સોનાના બે કડાં હાથમાં પહેરાવ્યા. કંઠમાં સોનાનો હાર અને સોહામણી લલંતિકા (નીચે સુધી લટકતો એક પ્રકારનો હાર) પ્રેમથી પહેરાવી. ॥૩૭॥

પછી તેમણે ચંદન, અનેક પ્રકારના ફૂલના હાર વગેરે, ધૂપ અને દીપ આદિ વિવિધ ઉપચારોથી અવિકારી શ્રીહરિની પૂજા કરી. ॥૩૮॥

પછી આદર સહિત સંતો વગેરેની સારી રીતે પૂજા કરી અને તેમને હેતથી નવા વસ્ત્ર અર્પણ કર્યા. ॥૩૯॥

તે પછી ભક્તોની પીડાને હરનારા મુનિપતિ શ્રીહરિએ સાંભળવા માત્રથી જ પાપના પુંજને નષ્ટ કરનાર, મુનિરાજોએ ગાવા લાયક અને પરમ મંગળમય આવો પોતાનો સર્વોત્તમ પ્રતાપ પોતાના ભક્તોને દેખાડ્યો. ॥૪૦॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૧ સમાપ્ત.

श्री चैतन्यानन्द उवाच –

गर्भागारस्य चैतस्य प्रागेवोक्तमवाक्दिशि ।
भक्ता गुर्जरदेशीयाः कूपं हर्याज्ञयाऽखनन् ॥१॥
नीरे तस्मिन्नथोद्भूते भक्तास्तं श्रीहरिं मुदा ।
प्रीताः संस्नाप्य तद्वार्भिस्तन्नीरं तत्र चाक्षिपत् ॥२॥
तदा तत्राऽगमन्मूर्तः प्रेक्षितुं वरुणो हरिम् ।
विस्मयप्रेक्षितो भक्तैस्ततस्तं प्राणमद्धि सः ॥३॥
अथ स्तुत्वा स तं प्रीत्या तत्प्रेक्षानन्दसंयुतः ।
तेषामवेक्षमाणानां तिरोऽभूत्तत्र सत्वरम् ॥४॥
राजंस्ततो भवत्तातो भोज्यैर्नानाविधैर्वरैः ।
श्रीहरिं चैव मुन्यादीन् सादरं समतर्पयत् ॥५॥
उदीच्यां निम्बसद्वृक्षाद् गर्भागाराङ्गणस्थितात् ।
स सद्भिर्ज्वरिकाभृत्यै पद्गैश्चाऽचीखनत् खनिम् ॥६॥

અધ્યાય-૨૨

સત્સંગીઓના પ્રસાદીના ઘર વગેરે

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, તમને પહેલા કહ્યું કે તે ઓરડાથી દક્ષિણ દિશામાં એક કૂવો છે. તે કૂવો ગુજરાતના હરિભક્તોએ શ્રીહરિની આજ્ઞાથી ખોદ્યો હતો. ॥૧॥

તે કૂવામાં જ્યારે પાણી નીકળ્યું ત્યારે હરિભક્તોએ શ્રીહરિને તે પાણી વડે હેતથી નવડાવ્યા અને પ્રસાદીનું પાણી કૂવામાં નાખ્યું. ॥૨॥

તે વખતે શ્રીહરિના સાક્ષાત્ દર્શન કરવા માટે મૂર્તિમાન્ વરુણ દેવ આવ્યા. સર્વ ભક્તોએ તેમને વિસ્મયભરી નજરે જોયા. વરુણ દેવે શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૩॥

શ્રીહરિના દર્શન કરીને ખુશ થયેલા વરુણે શ્રીહરિની પ્રેમથી સ્તુતિ કરી. સહુ તેમને દેખી રહ્યા હતા. પણ તેઓ તત્કાળ ત્યાં જ તિરોહિત થઈ ગયા. ॥૪॥

હે રાજન્ ! પછી તમારા પિતા શ્રીદાદાખાચરે જાત જાતના થાળ રસોઈ કરાવીને આદર સાથે શ્રીહરિને અને સંતોને થાળ રસોઈ જમાડીને તૃપ્ત કર્યા. ॥૫॥

ઓરડાના આંગણામાં રહેલા લીંબડાના ઝાડથી ઉત્તરમાં સંતો અને

तदा तस्य बहिःशाला याऽभूत्तस्यामकारयत् ।
श्रीहरिर्मासपर्यन्तं नित्यानन्देन सत्कथाम् ॥७॥
भारयित्वाऽथ तत्खन्यां पद्गाद्यैर्ज्वरिकां हरिः।
तन्मुखं सुदृढं राजन् ! निबद्धं स व्यधापयत् ॥८॥
उपरिष्ठात्ततस्तस्या मञ्चके कोमलैर्युते ।
तूलिकाद्यैर्वरैर्धामिन्यषीदत्स प्रभुर्मुदा ॥९॥
ततस्तस्मै मुदा प्रादाद्भक्तो ह्यञ्जुभयाभिधः ।
कर्कोटकान् द्विरावृत्तविंशतिप्रस्थसम्मितान् ॥१०॥
ततस्तेषां हरिः कृत्वा चारु शाकं च विष्णवे ।
निवेद्य चान्यभोज्यानि शाकं तं तान्यभुक्त सः ॥११॥
परिवेष्याऽथ मुन्यादीन् स्वादुभोज्यानि स प्रभुः ।
तं शाकं चादयत्प्रीत्या भक्तवात्सल्यवारिधिः ॥१२॥
प्राग्दिग्द्वारस्य या तस्य गर्भागारस्य राजिता ।

પાર્ષદોની પાસે શ્રીહરિએ જુવાર ભરવા માટે એક ખાણ ખોદાવી હતી. ॥૬॥

તે દિવસોમાં એ ઓરડાની ઓસરીમાં શ્રીહરિએ શ્રીનિત્યાનંદ સ્વામી પાસે એક માસ પર્યંત સુંદર કથા વંચાવી હતી. ॥૭॥

પછી શ્રીહરિએ પાર્ષદો આદિ પાસે તે ખાણમાં જુવાર ભરાવી અને તેનું મોઢું સારી રીતે બંધ કરાવ્યું. ॥૮॥

મહાપ્રભુ શ્રીહરિ તે ખાણના ઉપર પલંગ મુકાવી, સુંવાળા ગાદી તકિયો ઓછાડ વગેરે બિછાવીને આનંદથી તે આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૯॥

પછી અંજુભાઈ નામે એક ભક્તજને શ્રીહરિને ૧-મણ જેટલા કંકોડા આપ્યા. ॥૧૦॥

પછી કંકોડાનું સુંદર શાક બનાવ્યું. અન્ય રસોઈની સાથે ઠાકોરજીને થાળમાં ધરાવ્યું. પછી તે પ્રસાદી સ્વયં જમ્યા. ॥૧૧॥

ભક્તવત્સલપણાના સાગર શ્રીહરિએ સંતો વગેરેને તે સ્વાદુ રસોઈ અને કંકોડાનું શાક સ્વયં પીરસ્યું અને હેતથી સહુને જમાડ્યા. ॥૧૨॥

હે રાજન્ ! ઉગમણા બારના ઓરડાની ઓસરી સુંદર શોભતી વિશાળ

सुविस्तीर्णा बहिःशाला दीर्घा चाभून्महीपते ! ॥१३॥
तस्यां वसन्तपञ्चम्यां भृशाश्चर्यं महोत्सवम् ।
भक्तानानन्दयन् स्वीयान् राजन्! प्रीत्या हरिर्व्यधात् ॥१४॥
यदा यदा हरीक्षार्थं भक्ता देशान्तरस्थिताः ।
आयंस्तदा तदा वासं तत्राऽकुर्वन्मुदाऽन्विताः ॥१५॥
आनाय्य तेऽथ भक्तास्तं तत्र मुन्यादिभिर्युतम् ।
आर्चयंश्छ्रीहरिं रम्यैरर्घ्यैर्भक्त्या मुहुर्मुहुः ॥१६॥
गर्भागारस्य यस्तस्य पृष्ठे चाऽऽस्वाख्ययोषितः ।
गर्भागारोऽभवद्रम्यो बहिःशालासमन्वितः ॥१७॥
तत्र साधुपदातीनामुभे चास्तां महानसे ।
तत्राऽवसद्धरिः प्रीत्या स्वैश्वर्यं चाप्यदर्शयत् ॥१८॥
आसीत्तत्रोत्तराशायां गर्भागारस्तु यो वरः ।
योषितो हरिभक्ताया देव्याख्याया महीपते ! ॥१९॥

અને લાંબી હતી. ॥૧૩॥

હે રાજન્ ! તે ઓસરીમાં પોતાના ભક્તોને આનંદિત કરતા શ્રીહરિએ વસંત પંચમીનો અતિ આશ્ચર્યકારી મહોત્સવ પ્રેમથી કર્યો હતો. ॥૧૪॥

જ્યારે જ્યારે દૂર દેશોમાં રહેનારા ભક્તો શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુર આવતા હતા ત્યારે તે બધાને પ્રેમથી આ ઓરડાઓમાં ઉતારો આપતા હતા.॥૧૫॥

હરિભક્તો પણ સંતોની સાથે શ્રીહરિની પધરામણી પોતાને ઉતારે કરાવતા હતા. અને સુંદર ઉપચારોથી વારંવાર શ્રીહરિની પૂજા કરતા હતા. ॥૧૬॥

આ ઓરડાની પાછળના ભાગમાં આસુબાનો ઓસરીવાળો રમણીય ઓરડો હતો. ॥૧૭॥

ત્યાં સંતો અને પાર્ષદોના અલગ અલગ બે રસોડા હતા. ત્યાં શ્રીહરિ રહેલા છે અને પોતાનું ઐશ્વર્ય પણ ભક્તોને દેખાડ્યું છે. ॥૧૮॥

હે રાજન્ ! ત્યાં ઉત્તર દિશામાં ભગવાનના મહિલા ભક્ત દેવી બાનો સારો ઓરડો હતો. ॥૧૯॥

तस्मिन् पञ्चदशाहानि श्रीहरिर्न्यवसन्मुदा ।
वृन्ताकशाकमेवाऽऽदत्कृत्वा भोज्यैः समं सदा ॥२०॥
ततः शाकं स मुन्यादींस्तत् स्वप्रासादिकं हरिः ।
भोज्यैरभोजयच्चान्यैरात्मभक्तान् दयानिधिः ॥२१॥
गर्भागाराद् ग्लहस्याऽऽस्तामुत्तरस्यां दिशि ह्युभौ ।
राजन्नुत्तरदिग्द्वारौ गर्भागारौ मनोहरौ ॥२२॥
तत्रैकस्मिन् हरेर्भक्तो गर्भागारेऽवसन्मुदा ।
सारङ्गाख्यपुरावासी राष्ट्रोढस्तु महान् सुधीः ॥२३॥
गर्भागारे ततोऽन्यस्मिन् कनीयान् पूर्वतस्ततः ।
राष्ट्रोढसंज्ञिकश्चान्यो न्यवात्सीच्छ्रीहरिश्रितः ॥२४॥
तत्रैकस्मिंस्तु विस्तीर्णे गर्भागारे व्यधापयत् ।
याज्ञवल्क्यस्मृतेर्भद्रां कथां मासद्वयं हरिः ॥२५॥
श्रीहरिः स्वाश्रितत्राता तत्राऽऽगच्छन्मुहुर्मुहुः ।
तत्र सूरादिभिश्चित्रं विनोदं स्वैरकारयत् ॥२६॥

તેમાં શ્રીહરિ રાજી થઈને પંદર દિવસ રહ્યા હતા. રોજ રીંગણાનું શાક કરીને અન્ય ભોજનોની સાથે થાળમાં જમતા હતા. ॥૨૦॥

દયાનિધિ શ્રીહરિ તે પછી પ્રસાદીનું શાક અન્ય ભોજનોની સાથે પોતાના ભક્ત સંતો વગેરેને જમાડતા હતા. ॥૨૧॥

ઉત્તર તરફના ભાગમાં ઘેલા ધાધલના ઉત્તરાદા બારના ઓસરીવાળા મનોહર બે ઓરડાઓ હતા. ॥૨૨॥

તેમાં એક ઓરડામાં સારીંગપુર વાળા મહાન્ બુદ્ધિમાન્ સત્સંગી મોટા રાઠોડ ધાધલ ખુશીથી રહેતા હતા. ॥૨૩॥

અને બીજા ઓરડામાં શ્રીહરિના આશ્રિત નાના રાઠોડ ધાધલ રહેતા હતા. ॥૨૪॥

ત્યાં એક મોટા ઓરડામાં બે માસ પર્યંત મંગળમય યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથા વંચાવી હતી. ॥૨૫॥

ભક્ત રક્ષક ભગવાન્ શ્રીહરિ ત્યાં વારંવાર પધારતા અને શ્રીસૂરાખાચર

महाराष्ट्रोढसंराजद्गर्भागाराङ्गणे ह्यभूत् ।
भूमिपाल ! घनच्छायश्चिञ्चागोत्रारु हो महान् ॥२७॥
तस्याधस्तात्स पर्यङ्के कोमलैस्तूलिकादिभिः ।
संयुक्ते स्वीयभक्तौघैर्न्यषीदत्प्रेक्षितो मुदा ॥२८॥
तत्र त्वत्तातभूपादीन् भक्तान् पद्गांश्च बाहुजान् ।
नित्यदा श्रीहरिर्धीरान् पट्टक्रीडामशिक्षयत् ॥२९॥
एकदाऽस्मिन् पुरे राजन्नाञ्जराष्ट्रोढसंज्ञितः ।
ऐकान्तिको हरेर्भक्तो महारोगार्दितोऽभवत् ॥३०॥
अन्तकाले ततः प्राप्ते तच्छरीरस्य भूपते ! ।
तत्सम्बन्धिजनास्तूर्णं तत्रैवाऽऽह्वापयद्धरिम् ॥३१॥
तत्रोपेत्याऽथ स स्निग्धैर्वृतः सद्भिश्च पार्षदैः ।
तस्मै स्वैकान्तभक्ताय प्रादात्स्वं दर्शनं हरिः ॥३२॥
साधूनित्थमथावोचद्भक्तप्रेयान् विभुर्हरिः ।

જેવા ભક્તોની સાથે અનેક રીતે આનંદભરી રમૂજ કરતા હતા. ॥૨૬॥

હે રાજન્ ! મોટા રાઠોડ ધાધલના સુંદર ઓરડાના આંગણામાં ઘાટી છાયાવાળું એક આંબલીનું ઝાડ હતું. ॥૨૭॥

તે આંબલીની નીચે સુકોમળ ગાદી તકિયાથી સજાવેલા પલંગ ઉપર પોતાના ભક્તોના સંઘ દર્શન કરતા હોય ત્યારે આનંદથી વિરાજતા હતા. ॥૨૮॥

તે જગ્યાએ તમારા પિતા શ્રીદાદાખાચર, પાર્ષદો અને બીજા ક્ષત્રિયો, ધીર ગંભીર ભક્તોને પટ્ટાનો ખેલ હમેશાં શીખવતા હતા. ॥૨૯॥

હે રાજન્ ! આ ગઢપુરમાં એક દિવસ શ્રીહરિના એકાંતિક ભક્ત નાજા રાઠોડ નામે હતા. તે ઘણા બીમાર થઈ ગયા. ॥૩૦॥

હે ભૂપતે ! તેના શરીરનો અંતકાળ આવ્યો ત્યારે તેના સગાઓએ તુરંત શ્રીહરિને ત્યાં બોલાવ્યા. ॥૩૧॥

હેતપ્રીત વાળા સંતો અને પાર્ષદોની સાથે શ્રીહરિ તેને ઘેર ગયા. પોતાના એકાંતિક ભક્ત તે શ્રીનાજા રાઠોડને શ્રીહરિએ દર્શન દીધા. ॥૩૨॥

પછી ભક્તોના પ્રિય મહાસમર્થ શ્રીહરિએ સાથે આવેલા સંતોને કહ્યું, સંતો

अद्याऽसौ वासनाहीनो भक्तो जातोऽस्ति सत्तमाः! ॥३३॥
अद्यैतस्य यदा देहो पतेत्तर्हि ध्रुवं भवेत् ।
अस्य मुक्तदशा सन्तस्तापसैरपि दुर्लभा ॥३४॥
तथाप्येतत्तनोर्मृत्यौ जाते सर्वेऽस्य बान्धवाः ।
जायेरन् पोष्टृहीनत्वाद्दुःखशोकाकुलान्तराः ॥३५॥
तस्मान्मदीयभक्तानामेतेषामेव शर्मणे ।
एतं सञ्जीवयिष्येऽहं मद्भक्तं मत्परायणम् ॥३६॥
तानित्युदीर्य स मुनीन् विगतायुषं तं भक्तं किलान्तिकमृतिं स्वमहाबलेन।
भक्तावनक्षमतरः करु णापयोधिः कालादपादखिललोपकरात्करालात्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिसम्बन्धयुतस्थानादिनिरू पणं नाम द्वाविंशोऽध्यायः ॥२२॥

! આજ આ ભક્તની બધી વાસના તૂટી ગઈ છે. ॥૩૩॥

હે સંતો ! આજે જ્યારે આનો દેહ પડે ત્યારે તપસ્વીઓને પણ દુર્લભ આવી મુક્તદશા આને પ્રાપ્ત થાય તેમ છે. ॥૩૪॥

છતાં પણ જો આ ભક્તનું મૃત્યુ આજ થાય તો આના બધા જ સગા સંબંધીઓ નિરાધાર થઈ જાય અને તે સહુ દુઃખ અને શોકથી વિહ્વળ થઈ જાય તેમ છે. ॥૩૫॥

તેથી આ બધા મારા ભક્તોના સુખ સારુ મારા પરાયણ આ મારા ભક્ત નાજા રાઠોડને હું જિવાડીશ. ॥૩૬॥

પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં અતિશય શક્તિમાન અને કરુણાના સાગર મહાપ્રભુ શ્રીહરિએ સંતોને ઉપર પ્રમાણે કહ્યું. પછી જેનું મરણ નજીકના ક્ષણોમાં હતું અને આયુષ્ય ખૂટી ગયું હતું આવા તે ભક્તને પોતાના સામર્થ્ય વડે સર્વ વિનાશી ભયંકર કાળથી બચાવ્યો. ॥૩૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૨ સમાપ્ત.

अथ त्रयोविंशोऽध्यायः

त्रयोविंशे सुकृद्वंश्यसच्चिदानन्दयोगिनाम् ।
दुर्गादीनां च निर्देशो योगानन्दमुनेः कृतः।

श्रीचैतन्यानन्द उवाच -

एतस्मादुत्तराशायां मन्दिराद्योऽस्ति भूपते ! ।
हट्टमार्गस्ततः प्राच्यामासीद्दुर्गो महत्तरः ॥१॥
तत्राऽसन् राजिकाख्याया भक्ताया योषितो हरेः ।
अगाराणि विचित्राणि तत्र स स्वैः सहाऽव्रजत् ॥२॥
न्यषीदत्सोऽथ तत्रोच्चैः कोमलैस्तूलिकादिभिः ।
युक्ते स्वकीयभक्तानां सभायामासने शुभे ॥३॥
ततस्तत्रैकमात्मीयभक्तानन्दप्रदो हरिः ।
आश्चर्यकृत्स्वभक्तेभ्यो निजैश्वर्यं व्यदीदृशत् ॥४॥
तस्माद्दुर्गाद्दिशि प्राच्यां दुर्गोऽभूद्भूपते ! वरः ।
योषितो नानीसंज्ञायाः प्रासवत्या हरौ रतिम् ॥५॥
तत्रैवाऽमरसिंहाख्यो भक्तो लक्षाभिधस्तथा ।

અધ્યાય-૨૩
ધર્મવંશી વગેરેના પ્રસાદીના ઘર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આ મંદિરથી ઉત્તર તરફ દુકાનોવાળો જે રસ્તો છે તેથી પૂર્વ દિશામાં એક મોટો ઊંચો વંડો વાળેલો હતો. ॥૧॥

તેમાં રાઈબા નામે એક સારા મહિલા હરિભક્તના નાના મોટા અનેક ઘર હતા. શ્રીહરિ તેને ઘેર ભક્તો સાથે જતા હતા. ॥૨॥

ત્યાં ભક્તોની સભામાં ગાદી તકિયાથી બિછાવેલા સુંદર ઊંચા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૩॥

પોતાના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિએ ત્યાં પોતાના ભક્તોને એક આશ્ચર્યકારી ચરિત્ર બતાવ્યું હતું. ॥૪॥

હે રાજન્ ! તે વંડાથી પૂર્વદિશામાં શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમભક્તિવાળા નાનબાઈ બહેનનો વંડો હતો. ॥૫॥

तावतर्पयतां भोज्यैः साश्रितं श्रीहरिं वरैः ॥६॥
तौ ततस्तं निजैर्युक्तं भक्तैर्मुन्यादिभिर्हरिम् ।
पूजयामासतुश्चित्रैरु पचारैर्यथोचितम् ॥७॥
ततस्ताभ्यां स्वभक्ताभ्यां पश्यद्भ्यां स्वाननं मुदा ।
दिव्यं सोऽदर्शयद्भद्रं स्वैश्वर्यं विस्मयावहम् ॥८॥
अयोध्यावासिनां दुर्गाद् गृहावास्तामुदग्दिशि ।
कारिता यत्र वै रम्याः कान्तमालेन सद्गृहाः ॥९॥
तत्राऽथ रामजिद्भक्तो जेष्ठोऽन्यो रामजित्तथा ।
कनिष्ठस्तौ सह स्वीयैर्भक्तावानिन्यतुर्हरिम् ॥१०॥
आसीत्तदङ्गणे रम्ये निम्बवृक्षो महत्तरः ।
तस्मादधो महामञ्चो बभूवोच्चैर्विधापितः ॥११॥
ततस्तत्रोत्तमे युक्ते कोमलैस्तूलिकादिभिः ।
तौ न्यषादयतां प्रीत्या स्वेष्टदेवं तमच्युतम् ॥१२॥

તે સ્થળે જ અમરસી ભક્ત અને લખા ભક્ત, આ બન્નેએ સારી રસોઈ કરાવીને સંતવર્ણી સહિત શ્રીહરિને થાળ રસોઈ જમાડી હતી. ॥૬॥

પછી તે બન્ને ભક્તોએ સંતો વગેરેની સાથે પધારેલા શ્રીહરિની વિવિધ ઉપચારોથી યથાયોગ્ય પૂજા કરી. ॥૭॥

તે બન્ને ભક્ત શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિ રાખીને પ્રેમથી જોઈ રહ્યા હતા ત્યારે શ્રીહરિએ તેમને પોતાનું વિસ્મયજનક દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું. ॥૮॥

અયોધ્યાવાસીઓના વંડાથી ઉત્તર દિશામાં સારા બે ઘર હતા. જ્યાં કાંથડ માલાએ રમણીય ઘર કરાવ્યા હતા. ॥૯॥

ત્યાં રામજી ભક્ત મોટા અને રામજી ભક્ત નાના, બે હરિભક્ત રહેતા હતા. તે બન્નેએ સંતો વગેરેની સાથે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા હતા. ॥૧૦॥

તેના સુંદર ફળિયામાં એક મોટો લીંબડો હતો. તેની નીચે ઊંચો મોટો મંચ બંધાવ્યો હતો. ॥૧૧॥

પછી સુંવાળા ગાદી તકિયા બિછાવીને સજ્જ કરેલા તે મંચ ઉપર તે બન્ને રામજી ભક્તે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રેમથી વિરાજમાન કર્યા હતા. ॥૧૨॥

तस्याऽग्रेऽथाऽभवद्रम्या मुन्यादीनां सभाऽद्भुता ।
ततो नानोपचारैस्तौ पूजयामासतुर्हरिम् ॥१३॥
सन्मुख्यानामथान्येषां भक्तानां श्रीहरेर्मुदा ।
विचित्रैश्चोपचारैस्तौ पूजनं चक्रतुर्वरम् ॥१४॥
सच्चिदानन्दसंज्ञस्य समाधिस्थितिमीयुषः ।
साधोरस्मिन् पूरे दुर्गो नित्यावासोऽभवद्वरः ॥१५॥
राजंस्तस्मिन् हरिर्दुर्गे भूरिवर्षं क्वचित् क्वचित् ।
द्वौ द्वौ प्रीत्याऽवसद्धस्त्रौ वेदान् वेदांश्च वासरान् ॥१६॥
तत्राऽकरोत् सुदीव्यानि मुक्तैर्गेयानि सर्वदा ।
चरित्राणि विचित्राणि मुक्तिकारीणि भूपते ! ॥१७॥
तत्र दुर्गेऽवसद्राजन् ! हरिर्गूढं मुहुर्मुहुः ।
स तस्मात्पावनो दुर्गो विज्ञेयोऽक्षरसन्निभः ॥१८॥
यस्मिन् दुर्गेऽवसद्राजन् ! सच्चिदानन्दयोगिराट् ।
तस्यान्तिकेऽस्ति यो दुर्गो महाकोष्ठेन संयुतः ॥१९॥

પછી તેમની આગળ સંતો વગેરેની રમણીય અદ્‌ભુત સભા થઇ. પછી અનેક ઉપચારો લઇને તે બન્નેએ શ્રીહરિની પૂજા કરી. ॥૧૩॥

પછી મોટેરા સંતોની અને શ્રીહરિના બીજા આશ્રિતોની ઉત્તમ પૂજા પણ અનેક પ્રકારના ઉપચારોથી કરી. ॥૧૪॥

સમાધિમાં ઊંચી સ્થિતિ પામેલા શ્રીસચ્ચિદાનંદ સ્વામીને કાયમ રહેવા માટેનો એક વંડો પણ આ ગઢપુરમાં હતો. ॥૧૫॥

હે રાજન્ ! તે વંડામાં શ્રીહરિ ઘણા વરસ સુધી બબ્બે ચાર-ચાર દિવસ સુધી પ્રેમથી રહેતા હતા. ॥૧૬॥

હે રાજન્ ! મહાપ્રભુ શ્રીહરિએ તે વંડામાં પણ કલ્યાણકારી, જાતજાતના, દિવ્ય પોતાના મુક્તો પણ ગાય તેવા ચરિત્ર કાયમ કરતા હતા. ॥૧૭॥

હે રાજન્ ! તે વંડામાં શ્રીહરિ ઘણીવાર ગુપ્તવાસ કરતા હતા. તેથી તે વંડાને અક્ષરધામ જેવો પરમ પાવન માનવો. ॥૧૮॥

હે રાજન્ ! યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી જે વંડામાં રહેતા હતા, તેની પાસે મોટા કોઠાવાળો એક વંડો છે. ॥૧૯॥

तत्राऽऽश्मकं हरिर्धार्मिर्धान्यकोष्ठं महत्तरम् ।
अचीकरत्ततो राजा वास्तुकर्म पितैव ते ॥२०॥
स श्रीहरिस्तदा भोज्यैः सद्रसैर्विविधैर्वरैः ।
विप्रांश्चातर्पयद्भक्तान् साधुवर्णिपुरःसरान् ॥२१॥
ततो नानोपचारैस्तं स राजाऽपूजयद्धरिम् ।
तदाश्रितांस्तथा सर्वान् मुन्यादींश्च यथोचितम् ॥२२॥
स तत्राऽथाऽऽत्मभक्तेभ्यो निजैश्वर्यमदर्शयत् ।
सत्प्रमुख्यैर्मुदा गेयं चित्रकृत्मङ्गलास्पदम् ॥२३॥
गेहान्युभयतो राजन् ! या रथ्या वर्ततेऽन्तरे ।
तस्याः पश्चिमदिग्भागे दुर्गोऽभून्मञ्जुलो महान् ॥२४॥
तत्राऽवसद्धरिप्रेयान् योगानन्दो महामुनिः ।
दुर्गे तत्राऽऽगमत्सार्धं मुन्याद्यैराश्रितैर्हरिः ॥२५॥
तत्राऽथ स स्वभक्तानां सभायामुत्तमासने ।
निषण्णो दिव्यमैश्वर्यं स्वं निजेभ्यो व्यदर्शयत् ॥२६॥

ત્યાં ધર્મપુત્ર શ્રીહરિએ અનાજ ભરવા માટે પથ્થરનો મોટો કોઠો કરાવ્યો હતો અને તમારા પિતા શ્રીદાદા ખાચરે જ તેનું વાસ્તુ કર્મ કર્યું હતું. ॥૨૦॥

તે સમયે શ્રીહરિએ અનેક પ્રકારના શ્રેષ્ઠ સરસ ભોજનોથી બ્રાહ્મણોને અને સાધુ બ્રહ્મચારી વગેરે સહુ ભક્તોને પણ જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૨૧॥

પછી દરબાર શ્રીદાદા ખાચરે અનેક પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી અને તેમના આશ્રિત સર્વ સંતો વગેરેને પણ યથાયોગ્ય પૂજ્યા. ॥૨૨॥

શ્રીહરિએ ત્યાં, સંતો નિરંતર જેને ગાતા હોય છે, આશ્ચર્યજનક અને પરમ મંગળરૂપ છે, આવું પોતાનું ઐશ્વર્ય ભક્તજનોને દેખાડ્યું. ॥૨૩॥

હે રાજન્ ! બન્ને બાજુ ઘર અને વચ્ચે જે બજાર છે, તેનાથી પશ્ચિમ તરફ એક મોટો સુંદર વંડો હતો. ॥૨૪॥

ત્યાં શ્રીહરિના પ્રિય સદ્‌ગુરુ શ્રીયોગાનંદ સ્વામી રહેતા હતા. ત્યાં સંતો આદિ પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિ પધારતા હતા. ॥૨૫॥

પછી ત્યાં ભક્તોની સભામાં શ્રેષ્ઠ ઊંચા આસન ઉપર વિરાજેલા શ્રીહરિએ

श्रीहरेः पुञ्जजित्संज्ञो भक्तो दुर्गे निजे हरिम् ।
आनाय्याऽर्घ्यैर्वरैरम्यैरार्चयत्साश्रितं प्रभुम् ॥२७॥
तद्दुर्गान्तिकरथ्याया दिशि प्राच्यामभूद्वरः ।
जयादुर्गो हरिस्तस्मिन् न्यषीदद् व्यचरन्मुहुः ॥२८॥
तस्मात्पश्चिमदिग्भागे रथ्या या दिशि पाशिनः ।
गोविन्ददेवजिद्भक्तगेहान्यासन् महीपते ! ॥२९॥
तत्राऽऽसीद्देवजिद्भक्तो गदार्त्तोऽभूद्धरिप्रियः ।
ततः सम्भावनां तस्य कर्तुमैच्छद्दयानिधिः ॥३०॥
तस्याऽन्तिकेऽथ मुन्याद्यैरन्वितो हरिरव्रजत् ।
तस्मै दत्वाऽथ स स्वेक्षां मुक्तिं तस्याऽकरोद् विभुः ॥३१॥
अयोध्यावासिनां दुर्गे भूपतेऽभून्मनोहरः ।
दुर्गोऽयोध्याप्रसादस्य वराचार्यस्य सन्मते! ॥३२॥
तथा श्रीरघुवीरस्य सर्वाचार्यशिरोमणेः ।

પોતાના ભક્તોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨૬॥

પુંજાજી નામે એક હરિભક્ત હતા. તેણે પોતાના વંડામાં શ્રીહરિની પધરામણી કરીને સંતો વગેરેની સાથે સારા શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી હતી. ॥૨૭॥

તે વંડા પાસેની બજારથી પૂર્વ દિશામાં એક સારો જીવુબા (મોટી બા)નો વંડો હતો. ત્યાં શ્રીહરિ ઘણીવાર પધારતા અને વિરાજમાન થતા હતા. ॥૨૮॥

હે રાજન્ ! જીવુબાના વંડાથી પશ્ચિમ તરફ જે બજાર છે તેનાથી પશ્ચિમ ભાગમાં શ્રીગોવિંદ ભક્ત અને શ્રીદેવજી ભક્તના ઘર હતા. ॥૨૯॥

તેમાં શ્રીહરિમાં હેતવાળા શ્રીદેવજી ભક્ત હતા તે એકદમ બીમાર પડી ગયા. તેની ખબર પૂછવા જવાની શ્રીહરિને ઈચ્છા થઈ. ॥૩૦॥

પછી સંતો વગેરેને સાથે લઈને શ્રીહરિ તેને ઘેર પધાર્યા. મહાસમર્થ પ્રભુ શ્રીહરિએ તેને પોતાના દર્શન આપ્યા અને તેનો મોક્ષ કર્યો. ॥૩૧॥

હે રાજન્ ! અયોધ્યાવાસીઓના વંડાની અંદર બુદ્ધિમાન આચાર્યવર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો મનોહર વંડો હતો. ॥૩૨॥

તે રીતે જ સર્વ આચાર્ય શિરોમણિ શ્રીરઘુવીરજી મહારાજનો પણ વિશાળ

दुर्गो रम्योऽतिविस्तीर्णो राजन्नासीन्मनोहरः ॥३३॥
न्यषीदद् व्यचरद्भूयो दुर्गयोः श्रीहरिस्तयोः ।
आचार्यौ तौ हरिं भौज्यैस्तत्राऽतर्पयतां मुहुः ॥३४॥
मन्दिरादुत्तराशायां बाहुजस्य महीपते! ।
आसन् रयाभिधानस्य बहिःशालान्विता गृहाः ॥३५॥
तत्रोपेत्य हरिः सार्धं मुन्याद्यैराश्रितैर्निजैः ।
निजैश्वर्यं शुभं चित्रं जनेभ्योऽदर्शयत्परम् ॥३६॥
मान्त्रिकस्याऽथ भक्तस्य यत्राऽऽसन् रुचिरा गृहाः ।
तत्राऽद्धा साम्प्रतं राजन् ! वर्तते पिप्पलद्रुमः ॥३७॥
तत्राऽऽयातो हरिः सार्धं मुन्याद्यैरासने स्थितः ।
पुण्यं दिव्यं निजैश्वर्यं जनेभ्योऽदर्शयत्परम् ॥३८॥
चतुष्के तदगाराणां दिश्यवाच्यां महागृहाः ।
आसन्नाञ्जाख्यभक्तस्य तत्राऽगच्छद्धरिर्मुहुः ॥३९॥
मालाख्यायाश्च योषायाः प्रतीच्यां दिशि वेश्मतः ।

મનોજ્ઞ સુંદર વંડો હતો. ॥૩૩॥

શ્રીહરિ આ બન્ને વંડાઓમાં આવીને વિચર્યા હતા અને વિરાજમાન થયા હતા. બન્ને આચાર્યોએ પણ શ્રીહરિને ઘણીવાર થાળ જમાડીને તૃપ્ત કર્યા છે. ॥૩૪॥

હે રાજન્ ! મંદિરથી ઉત્તર દિશામાં રયાભાઈનામે એક ક્ષત્રિય ભક્તના ઓરડા ઓસરીવાળાં ઘર હતાં. ॥૩૫॥

શ્રીહરિ સંતો અને હરિભક્તો વગેરેને સાથે લઈને રયાભાઈને ઘેર પધાર્યા હતા અને લોકોને આશ્ચર્યજનક શ્રેષ્ઠ શુભ ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૩૬॥

હે રાજન્ ! શ્રીહરિના ભક્ત માતરા ધાધલના સુંદર ઘર હતા જ્યાં અત્યારે મોટું પીપળાનું ઝાડ છે. ત્યાં શ્રીહરિ સંતો વગેરેને સાથે લઈને પધાર્યા હતા અને સારા આસન ઉપર વિરાજમાન પણ થયા હતા. અને ત્યાં પોતાનું સર્વોત્તમ પુણ્યરૂપ દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૩૭-૩૮॥

તે ઘરોના ચોકમાં દક્ષિણ તરફ મોટા ઘર હતા. તેમાં એક ઘર નાજા જોગિયાનું હતું. ત્યાં શ્રીહરિ ઘણીવાર પધારતા હતા. ॥૩૯॥

તે ઘરથી પશ્ચિમ દિશામાં માલુબા નામે એક મહિલા ભક્તના ઘર હતા.

गेहान्यासन् स तत्रैत्य निजैश्वर्यमदर्शयत् ॥४०॥
देवदानाख्यभक्तस्य गेहान्यागत्य साश्रितः ।
स प्रीत्योपाविशद्रम्ये विष्टरे भक्तसम्मुदे ॥४१॥
मन्दिराद्दुत्तराशायां प्रतीच्यां दिशि वीथितः ।
जयादुर्गे हरिर्मञ्चे न्यषीदद्भक्तवत्सलः ॥४२॥
राजंस्तत्राऽथ स श्रीमान् मल्लक्रीडामकारयत् ।
पावनं च निजैश्वर्यं दर्शयामास भूपते! ॥४३॥
तस्माद्दुर्गाद्दिशि प्राच्यां यानि गेहानि साम्प्रतम् ।
सन्ति श्रीगोपीनाथाय तानि दत्तानि सर्वशः ॥४४॥
दुर्गस्थाने हरिस्तस्मिन् महाश्चर्यावहं शुभम् ।
चरित्रं पावनं दिव्यं सद्भिर्गेयं व्यधात् परम् ॥४५॥
पुरेऽस्मिंस्तव तातस्य राज्ञो भागेऽस्ति या क्षितिः ।
तत्राऽकरोत्किलाऽऽवासं देवजिच्चामरो नरः ॥४६॥
आसंस्तत्राऽथ भूयांसो मारीरोगार्दिता जनाः ।

શ્રીહરિએ ત્યાં પધારીને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૪૦॥

શ્રીહરિ એક વખત દેવદાન ભક્તને ઘેર સંત હરિભક્તો સાથે પધાર્યા હતા. ભક્તોને રાજી કરવા તેના ભવ્ય આસન ઉપર પ્રેમથી વિરાજ્યા હતા. ॥૪૧॥

શ્રીગોપીનાથજી મહારાજના મંદિરથી ઉત્તર દિશામાં બજારથી પશ્ચિમ તરફ જીવુબા (મોટી બા) ના વંડામાં ભક્તવત્સલ શ્રીહરિ મંચ ઉપર વિરાજ્યા હતા. ॥૪૨॥

હે રાજન્ ! શોભા સંપન્ન શ્રીહરિએ ત્યાં મલ્લક્રીડા કરાવી હતી અને હે ભૂપતે ! પોતાનું પાવનકારી ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૪૩॥

તે વંડાથી પૂર્વ તરફ જે ઘર છે, તે બધા જ ઘર અત્યારે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ થયેલા છે. ॥૪૪॥

તે વંડાવાળા સ્થાનમાં, મહાન્ આશ્ચર્યકારી, શુભ, સંતોએ ગાયા જેવું, અને પાવનકારી પોતાનું દિવ્ય ચરિત્ર શ્રીહરિએ કર્યું હતું. ॥૪૫॥

આ ગઢપુરમાં તમારા પિતાજીના રાજ ભાગની જે જમીન છે, ત્યાં દેવજી ભક્ત અને અમરસી ભક્ત નિવાસ કરીને રહ્યા હતા. ॥૪૬॥

आकर्ण्याऽथ हरिस्तेषां दुःखमासीद्दयाकुलः ॥४७॥
अथ मुनिपदगादिभिः समेतो द्रुततरमेव हरिः स तत्र यातः।
प्रति सदनमगात् तदीयरक्षामकृत निजां ननु दर्शयन् विभूतिम् ॥४८॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचङ्क्रमणस्थानादिनिरूपणं नाम त्रयोविंशोऽध्यायः ॥२३॥

अथ चतुर्विंशोऽध्यायः

मकरपाटभक्तानां भावसारजनुर्भृताम् ।
चतुर्विंशे गृहादीनां कृतं पुण्यत्ववर्णनम् ।

श्रीचैतन्यानन्द उवाच –
तद्भूमेर्दक्षिणाशायां कासारो रुचिरो नृपः ।
आसीन्मकरपट्टाख्यः कूजत्पक्षिविराजितः ॥१॥
तत्तीराद्दक्षिणाशायां भागक्ष्माऽस्ति महीभुजः ।

મહામારી-મરકીના ઘણા રોગી ત્યાં રહ્યા હતા. તેના દુઃખને સાંભળીને શ્રીહરિ દયાથી અકળાઇ ગયા હતા. ॥૪૭॥

પછી સંતો અને પાર્ષદોને સાથે લઈને તત્કાળ જ શ્રીહરિ ત્યાં પધાર્યા હતા. ઘેર ઘેર જઈને સહુને દર્શન દીધા. પોતાનું ઐશ્વર્ય અને પ્રતાપ દેખાડીને સૌની રક્ષા કરી હતી. ॥૪૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૩ સમાપ્ત.

અધ્યાય-૨૪

મગરપાટ અને બીજા ભક્તોના ઘર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, આ ભૂમિથી દક્ષિણ દિશામાં (ભૂતકાળમાં) એક સારી પક્ષીઓના કલરવથી શોભતી ''મગરપાટ'' નામે તલાવડી હતી. (આજે તેનું નિશાન પણ નથી.)॥૧॥

તેનાથી દક્ષિણ તરફની ગામ તળની જમીન શ્રીદાદાખાચરના ભાગની

श्रीहरिर्व्यचरत्तस्यां स्वैश्वर्यं च व्यदर्शयत् ॥२॥
तस्याश्च पश्चिमाशायां या रथ्या वर्तते नृप! ।
प्रतीच्यामभवंस्तस्या ऊकभक्तस्य सद्गृहाः ॥३॥
अस्ति तत्राऽद्य जानन्त्या दुर्गो राजन् ! मनोहरः ।
स तत्रोपविशत्प्रीत्या श्रीहरिर्व्यचरत्तथा ॥४॥
आत्मनश्च सदादीनां कुर्वाणे सेवनं सदा ।
सोऽतिप्रीतोऽभवत्तस्मिन् भक्ते स्वासक्तमानसे ॥५॥
रथ्या तद्गेहसामीप्ये याऽस्ति तस्यास्तु कोणतः ।
आसीद्दुर्गो हि भक्तस्य नाङ्गमालस्य भूपते! ॥६॥
तत्र स व्यचरद्राजन् ! न्यषीदच्चापि सत्पतिः ।
तथा स्वकीयभक्तेभ्यो निजैश्वर्यं व्यदीदृशत् ॥७॥
भक्तस्तत्राद्य दासाख्यो वसति श्रीहरिप्रियः ।
प्रतोल्याः सन्मते! तस्या वारुण्यां दिशि भूपते ॥८॥
सन्ति यागाख्यभक्तस्य रम्यागाराणि सद्धियः ।

હતી. તેમાં શ્રીહરિ વિચર્યા હતા અને પોતાનું ઐશ્વર્ય પણ દેખાડ્યું હતું. ॥૨॥

હે રાજન્ ! તેથી પશ્ચિમ તરફની જે બજાર છે, તેથી આથમણા ઉકાભક્તના ઘર હતાં. ॥૩॥

હાલમાં ત્યાં જાનબાઈનો સુંદર વંડો છે. શ્રીહરિ ત્યાં પ્રેમથી પધાર્યા હતા અને વિરાજ્યા પણ હતા. ॥૪॥

ઉકા ભક્ત શ્રીહરિની અને સંતોની સેવા હમેશાં કરતા હતા. તેથી તે પ્રેમી ભક્ત ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન રહેતા હતા. ॥૫॥

હે રાજન્ ! ઉકાભક્તના ઘર પાસે જે બજાર છે તે ખૂણા પાસેથી ભક્તવર્ય શ્રીનાંગમાલાનો વંડો હતો. ॥૬॥

હે રાજન્ ! સત્પતિ શ્રીહરિ ત્યાં પધાર્યા હતા અને વિરાજ્યા પણ હતા અને પોતાના ભક્તોને આત્મીય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૭॥

અત્યારે ત્યાં શ્રીહરિના પ્રિય ભક્ત દાસભાઈ નામે કહેવાય છે તે રહે છે. હે સન્મતિ રાજા, તે ગલીથી પશ્ચિમ દિશામાં સદ્બુદ્ધિવાળા ભક્ત જાગાભાઈના

न्यषीदत्तत्र स श्रीमान् पुण्येक्षो व्यचरत्तथा ॥९॥
मन्दिराद्दक्षिणाशायां साधुयानस्य वीथिका ।
याऽस्ति तस्याः प्रतोल्या वै दिश्युदीच्यां महीपते ! ॥१०॥
वणिग्जातेर्हि भक्तस्य कृष्णसंज्ञस्य सन्मतेः ।
श्रीहरेः पादपद्माङ्कैरङ्किताः सन्ति सद्गृहाः ॥११॥
तत्र भक्तजनत्राता श्रीहरिर्भक्तवत्सलः ।
निजैश्वर्यं स्वभक्तेभ्यो दर्शयामास चाद्भुतम् ॥१२॥
तद्गेहेभ्यो हि सामीप्ये दिश्यवाच्यां चतुष्कतः ।
गृहा बर्हिचराख्यस्य सन्ति भक्तस्य भूपते ! ॥१३॥
श्रीहरिस्तेष्वगारेषु व्यचरच्चोपविष्टवान् ।
चित्रं पुण्यं निजैश्वर्यं स्वभक्तेभ्यो व्यदर्शयत् ॥१४॥
मार्गो मन्दिरयानस्य चतुष्कान्महतोऽस्ति यः ।
तत्प्रान्ते भावसाराणां सन्ति गेहानि भूपते ! ॥१५॥

સુંદર ઘર છે. જેના દર્શન પુણ્યરૂપ છે આવા શ્રીહરિ તે ઘરે પધાર્યા હતા અને સારા આસન ઉપર વિરાજ્યા પણ હતા. ॥૮-૯॥

હે રાજન્ ! મંદિરથી દક્ષિણ દિશામાં સંતોને ચાલવા માટેનો નાનો રસ્તો છે તેથી ઉત્તર તરફના ભાગમાં વણિક (વાણિયા) જ્ઞાતિના બુદ્ધિમાન્ ભક્ત કરસન દાસ શેઠના સુંદર ઘર શ્રીહરિના ચરણ કમળથી અંકિત (પ્રસાદીના) છે. ॥૧૦-૧૧॥

ભક્તરક્ષક અને ભક્તવત્સલ ભગવાન્ શ્રીહરિએ ત્યાં પોતાનું અદ્ભુત ઐશ્વર્ય સહુ ભક્તોને દેખાડ્યું હતું. ॥૧૨॥

હે રાજન્ ! તે ઘરની પાસે અને ચોકથી દક્ષિણ તરફ બહેચરદાસ ભક્તના ઘર છે. ॥૧૩॥

શ્રીહરિ તે બધા ઘેર પધારતા, ત્યાં વિરાજમાન થતા અને પુણ્યરૂપ આશ્ચર્યકારી પોતાનું ઐશ્વર્ય ભક્તોને દેખાડતા હતા. ॥૧૪॥

ચોકમાંથી મંદિર તરફ જવાનો જે મુખ્ય માર્ગ છે. હે રાજન્ ! તેની પડખેના ભાગમાં ભાવસાર હરિભક્તોના ઘર છે. ॥૧૫॥

तेषामग्रे महाद्वारवेदियुक्ता महामते !
ये गृहास्तेषु चत्वराः स न्यषीदन्मुहुर्मुहुः ॥१६॥
अस्ति या हरजिद्भक्तगेहसञ्चरवीथिका ।
तत्र कान्दविकानां ये विद्यन्ते वणिजां गृहाः ॥१७॥
तेषु सर्वेषु स प्रीत्या हरिर्गेहेषु भूपते ! ।
आसने स्वोचिते रम्ये न्यषीदद्भक्तसम्मुदे ॥१८॥
रथ्यां चोभयतस्त्वेतां पूर्वस्यां दिशि मन्दिरात् ।
तक्ष्णां क्षेमजिदादीनां ये विद्यन्ते गृहा नृप ! ॥१९॥
विद्यन्ते ये च विप्राणां गृहास्तेष्वखिलेषु सः ।
न्यषीदत्स्वासने रम्ये स्वामिनारायणो हरिः ॥२०॥
याऽस्ति दक्षिणदिग्रथ्या हरजिद्भक्तवेश्मनः ।
तत्र राजगुरू णां ये वर्तन्ते भूपते ! गृहाः ॥२१॥
चतुष्केषु हरिस्तेषां भक्तानां संसदि प्रभुः ।
आसने प्रवरे प्रीत्या स न्यषीदन्मुहुर्मुहुः ॥२२॥

હે મહાબુદ્ધે ! તેની આગળ મોટા બારણા અને ઓટાવાળા જે ઘર છે તથા ચોક છે ત્યાં શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થતા (બેસતા) હતા. ॥૧૬॥

હરજી ભક્તને ઘેર જવાની જે ગલી છે ત્યાં વાણિયા કંદોઇના ઘર છે. ॥૧૭॥

હે રાજન્ ! શ્રીહરિ તે બધા જ ઘરોમાં પધાર્યા હતા અને ભક્તોની પ્રસન્નતા માટે પોતાને યોગ્ય રમણીય આસન ઉપર વિરાજમાન થતા હતા. ॥૧૮॥

હે નૃપ ! મંદિરથી પૂર્વ દિશામાં જે નાની બજાર છે. તેની બન્ને બાજુ સુતાર ખીમજી ભક્ત આદિના જે ઘર છે, અને બ્રાહ્મણોના જે ઘર છે, તે બધા જ ઘરોમાં શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા અને રમણીય આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૧૯-૨૦॥

હે રાજન્ ! હરજી ભક્તના ઘરથી દક્ષિણ દિશા તરફ જે નાની બજાર છે ત્યાં રાજગુરુઓના ઘર છે. ॥૨૧॥

ચોકમાં ભરાયેલી ભક્તોની સભામાં પ્રભુ શ્રીહરિ પ્રેમથી બિછાવેલા સુંદર આસન ઉપર ઘણીવાર વિરાજમાન થતા હતા. ॥૨૨॥

लब्धाख्यस्याऽऽत्मभक्तस्य तेजःसंज्ञस्य च प्रभुः ।
अगारेषु मनोज्ञेषु स न्यषीदत्स्वयं हरिः ॥२३॥
लवाख्यस्याऽऽत्मभक्तस्य सूरचन्द्राभिधस्य च ।
गेहेषूपाविशद्राजन् ! हरिर्भक्तप्रियङ्करः ॥२४॥
तथा सुन्दरजित्संज्ञस्वीयभक्तस्य वेश्मसु ।
हरिर्भव्यायनाख्यस्य न्यषीदत्सद्मसु प्रभुः ॥२५॥
अस्मिन् दुर्गपुरे राजन् ! भूपतेर्जीववर्मणः ।
श्रीहरिस्निग्धचित्तस्य दुर्गोऽभूद्बुद्धिशालिनः ॥२६॥
तत्राऽमूलाभिधानाया भक्ताया योषितो हरेः ।
आसन्नुत्तरदिग्द्वारा राजन् ! सौधा मनोहराः ॥२७॥
स तत्रोपाविशत्प्रीत्या श्रीहरिर्हि पुनः पुनः ।
तथा पश्चिमदिग्द्वारे सौधे च व्यचरन्मुहुः ॥२८॥
तत्रैकदा निजैर्भक्तैर्दीपमाला विधापिताः ।
तन्मध्ये विष्टरे रम्ये स न्यषीदन्महीपते ! ॥२९॥

પોતાના ભક્ત શ્રીલાધાભાઇ અને શ્રીતેજાભાઇના મનોહર ઘરમાં સ્વયં શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨૩॥

હે રાજન્ ! હરિભક્તોને રાજી રાખનારા ભગવાન્ શ્રીહરિ પોતાના ભક્ત શ્રીલવજીભાઇ અને શ્રીસૂરચંદભાઇના ઘેર સારા આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૨૪॥

તે રીતે જ શ્રીસુંદરજીભાઇ અને શ્રીભવાનભાઇને ઘેર પ્રભુ શ્રીહરિ પધારીને સારા આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૨૫॥

હે રાજન્ ! આ ગઢપુરમાં, શ્રીહરિમાં સ્નિગ્ધ મનવાળા અને મહાન્ બુદ્ધિશાળી દરબાર શ્રીજીવાખાચરનો દરબાર ગઢ હતો. ॥૨૬॥

હે રાજન્ ! તે દરબારગઢમાં શ્રીજીવાખાચરના પુત્રી અમૂલાબાના ઉત્તરાદા બારના મનોહર ઓરડા હતા. ॥૨૭॥

વારંવાર શ્રીહરિ તે ઓરડાઓમાં પ્રેમથી વિરાજ્યા હતા, તે રીતે આથમણા બારના ઓરડામાં પણ ઘણીવાર પધાર્યા હતા. ॥૨૮॥

હે રાજન્ ! ત્યાં એક વખત નિજ ભક્તોએ સુંદર દીપમાળા કરાવી. તેની

तत्रैवोत्तरदिग्द्वारः सौधो यो रामवर्मणः ।
चक्रे तस्य बहिर्वेद्यां हरिर्वासन्तिकोत्सवम् ॥३०॥
यस्तत्र पूर्वदिग्द्वारः सौधो मूलाख्यवर्मणः ।
व्यधात्तस्य बहिर्वेद्यां जन्माष्टम्युत्सवं हरिः ॥३१॥
तत्र भक्तान्निजान् प्रीत्या समाधिं स व्यधापयत् ।
भक्तानान्दयन् राजन् ! वासरान् दश चाऽवसत् ॥३२॥
गर्भागारा हि तत्राऽऽसन् राजन् ! जीवनवर्मणः ।
संराजत्पूर्वदिग्द्वारा गवाक्षाद्यैर्विराजिताः ॥३३॥
तत्राऽकरोद्वरं भद्रं पुष्पदोलोत्सवं हरिः ।
रङ्गप्रक्षेपणं राजन् ! तदा भूरितरं व्यधात् ॥३४॥
प्राक्षिपच्चात्मभक्तेषु गुलालं ललितं त्वलम् ।
स तं जिग्युस्तदा सन्तो मङ्गले रङ्गखेलने ॥३५॥
ततस्तत्पाणिपद्माभ्यां सौवर्णौ कटकौ सुधीः ।

વચ્ચે રમણીય આસન બિછાવ્યું. તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૯॥

તે દરબારગઢ માં જ રામખાચરનો ઉત્તરાદા બારનો જે ઓરડો છે તેની ઓસરીમાં શ્રીહરિએ વસંત પંચમીનો ઉત્સવ કરાવ્યો હતો. ॥૩૦॥

ત્યાં શ્રીમૂળુ ખાચરનો ઉગમણાબારનો જે ઓરડો છે તેની ઓસરીમાં શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો. ॥૩૧॥

શ્રીહરિએ ત્યાં પોતાના ભક્તોને સમાધિ કરાવી હતી. હે રાજન્! આ રીતે ભક્તોને પ્રસન્ન રાખતા શ્રીહરિ તે દરબારગઢમાં દસ દિવસ રહ્યા હતા. ॥૩૨॥

હે રાજન્ ! ત્યાં દરબાર શ્રીજીવા ખાચરના ઉગમણા બારના ભવ્ય ઓરડા ગોખ વગેરેથી સુંદર દેખાતા હતા. ॥૩૩॥

શ્રીહરિએ ત્યાં મંગળમય ફૂલદોળનો શ્રેષ્ઠ ઉત્સવ કર્યો હતો. ત્યારે શ્રીહરિએ પોતાના ભક્તો ઉપર પુષ્કળ રંગ છાંટ્યો હતો. ॥૩૪॥

અને તે રીતે જ સુંદર ગુલાલ પણ ખૂબ જ ઉડાડ્યો હતો. મંગળમય રંગ ક્રીડામાં સંતો શ્રીહરિને જીતી ગયા હતા. ॥૩૫॥

સારા બુદ્ધિશાળી અને મહાયોગી શ્રીનિત્યાનંદ સ્વામીએ તેમના

नित्यानन्दो महायोगी निष्कास्यैवाऽग्रहीन्मुदा ॥३६॥
इत्थं तत्राऽकरोद्दिव्यं महाश्चर्यावहं शुभम् ।
चरित्रं पावनं भद्रं भक्तानान्दयन् हरिः ॥३७॥
तद्गर्भागारतः पश्चात् प्राग्दिग्द्वारविराजिता ।
पाकशाला हरिस्तस्यां स न्यषीदन्मुहुर्मुहुः ॥३८॥
तत्राश्चर्यावहं दिव्यं पुण्यं भद्रं सुखप्रदम् ।
स्वैश्वर्यं स्वीयभक्तेभ्यो दर्शयाभास भूपते ! ॥३९॥
तस्माद्वै दक्षिणाशायां कुटी चास्तामुभेऽल्पके ।
तत्रोवास स्वयं साक्षात् स्वामिनारायणो हरिः ॥४०॥
पश्चात्कुट्योस्तयोरासीद्राजन् ! स्थानं सबन्धकम् ।
श्रीहरिर्न्यवसत्तस्मिन् पापतापाऽपहृत्स्मृतिः ॥४१॥
गर्भागारादुदीच्यां वै भूपतेर्जीववर्मणः ।
वर्तन्ते कुवराख्यस्य गर्भागारा मनोहराः ॥४२॥

કરકમળમાંથી સોનાના કડાં પ્રેમથી કાઢી લીધાં હતાં. ॥૩૬॥

આમ શ્રીજીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ ભક્તોને ખુશ કરવા માટે અતિ આશ્ચર્યજનક પવિત્ર અને શુભ દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૩૭॥

તે ઓરડાથી પાછળના ભાગમાં ઉમણાબારનું સુંદર રસોડું હતું. શ્રીહરિ ત્યાં વારંવાર આવીને વિરાજમાન થતા હતા. ॥૩૮॥

હે રાજન્ ! તે જગ્યાએ વિસ્મયકારી, પવિત્ર, શુભ,સુખદ અને દિવ્ય આવું પોતાનું ઐશ્વર્ય શ્રીહરિએ ભક્તજનોને દેખાડ્યું હતું. ॥૩૯॥

તે રસોડાથી દક્ષિણ તરફ બે નાની ઓરડીઓ હતી. ત્યાં સ્વયં શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન રહ્યા હતા. ॥૪૦॥

હે રાજન્! તે નાની ઓરડીઓની પાછળ એક કબજાબંધ સ્થાન હતું. જેમનું સ્મરણ અનેક પ્રકારના પાપ અને ત્રિવિધ સંતાપને ટાળનારું છે, આવા શ્રીહરિ તે સ્થાનમાં પણ રહ્યા હતા. ॥૪૧॥

શ્રીજીવાખાચરના ઓરડા આગળ કહ્યા, તેથી ઉત્તર દિશામાં કુંવરજી નામે એક હરિભક્તના મનોહર ઓરડાઓ છે. ॥૪૨॥

स तत्रोपाविशद्राजन् ! भक्तशर्मप्रदो हरिः ।
स्वैश्वर्यं स्वीयभक्तेभ्यो दयार्द्रोऽदर्शयत्तथा ॥४३॥
चारु पश्चिमदिग्द्वारौ भूपते ! मोकवर्मणः ।
गर्भागारौ वरौ चैकः पूर्वदिग्द्वारसंयुतः ॥४४॥
न्यषीदत्तेषु सर्वेषु गर्भागारेषु स प्रभुः ।
राजंस्तत्पादपद्माङ्कैरङ्किता सन्ति तेऽखिलाः ॥४५॥
तयोः पश्चाद्बहिर्वेदी याऽस्ति तस्या हि पृष्ठतः ।
चतुष्के मुनिसंज्ञायुग्वर्तते निम्बभूरुहः ॥४६॥
तत्र चासीत्कुटी रम्या तत्रावासं पुरा व्यधात् ।
राजन्ती तत्र सोऽवात्सीद्भूरिकालं विभुर्हरिः ॥४७॥
जीववर्ममहादुर्गचतुष्कस्याऽखिलेषु सः ।
प्रदेशेषु प्रभुर्भूयो न्यषीदद्भक्तसंसदि ॥४८॥
तत्रोच्चवेदिकायुक्ते महाद्वारे बहिर्गृहे ।
राजंस्तस्माद्बहिर्वेद्योः स न्यषीदन्मुहुर्हरिः ॥४९॥

હે રાજન્ ! પરમ દયાળુ અને ભક્તોને સુખકારી શ્રીહરિ તે ઓરડાઓમાં વિરાજ્યા હતા અને ભક્તોને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૪૩॥

હે રાજન્ ! તે રીતે જ શ્રીમોકા ખાચરના આથમણા બારના બે ઓરડા અને એક ઉગમણા બારનો ઓરડો હતો. ॥૪૪॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિ તે બધા જ ઓરડાઓમાં સુંદર આસન ઉપર વિરાજ્યા હતા અને તે બધા શ્રીહરિના ચરણ કમળથી પ્રસાદીના થયેલા હતા. ॥૪૫॥

તે મોકા ખાચરના ઓરડાની પાછળ જે ઓટો છે, તેને અડતું, ચોકમાં ''મુનિલીમડો'' નામનું એક લીંબડાનું ઝાડ છે. ॥૪૬॥

ત્યાં એક રમણીય ઓરડી હતી. ત્યાં પહેલા રાજબાઈ રહેતા હતા પણ પછીથી મહાસમર્થ શ્રીહરિ ઘણો સમય રહ્યા હતા. ॥૪૭॥

શ્રીજીવાખાચરના દરબારગઢના ચોકના બધા જ પ્રદેશોમાં પ્રભુ શ્રીહરિ ભક્તોની સભા કરાવીને ઘણીવાર વિરાજ્યા હતા. ॥૪૮॥

હે રાજન્ ! ઘરની બહાર, ઊંચા ઓટાવાળા મોટા દરવાજામાં અને તેની બહાર બન્ને બાજુના ઓટાઓ ઉપર પણ શ્રીહરિ વારંવાર વિરાજ્યા હતા. ॥૪૯॥

तस्याग्रे स्वीयभक्तानामासीद्दिव्या शुभा सभा ।
स तत्रोपाविशद्राजन्नधो निम्बतरोर्मुहुः ॥५०॥
तद्दुर्गस्य पुरोभागे वर्तते या प्रतोलिका ।
तस्याश्च दक्षिणाशायां वीथिका विद्यते नृप ! ॥५१॥
यस्यां सन्त्यद्य सद्मानि लक्षाख्याया हि योषितः ।
तत्सन्निधौ सतामासीद्धर्मशालाऽतिराजिता ॥५२॥
हरिस्तत्राऽवसद्राजन् ! भूरिकालं मुनिप्रियः ।
भक्तेभ्योऽदर्शयद्भद्रं स्वैश्वर्यं चाद्भुतं परम् ॥५३॥
विद्यते सोऽखिलो दुर्गः पादपद्माङ्कितो हरेः ।
अशेषक्षेत्रतीर्थानामस्ति तस्मात्किलोत्तमः ॥५४॥
अस्मिन् दुर्गपुरे राजन् ! प्रत्यगारं मुहुर्मुहुः ।
प्रत्यध्वं व्यचरच्चेशः प्रतिरथ्यं तथा हरिः ॥५५॥
तस्माद्दुर्गपुरं त्वेतत्सुदिव्यं पुण्यदर्शनम् ।
वर्तते तीर्थक्षेत्राणां श्रेष्ठं मुक्तिप्रदं शुभम् ॥५६॥

હે રાજન્ ! શ્રીહરિની આગળ ભક્તોની દિવ્ય શુભ સભા થતી હતી. ત્યાં લીમડાના વૃક્ષ નીચે શ્રીહરિ ઘણી વાર વિરાજમાન થતા હતા. ॥૫૦॥

હે રાજન્ ! શ્રીજીવા ખાચરના દરબારગઢના આગળના ભાગમાં જે નાની બજાર છે તથા તેથી દક્ષિણ દિશામાં બીજી બજાર છે. ॥૫૧॥

જ્યાં અત્યારે લખુબાઈના ઘર છે, તેને નજીક ઘણી સુંદર સંતોને રહેવાની ધર્મશાળા હતી. ॥૫૨॥

હે રાજન્ ! સંતો જેમને ગમે છે આવા શ્રીહરિ ત્યાં ઘણા સમય સુધી રહ્યા હતા અને ભક્તોને પોતાનું મંગળમય અતિ અદ્‌ભુત ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૫૩॥

આ બધો જ દરબારગઢ શ્રીહરિના ચરણકમળથી અંકિત છે અર્થાત્ પ્રસાદીનો છે. માટે તે સર્વ તીર્થક્ષેત્રોને મધ્યે અતિશય ઉત્તમ છે. ॥૫૪॥

હે રાજન્ ! આ ગઢપુરમાં હરેક ઘર, પ્રત્યેક નાની મોટી બજારો કે શેરીઓમાં પરમેશ્વર શ્રીહરિ વારંવાર વિચર્યા હતા. ॥૫૫॥

માટે આ ગઢપુર દિવ્ય છે, આનું દર્શન પુણ્યરૂપ છે, મોક્ષ આપનારું છે, શુભ છે અને સર્વ તીર્થક્ષેત્રોમાં અતિશય શ્રેષ્ઠ છે. ॥૫૬॥

इत्थं पुरेऽत्र विविधान्यतिपावनानि नन्वङ्कितानि हरिपादसरोरुहाङ्कैः ।
स्थानान्यमूनि गदितानि मया मुदा ते सत्क्षेत्रतीर्थनिकरप्रवराणि राजन्!॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिविचरणस्थानादिनिरू पणं नाम चतुर्विंशोऽध्यायः ॥२४॥

अथ पञ्चविंशोऽध्यायः

पञ्चविंशे पुराद्बहिस्तीर्थक्षेत्राणि सन्ति हि ।
तेषु दक्षिणदिग्पूर्वदिक्स्थानां वर्णनं कृतम् ॥

श्रीचैतन्यानन्द उवाच –

राजन् ! दुर्गपुरस्याऽस्य समन्ताद्धर्मभूर्हरिः ।
नानास्थानेष्वदभ्रेषु न्यषीदद् व्यचरत्तथा ॥१॥
तथैश्वर्याणि दिव्यानि हरिः पुण्यान्यदर्शयत् ।
चरित्राणि विचित्राणि करोति स्माद्भुतानि च ॥२॥
स इत्याकर्ण्य तद्वाक्यं महानन्दं गतो नृपः ।

हे રાજન્ ! આ રીતે ગઢપુરમાં અનેક જાતના, અતિ પવિત્ર શ્રીહરિના ચરણ કમળથી પ્રસાદીના આ સ્થાનો મેં તમને પ્રેમથી કહ્યા છે. તે સમગ્ર તીર્થો અને ક્ષેત્રોમાં સર્વોત્તમ છે. ॥૫૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૪ સમાપ્ત.

અધ્યાય-૨૫

પૂર્વમાં ગંગા કિનારાના પ્રસાદીના સ્થાન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ધર્મપુત્ર શ્રીહરિ આ ગઢપુરની ચારે બાજુના અનેક પ્રકારના પુષ્કળ સ્થાનોમાં વિચર્યા હતા અને વિરાજ્યા હતા. ॥૧॥

તેમજ પવિત્ર દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યા હતા. તથા અદ્‌ભુત જાતજાતના ચરિત્ર પણ કર્યા હતા. ॥૨॥

इत्यपृच्छत् पिपासुस्तं हरिलीलामृतं शुभम् ॥३॥
ब्रह्मन् ! बहिः पुरादस्माद्यत्र यत्र विभुर्हरिः ।
मण्डयन् पालयंश्चोर्वीं न्यषीदद् व्यतरत्तथा ॥४॥
तथा यद्यत्स्वमैश्वर्यं भद्रं सोऽदर्शयद्धरिः ।
यद्यदाश्चर्यकृच्चक्रे चरितं मुक्तिदं शुभम् ॥५॥
तत्तत्स्थानं तथा तत्तदैश्वर्यं ब्रूहि मेऽञ्जसा ।
तत्तन्मे चरितं दिव्यं वक्तुमर्हसि सद्गुरो ! ॥६॥
चरित्राणां विचित्राणामैश्वर्याणां तथा हरेः ।
ब्रह्मशेषादयः प्राज्ञा यन्ति नान्तं महीपते ! ॥७॥
तस्मात्तान्यतिपुण्यानि दिव्यान्येवाद्भुतानि च ।
वक्ष्ये संक्षेपतस्तेऽहं त्वं शृणु स्वस्थचेतसा ॥८॥
यदैवोन्मत्तगङ्गायां चातुर्मास्ये महीपते ! ।
वर्षतीन्द्रे महान्नासीन्नीरपूरोऽतिदुस्तरः ॥९॥
तदा दक्षिणदिग्भागे दुर्गाद्वै जीववर्मणः ।

દરબાર શ્રીઅમરા ખાચર શ્રીચૈતન્યાનંદ સ્વામીના મુખની વાત સાંભળીને ખૂબ જ રાજી થયા. કથામૃતના પિપાસુ તેમણે શ્રીહરિના શુભ લીલારૂપી અમૃતનો પ્રશ્ન ફરીવાર કર્યો. ॥૩॥

હે બ્રહ્મન્ ! મહાસમર્થ શ્રીહરિ આ ગઢપુરથી બહાર જે જે સ્થાનોમાં ભૂમિને શોભાડતા અને તેનું રક્ષણ કરતા થકા વિચર્યા અને વિરાજ્યા, જે જે મંગળમય પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું. મોક્ષપ્રદ અને આશ્ચર્ય કારી જે જે શુભ ચરિત્ર કર્યાં, હે સદ્‌ગુરો ! તે તે સ્થાન, તે તે ઐશ્વર્ય અને તે દિવ્ય ચરિત્ર મને યથાર્થ રીતે આપ કહો. ॥૪-૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! અતિશય જ્ઞાનસંપન્ન બ્રહ્મા અને શેષ આદિ શ્રીહરિના વિચિત્ર ચરિત્રો અને ઐશ્વર્યોનો પાર પામી શકતા નથી. ॥૭॥

એટલા માટે અત્યન્ત પવિત્ર, દિવ્ય અને અદ્‌ભુત તે ચરિત્રોને અને ઐશ્વર્યોને હું સંક્ષેપમાં કહું છું, તમે સ્વસ્થ મનથી સાંભળો. ॥૮॥

હે રાજન્ ! ચોમાસામાં જ્યારે ખૂબ જ વરસાદ વરસ્યો અને ઉન્મત્ત ગંગામાં

न्यषीदद्विष्टरे तुङ्गे स्वाश्रितौघैर्वृतो हरिः ॥१०॥
समन्तात्तस्य दुर्गस्य न्यषीदत्स प्रभुर्मुहुः ।
तत्र कारयितुं चैच्छन्मदिरं सुन्दरं हरिः ॥११॥
श्रीहरिः स ततो राजंस्तस्य दुर्गस्य सर्ववित् ।
सर्वां सर्वसहां दक्षैर्मापयामास शिल्पिभिः ॥१२॥
दक्षिणस्यां दिशि त्वेतं दुर्गमारभ्य भूपते ! ।
घट्टं कारयितुं चैच्छत्तीरं खल्खलयं हरिः ॥१३॥
तद्दुर्गादिशि वारुण्यां कोष्ठो यो विद्यते महान् ।
तस्माद्वै दक्षिणाशायां पिप्पलाख्यह्रदान्तिके ॥१४॥
तुङ्गे स्थाने समे रम्ये साधुमुख्यैर्निजाश्रितैः ।
आसने श्रीहरिर्युक्तो भूयो भूयो ह्युपाविशत् ॥१५॥
तत्रैकदा हरिर्दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ।
ततो दुर्गाद्दिशि प्राच्यां रात्रौ कोष्ठादधोऽव्रजत् ॥१६॥

(ઘેલા નદીમાં) અતિ દુસ્તર પાણીનું ઘણું પૂર આવ્યું ત્યારે શ્રીજીવાખાચરના દરબારથી દક્ષિણ તરફના ટેકરા ઉપર ભક્તજનોની વચ્ચે શ્રીહરિ ઊંચે આસને વિરાજ્યા હતા. ॥૯-૧૦॥

તે દરબારગઢની ચારે તરફ શ્રીહરિ વારંવાર વિરાજમાન થયા હતા. અને ત્યાં સુંદર મંદિર કરવાનો વિચાર પણ કર્યો હતો. ॥૧૧॥

પછી સર્વજ્ઞ શ્રીહરિએ તે દરબારગઢની બધી જ ભૂમિ કુશળ શિલ્પીઓ પાસે મપાવી હતી. ॥૧૨॥

હે રાજન્ ! આ દરબારગઢથી આરંભીને દક્ષિણ દિશામાં ઉન્મત્ત ગંગાને કિનારે ખળખળિયા સુધી ઘાટ બંધાવવાનો પણ સંકલ્પ કર્યો હતો. ॥૧૩॥

દરબારગઢથી આથમણો જે મોટો કોઠો છે, તેનાથી દક્ષિણ તરફ, પીપળિયા ધરા પાસે, સમતળ ઊંચા રમણીય સ્થાને, પોતાના આશ્રિત મોટેરા સંતોની સાથે શ્રીહરિ સારા આસન ઉપર વારંવાર વિરાજમાન થતા હતા. ॥૧૪-૧૫॥

ત્યાં એક વખત શ્રીહરિએ પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું. તે દરબારગઢથી પૂર્વ દિશામાં રાતે કોઠાથી નીચે ઊતર્યા. ॥૧૬॥

रात्रावथैकदा राजन्नुच्चकैः पुलिनस्थले ।
पावनोन्मत्तगङ्गाया न्यषीदत् स्वैर्वृतो हरिः ॥१७॥
ततो विप्रात्मजं नीरे ब्रूडन्तं स दयानिधिः ।
त्रायते स्म ततो दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥१८॥
पितुस्ते विद्यते क्षेत्रं बिडाख्यं यन्महत्तरम् ।
तस्मिन् स व्यचरत्प्रीत्या भूयो भूयो हरिर्विभुः ॥१९॥
तत्रोदारं हरिर्दिव्यं गेयं नित्यं सदादिभिः ।
निजैश्वर्यं स्वभक्तेभ्यो दर्शयामास भूपते ! ॥२०॥
तत्राऽतुल्यप्रतापेन श्रीहरेरार्त्तिहारिणः ।
भूयांसस्तच्छ्रिता भक्ता लेभिरे सिद्धतां पराम् ॥२१॥
राजन्नुन्मत्तगङ्गाया दिश्युदीच्यां किलाऽस्ति या ।
स्त्रोतस्विनी च सोमीया वक्रा स्वल्पा च भूपते ! ॥२२॥
यत्र पिपलसंज्ञस्य मार्गो ग्रामस्य वर्तते ।
वृत्तिः कण्टकिवृक्षाणां समन्ताच्चापि विद्यते ॥२३॥

હે રાજન્ ! શ્રીહરિ એક સમયે રાતે પાવની ઉન્મત્તગંગાને કિનારે ઊંચે સ્થળે ભક્તોની સાથે વિરાજમાન થયા હતા. ॥૧૭॥

તે વખતે ઉન્મત્તગંગાના પાણીમાં બ્રાહ્મણનો એક છોકરો ડૂબવા લાગ્યો હતો ત્યારે દયાનિધિ શ્રીહરિએ તેને બચાવ્યો અને તે પછી પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું. ॥૧૮॥

તમારા પિતાનું બીડનામનું જે ઘણું મોટું ખેતર છે (હાલમાં જેને ભક્તિબાગ કહેવાય છે.) ત્યાં મહાસમર્થ શ્રીહરિ પ્રેમથી વારંવાર વિચર્યા હતા. ॥૧૯॥

હે રાજન્ ! ત્યાં સંતો વગેરે નિત્ય ગાય તેવું ઉદાર અને દિવ્ય પોતાનું ઐશ્વર્ય ભક્તજનોને બતાવ્યું હતું. ॥૨૦॥

ત્યાં પીડાહારી શ્રીહરિના અપાર પ્રતાપથી તેમના અનેક આશ્રિત ભક્તો સિદ્ધ દશાને પામ્યા હતા. ॥૨૧॥

હે રાજન્ ! ઉન્મત્તગંગાથી ઉત્તર દિશામાં વાંકી ચુકી અને નાની, સોમા બાઈની વોકળી કહેવાય છે. જ્યાં પીપળ ગામનો માર્ગ નીકળ્યો છે . ચારે બાજુ

तत्र योन्मत्तगङ्गायास्तीरकूपान्तिकेऽस्ति भूः ।
गोपीनाथाय दातुं तामिच्छति स्मैव ते पिता ॥२४॥
ततो नभस्यमासस्य शुक्लैकादशिकातिथौ ।
स व्ययार्थं हि तद्भुक्त्यै तस्मै तामर्पयन्नृपः ॥२५॥
तद्दिनेऽथ हरिर्युक्तः साधुवर्णिपदातिभिः ।
भक्तैस्ते तातभूपाद्यैश्चित्रं चक्रे महोत्सवम् ॥२६॥
तदा बालमुकुन्दाख्यं नरयानस्थितं हरिम् ।
स्वामिनारायणो निन्ये गङ्गां वाद्यरवान्वितम् ॥२७॥
तर्हि स्वकीयभक्तानां जनानां च पुरौकसाम् ।
सम्मर्दोऽभून्महान् राजंस्तद्दिदृक्षाहृतात्मनाम् ॥२८॥
तं त्वथोन्मत्तगङ्गायां नाव्यारोप्य स तज्जले ।
क्रीडयित्वाऽर्चनं तस्य विधिवच्चाप्यकारयत् ॥२९॥
त्वत्पित्राऽथ क्षितीशेन संयुक्तस्तं प्रहिं हरिः ।

કાંટાળા થોરની વાડ કરેલી છે.ત્યાં ઉન્મત્તગંગાના કિનારાના કૂવા (ઓરિયા) પાસેની જે એક સરખી સમતળની જમીન છે તે તમારા પિતાશ્રીએ શ્રીગોપીનાથજી મહારાજને આપવાનો સંકલ્પ કર્યો. ॥૨૨-૨૪॥

પછી ભાદરવા સુદિ એકાદશીની તિથિએ શ્રીદાદાખાચરે શ્રીગોપીનાથજી મહારાજના કાયમી થાળના ખર્ચ માટે તે ભૂમિ શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કરી. ॥૨૫॥

તે દિવસ શ્રીહરિએ સંતો, વર્ણી, પાર્ષદો અને દરબાર શ્રીદાદાખાચર આદિ ભક્તોની સાથે આશ્ચર્યકારી એક મહોત્સવ કર્યો. ॥૨૬॥

તે સમયે ભગવાન્ શ્રીસ્વામિનારાયણ શ્રીબાલમુકુંદ સ્વરૂપને પાલખીમાં પધરાવીને વાજિંત્ર વગડાવીને વાજતે ગાજતે ઉન્મત્ત ગંગાએ લઈ ગયા. ॥૨૭॥

તે સમયે શ્રીબાલમુકુંદ પ્રભુના દર્શન માટે મન ખેંચાતું હોવાથી બહાર ગામથી આવેલા ભક્તોની અને ગઢપુર ગામના લોકોની ઘણી જ ભીડ થઈ. ॥૨૮॥

શ્રીબાલમુકુંદ ભગવાનને નૌકામાં બેસાડ્યા. ઉન્મત્તગંગાના જળમાં ક્રીડા કરાવી અને યથાવિધિ પૂજા કરાવી. ॥૨૯॥

પોતાના સ્વરૂપમાં અત્યંત હેતવાળા શ્રીદાદાખાચરને આનંદ આપવા માટે

सर्वतो व्यचरत्तस्य स्वातिस्निग्धस्य सम्मुदे ॥३०॥
तत्कूपाद्दक्षिणाशायां तुङ्गं यद्विद्यते स्थलम् ।
नूतनं कारितं गेहं भूपते ! यत्र वर्तते ॥३१॥
स तत्रोपाविशद्राजंश्चिरं भक्तानुरक्तिमान् ।
आस्तृते विष्टरे रम्ये प्रीत्या त्वत्तातभूभुजा ॥३२॥
राजन् ! सर्वाऽपि सा भूमिस्तत्कूपस्यान्तिकंगता ।
पावनैर्हरिपादाङ्कैरङ्किता किल वर्तते ॥३३॥
अद्य तत्र महाकूपो भक्तिवाट्यां हि विद्यते ।
स तत्रोपाविशत्प्रीत्या भूयो भूयो हरिर्विभुः ॥३४॥
चतुष्को वर्तते राजन् ! भक्त्युद्याने हि साम्प्रतम् ॥
तत्र भक्तैर्वृतः स्वीयैः स न्यषीदन्मुहुर्हरिः ॥३५॥
अद्य तत्राऽस्ति पद्गानां कुटी या तत्र स प्रभुः ।
सन्निधौ तस्य कूपस्य स न्यषीदच्च भूपते ! ॥३६॥

શ્રીહરિ તેમને સાથે લઈને તે ઓરિયાના કૂવાને ચારે બાજુ ફર્યા. ॥૩૦॥

હે રાજન્ ! તે કૂવાથી દક્ષિણમાં ઊંચા ટેકરા જેવું સ્થળ છે, જ્યાં નવું ઘર કરાવેલું છે. ॥૩૧॥

ત્યાં તમારા પિતાશ્રીએ હેતથી સારું આસન બિછાવી આપ્યું હતું તેથી ભક્તો ઉપર સ્નેહવાળા શ્રીહરિ તે આસન ઉપર ઘણીવાર સુધી વિરાજમાન થયા હતા. ॥૩૨॥

હે રાજન્ ! આ ઓરિયા(કૂવા)ની નજીકની બધી જ ભૂમિ શ્રીહરિના પવિત્ર ચરણારવિંદથી અંકિત-પ્રસાદીની થયેલી છે. ॥૩૩॥

હાલમાં ભક્તિબાગમાં જે મોટો કૂવો કરાવેલો છે, ત્યાં મહાસમર્થ શ્રીહરિ વારંવાર પ્રેમથી વિરાજતા હતા. ॥૩૪॥

ભક્તિબાગમાં અત્યારે જે ચોક છે ત્યાં પોતાના ભક્તોની વચ્ચે શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થતા હતા. ॥૩૫॥

હે રાજન્ ! અત્યારે જ્યાં પાળાઓને રહેવાની ઓરડી છે ત્યાં કૂવાની પાસે શ્રીહરિ વિરાજતા હતા. ॥૩૬॥

भक्तिवाट्या दिशि प्राच्यां विद्यतेऽल्पा तरङ्गिणी ।
न्यषीदत्तत्र सोऽप्यश्नान्न्यवसच्चैकवासरम् ॥३७॥
हरिस्तत्राऽथ साधूनां स्वातिस्नेहमुपेयुषाम् ।
व्यधादष्टाङ्गयोगस्य परीक्षां साधुवल्लभः ॥३८॥
अस्ति यो दक्षिणाशायां भक्तिवाट्याः सरित्तटे ।
चारु दुर्गो नरेन्द्रस्य स तत्रोपाविशद्धरिः ॥३९॥
ततो धनत्रयोदश्यां दिव्यां लीलां व्यधाद्धरिः ।
तस्माद्दुर्गाद्दिशि प्राच्यामस्ति कूपः सरित्तटे ॥४०॥
तत्कूपाद्दिशि पूर्वस्यामस्ति कूपश्च तादृशः ।
तौ हरेः पादपद्माङ्कैरङ्कितौ भवतः शुभौ ॥४१॥
योऽस्ति तस्माद्दिशि प्राच्यां तृतीयस्तादृशः प्रहिः ।
स तत्रोपाविशत्प्रीत्या धर्मजन्मा मुहुर्मुहुः ॥४२॥
अस्ति तस्माद्दिशि प्राच्यामायतं विस्तृतं स्थलम् ।
यत्रेच्छारामदेहस्य संस्कारो भूपते ! कृतः ॥४३॥

ભક્તિબાગથી પૂર્વ તરફ એક નાની વોકળી છે ત્યાં શ્રીહરિ વિરાજ્યા છે, જમ્યા છે અને એક દિવસ ત્યાં રહ્યા પણ છે. ॥૩૭॥

સંતોના પ્રિય શ્રીહરિએ ત્યાં પોતાના પ્રિય સંતોના અષ્ટાંગ યોગની પરીક્ષા પણ લીધી હતી. ॥૩૮॥

ભક્તિબાગથી દક્ષિણમાં ઘેલાને કાંઠે દરબાર શ્રીદાદાખાચરનો જે સારો વંડો છે ત્યાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૩૯॥

પછી શ્રીહરિએ ધનતેરશને દિવસ દિવ્ય લીલા કરી હતી. તે વંડાથી પૂર્વમાં નદીને કિનારે એક કૂવો (ઓરિયો) છે. ॥૪૦॥

તે કૂવાથી પૂર્વદિશામાં તેના જેવો જ એક બીજો કૂવો છે. તે બન્ને શુભ કૂવાઓ શ્રીહરિના ચરણ કમળથી અંકિત-પ્રસાદીના છે. ॥૪૧॥

તેથી પણ પૂર્વમાં તે બેના જેવો જ એક ત્રીજો કૂવો છે. ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં વારંવાર પ્રેમથી વિરાજ્યા હતા. ॥૪૨॥

હે રાજન્ ! તે કૂવાઓથી પૂર્વમાં નદી કિનારે થોડી પહોળી જગ્યા છે. જ્યાં શ્રીઇચ્છારામજી મહારાજનો અગ્નિ સંસ્કાર કર્યો હતો. ॥૪૩॥

तस्मिन् स्थाने हि सर्वस्मिन् स पुण्ये व्यचरन्मुहुः ।
प्रीत्या चोपाविशद्भूयो भक्तरञ्जनकृद्धरिः ॥४४॥
तस्मात्स्थानाद्दिशि प्राच्यां सोमीयाऽल्पाऽस्ति या सरित् ।
भूपते ! सङ्गमं प्राप्ता सा यत्रोन्मत्तगङ्गया ॥४५॥
तत्र तत्तटिनीतीरे कूपं सोऽचीखनद्धरिः ।
तत्र धर्मसुतः साक्षाद्भूयो भूयो ह्युपाविशत् ॥४६॥
तस्मात्कूपाद्दिशि प्राच्यां भूमावाम्रादिभूरुहान् ।
सोऽवापयत्तथा तस्यां न्यषीदद् व्यचरन्मुहुः ॥४७॥
तत्र यः पिप्पलाख्यस्य मार्गो ग्रामस्य विद्यते ।
तस्माद्वै दक्षिणाशायां स्थानं यच्चाऽस्ति विस्तृतम् ॥४८॥
तत्रैव देहसंस्कारो रामदासाख्यसद्गुरोः ।
कृतस्तथा यथायोग्यं स्वरूपानन्दसद्गुरोः ॥४९॥
तदा प्राहेति स स्वीयान् भक्तान् स्वाऽऽसक्तचेतसः ।

તે બધા પવિત્ર સ્થળ ઉપર ભક્તોને આનંદકારી શ્રીહરિ ઘણીવાર વિચર્યા હતા અને આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૪૪॥

હે રાજન્ ! તે સ્થળથી પૂર્વ ભાગમાં સોમા બાઈની જે નાની વોકળી છે તે ઉન્મત્ત ગંગામાં ભળી જાય છે. ॥૪૫॥

ત્યાં તે નદીને કિનારે શ્રીહરિએ એક કૂવો (ઓરિયો) ખોદાવ્યો હતો. ત્યાં ધર્મપુત્ર સાક્ષાત્ શ્રીહરિ વારંવાર વિરાજમાન થયા હતા. ॥૪૬॥

તે કૂવાથી પૂર્વ તરફની જમીનમાં શ્રીહરિએ આંબા વગેરે ફળ ઝાડ રોપાવ્યા હતા. તે જગ્યા ઉપર શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થયા હતા. ॥૪૭॥

ત્યાં જે પીપળ ગામ જવાનો રસ્તો છે, તેથી દક્ષિણ તરફ થોડું વધારે પહોળું સ્થળ છે. ॥૪૮॥

તે સ્થળે સદ્‌ગુરુ શ્રીભાઈરામદાસજી સ્વામીના શરીરનો અગ્નિ સંસ્કાર તથા સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદ સ્વામીના દેહનો અગ્નિ સંસ્કાર યથોચિત રીતે કર્યો હતો. ॥૪૯॥

તે સમયે શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં અધિક હેતવાળા ભક્તોને કહ્યું હતું

अस्या भूमेस्तु माहात्म्यं भक्ताः प्राज्यं भविष्यति ॥५०॥
भक्ता ममावताराभ्यां तुल्यशीलगुणालयौ ।
आस्तां गाढतरस्नेहौ मयि प्रेष्ठौ ममैव तौ ॥५१॥
यथा सूर्योदये जाते तेजश्चन्द्रमसोऽखिलम् ।
लीयते हि तदैश्वर्यं प्रतापे मे व्यलीयत ॥५२॥
तस्माद्वै शरभेशस्य यादृगस्ति पिनाकिनः ।
श्रीनृसिंहशिलायाश्च यादृशो महिमा शुभः ॥५३॥
माहात्म्यं विस्तृतं यादृग्वर्तते त्वनयोर्यथा ।
ततोऽपि भूय एवैतद् विशिष्टं वै भविष्यति ॥५४॥
इत्थं पीयूषमाधुर्यां वाणीमाकर्ण्य ते हरेः ।
तन्मुखैकदृशो भक्ता लेभिरे भूयसीं मुदम् ॥५५॥
दिश्युदीच्यां ततः स्थानादल्पायाः सरितस्तटे ।
शमीद्रुस्तत्र पद्‌गानां कुटीं सोऽकारयद्धरिः ॥५६॥
तस्याऽन्तरे स किल पञ्चदश न्यवात्सीद्‌घस्त्रांस्ततः प्रतिदिनं दिशि

કે "હે ભક્તો ! આ ભૂમિનું માહાત્મ્ય ઘણું વધશે. ॥૫૦॥

હે ભક્તો ! આ બન્ને સદ્‌ગુરુઓ મારા અવતારોના જેવા ચારિત્ર્યવાળા અને ગુણોના ભંડાર હતા. મારા સ્વરૂપમાં અત્યંત ગાઢ સ્નેહવાળા અને મને પણ ખૂબ જ વહાલા હતા. ॥૫૧॥

જેમ સૂર્યોદય થાય ત્યારે ચંદ્રમાનું બધું તેજ સૂર્યમાં ભળી જાય છે તેમ આ બન્ને સદ્‌ગુરુઓનું સમગ્ર ઐશ્વર્ય મારા પ્રતાપમાં સમાઈ ગયું હતું. ॥૫૨॥

તેથી શરભેશ્વર મહાદેવ અને નારસિંહી શિલાનું જેવું શુભ માહાત્મ્ય છે જેવું ગૌરવ છે તેથી પણ વિશેષ આ બન્ને સદ્‌ગુરુઓનું માહાત્મ્ય તથા ગૌરવ દુનિયામાં વિશેષપણે વધશે. ॥૫૩-૫૪॥

સહુ ભક્તોએ આ રીતે શ્રીહરિની અમૃત જેવી મધુર વાણી સાંભળી. શ્રીહરિના મુખ સામે જ દૃષ્ટિ રાખી રહેલા ભક્તો અત્યંત આનંદિત થયા. ॥૫૫॥

તે સ્થાનથી ઉત્તર દિશામાં નાની વોકળીને કાંઠે ખીજડાનું ઝાડ હતું. તે સ્થળે શ્રીહરિએ પાર્ષદોને માટે નાની ઝૂંપડી કરાવી હતી. ॥૫૬॥

वासवस्य।
संवेष्टितः स्वरतमानससादिवृन्दैर्वाहं निजं क्षितिप! खेलयति स्म रम्यम्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिसञ्चरणस्थानकथनपूर्वकरामदासाख्यमुनिदेहसंस्कार-क्षमामहिमत्वनिरू पणं नाम पञ्चविंशोऽध्यायः ॥२५॥

अथ षड्‌विंशोऽध्यायः

पूर्वस्यां दिशि ये सन्ति नदीकूपमहीरु हाः ।
षड्‌विंशे यानि क्षेत्राणि तन्निर्देशः कृतः शुभः ॥

श्रीचैतन्यानन्द उवाच – राजन्नल्पनदीतीरे वर्तते यः शमीद्रुमः ।
तस्माद्वै दिशि वारु ण्यां कूपोऽस्ति त्वत्पितुर्महान् ॥१॥
स तत्रोपाविशद्राजन् ! भूयो भूयो विभुर्हरिः ।
भूमिरारभ्य तत्स्थानं शमीवृक्षान्तमस्ति या ॥२॥
सा सर्वापि क्षितिर्दिव्या सुभद्रा पुण्यदर्शना ।
श्रीहरेः पादपद्माङ्कैरङ्किता वर्तते नृप ! ॥३॥

હે રાજન્ ! તેમાં શ્રીહરિ પંદર દિવસ રહ્યા હતા. પોતાના સ્વરૂપમાં હેતવાળા ઘોડેસવારોની સાથે તે ઝૂંપડીથી પૂર્વદિશામાં પોતાના સોહામણા અશ્વને ખેલાવતા હતા. ॥૫૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૫ સમાપ્ત.

અધ્યાય-૨૬

પૂર્વ દિશામાં પ્રસાદીના સ્થાન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! વોકળીને કાંઠે જે ખીજડો કહ્યો તેથી આથમણી તરફ તમારા પિતા શ્રીદાદા ખાચરનો એક મોટો કૂવો છે. ॥૧॥

હે રાજન્ ! મહાસમર્થ શ્રીહરિ તે કૂવાવાળે સ્થળે ઘણીવાર વિરાજ્યા છે. ત્યાંથી લઈને ખીજડા સુધીની બધી જ ભૂમિ દિવ્ય છે, મંગળરૂપ છે, દર્શન કર્યા જેવી પવિત્ર છે અને શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીરૂપ થયેલી છે. ॥૨-૩॥

तत्राऽऽत्मन्यनुरक्तेभ्यः पदातिभ्यो हरिर्निजम् ।
ऐश्वर्यं मङ्गलं पुण्यं दर्शयामास भूपते ! ॥४॥
तस्मात्कूपाद्धि वारुण्यामाशायामस्ति याऽल्पका ।
नदी तस्यां तु वर्षासु राजन् ! सञ्जायते ह्रदः ॥५॥
तस्य तीरे क्वचिद्रम्ये सोऽवसत्पञ्चवासरान् ।
तत्र नानाविधा भाजीर्नानाशाकांश्च स व्यधात् ॥६॥
तांश्च तान् स ततो राजन् ! स्वीयभक्तैः कृतानि वै ।
सुधास्वादूनि भोज्यानि भुक्तवान् भक्तसम्मुदे ॥७॥
तस्माद्वै दिशि वारुण्यां वर्तते प्रस्तरस्थलम् ।
तस्मादूर्ध्वं बदर्यादिद्रुयुक्तस्थानमस्ति यत् ॥८॥
राजंस्तत्राऽवसत्प्रीत्या श्रीहरिर्भूरिवासरान् ।
स्वैश्वर्याणि सुदिव्यानि तत्राप्यदर्शयत्प्रभुः ॥९॥
तत्स्थानाद्दिशि वारुण्यां वर्ततेऽल्पा तरङ्गिणी ।
स्थानमासीत्समं तस्यां कोमलोज्ज्वलवालुकम् ॥१०॥

હે ભૂપતે ! ત્યાં પોતાના હેતવાળા પાર્ષદોને પોતાનું મંગળમય પવિત્ર ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૪॥

હે રાજન્ ! તે કૂવાથી આથમણી બાજુ જે નાની વોકળી છે તેમાં વર્ષાઋતુમાં પાણીનો ધરો ભરાય છે. ॥૫॥

કોઈ એક સમયે તે વોકળીને રમણીય કિનારે શ્રીહરિ પાંચ દિવસ રહ્યા હતા. ત્યાં વિવિધ પ્રકારની ભાજી અને જાત જાતના શાક શ્રીહરિએ કર્યા હતા. ॥૬॥

હે રાજન્ ! પછી તે ભાજી, શાક અને પોતાના ભક્તોએ બનાવેલા અમૃત જેવા સ્વાદુ ભોજન, તે ભક્તોને રાજી કરવા શ્રીહરિ જમ્યા હતા. ॥૭॥

તેથી આથમણે પથ્થરવાળી જગ્યા છે. તેથી ઉપરના ભાગમાં બોરડીના ઝાડવાળું સ્થાન છે. ॥૮॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિ તે સ્થળે પ્રેમથી ઘણા દિવસ વસ્યા હતા અને ત્યાં પોતાના દિવ્ય ઐશ્વર્ય બતાવ્યા હતા. ॥૯॥

તે સ્થળથી પશ્ચિમમાં નાની વોકળી છે. તેમાં ઝીણી ચોખી રેતીવાળું એક

स तत्रोपाविशत्प्रीत्या स्वीयभक्तैर्वृतो हरिः ।
इत्यप्राक्षीत्तदा भक्तं स्वासक्तं चालयाभिधम् ॥११॥
संकल्पो हृदये धीमन् ! मनसश्चञ्चलस्य ते ।
जायते वा न तन्मह्यं यथावद्वक्तुमर्हसि ॥१२॥
स भक्तोऽथाऽऽत्मपाणिभ्यां कृत्वा धारां हि सैकतीम् ।
इत्युक्तवांस्तमीशानं भक्तिनम्रो महामतिः ॥१३॥
भूयांसश्चेति सङ्कल्पा जायन्ते मे सदा प्रभो ! ।
तस्मान्मदीयं निर्वाणं कर्तुं त्वं दययार्हसि ॥१४॥
ततः कृत्वा हरिर्वार्तां मनोदौष्ट्यस्य सर्ववित् ।
उक्त्वा च तज्जयोपायांस्तत्सङ्कल्पानशीशमत् ॥१५॥
तस्मात्स्थानान्नदी याऽल्पा वारुण्यां दिशि वर्तते ।
अस्ति तस्यां समं रम्यं स्थलं कोमलवालुकम् ॥१६॥
आयतं चातिविस्तीर्णं शमीवृक्षेण संयुतम् ।
स तस्मिन् स्वोचिते स्थाने मण्डपं समकारयत् ॥१७॥

સરખું સ્થાન હતું. ॥૧૦॥

પોતાના ભક્તોની વચ્ચે શ્રીહરિ પ્રેમથી ત્યાં બેઠા હતા, ત્યારે પોતામાં હેતવાળા શ્રીઅલૈયા ખાચરને તેમણે પૂછ્યું કે હે ધીમન્ ! તમારા ચંચળ મનમાં સંકલ્પનું જોર કેવુંક છે, તે થાય છે કે નહિ ? મને તે ખરેખર કહો. ॥૧૧-૧૨॥

ત્યારે તે ભક્તિથી નમ્ર અને મહાન્ બુદ્ધિશાળી શ્રીઅલૈયા ખાચરે બન્ને હાથના ખોબામાં ઝીણી રેતી ભરી, તેની ધાર કરીને કહ્યું, ''હે પ્રભો ! આ રેતીના કણની જેમ મારા મનમાં સંકલ્પ તો નિરંતર અનેક થાય છે. આપ દયા કરીને મારો મોક્ષ કરજો.'' ॥૧૩-૧૪॥

પછી સર્વજ્ઞ શ્રીહરિએ મનના દુષ્ટ સ્વભાવની વાત કહી, તેને જીતવાના ઉપાય બતાવ્યા તથા શ્રીઅલૈયા ભક્તના ઘાટ સંકલ્પ શમાવ્યા. ॥૧૫॥

તે સ્થાનથી પશ્ચિમમાં નાની વોકળી છે, તેમાં સુંવાળી રેતીવાળું એક સરખું રમણીય સ્થાન છે. તે ઠીક પ્રમાણમાં લાંબું અને પહોળું છે, ત્યાં એક ખીજડાનું ઝાડ છે, તે પોતાને યોગ્ય સ્થળે સારો મંડપ બંધાવ્યો. ॥૧૬-૧૭॥

गोपीनाथाय यत्क्षेत्रं सकूपं साम्प्रतं त्वया ।
दत्तं तस्मादवाच्यां सा काष्ठायां वर्तते सरित् ॥१८॥
आछन्नमण्डपे तस्मिन् नीरार्द्रानल्पवाससा ।
उष्णकालेऽकरोद्वासं स्वाश्रितैः सेवितो हरिः ॥१९॥
आदधत् स ततः खड्गं चर्म बिभ्रत्तथा हरिः ।
पर्यभ्रमन् महाशौर्यो मण्डपं तं निरन्तरम् ॥२०॥
त्वत्तातभूभुजोऽमात्यान् सोऽलयादीन् मुदा हरिः ।
आश्चर्यकृन्निजैश्वर्यं दर्शयामास भूपते ! ॥२१॥
तस्माद्वै दिशि वारुण्यां भक्तिवाट्यां प्रहिस्तु यः ।
अस्ति कूपं स तस्याग्रे जयायै समचीखनत् ॥२२॥
तदा तत्र हरिः प्रीत्या मासमेकं महीपते ! ।
न्यषीदद्विष्टरे रम्ये सर्वदा स्वाश्रितैर्वृतः ॥२३॥
तस्माद्वै दिशि वारुण्यां कूपं सोऽचीखनद्धरिः ।
तदा तत्र हरिर्धार्मिर्मासयुग्मं ह्युपाविशत् ॥२४॥

તમે હમણા કૂવાવાળું ખેતર (વાડી), જે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યું છે તેથી દક્ષિણ દિશા તરફ તે વોકળી છે. ॥૧૮॥

ઉનાળાના દિવસોમાં પાણીમાં પલાળેલા મોદિયાથી તે મંડપને ઢાંકી દઈને, તેની નીચે ભક્તોએ સેવાયેલા શ્રીહરિ રહેતા હતા. ॥૧૯॥

મહાન્ શૌર્ય યુક્ત શ્રીહરિ તે સમયે ઢાલ તથા તલવારને ધારણ કરીને તે મંડપની ચારે તરફ નિરંતર ઘૂમતા હતા. ॥૨૦॥

હે રાજન્ ! તમારા પિતા શ્રીદાદા ખાચરના કારભારી શ્રીઅલૈયા ખાચર આદિને પ્રેમથી શ્રીહરિએ વિસ્મયજનક પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨૧॥

તે મંડપવાળા સ્થાનથી પશ્ચિમમાં ભક્તિબાગમાં જે કૂવો છે, તેની આગળના ભાગમાં જીવુબાને માટે એક બીજો કૂવો શ્રીહરિએ ખોદાવ્યો. ॥૨૨॥

હે રાજન્ ! તે વખતે શ્રીહરિ ત્યાં એક મહિના સુધી સુંદર આસન ઉપર, પોતાના ભક્તોની વચ્ચે પ્રેમથી વિરાજતા હતા. ॥૨૩॥

તેથી પણ પશ્ચિમ દિશામાં શ્રીહરિએ વધારે એક નવો કૂવો ખોદાવ્યો હતો.

तस्य चाल्पसरित्तीरे तस्थुषो महतो नृप ! ।
नारायणलहर्याख्यां करोति स्माच्युतो हरिः ॥२५॥
सन्निधौ तस्य कूपस्य सोमीयाऽल्पाऽस्ति या सरित् ।
साऽस्ति सम्मिलिता राजन् ! पावनोन्मत्तगङ्गया ॥२६॥
तत्राऽऽवासं व्यधाद्राजन् ! हरिर्गुप्तं पुनः पुनः ।
स प्रसिद्धं तथाऽवात्सीत्तत्रैकान्तस्थलप्रियः ॥२७॥
यो जयामध्यमक्षेत्राद्योग्यमेद्याभिधस्य वै ।
मार्गो ग्रामस्य सोमीयस्वल्पनद्याश्च वर्तते ॥२८॥
तन्मार्गद्वयमध्ये यो विद्यते राशिरश्मनाम् ।
महाहर्म्याख्यवृक्षोऽभूत्तत्र सद्वर्तुलस्थले ॥२९॥
जीवन्त्यादि महावल्यस्तत्राऽऽसन् भूरिशो नृप ! ।
स्थाने शीततरे तस्मिन् स न्यषीदद्वरासने ॥३०॥
वाप्या वै दिशि वारुण्यां तद्ग्रामाध्वनि योऽभवत् ।

ત્યારે ત્યાં સ્વયં શ્રીહરિ બે માસ પર્યન્ત વિરાજતા (બેસતા) હતા. ॥૨૪॥

અવિકારી શ્રીહરિએ તે વોકળીના કાંઠે રહેલા મોટા કૂવાનું નામ "નારાયણલહરી" આવું રાખ્યું હતું. ॥૨૫॥

હે રાજન્ ! તે કૂવાની પાસે જે સોમાબાઈની નાની વોકળી છે તે આગળ જઈને પાવની ઉન્મત્તગંગાની સાથે ભળી ગઈ છે. ॥૨૬॥

ત્યાં શ્રીહરિ વારે વારે છૂપી રીતે આવીને રહેતા હતા. કારણ કે તેઓને એકાંતમાં રહેવું ગમતું હતું. અને જાહેરમાં આવીને પણ શ્રીહરિ તે સ્થાનમાં રહેતા હતા. ॥૨૭॥

જીવુબા (મોટીબા) ના વચલા ખેતર પાસેથી ઉગામેડી ગામનો માર્ગ નીકળે છે અને સોમાબાઈની નાની વોકળીનો રસ્તો પણ જાય છે. તે બન્ને માર્ગની વચ્ચે પથ્થરનો ઢગલો છે ત્યાં ગોળાઈ વાળા સ્થાનમાં એક મોટું હરમાનું ઝાડ હતું. ॥૨૮-૨૯॥

હે રાજન્ ! ત્યાં ગળો વગેરેની મોટી મોટી ઘણી વેલો હતી. તે અત્યંત શીતળ સ્થાનમાં બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૩૦॥

રાધાવાવથી પશ્ચિમમાં અને તમારા મોટાભાઈ શ્રીબાવા ખાચરના ખેતર

निम्बवृक्षो हि ते जेष्ठभ्रातुः क्षेत्रान्तिके महान् ॥३१॥
स तत्रोपाविशद्राजन् ! भूयो भूयो हरिर्विभुः ।
तत्रेशो व्यचरच्चाश्नात्स्वादुभोज्यानि चैकदा ॥३२॥
तत्सन्निधौ हि चत्वारि क्षेत्राण्यासन्महीभुजः ।
तत्र क्षेत्रं तु यद्राज्ञा गोपीनाथाय चार्पितम् ॥३३॥
शेढकस्तस्य चैकोऽभूद्दिश्यवाच्यां महत्तरः ।
छत्राकारोऽस्ति विस्तीर्णो भूपते! बुब्बुलद्रुमः ॥३४॥
स्थापिते शकटे तस्मादधो वृक्षान्महीपते ! ।
श्रीहरिश्चतुरो मासान् व्यधाद्वासं यथासुखम् ॥३५॥
तत्राऽऽसन् वै तृणव्याप्ते महाकर्कन्धुशाखिनः ।
सोऽचीखनद्धि तान् सर्वान् सत्वरं भूरिशो जनैः ॥३६॥
लाङ्गलैः कर्षयाञ्चक्रे स तत्क्षेत्रं जनव्रजैः ।
ततः सद्गुरवस्तस्मिन् न्युषुः सन्तश्च भूरिशः ॥३७॥
योग्यमेद्याभिधानस्य योऽध्वा ग्रामस्य वर्तते ।

પાસે, તે ગામના રસ્તા ઉપર જે મોટું લીમડાનું ઝાડ હતું. ॥૩૧॥

હે રાજન્ ! મહાસમર્થ પરમેશ્વર શ્રીહરિ ત્યાં ઘણી વખત વિરાજમાન થતા, હરતા ફરતા અને એક વખત સ્વાદુ ભોજન જમ્યા પણ હતા. ॥૩૨॥

તે લીંબડા પાસે દરબાર શ્રીદાદાખાચરના ચાર ખેતર હતાં. તેમાંથી તેમણે એક ખેતર શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યું હતું. ॥૩૩॥

તેનો દક્ષિણ તરફનો એક શેઢો ઘણો જ મોટો હતો. હે રાજન્! તે શેઢા ઉપર એક વિશાળ બાવળનું ઝાડ છત્રને આકારે ફેલાયેલું હતું. ॥૩૪॥

હે રાજન્ ! તે ઝાડની નીચે એક ગાડું ગોઠવ્યું હતું. તેમાં શ્રીહરિ ચાર માસ સુધી સુખ થાય તે રીતે વસીને રહ્યા હતા. ॥૩૫॥

તે ઘાસથી ભરેલા શેઢા ઉપર ચણી બોરના (નાની બોરડીના) ઘણાં ઝાડ હતાં. શ્રીહરિએ ઝાઝા માણસોને બોલાવીને સત્વરે તેને ખોદાવી નાખ્યા. ॥૩૬॥

લોકો પાસે હળ જોડાવીને તે ખેતરને ખેડાવી દીધું. પછી ત્યાં મોટા સદ્ગુરુઓ અને બીજા ઘણા સંતો પણ રહેવા લાગ્યા. ॥૩૭॥

तस्याऽन्तिके हरिर्वापी भूपते ! समचीखनत् ॥३८॥
तस्यां वै खन्यमानायां स्वाज्ञासक्तैः पदातिभिः ।
यदासीदुच्चकैर्भूमेरधःपातक्षणो नृप! ॥३९॥
निषण्णो वै तदा राजन्! सोऽक्षराभिधसद्मनि ।
भूमिपातं भविष्यन्तं पद्गानां चोपरि ह्यवैत् ॥४०॥
ततस्तूर्णं जनव्रातान् स सम्प्रेष्य दयाकुलः ।
तैस्तान्निष्कासयाञ्चक्रे तस्या वाप्या बहिर्जनान् ॥४१॥
उच्चैस्तरामथो राजन् ! साऽपतत् सत्वरं क्षितिः ।
एवं तत्कृपया जातं क्षेमं तेषां सुमेधसाम् ॥४२॥
इत्थमाश्चर्यकृद्दिव्यं स्वैश्वर्यं दर्शयन् हरिः ।
भृगुजिन्मुख्यपद्गानां रक्षणं स्वौजसाऽकरोत् ॥४३॥
तस्या वाप्या हरिश्चक्रे राधावाप्यभिधां शुभाम् ।
तत्समीपस्थसद्वाट्या राधावाट्यभिधां तथा ॥ दु.मा..२८/३७

હે રાજન્ ! ઉગામેડી ગામનો જે માર્ગ છે, તેને નજીક જ એક સારી વાવ શ્રીહરિએ કરાવી. ॥૩૮॥

હે રાજન્ ! આજ્ઞા પાલક પાર્ષદો તે વાવ ગાળતા હતા, વાવ ઊંડી ખોદાતી હતી. જ્યારે ઉપરના ભાગની ભેખડ વાવમાં ધસી પડે તેવી ઢીલી થઈ, ત્યારે શ્રીહરિ ગામમાં અક્ષર ભવનમાં વિરાજતા હતા. ''જો ભેખડ પડે તો પાર્ષદો તેની નીચે દટાઈ જાય.'' આવું જાણીને તુરંત દયાથી વ્યાકુળ થયેલા જનરક્ષક શ્રીહરિએ માણસોને મોકલીને તેમની પાસે પાર્ષદોને વાવથી બહાર કઢાવ્યા. ॥૩૯-૪૧॥

હે રાજન્ ! તે પાર્ષદ બહાર નીકળ્યા કે તુરંત ખૂબ જ ઊંચેથી ભેખડ ધસી પડી. આ પ્રમાણે શ્રીહરિએ કૃપા કરીને પોતાના સદ્બુદ્ધિવાળા પાર્ષદોને ક્ષેમકુશળ રાખ્યા. ॥૪૨॥

શ્રીભગુજી વગેરે પાર્ષદોનું રક્ષણ શ્રીહરિએ પોતાના પ્રતાપથી કર્યું. આ પ્રમાણે આશ્ચર્યજનક પોતાનું દિવ્ય ઐશ્વર્ય શ્રીહરિએ બતાવ્યું હતું. ॥૪૩॥

શ્રીહરિએ વાવનું શુભ નામ ''રાધાવાવ'' આવું રાખ્યું અને તેની પાસેની વાડીનું નામ ''રાધાવાડી'' આવું રાખ્યું. (દુ.મા.૨૮/૩૭) વાવથી આગળના ભાગમાં

अग्रे वाप्यास्तु यत्स्थानं तुङ्गमस्त्युत्तमं शुभम् ।
स तस्मिन् व्यचरद्राजन् ! प्रीत्या चोपाविशन्मुहुः ॥४४॥
तस्मिन् स्थानेऽस्ति यो राजन् ! महानिम्बद्रुमस्तथा ।
चिञ्चाद्रुर्यो हरिस्तस्मिन् स न्यषीदन्मुहुर्मुहुः ॥४५॥
मुहुरथ मुहुरेव तत्र वाप्यां सह मुनिपार्षदमुख्यभक्तवृन्दैः ।
ललितसलिलखेलनं प्रकुर्वन् हरिरखिलाश्रितवीक्षितो हि सस्नौ ॥४६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिविचरणाङ्कितनदीकूपादिस्थानकथनं नाम षड्विंशोऽध्यायः ॥२६॥

अथ सप्तविंशोऽध्यायः

राधावाप्यभिसंस्थानां तीर्थानां वर्णनं कृतम् ।
राधोद्याने गतिं धार्मेः सप्तविंशे निजैः सह ॥

श्रीचैतन्यानन्द उवाच –
वाप्या वै दक्षिणाशायां महान् योऽस्त्यम्लिकाद्रुमः ।

જે સ્થળ ઊંચું, ઉત્તમ અને શુભ છે ત્યાં શ્રીહરિ પ્રેમથી ઘણીવાર વિચર્યા હતા અને વિરાજમાન પણ થયા હતા. ॥૪૪॥

હે રાજન્ ! તે સ્થળે એક મોટું લીમડાનું ઝાડ અને બીજું આંબલીનું ઝાડ હતું. શ્રીહરિ તેની નીચે ઘણી વાર વિરાજમાન થતા હતા. ॥૪૫॥

શ્રીહરિએ આ વાવમાં સંતો અને પાર્ષદો વગેરે મુખ્ય ભક્તોના વૃંદ સાથે સુંદર જળક્રીડા કરી હતી. સહુ ભક્તજનો દર્શન કરતા અને શ્રીહરિ વાવમાં સ્નાન કરતા હતા. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૬ સમાપ્ત.

અધ્યાય-૨૭
તીર્થક્ષેત્ર રાધાવાવ અને શ્રીહરિ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, વાવથી દક્ષિણમાં મોટું આંબલીનું ઝાડ છે,

स तत्रोपाविशद्राजन् ! भूयो भूयो विभुर्हरिः ॥१॥
तस्या वाप्या दिशि प्राच्यां वापितो हरिणा महान् ।
वर्तते बिल्ववृक्षो यः स तत्रोपाविशन्मुहुः ॥२॥
उदीच्यां दिशि तद्वाप्या आसीद्रम्या कुटी नृप ! ।
स तत्रोपाविशद्धार्मिर्भूयो भूयो दयोदधिः ॥३॥
वाप्या वै दक्षिणाशायां कोषाकर्षणकारिणाम् ।
योऽभूत्कम्बलिनां मार्गः स तत्रोपाविशद्धरिः ॥४॥
तस्माद्राजन् ! दिशि प्राच्यां प्रतीच्यां चास्ति या क्षितिः ।
सर्वस्यां श्रीहरिस्तस्यां न्यषीदद् व्यचरन्मुहुः ॥५॥
तस्या वाप्या दिशि प्राच्यां कोषाकर्षणकृद्गवाम् ।
मार्गोऽस्ति तत्र वै शिश्ये भूयश्चोपाविशद्धरिः ॥६॥
तस्मान्मार्गाद्दिशि प्राच्यां कपित्थोर्विरु होऽस्ति यः ।
तत्राऽस्वपीद्धरिः प्रीत्या सोऽनुकुर्वन्नृनाटनम् ॥७॥
सन्निधानेऽस्ति या तस्या राधावाप्या मनोहरा ।

હે રાજન્ ! મહાસમર્થ શ્રીહરિ ત્યાં ઘણીવાર વિરાજ્યા હતા. ॥૧॥

વાવથી પૂર્વમાં શ્રીહરિએ એક સારું બીલીનું ઝાડ રોપાવ્યું હતું. શ્રીહરિ ત્યાં ઘણીવાર વિરાજમાન થયા હતા. ॥૨॥

વાવથી ઉત્તર દિશામાં એક સરસ ઝૂંપડી હતી. હે નૃપ ! દયાસાગર ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં વારંવાર વિરાજ્યા હતા. ॥૩॥

વાવથી દક્ષિણ તરફ કોસ ખેંચીને ચાલતા બળદને ચાલવાના પયામાં શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૪॥

તે પયાથી પૂર્વ અને પશ્ચિમ તરફની જે સુંદર ભૂમિ છે, તેમાં બધે વારે વારે શ્રીહરિ વિચર્યા હતા અને વિરાજ્યા હતા. ॥૫॥

વાવના પૂર્વ તરફના પયામાં પણ શ્રીહરિ કોઈ વખત સૂતા હતા અને ઘણીવાર વિરાજમાન થયા હતા. ॥૬॥

તે પયાથી પૂર્વમાં જે કોઠીનું ઝાડ છે, તેની નીચે શ્રીહરિ માનવ લીલા કરતા થકાં પ્રેમથી સૂતા હતા. ॥૭॥

આ રાધા વાવની પડખે જ ફળ ફૂલથી ઝૂમતા વૃક્ષવાળી મનોહર રાધાવાડી

फलमाल्यानतैर्वृक्षै राधावाटी विराजिता ॥८॥
तां दिदृक्षुर्मनोहारी श्रीहरिर्धर्मनन्दनः ।
गन्तुमैच्छत्सह स्वीयैरात्माज्ञापालनोद्यतैः ॥९॥
ततः स लक्षणैर्युक्तां तज्जिनां समलङ्कृताम् ।
आरु ह्य सुन्दरां प्रायाद्राधोद्यानं वरं हरिः ॥१०॥
त्वत्तातोत्तमभूपाद्या वाहाऽऽरू ढास्तमन्वयुः ।
सादिनः सोमसूराद्याः पद्गा भक्तास्तथेतरे ॥११॥
मुकुन्दानन्दमुख्या ये वर्णिनो मुनयस्तथा ।
मुक्तानन्दादयः सर्वे तेन सार्धं ययुर्मुदा ॥१२॥
तदा तस्योपरिच्छत्रं रक्तवर्णं सुभास्वरम् ।
पार्षदः कलशेनाऽधात्सौवर्णेनाऽतिराजितम् ॥१३॥
सुवर्णरत्नदण्डाभ्यां चामराभ्यां च पार्षदौ ।
वीजयन्तौ हरिं तस्य पार्श्वयोर्जग्मतुर्मुदा ॥१४॥

શોભે છે. ॥૮॥

મનોહર ધર્મનંદન શ્રીહરિએ પોતાની આજ્ઞામાં તત્પર રહેતા થોડા સેવકોને સાથે લઇને રાધા બાગે જવાનો સંકલ્પ કર્યો. ॥૯॥

પછી શણગારેલી, સુલક્ષણા સુંદર 'તાજણ' ઘોડી ઉપર સવાર થઇને શ્રીહરિ શ્રેષ્ઠ રાધા બાગે પધાર્યા. ॥૧૦॥

તમારા પિતા શ્રીદાદાખાચર વગેરે ઘોડે સવાર તેમની પાછળ ચાલ્યા. શ્રીસોમલાખાચર તથા શ્રીસૂરાખાચર આદિ ઘોડેસવાર સખાઓ તથા પાર્ષદો પણ તેમની પાછળ ચાલતા થયા. ॥૧૧॥

શ્રીમુકુંદાનંદ વર્ણી આદિ બ્રહ્મચારીઓ તથા શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ પ્રેમથી રાધા બાગે ગયા. ॥૧૨॥

તે સમયે સોનાના કળશથી અત્યંત શોભતું અને ચળકતું લાલ રંગનું છત્ર પાર્ષદે શ્રીહરિના ઉપર રાખ્યું હતું. ॥૧૩॥

રત્નજડિત સોનાની દાંડીવાળા બે ચામર હાથમાં લઇને શ્રીહરિને વીંજતા બે પાર્ષદ બન્ને બાજુ એકેક ચાલતા હતા. ॥૧૪॥

गायन्तो बन्दिनस्तस्य लोकमालिन्यहृद्यशः ।
तेन साकमगुर्नेदुस्तदा वाद्यानि भूरिशः ॥१५॥
राजितः स हरिस्तस्यां सादिमण्डलमध्यगः ।
बहिश्चैत्य पुराद्रम्यां वाजिनीं तामदीद्रवत् ॥१६॥
साऽथ सर्वाश्ववारेभ्यो ययावग्रे मनोजवा ।
कृत्वैव सत्वरं पक्षौ लोकानुलङ्घयिष्यति ॥१७॥
पशुनामपि योगेन हरेस्तस्याऽवतारिणः ।
अञ्जसोर्ध्वगतिं प्राप्यां सूचयन्तीव पुप्लुवे ॥१८॥
पार्ष्णिप्रताडनैरश्वान् द्रावयन्तोऽपि सादिनः ।
न लेभिरे हरिं राजन् ! स्वीयप्राणातिवल्लभम् ॥१९॥
ततो गत्वा स विस्तीर्णं भूतलं ललितं समम् ।
अतिष्ठद्वाजिनीं रुन्ध्वा पश्यंस्तान् सस्मिताननः ॥२०॥
तावत्तत्राऽऽव्रजन्सर्वे सादिनस्तद्व्रतेक्षणाः ।

લોકોના પાપને હરનારા શ્રીહરિના યશને ગાતા એવા બંદી જનો શ્રીહરિની સાથે ચાલ્યા. તે સમયે અનેક જાતના વાજિંત્ર વાગતા હતા. ॥૧૫॥

ઘોડે સવારોના મધ્યમાં તે 'તાજણ' ઉપર શોભતા શ્રીહરિ ગઢપુર ગામથી બહાર આવ્યા. પછી તે મનોહર 'તાજણ' ને દોડાવી. ॥૧૬॥

મનના સમાન વેગવાળી તાજણ ત્વરિત ગતિથી, માનો પાંખો આવવાથી સમગ્ર લોકોને ઉલંઘીને ઊર્ધ્વ ગતિ કરશે કે શું ? તેમ, બધા જ ઘોડે સવારોની આગળ નીકળી ગઇ. ॥૧૭॥

અવતારી શ્રીહરિના યોગથી પશુ જાતિની પણ ઊર્ધ્વ ગતિ (મોક્ષ) ને તે સૂચવતી હોય તેમ તાજણ ઝડપથી દોડતી હતી. ॥૧૮॥

હે રાજન્ ! બીજા ઘોડેસવારો પોતાના ઘોડાને વારંવાર એડી મારીને દોડાવવા લાગ્યા છતાં પોતાના પ્રાણો કરતાં પણ પ્રિય શ્રીહરિ સુધી પહોંચી શક્યા નહિ. ॥૧૯॥

પછી શ્રીહરિએ વિશાળ સુંદર સરખી જમીનમાં જઇને 'તાજણ' ને રોકી અને પ્રસન્ન ચહેરે સખાઓને જોવા લાગ્યા. ॥૨૦॥

તેટલા સમયમાં તો શ્રીહરિ સામે જ નજર રાખનારા બધા ઘોડેસવારો ત્યાં

ततः सोऽगमयद्वाहां तां नानागतिभिर्हरिः ॥२१॥
पंङ्क्तिशश्चाऽश्ववारास्ते पार्श्वयोरु भयोर्हरेः ।
अश्वान् विचित्रधाराभिश्चालयाञ्चक्रिरे मुदा ॥२२॥
वाजिनीद्रुतसञ्चारचलच्चेलातिशालिनम् ।
तं दृष्ट्वाऽऽपुर्मुदं भक्ताः प्रोच्छलच्छेखरच्छटम् ॥२३॥
तां ततो गमयन् रम्यैश्चञ्चलैश्चक्रचङ्क्रमैः ।
सोऽहरत्स्वीयभक्तानां मानसान्यखिलेश्वरः ॥२४॥
दृष्ट्वा मण्डलसञ्चारं कारितं हरिणेति तम् ।
आवर्तच्छद्मना गङ्गानीरमभ्यस्यतीव तम् ॥२५॥
स ततः सादिमध्यस्थः स्वीयैर्भक्तजनैर्युतः ।
अपश्यद्वापिकां रम्यां तद्राधोद्यानतः पुरः ॥२६॥
निर्मलामृतमिष्टोदां कारितां हरिणा स्वयम् ।
सोपानश्रेणिराजन्तीं तत्पादस्पर्शपाविनीम् ॥२७॥

આવી પહોંચ્યા. પછી શ્રીહરિએ તાજણને અનેક પ્રકારની ચાલથી ચલાવી. ॥૨૧॥

તે સમયે બધા ઘોડેસવારો શ્રીહરિની બન્ને બાજુએ અનુક્રમે ઘોડાઓને ગોઠવીને પ્રેમપૂર્વક જુદી જુદી ચાલોમાં ચલાવવા લાગ્યા. ॥૨૨॥

તાજણની ઝડપથી શ્રીહરિના ફરકતા વસ્ત્રોની શોભા અનૂઠી હતી. પાઘમાં ઊછળતા તોરાઓની છટાને દેખીને ભક્તજનો ખુશ ખુશાલ થઈ જતા હતા. ॥૨૩॥

પછી સર્વેશ્વર શ્રીહરિએ તાજણને સુંદર ચપળ ગતિમાં ચકાકારે (ગોળકુંડાળામાં) ચલાવીને પોતાના ભક્તોના મનને સ્વસ્વરૂપમાં ખેંચી લીધા. ॥૨૪॥

શ્રીહરિએ તાજણને ગોળ કુંડાળામાં ચલાવી તે જોઈને ગંગાજી પણ પાણીની ભમરીને બહાને તે કુંડાળાનો અભ્યાસ કરતા હોય તેમ જણાતું હતું. ॥૨૫॥

પછી ઘોડે સવારોની વચ્ચે 'તાજણ' ઉપર રહેલા શ્રીહરિ પોતાના ભક્તો સાથે આગળ ચાલ્યા અને રાધા બાગની આગળ રહેલી રમણીય રાધાવાવને દેખી. ॥૨૬॥

રાધાવાવનું પાણી નિર્મળ અને અમૃતના જેવું મીઠું હતું. સ્વયં શ્રીહરિએ તે કરાવી હતી, પગથિયાની પંક્તિથી શોભતી તે શ્રીહરિના ચરણ સ્પર્શથી સર્વને પાવન કરનારી થઈ હતી. ॥૨૭॥

ततः स प्रैक्षत प्रीत्या राधोद्यानं मनोहरम् ।
ब्रह्मादीनां सुरेन्द्राणामप्याश्चर्यकरं महत् ॥२८॥
नानाद्रुमाऽऽवलिप्रेक्ष्यं फलमाल्यव्रजाकुलम् ।
नित्यप्रसूनयुक्ताभिर्मालतीभिश्च राजितम् ॥२९॥
वासन्तीमाधवीजातीमल्लिकायूथिकादिभिः ।
भ्राजितं माल्यवल्लीभिर्विचित्राभिः समन्ततः ॥३०॥
युक्तं च यत्कनकपिङ्गलमाल्यशालैर्वृक्षैस्तथा हुतहुताशनरक्तपुष्पैः ।
विभ्राजितं बहुविधैस्तरु भिर्नितान्तं सन्तर्जयद्रुचिरचैत्ररथादिशोभाम् ॥
एवं विधे हरिस्तस्मिन्नारामेऽथ प्रविश्य सः ।
तूर्णमुत्तीर्य वाजिन्या न्यषीदत्स्वोत्तमासने ॥३२॥
ततस्तस्याग्रतो भक्तास्त्यागिनो गृहिणस्तथा ।
तत्पुण्यप्रेक्षणाऽऽसक्ता यथायोग्यं ह्युपाविशन् ॥३३॥

પછી શ્રીહરિએ બ્રહ્મા આદિ મોટા દેવતાઓને પણ અત્યંત વિસ્મય પમાડે એવો મનોહર રાધા બાગ જોયો. ॥૨૮॥

તે બાગ અનેક જાતના પંકિત બદ્ધ રોપેલા વૃક્ષોથી જોવા લાયક હતો. ફળો અને ફૂલોના ગુચ્છોથી ભરપૂર હતો. નિત્ય નવા ફૂલવાળી માલતીની વેલીઓથી તે શોભતો હતો. ॥૨૯॥

બાગ, વાસંતી, માધવી, ચમેલી, જાય, જુઈ વગેરે સુગંધવાળી જાતજાતની ફૂલવેલોથી ચારેબાજુ મહેકતો શોભતો હતો. ॥૩૦॥

તેમાં કેટલાક ફૂલઝાડ સોના જેવા ચમકતા ફૂલના ગુચ્છવાળા હતા, તો કેટલાક પ્રજ્વલિત અંગારાના સમાન લાલ રંગના ફૂલોથી શોભતા હતા. અનેક પ્રકારના વૃક્ષોને લીધે તે દેવતાઓના સુંદર ચૈત્રરથ જેવા બાગોને પણ ઝાંખા પાડી દેતો હતો. ॥૩૧॥

આવા સુંદર રાધા બાગમાં શ્રીહરિ પ્રવેશ્યા-પધાર્યા. પછી તત્કાળ 'તાજણ' ઉપરથી ઊતર્યા અને બિછાવેલા સુંદર આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૨॥

પછી શ્રીહરિની આગળના ભાગમાં તેમના પુણ્યસ્વરૂપના દર્શનમાં લાગેલા સર્વત્યાગીઓ અને ગૃહસ્થ હરિભક્તો યથોચિત રીતે બેસી ગયા. ॥૩૩॥

ततस्तत्पालको हृष्टः पक्वान्याहृत्य सत्वरम् ।
रम्भाफलानि नत्वा तं दाडिमानि तथाऽदिशत् ॥३४॥
नालिकेराणि रम्याणि मिष्टामृतफलानि सः ।
अञ्जिराणि ददौ तस्मै द्राक्षामुख्यफलानि च ॥३५॥
तानि पक्वानि चित्राणि सुधास्वादूनि स प्रभुः ।
ततो भुङ्क्ते स्म तान् पश्यन् कुर्वंश्चर्वणचातुरीम् ॥३६॥
राजन् ! फलानि भुञ्जानं श्रीहरिं प्राणवल्लभम् ।
निर्निमेषेक्षणैर्भक्ताः प्रेक्षमाणा ययुर्मुदम् ॥३७॥
मुकुन्दानन्दमुख्येभ्यो वर्णिभ्योऽथ फलानि सः ।
आत्मप्रासादिकानीशो मुदा प्रादाद्दयोदधिः ॥३८॥
मुक्तानन्दादिसाधुभ्यः सोमादिभ्यश्च सादरम् ।
पार्षदेभ्योऽदिशत्तानि स्वीयप्रासादिकानि सः ॥३९॥
भवत्तातप्रमुख्येभ्यो भक्तेभ्यश्च यथोचितम् ।

પછી રાધાબાગમાં સેવા કરનાર સેવકે શ્રીહરિને પગે લાગીને પ્રસન્ન મનથી તત્કાળ પાકાં કેળાં અને પાકાં દાડમ લાવીને તેમની આગળ મૂક્યાં. ॥૩૪॥

સુંદર નાળિયેર, મીઠાં પોપૈયા, અંજીર તથા દ્રાક્ષ આદિ ફળ પણ અર્પણ કર્યાં. ॥૩૫॥

તે બધા જાત જાતના પાકાં ફળ અમૃત જેવા સ્વાદુ હતા. પ્રભુ શ્રીહરિ ચાવવામાં ચતુર હતા. તેથી સંત હરિભક્તો સામે દેખીને તે ફળોને જમવા લાગ્યા. ॥૩૬॥

હે રાજન્ ! પોતાના પ્રાણ પ્યારા શ્રીહરિ ફળ આરોગતા હતા ત્યારે મટકું પણ માર્યા વિના તેમના દર્શન કરનારા ભક્તો ખૂબ જ આનંદ પામ્યા. ॥૩૭॥

પછી કૃપાસાગર પરમેશ્વર શ્રીહરિએ શ્રીમુકુંદાનંદ સ્વામી આદિ વર્ણીઓને પ્રેમથી પોતાના પ્રસાદીરૂપ ફળ આપ્યાં. ॥૩૮॥

શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સંતોને તથા શ્રીસોમલા ખાચર આદિ પાર્ષદોને તેમણે આદર સાથે પોતાના પ્રસાદીરૂપ ફળ આપ્યાં. ॥૩૯॥

ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર આદિ

तानि प्रादात्समग्रेभ्यः श्रीहरिर्भक्तशर्मदः ॥४०॥
ततो वर्णिप्रदत्तेन सोऽम्भसाऽऽस्यं करौ तथा ।
मार्जयित्वाऽपिबन्नीरं तद्वाप्याश्चामृतोपमम् ॥४१॥
सन्तोऽथ वर्णिगणपार्षदमुख्यभक्तास्तस्मै प्रसूनवरशेखरहारगुच्छान् ।
प्रीत्याऽऽर्पयन् स भगवान् दिशति स्म तेभ्यो हारादिकान्निजधृतान्
स्वपदाश्रितेभ्यः ॥४२॥
मुक्तानन्दं स सद्वर्यं ब्रह्मानन्दं ततस्तथा ।
देवानन्दं च गानार्थं प्रेमानन्दं तथैरयत् ॥४३॥
ततस्तेऽसज्जयन् प्रीत्या विपञ्चीं परिवादिनीम् ।
मर्द्दलादीनि वाद्यानि विचित्राणि महीपते ! ॥४४॥
विधायाऽथ स्वराऽऽलापं सन्तस्ते मधुरस्वराः ।
वीक्षमाणास्तमीशानं चक्रुर्गानं मनोहरम् ॥४५॥
गायनं रु चिरं भद्रं मध्यतारभिदान्वितम् ।

સમગ્ર હરિભક્તોને પણ યથોચિતરૂપે તે ફળ આપ્યાં. ॥૪૦॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ આપેલા જળથી મુખ અને હાથ ધોયા તથા અમૃત જેવું તે રાધાવાવનું જળપાન કર્યું. ॥૪૧॥

પછી સાધુઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને મુખ્ય હરિભક્તોએ શ્રીહરિને સુગંધી ફૂલના તોરા, હાર, બાજુબંધ અને ગુચ્છ વગેરે પ્રેમથી પહેરાવ્યા, અર્પણ કર્યા. શ્રીહરિએ પણ પોતાના ચરણાશ્રિત સહુ સંતો વગેરેને પોતાના પ્રસાદીરૂપ હાર વગેરે આપ્યા. ॥૪૨॥

પછી શ્રીહરિએ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીદેવાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રીપ્રેમાનંદ સ્વામીને સંગીત ગાવા માટે આજ્ઞા કરી. ॥૪૩॥

હે રાજન્ ! પછી તે ગાયક સંતો વીણા, પરિવાદિની (સાતતારવાળી વીણા), અને મૃદંગ આદિ ઘણી જાતના વાજિંત્રોને યોગ્ય રીતે તૈયાર કરવા લાગ્યા. ॥૪૪॥

મધુર સ્વરવાળા સંતોએ સ્વરનો આલાપ કર્યો અને પછી શ્રીહરિના મુખકમળ સામે નેત્ર વૃત્તિ રાખીને અતિ મનોહર ગાન કર્યું. ॥૪૫॥

सतालं सोऽशृणोत्प्रीत्या सस्वरग्राममूर्छनम् ॥४६॥
रसज्ञः स्वाश्रितान् पश्यंस्तान् दयार्द्रदृशा हरिः ।
गायनं श्लाघयंस्तेषां मुदं प्रापन्महीयसीम् ॥४७॥
अथ हरिर्विजहन्निजमासनं मुनिपतिः स तदन्तिकमाव्रजन् ।
विदधदेव मुदा त्रुटिवादनं सह जगौ मुनिभिर्मधुरस्वरम् ॥४८॥
कनकसूत्रमयाऽत्यरु णाम्बरो विकसिताऽसितपद्मसमद्युतिः ।
विविधकौसुमहारधरो जयन् सतडिदिन्द्रशरासनवारिदम् ॥४९॥
प्रवरशेखरराजिविराजितो विमलचञ्चलशालिकलेवरः ।
निजमनांसि हरन् करचेष्टया जलधरातिगभीरवरस्वरः ॥५०॥
स्मितसुधोक्षितचारु तराननो मदनकोटिमदक्षयसौष्ठवः ।
कुसुमगुच्छलसच्छ्रवणद्वयो भुजविराजितमाल्यसुकन्दुकः ॥५१॥

સુંદર મંગળમય ગાન, તાલ, સ્વર, ગ્રામ અને મૂર્છનાના મધ્ય અને તીવ્ર ભેદોથી યુક્ત સરસ હતું. તે શ્રીહરિએ પ્રેમથી સાંભળ્યું. ॥૪૬॥

સંગીતના મર્મને સમજનારા શ્રીહરિએ દયાભીની દૃષ્ટિથી ગાયક સંતો સામે જોયું, તેમના સંગીતની પ્રશંસા કરી અને અતિશય આનંદિત થયા. ॥૪૭॥

સંતોનું ગાયન ચાલું હતું. મુનિપતિ શ્રીહરિ પોતાના ગાદી તકિયાવાળા આસનથી નીચા ઊતર્યા. સંતોની નજીક પહોંચી ગયા. પ્રેમથી ચપટી વગાડીને મધુર સ્વરે તે સંતોની સાથે ગાવા લાગ્યા. ॥૪૮॥

તે સમયે શ્રીહરિના સ્વરૂપનું સૌંદર્ય અદ્‌ભુત હતું. તેમણે સોનેરી તારવાળા લાલ રંગના વસ્ત્ર પહેર્યા હતા. પ્રફુલ્લિત નીલ કમળ જેવી કાંતિ હતી. જાત જાતના ફૂલહાર પહેર્યા હતા, તેથી વીજળી અને ઈન્દ્રધનુષ સાથેના મેઘની શોભા કરતા પણ અધિક તેમની શોભા હતી. ॥૪૯॥

મસ્તકે સુંદર તોરાઓની પંક્તિ શોભતી હતી. નિર્મળતા અને ચપળતાથી કલેવર(શરીર) ભવ્ય લાગતું હતું. હાથના સુંદર લટકાંથી ભક્તોના મન તેમાં ખેંચાતા હતા. મેઘ કરતા પણ ગંભીર સરસ સ્વર હતો. ॥૫૦॥

હાસ્યામૃતથી ભીંજાયેલું અતિ સુંદર તેમનું મુખ હતું. કરોડો કામદેવના ગર્વને હરે તેવું સુરૂપ હતું. બન્ને કાન ઉપર ફૂલના ગુચ્છ શોભતા હતા. હાથમાં સુંદર ફૂલનો દડો હતો. ॥૫૧॥

परिसरत्करु णामृतपूरया हृतनिजाश्रितमानसतापया ।
भवहृताऽतिपरिप्लवया दृशा निजजनान् परितश्च विलोकयन् ॥५२॥
ललितवर्त्तुलनाभिजलाशयो हसनकान्तिजितक्षणदेश्वरः ।
नलिनशालिविलोलविलोचनः सुवचनामृतपोषितसंश्रितः ॥५३॥
सकलगानकलासु पटीयसां तनुभृतां जनयन्नुरु विस्मयम् ।
स्वरसुधारसदृष्टितया निजानतितरां सुखयन् मुनिवत्सलः ॥५४॥
निजकलेवरसौरभलोभनैरलिकुलैरतिमञ्जुलगुञ्जितैः ।
परिपठद्भिरिव श्रुतिगायकैर्वरवैर्निपुणैरभितो वृतः ॥५५॥
स्मितपरिप्रसरद्रदरोचिषा विलसिताधरविद्रुमभास्वरः ।
कुटिलवल्गितनीलवरभ्रुवा श्रियमपि स्मरसद्धनुषो जयन् ॥५६॥
निजजनैरनिमेषणलोचनैरतिशयप्रणयेन विलोकितः ।

તેમની દૃષ્ટિ, કરુણારૂપ અમૃતના પૂરથી છલકાતી, પોતાના આશ્રિતોના માનસિક તાપને ટાળનારી, અને સંસારથી મુક્ત કરવા તરબોળ રહેતી હતી, શ્રીહરિ આવી દૃષ્ટિથી ચોતરફ નિજભક્તોને દેખી રહ્યા હતા. ॥૫૨॥

તેમની નાભિ સુંદર અને ગોળ હતી. તેમના પ્રસન્ન હાસ્યની છટા આગળ ચંદ્ર પણ હારી ગયો હતો. કમળના સમાન શોભતા નેત્ર ચંચળ હતા. સુંદર વચનરૂપ અમૃતથી ભક્તોનું પોષણ કરતા હતા. ॥૫૩॥

સમગ્ર સંગીતકલાના નિષ્ણાત સંગીતકારોને પણ અત્યંત વિસ્મિત કરનારા, સ્વરરૂપી અમૃતરસથી ભરેલી દૃષ્ટિથી પોતાના ભક્તોને ખૂબ જ સુખી કરનારા, આવા શ્રીહરિ સંતો ઉપર વાત્સલ્યભાવ રાખતા હતા. ॥૫૪॥

શ્રીહરિના સ્વરૂપ સૌરભ (સુગંધ)થી લલચાયેલા ભમરાના ટોળાઓ ઘણું સુંદર ગુંજન કરતા હતા. ત્યારે એમ જણાતું હતું કે સામવેદનું સસ્વર ગાન કરનારા સારા વિદ્વાનો તેમને ચારે બાજુથી ઘેરી વળ્યા છે. ॥૫૫॥

તેઓ મધુર હાસ્ય વખતે પ્રસરતી દાંતની કાંતિથી શોભતા, વિદ્રુમમણિ જેવા અધરોષ્ઠ (નીચેના હોઠ) થી તેજસ્વી જણાય છે. વાંકડી સુંદર ભ્રૂકુટીની શોભાથી કામદેવના ધનુષની શોભાને પણ જીતી લે છે. ॥૫૬॥

ભક્તજનો શ્રીહરિના સ્વરૂપના દર્શન આંખોનું મટકું પણ માર્યા વિના અત્યંત પ્રેમ ભાવથી કરતા હતા. મોટા લોકપાળો પણ શ્રીહરિના ચરણોમાં પ્રણામ

भुवनपालकिरीटतटच्छटापरिविघट्टितपादसुविष्टरः ॥५७॥
कलितमश्चयभेदनभास्करो निजपदाश्रितरक्षणपाटवः ।
श्रवणमङ्गलकारिमहायशा दलितकल्मषजालविलोचनः ॥५८॥
एवं हरिर्दधद्रम्यां शोभां पावनदर्शनाम् ।
मुनीन्द्रान् गायकान् प्रादाद्धारादीन् स्वधृतान् प्रभुः ॥५९॥
ततस्तस्यां हरिर्वाप्यां स्नानं चक्रे महीपते ! ।
वर्णिनो मुनयश्चान्ये सस्नुस्तस्यां तदाश्रिताः ॥६०॥
वाटिकायां ततस्तस्यामागत्य स्वासने हरिः ।
न्यषीदत्सोऽखिलस्वीयस्नानविध्यवधि स्वयम् ॥६१॥
तदा स्वस्य पुरःस्थेभ्यः स्वाश्रितेभ्यो मनोहराम् ।
सुभद्रां सोऽकरोद्वार्तां धर्मज्ञानादिबोधिनीम् ॥६२॥
राजन् ! मुहुर्हरिर्यस्यां नानाभोज्यानि सत्पतिः ।

કરતી વેળાએ પોતાના મુકુટની કલગીઓને ચરણ મૂકવાના બાજોઠ ઉપર ઘસે છે. ॥૫૭॥

શ્રીહરિ કળિયુગરૂપ અંધકારના સમૂહને હટાવવામાં તો સૂર્યના જેવા છે, પોતાના ચરણાશ્રિત ભક્તોની રક્ષા કરવામાં અતિ ચતુર છે, તેમનો મહાન્ યશ સાંભળવા માત્રથી જ મંગળ વિસ્તારે છે. અને તેઓ દૃષ્ટિ માત્રથી અનેક પ્રકારના પાપપુંજનો વિનાશ કરે છે. ॥૫૮॥

આવી પાવનકારી રમણીય શોભાને ધારણ કરતા પ્રભુ શ્રીહરિએ પોતે પહેરેલા ફૂલહાર વગેરે ગાયક સંતોને આપ્યા. ॥૫૯॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે રાધાવાવમાં સ્નાન કર્યું. શ્રીહરિના આશ્રિત સંતો અને વર્ણીઓ વગેરે સહુએ વાવમાં સ્નાન કર્યું. ॥૬૦॥

પછી સ્વયં શ્રીહરિ, સહુ વાવમાં સ્નાન કરી લે ત્યાં સુધી, વાડીમાં આવીને પોતાને આસને વિરાજમાન થયા. ॥૬૧॥

તે સમયે પોતાની આગળ જે કોઈ બેઠા હતા તે આશ્રિતોને શ્રીહરિએ ધર્મ તથા જ્ઞાનની સમજણ પ્રાપ્ત થાય તેવી મંગળમય મનોહર વાતો કરી. ॥૬૨॥

હે રાજન્ ! સત્પતિ શ્રીહરિ પોતાને વિષે અનન્ય ભાવવાળા ભક્તોને રાજી

भुङ्क्ते स्माऽऽत्मीयभक्तानां प्रीतयेऽनन्यचेतसाम् ॥६३॥
स्वपादस्पर्शपुण्यायां मनोज्ञायां स्वयं हरिः ।
तस्यां सोऽभोजयत्प्रीत्या स्वाश्रितान्निर्मलात्मनः ॥६४॥
आरुह्याऽथ हरिर्हयीं गतिवरां सादिव्रजैर्वेष्टितो
युक्तो भास्वरचामरातिरुचिरच्छत्रादिभिर्भूपते ! ।
सद्वर्णीन्द्रमुखैः सहाश्रितजनैः शृण्वंश्च वाद्याऽऽरवान्
स्वाऽऽवासं वरमाययौ पुरजनैरालोक्यमानो मुदा ॥६५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिशोभाकथनपूर्वकतत्पादाङ्कितराधोद्यानिलयादि-निरूपणं नाम सप्तविंशोऽध्यायः ॥२७॥

अथाऽष्टाविंशोऽध्यायः

राधावाटीस्थवृक्षाणां मार्गादीनां च वर्णनम् ।
तुङ्गाऽतुङ्गप्रदेशानामष्टाविंशे कृतं शुभम् ॥

કરવા માટે જે રાધાવાવે અનેક પ્રકારના ભોજનના થાળ જમ્યા હતા. ॥૬૩॥

પોતાના ચરણ સ્પર્શથી પવિત્ર થયેલી મનોહર તે રાધાવાવે શ્રીહરિએ નિર્મળમનના પોતાના આશ્રિતોને પ્રેમથી જમાડ્યા હતા. ॥૬૪॥

પછી શ્રીહરિ સુંદર ગતિ (ચાલ) વાળી તાજણ ઘોડી ઉપર સવાર થયા. ઘોડેસવારો સાથે હતા. તેજસ્વી ચામર અને સુંદર છત્ર આદિથી શ્રીહરિ શોભતા હતા. મોટેરા સંતો અને બ્રહ્મચારી વગેરે સહુ ચાલ્યા આવતા હતા. વાજિંત્રોનો ધ્વનિ શ્રીહરિ સાંભળતા હતા. નગરજનો આનંદથી દર્શન કરતા હતા અને શ્રીહરિ પોતાને નિવાસ સ્થાને અક્ષર ભવને પધાર્યા. ॥૬૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૭ સમાપ્ત.

અધ્યાય-૨૮

રાધાવાવના વૃક્ષ અને પ્રદેશાદિનું વર્ણન

श्रीचैतन्यानन्द उवाच

राधावाट्यां हि यावन्तो विद्यन्ते भूरुहा नृप ! ।
तेषां छायासु सोऽस्वाप्सीन्यषीदद् व्यचरत्तथा ॥१॥
आम्रवृक्षान्विता भूमिर्या तद्वाट्यां त्वयार्पिता ।
तत्प्रान्ताद्दिशि वारुण्यां प्राच्यामाम्रद्रुमोऽस्ति यः ॥२॥
तस्मिन्नाम्रे घनच्छाये दश वर्षाणि वै प्रभुः ।
स प्रीत्योपाविशद्राजन् ! भूयो भूयोऽचरत्तथा ॥३॥
तथा शिश्ये हरिस्तस्मिन्नतिष्ठच्च पुनः पुनः ।
स्वैश्वर्यं मङ्गलं दिव्यं तत्राप्यदर्शयत्तथा ॥४॥
एकदा स प्रयान् राजन् ! हरिर्वृत्तालयं पुरम् ।
स्वाश्वं विद्राव्य तच्छाखां गृहीत्वा तस्थिवांश्चिरम् ॥५॥
तत्क्षितेर्दक्षिणाशायां प्रान्तेऽस्त्याम्रद्रुमो महान् ।
तत्र चोपाविशच्छिश्ये तथा भोज्यान्यभुक्त सः ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! રાધા બાગમાં જેટલા વૃક્ષ છે તે બધાની છાયામાં ક્યાંક શ્રીહરિ સૂતા હતા તો ક્યાંક વિરાજ્યા હતા અને ક્યાંક વિચર્યા હતા. તે બધા જ પ્રસાદીના ગણાય. ॥૧॥

હે રાજન્ ! રાધાવાડીમાં આંબાના વૃક્ષવાળી જે જમીન તમે આપેલી છે તેના છેડાથી પશ્ચિમ દિશામાં જે એક જૂનો આંબો છે, ઘાટી છાયાવાળા તે આંબાની નીચે પ્રભુ શ્રીહરિ દસવર્ષ પર્યંત વારંવાર પ્રેમથી વિરાજ્યા છે અને વિચર્યા છે. ॥૨-૩॥

તે રીતે જ તેની નીચે સૂતા છે અને વારે વારે ઊભા રહ્યા છે. મંગળમય પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું પણ છે. ॥૪॥

હે રાજન્ ! એક દિવસ શ્રીહરિ વડતાલ જતા હતા. પોતાનો ઘોડો દોડાવીને રાધા વાડીના તે આંબા તળે પહોંચ્યા. તે આંબાની નીચલી ડાળીને પકડીને ઝાઝીવાર સુધી ત્યાં ઊભા રહ્યા હતા. ॥૫॥

તે જમીનના દક્ષિણ તરફના છેડે એક મોટો આંબો છે, તેની નીચે શ્રીહરિ ઘણીવાર બેઠા હતા, સૂતા હતા અને થાળ પણ જમ્યા હતા. ॥૬॥

ये तत्राऽऽम्रद्रुमा राजन् ! दक्षिणोत्तरदिक्स्थिताः ।
तेषां मध्ये कृतं चिह्नं सुस्पष्टं यत्तु वर्तते ॥७॥
आसीत्तत्रोच्चकैर्मञ्चस्तस्मिंश्चाऽभूत्सुमण्डपः ।
द्राक्षावल्लीभिराकीर्णे स तत्रोपाविशन्मुहुः ॥८॥
तत्र शिश्ये हरिर्भूयो व्यचरच्चेश्वरेश्वरः ।
भूरिकालं हरेर्योगं तत्स्थानं प्राप दुर्लभम् ॥९॥
दिश्यवाच्यां स तद्भूमेः प्रान्ते गुन्द्रकभूरुहः ।
तत्र शिश्ये हरिर्भूयः स्वैश्वर्यं चाप्यदीदृशत् ॥१०॥
गुन्द्रक्षोणिरुहो राजन् ! राधोद्यानादुदग्दिशि ।
तस्माद्वै दक्षिणाशायां तव क्षेत्रं हि वर्तते ॥११॥
तस्मिन्नासुन्दरक्ष्मारुड् विद्यते तत्र स प्रभुः ।
भूयो ह्युपाविशद्दिव्यं स्वैश्वर्यं च व्यदर्शयत् ॥१२॥
योग्यमेद्याभिधानस्य मार्गो ग्रामस्य चास्ति यः ।
दिश्युदीच्यामभूत्तस्माद्भूपते ! बुब्बुलद्रुमः ॥१३॥

હે રાજન્ ! આ રાધાવાડીમાં દક્ષિણ તરફ તથા ઉત્તર તરફ જે આંબાના ઝાડ રહ્યા છે, તેની વચ્ચે જે સ્પષ્ટ નિશાન કરેલું છે. ॥૭॥

ત્યાં ઊંચો એક મંચ હતો. તેના ઉપર માંડવો કર્યો હતો, માંડવા ઉપર દ્રાક્ષની વેલી ચઢાવેલી હતી. ત્યાં શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થયા હતા. ॥૮॥

બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિએ ત્યાં શયન કર્યું હતું. વારંવાર વિચર્યા હતા, તે સ્થાન અતિશય દુર્લભ એવા શ્રીહરિના યોગને પામેલું છે. ॥૯॥

તે જમીનને છેડે દક્ષિણમાં ગુંદાનું મોટું ઝાડ હતું. ત્યાં પણ શ્રીહરિ ઘણી વાર સૂતા હતા અને પોતાનું ઐશ્વર્ય પણ બતાવ્યું હતું. ॥૧૦॥

હે રાજન્ ! રાધા બાગથી ઉત્તર દિશામાં જે ગુંદાનું ઝાડ છે તેથી દક્ષિણમાં તમારું ખેતર છે. ॥૧૧॥

ત્યાં આસોંદરાનું ઝાડ છે. તે સ્થાને પ્રભુ શ્રીહરિ વારંવાર વિરાજમાન થયા હતા અને પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૧૨॥

હે રાજન્ ! ઉગામેડી ગામનો જે માર્ગ છે તેથી ઉત્તર દિશામાં મોટું બાવળનું

दिश्युदीच्यां ततो मार्गाद्भूपते ! विद्यते सरः ।
कर्हिचित्पुलिने तस्य स न्यषीदद्विभुर्हरिः ॥१४॥
तस्माद्वै दक्षिणाशायां पूर्वोक्तग्रामवर्त्मनः ।
दिश्यवाच्यां भवत्यल्पा स्वच्छाम्भा भूपते ! सरित् ॥१५॥
सन्निधौ सरितस्तस्या हरिर्गुर्जरदेशतः ।
आयातानस्वजत्साधून् वाहादुत्तीर्य सादरम् ॥१६॥
ततो वृष्टिरभूद्राजन्नित्यसङ्कल्पयत् तदा ।
हरिर्यास्यन्ति शैत्यार्त्तिं सन्तो वृष्ट्याऽऽर्द्रितास्त्विमे ॥१७॥
तस्मादद्य यदा वृष्टिर्न स्यात्तर्हि सुखं भवेत् ।
एतेषां मत्प्रसक्तानां सतां भूतानुकम्पिनाम् ॥१८॥
इत्थं सत्प्रेयसस्तस्य हरेः सङ्कल्पमात्रतः ।
मेघस्य वर्षणं राजंस्तूर्णमापद्विरामताम् ॥१९॥
इत्थं स्वरक्षणं वृष्टेः कृतं तेनार्त्तिहारिणा ।

ઝાડ હતું. ॥૧૩॥

વળી તે માર્ગથી ઉત્તરમાં નાની તલાવડી હતી. શ્રીહરિ તે તલાવડીને કિનારે કોઇ એક વખત વિરાજ્યા હતા. ॥૧૪॥

હે રાજન્ ! તે તલાવડીથી દક્ષિણમાં ઉગામડીનો માર્ગ છે અને તેથી પણ દક્ષિણમાં સ્વચ્છ પાણીવાળી નાની વોકળી છે. ॥૧૫॥

તે વોકળી પાસે ઘોડા ઉપરથી ઊતરીને શ્રીહરિ ગુજરાતથી આવેલા સંતોને આદરભાવથી મળ્યા હતા. ॥૧૬॥

તે વખતે આકાશમાં ઘાટા વાદળાં છવાઇ ગયા હતા. વરસાદ વરસવો થોડો શરૂ થઈ ગયો હતો, પણ તે જોઇને શ્રીહરિએ સંકલ્પ કર્યો કે "જો અત્યારે વધારે વરસાદ વરસશે તો મારા સ્વરૂપમાં પ્રેમવાળા અને પ્રાણીઓ ઉપર દયા રાખનારા આ બધા સંતો ભીંજાઇ જશે અને તેમને ઠંડી લાગશે. માટે અત્યારે વરસાદ ન થાય તો સારું." હે રાજન્ ! સંતો જેને વહાલા છે આવા શ્રીહરિના સંકલ્પ માત્રથી જ વરસવો શરૂ થયેલો વરસાદ સત્વરે બંધ થઈ ગયો. ॥૧૭-૧૯॥

સર્વ સંતોને પણ ખબર પડી ગઈ કે "પોતાના આશ્રિતો ઉપર અત્યંત સ્નેહ

आत्मस्निग्धतरेणैवं सन्तस्ते मेनिरेऽखिलाः ॥२०॥
राजदुर्गं ततः सार्धं सद्भिस्तैराव्रजद्धरिः ।
भूयस्याऽथाऽभवद्वृष्टिः सर्वप्राणिसुखप्रदा ॥२१॥
इत्थं हरिर्दयाम्भोधिर्भक्तानानन्दयन्निजान् ।
आश्चर्यकृत्परं दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥२२॥
तस्या उभयतो नद्या राजन् ! क्षेत्राणि सन्ति ते ।
श्रीहरिर्न्यवसद्गुप्तं चतुरस्तत्र वासरान् ॥२३॥
तत्र वेणुं दधत्पाणौ तं निधायाधरे हरिः ।
तालस्वरादिभिः सार्धं वादयामास भूपते ! ॥२४॥
पीत्वाऽथ कर्णकंसाभ्यां वेणुगीतामृतं हि तत् ।
आयन् सहस्रशस्तूर्णं तत्र त्यक्तक्रिया मृगाः ॥२५॥
तं दृष्ट्वाऽथ हरिं साक्षात्कोटिकन्दर्पमोहनम् ।
अक्ष्णामत्यर्थविस्तारफलं ते लेभिरेऽखिलाः ॥२६॥

રાખનારા પીડાહારી શ્રીહરિએ આપણું વરસાદથી રક્ષણ કર્યું છે." ॥૨૦॥

પછી શ્રીહરિ સહુ સંતોની સાથે શ્રીદાદાખાચરના દરબારગઢમાં આવ્યા અને તે પછી સમગ્ર પ્રાણીઓને સુખ આપનારો ઘણો વરસાદ થયો. ॥૨૧॥

આ રીતે દયાસાગર શ્રીહરિએ પોતાના ભક્તોને સુખી કરીને પોતાનું વિસ્મય જનક શ્રેષ્ઠ દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૨૨॥

હે રાજન્ ! તે નાની વોકળીની બન્ને તરફ તમારા ખેતરો છે. ત્યાં શ્રીહરિ ચાર દિવસ પર્યન્ત ગુપ્ત પણે રહ્યા હતા. ॥૨૩॥

હે રાજન્ ! તે જગ્યાએ શ્રીહરિએ હાથમાં વાંસળી લીધી. હોઠ ઉપર મૂકીને તાલ અને સ્વર આદિના અનુસંધાન સાથે તે વાંસળી વગાડી હતી. ॥૨૪॥

તે વેણુ ગીતના અમૃતને કાનરૂપી કટોરાથી પીઈને અર્થાત્ વાંસળીના સ્વરને સાંભળીને હજારો હરણ બધી જ ક્રિયાઓ છોડી દઈને ત્યાં દોડી આવ્યા હતા. ॥૨૫॥

બધા હરણોએ કરોડો કામદેવને પણ મોહ પમાડે એવા સાક્ષાત્ શ્રીહરિના દર્શન કર્યા અને તેથી તેમને ઈશ્વરે આપેલી મોટી મોટી આંખો તે સમયે સફળ થઈ. ॥૨૬॥

तद्गीतसत्सुधापानं कृत्वा ते भूरिनिर्वृतिम् ।
प्राप्ता विस्मृत्य गात्राणि तस्थुश्चित्रार्पिता इव ॥२७॥
आकर्ण्य कर्णपीयूषं वेणुगीतं तदद्भुतम् ।
स्थावरा जङ्गमा जीवा लेभिरे निर्वृतिं पराम् ॥२८॥
त्यक्तस्वस्वक्रियाः सर्वे मग्नास्ते तत्सुखाम्बुधौ ।
तस्थुर्निश्चलसर्वाङ्गाः समाधौ योगिनो यथा ॥२९॥
तस्माद्वै दक्षिणाशायां प्राच्यां चात्यल्पसिन्धुतः ।
वर्तते यत्तु विस्तीर्णं दीर्घं रम्यं समं स्थलम् ॥३०॥
तस्मिन् स्थाने शुचौ रामनवम्यां सन्महोत्सवे ।
हरिर्जागरयाञ्चक्रे मुन्यादीन् स्वाश्रितव्रजान् ॥३१॥
तत्र चाऽत्युन्नतं स्थानं वर्तते यन्महीपते ! ।
तस्माद्वै दिशि वारुण्यां विद्यते चाम्लिकाद्रुमः ॥३२॥
तस्मिन् भूरिघनच्छाये स न्यषीदन् मुहुर्मुहुः ।

વેણુગીત રૂપ સર્વોત્તમ અમૃત પાન કરીને તે હરણ પુષ્કળ સુખી થયા. શરીરનું ભાન પણ ભૂલી ગયા અને ચિત્રમાં આલેખ્યા હોય તેવા સ્થિર થઈને ઊભા રહ્યા. ॥૨૭॥

કાનથી સાંભળવામાં અમૃત જેવા અનુભવાતાં વેણુવાદનને સાંભળીને સ્થાવર જંગમ બધા જ પ્રાણીઓ પરમ શાંતિ પામ્યા. ॥૨૮॥

તે બધા પ્રાણીઓએ પોતપોતાની બધી ક્રિયાઓ તજી દીધી. તે સુખના સાગરમાં ડૂબી ગયા. સમાધિમાં બેઠેલા યોગીઓની જેમ તેમના બધા જ અવયવ સ્થિર થઈ ગયા. ॥૨૯॥

તે નાની વોકળીથી દક્ષિણપૂર્વ દિશામાં વિશાળ અને લાંબું રમણીય સમતળ સ્થળ છે. ॥૩૦॥

તે સ્થાને શ્રીહરિએ રામનવમીના પવિત્ર સમૈયામાં પોતાના આશ્રિત સંતો વગેરે ભક્તગણો પાસે જાગરણ કરાવ્યું હતું. ॥૩૧॥

હે રાજન્ ! ત્યાં જે અતિ ઊંચું ટેકરા જેવું સ્થળ છે, તેથી આથમણું મોટું એક આંબલીનું ઝાડ છે. ॥૩૨॥

एकदाऽथ हरिस्तुङ्गे तस्मिन् स्थाने ह्युपाविशत् ॥३३॥
ततः स्वीयाश्रितान् राजन् ! सत्प्रमुख्यान् हरिर्मुदा ।
वक्षोमुख्येषु सोऽङ्गेषु प्रादादात्मपदाम्बुजे ॥३४॥
पूर्वाशायां ततः स्थानादभयाख्यस्य भूपतेः ।
शङ्करस्य शुभे लिङ्गे रम्ये चास्तां महीपते ! ॥३५॥
सत्सन्निधौ हि तद्वाप्यां श्रीहरिः समतिष्ठिपत् ।
सुरेशाख्यं च तत्त्वन्यदभयेशाभिधं नृप ! ॥३६॥
राजंस्तुङ्गात्ततः स्थानाद्दिश्युदीच्यां हि वर्तते ।
योग्यमेद्याभिधानस्य मार्गो ग्रामस्य सन्मते ! ॥३७॥
तत्सन्निधौ समे स्थाने स्वीयभक्तसभान्तरे ।
आसने कोमले रम्ये स न्यषीदद्विभुर्हरिः ॥३८॥
श्रितजननिकरैरथेक्ष्यमाणो निमिषविवर्जितलोचनैः स राजन् ! ।
हिमकिरण इवाऽऽवृतो भवृन्दैर्हरिररु चत् परमश्रियां पयोधिः ॥३९॥

ઘાટી છાયાવાળા તે ઝાડ નીચે શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થયા હતા. હે રાજન્ ! એક સમયે શ્રીહરિ તે ઊંચે સ્થળે વિરાજ્યા હતા ત્યારે સંતો વગેરે પોતાના આશ્રિતોને હેતથી પાસે બોલાવીને છાતી વગેરે અંગો ઉપર પોતાના ચરણારવિંદ ચાંપી આપ્યા હતા. ॥૩૩-૩૪॥

હે રાજન્ ! તે ટેકરાથી પૂર્વ દિશામાં દરબાર શ્રીએભલ ખાચરે પૂજવા માટે પધરાવેલા બે સુંદર અને શુભ શિવલિંગ હતા. ॥૩૫॥

તે બન્ને શિવલિંગને સંતોની હાજરીમાં રાધાવાવની પાસે પધરાવીને એકનું નામ ''સુરેશ્વર'' રાખ્યું અને બીજાનું નામ ''અભયેશ્વર'' રાખ્યું. ॥૩૬॥

હે સન્મતિ રાજન્ ! ઉપર જે ઊંચું ટેકરા જેવું સ્થળ કહ્યું તેથી ઉત્તર દિશામાં ઉગામેડી ગામનો માર્ગ છે. ॥૩૭॥

તેને નજીક સમતળ જગ્યાએ પોતાના ભક્તોની સભામાં બિછાવેલા રમણીય આસન ઉપર મહાસમર્થ શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૩૮॥

આંખનું મટકું પણ મારતા ન હોય આવા નિજ ભક્તો જ્યારે દર્શન કરી રહ્યા હતા ત્યારે પરમ શોભાના સાગર શ્રીહરિ ભક્તવૃંદોને મધ્યે તારા મંડળમાં ચંદ્રમા શોભે તેમ દીપી રહ્યા હતા. ॥૩૯॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचितेश्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिवेणुवादनादिनिरू पणं नामाऽष्टाविंशोऽध्यायः ॥२८॥

अथैकोनत्रिंशोऽध्यायः

योग्यमेद्याऽष्टतालागोरटक्षेत्राध्ववर्णनम् ।
ऊनत्रिंशेऽभिसंप्रोक्तं श्रीहरेर्योगसम्भृतम् ॥

श्रीचैतन्यानन्द उवाच

दिश्युदीच्यां हि तद्वाप्याः स न्यषीदत्तदन्तिके ।
अग्रभागे तथा तस्या रम्यस्थाने ह्युपाविशत् ॥१॥
अन्तर्वाप्याः किलाशायामुत्तरस्यां हि वर्तते ।
दिश्यवाच्यां तथा रम्यो गवाक्षो नितरां महान् ॥२॥
शिश्ये तयोः स पर्यङ्के कोमलैस्तूलिकादिभिः ।
युक्ते ताभ्यां दिशि प्राच्यां वर्तते भूतलं शुभम् ॥३॥
मृत्तिका वर्तते तस्य गोपीचन्दनसन्निभा ।
अस्पृशत्तां हरिर्दिव्यां पाणिपद्मद्वयेन सः ॥४॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૮ સમાપ્ત.

અધ્યાય-૨૯

ઉગામેડી, અડતાળા અને ગોરડકાના પ્રસાદીના માર્ગ તથા ખેતર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, રાધાવાવના ઉત્તર કાંઠાને નજીક તથા વાવની આગળના ભાગનાં રમણીય સ્થાનમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

વાવની અંદરના ભાગમાં એક ઉત્તર તરફ તથા બીજો દક્ષિણ તરફ અત્યંત સુંદર મોટો ગોખ છે.॥૨॥

તે ગોખમાં કોમળ ગાદી તકિયાથી બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિએ શયન કર્યું હતું. તે ગોખથી પૂર્વમાં શુભ ભૂતળ છે. ॥૩॥

તેની માટી ગોપી ચંદન જેવી છે. શ્રીહરિએ બન્ને કરકમળથી તે માટીનો સ્પર્શ કર્યો હતો. ॥૪॥

राजन् ! कृत्स्नाऽपि सा मृत्स्ना श्रीहरेरस्ति पाविनी ।
अङ्किता पादपद्माङ्कैरशेषाऽभद्रभेदिनी ॥५॥
तस्या वाप्या दिशि प्राच्यां दक्षिणस्यां तथाऽस्ति यत् ।
प्रतीच्यां चास्ति यत् क्षेत्रं दृढावृत्यान्वितं महत् ॥६॥
तद्भूमावेव सर्वस्यां दक्षिणस्यां दिशि प्रभुः ।
अल्पनद्यवधि श्रीमान् भूपते ! व्यचरद्धरिः ॥७॥
तत्र वाहं समारू ढो वेष्टितः सादिभिर्हरिः ।
नानारम्यगतिं स्वाश्वं भूयो भूयो ह्यखेलयत् ॥८॥
तस्मात्सूच्यग्रमात्रापि तत्र भूमिर्महीपते !
वर्जिता हरियोगेन वर्तते नेति गम्यताम् ॥९॥
अष्टतालाभिधग्रामसीमायामेव भूपते ! ।
स्यन्दमाना दिशि प्राच्यां वर्ततेऽल्पा तरङ्गिणी ॥१०॥
तत्तीरादुत्तराशायां दक्षिणस्यां तथा दिशि ।
श्रीहरिश्चारयाञ्चक्रे वाजिराजमृजुं निजम् ॥११॥

હે રાજન્ ! તે બધી જ માટી શ્રીહરિના ચરણ કમળથી પ્રસાદીની થઇ છે. માટે તે અત્યંત પાવન કરનારી અને અમંગળને ટાળનારી છે. ॥૫॥

રાધાવાવથી પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમમાં ઘાટી વાડવાળું જે મોટું ખેતર છે. ॥૬॥

હે રાજન્ ! રાધાવાવથી આરંભીને દક્ષિણમાં નાની વોકળી સુધી બધી જ ભૂમિમાં મહાપ્રભુ શ્રીહરિ વિચર્યા હતા. ॥૭॥

ત્યાં ઘોડેસવારોની વચ્ચે સ્વયં ઘોડે સવાર થઇને શ્રીહરિએ પોતાના ઘોડાને અનેક પ્રકારની સુંદર ચાલ ચલાવીને વારંવાર ખેલાવ્યો હતો. ॥૮॥

તેથી હે રાજન્ ! સોયની અણી રહે તેટલી જમીન પણ શ્રીહરિના સંબંધ વિનાની રહી નથી. માટે બધી જ ભૂમિ પ્રસાદીની છે એમ જાણવું. ॥૯॥

હે રાજન્ ! અડતાળા ગામની સીમમાં પૂર્વ તરફ વહેતી નાની વોકળી છે. ॥૧૦॥

તેના બન્ને ઉત્તર દક્ષિણના કાંઠા ઉપર શ્રીહરિ પોતાના સરળ સ્વભાવના

तस्याश्चैवोत्तराशायां तीरे भोज्यान्यभुक्त सः ।
तत्राऽकार्षीत्तथोदारं चरित्रं मङ्गलं परम् ॥१२॥
तुङ्गं दीर्घं च यत्स्थानं मालयाख्यं तु विद्यते ।
दिश्युदीच्यां ततः स्थानात्स न्यषीदद्वरस्थले ॥१३॥
स तत्राऽभुक्त भोज्यानि ततः पद्गास्तदाज्ञया ।
चारयाञ्चक्रिरे वाहान् सदा तत्सेवनोद्यताः ॥१४॥
योग्यमेद्याभिधानस्य मार्गे ग्रामस्य भूपतेः ।
भागभूमेस्तु सीमाया दिशि प्राच्यां हि वर्त्मनः ॥१५॥
दिश्युदीच्यां वरे स्थाने वापिकाखननं हरिः ।
अगात्कारयितुं वाञ्छन् द्रष्टुं तत्स्वाश्रितैर्वृतः ॥१६॥
स तत्रोपाविशत्तस्माद्दिशि क्षेत्रं प्रचेतसः ।
अस्ति यत्तत्र वै राजन्निम्बवृक्षो हि वर्तते ॥१७॥
स तत्राऽभुक्त भोज्यानि तस्मिन्क्षेत्रेऽखिले हरिः ।

અશ્વને ચરાવતા હતા. ॥૧૧॥

અને તે વોકળીને ઉત્તર તરફને કિનારે ભોજન જમ્યા હતા. અને ત્યાં પરમ મંગળમય ઉદાર ચરિત્ર પણ કર્યું હતું. ॥૧૨॥

તેથી ઉત્તર દિશામાં લાંબું અને ઊંચું સ્થાન છે જેને 'માળ' કહેવાય છે. તે ઉત્તમ સ્થાન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૧૩॥

શ્રીહરિએ ત્યાં ભોજન કર્યું હતું અને પછી નિરંતર સેવામાં તત્પર રહેનારા પાર્ષદોએ શ્રીહરિની આજ્ઞાથી ઘોડા ચરાવ્યા હતા. ॥૧૪॥

શ્રીદાદાખાચરનું ગામ ઉગામેડી હતું. તેના રસ્તામાં જે ભાગમાં જમીન મળી હતી તેના સીમાડાથી પૂર્વ દિશામાં અને રસ્તાથી ઉત્તર દિશામાં શ્રીહરિએ એક સારા સ્થળે વાવ ખોદાવવાનો વિચાર કર્યો અને કેટલાક લોકોને સાથે લઈને સ્થળ નક્કી કરવા ગયા. ॥૧૫-૧૬॥

હે રાજન્ ! તેઓ ત્યાં થોડી વાર વિરાજમાન થયા. તેથી પશ્ચિમ દિશામાં જે ખેતર છે ત્યાં એક મોટું લીમડાનું ઝાડ છે. ॥૧૭॥

શ્રીહરિએ તે સ્થળે ભોજન કર્યું. તે આખા ખેતરમાં પરમેશ્વર શ્રીહરિ હજાર

सहस्त्रकृत्व एवेशो न्यषीदद् व्यचरत्तथा ॥१८॥
योग्यमेद्याभिधानस्य मार्गाद् ग्रामस्य भूपते ! ।
वर्तते दक्षिणाशायां शमीवृक्षो महत्तरः ॥१९॥
स तत्रोपाविशद्राजन् ! स्वीयैर्भक्तैर्वृतो हरिः ।
चकोरैरिव रात्रीशो वीक्षितस्तैः स्थिरेक्षणैः ॥२०॥
अष्टतालाभिधग्रामसीमायां यन्महीपते ! ।
पावनोन्मत्तगङ्गायास्तीरं रम्यं हि वर्तते ॥२१॥
तत्र स्वानुरताः पद्गा राजंस्तस्याज्ञया हरेः ।
तत्प्रीणनोद्यताः शूराश्चक्रुर्युद्धं महन्मिथः ॥२२॥
राजन्नुन्मत्तगङ्गाया योगवत्या हरेश्चिरम् ।
भूयो भूयो स रोधस्सु सर्वेषु व्यचरन्मुहुः ॥२३॥
योग्यमेद्याभिधानस्य मार्गे ग्रामस्य भूपते ! ।
स न्यषीदद्धि सर्वेषु स्थानेषु व्यचरत्तथा ॥२४॥

વાર બેઠા-ઊઠ્યા અને હર્યા-ફર્યા હશે. ॥૧૮॥

હે રાજન્ ! ઉગામેડી ગામના માર્ગથી દક્ષિણ દિશામાં એક મોટું ખીજડાનું ઝાડ છે. ॥૧૯॥

શ્રીહરિ ત્યાં ભક્તજનો વચ્ચે વિરાજમાન થયા ત્યારે ચકોર પક્ષી જેમ ચંદ્રમાને જુએ તેમ તે બધા ભક્તજનો સ્થિર આંખોથી શ્રીહરિ સામે જોઈ રહ્યા હતા. ॥૨૦॥

હે રાજન્ ! અડતાળા ગામની સીમમાં પવિત્ર ઉન્મત્તગંગાનો કિનારો સુંદર રહ્યો છે. ॥૨૧॥

હે રાજન્ ! પાર્ષદો શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમવાળા હતા, શૂર હતા અને તેમને રાજી કરવામાં તત્પર રહેતા હતા. તેમણે ત્યાં શ્રીહરિની આજ્ઞાથી પૂર્વાભ્યાસના રૂપમાં પરસ્પર યુદ્ધ કર્યું હતું. ॥૨૨॥

હે રાજન્! લાંબા સમયથી શ્રીહરિના સંબંધને પામેલી ઉન્મત્તગંગાના બધા જ કિનારાઓમાં તેઓ ફરી ફરીને વારંવાર વિચર્યા હતા. ॥૨૩॥

હે ભૂપતે ! ઉગામેડી ગામના રસ્તાના બધા જ સ્થાનોમાં શ્રીહરિ વિરાજ્યા હતા. અને વિચર્યા હતા. ॥૨૪॥

योग्यमेद्याभिधानस्य सुग्रामस्य महीपते ! ।
अस्ति चोन्मत्तगङ्गाया अन्तरे या वसुन्धरा ॥२५॥
समग्रायां हरिस्तस्यां भूपते ! व्यचरन्मुहुः ।
साऽणुमात्राप्यतो भूमिर्नास्ति तद्योगवर्जिता ॥२६॥
योग्यमेद्याभिधानस्य राजन् ! ग्रामस्य वर्त्मनः ।
याऽस्ति गोरटकग्राममार्गस्य क्ष्मा तथाऽन्तरे ॥२७॥
सर्वस्यां श्रीहरिस्तस्यां गोत्रायां व्यचरद्विभुः ।
तस्मात्सा धरणी धन्या वर्तते पुण्यदर्शना ॥२८॥
अस्ति गोरटकाख्यस्य मार्गाद् ग्रामस्य भूपते ! ।
प्रतीच्यां दिशि तद्ग्रामभूमिः शून्या हि वर्तते ॥२९॥
तत्र तुङ्गे हरिः स्थाने स न्यषीदन्महीपते ! ।
तथा दाद्यपुरग्रामसरस्तीरे ह्युपाविशत् ॥३०॥
आदद्वर्जरिकाधान्यमार्द्रं चाऽथ स भर्जितम् ।
तथा प्राश्नात्सुरम्याणि चिर्भटानि महीपते ! ॥३१॥
तस्य तीरे तडागस्य चारु पाषाणनिर्मितः ।

હે રાજન્ ! ઉગામેડી ગામ અને ઉન્મત્ત ગંગા નદી, આ બેની વચ્ચેની જે જમીન છે. તે બધી જ જમીન ઉપર મહાપ્રભુ શ્રીહરિ વારંવાર વિચર્યા હતા. તે અણુ જેટલી જમીન પણ શ્રીહરિના યોગ વિનાની બાકી રહી નથી. ॥૨૫-૨૬॥

ગઢપુરથી ઉગામેડીનો માર્ગ અને ગઢપુરથી ગોરડકાનો જે માર્ગ, તે બે વચ્ચેની જે ભૂમિ છે મહાસમર્થ પ્રભુ શ્રીહરિ તે બધી જ ભૂમિ ઉપર વિચર્યા હતા, માટે પવિત્ર દર્શન વાળી તે ભૂમિને ધન્ય છે. ॥૨૭-૨૮॥

હે રાજન્ ! ગોરડકા ગામના માર્ગથી પશ્ચિમ દિશામાં ગામ તળની જે ખાલી જમીન પડી છે. ત્યાં ઊંચા સ્થાન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. તથા દુદાપર ગામના તળાવને કાંઠે પણ વિરાજમાન થયા હતા. ॥૨૯-૩૦॥

હે રાજન્ ! ત્યાં બાજરાના લીલા ડૂંડા શેકીને તૈયાર કરેલો પોંક જમ્યા હતા તથા સુંદર ચીભડા પણ જમ્યા હતા. ॥૩૧॥

હે રાજન્ ! તે તળાવને કિનારે સુંદર પથ્થરમાંથી બનાવેલો એક ઊંચો

उन्नतः पुरु षो रम्यः स्थापितोऽस्ति महीपते ! ॥३२॥
आरु ह्य तं सतां प्रेयान् बुट्टादाख्यपुराद्धरिः ।
आगच्छतः सतः प्रेष्ठान् मार्गे स प्रैक्षताऽच्युतः ॥३३॥
तद्ग्रामसन्निधिस्थाया हरिर्वाप्याः किलान्तिके ।
न्यषीदच्चोन्नते स्थाने स्वाश्रितैरावृतो जनैः ॥३४॥
योग्यमेद्याभिधानस्य ग्रामस्याऽध्वाऽस्ति यो नृप! ।
तथा गोरटकग्राममार्गो योऽस्ति महामते ! ॥३५॥
अस्त्यध्वनोस्तयोर्मध्ये ललितायाः सुविस्तृतम् ।
क्षेत्रं पिप्पलवाट्येवं नाम्ना ख्यातं सकूपकम् ॥३६॥
तत्राऽवात्सीद्धरिर्गुप्तं स्वतन्त्रो भूरिवासरान् ।
तथा तत्र महाकूपे स्नानं चक्रे मुहुर्मुहुः ॥३७॥
तस्यान्तिकेऽस्ति यो मार्गः कोशाकर्षणकारिणाम् ।
गवां तत्राऽकरोत्स्नानं श्रीहरिर्भक्तशर्मदः ॥३८॥
विक्रमार्कशकस्याब्दे ह्यङ्कषड्वसुभूमिते ।
वृष्ट्यभावेऽभवत्क्षीणं तत्कूपस्याऽखिलं जलम् ॥३९॥

રમણીય પાળિયો સ્થાપેલો છે. ॥૩૨॥

અવિકારી પરમાત્મા શ્રીહરિએ પોતાના પ્યારા સંતો બોટાદથી આવવાના હતા તેને તે પાળિયા ઉપર ચઢીને દેખ્યા હતા. ॥૩૩॥

તે દુદાપર ગામને નજીક એક વાવ છે. ત્યાં પોતાના ભક્તોની વચ્ચે શ્રીહરિ ઊંચા સ્થાન ઉપર વિરાજમાન થયા હતા. ॥૩૪॥

હે મહામતે ! ઉગામેડી અને ગોરડકા ગામના બન્ને માર્ગ વચ્ચે લાડુબાનું ''પીપળાવાડી'' નામે પ્રસિદ્ધ કૂવાવાળું વિશાળ ખેતર છે. ॥૩૫-૩૬॥

સ્વતન્ત્ર સ્વભાવના શ્રીહરિ ત્યાં ઘણા દિવસ છુપાઈને રહ્યા હતા અને ત્યાંના મોટા કૂવામાં ઘણીવાર સ્નાન કર્યું હતું. ॥૩૭॥

કૂવા પાસે કોશ ખેંચવા ચાલતા બળદનું જે પયું છે ત્યાં પણ ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૮॥

વિક્રમ સંવત્ ૧૮૬૯ ના વર્ષમાં વરસાદ ન વરસ્યો, તેથી કૂવાનું બધું

तत्राऽथाऽम्बु भृशं कर्तुं वाञ्छन् सत्यव्रतो हरिः ।
सोऽचीखनद्धि पाषाणं सच्चिदानन्दयोगिना ॥४०॥
ततस्तस्मिन्नभूत्कूपे भूयिष्ठं भूपते ! जलम् ।
योगिराजमथ प्रीतं सम्प्राहैवं हरिर्वचः ॥४१॥
ब्रह्मन् ! हरेः कृपासाध्या क्रियासाध्या च वर्तते ।
स्वाभीष्टार्थस्य संसिद्धिर्द्विधैवं कीर्तिता बुधैः ॥४२॥
तत्रैषा मत्कृपासाध्या कार्यसिद्धिर्महामुने ! ।
जाताऽन्यथा कथं नु स्यात्कूपेऽत्राऽवग्रहे जलम् ॥४३॥
योगिराडथ तं वाचं प्राहेत्थं दययैव ते ।
एतत्सुदुष्करं कार्यं जातं स्वामिन्न संशयः ॥४४॥
तस्मात्त्वत्कृपया कार्यं यत्स्यात्तूर्णं महाफलम् ।
नान्यैस्तत्साधनैर्नूनं भूरिशोऽपि भवेद्धरे ! ॥४५॥
श्रीचैतन्यानन्द उवाच

પાણી ઓછું થઈ ગયું. ॥૩૯॥

પછી તે કૂવામાં ''પાણી ઘણું થાય'' આવો સંકલ્પ કરીને સત્યવ્રત શ્રીહરિએ યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામી પાસે એક પથ્થર ખોદાવ્યો. ॥૪૦॥

હે ભૂપતે ! પછી તે કૂવામાં પુષ્કળ પાણી થયું. પછી રાજી થયેલા યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીને શ્રીહરિએ આવું વચન કહ્યું કે ''હે બ્રહ્મન્ ! મનુષ્યના મન ચાહ્યા પુરુષાર્થમાં સફળતા તો પરમેશ્વરની કૃપાથી મળે અથવા ક્રિયા-મહેનત કરવાથી મળે છે, આવું વિદ્વાનોએ કહ્યું છે.'' હે મહામુને ! તેમાં આ કૂવામાં પાણી આવ્યું, તે કાર્યની સફળતા તો મારી કૃપાથી થઈ છે, નહિ તો આવા દુષ્કાળમાં પાણી ક્યાંથી થાય !!! ॥૪૧-૪૩॥

પછી તે યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, હે સ્વામિન્ ! આપની અપાર કૃપાથી જ આ દુષ્કર કાર્ય થયું છે. એમાં કોઈ સંદેહ નથી. ॥૪૪॥

હે હરે ! આપની કૃપાથી જે કાર્ય તત્કાળ મહાન ફળ આપનારું થાય છે, તે કાર્ય બીજા ઘણા સાધન કરવાથી પણ થતું જ નથી. ॥૪૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! દયાળુ શ્રીહરિએ શ્રીસચ્ચિદાનંદ

इति मुनिवचनं सुधायमानं मनुजपते ! स हरिर्निशम्य रम्यम् ।
तमतिशयमुदं ततो मुनीन्द्रं विमलहृदं परिरब्धवान् दयालुः ॥४६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचङ्क्रमणनिकेतनादिनिरू पणं नामोनत्रिंशोऽध्यायः ॥२९॥

अथ त्रिंशोऽध्यायः

स्थानेऽतिविस्तृते रम्यं मण्डपं सोऽकरोद्धरिः ।
तदादितीर्थक्षेत्राणां त्रिंशे संवर्णनं कृतम् ॥

श्रीचैतन्यानन्द उवाच
तत्कूपस्याऽन्तिके योऽध्वा कोषाकर्षगवां नृप! ।
अस्ति तस्माद्दिशि प्राच्यां सन्निधौ भवति स्थलम् ॥१॥
स तत्राऽऽत्मीयवासार्थं मनोज्ञं मण्डपं हरिः ।
आवृत्तं वसनै रम्यैः सर्वतः समचीकरत् ॥२॥
ततस्तत्रासनं राजन् ! पाषाणाद्यैरकारयत् ।

સ્વામીનું અમૃત જેવું સુંદર વચન સાંભળ્યું. પછી ખૂબ જ ખુશ થયેલા નિર્મળ હૃદયના તે મુનિવર્યને બાથમાં લઈને મળ્યા. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૨૯ સમાપ્ત.

અધ્યાય - ૩૦

પીપળાવાડી અને આસપાસનો પ્રદેશ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ! તે પીપળાવાડીના કૂવાના પયાથી પૂર્વ દિશા તરફ અડતું જ જે સ્થળ છે. ॥૧॥

તે સ્થળે શ્રીહરિએ પોતાને રહેવા માટે સારો મંડપ કરાવ્યો. ઉપર અને પડખામાં સારા વસ્ત્રથી તેને મઢી દીધો. ॥૨॥

હે રાજન્ ! પછી ત્યાં પથ્થર વગેરેથી બેસવા માટે સારું આસન કરાવ્યું.

स तत्राऽथाऽवसत्प्रीत्या विविक्तावाससद्रुचिः ॥३॥
सर्वदा स दिनेऽवात्सीद्राजदुर्गे हरिर्विभुः ।
यामवत्यां तथा धार्मिस्तत्रोवास महीपते ! ॥४॥
तदाऽऽयाद्भवितुं साधुर्यस्त्यक्त्वा स्वं गृहं जनः ।
प्राहेत्थं तं हरिः प्रीत्या तीव्रनिर्वेदशालिनम् ॥५॥
प्राप्तुं ते सिद्धतां वाञ्छा स्याच्चेत् कार्यं तदा त्विदम् ।
लाङ्गलेन त्वया कार्यं ललिताक्षेत्रकर्षणम् ॥६॥
ततः कुर्वन् स तत्प्रीत्या प्राप्तवांस्तत्प्रतापतः ।
समाधिं दुर्लभं राजन् ! साधनाभ्यासमन्तरा ॥७॥
एवं तत्कृपयैवासन् भूरिशस्त्यागिनस्तदा ।
समाधिं लेभिरे तूर्णं क्लेशसाध्यं हि योगिभिः ॥८॥
एकदा मुनयो राजन्नस्मिन् दुर्गपुरे वरे ।
आयन् देशान्तरेभ्यस्तं द्रष्टुकामा हरिं प्रियम् ॥९॥

એકાંતમાં રહેવાની શુભ રુચિવાળા શ્રીહરિ તે મંડપમાં પ્રેમથી રહ્યા હતા. ॥૩॥

હે રાજન્ ! મહાસમર્થ ધર્મપુત્ર શ્રીહરિ આખો દિવસ દરબારગઢમાં રહેતા. અને રાતે મંડપમાં રહેતા હતા. ॥૪॥

તે વખતે જે કોઇ ભક્તજન પોતાનું ઘર છોડીને સાધુ થવા માટે શ્રીહરિની પાસે આવતા તે તીવ્ર વૈરાગ્યવાળા ભક્તને શ્રીહરિ પ્રેમથી આમ કહેતા કે તમારે જો સિદ્ધદશા પામવાની ઇચ્છા હોય તો હળ લઇને આ લાડુબાના ખેતરમાં ખેતી કરો. ॥૫-૬॥

હે રાજન્ ! પછી તે ભક્તજન પ્રેમથી ખેતી કરતા અને ત્યારે તેને અષ્ટાંગ યોગના સાધન કર્યા વિના જ શ્રીહરિના પ્રતાપથી અતિ દુર્લભ સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થતી હતી. ॥૭॥

આ રીતે હળ હાંકીને યોગીઓએ પણ કષ્ટસાધ્ય ગણાતી આવી સમાધિને તે સમયે શ્રીહરિની કૃપાથી ઘણા સંતો તત્કાળ પામ્યા હતા. ॥૮॥

હે રાજન્ ! એક સમયે દેશાંતરમાં રહેલા સંતો પોતાના પરમ પ્રિય શ્રીહરિના દર્શન કરવાની ઇચ્છાથી આ શ્રેષ્ઠ ગઢપુરમાં આવ્યા. ॥૯॥

ततस्तान् वन्दमानान् स्वं स सम्भाव्य यथोचितम् ।
समन्ताल्ललिताक्षेत्रं तत्प्रान्तेषु न्यवासयत् ॥१०॥
सतां पञ्चशतं तेषां सप्तमासान् हि तत्र सः ।
सादरं वासयाञ्चक्रे ब्रह्मरूपमुनिप्रियः ॥११॥
पितामहस्य ते राजन्नभयाख्यस्य भूभुजः ।
शृण्वतोऽथ सतो वार्ताश्चक्रे धर्मादिबोधिनीः ॥१२॥
तत्र योगं स साष्टाङ्गं स्वातिस्निग्धान् सतो हरिः ।
शिक्षयामास सर्वज्ञः सर्वयोगकलानिधिः ॥१३॥
तस्मिन् क्षेत्रेऽतिविस्तीर्णे तिलमात्राऽपि भूमिका ।
सम्बन्धेन हरेः साक्षाद्वर्तते नैव वर्जिता ॥१४॥
तत्र यत्र स्थले राजन् ! साम्प्रतं पुष्पवाटिका ।
कारितास्ति त्वया गेहं तत्र वृत्तं च कारितम् ॥१५॥
स तत्रोपाविशद्राजन् ! पुण्यं चङ्क्रमणं तथा ।

પછી પોતાને વંદન કરનારા તે સંતોની યથાયોગ્ય સંભાવના કરીને શ્રીહરિએ તેમને આ લાડુબાની પીપળા વાડીમાં ચારે બાજુ અને તેની નજીકની જમીનમાં પણ નિવાસ આપીને રાખ્યા. ॥૧૦॥

શ્રીહરિને બ્રહ્મસ્વરૂપ સંતો ઘણા વહાલા છે, આથી તેમણે પીપળાવાડીમાં સાતમાસ પર્યંત પાંચ સો સંતોને આદર ભાવથી રાખ્યા. ॥૧૧॥

હે રાજન્ ! તે દિવસોમાં તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચર સભામાં આવીને સાંભળતા અને શ્રીહરિ સંતોની આગળ ધર્મ,જ્ઞાન, ભક્તિ આદિના સ્વરૂપ સંબંધી વાતો કહેતા હતા. ॥૧૨॥

શ્રીહરિ સર્વજ્ઞ છે, સર્વ યોગકલાના નિધિ છે. તેથી પોતાના સ્વરૂપમાં અત્યંત સ્નેહવાળા તે બધા સંતોને અષ્ટાંગ યોગ શીખવતા હતા. ॥૧૩॥

પીપળાવાડીના અત્યંત વિશાળ ખેતરમાં શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ ન થયો હોય, એવી તલ જેટલી જમીન પણ બાકી રહી નથી. ॥૧૪॥

હે રાજન્ ! હાલમાં તમે જ્યાં ફૂલવાડી કરી છે અને ત્યાં કબજાબંધ ઘર પણ કર્યું છે, ત્યાં બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિ વિરાજ્યા છે, હર્યા ફર્યા છે, સૂતા

योगनिद्रां तथाऽकार्षीन्निवासं चेश्वरेश्वरः ॥१६॥
तत्क्षेत्रे कूपसामीप्ये योऽभवत्पिप्पलद्रुमः ।
सोऽस्नादारु ह्य तं कूपे पतंश्चाऽस्नुस्तथा निजाः ॥१७॥
तत्क्षेत्रस्याऽन्तरे राजंश्चिह्नं यद्यत्र वर्तते ।
तत्र सोऽशिक्षयद्योगं सच्चिदानन्दयोगिनम् ॥१८॥
तस्मिन् क्षेत्रेऽतिदिव्यानि पापहारीणि शृण्वताम् ।
चरित्राणि विचित्राणि मङ्गलानि व्यधाद्धरिः ॥१९॥
तत्क्षेत्राद्दक्षिणाशायामेकदोच्चैः सुमञ्चके ।
स प्रीत्योपाविशद्राजन् ! प्रेक्षितः स्वाश्रितव्रजैः ॥२०॥
स्वभक्तेभ्योऽथ दिव्यानि निजैश्वर्याण्यदर्शयत् ।
तद्धरेर्भूरिसम्बन्धं वर्ततेऽक्षरसौधवत् ॥२१॥
तस्मात्क्षेत्राद्दिशि प्राच्यां चिह्नमस्त्येव तत्र सः ।
समाधिं कारयाञ्चक्रे सिद्धानन्दं सदुत्तमम् ॥२२॥

છે અને નિવાસ કરીને રહ્યા પણ છે. ॥૧૫-૧૬॥

તે વાડીમાં કૂવાને કાંઠે જે પીપળો હતો તેના ઉપર ચઢીને શ્રીહરિ કૂવામાં કૂદી પડતા અને સ્નાન કરતા હતા. બીજા ભક્તો પણ કૂવામાં સ્નાન કરતા હતા. ॥૧૭॥

આ વાડીના ખેતરની વચ્ચે જ્યાં સ્મૃતિચિહ્ન કર્યું છે ત્યાં યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને શ્રીહરિ અષ્ટાંગ યોગ શીખવતા હતા. ॥૧૮॥

તે ખેતરમાં શ્રીહરિ અત્યંત દિવ્ય, સાંભળનારાના પાપ હરનારા અને મંગળમય અનેક પ્રકારના આવા ચરિત્ર કરતા હતા. ॥૧૯॥

હે રાજન્ ! એક દિવસ તે ખેતરથી દક્ષિણ દિશામાં ઊંચા મંચ ઉપર શ્રીહરિ પ્રસન્ન રૂપમાં વિરાજમાન હતા અને સંત હરિભક્તો દર્શન કરતા હતા. ॥૨૦॥

ત્યારે તેમણે પોતાના ભક્તોને દિવ્ય ઐશ્વર્ય બતાવ્યા હતા. આથી તે ખેતર અક્ષરભવન (અક્ષર ઓરડી) ની જેમ ખૂબ જ શ્રીહરિના સંબંધમાં આવ્યું છે. ॥૨૧॥

પીપળાવાળી વાડીના ખેતરથી પૂર્વ દિશામાં જે એક સ્મૃતિ ચિહ્ન (નિશાન) કરી રાખ્યું છે. ત્યાં સદ્ગુરુવર્ય શ્રીસિદ્ધાનંદ સ્વામીને શ્રીહરિએ સમાધિ કરાવી હતી. ॥૨૨॥

तत्क्षेत्राद्दक्षिणाशायां यत्क्षेत्रं चास्ति कूपयुक् ।
तत्र कश्चित् किलाऽऽगच्छत्तं द्रष्टुं चाधिकारवान् ॥२३॥
मीरसंज्ञोऽथ स प्रीत्या प्राणमत्तं महामतिः ।
अल्लारू पेण च स्वेक्षां तस्मै प्रादाद्धरिर्विभुः ॥२४॥
तत्क्षेत्रस्य महाकूपादधो योऽस्ति शमीद्रुमः ।
स तत्रोपाविशद्राजन् ! धर्मजन्मा स्वयं हरिः ॥२५॥
योग्यमेद्याभिधानस्य मार्गाद् ग्रामस्य भूपते ! ।
दिश्युदीच्यां हरिः स्थाने महासंसद्युपाविशत् ॥२६॥
तत्राऽथ श्रीहरिर्धीमिर्मल्लक्रीडामचीकरत् ।
ते ततस्तं मुदा नेमुस्तेभ्योऽदात्पारितोषिकम् ॥२७॥
तद्ग्रामस्याऽध्वनो राजन् ! दिश्युदीच्यां हि कूपयुक् ।
अस्ति काह्नजितः क्षेत्रं शुभं राजगुरोर्महत् ॥२८॥
तस्माद्वै दक्षिणाशायां होलाधाराख्यमुत्तमम् ।
उन्नतं वर्तते स्थानं स तत्राऽगात् क्वचिद्धरिः ॥२९॥

તે ખેતરથી દક્ષિણ દિશામાં જે કૂવાવાળું એક ખેતર છે ત્યાં કોઈ ગાયકવાડ સરકારના એક અધિકારી શ્રીહરિના દર્શન કરવા આવ્યા હતા. ॥૨૩॥

મહાબુદ્ધિશાળી તે અધિકારીનું નામ મીર સાહેબ હતું. તેણે પ્રેમથી શ્રીહરિને પ્રણામ કર્યા. મહાસમર્થ શ્રીહરિએ તેને ખુદારૂપે દર્શન આપ્યા હતા. ॥૨૪॥

તે ખેતરના મોટા કૂવાથી નીચેના ભાગમાં જે ખીજડાનું ઝાડ છે. ધર્મપુત્ર સ્વયં શ્રીહરિ તેની નીચે વિરાજમાન થયા હતા. ॥૨૫॥

હે ભૂપતે ! ગઢપુરથી જે ઉગામેડી ગામનો રસ્તો છે, તેથી ઉત્તર દિશામાં સારી જગ્યાએ એક વખત મોટી સભા ભરાઈ. તેમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૬॥

ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ ત્યાં મલ્લ રમાડ્યા હતા. રમ્યા પછી મલ્લ આવીને પ્રેમથી પગે લાગ્યા. શ્રીહરિએ તે મલ્લોને પુરસ્કાર આપ્યો. ॥૨૭॥

હે રાજન્ ! ઉગામેડીના માર્ગથી ઉત્તરમાં કાનજી નામે રાજગરનું એક મોટું સારું ખેતર છે. ॥૨૮॥

તેથી દક્ષિણ તરફ 'હોળીધાર' નામે ઊંચું સારું સ્થાન છે. શ્રીહરિ કોઈ એક વખત ત્યાં પધાર્યા હતા. ॥૨૯॥

रात्रौ ततोऽकरोद्रक्षां हरिर्नागार्जुनस्य सः ।
भवत्ताते़ऽथ भूपाले प्रीतोऽभूत्स्वप्रिये भृशम् ॥३०॥
गायकानां ततः शिक्षां पार्षदानां तथा हरिः ।
व्यधाच्चात्मपदाम्भोजे तद्वक्षस्स्वादधन्मुदा ॥३१॥
योऽस्ति मेघवटाख्यस्य मार्गो ग्रामस्य भूपते ! ।
सारङ्गपुरसंज्ञस्य मार्गो ग्रामस्य चास्ति यः ॥३२॥
राजमार्गस्तयोर्मध्ये क्षेत्राणां यस्तु वर्तते ।
क्षेत्रं तस्माद्दिशि प्राच्यां सोमादेव्या हि विद्यते ॥३३॥
तां प्रसादयितुं तस्मिन् क्षेत्रे भोज्यान्यभुक्त सः ।
भोज्यान्यभोजयत् प्रीत्या पार्षदान् स्वान् हरिर्विभुः ॥३४॥
सारङ्गपुरसंज्ञस्य राजन् ! ग्रामस्य वर्त्मनः ।
पूर्वस्यां दिशि यत्क्षेत्रं वर्तते विस्तृतं महत् ॥३५॥
तत्क्षेत्रमेकदाऽऽगच्छद्वाहारू ढः सपार्षदः ।
खेलयंस्तं हरिः प्रीत्या प्रेक्ष्यमाणो जनव्रजैः ॥३६॥

પછી શ્રીહરિએ રાતે નગાજણ (નાગાર્જુન) બારોટની રક્ષા કરી હતી. પછી આપના પિતાશ્રી અને પોતાના અત્યંત સ્નેહપાત્ર દરબાર શ્રીદાદાખાચર ઉપર ખૂબ જ પ્રસન્ન થયા હતા. ॥૩૦॥

ગાયકોને અને પાર્ષદોને સદુપદેશ કર્યો હતો અને તેમના ઉપર પ્રસન્ન થઈને છાતીમાં પોતાના ચરણારવિંદ આપ્યા હતા. ॥૩૧॥

હે રાજન્ ! મેઘવડિયા ગામનો જે માર્ગ છે. તથા સાળંગપુર ગામનો જે માર્ગ છે, તે બેની વચ્ચે એક ત્રીજો રાજમાર્ગ ખેતરોમાં જવાનો છે. તે માર્ગથી પૂર્વમાં સોમા દેવીનું ખેતર છે. ॥૩૨-૩૩॥

મહાસમર્થ શ્રીહરિ સોમાદેવીને રાજી કરવા માટે તે ખેતરમાં સ્વયં ભોજન જમ્યા હતા અને પોતાના પાર્ષદોને પણ પ્રેમથી ત્યાં ભોજન જમાડ્યા હતા. ॥૩૪॥

હે રાજન્ ! સાળંગપુર ગામના માર્ગથી પૂર્વમાં જે એક વિશાળ મોટું ખેતર છે, ત્યાં શ્રીહરિ ઘોડે સવાર થઈ પાર્ષદોને સાથે લઈને એક વખત પધાર્યા હતા. શ્રીહરિએ પ્રેમથી ઘોડો ખેલાવ્યો અને લોકો દર્શન કરતા હતા. ॥૩૫-૩૬॥

श्रीहरिर्लवकाख्यस्य कूपस्याऽथाऽन्तिकेऽस्ति यत् ।
उन्नतं रु चिरं स्थानं तत्र राजन्नुपाविशत् ॥३७॥
तत्स प्रादात्ततः क्षेत्रं पाञ्चाल्यै श्रीहरिर्मुदा ।
दत्तं त्वयाद्य तत्क्षेत्रं गोपीनाथाय भूपते ! ॥३८॥
तस्मात्क्षेत्राद्दिशि प्राच्यां ललिताक्षेत्रमस्ति यत् ।
योऽस्ति तत्र शमीवृक्षस्तत्र भोज्यान्यभुक्त सः ॥३९॥
तत्र स्वान् श्रीहरिर्दिव्यं नितान्ताश्चर्यकारणम् ।
अदीदृशन्निजैश्वर्यं पावनं भक्तशर्मणे ॥४०॥
एकदा श्रीहरिर्वाहं सार्धमारु ह्य सादिभिः ।
पद्गैर्वर्षासु चैवाऽऽयात्सोनलाख्यां तरङ्गिणीम् ॥४१॥
तस्यास्तीरेऽवसत् सार्धं हरिस्तैः स्वानुवृत्तिभिः ।
वासरान् दश चैकान्तस्थानाऽऽवासरु चिर्नृप ! ॥४२॥
तत्राऽभुक्त सुभोज्यानि भूरिस्थानेषु स प्रभुः ।
दिश्युदीच्यां हि तस्याः स्तो महाक्षेत्रे महीपते ! ॥४३॥

હે રાજન્ ! ત્યાં એક લવકા નામે કૂવો છે. તેની પાસે એક ઊંચું ટેકરી જેવું સ્થાન છે. ત્યાં શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૩૭॥

હે રાજન્ ! તે ખેતર પછી શ્રીહરિએ પાંચુ બાને રાજી થઈને અપાવ્યું હતું. હાલમાં તે ખેતર તમે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યું છે. ॥૩૮॥

તે ખેતરથી પૂર્વ દિશામાં જે લાડુબાનું ખેતર છે. ત્યાં એક ખીજડાનું ઝાડ છે, ત્યાં શ્રીહરિ ભોજન જમ્યા હતા. ॥૩૯॥

ત્યાં શ્રીહરિએ અત્યંત વિસ્મયજનક, પાવનકારી પોતાનું દિવ્ય ઐશ્વર્ય ભક્તોના સુખ માટે તેમને દેખાડ્યું હતું. ॥૪૦॥

એક વખત વર્ષા ઋતુમાં શ્રીહરિ ઘોડે સવાર થયા. સખાઓ અને પાર્ષદોને સાથે લીધા. ગઢપુરની સીમમાં દૂર રહેલી સોનલ નામે વોકળીએ પધાર્યા. ॥૪૧॥

હે નૃપ ! શ્રીહરિને એકાંતમાં રહેવાની રુચિ હતી તેથી તે આજ્ઞાંકિત સખાઓ અને પાર્ષદોની સાથે સોનલને કાંઠે દસ દિવસ રહ્યા હતા. ॥૪૨॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિ ત્યાં ઘણે ઠેકાણે સુંદર ભોજન જમ્યા. સોનલથી

आचार्यायैव ते क्षेत्रे प्रीत्या दत्ते महामते !
पुण्येक्षो व्यचरत्प्रेम्णा समन्तात्स तयोर्हरिः ॥४४॥
तयोर्मध्ये ततस्तुङ्गे स्थाने चोपाविशद्धरिः ।
अथाऽन्नं नूतनं प्राश्नाद्धर्जितं भक्तसम्मुदे ॥४५॥
ततो राजा भवत्तातः पश्यंस्तं स्वातिवल्लभम् ।
स्वेष्टदेवं हि सङ्कल्पं कञ्चिच्चित्तेऽकरोन्निजे ॥४६॥
अथ नृपतिमनोरथं स जानन्निजजनवाञ्छितपूर्तिकल्पवृक्षः ।
सकलतनुभृतां किलैकसाक्षी तमिति जगाद शुभं वचो नरेन्द्रम् ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचरणाङ्कितस्थानादिनिरूपणं नाम त्रिंशोऽध्यायः ॥३०॥

एकत्रिंशोऽध्यायः

अमराख्यनृपेणाऽत्र भूमिः प्राप्ता तथा हरिः ।
सोनलाख्यां नदीं बभ्रे एकत्रिंशे जलेन सः ॥

श्रीहरिरुवाच

ઉત્તરમાં મોટા બે ખેતર છે. ॥૪૩॥

હે મહામતે ! તે બન્ને ખેતર પ્રેમથી આચાર્યને આપ્યા છે. જેમના દર્શન પવિત્ર છે આવા શ્રીહરિ તે બન્ને ખેતરમાં ચારે બાજુ પ્રેમથી વિચર્યા હતા. ॥૪૪॥

તેમાં ઊંચી જગ્યા હતી ત્યાં શ્રીહરિ વિરાજ્યા. નવા અન્નનો જે પોંક પાડ્યો હતો, તે ભક્તોને રાજી રાખવા શ્રીહરિ જમ્યા. ॥૪૫॥

પછી તમારા પિતાશ્રી દરબાર શ્રીદાદા ખાચરે પોતાના અત્યંત પ્રિય ઈષ્ટદેવ શ્રીહરિની સન્મુખ જોઇને પોતાના મનમાં કાંઇક સંકલ્પ કર્યો. ॥૪૬॥

ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષના જેવા અને સમગ્ર દેહધારીઓના સાક્ષી શ્રીહરિ શ્રીદાદાખાચરના સંકલ્પને ઓળખી ગયા. પછી તેમને શુભ વચન કહ્યું. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૦ સમાપ્ત

सर्वान्तर्याम्यहं राजन् ! सङ्कल्पं वेद्मि तेऽनघ ! ।
समग्रैतन्महीप्राप्तेः सङ्कल्पस्तेऽस्ति मानसे ॥१॥
मदैकान्तिकवर्यस्य मदीयाज्ञानुवर्त्तिनः ।
राजन् ! मनोरथोऽयं ते मत्कारुण्येन सेत्स्यति ॥२॥
त्वत्सङ्कल्पानुसारेण सर्वामेतां वसुन्धराम् ।
त्वत्पुत्रो लप्स्यते नूनं राजन् ! वेद्यमिति त्वया ॥३॥

श्रीचैतन्यानन्द उवाच

राजन्! यथा हरिप्रोक्तं त्वया सर्वैव सा क्षितिः।
प्राप्ता तस्याऽखिलेशस्य प्रतापेनाऽतुलौजसः ॥४॥
मार्गौ मेघवटग्रामगालाख्यग्रामयोस्तु यौ ।
यावती भूस्तयोर्मध्ये तावती तेऽस्ति साऽखिला ॥५॥
सारङ्गपुरमार्गाद्या प्रतीच्यां दिशि कूपिका ।
अस्ति तत्सन्निधौ राजन् ! वर्तते निम्बभूरुहः ॥६॥

અધ્યાય - ૩૧

અમરાખાચરે જમીન મેળવી અને શ્રીહરિએ સોનલમાં પાણી પૂર્યું.

શ્રીહરિએ કહ્યું, હે નિષ્પાપ રાજા, હું સર્વાન્તર્યામી છું. તમારા સંકલ્પને જાણું છું. તમારા મનમાં આ બધી જમીન મેળવવાનો સંકલ્પ છે ને ? ॥૧॥

હે રાજન્ ! મારા એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ અને મારી આજ્ઞા પ્રમાણે વર્તન કરનારા તમે છો, માટે તમારો સંકલ્પ મારી કૃપાથી પૂરો થશે. ॥૨॥

હે રાજન્ ! તમે એમ સમજી રાખો કે અત્યારે તમારો જે સંકલ્પ છે તે પ્રમાણેની આ બધી જ જમીન તમારો પુત્ર ચોક્કસ મેળવશે. ॥૩॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જેમ શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે જ તે બધી જમીન, અપાર પ્રતાપી સર્વેશ્વર શ્રીહરિના પ્રતાપથી તમે મેળવી છે. ॥૪॥

અત્યારે મેઘવાડિયા અને ગાળા, આ બે ગામના બન્ને માર્ગ વચ્ચેની જેટલી જમીન છે તે બધી તમારી થઇ છે. ॥૫॥

હે રાજન્ ! સાળંગપુર ગામના માર્ગથી આથમણી જે એક નાની કૂઈ છે તેની પાસે એક લીમડાનું ઝાડ છે. ॥૬॥

नीरं निषद्य तस्याऽधो मृष्टं तस्या न्यपाद्धरिः ।
अथेत्युचेऽलयो भक्तस्तं प्रेयांसं वचो मुदा ॥७॥
एतस्यां सोनलाख्यायां प्रभो ! नद्यां हि चारणः ।
प्राङ् मृतोऽभूत्ततोऽशुद्धा जातेयं नीरवर्जिता ॥८॥
स तं प्राहेत्यथो जाता शुद्धेयं मत्प्रसङ्गतः ।
धीमन्नस्यां जलं नद्यां भाव्यमित्यवगम्यताम् ॥९॥
ततस्तस्यामभून्नीरं सर्वतोऽधस्तथा भृशम् ।
भूरिकालं जलं तस्यां तिष्ठति स्मातिनिर्मलम् ॥१०॥
एवं शुष्काऽपि राजन् ! प्राङ् मृष्टमिष्टेन वारिणा ।
आसीत् स्त्रोतस्विनी पूर्णा सा प्रतापेन वै हरेः ॥११॥
अथेत्यूचे हरिर्वाचं भूप ! त्वत्पितरं शुभाम् ।
एतत्सोनलसन्नद्याः क्ष्मैषाऽस्त्यन्तिके वरा ॥१२॥
तस्मादत्र त्वया राजन् ! कारणीया हि वापिका ।

श्रीहरिએ તે લીમડા નીચે બેસીને કૂઈનું મીઠું પાણી પીધું હતું. ત્યારે ભક્ત શ્રીઅલૈયા ખાચરે પ્રેમથી પરમ પ્રિય શ્રીહરિને કહ્યું કે હે પ્રભો ! સોનલ વોકળીમાં પૂર્વે એક ચારણ ડૂબીને મરી ગયો હતો. તેથી આ વોકળી અશુદ્ધ અને પાણી વિનાની થઈ ગઈ છે. ॥૭-૮॥

પછી શ્રીહરિએ અલૈયા ભક્તને કહ્યું, હે ધીમન્ ! મારા સંબંધથી હવે આ સોનલ શુદ્ધ થઈ છે. હવે આમાં પાણી પણ થશે, એમ તમે ચોક્કસ વિશ્વાસ રાખો. ॥૯॥

પછી તે સોનલમાં પાણી થયું. નીચેના ભાગમાં પણ ઘણું વહેતું રહ્યું. ઘણા સમય સુધી તેમાં નિર્મળ પાણી રહેતું હતું. ॥૧૦॥

હે રાજન્ ! આ સોનલ સૂકી હતી છતાં શ્રીહરિના પ્રતાપથી પહેલા તે કરતાં પણ વધારે મીઠા પાણીથી ભરી રહેવા લાગી. ॥૧૧॥

હે ભૂપ ! પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદા ખાચરને શુભ વચન કહ્યું. આ સોનલ વોકળીની નજીકની જમીન ઘણી સારી છે. ॥૧૨॥

માટે હે રાજન્ ! તમારે અહીંયાં એક વાવ કરાવવી. વાવ કરાવવાથી ઘણું

विधापनेन वाप्यास्ते महापुण्यं भविष्यति ॥१३॥
अथाऽह त्वत्पिता राजा तं राज्ञोऽस्ति क्ष्मा त्वियम् ।
यदैषा भूर्मदायत्ता भविष्यत्याश्रितार्तिहन् ! ॥१४॥
तदाऽहं त्वन्निदेशेन कारयिष्यामि वापिकाम् ।
स प्रीतोऽथेत्यवोचत्तं सुधाश्रेष्ठं शुभं वचः ॥१५॥
सङ्कल्पो वै बलीयान् मे सत्य एवाऽस्ति भूपते ! ।
तस्मात्पुत्रौ हि ते वापीं मनोज्ञां कारयिष्यतः ॥१६॥
तस्याः सोनलसंज्ञाया नद्या दक्षिणदिश्युत ।
क्षत्रियस्याऽमराख्यस्य क्षेत्रं यद्वर्तते महत् ॥१७॥
तत्र राजन् ! हरिः प्रीत्या सादिनः स्वानुवर्त्तिनः ।
मन्दं मन्दं हसन् पश्यन् युद्धरीतिं व्यधापयत् ॥१८॥
तत्क्षेत्रदक्षिणप्रान्ते धारसंज्ञोन्नतस्थले ।
अत्युच्चकैर्हरिः स्थाने प्रीत्या राजन्नुपाविशत् ॥१९॥
सारङ्गपुरसंज्ञस्य मार्गाद् ग्रामस्य भूपते ! ।

પુણ્ય થશે. ॥૧૩॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે કહ્યું , "આશ્રિતોના દુઃખને હરનારા હે હરે ! આ જમીન તો (ભાવનગર) મહારાજાની છે. જ્યારે આ જમીન મારા કબજામાં આવશે ત્યારે હું આપની આજ્ઞા પ્રમાણે વાવ કરાવીશ." તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને અમૃત કરતા પણ શ્રેષ્ઠ શુભ વચન કહ્યું. ॥૧૪-૧૫॥

હે ભૂપતે ! મારો આ સંકલ્પ બળવાન છે, તે સાચો થશે. તેથી તમારા બન્ને પુત્રો અહીં વાવ કરાવશે. ॥૧૬॥

તે સોનલ નામે વોકળીથી દક્ષિણ દિશામાં દરબાર શ્રીઅમરાભાઈનું જે એક મોટું ખેતર છે, ॥૧૭॥

હે રાજન્ ! ત્યાં શ્રીહરિ પ્રેમથી પોતાના અનુયાયી ઘોડે સવારોની સામે મંદ મંદ હસીને દેખતા અને તેમને યુદ્ધની રીત શીખવતા હતા. ॥૧૮॥

હે રાજન્ ! તે ખેતરને દક્ષિણ છેડે ધાર જેવું ઊંચું સ્થળ છે. તે અતિ ઊંચા સ્થાન ઉપર શ્રીહરિ પ્રેમથી વિરાજ્યા હતા. ॥૧૯॥

प्रतीच्यां दिशि यत्क्षेत्रं नाञ्जभक्तस्य वर्तते ॥२०॥
तस्माद्वै दिशि वारुण्यां चिह्नं यच्चास्ति तत्र सः ।
भर्जितं नूतनं धान्यं भुङ्क्ते स्वानादयत्तथा ॥२१॥
दिश्युदीच्यां ततः क्षेत्राद्धाराख्ये चोच्चकैः स्थले ।
अस्ति यस्तत्र कासारो निम्बभूमिरुहान्वितः ॥२२॥
स तत्रोपाविशत्प्रीत्या शिलायां भूपते ! ततः ।
चारुणि चिर्भटान्यादन्नूलमन्नं च भर्जितम् ॥२३॥
राजंस्ततो हरिः प्रीतो नाञ्जभक्ताय सादरम् ।
भूरिमल्यानि वासांसि निजप्रासादिकान्यदात् ॥२४॥
ततो नानाविधा वार्त्ताः पूर्ववृत्तान्तगर्भिताः ।
पीयूषाधिकमाधुर्याश्चकार श्रीहरिर्मुदा ॥२५॥
एकदा सोऽश्वमारूढो वृतः स्वैः पार्षदैर्हरिः ।
आव्रजत् प्रेक्ष्यमाणस्तैर्गालाख्यग्रामवर्त्मनि ॥२६॥

હે ભૂપતે ! સાળંગપુર ગામનો જે માર્ગ છે તેનાથી પશ્ચિમ દિશામાં નાજા ભક્તનું જે ખેતર છે, તેનાથી પણ પશ્ચિમ દિશામાં સ્મૃતિ ચિહ્ન કરેલું છે. ત્યાં નવા અનાજનો શેકેલો પોંક સ્વયં શ્રીહરિ જમ્યા હતા અને ભક્તોને પણ જમાડ્યા હતા. ॥૨૦-૨૧॥

તે ખેતરથી ઉત્તરમાં ધાર જેવા ઊંચાં સ્થળ ઉપર લીમડાના ઝાડવાળી તલાવડી છે. ॥૨૨॥

હે ભૂપતે ! શ્રીહરિ ત્યાં પથ્થરની શિલા ઉપર વિરાજ્યા હતા. પછી ઘણા સરસ ચીભડાં જમ્યા અને નવા અન્નનો શેકેલો પોંક પણ જમ્યા. ॥૨૩॥

હે રાજન્ ! પછી ખૂબ જ પ્રસન્ન થયેલા શ્રીહરિએ નાજા ભક્તને પોતાના પ્રસાદીના ઘણા કીમતી વસ્ત્ર આદર પૂર્વક આપ્યાં. ॥૨૪॥

પછી શ્રીહરિએ જૂના દષ્ટાંતો આપીને અમૃત કરતાં પણ વિશેષ મધુર આવી અનેક પ્રકારની વાતો પ્રેમથી કરી. ॥૨૫॥

એક વખત શ્રીહરિ ઘોડે સવાર થયા. પોતાના પાર્ષદો સાથે હતા. તે સર્વ શ્રીહરિ સન્મુખ જોઈ રહ્યા હતા. અને ગાળા ગામના માર્ગમાં આવી પહોંચ્યા. ॥૨૬॥

क्षेत्रं हरिस्ततः प्रादात्पौरोहित्ये वृताय सः ।
गोपीभट्टाभिधानाय भूदेवाय सुमेधसे ॥२७॥
सोनलाख्यतरङ्गिण्या दिश्युदीच्यां महीपते ! ।
क्षेत्रं श्रीहरिभक्तायाः सोमादेव्या हि वर्तते ॥२८॥
अर्पितं तत्त्वया क्षेत्रं गोपीनाथाय साम्प्रतम् ।
तत्राऽस्ति शिग्रुवृक्षो यः स तत्रोपाविशद्धरिः ॥२९॥
तस्याऽथ श्रीहरिः शिम्बीरानीय स्वाश्रितार्पिताः ।
अग्रहीत् क्वथिकां ताभिः कारयिष्यन्महीपते ! ॥३०॥
इत्यब्रवीत्ततो वाक्यं तरोरेतस्य हि प्रभुः ।
शिम्बिका ह्युपयोगं मे दुर्लभं समुपागताः ॥३१॥
तस्मादमुष्य वृक्षस्य महाभाग्यं हि वर्त्तते ।
भूरुहस्यास्य निर्वाणं भक्ता नूनं भविष्यति ॥३२॥
सोनलाख्यनदीस्थायाः कूपिकाया जलं हरिः ।
तत्क्षेत्रप्रान्तवर्त्तिन्या मिष्टं मृष्टं किलाऽपिबत् ॥३३॥

પછી શ્રીહરિએ ''ગોરપદા'' ઉપર લીધેલા 'ગોપીભટ્ટ' નામના બુદ્ધિમાન બ્રાહ્મણ ને તે ખેતર દાનમાં આપ્યું. ॥૨૭॥

હે રાજન્ ! 'સોનલ' વોકળીથી ઉત્તર દિશામાં શ્રીહરિની એકાંતિક ભક્ત સોમાદેવીનું ખેતર છે. ॥૨૮॥

તે ખેતર તમે હાલમાં શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યું છે. ત્યાં એક સરગવાનું ઝાડ છે. શ્રીહરિ ત્યાં વિરાજ્યા હતા. ॥૨૯॥

હે રાજન્ ! એક ભક્તે આવીને સરગવાની સીંગો (ફળીઓ) આપી. શ્રીહરિએ કઢી કરાવવાના આશયથી તે લીધી. ॥૩૦॥

પ્રભુ શ્રીહરિ બોલ્યા, આ સરગવાની સીંગો મારા દુર્લભ ઉપયોગમાં આવી છે, તેથી આ સરગવાનું મહાન્ ભાગ્ય છે. તેથી આ વૃક્ષનું કલ્યાણ નિશ્ચિત થશે. ॥૩૧-૩૨॥

તે ખેતરને પડખે વહેતી સોનલ વોકળીની કૂઈનું નિર્મળ મીઠું પાણી શ્રીહરિએ પીધું. ॥૩૩॥

ग्रामस्य गालसंज्ञस्य पूर्वस्यां दिशि वर्त्मनः ।
स्थानं कर्पूरधाराख्यं दीर्घं तुङ्गं च विद्यते ॥३४॥
राजभागक्षितौ क्षेत्रप्रान्तमारभ्य भूपते ! ।
सारङ्गपुरसीमान्तं सन्ति क्षेत्राणि यानि वै ॥३५॥
त्वया तानि प्रदत्तानि गोपीनाथाय साम्प्रतम् ।
अन्तरे वर्त्तते तेषां तुङ्गं दीर्घं यदास्पदम् ॥३६॥
पर्णशालाऽस्ति या तस्मिन् या शिलाऽस्ति तदन्तिके ।
तस्यामुपाविशद्राजन् ! भोज्यान्यादत्तथा हरिः ॥३७॥
दृष्ट्वा तत्स्थानमेकान्तं विविक्तातिप्रियो हरिः ।
स्वीयभक्तानिदं वाक्यं सुधातुल्यं समब्रवीत् ॥३८॥
वर्तते विजनं स्थानं भक्ता एतन्मनोहरम् ।
योगिनां ध्यानसक्तानां हरिध्यानोचितं शुभम् ॥३९॥
वर्तते पश्चिमाशायां गालाख्यग्रामवर्त्मनः ।
सोनलाख्या नदी सर्वा पादपद्माङ्किता हरेः ॥४०॥

ગાળા ગામના માર્ગથી પૂર્વ દિશામાં ''કપૂરીધાર'' નામે ઊંચું અને લાંબું સ્થાન છે. ॥૩૪॥

હે ભૂપતે ! રાજભાગની જમીનમાં ખેતરના શેઢાથી લઈને સાળંગપુરના સીમાડા સુધીના જે ખેતર છે, તે બધા તમે હાલમાં શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યા છે. તે ખેતરોના વચ્ચેના ભાગમાં એક ઊંચું અને લાંબું સ્થાન છે. તેમાં એક ઝૂંપડી છે અને તેની પાસે એક મોટી શિલા પડી છે. હે રાજન્ ! શ્રીહરિ તે શિલા ઉપર વિરાજ્યા છે અને ભોજન પણ જમ્યા છે. ॥૩૫-૩૭॥

શ્રીહરિને એકાંતવાસ ગમે છે. તે ઝૂંપડીવાળું એકાંત સ્થાન જોઈને શ્રીહરિએ પોતાના ભક્તો આગળ અમૃત જેવી વાત કહી. ॥૩૮॥

હે ભક્તો ! આ મનોહર સ્થાન એકદમ એકાંત છે. ધ્યાન પરાયણ યોગીઓને ભગવાનનું ધ્યાન કરવામાં યોગ્ય અને શુભ સ્થાન છે. ॥૩૯॥

ગાળા ગામના માર્ગથી આથમણી સોનલ વોકળી છે તે બધી જ શ્રીહરિના ચરણકમળથી અંકિત છે અર્થાત્ પ્રસાદીની છે. ॥૪૦॥

दिश्युदीच्यां हि तन्नद्या वर्तते स्थानमुन्नतम् ।
स तत्रोपाविशत्प्रीत्या श्रीहरिर्हि मुहुर्मुहुः ॥४१॥
भोज्यान्यभुक्त विविधानि स तत्र राजन्! सम्प्रीणनाय निजभक्त
जनव्रजानाम्।
दिव्यं च चित्रमतिचारु चरित्रमीऽयं भद्रं व्यधाच्छुभतरं मुनिगीयमानम्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचङ्क्रमणस्थानकथनपूर्वकलीलावर्णनं नामैकत्रिंशोऽध्यायः ॥३१॥

अथ द्वात्रिंशोऽध्यायः

हरिः स्वामश्विनीं नालीकेराऽद्रौ समरोहयत् ।
द्वात्रिंशे भूभृतो धार्मिर्निजवाहामदीद्रवत् ॥

श्रीचैतन्यानन्द उवाच
नीरवत्यभिधानाया अल्पनद्याः किलोन्नतम् ।
यन्नालिकेरधाराख्यं पूर्वदिश्यस्ति वै पदम् ॥१॥

સોનલથી ઉત્તર દિશામાં એક સ્થાન ઊંચું છે. શ્રીહરિ ત્યાં પ્રેમથી વારંવાર વિરાજ્યા છે. ॥૪૧॥

હે રાજન્ ! શ્રીહરિ ત્યાં પોતાના ભક્ત સમુદાયને ખુશી કરવા વિવિધ પ્રકારના ભોજન જમ્યા છે, અને ત્યાં સંતો ગાય તેવું અતિ શુભ, દિવ્ય, વિવિધ પ્રકારનું, અતિ સુંદર અને આદરણીય ચરિત્ર પણ કર્યું છે. ॥૪૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૧ સમાપ્ત

અધ્યાય - ૩૨

નાળિયેરી ધાર અને પરિસર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, નીરવતી નામે જે વોકળી છે, તેથી પૂર્વ દિશામાં નાળિયેરી ધારનામે એક ઊંચો ટેકરો છે. ॥૧॥

स तत्रोपाविशद्राजंस्त्वत्पिता चैव भूपतिः ।
एकदाऽऽरोहयत्स्वाश्वां तुङ्गं तत्स्थानमञ्चितम् ॥२॥
तत्राद्य कारितं चिह्नं वर्तते तत्स्मृतिप्रदम् ।
तत्राऽथ श्रीहरिः प्रीतःस्वीयपद्गेष्वभूद्भृशम् ॥३॥
ततस्तेषां स्वसक्तानां स्वीयपादाम्बुजे हरिः ।
आधत्ते स्म मुनिध्येये हृत्सु तापसदुर्लभे ॥४॥
अथेत्यूचे स भक्तान् स्वान् स्थानेऽस्मिन् सुन्दरं हरेः ।
मन्दिरं स्याद्यतश्चैषा भूमिदीर्घाऽस्ति विस्तृता ॥५॥
इत्युक्त्वा तां क्षितिं सर्वां प्रैक्षत श्रीहरिर्वराम् ।
अस्ति तत्सन्निधौ क्षेत्रं सोमादेव्या हि कूपयुक् ॥६॥
राजंस्तत्क्षेत्रकूपस्य सुधालिप्ते समे स्थले ।
निषद्याऽस्नात्स्वयं धार्मिस्तीर्थकीर्तिर्विभुर्हरिः ॥७॥
तत्क्षेत्रस्य हरिः प्रान्ते प्रतीच्यां दिशि भूपते ! ।

હે રાજન્ ! ત્યાં તમારા પિતા દરબાર શ્રીદાદા ખાચરની સાથે પ્રભુ શ્રીહરિ તે નાળિયેરા ટેકરા ઉપર વિરાજ્યા હતા. એક વખત શ્રીહરિએ સુંદર તે ધારના ઊંચા ટેકરા ઉપર પોતાની ઘોડીને ચઢાવી હતી. ॥૨॥

ત્યાં હાલમાં તેનું સ્મૃતિ ચિહ્ન કરાવ્યું છે. ત્યાં શ્રીહરિ એક સમયે પોતાના પાર્ષદોના ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા. ॥૩॥

પછી, મુનિઓ જેનું ધ્યાન કરે છે અને જે તપસ્વીઓને પણ મળવા દુર્લભ છે આવા પોતાના બન્ને ચરણકમળ તેમણે તે પ્રેમી ભક્તોની છાતી ઉપર ચાંપ્યા. ॥૪॥

ત્યારે શ્રીહરિએ પોતાના ભક્તોને ત્યાં કહેલું કે અહીં ભગવાનનું મંદિર સુંદર થાય કારણ કે આ સ્થાન ઘણું વિશાળ અને લાંબું-પહોળું છે. ॥૫॥

આમ બોલીને શ્રીહરિએ તે બધી સુંદર ભૂમિમાં ફરીને જોયું. તેની સમીપે જ સોમાદેવીનું કૂવા સાથેનું એક ખેતર છે. ॥૬॥

હે રાજન્ ! તીર્થસ્વરૂપ જેની કીર્તિ છે આવા મહાસમર્થ શ્રીહરિ તે ખેતરના ચૂનાબંધ સમતળ થાળામાં બેસીને નાહ્યા હતા. ॥૭॥

वर्तते निबिडच्छायो महीयान् पिप्पलद्रुमः ॥८॥
तस्याऽधस्ताद्धरिः प्रीत्या न्यषीदत्स्वोचितासने ।
तत्र योऽस्ति त्वया कूपो गोपीनाथाय सोऽर्पितः ॥९॥
तस्याऽन्तिकेऽस्ति यो मार्गः कोषाकर्षणकृद्गवाम् ।
तस्माद्दिश्यस्ति वारुण्यां स्थानं रम्योन्नतं च यत् ॥१०॥
स तत्रोपाविशद्राजन् ! प्राच्यामस्ति ततो दिशि ।
रम्यं कूपान्वितं क्षेत्रं भक्तस्य ग्लहसंज्ञिनः ॥११॥
उदीच्यां दिशि तत्क्षेत्रप्रान्ते चास्ति शमीद्रुमः ।
तत्र भुङ्क्ते स्म भोज्यानि सुधास्वादूनि स प्रभुः ॥१२॥
तस्मिन् परमहंसानां मण्डलान्येव भूरिशः ।
वासरे न्यवसन्नित्यं हरिप्रेयांसि भूपते ! ॥१३॥
मार्गाद्रायपुराख्यस्य ग्रामस्याऽस्ति ह्युदग्दिशि ।
महत्कूपान्वितं क्षेत्रं सोमादेव्या महीपते ! ॥१४॥

હે ભૂપતે ! તે ખેતરને છેડે પશ્ચિમ દિશામાં ઘાટી છાયાવાળું અને લીલુંછમ પીપળાનું ઝાડ છે. ॥૮॥

શ્રીહરિ તે ઝાડની નીચે પોતાને યોગ્ય આસન ઉપર પ્રેમથી વિરાજ્યા હતા. ત્યાં જે કૂવો છે તે તમે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યો છે. ॥૯॥

તે કૂવાને કાંઠે કોશ ખેંચતા બળદને ચાલવાનું પયું છે, તેથી આથમણે જે સુંદર ઊંચું સ્થાન છે, ॥૧૦॥

હે રાજન્ ! શ્રીહરિ ત્યાં વિરાજ્યા હતા અને તેથી પણ આથમણું ઘેલા ભગતનું સુંદર કૂવાવાળું ખેતર છે. ॥૧૧॥

તે ખેતરને છેડે ઉત્તર દિશામાં એક ખીજડાનું ઝાડ છે. મહાપ્રભુ શ્રી હરિ ત્યાં અમૃત જેવા મીઠા ભોજન જમ્યા હતા. ॥૧૨॥

હે રાજન્ ! નિરંતર શ્રીહરિના વહાલા પરમહંસોના ઘણા મંડળ તે દિવસ ત્યાં રહ્યા હતા. ॥૧૩॥

હે રાજન્ ! રાયપર ગામના માર્ગથી ઉત્તર દિશામાં સોમાદેવીનું કૂવા સાથેનું મોટું ખેતર છે. ॥૧૪॥

साम्प्रतं तत्त्वया दत्तं गोपीनाथाय भूपते ! ।

तत्क्षेत्रदक्षिणप्रान्ते गेहं यच्चाद्य कारितम् ॥१५॥

स तत्रोपाविशद्राजन् ! भक्तप्रेयान् पुनः पुनः ।

अभ्यस्ताष्टाङ्गयोगानां परीक्षा चाकरोत्सताम् ॥१६॥

ततः सिद्धीकृताष्टाङ्गयोगांस्तुष्टो विलोक्य तान् ।

हृत्सु तेषां च पद्गानां स्वाङ्घ्रिपद्मे न्यधाद्धरिः ॥१७॥

परीक्षां वाजिनां कुर्वन् स प्राहैवं हि सादिनः ।

विद्राव्याऽश्वानितः क्षेत्रादेकास्फालेन सत्तमाः! ॥१८॥

मार्गं रायपुराख्यस्य ग्रामस्योल्लङ्घ्य सत्वरम् ।

लक्ष्मीवाटीं हि नेयास्ते युष्माभिश्चञ्चलक्रमाः ॥१९॥

तत्राऽथ कोऽपि नाशक्नोत्तत्कर्त्तुं यत्नवानपि ।

ततस्तत्सोऽचिकीर्षत्तान् भक्तानानन्दयन्निजान् ॥२०॥

ततो माणिक्यवर्णां स्वामारुक्षद्वाजिनीं हरिः ।

હે ભૂપતે ! હમણાં તમે જે ખેતર શ્રીગોપીનાથજી મહારાજને આપ્યું છે, તે ખેતરને દક્ષિણ છેડે હાલમાં એક મકાન પણ કરાવ્યું છે. ॥૧૫॥

હે રાજન્ ! ભક્તોના પ્રિય આવા શ્રીહરિ ત્યાં વારંવાર વિરાજમાન થયા છે અને અષ્ટાંગ યોગનો અભ્યાસ કરી ચૂકેલા સંતોની પરીક્ષા પણ ત્યાં કરી હતી. ॥૧૬॥

પછી જેને અષ્ટાંગ યોગ સિદ્ધ થઇ ગયો હોય આવા સંતોને દેખીને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તે સંતોની અને પાર્ષદોની છાતીમાં શ્રીહરિએ પોતાના ચરણકમળ ચાંપ્યા હતા. ॥૧૭॥

અશ્વોની પરીક્ષા કરતા શ્રીહરિએ અન્ય ઘોડેસવારોને કહ્યું કે હે ઉત્તમ ભક્તો ! આ ખેતરમાં ઘોડા દોડાવીને એક જ છલાંગમાં રાયપુરનો માર્ગ ઓળંગી જવો અને તે પછી ઘોડાને દોડાવીને સત્વરે લક્ષ્મીવાડીએ પહોંચવું. ॥૧૮-૧૯॥

ત્યાં ઘણી મહેનત કરવા છતા કોઈનો અશ્વ એક જ છલાંગે રાયપરનો માર્ગ ઓળંગી ન શક્યો ત્યારે શ્રીહરિએ પોતે જ ભક્તોને આનંદ આપવા તેમ કરવા વિચાર્યું. ॥૨૦॥

પછી મનને લજવે તેવા વેગવાળી અને ગરુડનો પણ ગર્વ ઉતારે તેવી માણેક

मनोलज्जावहोद्वेगां वैनतेयस्मयापहाम् ॥२१॥

उदीच्यां दिशि तत्क्षेत्रप्रान्तान्तां स व्यनोदयत् ।

साऽथ रायपुरग्राममार्गमुल्लङ्घ्य भूपते ! ॥२२॥

एकेनाऽऽस्फालनेनैव लक्ष्मीवाटीमुपागमत् ।

दृष्ट्वा तत्सादिनः सर्वे विस्मयं तेऽभिलेभिरे ॥२३॥

इति हरिरखिलाश्रिताऽऽर्त्तिहारी भवदवशान्तिकरस्मृतिप्रकीर्तिः ।

चरितमतिवरं विधाय राजन् ! निजपदसक्तजनान्मुदं प्रणिन्ये ॥२४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचितेश्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपादाब्जाङ्कितस्थानादिनिरू पणं नाम द्वात्रिंशोऽध्यायः ॥३२॥

अथ त्रयस्त्रिंशोऽध्यायः

लक्ष्मीवाटीं हरिर्गत्वाऽखेलयत् तत्र कैसरीम् ।

तत्राऽऽरामस्त्रयस्त्रिंशे हरिणा दर्शितोऽद्भुतः ॥

श्रीचैतन्यानन्द उवाच

વર્ણી માણકી ઘોડી ઉપર સ્વયં શ્રીહરિ સવાર થયા. ॥૨૧॥

પછી ઉત્તર દિશામાં તે ખેતરના છેડાથી માણકીને ચલાવી. હે રાજન્ ! માણકી એક જ છલાંગમાં રાયપરના માર્ગને ઓળંગી ગઇ. અને લક્ષ્મીવાડીએ દોડીને આવી પહોંચી. તેને દેખીને બધા ઘોડેસવાર અત્યંત વિસ્મિત થયા. ॥૨૨-૨૩॥

સર્વ ભક્તોની પીડાને હરનારા અને જેનું સ્મરણ અને સંકીર્તન સંસારના દાવાનળથી શાંતિ આપે છે આવા શ્રીહરિએ આ પ્રમાણે સર્વોત્તમ ચરિત્ર કરીને નિજ ચરણના પ્રેમી ભક્તોને આનંદ આપ્યો. ॥૨૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૨ સમાપ્ત

અધ્યાય - ૩૩

લક્ષ્મીવાડીમાં કેસર ઘોડીને ખેલાવી અને આરામ કર્યો

अथैकदाऽश्विनीं राजन् ! हरिरारुह्य कैसरीम् ।
राजितां भूषणै रम्यैः स्वर्णपल्यायनान्विताम् ॥१॥
स स्वभक्तजनैर्युक्तस्त्यागिभिर्गृहिभिस्तथा ।
लक्ष्मीवाटीं ययौ रम्यां फलमाल्यद्रुमाकुलाम् ॥२॥
श्वेतसान्द्रोल्लसद्वासाश्छत्रचामरभास्वरः ।
राजितः पुष्पहाराद्यैर्मणिस्वर्णविभूषणः ॥३॥
वाटिकाया हरिस्तस्याः सन्निधौ दीर्घविस्तृतम् ।
क्षेत्रं प्राप्य हर्यीं रम्यां द्रावयामास तां मुदा ॥४॥
द्रावयित्वा हरिः श्रेष्ठां तां वाहां परिवर्त्य सः ।
द्रावयन् सर्वशो भक्तान् हर्षयामास निर्भरम् ॥५॥
भूयिष्ठं साऽद्रवद्राजन् ! वेगनिर्जितमारुता ।
नभसीवोत्पत्तिष्यन्ती कृत्वा पक्षौ महामुदा ॥६॥
कनकमणिविभूषणैरुपेता पुरटसुनूपुरशिञ्जिताऽतिरम्या ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક દિવસ શ્રીહરિ કેસર નામની ઘોડી ઉપર સવાર થયા. રમણીય આભૂષણોથી કેસરને શણગારી હતી. તેની પીઠ ઉપર સોનેરી પલાણ મૂક્યું હતું. પોતાના ભક્તો સંતો અને ગૃહસ્થો સહુ સાથે હતા. દરબારમાંથી નીકળીને ફળ ફૂલના વૃક્ષોથી ભરપૂર રમણીય લક્ષ્મી વાડીએ પધાર્યા. ॥૧-૨॥

શ્રીહરિના ઘટ્ટ અને શ્વેત વસ્ત્ર શોભતા હતા. છત્ર અને ચામરની શોભાથી તેજસ્વી જણાતા હતા. ફૂલહાર વગેરે પહેર્યા હતા. મણિજડિત સોનાના ઘરેણાં પણ ધાર્યા હતાં. ॥૩॥

શ્રીહરિ લક્ષ્મીવાડીને નજીક વિશાળ ખુલ્લા ખેતરમાં આવ્યા. પછી તે રમણીય કેસર ઘોડીને પ્રસન્ન થઈને દોડાવી. ॥૪॥

જાતવાન શ્રેષ્ઠ ઘોડીને દોડાવી, તુરંત પાછી વાળી અને દોડાવી. આમ સર્વ ભક્તોનો આનંદ અતિશય વધાર્યો. ॥૫॥

હે રાજન્ ! અતિશય હર્ષના આવેશમાં તે ઘોડી પાંખોવાળી થઈને આકાશમાં ઊડશે કે શું ? તેમ વેગથી પવનને પણ જીતનારી તે ઘોડીને ખૂબ જ દોડાવી. ॥૬॥

કેસર ઘોડીને મણિ જડિત સોનાના ઘરેણા પહેરાવ્યા હતા. પગમાં પહેરાવેલા

तडिदिव गगने परिस्फुरन्ती द्रुततरचारु गतिश्च सा चकासे ॥७॥
ललितनिखिललक्ष्मशालमाना विलसितरञ्जितकैसरालिशोभा ।
कनकसुकविकाविकाशमाना विविधगतिष्वतिकौशला सुशीला ॥८॥
विविधमणिविभूषणाऽश्वनीस्थः सितचलचेलवपुर्हरिर्विरेजे ।
बहुविधमणिशैलशृङ्गचञ्चद्धवलगरुत्सहितो यथा पयोदः ॥९॥
धवलतरशिरःपटातिराजच्चलतरशेखरतोऽक्षरेण पुंसा ।
स बहुलमरुचज्जनैरदृश्यं श्रमित इति स्म तदेव विज्यमानः ॥१०॥
एवं विराजितो राजन् ! खेलयित्वेति तां हरिः ।
भ्राजमानं तदुद्यानं प्राविशत्सार्धमाश्रितैः ॥११॥
उत्तीर्याऽथ हरिस्तस्यास्ततो वेद्यां वरासने ।
न्यषीदत्कोमलैर्युक्ते तूलिकाऽऽस्तरणादिभिः ॥१२॥
अग्रेऽथ त्यागिनस्तस्य गृहस्थाश्च यथोचितम् ।

સોનાના ઝાંઝરનો ઝમકારો સંભળાતો હતો. આકાશમાં ઝબૂકતી વીજળીના જેવી તે અતિશય રમ્ય લાગતી હતી. તેની અતિ ઝડપી સુંદર ગતિ આકર્ષતી હતી. ॥૭॥

તેના બધા જ સુંદર શુભ લક્ષણોથી તે દીપતી હતી. રંગેલી તેની કેશવાળી પણ ઘણી શોભતી હતી. સોનેરી લગામથી ભવ્ય લાગતી તે અનેક પ્રકારની શ્રેષ્ઠ ગતિમાં કુશળ અને સુશીલ હતી. ॥૮॥

અનેક પ્રકારના મણિથી યુક્ત પર્વતના શિખર ઉપર ચમકતી શ્વેત પાંખોવાળો મેઘ જેમ શોભે તેમ વિવિધ મણિ જડિત ઘરેણાવાળી કેસર ઘોડી ઉપર શ્વેત ફરકતા વસ્ત્રવાળા શ્રીહરિ અત્યંત ઓપતા હતા. ॥૯॥

કેસરને દોડાવવાથી પોતાના સ્વામી શ્રીહરિ થાકી ગયા હશે તેમ માનીને સ્વયં અક્ષર પુરુષ લોકો દેખે નહિ તેમ શ્વેત પાઘના રૂપમાં આવીને તેના ઊછળતા છોગાથી પવન વીંજતા હોય તેમ દેખાવાથી શ્રીહરિ શોભતા હતા. ॥૧૦॥

હે રાજન્ ! આવા શોભા સંપન્ન શ્રીહરિએ કેસરને ખેલાવી. પછી પોતાના ભક્તોની સાથે સુશોભિત તે લક્ષ્મીવાડીના બગીચામાં પ્રવેશ્યા. ॥૧૧॥

શ્રીહરિ કેસર ઘોડી ઉપરથી નીચા ઊતર્યા. બેઠકે વેદિકા ઉપર સુકોમળ ગાદી, તકિયા અને ઓછાડ આદિથી બિછાવેલા શ્રેષ્ઠ આસન ઉપર વિરાજમાન થયા. ॥૧૨॥

न्यषीदन् सर्वशो भक्तास्तद्वीक्षोत्सुकचेतसः ॥१३॥

अथ प्रसूनैश्च फलैर्विनम्रैर्द्रुमैर्विचित्रैरतिरोचमानम् ।
हरिर्लसत्माल्यलताऽतिशालं वरं तमुद्यानमलोकयत्सः ॥१४॥

द्राक्षालतादाडिमनालिकेरैरक्षोढवृक्षैर्बहुभिस्तथाऽऽम्रैः ।
खर्जूररम्भापनसैरु पेतं नारङ्गपूगैरपि बीजपूरैः ॥१५॥

अञ्जीरजम्बीरचयैश्च युक्तमेलालवङ्गैरतिराजमानम् ।
सर्वर्त्तुसञ्जातफलान्वितानां नानाद्रुमाणां निकरैश्च जुष्टम् ॥१६॥

चाम्पेयपुन्नागतमालजालैः सकर्णिकारैर्बकुलैरशोकैः ।
सचन्दनैः पाटलपारिजातैर्जपाकदम्बैश्च युतं स्थलाब्जैः ॥१७॥

अतिमुक्तसुमालतीयुतं विकसन्माल्यविचित्रमल्लिकम् ।
कनकप्रसवैः समन्वितं रमणीयं सुरमल्लिकादिभिः ॥१८॥

मल्लीलता यत्र नितान्तशोभानिधानतद्दन्तजितप्रसूना ।

તેમની આગળના ભાગમાં તેમના દર્શન કરવામાં ઉત્સાહી મનવાળા ત્યાગી અને ગૃહસ્થ સર્વ ભક્તો યથોચિત રીતે બેસી ગયા. ॥૧૩॥

શ્રીહરિએ તે લક્ષ્મીવાડીના બાગ સામે નજર કરી. બાગ ફૂલ અને ફળોથી નમી ગયેલા વૃક્ષોથી શોભતો હતો. સુંદર સુંગધી ફૂલોવાળી વેલીઓથી તે વિશાળ અને શ્રેષ્ઠ દેખાતો હતો. ॥૧૪॥

બાગમાં દ્રાક્ષની વેલો હતી. દાડમ, નાળિયેર, અખરોટ અને આંબાના ઝાડ પણ ઘણા હતાં. ખજુર, કેળા, ,ફણસ, નારંગી, સોપારી અને બીજોરાના વૃક્ષ તેમાં હતા. ॥૧૫॥

બાગમાં અંજીર અને લીંબુના તો ઢગલા પડ્યા હતા. એલાયચી અને લવીંગ બાગની શોભારૂપ હતા. ત્યાં બધી જ ઋતુઓમાં ફળ આવે તેવા અનેક જાતના વૃક્ષ સમૂહો હતા. ॥૧૬॥

બાગમાં ચંપો, પુંનાગ અને તમાલવૃક્ષ ઘણા હતા. કણેર, બોરસળી, અશોક, ચંદન, પાટલ, પારિજાત, જપા (જાસૂદ) અને સ્થળકમળ આદિ સુંદર વૃક્ષો શોભતા હતા. ॥૧૭॥

ત્યાં ખીલેલા ફૂલોવાળી જાતજાતની મલ્લિકા, માધવી, સુરમલ્લિકા અને સોનેરી કેતકી આદિ ફૂલવેલો અને ફૂલઝાડને લીધે સુંદરતા છાએલી હતી. ॥૧૮॥

विलज्जयेव भ्रमरालिशाटीं वितत्य गूढा नितरामराजत् ॥१९॥

मरु द्विलोला नवकुन्दवल्ली विहङ्गमालारशनाप्रणादा ।
रराज तस्मिंस्तमवेक्ष्य साक्षाद् गन्तुं तदीयान्तिकमुद्यतेव ॥२०॥

यस्मिन्नशोकस्य तरोर्मनोज्ञा शाखा नवीनारुणपल्लवश्रीः ।
विलोकनेन स्मरयन्त्युदारां भक्तान् हरेरोष्ठरु चिं चकासे ॥२१॥

यस्मिन्नितान्तारु णकन्दला या हरित्पताकाविलसत्पलाशाः ।
नतेः फलानीव निवेदयन्त्यो रम्भा विभान्ति स्म फलावनम्राः॥२२॥

उन्मत्तगङ्गापृषतप्रवाही महीरु हाऽऽधूननलब्धगन्धः ।
धून्वन्प्रवालव्यजनालिमद्धा तं यत्र वातो नितरां सिषेवे ॥२३॥

यस्मिन् विचित्रकुसुमप्रकरद्रुमाणां युक्ता लता विविधपक्षिगणप्रणादैः।
तं वीक्ष्य वायुचलपल्लवपाणिचेष्टा नृत्योद्यता इव मुदा व्यरु चन्विलोलाः
यस्मिन् विलोक्य तमशेषपतिं स्म हृष्टाः

અત્યંત શોભાના નિધાન જેવા શ્રીહરિના દાંતની કાંતિની સમક્ષ પોતાની કળીઓ કે પુષ્પ ઝંખવાઇ ગયા હોવાથી શરમાયેલી મલ્લિકાની વેલ ભમરાની પંક્તિરૂપ સાડીને ખોલીને તેમાં છુપાઇ ગઇ, છતાં પણ તે અત્યંત શોભતી હતી. ॥૧૯॥

ત્યાં નવી કોળેલી મોગરાની વેલ પવનથી ઝૂમતી હતી. મોગરામાં નાનકડાં પંખીરૂપ કમરનો કંદોરો મધુર ધ્વનિ કરીને શોભતો હતો. મોગરાની લતા સાક્ષાત્ શ્રીહરિને દેખીને તેમની પાસે જવા ઉત્સુક થઈ હોય તેમ જણાતું હતું. ॥૨૦॥

તે બાગમાં અશોક વૃક્ષની નવી ડાળી ઉપર રહેલા લાલ કૂંપળની શોભા જોવામાત્રથી જ ભક્તોને શ્રીહરિના રમ્ય લાલ હોઠની કાંતિને યાદ કરાવી દેતી હતી. તેથી તે અધિક ઓપતી હતી. ॥૨૧॥

જે બાગમાં અતિશય લાલ રંગના તાજા ડોડા વાળી, લીલા રંગની પતાકા જેવા પાનથી શોભતી, અને ફળ (કેળાની લૂમ)ના વજનથી નમી ગયેલી કેળો નમનથી પોતાના ફળ (કેળાં) ને અર્પણ કરતી હોય તેમ સુંદર લાગતી હતી. ॥૨૨॥

ઉન્મત્ત ગંગાના વહેતા પાણી ઉપરથી પવન આવતો હતો તેથી તેમાં તેના જળ કણોનો પ્રવાહ હતો માટે ઠંડો હતો. તે વૃક્ષોને કંપાવીને આવ્યો હતો. તેથી તેમાં તેનો સુગંધ હતો. નવા કૂંપળરૂપી વીંજણાને વીંઝતો આવો શીતળ અને સુગંધી પવન તે બાગમાં શ્રીહરિની ખૂબ જ સેવા કરતો હતો. ॥૨૩॥

पारावताश्च शुकसारसहंसमुख्याः।
गायन्ति पक्षिनिकरा ऋषिवर्यपुत्राः सामप्रगीतिकुशला इव चारु रागाः॥
यत्राऽलिगुञ्जनयुतास्तरवः स्म योगात्साक्षाद्धरेर्भवविमुक्त्यधिकारमाप्ताः
तस्योपलब्धिविधुरान्निहमुक्तगेहान् पुष्पोच्चयैरिव हसन्ति विरक्तिभाजः॥
स्वर्गः पातभयात्पुनर्न सुखदः पुण्यैरवाप्यो जनैः
साम्राज्यं सुतपोर्जितं न च हितं याम्योद्भयात्प्राणिनाम् ।
नाऽन्यत्राऽस्ति विमुक्तिरत्र जनताः स्थानं विनैतच्छुभम्
यत्रैवं किमु शासति स्म च शिरः कम्पच्छलेन द्विजाः ॥२७॥
विबभुर्ननु यत्र भूरुहा विविधा भूमिधरा इवोन्नताः ।
फलमाल्यविशेषशालिनो मधुरध्वानविहङ्गनादिताः ॥२८॥

તે બાગમાં જાતજાતના પુષ્પ ગુચ્છથી શોભતા વૃક્ષોની સાથે રહેલી અને અનેક જાતના પંખીના કલરવથી ભરેલી, પવનમાં ઊછળતા નવપલ્લવરૂપી હાથની ચેષ્ટા કરતી, આવી વેલો શ્રીહરિના દર્શનના આનંદથી નાચવા લાગી હોય તેમ શોભતી હતી. ॥૨૪॥

આ બાગમાં કબૂતર, પોપટ, સારસ અને હંસ વગેરે પક્ષીઓના ટોળાં વિશ્વના પતિ શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થયા અને સામવેદનું ગાન કરવામાં કુશળ ઋષિકુમારો હોય તેમ સુમધુર કંઠથી શ્રીહરિનો યશ ગાવા લાગ્યા. ॥૨૫॥

લક્ષ્મી બાગમાં ભમરાઓના ગુંજારવવાળા વૃક્ષો સાક્ષાત્ શ્રીહરિના સંબંધથી સંસારથી મુક્તિના અધિકારી બની ગયા હતા અને તે પછી તેઓ શ્રીહરિના સંબંધ વિનાના, ઘર છોડીને વેરાગી થયેલા લોકોને પોતાના પુષ્પ ગુચ્છોથી હસતા હશે કે શું ? એમ દેખાતું હતું. ॥૨૬॥

"ઘણાં સત્કર્મ કરીને મનુષ્ય સ્વર્ગમાં જાય, પણ તેને તે સુખરૂપ થતું નથી કારણ કે પુણ્ય ખૂટી ગયા પછી ત્યાંથી અધઃપતનનો ભય સતત રહ્યા કરે છે. સારા તપથી મેળવેલું રાજ્ય પણ હિતકર નથી. કારણ કે રાજ્ય મળ્યા પછી પણ રાજાઓને યમયાતનાનો ભય રહ્યા કરે છે. હે સજ્જનો ! જુઓ, આ પવિત્ર સ્થાન સિવાય ક્યાંય મોક્ષ મળે તેમ નથી." આ રીતનો ઉપદેશ લક્ષ્મીબાગમાં બેઠેલા પંખીઓ પોતાનું માથું ધુણાવવાને બહાને લોકોને આપે છે. ॥૨૭॥

ત્યાં જાતજાતના ફળો અને ફૂલોથી શોભતા તથા મીઠા સ્વરવાળા પંખીઓથી

विविधप्रसवैर्महीरुहैर्मधुपव्रातविगुञ्जितान्वितैः ।
घनयुक्सुरचापराजितं वरमुद्यानमिवाम्बरं बभौ ॥२९॥
क्षितिजा बहुमाल्यवर्षिणो मरुता यत्र विकम्पिता मुहुः ।
जलदा इव रेजिरे भृशं विसृजन्तः सलिलानि सर्वतः ॥३०॥
कुसुमप्रकरातिभङ्गुराः पवनाऽऽधूतलता महीरुहाः ।
व्यकिरन्निव तं सुरा हरिं वरमाल्यैः पुरुसौरभैरलम् ॥३१॥
कुसुमैः पतितैः पलाशिनां पतमानैश्च तरुस्थितैश्चलैः ।
अवलोक्य नु यत्र तं मुदा विदधत् खेलमिवानिलो बभौ ॥३२॥
विविधा जगतीरुहां लताः पवमानः कुसुमोत्करान्विताः ।
नितरां परिचालयन्मुहुर्विदधद् गानमिवालिगुञ्जितैः ॥३३॥
पवनः परिनर्तयन् द्रुमान् नदतः कोकिलकाश्च मादयन् ।
परिनर्तनगानकारिणां गुरुतामाप्त इव स्म राजते ॥३४॥

ગુંજતા પહાડ જેવા ઊંચા અનેક પ્રકારના વૃક્ષો ઘણું શોભતા હતા. ॥૨૮॥

ભમરાના ગુંજારવથી ગુંજતા અને અનેક પ્રકારના ફૂલો અને ફળોથી ભરેલા આવા વૃક્ષોને લીધે તે બાગ, વાદળા ઉપર પ્રકટેલા ઈંદ્ર ધનુષ વાળા આકાશના જેવો, સુંદર લાગતો હતો. ॥૨૯॥

જ્યાં વારંવાર પવને ધ્રુજાવેલા અને પુષ્કળ ફૂલોને નીચે વિખેરતા ઝાડ બધી બાજુથી ઘણું પાણી વરસાવતા વાદળા હોય તેવા શોભતા હતા. ॥૩૦॥

ફૂલના ગુચ્છોથી નમી ગયેલી અને પવને ધ્રુજાવેલી વેલો ઉપરથી અને વૃક્ષો ઉપરથી પુષ્કળ સુગંધી ફૂલ ખરીને શ્રીહરિના ઉપર પડતા હતા, તે એમ લાગતું હતું કે દેવતાઓ શ્રીહરિની સભા ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે. ॥૩૧॥

શ્રીહરિના દર્શન કરીને આનંદિત થયેલો પવન પણ વૃક્ષો ઉપરથી ખરી પડેલા, ખરી રહેલા અને ગુચ્છાના રૂપમાં ડાળીઓ ઉપર રહેલા ફૂલોથી ખેલી રહ્યો હોય તેમ શોભતો હતો. ॥૩૨॥

ફૂલોના ગુચ્છાઓવાળી અનેક પ્રકારની વેલો ઝાડ ઉપર ચઢી હતી. તેને વારંવાર ખૂબ જ ઝુલાવતો પવન ભમરાઓના ગુંજનને લીધે ગાન કરતો હોય તેમ અનુભવાતું હતું. ॥૩૩॥

ઝાડને કંપાવતો, હલાવતો તથા ટહુકા કરતી કોયલોને મદ પેદા કરતો

वहता मरु ता समन्ततो नितरां चालयता तरु व्रजान् ।
अनुषक्तलताः पलाशिनो ग्रथिताः स्मेव विभान्ति मालिकाः ॥३५॥
मधुगन्धभृतो महीरु हाः परिविक्षिप्तलता नभस्वता ।
मधुपै रमणीयगुञ्जितैर्विदधाना इव गानमुत्तमम् ॥३६॥
भ्रमरावलिशेखरा बभुः बहुमाल्या मरु ता प्रकम्पिताः ।
तरवो वरनृत्यगानयोर्विदधाना इव चाप्युपक्रमम् ॥३७॥
कपिशैर्विकसद्भिरन्विताः कुसुमैर्यत्र विरेजिरे द्रुमाः ।
मनुजा इव पीतवाससः कनकालङ्करणातिशालिनः ॥३८॥
परिनृत्यकरा इतस्ततो व्यरु चन् यत्र शिखण्डिनां व्रजाः ।
स्फटिकोपलजालशालिभिर्निजपक्षैर्मरु ता विकम्पितैः ॥३९॥
नूत्नप्रवालदलमाल्यललामलीला यस्मिन् रसालफलभूमिरु हा विरेजुः।
प्राप्तोन्मुदोऽत्र मनुजा इव साङ्गरागाः शृङ्गारविभ्रमविधाननिषक्तचिताः।

પવન પણ નર્તક અને ગાયકના ગૌરવને પામ્યો હોય તેમ શોભતો હતો. ॥૩૪॥

સતત ચાલું રહેતા અને વનરાજિને હલાવતા કંપાવતા પવનને લીધે સંકળાઇ ગયેલી વેલો અને વૃક્ષોની કોઇ માળા ગુંથાઈ ગઈ હોય તેમ જણાતું હતું. ॥૩૫॥

પવનને લીધે, ઉપર ચઢેલી વેલો જેની વીંખાઇ ગઇ હતી આવા સુગંધથી ભરપૂર વૃક્ષો ભમરાના રમણીય ગુંજારવથી શ્રેષ્ઠ સંગીત કરતા હોય તેમ લાગતું હતું. ॥૩૬॥

ભમરાના ટોળાં જેના ઉપરના ભાગમાં ભમતા હતા, પુષ્કળ પુષ્પ ગુચ્છોથી લદાયેલા અને પવને કંપાવેલા આવા વૃક્ષો ઉત્તમ પ્રકારના નૃત્ય અને ગાયનનો પ્રારંભ કરતા હોય તેમ શોભતા હતા. ॥૩૭॥

ત્યાં ખીલેલા પીળા રંગના ફૂલોથી ભરપૂર વૃક્ષો, પીતાંબર પહેરીને તેના ઉપર સોનાના ઘરેણાં પહેરી રહેલા મનુષ્ય હોય તેવા શોભતા હતા. ॥૩૮॥

ત્યાં આમ તેમ ઘૂમીને નાચતા મોરના ટોળાં, સ્ફટિક મણિના જેવી ચમકતી અને પવનથી કંપતી પોતાની પાંખોથી ભવ્ય લાગતા હતા. ॥૩૯॥

પરવાળાના જેવા નાના કૂંણા લાલ પાનથી અને ફૂલોથી સુંદર જણાતા આંબાના વૃક્ષ શરીરે અંગરાગ કરીને આનંદિત થયેલા અને શણગાર સજવામાં તન્મય મનવાળા મનુષ્યના જેવા રમણીય લાગતા હતા. ॥૪૦॥

एवं विधे महारामे निषण्णं तत्र तं हरिम् ।
भक्ताः प्रसूनकेयूरहारमुख्यैरपूजयन् ॥४१॥
ततो भक्त्याऽभयो राजा नानासत्पुष्पनिर्मितम् ।
तं प्रावारं तथोष्णीषं धारयामास भास्वरम् ॥४२॥
तं तथा चित्रपुष्पाणां कर्णपूरौ च कुण्डले ।
केयूरौ वलयौ रम्यौ नूपुरौ सोऽप्यधारयत् ॥४३॥
राजंस्तदा स रु रु चे हरिरीक्षणीयो नानाप्रसूनरु चिराऽऽभरणातिशाली ।
प्रोत्फुल्लनीलनलिनावलिशालिगात्रो नानाम्बुजान्वितदिनेशसुताप्रवाहः।
तन्मूर्तिसौरभविशेषविवर्धमानमाघ्राय तत्कुसुमभूषणभूरिगन्धम् ।
भृङ्गा उपेत्य नु वरोपवनं किमेतद्भ्रान्ता इति स्म परिवृत्य जगुस्तमीड्यम्॥
सन्तर्जितोज्ज्वलसुधांशुशतस्मितास्यं
पुष्पाच्छगुच्छविशदीकृतचारु कर्णम् ॥

આવા ભવ્ય મહાન્ બાગમાં વિરાજેલા શ્રીહરિની પૂજા ભક્તોએ ફૂલના બાજુબંધ અને હાર વગેરેથી કરી. ॥૪૧॥

તે પછી દરબાર શ્રીએભલ ખાચરે અનેક પ્રકારના ફૂલોથી કરેલી પછેડી અને રૂપાળી પાઘ શ્રીહરિને ભક્તિભાવથી ધારણ કરાવી. ॥૪૨॥

વળી તેમણે જાત જાતના ફૂલોના તોરા, કુંડળ, બાજુબંધ, વળિયા અને રમણીય ઝાંઝર પણ પહેરાવ્યા. ॥૪૩॥

હે રાજન્ ! તે વખતે શ્રીહરિની મૂર્તિ અતિ દર્શનીય બની હતી. તેઓ અનેક પ્રકારના ફૂલોના સુંદર ઘરેણાથી શોભતા હતા. અને પ્રફુલ્લિત નીલકમળની પંક્તિથી દીપતું તેમનું શરીર અનેક પ્રકારના ખીલેલા કમળથી ભર્યા યમુનાના પ્રવાહના જેવું દેખાતું હતું. ॥૪૪॥

શ્રીહરિના સ્વરૂપના સુગંધથી વધારે થયેલા, ફૂલોના ઘરેણાના સુગંધને સૂંઘીને ત્યાં ભમરા દોડી આવ્યા. અરે ! આ ફૂલોનો બાગ છે કે શું ? આવા ભ્રમથી તે ચારે બાજુ વીંટાઇ વળ્યા અને સ્તુતિ કરવા યોગ્ય આવા શ્રીહરિના ગુણ ગાવા લાગ્યા. ॥૪૫॥

શ્રીહરિના મંદ હાસ્યયુક્ત મુખની તુલનામાં સેંકડો ઉજ્જવળ ચંદ્રમા પણ અપમાનિત થઈ જતા હતા. ફૂલોના સ્વચ્છ ગુચ્છોથી તેમના કાનની રમ્યતા વધી

माल्याऽऽवृताऽखिलशुभाङ्गविराजमानं
भक्ता न तृप्तिमगमंस्तमवेक्षमाणाः ॥४६॥
शान्तं कृपामृतरसार्द्रकटाक्षपातं कर्णान्तदीर्घनयनद्वयदर्शनीयम् ।
पद्मोत्तमाऽऽननविनिःसृतमुग्धगन्धभ्राम्यन्मिलिन्दमुखरीकृतगण्डयुग्मम्।
भ्रूवल्लिसंहृतमनोभवभूरिगर्वं भास्वन्नखेन्दुविलसच्चरणारविन्दम् ।
पादारविन्दगतसन्मकरन्दसक्तसद्वृन्दभृङ्गनिकरोत्तमगीतिरम्यम् ॥४८॥
एवं विराजमानं तं भक्ताश्चानीय सादरम् ।
रम्भाफलानि पक्वानि दाडिमान्युत्तमानि च ॥४९॥
द्राक्षामृतफलादीनि विचित्राण्युत्तमान्यपि ।
भोजयामासुरेवाऽदात्तेभ्योऽश्नंस्तानि स प्रभुः ॥५०॥
अथ सुमर्दलचारु विपञ्चिकाप्रमुखवाद्ययुतं मुनयो हरेः ।
पुरत उत्तमगायनमाचरन् विविधतालवरस्वरमूर्छनम् ॥५१॥

હતી, અને ફૂલમાળા વગેરેથી ઢંકાયેલા સર્વ અંગોથી શોભતા શ્રીહરિના દર્શન કરનારા ભક્તોને તૃપ્તિ થતી નહોતી. ॥૪૬॥

શ્રીહરિનું સ્વરૂપ શાંત હતું. તેમની દૃષ્ટિ કૃપારૂપી અમૃતરસથી ભીની હતી. કાન સુધી લાંબા બન્ને નેત્રોની શોભા દર્શનીય હતી. કમળ કરતા પણ શ્રેષ્ઠ આવા મુખમાંથી પ્રસરતા મોહક સુગંધથી ભ્રાંતિ પામેલા ભમરાઓ ગાલની આસપાસ ગુંજન કરતા હતા. ॥૪૭॥

ભ્રૂલતા (ભ્રૂકુટિ)ને દેખીને કામદેવનો બધો ગર્વ ઊતરી ગયો હતો. તેજસ્વી નખચંદ્રોથી તેમના ચરણ કમળ શોભતા હતા. ચરણ કમળના રસમાં તન્મય થયેલ સંતમંડળ રૂપ ભમરાના વૃંદના શ્રેષ્ઠ ગુંજન-ગાનથી શ્રીહરિ રમણીય લાગતા હતા. ॥૪૮॥

આ રીતે ભક્તો વચ્ચે વિરાજમાન શ્રીહરિની પાસે ભક્તો પાકાં કેળાં અને દાડમ વગેરે ફળ લઈ આવ્યા. ॥૪૯॥

તેમજ પાકી દ્રાક્ષ અને પપૈયા વગેરે ઘણી જાતના ફળ લાવીને શ્રીહરિને જમાડ્યા. જમતાં જમતાં શ્રીહરિએ તે ફળોની પ્રસાદી ભક્તોને આપી. ॥૫૦॥

પછી સંતોએ શ્રીહરિ આગળ વીણા અને મૃદંગ આદિ વાજિંત્ર વગાડીને વિવિધ તાલ, ઉત્તમ સ્વર અને મૂર્છના આદિથી પૂર્ણ સર્વોત્તમ સંગીત કર્યું. ॥૫૧॥

स्वयमपि त्रुटिमेव स वादयन् निजमनांसि हरन्करचेष्टया ।
जलदनादगभीरवरस्वरः सह जगौ मुनिभिर्मधुरं मुदा ॥५२॥
आनन्दमित्थमतुलं निजसंश्रितेभ्यो दत्वा हरिः स वडवामधिरुह्य धार्मिः।
राजन्! प्रफुल्लवदनैः सह तैरशेषैरावासमार्तिशमनो वरमागमत् स्वम् ॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपादाब्जाङ्कितनिघ्नीकृतलक्ष्मीवाटीशोभावर्णनं नाम त्रयस्त्रिंशोऽध्यायः॥३३॥

अथ चतुस्त्रिंशोऽध्यायः

लक्ष्मीवाटीस्थकूपानां भूतीर्थानां समन्ततः ।
चतुस्त्रिंशे तु तद्युक्तक्षेत्राणां वर्णनं कृतम् ॥

श्रीचैतन्यानन्द उवाच
युक्तपिप्पलवृक्षेण लक्ष्मीवाट्यां हि यः प्रहिः ।
दिश्युदीच्यां हरिस्तस्मादवाच्यां चाप्लवं व्यधात् ॥१॥

સંતોના સંગીતના તાલમાં શ્રીહરિ ચપટી વગાડતા હતા અને હાથના લટકાંથી ભક્તોના મનને ખેંચતા હતા. આ રીતે મેઘ ગંભીર શ્રેષ્ઠ સ્વરવાળા શ્રીહરિ સંતોની સાથે પ્રેમથી મીઠું મધુરું ગાન કરતા હતા. ॥૫૨॥

હે રાજન્ ! આ પ્રમાણે દુઃખોને શમાવી દેનારા શ્રીહરિએ પોતાના આશ્રિતોને અમાપ સુખ આપ્યું. પછી ધર્મપુત્ર શ્રીહરિ માણકી ઘોડીએ સવાર થયા અને પ્રસન્ન ચહેરાવાળા તે સહુ ભક્તોની સાથે લક્ષ્મીવાડીએથી દરબારમાં આવીને ત્યાં પોતાને ઉતારે પધાર્યા. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૩ સમાપ્ત

અધ્યાય - ૩૪

લક્ષ્મીવાડીમાં કૂવાઓ અને આસપાસના ક્ષેત્રોનું વર્ણન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, લક્ષ્મીવાડીએ ઉત્તર દિશામાં પીપળા વાળો જે કૂવો છે તેથી દક્ષિણમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧॥

तस्य कूपस्य सान्निध्ये प्रतीच्यां दिशि भूपते! ।
सभायामात्मभक्तानां श्रीहरिः समुपाविशत् ॥२॥
तत्राऽद्य कारितं चिह्नं वर्तते तत्स्मृतिप्रदम् ।
अश्वत्थभूरुहे तस्मिन् स न्यषीदन्मुहुर्मुहुः ॥३॥
तत्कूपस्याऽन्तिके राजन्! क्षेत्रं यद्विद्यते महत् ।
तत्र त्वत्पितरि प्राप्ते दिव्यं ब्रह्मपुरं हरेः ॥४॥
उत्तमेश्वरनामानं प्रतिष्ठाप्य कपर्दिनम् ।
कृष्णार्पणं प्रदत्तं तन्महाक्षेत्रं महीपते! ॥५॥
क्षेत्रे राजन्! हरिस्तस्मिन् स्वभक्तानां महासभाम् ।
विधाप्योपाविशत्तस्यां विष्टरे सुन्दरे हरिः ॥६॥
वर्षे कदाचिदेकस्मिन् सूर्यतापोऽतिदुःसहः ।
आसीत्तदा हरिस्त्वैच्छत्तस्मात्त्रातुं सतः प्रियान् ॥७॥
क्षेत्रे रम्ये ततस्तस्मिन् युक्ते पञ्चशतोन्मितैः ।
बुब्बुलक्ष्मारुहै राजन्! भूरिसाधून् न्यवासयत् ॥८॥

હે ભૂપતે ! તે કૂવાને આથમણે પડખે પોતાના ભક્તોની સભામાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨॥

આજે ત્યાં પ્રસાદીનું સ્મૃતિ ચિહ્ન કરાવ્યું છે તે પીપળાનાં ઝાડ નીચે પણ શ્રીહરિ ઘણીવાર વિરાજ્યા હતા. ॥૩॥

હે રાજન્ ! તે કૂવાની સમીપે જે એક મોટું ખેતર છે ત્યાં તમારા પિતાશ્રી દાદા ખાચર અક્ષરવાસી થયા ત્યારે ઉત્તમેશ્વર નામે મહાદેવજીને પધરાવ્યા. હે મહીપતે ! પછી તે મોટું ખેતર શ્રીગોપીનાથજી મહારાજને કૃષ્ણાર્પણ કર્યું હતું. ॥૪-૫॥

હે રાજન્ ! તે ખેતરમાં પોતાના ભક્તોની સભા કરાવીને સ્વયં શ્રીહરિ તેમાં સુંદર આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૬॥

કોઈ એક વરસમાં સૂર્યનો તાપ અતિ અસહ્ય પડ્યો ત્યારે શ્રીહરિએ પોતાના પ્રિય સંતોને તે તાપથી બચાવવાનો સંકલ્પ કર્યો. ॥૭॥

હે રાજન્ ! પછી લગભગ પાંચસો જેટલા બાવળના ઝાડ જેમાં હતા આવા

अथ प्रत्यासनं तेषां गत्वा प्रीत्या स्वयं हरिः ।
शीतं सशर्करं नीरं तांश्चाशेषानपाययत् ॥९॥
सार्धं सितासमेतेन पक्वचिञ्चारसेन सः ।
भोज्यान्यभोजयत्साधून् पोलिकाश्च घृताप्लुताः ॥१०॥
तत्राऽथ श्रीहरिर्वार्तां सुधास्वादाऽवधीरिणीम् ।
धर्मज्ञानादिसम्बन्धामकार्षीद्विस्मयावहाम् ॥११॥
दिश्युदीच्यां ततः कूपात्क्षेत्रं यद्विद्यतेऽद्य तत् ।
राजन्! देहाख्यभूपेन गोपीनाथाय चार्पितम् ॥१२॥
प्रतीच्यां दिशि तत्प्रान्ते वर्तते यः शमीद्रुमः ।
दशम्यां विजयाख्यायां सोऽर्चिचत् तं मुहुर्मुहुः ॥१३॥
तस्मिन् बाणनरेन्द्रस्य क्षेत्रभागे हि भूपते! ।
लक्ष्मीवाट्यन्तमेवाऽऽसीत्कुल्या दीर्घा तथोन्नता ॥१४॥
राजन्! तस्यां समग्रायां श्रीहरिर्व्यचरत् ततः ।

તે રમણીય ખેતરમાં ઘણા સાધુઓને રાખ્યા. ॥૮॥

પછી સ્વયં શ્રીહરિ પ્રેમથી તે પ્રત્યેક સાધુને આસને પધારતા અને તે બધાને સાકરનું ઠંડુ પાણી પાતા હતા. ॥૯॥

સાકર નાખીને પાકી આંબલીના રસનું આંબલ પાણી કરાવતા અને સારી રીતે ઘી ચોપડેલી રોટલી અન્ય ભોજન અને તે આંબલપાણીથી સંતોને સારી રીતે જમાડતા હતા. ॥૧૦॥

તે સ્થળે શ્રીહરિ અમૃત કરતા પણ અધિક સ્વાદવાળી અને વિસ્મયજનક આવી ધર્મ અને જ્ઞાન વગેરેની વાતો કરતા હતા. ॥૧૧॥

હે રાજન્ ! તે કૂવાથી ઉત્તર દિશામાં અત્યારે જે ખેતર છે તે દરબાર શ્રીદેહાખાચરે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કરી દીધું છે. ॥૧૨॥

તે ખેતરને છેડે પશ્ચિમ દિશામાં એક ખીજડાનું ઝાડ છે. વિજયા દશમીને દિવસ શ્રીહરિ તે ઝાડને વારંવાર (દરવરસે) પૂજતા હતા. ॥૧૩॥

ત્યાં દરબાર શ્રીબાવા ખાચરના ભાગના ખેતરમાં એક લાંબો અને ઊંચો ધોરિયો લક્ષ્મી વાડી સુધી હતો. ॥૧૪॥

તે બધી જ ભૂમિમાં શ્રીહરિ વિચર્યા હતા. તમારા પિતાશ્રીના વિરોધીઓ

तत्राऽऽयंस्त्वत्पितृक्ष्मेशद्वेषिणो विवदीषया ॥१५॥
तदा तेषामशेषाणां शक्तिं सर्वां हरिर्विभुः ।
अहार्षीत् तत्प्रतापेन जडीभूता हि तेऽभवन् ॥१६॥
ततः किञ्चिन्न ते शक्ता वक्तुं मूका इवाऽभवन् ।
तत्प्रतापक्षतौजस्कास्तस्थुश्चित्रार्पिता इव ॥१७॥
लक्ष्मीवाट्यां किलैतस्यां कूपयानस्य वर्त्मनः ।
योऽस्ति वै दक्षिणाऽऽशायां क्षेत्रभागो महीपते! ॥१८॥
सोऽद्य देहाख्यभूपेन गोपीनाथाय चार्पितः ।
आयत्तत्रैकदा सार्धं स जनैरुत्सुकैः हरिः ॥१९॥
ततस्तत्राऽतिविस्तीर्णं शुचिस्थानं समं हरिः ।
प्रीतो विलोक्य सर्वांस्तान् गातुमाज्ञापयत् सतः ॥२०॥
अथ हरिचरणानुरक्तचित्ता मुदिततरा मुनयः परिभ्रमन्तः ।
शुभतरहरिपद्यकान्यगायन् हरिरपि गायति तैः समं स्म राजन्! ॥२१॥

ત્યાં ઝઘડો કરવા આવ્યા હતા. ॥૧૫॥

મહાસમર્થ શ્રીહરિએ તે વખતે તે વિરોધીઓની બધી જ શક્તિ હરી લીધી. શ્રીહરિના પ્રતાપથી તે બધા જડ-પૂતળાં જેવા થઇ ગયા. ॥૧૬॥

મૂંગા જેવા થઇ ગયા. કશું જ બોલી શક્યા નહિ. શ્રીહરિના પ્રતાપથી તેઓનું તેજ- બળ નષ્ટ થઇ ગયું. ચિત્રમાં આલેખ્યા હોય તેવા તે થઇ ગયા. ॥૧૭॥

હે રાજન્ ! લક્ષ્મીવાડીના કૂવાને કાંઠે દક્ષિણ તરફ કોશના બળદને ચાલવાનું જે પયું છે અને આગળ જમીન છે તે અત્યારે શ્રીદેહાખાચરે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કરી છે. પછી તે જગ્યાએ શ્રીહરિ કેટલાક ઉત્સાહી ભક્તોની સાથે પધાર્યા. ॥૧૮-૧૯॥

ત્યાં અતિ વિશાળ સમતલ પવિત્ર આવું તે સ્થાન જોઇને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી સહુ સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી. ॥૨૦॥

હે રાજન્ ! પછી શ્રીહરિના ચરણોમાં પ્રેમયુક્ત ચિત્તવાળા, ગોળ મંડળાકારે રાસના રૂપમાં ઘૂમતા સંતો અતિશય શુભ આવા શ્રીહરિના પદ ગાવા લાગ્યા અને શ્રીહરિ પણ તે સંતોની સાથે ગાવા લાગ્યા. ॥૨૧॥

तत्राऽथ तां हरिरखेलयदीक्षणीयो वाहां सुचारु चलचङ्क्रमरोचमानाम्
सादिव्रजाः स्वतुरगान् समखेलयंस्ते प्रीत्या हरिं प्रियतरं तमवेक्षमाणाः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपादाब्जाङ्कितक्षेत्रकथनं नाम चतुस्त्रिंशोऽध्यायः ॥३४॥

अथ पञ्चत्रिंशोऽध्यायः

लक्ष्मीवाट्यां सवृक्षाऽस्ति पञ्चत्रिंशे तु छत्रिका ।
तथा श्रीहरिदेहोर्ध्वक्रिया यत्र कृताऽस्ति हि ॥

श्रीचैतन्यानन्द उवाच
राजंस्तत्राऽस्तियः कूपश्चिञ्चाभूरु हसन्निधौ ।
दिश्युदीच्यां ततः कूपात्स प्रीत्योपाविशद्धरिः ॥१॥
तत्कूपाद्दक्षिणाशायां योऽस्ति चिञ्चामहीरु हः ।
स तत्रोपाविशद्राजन्! वेष्ट्यमानो निजाश्रितैः ॥२॥
तत्र याऽस्त्युपवेशार्था छत्रिका चातिराजिता ।
सहस्रकृत्व एवेशः स तत्रोपाविशद्धरिः ॥३॥

પછી દર્શનીય મૂર્તિ શ્રીહરિએ સુંદર ચપળ ચાલથી શોભતી પોતાની ઘોડીને ખેલાવી. બીજા જે ઘોડેસવાર સખાઓ હતા, તેમણે પણ પોતાના અત્યંત પ્રિય શ્રીહરિના સન્મુખ પ્રેમભરી દૃષ્ટિ રાખીને પોતપોતાના ઘોડાઓને ખેલાવ્યા. ॥૨૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૪ સમાપ્ત

અધ્યાય - ૩૫

લક્ષ્મીવાડી અને પરિસરમાં તીર્થક્ષેત્ર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ત્યાં લક્ષ્મીવાડીમાં આંબલીના ઝાડ પાસે જે કૂવો છે. તે કૂવાથી ઉત્તર દિશામાં શ્રીહરિ પ્રેમથી વિરાજ્યા હતા. ॥૧॥

હે રાજન્ ! તે કૂવાથી દક્ષિણમાં બીજું જે આંબલીનું ઝાડ છે. ત્યાં પોતાના આશ્રિતોની વચ્ચે શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨॥

ત્યાં જે બેસવા માટેની અતિ સુંદર છત્રી છે ત્યાં તો પરમેશ્વર શ્રીહરિ

आसीत्तत्र हरेरग्रे मुन्यादीनां मुहुर्मुहुः ।
प्रेक्षमाणा हरिं प्रेष्ठं भ्राजमाना महासभा ॥४॥
तत्र भक्तावनोद्युक्तो जनानानन्दयन्निजान् ।
हरिश्चक्रे चरित्राणि तथैश्वर्याण्यदर्शयत् ॥५॥
चतुष्कोणेषु तद्वेद्याश्चत्वारश्चाऽऽम्रभूरुहाः ।
महीयांसो घनच्छाया राजन्नासन्महाफलाः ॥६॥
चारुभूरिफला नम्रशाखांस्तान् वीक्ष्य स प्रभुः ।
भक्तान् स्वं पश्यतो वाक्यं जगादाऽऽनन्दयन्निदम् ॥७॥
सत्सेवार्थं फलानम्रा मुक्ता एते द्रुतां गताः ।
मां तान्यादयितुं भक्तास्त्वरां कुर्वन्ति भूयसीम् ॥८॥
इति श्रुत्वा हरेर्वाक्यं सुधास्वादाधितर्जनम् ।
तन्महाभाग्यवेत्तारो भक्ताः प्रापुर्महामुदम् ॥९॥
पाकशाला हि तद्वाट्यां भूपते! यत्र विद्यते ।

હજારવાર વિરાજ્યા હશે. ॥૩॥

ત્યાં શ્રીહરિની આગળ વારંવાર અતિપ્રિય શ્રીહરિના સ્વરૂપના દર્શન કરતી તથા અત્યંત શોભતી સંતોની વિશાળ સભા ભરાતી હતી. ॥૪॥

ભક્તોનું રક્ષણ કરવામાં તત્પર અને તે ભક્તોને આનંદિત રાખતા શ્રીહરિએ તે સ્થળે અનેક ચરિત્ર કર્યાં હતાં. અને ઐશ્વર્ય પણ દેખાડ્યાં હતાં. ॥૫॥

હે રાજન્ ! તે વેદિકાને ચારે ખૂણે ઘાટી છાયા અને મોટા સારા ફળવાળા જબરા ચાર આંબાના ઝાડ હતાં. ॥૬॥

ઘણા સુંદર ફળથી નમતી ડાળોવાળા તે આંબાની સામે પ્રભુ શ્રીહરિએ જોયું. પછી પોતાની સન્મુખ દૃષ્ટિવાળા તે ભક્તોને રાજી કરતા શ્રીહરિએ તેમને આમ કહ્યું કે ફળથી નમી ગયેલા આ આંબા મુક્તો છે, પણ સંતોની સેવા કરવા વૃક્ષ થયા છે. હે ભક્તો ! આ આંબાઓ મને કેરી જમાડવા માટે ઘણી ઉતાવળ કરે છે. ॥૭-૮॥

અમૃતના સ્વાદને પણ ઝાંખો પાડી દે તેવું શ્રીહરિનું વાક્ય સાંભળીને આંબાઓનું મહાન્ ભાગ્ય છે તેમ સમજનારા તે ભક્તો ખૂબ જ ખુશ થયા. ॥૯॥

स तत्राऽभुक्त भोज्यानि योगनिद्रां तथा व्यधात् ॥१०॥
तस्या अग्रेऽस्ति या वेदी स तत्रोपाविशन्मुहुः ।
तत्समीपे घनच्छायो योऽस्त्यशोकमहीरुहः ॥११॥
स तत्रोपाविशद्राजन्! भूयो भूयोऽस्वपत्तथा ।
तत्राऽऽसनं तु यत्राऽस्ति विधात्रानन्दयोगिनः ॥१२॥
तत्कुट्या हि दिशि प्राच्यां जम्बीरक्ष्मारुहान्तरे ।
कुट्यासीत्तत्र चावात्सीन्निष्कुलानन्दयोगिराट् ॥१३॥
महातपोनिधानस्य निर्वेदालङ्कृताऽऽकृतेः ।
तस्यां कुट्यां हरिस्तस्य न्यषीदत्स्वानुरागिणः ॥१४॥
स तत्रोपाविशत्प्रीत्या तथा शिश्ये हरिर्विभुः ।
तत्र चाशिक्षयद्योगं साष्टाङ्गं स्वप्रियान् मुनीन् ॥१५॥
तत्र यत्राऽस्ति वै स्थानं महिषीणां महीपते! ।
महांस्तत्र घनच्छायः करञ्जक्ष्मारुहोऽभवत् ॥१६॥

હે ભૂપતે લક્ષ્મીવાડીમાં જ્યાં રસોડું છે ત્યાં શ્રીહરિ ભોજન જમ્યા હતા અને યોગનિદ્રા (શયન) પણ કરી હતી. ॥૧૦॥

તેની આગળના ભાગમાં જે ઓટલો છે ત્યાં શ્રીહરિ ઘણીવાર વિરાજ્યા હતા. તે ઓટલાની સમીપે ઘાટી છાયાવાળું આસોપાલવનું ઝાડ છે. ॥૧૧॥

હે રાજન્ ! શ્રીહરિ ત્યાં વારંવાર વિરાજ્યા હતા અને ત્યાં શયન પણ કર્યું હતું. જ્યાં વિધાત્રાનંદ સ્વામીનું આસન છે તે ઓરડીથી પૂર્વ દિશામાં લીંબુનાં ઝાડ છે. ત્યાં યોગિરાજ શ્રીનિષ્કુળાનંદ સ્વામીની ઓરડી હતી. તેમાં તેઓ રહેતા હતા. ॥૧૨-૧૩॥

મહાન્ તપોનિધિ, વૈરાગ્યરૂપ અલંકારથી શોભતા અને પોતાની મૂર્તિમાં પ્રેમવાળા આવા શ્રી નિષ્કુળાનંદ સ્વામીની ઓરડીમાં આવીને શ્રીહરિ વિરાજતા હતા. ॥૧૪॥

ત્યાં મહાસમર્થ શ્રીહરિ પ્રેમથી વિરાજીને શયન કરતા અને પોતાના વહાલા સંતોને આઠ અંગોએ સહિત યોગ શીખવતા હતા. ॥૧૫॥

જ્યાં ભેંશો બાંધવાનું સ્થાન છે ત્યાં ઘાટી છાયાવાળું એક મોટું કણજીનું

स तत्रोपाविशद्भूयस्तत्र शिग्रुद्रुमान्तिके ।
कुटी रम्याऽस्ति साधूनां तद्वेद्यां चाप्युपाविशत् ॥१७॥
तदग्रेऽन्याऽस्ति या राजन्! कुटी रम्या सतां शुभा ।
तत्र साधुजनप्रेष्ठो न्यषीदद्धर्मरक्षकः ॥१८॥
या भूमिर्गोपुरस्यान्तर्वर्तते साऽखिला हरेः ।
अङ्किता पादपद्माङ्कैर्विद्यते पुण्यवीक्षणा ॥१९॥
तत्र यत्राऽवसद्राजन्नचिन्त्यानन्दयोगिराट् ।
तस्मादुत्तरदिग्द्वारा बहिःशालाऽस्ति या खलु ॥२०॥
तस्या वै पूर्वदिग्द्वारा बहिःशालाश्च सन्ति याः ।
भूपते! तासु सर्वासु स न्यषीदन्मुहुर्मुहुः ॥२१॥
लक्ष्मीवाट्यां कृतो राजन्! यस्मिन् स्थाने मनोहरे ।
श्रीहरेर्देहसंस्कारः शास्त्रप्रोक्तविधानतः ॥२२॥
सर्वस्यामेव तद्भूमौ भक्तसंसदि स प्रभुः ।

ઝાડ હતું. ત્યાં શ્રીહરિ ઘણીવાર વિરાજ્યા હતા. અને ત્યાં સરગવાના ઝાડ પાસે સાધુઓ માટેની એક સુંદર ઓરડી છે ત્યાં પણ તેની બહારના ઓટા ઉપર શ્રીહરિ વિરાજ્યા છે. ॥૧૬-૧૭॥

હે રાજન્ તેથી આગળ જે બીજી સંતોની રમણીય શુભ ઓરડી છે. ત્યાં સંતોના પ્રિય અને ધર્મરક્ષક શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૧૮॥

લક્ષ્મીવાડીના દરવાજાની અંદરની જે કાંઇ જમીન છે તે બધી જ શ્રીહરિના ચરણકમળોથી અંકિત (પ્રસાદીની) છે. અને તેના દર્શન પણ પુણ્યરૂપ છે. ॥૧૯॥

હે રાજન્ ! જ્યાં યોગિરાજ શ્રીઅચિંત્યાનંદ સ્વામી રહેતા હતા. ત્યાં જે ઉત્તરાદાબારની ઓસરી છે. ॥૨૦॥

તેને બીજી ઉગમણા બારની પણ જે ઓસરી છે. હે ભૂપતે ! તે બધી જ ઓસરીઓમાં શ્રીહરિ વારંવાર વિરાજમાન થયા હતા. ॥૨૧॥

હે રાજન્ ! લક્ષ્મીવાડીમાં જે મનોહર સ્થળે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીહરિના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો હતો. ॥૨૨॥

જેની તીર્થરૂપ કીર્તિ છે આવા પરમેશ્વર શ્રીહરિ તે બધી જ ભૂમિમાં ભક્તોની

सहस्रकृत्व ईशानस्तीर्थकीर्तिरुपाविशत् ॥२३॥
चरित्राणि विचित्राणि तत्राकार्षीत्तथा हरिः ।
स्वैश्वर्यं चात्मभक्तेभ्यो दर्शयामास मङ्गलम् ॥२४॥
आज्ञया रघुवीरस्य तत्राऽऽचार्यशिरोमणेः ।
शिल्पिभिर्मन्दिरं रम्यं नित्यानन्दो व्यधापयत् ॥२५॥
चित्रचित्रार्चितं चाग्र्यं संराजच्छिखरप्रभम् ।
प्रोल्लसन्मण्डपद्वारं स्तम्भशोभाद्भुतं शुभम् ॥२६॥
नानाजालमहाशोभं सोपानश्रेणिराजितम् ।
तोरणैर्भ्राजितं रम्यैः शिल्पिकौशल्यसूचकम् ॥२७॥
भक्तो गिरिधरो नाम्ना बुद्बुदाख्ये पुरे वसन् ।
तन्मन्दिरं सुधालिप्तं कारयामास वै वणिक् ॥२८॥
तत्र श्रीरघुवीराख्यो देशिकेन्द्रो व्यतिष्ठिपत् ।
श्रीहरेर्मुद्रिते दिव्ये पादपद्मे मनोहरे ॥२९॥

સભા ભરીને હજારો વખત વિરાજમાન થયા હતા. ॥૨૩॥

ત્યાં અનેક પ્રકારના ચરિત્રો કર્યા હતાં તથા પોતાના ભક્તોને મંગળમય પોતાનું ઐશ્વર્ય પણ બતાવ્યું હતું. ॥૨૪॥

આચાર્ય શિરોમણિ શ્રીરઘુવીરજી મહારાજની આજ્ઞાથી સદ્ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામીએ સારા શિલ્પીઓ પાસે ભવ્ય મંદિર કરાવ્યું હતું. ॥૨૫॥

તે અનેક પ્રકારની કલા કારીગરીથી ભરપૂર છે. તેના શિખરનો ઘાટ અને ચમક સુંદર છે. આગળનો ઘૂમટ તથા દરવાજા વગેરે સુંદર છે. સુશોભિત થાંભલાઓથી તે અદ્ભુત દેખાય છે. મંદિર અતિ શુભ અને શ્રેષ્ઠ છે. ॥૨૬॥

હવા, પ્રકાશ માટે અનેક પ્રકારના જાળિયા વગેરેથી તેની શોભા ઘણી વધી ગઇ છે. ત્રણેય દિશામાં પગથિયા ભવ્ય છે. રમણીય તોરણોથી દીપતા મંદિરમાં શિલ્પીઓની કારીગરી સ્પષ્ટ દેખાય છે. ॥૨૭॥

બોટાદના એકાંતિક ભક્ત શેઠશ્રી ગિરિધરલાલ વડોદરીયાએ મંદિરને છોવડાવ્યું હતું. ॥૨૮॥

આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજે તે મંદિરમાં શ્રીહરિના મનોહર અને દિવ્ય ચરણોથી છાપેલા ચરણારવિંદ પધરાવ્યા હતા. ॥૨૯॥

तदा महोत्सवं चक्रे स भूदेवान् सहस्त्रशः ।
भूयसश्चापि मुन्यादीन्नानाभोज्यैरतर्पयत् ॥३०॥
तेभ्यस्ततः स विप्रेभ्यो भूयसीर्दक्षिणा ददौ ।
सर्वभूतहिताऽऽसक्तो वदान्यानां शिरोमणिः ॥३१॥
भूपते! मन्दिरात्तस्माद्दक्षिणस्यां दिशि ह्यभूत् ।
विशाला ललिता शाला साधूनां शुद्धचेतसाम् ॥३२॥
सन्तस्तस्यां मनोज्ञायां दोलायां श्रीहरिं मुदा ।
प्रीत्यैवान्दोलयामासुर्भक्तप्रेयांसमच्युतम् ॥३३॥
चारु चन्दनसन्माल्यहारकेयूरशेखरैः ।
तं हरिं चेतरैरर्घ्यैः पूजयाञ्चक्रिरे मुदा ॥३४॥
तत्र पीयूषतुल्यानि नानाभोज्यान्यभुक्त सः ।
परिवेष्यैव मुन्यादींस्तानि चातर्पयद्भृशम् ॥३५॥
मन्दिरस्य हरिस्तस्य गोपुरस्याऽऽस्पदे नृप! ।
मल्लैरकारयद्रम्यां मल्लक्रीडां विचक्षणैः ॥३६॥

ચરણારવિંદ પધરાવ્યા ત્યારે તેમણે મહોત્સવ કર્યો હતો. તેમાં હજારો બ્રાહ્મણોને અને ઘણા સંતોને અનેક પ્રકારના ભોજનથી જમાડ્યા હતા. ॥૩૦॥

પ્રાણિમાત્રના હિતમાં તત્પર અને દાનીઓમાં શિરોમણિ તે આચાર્યશ્રીએ પછી બ્રાહ્મણોને ઘણી જ દક્ષિણાઓ આપી હતી. ॥૩૧॥

હે ભૂપતે ! તે મંદિરથી દક્ષિણ દિશામાં શુદ્ધ હૃદયવાળા સંતોની એક વિશાળ અને ભવ્ય ધર્મશાળા હતી. ॥૩૨॥

ત્યાં એક વખત સંતોએ મનોહર હિંડોળો બાંધીને તેમાં જેમને ભક્તો ઘણા વહાલા છે આવા અવિકારી શ્રીહરિને પ્રેમથી ઝુલાવ્યા હતા. ॥૩૩॥

સુંદર ચંદન, સુગંધી ફૂલોના હાર, બાજુબંધ તથા તોરા અને બીજા પૂજાના ઉપચારો લઈને સંતોએ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી હતી. ॥૩૪॥

શ્રીહરિ તે ધર્મશાળામાં અમૃત જેવા ભાતભાતના ભોજન સ્વયં જમ્યા અને સ્વયં પીરસીને સંતો વગેરેને પણ ખૂબ જ તૃપ્ત કર્યા હતા. ॥૩૫॥

હે નૃપ ! લક્ષ્મીવાડીનો દરવાજો છે તે સ્થળે શ્રીહરિએ વિચક્ષણ મલ્લોને બોલાવીને મનોહર મલ્લક્રીડા કરાવી હતી. ॥૩૬॥

तस्माद्वै दक्षिणाशायां वर्तन्ते यानि भूपते! ।
धान्यागाराणि रम्याणि श्रीहरिस्तान्यकारयत् ॥३७॥
स न्यषीदद्धरिस्तेषु व्यचरच्चापि वै मुहुः ।
रम्या तेभ्यो बहिःशाला प्राच्यां या दिशि विद्यते ॥३८॥
तत्रोपविश्य रम्यायां स्वाश्रितैरावृतो हरिः ।
चारु हास्यं विनोदाद्यं स्निग्धैर्भक्तैर्व्यधान्मुदा ॥३९॥
तत्सन्निधौ हरिः कूपं राजन्! सोऽचीखनद्विभुः ।
कूपस्योभयतोऽथाऽस्नात्कुण्डिकायां शुचिश्रवाः ॥४०॥
तत्कूपस्याग्रतो मार्गे स्वभक्तानां शुभां हरिः ।
कारयित्वा सभां दिव्यां स न्यषीदन्मुहुर्मुहुः ॥४१॥
जयाया देहसंस्कारस्तद्वाट्यां यत्र भूपते! ।
कृतः शास्त्रानुसारेण तत्र वेदी च कारिता ॥४२॥
तस्मिन् स्थाने हरिर्भूयः स न्यषीदन्महीपते! ।

તેથી દક્ષિણ દિશામાં અનાજ ભરવાના જે સુંદર કોઠાર છે તે શ્રીહરિએ કરાવ્યા હતા. ॥૩૭॥

શ્રીહરિ તે કોઠારના મકાનમાં ઘણીવાર વિરાજ્યા છે અને હર્યા ફર્યા પણ છે. તે કોઠારના મકાનથી પૂર્વ દિશામાં સુંદર એક ઓસરી છે. ॥૩૮॥

ભક્તોની સાથે શ્રીહરિએ તે ભવ્ય ઓસરીમાં વિરાજમાન થઈને પ્રેમી ભક્તોની સાથે સ્નેહથી હાસ્ય વિનોદ આદિ પણ કર્યા હતા. ॥૩૯॥

હે રાજન્ ! પવિત્ર યશવાળા અને મહાસમર્થ શ્રીહરિએ તે કોઠારને નજીક એક કૂવો ગળાવ્યો હતો. તેમાં પાણી આવ્યા પછી બન્ને બાજુ બાંધેલી કુંડીમાં શ્રીહરિ નાહ્યા હતા. ॥૪૦॥

તે કૂવાની આગળના રસ્તામાં પોતાના ભક્તોની દિવ્ય અને શુભ સભા કરીને તેમાં શ્રીહરિ ઘણીવાર વિરાજમાન થયા હતા. ॥૪૧॥

હે ભૂપતે ! લક્ષ્મીવાડીમાં જ્યાં જીવુબા (મોટીબા) ના દેહનો અગ્નિસંસ્કાર શાસ્ત્રોક્ત વિધિથી કર્યો હતો. હાલમાં ત્યાં સ્મૃતિ ચિહ્નના રૂપમાં ઓટો પણ કરાવ્યો છે. ॥૪૨॥

હે રાજન્ ! પહેલા શ્રીહરિ તે સ્થળે વારંવાર વિરાજ્યા હતા, અને પરમ

भद्रं दिव्यं तथैश्वर्यं दर्शयामास पावनम् ॥४३॥
प्रीत्येयं जयया राजन्! वाटिका हरये यदा ।
ससाक्ष्यं सुन्दरं लेखं कारयित्वा समर्पिता ॥४४॥
स भूमौ तर्हि सर्वस्यां लक्ष्मीवाट्या हरिर्विभुः ।
पद्मकौमल्ययुक्ताभ्यामङ्घ्रिभ्यां व्यचरन्नृप! ॥४५॥
स तत्रोपाविशत्कुट्यामद्भुतानन्दयोगिनः ।
तत्सामीप्ये तथा शिश्ये नालिकेरतरोरधः ॥४६॥
लक्ष्मीवाट्यां दिशि प्राच्यामाम्रवृक्षोऽस्ति यो हरिः ।
तस्याऽधस्तात्सदा शिश्ये राजन्! मासत्रयं मुदा ॥४७॥
तस्यां स्थलाब्जवृन्दानां मध्ये चाम्रतरोरधः ।
शिश्ये यत्र हरिश्चेशो वर्तते बकुलद्रुमः ॥४८॥
तत्रात्माश्रितभक्तानां सभायां श्रीहरिर्विरे ।
न्यषीदत्स्वासने युक्ते कोमलैस्तूलिकादिभिः ॥४९॥

પવિત્ર, મંગળકારી, દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૪૩॥

હે રાજન્ ! જ્યારે જીવુબાએ સાક્ષીએ સહિત લેખ કરીને પ્રેમથી આ લક્ષ્મીવાડી શ્રીહરિને અર્પણ કરી. ॥૪૪॥

હે નૃપ ! ત્યારે મહાસમર્થ શ્રીહરિ લક્ષ્મીવાડીની બધીજ જમીનમાં કમળની કોમળતાથીભર્યા ચરણારવિંદથી ચાલીને વિચર્યા હતા. ॥૪૫॥

લક્ષ્મીવાડીમાં યોગી શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની ઓરડી હતી. ત્યાં જઈને શ્રીહરિ વિરાજતા અને તેની સમીપે નાળિયેરના ઝાડ નીચે શયન પણ કરતા હતા. ॥૪૬॥

હે રાજન્ ! લક્ષ્મીવાડીમાં પૂર્વ દિશામાં જે આંબો છે તેની નીચે શ્રીહરિ પ્રેમથી ત્રણ મહિના સુધી કાયમ સૂતા હતા. ॥૪૭॥

લક્ષ્મીવાડીમાં ગુલાબના છોડ વચ્ચેના આંબાના ઝાડ નીચે સૂતા હતા. અને જ્યાં બોરસલીનું ઝાડ છે ત્યાં તેની નીચે પોતાના ભક્તોની સભામાં સુંવાળા ગાદી તકિયા વગેરે બિછાવીને તૈયાર કરેલ સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૪૮-૪૯॥

तत्रामृतफलद्रूणां मध्ये या वर्तते कुटी ।
तत्सन्निधौ स्वभक्तानां निषद्यायामुपाविशत् ॥५०॥
तस्या वै दक्षिणाशायां वर्तते यो मधुद्रुमः ।
तत्राऽऽवृतो निजैर्भक्तैरात्मसक्तैरुपाविशत् ॥५१॥
सतां तत्र कुटी याऽस्ति मिष्टनिम्बतरोरधः ।
स तत्रोपाविशद्राजन्! प्रेक्षमाणो निजाश्रितैः ॥५२॥
प्रतीच्यां दिशि सत्कुट्या विधात्रानन्दयोगिनः ।
मिष्टनिम्बद्रुमस्याधः शिश्ये चोपाविशद्धरिः ॥५३॥
अस्ति यत्र महीपाल! जम्बूवृक्षो महत्तरः ।
तत्र मूलाख्यभक्तस्य सद्गुणस्याऽभवत्कुटी ॥५४॥
हरिस्तत्राऽस्वपद्राजन्! प्राच्यां तस्या दिशि प्रभुः ।
विस्तीर्णं वर्तुलं स्थानं वर्तते मध्यचिह्नयुक् ॥५५॥
तस्मिन् स्थाने निषद्यायां स्वभक्तानां सहस्रशः ।
देशान्तरोपयातानां स न्यषीदन्महोत्सवे ॥५६॥

લક્ષ્મીવાડીમાં પોપૈયાના ઝાડની વચ્ચે જે એક ઓરડી છે તેની પાસેની ભૂમિ ઉપર પોતાના ભક્તોની સભા કરીને શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૫૦॥

તેથી દક્ષિણ તરફ જે મહુડાનું ઝાડ છે ત્યાં પોતાના પ્રેમી ભક્તોની સભા ભરીને શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૫૧॥

હે રાજન્ ! લક્ષ્મીવાડીમાં મીઠા લીમડા નીચે જે સંતોની ઓરડી છે ત્યાં ભક્તો દર્શન કરતા હોય તે રીતે શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૫૨॥

યોગી શ્રી વિધાત્રાનંદ સ્વામીની રમણીય ઓરડીથી પશ્ચિમ દિશામાં રહેલા મીઠા લીમડા નીચે શ્રીહરિએ શયન કર્યું હતું અને ત્યાં વિરાજ્યા પણ હતા. ॥૫૩॥

હે રાજન્ ! જ્યાં ઘણું મોટું જાંબુડાનું ઝાડ છે ત્યાં સારા ગુણવાન્ મૂળજી ભક્તની ઓરડી હતી. ॥૫૪॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિએ ત્યાં શયન કર્યું હતું. ત્યાંથી પૂર્વ દિશામાં વચ્ચે સ્મૃતિ ચિહ્નવાળું વિશાળ ગોળ સ્થાન છે. ॥૫૫॥

તે સ્થાને સમૈયા ઉપર દેશાંતરોથી આવેલા હજારો ભક્તોની વચ્ચે ખાટલા

प्राच्यां तद्गोपुरस्यान्तः प्रवेशे यत्तु वर्तते ।
विस्तीर्णं दक्षिणे भागे स्थानं रम्यं महीपते! ॥५७॥
यत्राद्य कारितं चिह्नं तत्र संघोऽवसन्महान् ।
न्यग्रोधपुरभक्तानां हरीक्षासक्तचेतसाम् ॥५८॥
प्रत्यावासं ततस्तेषां श्रीहरिर्व्यचरन्मुदा ।
तत्र स्वकीयभक्तानां सभायां चाप्युपाविशत् ॥५९॥
लक्ष्मीवाट्या मनोज्ञस्य गोपुरस्यान्तिकेऽस्ति यत् ।
समं स्थानं सुविस्तीर्णं स तत्रोपाविशद्धरिः ॥६०॥
लक्ष्मीवाट्याः सुरम्यायाश्चतुःप्रान्तेषु भूपते! ।
आसीद्वृत्तिः स्नुहिद्रूणां निर्मिता परितो घना ॥६१॥
तां श्रीहरिश्चरन् पद्भ्यां पद्ममार्दवपद्युगः ।
सर्वामालोकयाञ्चक्रे पार्षदैरन्वितो निजैः ॥६२॥
पश्चात्तस्या महावाट्या दिश्यवाच्यां भवन्ति ये ।

ઉપર વિરાજમાન થયા હતા. ॥૫૬॥

હે રાજન્ ! લક્ષ્મીવાડીના ઉગમણા દરવાજાની અંદર પ્રવેશ કરતા જ જે દક્ષિણ તરફ રમણીય વિશાળ સ્થાન છે. ॥૫૭॥

જ્યાં અત્યારે સ્મૃતિ ચિહ્ન કર્યું છે ત્યાં શ્રીહરિના દર્શન કરવામાં તન્મય મનવાળા વડોદરાના હરિભક્તોનો મોટો સંઘ આવીને ઊતર્યો હતો. ॥૫૮॥

શ્રીહરિ તે વડોદરાના હરિભક્તોને હરેક ઉતારે પ્રેમથી ફર્યા હતા અને ત્યાં ભરાયેલી પોતાના ભક્તોની સભામાં વિરાજમાન થયા હતા. ॥૫૯॥

લક્ષ્મીવાડીના મનોહર દરવાજાની પાસેનું જે સમતળ વિશાળ સ્થાન છે ત્યાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૬૦॥

હે ભૂપતે ! ચારે છેડે અતિશય રમણીય લક્ષ્મીવાડીને બધી બાજુ કાંટાળા થોરની ઘાટી વાડ કરેલી હતી. ॥૬૧॥

શ્રીહરિના બન્ને ચરણ કમળના જેવા સુકોમળ હતા. પોતાના પાર્ષદોને સાથે લઈને તે કોમળ ચરણોથી ચાલીને બધી જ વાડીની દેખભાળ કરતા હતા. ॥૬૨॥

આવી મોટી લક્ષ્મીવાડીની પાછળ દક્ષિણબાજુ પથ્થરના જે પાળિયા છે

पुमांसोऽश्ममया राजंस्तेषु चोपाविशद्धरिः ॥६३॥
हरिरथ रयसंज्ञमात्मभक्तं वचनमवोचदिदं हि पूर्वजास्ते ।
भवदृढतरपाशतो विमुक्तिं समुपगता इति विद्धि शुद्धबुद्धे! ॥६४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिचरणाम्भोरुहपावितालयकथनं नाम पञ्चत्रिंशोऽध्यायः ॥३५॥

अथ षड्त्रिंशोऽध्यायः

लक्ष्मीवाटीस्थवृक्षाणां षट्त्रिंशे भाग्यवर्णनम् ।
वासुदेवाऽऽकृतिर्नैव वोढुं योग्यैकदाऽभवत् ॥

श्रीचैतन्यानन्द उवाच
लक्ष्मीवाट्यां हि यावन्तः सन्ति राजन् ! महीरुहाः ।
स तान् सर्वांश्चरन् पद्भ्यां पश्यन् प्राहेति सानुगः ॥१॥
वृन्दावनीयवृक्षेभ्यो भाग्यमेतन्महीरुहाम् ।
महत्तरं हि मद्योगं प्राप्तानामस्ति पार्षदाः! ॥२॥

તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. ॥૬૩॥

અને પછી શ્રીહરિએ પોતાના રયા નામના ભક્તને આવું વચન કહ્યું હતું કે ''તમારા આ બધા પૂર્વજો સંસારના અત્યંત દૃઢ પાશથી બંધાયેલા હતા તે અમારા જોગને લીધે હવે મોક્ષ પામ્યા છે.'' એમ તમે જાણો. ॥૬૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૫ સમાપ્ત

અધ્યાય - ૩૬

લક્ષ્મીવાડીના વૃક્ષોનું ભાગ્ય વર્ણન અને બીજું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! લક્ષ્મીવાડીમાં જેટલા ઝાડ છે તે બધાને પગે ચાલીને પાર્ષદો સાથે નીકળેલા શ્રીહરિએ જોયા અને પછી બોલ્યા કે ''હે પાર્ષદો ! વૃંદાવનના વૃક્ષો કરતાં પણ મારા સંબંધને પામેલા આ બધા વૃક્ષોનું ઘણું મોટું ભાગ્ય છે. ॥૧-૨॥

वृक्षजन्मनिमित्तानां पापानां नाशकारिणा ।
सम्बन्धेनैव मे मुक्तिं यास्यन्त्येतेऽखिला द्रुमाः ॥३॥
भूपते! हरजिन्नाम्नो योऽस्ति भक्तस्य वाटिका ।
तस्यां सोऽचीखनत्कूपं श्रीहरिर्भक्तशर्मदः ॥४॥
तत्कूपाद्दिशि वारुण्यां यत्र बाणाख्यभूभुजा ।
शास्त्रविध्यनुसारेण स्थापितो वर्तते शिवः ॥५॥
तत्रैकमासपर्यन्तं नानाभोज्यान्यभुक्त सः ।
चरित्रं चार्वसुराणां पराभूत्यै हरिर्व्यधात् ॥६॥
या भवत्युत्तराशायां भण्डिलग्रामवर्त्मनः ।
वाटिका सा त्वया दत्ता गोपीनाथाय भूपते! ॥७॥
तस्या वै दक्षिणप्रान्ते सोऽभयाख्याय भूभुजे ।
श्रीहरिर्भद्रमैश्वर्यं दर्शयामास पावनम् ॥८॥
तत्राद्य कारितं चिह्नं वर्तते वसुधापते! ।
सा ततो नाङ्गमालाय दत्ता भूपेन वाटिका ॥९॥

વૃક્ષના જન્મમાં કારણરૂપ, આ વૃક્ષોનું બધું જ પાપ મારા સંબંધથી નાશ પામ્યું છે માટે હવે પછી આ બધા જ વૃક્ષોનો મોક્ષ થશે.'' ॥૩॥

હે ભૂપતે ! ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ હરજી ભગતની વાડીમાં કૂવો ગળાવ્યો હતો. ॥૪॥

તે કૂવાથી આથમણી દિશામાં, જ્યાં દરબાર શ્રીબાવા ખાચરે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શંકરની સ્થાપના કરી હતી. ત્યાં એક માસ સુધી અનેક પ્રકારના ભોજન શ્રીહરિ જમ્યા હતા અને અસુરોના પરાજય માટે સુંદર ચરિત્ર કર્યું હતું. ॥૫-૬॥

હે ભૂપતે ! ભડલીના માર્ગથી ઉત્તર દિશામાં જે વાડી છે તે તમે શ્રી ગોપીનાથજી મહારાજને અર્પણ કરી છે, ॥૭॥

તેને દખણાદે છેડે દરબાર શ્રીએભલ ખાચરને શ્રીહરિએ પોતાનું પાવનકારી મંગળમય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૮॥

હે રાજન્ ! ત્યાં હાલમાં સ્મૃતિ ચિહ્ન કરાવ્યું છે. પછી તે વાડી દરબાર શ્રી એભલ ખાચરે શ્રીનાંગમાલાને આપી હતી. ॥૯॥

तदा तस्या हरिः प्रीत्या चतुःप्रान्तेषु भूपते! ।
पर्यभ्राम्यन्निजैर्युक्तः पार्षदैरनुरागिभिः ॥१०॥
तस्या वाट्या दिशि प्राच्यां योऽस्ति प्रान्ते शमीद्रुमः ।
तत्रोपविश्य राजन्! स प्राश्नादन्नं च भर्जितम् ॥११॥
तद्वाट्या दिशि वारुण्यामल्पनद्यन्वितः प्रहिः ।
क्वचित्तत्कूपसामीप्ये तिष्ठति स्माऽच्युतो हरिः ॥१२॥
एकदाऽस्मात्पुराद्राजन्! वासुदेवं जनव्रजाः ।
भुजङ्गाख्यपुरं नेतुं तमादायाऽव्रजन्मुदा ॥१३॥
तेऽथ प्रापुर्हि तत्कूपात्पूर्वस्यां दिशि चान्तिके ।
मार्गे देवं वहन्तस्तं डोलिकायामवस्थितम् ॥१४॥
जयायास्तेऽथ सङ्कल्पात्तं वोढुं नैव शेकिरे ।
तस्मादुत्तार्य भूमौ तां न्यधुर्वै डोलिकां द्रुतम् ॥१५॥
यतमानास्ततस्ते च शेकुर्नोन्नयितुं नृप! ।

તે સમયે પોતાના સ્વરૂપમાં હેતવાળા પાર્ષદોને લઈને શ્રીહરિ પ્રેમથી તે વાડીના ચારે છેડે ફર્યા હતા. ॥૧૦॥

હે રાજન્ ! તે વાડીનો પૂર્વ તરફનો જે શેઢો છે. ત્યાં એક ખીજડાનું ઝાડ છે. તેની નીચે બેસીને શ્રીહરિએ શેકેલો પોંક ખાધો હતો. ॥૧૧॥

તે વાડીથી પશ્ચિમ દિશામાં નાની વોકળીને કાંઠે કૂવો છે, કોઈ વખતે અવિકારી શ્રીહરિ તે કૂવાની પાસે ઊભા રહ્યા હતા. ॥૧૨॥

હે રાજન્ ! એક વખત કચ્છ-ભુજના હરિભક્તો ગઢપુરથી શ્રીવાસુદેવ નારાયણની મૂર્તિને ભુજ લઈ જવા આવ્યા હતા. તેઓ મૂર્તિ લઈને પ્રેમથી ચાલતા થયા.॥૧૩॥

શ્રીવાસુદેવ નારાયણને ડોળીમાં મૂક્યા. તેને ઉપાડીને રસ્તે ચાલતા તે કૂવાને નજીક પૂર્વ દિશામાં પહોચ્યા. ॥૧૪॥

જીવુબા (મોટીબા) ના સંકલ્પથી તે હરિભક્તો ડોળીને ઉપાડી શક્યા નહિ. તેથી સત્વરે ડોળીને ખભેથી ઊતારીને જમીન ઉપર મૂકી દીધી. ॥૧૫॥

હે નૃપ ! ઘણો પ્રયત્ન કર્યો, છતાં તે હરિભક્તો ડોળીને ઊચકી શક્યા નહિ.

तेऽथ श्रीहरये तूर्णं तद्वृत्तान्तं व्यजिज्ञपन् ॥१६॥
तत्राऽगच्छत्ततो राजन्! पार्षदैरन्वितो हरिः ।
पाणिना वासुदेवार्चां स्पृशति स्माऽतिभास्वराम् ॥१७॥
साऽतिभारमथ त्यक्त्वा वोढुं योग्या च तैरभूत् ।
तां तेऽथोऽपोह्य हर्याद्यै राजदुर्गं सहाऽऽव्रजन् ॥१८॥
वासरे स ततस्तस्मिन् गोपीनाथस्य मन्दिरम् ।
कर्तुमारम्भयाञ्चक्रे कोविदैः शिल्पिभिर्हरिः ॥१९॥
यत्र रायपुरग्राममार्गे साऽल्पातरङ्गिणी ।
वहत्यस्नात्स तत्रेशो नद्यां तस्यां हरिर्विभुः ॥२०॥
तत्र साधुजनप्रेयान् हृत्सु तेषां मुदा हरिः ।
न्यधात्स्वीये पदाम्भोजे ध्यायमाने मुनिव्रजैः ॥२१॥
साऽद्य भूमिस्त्वया सर्वा गोपीनाथाय चार्पिता ।
अस्ति तस्या दिशि प्राच्यां स्थानं धाराख्यमुन्नतम् ॥२२॥

પછી તેમણે તત્કાળ શ્રીહરિની પાસે આવીને તે વૃત્તાન્ત કહ્યું. ॥૧૬॥

હે રાજન્ ! પછી શ્રીહરિ પાર્ષદોની સાથે તે સ્થળે પધાર્યા અને અતિશય તેજસ્વી શ્રીવાસુદેવ નારાયણની મૂર્તિને પોતાને હાથે સ્પર્શ કર્યો. ॥૧૭॥

પછી તે મૂર્તિએ પોતાનો વજન ઘટાડી દીધો અને તે ભક્તો ઉપાડી શકે તેવી થઇ. પછી તે બધાએ વિચાર વિમર્શ કર્યો અને શ્રીહરિ આદિની સાથે મૂર્તિ લઇને પાછા દરબાર ગઢમાં આવ્યા. ॥૧૮॥

પછી શ્રીહરિએ તે જ દિવસ સારા નિષ્ણાત શિલ્પીઓ પાસે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરવાનું શરૂ કર્યું. ॥૧૯॥

જ્યાં રાયપુરના માર્ગમાં નાની વોકળીમાં પાણી વહેતું હતું ત્યાં મહાસમર્થ પરમેશ્વર શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૦॥

સંતો જેમને વહાલા છે આવા શ્રીહરિએ તે સ્થળે સંતમંડળે ધ્યાન કરેલા પોતાના બંને ચરણ કમળને તે સંતોની છાતીમાં ચાંપ્યા. ॥૨૧॥

તે બધી જમીન, હાલમાં તમે શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કરી દીધી છે. તે જમીનથી પૂર્વ દિશામાં થોડી ઊંચી ધાર છે. ॥૨૨॥

तत्राऽथ द्वेषिणं भीमं विग्रहं कर्तुमागतम् ।
सोऽश्वां विद्राव्य दुर्जेयं पराभावयदच्युतः ॥२३॥
मुक्तद्वारा हरिस्तस्य निर्घृणस्य दुरात्मनः ।
निबर्हणं त्वसभ्यस्य कारयामास भूपते! ॥२४॥
राजन्! रायपुरग्रामे यत्र कूपो हि वर्तते ।
तत्स्थानादुत्तशायामेकदोपाविशद्धरिः ॥२५॥
मार्गे ग्रामस्य यो राजन्! होलायाख्यस्य विद्यते ।
शमीवृक्षो हरिस्तस्य स चाऽधस्तादुपाविशत् ॥२६॥
धाराख्यमस्ति यत्स्थानं तद्ग्रामाध्वसमीपतः ।
स तत्रोपाविशच्चाग्र्यं महैश्वर्यं व्यदर्शयत् ॥२७॥
होलायग्राममार्गे यत् महत्क्षेत्रं महीपते! ।
विद्यते नाङ्गमालस्य हरावासक्तचेतसः ॥२८॥
तत्प्रान्तेऽल्पोन्नतस्थाने स्थापितोऽश्मा हि वर्तते ।

ત્યાં એક ભયંકર દ્વેષી ઝઘડો કરવા આવ્યો હતો, પણ અવિકારી શ્રીહરિ પોતાની ઘોડી દોડાવીને ત્યાંથી નીકળી ગયા અને તેનો પરાજય કરાવ્યો. ॥૨૩॥

હે ભૂપતે ! નિર્દય, દુષ્ટ અને અસભ્ય આવા તે દ્વેષીનો વિનાશ શ્રીહરિએ મુક્ત દ્વારા કરાવ્યો હતો. ॥૨૪॥

હે રાજન્ ! રાયપુર ગામમાં જ્યાં કૂવો છે તે સ્થાનથી ઉત્તર દિશામાં એક દિવસ શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૫॥

હે રાજન્ હોળાયા ગામના રસ્તામાં જે એક ખીજડો છે તેની નીચે પણ શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૬॥

તે હોળાયાના રસ્તાને નજીક ધારનામે કહેવાતું થોડું ઊંચું સ્થાન છે ત્યાં પણ શ્રીહરિએ વિરાજીને પોતાનું સર્વોત્તમ મહાન્ ઐશ્વર્ય ભક્તોને દેખાડ્યું હતું. ॥૨૭॥

હે મહીપતે ! હોળાયાને માર્ગે શ્રીહરિના સ્વરૂપમાં મનને તન્મય રાખનારા શ્રીનાંગમાલાનું એક મોટું ખેતર છે. ॥૨૮॥

તેને છેડે સાધારણ ઊંચે સ્થાને એક પથ્થર ઊભો કર્યો છે. હે નૃપ ! તેથી

तस्माद्दिश्यस्ति वारुण्यां स्थानमल्पोन्नतं नृप! ॥२९॥
तत्राऽथ श्रीहरिः प्रीत्या निषद्य स्वोचितासने ।
भर्जितं तेन धान्यं वै भुङ्क्ते स्म स्वीयसम्मुदे ॥३०॥
तस्य रायपुराख्यस्य ग्रामस्याऽस्ति महीपते! ।
प्राचीनैकपदी तस्यां धाराख्यं चोन्नतं स्थलम् ॥३१॥
तत्रैकदोपविश्याऽऽदच्चिर्भटान्युत्तमानि सः ।
तानि चात्मीयभक्तेभ्यः स्वीयप्रासादिकान्यदात् ॥३२॥
कूपोऽस्ति दक्षिणप्रान्ते नानीक्षेत्रस्य यो नृप! ।
तत्कूपाद्दिशि वारुण्यामुन्नतं स्थानमस्ति यत् ॥३३॥
तत्रोपविश्य स प्राश्नान्नूत्नमन्नं च भर्जितम् ।
समाधिं जसुनामानं क्षत्रियं च व्यधापयत् ॥३४॥
क्षेत्रं कृष्णाख्यभक्तस्य सन्मतेर्वणिजोऽस्ति यत् ।
यत्तत्राऽल्पोन्नतं स्थानं विद्यते चारु भूपते! ॥३५॥
स तत्रोपाविशद्रम्ये पार्षदैरन्वितो हरिः ।

પશ્ચિમ દિશામાં થોડું ઊંચું સ્થાન છે. ॥૨૯॥

ત્યાં શ્રીહરિ પોતાના યોગ્ય આસન ઉપર વિરાજ્યા હતા અને શ્રીનાંગ માલાએ શેકેલો પોંક ભક્તોના આનંદ માટે જમ્યા હતા. ॥૩૦॥

હે રાજન્ ! તે રાયપુર ગામ જવાની એક જૂની કેડી હતી. તેમાં આગળ જતા ધાર જેવા ટેકરાવાળું ઊંચું સ્થાન છે. એક દિવસ શ્રીહરિ ત્યાં બેસીને સારાં ચીભડાં જમ્યા હતા. અને ભક્તોને પણ પ્રસાદીરૂપ ચીભડાં આપ્યાં હતાં. ॥૩૧-૩૨॥

હે નૃપ ! નાનબાઈ બાના ખેતરને દક્ષિણ છેડે જે કૂવો છે, તેથી પશ્ચિમમાં જે ઢોરા જેવું થોડું ઊંચું સ્થાન છે. ॥૩૩॥

ત્યાં બેસીને શ્રીહરિ નવા અનાજનો શેકેલો પોંક જમ્યા હતા, અને જસુનામના એક ક્ષત્રિયને સમાધિ પણ કરાવી હતી. ॥૩૪॥

હે રાજન્ ત્યાં સદ્‌બુદ્ધિવાળા કૃષ્ણદાસ નામના વણિક હરિભક્તનું જે ખેતર છે, અને ત્યાં જે થોડું ઊંચું સુંદર સ્થાન છે. તે રમણીય સ્થળે પાર્ષદોની સાથે શ્રીહરિ

हासयन्नर्मवाक्यैस्तान् विनोदं चाकरोद्धसन् ॥३६॥
प्रतीच्यां दिशि वै प्राच्यां होलायग्रामवर्त्मनः ।
या भूरस्ति हरिस्तस्यां न्यषीदच्चावसन्मुहुः ॥३७॥
न्यूनजून्नडधाराख्यं स्थानमस्त्युन्नतायतम् ।
स तत्रोपाविशत्तस्य सन्निधौ चाऽस्ति यत्सरः ॥३८॥
तीरे तस्य तडागस्य न्यषीदत्स्वासने हरिः ।
करोति स्माऽथ भक्तेभ्यस्तद्वृत्तान्तस्य वार्तिकाम् ॥३९॥
महाजून्नडधाराख्यं दीर्घस्थानं तथोन्नतम् ।
यन्मेध्यं विद्यते राजन्! स तत्रोपाविशद्धरिः ॥४०॥
तस्यान्तिके तडागस्य हरिस्तीरे मनोहरे ।
गतः पाषाणवीक्षार्थं स न्यषीदन्महीपते! ॥४१॥
तस्मात्समग्रसीमायां योऽस्ति मेघवटाभिधः ।
ग्रामस्तदवधिस्थानं तुङ्गं चायतमस्ति यत् ॥४२॥
तत्र सर्वत्र वै राजंस्तीर्थस्थानपदाम्बुजः ।

વિરાજમાન થયા હતા અને સારા રમૂજ ભરેલાં વચન કહીને પાર્ષદોને હસાવ્યા અને સ્વયં પણ હસ્યા હતા. અને સુંદર વિનોદ કર્યો હતો. ॥૩૫-૩૬॥

પશ્ચિમ તરફ હોળાયા ગામના માર્ગથી પૂર્વમાં જે ભૂમિ છે ત્યાં શ્રીહરિ ઘણીવાર વિરાજ્યા છે અને ત્યાં રહ્યા પણ છે. ॥૩૭॥

નાની જૂનડ ધાર નામે એક ઊંચું અને લાંબું સ્થાન છે, શ્રીહરિ ત્યાં વિરાજ્યા હતા. અને તેની પાસે જ જે એક તલાવડી છે. તેને કાંઠે સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા, અને ભક્તોને તે તલાવડીના વૃત્તાંતની વાતો કરી હતી. ॥૩૮-૩૯॥

ત્યાં મોટી જૂનડ ધાર નામે એક બીજું ઊંચું અને લાંબું સ્થાન છે. હે રાજન્! ત્યાં સારી શુદ્ધ જગ્યા જોઈને શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૪૦॥

હે રાજન્ ! તેને નજીક તલાવડીને સુંદર કિનારે પથ્થર જોવા માટે ગયેલા શ્રીહરિ ત્યાં વિરાજ્યા હતા. ॥૪૧॥

તે બધી સીમમાં મેઘવડિયા ગામ સુધી જે લાંબુ અને ઊંચું સ્થાન છે. ॥૪૨॥

હે રાજન્ ! જેમના ચરણકમળ તીર્થરૂપ છે આવા ધર્મપુત્ર શ્રીહરિ તે બધા

श्रीहरिर्दयया धार्मिन्र्यषीदद्व्यचरत्तथा ॥४३॥
सोनलाऽपि नदी राजन्नस्ति तच्चरणाङ्किता ।
अन्या स्त्रोतस्विनी चाल्पा नीरवत्यभिधाऽस्ति या ॥४४॥
तस्यां यत्र मरुत्पुत्रो वर्तते स्थापितो नृप! ।
तत्स्थानं विद्यते पुण्यं पादपद्माङ्कितं हरेः ॥४५॥
यन्नालिकेरधाराख्यं वर्तते स्थानमुन्नतम् ।
तस्माद्वै दिशि वारुण्यां जयाया वर्तते प्रहिः ॥४६॥
तस्यान्तिके स भगवान्निजभक्तभर्ता रम्यासने हरिरु दारदयो न्यषीदत् ।
आलोकितो निजजनैरनिमेषदृग्भिर्दीनार्त्तिहृद्भवभयप्रशमप्रतापः ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर माहात्म्ये श्रीहरि चङ्क्रमान्वितनिकेतनकथनं नाम षड्त्रिंशोऽध्यायः ॥३६॥

જે સ્થાન ઉપર દયા કરીને વિરાજ્યા હતા અને વિચર્યા-હર્યા ફર્યા હતા. ॥૪૩॥

હે રાજન્ ! સોનલ અને નીરવતી વગેરે નાની મોટી બીજી વોકળીઓ શ્રીહરિના ચરણારવિંદથી અંકિત (પ્રસાદીની) છે. ॥૪૪॥

હે નૃપ ! સોનલ પાસે જ્યાં હનુમાનજી પધરાવ્યા છે તે સ્થાન પણ શ્રીહરિના ચરણકમળથી અંકિત (પ્રસાદીનું) છે માટે જ તે પરમ પવિત્ર છે. ॥૪૫॥

નાળિયેરી ધાર નામે જે ઊંચું સ્થાન છે તેથી પશ્ચિમ દિશામાં જીવુબા (મોટીબા)નો એક કૂવો છે. ॥૪૬॥

જે ભગવાન પોતાના ભક્તોનું ભરણ પોષણ કરનારા છે, જેમની દયા અતિ વિશાળ છે, દીનજનોની પીડાને હરનારા છે જેમનો પ્રતાપ સંસારના ભયને શમાવનારો છે તે પ્રભુ શ્રીહરિ ઉપર કહેલા કૂવા પાસે વિરાજ્યા હતા ત્યારે નિજભક્તો મટકું માર્યા વિનાની સ્થિર દૃષ્ટિથી તેમના મુખારવિંદ સામે જોઇ રહ્યા હતા. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૬ સમાપ્ત

अथ सप्तस्त्रिंशोऽध्यायः

रल्ल्यानागढालयखोपालाग्रामसीमसु ।
सप्तत्रिंशेऽङ्घ्रिसंशुद्धक्षेत्राणां वर्णनं कृतम् ॥

श्रीचैतन्यान्द उवाच
रल्ल्यानाभिधग्राममार्गस्यैवान्तिकेऽस्ति यत् ।
क्षेत्रं त्वयाद्य दत्तं तद् गोपीनाथाय भूपते! ॥१॥
सुधीर्लब्धाभिधो भक्तस्तत्क्षेत्रं श्रीहरिं मुदा ।
निन्ये भोजयितुं धान्यं नूत्नं सुस्वादुभर्जितम् ॥२॥
तद्भुङ्क्ते स्माऽथ स प्रीत्या स्वान् स्वप्रासादिकं च तत् ।
प्रादात्ततो निजैश्वर्यं दिव्यमित्थं व्यदर्शयत् ॥३॥
तत्क्षेत्राद्दिशि वारु ण्यां यत्राऽश्मा स्थापितोऽस्ति वै ।
तत्रोषितानि भूतानि कृषिकर्तॄनपीडयन् ॥४॥
हरिर्मोक्षं व्यधात्तेषां भूतानां महसात्मनः ।
पद्गैर्मिथो महाशौर्यैर्द्वन्द्वक्रीडामकारयत् ॥५॥
रल्लयानाभिधानस्य मार्गे संवसथस्य यत् ।

અધ્યાય - ૩૭

રળિયાણા, ગઢાળી અને ખોપાળા ગામની પ્રસાદીની સીમ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! રળિયાણા ગામના માર્ગની પાસે જે ખેતર છે, તે તમે હમણાં જ શ્રીગોપીનાથજી મહારાજને અર્પણ કર્યું છે. ॥૧॥

સુબુદ્ધિ લાધા ભક્ત શેકેલો સ્વાદુ નવો પોંક શ્રીહરિને પ્રેમથી જમાડવા માટે તેમને તે ખેતર લઈ ગયા હતા. ॥૨॥

ત્યાં શ્રીહરિ પોંક જમ્યા અને પ્રેમથી પોતાના ભક્તોને પોંકની પ્રસાદી આપી. અને પછી ત્યાં આ પ્રમાણે પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું. ॥૩॥

તે ખેતરથી પશ્ચિમ દિશામાં એક મોટો પથ્થર જમીનમાં બેસાડ્યો હતો. તેમાં ભૂત રહેતા હતા. તે ખેડૂતોને હેરાન કરતા હતા. ॥૪॥

પછી શ્રીહરિએ પોતાના પ્રતાપથી તે બધા ભૂતોનો મોક્ષ કર્યો હતો. પછી ત્યાં મહાન્ શૂરા બબ્બે પાર્ષદોની જોડી કરીને તેમને પરસ્પર ખૂબ જ રમાડ્યા. ॥૫॥

दण्डवन्नतिवत्संज्ञं तुङ्गं चास्त्यायतं स्थलम् ॥६॥
तत्र गुन्द्रालयग्रामं गच्छतः सत्पतेर्हरेः ।
दर्शनं कर्तुमेवाऽऽयन् ब्रह्मेन्द्राद्या दिवौकसः ॥७॥
ततो दृष्ट्वा जनोघैस्ते श्रीहरीक्षामहामुदः ।
दण्डवत् प्राणमत् प्रीत्या साष्टाङ्गं तत्र तं प्रभुम् ॥८॥
तस्मात्स्थानं तदेवाऽऽसीद्दण्डवन्नतिसंज्ञितम् ।
ततो नानोपचारैस्ते पूजयन्ति स्म तं हरिम् ॥९॥
योऽस्ति गढालायग्राममार्गे तत्सीम्नि चातनुः ।
आसुन्दरद्रुमो राजंस्तत्राऽऽयात्स हयस्थितः ॥१०॥
तत्राऽथ दिव्यमैश्वर्यं हरिर्भद्रं व्यदर्शयत् ।
तथाऽतिक्रूरभूतानां व्यधान्मुक्तिं सुदुर्लभाम् ॥११॥
राजन्! गढालयग्राममार्गे योऽस्ति शमीद्रुमः ।
तस्याधस्ताद्धरिः प्रीत्या न्यषीदत् स्वोचितासने ॥१२॥

રળિયાણા ગામના માર્ગે જતા વચ્ચે દંડવત ધારનામે ઊંચું અને લાંબી ધાર વાળું સ્થળ આવે છે. ॥૬॥

સત્પત્તિ શ્રીહરિ ગુંદાળા ગામ જતા હતા. ત્યારે વચ્ચે દંડવત ધારે શ્રીહરિના દર્શન કરવા માટે બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓ આવ્યા હતા. ॥૭॥

શ્રીહરિના દર્શન કરીને ખૂબ જ આનંદિત થયેલા તે દેવતાઓએ ત્યાં પ્રેમથી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા હતા, તેમ ઘણા લોકોએ જોયું હતું. ॥૮॥

પછી દેવોએ અનેક ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી હતી. દેવતાઓએ શ્રીહરિને ત્યાં દંડવત્ પ્રણામ કર્યા હતા તેથી તે સ્થળ ''દંડવત ધાર'' આવે નામે પ્રસિદ્ધ થયું. ॥૯॥

હે રાજન્ ! ગઢાળીને માર્ગે તેની સીમમાં એક મોટું આસોંદરાનું ઝાડ છે ત્યાં શ્રીહરિ ઘોડેસવાર થઈને પધાર્યા હતા. ॥૧૦॥

ત્યાં શ્રીહરિએ મંગળમય દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું અને અત્યંત ક્રૂર ભૂતોને પણ ઘણી દુર્લભ મુક્તિ આપી હતી. ॥૧૧॥

હે રાજન્ ! ગઢાળી ગામને માર્ગે જે ખીજડાનું ઝાડ છે, ત્યાં તેની નીચે પોતાને યોગ્ય આસન ઉપર શ્રીહરિ પ્રેમથી વિરાજમાન થયા હતા. ॥૧૨॥

सेवकाय ततः शम्भोर्भोजगिर्यभिधाय सः ।
भूपेनाऽदापयद्भूमिं श्रीहरिर्धर्मपोषणः ॥१३॥
रामानन्दमुनेः शिष्यस्तस्य चाऽऽसीत्पितामहः ।
सोऽवदत्तस्य वृत्तान्तं श्रीहरिः सर्ववित्तमः ॥१४॥
समाधिं कारयित्वा तं कैलासे स ततो हरिः ।
त्यागिनं मानगिर्याख्यं दर्शयामास तत्प्रियम् ॥१५॥
राजन्नुन्मत्तगङ्गायाः प्रतितीरे सुमन्दिरे ।
वर्तते नीलकण्ठाख्यः शिवोऽस्थात्तत्र स प्रभुः ॥१६॥
निर्बाधागाधबोधाब्धिस्तस्य शम्भोरशेषतः ।
बोधयामास वृत्तान्तं स्वभक्तेभ्यः पुरातनम् ॥१७॥
तत्रोन्नडाख्यभूपस्य बाणादीनां च भूभुजाम् ।
तिस्रो ग्रावकृता आसन् नराकारा हि मूर्तयः ॥१८॥
स पर्यभ्रामयत्तासु श्रीहरिः पाणिपङ्कजम् ।
ततस्तत्रोपविश्यैवं प्राह वाक्यं सुधोत्तमम् ॥१९॥

પછી ધર્મનું પોષણ કરનારા શ્રીહરિએ ભોજ ગિરિ નામે શંકરના પૂજારી અતીતને શ્રીદાદા ખાચર પાસે જમીન અપાવી હતી. ॥૧૩॥

ભોજગિરિના પિતામહ (દાદા) સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય હતા. અત્યંત સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિએ તેનું વૃત્તાંત ત્યાં કહ્યું હતું. ॥૧૪॥

પછી શ્રીહરિએ ભોજ ગિરિને સમાધિ કરાવીને કેલાસમાં મોકલ્યો. અને ત્યાં તેના પ્રિય ત્યાગી માન ગિરિ (માનનાથ) ના દર્શન કરાવ્યા. ॥૧૫॥

હે રાજન્ ! ઉન્મત્તગંગા (ઘેલાનદી) ને સામે (દક્ષિણ) કાંઠે શ્રીનીલકંઠ નામે મહાદેવજી છે ત્યાં શ્રીહરિ ઊભા રહ્યા. ॥૧૬॥

નિર્દોષ અને અગાધ જ્ઞાનના સાગર જેવા શ્રીહરિએ તે નીલકંઠ મહાદેવનું પ્રાચીન બધું જ વૃત્તાંત પોતાના ભક્તો આગળ કહ્યું. ॥૧૭॥

ત્યાં દરબારશ્રી ઉનડ ખાચર તથા બાવા ખાચર આદિક દરબારોના પથ્થરના મનુષ્યાકારે ત્રણ પાળિયા હતા. ॥૧૮॥

શ્રીહરિએ તે પાળિયા ઉપર પોતાના કરકમળ ફેરવ્યા. પછી ત્યાં બેસીને

उत्तमस्याऽस्य चैतासु मत्पाणिस्पर्शतोऽधुना ।
सर्वे पितामहाद्याश्च जाता मुक्ता महागुणाः ॥२०॥
स प्राचीनं ततस्तेषां वृत्तान्तं श्रीहरिः शुभम् ।
अद्भुतं प्रोक्तवान् रम्यं भक्तानानन्दयन्निजान् ॥२१॥
तत्र पिप्पलवृक्षो यस्तथा यो निम्बभूरुहः ।
अधस्तात्स तयो राजन्! स न्यषीदत्सपार्षदः ॥२२॥
शङ्करस्यान्तिके तस्य योऽवतारो हि वर्तते ।
तत्राऽस्नासीत्स मुन्याद्याश्चक्रिरे चाप्लवं मुहुः ॥२३॥
तत्र या नाङ्गमालीयतातस्याऽस्ति पितुर्नृप! ।
पाषाणनिर्मिता मूर्तिर्नराकारा विराजिता ॥२४॥
तत्र या वर्तते वेदी हरिस्तस्यां निषद्य सः ।
इत्थं वाक्यं स्मयन् भक्तं नाङ्गमालं समब्रवीत् ॥२५॥
नाङ्गमाल! हि भक्तस्य पूर्वजास्ते सुमेधसः ।

અમૃતના સમાન મધુર વચન કહ્યું. ॥૧૯॥

આ પાળિયાઓને મારા હાથનો અત્યારે સ્પર્શ થયો છે તેથી શ્રી દાદા ખાચરના મહાન્ ગુણવાન્ પિતામહ આદિ બધા પૂર્વજો મોક્ષ પામ્યા છે. ॥૨૦॥

પછી નિજ ભક્તોને આનંદિત કરતાં શ્રીહરિએ તેમનું શુભ, રમણીય અને અદ્ભુત આવું પ્રાચીન વૃત્તાંત કહ્યું. ॥૨૧॥

હે રાજન્ ! તે નીલકંઠ મહાદેવના મંદિર પાસે એક પીપળાનું ઝાડ છે અને બીજું લીમડાનું ઝાડ છે, તે બંનેની નીચે પાર્ષદોની સાથે શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૨॥

મહાદેવજીના મંદિર પાસે જે ઘેલા નદીનો આરો છે ત્યાં સ્વયં શ્રીહરિ નાહ્યા હતા અને સંતો વગેરે પણ ઘણીવાર નાહ્યા હતા. ॥૨૩॥

હે નૃપ ! ત્યાં નાંગ માલાના પિતામહનો નરાકારે પથ્થરનો પાળિયો સુંદર શોભે છે. ॥૨૪॥

અને ત્યાં ઓટો છે તેના ઉપર બેસીને હસતાં હસતાં શ્રીહરિએ પોતાના ભક્ત શ્રીનાંગ માલાને કહ્યું. ॥૨૫॥

मुक्तिमाप्ताः सुखं प्राप्ता एकसप्ततिपुरुषाः ॥२६॥
ततोऽपश्यत्स यामिन्यां दिव्यदृष्ट्या तदाप्तया ।
दुर्लभां मुक्तिमापन्नान् पूर्वजान् स्वान् हि भूरिशः ॥२७॥
तस्माद्वै दिशि वारुण्यां तुङ्गं दीर्घं तथाऽस्ति यत् ।
स्थानं मारुतिधाराख्यं स तत्रोपाविशद्धरिः ॥२८॥
मुक्तानन्दादयो राजन्नेकदा सूर्यपत्तनम् ।
गत्वा सद्गुरवस्तस्थुस्तत्र हर्याज्ञया पुरे ॥२९॥
पौरान् भक्तान् सुखं नीत्वा कथावार्तादिभिर्हरेः ।
ते प्रयाणं व्यधुस्तस्मादायातुं दुर्गपत्तनम् ॥३०॥
नावोत्तीर्याऽथ ते वार्द्धिं भावाख्यं नगरं नृप! ।
प्राप्य खोपालसंज्ञस्य ग्रामस्याध्वनमाव्रजन् ॥३१॥
आगच्छतोऽथ तान् प्रेष्ठानाश्रुत्याऽऽरुह्य वाजिनीम् ।
प्रत्यव्रजत्स तांस्तूर्णं वाहां विद्राव्य तां हरिः ॥३२॥

હે નાંગમાલા ! તમે મારા બુદ્ધિમાન ભક્ત છો. તમારા એકોતેર પેઢીના પૂર્વજો મોક્ષ પામીને સુખી થયા છે. ॥૨૬॥

તે પછી શ્રીનાંગમાલાને શ્રીહરિએ દિવ્ય દૃષ્ટિ આપી. તેથી યમપુરીમાં તેમણે જોયું કે પોતાના ઘણા પૂર્વજો સુદુર્લભ મોક્ષ ગતિને પામ્યા છે. ॥૨૭॥

શ્રીનીલકંઠ મહાદેવથી પશ્ચિમ દિશામાં ઊંચું અને લાંબું મારુતિ ધાર નામે સ્થાન છે. ત્યાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૮॥

હે રાજન્ ! એક વખત શ્રીહરિની આજ્ઞાથી શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સદ્ગુરુઓ સુરત ગયા અને ત્યાં રોકાયા હતા. ॥૨૯॥

તેમણે ત્યાં ભગવાન્ શ્રીહરિની કથાવાર્તા કરીને સુરતના હરિભક્તોને રાજી કર્યા. પછી ત્યાંથી પાછા ગઢપુર આવવા માટે સંતો ચાલી નીકળ્યા. ॥૩૦॥

હે નૃપ ! સંતો સુરતથી વહાણમાં બેઠા અને ભાવનગર આવ્યા. ત્યાંથી ગઢપુર આવવા ખોપાળાને માર્ગે ચાલ્યા. ॥૩૧॥

''પોતાના વહાલા સંતો આવી રહ્યા છે'' આવા સમાચાર સાંભળીને શ્રીહરિ ઘોડી ઉપર સવાર થયા. પછી તુરંત ઘોડીને દોડાવીને શ્રીહરિ સંતોની સન્મુખ ચાલ્યા. ॥૩૨॥

दिश्यवाच्यामथ प्रापत्खोपालग्रामवर्त्मनः ।
अथाऽऽरुक्षद्धरिः शैलं वाहास्थो मकराभिधम् ॥३३॥
अथोत्तीर्याऽऽत्मवाजिन्याः स न्यषीदद् गिरेर्हरिः ।
उर्ध्वभूमौ ततोऽपश्यन्मार्गमुत्थाय सत्वरम् ॥३४॥
तांस्तत्राऽऽगच्छतः साधून् प्रेक्षोत्फुल्लेक्षणो हरिः ।
वाहारुढो गिरेस्तस्मात्तूर्णमुत्तीर्णवान्मुदा ॥३५॥
तन्मार्गादुत्तराशायामल्पतुङ्गस्थले हरिम् ।
सन्तस्ते लेभिरे राजन्! प्राणप्रेयांसमच्युतम् ॥३६॥
तावत्तान् प्राणमद्भूमौ पतित्वा दण्डवद्धरिः ।
ततस्ते व्याकुलाः सर्वे साश्रुनेत्राः किलाऽभवत् ॥३७॥
भूयसस्तेऽथ साष्टाङ्गान् प्रणामान् दण्डवद्व्यधुः ।
तस्मै स्वीयेष्टदेवाय वन्द्यमानाय चेश्वरैः ॥३८॥
ततो गद्गदवाचस्तान् प्रेमोद्यत्पुलकाङ्कितान् ।

શ્રીહરિ ખોપાળાના માર્ગથી દક્ષિણ દિશામાં આવ્યા. ત્યાં ઘોડી ઉપર બેસીને જ મગરિયા ડુંગરા ઉપર ચઢ્યા. ॥૩૩॥

ત્યાં ઘોડીએથી નીચા ઊતર્યા અને ડુંગરના ઉપર જ થોડી વાર બેઠા. પછી તુરંત ઊભા થઈને ખોપાળાના માર્ગે દૂર નજર કરી. ॥૩૪॥

રસ્તામાં સંતો આવે છે તેમ જોયું. શ્રીહરિના નેત્ર હર્ષથી ખીલી ગયા. તત્કાળ ઘોડીએ સવાર થયા અને આનંદ સાથે ડુંગર ઉપરથી નીચા ઊતર્યા. ॥૩૫॥

હે રાજન્ ! ખોપાળાના માર્ગથી ઉત્તર તરફના ભાગમાં સાધારણ ઊંચા જેવા સ્થળ ઉપર પોતાના પ્રાણ કરતાં પણ પ્રિય નિર્વિકાર શ્રીહરિને સંતો મળ્યા. ॥૩૬॥

તેટલી વારમાં તો શ્રીહરિએ જમીન ઉપર ઢળી પડીને સંતોને દંડવત્ પ્રણામ કર્યા. તે જોઈને સંતો એકદમ વિહ્વળ થઈ ગયા. આંખોમાં પ્રેમ ભક્તિના આંસુ ભરાઈ આવ્યા. ॥૩૭॥

ઈશ્વરોએ પણ વંદન કરાયેલા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને તે સંતોએ ઘણા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ॥૩૮॥

श्रीहरिः पाणिपद्माभ्यां निर्भरं परिरब्धवान् ॥३९॥
ततः सार्धं स तैरायान्नीलकण्ठशिवालयम् ।
चतुर्भुजेन रूपेण स्वेक्षां तेभ्यस्तदाऽदिशत् ॥४०॥
गौरीशम्भुगणेशाद्या भक्त्या तत्प्रीणनोद्यताः ।
चक्रिरे ताण्डवं नृत्यं श्रीहरेरग्रतः प्रभोः ॥४१॥
तन्नृत्यं सच्चिदानन्दप्रमुखा योगिनो मुदा ।
प्रैक्षन्त प्रेक्षमाणास्तं स्वामिनारायणं हरिम् ॥४२॥
ऐश्वर्यमित्थमखिलाश्रितशर्मकारी दिव्यातुलाद्भुतविभूतिगुणादिधारी।
सद्भ्यो व्यदर्शयदहो!! हरिरार्त्तिदारी सार्धं हि तैरथ स दुर्गपुरं समायात्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचरणाङ्कितनिलयादिनिरूपणं नाम सप्तत्रिंशोऽध्यायः

પછી પ્રેમથી રોમાંચિત થઈ ગયેલા તથા ગદ્ગદ કંઠથી બોલતા તે સંતોને શ્રીહરિ બાથમાં લઈને ઘણીવાર સુધી એકેકને ભેટી પડ્યા. ॥૩૯॥

પછી તે સહુ સંતોને સાથે લઈને શ્રીહરિ શ્રીનીલકંઠ મહાદેવજીને મંદિર આવ્યા. તે સમયે શ્રીહરિએ સહુને પોતાના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા. ॥૪૦॥

પાર્વતીજી, મહાદેવજી અને ગણેશજી આદિ સહુ શ્રીહરિને રાજી કરવા પ્રયત્નશીલ થઈને તે મહાપ્રભુની આગળ ભક્તિભાવથી તાંડવ નૃત્ય કરવા લાગ્યા. ॥૪૧॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામી વગેરે સિદ્ધયોગ સંતો પ્રેમથી શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનના દર્શન કરતા હતા ત્યારે તેમણે તે તાંડવ નૃત્યના દર્શન પણ કર્યા. ॥૪૨॥

સર્વ આશ્રિત ભક્તોને સુખ આપનારા, દિવ્ય, અમાપ, અદ્ભુત ઐશ્વર્યો અને ગુણોને ધારણ કરનારા અને ભક્તોના કષ્ટને કાપનારા આવા શ્રીહરિએ અહો ! આશ્ચર્યરૂપ આવું ઐશ્વર્ય બતાવ્યું અને પછી તે સહુ સંતમંડળની સાથે ગઢપુર ગામમાં પધાર્યા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૭ સમાપ્ત

॥३७॥

अथाऽष्टत्रिंशोऽध्यायः

अष्टत्रिंशे तु खोपालाध्वस्थवाप्याश्च वर्णनम् ।
सन्ति सहस्त्रधाराख्यतीर्थादारभ्य यानि च ॥

श्रीचैतन्यानन्द उवाच
एकदाऽऽज्ञापयच्छ्रेष्ठं नित्यानन्दं विपश्चितम् ।
सद्गुरुं मण्डलोपेतं यातुं सूर्यपुरं हरिः ॥१॥
स्वीयमण्डलसंयुक्तः स प्रतस्थेऽथ स प्रभुः ।
तं प्रस्थापयितुं प्रायात्तदाऽश्वस्थो निजैर्युतः ॥२॥
ततः खोपालसंज्ञस्य मार्गे ग्रामस्य वापिका ।
या जीववर्मभूपेन कारिता सोऽस्ति तामगात् ॥३॥
तस्या वाप्यास्ततो नीरं मिष्टं मृष्टं न्यपाद्धरिः ।
तत्स्वप्रासादिकं प्रीत्या तान् साधूंश्चाप्यपाययत् ॥४॥
अष्टतालाभिधग्राममार्गाद्वै दिशि पाशिनः ।

અધ્યાય - ૩૮

ખોપાળાના માર્ગની વાવનું અને સહસ્રધારાથી ઘેલાનદીનું વર્ણન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક દિવસ શ્રીહરિએ વિદ્વદ્વર્ય સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીને પોતાના મંડળ સાથે સુરત જવાની આજ્ઞા કરી. ॥૧॥

પછી સ્વામી મંડળ સાથે સુરત જવા નીકળ્યા. તે સમયે શ્રીહરિ ઘોડે સવાર થયા અને સંત હરિભક્તોને સાથે લઈને શ્રીનિત્યાનંદ સ્વામીને વળાવવા માટે ચાલ્યા. ॥૨॥

પછી ખોપાળા ગામને માર્ગે શ્રી જીવાખાચરે જે વાવ કરાવી હતી ત્યાં પહોંચ્યા. ॥૩॥

શ્રીહરિએ તે વાવનું નિર્મળ અને મીઠું પાણી સ્વયં પીધું અને તે સહુ સંતોને પ્રેમથી પાયું. ॥૪॥

અડતાળા ગામના માર્ગથી પશ્ચિમમાં જે હનુમાનજીનો ખીજડો છે ત્યાં

मारुतीयः शमीद्रुर्यः सोऽस्ति तत्रोपविष्टवान् ॥५॥
एकदा स हयारूढो ग्रामसीमाविनिर्णयम् ।
कर्त्तुमुन्मत्तगङ्गायाः प्रतीरे स्वैर्युतोऽव्रजत् ॥६॥
आरभ्याऽथ महाबुद्धे! श्रीहरिस्तं शमीद्रुमम् ।
योग्यमेद्याध्वपर्यन्तं सीमाया निर्णयं व्यधात् ॥७॥
ततस्तं प्रश्नमप्राक्षीत्पूर्ववृत्तान्तगोचरम् ।
जीववर्मा नृपस्तस्य समाधानं व्यधाद्धरिः ॥८॥
ग्रामो माण्डव्यधाराख्यस्तथा रामपुराभिधः ।
वर्तते यो महीपाल! या सीमा विद्यते तयोः ॥९॥
तत्समीपेऽतिगम्भीरो ह्रदो यो वर्तते महान् ।
पावनोन्मत्तगङ्गायां सशब्दाधिपतज्जलः ॥१०॥
तस्मिन् स्वच्छजले स्नानं चकार श्रीहरिर्विभुः ।
तस्याग्रे कुल्यया चाल्पे प्रवाहे चामलोदके ॥११॥
श्रीहरिस्तस्य सामीप्ये ह्रदे स्नानं तथाऽकरोत् ।

શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૫॥

એક દિવસ શ્રીહરિ ઘોડે સવાર થયા, અને ગામના સીમાડાનો નિર્ણય કરવા માટે ઉન્મત્તગંગા (ઘેલા નદી) ના સામે કાંઠે નિજ ભક્તો સાથે પધાર્યા. ॥૬॥

હે મહાબુદ્ધે ! પછી શ્રીહરિએ હનુમાનજીના ખીજડાથી આરંભીને ઉગામેડીના માર્ગ સુધી સીમાડાનો નિર્ણય કર્યો. ॥૭॥

પછી ત્યાં દરબાર શ્રી જીવાખાચરે શ્રીહરિને પ્રાચીન વૃત્તાંત બાબતનો પ્રશ્ન કર્યો ત્યારે શ્રીહરિએ તેનું સમાધાન કર્યું હતું. ॥૮॥

હે રાજન્ ! માંડવધાર અને રામપરા, આ બન્ને ગામનો જ્યાં સીમાડો છે તેને નજીક ઉન્મત્તગંગા (ઘેલા) નદીમાં ઘેરા અવાજ સાથે પુષ્કળ પાણી વહેતું હોય તેવો અને ઘણો ઊંડો એક મોટો પાણીનો ધરો છે. ॥૯-૧૦॥

મહાસમર્થ શ્રીહરિએ તે સ્વચ્છ પાણીના ધરામાં સ્નાન કર્યું હતું. તેથી આગળ ખળખળિયાના સાંકડા પ્રવાહવાળા નિર્મળ જળમાં પણ સ્નાન કર્યું હતું. ॥૧૧॥

અને તેની બાજુના ધરામાં પણ સ્નાન કર્યું હતું. ત્યાં શ્રીહરિએ એક અદ્‌ભુત

तत्रैकं चाद्भुतं दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥१२॥
यत्तु माण्डव्यधाराख्यग्रामस्याऽस्त्युपशल्यतः ।
अल्पपाषाणसंयुक्तं तीर्थं खल्खलयाभिधम् ॥१३॥
तत्राऽप्लवं व्यधाद्रम्ये हरिस्तीर्थाङ्घ्रिपङ्कजः ।
देहिनां श्रेयसे राजंस्तीर्थपावनकृत्तमः ॥१४॥
राजन्! माण्डव्यधाराख्यग्रामस्यैवोपशल्यतः ।
सान्धकारा नदी याऽल्पा गङ्गायां यत्र सङ्गता ॥१५॥
स तत्राऽस्नाद्धरिर्धार्मिर्यत्राऽस्त्युत्तरणार्थकम् ।
तीर्थं माण्डव्यधाराख्यं होलायग्राममार्गतः ॥१६॥
हरिस्तत्राऽकरोत्स्नानं याऽस्ति चैकपदी नृप! ।
ग्रामान्माण्डव्यधाराख्यान्नद्यामुत्तरणार्थिका ॥१७॥
तत्राऽस्नात्स शुभे राजंस्तद्ग्रामस्योपशल्यतः ।
यत्रास्त्युन्मत्तगङ्गायां माण्डव्यर्षेर्बिलं महत् ॥१८॥
स विविक्तप्रियो धार्मिर्निर्बाधे तत्र भूपते! ।

અને દિવ્ય પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૧૨॥

માંડવધાર ગામને નજીક નાના નાના બેઠા પથ્થરવાળું ''ખળખળિયો'' આવા નામનું તીર્થ છે. હે રાજન્ ! તીર્થોને પણ અત્યંત પવિત્ર કરનારા અને જેના ચરણ કમળ જ તીર્થરૂપ છે આવા શ્રીહરિએ લોકોના કલ્યાણ માટે તે તીર્થમાં સ્નાન કર્યું હતું. ॥૧૩-૧૪॥

હે રાજન્ ! માંડવધાર ગામને નજીક એક અંધારી વોકળી છે, તે જ્યાં ઉન્મત્તગંગામાં ભળે છે, ત્યાં ધર્મપુત્ર શ્રીહરિએ સ્નાન કર્યું હતું. જ્યાં હોળાયા ગામના માર્ગથી ઉન્મત્તગંગામાં ઊતરાય છે ત્યાં માંડવ્યધાર નામનું તીર્થ છે. ત્યાં પણ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. માંડવધાર ગામમાંથી નદીમાં ઊતરવાની જે કેડી છે ત્યાં પણ શ્રીહરિ નાહ્યા હતા. ॥૧૫-૧૭॥

હે રાજન્ ! માંડવધાર ગામને નજીક જ્યાં માંડવ્ય ઋષિની મોટી ગુફા છે તે શુભ સ્થાને ઉન્મતગંગામાં શ્રીહરિ નાહ્યા છે. ॥૧૮॥

ધર્મપુત્ર શ્રીહરિને એકાંત સ્થળ પ્રિય છે તેથી ભગવાનનું ધ્યાન કરવા માટે

हरिध्यानोचिते पुण्ये न्यषीदद्राजिते शुभे ॥१९॥
तत्समीपेऽस्ति यत्स्थानं नीरस्यायतविस्तृतम् ।
स तत्र श्रीहरिश्चक्रे स्नानं सार्धं निजाश्रितैः ॥२०॥
तत्र योऽतिघनच्छायो वर्तते पिप्पलद्रुमः ।
स तत्रोपाविशद्रम्ये मूले पुण्यतरोर्हरिः ॥२१॥
एका तत्राऽस्ति विस्तीर्णा भूपतेऽश्ममहाशिला ।
तस्यामात्मीयभक्तानां निषद्यायामुपाविशत् ॥२२॥
स तत्राऽतिशुभं दिव्यं पापतापापहं वरम् ।
प्रादर्शयत्स्वमैश्वर्यं स्वपरत्वादिसूचकम् ॥२३॥
स्वभक्तेभ्यस्तथा पुण्यं माण्डव्याख्यस्य स प्रभुः ।
महर्षेरब्रवीत्प्रीत्या वृत्तान्तं तपसां निधेः ॥२४॥
तद्बिलस्योपरि स्थाने रम्ये चोपाविशद्धरिः ।
द्वितीये तत्र वै तुङ्गे न्यषीदच्चोत्तमे स्थले ॥२५॥

યોગ્ય, પવિત્ર, સુશોભિત, શુભ અને નિર્બાધ તે સ્થળમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧૯॥

તે ગુફાની પાસે વિશાળ અને લાંબું પાણીથી ભરેલું સ્થાન છે તેમાં શ્રીહરિ નિજ આશ્રિતોની સાથે નાહ્યા હતા. ॥૨૦॥

ત્યાં ઘણી ઘાટી છાયાવાળું એક પીપળાનું ઝાડ છે. તે પવિત્ર ઝાડના મૂળ પાસે શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૧॥

હે ભૂપતે ! તે જગ્યા એ પથ્થરની એક મોટી શિલા છે. તેના ઉપર ખાટલો ઢળાવીને ભક્તોની સભામાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૨॥

શ્રીહરિએ ત્યાં અત્યંત શુભ, દિવ્ય, પાપ અને તાપને નાશ કરનારું, શ્રેષ્ઠ અને પોતાના સર્વોપરિભાવને સૂચવનારું પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૨૩॥

પ્રભુ શ્રીહરિએ ત્યાં પોતાના ભક્તો આગળ તપોનિધિ માંડવ્ય નામના મહર્ષિનું પવિત્ર વૃત્તાંત પ્રેમથી કહ્યું હતું. ॥૨૪॥

ગુફાની ઉપરના રમણીય સ્થાનમાં શ્રીહરિ વિરાજ્યા હતા અને તે સિવાય ત્યાં બીજે એક ઉત્તમ તથા ઊંચે સ્થાને પણ વિરાજ્યા હતા. ॥૨૫॥

बिलात्तस्माद्दिशि प्राच्यां स्वच्छनीरोऽस्ति यो ह्रदः ।
तत्राऽस्नात्तीर्थमाहात्म्यं श्रीहरिर्विर्धयन् विभुः ॥२६॥
राजन्! माण्डव्यधाराख्यग्राममार्गस्य चान्तिके ।
यत्र चोतरणस्थानं चारु दुर्गपुराध्वनः ॥२७॥
श्रीहरिस्तत्र सोऽस्नासीत्पूर्वस्यां दिशि वै ततः ।
तीर्थं खल्खलयाख्यं यत्तत्राऽस्नाच्च मुहुर्मुहुः ॥२८॥
तत्राऽभुक्त सुभोज्यानि हरिर्नानाविधानि सः ।
आत्मप्रासादिकानीशस्तानि स्वेभ्यो ददौ मुदा ॥२९॥
ततो माण्डव्यधाराख्यग्रामे मानवमृत्युकृत् ।
आसीच्चोपद्रवो राजन्! मारीरोगस्य दुःसहः ॥३०॥
सोऽन्तर्यामी ततो जानन् दुःखं तद्ग्रामवासिनाम् ।
जनानां मृत्युभीतानामासीद्राजन्! दयाकुलः ॥३१॥
तमागत्याऽथ स ग्रामं मारीरोगाधिदेवताम् ।
द्रावयामास तद्ग्रामात् स्वप्रतापेन कम्पिताम् ॥३२॥

તે ગુફાથી પૂર્વમાં સ્વચ્છ પાણીથી ભરેલો જે ધરો છે તેમાં તીર્થનું ગૌરવ વધારતા મહાસમર્થ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૬॥

હે રાજન્ ! માંડવધાર ગામના માર્ગની પાસે જ ગઢપુર જવાના માર્ગે જે નદીમાં ઊતરવાનો સુંદર ઢાળ છે ત્યાં શ્રીહરિ નાહ્યા હતા અને તેથી પૂર્વ દિશામાં ખળખળિયા નામે જે તીર્થ છે ત્યાં પણ વારંવાર નાહ્યા હતા. ॥૨૭-૨૮॥

તે સ્થળે અનેક જાતના ભોજન શ્રીહરિ જમ્યા હતા અને પોતાની પ્રસાદીના તે ભોજન સર્વભક્તોને પરમેશ્વર શ્રીહરિએ પ્રેમથી આપ્યા હતા. ॥૨૯॥

હે રાજન્ ! તે પછી માંડવધાર ગામમાં માણસનું મોત કરે તેવો મરકીના રોગનો અસહ્ય ઉપદ્રવ થયો હતો. ॥૩૦॥

હે રાજન્ ! પછી મોતથી ડરી ગયેલા તે ગામવાસી લોકોના દુઃખને સમજનારા અન્તર્યામી શ્રીહરિ દયાથી વ્યાકુળ થઈ ગયા. ॥૩૧॥

પછી શ્રીહરિએ માંડવધાર આવીને પોતાના પ્રતાપથી ધ્રૂજતી તે મરકીના રોગની અધિદેવતાને તે ગામથી તગડી મૂકી. ॥૩૨॥

ततश्चित्कृत्य तां त्रस्तां धावमानां जनव्रजाः ।
दृष्ट्वा विस्मयमापन्नाः प्रतापं श्रीहरेर्जगुः ॥३३॥
प्रीत्योपेत्याऽथ तत्तीर्थं स तत्राऽप्लवनं व्यधात् ।
अस्ति तस्माद्दिशि प्राच्यां नीरस्थानं सुविस्तृतम् ॥३४॥
तत्राऽस्नासीत्स पूर्वस्यां तस्माद्वै दिशि वर्तते ।
नद्यल्पा तत्समीपे यत्तीर्थं खल्खलयाभिधम् ॥३५॥
स तत्राऽस्नान्नदीतीरे कूपस्यैवाऽस्ति योऽन्तिके ।
श्रीमद्दुर्गपुरस्याध्वा वर्तते भूपते! महान् ॥३६॥
तन्मार्गस्यान्तिके रम्यं विस्तीर्णं चायतं महत् ।
वर्तते यज्जलस्थानं तत्राऽस्नासीद्धरिर्मुदा ॥३७॥
उत्तुङ्गरोधसस्तस्य छायायां स ह्युपाविशत् ।
अस्ति तस्माद्दिशि प्राच्यां महीयस्यौपली शिला ॥३८॥
पूर्णिमायां स शारद्यां श्रीहरिर्भूपते! विभुः ।
आप्लुत्योन्मत्तगङ्गायां तच्छिलायामुपाविशत् ॥३९॥

પછી ત્રાસી ગયેલી અને ચીસ પાડીને ભાગતી તે મરકીને ગામ લોકોએ દેખી, તેથી તેઓ વિસ્મિત થયા અને શ્રીહરિના પ્રતાપની વાતો કહેવા લાગ્યા. ॥૩૩॥

તે ખળખળિયા તીર્થમાં પ્રેમથી આવીને શ્રીહરિએ સ્નાન કર્યું હતું. તેથી પૂર્વ દિશામાં વિશાળ જગ્યામાં પાણી ભરાયેલું રહે છે. શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું હતું અને તેથી પણ પૂર્વમાં એક નાની વોકળી ઘેલામાં ભળે છે, તેની સમીપે ખળખળિયા નામે બીજું તીર્થ છે. ત્યાં પણ શ્રીહરિ નાહ્યા છે. હે રાજન્ ! ત્યાં નદીને કિનારે એક કૂવો છે અને તેની પાસે ગઢપુર જવાનો મોટો માર્ગ છે. ॥૩૪-૩૬॥

તે માર્ગને નજીક મોટું વિશાળ અને લાંબું પાણી ભરેલું સ્થાન છે ત્યાં શ્રીહરિ પ્રેમથી નાહ્યા હતા. ॥૩૭॥

ત્યાં કિનારાની ઊંચી ભેખડની છાયામાં શ્રીહરિ વિરાજ્યા હતા. તેથી પૂર્વમાં એક મોટી પથ્થરની શિલા છે. ॥૩૮॥

હે ભૂપતે ! શરદ પૂનમે મહાસમર્થ શ્રીહરિએ ઉન્મત્ત ગંગામાં સ્નાન કર્યું પછી તે શિલા ઉપર વિરાજ્યા હતા .॥૩૯॥

अथाऽसीत्तत्र देवानां प्रेक्षितुं तं ह्युपेयुषाम् ।
हरिं ननम्यमानानां शुभा शोभाद्भुता सभा ॥४०॥
तत्राऽद्भुतं निजैश्वर्यं दर्शयामास वै हरिः ।
तच्छिलायास्ततो ह्यासीद्राजन्! देवशिलाभिधा ॥४१॥
हरिस्तस्या दिशि प्राच्यां सञ्जाते ग्रहणे रवेः ।
स्वामिनारायणाख्यानां सार्धं स्वैः कीर्तनं व्यधात् ॥४२॥
सोऽवतारे हरिस्तस्मिन् स्वच्छनीरे सदादिभिः ।
सार्द्धमुन्मत्तगङ्गायाश्चक्रे स्नानं मुदा विभुः ॥४३॥
तस्माद्धरेर्दिशि गभीरतरो महीयान्नारायणातिशुभनामयुतो ह्रदो यः ।
तस्मिन् हरिः सह सदादिभिरात्मभक्तैः स्नानं चकार मनुजेन्द्र !
सहस्रकृत्वः॥४४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्येमृते श्रीहरिपादाङ्कितस्थाननिरू पणं नामाष्टत्रिंशोऽध्यायः॥३८॥

પછી ત્યાં શ્રીહરિના દર્શન કરવા આવેલા અને વારંવાર અતિશય પ્રણામ કરતા દેવતાઓની શુભ અને શોભાથી અદ્‌ભુત સભા ભરાઈ હતી. ॥૪૦॥

ત્યાં શ્રીહરિએ પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય દેખાડ્યું હતું. ત્યારથી આરંભીને તે શિલાનું નામ ''દેવશિલા'' થયું. ॥૪૧॥

તે દેવશિલાથી પૂર્વમાં એક વખત સૂર્યગ્રહણ થયું ત્યારે શ્રીહરિએ ત્યાં પોતાના ભક્તો સાથે ''સ્વામિનારાયણ'' નામની ધૂન કરાવી હતી. ॥૪૨॥

મહાસમર્થ શ્રીહરિએ ઉન્મત્તગંગાના સ્વચ્છ પાણીવાળા તે આરામાં સંત હરિભક્તો વગેરેની સાથે પ્રેમથી સ્નાન કર્યું હતું. ॥૪૩॥

તેથી પૂર્વ દિશામાં ગંભીર અને મોટો 'નારાયણ ધરો' આવે નામે એક ધરો છે. હે રાજન્ ! તેમાં શ્રીહરિએ સંતો વગેરે પોતાના ભક્તો સાથે હજારો વખત સ્નાન કર્યું હતું. ॥૪૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૮ સમાપ્ત

अथैकोनचत्वारिंशोऽध्यायः

इतो माण्डव्यधाराद्धि गङ्गायां सन्ति ये ह्रदाः ।
निर्देशः शुभ एकोनचत्वारिंशे तु तत्कृतः ॥

श्रीचैतन्यानन्द उवाच
पुण्यस्तत्राऽवतारो यो राजन्! खल्खलयाभिधः ।
वर्तते तत्र सोऽस्नासीन्मुक्ताशुभ्रजलान्विते ॥१॥
ह्रदो यश्चाऽस्ति तस्याऽग्रे हरिस्तत्राऽऽप्लवं व्यधात् ।
उदीच्यां दिशि तत्तीरात्तत्राऽस्नासीत् पतंस्तथा ॥२॥
अवाच्यां दिशि तत्तीरात्तत्राऽस्नासीत्पतन् हरिः ।
तत्तीरे दक्षिणाशायां न्यषीदत्सोऽतिराजिते ॥३॥
तस्मादस्त्युत्तराशायां भूपते! या महाशिला ।
तत्र भक्तसभा मध्ये स न्यषीदन्मुहुर्मुहुः ॥४॥
महिष्ठे पुलिने तस्यां स न्यषीदत् पुनः पुनः ।
याऽस्ति तत्राऽतिविस्तीर्णा रम्या दीर्घतरा क्षितिः ॥५॥

અધ્યાય - ૩૯

માંડવધારથી ગઢપુર પુરુષોત્તમ ઘાટ સુધીનો નિર્દેશ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું,

હે રાજન્ ! ઉન્મત્તગંગામાં ખળખળિયા નામનો જે આરો છે ત્યાં શ્રીહરિ મોતી જેવા ઊજળા પાણીમાં નાહ્યા હતા. ॥૧॥

તેની આગળ જે પાણીનો ધરો છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. કિનારાથી ઉત્તર તરફના ધરામાં નાહ્યા હતા અને ધૂબકા પણ માર્યા હતા. ॥૨॥

અને કિનારાથી દક્ષિણ દિશાના ધરામાં પણ સ્નાન કર્યું હતું તથા ધૂબકા માર્યા હતા. દક્ષિણ કિનારા તરફની ભૂમિમાં સુંદર સ્થળ ઉપર વિરાજ્યા પણ હતા. ॥૩॥

તેથી ઉત્તર તરફ જે મોટી શિલા છે ત્યાં શ્રીહરિ વારંવાર ભક્તોની સભામાં વિરાજમાન થતા હતા. ॥૪॥

ઘણા મોટા કિનારા ઉપર ઘણી વાર વિરાજ્યા હતા. ત્યાં જે રમણીય

तस्यां भूमौ समग्रायां स रम्यायामुपाविशत् ।
भूपते! वै दिशि प्राच्यामल्पनद्यन्तमस्ति सा ॥६॥
प्रतीच्यां च दिशि प्राच्यां वर्तते सा वसुन्धरा ।
राजन्! माण्डव्यधाराख्यग्राममार्गान्तमुत्तमा ॥७॥
दक्षिणस्यां तथाऽऽशायां राजंस्तीरावधिक्षितिः ।
अस्ति सोन्मत्तगङ्गाया राजमानातिविस्तृता ॥८॥
भूमिरस्त्येव सा सर्वा पादपद्माङ्किता हरेः ।
स्वैश्वर्याणि विचित्राणि हरिस्तत्राऽप्यदर्शयत् ॥९॥
नारायणह्रदस्याऽस्ति दिश्यवाच्यां हि यत्तटम् ।
वर्तते मार्गपर्यन्तं तत्सर्वं तत्पदाङ्कितम् ॥१०॥
तत्र श्रुत्यघहारीणि गीयमानानि सज्जनैः ।
नानाविधानि दिव्यानि चरित्राण्यकरोद्धरिः ॥११॥
ह्रदात्तस्माद्दिशि प्राच्यां सङ्गताऽल्पाऽस्ति या सरित् ।

અતિવિશાળ અને ખૂબ જ લાંબી ભૂમિ છે તે રમણીય બધી જ ભૂમિમાં શ્રીહરિ વિરાજમાન થયા હતા. હે રાજન્ ! તે જમીન પૂર્વમાં નાની વોકળીના છેડા સુધી છે. ॥૫-૬॥

હે રાજન્ ! પશ્ચિમ અને પૂર્વમાં માંડવધાર ગામના માર્ગ સુધીની તે જમીન ઘણી સારી છે. ॥૭॥

હે રાજન્ ! દક્ષિણમાં પણ ઉન્મત્તગંગાના કાંઠા સુધીની જમીન ઘણી વિશાળ અને સુંદર છે. ॥૮॥

આ બધી જ જમીન શ્રીહરિના ચરણ કમળથી અંકિત (પ્રસાદીની) થયેલી છે. શ્રીહરિએ ત્યાં પણ પોતાના વિચિત્ર ઐશ્વર્ય દેખાડ્યા હતા. ॥૯॥

નારાયણ ધરાનો દક્ષિણ તરફનો કાંઠો રસ્તા સુધીનો જે છે તે બધી જ ભૂમિ શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીની છે. ॥૧૦॥

ત્યાં સાંભળવાથી પાપને બાળે તેવા તથા સંતોએ ગાયેલા આવા અનેક પ્રકારના દિવ્ય ચરિત્ર શ્રીહરિએ કર્યાં હતાં. ॥૧૧॥

નારાયણ ધરાથી પૂર્વમાં એક નાની વોકળી ઉન્મત્ત ગંગામાં ભળી જાય છે.

उन्मत्तगङ्गयाऽगाधो यो ह्रदस्तत्र विद्यते ॥१२॥
तत्राऽस्नासीद्धरिस्तस्माद्यत्प्राच्यां दिशि वर्तते ।
विस्तीर्णं चायतं नीरस्थानं तत्राऽप्लवं व्यधात् ॥१३॥
तस्मात्स्थानाद्दिशि प्राच्यां गङ्गातीरे ह्युदग्दिशि ।
अस्ति त्वत्तातभूपस्य कूपो नद्यम्बुसम्भृतः ॥१४॥
तस्याऽग्रे चातिविस्तीर्णं नीरस्थानं तथाऽऽयतम् ।
अस्ति स्वच्छोदकोपेतं स्नानं तत्राऽऽकरोद्धरिः ॥१५॥
तस्माद्वै दिशि वारुण्यामुत्तरस्मिन्नदीतटे ।
प्रवाहेऽस्त्युन्नतं स्थानं तत्राऽस्नासीत्स भूपते! ॥१६॥
तस्मात्स्थानाद्दिशि प्राच्यां तद्गङ्गोत्तररोधसि ।
राज्ञः कूपोऽस्ति नद्यम्भःपूर्णोऽस्नात्स तदग्रतः ॥१७॥
दिश्युदीच्यां ततः स्थानादस्ति खल्खलयाभिधः ।
प्रवाहोऽल्पो हि तन्नद्यास्तत्राऽस्नासीत्स भूपते! ॥१८॥

ત્યાં જે ઊંડા પાણીનો ધરો છે. ॥૧૨॥

શ્રીહરિ ત્યાં નાહ્યા હતા અને તે સ્થળથી પૂર્વમાં પહોળું અને લાંબું જે પાણી ભરાય છે ત્યાં પણ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૩॥

તે સ્થળથી પૂર્વમાં ઉન્મત્ત ગંગાને ઉત્તર કાંઠે તમારા પિતા દરબાર શ્રીદાદા ખાચરનો નદીના પાણીથી ભરાય તેવો કૂવો (આરિયો) છે. તેની આગળના ભાગમાં ઘણું વિશાળ અને લાંબી જગ્યામાં પાણી ભરાય તેવું સ્વચ્છ જળનું સ્થાન (મોટી પાટ) છે, ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૪-૧૫॥

તેથી પશ્ચિમમાં નદીને ઉત્તર કાંઠે જળના પ્રવાહમાં ઊંચું સ્થાન છે ત્યાં બેસીને પણ શ્રીહરિ નાહ્યા હતા. ॥૧૬॥

તે સ્થાનથી પૂર્વમાં ઉન્મત્ત ગંગાને ઉત્તર કિનારે શ્રીદાદા ખાચરનો નદીના પાણીથી ભરાય તેવો બીજો કૂવો (ઓરિયો) છે. તેની આગળ પણ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૭॥

હે રાજન્ ! તે ઓરિયાથી આગળ ઉત્તર તરફને કાંઠે ખળખળિયાને નામે થોડો જળ પ્રવાહ વહે છે ત્યાં પણ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૮॥

तस्माद्वै दिशि चेन्द्रस्य गङ्गामध्ये महत्तरः ।
पाषाणो विद्यते तस्मिन्निषद्याऽस्नात्स हि प्रभुः ॥१९॥
चरित्रं तत्र सोऽकार्षीत्पूर्वस्यां दिशि वै ततः ।
प्रवाहो वर्तते वक्रस्तत्राऽस्नासीत्स भूपते! ॥२०॥
तस्मादद्य दिशि प्राच्यामवतारोऽस्ति यः कृतः ।
आनन्दजीवनाद्येन दासान्तेनैव साधुना ॥२१॥
तत्रैवोन्मत्तगङ्गाया नीरे स्नानं हरिर्व्यधात् ।
योऽस्ति तस्माद्दिशि प्राच्यां खिज्जडाख्योऽवतारकः ॥२२॥
रल्लयानाभिधग्रामवर्त्मनः सन्निधौ स्थितः ।
तत्र सार्धं मुनीन्द्राद्यैरस्नासीत्स मुहुर्मुहुः ॥२३॥
हरिस्तस्माद्दिशि प्राच्यां व्याघ्रेश्वरकपर्दिनः ।
अग्रे चोन्मत्तगङ्गाया अस्नासीन्निर्मले जले ॥२४॥
शिरोवाण्यभिधा चाल्पा नदी यत्राऽस्ति सङ्गता ।
उन्मत्तगङ्गया राजन्! स्नानं तत्राऽकरोद्धरिः ॥२५॥
तस्मात्प्राच्यां दिशि स्थानं भवत्यल्पाश्मसंयुतम् ।

ત્યાંથી પૂર્વ નદીની અધવચ્ચે ઘણો મોટો એક પથ્થર છે તેના ઉપર બેસીને શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૯॥

શ્રીહરિએ ત્યાં ચરિત્ર પણ કર્યું હતું. હે રાજન્ ! તેથી પૂર્વ દિશામાં વળાંક લઈને પ્રવાહ ચાલે છે ત્યાં પણ શ્રીહરિ નહાયા હતા. ॥૨૦॥

તેથી પૂર્વ દિશામાં શ્રીઆનંદજીવનદાસ સ્વામીએ જે આરો બંધાવ્યો છે. તે જગ્યાએ ઉન્મત્તગંગાના જળમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. તેથી પૂર્વ દિશામાં જે ખીજડિયો આરો, રળિયાણા ગામના માર્ગની પાસે છે ત્યાં, સંત હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ વારંવાર નહાયા હતા. ॥૨૧-૨૩॥

તેથી પૂર્વ દિશામાં વ્યાઘ્રેશ્વર મહાદેવની આગળ ઉન્મત્ત ગંગાના નિર્મળ જળમાં શ્રીહરિ નહાયા હતા. ॥૨૪॥

હે રાજન્ ! શિરવાણિયા નામની વોકળી જ્યાં ઉન્મત્તગંગામાં ભળી છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૫॥

प्रवाहास्तत्र सन्त्यल्पा राजन्! खल्खलयाभिधाः ॥२६॥
तेषु स्नानं स चाकार्षीत्पूर्वाशायां ततोऽस्ति यत् ।
तुङ्गीयाख्यं जलस्थानं राजन्! दीर्घं च विस्तृतम् ॥२७॥
तत्राऽस्नासीद्धरिः प्रीत्या नभस्यस्यादिमे दले ।
एकादशीतिथिः पुण्या वर्तते या महीपते! ॥२८॥
तस्यां बालमुकुन्दं तन्नीरे सोऽस्नपयद्धरिः ।
स्थितं मनोज्ञनौकायां कारयित्वा महोत्सवम् ॥२९॥
तस्माद्राजन्! दिशि प्राच्यामुत्तरस्मिन् सरित्तटे ।
यत्राद्य स्थापितः शम्भुर्वर्तते पार्वतीपतिः ॥३०॥
तदग्रे विद्यते योऽध्वा तीर्थं तस्याऽन्तिकेऽस्ति यत् ।
स्वच्छनीरे हरिस्तस्मिन् स्नानं भद्रयशा व्यधात् ॥३१॥
अस्ति तस्माद्दिशि प्राच्यां पाषाणो यो महत्तरः ।
तत्र कुल्यासमे दीर्घे प्रवाहेऽस्नाद्धरिर्मुदा ॥३२॥
अस्ति तस्माद्दिशि प्राच्यां तीर्थं खल्खलयाभिधम् ।

હે રાજન્ ! ત્યાંથી પૂર્વમાં નાના નાના પથ્થર વાળું સ્થળ છે. ત્યાં ખળખળિયા નામે થોડા પાણીના પ્રવાહ વહેતા હોય છે, તેમાં શ્રીહરિ નહાયા હતા. તેથી પૂર્વ દિશામાં તુંગી પાટ નામે લાંબું પહોળું જે જળસ્થાન છે ત્યાં શ્રીહરિ પ્રેમથી નહાયા હતા. હે રાજન્ ! ભાદરવા સુદમાં જે જળઝીલણી એકાદશીની પવિત્ર તિથિ હોય છે. ॥૨૬-૨૮॥

ત્યારે શ્રીહરિ તે તુંગી પાટના જળમાં સુંદર નૌકામાં પધરાવેલા શ્રીબાલમુકુંદ ભગવાનને મહોત્સવ કરાવીને સ્નાન કરાવતા હતા. ॥૨૯॥

હે રાજન્ ! તેથી પૂર્વમાં નદીને ઉત્તર કાંઠે, જ્યાં અત્યારે પાર્વતીપતિ શંકર પધરાવેલા છે. ॥૩૦॥

તેની આગળ જે માર્ગ છે. તેની નજીક જે તીર્થ છે, તે સ્વચ્છજળના તીર્થમાં મંગળમય યશવાળા શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૧॥

તેથી પૂર્વ દિશામાં જે એક ઘણો મોટો પથ્થર છે, ત્યાં નહેરના જેવા એક સરખા લાંબા પ્રવાહમાં શ્રીહરિ ખુશી થઈને સ્નાન કરતા હતા. ॥૩૨॥

सहस्रकृत्व एवेशस्तस्मिन् स्नानं व्यधाद्धरिः ॥३३॥
प्रतीच्यां दिशि पाषाणात्पूर्वदिश्यस्ति यः परः ।
महिषाख्योऽस्ति पाषाणस्तत्पर्यन्तं नदीजलम् ॥३४॥
नाणुमात्रमपि श्रीमद्धरिस्नानेन वर्जितम् ।
तस्मात्तत्सलिलं पुण्यं तीर्थश्रेष्ठं हि वर्तते ॥३५॥
दिश्यवाच्यां ततस्तीर्थाद्राजन्! खल्खलयाभिधात् ।
स्वच्छनीरान्वितोऽगाधो वर्तते यो महाहृदः ॥३६॥
चातुर्मास्ये हि जायन्ते तत्र खल्खलयाभिधाः ।
चत्वारो वा त्रयो रम्याः प्रावाहा निर्मलाम्भसः ॥३७॥
तेषु सर्वेषु सोऽस्नासीन्महिष्याख्याऽश्मनोऽन्तिके ।
नीरस्थानं सुविस्तीर्णं दीर्घं तत्रोपजायते ॥३८॥
तत्राऽस्नासीत्स वै राजंस्तत्पाषणोपरि हरिः ।
भूयो ह्युपाविशद्दिव्यं स्वैश्वर्यं चाप्यदर्शयत् ॥३९॥

તેથી પૂર્વ દિશામાં ખળખળિયા નામનું તીર્થ છે. પરમેશ્વર શ્રીહરિ તેમાં હજારો વાર નહાયા હતા. ॥૩૩॥

પશ્ચિમ દિશામાં જે પથ્થર છે ત્યાંથી આરંભીને પૂર્વ દિશામાં બીજો ''ભેંસલો પથ્થર'' નામે જે પથ્થર છે ત્યાં સુધીનું નદીનું પાણી એક અણુ જેટલું પણ શ્રીહરિના સ્નાન (ની પ્રસાદી) વિનાનું નથી. તેથી આ ખળખળિયાની આસપાસનું બધું જ પાણી પરમ પવિત્ર અને તીર્થ શ્રેષ્ઠ છે. ॥૩૪-૩૫॥

હે રાજન્ ! ખળખળિયા નામના તીર્થથી દક્ષિણ તરફના ભાગમાં સ્વચ્છ પાણીવાળો ઘણો મોટો અને ઊંડો ધરો છે. ॥૩૬॥

ચોમાસામાં ત્યાં ખળખળિયા નામના નિર્મળ જળના ત્રણ કે ચાર પ્રવાહો વહેતા હોય છે. ॥૩૭॥

તે બધા જ પ્રવાહોમાં શ્રીહરિ નહાતા હતા. અને ''ભેંસલા'' પથ્થરને નજીકનું જળ સ્થાન ઘણું વિશાળ અને લાંબું થઈ જાય છે. હે રાજન્ ! શ્રીહરિ ત્યાં સ્નાન કરતા હતા અને ''ભેંસલા'' પથ્થર ઉપર તો ઘણીવાર બેસતા અને તે સ્થળે પોતાનું દિવ્ય ઐશ્વર્ય પણ બતાવ્યું હતું. ॥૩૮-૩૯॥

सन्ति तस्य हृदस्याग्रे राजन्! खल्खलयाभिधाः ।
ये प्रवाहा हरिस्तेषु व्यधात्स्नानं पृथक् पृथक् ॥४०॥
योऽस्ति तेभ्यो दिशि प्राच्यां नदीमध्ये सितो महान् ।
अश्मा वै दिशि वारुण्यां तस्मात्सोऽस्नात्सरिज्जले ॥४१॥
तस्मात्स्थानाद्दिशि प्राच्यां गम्भीरोऽल्पोऽस्ति यो हृदः ।
तस्मिन् स्वच्छजलोपेते राजन्! स्नानं व्यधाद्धरिः ॥४२॥
तस्माद्वै दक्षिणाशायां प्रवाहः कुल्यया समः ।
वर्तते यो हरिस्तस्मिन् भूपते! स्नानमाचरत् ॥४३॥
चातुर्मास्ये च तन्मध्ये दीर्घनिम्नाश्मवर्त्मनि ।
प्रवाहः कुल्यया तुल्यो जायतेऽस्नाद्धि तत्र सः ॥४४॥
तत्राऽतिष्ठद्धरिस्तस्माद्दिश्युदीच्यां च विस्तृतम् ।
आयतं यज्जलस्थानं रम्यं राजन्! हि वर्तते ॥४५॥
तदारभ्य दिशि प्राच्यामल्पखल्खलयावधि ।
गङ्गानीरे हि सोऽस्नासीदल्पखल्खलये मुदा ॥४६॥

હે રાજન્ ! તે ધરાની આગળ ખળખળિયા નામના જે જળપ્રવાહો છે તે બધામાં શ્રીહરિએ અલગ અલગ સ્નાન કર્યું હતું. ॥૪૦॥

તે ખળખળિયાના પ્રવાહોથી પૂર્વમાં નદીની વચ્ચે મોટો સફેદ જેવો પથ્થર છે તેથી આથમણે પડખે શ્રીહરિએ નદીના જળમાં સ્નાન કર્યું હતું. ॥૪૧॥

તે સ્થાનથી પૂર્વ તરફ એક ગંભીર અને સાધારણ નાનો જે ધરો છે. હે રાજન્ ! સ્વચ્છ પાણીના તે ધરામાં શ્રીહરિ નહાયા હતા. ॥૪૨॥

તેથી દક્ષિણમાં નહેરના મોટા ધોરિયા જેવો જે પ્રવાહ વહે છે હે રાજન્ ! તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૪૩॥

ચોમાસામાં નદી વચ્ચે લાંબા અને નીચા પથ્થર વાળા માર્ગમાં નહેરના નાના ધોરિયા જેવો પ્રવાહ થઈ જાય છે, તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૪૪॥

હે રાજન્ ! તેથી ઉત્તર તરફ વિસ્તૃત અને લાંબું સુંદર જળ સ્થાન છે, ત્યાં શ્રીહરિ ઊભા રહેતા. ॥૪૫॥

ત્યાંથી લઈને પૂર્વમાં નાના ખળખળિયા સુધી શ્રીહરિ નહાયા હતા અને ઉન્મત્તગંગાના નાના ખળખળિયામાં પણ શ્રીહરિ પ્રેમથી સ્નાન કરતા હતા. ॥૪૬॥

ह्रदो योऽस्ति तदग्रेऽल्पस्तत्पर्यन्तं स भूपते! ।
पावनोन्मत्तगङ्गायाः प्रवाहेऽस्नाल्लसज्जले ॥४७॥
गम्भीरः सन्निधौ तस्य वर्तते यो महाह्रदः ।
अस्नासीत्तत्र सोऽधस्तात्तटाच्च तज्जले पतन् ॥४८॥
तस्मादूर्ध्वात्तटात्तस्य तन्नीरेऽस्नात्पतन् हरिः ।
पूर्वाशायां च तत्तीरे भक्तसंसद्युपाविशत् ॥४९॥
तस्माद्वै दिशि वारुण्यां कुल्यातुल्यो महीपते! ।
प्रवाहो वर्तते रम्यः कर्पूरैज्ज्वलसंयुतः ॥५०॥
हरिरखिलनिजाश्रितार्तिहारी भवभयदारी लसच्चरित्रकारी ।
अकृत शुभतराप्लवं विहारी क्षितिप! स तत्र पवित्र सिद्धचारी ॥५१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतस्नानलीलास्थानकथनं नामैकोनचत्वारिंशोऽध्यायः ॥३९॥

हे ભૂપતે ! તેથી આગળ એક નાનો પાણીનો ધરો છે ત્યાં સુધીના પવિત્ર ઉન્મત્ત ગંગાના સુંદર જળપ્રવાહમાં શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૪૭॥

તેની પાસે એક ઊંડા પાણીનો ધરો છે ત્યાં કિનારેથી નીચે પાણીમાં ધૂબકો મારીને શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૪૮॥

ત્યાંના ઊંચા કિનારેથી શ્રીહરિ ધૂબકો મારીને તેના પાણીમાં સ્નાન કરતા હતા. ઉત્તરકાંઠે પૂર્વ તરફના ભાગમાં ભક્તોની સભા કરીને તેમાં વિરાજતા હતા. ॥૪૯॥

હે મહીપતે ! તે ધરાથી પશ્ચિમ તરફ કપૂરના જેવો ઊજળો, મોટા ધોરિયા જેવો, રમણીય જળ પ્રવાહ વહે છે. ॥૫૦॥

હે રાજન્ ! પોતાના સમગ્ર આશ્રિતોની પીડાઓને નષ્ટ કરનારા, સંસારમાં જન્મ મૃત્યુના ભયને પણ ટાળનારા, સુશોભન ચરિત્ર કરનારા અને પવિત્ર સિદ્ધો જેનાં આચરણને અનુસરે છે તથા ભક્તોના સુખ માટે વિહાર કરનારા આવા શ્રીહરિએ ઉપર કહ્યા તેવા જળ પ્રવાહમાં સ્નાન કર્યું હતું. ॥૫૧॥

अथ चत्वारिंशोऽध्यायः

खल्खलीयह्रदा येऽत्र चत्वारिंशे व्यवस्थिताः ।
तेषां प्रसादरूपाणां निर्देशः शोभनः कृतः ॥

श्रीचैतन्यानन्द उवाच

ह्रदात्तस्माद्दिशि प्राच्यां दीर्घं विस्तीर्णमस्ति यत् ।
नीरस्थानं हरिस्तस्मिन् करोति स्माऽऽप्लवं प्रभुः ॥१॥
तस्माद्राजन्! दिशि प्राच्यां चारु खल्खलयोऽस्ति यः ।
तस्मिन्नितान्तशुभ्रोदे श्रीहरिः स्नानमाचरत् ॥२॥
दिश्युदीच्यां ह्रदात्तस्माद्राजन्! खल्खलयोऽस्ति यः ।
सोऽस्नात्तत्र तथैश्वर्यं चित्रं चादर्शयन्निजम् ॥३॥
तत्र बालमुकुन्दं सन्नीरे चास्नापयद्धरिः ।
सोत्सवं भाद्रमासाद्ये पक्षे चैकादशीतिथौ ॥४॥
नीरवत्यभिधा चाल्पा नदी यत्राऽस्ति गङ्गया ।
सङ्गता तत्र गम्भीरः पिप्पलाख्यो ह्रदोऽस्ति यः ॥५॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૩૯ સમાપ્ત

અધ્યાય - ૪૦

પ્રસાદીના ખળખળિયા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, તે ધરાથી પૂર્વ દિશામાં લાંબું અને પહોળું પાણી ભરેલું સ્થાન છે, તેમાં પ્રભુ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧॥

હે રાજન્ ! તેથી પૂર્વ દિશામાં જે સુંદર ખળખળિયો છે, તેના અત્યંત ઊજળા નીરમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨॥

હે રાજન્ ! તે ધરાથી ઉત્તર કિનારા તરફ જે ખળખળિયો છે, શ્રીહરિ ત્યાં નહાયા હતા અને પોતાનું વિસ્મયજનક ઐશ્વર્ય પણ બતાવ્યું હતું. ॥૩॥

તે સ્થળે ભાદરવા સુદિ જળ ઝીલણી એકાદશીને દિવસ ભગવાન્ શ્રીબાલમુકુંદજીને ઉત્સવ કરીને સ્નાન કરાવ્યું હતું. ॥૪॥

નીરવતી નામની વોકળી જ્યાં ઉન્મત્ત ગંગામાં ભળી જાય છે ત્યાં ઊંડો

तुङ्गात्तत्रोपलस्थानात्सोऽस्नासीन्निपतज्जले ।
तथा तस्मिन् ह्रदेऽगाधे चातुर्मास्ये महीपते! ॥६॥
पुरा भूपाल! तत्तीरे योऽभवत्पिप्पलद्रुमः ।
आरुह्य तं पतंस्तस्मिन् करोति स्माऽऽप्लवं हरिः ॥७॥
प्रवाहश्चाल्पतन्नद्याश्चारु खल्खलयान्तिके ।
नीरस्थाने ततो दीर्घे पूर्वस्यां दिशि सङ्गतः ॥८॥
सोऽस्नासीत्तत्र मार्गे यत्तटं तुङ्गं महाश्मनाम् ।
अस्ति तत्सन्निधौ दीर्घं नीरस्थानं च विस्तृतम् ॥९॥
हरिस्तत्राऽकरोत्स्नानं भूयो भूयो महीपते! ।
उत्तुङ्गाच्चापि तत्तीरात्पतंस्तत्पाथसि प्रभुः ॥१०॥
यो ह्रदोऽस्ति तदग्रेऽल्पो हरिस्तत्राऽऽप्लवं व्यधात् ।
तस्माद्वै दक्षिणाशायां ततं दीर्घं जलस्थलम् ॥११॥
सोऽस्नासीत्तत्र सन्नीरे तदारभ्यैव भूपते! ।

પીપળિયો ધરો છે. ॥૫॥

હે રાજન્ ! ચોમાસામાં તે ધરાને કિનારે રહેલા ઊંચા પથ્થર ઉપર ચઢીને તે ઊંડા ધરાના પાણીમાં શ્રીહરિ કૂદી પડતા અને સ્નાન કરતા હતા. તે ધરાને કિનારે પહેલા જ્યારે પીપળાનું ઝાડ હતું ત્યારે તે પીપળા ઉપર ચઢીને પણ ધરામાં કૂદીને સ્નાન કરતા હતા. ॥૬-૭॥

તે નીરવતી વોકળીનો થોડો પ્રવાહ પૂર્વમાં ખળખળિયાને નજીક લાંબી ઝાઝી જગ્યામાં ફેલાયેલા પાણીમાં ભળી જતો હતો. ॥૮॥

રસ્તામાં ઊંચા અને મોટા પથ્થરવાળો જે કાંઠો છે તેને નજીક વિસ્તૃત અને લાંબી જગ્યામાં જે પાણી પ્રસરેલું છે ત્યાં શ્રીહરિ નહાતા હતા. ॥૯॥

હે મહીપતે ! ઊંચા કિનારાથી તે પાણીમાં ધૂબકો મારીને પ્રભુ શ્રીહરિ ઘણીવાર સ્નાન કરતા હતા. ॥૧૦॥

તેથી આગળ જે નાનો ધરો છે ત્યાં અને દક્ષિણ તરફ લાંબી જગ્યામાં ફેલાયેલું જે જળ છે તે સુંદર જળમાં શ્રીહરિ નહાતા હતા. ॥૧૧॥

હે ભૂપતે ! ત્યાંથી લઈને ગઢાળી ગામનો જે શુભ આરો (તીર્થ) છે ત્યાં

गाढालयाभिधग्रामतीर्थं यद्वर्तते शुभम् ॥१२॥
तत्पर्यन्तं वरे नीरे भद्रे मौक्तिकवत्सिते ।
राजन्नुन्मत्तगङ्गायाः करोति स्माऽऽप्लवं हरिः ॥१३॥
गाढालयाभिधग्रामस्यावतारे ह्युदग्दिशि ।
सोऽस्नासीद्दक्षिणाशायां तन्मध्ये चापि भूपते! ॥१४॥
तत्राऽकरोद्धरिर्दिव्यं चरित्रं विस्मयावहम् ।
तत्र बालमुकुन्दं सन्नीरे चासिस्नपन्महे ॥१५॥
सोऽवताराद्धरिस्तस्मादुत्तरस्यां दिशि प्रभुः ।
पयस्युन्मत्तगङ्गायाः करोति स्माऽऽप्लवं मुदा ॥१६॥
पूर्वस्यां दिशि वै तस्मात्पर्कटीवटभूरुहाम् ।
सन्निधौ सलिले तस्मिन् राजन्! स्नानं व्यधाद्धरिः ॥१७॥
तस्मादुन्मत्तगङ्गाया भिन्ना वेण्यपराऽभवत् ।
खोपालग्राममार्गस्य वहत्येवाऽन्तिके तु सा ॥१८॥
पुराऽऽसीत्तत्र तद्ग्रामगोपुरस्याऽन्तिके महत् ।

સુધીના મોતી જેવા ઊજળા મંગળમય ઉન્મત્તગંગાના જળમાં શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૧૨-૧૩॥

હે ભૂપતે ! શ્રીહરિ ગઢાળીને આરે ઉત્તર તરફના કાંઠા પાસે, વચ્ચે અને દક્ષિણ તરફના કાંઠા પાસે સ્નાન કરતા હતા. ॥૧૪॥

ત્યાં શ્રીહરિએ દિવ્ય વિસ્મયજનક ચરિત્ર કર્યું હતું અને જળઝીલણી એકાદશીના ઉત્સવમાં ભગવાન્ શ્રીબાલમુકુંદને પણ સ્નાન કરાવ્યું હતું. ॥૧૫॥

તે ગઢાળીના આરાથી ઉત્તર તરફને કાંઠે ઉન્મત્ત ગંગાના જળમાં શ્રીહરિ પ્રેમથી સ્નાન કરતા હતા. ॥૧૬॥

હે રાજન્ ! તેથી પૂર્વ દિશામાં પાકર અને વડના ઝાડને નજીકના પાણીમાં શ્રીહરિ નહાતા હતા. ॥૧૭॥

ત્યાંથી ઉન્મત્તગંગાની એક ધારા જુદી પડી હતી, તે ખોપાળાના માર્ગને નજીક વહેતી હતી. ॥૧૮॥

હે મહીપતે ! પહેલા ત્યાં ખોપાળાના દરવાજા પાસે લાંબું અને પહોળું

दीर्घं रम्यं च विस्तीर्णं नीरस्थानं महीपते ! ॥१९॥
तत्राऽस्नासीद्धरिस्तस्मात्पूर्वस्यां दिशि भूपते! ।
नीरे चोन्मत्तगङ्गाया करोति स्माऽऽप्लवं मुदा ॥२०॥
तस्माद्वै दिशि पूर्वस्यां संस्कारो दैहिकः कृतः ।
यत्र त्वदीयतातस्य क्षोणिपालस्य भूपते! ॥२१॥
पूर्वाशायां ततः स्थानाद्वर्तते मञ्जुला शिला ।
श्रीहरिः शर्मदस्तस्यां स न्यषीदन्मुहुर्मुहुः ॥२२॥
तस्माद्वै दिशि वारुण्यामासीद्दीर्घं च विस्तृतम् ।
नीरस्थानं शुभं तस्मिन् करोति स्माऽऽप्लवं हरिः ॥२३॥
तस्माद् वै वासवाशायां सोऽस्नाद् गङ्गाजले हरिः ।
तत्स्थानाद्दिशि पूर्वस्यां हृदवद्यज्जलास्पदम् ॥२४॥
पुराऽऽसीत्तत्र सन्नीरे सोऽस्नासीद्भूपते! हरिः ।
कुर्वाणो ललितां लीलां गङ्गानीरेऽतिनिर्मले ॥२५॥
न्यग्रोधादिद्रुमोपेतादवताराद्धरिः शुभात् ।
दिशि प्राच्यां समे रम्ये प्रवाहे स्नानमाचरत् ॥२६॥

રમણીય ભર્યું પાણી રહેતું હતું. હે ભૂપતે ! ત્યાં અને ત્યાંથી પૂર્વ દિશામાં શ્રીહરિએ પ્રેમથી સ્નાન કર્યું હતું. ॥૧૯-૨૦॥

હે ભૂપતે ! તેથી પૂર્વ દિશામાં તમારા પિતાશ્રી દરબાર શ્રીદાદાખાચરનો અગ્નિસંસ્કાર કર્યો હતો. ॥૨૧॥

તેથી પૂર્વ દિશામાં એક સુંદર શિલા છે, આનંદદાયી શ્રીહરિ તે શિલા ઉપર વારંવાર બેઠા હતા. ॥૨૨॥

તેથી પશ્ચિમ તરફ સારું પાણી ભરેલી વિશાળ મોટી પાટ હતી તેમાં શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૨૩॥

તેથી પૂર્વમાં શ્રીહરિએ ગંગા જળમાં સ્નાન કર્યું હતું. હે ભૂપતે ! તે સ્થાનથી પૂર્વમાં પહેલા ધરાના જેવું પાણી ભરાતું હતું. તેમાં શ્રીહરિ નહાયા હતા. સુંદર લીલા કરતા શ્રીહરિ ઉન્મત્તગંગાના નિર્મળ જળમાં સ્નાન કરતા હતા. ॥૨૪-૨૫॥

વડ આદિના વૃક્ષોવાળા આરાથી પૂર્વ તરફ સમતળ મનોહર પ્રવાહમાં

तत्प्रवाहाद्दिशि प्राच्यां नीलकण्ठशिवान्तिके ।
योऽवतारो हरिस्तस्मिन् व्यधात्स्नानं मुहुर्मुहुः ॥२७॥
तस्माद्राजन्! दिशि प्राच्यां हरिर्मार्गस्य सोऽन्तिके ।
वारिण्युन्मत्तगङ्गायाः करोति स्माऽऽप्लवं मुदा ॥२८॥
तस्मादैन्द्र्यां किलाऽऽशायां विस्तीर्णाऽस्त्यन्तिके क्षितिः ।
तत्र चोभयतो गङ्गाप्रवाहो वहतः शुभौ ॥२९॥
तयोः प्रवाहयो राजन्! व्यधात्स्नानं विभुर्हरिः ।
दिशि प्राच्यां तथा ताभ्यामस्नादुष्णजलस्थले ॥३०॥
दिशि प्राच्यां ततः स्थानादवतारे सतां शुभे ।
स्वेन निर्धारिते राजन्! सोऽस्नाद्रम्ये मुहुर्मुहुः ॥३१॥
तस्मादारभ्य तन्नद्यास्तीरकूपावधि प्रभुः ।
पावनोन्मत्तगङ्गाया नीरे स्नानं व्यधाद्धरिः ॥३२॥
तस्मात्कूपाद्दिशि प्राच्यां सोऽस्नात्प्राच्यां तथा दिशि ।

શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૨૬॥

તે પ્રવાહથી પૂર્વમાં નીલકંઠ મહાદેવ તરફના ભાગમાં જે આરો છે ત્યાં શ્રીહરિએ વારંવાર સ્નાન કર્યું હતું. ॥૨૭॥

હે રાજન્ ! તેથી પૂર્વ દિશામાં માર્ગની પાસે ઉન્મત્તગંગાના જળમાં પ્રેમથી સ્નાન કર્યું હતું. ॥૨૮॥

તે સ્થળથી પૂર્વમાં નજીકની ભૂમિ ઘણી વિશાળ છે. તે વિશાળ ભૂમિની બન્ને બાજુએ શુભ બે પ્રવાહના રૂપમાં ગંગા વહે છે. ॥૨૯॥

હે રાજન્ ! શ્રીહરિ તે બન્ને પ્રવાહમાં નહાયા હતા. તે પ્રવાહથી પૂર્વમાં (જ્યાં પાણી છીછરું હોવાથી ગરમ જેવું થઈ જાય છે તે) ગરમ પાણીથી નહાયા હતા. ॥૩૦॥

તે સ્થાનથી પૂર્વમાં સ્વયં નક્કી કરેલા રમણીય શુભ સંતિયે (સંતોને) આરે શ્રીહરિ ઘણીવાર નહાયા હતા. ॥૩૧॥

સંતિયા આરાથી લઈને નદીને કાંઠે રહેલા કૂવા (ઓરિયા) સુધી પ્રભુ શ્રીહરિ પાવની ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરતા હતા. ॥૩૨॥

તે કૂવાથી ઉગમણા શ્રીહરિ નહાયા હતા અને તેથી પૂર્વ દિશામાં મોટા

चारु खल्खलये स्नानं महत्येवाऽकरोत्तथा ।।३३।।
दिश्युदीच्यां हरिस्तस्माद्दीर्घे चैवातिविस्तृते ।
नीरस्थाने शुभे रम्ये व्यधात्स्नानं महीपते! ।।३४।।
पूर्वाशायां ततः स्थानादष्टतालाभिधस्य या ।
ग्रामस्यैकपदी रम्या वर्तते राजसत्तम! ।।३५।।
श्रीहरिः सन्निधौ तस्यां स्नानं गङ्गाजलेऽकरोत् ।
पूर्वस्यां दिशि तस्माद्यदुदीच्यां दिशि तत्तटम् ।।३६।।
यत्र यस्याः प्रवाहौ द्वौ तत्राऽल्पा सङ्गता नदी ।
उन्मत्तगङ्गया राजंस्तत्राऽस्नासीन्मुहुर्हरिः ।।३७।।
राजंस्तस्माद्दिशि प्राच्यामस्ति याऽल्पा तरङ्गिणी ।
स तस्यामच्छनीरायां व्यधात्स्नानं हरिविर्भुः ।।३८।।
प्रवाहयोस्तयोर्मध्ये गङ्गामध्ये च या क्षितिः ।
पावनेक्षाऽस्ति सा सर्वा पादपद्माङ्किता हरेः ।।३९।।
हरिस्तत्राऽऽत्मभक्तानां सभामध्ये वरासने ।

ખળખળિયામાં સ્નાન કર્યું હતું. ॥૩૩॥

હે મહીપતે ! તેથી ઉત્તર ભાગમાં અતિ વિશાળ અને લાંબા ભૂ ભાગમાં ભરાયેલા રમણીય શુભ જળમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૪॥

હે રાજવર્ય ! તેથી પૂર્વમાં અડતાળા ગામમાં જવા માટેની એક સારી કેડી ચાલે છે, તે કેડીને નજીક ગંગાજળમાં શ્રીહરિ નહાયા હતા. તેથી પૂર્વ દિશામાં ઉત્તરાદે કાંઠે પાણીના બે પ્રવાહ ચાલે છે અને ત્યાં ઉન્મત્તગંગાની સાથે એક નાની વોકળી ભળી છે. હે રાજન્ ! શ્રીહરિ ત્યાં ઘણીવાર નાહ્યા હતા. ॥૩૫-૩૭॥

હે રાજન્ ! તેથી પૂર્વમાં જે એક નાની વોકળી છે. નિર્મળ જળવાળી તે વોકળીમાં પણ મહાસમર્થ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૮॥

ઉન્મત્ત ગંગાના ઉપર કહેલા બન્ને પ્રવાહની વચ્ચેની જે ખાલી જમીન છે, દર્શન માત્રથી જ પાવન કરનારી તે ભૂમિ બધી જ શ્રીહરિના ચરણ કમળની પ્રસાદીરૂપ છે. ॥૩૯॥

તે સ્થળે પોતાના ભક્તોની સભાવચ્ચે બિછાવેલા સુંદર આસન ઉપર

प्रेक्षमाणोऽनिमेषाक्षैस्तैर्न्यषीदन्मुहुर्मुहुः ।।४०।।
तस्मात्स्थानात्तु पाषाणानानाय्य श्रीहरिर्विभुः ।
शिल्पिभिः कारयाञ्चक्रे श्रीगोपीनाथमन्दिरम् ।।४१।।
स्थानात्ततोऽतिरु चिराद्दिशिवासवस्य यो वक्रमार्गविचलन् वहति प्रवाहः
तस्मिन् विशुद्धसलिलेऽम्बुविहारदक्षः स्नानं चकार हरिराश्रितभक्तभर्ता

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतस्नानादिस्थानकथनं नाम चत्वारिंशोऽध्यायः ।।४०।।

अथैकचत्वारिंशोऽध्यायः

गङ्गया सङ्गताश्चैकचत्वार्रिंशे भवन्ति ये ।
सरित्कूपादयस्तेषां निर्देशोऽत्र प्रकीर्तितः ॥

श्रीचैतन्यानन्द उवाच

तत्प्रवाहाद्दिशि प्राच्यां यः कूपोऽस्ति सरित्तटे ।
तस्याऽग्रे तन्नदीतोये करोति स्माऽऽप्लवं हरिः ।।१।।

શ્રીહરિ વારંવાર વિરાજતા અને ભક્તજનો મટકું પણ માર્યા સિવાય એકાગ્રપણે શ્રીહરિના દર્શન કરતા હતા. ॥૪૦॥

તે સ્થળેથી પથ્થર મગાવીને પ્રભુ શ્રીહરિએ કારીગરો પાસે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવ્યું હતું. ॥૪૧॥

અતિશય સુંદર તે સ્થાનથી પૂર્વ દિશામાં વળાંક લઈને પાણીનો પ્રવાહ ચાલે છે, જળ વિહારમાં નિપુણ અને આશ્રિત ભક્તોનું ધારણ પોષણ કરનારા શ્રીહરિ ત્યાં નિર્મળ જળમાં નહાયા હતા. ॥૪૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૦ સમાપ્ત

અધ્યાય - ૪૧

ઉન્મત્તગંગામાં ભળતી વોકળીઓ અને ઓરિયા (કૂવા)

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું. તે પ્રવાહથી પૂર્વમાં નદી કાંઠે જે કૂવો (ઓરિયો) છે, તેની આગળ નદીના જળમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧॥

पूर्वस्यां दिशि तत्कूपाद् द्वितीयो योऽस्ति तादृशः ।
तस्याऽग्रे तत्सरिन्नीरे सोऽस्नासीद्भूपते! हरिः ॥२॥
तस्मात्कूपाद्दिशि प्राच्यां तृतीयो यः सरित्तटे ।
अस्ति कूपः स तस्याऽग्रे न्यस्नात्तत्तटिनीजले ॥३॥
यत्रेच्छारामसंज्ञस्य विभोर्भ्रातुर्हरेर्नृप ! ।
आगमोक्तविधानेन संस्कारो दैहिकः कृतः ॥४॥
तस्याऽन्तिकेऽस्ति यद्दीर्घं नीरस्थानं च विस्तृतम् ।
महत्तरं हरिस्तस्मिन् व्यधात् स्नानं महीपते! ॥५॥
तत्र सर्वाऽस्ति सा भूमिः पादपद्माङ्किता हरेः ।
उदीच्यां दिशि तत्स्थानाद्वर्तते चारु यत्स्थलम् ॥६॥
मुक्तानन्दाभिधानस्य तत्र सद्गुणशालिनः ।
कृतो वै देहसंस्कारो वन्दनीयस्य सद्गुरोः ॥७॥
तत्स्थानं वर्तते सर्वं श्रीहरेः पत्कजाङ्कितम् ।
उदीच्यां दिशि तस्माद्या नद्यल्पाऽस्नाद्धि तत्र सः ॥८॥

તે કૂવાથી પૂર્વમાં તેના જેવો જ બીજો કૂવો (ઓરિયો) છે, હે ભૂપતે ! તેની આગળ નદીના પાણીમાં શ્રીહરિ નાહ્યા હતા. ॥૨॥

તે કૂવાથી પણ પૂર્વમાં નદી કિનારે ઉપર કહેલા બે કૂવાના જેવો જ ત્રીજો કૂવો (ઓરિયો) છે તેની આગળના ભાગમાં નદીના પાણીમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩॥

હે નૃપ ! જ્યાં શ્રીહરિના નાનાભાઈ શ્રીઈચ્છારામજી મહારાજનો અગ્નિ સંસ્કાર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કર્યો હતો. ॥૪॥

હે મહીપતે ! તેની પાસે નદીમાં લાંબી પહોળી ઘણી વિશાળ જગ્યામાં પાણી રહેતું હતું ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૫॥

ત્યાંની બધી જ જમીન શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીરૂપ થયેલી છે. તે સ્થાનથી ઉત્તર તરફના ભાગમાં જે સુંદર સ્થળ છે, ત્યાં સર્વસદ્‌ગુણ સંપન્ન અને વંદનીય સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીનો અગ્નિ સંસ્કાર કર્યો હતો. ॥૬-૭॥

તે બધી જ ભૂમિ શ્રીહરિના ચરણારવિંદથી પ્રસાદીરૂપ થયેલી છે. તે સ્થાનથી

तत्र बालमुकुन्दं सन्नीरे सोऽसिस्नपद्धरिः ।
दले भाद्रपदस्याद्ये महे चैकादशीतिथौ ॥९॥
तस्याः प्राच्यां हि तन्नद्याः प्रवाहो यो व्रजत्युत ।
भूपते! दक्षिणाशायां स तत्राऽस्नादुदग्दिशि ॥१०॥
तस्माद्वै दिशि पूवस्यां नदीतीरेऽस्ति यः प्रहिः ।
तस्याऽन्तिके नदी चाल्पा सङ्गता यत्र गङ्गया ॥११॥
सोऽस्नासीत्तत्र यस्तस्माद्दिशि प्राच्यां सरित्तटे ।
कूपस्तदन्तिके चाल्पा भूपते! वर्तते नदी ॥१२॥
ह्रदस्तत्राऽतिगम्भीरो वर्तते यो महीपते! ।
स तत्राऽस्नात् सुमेध्योदे श्रीहरिर्धर्मनन्दनः ॥१३॥
तस्माद्वै दक्षिणाशायां प्रवाहो यत्र सङ्गतः ।
अल्पनद्या हरिस्तस्मिन्नस्नादुन्मत्तगङ्गया ॥१४॥
पूर्वस्यां दिशि वै तस्मात्स्वरूपानन्दयोगिनः ।
यत्र वै रामदासस्य कृतं चैवोर्ध्वदेहिकम् ॥१५॥

ઉત્તરમાં એક વોકળી ગંગામાં ભળે છે. ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું ત્યાં ભાદરવા સુદિ જળઝીલળી એકાદશીને દિવસ ઉત્સવ કરીને શુદ્ધ જળમાં શ્રીહરિએ ભગવાન શ્રીબાળમુકુંદને સ્નાન કરાવ્યું હતું. ॥૮-૯॥

ત્યાંથી નદીનો પ્રવાહ પૂર્વમાં આગળ જાય છે. ત્યાં હે ભૂપતે ! શ્રીહરિ દક્ષિણ કાંઠા તરફ જળમાં નાહ્યા હતા. ત્યાંથી પૂર્વ દિશામાં નદીને ઉત્તર કાંઠે જે કૂવો (ઓરિયો) છે ત્યાં એક નાની વોકળી ઉન્મત્ત ગંગામાં ભળી ગઈ છે. ॥૧૦-૧૧॥

શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું હતું. હે મહીપતે ! તેથી પૂર્વ દિશામાં નદીને ઉત્તર કાંઠે કૂવો (ઓરિયો) છે. હે ભૂપતે ! ત્યાં એક વોકળી ઉન્મત્ત ગંગામાં મળી જાય છે. તે જગ્યાએ એક ઘણો ઊંડો ધરો પાણીથી ભરાય છે. ધર્મનંદન શ્રીહરિ તેના અતિ પવિત્ર જળમાં નાહ્યા છે. ॥૧૨-૧૩॥

તેથી આગળ દક્ષિણ કિનારા તરફ ઉન્મત્ત ગંગામાં જે એક વોકળી ભળી જાય છે, તે જળમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૪॥

તેથી પૂર્વ દિશામાં ગંગાને ઉત્તર કાંઠે ધ્યાનયોગી સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદ

सोऽस्नात्तत्सन्निधौ शुद्धे गङ्गानीरे हरिर्मुदा ।
तत्र भिन्नौ हि तन्नद्याः प्रवाहौ गच्छतः शुभौ ॥१६॥
तत्र यो दिशि चावाच्यां प्रवाहो भूपते! शिवः ।
वहत्यस्नात्स वै तस्मिन् हरिर्निर्वाणदेक्षणः ॥१७॥
तस्माद्वै वासवाशायां सोऽस्नाद् गङ्गाजले हरिः ।
तस्मात्तस्यां च विस्तीर्णे दीर्घेऽस्नात्सलिलस्थले ॥१८॥
स्थानात्तस्माद्दिशि प्राच्यां प्रवाहो वक्रतान्वितः ।
भवत्युन्मत्तगङ्गाया हरिस्तत्राऽप्लवं व्यधात् ॥१९॥
तत्प्रवाहाद्दिशि प्राच्यां सोऽस्नात्खल्खलये हरिः ।
तस्माद्वै दिशि पूवस्यां ह्रदे च स्नानमाचरत् ॥२०॥
ह्रदात्तस्माद्दिशि प्राच्यां तृणोपेतक्ष्मातले ।
जालग्रामप्रयाणार्थं याऽस्ति चैकपदी नृप! ॥२१॥
तत्सन्निधौ सरिन्नीरे निर्मलेऽस्नात्स भूपते! ।

સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી ભાઈ રામદાસજીના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો હતો. ॥૧૫॥

તે સ્થાનને નજીક શ્રીહરિ ઉન્મત્તગંગાના શુદ્ધ જળમાં પ્રેમથી નાહ્યા હતા. ત્યાંથી આગળ નદીનો પ્રવાહ બે ભાગે જુદો પડી જાય છે. હે રાજન્ ! તેમાં જે દક્ષિણ તરફ શુદ્ધ પ્રવાહ વહે છે તેમાં, જેના દર્શનથી કલ્યાણ થાય છે આવા શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૬-૧૭॥

તેથી પૂર્વ દિશામાં શ્રીહરિ ઉન્મત્તગંગાના જળમાં નાહ્યા હતા. તેથી પણ પૂર્વમાં લાંબી તથા પહોળી વિશાળ જગ્યામાં ભરાયેલા પાણીમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૧૮॥

ત્યાંથી આગળ પૂર્વ દિશામાં ઉન્મત્તગંગાના પ્રવાહે વળાંક લીધો છે. તે સ્થળે શ્રીહરિ નાહ્યા હતા. ॥૧૯॥

તે પ્રવાહથી પૂર્વમાં ખળખળિયો છે, ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. અને તેથી આગળ પૂર્વમાં પાણીનો ધરો છે તેમાં શ્રીહરિ નાહ્યા હતા. ॥૨૦॥

હે નૃપ ! તે ધરાથી પૂર્વમાં ઘાસવાળી જમીન છે, તેમાં થઈને જાલ ગામની પગ કેડી નીકળે છે. ॥૨૧॥

योऽस्ति तस्माद्दिशि प्राच्यां ह्रदोऽस्नात्तत्र चोत्तमे ॥२२॥
ह्रदात्तस्माद्दिशि प्राच्यां चारुमूले शमीतरोः ।
वर्तते विधिवद्राजन्! स्थापितो यस्तु मारुतिः ॥२३॥
यत्तस्याग्रे जलस्थानं वर्तते दीर्घविस्तृतम् ।
सोऽस्नात्तत्र तथा वाहान् पार्षदाः समसिस्नपत् ॥२४॥
दिश्युदीच्यां हरिस्तस्मात्तत्प्रवाहेऽभिषिक्तवान् ।
चारु नीरे विविक्ताऽऽत्मा तीर्थमाहात्म्यवर्द्धनः ॥२५॥
यत्तस्याग्रे जलस्थानं राजन्! दीर्घं च विस्तृतम् ।
वर्तते तत्र सोऽस्नासीत्पुरु स्वच्छाम्भसि प्रभुः ॥२६॥
पूर्वाशायां ततः स्थानादस्ति याऽल्पातरङ्गिणी ।
सङ्गतोन्मत्तगङ्गाया यत्राऽस्नासीद्धि तत्र सः ॥२७॥
स्थानात्तस्माद्दिशि प्राच्यां स्वच्छनीरं जलस्थलम् ।
अस्ति यद्दीर्घविस्तीर्णं तत्राऽस्नासीत्स भूपते! ॥२८॥

હે ભૂપતે ! તે કેડીની પાસે નદીના નિર્મળ નીરમાં શ્રીહરિ નાહ્યા હતા. તેથી પણ પૂર્વમાં જે સારો પાણીનો ધરો છે તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૨॥

હે રાજન્ ! તે ધરાથી પૂર્વમાં ખીજડાના ઝાડના મૂળ પાસે સુંદર જગ્યામાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીહનુમાનજીની પ્રતિષ્ઠા કરેલી છે. તેમની આગળના ભાગમાં લાંબા પહોળા વિશાળ સ્થાનમાં પાણી ભરાયેલું છે, ત્યાં શ્રીહરિ નાહ્યા હતા અને પાર્ષદોએ ઘોડાઓને નવડાવ્યા હતા. ॥૨૩-૨૪॥

જેમનું સ્વરૂપ પવિત્ર છે અને જેઓ તીર્થના માહાત્મ્યને વધારે છે આવા શ્રીહરિ તે સ્થાનથી ઉત્તર તરફ ઉન્મત્તગંગાના સુંદર જળ પ્રવાહમાં નાહ્યા હતા. ॥૨૫॥

હે રાજન્ ! તેની આગળ જે વિશાળ અને લાંબી જગ્યામાં પાણી ભરાયેલું છે ત્યાં અત્યંત સ્વચ્છ જળમાં પ્રભુ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૬॥

તેથી પૂર્વમાં નાની વોકળી ઉન્મત્તગંગામાં ભળે છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૨૭॥

હે ભૂપતે ! તે સ્થાનથી પણ પૂર્વમાં વિશાળ અને લાંબું નિર્મળ જળ ભરાયેલું છે તેમાં શ્રીહરિ નાહ્યા હતા. ॥૨૮॥

सोऽस्नात्तस्माद्दिशि प्राच्यां गङ्गानीरे वरे हरिः ।
हृदे तस्माद्दिशि प्राच्यां करोति स्माऽप्लवं शुभम् ॥२९॥
पूर्वाशायां हृदात्तस्मात्सोऽस्नात्खलखलये हरिः ।
भूपते! सलिलक्रीडाकौशल्याम्भोनिधिर्विभुः ॥३०॥
ग्रामस्य चाष्टतालस्य पटग्रामस्य भूपते! ।
याऽस्ति सीमान्तिके तस्याः सोऽस्नाद्गङ्गाजले हरिः ॥३१॥
दिशि प्राच्यां ततो राजन्! प्रवाहौ यत्र गङ्गया ।
सङ्गतौ भवतो दिव्यौ हरिस्तत्राऽऽप्लवं व्यधात् ॥३२॥
राजन्! माण्डव्यधाराख्यग्रामसीमान्तिकेऽस्ति यः ।
पाषाणेभ्यः पतन्नुच्चैर्जलौघो मौक्तिकोज्ज्वलः ॥३३॥
तमारम्याऽष्टतालाख्यग्रामसीमावधि प्रभुः ।
यत्र यत्राऽकरोत्स्नानं श्रीहरिर्भूपते! स्वयम् ॥३४॥
तत्तत्तटानि दिव्यानि समग्राणि महीपते! ।
वर्तन्ते पादपद्माङ्कैरङ्कितानि प्रभोर्हरेः ॥३५॥

તેથી ઉગમણા ઉન્મત્તગંગાના સુંદર પાણીમાં શ્રીહરિ નાહ્યા હતા. તેનાથી પૂર્વ દિશામાં એક પાણીનો ધરો હતો ત્યાં પણ તેમણે શુભ સ્નાન કર્યું હતું. ॥૨૯॥

હે ભૂપતે ! જળક્રીડાની નિપુણતામાં સાગર જેવા મહાસમર્થ શ્રીહરિ તે ધરાથી પૂર્વના ખળખળિયામાં નાહ્યા હતા. ॥૩૦॥

હે ભૂપતે ! અડતાળા અને કાંપરડી, બંને ગામના સીમાડે શ્રીહરિ ઉન્મત્તગંગાના જળમાં નાહ્યા હતા. ॥૩૧॥

હે રાજન્ ! ત્યાંથી પૂર્વમાં જ્યાં બે દિવ્ય પ્રવાહ ઉન્મત્તગંગા સાથે મળ્યા છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું. ॥૩૨॥

હે રાજન્ ! માંડવધારના સીમાડા પાસે ઊંચા પથ્થરો ઉપરથી મોતીના જેવો ઊજળો ઊંચો પાણીનો જે ધોધ પડે છે-વહે છે, ત્યાંથી આરંભીને અડતાળા ગામના સીમાડા સુધી મહાપ્રભુ શ્રીહરિએ જ્યાં જ્યાં સ્નાન કર્યું હતું, તે તે બધા જ ઉન્મત્ત ગંગાના કિનારા શ્રીહરિના ચરણ કમળોથી અંકિત થયેલા પ્રસાદીના છે માટે તે દિવ્ય છે. ॥૩૩-૩૫॥

हरिरतिरुचिरेषु तेषु तेषु सदसि मुनिप्रमुखात्मसंश्रितानाम् ।
सदतिरतियुतः सहस्रकृत्वः क्षितिपवर! प्रवरासने न्यषीदत् ॥३६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचङ्क्रमान्वितनिकेतनकथनं नाम एकचत्वारिंशोऽध्यायः ॥४१॥

अथ द्विचत्वारिंशोऽध्यायः

द्विचत्वारिंशके प्राहाऽभयं स्वामवतारिताम् ।
निजोपासनयाऽथैवाऽक्षरप्राप्तिं मुमुक्षताम् ॥

श्रीचैतन्यानन्द उवाच

अस्मिन्दुर्गपुरे राजन्! राजदुर्गे विराजिते ।
श्रीहरिर्न्यवसद्दिव्ये सौधे सोऽक्षरसंज्ञके ॥१॥
एकदैवं ततो वाचं सोऽब्रवीच्चाभयं नृपम् ।
ब्रह्माण्डेऽत्रेदृशं स्थानं राजन्नास्त्यनुपद्रवम् ॥२॥

હે રાજશ્રેષ્ઠ ! સંતોના ઉપર અત્યન્ત પ્રેમ રાખતા શ્રીહરિ નદીના અત્યંત મનોહર તે તે કિનારા ઉપર નિજ આશ્રિત સંત હરિભક્તોની સભામાં બિછાવેલા સુંદર આસન ઉપર હજારો વખત વિરાજેલા હતા. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૧ સમાપ્ત

અધ્યાય- ૪૨

શ્રીહરિએ પોતાનું અવતારિપણું કહ્યું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આ ગઢપુરના સુંદર દરબારગઢની અંદર રહેલા દિવ્ય અક્ષરભવન (અક્ષર ઓરડી) નામે નિવાસ સ્થાનમાં શ્રીહરિ રહ્યા હતા. ॥૧॥

એક દિવસ શ્રીહરિએ દરબાર શ્રીએભલખાચરને કહ્યું, હે રાજન્ ! "આ બ્રહ્માંડમાં આ દરબારગઢ અને અક્ષરભવન જેવું નિરુપદ્રવ સ્થાન બીજે ક્યાંય નથી. ॥૨॥

धाम तेजोमयं दिव्यं भूरिसौख्यमयं शुभम् ।
यथाऽस्त्यन्योपमापेतं सर्वधामविभूषणम् ॥३॥
तथेदं शोभनं स्थानं सर्वोपाधिविवर्जितम् ।
वर्ततेऽस्मिन्नहं तस्मात्प्रीत्या स्थास्यामि सर्वदा ॥४॥
श्रीचैतन्यानन्द उवाच
विक्रमार्कशकस्याब्दं (१८६१) क्ष्माषडष्टेन्दुसम्मितम् ।
आरभ्य सोऽवसद्यावद् (१८८६) रसवस्वष्टभूमितम् ॥५॥
श्रीहरिर्न्यवसद्राजन्! स तस्मिन्नात्मसात्कृते ।
अक्षराख्ये वरे सौधे भक्तानानन्दयन्निजान् ॥६॥
भूपालस्याभयाख्यस्य तत्पतिव्रतयोषितोः ।
तत्कन्यानां च तत्सूनोर्भूरिस्नेहोऽभवद्धरौ ॥७॥
ते च मानसवाक्कायैः सदाऽऽसंस्तत्परायणाः ।
चकोरा इव शीतांशौ हरावासक्तचेतसः ॥८॥
एकदैत्य हरिं नत्वा तत्प्रेयांस्त्वपितामहः ।

જેવું અક્ષરધામ તેજોમય અને દિવ્ય છે, અપાર સુખમય છે, શુભ છે, બીજાની ઉપમાએ રહિત છે, અને સર્વ ધામોમાં ઘરેણા રૂપ છે, તેવું બીજી કોઇ પણ જાતની ઉપાધિ વિનાનું સુંદર આ સ્થાન છે, તેથી જ હું આ સ્થાનમાં પ્રેમથી હમેશાં રહીશ.'' ॥૩-૪॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! વિક્રમ સંવત્ ૧૮૬૧ થી આરંભીને ૧૮૮૬ સુધી પોતાના ભક્તોને આનંદ આપવા શ્રીહરિ તે આત્મસાત્ કરેલા (આત્મીય માનેલા) શ્રેષ્ઠ અક્ષરભવન નામના નિવાસ સ્થાનમાં રહ્યા હતા. ॥૫-૬॥

દરબાર શ્રીએભલખાચર, તેમની પતિવ્રતા બન્ને પત્નીઓ, તેમની પુત્રીઓ અને પુત્ર, આ બધાને શ્રીહરિના સ્વરૂપમાં અપાર સ્નેહ હતો. ॥૭॥

તે સહુ મન, વચન અને શરીરથી હમેશાં શ્રીહરિ પરાયણ જ હતા. ચકોરને જેમ ચંદ્રમામાં મન ચોંટ્યુ રહે છે તેમ તે સહુનું મન શ્રીહરિના સ્વરૂપમાં જ આસક્ત રહેતું હતું. ॥૮॥

न्यषीदत्तं ततः प्रीत्या स वाक्यं चेत्थमब्रवीत् ॥९॥
राजन्! गोदोहनं कालं नापि तिष्ठन्नहं क्वचित् ।
अत्र वत्स्यामि देहान्तं सदा त्वत्प्रेमवश्यतः ॥१०॥
प्रीतिरज्वा निबद्धोऽहं परिवाराऽन्वितस्य ते ।
गन्तुं दूरं त्वहं त्वत्तो नैव शक्नोमि कर्हिचित् ॥११॥
प्रीतिवल्ली तवाऽजस्त्रं सकुटुम्बस्य सन्मते! ।
मुक्तिप्रदे मयि स्वेष्टे सदा निःसीम वर्द्धते ॥१२॥
त्वं प्राचीनोऽसि भक्तो मे पितुस्ते हि पिताऽभवत् ।
आत्मानन्दमुनेः शिष्यो मुमुक्षावान् हि सद्गुरोः ॥१३॥
अथेत्युचे स तं राजा वृत्तान्तं भवता त्विदम् ।
कथं ज्ञातं ततो वाक्यं तं प्राहेत्थं हरिर्नृपम् ॥१४॥
कीदृशं वेत्सि मां राजन्! मेध्यबुद्धे! त्वमन्तरे ।
मोदमान इति प्रेष्ठं तं स प्राह महीपतिः ॥१५॥

એક દિવસ શ્રીહરિના વહાલા તમારા પિતામહ દરબાર શ્રીએભલ ખાચર શ્રીહરિ પાસે આવ્યા. પગે લાગીને બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને પ્રેમથી આગળ કહું છું તેમ કહ્યું. ॥૯॥

હે રાજન્ ! હું એક ગાય દોહવાય તેટલો સમય પણ ક્યાંય રોકાતો નહિ, તે તમારી પ્રેમ ભક્તિને વશ થઇને અહીં જીવનભર રહીશ. ॥૧૦॥

પરિવારે સહિત તમારી પ્રેમની દોરીથી બંધાયેલો હું ક્યારેય તમારાથી દૂર નહિ જઇ શકું. ॥૧૧॥

હે સદ્બુદ્ધિવાળા રાજા, મુક્તિ આપનારો હું તમારો ઈષ્ટ દેવ છું, તે કુટુંબે સહિત તમારી પ્રેમરૂપીવેલી મારા ઉપર સદા-નિરંતર અસીમ વધી રહી છે. ॥૧૨॥

''તમે મારા પુરાણા ભક્ત છો. તમારા પિતામહ શ્રી બાવા ખાચર મુમુક્ષુ હતા અને સદ્ગુરુ શ્રીઆત્માનંદ સ્વામીના શિષ્ય હતા.'' ॥૧૩॥

ત્યારે દરબાર શ્રીએભલ ખાચરે કહ્યું કે તમે ''આ વૃત્તાંત ક્યાંથી જાણ્યું ?'' ત્યારે શ્રીહરિએ તેમને આ વચન કહ્યું કે હે શુદ્ધ બુદ્ધિવાળા રાજા, તમે તમારા મનમાં મને કેવો સમજો છો ? ત્યારે તે દરબાર શ્રીએભલખાચર મનમાં પ્રસન્ન થયા. અને પોતાના પ્રિય શ્રીહરિને તેમણે કહ્યું. ॥૧૪-૧૫॥

शान्तिदं भगवन्तं त्वां साक्षान्नारायणं प्रभो! ।
जानेऽहं मत्पितुर्माता पुरा मामित्थमब्रवीत् ॥१६॥
प्रागेवं माननाथो मां त्रिकालज्ञोऽब्रवीद्वचः ।
त्यागवांस्तीव्रनिर्वेदो महात्मा सज्जनप्रियः ॥१७॥
नीलकण्ठाभिधाख्यातः स्वामिनारायणो हरिः ।
जनानां श्रेयसे भूमौ नूनं प्रादुर्भविष्यति ॥१८॥
संसारदुस्तराम्भोधेः स त्वामुद्धरयिष्यति ।
त्वत्कुलं चाञ्जसा सर्वं कर्णधार इवाऽर्णवात् ॥१९॥
इत्युक्त्वा त्वद्गुणैश्वर्यलक्षणाद्यं यथाश्रुतम् ।
साऽकीर्तयच्च मां प्रीत्या पावनश्रुतिकीर्तनम् ॥२०॥
साक्षाज्जानामि तस्मात्त्वां भगवन्तं सनातनम् ।
प्रादुर्भावं गतं क्षोण्यां जनानामत्र मुक्तये ॥२१॥
स इत्याश्रुत्य तद्वाक्यं सोऽतिप्रीतो हरिर्विभुः ।

"હે પ્રભો ! પરમશાંતિ આપનારા આપ સાક્ષાત્ ભગવાન્ નારાયણ છો." એમ હું માનું છું. મારા પિતાશ્રીની મા, રાણદે આઈ (હું જ્યારે નાનો હતો ત્યારે) મને આમ કહેતા હતા. ॥૧૬॥

કે "ત્રિકાળજ્ઞાની માનનાથ મહાન્ ત્યાગી અને તીવ્ર વૈરાગ્યવાળા હતા. સજ્જનોના પ્રિય તે મહાત્માએ મને આમ કહ્યું છે. ॥૧૭॥

"નીલકંઠ આવા નામે પ્રસિદ્ધ શ્રીસ્વામિનારાયણ હરિ ભૂમિ ઉપર લોકોના કલ્યાણ માટે ચોક્કસ પ્રકટ થશે. ॥૧૮॥

ન પાર થઈ શકે તેવા આ સંસાર સાગરથી, નાવિક જેમ સમુદ્રથી તારે છે તેમ, તમારો ઉદ્ધાર કરશે." ॥૧૯॥

આમ કહીને પછી મા રાણદે આઈ જેનું શ્રવણ અને કીર્તન પાવનકારી છે એવા આપના સદ્ગુણ, ઐશ્વર્ય તથા લક્ષણ આદિ; જેવા સાંભળ્યા હોય તે પ્રમાણે મને પ્રેમથી કહેતા હતા. ॥૨૦॥

તેથી આ ભૂમિ ઉપર લોકોનો મોક્ષ કરવા માટે પ્રકટ થયેલા આપને હું સનાતન અને સાક્ષાત્ ભગવાન્ સમજું છું. ॥૨૧॥

શ્રીએભલ ખાચરના મુખે આવી વાત સાંભળીને મહાસમર્થ પ્રભુ શ્રીહરિ

हास्योल्लसन्मुखाम्भोजस्तं प्राहैवं नरेश्वरम् ॥२२॥
ब्रह्माण्डानामसंख्यानां सर्गस्थित्यन्तकारणम् ।
सर्वहेतुमहेतुं मां विद्धि सर्वेश्वरेश्वरम् ॥२३॥
एकं वै सृजति ब्रह्मा ब्रह्माण्डं मन्निदेशतः ।
भीतो मत्तो मदाज्ञायां वर्तमानो निरन्तरम् ॥२४॥
भुवनं पोषयत्येकं विष्णुर्नूनं मदाज्ञया ।
त्रस्तचित्तोऽनिशं मत्तो मन्निदेशे हि वर्तते ॥२५॥
ब्रह्माण्डं संहरत्येकं मद्भयाद्वै त्रिलोचनः ।
सोऽप्याज्ञामुग्रवीर्यो मे पालयत्यन्वहं शुभाम् ॥२६॥
मारुतो वात्ययं नित्यं मद्भयादेव सर्वदा ।
मद्भयादुदयं चास्तं यातः सूर्यनिशाकरौ ॥२७॥
मद्भयादेव वै काले नीरं वर्षति वासवः ।

ખૂબ જ પ્રસન્ન થયા અને મુખ કમળ હાસ્યથી શોભવા લાગ્યું. પછી તેઓ શ્રી એભલ ખાચરને આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૨૨॥

"અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ હું છું. સ્થાવર જંગમ સહુનું કારણ હું છું, પણ મારું અન્ય કોઈ કારણ નથી. હું સર્વ ઈશ્વરોનો પણ ઈશ્વર છું" એમ તમે મન સમજો. ॥૨૩॥

નિરંતર મારી આજ્ઞામાં રહેલા અને તેના ભંગથી હમેશાં ડરતા આવા બ્રહ્મા મારી આજ્ઞાથી એક બ્રહ્માંડની ઉત્પત્તિ કરે છે. ॥૨૪॥

વિષ્ણુ મારી આજ્ઞાથી એક બ્રહ્માંડનું જ પોષણ કરે છે. મારાથી મનમાં સતત ડરતા રહે છે અને મારી આજ્ઞામાં જ વર્તે છે. ॥૨૫॥

ત્રિલોચન શંકર મારી આજ્ઞાભંગના ભયથી એક જ બ્રહ્માંડનો સંહાર કરે છે. તે ભયંકર પરાક્રમી હોવા છતાં પણ મારી શુભ આજ્ઞાનું પાલન પ્રતિદિન નિયમિત રીતે કરે છે. ॥૨૬॥

"મારી આજ્ઞાનો ભંગ ન થાય" આવો મનમાં ડર રાખીને વાયુદેવ નિરંતર સર્વત્ર ફર્યા કરે છે. સૂર્ય અને ચંદ્રમા પણ મારા ડરથી નિયમિત રીતે ઉદય પામે છે અને અસ્ત થાય છે. ॥૨૭॥

મારા ભયથી જ ઈન્દ્ર સમય પ્રમાણે વૃષ્ટિ કરે છે. હું જગતનો નાથ છું

दहत्येवाऽनलः प्राप्तो मत्तो भीतिं जगत्पतेः ॥२८॥
मायामारभ्य यः कालस्तत्पतिं पुरुषं तथा ।
नाशयत्याकृतीः सर्वाश्चरन् सर्वत्र सर्वदा ॥२९॥
सोऽपि बेभीयमानः सन् मत्तः सर्वेश्वरेश्वरात् ।
अप्रमत्तो मदाज्ञायां वर्तते हि निरन्तरम् ॥३०॥
कृतान्तो मन्निदेशेन ब्रह्मादित्रासकारकः ।
सर्वर्तूनां गुणान् क्षोण्यामाविर्भावयति ध्रुवम् ॥३१॥
ईशा ब्रह्मादयः सर्वे वर्त्तन्ते मद्वशे सदा ।
यथा गावो नसि प्रोता यान्ति कर्षुकवश्यताम् ॥३२॥
कालमायाऽक्षरादीनां नियंत्रा यत्कृतं मया ।
निहन्तुं नेश्वरः कश्चिद्वर्तते चेति गम्यताम् ॥३३॥
कर्तुमेवान्यथाकर्तुं समर्थोऽकर्त्तुमस्म्यहम् ।
ऐश्वर्यं मत्त एवाऽऽप्ताः कालमायेश्वरादयः ॥३४॥
सर्वेषामवताराणां कारणं प्राणिसाक्षिणम् ।

એટલે મારાથી ડરીને અગ્નિ નિયમિત રીતે દહન શક્તિને પ્રકટ કરે છે. ॥૨૮॥

અને જે કાળ છે તે સતત બધે ફરીને માયાથી લઈને તેના પતિ પુરુષને તથા તેના બધા કાર્યનો યોગ્ય સમયે નાશ કરે છે. ॥૨૯॥

હું બ્રહ્માદિ સર્વ ઈશ્વરોનો પણ ઈશ્વર છું. તે મારાથી ભય પામતો કાળ પણ સાવધાન પણે નિરંતર મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે. ॥૩૦॥

બ્રહ્માદિ સર્વને માટે ત્રાસ રૂપ કાળ ભૂમિ ઉપર સર્વ ઋતુઓના ગુણ ધર્મને નિયમિત રીતે પ્રકટ કરાવે છે. ॥૩૧॥

નાકમાં નાથ નાખીને બાંધેલા બળદ જેમ ખેડૂતોને વશ રહે છે. તેમ બ્રહ્મા વગેરે બધા ઈશ્વરો સદા મારે વશ રહે છે. ॥૩૨॥

હું કાળ, માયા, અને અક્ષર આદિ સહુનો નિયંતા છું. મેં જે કર્યું, તેને તેમાંથી કોઈ ટાળી શકતા નથી. એમ તમે સમજો. ॥૩૩॥

હું કર્તું અકર્તું અને અન્યથા કર્તું સમર્થ સર્વ શક્તિમાન્ છું. કાલ, માયા અને ઈશ્વર આદિ સહુ મારી પાસેથી જ ઐશ્વર્યને પામ્યા છે. ॥૩૪॥

गुणैश्वर्यादिभिर्दिव्यैस्तुलाऽपेतं ह्यवेहि माम् ॥३५॥
आवेशान्मद्गुणैश्वर्यप्रतापादेर्महीपते! ।
नानाविधा ननु क्षोण्यामवतारा भवन्ति मे ॥३६॥
भूरेणून् गणयेत्कश्चिद्बुद्धिमान् भूरिकालतः ।
सोऽप्यसंख्यावतारान् मे संख्यातुं न क्षमो भवेत् ॥३७॥
तान् प्रदर्शयितुं सर्वान् मन्मूर्तेरीश्वरोऽस्म्यहम् ।
एतस्यां लीनतां नेतुं मत्तनौ हि क्षमस्तथा ॥३८॥
मन्मूर्तिर्लीनतां नेयादवतारेऽपि कुत्रचित् ।
इत्थं भूतं ममैश्वर्यं वर्तते ह्यतुलं महत् ॥३९॥
रात्रीशाशेषताराभ्यो यथा भेदोऽस्ति भास्वतः ।
तथा सर्वाऽवतारेभ्यो भेदो मे भूप! वर्तते ॥४०॥
एवं मामवताराणां यो विद्यादवतारिणम् ।

હું સર્વ અવતારોનું કારણ અને સર્વ પ્રાણીઓનો સાક્ષી છું. તેથી ગુણો અને ઐશ્વર્ય વગેરેથી મારી તુલના કોઈની સાથે થઈ શકે તેમ નથી, આમ મને સમજો. ॥૩૫॥

હે રાજન્ ! મારા ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ વગેરેના આવેશથી જ મારા અનેક અવતારો આ ભૂમિ ઉપર થાય છે. ॥૩૬॥

કોઈ બુદ્ધિશાળી માણસ ઘણે લાંબે કાળે ભૂમિ ઉપરના રજઃકણોને ગણી શકે છે, તે મનુષ્ય પણ અસંખ્ય જન્મ લઈને પણ આ મારા અનંત અવતારોની ગણતરી કરી શકતો નથી. ॥૩૭॥

આ મારી મૂર્તિ દ્વારા તે બધા અવતારોના દર્શન હું કરાવી શકું છું અને તે અવતારોને મારી મૂર્તિમાં લીન પણ કરી શકું છું. ॥૩૮॥

પણ આ મારું સ્વરૂપ બીજા કોઈ પણ અવતારમાં લીન ન થઈ શકે. આવું મારું અમાપ અને મહાન્ ઐશ્વર્ય રહ્યું છે. ॥૩૯॥

હે રાજન્ ! ચંદ્રમા અને સમગ્ર તારાઓથી સૂર્યમાં જેમ ભેદ છે તેમ બધા અવતારોથી મારા સ્વરૂપમાં ભેદ રહ્યો છે. ॥૪૦॥

આ રીતે જે મને સર્વ અવતારોનો અવતારી જાણે તેના બધા દોષોનો અને

तस्य दोषाः किलाशेषा वासना चैष्यति क्षयम् ॥४१॥
स यास्यत्यक्षरं दिव्यं धाम मे मत्प्रसादतः ।
दुर्लभायां च सेवायां राजन्! स्थास्यति मे सदा ॥४२॥
प्रजायेत यथाऽपत्यं गर्भवत्या हि योषितः ।
एवं मन्निश्चयान्मर्त्यो धाम मेऽक्षरमाप्नुयात् ॥४३॥
इत्थं ममाऽवतारित्वं न जानन्त्यत्र ये जनाः ।
अञ्जसा मत्स्वरूपं ते न बुध्यन्त्यल्पमेधसः ॥४४॥
चतुर्वर्णाश्रमस्थानां जनानामत्र शर्मदान् ।
धर्मान् प्रवर्तयिष्यामि यथाशास्त्रोदितान् क्षितौ ॥४५॥
सन्तोऽत्र मत्प्रतापेन स्त्रीवित्तादित्यजो नृप! ।
अवतारोपमैश्वर्या भविष्यन्ति सहस्रशः ॥४६॥
ब्रह्मरूपा महात्मानो मुक्तैरक्षरसंज्ञिकैः ।
सन्निभा सद्गुणोपेता मद्धामप्राप्तिहेतवः ॥४७॥

બધી જ વાસનાનો નાશ થાય છે. ॥૪૧॥

હે રાજન્ ! આ રીતે મારા સ્વરૂપને સમજનારો મારો ભક્ત મારા રાજીપાથી મારા દિવ્ય અક્ષરધામમાં જશે. અને હમેશાં અન્યને દુર્લભ આવી મારી સેવામાં તે રહેશે. ॥૪૨॥

સગર્ભા સ્ત્રીને જેમ બાળકનો જન્મ થાય છે તેમ આવા મારા સ્વરૂપના નિશ્ચયથી મનુષ્ય મારા અક્ષરધામને પામે છે. ॥૪૩॥

જે લોકો આ પ્રમાણે મારા અવતારીપણાને અહીં નથી સમજતા તે ઓછી બુદ્ધિના લોકો મારા સ્વરૂપને યથાર્થ રીતે ઓળખી શકતા નથી. ॥૪૪॥

શાસ્ત્રોમાં જેવા કહ્યા છે તેવા ચારે વર્ણોમાં અને ચારે આશ્રમોમાં રહેલા લોકોના સુખકારી ધર્મોને હું ભૂમિ ઉપર પ્રવર્તાવીશ. ॥૪૫॥

હે નૃપ ! મારા પ્રતાપથી સ્ત્રીનો અને ધનનો ત્યાગ કરનારા હજારો સંતો અવતારોના સમાન ઐશ્વર્યવાળા થશે. ॥૪૬॥

આ મહાત્મા સંતો અક્ષરધામના મુક્તો જેવા બ્રહ્મરૂપ થશે. સર્વ સદ્‌ગુણોથી સંપન્ન અને મારું ધામ પામવામાં કારણરૂપ થશે. ॥૪૭॥

राजन्! सिद्धीकृताष्टाङ्गयोगाश्चावरणोज्झिताः ।
तीर्थस्थानाङ्घ्रयः शान्ता दर्शनादार्त्तिहारिणः ॥४८॥
मदाश्रयाद्भविष्यन्ति गृहस्थाश्च सहस्रशः।
धर्मज्ञानविरागाद्यैर्ब्रह्मरूपा गुणैर्युताः ॥४९॥
देवराजनरेन्द्राद्यैस्तापसैश्चापि दुश्चरम् ।
भूमौ प्रवर्तयिष्येऽहं ब्रह्मचर्यं हि मत्प्रियम् ॥५०॥
द्विविधा मत्प्रतापेन योषितोऽपि सहस्रशः ।
सर्वदा पालयिष्यन्ति ब्रह्मचर्यं यथोचितम् ॥५१॥
ब्रह्मचर्यं किलाऽष्टाङ्गं त्यागिनोऽत्र सहस्रशः ।
पालयिष्यन्ति मत्प्रीत्यै घोरेऽप्यस्मिन् कलौ युगे ॥५२॥
तद्व्रतं चात्र भूयांसो मद्भक्ता गृहमेधिनः ।
बुद्धिशुद्धिप्रदं भद्रं पालयिष्यन्ति सर्वदा ॥५३॥
कारयिष्याम्यहं भिन्नां पुंसां स्त्रीणां तथा सभाम् ।

હે રાજન્ ! આ સંતો અષ્ટાંગ યોગથી સંપન્ન હશે. કોઈ પણ જાતનું માયાનું આવરણ તેને નડશે નહિ. તેમના ચરણો જ તીર્થરૂપ હશે, તેઓ સ્વભાવે શાંત અને દર્શન કરવાથી પાપ તથા પીડાને શમાવનારા હશે. ॥૪૮॥

મારો આશ્રય કરવાથી હજારો ગૃહસ્થો ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ સદ્‌ગુણોથી સંપન્ન અને બ્રહ્મરૂપ થશે. ॥૪૯॥

મને બ્રહ્મચર્ય વ્રત પ્રિય છે, જેને ઈન્દ્રાદિ દેવતાઓ, મોટા રાજાઓ અને તપસ્વીઓ પણ પાળી શકતા નથી, તે બ્રહ્મચર્ય વ્રતનું પાલન હું દુનિયામાં કરાવીશ. ॥૫૦॥

મારા પ્રતાપથી સધવા તથા વિધવા, બન્ને પ્રકારની હજારો સ્ત્રીઓ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથોચિત બ્રહ્મચર્ય વ્રતનું સદા પાલન કરશે. ॥૫૧॥

આ ઘોર કળિયુગમાં પણ મને રાજી કરવા માટે હજારો ત્યાગીઓ અષ્ટાંગ બ્રહ્મચર્ય વ્રતનું આ ભૂમિ ઉપર પાલન કરશે. ॥૫૨॥

આ સત્સંગમાં ઘણા મારા ભક્ત ગૃહસ્થો બુદ્ધિને વિશુદ્ધ કરનારા તે શુભ બ્રહ્મચર્ય વ્રતને કાયમ પાળશે. ॥૫૩॥

तेन तेषां च वै तासां मोक्षोऽविघ्नो भविष्यति ॥५४॥

केनापि नाऽवतारेण कार्यमेतच्च केनचित् ।
नाऽऽचार्येण कृतं पूर्वं न विधास्यन्ति केचन ॥५५॥

तस्मादनन्यसाध्यं तत्कार्यं सर्वावतारिणः ।
आश्चर्यकृत्परं राजन्! विद्धि त्वं मेऽतुलौजसः ॥५६॥

मया साध्यं तु यत्कार्यमवतारैकहेतुना ।
राजन्ननन्यसाम्येन कश्चित्कर्त्तुं न शक्नुयात् ॥५७॥

आसुरीं सम्पदं दुष्टां दुःखदां संसृतिप्रदाम् ।
सद्यः संकोचयिष्यामि यथा सूर्यः कुमुद्वतीम् ॥५८॥

शर्मदां सम्पदं दैवीं प्राणिनिर्वाणकारिणीम् ।
प्रफुल्लितां प्रणेष्यामि भानुमानिव पद्मिनीम् ॥५९॥

अविद्यामयमज्ञानं सांद्रानाद्यं शरीरिणाम् ।
नाशयिष्यामि दुर्भेद्यं सूर्याद्यैश्चाप्यनर्थदम् ॥६०॥

હું મારા આશ્રિત પુરુષોની અને સ્ત્રીઓની સભા અલગ અલગ કરાવીશ કે જેથી તે પુરુષોનો અને સ્ત્રીઓનો મોક્ષ નિર્વિઘ્ન થશે. ॥૫૪॥

પૂર્વે કોઇ અવતારે કે કોઇ આચાર્યે આ કાર્ય કર્યું નથી અને ભવિષ્યમાં પણ કોઇ નહિ કરે. ॥૫૫॥

હે રાજન્ ! તેથી જ અનુપમ પ્રતાપવાળા સર્વાવતારી મારું આ કાર્ય બીજા કોઇથી થઇ શકે તેવું નથી, માટે તે વિસ્મયજનક છે અને શ્રેષ્ઠ છે એમ તમે સમજો. ॥૫૬॥

હું સર્વ અવતારોનું કારણ છું અને મારી સમાન બીજું કોઇ નથી. તો મારાથી જે કાર્ય થાય તે બીજા કોઇથી થઇ શકે નહિ. ॥૫૭॥

જેમ સૂર્ય પોયણીને કરમાવી દે છે તેમ દુષ્ટ, દુઃખદ અને સંસારમાં ભટકાવનારી આસુરી સંપત્તિને હું ત્વરિત કરમાવી દઇશ. ॥૫૮॥

અને સૂર્ય જેમ કમળને પ્રફુલ્લિત કરે છે તેમ જીવોનું કલ્યાણ કરનારી સુખદ દૈવી સંપત્તિને હું પ્રફુલ્લિત કરીશ. ॥૫૯॥

જીવોનું અવિદ્યામય અજ્ઞાન ગાઢ છે, અનાદિ છે, અનર્થકારી છે અને

धर्ममैकान्तिकं भूमौ नष्टं कालेन भूयसा ।
भद्रं प्रवर्तयिष्यामि संसारामयभेषजम् ॥६१॥

क्षोण्यां पाषण्डिनो राजन्! गुरवो मत्प्रतापतः ।
पराभूतिं हि यास्यन्ति पतङ्गा भास्वतो यथा ॥६२॥

भूमौ विधापयिष्यामि समाधिं वै जनव्रजान् ।
निःश्रेयसाय जीवानां दृष्टिमात्रेण भूपते! ॥६३॥

वैकुण्ठमुख्यधामानि दिव्यानि तत्र तान् स्वयम् ।
दर्शयिष्यामि दिव्या मे तत्र मूर्त्तीश्च भास्वराः ॥६४॥

तत्तद्धामसु दिव्यानि विद्यन्ते यानि भूपते! ।
ऐश्वर्याणि विचित्राणि प्रेक्षयिष्यामि तानि तान् ॥६५॥

समाधिस्था हि यास्यन्ति जना भूमौ सहस्त्रशः ।
वैकुण्ठमुख्यधामाद्यं त्यागिनो गृहिणस्तथा ॥६६॥

જેનો નાશ સૂર્ય આદિથી પણ થઇ શકતો નથી. આવા અજ્ઞાનનો હું નાશ કરીશ. ॥૬૦॥

સંસારરૂપી રોગમાં ઔષધ જેવા અને કાળે કરીને નાશ પામેલા આવા એકાંતિક મંગળમય ધર્મને ભૂમિ ઉપર હું પ્રવર્તાવીશ. ॥૬૧॥

હે રાજન્ ! આગિયા જીવડા જેમ તેજસ્વી સૂર્ય આગળ ઝાંખા પડીને નષ્ટ થઇ જાય છે તેમ આ ભૂમિ ઉપર પાખંડી ગુરુઓ મારા પ્રતાપથી પરાજિત થઇ જશે. ॥૬૨॥

ભૂપતે ! આ ભૂમિ ઉપર જીવોનું કલ્યાણ કરવા માટે અનેક લોકોને દૃષ્ટિમાત્રથી જ સમાધિ કરાવીશ. ॥૬૩॥

તે સમાધિમાં તે મુમુક્ષુઓને વૈકુંઠ આદિ દિવ્ય ધામોના દર્શન કરાવીશ અને ત્યાં રહેલી તેજસ્વી અને દિવ્ય મારી મૂર્તિઓના દર્શન પણ કરાવીશ. ॥૬૪॥

હે ભૂપતે ! તે તે ધામોમાં જે વિચિત્ર અને દિવ્ય ઐશ્વર્ય રહ્યા છે તેના પણ દર્શન તેમને કરાવીશ. ॥૬૫॥

આ ભૂમિ ઉપર સમાધિની સ્થિતિ પામેલા હજારો ત્યાગીજનો અને ગૃહસ્થ જનો વૈકુંઠ આદિ ધામોમાં દર્શન કરવા જશે. ॥૬૬॥

मदीयेन प्रतापेन साधनाऽऽयासमन्तरा ।
समाधिस्थितिमाप्स्यन्ति बाला वृद्धाश्च योषितः ॥६७॥
पराभूतिं नयन्तो ये देवदानवमानवान् ।
मृगान् सिंहा इव क्रूराः मानलोभस्मरादयः ॥६८॥
तानन्तर्द्वेषिणो राजन्! वीर्यशौर्यमदोद्धतान् ।
मद्भक्ता मत्प्रतापेन नूनं जेष्यन्ति दुर्जयान् ॥६९॥
आश्रयं मे प्रपन्ना ये जना धर्मादिसद्गुणैः ।
राजमाना भविष्यन्ति शरत्तारागणा इव ॥७०॥
सतामैकान्तिकानां मे मद्भक्तानां च सद्धियाम् ।
प्रसङ्गेनेदृशं ज्ञानं मत्स्वरू पस्य जायते ॥७१॥
ओषधीनां यथा श्रेष्ठा वर्त्तते जीवनौषधीः ।
तथैतद्विद्यते ज्ञानं सर्वज्ञानोत्तमं शुभम् ॥७२॥
हिरण्यगर्भमात्रायां चमत्कारो यथा महान् ।
वर्ततेऽस्मिन् तथा ज्ञाने भूयसी वै चमत्कृतिः ॥७३॥

બાળકો, વૃદ્ધો તથા સ્ત્રીઓ પણ અષ્ટાંગ યોગની સાધના કર્યા સિવાય જ મારા પ્રતાપથી સમાધિની સ્થિતિને પામશે. ॥૬૭॥

માન, લોભ અને કામ વગેરે અંતઃશત્રુઓ, જેમ સિંહ હરણ આદિને મારી નાખે છે તેમ, દેવતાઓ દાનવો અને મનુષ્યોને પરાજિત કરી દે છે. ॥૬૮॥

હે રાજન્ ! શૂરતા અને વીરતાના મદથી ઉદ્ધત થયેલા તે બધા દુર્જય અંતઃશત્રુઓને મારા ભક્તો મારા પ્રતાપથી જીતી લેશે. ॥૬૯॥

જે લોકો મારે શરણે આવશે તે ધર્મ જ્ઞાન આદિ સદ્ગુણોને લીધે, શરદ્ ઋતુના તારાગણોની જેમ અત્યંત આભા સંપન્ન થશે. ॥૭૦॥

મારા એકાંતિક સંતોના અને સદ્બુદ્ધિવાળા ભક્તોના સમાગમથી જ મારા સ્વરૂપ સંબંધી આવું જ્ઞાન મનુષ્યને થાય છે. ॥૭૧॥

ઔષધીઓમાં સંજીવની ઔષધી જેમ સર્વશ્રેષ્ઠ છે તેમ મારા સ્વરૂપ સંબંધી આવું શુભ જ્ઞાન છે તે સર્વ પ્રકારના જ્ઞાનોમાં સર્વોત્તમ જ્ઞાન છે. ॥૭૨॥

હિરણ્ય ગર્ભમાત્રામાં જેમ એક પ્રકારનો સર્વોત્તમ ચમત્કાર રહ્યો હોય છે

प्राप्ताया: श्रैष्ठिकाद्राजन्! हुण्डिकाया धनं यथा ।
तथेदृग्निश्चयाद्वै मे मद्धाम प्राप्यतेऽक्षरम् ॥७४॥
द्रव्याणामस्ति सर्वेषां यथा चिन्तामणिर्वरः ।
बोधो हि मे स्वरू पस्य वरीयान् वर्तते तथा ॥७५॥
यथा विष्णुश्च देवानां द्रूणां कल्पद्रुमो यथा ।
वर्ततेऽशेषबोधानां श्रेष्ठो बोधोऽस्त्यसौ शुभः ॥७६॥
एतद्धि नश्वरकलेवरदर्पसर्पदष्टं जनं वयुनमस्तसमस्तचेष्टम् ।
सञ्जीवयत्युरगदष्टमुपेतमूर्छं मर्त्यं यथा गरलवैद्यसुमन्त्रिताम्भः ॥७७॥
देहाभिमानभयदाऽसितनागदंशक्लिष्टात्मनां तनुभृतां शमयत्तदार्तिम्
ज्ञानं पवित्रमिदमग्र्यतरं नरेन्द्र! भैषज्यमस्ति भवदीर्घतरामयस्य ॥७८॥
तस्येत्थं ह्यवतारिताविषयकं तेनोदितं पावनं
ज्ञानं तत्पुरु षोत्तमत्वगमकं दिव्यं सतां सम्मतम् ।

તેમ મારા સ્વરૂપના આ જ્ઞાનમાં પણ ઘણો ચમત્કાર રહ્યો છે. ॥૭૩॥

હે રાજન્ ! શાહુકારની પેઢીમાંથી મળેલી હુંડીમાંથી જેમ ધન મળે છે તેમ મારા સ્વરૂપના યથાર્થ નિશ્ચયથી મુમુક્ષુને અક્ષરધામ મળે છે. ॥૭૪॥

બધી જાતના દ્રવ્યોમાં ચિંતામણિ જેમ સર્વોત્તમ છે તેમ મારા સ્વરૂપનું તમને કહ્યું તે જ્ઞાન સર્વોત્તમ છે. ॥૭૫॥

દેવતાઓમાં જેમ વિષ્ણુ શ્રેષ્ઠ છે તથા વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે તેમ સર્વ પ્રકારના જ્ઞાનોમાં આ મારા સ્વરૂપ સંબંધી જ્ઞાન તે સર્વોત્તમ છે અને શુભ છે. ॥૭૬॥

જેમ કોઇ માણસને સર્પ કરડ્યો હોય, ઝેર ચઢવાથી મૂર્છા આવી ગઇ હોય અને શરીર નિઃચેષ્ટ પડ્યું હોય ત્યારે કોઇ વિષવૈદ્ય આવીને તેને મંત્રેલું પાણી પાઇને સજીવન કરે છે તેમ નાશવંત શરીરમાં ગર્વ રૂપી સર્પના દંશથી મુમુક્ષુ જો ભાન ભૂલી ગયો હોય તો તેને આ મેં કહેલું મારા સ્વરૂપનું જ્ઞાન છે તે સજીવન કરે છે અર્થાત્ મોગ માર્ગમાં સભાન કરે છે.'' ॥૭૭॥

હે નરેન્દ્ર ! આ સર્વોત્તમ શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન દેહાભિમાનરૂપ ભયંકર કાળા નાગના દંશથી દુઃખી થતા જીવોની પીડાને શમાવે છે અને સંસાર રૂપી ઘણા સમયના લાંબા રોગને મટાડનારું ઔષધ છે. ॥૭૮॥

स श्रुत्वा मनुजेश्वरो विनयवान् प्राप्तो मुदं भूयसीं
तं जानन्नवतारिणं तमनमद्बद्धाञ्जलिः सादरम् ॥७९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितस्वावतारित्वनिरू पणं नाम द्विचत्वारिंशोऽध्यायः ॥४२॥

अथ त्रिचत्वारिंशोऽध्यायः

त्रिचत्वारिंशके भीतमपवादान्मुमूर्षूकम् ।
रक्ष कालसर्पास्यादभयं तं चकार सः ॥

श्रीचैतन्यानन्द उवाच

एकदा श्रीहरिर्भूपं भूपते! त्वत्पितामहम् ।
कालव्यालकरालास्यात् स्वौजसाऽमूमुचद् द्रुतम् । ॥१॥

श्रीशुकानन्द उवाच

इत्थं सुधावरतरं वचनं स राजा तस्योत्तमं मुनिवरस्य शुभं पवित्रम् ।

श्रीहरिએ સ્વયં કહેલું આ તેમના અવતારીપણાનું જ્ઞાન તેમના પુરુષોત્તમપણાને સમજાવે છે, તે પરમ પાવન અને દિવ્ય છે, સંતપુરુષોએ આ જ્ઞાનને સ્વીકાર્યું છે. આ જ્ઞાનને સાંભળીને અત્યંત વિનયી દરબાર શ્રીએભલ ખાચર ખૂબ જ ખુશ થયા. અને શ્રીહરિને અવતારી સમજીને બે હાથ જોડ્યા અને ચરણોમાં નમી પડ્યા. ॥૭૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૨ સમાપ્ત

અધ્યાય - ૪૩

લોકાપવાદથી ડરેલા શ્રીએભલ ખાચરની રક્ષા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! એક સમયે ભગવાન્ શ્રીહરિએ તમારા પિતામહ શ્રીએભલ ખાચરને પોતાના પ્રતાપે કરીને ભયંકર કાળના મુખથી સત્વરે બચાવ્યા હતા. ॥૧॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! મુનિવર શ્રી ચૈતન્યાનંદ સ્વામીનું

श्रुत्वा मुदं विमलधीर्नितरामवाप्तस्तं प्राञ्जलिर्वचनमित्थमुवाच राजन्!।
योगिप्रवर्य! स नृपं ह्यभयाभिधानं कालाऽननात्कथममोचयदार्त्तबन्धुः।
शुश्रुषवेऽर्हति भवान् गदितुं त्विदं मे प्राहेत्यथ प्रमुदितः स हि सद्वरस्तम्॥
एतत्त्वया शुभकरं नृप! साधुपृष्टं श्रेयस्करं तनुभृतां विशदाशयेन ।
ऐश्वर्यसूचकमहं रुचिरं हरेस्तत्तुभ्यं वदामि शृणु चैकमनाः सुधीस्त्वम्।
पितामहस्य ते ह्यासंश्चतस्त्रः कन्यकाः शुभाः ।
आसीत्तासु जया राजन्! सद्गुणा ललिता च या ॥५॥
धीमन्नास्तामुभे चैते बाल्यादारभ्य योषितौ ।
हरौ गाढानुरागिण्यौ मान्ये भक्ताङ्गनाजनैः ॥६॥
निर्वेदत्यक्तसंसारे सांख्ययोगमुपाश्रिते ।
ध्यायमाने हरिं युक्ते धर्मज्ञानादिसद्गुणैः ॥७॥

આ રીતનું અમૃત કરતાં પણ વધુ શ્રેષ્ઠ, ઉત્તમ, શુભ અને પવિત્ર વચન સાંભળીને નિર્મળ મનના દરબાર શ્રીઅમરા ખાચર અત્યંત ખુશ થયા. પછી બે હાથ જોડીને તેમણે શ્રીચૈતન્યાનંદ સ્વામીને કહ્યું. ॥૨॥

"હે યોગિરાજ ! આર્તબંધુ શ્રીહરિએ (મારા પિતામહ) દરબાર શ્રી એભલ ખાચરને કાળના મોઢામાંથી કઈ રીતે છોડાવ્યા. તે હું સાંભળવા ચાહું છું, તો આપ મને તે વાત કહો." તે પછી રાજી થયેલા મુનિવર્ય શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ તેમને કહ્યું, ॥૩॥

હે નૃપ ! નિર્મળ હૃદયના તમે, લોકોનું કલ્યાણ કરે તેવું મંગળમય સારું પૂછ્યું છે. હવે હું શ્રીહરિના ઐશ્વર્યને જણાવનાર સુંદર વૃત્તાંત તમને કહું છું. સદ્બુદ્ધિમાન તમે એકાગ્ર ચિત્તથી સાંભળો. ॥૪॥

હે રાજન્ ! તમારા પિતામહને શુભગુણ સંપન્ન ચાર પુત્રીઓ હતી. તેમાં જીવુબા (મોટીબા, જયાદેવી) અને લાડુબા (લલિતા દેવી) સદ્ગુણ સંપન્ન હતા. હે ધીમન્ ! આ બન્ને બહેનો બાલ્યવયથી જ ભગવાન્ શ્રીહરિના સ્વરૂપમાં ગાઢ પ્રેમ રાખનારા અને મહિલા ભક્ત સમાજમાં આદરણીય હતા. ॥૫-૬॥

તજી દીધેલા સંસારમાં તેમને વૈરાગ્ય હતો. તેઓ સાંખ્યયોગના ધર્મનિયમ પાળતા હતા. નિરંતર શ્રીહરિનું ધ્યાન કરતા અને ધર્મ, જ્ઞાન આદિ સદ્ગુણોથી સંપન્ન હતા. ॥૭॥

तथा श्रीहर्यतिस्नेहा धर्मज्ञानादिसद्गुणैः ।
युक्ता तपस्विनीश्रेष्ठा सांख्ययोगं श्रिता रमा ॥८॥
ब्राह्मणी चामरी योषा सुशीलाऽङ्ग! तथेतरा ।
राजन्त्यासीद्धरौ स्निग्धा सांख्ययोगाश्रिताऽभवत् ॥९॥
ततस्तासां भवत्यागं श्रुत्वाऽऽश्चर्यं ययुर्जनाः ।
तदोपाधिर्महानासीद्दुर्बलैर्दुःसहो जनैः ॥१०॥
तद्वार्ताया महोद्घोषो भूपतेऽस्मिन् पुरेऽभवत् ।
देशे देशे च वार्त्तैषा नित्यदाऽऽसीज्जनेरिता ॥११॥
निशम्याऽथाऽभयो राजा तासां त्यागस्य वार्तिकाम् ।
दन्दह्यमान एवान्तःखिद्यन्नित्थं व्यचारयत् ॥१२॥
बाल्यादारभ्य एताभिः सांख्ययोगः सुदुष्करः ।
यास्यन्त्येतास्तपोनिष्ठास्तत्पारं सुव्रताः कथम् ॥१३॥

તે રીતે જ શ્રીહરિના સ્વરૂપમાં અતિશય સ્નેહવાળા, ધર્મજ્ઞાન આદિ સદ્‌ગુણોથી સંપન્ન, તપસ્વિની બેનોમાં શ્રેષ્ઠ, સાંખ્યયોગના ધર્મનિયમોને પાળતા એક બ્રાહ્મણ જ્ઞાતિના રમા બહેન હતા. તે સિવાય પવિત્ર ચરિત્રવાળા અમરી બા, તથા રાજબાઈ પણ હતા. આ બધા બહેનો શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહ રાખતા તથા સાંખ્ય યોગના નિયમોને પાળતા હતા. ॥૮-૯॥

તે પછી આ બધી બહેનોના સંસાર ત્યાગની વાતો સાંભળીને લોકોને વિસ્મય થતો હતો. તે વખતે ભગવદ્વિમુખ દુર્બળ લોકોએ ઉપજાવેલી અસહ્ય મહાન ઉપાધિ આવી પડી. ॥૧૦॥

હે ભૂપતે ! આ ગઢપુરમાં પણ તે વાત અંગે લોકવાયકા પ્રસરી. દેશે દેશમાં લોક મુખે આ વાત કાયમ થવા લાગી. ॥૧૧॥

પછી દરબાર શ્રી એભલ ખાચરે પણ તે બહેનોના સંસાર ત્યાગની વાત સાંભળી. તેથી તેઓ પોતાના હૃદયમાં દુઃખથી બળી ઊઠ્યા. ખિન્ન થઈને તેઓ વિચારવા લાગ્યા. ॥૧૨॥

''આ બહેનો બાલ્યવયથી જ કઠિન સાંખ્યયોગના નિયમ પાળે તે અતિ દુષ્કર છે. પવિત્ર વ્રત પાળનારી તપોનિષ્ઠ આ બહેનો સાંખ્યયોગના વ્રતને પાર કેમ પાડશે ? ॥૧૩॥

रूप्यमुद्रामितं पिष्टं मिश्रयित्वाऽम्भसाऽनिशम् ।
पिबन्त्यः सद्धियस्त्वेता धारयिष्यन्त्यसून् कथम् ॥१४॥
दुष्कीर्तिं मे जना नूनं विधास्यन्ते च वैरिणः ।
हत्वा तस्मादिमा योषास्तूर्णं त्यक्ष्ये हि मद्वपुः ॥१५॥
क्लेशदावानलज्वालाप्लुष्टदेहः स भूपतिः ।
विचार्यैवं महाशूरो वेदिकायामुपाविशत् ॥१६॥
ततोऽञ्जनव्रजश्यामः प्रांशुः पुष्टकलेवरः ।
आगमत्पुरुषः कश्चित्प्राणित्रासावहेक्षणः ॥१७॥
पितामहं स तेऽथोग्रः पर्यङ्कादाश्वधोमुखम् ।
निपात्याऽऽदाय चाकाशे गच्छति स्मोरुवेगयुक् ॥१८॥
सज्जीभूतं निजं देहं नानाशस्त्रधरं हि सः ।
पश्यन् वीररसोपेतः क्रोधव्याप्ताकृतिर्ह्यभूत् ॥१९॥

એક રૂપિયા ભાર લોટને પાણીમાં ઓગાળીને પીતી સદ્‌બુદ્ધિવાળી આ બહેનોના પ્રાણ કેમ ટકશે ? ॥૧૪॥

મારા વેરી લોકો ચોક્કસ મારી અપકીર્તિ કહેશે. માટે હવે હું આ બધી બહેનોની હત્યા કરું અને તે પછી સ્વયં પણ આત્મહત્યા કરું.'' ॥૧૫॥

દરબાર શ્રીએભલ ખાચરનું શરીર માનસિક ક્લેશ રૂપી દાવાનળની જ્વાળામાં બળતું હતું. તેઓ મહાન્ શૂરવીર હોવા છતાં મનમાં ઉપર કહ્યા પ્રમાણે નક્કી કરીને દરવાજા બહાર ઓટલા ઉપર બેઠા. ॥૧૬॥

બરાબર તે જ સમયે કાજળના ઢગલા જેવો કાળો, ઊંચો, અડીખમ, પુષ્ટ શરીરનો, કોઈ કાળ પુરુષ ત્યાં આવી પહોંચ્યો. તેની આંખો પ્રાણીઓને ત્રાસ ઉપજાવતી હતી. ॥૧૭॥

મહાભયંકર તે કાળપુરુષે તમારા પિતામહ શ્રીએભલ ખાચરને પલંગ ઉપરથી મોઢાભર પછાડી દીધા. પછી તેમને પકડીને ઘણી ઝડપથી આકાશ માર્ગે ચાલતો થયો. ॥૧૮॥

પોતે ભેટવાળીને સજ્જ હતા. શરીર ઉપર ઘણી જાતના હથિયાર પણ બાંધ્યા હતા તે તેમણે જોયા. ચહેરા ઉપર એકદમ ક્રોધ વ્યાપી ગયો હતો. સ્વયં મૂર્તિમાન વીરરસ યુક્ત હતા. ॥૧૯॥

स प्रैक्षताथ भूपालः कालव्यालं भयाकुलः ।
नितान्तं श्यामलं क्रूरं दीर्घपीवरविग्रहम् ॥२०॥
धरास्थैकाधरं व्योमव्याप्यमानोत्तराधरम् ।
गुहातुल्याननप्रान्तं व्यात्तवक्त्रभयङ्करम् ॥२१॥
कठोरमारु तश्वासं ज्वलद्दावानलेक्षणम् ।
शैलसानुसमोदारदंष्ट्रोरु त्रासकारकम् ॥२२॥
विस्तारदैर्घ्ययुग्मार्गतुल्यजिह्वासमन्वितम् ।
भूभृच्छृङ्गान्तरादभ्रध्वान्ततुल्यमुखान्तरम् ॥२३॥
श्वासदावानलानल्पज्वालामालासमाकुलम् ।
आग्रसन्तमिव व्यात्ततुण्डेनेदं जगन्नृप! ॥२४॥
ततोऽपश्यत्तदीयाऽऽस्ये नदीनां स प्रवाहवत् ।
मर्त्त्यदेवासुरान् मुख्यान् मुखश्वासप्रवेशिनः ॥२५॥
स प्रविष्टोऽथ तद्वक्त्रे सान्द्रध्वान्तव्रजाकुले ।

છતાં શ્રી એભલ ખાચરે કાળરૂપી સર્પને દેખ્યો ત્યારે ભયથી અકળાઇ ગયા. કાળ સર્પ એકદમ કાળો હતો, ક્રૂર હતો અને તેનું શરીર ઘણું લાંબું અને જાડું હતું. ॥૨૦॥

તેનો નીચેનો હોઠ જમીન ઉપર હતો અને ઉપરનો હોઠ આકાશમાં વ્યાપેલો હતો. મોઢાના ગલોફા ગુફાઓ જેવા હતા. ફાડેલું મોઢું ઘણું ભયંકર હતું. કઠોર પવન ભર્યો તેનો શ્વાસ હતો. સળગતા દાવાનળ જેવી તેની આંખો હતી. પહાડની શિખરિયો જેવી મોટી ડાઢોથી તે ઘણો ત્રાસજનક હતો. પહોળા અને લાંબા એક સરખા માર્ગ જેવી તેની જીભ હતી. પહાડોની ખીણના ઊંડાણમાં રહેલા પુષ્કળ અંધારા જેવો તો તેના મુખનો-અંદરનો ભાગ હતો. શ્વાસરૂપી દાવાનળથી ભડકે બળતી મોટી જ્વાળાઓથી તે વ્યાપ્ત હતો. હે નૃપ ! ફાડેલા મુખથી આ જગતને ગળી જવા ચાહતો હોય તેવો તે હતો. ॥૨૧-૨૪॥

પછી શ્રીએભલ ખાચરે જોયું કે નદીના પ્રવાહની જેમ મનુષ્યો, દેવતાઓ અને અસુરો વગેરે તેના શ્વાસની સાથે તેના મુખમાં પ્રવેશી જતા હતા. ॥૨૫॥

તેમણે પોતે પણ અનુભવ્યું કે સ્વયં ઘાટા અંધારાથી ભર્યા તેના મોઢામાં

त्रासातिव्याकुलस्तूर्णं कोशादुद्धृतवानसिम् ॥२६॥
आकाशवाक् तदेत्यासीज्जया पुत्री तवोत्तमा ।
अवतारोऽस्ति वै लक्ष्म्याः शालिशीलगुणालया ॥२७॥
पुत्री राधावतारस्ते वर्तते ललिता तथा ।
स्वेष्टदेवहरिश्रीमत्पादपद्मानुरागिणी ॥२८॥
राजन्नहर्निशं ते त्वं पीडयस्युग्रविक्रमः ।
तस्मात्कालाहिना ग्रस्तो व्यथां प्राप्तोऽसि भूयसीम् ॥२९॥
अतस्ते तं स्मर स्वीये पुत्रिके चेश्वरेश्वरम् ।
स्वामिनारायणस्तेन त्वां कालान्मोचयिष्यति ॥३०॥
महाश्चर्यं ततः प्राप्तः सोऽस्मरत्तान् द्रुतं नृपः ।
अथ स्वेक्षां हरिस्तस्मै प्रादान्नैष्ठिकवेशभृत् ॥३१॥
कोटिकोट्यर्कसंकाशप्रकाशाङ्गातिराजितः ।

પ્રવેશી રહ્યા છે. તેના ત્રાસથી પોતે વ્યાકુળ થઇ ગયા અને તુરંત મિયાનમાંથી તલવાર ખેંચી. ॥૨૬॥

બરાબર તે વખતે આવી આકાશવાણી થઈ કે ‘‘તમારા મોટા દીકરી જીવુબા સર્વોત્તમ છે. માનો કે તે સાક્ષાત્ લક્ષ્મીજીનો અવતાર છે. તે શાલીનતા અને ચારિત્ર્યના સદ્‌ગુણોનો ભંડાર છે. ॥૨૭॥

તે રીતે જ તમારા દીકરી લાડુબા પણ રાધિકાજીના અવતાર જેવા છે. અને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના શ્રીચરણકમળોમાં પ્રેમભક્તિવાળા છે. ॥૨૮॥

હે રાજન્ ! ઉગ્ર પરાક્રમી તમે પોતાની તે બન્ને પુત્રીઓને નિરંતર સંતાપ્યા કરો છો. તેથી જ તમને કાળરૂપી સર્પ ગળી રહ્યો છે અને તમે ઘણી જ પીડાને અનુભવી રહ્યા છો. ॥૨૯॥

માટે તમે તે બન્ને પુત્રીઓને યાદ કરો તથા સર્વેશ્વર શ્રીહરિને પણ સંભારો. તે શ્રીસ્વામિનારાયણ ભગવાન્ તમને કાળથી બચાવશે. ॥૩૦॥

આથી તે શ્રીએભલ ખાચરને મહાન્ આશ્ચર્ય થયું અને તેમણે તત્કાળ પોતાની બન્ને દીકરીઓને અને શ્રીહરિને મનમાં સંભાર્યા. ત્યારે નૈષ્ઠિક વર્ણીના વેશમાં શ્રીહરિએ તેમને પોતાના દર્શન આપ્યા. ॥૩૧॥

नैकलोकेशलावण्यं तर्जयन् स्वातुलश्रिया ॥३२॥
दर्शनार्हो मनःकान्तो महाशान्तिप्रदेक्षणः ।
रूपसौन्दर्यमाधुर्यलावण्यादिमहोदधिः ॥३३॥
स तं त्रस्तं स्वपाणिभ्यां गृहीत्वा तत्करो हरिः ।
कालव्यालकरालास्याद् द्राग् बहिर्निरकासयत् ॥३४॥
सोऽतित्रस्तस्तदापश्यद्राजा तेजोमयीं जयाम् ।
ततः कालादिकं सर्वं तिरोऽभूत्सत्वरं नृप! ॥३५॥
कम्पमानोऽपि स क्ष्मेशः स्वस्थतापन्नमानसः ।
तेन कालोरगत्रातं स्वं जानन् प्राणमद्धरिम् ॥३६॥
स इत्थं सर्वविद्राजन्! पटीयान् भक्तरक्षणे ।
पितामहं किलाऽऽवत्ते लीलया काललेलिहात् ॥३७॥

શ્રીહરિ કરોડો સૂર્યના સમાન તેજસ્વી અંગોથી અત્યંત દીપી રહ્યા હતા. પોતાની અનુપમ શોભાથી અનેક લોકપાળોના લાવણ્યને પણ ઝંખાવી દેતા હતા. ॥૩૨॥

સ્વરૂપ દર્શનીય હતું. મનોહર શોભા હતી. અત્યંત શાંતિપ્રદ નેત્ર હતા. સ્વરૂપનું સૌંદર્ય, માધુર્ય અને લાવણ્યના તો તેઓ મહાસાગર હતા. ॥૩૩॥

શ્રીહરિએ પોતાના હાથથી શ્રીએભલ ખાચરના બન્ને હાથ પકડ્યા. તેઓ ત્રાસી ગયા હતા. કાળરૂપી સર્પના ભયંકર મુખમાંથી તેમને તત્કાળ બહાર કાઢ્યા. ॥૩૪॥

હે નૃપ ! અતિશય ત્રાસી ગયેલા શ્રી એભલ ખાચરે તે સમયે જીવુબાને તેજસ્વિની દેવીના રૂપમાં દેખ્યા અને કાળરૂપી મહાસર્પ આદિ બધું સત્વરે અદૃશ્ય થઈ ગયું. ॥૩૫॥

પછી શરીર ત્રાસથી ધ્રૂજતું હતું, છતાં તેઓ મનથી સ્વસ્થ થયા. ‘‘શ્રીહરિએ મને કાળરૂપી મહાસર્પથી બચાવ્યો છે’’ એમ સમજીને તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૩૬॥

હે રાજન્ ! શ્રીહરિ બધું જાણે છે અને ભક્તોનું રક્ષણ કરવામાં નિષ્ણાત છે. તેમણે લીલામાત્રમાં તમારા પિતામહ શ્રીએભલખાચરનું કાળરૂપી સર્પથી રક્ષણ કર્યું હતું. ॥૩૭॥

अथैकदाऽऽसनाऽऽसीनं हरिं सौधेऽक्षराभिधे ।
पितामहो हि ते नत्वा तस्य चोपाविशत्पुरः ॥३८॥
अथेत्युचे स तं राजा कालव्यालाननात्प्रभो! ।
त्वया तूर्णं हि मे त्राणं कृतं भक्तार्तिहारिणा ॥३९॥
ततः प्रीत्या स तत्सर्वं वृत्तान्तं प्राह तं नृपः ।
सोऽवर्णयच्च तन्मूर्तिं यथादृष्टां तदाऽद्भुताम् ॥४०॥
स प्रीत्याऽवेक्षमाणस्तं स्मेरराजन्मुखाम्बुजम् ।
तन्माहात्म्यं परं जानन् प्राहेत्थं तं शुभं वचः ॥४१॥
स एव त्वं मया ज्ञातः परस्मादक्षरात्परः ।
सर्वेषामवताराणां कारणं पुरुषोत्तमः ॥४२॥
तत्र स्थिता हरिजनास्तु ततोऽभयाद्या धाम्न्यक्षरे वरतरे रमणीयरूपम् ।
तेजोमयं मणिसुवर्णमये निषण्णं सिंहासने ददृशुरेव तदिच्छया तम्॥

પછી એક દિવસ શ્રીહરિ અક્ષર ભવન (અક્ષર ઓરડી) માં પોતાને આસને વિરાજ્યા હતા. ત્યારે તમારા પિતામહ શ્રીએભલ ખાચર ત્યાં આવ્યા. શ્રીહરિને પગે લાગીને તેમની આગળ બેઠા. ॥૩૮॥

પછી તેમણે શ્રીહરિને કહ્યું, ‘‘હે પ્રભો ! ભક્તોની પીડા હરનારા આપે કાળરૂપ મહાસર્પના મુખથી તત્કાળ મારું રક્ષણ કર્યું હતું. ॥૩૯॥

પછી દરબાર શ્રીએભલ ખાચરે પ્રેમથી તે બધું વૃત્તાંત કહ્યું અને તે વખતે જે શ્રીહરિની અદ્‌ભુત મૂર્તિના દર્શન થયા હતા તે બધું કહી સંભળાવ્યું. ॥૪૦॥

શ્રીહરિના મંદ હાસ્યથી શોભતા મુખ કમળ સામે તેમણે નજર રાખી હતી. તેમનું સર્વોત્તમ માહાત્મ્ય સ્વયં સમજતા હતા, તેથી તેમણે આગળ કહું છું તેવું શુભ વચન કહ્યું. ॥૪૧॥

હે હરે ! સર્વથી પર અક્ષર છે અને તેથી પણ પર આપ છો, આપ સર્વ અવતારોનું કારણ પુરુષોત્તમ છો. તે આપ મને ઓળખાયા છો. ॥૪૨॥

પછી ત્યાં દરબાર શ્રીએભલ ખાચર આદિ હરિભક્તો જે બેઠા હતા, તેમને શ્રીહરિની ઈચ્છાથી સમાધિ થઈ અને સર્વોત્તમ અક્ષરધામમાં મણિજડિત સુવર્ણના સિંહાસન ઉપર વિરાજમાન તેજોમય રમણીય સ્વરૂપના દર્શન થયા. ॥૪૩॥

तं दिव्यमूर्तिमवलोक्य हरिं स्वतन्त्रं तेजोमयाक्षरविमुक्तसमर्च्यमानम् ।
ते तत्प्रसक्तमनसः पुरु हर्षमीयुश्चिन्तामणिं समधिगम्य यथा दरिद्राः॥
तस्येच्छयाऽथ तनुभानमुपागतास्ते
रोमाञ्चिताऽऽकृतियुता मुदमाप्नुवन्तः।
तं स्वेष्टदेवमतुलं ह्यवतारहेतुं भक्त्यानमन् हरिमुदारसुखप्रदेक्षम् ॥४५॥
ऐश्वर्यमित्थमसमं रुचिरं पवित्रं चित्रावहं भवहरश्रुतिकीर्तनाद्यम् ।
भद्रं निजं मनुजराजमुखाश्रितेभ्यो दिव्यं व्यदर्शयदतुल्यदयः स राजन्!

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्येऽभयनृपस्य श्रीहरिकृतकालावनादिरूपैश्वर्यनिरूपणं नाम त्रिचत्वारिंशोऽध्यायः ॥४३॥

अथ चतुश्चत्वारिंशोऽध्यायः

माण्डव्यग्रामकं चतुश्चत्वारिंशे जगाम च ।
शत्रुपराभवं चक्रेऽभयप्रार्थित आत्मवान् ॥

જેમની મૂર્તિ દિવ્ય છે. સ્વતન્ત્ર છે, તેજોમય અક્ષરધામના મુક્તો જેમની પૂજા કરી રહ્યા છે, આવા દર્શન થયા. જેમ દરિદ્ર લોકોના હાથમાં ચિંતામણિ આવવાથી રાજી થાય છે તેમ શ્રીહરિના સ્વરૂપમાં જ જેનું મન લાગેલું રહેતું હતું આવા તે બધા હરિભક્તો પુષ્કળ આનંદ પામ્યા. ॥૪૪॥

પછી શ્રીહરિની ઈચ્છાથી તે બધા ભક્તો ભાનમાં આવ્યા. તેઓ રોમાંચિત થઈ ગયા હતા. ખૂબ જ ખુશ હતા. પછી તેઓ, જે દર્શન માત્રથી જ અપાર સુખ આપે છે, જે સર્વ અવતારોનું કારણ છે, આવા અનુપમ પોતાના ઈષ્ટ દેવ શ્રીહરિને ભક્તિભાવથી પગે લાગ્યા. ॥૪૫॥

હે રાજન્ ! અપાર દયાળુ શ્રીહરિએ જેનું શ્રવણ કીર્તન આદિ મોક્ષકારી છે, જે અનુપમ, સુંદર, પવિત્ર અને આશ્ચર્યકારી છે, આવું પોતાનું મંગળમય ઐશ્વર્ય શ્રી એભલખાચર આદિ પોતાના ભક્તોને દેખાડ્યું હતું. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૩ સમાપ્ત

श्रीचैतन्यानन्द उवाच
अथ मुनिजनवत्सलो दयालुर्हरिरखिलाश्रितरक्षणे पटीयान् ।
अनयदिह महीपतेः सपत्नान्निजमहसैव पराभवं नरेन्द्र! ॥१॥
श्रीशुकानन्द उवाच
वचनमिति सतां वरस्य तस्य स नरपतिर्मधुरं निशम्य हृष्टः ।
इति तमतिशुभं जगाद वाक्यं विनयनतो विहिताञ्जलिर्मनीषी ॥२॥
गुरुवर! नृपतेः रिपून् स योगिन्! हरिरजयत्परमो यथाऽखिलेशः ।
स्वरतनृपतिवैरिनिर्जयंस्तद्वद चरितं रुचिरं वरं हरेर्मे ॥३॥
इति स मुनिवरो निशम्य तस्य वचनमुदारमतेर्नृपस्य राजन्! ।
अवददिति महामुदं गतस्तं हरिमतुलं हृदये स्मरन्निजेष्टम् ॥४॥

અધ્યાય - ૪૪
માંડવધારમાં ગોવાળિયા કાઠીનો પરાભવ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નરેન્દ્ર ! શ્રીહરિને સંતો ઘણા વહાલા છે. તેમનો સ્વભાવ અતિશય દયાળુ છે, સર્વ આશ્રિતોનું રક્ષણ કરવામાં સ્વયં નિષ્ણાત છે, તેથી તેમણે અહીંયાં ગઢપુરમાં રહીને જ દરબાર શ્રીએભલ ખાચરના બધા શત્રુઓનો પરાજય પોતાના પ્રતાપથી જ કરી દીધો. ॥૧॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, સદ્‌ગુરુવર્ય શ્રી ચૈતન્યાનંદ સ્વામીનું મધુર વચન સાંભળીને શ્રીઅમરા ખાચર ઘણું પ્રસન્ન થયા. પછી વિનયથી નમ્ર અને મહાન્ બુદ્ધિશાળી તેમણે બે હાથ જોડ્યા અને શ્રી ચૈતન્યાનંદ સ્વામી આગળ શુભ વચન કહ્યું. ॥૨॥

હે ગુરુવર ! હે યોગિન્ ! પોતાના પ્રેમી ભક્ત દરબાર શ્રીએભલખાચરના શત્રુઓનો પરાજય કરાવનારા, અખિલ જગતના પરમેશ્વર શ્રીહરિએ તે દરબારશ્રીના શત્રુઓને જે રીતે જીત્યા કે હરાવ્યા હોય તે શ્રીહરિનું પરમ સુંદર ચરિત્ર મને કહો. ॥૩॥

હે રાજન્ ! વિશાળ બુદ્ધિવાળા શ્રીઅમરાખાચરનું વચન સાંભળીને સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામી ઘણું રાજી થયા. પછી પોતાના ઈષ્ટદેવ અનુપમ શ્રીહરિને હૃદયમાં સંભાર્યા અને હવે કહેવાશે તે રીતે તેમને કહેવા લાગ્યા. ॥૪॥

हरिचरितमिदं शुभं सुपुण्यं दुरितहरं भुवि शृण्वतां जनानाम् ।
सकलकलिमलक्लमावलोपं स्थिरमनसा शृणु कीर्तयामि तुभ्यम् ॥५॥
एकदोपाविशत्सौधे कृत्वा नित्यविधिं हरिः ।
अक्षराख्येऽन्विते मञ्चे कोमलैस्तूलिकादिभिः ॥६॥
तत्राऽऽयातस्ततो राजा तं द्रष्टुं त्वत्पितामहः ।
सत्कृतस्तेन तं नत्वा न्यषीदत्तत्र सानुगम् ॥७॥
स प्राहाऽथेति तं राजा प्रभो! मां पीडयन्त्यलम् ।
गोपालाः कङ्कजातीया मद्भृत्या येऽभवन्पुरा ॥८॥
श्रीहरे! तेऽद्य मे जाता वैरिणः पीडनोद्यताः ।
क्रूरेभ्यश्चातिदुष्टेभ्यस्तेभ्यस्त्वं पाहि मां प्रभो! ॥९॥
ततः प्राहेति तं भूपं वाक्यं भद्रं मुदा हरिः ।
एतत्सर्वमहं राजन्! साक्षी जानामि देहिनाम् ॥१०॥

આ શ્રીહરિનું ચરિત્ર ભૂમિ ઉપર સાંભળનારા લોકોના પાપોનો નાશ કરે છે, તે અતિ શુભ અને પુણ્યરૂપ છે. કળિયુગના સમગ્ર દોષો અને પાપોનો લોપ કરનારું છે. તે શ્રીહરિનું ચરિત્ર હું તમને કહું છું તેને તમે સ્થિર મનથી સાંભળો. ॥૫॥

એક દિવસ શ્રીહરિ સવારમાં નિત્યવિધિ કરીને અક્ષરભવન (અક્ષરઓરડી)માં સુંવાળા ગાદી તકિયા આદિથી બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન હતા. ॥૬॥

ત્યારે તેમના દર્શન કરવા તમારા પિતામહ શ્રીએભલ ખાચર ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને માન આપ્યું. પછી તેઓ સંતો વગેરે સહિત શ્રીહરિને પગે લાગીને ત્યાં બેઠા. ॥૭॥

પછી તેમણે શ્રીહરિને કહ્યું, હે પ્રભો ! જે મારે ત્યાં નોકરી કરતા હતા તે અમારી જ્ઞાતિના ગોવાળિયા કાઠી મને બહુ હેરાન કરે છે. ॥૮॥

હે શ્રીહરે ! તે ગોવાળિયાઓ આજે મારા વેરી થઈને મને પીડી રહ્યા છે. હે પ્રભો ! અત્યંત દુષ્ટ અને ક્રૂર તે મારા વેરીઓથી આપ મારી રક્ષા કરો. ॥૯॥

પછી શ્રીહરિએ પ્રસન્ન મુખે દરબાર શ્રીએભલખાચરને શુભ વચન કહ્યાં. હે રાજન્ ! હું સર્વ દેહધારીઓનો સાક્ષી છું માટે બધું જાણું છું. ॥૧૦॥

एकदा ह्यनडुद्युक्तशकटेऽहं स्थितो नृप! ।
करियानाभिधग्रामादाव्रजं दुर्गपत्तनम् ॥११॥
ततो व्यावटिकाग्रामक्रीडाख्यग्राममध्यतः ।
महीरामाभिधश्चाऽऽयाद् गोपालो जेष्ठसंज्ञितः ॥१२॥
आसीत्तदा मया सार्द्धं राजन्! भक्तोऽलयाभिधः ।
भृगुजिद्रत्नजिच्चैव पद्मो वैरिभयस्तथा ॥१३॥
मयजित्संज्ञकः शूरः करिमाख्यश्च सन्मतिः ।
मुकुन्दानन्दवर्णीन्द्रस्तथा मत्सेवने रतः ॥१४॥
अश्ववारा महाशौर्याश्चञ्चत्कुन्तकरा नृप! ।
करियानाभिधग्रामे भोक्तुमेवावतस्थिरे ॥१५॥
अहं मत्सेवकैरेतैर्भूपते! सप्तभिर्युतः ।
अतिक्रम्याऽऽगमं वापीमार्गं सङ्कीर्णमार्द्रकम् ॥१६॥
गौपालौ तावथाऽऽयातौ क्रूरसादिभिरन्वितौ ।
कस्याऽयं शकटश्चैवं पृच्छतः स्मेति भूपते! ॥१७॥
अब्रुवंस्तौ ततः पद्मा अनश्चैतद्धि वर्तते ।

હે નૃપ ! એક વખત હું બળદ ગાડીમાં બેસીને કરિયાણાથી ગઢપુર આવતો હતો. ॥૧૧॥

વાવડી અને કીડી, આ બે ગામની વચ્ચે રસ્તામાં મેરામણ અને જેઠો, આવા નામના બે ગોવાળિયા કાઠી ત્યાં આવ્યા. ॥૧૨॥

હે રાજન્ ! તે વખતે મારી સાથે ભક્ત અલૈયા ખાચર, ભગુજી, રતનજી, પાર્ષદ વેરાભાઈ, શૂરવીર મિયાજી અને સદ્બુદ્ધિવાળા કરીમજી આટલા પાર્ષદ સેવકો હતા, અને મારી સેવામાં તત્પર રહેતા શ્રીમુકુંદ બ્રહ્મચારી હતા. ॥૧૩-૧૪॥

હે નૃપ ! બીજા જે ચમકતા ભાલાવાળા શૂરવીર ઘોડેસવાર સખાઓ હતા, તે તો કરિયાણામાં જમવા રોકાયા હતા. ॥૧૫॥

હે ભૂપતે ! ઉપર કહ્યા તે સેવકોની સાથે હું વાવના માર્ગને પાર કરીને સાંકડા કીચડવાળા રસ્તામાં પહોંચ્યો. તેટલામાં તો અતિશય ક્રૂર ઘોડેસવારોની સાથે તે બન્ને ગોવાળિયા આવી ગયા. હે ભૂપતે ! તેમણે પૂછ્યું ''આ ગાડી કોની છે ?''

स्वामिनारायणाख्यस्य हरेस्तावित्यथोचतुः ॥१८॥
वञ्चयस्येव लोकांस्त्वं द्विषतोऽभयभूभुजः ।
हितकृन्नस्ततो देहि व्ययार्थं रूप्यमुद्रिकाः ॥१९॥
अथैवं तौ मया प्रोक्तं प्रदेया वामिहाऽधुना ।
सन्त्यायुधप्रहारास्तान् गृह्णीतं सत्वरं युवाम् ॥२०॥
सादिभिस्तौ ततः सार्द्धं योद्धुकामौ मदोद्धतौ ।
मत्सन्मुखे किलायातां दुर्जयौ वैरिमर्द्दनौ ॥२१॥
उत्प्लुत्याऽथाऽनसस्तूर्णं कोशादुद्धृत्य चाश्वसिम् ।
त्रस्तौ पलायमानौ तौ राजन्नन्वद्रवं द्विषौ ॥२२॥
तदाऽहं धावमानौ तौ भीतौ विष्णोरिवाऽसुरौ ।
वीर्यशौर्यबलोन्मत्तौ वाक्यमेवं समब्रवम् ॥२३॥
क्लीबौ दृष्ट्वा युवां मेऽयं हसतीव स्फुरन्नसि ।
तिष्ठतं तिष्ठतं तस्माद्युवां मेऽग्रे नराधमौ! ॥२४॥

ત્યારે પાર્ષદોએ કહ્યું, આ ગાડી તો શ્રી સ્વામિનારાયણ નામના ભગવાન શ્રીહરિની છે. ત્યારે બન્ને બોલ્યા, ॥૧૬-૧૮॥

"તમે લોકોને ઠગો છો. અને અમારા વેરી એભલ ખાચરનું હિત કરો છો, તો અમને વાપરવા માટે રૂપિયા આપો." ॥૧૯॥

પછી મેં તે બન્નેને કહ્યું, "તમને બંનેને અત્યારે અહીંયાં ઝાટકે મારવા છે. આવો ઝટ, ઝાટકાના ઘાને ઝીલો." ॥૨૦॥

પછી યુદ્ધને ચાહતા, મદોદ્ધત, દુર્જેય અને વેરીને ચોળી નાખે એવા તે બન્ને પોતાના સાથી ઘોડેસવારો સાથે મારી સન્મુખ દોડી આવ્યા. ॥૨૧॥

ત્યારે હું ગાડીમાંથી ઊછળીને નીચે આવ્યો. મેં મિયાનમાંથી તલવાર ખેંચી. તેટલામાં તો જેઠો અને મેરામણ, બન્ને ગોવાળિયા ભાગ્યા. હું તે બંને શત્રુઓની પાછળ દોડ્યો. ॥૨૨॥

ભગવાન્ વિષ્ણુની આગળ અસુર ભાગે તેમ મારાથી ડરીને તે ભાગતા, વીર્ય, શૌર્ય અને બળથી ઉદ્ધત થયેલા તે બન્નેને મેં કહ્યું. ॥૨૩॥

હે નરાધમો ! તમારી નામર્દાઇ દેખીને આ ચમકતી મારી તલવાર તમને હસે છે. માટે ઊભા રહો, મારી આગળ આવો. ॥૨૪॥

तथाऽप्येव द्रवन्तौ तौ चित्कुर्वन्तौ हि पृष्ठतः ।
पश्यन्तौ प्राहतुस्त्वित्थं दूरदेशं गतौ वचः ॥२५॥
नावयोरद्य बन्धुक्यौ वर्तते किल चान्यथा ।
धूर्तकार्मणकश्रेष्ठं त्वां नयेवाऽऽशु दुर्दशाम् ॥२६॥
अथ प्रावोचमित्थं तौ साम्प्रतं नास्ति मेऽन्तिके ।
रम्या माणिक्यवर्णाश्वा तार्क्ष्यमारुतवेगिनी ॥२७॥
सा स्याच्चेद्वामिह द्रव्यं व्ययार्थं चार्प्य सत्वरम् ।
दुष्टौ वां पापकर्माणौ प्रापयेयं यमक्षयम् ॥२८॥
तथा तत्सादिनः सर्वे त्रासातिव्याकुलान्तराः ।
पलायन्ते स्म वित्रस्ता वैनतेयादिवाऽहयः ॥२९॥
इत्थं मया पराभूतौ पलायेतां हि तौ द्रुतम् ।
तदा रोगप्रवेशोऽभून्मच्छरीरे नरेश्वर! ॥३०॥
अन्यथा निधनं राजंस्तयोर्वै दुष्टमेधसोः ।
अकरिष्यं त्वतिक्रूरकर्मणोः मत्प्रतापतः ॥३१॥

છતાં તે બન્ને ભાગવા જ લાગ્યા. ચીસો પાડતા હતા. પાછળ દેખતા જતા હતા. દૂર દૂર જઇને પછી એમ બોલ્યા. ॥૨૫॥

"અત્યારે અમારી પાસે બંદૂક હાજર નથી. જો હાજર હોત તો તમારી ધૂતારા અને કામણગારાની તુરંત દુર્દશા કરી નાખત." ॥૨૬॥

ત્યારે મેં તેને કહ્યું "શું કરવું ?" અત્યારે મારી પાસે ગરુડ અને પવન કરતાંએ વેગવાળી માણેક વર્ણી રમણીય માણકી ઘોડી નથી. ॥૨૭॥

જો તે હોત તો દુષ્ટ અને પાપકર્મ કરનારા તમને બન્નેને વાપરવા માટે રૂપિયા આપીને જમપુરીમાં પણ પહોંચાડી દીધા હોત. ॥૨૮॥

તે રીતે જ ત્રાસથી વ્યાકુળ મનવાળા તેના સાથી ઘોડેસવારો પણ ગરુડ પાસેથી સર્પ ભાગે તેમ ડરીને ભાગવા લાગ્યા. ॥૨૯॥

હે નરેન્દ્ર ! મારી આગળ હારી ગયેલા તે બન્ને તત્કાળ ભાગી ગયા હતા. અને તે પછી મારે શરીરે બીમારી લાગુ પડી. ॥૩૦॥

હે રાજન્ ! મને જો માંદગી ન આવી હોત તો હું મારે પ્રતાપે જ તે દુષ્ટ

श्रीचैतन्यानन्द उवाच -

स इत्याकर्ण्य तद्वाक्यं राजन्! प्रीतः स भूपतिः ।
तमित्थं प्रश्रयानम्रो मनोज्ञं वाक्यमब्रवीत् ॥३२॥

ग्रामो माण्डव्यधाराख्यस्तथा लक्षणकाभिधः ।
झिञ्झावद्रस्तथा ग्रामो वर्तते मे दयानिधे! ॥३३॥

त्रीनेतान् मे प्रभो! ग्रामान् बलादाच्छिद्य दुर्मदाः ।
ते भुञ्जते न वै तेभ्यो निःसरन्त्युग्रविक्रमाः ॥३४॥

तेषां पापप्रसक्तानां सज्जनार्दनकारिणाम् ।
कर्तुमर्हसि तूर्णं त्वं पराभूतिं महाबलः ॥३५॥

गदित्वेत्थं स तं राजा स्त्रवदस्त्राकुलेक्षणः ।
खेदं प्रापन्महीयासं तं प्राहेत्थं ततो हरिः ॥३६॥

खेदं मा कुरु राजेन्द्र! सपत्नांस्ते हि सर्वशः ।
पराभूतिं नयिष्यामि तमोव्रातानिवांशुभान् ॥३७॥

બુદ્ધિવાળા અને અતિક્રૂર કર્મ કરનારા બંનેનો વિનાશ કરી નાખત. ॥૩૧॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્! શ્રીહરિએ કહેલી વાત સાંભળીને દરબાર શ્રીએભલ ખાચર ખૂબ જ ખુશ થયા. અને વિનયથી નમ્રપણે તેઓએ શ્રીહરિ આગળ એક મનોહર વાત કહી. ॥૩૨॥

"હે દયાનિધે ! માંડવધાર, લાખણકા અને ઝિંઝાવદર, આ ત્રણ મારા ગામ છે. ॥૩૩॥

હે પ્રભો ! ઉગ્ર પરાક્રમી અને મદોદ્ધત તે લોકોએ મારા આ ત્રણ ગામ પરાણે આંચકી લીધા છે, તેની માલિકી ભોગવે છે અને તે ગામોને છોડતા નથી. ॥૩૪॥

આપ મહા બળવાન છો, તે લોકો પાપ પરાયણ છે અને સજ્જનોને પીડે છે. તો આપ વહેલાસર તેને હટાવો, હરાવો. ॥૩૫॥

આટલું બોલ્યા, ત્યાં તો તેમની આંખો આંસુથી ઊભરાણી. અકળાઈને ઘણા દુઃખી થઈ ગયા. પછી શ્રીહરિએ તેમને કહ્યું, ॥૩૬॥

"હે રાજેન્દ્ર ! દુઃખી ન થાઓ. સૂર્યની આગળ અંધારાની જેમ તમારા બધા જ વેરીઓનો હું પરાજય કરીશ." ॥૩૭॥

श्रीचैतन्यानन्द उवाच -

ततो रात्रावभूत्सज्जो राजवैरिजिगीषया ।
अनस्यथाऽनडुद्युक्ते स न्यषीदन्महोनिधिः ॥३८॥

भृगुजिद्रत्नजिन्मुख्यैः षड्भिः पद्गैर्युतोऽथ तैः ।
हरिः प्रायाच्च नाञ्जेन संयुक्तः सप्तमेन सः ॥३९॥

अन्धरात्रौ हि तैः सार्धं स्वौजसैवाऽव्रजद्धरिः ।
ग्रामं माण्डव्यधाराख्यं जिगीषुर्भूपतिद्विषः ॥४०॥

नागवृद्धाख्ययोस्तस्मिन् वसतोर्गोपमुख्ययोः ।
दुर्गगोपुरसान्निध्यं प्राप तैरन्वितो हरिः ॥४१॥

ततस्ते तत्र सुप्तानां पुसां तद्ग्रामरक्षिणाम् ।
तूर्णं ह्युपाक्षिपन् खट्वास्तत्राऽथाऽनस्तदव्रजत् ॥४२॥

ततो भूमा हरिः स्वामी तदुच्चैर्भुव्यपातयत् ।

શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, તે પછી મહાન્ તેજોનિધિ શ્રીહરિ દરબાર શ્રીએભલખાચરના વેરીઓને હરાવવા રાતે તૈયાર થયા અને બળદ જોડેલી ગાડીમાં બેઠા. ॥૩૮॥

શ્રીભગુજી, શ્રી રતનજી, શ્રીઅલૈયા ખાચર, શ્રીવેરાજી, શ્રીમિયાજી અને શ્રીકરીમજી, આદિ છ પાર્ષદો અને સાતમાં શ્રીનાજા જોગિયા, આ સહુની સાથે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. ॥૩૯॥

દરબારશ્રીના દ્વેષીઓને હટાવવા ચાહતા શ્રીહરિ પોતાના આત્મબળથી જ સાત પાર્ષદો સાથે અંધારી રાતે માંડવધાર પહોંચ્યા. ॥૪૦॥

માંડવધારમાં ગોવાળિયા કાઠીના આગેવાન નાંગ અને બૂઢો, આવા નામના બે કાઠી રહેતા હતા. સાત પાર્ષદો સાથે શ્રીહરિ તેના દરબારગઢની ડેલીએ પહોંચ્યા. ॥૪૧॥

પછી ત્યાં ખાટલા ઢાળીને ગામના ચોકીદાર માણસો સૂતા હતા. તેના ખાટલાઓને ઉછાળી નખાવ્યા અને બળદ ગાડી આગળ ચાલી. ॥૪૨॥

પછી મહાન ઐશ્વર્ય સંપન્ન શ્રીહરિએ ગાડી છોડાવીને આગળથી ઊંચી કરી અને જોરથી ગાડીનો ઉંટડો પછાડ્યો. તેના પછડાટનો અવાજ એટલો મોટો

महांस्तत्पातशब्दोऽभूत्सर्वप्राणिभयङ्करः ॥४३॥
तेनोग्रेण जना ग्राम्या विद्युत्पातरवादिव ।
विभ्रान्तिं तत्रसुर्याताः प्राणनाशाभिशङ्किनः ॥४४॥
पूर्वदेशानुसारिण्या भाषया श्रीहरिस्ततः ।
सिंहनादं व्यधादुच्चैर्दिग्व्याप्तं प्राणिभीषणम् ॥४५॥
अस्मिन् दुर्गपुरे नादं तं स्मरन्मालया हरिम् ।
जीववर्मा नृपोऽश्रौषीत्तथाऽशृण्वन्पुरौकसः ॥४६॥
तं श्रुत्वा ध्वानमत्युग्रं वित्रस्ताः पशवो द्रुतम् ।
रज्जुपाशान् दृढांश्छित्वा धावन्ति स्म यतस्ततः ॥४७॥
आकर्ण्य तं पुरु त्रस्ता जना ग्राम्याः ससम्भ्रमाः ।
सिंहनादान्मृगव्राता यथा चक्रुः पलायनम् ॥४८॥
तत्र मुक्ताम्बराः केचिद्भीताः कम्पितविग्रहाः ।

ભયંકર થયો કે તેનાથી ત્યાં રહેલા પ્રાણિમાત્ર ધ્રૂજી ઊઠ્યા. ॥૪૩॥

આ વીજળી પડે તેવા ભયાનક અવાજથી ભ્રાંતિ પામેલા ગામના લોકો ત્રાસી ગયા અને મોતની શંકાથી ત્યાંથી ભાગવા લાગ્યા. ॥૪૪॥

પછી શ્રીહરિએ પૂર્વદેશ (અયોધ્યા પ્રદેશ) માં બોલાતી હિંદી ભાષામાં ઊંચેથી સિંહનાદ જેવી ગર્જના કરી. તે ગર્જના ચોતરફ વ્યાપી ગઈ અને તેનાથી પ્રાણિમાત્ર ડરી ગયા. ॥૪૫॥

આ ગઢપુરમાં દરબાર શ્રી જીવા ખાચર શાંતિથી એકાંતમાં બેસીને માળા ફેરવીને શ્રીહરિનું ભજન કરતા હતા તેમણે તે ગર્જના સાંભળી અને ગઢપુરના ગ્રામજનોએ પણ સાંભળી. ॥૪૬॥

તે ભયાનક ગર્જનાને સાંભળીને ગામના પશુઓ પણ ત્રાસી ગયા. અને બાંધેલ દોરડાં કે સાંકળોને તોડાવી તોડાવીને આમ તેમ આડા અવળા ભાગવા લાગ્યા. ॥૪૭॥

ગામડાના લોકો પણ સિંહ ગર્જના સાંભળીને અત્યંત ત્રાસી ગયા અને વિહ્વળ થઈ ગયા. સિંહની ગર્જનાથી હરણ ભાગે તેમ ભાગવા લાગ્યા. ॥૪૮॥

તેમાં કેટલાક તો એટલા બધા ડરી ગયા કે ધ્રૂજવા લાગ્યા. પહેરેલા કપડાં પણ શરીર ઉપરથી નીચા પડવા લાગ્યા. વિહ્વળ મનના તે બધા પશુના ટોળાં જેમ

विभ्रान्तचेतसोऽधावन् पशुव्राता दवादिव ॥४९॥
केचन त्रासमापन्ना निजप्राणपरीप्सया ।
विकीर्णमूर्धजा भ्रान्ता धावन्ति स्माऽऽकुलान्तराः ॥५०॥
तत्रत्यास्तेऽथ गोपाद्या नानाशस्त्रभृतो भटाः ।
जनान् सहस्त्रशोऽपश्यन् भीमान्नानायुधान्वितान् ॥५१॥
सहस्त्रशोऽश्ववारांस्ते चर्मवर्माणि बिभ्रतः ।
महात्रासकरान् दृष्ट्वा भूयांसं त्रासमव्रजन् ॥५२॥
केचिद्विस्मृत्य शस्त्राणि श्लथदुष्णीषमस्तकाः ।
व्याघ्रस्योग्ररवाद्भीताः क्रोष्टारः प्राद्रवन्निव ॥५३॥
तन्नादश्रवणत्रासाद्भिन्नहृन्मस्तकोऽद्रवत् ।
गोपालश्चाऽऽशु वृद्धाख्यो द्रौणिः पार्थादिवाकुलः ॥५४॥
नगाख्यश्चाशु गोपालो वाहामारुह्य तूर्णगाम् ।

દાવાનળથી ભાગે તેમ ભાગવા લાગ્યા. ॥૪૯॥

ભયથી કેટલાકના માથાના વાળ પણ વિંખાઈ ગયા. આકુળ વ્યાકુળ થયેલા પ્રાણ બચાવવા દોડવા લાગ્યા. ॥૫૦॥

માંડવધારના ગોવાળિયા કાઠી અનેક જાતના હથિયાર રાખનારા લડાયક યોદ્ધા હતા, પણ તેમણે જોયું કે ગામમાં ચોતરફ અનેક પ્રકારના હથિયાર લઈને મહા ભયંકર યોદ્ધાઓ આવ્યા છે, ઢાલ તલવાર લઈને હજારો ઘોડેસવારો, જોતાની સાથે જ અતિશય ત્રાસ થાય એવા આવ્યા છે. તે બધાને દેખીને જ તેઓ ત્રાસી ગયા. ॥૫૧-૫૨॥

કેટલાક તો બચાવ માટેના હથિયારોને પણ ભૂલી ગયા અને માથા ઉપર ઢીલી પાઘડી મૂકીને વાઘની ત્રાડ સાંભળીને શિયાળ ભાગે તેમ ભાગવા લાગ્યા. ॥૫૩॥

તે શ્રીહરિની ગર્જના સાંભળીને ભયને લીધે બૂઢા ગોવાળિયા (કાઠી) નું હૃદય તૂટવા લાગ્યું, માથું ફાટવા લાગ્યું અને અર્જુન આગળ અકળાયેલો અશ્વત્થામા ભાગ્યો હતો તેમ ભાગવા લાગ્યો. ॥૫૪॥

નાંગ ગોવાળિયો પણ ઝડપથી ચાલતી ઘોડી ઉપર બેસીને પૂર્વે ભગવાન

शतधन्वेव कृष्णात्प्राक् चक्रे तूर्णं पलायनम् ॥५५॥
ततस्तेषां स्त्रियो भीताः स्तुत्वा प्राञ्जलयो हरिम् ।
पाहि पाहीति नः स्वामिन्! भीतास्त्वच्छरणं गताः ॥५६॥
ते सर्वेऽपि हि वर्तन्ते गोपालाः पापकारिणः ।
प्रभो! व्याघ्रादिवत्क्रूरास्तुभ्यं द्रुह्यन्ति दैत्यवत् ॥५७॥
त्वया शिक्षा कृता तेषां यथायोग्यं हि दुर्धियाम् ।
हिंसादिक्रूरकार्याणां तुल्यानां सर्पवृश्चिकैः ॥५८॥
कार्यो दण्डः कृतागस्सु स्वामिभिः पुंसु सत्पते! ।
शास्त्रीया रीतिरस्त्येवं सर्वसज्जनसम्मता ॥५९॥
ततस्तेषां पराभूतिः कृता यद्दुष्टचेतसाम् ।
सर्वज्ञेन त्वया कार्यं समीचीनं कृतं त्विदम् ॥६०॥
श्रीचैतन्यानन्द उवाच -
वाक्यं तासामिति श्रुत्वा स प्रसन्नोऽब्रवीदिदम् ।

શ્રીકૃષ્ણની આગળ શતધન્વા ભાગ્યો હતો તેમ ભાગવા લાગ્યો. ॥૫૫॥

પછી તેમની ડરી ગયેલી સ્ત્રીઓ ''હે સ્વામિન્ અમે ડરીએ છીએ, આપને શરણે છીએ, માટે અમારી રક્ષા કરો, રક્ષા કરો.'' એમ કહી હાથ જોડીને સ્તુતિ કરવા લાગી. ॥૫૬॥

''હે પ્રભો ! આ બધા જ ગોવાળિયાઓ મહાપાપી છે. વાઘ આદિના જેવા ક્રૂર છે અને દૈત્યની જેમ આપનો દ્રોહ કરે છે. ॥૫૭॥

હિંસા આદિ ક્રૂરતા ભર્યું કામ કરનારા તે સાપ અને વીંછી જેવા છે, દુર્બુદ્ધિવાળા છે. આપે તેને જે શિક્ષા કરી છે તે યોગ્ય છે. ॥૫૮॥

હે સત્પતે ! પુરુષ જો ગુનેગાર હોય તો માલિકે તેને દંડ કરવો જ જોઈએ. આવી શાસ્ત્રની રીત છે અને તેમાં સંતપુરુષોની પણ સંમતિ છે. ॥૫૯॥

માટે દુષ્ટ બુદ્ધિના આ ગોવાળિયાઓનો જે પરાજય કર્યો, તેને તગડી મૂક્યા તે સર્વજ્ઞ આપે બહુ સારું કર્યું છે.'' ॥૬૦॥

શ્રીચૈતન્યાનંદ સ્વામી બોલ્યા, હે રાજન્ ! તે ગોવાળિયાઓની સ્ત્રીઓની વાત સાંભળીને પ્રભુ શ્રીહરિ રાજી થયા. ''તમે ડરશો નહિ'' એમ તેઓને અભયદાન

ता मा बिभीत दत्वैवं राजंस्ताभ्योऽभयं प्रभुः ॥६१॥
महीरामाभिधोऽनार्यो जेष्ठाख्यश्चापि मामगात् ।
उपादातुं हि गोपालौ व्ययार्थं रूप्यमुद्रिकाः ॥६२॥
तयोरत्रागतो दातुं व्ययार्था रूप्यमुद्रिकाः ।
वृद्धनागमहीरामजेष्ठाः स्युश्चात्र चेत् स्त्रियः! ॥६३॥
तदा करिष्य एवाहं तेषां दुष्कर्मकारिणाम् ।
मद्भक्तद्वेषिणां तूर्णं शिरच्छेदं शुचिव्रताः! ॥६४॥
निर्गन्तव्यं हि युष्माभिर्ग्रामादस्मात्तु सत्वरम् ।
भूपालस्याऽभयाख्यस्य हनिष्यामोऽन्यथा हि वः ॥६५॥
झिञ्झावद्राभिधग्रामात्तत्रत्यान्निर्गमो जनान् ।
तथा लक्षणकग्रामात्सूच्यो युष्माभिरङ्गनाः! ॥६६॥
तद्ग्रामस्था जनास्ताभ्यां निर्गमिष्यन्ति नो यदा ।
तर्हि तेषां करिष्यामो दुर्दशां सत्वरं भृशम् ॥६७॥
तथेत्युक्त्वाऽथ ताः कङ्कानाहूय ग्रामिणो द्रुतम् ।

આપીને એમ કહ્યું. ॥૬૧॥

દુષ્ટ મેરામણ અને જેઠો, આ બન્ને ગોવાળિયા મારી પાસે વાપરવાના રૂપિયા લેવા આવ્યા હતા. ॥૬૨॥

તે બન્નેને ખર્ચવાના રૂપિયા આપવા માટે હું અહીંયાં આવ્યો છું. પવિત્ર વ્રતવાળી હે સન્નારીઓ ! બૂઢો, નાંગ, મેરામણ અને જેઠો, આ ચાર ગોવાળિયા અહીંયાં હોય તો, મારા ભક્તના વેરી અને પાપ કર્મ કરનારા તે બધાનો હું તુરંત શિરચ્છેદ કરીશ, તેનું માથું કાપી લઈશ. ॥૬૩-૬૪॥

દરબાર શ્રીઅભલ ખાચરના આ માંડવધાર ગામમાંથી તમારે સત્વરે નીકળી જાવું. નહિ તો અમે તમને મારી નાખશું. ॥૬૫॥

હે સન્નારીઓ ! ઝિંઝાવદર અને લાખણકાથી પણ ત્યાંના તમારા લોકોને નીકળી જવાની સૂચના આપી દેજો. ॥૬૬॥

તે બન્ને ગામમાં રહેતા તમારા ગોવાળિયા લોકો જો ત્યાંથી નહિ નીકળે તો અમે તેની સત્વરે ભયંકર દુર્દશા કરશું. ॥૬૭॥

आभीरांश्चोचुरेतस्माद्ग्रामान् निर्गच्छताऽधुना ॥६८॥
ततस्ते निर्ययुस्तत्तद्ग्रामात् प्राणावनेच्छया ।
स इत्यात्मप्रतापेन व्यधात्तेषां पराभवम् ॥६९॥
आरु ह्याथ तदेवानः पद्गैस्तैरन्वितो हरिः ।
आयाद्दुर्गपुरं चैतत्स्वीयौजोनिर्जिताहितः ॥७०॥
अथोपेत्याऽक्षरं सौधं स तत्रोपाविशद्धरिः ।
संयुक्ते स्वासने रम्ये कोमलैस्तूलिकादिभिः ॥७१॥
ततस्तत्र तदीक्षार्थं समायात्त्वत्पितामहः ।
भक्तास्ततो तथा भूपा जीववर्मादयस्तथा ॥७२॥
मानितास्तेऽथ तेनाऽग्रे तस्य भक्त्या प्रणम्य तम् ।
निषीदन्ति स्म तद्वीक्षाजातानन्दपरिप्लुताः ॥७३॥
तद्वृत्तान्तं ततः प्रीत्या हरिस्तानब्रवीत्प्रभुः ।

ત્યારે તે ગોવાળિયાની સ્ત્રીઓએ જેમ આપ કહો છો તેમ કરશું, આમ કહ્યું. પછી તે બધી સ્ત્રીઓએ ગામમાં રહેતા બીજા કાઠી ગોવળિયાને અને આયરોને બોલાવીને કહ્યું કે અત્યારે જ આ ગામમાંથી નીકળીને ચાલ્યા જાઓ. ॥૬૮॥

પછી તે ગોવાળિયા કાઠીઓએ પોતાના પ્રાણ બચાવવા માટે તે ત્રણેય ગામોને છોડી દીધા. આ રીતે શ્રીહરિએ પોતાના પ્રતાપથી તે ગોવાળિયા કાઠીઓનો પરાજય કર્યો. ॥૬૯॥

પોતાના ઓજસથી પ્રતાપથી શત્રુઓને જીતનારા શ્રીહરિ તે સાત પાર્ષદોની સાથે તેની તે જ બળદ ગાડીમાં બેસીને આ ગઢપુરમાં પાછા પધાર્યા. ॥૭૦॥

પછી શ્રીહરિ અક્ષર ભવન (અક્ષર ઓરડી) પધાર્યા. સુંવાળા ગાદી તકિયાથી બિછાવેલા પોતાના સુંદર આસન ઉપર વિરાજમાન થયા. પછી ત્યાં તમારા પિતામહ શ્રીએભલખાચર શ્રીહરિના દર્શન કરવા આવ્યા. તે પછી કેટલાક હરિભક્તો આવ્યા અને શ્રી જીવા ખાચર વગેરે દરબારો પણ આવ્યા. ॥૭૨॥

શ્રીહરિએ સહુને આવકાર્યા. પછી સહુએ શ્રીહરિને પ્રણામ કર્યા. તેમના દર્શનના આનંદથી તરબોળ થયેલા બધા શ્રીહરિની આગળ બેઠા. ॥૭૩॥

પ્રભુ શ્રીહરિએ સહુની આગળ માંડવધારનું વૃત્તાંત હેતથી કહ્યું. હે રાજન્

ते तदाकर्ण्य भूयांसं मोदं राजन्! प्रपेदिरे ॥७४॥
जीववर्मा ततो वाक्यं तमित्यूचे प्रियं हरिम् ।
प्रेक्षमाणोऽचलाक्षिभ्यां तं सर्वापद्धरेक्षणम् ॥७५॥
मालिकावर्तनं कुर्वंस्त्वन्नामोच्चारपूर्वकम् ।
अहं दिग्व्याप्तमश्रौषं सिंहनादं तव प्रभो! ॥७६॥
इत्थं श्रुत्वा स तद्वाक्यं श्रीहरिर्भक्तवत्सलः ।
दिव्यभद्रावहौजस्को राजन्! मन्दं किलाऽहसत् ॥७७॥
द्रष्टुं तत्राऽथ तं भक्ता ग्रामात्कार्यायनाभिधात् ।
आययुस्तत्पदाम्भोजे सक्तचेतोमधुव्रताः ॥७८॥
ततो माण्डव्यधाराख्ये ग्रामे च त्वत्पितुः पितुः ।
तान् स्वकीयाश्रितान् भक्तान् हरिः प्रीत्या न्यवासयत् ॥७९॥
इत्थं निजं वरतरं प्रथयन् प्रतापं संसारदुस्तरभयङ्करवार्द्धिपोतम् ।

! તે સાંભળીને બધા ખૂબ જ રાજી થયા. ॥૭૪॥

પછી શ્રીજીવા ખાચર સ્થિર આંખો કરીને શ્રીહરિ સામે જોઇ રહ્યા. જેમના દર્શનથી જ બધી આપત્તિઓ ટળી જાય છે આવા પરમપ્રિય શ્રીહરિને તેમણે વાત કહી. ॥૭૫॥

હે પ્રભો ! હું આપનું 'સ્વામિનારાયણ' નામ બોલીને માળા ફેરવતો હતો. તેવા સમયમાં તો દશે દિશામાં વ્યાપી જતો આપનો સિંહનાદ મેં સાંભળ્યો. ॥૭૬॥

હે રાજન્ ! દિવ્ય મંગળકારી પ્રતાપવાળા ભક્તવત્સલ શ્રીહરિએ શ્રી જીવા ખાચરની આવી વાત સાંભળી અને મંદમંદ હસવા લાગ્યા. ॥૭૭॥

તે પછી શ્રીહરિના ચરણ કમળમાં ભમરાની જેમ મનને જોડી રાખનારા કેટલાક કારિયાણી ગામના હરિભક્તો ત્યાં દર્શન કરવા માટે આવ્યા. ॥૭૮॥

પછી તમારા પિતામહ શ્રી એભલ ખાચરના માંડવધાર ગામમાં શ્રીહરિએ કારિયાણી ગામના પોતાના ભક્તોને વસાવ્યા. ॥૭૯॥

ન તરી શકાય તેવા ભયંકર સંસારરૂપી સમુદ્રમાં વહાણનું કામ કરનાર, પાપના પુંજનો નાશ કરનાર અને સંતોએ વારંવાર ગાયેલા, પોતાના સર્વોત્તમ પ્રતાપને આ જગતમાં પ્રસરાવતા આવા શ્રીહરિ આ દરબારગઢમાં રહેલા સુંદર અક્ષરભવનમાં

जेगीयमानमिह सद्भिरघौघहारं प्रीत्याऽवसत्स हरिरक्षरचारु सौधे ॥८०॥
इत्थं हि राज्यमतिचारु नरेश्वरस्य तस्य स्थिरं विदधतोऽखिलभक्तभर्तुः।
दिव्यं हरेश्चरितमेतदनन्यतुल्यं भद्रं मया निगदितं शुभकारि तुभ्यम् ॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृताऽभयनृपशत्रुपराभवादिनिरू पणं नाम चतुश्चत्वा-रिंशोध्यायः ॥४४॥

अथ पञ्चचत्वारिंशोऽध्यायः

मुक्ताश्च पञ्चचत्वारिंशके ह्यअक्षरसंज्ञकाः ।
आयाता दर्शनार्थं ते दृष्टाः सर्वैस्तदुच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -

एकस्मिन्नृप! समयेऽक्षराख्यसौधे कृत्वा स्वं विधिमखिलं सुनैत्यकं सः।
संयुक्ते वरतरविष्टरे न्यषीदत् संराजन्मृदुतरतूलिकाप्रमुख्यैः ॥१॥
कौशेयं दधदतिचारु पीतवर्णं श्रीमन्तं ललिततरस्थलाब्जरङ्गम् ।

પ્રેમથી રહેતા હતા. ॥૮૦॥

હે રાજન્ ! મેં કહ્યું તે રીતે શ્રીહરિ દરબાર શ્રી એભલ ખાચરના અત્યંત સુંદર રાજ્યને સ્થિર કરતા હતા. સર્વ ભક્તજનોનું ભરણ પોષણ કરનારા આવા શ્રીહરિનું અનુપમ, મંગળમય, શુભકારી આ દિવ્ય ચરિત્ર મેં તમને કહ્યું છે. ॥૮૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૪ સમાપ્ત

અધ્યાય - ૪૫

સત્સંગ સભામાં મુક્તોનું દર્શન માટે આવવું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! એક સમયે શ્રીહરિ સવારમાં પોતાનો બધો નિત્યવિધિ કરીને સુંદર સુંવાળા ગાદી તકિયા આદિથી સજાવેલા સર્વોત્તમ આસન ઉપર વિરાજ્યા હતા. ॥૧॥

તે વખતે શ્રીહરિએ અત્યંત સુંદર રેશમી પીતાંબર ધોતી પહેરી હતી. મસ્તકે ગુલાબી રંગની ખૂબ જ સુંદર શોભતી પાઘ બાંધી હતી અને ઘણો કીમતી લાલ

उष्णीषं शिरसि वरं च रक्तवर्णं कौशेयं पुरु तरमूल्यमुत्तरीयम् ॥२॥
बिभ्राणो लसदलिके सुकेसरीयगन्धस्योत्तमतरपत्रचित्रकं च ।
सत्कण्ठे वरतरकुन्दसारहारानुष्णीषे स्थलकमलीयशेखरौघान् ॥३॥
केयूरान् कुसुममयान् कराब्जयुग्मे सन्माल्यग्रथितसुकङ्कणे च बिभ्रत्।
पौष्पेयं वरतरदक्षिणे स्वपाणौ सद्गुच्छं शुभतरमुत्क्षिपन् विलोक्यः॥४॥
हारादिप्रसरदनल्पगन्धलुब्धैर्झंकारस्वनरु चिरैर्व्रजैरलीनाम् ।
आर्षेयैरिव तनयैर्विरोचमानोराजर्षे! कृतशुभसामवेदगानैः ॥५॥
पूर्णेन्दुप्रवरविराजितस्मितास्यः प्रोत्फुल्लोत्पलवरतर्ज्जनाक्षियुग्मः ।
सत्प्रेयान्नवघनवृन्दतुल्यवर्णः कारु ण्यामृतपरिपूर्णचारु दृष्टिः ॥६॥
स श्रीमानथ तव वै पितामहाय सन्मुख्यस्वपदरतात्मसंश्रितेभ्यः ।
स्वैश्वर्यं रु चिरमदर्शयत्पवित्रं पापघ्नं पुरु तरचित्रकारि भद्रम् ॥७॥

રંગનો રેશમી ખેસ ઓઢ્યો હતો. ॥૨॥

સુંદર ઉપડતા વિશાળ લલાટમાં સુગંધી ચંદનની આડ કરી હતી. કંઠમાં સર્વોત્તમ સુગંધી મોગરાના હાર ધાર્યા હતા. પાઘ ઉપર ગુલાબના તોરા લટકતા હતા. ॥૩॥

ફૂલના ગૂંથેલા બાજુ બન્ને ભુજાઓ ઉપર બાંધ્યા હતા અને તેવા જ કંકણ બન્ને હાથના કાંડામાં પહેર્યા હતા. સુંદર જમણા હાથમાં ફૂલનો ગુચ્છ (દડો) ઉછાળતા હતા. દર્શનીય સ્વરૂપ હતું. ॥૪॥

હે રાજર્ષે ! શ્રીહરિ હાર આદિ ફૂલના શણગારના અપાર સુગંધમાં લોભાયેલા ભમરાઓના એક ઝણકારના અવ્યક્ત મધુર એવા સુંદર ધ્વનિથી શોભતા હતા, માનો કે સામવેદનું શુભગાન કરનાર ઋષિ કુમારો હશે કે શું ? ॥૫॥

શ્રીહરિનું મુખ પૂર્ણ ચન્દ્રના જેવું અને મધુર મંદ હાસ્યથી શોભતું હતું. ખીલેલા કમળને પણ પોતાની શોભાથી અવગણે એવી તેમની સુંદર આંખો હતી. નવીન મેઘના જેવો શ્યામ-ઘનશ્યામ સુંદર તેમના શરીરનો વર્ણ હતો. કરુણારૂપી અમૃતથી ભરી સુંદર દૃષ્ટિ હતી. આ સ્વરૂપ સંતોને અતિ પ્રિય હતું. ॥૬॥

આવા મહાપ્રભુ શ્રીહરિએ, તમારા પિતામહ શ્રીદરબાર એભલખાચર, મોટેરા સંતો અને પોતાના ચરણપ્રેમી ભક્તોને; સુંદર, પવિત્ર, પાપને બાળનારું, અત્યંત વિસ્મયજનક અને મંગળમય આવું પોતાનું ઐશ્વર્ય તે વખતે બતાવ્યું. ॥૭॥

श्रीशुकानन्द उवाच -

तस्येत्थं वचनमुरू त्तमं हि राजन्नाकर्ण्य श्रवणसुखं गुणैर्वरेण्यम् ।
सम्प्राप्तो मुदमधिकां स राजवर्यः प्राहैवं तमिति वचः शुभं विनीतः ॥
ऐश्वर्यं स मम पितामहादिकेभ्यः सद्वर्य! प्रवरमदर्शयद्यथा स्वम् ।
तन्मह्यं सुखनिवहं तथा प्रवक्तुं त्वं योग्यो भवसि तरामगाधबोधः ॥९॥
श्रुत्वैवं नृपतिवचः स सद्वरीयान् संयातो बहुतरहर्षमार्य्यवन्द्यः ।
तद्भूतिश्रवणमहादरेण युक्तं भूपेन्द्रं तमिति जगाद चारुवाक्यम् ॥१०॥

श्रीचैतन्यानन्द उवाच -

ऐश्वर्याण्यपरिमितानि सन्ति तस्य श्रीधार्मेः प्रकटहरेर्महाद्भुतानि ।
ऐश्वर्यं मनुजपते! समासतस्ते तत्रैकं शृणु निगदामि चैकचित्तः ॥११॥
एकदा स्वासनासीनं हरिं सौधेऽक्षराभिधे ।

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહેલું વચન ઘણું ઉત્તમ હતું, સાંભળવામાં સુખરૂપ અને ગુણોથી અતિ શ્રેષ્ઠ હતું, તેને સાંભળીને રાજવર્ય શ્રીઅમરાખાચર ખૂબ જ રાજી થયા. પછી આગળ કહેવાશે તેવું વિનય ભાવે વચન બોલ્યા. ॥૮॥

હે મુનિવર્ય ! મારા પિતામહ શ્રી એભલખાચર આદિ ભક્તોને શ્રીહરિએ પોતાનું જે સર્વોત્તમ ઐશ્વર્ય દેખાડ્યું હતું. તે સુખભર્યું વૃત્તાંત આપ મને કહો, આપનું જ્ઞાન અગાધ છે. ॥૯॥

સંતોમાં વંદનીય સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીએ શ્રી અમરા ખાચરનું વચન સાંભળ્યું અને મનમાં અત્યંત આનંદ પામ્યા. પછી શ્રીહરિના ઐશ્વર્યને સાંભળવામાં અતિશય આદર ભાવવાળા શ્રી અમરાખાચર આગળ સુંદર વાત કહેવા લાગ્યા. ॥૧૦॥

શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રી ધર્મપુત્ર સાક્ષાત્ શ્રીહરિના ઐશ્વર્ય મહાન્ અદ્‌ભુત છે અને અપાર છે. તેમાંથી એક ઐશ્વર્ય તમને ટૂંકમાં કહું છું તમે તેને એકાગ્રમનથી સાંભળો. ॥૧૧॥

એક દિવસ શ્રીહરિ અક્ષરભવનમાં પોતાને આસને વિરાજમાન હતા ત્યારે મુનિવર્ય સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી પોતાના શિષ્ય સંતોની સાથે ત્યાં દર્શન

द्रष्टुमायान्मुनिश्रेष्ठो मुक्तानन्दः स्वशिष्ययुक् ॥१२॥
ततः सम्मानितस्तेन तं नत्वा तस्य सोऽग्रतः ।
सद्गुणालङ्कृतः शान्तो न्यषीदत्स्वोचितासने ॥१३॥
गोपालानन्दसद्वर्यो नित्यानन्दश्च सद्वरः ।
ब्रह्मानन्दस्तथा धीमानानन्दानन्दसंज्ञिकः ॥१४॥
आत्मानन्दः सतां श्रेष्ठस्तथाऽहं तद्रतान्तरः ।
सद्वरो निष्कुलानन्दः पूर्णानन्दाभिधस्तथा ॥१५॥
शुकानन्दश्च सद्वर्यस्ते सर्वे प्राप्य तत्र तम् ।
प्रणम्योपाविशन् प्रीत्या यथार्हं सन्निधौ हरेः ॥१६॥
मु कुन्दानन्दवर्णीन्द्रप्रमुख्याः पञ्च वर्णिनः ।
न्यषीदंस्तत्र तं नत्वा तत्सेवासक्तचेतसः ॥१७॥
देवानन्दश्च संन्यासी नित्यानन्दसमाह्वयः ।
शिवानन्दस्तथा पद्मनाभानन्दाभिधः सुधीः ॥१८॥

કરવા આવ્યા. ॥૧૨॥

શ્રીહરિએ તેમનું સન્માન કર્યું. તેઓ શ્રીહરિને પગે લાગ્યા. પછી સર્વ સદ્‌ગુણથી અલંકૃત અને સ્વભાવે શાંત એવા તે શ્રીમુક્તાનંદ સ્વામી શ્રીહરિની આગળના ભાગમાં પોતાને યોગ્ય આસને બેઠા. ॥૧૩॥

મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી, સંતવર્ય સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી, મહાન્ બુદ્ધિમાન્ સ. બ્રહ્માનંદસ્વામી, સદ્‌ગુરુ શ્રીઆનંદાનંદ સ્વામી, ॥૧૪॥

સંતવર્ય શ્રીઆત્માનંદ સ્વામી શ્રીહરિના સ્વરૂપમાં તન્મય મન રાખનાર હું, મુનિવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામી, શ્રીપૂર્ણાનંદ સ્વામી અને સંતવર્ય શ્રીશુકાનંદ સ્વામી, આ બધા સંતો શ્રીહરિની પાસે આવ્યા. પ્રેમથી પગે લાગ્યા અને શ્રીહરિની પાસે યથોચિત રીતે બેઠા. ॥૧૫-૧૬॥

શ્રીહરિની સેવામાં તત્પર મનવાળા શ્રીમુકુંદાનંદ સ્વામી વગેરે પાંચ બ્રહ્મચારીઓ પણ તેમને પગે લાગીને યોગ્ય રીતે ત્યાં બેઠા. ॥૧૭॥

શ્રીદેવાનંદ સ્વામી, શ્રીનિત્યાનંદ સ્વામી, શ્રી શિવાનંદ સ્વામી, શ્રી પદ્મનાભાનંદ સ્વામી, શ્રી પૂર્ણાનંદ સ્વામી અને શ્રી સત્યાનંદ સ્વામી વગેરે સંન્યાસીઓ

पूर्णानन्दश्च सन्यासी सत्यानन्दादयस्तथा ।
तत्राभिवन्द्य तं भक्त्या न्यषीदन् भिक्षवो मुदा ॥१९॥
तत्राऽलयाऽभिधो भक्तो रत्नजिद् भृगुजित्तथा ।
भीमश्चोपाविशन् पद्गास्तं नत्वा मयजिन्मुखाः ॥२०॥
सोमः सूरश्च नाञ्जाख्यो वास्तुसंज्ञश्च सन्मतिः ।
खट्वाङ्गो जीववर्माख्यः सारङ्गाख्यपुरे वसन् ॥२१॥
नरेन्द्रोऽनूपसिंहाख्यो भूपश्च त्वत्पितामहः ।
त्वत्तातश्चोत्तमो राजा राष्ट्रोढाख्यस्तथा सुधीः ॥२२॥
नाङ्गमालो ग्लहाख्यश्च लब्धाख्यो हरजित्तथा ।
हरेश्चैकान्तिको भक्तो नारायणजिदाह्वयः ॥२३॥
सेवकः श्रीहरेर्लाक्षो जीवरामश्च लालजित् ।
रघुनाथश्च लक्ष्याख्यो जुष्टो हक्काभिधो सुधीः ॥२४॥
कल्याणो मोकसंज्ञश्च पुरे वक्रायने वसन् ।
जीववर्माथ मूलाऽऽख्यः क्षोणीशश्चालयस्तथा ॥२५॥

ત્યાં શ્રીહરિને ભક્તિભાવથી પગે લાગીને પ્રસન્નપૂર્ણે બેઠા. ॥૧૮-૧૯॥

ભક્ત શ્રીઅલૈયા ખાચર, શ્રીરતનજી, શ્રીભગુજી, શ્રીભીમાજી અને મિયાજી આદિ પાર્ષદો પણ શ્રીહરિને પગે લાગીને ત્યાં બેઠા. ॥૨૦॥

શ્રીસોમલા ખાચર, શ્રીસૂરાખાચર, શ્રીનાજા જોગિયા, રૂડી બુદ્ધિના શ્રી વસ્તા ખાચર, શ્રીમાંચા ખાચર, સારંગપુરના શ્રી જીવા ખાચર, ॥૨૧॥

દરબાર શ્રી અનૂપસિંહજી (પંચાળા), તમારા પિતામહ દરબાર શ્રીએભલ ખાચર, તમારા પિતાશ્રી દાદા ખાચર, સુબુદ્ધિ શ્રી રાઠોડ ધાધલ, ॥૨૨॥

શ્રીનાંગ માલા, શ્રીઘેલા ધાધલ, શ્રીલાધા ઠક્કર, શ્રીહરજી ઠક્કર, શ્રીહરિના એકાંતિક ભક્ત શ્રીનારાયણજી ભાઈ, ॥૨૩॥

શ્રીહરિના સેવક શ્રીલાખા ભક્ત, શ્રી જીવરામ, શ્રીલાલજી ભક્ત, શ્રી રઘુનાથજી, શ્રીલખાજી, શ્રી જૂઠા ભક્ત, રૂડીબુદ્ધિવાળા શ્રીહકાજી, ॥૨૪॥

શ્રીકલ્યાણજી, વાંકિયા ગામના દરબાર શ્રી મોકા ખાચર, શ્રી જીવાખાચર, શ્રીમૂળુખાચર, દરબાર શ્રી અલૈયા ખાચર. ॥૨૫॥

ज्येष्ठो वै शुद्धधीर्भक्तः कमलश्रीश्च नैगमः ।
हरिजीवननामा च वृद्धो बर्हिचरस्तथा ॥२६॥
लक्ष्मीरामश्च वल्लाख्यः प्रेमजिल्लवजिन्नृप! ।
गोवर्धनाभिधो भक्तः सुरचन्द्राभिधस्तथा ॥२७॥
तेजस्वी क्षेमजित्संज्ञो मूलाऽऽख्यो भूपतिर्वरः ।
गुन्द्रसंज्ञपुरावासो नीतिज्ञो बुद्धिमांस्तथा ॥२८॥
रघुनाथो भगो जुष्टो दक्षष्टोकरनागरौ ।
आम्राख्यो नाथसंज्ञश्च गाङ्गजिन्माधवस्तथा ॥२९॥
क्रूरजित्प्रमुखा भक्तास्तं प्रणम्य हरिं मुदा ।
सभायां तत्र रम्यायां यथायोग्यं ह्युपाविशन् ॥३०॥
जयाख्या ललिता योषा तथा विप्राङ्गनाऽमरी ।
राजन्तीप्रमुखा राजन्! सांख्ययोगं तथाऽऽश्रिताः ॥३१॥
तं प्रणम्य सभां कृत्वा ता नरेभ्यो विदूरतः ।
निषेदुर्लोचनानन्दं प्रेक्षमाणा तमच्युतम् ॥३२॥

શુદ્ધબુદ્ધિવાળા જેઠાભક્ત, સારા સભ્ય નાગરિક શ્રી કમળસીભાઈ, શ્રીહરજીવનભાઈ અને વડિલ શ્રી બહેચરભાઈ, શ્રી લક્ષ્મીરામ, શ્રીવાલજી, શ્રીપ્રેમજી, શ્રીલવજી, શેઠ ગોવર્ધન ભક્ત, શ્રી સૂરચંદ શેઠ, ॥૨૬-૨૭॥

શ્રીતેજાભાઈ, શ્રીખીમજી, નીતિને જાણનારા અને મહાન્ બુદ્ધિમાન્ ગુંદાગામમાં રહેવા વાળા દરબાર શ્રી મૂળુભાઈ, ॥૨૮॥

શ્રીરઘુનાથજી, શ્રીભગાજી, શ્રીજૂઠાજી, ઘણા ચતુર શ્રીટોકરસી, શ્રીનાગરજી, શ્રીઆંબાશેઠ, શ્રીનાથજી ભક્ત, શ્રી ગાંગજી, શ્રીમાધવજી, અને શ્રીકુંવરજીભાઈ આદિ સર્વ હરિભક્તો શ્રીહરિને ભક્તિભાવથી પગે લાગ્યા, પછી તે રમણીય સભામાં યથોચિત રીતે બેસી ગયા. ॥૨૯-૩૦॥

જીવુબા (મોટીબા), લાડુબા, બ્રાહ્મણ જ્ઞાતિના અમરબાઈ અને રાજબાઈ આદિ સાંખ્યયોગના વ્રત નિયમ પાળતી મહીલાઓએ પુરુષોથી દૂર સભા કરી અને નેત્રોને આનંદ આપનારા નિર્વિકાર પરમેશ્વર શ્રીહરિને પગે લાગી અને તેમના દર્શન થાય તે રીતે બેઠી. ॥૩૧-૩૨॥

नानी सूरी च पाञ्चाली सोमादेव्यादयस्तथा ।
तं नत्वोपाविशंस्तस्यां योषितां संसदि प्रभुम् ॥३३॥
अथ प्रादुरभूद्राजंस्तेजोराशिर्महत्तरः ।
व्याप्नुवानक्षरं सौधं शीतलो भूरिसौरभः ॥३४॥
दृष्ट्वा तं सहसोद्भूतं शीतरश्मिकरोज्ज्वलम् ।
मुक्तानन्दादयः सर्वे सदस्या विस्मयं ययुः ॥३५॥
भूपोऽथेत्यब्रवीद्वाक्यं तं प्रीत्या त्वत्पितामहः ।
अकस्मादेतदुद्भूतं कुतस्तेजो महत् प्रभो! ॥३६॥
आलोक्यते हि तद्दिव्यं मया सभ्यैस्तथाऽखिलैः ।
प्रशान्तं प्रसरत्प्राज्यं कर्पूरव्रातवत्सितम् ॥३७॥
संप्राप्तं शरणं ते मां त्वमेतद्वक्तुमर्हसि ।
तेनेत्युक्तः स्मयन् प्रीत्या स चैवं तं वचोऽब्रवीत् ॥३८॥
राजन्नक्षरधामस्था मुक्तास्तेजश्चयाद्भुताः ।
दर्शनायाऽत्र मे चास्याः समज्यायाः किलाऽऽगताः ॥३९॥

તે રીતે જ નાનબાઈ બહેન, સૂરબા, પાંચુબા અને સોમાદેવી ઈત્યાદિ બધી મહિલાઓ તેમની સભામાં શ્રીહરિને નમસ્કાર કરીને બેઠી. ॥૩૩॥

હે રાજન્ તે વખતે શીતળ અને સુગંધી મહાન્ તેજનો પુંજ ઉત્પન્ન થયો. અને તે અક્ષર ભવનમાં વ્યાપી ગયો. ॥૩૪॥

ચંદ્રમાના કિરણો કરતા પણ ઊજળા તત્કાળ પ્રકટેલા તે તેજના પુંજને જોઈને સભામાં બેઠેલા શ્રીમુક્તાનંદ સ્વામી વગેરે બધા અત્યંત વિસ્મય પામ્યા. ॥૩૫॥

પછી તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચરે પ્રેમથી શ્રીહરિને કહ્યું, ''હે મહાપ્રભો ! આ આટલું બધું મહાન્ તેજ ઓચિંતા ક્યાંથી પ્રકટ થયું ? ॥૩૬॥

હું અને આ બધી સભા, શાંત, પુષ્કળ, કપૂરના જેવા શ્વેત અને ચોતરફ ફેલાતાં તેજને જોઈ રહ્યા છીએ. ॥૩૭॥

હું આપને શરણે આવ્યો છું. તો આપ મને તે કહો'' શ્રી એભલખાચરે આમ જ્યારે કહ્યું ત્યારે શ્રીહરિ મધુર હાસ્ય કરીને પ્રેમથી બોલ્યા. ॥૩૮॥

હે રાજન્ ! તેજના પુંજને લીધે અદ્ભુત જણાતા આ અક્ષરધામના બધા

तदीयदिव्यमूर्त्तिभ्यो निःसरत्प्रसरद्धृशम् ।
भूपते! वर्तते तेजो भूरिशान्तिप्रदेक्षणम् ॥४०॥
एते मुक्ता मदीक्षार्थं द्रष्टुमेतां सभां तथा ।
दुर्लभेक्षां हि पाद्माद्यैरत्राऽऽगच्छन्ति नित्यदा ॥४१॥
तस्मान्मामवताराणां कारणं साम्प्रतं परम् ।
प्रपन्नानां त्वदादीनां महाभाग्यं हि वर्तते ॥४२॥
अक्षराख्यमिदं सौधं गेहं वेद्यं नहि त्वया ।
अक्षरं धाम दिव्यं मे बोध्यं धामविभूषणम् ॥४३॥
एतस्यां भूपते! भूमौ यत्र वासो भवेद्धि मे ।
हेतोरेवावताराणां ज्ञेयं तद्धाम चाक्षरम् ॥४४॥
सभैषा साम्प्रतं भूमावायाता पुण्यदर्शना ।
जनानां तापसादीनां वर्तते दुर्लभेक्षणा ॥४५॥

મુક્તો મારા દર્શન કરવા અને આ સભાના દર્શન કરવા માટે અહીંયાં આવ્યા છે. ॥૩૯॥

હે ભૂપતે ! અત્યંત શાંતિ આપતું હોય તેમ દેખાતું આ પુષ્કળ તેજ તે મુક્તોની મૂર્તિમાંથી નીકળીને પ્રસરી રહ્યું છે. ॥૪૦॥

આ અક્ષર મુક્તો બ્રહ્માદિને પણ દુર્લભ આવા મારા અને આ સભાના દર્શન કરવા નિત્ય આવે છે. ॥૪૧॥

તેથી સર્વ અવતારોનું કારણ અને સર્વ અવતારોથી પર આવો જે હું છું તે મારે શરણે આવેલા તમારું સહુનું મહાન્ સદ્ભાગ્ય છે. ॥૪૨॥

આ અક્ષરભવન (અક્ષર ઓરડી) ને તમારે સામાન્ય ઘર નહિ માનવું. આને તો સર્વ ધામોના ઘરેણા જેવું સાક્ષાત્ અક્ષર ધામ જ સમજવું. ॥૪૩॥

હે ભૂપતે ! સર્વ અવતારોનું કારણ એવો મારો આ ભૂમિ ઉપર જ્યાં નિવાસ હોય તેને તમારે અક્ષરધામ જ સમજવું. ॥૪૪॥

અત્યારે આ ભૂમિ ઉપર પ્રકટેલી આ સભાનું દર્શન પુણ્યકારી છે. મોટા તપસ્વીઓને પણ આ સભાના દર્શન દુર્લભ છે. ॥૪૫॥

હે રાજન્ ! આ સભામાં જે કોઈ લોકો બેઠેલા છે તે કાંઈ સામાન્ય બદ્ધજીવ

एतस्यां सदसि जनव्रजा निषण्णा विद्यन्ते मनुजपते! न बद्धजीवाः।
संयुक्ता वृषवयुनादिसद्गुणौघैर्मुक्ता वै मृदुलहृदस्त्वयेति वेद्यम् ॥४६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थंमुक्ताद्यागमननिरू पणं नाम पञ्चचत्वारिंशोऽध्यायः ॥४५॥

अथ षट्चत्वारिंशोऽध्यायः

षट्चत्वारिंशके प्रोक्तं स्वातन्त्र्यं स्वावतारतः ।
स्वज्ञानेनाऽभयायापि स्वधामाप्तिः प्रदर्शिता ॥

श्रीहरिरु वाच -

एकदा धाम्नि मे दिव्ये राजन्नक्षरसंज्ञके ।
आयाद्दिव्याऽऽकृतिः कृष्णो गोलोकाधिपतिर्विभुः ॥१॥
वासुदेवो हि तत्राऽऽयाच्छ्वेतद्वीपाधिपस्तथा ।
नरनारायणः शान्तस्तथाऽऽयाद्बदरीपतिः ॥२॥
ऋ षभो वामनश्चायाद्रामचन्द्रश्च भूपते! ।

નથી. ધર્મ અને જ્ઞાન આદિ સદ્‌ગુણોથી સંપન્ન અને સુકોમળ હૃદયવાળા આ બધા મુક્તો જ છે એમ તમારે માનવું. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૫ સમાપ્ત

અધ્યાય - ૪૬

સ્વસ્વરૂપનો મહિમા અને અક્ષરધામની દુર્લભતા

શ્રીહરિએ કહ્યું, હે રાજન્ ! એક દિવસ મહાસમર્થ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ દિવ્ય સ્વરૂપે મારા દિવ્ય અક્ષરધામમાં આવ્યા. ॥૧॥

તેમજ શ્વેતદ્વીપના અધિપતિ શ્રીવાસુદેવનારાયણ પણ ત્યાં આવ્યા. તેમજ શાંતમૂર્તિ બદરીપતિ શ્રીનરનારાયણ ભગવાન આવ્યા. ॥૨॥

હે ભૂપતે ! શ્રી ઋષભ દેવજી, શ્રીવામનજી અને શ્રીરામચંદ્રજી પણ આવ્યા

संसद्यक्षरमुक्तानां न्यषीदंस्तेऽथ मां नताः ॥३॥
मूर्तिमत्यस्तदा राजन्! कालमायादिशक्तयः ।
मन्निदेशाभिकाङ्क्षिण्यस्तस्थुः प्राञ्जलयो मुदा ॥४॥
अथाऽऽलोक्याऽवतारान्मे मुक्तांश्चाक्षरसंज्ञकान् ।
शक्तीश्चेत्यवतारादीन् प्रावोचं तानिदं वचः ॥५॥
मायाजीवेश्वरा नित्या मुक्ताश्च ब्रह्मरू पिणः ।
भवन्तोऽन्ये च सर्वे ते जानन्तीत्थं निजान्तरे ॥६॥
आत्मतन्त्रो यथाऽनादिर्वर्तते भगवान् स्वयम् ।
सर्वकर्त्ता तथैव स्मो वयं सर्वेऽप्यनादयः ॥७॥
स्वत एवेश्वराः सर्वे स्मो वयं भगवान् यथा ।
वयमैश्वर्यसम्पन्नाः स्वतन्त्राः स्मो महौजसः ॥८॥
किन्तु वः परतन्त्राणां वर्तते नात्मतन्त्रता ।
अस्मि युष्मन्नियन्ताऽहं कालमायाद्यधीश्वरः ॥९॥
ब्रह्माण्डानामसंख्यानां सर्गस्थित्यन्तकारकः ।

અને અક્ષરમુક્તોની સભામાં તે મને નમસ્કાર કરીને બેઠા. ॥૩॥

હે રાજન્ ! તે સમયે મારી આજ્ઞા થવાની રાહ દેખતી કાળ અને માયા આદિ શક્તિઓ મૂર્તિમાન્ થઈને પ્રેમથી હાથ જોડીને ઊભી રહી. ॥૪॥

પછી મેં તે મારા અવતારો, અક્ષર મુક્તો અને શક્તિઓની સામે જોયું. અને તે અવતારો વગેરેને આ વાત કહી. ॥૫॥

''માયા, જીવો, ઈશ્વરો, નિત્યો, મુક્તો અને બ્રહ્મસ્વરૂપે રહેલા બીજા બધા જે છે તે સહુ પોતાના હૃદયમાં સમજે છે કે ''સ્વયં ભગવાન્ જેવા સ્વતંત્ર છે અને અનાદિ છે, સર્વ કર્તા છે, તેવા જ આપણે બધા પણ અનાદિ છીએ. ॥૬-૭॥

જેમ ભગવાન્ સ્વતઃ ઈશ્વર છે તેમ આપણે બધા પણ ઈશ્વર છીએ, ઐશ્વર્ય સંપન્ન છીએ, સ્વતન્ત્ર છીએ અને મહાન્ પ્રભાવશાળી છીએ. ॥૮॥

પરંતુ તમે બધા પરતન્ત્ર છો, તમારામાં સ્વતન્ત્રતા નથી. કાળમાયા ઈત્યાદિનો અધીશ્વર એવો હું તમારો નિયંતા છું. ॥૯॥

હું અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનો કરનારો છું, સર્વનો

सर्वाऽऽधारो हि सर्वेषामन्तर्यामी सनातनः ॥१०॥
अहमाकर्षयेयं चेद् वस्त्वैश्वर्यं द्रुतं तदा ।
भवन्तस्त्वीश्वराद्या वै किञ्चित् कर्तुं न शक्नुयुः ॥११॥
धरण्यां सन्ति ये जीवास्ते मद्भक्त्या सधर्मया ।
लभन्ते स्वेष्टमैश्वर्यं तापसाद्यैरपीप्सितम् ॥१२॥
कर्म मेऽथाखिलं जातं भस्मसादहमस्मि तत् ।
ईशो जातः स्वतन्त्रोऽहं यातीत्थं सोऽभिमानताम् ॥१३॥
जीवेश्वरा हि मे वश्याः सन्ति वै मत्पराजिताः ।
इत्थं गर्वो हि मायाया वर्तते दुरतिक्रमः ॥१४॥
मायां प्रमर्द्य ये त्वीशा वर्त्तन्ते मुक्तसन्निभाः ।
स्वातन्त्र्याभिमतिस्तेषां साधर्म्याज्जायते हरेः ॥१५॥
इत्थं जीवेशमुक्तानां मायायाश्चापि भूपते! ।
क्लेशहेतुरहङ्कारो जायते वै दुरत्ययः ॥१६॥
एवंविधेन वै राजन्नहङ्कारेण वर्जितः ।

આધાર છું અને સર્વનો અન્તર્યામી છું, સનાતન છું. ॥૧૦॥

હું જો તમારા ઐશ્વર્યને તત્કાળ ખેંચી લઉં તો તમે ઈશ્વરાદિ બધા કાંઈ પણ કરી શકો નહિ. ॥૧૧॥

આ ભૂમિ ઉપર જે જીવ છે તે ધર્મે સહિત મારી ભક્તિ કરીને, તપસ્વી વગેરે પણ જેને ચાહે છે એવા પોતાના અભીષ્ટ ઐશ્વર્યને પામે છે. ॥૧૨॥

પછી ''હવે મારું બધું કર્મ ભસ્મસાત્ થઈ ગયું છે. હવે હું ઈશ્વર થયો છું. સ્વતન્ત્ર થયો છું.'' એમ તેને અભિમાન થવા લાગે છે. ॥૧૩॥

''જીવો અને ઈશ્વરો મારે વશ છે, મારી આગળ હારેલા છે,'' આ ન ટાળી શકાય તેવો ગર્વ માયાને પણ હોય છે. ॥૧૪॥

માયાને જીતીને જે ઈશ્વરો મુક્તની જેમ વર્તે છે, તેને પણ ભગવાનના સમાન ગુણો આવવાથી સ્વતંત્રપણાનું અભિમાન થાય છે. ॥૧૫॥

હે ભૂપતે ! આ રીતે જીવ, માયા, ઈશ્વર અને મુક્તોને પણ કલેશનું કારણ અને ન છોડી શકાય તેવો અહંકાર થાય છે. ॥૧૬॥

आविर्भूतोऽत्र भूलोके जीवात्यन्तिकमुक्तये ॥१७॥
तेषां मन्महसैवाऽहं दुर्हेयं दुःखकारणम् ।
अहङ्कारं हरिष्येऽहं जनानां संसृतिप्रदम् ॥१८॥
वैकुण्ठादिकधामस्था लक्ष्मीनारायणादयः ।
ये विद्यन्ते महातेजोराजिता दिव्यमूर्तयः ॥१९॥
श्वेतद्वीपप्रमुख्यानां धाम्नां ये सन्ति चाधिपाः ।
स्वीयस्वरू पबोधस्तैराश्रितेभ्यो विधीयते ॥२०॥
ते ज्ञानं मत्स्वरू पस्य तेभ्यः कुर्वन्ति न क्वचित् ।
तस्मात्ते त्वक्षराख्यं मे धाम यान्त्येव नोत्तमम् ॥२१॥
यदा ते मत्स्वरू पस्य ज्ञानं कुर्वन्ति मङ्गलम् ।
स्वाश्रितेभ्यस्तदा दिव्यं धाम ते यान्ति मेऽक्षरम् ॥२२॥
आविर्भूयर्षभो भूमौ बोधाद्यैर्भगवान् युतम् ।
धर्मं पारमहंस्यं वै भद्रं प्रावर्त्तयत्क्षितौ ॥२३॥

હે રાજન્ ! આવી રીતના અહંકાર વિનાનો હું આ ભૂલોકમાં જીવોના આત્યંતિક કલ્યાણ માટે પ્રકટ થયો છું. ॥૧૭॥

સર્વ દુઃખનું મૂળ કારણ, લોકોને જન્મ મૃત્યુરૂપ સંસારમાં ભટકાવનાર અને ન છોડી શકાય તેવા તેમના અહંકારને હું મારા પ્રતાપથી જ ઉતારીશ. ॥૧૮॥

વૈકુંઠ આદિ ધામોમાં રહેલી શ્રી લક્ષ્મીનારાયણ આદિ જે દિવ્ય મૂર્તિઓ મહાન્ તેજથી સુશોભિત રહી છે. ॥૧૯॥

શ્વેતદ્વીપ આદિ ધામના જે અધિપતિ છે. તે પોતાના આશ્રિતોને પોતાના સ્વરૂપનું જ જ્ઞાન આપે છે. ॥૨૦॥

તે પોતાના આશ્રિતોને મારા સ્વરૂપનું જ્ઞાન કયારેય કરાવતા નથી. અને તેથી જ તે મુમુક્ષુ જીવો સર્વોત્તમ મારા અક્ષરધામને પામતા નથી. ॥૨૧॥

જ્યારે તે અવતારો મારા સ્વરૂપનું જ્ઞાન પોતાના આશ્રિતોને કરાવે ત્યારે તે મારા દિવ્ય અક્ષર ધામને પામે. ॥૨૨॥

ભગવાન્ ૠષભદેવ ભૂમિ ઉપર પ્રકટ થયા અને તેમણે ઉપદેશ વગેરે કરીને જ્ઞાન આદિથી યુક્ત પરમહંસોનો શુભ ધર્મ ભૂમિ ઉપર પ્રવર્તાવ્યો. ॥૨૩॥

मत्स्वरूपस्य विज्ञानं स्वाश्रितेभ्यो न सोऽकरोत् ।
इत्थं जानन्ति तस्मात्ते जनास्तस्याश्रयं गताः ॥२४॥
साम्प्रतं कर्मनिर्मुक्ता वयं जाता हि सर्वथा ।
कर्तव्यं नास्ति किञ्चिन्नो मुक्तानां शुद्धचेतसाम् ॥२५॥
तथा प्रतारणं राजन्! वामनेन बलेः कृतम् ।
रामचन्द्रस्तथा वार्धौ दृढं सेतुमबन्धयत् ॥२६॥
रक्षसां रावणादीनां सोऽकरोद्वै निबर्हणम् ।
वानराणां च निर्वाणं निरास्यच्चर्षिसङ्कटम् ॥२७॥
एतैः स्वकीयभक्तेभ्यो मद्धामप्राप्तिकारणम् ।
मत्स्वरूपस्य विज्ञानं कृतं नैवातिशान्तिदम् ॥२८॥
ये दत्तकपिलव्याससनकाद्यास्तथेतरे ।
जाताः पुराऽवतारा मे भूमावस्यां हि भूरिशः ॥२९॥
स्वाश्रितेभ्यो न तैर्ज्ञानं मत्स्वरूपस्य चोत्तमम् ।
कृतं तस्माद्धि ते दिव्यं नाप्नुवन्मेऽक्षरं पदम् ॥३०॥
मत्स्वरूपस्य बोधं ते स्वाश्रितेभ्यो यदा व्यधुः ।

તેમણે પોતાના આશ્રિતોને મારા સ્વરૂપનું જ્ઞાન ન કરાવ્યું. તેમને શરણે ગયેલા લોકો એમ માનવા લાગ્યા કે અત્યારે આપણે કર્મોથી સંપૂર્ણપણે છૂટી ગયા છીએ. શુદ્ધ મનવાળા આપણે હવે કશું કરવાનું બાકી રહ્યું નથી. ॥૨૪-૨૫॥

હે રાજન્! તે રીતે જ શ્રી વામન ભગવાને બલિરાજાને છેતર્યા અને શ્રીરામચંદ્ર ભગવાને સમુદ્ર ઉપર દૃઢ સેતુ બાંધ્યો. ॥૨૬॥

રાવણ આદિ રાક્ષસોનો વિનાશ કર્યો. વાનરોનો ઉદ્ધાર કર્યો અને ઋષિઓનું સંકટ નિવાર્યું. ॥૨૭॥

આ સ્વરૂપોએ પોતાના ભક્તોને મારા અક્ષરધામની પ્રાપ્તિ થાય અને અત્યંત શાંતિ મળે એવું મારા સ્વરૂપનું જ્ઞાન ન કરાવ્યું. ॥૨૮॥

શ્રી દત્તાત્રેય, શ્રી કપિલદેવ, શ્રી વ્યાસ અને શ્રી સનકાદિક જે પૂર્વે ભૂમિ ઉપર મારા ઘણા અવતારો થયા, તેમણે પણ મારા સ્વરૂપનું સર્વોત્તમ જ્ઞાન પોતાના ભક્તોને ન કહ્યું. તેથી જ તેઓ મારા દિવ્ય અક્ષરધામને ન પામ્યા. ॥૨૯-૩૦॥

तदा ते दुर्लभं दिव्यं धाम मेऽक्षरमव्रजन् ॥३१॥
तथा स स्वौजसाऽकार्षीत् कौरवाणां कुलक्षयम् ।
नृपाणां चासुरांशानां नाशं दुष्कर्मकारिणाम् ॥३२॥
भूरिभूभारसंहारं तेऽकुर्वन् दुष्करं परैः ।
न व्यधुर्मन्मथक्रोधलोभमोहादिनाशनम् ॥३३॥
येऽवताराः पुरा जाता भूयांसो भूतले नृप! ।
नैव तैर्मत्स्वरूपस्य जीवेभ्यो बोधनं कृतम् ॥३४॥
तस्माद्वै भूयसां तेषां मोक्षो जातो न भूपते! ।
गोलोकाधिपतिर्दिव्यः श्रीकृष्णो यस्तु वर्तते ॥३५॥
तद्धामवासिमुक्तेभ्यः स कुर्वन् रासखेलनम् ।
संयुक्तो गोपगोपीभिर्दिशत्यानन्दमुत्तमम् ॥३६॥
विधाय तेन तेभ्यो मे स्वरूपज्ञानमञ्जसा ।
अक्षरं धाम दिव्यं मे तान्न प्रापितमद्भुतम् ॥३७॥

તેમણે પોતાના આશ્રિતોને જ્યારે મારા સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું ત્યારે તેઓ અતિ દુર્લભ એવા મારા અક્ષરધામને પામ્યા. ॥૩૧॥

તેમણે તો પોતાના પ્રતાપથી કૌરવ આદિ રાજાઓના કુળનો ક્ષય કર્યો અને પાપ કર્મ કરનારા અસુરાંશોનો પણ વિનાશ કર્યો. ॥૩૨॥

બીજાથી ન થઈ શકે તેવો અપાર ભૂમિનો ભાર તેમણે ઉતાર્યો, પણ કામ, ક્રોધ, લોભ અને મોહ આદિ દોષોનો નાશ ન કર્યો. ॥૩૩॥

નૃપ! પૂર્વે પૃથ્વી ઉપર જે ઘણા અવતારો થયા તેમણે જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન ન સમજાવ્યું. ॥૩૪॥

હે ભૂપતે તેથી જ ઘણા જીવોનો અક્ષરધામની પ્રાપ્તિરૂપ મોક્ષ થયો નહિ. ગોલોકધામના અધિપતિ જે દિવ્ય શ્રીકૃષ્ણ ભગવાન્ છે. ॥૩૫॥

તેમણે ગોવાળો અને ગોપીઓ સાથે રાસક્રીડા કરીને ગોલોકવાસી મુક્તોને ઉત્તમ આનંદ (સુખ) આપ્યું છે. ॥૩૬॥

પણ તેમણે પોતાના ભક્તોને બરાબર રીતે મારા સ્વરૂપનું જ્ઞાન ન કરાવ્યું અને અદ્‌ભુત અક્ષરધામની પ્રાપ્તિ કરાવી નહિ. ॥૩૭॥

स्वीयवैकुण्ठधामस्थो लक्ष्मीनारायणस्तथा ।
लक्ष्मीनन्दसुनन्दादीन् स्वात्मनाऽऽनन्दयत्यलम् ॥३८॥
दिव्यब्रह्मपुरस्थस्य स्वरूपस्यैव तेन मे ।
न ज्ञानं कारितं सम्यक् स्वेभ्यस्तेभ्यो महीपते! ॥३९॥
तथा हिरण्यगर्भो यो भगवान् भानुमण्डले ।
स्थितस्तत्रत्यदेवेभ्यः स्वात्मबोधं किलादिशत् ॥४०॥
षष्टिसहस्त्रमानेभ्यः स्वस्वरूपस्य वेदनम् ।
ऋषिभ्यो वालखिल्येभ्यः स हि प्रादान्महामते! ॥४१॥
मत्स्वरूपस्य न ज्ञानं तेन तेभ्यो विधापितम् ।
तस्मात्ते मेऽक्षरं दिव्यं धाम प्रापुर्न भास्वरम् ॥४२॥
श्वेतद्वीपाधिपो राजन्! वासुदेवस्तपोनिधिः ।
ज्ञानं निरन्नमुक्तेभ्यो ददाति स्माऽऽत्मनः शुभम् ॥४३॥
धाम्नि तेनाऽक्षरे दिव्ये राजितस्य न मे कृतम् ।

પોતાના વૈકુંઠધામમાં રહેલા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન પોતાના ભક્ત લક્ષ્મીજી અને નંદ, સુનંદ આદિ પાર્ષદોને સ્વસ્વરૂપના ખૂબ જ આનંદ આપે છે. ॥૩૮॥

હે રાજન્ ! તેમણે પોતાના ભક્તોને દિવ્ય બ્રહ્મપુર અક્ષરધામમાં રહેલા મારા સ્વરૂપનું જ્ઞાન સારી રીતે ન કરાવ્યું. ॥૩૯॥

તે રીતે જ સૂર્યમંડળમાં જે શ્રી હિરણ્યગર્ભ ભગવાન વિરાજે છે તેમણે ત્યાંના દેવતાઓને સ્વસ્વરૂપનું જ્ઞાન કહ્યું. ॥૪૦॥

હે મહામતે ! તેમણે સાઠ હજાર જેટલા વાલખિલ્યાદિ ઋષિઓને સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. ॥૪૧॥

પણ તેમણે મારા સ્વરૂપનું જ્ઞાન તે ઋષિઓને ન કરાવ્યું, તેથી તે મારા તેજસ્વી દિવ્ય અક્ષરધામને ન પામ્યા. ॥૪૨॥

હે રાજન્ ! શ્વેતદ્વીપના અધિપતિ તપોનિધિ શ્રીવાસુદેવ ભગવાન નિરન્નમુક્તોને પોતાના સ્વરૂપનું શુભ જ્ઞાન આપે છે. ॥૪૩॥

પરંતુ તેમણે દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન જે મારું સ્વરૂપ, તેનું મારા

तेभ्यो वै मत्स्वरूपस्य ज्ञानं मद्धामप्रापकम् ॥४४॥
कुर्वाणो निधनं कालो ब्रह्माण्डानां भयङ्करः ।
ज्ञानं कालात्मरुद्रस्य सम्प्राप्तेभ्योऽकरोन्मुदा ॥४५॥
ज्ञानं मम स्वरूपस्य नादिशद् यत् तदाश्रिताः ।
रुद्रलोकं प्रसम्प्रापुर्नाऽऽययुर्मेऽक्षरे पदे ॥४६॥
श्रीमन्नक्षरनाम्नि धाम्नि वसतो दिव्यस्वरूपस्य मे
ज्ञानं ते गदितं मयेति मदनन्यैश्वर्यसंसूचकम् ।
तेनोदारतरं मदीयमतुलं धामाऽक्षरं भास्वरम्
दिव्यं तापसदुर्लभं सुखमयं यास्यन्ति नूनं जनाः ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकथितनिजस्वरूपावबोधनब्रह्मधामप्राप्यादिनिरूपणं नाम षट्चत्वारिंशोऽध्यायः ॥४६॥

अथ सप्तचत्वारिंशोऽध्यायः

सत्सङ्गगौरवं सप्तचत्वारिंशे स ऊचिवान् ।

ધામને પમાડે એવું જ્ઞાન તે નિરન્નમુક્તોને ન કરાવ્યું. ॥૪૪॥

બ્રહ્માંડોનો પ્રલય કરનાર કાળ મહાન્ ભયંકર છે. તેણે પોતાને શરણે આવેલા જીવોને કાલાત્મક રુદ્રના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. ॥૪૫॥

તેમણે પોતાના આશ્રિતોને મારા સ્વરૂપનું જ્ઞાન ન કરાવ્યું, તેથી તે રુદ્રલોકમાં ગયા પણ અક્ષરધામમાં ન આવ્યા. ॥૪૬॥

શ્રીઅક્ષરધામમાં દિવ્ય સ્વરૂપે નિવાસ કરતા મારા સ્વરૂપનું જ્ઞાન, જે મારા અનન્ય ઐશ્વર્યને સૂચવે છે, તે મેં તમને આ પ્રમાણે કહ્યું છે. તે મારા ઐશ્વર્યપૂર્ણ સ્વરૂપ અને કલ્યાણકારી ગુણોનું મનુષ્યને જ્ઞાન થાય તો તે મારા વિશાળ, અનુપમ, તેજસ્વી, દિવ્ય, સુખમય અને તપસ્વીઓને પણ ન મળે તેવા અક્ષરધામને પામે છે. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૬ સમાપ્ત

जया प्राप्य समाधिं च ददर्शाऽक्षरधाम सा ॥

श्रीहरिरु वाच –

मयाऽथेत्यवताराणां विचारो हेतुना कृतः ।
अत्राविर्भूय भूलोके मया कार्यं त्विदं ध्रुवम् ॥१॥
मायाजीवेश्वरादीनामहङ्कारोऽखिलो मया ।
दुर्निवार्यो मदीयेन नाशनीयो महौजसा ॥२॥
मत्स्वरू पस्य विज्ञानं कारयित्वा परं मया ।
जनेभ्यो मेऽक्षरं दिव्यं धाम देयं सहस्रशः ॥३॥
अहङ्कारोऽस्ति जीवानाम् ''इत्थं कृत्वा वयं ध्रुवम् ।
साधनानि त्वनेकानि प्राप्स्यामश्चैश्वरं पदम्'' ॥४॥
नाशयित्वा तमेवेत्थं राजन्नेवं कृतं मया ।
स्वामिनारायणाख्यां मे पश्येदुच्चार्य मां हि यः ॥५॥
प्राप्नुयादक्षराख्यं मे दुर्लभं धाम सोऽतुलम् ।
एतद्भद्रं हि मत्कार्यं भवदाद्यैर्विलोकितम् ॥६॥

અધ્યાય - ૪૭

સત્સંગનો મહિમા અને જીવુબાને સમાધિ

શ્રીહરિએ કહ્યું, હે રાજન્ ! મેં બધા અવતારોનો વિચાર અહીં સહેતુક કર્યો છે. હવે આ ભૂલોકમાં પ્રકટ થઈને મારે આગળ કહું છું તે કાર્ય કરવાનું છે. ॥૧॥

મારે મારા મહાન્ પ્રતાપથી માયા, જીવ તથા ઈશ્વર આદિનો ન દૂર થઈ શકે તેવો ગણાતો બધો જ અહંકાર ઉતારવો છે. ॥૨॥

તે પછી મુમુક્ષુ જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન કરાવીને હજારો જીવોને મારે દિવ્ય અક્ષરધામમાં નિવાસ આપવો છે. ॥૩॥

''આપણે પોતાના અનેક સાધનોના બળથી ભગવાનના ધામમાં જઈશું.'' આ રીતનો જીવોનો અહંકાર નષ્ટ કરીને હે રાજન્ ! મેં એવું વિચારી રાખ્યું છે કે ''મારા દર્શન કરીને જે માણસ 'સ્વામિનારાયણ' આવું મારું નામ ઉચ્ચારે તો તેને મારે દુર્લભ અને અનુપમ આવા મારા અક્ષરધામમાં નિવાસ આપવો.'' આવું મારું શુભ કાર્ય તો તમે સહુએ પણ દેખ્યું છે. ॥૪-૬॥

यदोपासीत यो जीवो भूरिकालं तदेश्वरम् ।
पूरयेत्स हि सङ्कल्पांस्तस्य नश्वरशर्मणाम् ॥७॥
उच्चार्याऽत्र जनो यो मे स्वामिनारायणाभिधाम् ।
कुर्यान्मद्दर्शनं प्रीत्या तापसेशादिवाञ्छितम् ॥८॥
सोऽपि प्राप्येष्टमैश्वर्यं धाम मेऽक्षरमाप्नुयात् ।
इत्यर्चायास्तथौजो मे भक्तैर्दृष्टं त्वदादिभिः ॥९॥
ईशानामित्यहङ्कारो मया ध्वस्तो दुरत्ययः ।
हेतुनैवावताराणां विचित्रानन्तशक्तिना ॥१०॥
विकारप्रापिका माया जीवेशाद्येषु वर्तते ।
जीवेशबन्धने हेतुर्वित्तस्त्रीमुख्यरू पिणी ॥११॥
ध्वस्तो मयेति तन्मानो भवन्मुख्याः सहस्रशः।
राजंस्त्यजन्ति मद्भक्ता अन्यवित्ताङ्गनादिकम् ॥१२॥
येऽत्र मे त्यागिनो भक्ता मय्यासक्ताः सहस्रशः ।

આ જીવ જ્યારે ઘણા સમય સુધી ઈશ્વરની ઉપાસના કરે છે ત્યારે તે ઉપાસ્ય ઈશ્વર તેના નાશવંત સુખ મેળવવાના સંકલ્પોને પૂરા કરે છે. ॥૭॥

પણ જે કોઈ મનુષ્ય ''સ્વામિનારાયણ'' આવું મારું નામ બોલીને તપસ્વીઓ અને ઈશ્વરાદિકે પણ ઇચ્છેલા મારા દર્શન પ્રેમથી કરે છે તો મનુષ્ય પોતાના મનોવાંછિત ઐશ્વર્યને અને મારા અક્ષરધામને પણ પામે છે. આમ મારી મૂર્તિનો અને મારો પ્રતાપ તમે બધા મારા ભક્તોએ જોયેલો છે. ॥૮-૯॥

સર્વ અવતારોના કારણ અને અનંત વિચિત્ર શક્તિવાળા મેં આ પ્રમાણે ન તૂટે તેવો ઈશ્વરોનો અહંકાર પણ નષ્ટ કર્યો છે. ॥૧૦॥

ધન અને સ્ત્રી, આ બે માયાના મુખ્ય રૂપ છે. માયા, જીવ અને ઈશ્વર આદિમાં પણ વિકાર પેદા કરે છે. અને જીવ તથા ઈશ્વરને પણ બંધનમાં નાખે છે. ॥૧૧॥

હે રાજન્ તમારા જેવા હજારો મારા ભક્તો પાસે પર ધન અને પર સ્ત્રી આદિનો ત્યાગ કરવીને મેં માયાનું અભિમાન પણ ઉતાર્યું છે. ॥૧૨॥

મારા સ્વરૂપમાં સ્નેહભક્તિથી જોડાયેલા હજારો મારા ત્યાગી ભક્તો છે.

अष्टधा तेऽङ्गनात्यागं कुर्वन्ति द्रविणत्यजः ॥१३॥
लोभकामरसस्नेहक्रोधमानमदादिकान् ।
दुर्जयानपि चेशाद्यैर्दोषान् हिन्वन्ति तेऽखिलान् ॥१४॥
दृष्ट्वा तांस्तादृशान् माया स्वाभिमानं किलाऽत्यजत् ।
दुर्जयाया हि मायाया भूयिष्ठं वर्तते बलम् ॥१५॥
तन्न पुसां स्त्रियस्त्यागं कर्तुं काश्चिदपि क्षमाः ।
अद्य त्यक्ताः स्वभर्तारो योषिद्भिर्हि सहस्रशः ॥१६॥
प्राप्तास्ता मत्प्रतापेन धर्मज्ञानादिसद्गुणान् ।
योगसिद्धिं तथा याता दुर्लभां चापि योगिभिः ॥१७॥
भूयस्यो मेऽनुभावेन योषितः शुद्धचेतसः ।
मां भजन्ति स्वधर्मस्थाः सांख्ययोगमुपाश्रिताः ॥१८॥
एवं देवादिजेतृत्वप्रोद्भवः प्रकृतेर्मया ।

જે અહીં છે તેઓ આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરે છે અને ધનનો પણ ત્યાગ કરે છે. ॥૧૩॥

લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, ક્રોધ, માન અને મદ આદિક જે દોષો છે તેને ઈશ્વરો પણ જીતી શકતા નથી, પરંતુ મારા ભક્ત ત્યાગી સંતોએ તે બધા જ દોષોનો નાશ કર્યો છે. ॥૧૪॥

આવા સંતોને દેખીને માયાએ પોતાનું અભિમાન છોડી દીધું છે. આમ તો માયા દુર્જય છે. તેમાં બળ પણ ઘણું છે. ॥૧૫॥

અને તેથી જ કોઇ પણ સ્ત્રીઓ પુરુષોનો ત્યાગ કરી શકતી નથી. પણ આજે તો હજારો સત્સંગી સ્ત્રીઓએ પોતાના પરણેલા પતિને પણ તજી દીધા છે. ॥૧૬॥

તે બધી સત્સંગી મહિલાઓ મારા પ્રતાપથી ધર્મ જ્ઞાન આદિ સદ્ગુણોથી સંપન્ન થઈ છે અને યોગીઓને પણ દુર્લભ આવી અષ્ટાંગ યોગની સિદ્ધિ પામી છે. ॥૧૭॥

મારા પ્રતાપથી પવિત્ર મનવાળી ઘણી સ્ત્રીઓ સાંખ્યયોગને આશરી છે અને સ્વધર્મમાં રહીને મારું ભજન કરે છે. ॥૧૮॥

अभिमानो हि दुर्हेयो गर्विष्ठाया हतोऽखिलः ॥१९॥
जीवा ये ब्रह्मकोटिस्था वर्तन्ते चेत्यहङ्कृतिः ।
तेषामस्तीति सम्प्राप्तं स्वातन्त्र्यं साधनैर्वयम् ॥२०॥
इत्थं तेषामहङ्कारो मयैवं नाशितोऽधुना ।
ये समुच्चारयेयुर्मे स्वामिनारायणाभिधाम् ॥२१॥
दर्शनं मे तथा कुर्युर्दुर्लभं चापि तापसैः ।
बह्मकोटिस्थमुक्तानां साधर्म्यं तेऽप्यवाप्नुयुः ॥२२॥
तेषामित्यभिमानो यो मया ध्वस्तः स सर्वथा ।
इत्थं पश्यथ तद्यूयं सभ्या मत्कार्यमुत्तमम् ॥२३॥
इत्थं जीवेशकोटिस्था मयाऽऽत्मानो हि भूरिशः ।
मायाबन्धविनिर्मुक्ता नीता वै ब्रह्मरू पताम् ॥२४॥
वैकुण्ठमुख्यधामस्था लक्ष्मीनारायणादयः ।
स्वस्वमुक्तजनाऽदृश्या वर्तन्ते हि मया समम् ॥२५॥

દેવતાઓ વગેરેને જીતી લીધા હોવાથી માયાને ઘણો જ ગર્વ થયો હતો પણ મેં આ રીતે તે ગર્વિષ્ઠ માયાનું અભિમાન બધું જ તોડી નાંખ્યું. ॥૧૯॥

બ્રહ્મ સ્થિતિને પામેલા જે જીવો છે તેમને એવું અભિમાન થયું હતું કે અમે અમારા સાધનોના બળથી સ્વતન્ત્રપણું પામ્યા છીએ. ॥૨૦॥

તેમના સાધન બાબતનો અહંકાર પણ મેં અત્યારે તોડી નાખ્યો છે. જે કોઇ પણ મારું સ્વામિનારાયણ આવું નામ મુખથી બોલે અને તપસ્વીઓને પણ ન મળે એવા મારા દર્શન જે કરે છે, તે બધા બ્રહ્મસ્થિતિને પામેલા મુક્તોના સાધર્મ્યને-સમાનગુણ યોગને પામે છે. ॥૨૧-૨૨॥

તે બધાનું અભિમાન મેં સંપૂર્ણ રીતે ઉતાર્યું છે. સભામાં બેઠેલા તમે સર્વ આવું મારું બધું ઉત્તમ કાર્ય છે તેને જુઓ વિચારો. ॥૨૩॥

આ પ્રમાણે જીવ અને ઈશ્વર કોટિમાં રહેલા ઘણા આત્માઓને મેં માયાના બંધનથી છોડાવીને બ્રહ્મરૂપ કર્યા છે. ॥૨૪॥

વૈકુંઠ આદિ ધામમાં રહેતા શ્રીલક્ષ્મીનારાયણ ભગવાન આદિ સ્વરૂપો પોતપોતાના મુક્તોએ પણ ન દેખી શકાય તે રીતે મારી સાથે રહ્યા છે. ॥૨૫॥

येऽवताराः पुरा जाताः कपिलश्चर्षभादयः ।
आविर्भूता हि ते राजन्! मत्सङ्कल्पादितीयताम् ॥२६॥
अद्य त्वत्प्रमुखाः साक्षान्मद्भक्ता निर्मलान्तराः ।
जीवेशब्रह्ममुक्तेभ्यः सन्ति श्रेष्ठा परोक्षतः ॥२७॥
सांख्ययोगश्रिता योषाः कर्मयोगयुजस्तथा ।
मायोरुबन्धनान्मुक्ता मुक्तावस्थां शुभां गताः ॥२८॥
एतासामेव सर्वासां स्त्रीणां पुंसां च भूपते! ।
कर्तुं मदीयभक्तानां कालोऽनिष्टं न शक्नुते ॥२९॥
साम्प्रतं मत्प्रतापेन शुभः कालो हि वर्तते ।
मद्भक्तेषु प्रवर्त्तन्ते क्रिया नित्यं शुभास्तथा ॥३०॥
अद्य सर्वावताराणां प्रसङ्गं कारणस्य मे ।
प्राप्तानां हि त्वदादीनामस्ति भाग्यं महत्तरम् ॥३१॥
श्रीचैतन्यानन्द उवाच -
वाचं तस्येति ते श्रुत्वा सुधामाधुर्यवर्षिणीम् ।

શ્રીકપિલદેવજી અને શ્રીઋષભદેવજી આદિ જે અવતારો પૂર્વે થયા હતા. હે રાજન્ ! તે મારા સંકલ્પથી પ્રકટ થયા છે એમ તમે જાણો. ॥૨૬॥

અત્યારે નિર્મળ અંતઃકરણ વાળા તમે બધા મારા જે સાક્ષાત્ પ્રત્યક્ષના ભક્તો છો તે પરોક્ષ જીવ, ઈશ્વર, બ્રહ્મ અને મુક્તો કરતાં શ્રેષ્ઠ છો. ॥૨૭॥

અત્યારે સાંખ્યયોગ અને કર્મયોગને આશરીને રહેલી મહિલા ભક્તો માયાના વિશાળ દૃઢ બંધનથી છૂટીને શુભ મુક્તાવસ્થાને પામી છે. ॥૨૮॥

હે ભૂપતે ! આ બધા મારા ભક્ત સ્ત્રીઓનું અને પુરુષોનું અનિષ્ટ તો કાળ પણ કરી શકે તેમ નથી. ॥૨૯॥

હાલમાં મારા પ્રતાપથી શુભ કાળ વર્તી રહ્યો છે. અને મારા ભક્તોમાં નિત્ય ક્રિયાપણ શુભ જ પ્રવર્તી રહી છે. ॥૩૦॥

અત્યારે સર્વ અવતારોનું કારણ જે હું છું તે મારા સંયોગને પામેલા તમારું સહુનું પણ મહાન્ ભાગ્ય છે. ॥૩૧॥

આ પ્રમાણે શ્રીહરિની અમૃતના માધુર્યને વરસાવતી વાણીને સાંભળીને તે

तं प्रपन्ना महानन्दं प्राणमन् क्षितिपादयः ॥३२॥
महाश्चर्यमथ प्राप्ता हरौ गाढानुरागिणी ।
जया तस्येच्छया प्रापत् समाधिं चाधिनाशनम् ॥३३॥
धाम साऽथाक्षरं दिव्यं कोटिकोटीन्दुभास्वताम् ।
तेजःपुञ्जाधिकज्योतिर्भ्राजमानं व्यलोकयत् ॥३४॥
ततः सिंहासनं हैमं दिव्यं तत्रैक्षताऽद्भुतम् ।
सा दिव्यनद्धसंराजन्नानावर्णमणिप्रभम् ॥३५॥
हरिमितिरुचिरेऽथ तत्र राजन्! प्रभुमवलोकयति स्म सा निषण्णम् ।
युगपदुदितकोटिकोटिभास्वत्तुहिनकराधिकतेजसां निधानम् ॥३६॥
बहुतरमदनान्विलज्जयन्तं निजरुचिरैकशुभाङ्गभूरिलक्ष्म्या ।
प्रचुरतरसुखास्पदातिराजत्परमशुभावयवैर्विराजमानम् ॥३७॥
दधतमतिमनोज्ञदिव्यचेलं बहुविधदिव्यमणीन्द्रभूषणानि ।

સહુ શ્રીએભલ ખાચર વગેરે ખૂબ જ આનંદ પામ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૩૨॥

આ પછી શ્રીહરિના સ્વરૂપમાં અત્યંત પ્રેમ ભક્તિવાળા અને આ વાત સાંભળીને અતિ આશ્ચર્ય ચકિત થયેલા જીવુબા (મોટીબા) ને શ્રીહરિની ઈચ્છાથી સર્વ પીડાઓને ટાળનારી સમાધિ થઈ. ॥૩૩॥

જીવુબાને અક્ષરધામના દર્શન થયા. દિવ્ય અક્ષરધામ અને કરોડો ચંદ્ર તથા સૂર્યના તેજઃપુંજ કરતા પણ અધિક તેજથી શોભતું હતું. ॥૩૪॥

જીવુબાને અક્ષરધામમાં અદ્ભુત સોનાનું દિવ્ય સિંહાસન દેખાયું. તેમાં અત્યંત શોભતા, દિવ્ય, અનેક રંગના મણિ જડેલા હતા. ॥૩૫॥

હે રાજન્ ! તે અત્યંત સુંદર સિંહાસનમાં વિરાજમાન પ્રભુ શ્રીહરિના દર્શન કર્યા. એક સાથે ઉદય પામેલા કરોડો સૂર્ય તથા ચંદ્રમાના તેજ કરતાં પણ અધિક તેજના મધ્યમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૩૬॥

શ્રીહરિ પોતાના સોહામણા એક એક અવયવની શુભ સુંદરતાથી અનેક કામદેવની ભવ્યતાને ઝાંખી પાડી દેતા હતા. અને અપાર સુખમય અને અત્યંત દીપતા સર્વોત્તમ શુભ અવયવોથી વિશેષ રમણીય લાગતા હતા. ॥૩૭॥

वरपुरटविभूषणानि चेशं परमगुणाक्षरमुक्तवृन्दजुष्टम् ॥३८॥
मितहसितनिजाननोरु लक्ष्म्या सुविशदकोटिविधून् वितर्जयन्तम् ।
स्त्रवदुरु करु णासुधारसेन नयनयुगेन विलज्जिताब्जवृन्दम् ॥३९॥
विविधमणिसुवर्णभूषणेषु श्रियमतुलां प्रणयन्तमङ्गलक्ष्म्या ।
अगणितभुवनोरु सुन्दरत्वं निजशुभरोमवरश्रिया जयन्तम् ॥४०॥
अपरिमितसुदिव्यभूतिशक्तिं सकलविदं जनसाक्षिणं स्वतन्त्रम् ।
परमतरसुखात्युदारवार्द्धिमुरु तरशर्मनिदानदिव्यदृष्टिम् ॥४१॥
सकलभुवननायकाद्यधीशं बहुसुखदैर्वचनामृतैः सुभद्रैः ।
सुखमुरु गमयन्तमेव मुक्तान् पुरु तरकान्तियुजोऽक्षराभिधानान् ॥४२॥
श्रुतविनयदयातपस्तितिक्षावयुनविरक्तिसुकान्तिबोधसाम्यैः ।
शमदमबलशीलकौशलाद्यैरपरिमितैरचलैर्गुणैरु पेतम् ॥४३॥

અત્યંત મનોહર દિવ્ય વસ્ત્ર પહેર્યા હતા. અનેક પ્રકારના દિવ્ય રત્નોથી જડિત આભૂષણો પહેર્યા હતા. શ્રેષ્ઠ શુદ્ધ સોનાના ઘરેણાં ધારણ કર્યા હતા. કલ્યાણકારી ગુણોથી યુક્ત અક્ષરમુક્તો તેમની સેવા કરી રહ્યા હતા. ॥૩૮॥

મધુર મંદ હાસ્યથી યુક્ત મુખની અપાર શોભાથી અત્યંત ઉજ્જ્વળ ચંદ્રમાને પણ ઝાંખો પાડી દેતા હતા. શ્રીહરિ કરુણાથી ભર્યા અમૃત રસને ટપકાવતા બન્ને નેત્ર કમળથી કમળ સમૂહને પણ લજ્જિત કરતા હતા. ॥૩૯॥

પોતાના સુંદર અવયવોની શોભાથી અનેક જાતના મણિઓથી જડિત સોનાના અલંકારોમાં અમાપ શોભાનો ઉમેરો કરતા હતા. તેઓ અસંખ્ય દિવ્ય લોકોની સુંદરતાને પોતાના શરીર ઉપરની શુભ રોમાવળીની શોભાથી જીતી લેતા હતા. ॥૪૦॥

અમાપ દિવ્ય ઐશ્વર્ય શક્તિવાળા, સર્વજ્ઞ, મનુષ્યમાત્રના સાક્ષી, સ્વતન્ત્ર અને સર્વોત્તમ સુખના વિશાળ સાગર જેવા, અસીમ સુખનું મૂળ કારણ અને દિવ્ય દૃષ્ટિવાળા, આવા શ્રીહરિ અનેક દિવ્ય લોકોના અધિપતિઓના પણ નિયામક હતા. અપાર તેજસ્વી અક્ષર મુક્તોને અત્યંદ સુખદ શુભ વચનામૃતોથી પુષ્કળ સુખને આપતા હતા. ॥૪૧-૪૨॥

શ્રીહરિના સ્વરૂપમાં શાસ્ત્રશ્રવણ, વિનય, દયા, તપ, તિતિક્ષા, જ્ઞાન, વૈરાગ્ય, સુંદર કાંતિ, સમજણ, સુખ દુઃખાદિકમાં સમતા, શમ, દમ, બળ, શીલ

सकलमुनिगणैस्तथा कवीन्द्रैः श्रुतिशिरसां प्रकरैश्च गीयमानम् ।
विधिसुरवरसर्पराजमुख्यैरपि ननु तैरनवाप्तपारमाद्यम् ॥४४॥
इति परमतरश्रियो निधानं प्रकृतिपराक्षरधाम्नि राजमानम् ।
प्रचुरसुखगुणादियुक्तमूर्तिं हरिमवलोक्य शमं व्रजद्धृशं सा ॥४५॥
श्रीचैतन्यानन्द उवाच -
हरिरथ सदयस्तां श्रीहरेर्मूर्त्तिवीक्षा
सुखजलनिधिमग्नां तत्समासक्तचित्ताम् ।
परसुखदसमाधेस्तूर्णमुत्थाप्य दृष्ट्या प्रभुरतिमुदितस्तामित्थमेव न्यपृच्छत्।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिनिगदितानन्यनिजैश्वर्यादिनिरू पणं नाम सप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥

અને કુશળતા આદિ અસંખ્ય અને સ્થિર કલ્યાણકારી શુભ ગુણો રહ્યા હતા. ॥૪૩॥

જે સ્વયં સહુના આદિ છે, સમગ્ર ઋષિ મુનિઓ, મોટા કવિરાજો, વેદાન્તની શ્રુતિઓ, બ્રહ્મા, ઈન્દ્રાદિ દેવો અને શેષનારાયણ આદિ શ્રીહરિના ગુણ ઐશ્વર્ય અને યશ આદિનું ગાન કરે છે છતાં તેનો પાર પામતા નથી. ॥૪૪॥

ઉપર કહ્યા પ્રમાણે સર્વોત્તમ શોભાના નિધાન (ખજાનો), માયાથી પર અક્ષરધામમાં વિરાજમાન અને અપાર સુખ તથા સદ્‌ગુણાદિથી યુક્ત છે સ્વરૂપ જેનું, આવા પરમાત્મા શ્રીહરિના દર્શન સમાધિમાં જીવુબા (મોટી બા) ને થયા અને તેથી તેમના હૃદયમાં અપાર આનંદ થયો. ॥૪૫॥

શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, પ્રભુ શ્રીહરિ અતિશય દયાળુ છે, તેમણે પોતાના (શ્રીહરિના) સ્વરૂપના દર્શનના સુખ સાગરમાં ડૂબેલા અને તે સ્વરૂપમાં જ તન્મય મનવાળા જીવુબાને પરમ સુખદ સમાધિમાંથી તેમના તરફ દૃષ્ટિ કરીને સત્વરે જગાડ્યા. પછી અત્યંત રાજી થઈને જીવુબાને આગળ કહેવાશે તે રીતે પૂછ્યું. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૭ સમાપ્ત

अथाष्टचत्वारिंशोऽध्यायः

जयया वर्णितं चाष्टचत्वारिंशे शुभं परम् ।
अक्षरं धाम सर्वेषां सदसि शृण्वतां सताम्॥

श्रीचैतन्यानंद उवाच-

किन्नु त्वयेक्षितमुदारमते! समाधौ सोक्तेति तेन हरिणाश्रितशान्तिकर्त्रा।
तत्पादपद्ममधुपीभवदन्तरङ्गा तं प्राञ्जलिर्वचनमित्थमवोचदग्र्यम् ॥१॥
तत्रेक्षितं रुचिरमक्षरमत्युदारं श्रीधामधाम हि मयाऽद्भुतमद्वितीयम् ।
यत्कोटिकोटिरविचन्द्रहुताशतेजः प्राज्यातिशान्तहिमदिव्यमहोनिधानम्
सच्चित्सुखादिशुभलक्ष्मललामलीलं तेजोमयस्ववयवाक्षरमुक्तवासम्।
दिव्यं समं शिवमलङ्करणं सुधाम्नामैश्वर्यशान्तिविभवादियुतं विशुद्धम्।
मन्दोरु सौरभसुशीतलवातजुष्टं दिव्यस्फुरन्मणिहिरण्मयकोष्ठदुर्गम् ।

અધ્યાય - ૪૮

જીવુબાએ અક્ષરધામનું વર્ણન કર્યું.

શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ભક્તજનોને શાંતિ આપતા તે શ્રીહરિએ જીવુબાને પૂછ્યું, હે ઉદારમતે ! તમે સમાધિમાં શું દેખ્યું ? ત્યારે શ્રીહરિના ચરણરૂપી કમળ ઉપર ભમરાની જેમ તન્મય મનવાળા જીવુબાએ હાથ જોડ્યા. અને આગળ કહેવાશે તેવું ઉત્તમ વચન કહ્યું. ॥૧॥

હે પ્રભો ! મેં સમાધિમાં સુંદર વિશાળ અક્ષરધામ જોયું છે, જે મનોહર તેજના પરમ આશ્રયરૂપ છે, અદ્‌ભુત છે અને અદ્વિતીય છે, તે કરોડો કરોડ સૂર્ય, ચંદ્ર અને અગ્નિના સમાન તેજસ્વી છે અને અત્યંત શાંત તથા શીતળ તેજના શુભ આશ્રય રૂપ છે. ॥૨॥

અક્ષરધામ સત્ ચિત્ અને આનંદ આદિ શુભ લક્ષણની ભવ્ય લીલાયુક્ત છે. તેજોમય સુભગ અક્ષરમુક્તોનું વાસસ્થળ છે, તે દિવ્ય છે, સદા સર્વદા એક સમાન છે, મંગળરૂપ છે, સર્વ ધામોના અલંકાર જેવું છે, તથા ઐશ્વર્ય, શાંતિ અને વૈભવ આદિથી હર્યું ભર્યું વિશુદ્ધ છે. ॥૩॥

અક્ષરધામ મંદ, અતિસુગંધી અને શીતળ વાયુથી સેવાયેલું છે, દિવ્ય, ચળકતા મણિઓથી જડિત સોનાના કોઠા અને કિલ્લાવાળું છે. તેને સુંદર અતિ તેજસ્વી અપાર, કરોડો કરોડ સ્ફટિક મણિ જડેલા સુંદર સોનાના દરવાજા રહેલા છે.

सौवर्णभासुरतरामितकोटिकोटिदिव्यामलोपलसुकाञ्चनगोपुरं सत् ॥
नानाविधोत्तममणिप्रविभासमानैर्हैमैरनन्तभवनैरभिरामशोभम् ।
दिव्यामृताम्बुतटिनीसरसीसमेतं शुद्धोरु बोधनिलयं सततैकरू पम् ॥५॥
तत्राऽस्ति चारु हरिमुक्तसभानिकेतं
दिव्यं च काञ्चनमयं मणिकान्तिकान्तम्
तस्योपरि प्रवरमस्ति शुभं वितानं मुक्तासरैर्विलसितं प्रविलम्बमानैः ॥६॥
यस्मात्स्त्रवन्ति विसरत्प्रचुरप्रकाशात्सामोदचन्दनयुजोम्बुकणाः सुदिव्याः
सन्मण्डपो भवति सभ्यगृहस्य मध्ये हैमः स्फुरन्मणिमरीचिविरोचमानः।
स्वर्णैः सुरत्नमणिकान्तिविराजमानैः स्तम्भैर्युतःशतसमेतवसुप्रमाणैः।
सद्गोपुरैर्मणिमयैर्वरतापनीयैर्विभ्राजितः सुमणिकाञ्चनतोरणश्रीः ॥८॥
तन्मध्यतो विविधसन्मणिशोभमानं सिंहासनं वरसुवर्णमयं सुदिव्यम्।
माणिक्यरत्नमणिकान्तिमयैश्च हैमैः

સદા એક સરખું રહે છે. ॥૪॥

અનેક પ્રકારના ઉત્તમ મણિઓને લીધે ચળકતા, અનેક સોનાના ભવનોથી અક્ષરધામની શોભા ઘણી જ આકર્ષક છે. તે દિવ્ય અમૃતમય જળથી ભરેલી નદી અને સરોવરથી યુક્ત છે, તે નિર્દોષ અને વિશાળ જ્ઞાનના આશ્રય રૂપ છે તથા નિરંતર એક સરખું રહે છે. ॥૫॥

અક્ષરધામમાં શ્રીહરિ તથા મુક્તોને માટે સુંદર અને દિવ્ય સભાગૃહ છે. તે એકદમ સોનાનું છે, રત્નોની કાંતિથી સુંદર જણાય છે, તેના ઉપર મોતીથી ગૂંથેલી અને લટકતી દામણીઓથી બાંધેલો સર્વોત્તમ વિશાળ ચંદરવો છે. ॥૬॥

ફેલાતા પુષ્કળ પ્રકાશવાળા તે ચંદરવામાંથી સુગંધી ચંદન ભેળવેલા દિવ્ય જળબિંદુઓ ટપક્યા કરે છે. તે સભાગૃહની વચ્ચે એક સોનાનો મંડપ છે, તે ઝળહળતા રત્નોના કિરણોથી વિશેષ શોભે છે. ॥૭॥

તે મંડપને રત્ન અને મણિઓના ચળકાટથી શોભતા સોનાના એક સોને આઠ સ્તંભ છે. પુષ્કળ મણિજડિત શુદ્ધ સોનાના દરવાજાઓથી દીપે છે. તે મંડપ સુંદર મણિજડિત સોનાના તોરણોથી શોભતો છે. ॥૮॥

તે મંડપની વચ્ચે જાતજાતના હીરામાણેકથી શોભતું શુદ્ધ સોનાનું દિવ્ય

स्तम्भैश्च षोडशभिरन्वितमस्ति राजन्! ॥९॥
स्तम्भेषु तेषु वररत्नमया मयूरा दिव्या वसुद्वयमिता विलसन्त्यदभ्रम् ।
यत्स्वर्णरत्नशिखरेषु महाप्रभाभिर्युक्ताः सुवर्णकलशाः परिभान्ति दिव्याः
स्तम्भेषु षोडशसु दिव्यविभासरू पाः सौवर्णरत्नमयवेत्रयुतप्रवेष्टाः ।
सत्पार्षदा हरिपदाम्बुजसक्तचिता याता स्थितिं सततमेव भवन्ति रम्याः।
मध्येऽस्ति तस्य तरणिप्रतिमप्रकाशं छत्रं सुदिव्यमणिरत्नरु चा परीतम्।
सिंहासनं मृदुलसद्वरतूलिकाद्यैर्युक्तं तदस्ति भगवन्नितरां मनोज्ञम् ॥१२॥
निषण्णं तस्मिंस्त्वां सजलजलदश्यामलरु चं
महातेजःपुञ्जस्फुरणकिरणं सद्गुणगणम् ।
दयोदाराम्भोधिं रु चिरतरशान्ताकृतिमहं
मुदाऽपश्यं दिव्यं बहुलतरवात्सल्यनिलयम् ॥१३॥

સિંહાસન છે. હે રાજન્ તે સિંહાસનને માણેક, રત્ન અને મણિની ચમકથી ઝબૂકતા સોનાના સોળ થાંભલા છે. ।।૯।।

તે સ્તંભોના ઉપર દિવ્ય કીમતી રત્નોના સોળ મોર પુષ્કળ શોભી રહ્યા છે. જે મંડપના રત્નજડિત સોનાના શિખરો ઉપર અત્યંત તેજસ્વી, દિવ્ય, સુવર્ણ કળશ ચળકી રહ્યા છે. ।।૧૦।।

મંડપના સોળે થાંભલે દિવ્ય તેજોમય સ્વરૂપવાળા, રત્નજડિત સોનાની છડી હાથમાં લઈને શ્રીહરિના ચરણોમાં પ્રેમાસક્ત ચિત્તવાળા મહાન્ પાર્ષદો સતત ઊભા છે. તે અત્યંત રમણીય લાગે છે. ।।૧૧।।

હે ભગવન્ ! તે મંડપની વચ્ચે સૂર્યના જેવું પ્રકાશમાન, દિવ્ય રત્નો અને મણિઓની કાંતિથી વ્યાપ્ત છત્ર છે, સુંવાળા ગાદી અને તકિયાથી યુક્ત ઘણું જ મનોજ્ઞ સિંહાસન પણ વિરાજે છે. ।।૧૨।।

તે સિંહાસનમાં વિરાજમાન આપના દિવ્ય સ્વરૂપના મેં દર્શન કર્યા છે. તે સ્વરૂપ જળથી ભર્યા મેઘના જેવું શ્યામ કાંતિમાન્ છે. મહાન્ તેજઃપુજમાંથી કિરણો ચમકી રહ્યા છે. અનેક સદ્‌ગુણોના સમૂહ તેમાં રહ્યા છે. તે દયાનો વિશાળ સાગર છે, તેમની આકૃતિ અત્યધિક સુંદર અને શાંત છે. ખૂબ ખૂબ વાત્સલ્ય ભાવનાનું તે આશ્રય સ્થાન છે. ।।૧૩।।

असंख्यानङ्गानां सक लजयजातस्मयभरं
श्रिया स्वैकाङ्गस्य क्षयमुपनयन्तं ह्यतुलया ।
वरस्मेरोद्भासा विशदपरिपूर्णं हिमकरं
नयन्तं लज्जां सन्नलिनदलसंलज्जनदृशम् ॥१४॥
महानन्दप्रेक्षैरगणितमनोजोत्सवकरै
र्मुदा ध्यातैर्मुक्तैः कुसुमसुकुमारैरवयवैः।
तुलाऽपेतैर्दिव्यैरलघुतरतेजोविलसितैः
समैर्भद्रैर्ध्येयैर्युतमखिलतापोपशमनैः॥१५॥
वचःसत्पीयूषैर्मधुरतरहास्यामृतरसै
र्महानन्दं दिव्याक्षरपरममुक्तान् हि सततम् ।
नयन्तं कारु ण्यामृतनिभृतया चोत्तमदृशा
निजप्रेक्षासक्तान् स्वचरणजुषो भास्वरतरान् ॥१६॥
कलङ्कित्वाच्चन्द्रो यदतिवरवक्त्रस्य समतां

અસંખ્ય કામદેવોના વિશ્વવિજયને લીધે થયેલા ગર્વને પોતાના એક અંગની અપાર શોભાથી નષ્ટ કરી રહ્યા છે. સર્વોત્તમ મધુર હાસ્યની કાંતિથી ઉજ્જ્વળ પૂર્ણ ચંદ્રને પણ ઝાંખા પાડી દેતા અને સુંદર કમળની પાંખડીને પણ ઝાંખી પાડે એવી મનોજ્ઞ આંખો વાળા છે. ।।૧૪।।

શ્રીહરિના અવયવોના દર્શન અત્યંત આનંદકારી છે. તેમના એકેક અંગ અસંખ્ય કામદેવની જેમ આનંદોત્સવપ્રદ છે, મુક્તો પણ તે અવયવોનું પ્રેમથી ધ્યાન કરે છે. તે અવયવો ફૂલ કરતા પણ સુકોમળ છે, અનુપમ છે, દિવ્ય છે અને મહાન્ તેજને મધ્યે શોભી રહ્યા છે. જે ઘાટિલા છે, મંગળમય છે, ધ્યાન કર્યા જેવા છે અને સર્વ પ્રકારના તાપને શમાવનારા છે. ।।૧૫।।

દિવ્ય અક્ષરધામના સર્વોત્તમ મુક્તો શ્રીહરિના દર્શન કરવામાં તલ્લીન છે, શ્રીચરણોની સેવામાં પ્રેમવાળા છે અને તેજથી અત્યંત ઊજળા છે. તે મુક્તોને શ્રીહરિ વચનરૂપી શુભ અમૃતથી, અત્યંત મધુર હાસ્યામૃત રસથી અને કરુણા ભરી સર્વોત્તમ દૃષ્ટિથી સતત મહાન્ આનંદ પમાડી રહ્યા છે. ।।૧૬।।

હે સ્વામિન્ ! ચંદ્રમા કલંકવાળો છે તેથી અક્ષરધામના આપના ભવ્ય મુખની

नहि प्राप्तुं योग्यः स्मरणमदनध्वंसनकृतः ।
न यद्रूपाम्भोधेरतिवरतरङ्गप्रतिनिभं
हरेः किञ्चित्स्वामिन्! भवति खलु सद्वस्तु कुहचित् ॥१७॥
शरत्ताराधीशप्ररुचिनखदिव्याङ्घ्रियुगलं
कृपापूर्णप्रेक्षाश्रितसकलभक्तातिसुखदम् ।
मुनीद्राणामीशं सदयहृदयं मुक्तनिरतं
सदाऽमन्दानन्दं भवदवमहादाहशमनम् ॥१८॥
वराणां भद्राणां शुभगुणमणीनां पुरुरुचाम्,
अलङ्कारैर्युक्तं दधतमतुलं कौस्तुभमणिम् ।
महाशोभग्रीवं जननयनचित्तोत्सवतनुं
विशाले भाले स्वे ललिततिलकं चैव दधतम् ॥१९॥
सुकल्याणीं वाणीं गुणगणवरेण्यां गुणनिधे!
महच्चेत्तोहर्त्रीं कलिकलुषविक्षालनकरीम् ।

ઉપમા બની ન શકે. સ્મરણમાત્રથી કામનો વિનાશ કરનારા એવા આપના સૌન્દર્ય સાગરના શ્રેષ્ઠ એક તરંગ જેટલી સુંદર વસ્તુ આ સંસારમાં કોઈ પણ અને ક્યાંય પણ નથી. ॥૧૭॥

અક્ષરધામમાં રહેલ સ્વરૂપના બન્ને દિવ્ય ચરણના નખ શરદઋતુના પૂર્ણ ચંદ્ર કરતા પણ વિશેષ ચમકીલા છે, કૃપાથી છલકાતી નજરથી આશ્રિત સમગ્ર ભક્તોને સુખ આપે છે. તેઓ મુનિવરોના સ્વામી છે, તેમનું હૃદય દયાપૂર્ણ છે, મુક્તોના ઉપર પૂર્ણ પ્રસન્ન છે. નિરંતર મહાન્ આનંદથી પરિપૂર્ણ છે અને સંસાર રૂપી દાવનળના તાપને શમાવે છે. ॥૧૮॥

શ્રીહરિ સર્વોત્તમ મંગળમય અને ઘણા તેજસ્વી શુભ ગુણવાળા મણિઓના અલંકારોને ધારી રહ્યા છે, અનુપમ કૌસ્તુભ મણિ તેમણે પહેર્યો છે. કંઠની શોભા મહાન્ છે. સ્વરૂપના દર્શન કરનારા લોકોની આંખોને અને ચિત્તને ઉત્સાહિત કરી રહ્યા છે અને વિશાળ લલાટમાં રમણીય તિલક ધારી રહ્યા છે. ॥૧૯॥

હે ગુણનિધે ! અક્ષરધામાધિપતિ આપ કલ્યાણકારી વાણી બોલો છો. તે વાણી અસંખ્ય ગુણોને લીધે સર્વોત્તમ છે. મહાપુરુષોના ચિત્તને પણ આકર્ષિત કરે

वदन्तं सुस्तुत्यां मुनिवरगणैरद्भुतवहां
सुधाब्धेर्माधुर्यं भृशमवजयन्तीमतिवराम् ॥२०॥
हरे ! मुक्तैर्दिव्याक्षरसमभिधानैरतिवरैः
प्रसूनैर्गन्धाद्यैः पुरुभिरुपचारैरतिशुभैः।
मुदा चित्रैर्दिव्यैरपचिततनुं मङ्गलपदं
सदा तेषां सेव्यं पुरुतरमुदा सद्गुणवताम् ॥२१॥
लसत्कट्यां वासो दधतमतिपीतं वरतरं,
महामूल्यं दिव्यं विविधमणितेजोविलसितम् ।
सुदिव्यं सौवर्णं शिरसि मुकुटं चातिरुचिरं
मनोज्ञं बिभ्राणं वसुगुणमयं कञ्चुकवरम् ॥२२॥
सुदिव्यं प्रावारं वरपुरटसूत्रं द्युतिमयं
दधानं सुश्रोण्यां कनकमणिकाञ्चीं च ललिताम् ।
सुमञ्जीरौ हैमौ पदकमलयोः सन्मणिरुचौ

છે, કળિયુગના દોષોને ધોઈ નાખે છે. મોટા મોટા મુનિવરો પણ આપની વાણીની સ્તુતિ કરે છે. તે અત્યંત શ્રેષ્ઠ છે, આશ્ચર્યકારી છે. અમૃતના સાગરની મધુરતાને પણ તે પરાજિત કરે છે અને અત્યંત શ્રેષ્ઠ છે. ॥૨૦॥

હે હરે ! દિવ્ય અક્ષર મુક્તો અતિ ઊંચી જાતના ફૂલ અને ચંદન આદિ અતિ શુભ દિવ્ય, અનેક પ્રકારના ઉપચારોથી પ્રેમ સહિત અક્ષર ધામમાં રહેલા તે સ્વરૂપની પૂજા કરે છે. તે સ્વરૂપ મંગળતાને આપે છે અને સદ્‌ગુણી મુક્તો અતિશય સ્નેહભાવથી સદા સેવે છે. ॥૨૧॥

તે સ્વરૂપની સુંદર કમર ઉપર ઘણી કીમતી, દિવ્ય, સર્વોત્તમ રેશમી પીતાંબર ધોતી પહેરી છે, અનેક જાતના રત્નોના તેજથી ચમકતો દિવ્ય સોનાનો મુકુટ મસ્તક ઉપર ધારણ કર્યો છે અને અતિશય રમણીય, ચિત્તાકર્ષક સોનેરી તારવાળો જામો પહેર્યો છે. ॥૨૨॥

સોનાના તારવાળો, તેજસ્વી, દિવ્ય ખેસ ખભા ઉપર વિરાજે છે, સુંદર કમર પર સુશોભિત, મણિજડિત સોનાનો કંદોરો બાંધ્યો છે. ચરણકમળમાં રત્નોથી ચમકતા સોનાના ઝાંઝર શોભે છે. તથા મણિઓના કિરણોથી ઝળહળતા સોનાના

सुदिव्यं काञ्चन्यं मणिकिरणमद्धंसकयुगम् ॥२३॥
स्थितं वै कैशोरे वयसि रुचिरे मङ्गलतरे
दधानं दोर्युग्मे कनकवलयौ मञ्जुलतरे ।
सुदिव्यौ केयूरौ कनकमयसद्रत्नकिरणौ
बहून् सारान् हारान् कनकमणिविभ्राजिततरान् ॥२४॥
सुदिव्यं सौवर्णं प्रवरमकराकाररुचिरं
मणिज्योतिर्युक्तं श्रवणयुगले कुण्डलयुगम् ।
स्फुरन्मुक्तामालां प्रवरतरतारानुकरणां
गले सम्बिभ्राणं दरवरतरे शर्मनिलये ॥२५॥
सुदिव्यानां मालां पुरुपरिमलानां जलरुहां
महासौरभ्याणां दधतमुरुहारान् सुमनसाम् ।
श्रवोयुग्मे गुच्छौ सुरभिकुसुमानां च रुचिरौ
तथा दिव्ये पाणौ कुसुमविलसद्गेन्दुकधरम् ॥२६॥
मणिश्रेणिस्वर्णाऽऽभरणधरणं पुण्यशरणं

દિવ્ય, બે હંસક (વીંછીયા) પહેર્યા છે. ॥૨૩॥

તેમના અતિશય સુંદર મંગળમય બન્ને હાથમાં સોનાના બે વળિયા પહેર્યા છે, જડેલા રત્નોના કિરણોથી ચમકતા દિવ્ય બે બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા છે, સોનામાં જડેલા મણિઓથી અતિશય ઝબૂકતા સર્વોત્તમ અનેક હાર ઘણું જ વિરાજી રહ્યા છે. સ્વયં ભવ્ય કિશોર વયમાં રહેલા છે. ॥૨૪॥

મકરાકૃતિની સુંદર કલાથી ભવ્ય જણાતા, મણિઓથી ઝળહળતા, દિવ્ય સોનાના કુંડળ બન્ને કાનમાં ઓપી રહ્યા છે. સુખના પરમ આશ્રયરૂપ શંખના જેવા સર્વોત્તમ કંઠમાં ચમકતા તારાઓનું અનુકરણ કરતી ચળકતા મોતીઓની માળા પહેરી છે. ॥૨૫॥

પુષ્કળ પરાગથી ભરેલા દિવ્ય કમળોનો હાર તથા અત્યંત મહકતા ફૂલોના ઘણા મોટા હારને ધારણ કરી રહ્યા છે. સુગંધી ફૂલના રમણીય બે ગુચ્છ કાન ઉપર છે અને દિવ્ય હાથમાં ફૂલનો સુંદર દડો ફેરવી રહ્યા છે. ॥૨૬॥

જે શ્રીહરિ આશ્રિતો ઉપર પ્રેમભાવ રાખે છે, તેમનું શરણ-આશ્રય પુણ્ય

श्रियं तेषु स्वीयप्रवरभविकाङ्गैरतिवराम् ।
नयन्तं तत्तानि प्रददति हि शान्तिं स्मरणतो
भवन्त्येवाभूषाऽऽभरणरुचिराण्याश्रितरतम् ॥२७॥
असंख्यब्रह्माण्डप्रभवपरिरक्षालयविधौ
पटीयासं दिव्य प्रचुरसुखभूत्यादिनिलयम् ।
विचित्राविर्भावप्रकरपरहेतुं सुखनिधिं
नियन्तारं सारं किल वरतरं चाक्षरपरम् ॥२८॥
स्वतन्त्रं सर्वज्ञं जननिकरनिर्वाणकरणं
महामायातीतं प्रकृतिगुणहीनं ह्यविकृतिम् ।
रमाराधाद्याभिः श्रितपदकजं शक्तिभिरलं
सतां प्रेष्ठं श्रेष्ठं परमसुखसन्दोहवपुषम् ॥२९॥
अजाद्यैरीशानैः कविवरगणैर्भक्तनिकरै
र्गणैर्मुक्तैर्दिव्यैर्निगमशिरसां गीतयशसम् ।

(ધર્મ) મય છે, મણિઓની પંક્તિથી જડેલા સોનાના (ઉપર કહ્યા મુજબ) આભૂષણોને ધારી રહ્યા છે. પોતાના સર્વોત્તમ ભવ્ય અંગો (અવયવો) થી તે આભૂષણોને પણ શ્રેષ્ઠ રીતે શોભાવે છે, તે બધાને સંભારવાથી પણ ભક્તોને શાંતિ મળે છે. શ્રીહરિના આટલા મનોહર વસ્ત્રો અને આભૂષણો વગેરે છે. ॥૨૭॥

જે આપ શ્રીહરિ અસંખ્ય બ્રહ્માડોની ઉત્પત્તિ, સુરક્ષા અને પ્રલય કરવામાં નિષ્ણાત છો, અપાર દિવ્ય આનંદ અને ઐશ્વર્ય આદિના આશ્રય છો, અનેક પ્રકારના અવતારોનું પરમ કારણ છો, આનંદના નિધિ છો, સર્વના નિયંતા છો, સારરૂપ છો, સર્વોત્તમ છો અને અક્ષરથકી પણ પર છો. ॥૨૮॥

આપ સ્વતંત્ર છો, સર્વજ્ઞ છો અને અનેક જીવોનું કલ્યાણ કરનારા છો, મહામાયાથી પર છો, માયિક ગુણોથી રહિત છો અને અવિકારી છો, લક્ષ્મીજી અને રાધિકાજી આદિ શક્તિઓ આપના ચરણકમળને આશરે છે. આપ સંતોને પ્રિય છો, સર્વ શ્રેષ્ઠ છો, આપનું સ્વરૂપ પરમ આનંદના સમુદાય રૂપ છે. ॥૨૯॥

બ્રહ્મા આદિ ઈશ્વરો, અનેક કવિવરો, દિવ્ય મુક્ત ગણો, અને વેદાંતની શ્રુતિઓ જેમના યશને ગાય છે, બધા પંખીઓ જેમ આકાશનું માપ કાઢી શકતા નથી

यदीयानां शोभागुणसुखमुखानां तनुधियो
न ते यान्त्येवान्तं वियत इव सर्वद्विजगणाः ॥३०॥
एवंविधं व्यपश्यं त्वां धाम्नि तत्राऽहमद्भुतम् ।
सभां चाक्षरमुक्तानां विश्वक् सिंहासनं हि ते ॥३१॥
महातेजःपरीतानां सच्चिदानन्दलक्ष्मणाम् ।
श्रीहर्यासक्तचित्तानामसंख्यानां महात्मनाम् ॥३२॥
भक्तिसार्द्धं रमामुख्यास्तत्र तेजोविराजिताः ।
व्यलोकयं प्रभो! दिव्या योषितस्त्वद्रतेक्षणाः ॥३३॥
एतास्तेजोमयीर्दिव्या मदाद्या भामिनीस्तथा ।
तत्रापश्यं स्थितां दिव्यां प्राञ्जलिं ललितां प्रभो! ॥३४॥
मुकुन्दानन्दवर्णीन्द्रं तत्र तेजोमयं तथा ।
महातेजोऽतिदिव्याङ्गं मुक्तानन्दं व्यलोकयम् ॥३५॥
व्यपश्यं तत्र परमहंसान् संन्यासिनस्तथा ।

તેમ દેહધારી જીવો જે અક્ષરાધિપતિની શોભા, કલ્યાણ કારી ગુણો અને સુખનું માપ કાઢી શકતા નથી. ॥૩૦॥

તે અક્ષરધામમાં મેં આપના આવા અદ્‌ભુત દર્શન કર્યા છે. મહાન્ તેજથી વ્યાપ્ત, સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ, શ્રીહરિ-આપના સ્વરૂપમાં મનને જોડી રાખનારા મહાત્મા અક્ષરમુક્તોની સભા આપના સિંહાસનની ચારે બાજુ મેં જોઈ છે. ॥૩૧-૩૨॥

હે પ્રભો ! અક્ષરધામમાં દિવ્ય તેજમાં વિરાજતા અને આપના સ્વરૂપમાં પ્રેમપૂર્ણ નેત્રની વૃત્તિ રાખનારા ભક્તિમાતાએ સહિત લક્ષ્મીજી વગેરે દિવ્ય દેવીઓના દર્શન પણ મેં કર્યા છે. ॥૩૩॥

હે પ્રભો ! અહીં રહેલા આ બધા ભક્ત મહિલાઓને તથા ખુદ મને ત્યાં અક્ષરધામમાં તેજઃપૂર્ણ દિવ્યરૂપે દેખી છે. દિવ્ય સ્વરૂપે બે હાથ જોડીને ત્યાં રહેલા લાડુબાને પણ દેખ્યા છે. ॥૩૪॥

ત્યાં વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામીને તેજોમય દેખ્યા છે. મહાતેજોમ દિવ્ય સ્વરૂપે શ્રીમુક્તાનંદ સ્વામીને પણ મેં જોયા છે. ॥૩૫॥

वर्णिनश्च महातेजोव्याप्तदिव्यकलेवरान् ॥३६॥
महाज्योतिर्मयाकारान् दिव्याश्चर्यमयाद्भुतान् ।
पद्गान् भक्तांस्तथा सर्वान् दिव्यांस्तेजश्चयान्वितान् ॥३७॥
मूर्तिं तत्राक्षरस्याहं तेजःपुञ्जातिराजिताम् ।
प्राञ्जलिं श्रीहरेरग्रे स्थितां दिव्यां व्यलोकयम् ॥३८॥
तत्रैतं चोत्तमं भूपं सोदरं मे दयानिधे! ।
तदग्रस्थमहं प्रैक्षे प्राञ्जलिं भूरितेजसम् ॥३९॥
दृष्टास्तत्रावतारास्ते स्थिता ह्यग्रे मया हरे! ।
लीनास्तेऽथ त्वयि स्वामिन्! प्रेक्षिता हि क्षणान्तरे ॥४०॥
तस्मात्सर्वावताराणां कारणंत्वं परात्परः ।
नियन्ता कालमायादेर्विज्ञातोऽसि प्रभो! मया ॥४१॥
अद्य मे प्रतिभात्येवं विद्यते चैतदक्षरम् ।

ત્યાં મહાન્ તેજથી ભરપૂર દિવ્ય સ્વરૂપમાં પરમહંસોને, સંન્યાસીઓને અને બ્રહ્મચારીઓને દેખ્યા છે. ॥૩૬॥

અતિ તેજોમય જેમનો આકાર છે, દિવ્ય આશ્ચર્યથી ભરપૂર અને અદ્‌ભુત આવા સર્વ પાર્ષદોને દેખ્યા તથા દિવ્ય તેજના પુંજથી વ્યાપ્ત સર્વ હરિભક્તોને પણ જોયા છે. ॥૩૭॥

ત્યાં તેજના પુંજમાં વિરાજતા મૂર્તિમાન દિવ્ય અક્ષરને પણ શ્રીહરિની આગળ હાથ જોડીને ઊભા હોય તેમ મેં જોયા છે. ॥૩૮॥

હે દયાનિધે ! અક્ષરધામમાં તે અક્ષરની આગળના ભાગમાં, અતિ તેજસ્વી સ્વરૂપમાં આ મારા ભાઈ શ્રીદાદા ખાચરને પણ હાથ જોડીને ઊભા હોય તેમ મેં દેખ્યા છે. ॥૩૯॥

હે હરે ! હે સ્વામિન્ ! ત્યાં મેં આપની આગળ ઊભેલા બધા અવતારોને દેખ્યા. પછી એક ક્ષણ વારમાં જ તે બધાને આપના સ્વરૂપમાં લીન થઈ જતા દેખ્યા છે. ॥૪૦॥

તેથી જ આપ સર્વ અવતારોનું કારણ અને પરથકી પણ પર છો. હે પ્રભો ! આપ કાળ અને માયા આદિના પણ નિયંતા છો, તેમ મને સમજાયું છે. ॥૪૧॥

આજે મને એમ જણાય છે કે આ ગઢપુર દિવ્ય તેજોમય અક્ષર ધામ છે

धाम ज्योतिर्मयं दिव्यं स्थिता तत्राऽहमुत्सुका ॥४२॥

श्रीचैतन्यानन्द उवाच -

वार्तामित्थं जया प्रोक्तां श्रुत्वा सभ्याः हि तेऽखिलाः ।
तं लेभिरेऽवताराणां हेतुं ज्ञात्वोरु विस्मयम् ॥४३॥
सुबुद्धिमांस्तदा राजा मुक्तान् दिव्यान् सहस्त्रशः ।
श्रीहरिप्रत्तयाऽपश्यद्दिव्यदृष्ट्या महौजसः ॥४४॥
इत्थं प्राहाथ तं राजा ब्रह्माण्डं तेऽनुकम्पया ।
वीक्षे तत्र तथाऽनन्तान् मुक्तांस्तेजोमयान् प्रभो! ॥४५॥
तत्पादयोस्ततो राजा पतित्वा दण्डवन्मुदा ।
धाम तेऽद्याक्षरं दिव्यं मां नयेत्यब्रवीद्धरिम् ॥४६॥
स इत्यथाह तं भूपं मां प्राप्तः कारणं परम् ।
सर्वेषामवताराणां त्वं धामन्यक्षरे स्थितः ॥४७॥
स इत्याश्रुत्य तद्वाचं सभ्याः सर्वे नृपादयः ।

અને તેમ હું ઉત્સુકતાથી જોઇ રહી છું. ॥૪૨॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, જીવુબાએ કહેલી વાતને આ રીતે સાંભળીને સભામાં બેઠેલા સહુ શ્રીહરિને સર્વ અવતારોનું કારણ જાણીને અતિશય વિસ્મય પામ્યા. ॥૪૩॥

તે સમયે શ્રીહરિએ દરબાર શ્રી એભલ ખાચરને દિવ્ય દૃષ્ટિ આપી. તેથી સુબુદ્ધિવાળા તેમણે મહાન્ પ્રતાપી હજારો દિવ્ય મુક્તોને જોયા. ॥૪૪॥

પછી તેમણે શ્રીહરિને કહ્યું, ''હે પ્રભો ! આપની કૃપાથી હું આખા બ્રહ્માંડને દેખું છું. તથા તેમાં તેજોમય અનંત મુક્તોને પણ જોઈ રહ્યો છું.'' ॥૪૫॥

આમ કહીને પછી દરબાર શ્રીએભલખાચરે પ્રેમથી શ્રીહરિના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને ''આપના આ દિવ્ય અક્ષરધામમાં મને તેડી જાઓ'' એમ કહ્યું. ॥૪૬॥

પછી શ્રીહરિએ તેમને કહ્યું, ''સર્વ અવતારોનું પરમ કારણ હું છું. તે તમે મારે શરણે આવ્યા છો તેથી તમે મારા અક્ષરધામમાં જ રહ્યા છો.'' ॥૪૭॥

શ્રીહરિનું આવું કહેવું સાંભળીને શ્રી એભલ ખાચર અને બીજા સહુ શ્રીહરિના

लेभिरे वन्दमानास्तं महानन्दं हरिप्रियाः ॥४८॥
स श्रीमानवतारकारणमिति श्रेष्ठे हि सौधेऽक्षरे
स्वैश्वर्यं निजसंश्रितक्षितिभृदादिभ्योऽतिभद्रं हरिः ।
दिव्यं स्वामतारितामतिवरां विज्ञापयन् पावनं
भक्तैर्गेयमदर्शयद्वरतरं मुक्तिप्रदं भूपते! ॥४९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये जयादेवीकृताक्षरब्रह्मधामादिवर्णनं नामाष्टचत्वारिंशोऽध्यायः ॥४८॥

अथोनपञ्चाशत्तमोऽध्यायः

अचीखनत् स तत्रोनपञ्चाशे प्रहिमुत्तमम् ।
पद्गैर्गङ्गाजलीयं साऽपश्यद् गङ्गां जयावरा ॥

श्रीचैतन्यानन्द उवाच -

नरपतिवर! सौधादक्षराख्यान्मनोज्ञाच्छरकरमितदूरे भूमिभागे स धार्मिः।

વહાલા ભક્તોએ શ્રીહરિને વંદન કર્યા અને મહાન આનંદને પામ્યા. ॥૪૮॥

હે ભૂપતે ! આ રીતે તે સર્વશ્રેષ્ઠ અક્ષરભવન (અક્ષર ઓરડી) માં પોતાના આશ્રિત શ્રીએભલખાચર આદિ ભક્તોને સર્વ અવતારોના કારણ શ્રીહરિએ અત્યંત મંગળમય, દિવ્ય, પાવનકારી, ભક્તોએ ગાવા જેવું, સર્વશ્રેષ્ઠ અને મોક્ષ આપનારું આવું પોતાનું ઐશ્વર્ય બતાવ્યું અને અત્યંત શ્રેષ્ઠ પોતાનું અવતારી પણું પણ સમજાવ્યું. ॥૪૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૮ સમાપ્ત

અધ્યાય - ૪૯

પાર્ષદો પાસે ગંગાજળિયો ખોદાવ્યો અને ગંગાદર્શન કરાવ્યા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજશ્રેષ્ઠ ! જે સ્વતંત્ર છે, ભક્તોને સુખ આપનારા છે અને બધા જ મોટા મુનિવરો જેમનું યશોગાન કરે છે, આવા ધર્મપુત્ર

श्रितजनसुखदाताऽचीखनत्कूपमीशो हरिरखिलमुनीन्द्रैर्गीतकीर्तिः स्वतन्त्रः॥१॥

श्रीशुकानन्द उवाच -

अमृतसदृशमित्थं तस्य सद्वन्दितस्य स नृपतिरतिरम्यं वाक्यमाकर्ण्य राजन्!।

प्रमुदितहृदयस्तं सद्वचोऽगाधबोधं सरसमिदमवोचत्प्राञ्जलिर्भक्तिनम्रः

चरितमतिशुभं तद्दिव्यमैश्वर्ययुक्तं मुनिवरगणगीतं श्रीहरेर्भक्तभर्त्तुः।

गदितुमतिपवित्रं मेऽर्हसि त्वं दयालो! श्रवणदुरितहारं संसृतिच्छेदकारम्

अमृतमधुरमेतच्चारु तस्येति वाक्यं स निखिलमुनिवर्यो भूपतेः सन्निशम्य ।

प्रचुरमुदमवाप्तः संस्मरन् स्वेष्टदेवं हृदि हरिरवनीशं तं जगादेति सभ्यम् ॥४॥

પરમેશ્વર શ્રીહરિએ મનોહર અક્ષરભવનથી પાંચેક હાથ જેટલા છેટેના ભૂભાગમાં એક કૂવો ખોદાવ્યો હતો. ॥૧॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સંતો પણ જેને વંદન કરતા હતા આવા તે શ્રીચૈતન્યાનંદ સ્વામીનું અમૃત જેવું અતિ રમણીય વચન સાંભળ્યું તેથી દરબાર શ્રીઅમરા ખાચર મનમાં ખૂબ જ ખુશ થયા. પછી ભક્તિભાવથી નમ્રપણે બે હાથ જોડ્યા અને તેમણે અગાધ જ્ઞાની શ્રી ચૈતન્યાનંદ સ્વામી આગળ સરસ સુંદર વચન કહ્યું. ॥૨॥

“હે દયાળો ! ભક્તોનું ધારણ પોષણ કર્તા શ્રીહરિના ચરિત્ર અત્યંત શુભ છે, દિવ્ય છે, મુનિમંડળો તેને નિરંતર ગાય છે, તેમાં ઐશ્વર્ય રહ્યા છે, તે એટલા બધા પવિત્ર છે કે સાંભળવા માત્રથી જ અનેક દુષ્કર્મોનો નાશ કરે છે અને જન્મ મૃત્યુરૂપ સંસારથી મુક્તિ આપે છે, તો આપ શ્રીહરિના ને ચરિત્ર મને કહો.” ॥૩॥

દરબાર શ્રી અમરા ખાચરે કહેલું તે વચન અતિ સુંદર અને અમૃત જેવું મધુર હતું. તેથી તે સાંભળીને સર્વ સંતોના મંડળમાં અગ્રગણ્ય કહેવાતા શ્રી ચૈતન્યાનંદ સ્વામી ઘણું ખુશ થયા. તેમણે જગત્પતિ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને હૃદયમાં સંભાર્યા અને પછી સુસભ્ય દરબારશ્રીની આગળ શ્રીહરિના ચરિત્ર કહેવા લાગ્યા. ॥૪॥

राजन्नथैकदा सौधे श्रीहरिः सोऽक्षराभिधे ।
न्यषीदत्स्वासने रम्ये सारगौरतराम्बरः ॥५॥
अथोपेत्यालयो भक्तो रत्नजिद्भृगुजित्तथा ।
पार्षदो मयजिन्नत्वा ते न्यषीदंश्च तत्र तम् ॥६॥
तानथेत्यब्रवीद्वाक्यं स सौधादक्षराभिधात् ।
खन्यतामन्तिके कूपो युष्मदाद्यैर्हि पार्षदैः ॥७॥
यथा गङ्गाजलं दिव्यं स्थितं ब्रह्मकमण्डलौ ।
गङ्गानीरं तथा तस्मिन् कूपे स्थास्यति पार्षदाः! ॥८॥
मूर्ध्नाऽऽदायाऽथ ते राजंस्तदाज्ञां चेतरे हरेः ।
भक्ताः पद्गादयः कूपं चख्नुस्तत्प्रीणनोद्यताः ॥९॥
तत्राऽथाऽदभ्रकाठिन्याद् दुर्भेद्यश्चागतो महान् ।
पाषाणस्तेऽपि भेत्तुं तं कृतायासा न शेकिरे ॥१०॥
तांस्ततः स्विन्नसर्वाङ्गान् स कूपस्योपरि स्थितः ।

હે રાજન્ ! એક દિવસ શ્રીહરિ તે અક્ષર ભવન (અક્ષર ઓરડી) માં પોતાના ભવ્ય આસન ઉપર વિરાજ્યા હતા અને સર્વોત્તમ અતિ શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. ॥૫॥

તે સમયે ભક્ત અલૈયા ખાચર, પાર્ષદો-રતનજી, ભગુજી અને મિયાજી વગેરે - ત્યાં આવ્યા, શ્રીહરિને પગે લાગ્યા અને ત્યાં બેઠા. ॥૬॥

ત્યારે શ્રીહરિએ તે સહુ પાર્ષદોને કહ્યું, “તમે બધા ભેળા મળીને અક્ષરભવનને નજીક એક કૂવો ખોદો. ॥૭॥

હે પાર્ષદો ! બ્રહ્માના કમળમાં જેમ દિવ્ય ગંગાજળ રહ્યું છે તેમ આ કૂવામાં ગંગાજીનું જળ રહેશે.” ॥૮॥

હે રાજન્ ! તે વખતે તે સહુ પાર્ષદો અને બીજા બધા હરિભક્તોએ શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી. તે સહુ શ્રીહરિને રાજી કરવા તત્પર હતા. તેથી કૂવો ખોદવા લાગ્યા. ॥૯॥

તેમાં અત્યંત કઠણ, ન તૂટે તેવો મોટો પથ્થર આવ્યો. પાર્ષદોએ તેને તોડવા ઘણી મહેનત કરી પણ પથ્થરને તોડી શક્યા નહિ. ॥૧૦॥

તે સમયે શ્રીહરિ ઉપર કૂવાને કાંઠે ઊભા હતા. તેમણે પરસેવાથી ભીંજાઈ

दृष्ट्वा दयालुको गङ्गां तत्राऽऽनेतुं समैच्छत ॥११॥
प्रक्षिप्याऽथाऽश्मनः खण्डं स तस्याधस्तदन्तरे ।
खन्यतामत्र चैवं तान् स्वासक्तानब्रवीद्वचः ॥१२॥
ततस्तैर्वै खनित्रेण भूपते! खनिते सकृत् ।
तत्र गङ्गाम्बुधारोर्ध्वं प्रादुरासीत्तदिच्छया ॥१३॥
तस्मात्कूपादथाऽत्यूर्ध्वं निसृता सा महीयसी ।
शुभ्रा गङ्गाम्बुधाराऽऽसीद्बाणगङ्गाप्रवाहवत् ॥१४॥
श्रीहरिं स्नपयित्वा तं ततः सा पुण्यदर्शनम् ।
तस्मिन् कूपे पतित्वाऽस्थाद्धर्यङ्गस्पर्शपापहृत् ॥१५॥
नीरपूर्णोऽथ कूपोऽभूत्तं विलोक्याऽभवद्धरिः ।
प्रसन्नः सत्यसङ्कल्पो भक्तकार्योद्यतः सदा ॥१६॥
उत्तीर्याऽथ हरिस्तस्मिन् कूपे तीर्थपदो विभुः ।

ગયેલા પાર્ષદોને જોયા. સ્વયં દયાળુ છે તેથી ત્યાં ગંગાને પ્રકટ કરવાની ઇચ્છા કરી. ॥૧૧॥

પછી શ્રીહરિએ પોતાના હાથમાં એક નાનો પથ્થર લીધો. તેને કૂવાની અંદર એક પડખે ફેંક્યો અને ''જુઓ આ પથ્થર પડ્યો ત્યાંથી નીચે ખોદો.'' એમ હેતવાળા તે ભક્તોને કહ્યું. ॥૧૨॥

હે રાજન્ ! પછી તે પાર્ષદોએ હાથમાં ત્રીકમ લઇને એકવાર થોડું ખોદ્યું. તેથી ત્યાં શ્રીહરિની ઇચ્છાથી ગંગાની જળધારા ઊંચી ઊછળીને પ્રકટ થઇ. ॥૧૩॥

તે કૂવામાં ઊંચેના ભાગમાંથી મોટી ગંગાજળની સફેદ ધારા બાણગંગાના પ્રવાહની જેમ નીકળી. ॥૧૪॥

જેમના દર્શન પુણ્યરૂપ છે, આવા શ્રીહરિને ઊછળેલી જળધારાએ સ્નાન કરાવ્યું (પલાળી દીધા.) પછી શ્રીહરિના સ્વરૂપના સ્પર્શથી સર્વ પાપને હરનારું તે પવિત્ર જળ પાછું કૂવામાં પડ્યું અને ત્યાં સ્થિર થઇને રહ્યું. ॥૧૫॥

શ્રીહરિના સંકલ્પ સત્ય થાય છે. તેઓશ્રી ભક્તોના કાર્ય કરવા માટે સદા તત્પર રહે છે. કૂવો પાણીથી ભરાઇ ગયો. તેને દેખીને સ્વયં ખૂબ જ પ્રસન્ન થયા. ॥૧૬॥

તીર્થમાત્ર શ્રીહરિના ચરણોમાં રહે છે. મહાસમર્થ તેઓ તે કૂવામાં ઊતર્યા.

स्नानं चैवाऽकरोत्प्रीत्या भक्तानानन्दयन्निजान् ॥१७॥
निर्गत्याऽथ बहिस्तस्मान्मुकुन्दानन्दवर्णिना ।
दत्तं कौशेयसत्प्रान्तं पर्यधादम्बरं हरिः ॥१८॥
तत्प्रदत्तं ततो रक्तं मूर्ध्न्यबन्धयदंशुकम् ।
निशारं किन्नखापाख्यं श्रीहरिः पर्यधात्तथा ॥१९॥
उत्तरीयं वरं शोणं राजितं स्कन्धयोर्न्यधात् ।
ततस्तेनाऽऽस्तृते भोक्तुं स्वासने स उपाविशत् ॥२०॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्ततः स्थालाभृतानि तम् ।
पर्पिकापिण्डकादीनि नानाखाद्यान्यभोजयत् ॥२१॥
तत्कूपस्याऽथ सन्नीरं मिष्टं मृष्टं पपौ हरिः ।
ततोऽक्षिपत्प्रभुस्तस्मिन्निजप्रासादिकं जलम् ॥२२॥
महार्होपस्करोपेतां ललिता तज्जिनां हयीम् ।
प्रीत्या श्रीहरये प्रादाद्रूपशीलगुणान्विताम् ॥२३॥

પોતાના ભક્તોને આનંદિત કરવા તેમણે સ્વયં તે કૂવામાં પ્રેમથી સ્નાન કર્યું. ॥૧૭॥

પછી શ્રીહરિ કૂવામાંથી બહાર નીકળ્યા. શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારીએ સોનેરી છેડાવાળું રેશમી પીતાંબર પહેરવા આપ્યું. પછી શ્રીહરિએ તે પહેર્યું. ॥૧૮॥

પછી તે વર્ણીએ આપેલ લાલ વસ્ત્રની મસ્તકે પાઘ બાંધી. તે પછી કિનખાબનો જામો પહેર્યો. ॥૧૯॥

અને લાલ રંગથી રંગેલ સર્વોત્તમ ખેસ ખભા ઉપર મૂક્યો. પછી બ્રહ્મચારીએ મૂકેલા આસન ઉપર થાળ જમવા માટે વિરાજ્યા. ॥૨૦॥

પછી શ્રી મુકુંદાનંદ બ્રહ્મચારીએ થાળમાં પીરસેલા પેંડા અને બરફી તેમજ બીજા અનેક પ્રકારના ભોજન શ્રીહરિને જમાડ્યા. ॥૨૧॥

જમ્યા પછી તે કૂવાનું મીઠું અને શુદ્ધ જળ પીધું. પ્રભુ શ્રીહરિએ પોતાનું પ્રસાદી રૂપ જળ તે કૂવામાં પાછું નાખ્યું. ॥૨૨॥

પછી લાડુબાએ રૂપ, સારો સ્વભાવ અને બીજા ગુણોથી ભરપૂર તાજણ નામ (જાતિ) ની ઘોડીને કીમતી પલાણ અને ઘરેણા વગેરેથી સજ્જ કરીને પ્રેમથી શ્રીહરિને અર્પણ કરી. ॥૨૩॥

साऽथाऽर्चयद्धरिं भक्त्या महार्हभूषणाम्बरैः ।
गन्धसन्माल्यमालाद्यैरु तमैश्चापचारकैः ॥२४॥
तं निराज्याऽथ सा स्वेष्टं भक्तप्रेयांसमच्युतम् ।
स्तुतिं तस्याऽकरोत्प्रीत्या स्तूयमानस्य सज्जनैः ॥२५॥
साधूंस्तत्राऽथ सा भोज्यैस्तर्पयामास भूरिशः ।
संन्यासिनस्तथाऽशेषान् वर्णिनश्च हरिश्रितान् ॥२६॥
पद्गान् सर्वांश्च सा रम्यैर्नानाभोज्यैरतर्पयत् ।
गृहस्थांश्च नरान् योषाः सांख्ययोगश्रितास्तथा ॥२७॥
साऽवनिज्याऽथ तत्पादौ तत्कूपस्याम्भसा नृप! ।
तत्पादामृतनीरं तत्पीत्वा मूर्ध्नि न्यधारयत् ॥२८॥
तज्जलं त्वत्पितुस्तातः पीत्वा च त्वत्पिता नृप! ।
योषितश्च जयामुख्या निपीयाङ्गेष्वधारयन् ॥२९॥

પછી તે લાડુબાએ શ્રીહરિની ભક્તિભાવથી પૂજા કરી. ઘણા કીમતી ઘરેણા અને વસ્ત્ર પહેરાવ્યા. સુગંધી ચંદન અને સારા ફૂલોના હાર બાજુબંધ વગેરે સર્વોત્તમ ઉપચારો અર્પણ કર્યા. ॥૨૪॥

પછી તેણે ભક્તોના ખૂબ જ વહાલા અવિકારી પોતાના ઇષ્ટદેવ શ્રીહરિની આરતી ઉતારી. સંતો જ્યારે શ્રીહરિની સ્તુતિ કરતા હતા ત્યારે તેમણે પણ પ્રેમથી સ્તુતિ કરી. ॥૨૫॥

પછી લાડુબાએ અનેક પ્રકારના સરસ ભોજન તૈયાર કરાવ્યા. તેનાથી શ્રીહરિના આશ્રિત ઘણા જ સંતોને, સંન્યાસીઓને, સર્વ બ્રહ્મચારીઓને અને બધા પાર્ષદોને સારી રીતે પિરસાવીને જમાડ્યા. તૃપ્ત કર્યા. ગૃહસ્થ હરિભક્ત પુરુષોને, સ્ત્રીઓને તથા સર્વ સાંખ્ય યોગીઓને પણ જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૬-૨૭॥

હે નૃપ ! લાડુબાએ તે નવા કૂવાના પાણીથી શ્રીહરિના ચરણ ધોયા. તે ચરણામૃત જળને પીધું અને મસ્તકે ચઢાવ્યું. ॥૨૮॥

હે નૃપ ! તે પ્રસાદી જળ તમારા પિતામહ શ્રી એભલ ખાચરે અને તમારા પિતાશ્રી દાદા ખાચરે પણ પીધું. જીવુબા (મોટીબા) આદિ મહિલા ભક્તોએ પણ પીધું અને પોતાના અંગો ઉપર (મસ્તકે) ધારણ કર્યું. ॥૨૯॥

तं प्रणम्याऽथ ते भक्त्या श्रीहरिं स्वेष्टमच्युतम् ।
चक्रिरे प्रेयसस्तस्य स्तुतिं सर्वार्त्तिहारिणः ॥३०॥
वाक्यमित्यब्रवीद्रम्यं श्रीहरिं ललिता ततः ।
त्वत्प्रतापेन कूपेऽस्मिन् हरे! गङ्गा विनिर्गता ॥३१॥
कूपानां खननं त्वस्मिन् स्थाने भूमन्! पुनः पुनः ।
कारितं तेषु निर्यातं हरे! नीरं न कर्हिचित् ॥३२॥
प्रादुर्भूताऽद्य कूपेऽस्मिन् गङ्गा ते हि प्रतापतः ।
इत्युक्त्वा सा हरिं प्रीत्या पुनश्चेत्थं तमब्रवीत् ॥३३॥
स्वामिन् ! वृन्दावनस्थानां गोपानां प्रोक्तमागमे ।
गोपीनां च महाभाग्यं प्राप्तश्रीकृष्णसेवया ॥३४॥
राधालक्ष्मीप्रमुख्यानां सेवनं श्रीहरेः सदा ।
कुर्वन्तीनां महद्दिष्टं वर्तते योषितां प्रभो! ॥३५॥
तथाऽस्माकं प्रसङ्गेन हरेस्ते चावतारिणः ।
तेभ्यो नोऽप्यधिकं भाग्यं साम्प्रतं वर्तते परम् ॥३६॥

તે સર્વ ભક્તોએ પોતાના ઇષ્ટદેવ નિર્વિકારી શ્રીહરિને ભક્તિભાવથી પ્રણામ કર્યા. અને સર્વ પ્રકારની પીડાને હરનારા પોતાના પ્રિય શ્રીહરિની સ્તુતિ કરી. ॥૩૦॥

પછી લાડુબાએ શ્રીહરિ આગળ એક રમણીય વાત કહી. "હે હરે ! આપના પ્રતાપથી આ કૂવામાં ગંગાજી પ્રકટ થયા છે. ॥૩૧॥

હે હરે ! હે ભૂમન્ ! આ જમીનમાં અમે ઠેકઠેકાણે કૂવા ખોદાવ્યા છે છતાં ક્યાંય તેમાં પાણી થયું નથી. ॥૩૨॥

પણ આજે આપના પ્રતાપથી આ કૂવામાં ગંગા પ્રકટ થયા છે." આટલું બોલીને વળી ફરીવાર તેઓએ પ્રેમથી શ્રીહરિને આમ કહ્યું, ॥૩૩॥

"હે સ્વામિન્ ! શાસ્ત્રોમાં કહ્યું છે કે વૃંદાવનના ગોવાળો અને ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનની સેવા પ્રાપ્ત થઈ, તેથી તેમનું મહાન્ ભાગ્ય જાણવું. ॥૩૪॥

હે પ્રભો ! શ્રીરાધિકાજી અને શ્રીલક્ષ્મીજી આદિ મહિલાઓ સદા શ્રીહરિની સેવા કરે છે તેથી તેમનું પણ મહાન્ ભાગ્ય ગણાય. ॥૩૫॥

તે જ પ્રમાણે હાલમાં આપ અવતારીની સેવાના પ્રસંગથી અમારું સહુનું

श्रीचैतन्यानन्द उवाच -

तयेत्युक्ते स सर्वज्ञस्तां प्रहस्येत्थमब्रवीत् ।
राजदुर्गेऽत्र वः सौधे सर्वदा निवसाम्यहम् ॥३७॥
हेतुः सर्वावताराणामक्षरात्परतः परः ।
कालमायेश्वरादीनां नियन्ता सर्वहार्दवित् ॥३८॥
येऽवतारसमैश्वर्या ब्रह्मरू पाः सदादयः ।
अत्रोषिता मया सार्द्धं सर्वसद्गुणमण्डिताः ॥३९॥
तस्माद्यादृङ्महाभाग्यं वर्तते वोऽद्य सुव्रते! ।
साक्षान्मे योगमाप्तानां तादृक् तन्नास्ति कस्यचित् ॥४०॥
प्राचीनानां हि भक्तानां वन्द्या यूयं स्थ सर्वथा ।
तेषामद्यतनानां च मत्पादासक्तचेतसः ॥४१॥
ततो भागवतस्योचे दशमस्कन्धगं हरिः ।
आख्यानं सर्वशास्त्राणां कारणं तां स विस्तृतम् ॥४२॥

સદ્ભાગ્ય તો તેમના કરતાં પણ અધિક રહ્યું છે.'' ॥૩૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, લાડુબા આમ બોલ્યા ત્યારે સર્વજ્ઞ શ્રીહરિ થોડું હસ્યા અને પછી બોલ્યા, આ તમારા દરબારગઢના અક્ષરભવનમાં હું કાયમ રહું છું. ॥૩૭॥

હું સર્વ અવતારોનું કારણ છું. સર્વથી પર અક્ષર બ્રહ્મ છે અને હું તે અક્ષર થકી પણ પર છું. કાલ,માયા અને ઈશ્વર આદિનો પણ હું નિયંતા છું. અને સર્વના હાર્દને જાણનારો-સર્વજ્ઞ છું. ॥૩૮॥

અવતારોના સમાન ઐશ્વર્યવાળા આ બ્રહ્મરૂપ સંતો વગેરે સર્વ સદ્ગુણોથી સંપન્ન છે. તેઓને મેં અહીં મારી સાથે રાખ્યા છે. ॥૩૯॥

હે સુવ્રતે ! તેથી જ સાક્ષાત્ મારા યોગને પામેલા તમારું સૌનું જેવું મહાન્ ભાગ્ય છે તેવું બીજા કોઈનું સદ્ભાગ્ય નથી. ॥૪૦॥

મારા સ્વરૂપમાં મનને જોડી રાખનારા તમે બધા પ્રાચીન ભક્તોએ અને આધુનિક ભક્તોએ બધી રીતે વંદન કરવા લાયક છો. ॥૪૧॥

પછી શ્રીમદ્ભાગવતના દશમસ્કંધમાં રહેલું સર્વ શાસ્ત્રોના સારરૂપ વિસ્તૃત

ऋषीणां नारदादीनां वसुदेवस्य चोत्तमः ।
वर्तते यत्र संवादः श्रोतव्यः स्वहितेच्छुभिः ॥४३॥
तत्र तान् वसुदेवेन प्रश्ने पृष्टे बुभुत्सया ।
श्लोको यस्तत्समाधाने स प्रोक्तस्तैर्महर्षिभिः ॥४४॥
''सन्निकर्षोऽत्र मर्त्यानामिति'' श्लोकमुदीर्यताम् ।
स श्रीहरिर्हसन् मन्दं वाक्यमित्यब्रवीत्पुनः ॥४५॥
माहात्म्यं मेऽञ्जसाऽतुल्यं सहवासेन देहिभिः ।
बुध्यते नेति विद्धि त्वं यथा पारोक्ष्यतः शुभे! ॥४६॥
न वेत्थ वो हि माहात्म्यं यूयं मद्योगसम्भवम् ।
माहात्म्यं वो हि गायन्ति पुण्यं ब्रह्मशिवादयः ॥४७॥

श्रीचैतन्यानन्द उवाच -

सेति श्रुत्वा हरेर्वाचं भूपते! ललितोत्तमम् ।
समाधिं दुर्लभं प्रापत्प्रभोस्तस्येच्छया परम् ॥४८॥

આખ્યાન શ્રીહરિએ લાડુબાને કહ્યું. ॥૪૨॥

જેમાં નારદાદિ ઋષિઓ અને વસુદેવજીનો સર્વોત્તમ સંવાદ પોતાનું હિત ચાહનારા મુમુક્ષુઓએ સાંભળ્યા જેવો-કહ્યો છે. ॥૪૩॥

ત્યાં વસુદેવજીએ જિજ્ઞાસાવૃત્તિથી ઋષિઓ આગળ પ્રશ્ન કર્યો ત્યારે તેનું સમાધાન કરવા ઋષિઓએ એક (ભાગ. ૧૦/૮૪/૩૧) શ્લોક કહ્યો છે. ॥૪૪॥

"सन्निकर्षोऽत्र मर्त्यानाम्" તે બોલો. શ્રીહરિએ મંદ મંદ હસતા આમ વચન કહ્યું. વળી ફરીવાર બોલ્યા. ॥૪૫॥

હે શુભે ! જેવું પરોક્ષ ભગવાનનું માહાત્મ્ય સમજાય છે તેવું માણસને મારા નિરંતર સહવાસથી જેવું છે તેવું અમાપ માહાત્મ્ય સમજાતું નથી, એમ તમે સમજો. ॥૪૬॥

તમને મારો સત્સંગ મળ્યો છે, તેનું યથાર્થ માહાત્મ્ય તો તમે પણ સમજી શકતા નથી, કારણ કે બ્રહ્મા અને શંકર આદિ પણ તમારા પુણ્યરૂપ માહાત્મ્યનું ગાન કરતા રહે છે. ॥૪૭॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીહરિએ કહેલી વાત સાંભળ્યા

तत्र मूर्तिमतीं दिव्यां गङ्गामैक्षत सोत्सुका ।
हरिं दिव्यैर्वरैरर्घ्यैरर्चयन्तीं कृतादराम् ॥४९॥
तस्मिन् स्वच्छजले कूपे यथा स्नानं तया कृतम् ।
तन्नीरं च धृतं मूर्ध्ना यथाऽनृत्यच्च शङ्करः ॥५०॥
तस्य स्तुतिं यथा गङ्गा शङ्करश्चाकरोन्मुदा ।
वन्दनं च समाधौ तत्समग्रं सा व्यलोकयत् ॥५१॥
अथोत्थाप्य समाधेस्तां समाधौ किं त्वयेक्षितम् ।
सेत्युक्ता तेन तत्सर्वं स्वेक्षितं प्राह तं मुदा ॥५२॥
श्रीचैतन्यानन्द उवाच -
स कूपस्याऽथ तस्येशो हरिः सर्वार्थवित्प्रभुः ।
''गङ्गाजलीय'' इत्याख्यां चकारान्वर्थतां शुभाम् ॥५३॥
इत्थं हरिर्निजजनेप्सितकामपूरः कल्याणमूर्तिरतुलप्रथितप्रतापः ।

પછી તે મહાપ્રભુની ઈચ્છાથી જ લાડુબાને બીજાને દુર્લભ આવી સર્વોત્તમ સમાધિ થઈ. ॥૪૮॥

જ્ઞાન મેળવવામાં ઉત્સુક લાડુબાએ જોયું કે ''મૂર્તિમાન ગંગાજી ત્યાં દિવ્ય સ્વરૂપે પ્રકટ્યા છે, તેઓ આદરભાવ રાખીને સારા દિવ્ય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી રહ્યા છે. ॥૪૯॥

પછી સ્વચ્છ જળથી ભરેલા તે કૂવામાં તેમણે જે રીતે સ્નાન કર્યું. તેના પ્રસાદીરૂપ જળને માથે ચઢાવ્યું. શંકરે આનંદોલ્લાસથી નૃત્ય કર્યું. ॥૫૦॥

ત્યાં ગંગાજીએ અને મહાદેવજીએ પ્રેમથી શ્રીહરિની સ્તુતિ કરીને વંદન કર્યાં.'' તે બધું તેમણે સમાધિમાં જોયું. ॥૫૧॥

પછી શ્રીહરિએ લાડુબાને સમાધિમાંથી જગાડ્યા. અને પૂછ્યું કે તમે સમાધિમાં શું જોયું ? ત્યારે તેમણે સમાધિમાં જે કાંઇ દેખ્યું હતું તે બધું શ્રીહરિ આગળ પ્રેમથી કહ્યું. ॥૫૨॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, સર્વ વસ્તુ પદાર્થ માત્રને જાણનારા પ્રભુ શ્રીહરિએ તે સમયે તે કૂવાનું ગંગાજળિયો કૂવો આવું સાર્થક શુભ નામ રાખ્યું. ॥૫૩॥

स्वैश्वर्यमद्भुततरं निजमाश्रितेभ्यो दिव्यं व्यदर्शयदनन्यसमं हि राजन्!॥
इतिश्रीमद्धरिकृष्णभगवत्सूनु श्रीरघुवीराचार्य विरचिते श्रीदुर्गपुर-माहात्म्ये गङ्गाजलीयकूपे श्रीहरिप्रतापागतगङ्गाजलादिनिरू पणं नामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥४९॥

अथ पञ्चाशत्तमोऽध्यायः

पञ्चाशेऽभयभूपस्य दृष्टेस्तिरोहितो हरिः।
त्यक्तान्नायाऽथ सोप्यस्मै मुदा प्रादात् स्वदर्शनम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
कर्हिचिद्राजदुर्गेऽस्मिन् सर्वकार्यविचक्षणः ।
एकान्ते सोऽवसद्गुप्तः श्रीहरिः सर्वविन्नृप! ॥१॥
अथैकं श्रीहरिर्धार्मिर्गायनश्रवणोचितम् ।
स्वैश्वर्यं पावनं दिव्यं दर्शयामास वै शुभम् ॥२॥
श्रीशुकानन्द उवाच -

હે રાજન્ ! શ્રીહરિ પોતાના ભક્તોના મનોરથોને પૂરા કરે છે, સ્વયં કલ્યાણમય મૂર્તિ છે અને તેમનો પ્રસિદ્ધ પ્રતાપ અમાપ છે. આ રીતે તેમણે પોતાના આશ્રિત ભક્તોને અત્યંત અદ્‌ભુત, અનુપમ અને દિવ્ય આવું પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૫૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૪૯ સમાપ્ત

અધ્યાય - ૫૦

શ્રીહરિનું શ્રી અભલખાચર આગળ અદૃશ્ય થવું અને ફરી પ્રકટ થવું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! સર્વ કાર્યોમાં વિચક્ષણ અને સર્વજ્ઞ ભગવાન્ શ્રીહરિ કોઇ વખતે આ દરબારગઢમાં એકાન્ત સ્થળે છૂપા રહ્યા હતા. ॥૧॥

ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ એક ગાવા અને સાંભળવા લાયક પાવનકારી, દિવ્ય અને શુભ પોતાનું ઐશ્વર્ય પ્રકટ કર્યું હતું. ॥૨॥

राजा पीत्वा स तस्येत्थं वाक्पीयूषं महामुदम् ।
प्राप्तस्तं प्राञ्जलिर्वाचं प्राहैवं प्रश्रयान्वितः ॥३॥
सद्गुरो! मे तदैश्वर्यं प्राणिनिर्वाणकारणम् ।
दिव्यं शुश्रुषवेऽतुल्यं वक्तुमर्हसि तत्वतः ॥४॥
स इत्याकर्ण्य तद्वाणीं महानन्दं गतो हरिम् ।
स्वेष्टदेवं हृदि ध्यायंस्तं प्राहैवं महीपतिम् ॥५॥
गर्भागारं हि तत्कूपादवाच्यां दिशि वर्तते ।
पुरा रम्येऽतिविस्तीर्णे वाहास्तत्राऽवतस्थिरे ॥६॥
तत्रैकदाऽगमद्राजन्! धर्मजन्मैकलो हरिः ।
हंसपक्षसितं सान्द्रं दधत्कट्यामधोंऽशुकम् ॥७॥
टोपिकां कच्छदेशीयां बिभ्रत्पीतां च मस्तके ।
कञ्चुकं शुभ्रमुत्कृष्टं बिभ्राणो दिव्यविग्रहे ॥८॥
चारु चन्द्रकरश्वेतं प्रावारं स्कन्धयोर्वरम् ।

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીઅમરાખાચર શ્રીચૈતન્યાનંદ સ્વામી-ની વાણીરૂપ અમૃતનું પાન કરીને ખૂબ જ રાજી થયા. પછી વિનયથી બે હાથ જોડીને તેમણે શ્રીચૈતન્યાનંદ સ્વામીને કહ્યું. ॥૩॥

હે સદ્‌ગુરો ! જીવોનું કલ્યાણ કરે તેવું, અનુપમ અને દિવ્ય જે શ્રીહરિનું ઐશ્વર્ય આપે કહ્યું તે હું સાંભળવા ચાહું છું, તો આપ મને યથાર્થ રીતે તે ઐશ્વર્યની વાત કહો. ॥૪॥

શ્રી ચૈતન્યાનંદ સ્વામી શ્રીઅમરા ખાચરની પ્રશ્નરૂપ વાણી સાંભળીને ઘણા આનંદિત થયા. પછી હૃદયમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું ધ્યાન કરીને તે દરબારશ્રીને કહેવા લાગ્યા. ॥૫॥

ગંગાજળિયા કૂવાથી દક્ષિણમાં એક ઓરડો છે, સુંદર અને વિશાળ તે ઓરડામાં પહેલા ઘોડા બંધાતા હતા. ॥૬॥

એક દિવસ ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં ગયા. હંસની પાંખ જેવું શ્વેત અને ઘાટું ધોતિયું પહેરેલું હતું, મસ્તકે પીળી કચ્છી ટોપી પહેરી હતી, દિવ્ય શરીરે સારું શ્વેત અંગરખું પહેર્યું હતું. ॥૭-૮॥

दधत्सुगन्धिमाल्यानां सारहारादिकं तथा ॥९॥
तत्राऽजानन्नथायातं श्रीहरिं त्वत्पितामहः ।
आलवाले हि वृन्दाया नीरं सेक्तुमुपागमत् ॥१०॥
द्वारि तस्य तदाऽपश्यद् गर्भागारस्य तं हि सः ।
तस्थिवांसं शुभप्रेक्षं कोटिमन्मथमोहनम् ॥११॥
आप्लुत्याऽथ हरिस्तूर्णं तस्मै दातुं निजेक्षणम् ।
तिरोभूद्भूपते! नेच्छन् विद्युद्विद्योतिता यथा ॥१२॥
स प्रविश्याऽथ भूपालो गर्भागारे हि तत्र तम् ।
विचिन्वन् योगिभिर्ध्येयं नापश्यद्दुर्लभेक्षणम् ॥१३॥
विस्मयं स ततः प्राप्तो नष्टप्रेष्ठधनो यथा ।
तं दिदृक्षुर्हरिं राजा नितान्तं व्याकुलोऽभवत् ॥१४॥
स गत्वाऽथ जयां तूर्णं भूपतिर्ललितां तथा ।
ताभ्यां तत्प्राह वृत्तान्तं तद्विश्लेषव्यथाकुलः ॥१५॥

રમણીય ચંદ્રના કિરણો જેવો સફેદ ખેસ ખભા ઉપર વિરાજતો હતો. સુગંધી ફૂલોના સર્વોત્તમ હાર તોરા વગેરે પણ ધારણ કર્યા હતા. ॥૯॥

આપના પિતામહ શ્રીએભલ ખાચરને ખબર નહોતી કે શ્રીહરિ અહીં પધાર્યા છે, અને પોતે તુલસીના ક્યારામાં પાણી રેડવા આવ્યા. ॥૧૦॥

તે સમયે તેમણે ઓરડાના બારણામાં શ્રીહરિને દેખ્યા. શ્રીહરિ ઊભા હતા. કરોડો કામદેવને પણ મોહ થાય તેવા મનોહર શુભ દર્શન થતા હતા. ॥૧૧॥

હે ભૂપતે ! શ્રીહરિ તે સમયે તેમને દર્શન આપવા ચાહતા નહતા, તેથી વીજળી ઝબૂકે તે રીતે ઝડપથી જતા હોય તેમ અદૃશ્ય થઈ ગયા. ॥૧૨॥

શ્રીએભલ ખાચર ઓરડામાં ગયા. ચોતરફ નજર કરી, પણ જેના દર્શન દુર્લભ હોય અને યોગીઓ ધ્યાન કરે છતાં સરલતાથી ન દેખાય તેવા શ્રીહરિ ક્યાંય દેખાયા નહિ. ॥૧૩॥

તેથી અત્યંત આશ્ચર્ય પામ્યા. પોતાનું પ્રિય ધન નાશ પામે ત્યારે માણસ અકળાઈ જાય તેમ શ્રીહરિના દર્શન ચાહતા તેઓ અત્યંત વ્યાકુળ થઈ ગયા. ॥૧૪॥

શ્રીહરિના વિયોગની પીડાથી વ્યાકુળ થયેલા દરબાર શ્રીએભલ ખાચર

ततस्तं सद्वचः प्राह जया तद्दर्शनोत्सुकम् ।
दर्शनं ते पित!र्दत्तं तेन श्रीहरिणाऽऽर्तिहृत् ॥१६॥
तस्य गुप्तस्थितित्वात्सा तदाज्ञापालनोद्यता ।
नात्र सोऽस्तीति तं वाचं प्राह तातं शुचिव्रता ॥१७॥
ततो गद्गदकण्ठस्तां स प्राहैवं वचो नृपः ।
अस्त्यभाग्यं किमीदृङ मे नेक्षा यत्तस्य मेऽभवत् ॥१८॥
वासरेऽस्मिन्नहं भोज्यं न भोक्ष्ये पुत्रिके! यदा ।
दास्यति स्वेक्षणं मह्यं हरिर्भोक्ष्ये तदा मुदा ॥१९॥
इत्युक्त्वा स महीपालस्तद्दिदृक्षाहृतान्तरः ।
औदासीन्यं भृशं प्राप्तो निजागारं किलागमत् ॥२०॥
आयातेऽथाऽऽत्मसान्निध्यं श्रीहरौ तं जया द्रुतम् ।
उत्थायऽऽनम्य सत्पीठे तस्य योग्ये न्यषादयत् ॥२१॥

જીવુ બા તથા લાડુ બા પાસે ગયા. તેમની આગળ બધી વાત કહી. ॥૧૫॥

શ્રીહરિના દર્શન કરવાના ઉત્સાહી પિતા આગળ જીવુ બાએ સરસ વાત કહી. પિતાજી ! દુઃખ નાશ પામે એવા દર્શન તો શ્રીહરિએ આપને કરાવ્યા છે ! ! ! ॥૧૬॥

શુદ્ધ વ્રત પાળનારા અને શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર રહેનારા જીવુ બા શ્રીહરિ ગુપ્ત રહેવા માગે છે તે જાણતા હોવાથી બોલ્યા કે શ્રીહરિ અહીં તો નથી. ॥૧૭॥

ત્યારે તેમનું ગળું ભરાઇ આવ્યું અને ગળગળા થઇને બોલ્યા કે શું મારું આટલું બધું દુર્ભાગ્ય છે કે મને શ્રીહરિના દર્શન ન થયા. ॥૧૮॥

“દીકરી ! હું આજ ખાઇશ નહિ. શ્રીહરિ જ્યારે મને હેતથી દર્શન દેશે ત્યારે જ ખાઇશ.” ॥૧૯॥

આટલું બોલીને દરબાર શ્રી એભલ ખાચર દર્શનની ઈચ્છાથી, હૃદય વ્યાકુળ હતું તેથી એકદમ ઉદાસ થઇ ગયા. જ્યાં આરામ કરતા હતા તે ઓરડા તરફ જતા રહ્યા. ॥૨૦॥

પછી જ્યારે શ્રીહરિ જીવુબાની પાસે પધાર્યા ત્યારે તેઓ તુરંત ઊભા થઇને

स्वस्य साऽथ पितू राज्ञस्तं तद्वृत्तान्तमब्रवीत् ।
भक्तप्रेयान् स तच्छ्रुत्वा दयार्द्रस्तं ह्युपाह्वयत् ॥२२॥
अथाऽऽयातः स भक्त्या तं नत्वा वै त्वत्पितामहः ।
तेनाऽऽदृतस्तदीयाग्रे न्यषीदत्तत्र सक्तधीः ॥२३॥
ततस्तं श्रीहरिः प्रीत्या जगादेति स्मिताननः ।
परिम्लानमुखो राजन्! कस्मात्खिद्यसि चेतसि ॥२४॥
तेनेत्युक्तः स तं वाक्यं प्राहैवं प्राञ्जलिर्नृपः ।
तिरोभूस्त्वं त्वदीक्षां मे प्रदायोदारशर्मदाम् ॥२५॥
अत्यन्विष्टो मयाऽथ त्वं तथाऽप्याप्तो न दृक्पथम् ।
यातस्तस्मान्महाखेदं व्याकुलीभूतमानसः ॥२६॥
स तद्वाक्यमिति श्रुत्वा स्मयन् प्राहेति तं वचः ।
दर्शनं दुर्लभं राजन्नस्ति मेऽप्यात्मदर्शिनाम् ॥२७॥

પગે લાગ્યા. યોગ્ય સારા આસન ઉપર તેમને બેસાડ્યા. ॥૨૧॥

જીવુબાએ પોતાના પિતાજી દર્શન વિના દુઃખી થઈ ગયા છે તે બધી વાત કહી. જેમને ભક્તો ખૂબ જ પ્રિય છે આવા શ્રીહરિ તે બધી વાત સાંભળીને દયાથી ભીંજાઈ ગયા અને શ્રી એભલખાચરને પોતાની પાસે બોલાવ્યા. ॥૨૨॥

પછી તમારા પિતામહ તુરંત આવ્યા. ભક્તિભાવથી શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિએ તેમનો આદર સત્કાર કર્યો. શ્રીહરિના સ્વરૂપમાં જ મન લાગ્યું હોવાથી તેઓ તેમની આગળ બેઠા. ॥૨૩॥

પછી શ્રીહરિ પ્રેમથી થોડું હસીને બોલ્યા, દરબાર ! તમારું મુખ ઝાંખું કેમ થઈ ગયું છે? શા માટે મનમાં દુઃખી થાઓ છો? ॥૨૪॥

શ્રીહરિએ આમ કહ્યું ત્યારે દરબાર શ્રીએભલ ખાચરે હાથ જોડ્યા. પછી તેઓ બોલ્યા, “આપે મને મહાન્ સુખરૂપ આપના દર્શન કરાવ્યા અને તુરંત અદૃશ્ય થઈ ગયા. ॥૨૫॥

પછી મેં ઘણું ખોળ્યા, છતાં આપ નજરે ન ચડ્યા. તેથી હું મનમાં ખૂબ જ વ્યાકુળ થવાથી ખિન્ન થઈ ગયો હતો.” ॥૨૬॥

આવી તેમની વાત સાંભળીને શ્રીહરિ થોડું હસ્યા અને તેમને કહ્યું, “હે

तस्मात्सर्वावताराणां कारणस्येक्षणं हि मे ।
काङ्क्षन्तो विपिनेऽदभ्रं तपः कुर्वन्ति तापसाः ॥२८॥
दग्धाऽशेषमला धीरा ज्ञानवैराग्यवह्निना ।
योगिनो मन्निरीक्षोत्का भक्त्या गायन्ति मद्गुणान् ॥२९॥
एवंविधस्य मे राजन्! प्रेक्षा ब्रह्मादिदुर्लभा ।
साम्प्रतं शान्तिदा जाता भूरिभाग्यवतां हि वः ॥३०॥
कालमायेश्वरादीनां नियन्तैवाऽस्मि भूपते! ।
मां साक्षान्मिलिता यूयं कृतार्था भवथाऽखिलाः ॥३१॥
ततस्तद्वक्षसि प्रादात्स्वाङ्घ्रिपद्मे हरिर्मुदा ।
सोऽतिप्रीतोऽथ तं भक्त्या स्पष्टाङ्गं प्राणमत्प्रभुम् ॥३२॥
ततो भुक्त्वा सुभोज्यानि हरिर्नानाविधानि सः ।
पितामहाय ते तानि स्वीयप्रासादिकान्यदात् ॥३३॥
ततः प्रीतमना राजा सोऽव्रजत्स्वालयं सुधीः ।

રાજન્ આત્માનો સાક્ષાત્કાર કરી ચુકેલાને પણ મારા દર્શન દુર્લભ છે. ॥૨૭॥

સર્વ અવતારોનું કારણ હું છું, તેથી મારા દર્શન ચાહતા તપસ્વીઓ વનમાં ઘણું તપ કરે છે. ॥૨૮॥

જ્ઞાન તથા વૈરાગ્યના અગ્નિથી બધા દોષોને બાળી નાખનારા યોગીઓ પણ મારા દર્શનની ઉત્કંઠાથી ભક્તિભાવપૂર્વક મારા ગુણ ગાય છે. ॥૨૯॥

હે રાજન્ ! આવી રીતના મારા દર્શન તો બ્રહ્મા વગેરેને પણ દુર્લભ છે. તમે મહાન્ ભાગ્યશાળી છો કે અત્યારે અત્યંત સુખશાંતિ આપનારા મારા દર્શન તમને થાય છે. ॥૩૦॥

હે ભૂપતે ! હું કાળ, માયા અને બ્રહ્માદિ ઈશ્વરોનો પણ નિયંતા છું. તમે મને પ્રત્યક્ષ મળ્યા છો તેથી બધા કૃતાર્થ થયા છો.''॥૩૧॥

આમ કહીને પછી શ્રીહરિએ તેમની છાતીમાં પ્રેમથી પોતાના ચરણ કમળ ચાંપ્યા. ત્યારે તેઓ પણ ખૂબ જ રાજી થયા અને ભક્તિભાવથી પ્રભુ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ॥૩૨॥

પછી શ્રીહરિ અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજનોનો થાળ જમ્યા અને તમારા

तस्मात्स्थानादथाऽऽगच्छत् स्वावासं श्रीहरिर्मुदा ॥३४॥
इति हरेरुदिता सुचमत्कृतिर्नरपते! भवते रुचिरा मया ।
श्रवणवर्णनसंस्मरणैः पराभवहरा दुरितव्रजभेदिनी ॥३५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्येऽभयभूपाय श्रीहरिप्रदर्शितनिजैश्वर्यादिनिरूपणं नाम पञ्चाशत्तमोऽध्यायः ॥५०॥

अथैकपञ्चाशत्तमोऽध्यायः

आकाशादेकपञ्चाशे तेजःपुञ्जः समाययौ ।
त्रेधा भूत्वा हरिं पृष्ट्वा देवा याताः पुनर्दिवम् ॥

श्रीचैतन्यानन्द उवाच –
अथ भूमिपते! हरिर्निजं शुभमैश्वर्यमदर्शयत् प्रभुः ।
श्रवणार्त्तिहरं सुपावनं परमं सज्जनगीतमन्वहम् ॥१॥
श्रीशुकानन्द उवाच –

પિતામહ શ્રીએભલખાચરને પણ તેની પ્રસાદી જમવા આપી. ॥૩૩॥

પછી શુદ્ધ બુદ્ધિવાળા દરબારશ્રી પ્રસન્ન મને પોતાને નિવાસ સ્થાને ગયા અને શ્રીહરિ પણ તે સ્થળેથી પ્રેમથી અક્ષર ભવન પધાર્યા. ॥૩૪॥

હે રાજન્ ! આ પ્રમાણે તમને શ્રીહરિનો સુંદર તથા સર્વોત્તમ ચમત્કાર મેં કહ્યો. જે સાંભળવાથી, બીજાને કહેવાથી તથા સંભારવાથી માણસના સંસારનો અને પાપના પુંજનો નાશ થાય છે. ॥૩૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૦ સમાપ્ત

અધ્યાય - ૫૧

શ્રીહરિના દર્શન માટે બ્રહ્માદિનું આવવું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી પ્રભુ શ્રીહરિએ પોતાનું શુભ ઐશ્વર્ય બતાવ્યું. જે સાંભળવાથી સર્વ પીડાઓનો નાશ કરે છે, પરમ પાવનકારી છે,

इति तस्य सुधोपमां गिरं स निशम्य क्षितिपो महामुनेः ।
अतिहृष्टमनाः कृताञ्जलिस्तमिमां वाचमवोचदञ्चिताम् ॥२॥
मुनिराज ! तदुत्तमं हरेः शिवमैश्वर्यमुदारशर्मदम् ।
दयया मयि मे भवापहं गदितुं चार्हसि दीर्घदर्शनः ॥३॥
इति योगिवरो महीपतेर्वचनं तस्य निशम्य स प्रियम् ।
प्रचुरां गतवान् मुदं नृपं तमिदं प्राह वचोऽतिशान्तिदम् ॥४॥
शृणु राजन् ! ब्रुवे तुभ्यं श्रीहरेर्दिव्यमुत्तमम् ।
ऐश्वर्यं पावनं भद्रं सद्भिर्गीतं सुखप्रदम् ॥५॥
तस्मात्कूपाद्दिशि प्राच्यां दशपाणिप्रमाणके ।
सुप्रदेशे महानासीन्नीम्बवृक्षो महीपते ! ॥६॥
तस्याऽधस्तात्समे स्थाने नीरसिक्ते च मार्जिते ।

અને તે પ્રતિદિન સંત પુરુષોએ ગાયેલું છે. ॥૧॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીના મુખની અમૃત જેવી વાણી સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર મનમાં અત્યંત રાજી થયા અને સ્વામીના પ્રત્યે વિનયભરી સુંદર વાણી બોલ્યા. ॥૨॥

હે મુનિરાજ ! આપ દીર્ઘદર્શી છો. શ્રીહરિનું કલ્યાણકારી ઐશ્વર્ય વિશાળ સુખ આપનારું છે અને સંસારથી ઉદ્ધાર કરનારું છે, તો આપ મારા ઉપર દયા કરીને તે ઉત્તમ ઐશ્વર્યની વાત મને કહો. ॥૩॥

યોગિરાજ શ્રીચૈતન્યાનંદ સ્વામીએ આ પ્રમાણેનું શ્રીઅમરાખાચરનું પ્રિય વચન સાંભળ્યું, મનમાં ખૂબ જ રાજી થયા અને પછી તેમની આગળ અત્યંત શાંતિ થાય તેવી વાત કહેવા લાગ્યા. ॥૪॥

હે રાજન્ ! તમે સાંભળો, શ્રીહરિનું ઐશ્વર્ય દિવ્ય છે. ઉત્તમ છે, પાવનકારી અને મંગળમય છે, સંતો તેને ગાય છે અને તે સુખ આપનારું છે. તે હું તમને કહું છું. ॥૫॥

હે રાજન્ ! ગંગા જળિયા કૂવાથી પૂર્વમાં દસ હાથ છેટે સારે સ્થળે એક મોટું લીમડાનું ઝાડ હતું. ॥૬॥

તે લીમડાની નીચે સમતળ સ્થાનમાં ઉનાળે પાણી છંટાવીને વળાવી નાખતા.

उष्णकाले च यामिन्यां न्यषीदत्स्वासने हरिः ॥७॥
तत्रैकदोत्तमे मञ्चे सायन्नीराजनोत्तरम् ।
न्यषीदत्कोमलैर्युक्ते श्रीहरिस्तूलिकादिभिः ॥८॥
श्वेतसूक्ष्मोल्लसद्वासा माल्योष्णीषं दधद्वरम् ।
मूर्ध्नि सौरभयुग्माल्यहारकेयूरशेखरः ॥९॥
कर्णयोः कुण्डले पौष्पे बिभ्रद्गुच्छौ च कौसुमौ ।
प्रासूने कङ्कणे रम्ये पाणौ सत्पुष्पगेन्दुकम् ॥१०॥
नानासुगन्धिमाल्यानां मञ्जीरौ मञ्जुलौ शुभौ ।
पादपद्मद्वये बिभ्रन्माल्याराम इवोल्लसन् ॥११॥
तस्याऽथोपाविशन्नग्रे मुक्तानन्दादिसद्गुराः ।
मुकुन्दानन्दवर्णीन्द्रप्रमुख्या वर्णिनस्तथा ॥१२॥
पितामहोऽथ ते राजा पद्गास्तातश्च ते नृपः ।
न्यषीदंश्चेतरे भक्ताः सभायां तत्र भूपते ! ॥१३॥

પછી શ્રીહરિ રાતે સુંદર આસન ઉપર ત્યાં વિરાજમાન થતા હતા. ॥૭॥

ત્યાં એક દિવસ સાંજે સંધ્યા આરતી થયા પછી સારા મંચ ઉપર સુંવાળા ગાદી તકિયા આદિથી બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૮॥

શ્રીહરિએ ઝીણા શોભતા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. મસ્તક ઉપર ફૂલની સારી પાઘ પહેરી હતી. સુગંધી ફૂલના હાર, બાજુબંધ અને તોરા ધાર્યા હતા. કાન ઉપર ફૂલના કુંડળ અને ફૂલના ગુચ્છ ધાર્યા હતા. સુંદર ફૂલના કંકણ કાંડામાં હતા અને હાથમાં સુંદર ફૂલનો દડો હતો. અનેક જાતના સુગંધી ફૂલોના રમણીય શુભ ઝાંઝર બન્ને ચરણોમાં ધાર્યા હતા. શ્રીહરિ ફૂલોના ખીલેલા બાગ જેવા શોભતા હતા. ॥૯-૧૧॥

હે રાજન્ ! શ્રીહરિની આગળ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સંતો અને શ્રીમુકુંદાનંદ વર્ણી આદિ બ્રહ્મચારીઓ બેઠા હતા. ॥૧૨॥

તમારા પિતામહ દરબાર શ્રી એભલખાચર, તમારા પિતા શ્રી દાદાખાચર, બધા પાર્ષદો અને બીજા હરિભક્તો તે સભામાં બેઠા હતા. ॥૧૨-૧૩॥

योषितश्च जया दूरे तस्याः कृत्वा सभां शुभाम् ।
हरौ गाढानुरागिण्यो निषेदुर्ललितादयः ॥१४॥
देवयानादथाऽऽगच्छन् गोलकस्तेजसो महान् ।
सर्वतः प्रसरत्तेजा दिशां विध्वंसयंस्तमः ॥१५॥
नितान्ताऽऽमोदसंयुक्तः सर्वतेजोऽभिभावकः ।
आश्चर्येणेक्षितः सभ्यैर्हरेरग्रेऽपतद् विभोः ॥१६॥
तत्तेजश्छन्ननेत्रास्ते ततः सर्वे सभासदः ।
तं तेजोगोलकं दिव्यं प्रेक्षितुं नैव शेकिरे ॥१७॥
स्थितादर्धघटीं तस्मादथाऽऽसन् गोलकास्त्रयः ।
लीनतां तेऽथ तन्मूर्तौ मनोज्ञायां प्रपेदिरे ॥१८॥
ततस्तस्याः पृथग्जाता नरदघ्नास्त्रयो हि ते ।
उच्चैर्दृष्टा मुदा सभ्यैर्देवरू पा महौजसः ॥१९॥
तेऽथाऽऽसन्नेकलज्ज्योति र्गोलरू पा हि पूर्ववत् ।

તે સભાથી થોડે દૂર જીવુબા (મોટી બા) અને લાડુબા આદિ શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમભક્તિવાળી મહિલાઓ શુભ સભા કરીને બેઠી હતી. ॥૧૪॥

તે સમયે આકાશમાંથી એક મોટો તેજનો ગોળો નીચે ઊતર્યો. બધી દિશાઓમાં તેનું તેજ ફેલાયું. તેથી બધું અંધારું ટળી ગયું. ॥૧૫॥

તે તેજનો પુંજ સુગંધથી ભરપૂર હતો. બીજા બધા તેજ તેની આગળ ઝંખવાઇ ગયા. સભામાં બેઠેલા સહુ આશ્ચર્યથી તેને જોઇ રહ્યા ત્યારે મહાસમર્થ શ્રીહરિની આગળ તે તેજઃપુંજ નીચે આવ્યો. ॥૧૬॥

તે તેજના પુંજ આગળ સભામાં બેઠેલા સહુની આંખો અંજાઇ ગઇ. દિવ્ય તેજના ગોળાને કોઇ જોઇ શક્યા નહિ. ॥૧૭॥

અર્ધી ઘડી (૧૨-મિનિટ) સુધી રહેલા તે તેજના ગોળાના ત્રણ ભાગ થયા. પછી તે મનોહર શ્રીહરિની મૂર્તિમાં લીન થઇ ગયા. ॥૧૮॥

વળી થોડીવારે તે મૂર્તિમાંથી અલગ દેખાતા ત્રણેય માણસની જેટલા ઊંચા હતા. સભામાં બેઠેલા સહુએ તેમને મહાન્ તેજસ્વી અને દેવ હોય તેવા પ્રેમથી જોયા. ॥૧૯॥

स तेजोगोलकोऽगच्छद्व्योम सभ्यैरवेक्षितः ॥२०॥
तल्लीलां द्रष्टुमायाता विमानैरम्बरेऽमराः ।
ससभ्यस्योपरि प्रीत्या पुष्पवृष्टिं व्यधुर्हरेः ॥२१॥
देवानन्दोऽथ सन्यासी तमप्राक्षीदिति प्रभुम् ।
गोलकस्तेजसः सभ्यैरादौ सार्द्धं मयेक्षितः ॥२२॥
तस्माद्दृष्टास्ततो गोला नरदघ्नास्त्रयो हरे! ।
तेऽथ लीनास्त्वयि स्वामिन् ! देवरू पा हि भास्वराः ॥२३॥
ततस्त्वत्तः पृथग्जाताः सन्ति ते केऽमराः प्रभो ! ।
अत्राऽऽयाताः किमर्थं ते त्वं चैतद्ब्रूहि मेऽञ्जसा ॥२४॥
स इत्याश्रुत्य तद्वाक्यं स स्मितास्याम्बुजो हरिः ।
तं सदस्यान् समग्रांस्तान् जगादानन्दयन्निदम् ॥२५॥
ब्रह्माविष्णुः शिवश्चैते ब्रह्माण्डेशास्त्रयोऽनघ ! ।
आयाता मेऽत्र वीक्षार्थं सदसोऽस्याश्च दृष्टये ॥२६॥

પછી તે ત્રણેય તેજના ગોળા પૂર્વની જેમ એક થઇ ગયા. તે એકરૂપ થયેલો તેજનો ગોળો ફરી આકાશમાં અદૃશ્ય થયો હોય તેમ બધા સભ્યોએ દેખ્યું. ॥૨૦॥

દેવતાઓ શ્રીહરિની લીલાના દર્શન કરવા માટે વિમાનમાં બેસીને આવ્યા હતા. શ્રીહરિ અને સર્વ સભાના ઉપર તેમણે પ્રેમથી પુષ્પોની વૃષ્ટિ કરી. ॥૨૧॥

પછી સંન્યાસી શ્રીદેવાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું, સહુ પ્રથમ મેં અને આ સભામાં બેઠેલા સહુએ તેજનો એક જ ગોળો જોયો હતો. ॥૨૨॥

તે એકમાંથી મનુષ્યના શરીર જેવડા ત્રણ ગોળા થયા. હે સ્વામિન્ ! તે દેવ જેવા દેખાતા તેજસ્વી ત્રણેય ગોળા આપના સ્વરૂપમાં લીન થઇ ગયા. ॥૨૩॥

તેઓ અહીં શા માટે આવ્યા હતા. આ બધું રહસ્ય અમને યથાર્થ રીતે સમજાવો. ॥૨૪॥

શ્રીદેવાનંદ સ્વામીના વચનને સાંભળીને સુમધુર હાસ્યયુક્ત મુખકમળવાળા શ્રીહરિ સભામાં બેઠેલા સહુને રાજી કરવા માટે આમ બોલ્યા,॥૨૫॥

હે નિષ્પાપ સંત ! આ બ્રહ્માંડના અધિપતિ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, મારા અને આ સભાના દર્શન કરવા આવ્યા હતા. ॥૨૬॥

तथाऽऽदातुं मदाज्ञां ते किञ्चित्कार्यं चिकीर्षवः ।
अत्राऽऽयाता मदायत्ता वेद्यं धीमन्निति त्वया ॥२७॥
श्रीचैतन्यानन्द उवाच -
तेनेत्युक्ते स तं स्वेष्टं प्रीत्या प्राक्षीदिदं पुनः ।
किं कार्यं कर्त्तुमाज्ञा ते तैर्गृहीतेति मां वद ॥२८॥
स प्राहाऽऽकर्ण्य तद्वाक्यं प्रसन्नो निर्भरं हरिः ।
यथाऽऽज्ञा मे गृहीता तैस्तथा तां वच्मि ते शृणु ॥२९॥
ब्रह्मविष्णुशिवैरित्थं सम्प्रोक्तं मे हि सन्मते ! ।
अद्योत्त्पन्ना हि दैतेया भूतले पापिनः प्रभो! ॥३०॥
तैरधर्मः क्षितौ भूयान् दुष्टचितैः प्रवर्त्तितः ।
तस्माद्भूमावधर्मस्य जातो भारो महत्तरः ॥३१॥
स्वामिंस्ततस्त्वदाज्ञा चेत्तर्हि तानसुरान् वयम् ।
हन्यामो नङ्क्ष्यति क्षोण्यास्तेन भारो दुरत्ययः ॥३२॥
तैरित्युक्ते मया तेभ्यो वाक्यं प्रोक्तं महामते ! ।

અને કાંઈક કાર્ય કરવાની ઈચ્છાથી તેઓ મારી આજ્ઞા લેવા આવ્યા હતા. હે ધીમન્ ! આ ત્રણેય દેવતાઓ મારે આધીન છે, એમ તમારે જાણવું. ॥૨૭॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, જ્યારે શ્રીહરિએ ઉપર કહ્યા મુજબ વાત કરી ત્યારે તે શ્રીદેવાનંદ સ્વામી એ ફરીવાર પૂછ્યું કે તે ત્રણેય દેવતાઓએ કયું કાર્ય કરવાની આપની રજા લીધી. તે આપ મને કહો. ॥૨૮॥

શ્રીદેવાનંદ સ્વામીનું વચન સાંભળીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા અને બોલ્યા, તમે સાંભળો, તેમણે મારી શી આજ્ઞા લીધી તે કહું છું. ॥૨૯॥

હે સન્મતે ! બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીએ કહ્યું, "હે પ્રભો ! હાલમાં ભૂમિ ઉપર પાપી દૈત્યો જન્મ્યા છે. ॥૩૦॥

દુષ્ટમનવાળા તે દૈત્યો એ ભૂમિ ઉપર ઘણો જ અધર્મ પ્રવર્તાવ્યો છે અને તેથી ભૂમિ ઉપર અધર્મનો ભાર ઘણો જ વધી ગયો છે. ॥૩૧॥

હે સ્વામિન્ ! જો આપની આજ્ઞા હોય તો અમે તે અસુરોને મારીએ અને તેથી ભૂમિનો મુશ્કેલી ભર્યો ભાર ઊતરી જશે." ॥૩૨॥

भवद्विज्ञापनात्पूर्वं ज्ञातो भारो मया भुवः ॥३३॥
कार्यमेतन्मयैवेशाः! साम्प्रतं कर्तुमीप्सितम् ।
तस्माद्देवेश्वरा ! नूनं सङ्कल्पोऽयं तु सेत्स्यति ॥३४॥
कृतान्तं प्रेरयित्वाऽहं तेन दुष्टामरद्विषाम् ।
नाशं विधापयिष्यामि भूमिभारापनुत्तये ॥३५॥
मयेत्युक्ते प्रसन्नास्ते मां प्रणम्याऽगमन् दिवम् ।
मदीयेक्षामहोत्साहाः प्रेक्षमाणाः सभामिमान् ॥३६॥
श्रीचैतन्यानन्द उवाच -
स प्राहाथेति सभ्यांस्तान् भक्ताः शृण्वन्तु मद्वचः ।
आगामिन्यम्बुदो वर्षे वर्षिष्यत्यम्बु न क्षितौ ॥३७॥
धान्याऽप्राप्त्या तदा क्लेशं जना यास्यन्ति वै भृशम् ।
क्वान्नं क्वान्नमिति प्रायो जल्पन्तो व्याकुलान्तराः ॥३८॥
मृत्युं यास्यन्ति भूयांसो दुर्भिक्षेणातिपीडिताः ।

હે મહામતે ! તે ત્રણ દેવોએ આમ કહ્યું. ત્યારે મેં કહ્યું કે તમારા જણાવ્યા પહેલા થી જ "ભૂમિનો ભાર વધી ગયો છે" આવી મને ખબર છે. ॥૩૩॥

હે ઈશ્વરો ! હમણાં આ કાર્ય કરવાની મેં ઈચ્છા કરી જ છે. માટે હે દેવેશ્વરો ! તમારો સંકલ્પ ચોક્કસ સફળ થશે. ॥૩૪॥

ભૂમિનો ભાર ઉતારવા માટે હું કાળને પ્રેરીશ અને તેના દ્વારા દુષ્ટ અસુરોનો નાશ કરાવીશ. ॥૩૫॥

મેં આમ કહ્યું, ત્યારે તે ત્રણેય દેવો પ્રસન્ન થયા અને પોતાના દિવ્ય લોકમાં ગયા. મારા દર્શનથી તેઓ ઘણા ઉત્સાહિત થયા હતા અને આ સભાના દર્શન પણ કરવા હતા. ॥૩૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, પછી શ્રીહરિએ સભામાં બેઠેલા સહુને કહ્યું, હે ભક્તો આવતે વરસ ભૂમિ ઉપર વરસાદ વરસશે નહિ. ॥૩૭॥

તે સમયે અનાજ નહિ મળવાથી લોકો ખૂબ દુઃખી થઈ જશે." અનાજ ક્યાં મળશે, અનાજ ક્યાં મળશે" આમ બોલતા મનુષ્યો મનમાં વિહ્વળ થઈ જશે. ॥૩૮॥

दह्यते दारु शुष्केण काष्ठेनाप्यार्द्रमुत्तमाः ! ॥३९॥
आपत्कालो महांस्तस्मादागमिष्यति वो ध्रुवम् ।
रक्षां तथापि युष्माकं विधास्यामीति गम्यताम् ॥४०॥
युष्माभिमच्छ्रितैः सर्वैर्न कार्यो धान्यविक्रयः ।
कृत्वा धनव्ययं भक्ता विधेयश्चान्नसङ्ग्रहः ॥४१॥
दुर्जनस्य न कर्त्तव्यः प्रसङ्गः क्वाप्यनर्थकृत् ।
युष्माभिः सद्गुणोच्छेदी संसारभ्रमणप्रदः ॥४२॥
इत्थमासीत्पुराऽऽश्चर्यं जयतल्पाभिधे पुरे ।
मुक्तानन्दादिभिर्भक्ताः ! सज्जनैस्तद्विलोकितम् ॥४३॥
स्वस्वाऽऽवासांस्ततः सभ्यान् गन्तुमाज्ञाप्य तान् हरिः ।
सार्धं स्वैः पार्षदैरायात्स्वावासं चञ्चलक्रमः ॥४४॥
ऐश्वर्यं दुरितहरं हरेरिदं ते संश्रुत्याऽखिलविपदां विनाशबीजम् ।

દુષ્કાળથી અતિશય પીડાયેલા ઘણા લોકો, મરી જશે. હે ભક્તો ! સૂકાં લાકડાં સાથે લીલું લાકડું પણ બળે છે. ॥૩૯॥

તેથી તમને ચોક્કસ આપત્કાળ તો ઘણો આવી પડશે, છતાં તેમાં હું તમારી સહુની રક્ષા કરીશ. એમ માનજો. ॥૪૦॥

માટે મારા આશ્રિત તમારે સહુએ અનાજ વેચવું નહિ. હે ભક્તો ! પૈસા ખરચીને પણ અનાજ ભેળું કરી રાખજો. ॥૪૧॥

તમારે ક્યારેય દુર્જનોનો પ્રસંગ ન રાખવો. કારણ કે દુર્જનોના પ્રસંગથી ઘણા અનર્થ થાય છે, સદ્‌ગુણોનો નાશ થાય છે અને સંસારમાં ભટકવું પડે છે. ॥૪૨॥

હે ભક્તો ! આવું આશ્ચર્ય પહેલા પણ જેતલપુરમાં થયું હતું. અને સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સંતોએ તે જોયું પણ હતું. ॥૪૩॥

પછી શ્રીહરિએ સભામાં બેઠેલા સહુને પોતપોતાને નિવાસ સ્થાને જવાની આજ્ઞા કરી. અને પોતે પણ પોતાના પાર્ષદોની સાથે ઉતાવળે પગલે અક્ષર ભવન પધાર્યા. ॥૪૪॥

હે રાજન્ ! શ્રીહરિનું આ ઐશ્વર્ય મેં સાંભળીને તમને કહ્યું છે. આ ઐશ્વર્ય

इत्युक्तं परमतरं मुनीन्द्रगीतं श्रोतृणामुरु तरविस्मयं प्रकुर्वत् ॥४५॥
इतिश्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं ब्रह्माविष्णुशिवागमनादिनिरू पणं नामैक-पञ्चाशत्तमोऽध्यायः ॥५१॥

अथ द्विपञ्चाशत्तमोऽध्यायः

द्विपञ्चाशे निजं भूपोत्तमं कालो निनाय प्राक् ।
गत्वा कालादिकाँल्लोकान् प्रत्यानिनाय तं हरिः॥

श्रीचैतन्यानन्द उवाच -
गेहं पश्चिमदिग्द्वारं सौधादक्षरसंज्ञितात् ।
स्फारजाख्यमभूत्तस्मिन् भूपते ! न्यवसद्धरिः ॥१॥
तस्माद्वै दक्षिणाशायां पाकशालाऽभवद्धरेः ।
उच्चैस्तत्सन्निधावासीद्वेदी राजन् ! मनोहरा ॥२॥
तद्गेहे वसतस्तस्य प्रकुर्वाणोऽन्तिकेऽवसत् ।

સાંભળવા વગેરેથી પાપોનો નાશ કરે છે, સર્વ વિપત્તિઓના નાશનું મૂળ છે, અતિશય સર્વોત્તમ છે, મોટા મુનિ વર્યો એ ગાયેલું છે અને શ્રોતાઓને ઘણું જ વિસ્મયકારી છે. ॥૪૫॥

અધ્યાય - ૫૧ સમાપ્ત

અધ્યાય - ૫૨

કાલદ્વારા શ્રીદાદાખાચરનું અપહરણ અને શ્રીહરિનું તેમને પાછા લાવવું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે અક્ષરભવન (અક્ષરઓરડી) થી પૂર્વમાં આથમણા બારનું ઘર હતું, જેને "ફરજો" કહેતા હતા, તેમાં શ્રીહરિ રહ્યા હતા. ॥૧॥

તેથી દક્ષિણ તરફ શ્રીહરિ માટેનું એક રસોડું હતું. તેની પાસે એક મનોહર ઊંચો ઓટો હતો. ॥૨॥

શ્રીહરિ જ્યારે તે ફરજામાં રહેતા હતા ત્યારે તેમની સેવા કરનારા

मुकुन्दानन्दवर्णीन्द्रः सेवामेवाऽन्वहं हरेः ॥३॥
एकदाऽऽसीद् गदं प्राप्तः स्वेच्छया श्रीहरिर्विभुः ।
भवत्तातोऽथ भूपालो गदार्त्तोऽभूद्धरिप्रियः ॥४॥
तं ततः स्वान्तिके भूपं श्रीहरिः समवासयत् ।
आमयोऽथाऽभवत्तस्य भूयान् भूरिव्यथाप्रदः ॥५॥
तत्राऽथ स्वं महैश्वर्यं महाश्चर्यावहं शुभम् ।
त्वत्पित्रे क्षोणिपालाय दर्शयामास स प्रभुः ॥६॥
श्रीशुकानन्द उवाच -
सद्वर्यस्याऽऽश्रुत्य तस्येति वाक्यं मोदं प्राप्तः सोऽत्युदारं क्षितीशः ।
तं प्राहैवं प्राञ्जलिर्भक्तिनम्रो वाक्यं शुद्धाऽगाधबोधं मुनीन्द्रम् ॥७॥
तच्चैश्वर्यं श्रीहरेरार्त्तिहारं ब्रह्मन् ! पुण्यं संसृतिच्छेदकारम् ।
श्रुत्या गीत्या चाखिलाघप्रणाशं भद्रं दिव्यं वक्तुमर्हस्युदारम् ॥८॥

શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારી કાયમ સાથે રહેતા હતા. ॥૩॥

એક વખત મહાસમર્થ શ્રીહરિએ સ્વેચ્છાથી માંદગી સ્વીકારી હતી અને શ્રીહરિના પ્રિયભક્ત તમારા પિતાશ્રી દરબાર દાદાખાચર પણ બીમાર થયા હતા. ॥૪॥

પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરને પોતાની પાસે રાખ્યા હતા. તેમની બીમારી ઘણી વધારે પીડા કરનારી હતી. ॥૫॥

પછી ત્યાં મહાપ્રભુ શ્રીહરિએ આપના પિતાશ્રી દરબાર દાદાખાચરને ઘણું આશ્ચર્ય થાય તેવું અને શુભ પોતાનું મહાન્ ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૬॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીના મુખથી મનોહર વાત સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર અત્યંત રાજી થયા. નિર્દોષ અને અગાધ જ્ઞાનવાળા તે સ્વામીજીને હાથ જોડ્યા અને ભક્તિભાવથી નમ્ર પણે તેમણે કહ્યું. ॥૭॥

હે બ્રહ્મન્ ! આપ મને શ્રીહરિનું તે વિશાળ અને શુભ દિવ્ય ઐશ્વર્ય કહો, કારણ કે તે શ્રીહરિનું ઐશ્વર્ય સમગ્ર પીડાને મટાડે છે, પાવનકારી છે, સંસારના બંધનને કાપનારું છે અને શ્રવણ કીર્તનથી બધા જ પાપોનો નાશ કરનારું છે. ॥૮॥

स श्रुत्वैवं सद्‌गुरु स्तस्य राज्ञो वाचं रम्यां हर्षमाप्तो महीतम् ।
इत्थं प्रोचे तं नरेन्द्रं सुवाक्यं ध्यायंश्चित्ते श्रीहरिं स्वेष्टदेवम् ॥९॥
क्ष्मेशं ज्ञात्वाऽथ तातं ते द्रष्टुं रोगार्दितं नृप! ।
मूलाख्यक्षत्रियश्चायात्तत्र जीवाभिधो नृपः ॥१०॥
तौ नत्वाऽथ हरिं साक्षात्तं दृष्ट्वा रोगपीडितम् ।
इत्थं हि वाक्यमब्रूतां न जीविष्यत्ययं हरे ! ॥११॥
इत्थमाकर्ण्य तद्वाक्यं योषितो हि जयादयः ।
रोदनं चक्रिरेऽदभ्रं तथाऽरोदीच्च ते पिता ॥१२॥
ततस्तत्सान्त्वनं कुर्वन् दयार्द्रः सर्वविद्धरिः ।
तत्खेदं शमयन्नित्थं वाक्यं प्रोचेऽमृतोपमम् ॥१३॥
कालमायेश्वरादीनां प्रेरकश्चाक्षरात्परः ।
हेतुरेवावताराणां जानीताऽस्मि किलेत्यहम् ॥१४॥

સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીએ દરબાર શ્રીઅમરાખાચરની સરસ વાત સાંભળી, ઘણું રાજી થયા. પછી મનમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું ધ્યાન કરીને તે પછી દરબારશ્રી આગળ આ રીતે સુંદર વાત કરવા લાગ્યા. ॥૯॥

હે નૃપ ! તમારા પિતા દરબાર શ્રીદાદાખાચર માંદા થયા છે એમ જાણીને તેમને જોવા મળવા માટે દરબારશ્રી જીવાખાચર અને દરબાર શ્રીમૂળુખાચર ત્યાં આવ્યા. ॥૧૦॥

તે બન્ને સાક્ષાત્ શ્રીહરિને પગે લાગ્યા. પછી બીમાર શ્રીદાદાખાચરને જોયા અને વચન બોલ્યા, ''હે હરે ! આ નહિ જીવે'' ॥૧૧॥

તે બન્નેનું વચન સાંભળીને જીવુબા (મોટીબા) આદિ સર્વ સ્ત્રીઓ ખૂબ જ રડવા લાગી અને તે સહુને રડતા દેખીને તમારા પિતા શ્રીદાદાખાચર પણ રડી ગયા. ॥૧૨॥

પછી પરમ દયાળુ સર્વજ્ઞ શ્રીહરિએ સૌને આશ્વાસન આપ્યું અને તેમના દુઃખને ઓછું કરવા અમૃત જેવું વચન બોલ્યા. ॥૧૩॥

કાળ,માયા અને ઈશ્વર આદિનો હું પ્રેરક છું, અક્ષરથકી પર છું, અને સર્વ અવતારોનો હેતું છું, એમ તમે બધા મને સમજો. ॥૧૪॥

त्राणमुत्तमभूपस्य मया कार्यं हि साम्प्रतम् ।
भक्तत्राणोद्यतेनेत्थं सङ्कल्पो विहितो मया ॥१५॥
सत्यव्रतस्य सङ्कल्पो मिथ्याऽसौ भविता न मे ।
तस्माच्चिन्ता न कर्तव्या युष्मामिर्मदुपाश्रितैः) ॥१६॥
नेतुमेनमिहाऽऽयातं कालमुत्तमभूपतिम् ।
सद्यो निवर्तयिष्यामि मत्तस्त्रस्तं सुभीषणम् ॥१७॥
प्रसुप्तोऽथ हरिर्मञ्चे तूर्णमुत्थाय स स्थितः ।
तीग्ममुद्धृतवान् कोशाच्चञ्चतं खड्गमुत्तमम् ॥१८॥
अथेत्यूचे महाशौर्यः श्रीहरिर्भक्तशर्मकृत् ।
जीववर्मनृपादीनां शृण्वतां भूरिवीर्यवान् ॥१९॥
भूपतेरुत्तमस्यास्य भक्तस्यैकान्तिकस्य मे ।
करिष्याम्यवनं कालात्करालान्मत्प्रतापतः ॥२०॥
मदीयेनाऽसिनैतेन रात्रावस्यां कृतांहसाम् ।
भूरिभूभारकाराणां मया कार्यं निबर्हणम् ॥२१॥

''અત્યારે મારે શ્રીદાદાખાચરની રક્ષા કરવાની છે'' આમ, ભક્તોની રક્ષા કરવામાં તત્પર આવા મેં સંકલ્પ કર્યો છે. ॥૧૫॥

''હું સત્યવ્રત છું. મારો સંકલ્પ મિથ્યા નહિ થાય'' તેથી મારા આશ્રિત તમારે તેની ચિંતા ન કરવી. ॥૧૬॥

આ દરબાર શ્રીદાદાખાચરને લેવા માટે કદાચ કાળ આવે તો પણ મારાથી ડરતા તે ભયંકર કાળને હું સત્વરે પાછો વાળીશ. ॥૧૭॥

શ્રીહરિ ખાટલામાં સૂતા હતા. તત્કાળ ઊઠીને ઊભા થઇ ગયા. એક સર્વોત્તમ સારી ચમકતી તીખી તલવારને મિયાનમાંથી બહાર ખેંચી કાઢી. ॥૧૮॥

ભક્તોને સુખકારી શ્રીહરિ એકદમ શૌર્યના આવેશમાં આવી ગયા અને ઘણી વીરતાથી શ્રીજીવાખાચર વગેરે સાંભળે તે રીતે બોલ્યા, ॥૧૯॥

આ દરબાર શ્રીદાદાખાચર મારા એકાંતિક ભક્ત છે, હું મારે પ્રતાપે ભયાનક કાળથી પણ તેનું રક્ષણ કરીશ. ॥૨૦॥

આ રાતમાં જ આ તલવારથી ભૂમિના ભારભૂત પાપીઓનો મારે વિનાશ

मत्कृपाणेन तीक्ष्णेन दुर्गाः कोष्ठा दृढास्तथा ।
कतिचित् पातनीया वै भित्त्वा छित्वा मया तथा ॥२२॥
भूमौ भारोऽस्ति वै भूयानधर्मस्यातिदुःसहः ।
तेन कम्पिष्यते क्षोणिर्यामवत्यामियं जनाः ! ॥२३॥
महिष्ठाऽधर्मभारं तं हरिष्यामि क्षितेरहम् ।
कार्योऽधर्मस्य संहारो निस्त्रिंशेनाऽमुना मया ॥२४॥
सुदर्शनाख्यचक्रस्य शतसंख्यस्य चाऽस्त्यसिः ।
असावस्माज्जगद्धन्ता भृशं कालोऽपि कम्पते ॥२५॥
एतस्योत्तमभूपस्य मुमूर्षां यो विधास्यति ।
करिष्याम्यसिनैतेन तस्य वंशनिकृन्तनम् ॥२६॥
इत्याघुष्य महासिं स मुहुःकोशे प्रवेशयन् ।
निःसारयंश्च तस्याष्टकृत्वश्चोद्धारमाचरत् ॥२७॥
श्रीचैतन्यानन्द उवाच -

કરવો છે. ॥૨૧॥

મારે મારા આ તીક્ષ્ણ કૃપાણથી કેટલાક દઢ કિલ્લાઓને અને કોઠાઓને છિન્ન ભિન્ન કરીને પાડી દેવા છે. ॥૨૨॥

ભૂમિ ઉપર અધર્મનો ઘણો ભાર છે અને તે અતિ અસહ્ય છે. હે ભક્તો! તેથી આજ રાતે ભૂકંપ થશે. ॥૨૩॥

અતિ વધારે પડતો ભૂમિનો ભાર છે, તેને હું ઉતારીશ. આ ખડ્ગથી મારે અધર્મનો સંહાર કરવો છે. ॥૨૪॥

આ તલવાર સો સુદર્શન ચક્રના જેવી છે. આનાથી જગતનો પ્રલય કરનારો કાળ પણ કંપે છે. ॥૨૫॥

આ દરબાર શ્રીદાદાખાચરના મૃત્યુની જે કોઇ ઇચ્છા પણ કરશે, તેના વંશનો ઉચ્છેદ (વિનાશ) હું આ તલવારથી કરીશ. ॥૨૬॥

આવી ઘોષણા કરીને ''તલવારને મિયાન કરે અને તુરંત પાછી ખેંચી કાઢે'' આમ આઠ વખત મિયાનમાં કાઢ ઘાલ કરી. ॥૨૭॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, તે પછી દરબાર શ્રીજીવાખાચર અને દરબાર

जीववर्मा ततो राजा मूलाख्यश्चापि बाहुजः ।
तस्मादुत्थाय तूर्णं तौ निजं जग्मतुरालयम् ॥२८॥
त्वत्पितुश्चाथ भूपस्य मूर्छाऽऽसीद्विस्मृतिप्रदा ।
ततो दर्शयितुं तस्मै स्वैश्वर्यं वाञ्छति स्म सः ॥२९॥
ततस्तदिच्छया कालो जनैरन्यैरलक्षितः ।
निन्ये गणेशधामैनं नरेन्द्रं तु विहायसा ॥३०॥
तत्राऽश्रौषीदथ क्ष्मेशः सनादप्रणवं शुभम् ।
अष्टपत्रं तथाम्भोजं पश्यति स्माऽतिविस्तृतम् ॥३१॥
तत्र सिंहासनेऽपश्यत् सिद्धिबुद्धिसमन्वितम् ।
पुत्राभ्यां शुभलाभाभ्यां संयुक्तं गणपं नृपः ॥३२॥
तावत्तत्रागतं स्वेष्टं सर्वप्राण्येकसाक्षिणम् ।
हरिं वीक्ष्योत्तमो राजा प्राणमत् प्रेमविह्वलः ॥३३॥
दृष्ट्वोत्थाय गणेशस्तु श्रीहरिं तं च भूपतिम् ।

શ્રીમૂળુખાચર, આ બન્ને ત્યાંથી તત્કાળ ઊઠ્યા અને પોતાનો ઘેર ગયા. ॥૨૮॥

તે પછી તમારા પિતાશ્રી દાદાખાચરને બધું ભુલાવી દેનારી મૂર્છા આવી ગઈ. પછી શ્રીહરિએ તેમને પોતાનું ઐશ્વર્ય બતાવવાનો સંકલ્પ કર્યો. ॥૨૯॥

તે સમયે શ્રીહરિની ઈચ્છાથી કોઈને ખબર પણ ન પડે તેમ કાળ આવ્યો. અને દરબાર શ્રીદાદાખાચરને આકાશ માર્ગે ગણપતિને સ્થાનકે લઈ ગયો. ॥૩૦॥

ત્યાં તેમણે ૐ કારનો ધ્વનિ સાંભળ્યો અને આઠ પાંખડીવાળું અતિ વિશાળ કમળ જોયું. ॥૩૧॥

દરબાર શ્રીદાદાખાચરે તે કમળ ઉપર સિંહાસન દેખ્યું અને તેના ઉપર સિદ્ધિ તથા બુદ્ધિ (બે પત્નીઓ) તથા શુભ અને લાભ બે પુત્ર સહિત ગણપતિના દર્શન કર્યા. ॥૩૨॥

તેટલી વારમાં તો સમગ્ર પ્રાણીઓના એક સાક્ષી આવા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ ત્યાં પધાર્યા છે તેમ જોઈને પ્રેમ વિહ્વળ શ્રીદાદાખાચર તેમને પગે લાગ્યા. ॥૩૩॥

શ્રીગણેશજી તો શ્રીહરિને અને શ્રીદાદાખાચરને જોઈને ઊભા થઈ ગયા,

नत्वा दिव्योपचारैस्तं हरिं तं चार्चयन्नृपम् ॥३४॥
स कृत्वाऽथ स्तुतिं तस्य नृत्यं चैवाग्रतो व्यधात् ।
स्वतन्त्रोऽथ हरिस्तूर्णं तिरोऽभूत्तत्र लीलया ॥३५॥
भूपं कालोऽथ तं निन्ये श्रीहरेस्तु वियोगिनम् ।
स्वं महाकालधामाख्यं स्थानं धार्मीक्षणोत्सुकम् ॥३६॥
अथ कालं महीपालः सोऽपश्यद्भीषणाकृतिम् ।
विश्वसंहारकर्तारं वीर्यशौर्यबलान्वितम् ॥३७॥
हस्तसाहस्रसंयुक्तं सहस्राऽऽयुधधारिणम् ।
ललाटैकेक्षणं क्रूरं त्रिमूर्ध्नानं द्विलोचनम् ॥३८॥
किञ्चित् त्रासं करालं तं यावद् दृष्ट्वाऽगमन्नृपः ।
तावत्तत्राऽऽव्रजत्तूर्णं खड्गपाणिर्हरिः परः ॥३९॥
तं विलोक्याऽथ सर्वेशं कम्पमानो भयाकुलः ।
वंदमानो व्यधात् तस्य स्तुतिं कालोऽपि सत्पतेः ॥४०॥

પગે લાગ્યા અને દિવ્ય ઉપચારોથી તે બન્નેની પૂજા કરી. ॥૩૪॥

પછી શ્રીહરિની સ્તુતિ કરી અને તેમની આગળ નૃત્ય કર્યું. તે પછી સ્વતન્ત્ર આવા શ્રીહરિ તો લીલામાત્રમાં તુરંત ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. ॥૩૫॥

પછી શ્રીહરિના વિયોગવાળા અને તેમના દર્શન કરવામાં ઉત્સુક આવા દરબાર શ્રીદાદાખાચરને કાળ ''મહાકાળધામ'' નામનું જે સ્થાન હતું ત્યાં લઈ ગયો. ॥૩૬॥

શ્રીદાદાખાચરે ત્યાં દેખાવમાં અતિ ભયંકર આવા મહાકાળને જોયા. આ મહાકાળ વિશ્વનો સંહાર કરે છે, વીર્ય, શૌર્ય અને બળથી તે ભરપૂર હોય છે, તેને એક હજાર હાથ હોય છે, એક હજાર આયુધને પકડે છે, દેખાવમાં અતિ ક્રૂર છે, તેને ત્રણ મસ્તક છે, એક આંખ કપાળમાં છે, બે આંખ યથાસ્થાન છે, ॥૩૮॥

આવા કાળને દેખીને શ્રીદાદાખાચરના મનમાં જ્યાં થોડોક ત્રાસ ઊપજે છે તેટલી વારમાં તો હાથમાં તલવાર લઈને પરમેશ્વર શ્રીહરિ ત્યાં ફરીવાર આવી પહોંચ્યા. ॥૩૯॥

સર્વેશ્વર શ્રીહરિને જોઈને તે વખતે ભયાકુળ સ્થિતિમાં ધ્રૂજતો અને વંદન

कालकाल ! महाराज ! शरणागतरक्षक ! ।
दीने क्षमां कुरु स्वामिन् ! प्रपन्ने किङ्करे मयि ॥४१॥
श्रीहरिरु वाच –
एतमुत्तमभूपालं प्राप्तं मामवतारिणम् ।
काल ! हन्तुं न शक्तस्त्वं महामुक्तोऽस्त्ययं यतः ॥४२॥
अत्राऽऽनीतः कथं धीमन्नुत्तमोऽयं नृपस्त्वया ।
मत्पादाम्बुजयोर्नित्यं मिलिन्दीभूतमानसः ॥४३॥
सोऽतित्रस्तोऽथ कालस्तं प्राहेशं प्राञ्जलिर्वचः ।
त्वामसौ द्रष्टुकामेन मया नीतस्त्विह प्रभो ! ॥४४॥
अन्यथा गणपस्थानं मत्स्थानं चैतदार्त्तिहन् ! ।
कथं त्वत्पादपद्माङ्कैरङ्कितं स्याच्च पावनम् ॥४५॥
तस्मादत्र समानीतस्त्वद्भक्तोऽसौ मया प्रभो! ।

કરતો મહાકાળ પુરુષ પણ સત્પત્તિ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યો. ॥૪૦॥

કાળના પણ કાળ હે મહારાજ ! જે શરણાગતરક્ષક ! હે સ્વામિન્ ! હું દીન છું, આપને શરણે છું, આપનો દાસ છું, તો મને માફ કરો. ॥૪૧॥

શ્રીહરિએ કહ્યું, આ દરબાર શ્રીદાદાખાચર, મારે અવતારીને શરણે થયેલા છે. માટે હે કાળ ! તું આનું મૃત્યુ કરી શકીશ નહિ, કારણ કે આ તો મહાન્ મુક્ત છે. ॥૪૨॥

હે ધીમન્ ! મારા ચરણારવિંદમાં ભમરાની જેમ પોતાના મનને નિરંતર જોડી રાખનારા આ દરબાર શ્રીદાદાખાચરને તમે અહીં લાવ્યા જ કેમ ? ॥૪૩॥

પછી શ્રીહરિથી અત્યંત ડરી ગયેલા તે કાળપુરુષે હાથ જોડીને શ્રીહરિ આગળ વચન કહ્યું, હે પ્રભો ! આપના દર્શનની ઈચ્છાથી તથા આપની અહીં પધરામણી કરવા માટે હું શ્રીદાદાખાચરને અહીં લાવ્યો છું. ॥૪૪॥

પીડાઓને શાંત કરનારા હે પ્રભો ! જો હું આને ન લાવું તો મારું સ્થાન અને શ્રીગણપતિજીનું સ્થાન આપના ચરણ કમળથી પ્રસાદીનું કે પાવન કેમ થાય ! ॥૪૫॥

હે પ્રભો ! તેટલા માટે જ હું આપના ભક્ત શ્રીદાદાખાચરને અહીં લાવ્યો

अत एवाऽपराधं मे त्वमेतं क्षन्तुमर्हसि ॥४६॥
इत्थं सम्प्रार्थ्य तं कालो वाक्यमित्यब्रवीत्प्रभुम् ।
स्वामिन् ! सर्वेश्वरेशस्त्वं भक्तं ते नय सद्‌गुणम् ॥४७॥
अथ तत्पादयोस्तूर्णं पतित्वा दण्डवद् व्यधात् ।
दिव्यैर्नानोपचारैस्तं सोऽर्चयामास सादरम् ॥४८॥
ततस्तं श्रीहरिर्भूपं सूर्यमण्डलवर्तिनम् ।
श्रीमद्धरिण्यगर्भाख्यं भगवन्तं ह्युपानयत् ॥४९॥
ततस्तस्याऽकरोद्भक्त्या स्तुतिं स श्रीहरेर्मुदा ।
स्तूयमानस्य सद्वृन्दैः शेषब्रह्मशिरोमुखैः ॥५०॥
ततो द्वादश सूर्यास्तं वालखिल्यर्षयस्तथा ।
आर्चयन्नुपचारैस्तत्स्तुतिं चक्रुश्च भक्तितः ॥५१॥
राजन् ! विभुर्हरिरथाऽऽश्रितभक्तभर्ता स्वातिप्रसक्तमनसं सुधियं नृपंतम्।
वैकुण्ठधाम समदर्शयदार्यमान्यं तेजोमयं रुचिरमीक्षणलोभिशोभम्॥

છું. માટે મારા આ અપરાધને આપ ક્ષમા આપો, માફ કરો. ॥૪૬॥

મહાકાળ પુરુષે પ્રભુ શ્રીહરિની આ પ્રમાણે પ્રાર્થના કરી અને તે પછી તેણે કહ્યું, હે સ્વામિન્ ! આપ સર્વ બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર છો, આપ પોતાના સદગુણી ભક્તને લઈ જાઓ. ॥૪૭॥

પછી તેણે સત્વરે શ્રીહરિના ચરણમાં પડીને દંડવત પ્રણામ કર્યા અને અનેક પ્રકારના ઉપચારોથી આદર પૂર્વક પૂજા કરી. ॥૪૮॥

પછી શ્રીહરિ દરબાર શ્રીદાદાખાચરને લઈને સૂર્યમંડળમાં રહેલા ભગવાન શ્રીહિરણ્યગર્ભની પાસે ગયા. ॥૪૯॥

પછી ત્યાં ઋષિ મુનિઓ શેષ અને ઉપનિષદ્‌ની શ્રુતિઓ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા હતા. ત્યારે શ્રીહિરણ્યગર્ભે પણ ભક્તિભાવથી તેમની સ્તુતિ કરી. ॥૫૦॥

પછી બાર સૂર્યો અને વાલખિલ્યાદિ ઋષિઓએ અનેક ઉપચારોથી પૂજા કરી અને ભક્તિભાવથી સ્તુતિ કરી. ॥૫૧॥

હે રાજન્ ! આશ્રિત ભક્તોનું ધારણ પોષણ કરનારા મહાસમર્થ શ્રીહરિએ પોતાને વિષે પ્રેમથી મનને જોડી રાખનારા સુબુદ્ધિ દરબાર શ્રીદાદાખાચરને વૈકુંઠ

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये उत्तमभूपाय श्रीहरिप्रदर्शितनिजैश्वर्यादिनिरू पणं नाम द्विपञ्चा-शत्तमोऽध्यायः ॥५२॥

अथ त्रिपञ्चाशत्तमोऽध्यायः

त्रिपञ्चाशे क्षितीशायोमाय कारिता दृशिः ।
निजावतारितायाश्च वैकुण्ठस्य परस्य या ॥

श्रीचैतन्यानन्द उवाच -

धाम्नि तस्मिन् हि वैकुण्ठे लक्ष्मीनारायणो नृप ! ।
श्रीहरिं स्वासने नत्वा सादरं तं न्यषीषदत् ॥१॥
ततश्चन्दनपुष्पाद्यैर्हरिं दिव्योपचारकैः ।
विचित्रैरर्चयाञ्चक्रे तथा तस्याऽकरोत् स्तुतिम् ॥२॥
इत्यथाऽऽहोत्तमं भूपं श्रीहरिः प्रच्छ भूपते ! ।
लक्ष्मीनारायणं शान्तं स्वीयभक्तार्तिहारिणम् ॥३॥

ધામ બતાવ્યું. વૈકુંઠધામને વિદ્વાનોએ શાસ્ત્રોમાં માન્યું છે, જણાવ્યું છે, તે અતિ તેજોમય છે, અધિક સુંદર છે અને તેની શોભા આંખોને લલચાવે છે. ॥૫૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૫૨ સમાપ્ત

અધ્યાય-૫૩

શ્રીદાદાખાચરને વૈકુંઠધામનું અને અવતારીપણાનું દર્શન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! વૈકુંઠ ધામમાં શ્રીલક્ષ્મીનારાયણ ભગવાને શ્રીહરિને પ્રણામ કરીને આદર સાથે પોતાને આસને પધરાવ્યા. ॥૧॥

પછી જાતજાતના ચંદન પુષ્પાદિ દિવ્ય ઉપચારોથી પૂજા કરી અને સ્તુતિ કરી. ॥૨॥

પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરને કહ્યું, નિજભક્તોની પીડાને ટાળનારા શાંત મૂર્તિ આ શ્રીલક્ષ્મીનારાયણ દેવને તમે પૂછો. ॥૩॥

सर्वेषां चावताराणां कारणं किं नु माधव ! ।
असि त्वं वा हरिः किंस्वित् विद्यतेऽयं समग्रवित् ॥४॥
उत्तमोऽथेति तं प्रोचे लक्ष्मीनारायणं नृपः ।
त्वं नु सर्वाऽवताराणां कारणं भवसि प्रभो ! ॥५॥
उताऽसौ श्रीहरिस्तेषां कारणं किन्तु विद्यते ।
पृष्टस्तेनेति स प्रीत्या तमिदं वाक्यमब्रवीत् ॥६॥
असौ सर्वावताराणां कारणं वर्तते हरिः ।
अस्मि तस्याऽवतारोऽहं धीमन् ! विद्धीति निश्चितम् ॥७॥
ईशा वशेऽस्य वर्तन्ते कालामायाऽक्षरादयः ।
तस्मात्सर्वपरश्चायं नास्त्यस्मात्कोऽपि वै परः ॥८॥
त्वद्गेहेऽसौ हरिः साक्षाद्योगिदुर्लभदर्शनः ।
वसत्येवाऽवताराणां स्वतन्त्रः कारणं नृप ! ॥९॥
तस्मात्त्वं जन्मसाफल्यं कृतार्थत्वं तथा गतः ।
भूरिसन्मानपात्रत्वं यातो धन्योऽसि सन्मते ! ॥१०॥

હે માધવ ! સર્વ અવતારોનું કારણ શું આપ છો ? કે આ સર્વજ્ઞ શ્રીહરિ છે ? ॥૪॥

પછી શ્રીદાદાખાચરે શ્રીલક્ષ્મીનારાયણ દેવને કહ્યું કે "હે પ્રભો ! સર્વ અવતારોનું કારણ શું આપ છો કે આ શ્રીહરિ છે ?" ત્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવે તેમને પ્રેમથી કહ્યું. ॥૬॥

આ શ્રીહરિ સર્વ અવતારોનું કારણ છે અને હે ધીમન્ ! હું તો તેમનો અવતાર છું. એમ તમે જાણો. ॥૭॥

કાળ, માયા અને અક્ષર આદિ ઈશ્વરો આમની આજ્ઞામાં રહે છે. તેથી આ શ્રીહરિ સર્વથી પર છે, આમનાથી કોઇ બીજો પર નથી. ॥૮॥

હે નૃપ ! આ શ્રીહરિના દર્શન યોગીઓને પણ દુર્લભ છે, તે સર્વ અવતારોનું કારણ અને સ્વતન્ત્ર છે, છતાં તમારે ઘેર સાક્ષાત્ વસીને રહ્યા છે. ॥૯॥

હે સન્મતે ! તેથી તમારો જન્મ સફળ થયો છે અને તમે કૃતકૃત્ય થયા છો, તમે પુષ્કળ સન્માનને પાત્ર થયા છો, માટે તમને ધન્ય છે. ॥૧૦॥

पथ्यमर्थ्यमितं तथ्यं स श्रुत्वेत्थं हि तद्वचः ।
जानंस्तदीयमाहात्म्यं मुदं प्रापन्महीयसीम् ॥११॥
स निन्येऽथोत्तमं भूपं श्रीहरिः स्वानुवर्तिनम् ।
गोपगोपीगणैर्जुष्टं गोलोकं धाम भास्वरम् ॥१२॥
उत्थायाऽनम्य कृष्णस्तं भूरिस्नेहेन चास्वजत् ।
न्यषीषदन् मुदा दिव्ये स्वासने सादरं हरिम् ॥१३॥
दिव्यरू पा हि तत्रत्याः प्रहृष्टाः पार्षदा हरिम् ।
प्राणमत् प्रचुरप्रीत्या गोपगोपीगणास्तथा ॥१४॥
श्रीहरौ प्रश्रयस्तेषां दृष्ट्वा विस्मितमानसः ।
प्रापदुत्तमभूपालो महानन्दं हरिप्रियः ॥१५॥
दिव्यैरथोपचारैस्तं गन्धमाल्यादिभिर्वरैः ।
श्रीकृष्णोऽपूजयत्प्रीत्या स्तुत्यं तुष्टाव चादरात् ॥१६॥

શ્રીદાદાખાચરે શ્રીલક્ષ્મીનારાયણ દેવનું વચન સાંભળ્યું. તે વચન હિતકારી અર્થભરેલું, સત્ય અને થોડું હતું. છતાં તેનું માહાત્મ્ય સમજતા હતા તેથી તેમને અપાર આનંદ થયો. ॥૧૧॥

પછી શ્રીહરિ પોતાની પાછળ ચાલ્યા આવતા દરબાર શ્રીદાદાખાચરને ગોવાળો અને ગોપીઓના જૂથથી ભરેલા તેજસ્વી ગોલોક ધામમાં લઈ ગયા. ॥૧૨॥

તેમને જોઈને શ્રીકૃષ્ણ ઊભા થયા, પ્રણામ કર્યા અને ઘણા સ્નેહથી ભેટી પડ્યા. પછી પોતાના દિવ્ય આસન ઉપર આદર સાથે પ્રેમથી શ્રીહરિને પધરાવ્યા. ॥૧૩॥

ગોલોક ધામના દિવ્ય પાર્ષદો ઘણું પ્રસન્ન થયા અને પગે લાગ્યા તથા ગોવાળો અને ગોપીઓના જૂથો પણ અપાર પ્રેમથી શ્રીહરિને પગે લાગ્યા. ॥૧૪॥

શ્રીહરિની આગળ ગોલોકવાસીઓનો વિનય દેખીને શ્રીહરિના પ્રિય દરબાર શ્રીદાદાખાચર મનમાં અત્યંત આશ્ચર્ય પામ્યા અને ખૂબ જ રાજી થયા. ॥૧૫॥

પછી શ્રીકૃષ્ણ ભગવાને સારા ચંદન અને પુષ્પહાર આદિ દિવ્ય ઉપચારોથી પ્રેમસહિત શ્રીહરિની પૂજા કરી. અને સ્તુતિ કરવા યોગ્ય તેમની આદરેસહિત સ્તુતિ કરી. ॥૧૬॥

पूर्ववत्प्रेरितस्तेन प्रेयसा हरिणा ततः ।
कृष्णं पप्रच्छ राजा तं प्रश्रयावनतः सुधीः ॥१७॥
सर्वेषामवताराणां कारणं त्वं नु वर्तसे ।
श्रीहरिः किं न्वसौ साक्षात् सर्वाविर्भावकारणम् ॥१८॥
इत्याकर्ण्यैव तद्वाक्यं कृष्णः प्रीतमनाः प्रभुः ।
मन्दहास्याननः श्रीमान् प्राहेत्थं तं नरेश्वरम् ॥१९॥
नन्वशेषावताराणां हेतुरेवाऽस्त्यसौ हरिः ।
कालमायेश्वरादीनां नियन्ता सर्वतः परः ॥२०॥
अस्मि चास्याऽवतारोऽहं सर्वप्राण्यन्तरात्मनः ।
नानाऽतर्क्योरु शक्तीनामाश्रयस्याद्भुताकृतेः ॥२१॥
गोपा गोप्यस्ततोऽनृत्यन् हरेरग्रेऽखिलेशितुः ।
दृष्ट्वा तत्ते पिताऽहृष्यद्रासमण्डलखेलनम् ॥२२॥
अक्षरं स ततो दिव्यं धाम तेजोमयं हरिः ।

પછી પૂર્વની જેમ પરમપ્રિય શ્રીહરિએ પ્રેરેલા સદ્‌બુદ્ધિમાન્ દરબાર શ્રીદાદાખાચરે વિનયથી નમ્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનને પૂછ્યું, ॥૧૭॥

સર્વ અવતારોનું કારણ આપ છો કે આ સાક્ષાત્ શ્રીહરિ સર્વ અવતારોનું કારણ છે ? ॥૧૮॥

શ્રીદાદાખાચરનું વચન સાંભળીને પ્રભુ શ્રીકૃષ્ણ મનમાં પ્રસન્ન થયા. મુખ ઉપર આછું મધુરું હાસ્ય પ્રકટ કરીને તે દરબારશ્રીને આમ કહેવા લાગ્યા. ॥૧૯॥

ખરેખર સર્વ અવતારોનું કારણ આ શ્રીહરિ છે અને કાળ,માયા તથા ઈશ્વર આદિના નિયંતા છે અને સર્વથી પર છે. ॥૨૦॥

આ સમગ્ર પ્રાણીઓના સાક્ષી છે, કલ્પી ન શકાય તેટલી અને તેવી અનેક શક્તિઓનો આશ્રય છે અને આમનું સ્વરૂપ અદ્‌ભુત છે. હું તો આમનો અવતાર છું. ॥૨૧॥

સર્વ નિયંતા શ્રીહરિની આગળ ગોવાળો અને ગોપીઓ નાચવા લાગી. રાસમંડળની ક્રીડા અને બીજુ બધું જોઈને તમારા પિતા શ્રીદાદાખાચર ખૂબ જ ખુશ થયા. ॥૨૨॥

स्वावासं भूपतिं निन्ये सर्वधामविभूषणम् ॥२३॥
ततस्तत्राऽक्षरं मूर्तं हरेस्तस्यावतारिणः ।
दिव्यगन्धादिभिः पूजां व्यधाद्दिव्योपचारकैः ॥२४॥
दिव्यतेजोमयाकारा मुक्ताश्चाक्षरसंज्ञकाः ।
दिव्यनानोपचारैस्तत्सपर्यां चक्रुरादरात् ॥२५॥
तत्र सिंहासने हैमे दिव्यां सन्मणिराजिते ।
स्थितां तेजोमयीं मूर्तिं हरेः सोऽपश्यदद्भुताम् ॥२६॥
ततस्तस्यां हरेर्मूर्तौ लीना मूर्तिरभूदियम् ।
तस्यास्तामथसोऽपश्यत् पृथग्भूतां मनोहराम् ॥२७॥
तद्धामस्थाऽपि सा मूर्त्तिर्हरावस्मिन् व्यलीयत ।
पृथग्भूताऽथ सा तस्मान्यषीदत्स्वोत्तमासने ॥२८॥
दृष्ट्वेत्थं बुद्धिमान् राजा महाश्चर्यं मुदं गतः ।
तयोर्मूर्त्त्योर्द्वयोरैक्यं निश्चिकायातिरम्ययोः ॥२९॥

તે પછી શ્રીહરિ પોતાના સ્વરૂપમાં પ્રેમથી જોડાયેલા દરબાર શ્રીદાદાખાચરને અક્ષરધામમાં લઈ ગયા કે જે અત્યંત તેજોમય અને દિવ્ય છે તથા સર્વ ધામોનું શિરોમણિ છે. ॥૨૩॥

ત્યાં મૂર્તિમાન્ અક્ષરે દિવ્ય ચંદન અને પુષ્પહાર આદિ ઉપચારોથી અવતારી શ્રીહરિની પૂજા કરી. ॥૨૪॥

ત્યાં અક્ષરમુક્તો દિવ્ય તેજોમય સ્વરૂપે હતા, તેમણે આદરભાવથી અનેક દિવ્ય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૫॥

ત્યાં સર્વોત્તમ મણિઓથી શોભતા દિવ્ય સોનાના સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિની તેજોમય અદ્‌ભુત મૂર્તિના શ્રીદાદાખાચરે દર્શન કર્યા. ॥૨૬॥

પછી શ્રીહરિની તે મૂર્તિમાં આ મૂર્તિ લીન થઈ ગઈ હોય તેમ દેખ્યું અને ફરી તે મૂર્તિમાંથી અલગ પડેલી આ મનોહર મૂર્તિના પણ દર્શન થયા. ॥૨૭॥

ધામમાં રહેલી તે મૂર્તિ શ્રીહરિની આ મૂર્તિમાં લીન થઈ ગઈ. વળી તેથી અલગ પડીને તે મૂર્તિ પોતાને ઉત્તમ આસને વિરાજમાન થઈ. ॥૨૮॥

બુદ્ધિમાન્ દરબારશ્રી દાદાખાચર આ પ્રમાણે બધું દેખીને ખૂબ જ આશ્ચર્ય

तद्धामावासतन्मूर्तेर्हरेश्चास्याऽद्भुताकृतेः ।
सोऽणुमात्रमपि क्ष्मेशो भेदं नाऽवैन्निजान्तरे ॥३०॥
सोऽवतारांस्ततस्तस्यां स्वेष्टदेवस्य चाकृतौ ।
श्रीहरेर्लीनतां प्राप्तान्प्रैक्षतैवोत्तमो नृपः ॥३१॥
तस्मात्सर्वावताराणां कारणं तं हरिं परम् ।
कालमायेश्वरादीनां नियन्तारं स चाऽविदत् ॥३२॥
श्वेतद्वीपं ततस्तस्मै दर्शयामास स प्रभुः ।
उत्थायाऽथाऽभ्यगात्प्रीत्या वासुदेवो विलोक्य तम् ॥३३॥
ततो हस्तेन तत्पाणिं गृहीत्वा स्वासने हि सः ।
निषाद्यैवाऽर्च्चयत्प्रीत्या दिव्यनानोपचारकैः ॥३४॥
ततो निरन्नमुक्तास्तं भक्तिधर्मौ तथोत्तमैः ।
पूजयाञ्चक्रिरे दिव्यैर्विचित्रैश्चोपचारकैः ॥३५॥

ચકિત થયા તથા અત્યંત આનંદ પામ્યા. ॥૨૯॥

દરબાર શ્રીદાદાખાચરના મનમાં ધામમાં સ્થાયી રહેલી મૂર્તિ અને પોતે જેની સાથે અક્ષરધામમાં ગયા છે તે મૂર્તિ, આ બેમાં એક અણુ જેટલો પણ ભેદ, તફાવત ન જણાયો. ॥૩૦॥

શ્રીદાદાખાચરે તો ધામની મૂર્તિમાં અને પોતાના ઈષ્ટદેવની મૂર્તિમાં લીન થયેલા અવતારોના દર્શન કર્યા. ॥૩૧॥

તેથી તેમણે શ્રીહરિને સર્વ અવતારોનું કારણ જાણ્યા અને કાળ, માયા તથા ઈશ્વર આદિના નિયંતાના રૂપમાં પણ તેમને માન્યા. ॥૩૨॥

આ પછી પ્રભુ શ્રીહરિએ તેમને શ્વેતદ્વીપ ધામ દેખાડ્યું. શ્રીહરિને આવ્યા જાણીને શ્રીવાસુદેવ નારાયણ તત્કાળ ઊઠ્યા અને પ્રેમથી તેમની સામે ગયા. ॥૩૩॥

આગળ ચાલીને તેમણે શ્રીહરિના હાથને પોતાના હાથથી પકડ્યો અને પોતાને આસને તેમને પધરાવ્યા. પછી અનેક પ્રકારના દિવ્ય ઉપચારોથી પ્રેમપૂર્વક તેમની પૂજા કરી. ॥૩૪॥

અને પછી ત્યાં રહેનારા નિરન્નમુક્તોએ પણ ભક્તિધર્મની અને શ્રીહરિની અનેક પ્રકારના દિવ્ય શુભ ઉપચારોથી પૂજા કરી. ॥૩૫॥

ततस्तत्र जया राजा सोऽपश्यद्दिव्यरुपिणीम् ।
इत्यथोचे स तं भूपं वासुदेवस्तपोनिधिः ॥३६॥
हेतुरेवावताराणामस्त्यसौ श्रीहरिर्नृप ! ।
कालमायेश्वरादीनां नियन्ता चाक्षरात्परः ॥३७॥
त्वमेतं श्रीहरिं साक्षात्संप्राप्तोऽस्यन्यदुर्लभम् ।
धीमन् ! धन्यः कृतार्थस्त्वं महाभाग्योऽसि सत्प्रियः ॥३८॥
अथ श्रीवासुदेवस्तं प्राहैवं श्रीहरिं वचः ।
स्थापनीयस्त्वया सार्धं चाऽहं सर्वावतारिणा ॥३९॥
तेनेत्युक्तस्ततो राज्ञा श्रीहरिस्तेन चाच्युतः ।
तपोनिष्ठमुनिप्रेष्ठं बदर्याश्रममागमत् ॥४०॥
अथोत्थायाऽभ्युपेत्य स्वे विष्टरे तं न्यषीषदत् ।
नरनारायणो दिव्यैरुपचारैरथाऽर्च्चयत् ॥४१॥
स्तुतिं तस्याऽथ सोऽकार्षीद्वेदमन्त्रैर्यथोचितम् ।

પછી શ્રીદાદાખાચરે ત્યાં દિવ્યસ્વરૂપે રહેલા જીવુબાને (મોટીબાને) દેખ્યા. પછી તપોનિધિ શ્રીવાસુદેવનારાયણે શ્રીદાદાખાચરને આ પ્રમાણે કહ્યું. ॥૩૬॥

"હે નૃપ ! આ શ્રીહરિ સર્વ અવતારોના હેતુ (કારણ) છે, કાળ,માયા તથા ઈશ્વર આદિકના નિયંતા છે અને અક્ષર થકી પણ પર છે. ॥૩૭॥

હે ધીમન્ ! બીજાને દુર્લભ આવા સાક્ષાત્ શ્રીહરિનું શરણ તમને મળ્યું છે, સંતોના પ્રિય આવા તમે ધન્ય છો, કૃતાર્થ છો અને મહાન્ ભાગ્યશાળી છો." ॥૩૮॥

પછી શ્રીવાસુદેવનારાયણે શ્રીહરિ આગળ આવું વચન કહ્યું કે સર્વાવતારી આપ પોતાની સાથે મને સ્થાપજો. ॥૩૯॥

શ્રીવાસુદેવ નારાયણે આમ કહ્યું ત્યારે નિર્વિકારી પ્રભુ શ્રીહરિ શ્રીદાદાખાચરને સાથે લઈને તપોનિષ્ઠ મુનિઓના પ્રિય બદરિકાશ્રમમાં પધાર્યા. ॥૪૦॥

શ્રીહરિને પધાર્યા જોઈને શ્રીનરનારાયણ પ્રભુ ઊભા થયા, સામે જોઈને તેમને પોતાને આસને પધરાવ્યા. પછી દિવ્ય ઉપચારોથી તેમની પૂજા કરી. ॥૪૧॥

પછી તેમણે યથોચિત રીતે વેદમંત્ર બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. પછી

प्राहाथैवं तमुर्वीशं सुधातुल्यं हितं वचः ॥४२॥
भवाम्यस्यावतारोऽहं हेतुरेवाऽस्त्यसौ हरिः ।
सर्वेषां चावताराणां मायेशादेर्नियामकः ॥४३॥
आत्मतन्त्रं च सर्वज्ञं परस्मादक्षरात्परम् ।
हरिं प्राप्तोऽसि धन्यस्त्वं महाभाग्योऽसि सत्तम ! ॥४४॥
नरनारायणो लीनस्ततो मूर्तौ हरेरभूत् ।
प्रथग्भूतोऽथ तन्मूर्तेरभूत्सोऽतिप्रियेक्षणः ॥४५॥
ततो देहानुसन्धानं सम्प्राप्तः श्रीहरीच्छया ।
सोऽप्यगात्तद्गृहं राजा श्रीहर्यासक्तमानसः ॥४६॥
चकम्पे भूस्ततो रात्रौ तेन दुर्गाः किलाऽपतन् ।
कोष्ठाश्च भूरिशो दैत्याः प्रापुर्नाशं सहस्त्रशः ॥४७॥
प्रातस्ततो हि तद्गेहाद् दक्षिणस्यां दिशि प्रभुः ।
श्रीहरिश्चापि स क्ष्मेशो वेद्यामुच्चैर्न्यषीदताम् ॥४८॥

દરબાર શ્રીદાદાખાચરને અમૃત જેવું હિતકારી વચન આ રીતે કહ્યું, ॥૪૨॥

"હું આ શ્રીહરિનો અવતાર છું. અને શ્રીહરિ સર્વ અવતારોનું કારણ છે અને માયા ઈશ્વર આદિના નિયંતા પણ છે. ॥૪૩॥

હે અતિ સજજન ! શ્રીહરિ સ્વતંત્ર છે, સર્વજ્ઞ છે, પર આવા અક્ષર થકી પણ પર શ્રીહરિ તમને પ્રાપ્ત થયા છે, માટે તમને ધન્યવાદ છે અને તમે મહાન્ ભાગ્યશાળી છો." ॥૪૪॥

પછી શ્રીનરનારાયણ પ્રભુ શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા અને થોડીવારે તેમાંથી અલગ પ્રકટ્યા. તેમના દર્શન અત્યંત મનોહર હતા. ॥૪૫॥

પછી શ્રીહરિની ઈચ્છાથી દરબાર શ્રીદાદખાચરને દેહનું અનુસંધાન થયું અર્થાત્ તેઓ સમાધિમાંથી જાગ્યા. શ્રીહરિના સ્વરૂપમાં મનને જોડી રાખનારા દરબારશ્રી દાદાખાચર તે પછી પોતાને ઘેર નિવાસ સ્થાને ગયા. ॥૪૬॥

પછી રાતે ભૂકંપ થયો. તેથી ઘણા કિલ્લાઓ પડી ગયા, અનેક કોઠાઓ ભાંગી ગયા અને હજારો દૈત્યોનો નાશ થયો. ॥૪૭॥

પછી સવારે પ્રભુ શ્રીહરિ અને દાદાખાચર બન્ને તે ફરજાથી દક્ષિણ દિશામાં

स्वाऽसक्तोऽथ क्षितीशस्तं तद्वृत्तान्तं हरिं मुदा ।
प्राह श्रुत्वेति तत्प्रीत्या मन्दं मन्दं च सोऽहसत् ॥४९॥
तावत्तत्राऽऽययौ दिव्यो वासुदेवाकृतिं वराम् ।
आदाय पार्षदो मूर्तिं तस्मै दिव्यामदर्शयत् ॥५०॥
तां गृहीत्वाऽथ स प्रीतो मूर्तिं रम्यां विलोकयन् ।
अर्प्यमाणं धनं तेन नाऽग्रहीद्धरिणैव सः ॥५१॥
स्नात्वाऽथाऽहं त्विहाऽऽयास्ये गदित्वेत्थं स चाऽगमत् ।
ततः सोऽन्वेष्यमाणोऽपि क्वापि नाप्तो पदातिभिः ॥५२॥
करियानापुरावास उन्नडाख्यः क्षितीश्वरः ।
तत्रस्थः सोऽवदद्वाक्यं साञ्जलिः श्रीहरिं नृप ! ॥५३॥
भूमन्नाकलितं चैतदस्माभिश्चरितं तव ।
गुह्यं चेद् ब्रूहि नो भक्तान् ब्रूयात् स्निग्धान् रहो गुरुः ॥५४॥

ઊંચો ઓટો હતો તે ઉપર આવીને બેઠા. ॥૪૮॥

પછી શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમાસક્ત દરબાર શ્રીદાદાખાચરે આગલા દિવસની સમાધિનું બધું વૃત્તાંત પ્રેમથી શ્રીહરિને કહ્યું. તે સાંભળીને શ્રીહરિ અતિ મધુર અને આછું હસ્યા. ॥૪૯॥

તેવા સમયમાં ત્યાં એક દિવ્ય પાર્ષદ શ્રીવાસુદેવનારાયણની સુંદર દિવ્ય મૂર્તિ લઈને આવ્યો. અને શ્રીહરિને તે બતાવી. ॥૫૦॥

રમણીય મૂર્તિને જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા અને મૂર્તિ તેની પાસેથી લીધી. શ્રીહરિ તે મૂર્તિના મૂલ્યનું ધન તેને આપવા લાગ્યા છતાં પાર્ષદે તે ન લીધું. ॥૫૧॥

"હું સ્નાન કરીને હમણાં જ અહીં આવીશ." આમ કહીને તે પાર્ષદ ચાલતો થયો. પછી શ્રીહરિના પાર્ષદો તેને ખોળવા ગયા, છતાં તે ક્યાંય મળ્યો નહિ. ॥૫૨॥

હે નૃપ ! તે વખતે કરિયાણાના દરબારશ્રી ઉનડખાચર ગઢપુર આવ્યા હતા. તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ॥૫૩॥

હે ભૂમન્ ! આપનું આ ચરિત્ર અમને સમજાયું નહિ. જો તે ગુપ્ત હોય તો પણ અમને કહો, કારણ કે હેતની લાગણી વાળા શિષ્યને ગુરુ ગોપનીય વાત પણ કહે છે. ॥૫૪॥

तस्याऽऽकर्ण्याऽथ स स्वामी जिज्ञासोः संशयान्वितम् ।
वाक्यं तान् हर्षयन्नूचे वाण्या मेघगभीरया ॥५५॥
एकदाऽहं नृपश्रेष्ठ ! मद्धाम्नो वै दिदृक्षया ।
व्रजन् वैकुण्ठगोलोकश्वेतद्वीपेऽगमं मुदा ॥५६॥
विशालायां तथा यातो नारायणमुखैस्तदा ।
प्रार्थितोऽहं धरापृष्ठे स्थित्यर्थं मत्समीपतः ॥५७॥
तस्मात्छ्रीवासुदेवीयामादायेमां मनोरमाम् ।
मूर्त्तिं स प्रेषितो मुक्तो वासुदेवेन चागमत् ॥५८॥
यस्मिन् यस्मिन् गतो धाम्नि तेषामीशां च धामिनाम् ।
मूर्तयः स्थापनीया मे क्रमशः सर्वशः शुभाः ॥५९॥
प्रतिष्ठाप्या मया त्वत्र वासुदेवाकृतिर्नृप ! ।
नरनारायणौ रम्यौ स्थाप्यौ श्रीनगरे तथा ॥६०॥
श्रीमद्वृत्तालये स्थाप्यौ लक्ष्मीनारायणौ मया ।
मन्मूर्त्त्या सहितः कृष्णो राधया युक्त एव हि ॥६१॥

જિજ્ઞાસુ શ્રીઉનડખાચરનું સંશયભર્યું વાક્ય સાંભળીને તે સહુને આનંદ પમાડવા શ્રીહરિ મેઘ ગંભીર વાણી બોલ્યા. ॥૫૫॥

"હે રાજવર્ય ! એક વખત હું મારા ધામને જોવાની ઈચ્છાથી ચાલ્યો. તેમાં વૈકુંઠ, ગોલોક અને શ્વેતદ્વીપમાં હું પ્રેમથી ગયો. ॥૫૬॥

તે રીતે જ હું બદરિકાશ્રમ પણ ગયો. તે સમયે શ્રીનારાયણ આદિ ભગવત્ સ્વરૂપોએ ભૂમિ ઉપર મારી સાથે મૂર્તિરૂપે રહેવા માટે માગણી કરી હતી. ॥૫૭॥

તેથી જ શ્રીવાસુદેવનારાયણે પોતાની મનોહર વાસુદેવરૂપ આ મૂર્તિને લઈને મોકલેલો મુક્ત પુરુષ અહીં આવ્યો હતો. ॥૫૮॥

હું જે જે ધામમાં ગયો હતો તે તે ધામના અધિપતિ સર્વ ભગવત્ સ્વરૂપોની શુભ મૂર્તિઓ મારે અનુક્રમે પધરાવવાની છે. ॥૫૯॥

હે નૃપ ! મારે અહીં ગઢપુરમાં શ્રીવાસુદેવનારાયણની મૂર્તિ પધરાવવી છે. અને અમદાવાદમાં રમણીય શ્રીનરનારાયણ દેવ પધરાવવા છે. ॥૬૦॥

વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવવા છે અને મારી મૂર્તિની સાથે

वासुदेवाकृतिर्धर्मभक्तिभ्यां सहिता मया ।
प्रतिष्ठाप्याऽक्षरेशेन सर्वेषां कारणेन वै ॥६२॥
कारयित्वाऽत्र दिव्यं वै मन्दिरं चाहमद्भुतम् ।
गोपीनाथाभिधां दिव्यां स्थापयिष्यामि मत्तनुम् ॥६३॥
हरिकृष्णेति मूर्तिं मे रघुवीरः सुतो मम ।
स्थापयिष्यति दिव्यां वै सर्वसद्गुणकेतनः ॥६४॥
आकर्ण्येत्थं नृपश्चान्ये तत्रस्थाः सर्वशो जनाः ।
मोदं प्राप्ताः स्म मन्यन्ते ह्यमुं कारणकारणम् ॥६५॥
तस्यां वेद्यां हरिः साक्षात्स्वासक्तक्ष्मेश्वरान्वितः ।
मासत्रयं मुदाऽवात्सीद्भक्तेच्छापूरणोद्यतः ॥६६॥
तत्रैश्वर्याणि भूरिणि दर्शयामास स प्रभुः ।
तत्रैकमेतदैश्वर्यं प्रोक्तं ते श्रीहरेर्मया ॥६७॥

રાધાકૃષ્ણને સ્થાપવા છે. ॥૬૧॥

સર્વ અવતારોનું કારણ અને અક્ષરધામના અધિપતિ એવા મારે ધર્મ અને ભક્તિની સાથે શ્રીવાસુદેવનારાયણની મૂર્તિ પધરાવવી છે. ॥૬૨॥

અહીં ગઢપુરમાં હું એક દિવ્ય અદ્‌ભુત મંદિર કરાવીશ અને તેમાં મારા સ્વરૂપના જેવી શ્રીગોપીનાથજી મહારાજની દિવ્ય મૂર્તિને પધરાવીશ. ॥૬૩॥

મારા પુત્ર શ્રીરઘુવીરજી મહારાજ સર્વ સદ્‌ગુણ સંપન્ન છે, તે શ્રીહરિકૃષ્ણ મહારાજ નામે મારી દિવ્ય મૂર્તિને પધરાવશે.'' ॥૬૪॥

શ્રીહરિએ કહેલી વાત સાંભળીને કરિયાણાના દરબાર શ્રીઉનડખાચર અને ત્યાંના બીજા બધા ભક્તો ખૂબ જ રાજી થયા અને શ્રીહરિને સર્વ કારણોના પણ કારણરૂપ માનવા લાગ્યા. ॥૬૫॥

ભક્તોની ઇચ્છાને પૂર્ણ કરવા માટે તત્પર રહેનારા આવા સાક્ષાત્ શ્રીહરિ પોતાને વિષે પ્રેમાસક્ત દરબાર શ્રીદાદાખાચરની સાથે તે ઓટા ઉપર ત્રણ મહિના સુધી વસીને રહ્યા હતા. ॥૬૬॥

તે ઓટા ઉપર પ્રભુ શ્રીહરિએ ઘણાં જ ઐશ્વર્ય દેખાડ્યાં છે તેમાંથી આ એક ઐશ્વર્ય મેં તમને કહ્યું છે. ॥૬૭॥

इत्थं कृतान्तविहितोत्तमभूपरक्षं तस्याऽवतारनिकरोदयकारणस्य ।
ऐश्वर्यमेतदिह यः शृणुयान्मनुष्यस्तन्निश्चयं च स रतिं किल तत्र गच्छेत्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचितेश्रीदुर्गपुर-माहात्म्य उत्तमभूपाय श्रीहरिप्रदर्शितस्वावतारित्वादिनिरू पणं नाम त्रि-पञ्चाशत्तमोऽध्यायः ॥५३॥

अथ चतुःपच्चाशत्तमोऽध्यायः

चतुःपञ्चाश एकस्तु सर्वरोटकभक्षकः ।
दीक्षां मोट्टाभयो प्राप्य विदधे हरिपूजनम् ॥

श्रीचैतन्यानंद उवाच –
अक्षराभिधसौधस्य दिशि प्राच्यां महीपते ! ।
बहिःशालाऽभवद्रम्या विस्तृता चायतोन्नता ॥१॥
अथैकदाऽद्भुतं तस्यां चरित्रं श्रीहरिर्विरम् ।
गेयं सद्भिः शुभं दिव्यं करोति स्मातिपावनम् ॥२॥

આ પ્રમાણે સર્વ અવતારોના કારણ મહાપ્રભુ શ્રીહરિનું ઐશ્વર્ય દરબાર શ્રીદાદાખાચરની કાળથી રક્ષા કરી, તેને જે કોઇ મનુષ્ય સાંભળે તો તેને ચોક્કસ રીતે શ્રીહરિના સ્વરૂપના સર્વોપરિપણાનો નિશ્ચય થાય અને તેમના સ્વરૂપમાં પ્રેમ થાય. ॥૬૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૩ સમાપ્ત

અધ્યાય - ૫૪

મોટાભાઈને દીક્ષા અને શ્રીહરિની પૂજા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! અક્ષરભવન (અક્ષર ઓરડી) ની ઉગમણી તરફ લાંબી, પહોળી અને ઊંચી ઓસરી હતી. ॥૧॥

ત્યાં એક વખત શ્રીહરિએ અદ્‌ભુત, સર્વોત્તમ, સંતોએ ગાયા જેવું, અતિ પાવનકારી, શુભ અને દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૨॥

श्रीशुकानन्द उवाच -

स राजा निशम्येति तस्याऽतिरम्यं सतामुत्तमस्यार्त्तिहारं पवित्रम् ।
वचोऽभद्रविच्छेदकृन्मोदमाप्तो जगदेति तं प्राञ्जलिश्चारु वाक्यम् ॥३॥
चरित्रं हरेः कर्णपीयूषमीड्यं तदत्यादराच्छृण्वतां संसृतिच्छित् ।
अहं श्रोतुमिच्छामि सद्वर्य ! दिव्यं ततस्तत्त्वविन्मेऽर्हसि त्वं हि वक्तुम्॥४॥
स इत्थं समाकर्ण्य वाक्यं तदीयं प्रसन्नत्वमाप्तो नितान्तं सदीशम् ।
हरिं स्वामिनारायणं स्वेष्टदेवं स्मरन्वाक्यमाहेति तं भूपवर्यम् ॥५॥
शृणु स्वस्थचित्तस्त्वमत्यद्भुतं ते चरित्रं हरेस्तद्वदाम्यार्तिहारम् ।
सदा सत्प्रमुख्यैर्हि जेगीयमानं श्रुतं कीर्तितं पापतापापनोदम् ॥६॥

श्रीचैतन्यानन्द उवाच -

एकदाऽक्षरसौधस्य प्राग्द्वारायां वरासने ।
बर्हिर्वेद्यां युते रम्यैर्न्यषीदत्तूलिकादिभिः ॥७॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીનું વચન અતિશય મનોહર હતું, સાંસારિક પીડાને દૂર કરનારું હતું, અતિ પવિત્ર અને સર્વ અમંગળને ટાળનારું હતું. તેને સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર ખૂબ જ રાજી થયા. બે હાથ જોડ્યા અને પછી સુંદર વાત પૂછી. ॥૩॥

ભગવાન્ શ્રીહરિના ચરિત્ર કાને સાંભળતા અમૃત જેવા લાગે છે. માટે હે મુનિવર્ય ! શ્રીહરિના દિવ્ય ચરિત્ર હું સાંભળવા ચાહું છું. આપ તેના તત્ત્વવેત્તા છો, તો મને તે ચરિત્ર કહો. ॥૪॥

સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીએ દરબાર શ્રીઅમરાખાચરનું વાક્ય સાંભળ્યું. હૃદયમાં અત્યંત પ્રસન્ન થયા. સંતોના પતિ અને પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિને સંભારીને આ પ્રમાણે તે દરબારશ્રીને કહ્યું, ॥૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીહરિના ચરિત્ર અતિ અદ્‌ભુત છે, પીડાને શમાવનારા છે, મોટા મોટા સંતો તેને હંમેશ ગાયા કરે છે, તેનું શ્રવણ કે કીર્તન કર્યું હોય તો અનેક જાતના પાપ અને સંતાપ દૂર થઈ જાય છે. માટે તમે સ્વસ્થ ચિત્તે સાંભળો. હું કહું છું. ॥૬॥

એક સમય અક્ષરભવનની ઉગમણી ઓસરીના ઓટલા ઉપર રમણીય

राजितो माल्यहाराद्यैर्गौरसारतराम्बरः ।
मन्दस्मिताननाम्भोजः कोटिकामस्मयापहः ॥८॥
तत्राऽऽयाताऽथ तं नत्वा प्राञ्चाली श्रीहरिं परम् ।
जगाद प्राञ्जलिर्वाचं भक्तिनम्रेति सत्पतिम् ॥९॥
मोट्टाभयाख्यभक्ताय कृत्वा यं यं हि रोटकम् ।
स्वामिन्नदामहं तं तं प्राश्नात्त्वां स स्मरन् हरिम् ॥१०॥
रोटकान् भूरिशः कृत्वा नितान्तश्रान्तविग्रहा ।
जाताऽहं तु तथाप्याप्तो भुक्त्वा तृप्तिं न स प्रभो ! ॥११॥
नाहं शक्नोमि कर्तुं तांस्तस्माद्रोटककारिकाः ।
बह्व्यो रक्ष्यास्त्वया योषास्तर्हि तृप्तिं स चैष्यति ॥१२॥
भूयांसं श्रममाप्तायाः स्त्रवद्वाष्पौघचक्षुषः ।
तस्या वाक्यं निशम्यैवं दयात्यार्द्रोऽभवद्धरिः ॥१३॥

ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૭॥

સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં. ફૂલોના હાર તોરા આદિકની સુંદર શોભા હતી. મુખકમળ ઉપર મધુર અને આછું હાસ્ય હતું. શોભા સૌંદર્ય દેખીને કરોડો કામદેવોનો ગર્વ ઉતરી જતો હતો. ॥૮॥

પછી ત્યાં પાંચુબા આવ્યા. પરમાત્મા સત્પતિ શ્રીહરિને પગે લાગ્યા. ભક્તિભાવથી નમ્રપણે હાથ જોડ્યા અને વચન બોલ્યા. ॥૯॥

હે સ્વામિન્ ! મોટાભાઈ નામે જે ભગત આવ્યા છે. તે જમે છે ત્યારે હું જે જે રોટલો પીરસું છું તેને તે આપને સંભારીને જમી જાય છે. ॥૧૦॥

હે પ્રભો ! રોટલા પુષ્કળ બનાવીને હું તો આજ થાકી ગઈ છું પણ ભગત તો જમીને તૃપ્ત થતા જ નથી. ॥૧૧॥

હવે હું રોટલા કરી શકીશ નહિ. રોટલા કરવા માટે ઝાઝી બાઈઓને આપને રાખવી પડશે, અને ઝાઝી બાઈઓ રોટલા કરશે તો જ તે ભગત તૃપ્ત થશે. ॥૧૨॥

ઘણો પરિશ્રમ કરી ચૂકેલા અને ધુમાડાને લીધે જેની આંખોમાંથી આંસુ ચાલ્યા જતા હતા આવા પાંચુબાની આવી વાત સાંભળીને શ્રીહરિ દયાથી અત્યંત ભીંજાઈ ગયા. ॥૧૩॥

स प्रेष्याऽथाऽऽह्वयत्पद्गं भक्तं मोट्टाभयाभिधम् ।
तत्राऽऽयातोऽथ तं स्वेष्टं प्राणमत्स प्रियेक्षणम् ॥१४॥
इत्यप्राक्षीत्ततो भक्तं श्रीहरिस्तं श्रितावनः ।
रोटकाः कतिचिद्भुक्तास्त्वया सिद्धसमाधिना ॥१५॥
स प्राहाऽथेति तं वाक्यं रोटकानां मया प्रभो ! ।
भुक्तानां मे स्मृतिर्नास्ति न जाने किञ्चिदप्यहम् ॥१६॥
तेनेत्युक्ते ह्यपृच्छत्तं हरिः किञ्चेति पश्यसि ।
अथ प्राहेति तं वीक्षे केवलं त्वां न चेतरम् ॥१७॥
सोऽप्राक्षीत्तं पुनर्भक्तं कथं मां चेति पश्यसि ।
स तं प्राहेत्यथ स्वेष्टं स्वामिनारायणं हरिम् ॥१८॥
देहभानविहीनोऽहं नित्यं सर्वक्रियास्वजम् ।
भक्तशर्मप्रदातारं पश्यामि त्वां निरन्तरम् ॥१९॥
साम्प्रतं साधुना भाव्यं मया स्वामिन् किलाऽन्यथा ।

પછી શ્રીહરિએ પાર્ષદને મોકલીને ભક્ત શ્રીમોટાભાઇને બોલાવ્યા. પછી તે આવ્યા. જેમના દર્શન પોતાને પ્રિય છે આવા ઈષ્ટદેવ શ્રીહરિને પગે લાગ્યા. ॥૧૪॥

આશ્રિત ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિએ તે ભક્તને પૂછ્યું, તમે સિદ્ધ સમાધિવાળા છો, આજે રોટલા કેટલા જમ્યા ? ॥૧૫॥

ત્યારે મોટા ભાઇએ કહ્યું, ''હે પ્રભો ! મેં રોટલા કેટલા ખાધા, તે મને યાદ નથી. તે બાબતમાં હું કાંઇ જાણતો નથી.'' ॥૧૬॥

શ્રીહરિએ પૂછ્યું, ''તમને જમતી વેળાએ કાંઇ દેખાય છે ?'' ત્યારે તેણે કહ્યું, ''મહારાજ ! કેવળ આપની મૂર્તિ જ મને દેખાય છે, બીજું કાંઇ દેખાતું નથી.'' ॥૧૭॥

વળી શ્રીહરિએ ફરીને તેને પૂછ્યું, ''મને તમે કેમ જુઓ છો?'' ત્યારે તેણે પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ શ્રીહરિને ફરીને એમ કહ્યું, ''મને મારા શરીરનું ભાન હોતું નથી. હું નિરંતર બધી જ ક્રિયાઓમાં ભક્તોને સુખ આપનારા આપ અજન્માને સતત દેખું છું. ॥૧૮-૧૯॥

रोटकान् हि कृतान् सर्वान् सदा भोक्ष्येऽहमार्तिहन् ! ॥२०॥
स इत्याश्रुत्य तद्वाक्यं नक्तकं स्वानने दधत् ।
हसंस्तस्मै हरिर्भद्रां साधुदीक्षामदान्मुदा ॥२१॥
सच्चिदानन्द इत्याख्यां कृत्वा तस्याऽथ स प्रभुः ।
स्थातुमाज्ञापयत्स्निग्धं तं कृपानन्दमण्डले ॥२२॥
स तं प्राहेत्यथ प्रेष्ठं त्वां विनाहं दयानिधे ! ।
घटीमात्रमपि स्थातुं त्वदाऽऽसक्तोऽस्मि न क्षमः ॥२३॥
मुह्यमाने ततस्तस्मिंस्तद्वियोगभयाकुले ।
स्रवद्बाष्पेक्षणे चैवं श्रीहरिं ललिताऽवदत् ॥२४॥
भवान् मा खेदयत्वेतं त्वदत्यासक्तचेतसम् ।
अत्रैव रक्षतात्स्वामिन् ! कृत्वाऽस्मिन् करुणां हरे ! ॥२५॥
श्रीचैतन्यानन्द उवाच –

હે સ્વામિન્ ! મારે હવે સાધુ થવું છે. હે પીડાહારી પ્રભુ ! નહિ તો હું જેટલા કર્યા હશે તેટલા બધા રોટલા કાયમ ખાઈ જઈશ.'' ॥૨૦॥

મોટાભાઈના શબ્દ સાંભળીને શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને હસવા લાગ્યા. પછી શ્રીહરિએ તેમને પ્રેમથી મંગળમય દીક્ષા આપીને સાધુ કર્યા. ॥૨૧॥

તેમનું ''સચ્ચિદાનંદ'' આવું નામ રાખ્યું અને ભગવાનના સ્વરૂપમાં સ્નેહ કરનારા તેમને શ્રીકૃપાનંદ સ્વામીના સંત મંડળમાં રહેવાની આજ્ઞા કરી. ॥૨૨॥

પછી સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, ''હે દયાનિધે ! મારું મન આપના સ્વરૂપમાં પ્રેમાસક્ત છે, આપ પ્રિયતમના સિવાય હું એક ઘડી જેટલું પણ રહી શકું તેમ નથી.'' ॥૨૩॥

પછી ''શ્રીહરિનો મને વિયોગ થશે'' આવા ભયને લીધે જયારે શ્રીસચ્ચિદાનંદ સ્વામી મૂર્છિત થઈ ગયા, આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યા, ત્યારે લાડુબાએ શ્રીહરિને કહ્યું, ॥૨૪॥

''હે હરે ! આપના સ્વરૂપમાં પ્રેમાસક્ત મનવાળા આ સાધુને આપ દુઃખી ન કરો. હે સ્વામિન્ ! આના ઉપર આપ કરુણા કરો અને આને અહીંયાં જ રાખો.'' ॥૨૫॥

स इत्याकर्ण्य तद्वाक्यं तं च ज्ञात्वा व्यथातुरम् ।
स्वविश्लेषाऽसहिष्णुं तं प्राहैवं करुणाऽऽकुलः ॥२६॥
अत्र साधो ! त्वया स्थेयं मय्यतिस्निग्धचेतसा ।
किं करिष्यसि कार्यं त्वं तन्मह्यं ब्रूहि सन्मते ! ॥२७॥
प्राहाथैवं स तं वाक्यं यस्मान्मां ललिता हरे ! ।
अरक्षत्तेऽन्तिके कार्यं विधास्येऽस्यास्ततोऽन्वहम् ॥२८॥
सोऽजिज्ञपत्ततो राजंस्तस्याः पिप्पलवाटिकाम् ।
रक्षितुं तं हरिस्तस्यां सर्वदा स्थातुमच्युतः ॥२९॥
ततस्तां श्रीहरेराज्ञां तत्प्रसङ्गातिलालसः ।
शर्मप्रदामनुलङ्घ्यां स्वीचकारैव तन्मुदे ॥३०॥
स प्राहाथेति तं वाक्यं त्वत्पूजां कर्त्तुमार्तिहन् ! ।
अभिलाषोऽस्ति मे भूयान् स्वीकर्तुं तां ततोऽर्हसि ॥३१॥
तेनेत्युक्ते स तं प्रीत्या प्राहैवं श्रीहरिर्वचः ।

શ્રીહરિએ લાડુબાની વાત સાંભળી. "સચ્ચિદાનંદ સ્વામી મારો વિયોગ સહન કરી શકશે નહિ. તે વિરહાતુર છે" મનમાં આમ સમજીને કરુણાથી વ્યાકુળ થયેલા શ્રીહરિએ આમ કહ્યું. ॥૨૬॥

હે સાધો ! મારામાં અતિશય સ્નેહી મનવાળા તમારે અહીં ગઢપુરમાંજ રહેવું. હે સન્મતે ! તમે અહીં કામ શું કરશો ? તે મને કહો." ॥૨૭॥

પછી તેમણે કહ્યું, હે હરે ! મને લાડુબાએ આપની પાસે રાખ્યો છે, તેથી હું રોજ લાડુબાનું કામ કરીશ. ॥૨૮॥

હે રાજન્ ! પછી નિર્વિકારી ભગવાન્ શ્રીહરિએ તેમને લાડુબાની પીપળાવાળી વાડીનું રક્ષણ કરવા, તે વાડીમાં જ કાયમ રહેવાની આજ્ઞા કરી. ॥૨૯॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામીના મનમાં એવી લાલચ રહેતી કે મને શ્રીહરિને મળવાનો પ્રસંગ વધારે આવે, તેથી જ સુખકારી અને ન ઉલ્લંઘી શકાય એવી શ્રીહરિની આજ્ઞાને, તેમને રાજી કરવા માટે તેમણે સ્વીકારી લીધી. ॥૩૦॥

પછી શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, હે પીડાહારી ! આપની પૂજા કરવાની મને ઘણી જ ઇચ્છા છે, તો તેને આપ સ્વીકારો. ॥૩૧॥

साधुस्त्वं साम्प्रतं जातो वर्त्तसेऽकिञ्चनः सुधीः ॥३२॥
तस्मात्कथं नु मत्पूजां त्यागवांस्त्वं विधास्यसे ।
तं ततो ललिता वाक्यं प्राहैवं श्रीहरिं मुदा ॥३३॥
यस्मात्त्वयाद्य मद्वाट्यां रक्षितोऽसौ महामुनिः ।
तस्माद्वस्तु मदीयं यत्तत्सर्वं चास्य विद्यते ॥३४॥
ततस्तं सद्वरीयांसं राजन् ! सद्वत्सलो हरिः ।
पुण्यां कर्तुं निजां पूजां भद्रामाज्ञापयन्मुदा ॥३५॥
ततस्तस्यां बहिर्वेद्यां द्वितीये वासरे हि सः ।
व्यधादित्थं हरेरर्हां प्रेमात्यार्द्रान्तरः शुभाम् ॥३६॥
नीरमुन्मत्तगङ्गायाः शुद्धकुम्भैरुपानयत् ।
सोऽचीकरत्ततः प्रीत्या हरिं शौचविधिं सुधीः ॥३७॥
बुब्बुलस्य ततस्तस्मै कोमलं दन्तधावनम् ।
स दत्वा कारयाञ्चक्रे श्रीहरिं दन्तधावनम् ॥३८॥

તેમનું કહેવું સાંભળીને શ્રીહરિએ ફરી પ્રેમથી તેમને કહ્યું, "અત્યારે તમે સદ્‌બુદ્ધિવાળા સાધુ થયા છો અને અકિંચન છો અર્થાત્ તમારી પાસે કાંઇ જ નથી. ॥૩૨॥

તમે ત્યાગી છો એટલે મારી પૂજા કઇ વસ્તુથી કરશો. ત્યારે લાડુબાએ શ્રીહરિને પ્રેમથી વચન કહ્યું. ॥૩૩॥

આ મુનિરાજને આપે મારી વાડીમાં રાખ્યા છે, તેથી તેમને જે વસ્તુ જોઇતી હોય, તે, જે મારી વસ્તુ, તે બધી તેમની જ છે. ॥૩૪॥

હે રાજન્ ! પછી સંતોના ઉપર વાત્સલ્ય ભાવ રાખાનારા શ્રીહરિએ તે સંતવર્યને પોતાની પુણ્યરૂપ મંગળ પૂજા કરવા માટે પ્રેમથી આજ્ઞા કરી. ॥૩૫॥

પછી બીજે દિવસ અક્ષરભવનની ઉગમણી ઓસરી પાસેના ઓટા ઉપર સ્નેહ ભીના હૃદયવાળા શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિની શુભ પૂજા આ પ્રમાણે કરી જેમકે - ॥૩૬॥

તેઓ ચોખા ઘડાઓમાં ઉન્મત્ત ગંગાનું જળ ભરી લાવ્યા. સદ્‌બુદ્ધિવાળા તે સ્વામીએ શ્રીહરિને પ્રેમથી શૌચવિધિ કરાવ્યો. ॥૩૭॥

ततश्चतुष्कपीठे तं निषाद्यातिप्रियं हरिम् ।
निर्मलगाङ्गनीरेण स्वेष्टं सोऽसिस्नपत्प्रभुम् ॥३९॥
आनखादाशिखं तस्य तदाङ्गान्यखिलानि सः ।
विलोकयन् सुदिव्यानि मुदं प्रापन्महीयसीम् ॥४०॥
तावत्तत्राऽऽनयत्प्रीत्या भूपते ! ललितोत्तमा ।
नानावस्त्राणि रम्याणि महामूल्यानि सुव्रता ॥४१॥
त्वत्तातेनाऽथ सा तस्मै सच्चिदानन्दयोगिने ।
पूजां कारयितुं राजन् ! हरेस्तानि ह्यदापयत् ॥४२॥
रक्तप्रान्तातिरम्यं वसनमथ सितं धारयामास भक्त्या,
कौशेयं तस्य कट्यां शिरसि स परमं विस्फुरत्स्वर्णसूत्रम्।
उष्णीषं चाङ्गरक्षं वपुषि तनुतरं श्वेतबुट्टं च रक्तं,
प्रावारं हेमसूत्रं बहुधनमरुणं स्कन्धयग्मे तदीये ॥४३॥

પછી શ્રીહરિને બાવળનું કૂંણું દાતણ આપ્યું અને દંત શુદ્ધિ કરાવી. ॥૩૮॥

પછી પોતાના અતિશય વહાલા પ્રભુ શ્રીહરિને ચાર પાયાવાળા બાજોઠ ઉપર બેસાડ્યા અને નિર્મળ ઉન્મત્તગંગાના નીરથી પોતાના ઈષ્ટ પ્રભુને સ્નાન કરાવ્યું. ॥૩૯॥

ચરણોના નખથી આરંભીને શિખા પર્યંતના શ્રીહરિના સુદિવ્ય બધા અંગોના દર્શન કરીને તેમને અપાર આનંદ થયો. ॥૪૦॥

હે રાજન્ ! તે વેળાએ ત્યાં પવિત્ર વ્રત પાળનારા સર્વોત્તમ લાડુબા ઘણા જ કીમતી, અનેક પ્રકારના સુંદર વસ્ત્રો પ્રેમથી લઈ આવ્યા. ॥૪૧॥

હે રાજન્ ! લાડુબાએ શ્રીસચ્ચિદાનંદ સ્વામી પાસે શ્રીહરિની પૂજા કરાવવા માટે તે વસ્ત્ર તમારા પિતાશ્રીદાદાખાચર પાસે અપાવ્યા. ॥૪૨॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિની કમર ઉપર અતિ સુંદર લાલ છેડાવાળું રેશમી શ્વેત ધોતિયું પ્રેમથી પહેરાવ્યું. ચમકતા સોનેરી તારવાળી સારી પાઘ મસ્તક ઉપર બંધાવી. શરીરે લાલ રંગનું શ્વેત બુટ્ટાવાળું સૂક્ષ્મ અંગરખું પહેરાવ્યું અને સોનાના તારવાળો ઘણો કીમતી લાલ રંગનો ખેસ તેમના બન્ને ખભા ઉપર ધારણ કરાવ્યો. ॥૪૩॥

तत्कट्यां चारु वासो विपुलतरघनं सुस्थलाम्भोजरङ्गं,
बद्ध्वा कट्टारमग्र्यं समुदितहृदयोऽदीधपद्राजमानम् ।
चक्रे माले तदीये विपुलसुललिते कैसरीं पत्रलेखां,
केयूरोत्तंसहारान् सुरभिसुमनसां धारयामास राजन् ! ॥४४॥
धूपं सोऽथाऽर्घ्यं तस्मै बहुलपरिमलं दीपकं चानुरक्तया,
नैवेद्यं चाऽऽर्पयत्सन्मधुरतररसं पर्पिकापिण्डकाद्यम् ।
तस्मिन् स्वीयेष्टदेवे भगवति रुचिरं प्राक्षिपद्वै गुलालं ।
तं नीराज्याऽखिलेशं प्रणतिमतिमुदाऽष्टाङ्गयुक्तामकार्षीत् ॥४५॥
ततः स प्रेमभारातिक्लिन्नहृत्तस्य चाग्रतः ।
अनृत्यन्नुत्प्लवंश्चुबंस्तद्दिव्याङ्गेषु सर्वशः ॥४६॥
स रम्यां पाकसामग्रीमथाऽऽनीय हरिं मुदा ।
सद्रसैर्विविधैर्भोज्यैस्तर्पयामास सादरम् ॥४७॥
नानाभोज्यान्यथ प्रीत्या मुन्यर्थं ललिता ततः ।

હે રાજન્ ! પ્રસન્ન હૃદયના શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ ઘણા મોંઘામૂલા ગુલાબી રંગના ખેસથી કમરે ભેટ બંધાવી અને તેમાં સુંદર સર્વોત્તમ કટાર ધારણ કરાવી. તેમના વિશાળ ઉપડતા સુંદર લલાટમાં કેસરચંદનની આડ કરાવી. સુગંધી ફૂલોનો હાર, તોરા અને બાજુબંધ પહેરાવ્યા. ॥૪૪॥

પ્રેમથી ઘણો સુગંધી ધૂપ કર્યો, દીપ પ્રકટાવ્યો, અને તે પછી સુંદર મધુર રસ ભર્યા, બરફી, પેંડા વગેરેને થાળમાં ધરાવ્યા. પછી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ ઉપર ગુલાલ નાખ્યો. અને સર્વેશ્વર શ્રીહરિની આરતી ઉતારી અને અત્યંત આનંદથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૪૫॥

પછી પ્રેમાધિક્યથી જેનું હૃદય ભીંજાઈ ગયું હતું આવા શ્રીસચ્ચિદાનંદ સ્વામી શ્રીહરિની આગળ કૂદવા-નાચવા લાગ્યા, અને તેમના બધા જ દિવ્ય અંગોને ચૂમવા લાગ્યા. ॥૪૬॥

પછી તેમણે મનોહર વિવિધ ભોજન સામગ્રી લાવી મૂકી. સુંદર રસાળ અનેક પ્રકારના ભોજનો પ્રેમ અને આદરભાવથી શ્રીહરિને જમાડીને તૃપ્ત કર્યા. ॥૪૭॥

પછી લાડુબાએ સંતોને માટે બ્રાહ્મણો પાસે માલપુવા વગેરે અનેક પ્રકારના

अपूपादीनि रम्याणि भक्तैर्विप्रैरकारयत् ॥४८॥
विधाप्याऽथ सतां पङ्क्तीः श्रीहरिस्तासु सञ्चरन् ।
परिवेष्याऽऽत्मसक्तांस्तान् स्वादुभोज्यान्यतर्पयत् ॥४९॥
तथा संन्यासिनः सर्वांश्चाऽऽदयद्वर्णिनस्तथा ।
पद्गांश्चान्यान् हरेर्भक्तान् सांख्ययोगाश्च योषितः ॥५०॥
यावन्तोऽथ सदाद्यास्ते सर्वांस्तान् युगपद्धरिः ।
धृत्वा तावन्ति रू पाणि प्रीत्या पर्यस्वजत्प्रभुः ॥५१॥
इत्थमालोक्य तस्येदं दिव्यमैश्वर्यमद्भुतम् ।
तदीया सर्वशो भक्ता महानन्दं प्रपेदिरे ॥५२॥
एवं स तत्र भूयांसि शान्तिकारीणि सत्पतिः ।
चरित्राणि विचित्राणि करोति स्माऽनुकम्पया ॥५३॥
तत्रैकमित्थमतिचारु हरेश्चरित्रं सर्वोपतापशमनश्रवणानुवादम् ।
संसारदुस्तरभयङ्करवार्धिपोतं सङ्क्षेपतः शुभकरं गदितं मया ते ॥५४॥

મનોહર ભોજન પ્રેમથી કરાવી રાખ્યા હતા. ॥૪૮॥

પછી સંતોની પંગત કરાવી. પંગતમાં સ્વયં વિચર્યા અને પોતાને વિષે સ્નેહથી જોડાયેલા સંતોને શ્રીહરિએ સ્વાદુ ભોજન પીરસ્યા. અને તેમને તૃપ્ત કર્યા. ॥૪૯॥

તે રીતે જ બધા સંન્યાસીઓને, સર્વ બ્રહ્મચારીઓને, પાર્ષદોને, હરિભક્તોને અને સાંખ્યયોગી બહેનોને, બધાને ખૂબ જ જમાડ્યા. ॥૫૦॥

જેટલા સંતો વગેરે અને હરિભક્તો વગેરે હતા, તે સહુને શ્રીહરિ તેટલા સ્વરૂપે થઈને એક જ સમયે બાથમાં લઈને પ્રેમથી એકી સાથે ભેટ્યા. ॥૫૧॥

શ્રીહરિનું આવું દિવ્ય અને અદ્‌ભુત ઐશ્વર્ય જોઈને તેમના બધા ભક્તો ખૂબ જ આનંદ પામ્યા. ॥૫૨॥

સત્પતિ ભગવાન્ શ્રીહરિએ દયા કરીને આ પ્રમાણે ત્યાં સુખ શાંતિ આપે એવા પુષ્કળ અનેક પ્રકારના ચરિત્ર કર્યા હતા. ॥૫૩॥

શ્રીહરિનું ચરિત્ર સાંભળવાથી અને કહેવાથી બધા જ સંતાપોને ટાળી દે છે. ન પાર કરી શકાય એવા સંસારરૂપ સાગરમાં તો જે વહાણના જેટલું ઉપયોગી છે. જે શુભ કારક છે, એવું આ એક ચરિત્ર મેં તમને સંક્ષેપથી કહ્યું છે. ॥૫૪॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिचरित्रनिरू पणं नाम चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥५४॥

अथ पञ्चपञ्चाशत्तमोऽध्यायः

पञ्चपञ्चाश ईशेन कृतौ सिद्धसमाधिकौ ।
उत्कहरजितौ रामा विदधे साङ्ख्ययोगि ॥

श्रीचैतन्यानन्द उवाच -
आसीदुत्तरदिक्कोणे सौधादक्षरसंज्ञितात् ।
जम्बूवृक्षो हरेः पादपद्माम्भः पावितो नृप ! ॥१॥
एकदा श्रीहरिर्धार्मिस्तन्मूले तूलिकादिभिः ।
महापट्टासने युक्ते न्यषीदत्स्वाश्रितैर्वृतः ॥२॥
स्वैश्वर्यं वै तदा धार्मिर्हरिश्चादर्शयद्वरम् ।
दिव्यं च पावनं भद्रं स्वीयभक्तातिशान्तिदम् ॥३॥
श्रीशुकानन्द उवाच -

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૫૪ સમાપ્ત

અધ્યાય-૫૫

ઉકાભક્ત તથા હરજીભક્તને સિદ્ધ અને રામબાઈને સાંખ્યયોગી કર્યા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! અક્ષરભવન (અક્ષરઓરડી)થી ઉત્તર તરફના એક ખૂણે શ્રીહરિના ચરણારવિંદ ધોયેલા જળથી પવિત્ર થયેલું એક જાંબુડાનું ઝાડ હતું. ॥૧॥

એક વખત શ્રીહરિ તે જાંબુડાના ઝાડનીચે પાટ ઉપર ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર પોતાના આશ્રિત ભક્તોની વચ્ચે વિરાજ્યા હતા. ॥૨॥

ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ ભક્તોને અતિ શાંતિ આપનારું દિવ્ય, પાવનકારી અને મંગળમય સર્વોત્તમ પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૩॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આ પ્રમાણેનું મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ

इति तस्य निशम्य सद्वचो मुनिराजस्य महामुदं गतः ।
विहिताञ्जलिरानतो नृपस्तमिदं प्राह वचो दयानिधिम् ॥४॥
सुचमत्कृतिमुत्तमां हरेर्भुवि तापत्रयतप्तदेहिनाम् ।
पुरु शान्तिविधौ सुधोपमां गदितुं मेऽर्हसि मङ्गलां गुरो ! ॥५॥
इति तस्य स भूपतेर्वचः शुभमाकर्ण्य महामुनिर्नृप ! ।
मुदितो हृदि संस्मरन् हरिं तमिति प्राह वचो नरेश्वरम् ॥६॥
श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरिस्तस्य जम्बूवृक्षस्य मूलगे ।
महापट्टासने युक्ते न्यषीदत्तूलिकादिभिः ॥७॥
सुप्रसन्नमुखाम्भोजः सारगौरतराम्बरः ।
सुगन्धिमाल्यकेयूरहारशेखरराजितः ॥८॥
स्वातिस्निग्धैर्निजैर्भक्तैर्निर्निमेषविलोचनैः ।
समन्तात्प्रेक्षितश्चन्द्रश्चकोरैरुत्सुकैरिव ॥९॥

સ્વામીનું સુંદર વચન સાંભળીને દરબારશ્રી અમરાખાચર અત્યંત આનંદ પામ્યા. પછી તેમણે બે હાથ જોડ્યા અને નમ્રભાવે દયાનિધિ શ્રીચૈતન્યાનંદ સ્વામીને વચન કહ્યું. ॥૪॥

હે ગુરો ! આ સંસારમાં ત્રિવિધતાપથી પીડાતા લોકોને અપાર શાંતિ આપવા માટે અમૃતના સમાન સર્વોત્તમ મંગળમય શ્રીહરિના ચમત્કારભર્યા ચરિત્રની વાત મને કહો. ॥૫॥

હે નૃપ ! મુનિરાજ શ્રીચૈતન્યાનંદ સ્વામી શ્રીઅમરાખાચરનું શુભ વચન સાંભળીને મનમાં આનંદ પામ્યા અને પછી શ્રીહરિને હૃદયમાં સંભારીને તેમને વાત કહેવા લાગ્યા. ॥૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક સમયે શ્રીહરિ તે જાંબુડાના ઝાડની નીચે ગાદી તકિયાથી બિછાવેલી મોટી પાટ ઉપર વિરાજમાન હતા. ॥૭॥

શ્રીહરિનું મુખકમળ પ્રસન્ન હતું. એકદમ ઊજળા સારા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. સુગંધી પુષ્પોના હાર, બાજુબંધ અને તોરા ધારણ કર્યા હતા. ॥૮॥

અતિ સ્નેહી ભક્તો આંખનું મટકું પણ માર્યા સિવાય, ઉત્સુક ચકોર પક્ષી

तावत्तत्राऽऽगमद्भक्तो राजंस्त्यागीबुभूषया ।
ऊकसंज्ञो हरिप्रेयान् हरजित्संज्ञकस्तथा ॥१०॥
पुत्र्या रामाख्यया युक्तौ तौ ततस्तं प्रियं हरिम् ।
रोमाञ्चितौ स्त्रवद्बाष्पौ ववन्दाते हि दण्डवत् ॥११॥
ततस्तौ कन्यकायुक्तौ प्राञ्जली स्वान्तिके स्थितौ ।
इत्यपृच्छद्धरिः प्रीत्या युवां कस्मादिहाऽऽगतौ ॥१२॥
प्राहतुस्तमथेत्थं तावत्राऽऽवामागतौ मुदा ।
त्वद्दासौ त्वद्व्रतौ स्वामिंस्त्यागिनौ भवितुं हरे ! ॥१३॥
तावथाऽर्पयतां प्रीत्या श्रीहरेः पादपद्मयोः ।
रूप्यमुद्रा हि राजेन्द्र ! सहस्त्रत्रयसम्मिताः ॥१४॥
चीनदेशोद्भवं रम्यं महावस्त्रं महाधनम् ।
तौ तनौ स्वर्णसूत्राङ्कं धारयामासतुर्हरेः ॥१५॥
ततस्तौ गन्धकस्तूरीमाल्यहारादिभिर्मुदा ।

ચંદ્રને જુએ તેમ, શ્રીહરિની સન્મુખ જોઈ રહ્યા હતા. ॥૯॥

હે રાજન્ ! તે સમયે શ્રીહરિના પ્રિય ભક્ત ઉકા ભગત અને હરજી ભગત સાધુ થવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. ॥૧૦॥

ઉકા ભગતની દીકરી રામબાઈ પણ સાથે હતી. જેમની આંખોમાંથી પ્રેમના આંસુઓ વહેતા હતા અને રોમાંચિત થઈ ગયેલા તે બન્ને દંડવત પ્રણામ કરીને શ્રીહરિ પાસે ઊભા રહ્યા. ઉકા ભગતની દીકરી પણ એક તરફ ઊભી રહી ત્યારે શ્રીહરિએ તેમને પ્રેમથી પૂછ્યું કે તમે બંને શું આવ્યા છો ? ॥૧૧-૧૨॥

ત્યારે તે બન્નેએ કહ્યું, હે હરે ! અમે બન્ને આપના દાસ છીએ અને આપને પ્રસન્ન કરવા જ વ્રત કરી રહ્યા છીએ. હે સ્વામિન્ ! અમે બન્ને પ્રેમથી સાધુ થવા આપની પાસે આવ્યા છીએ. ॥૧૩॥

હે રાજવર્ય ! આમ બોલીને પછી તેમણે શ્રીહરિના ચરણકમળમાં રોકડા ચાંદીના ત્રણ હજાર રૂપિયા અર્પણ કર્યા. ॥૧૪॥

પછી સોનેરી બુટ્ટાદાર અને ઘણું કીમતી સુંદર ચીની રેશમનું વસ્ત્ર શ્રીહરિને પહેરાવ્યું. ॥૧૫॥

विचित्रैश्चोपचारैस्तं पूजयामासतुर्हरिम् ॥१६॥

अब्रवीत्सोऽथ तौ राजन् ! भवितुं साधकौ हि वाम् ।

वाञ्छाऽस्ति स्वे हृदि प्राज्ञौ सिद्धौ वा भवितुं द्रुतम् ॥१७॥

साधकीभवनेच्छा चेत्तर्हि गम्यं हि मण्डले ।

नरनारायणानन्दसद्गुरस्य मदाज्ञया ॥१८॥

वाञ्छा चेद्भवितुं सिद्धौ सत्वरं युवयोस्तदा ।

मदाज्ञा सर्वदा पाल्या युवाभ्यां सावधानतः ॥१९॥

ततस्तं हरजिद्भक्तः प्राञ्जलिश्चेत्युवाच सः ।

वर्तते साधनाऽवस्था बह्वाऽऽयासा महाप्रभो ! ॥२०॥

तस्याः सिद्धदशा स्वामिन् ! वरा प्रोक्ता विचक्षणैः ।

तस्मान्नौ सिद्धतां तूर्णं प्राप्तुमिच्छाऽस्ति सत्पते ! ॥२१॥

स ततस्ताविति प्रीत्या स्वीयभक्तौ समब्रवीत् ।

युवां हलेन कुरु तं जयाक्षेत्राऽवकर्षणम् ॥२२॥

અને સુગંધી, ચંદન, કસ્તૂરી, પુષ્પહાર આદિ પ્રેમથી અર્પણ કરીને તે બન્નેએ અનેક જાતના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૬॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે બન્નેને કહ્યું, ‘‘હે સમજુ ભક્તો ! બન્નેના મનમાં સાધક થવાની ઈચ્છા છે કે તત્કાળ સિદ્ધ દશા પામવાની ઈચ્છા છે ? ॥૧૭॥

જો તમારે સાધક થવાની ઈચ્છા હોય તો સદ્‌ગુરુ શ્રીનરનારાયણનંદ સ્વામીના મંડળમાં મારી આજ્ઞાથી જવું. ॥૧૮॥

અને જો તમારે સત્વરે સિદ્ધ થવાની ઈચ્છા હોય તો બન્નેએ સાવધાન પણે મારી આજ્ઞા પાળવી પડશે.’’ ॥૧૯॥

ત્યારે હરજી ભક્તે હાથ જોડીને કહ્યું, ‘‘હે મહાપ્રભો ! સાધનાવસ્થા તો બહુ મહેનતવાળી છે. ॥૨૦॥

હે સ્વામિન્ ! તેથી વિચક્ષણ પુરુષો સાધન દશા કરતા સિદ્ધદશાને ઉત્તમ કહે છે. હે સત્પતે ! તેથી અમને બન્નેને તત્કાળ તે સિદ્ધ દશા પામવાની ઈચ્છા છે.’’ ॥૨૧॥

પછી શ્રીહરિએ તે બન્ને પોતાના ભક્તોને પ્રેમથી કહ્યું, ‘‘તમે બન્ને જીવુબા

रामाख्यां ते त्विमां कन्यां विधास्ये सांख्ययोगिनीम् ।

तया कार्या ततो नित्यं जयासेवा मदाज्ञया ॥२३॥

प्रोचतुस्तावथैवं तं ब्रवीषि त्वं यथा प्रभो ! ।

करिष्यावस्तथैवाऽऽवां त्वत्प्रसत्त्यै निरन्तरम् ॥२४॥

सोऽकार्षीत्तौ ततः पद्‌गौ रामाख्यामुत्कपुत्रिकाम् ।

तथा स्वीयाश्रितत्राता सांख्ययोगाश्रितां व्यधात् ॥२५॥

ततो माणिक्यवर्णी स्वां हरिस्त्वारुह्य वाजिनीम् ।

लक्ष्मीवाटीमगात्प्रीत्या सादिपद्‌गादिभिर्युतः ॥२६॥

ततस्तौ तन्निदेशेन लाङ्गलेनैव तन्महीम् ।

कर्षयाञ्चक्रतुर्धीरौ तदाज्ञापालनोद्यतौ ॥२७॥

ततस्तस्येच्छया तूर्णं समाधिं प्रापतां शुभाम् ।

तत्र चापश्यतां दिव्यं धाम तावक्षरं हरेः ॥२८॥

तस्मिन् सिंहासनं दिव्यं मुदा तौ हि व्यपश्यताम् ।

(મોટીબા) ના ખેતરમાં હળ હાંકો. ॥૨૨॥

તમારી દીકરી આ રામબાઈને સાંખ્યાયોગી કરીએ એટલે તેણે મારી આજ્ઞાથી નિત્ય જીવુબાની સેવા કરવી.’’ ॥૨૩॥

પછી તે બન્ને બોલ્યા, હે પ્રભો ! જેમ આપ કહો છો તેમ અમે બન્ને આપને પ્રસન્ન કરવા નિરંતર કરશું. ॥૨૪॥

પછી પોતાના ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિએ તે બન્નેને પાર્ષદ બનાવ્યા અને ઉકાભગતની દીકરી રામબાઈને સાંખ્યયોગી કર્યા. ॥૨૫॥

પછી શ્રીહરિ માણેકવર્ણી પોતાની માણકી ઘોડી ઉપર સવાર થયા. બીજા ઘોડે સવારો અને પાર્ષદોને સાથે લઈને પ્રેમથી લક્ષ્મી વાડીએ પધાર્યા. ॥૨૬॥

શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર અને ધીરજ વાળા તે બન્ને ઊકા ભક્ત અને હરજી ભક્ત શ્રીહરિની આજ્ઞાથી જીવુબાની જમીનમાં હળ હાંકવા લાગ્યા. ॥૨૭॥

પછી શ્રીહરિની ઈચ્છાથી તે બન્નેને તત્કાળ શુભ સમાધિ થઈ. તેમાં તેમને શ્રીહરિના અક્ષરધામના દર્શન થયા. ॥૨૮॥

तत्र दृष्ट्वा हरेर्दिव्यां मूर्तिं तौ व्युत्थितौ ततः ।।२९।।
अखण्डतैलधारावत्समग्रासु क्रियास्वपि ।
दृगग्रे तौ हरेर्मूर्त्तिं नित्यं साक्षादपश्यताम् ।।३०।।
प्रावोचतामथैवं तौ तं निजेष्टं कृताञ्जली ।
आवां सिद्धदशां प्राप्तौ सत्वरं तेऽनुकम्पया ।।३१।।
आवां साक्षात्प्रसङ्गं ते योगिभिस्तापसादिभिः ।
दुर्लभं प्राप्य संयातावद्य नूनं कृतार्थताम् ।।३२।।
आगत्याऽथाऽन्वितस्ताभ्यां स्वाश्रितैश्चेतरैर्हरिः ।
समीपेऽक्षरसौधस्य जम्बुवृक्षादधःक्षितौ ।।३३।।
स्वासने राजिते युक्ते कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदत्तत्र तं नत्वा भक्ताश्चोपाविशन् हरिम् ।।३४।।
तत्पूजां वस्त्रभूषाद्यैश्चित्रैरर्घ्यैर्जयाः ततः ।
ताभ्यां चाऽकारयद्भक्त्या सच्चिदानन्दयोगिवत् ।।३५।।

પ્રસન્ન મનથી ત્યાં દિવ્ય સિંહાસન જોયું અને સિંહાસનમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિના દર્શન કર્યા. તુરંત જાગી ગયા. ।।૨૯।।

તે પછી તો તે બન્ને પાર્ષદ ઊકા ભક્ત અને હરજી ભક્તને તે સમગ્ર ક્રિયામાં તેલની ધારાની જેમ અખંડ શ્રીહરિની સાક્ષાત્ મૂર્તિના દર્શન થતા હતા. ।।૩૦।।

પછી તે બન્નેએ હાથ જોડીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને કહ્યું, હે મહારાજ! અમે આપની દયાથી સત્વરે સિદ્ધદશાને પામ્યા છીએ. ।।૩૧।।

મોટા તપસ્વીઓ અને યોગીઓને પણ દુર્લભ આવો આપનો સાક્ષાત્ પ્રસંગ અમને પ્રાપ્ત થયો છે તેથી અમે આજે કૃપાર્થ થયા છીએ. ।।૩૨।।

પછી શ્રીહરિ તે બન્ને પાર્ષદોને અને બીજા કેટલાક ભક્તોને સાથે લઈને અક્ષરભવનને નજીક રહેલા જાંબુડાના ઝાડ નીચે પધાર્યા. ।।૩૩।।

ત્યાં સુંવાળા ગાદી તકિયાવાળા પોતાના આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ત્યારે સહુ ભક્તો શ્રીહરિને પગે લાગીને સન્મુખ બેઠા. ।।૩૪।।

પછી જીવુબાએ યોગી સચ્ચિદાનંદ સ્વામીની જેમ ઊકા ભગત અને હરજી

साऽथ नानाविधैर्भोज्यै सुधास्वादावतर्जनैः ।
निजेष्टं श्रीहरिं राजंस्तर्पयामास भक्तितः ।।३६।।
जयादिभ्योऽथ स प्रीत्या स्वीयप्रासादिकं हरिः ।
भोज्यं नानाविधं रम्यं तथा ताभ्यामदीदपत् ।।३७।।
सोऽतिप्रीतोऽथ राजेन्द्र ! तयोः स्वाज्ञानुवर्तिनोः ।
तद्वक्षस्यादधत्स्वीयं पुण्यं पादाम्बुजद्वयम् ।।३८।।
वर्णिसंन्यासिनः साधून् पद्गान् भक्तांस्तथेतरान् ।
सा विचित्रैर्वरैर्भोज्यैः सादरं समतीतृपत् ।।३९।।
एवं विधानि दिव्यानि तत्र भूरीणि स प्रभुः ।
चरित्राण्यकरोद् राजन् ! तत्रैकं ते मयोदितम् ।।४०।।
आरभ्य सोऽक्षरे सौधे निवासं सर्वदाऽकरोत् ।
तस्य जम्बूतरोर्मूले त्रिवारं स्नानमच्युतः ।।४१।।

ભગતની પાસે મોંઘા મૂલા જાત જાતના વસ્ત્ર અલંકારો વડે શ્રીહરિની પૂજા કરાવી. ।।૩૫।।

હે રાજન્ ! પછી તેમણે અમૃત કરતાં પણ વધારે સ્વાદિષ્ઠ અનેક પ્રકારના ભોજનો કરાવ્યા અને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને ભક્તિભાવથી જમાડીને તૃપ્ત કર્યા. ।।૩૬।।

પછી શ્રીહરિએ જીવુબા વગેરેને તથા તે બન્ને પાર્ષદોને પોતાના થાળની અનેક પ્રકારની સુંદર પ્રસાદી પ્રેમથી અપાવી. ।।૩૭।।

હે રાજેન્દ્ર ! પોતાના આજ્ઞાંકિત તે બન્ને પાર્ષદો ઉપર શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા અને પોતાના પુણ્યરૂપ બન્ને ચરણકમળ તેમની છાતી ઉપર ચાંપ્યા. ।।૩૮।।

પછી જીવુબાએ બ્રહ્મચારી, સાધુ, સંન્યાસી, પાર્ષદો અને બીજા બધા ભક્તોને આદરે સહિત અનેક પ્રકારના ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ।।૩૯।।

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિએ આવી રીતના ઘણા દિવ્ય ચરિત્ર તે જાંબુડાના ઝાડ નીચે કર્યા છે. તેમાંથી મેં તમને એક ચરિત્ર કહ્યું. ।।૪૦।।

પહેલેથી જ અક્ષરભવનમાં કાયમનિવાસ કરીને રહ્યા હતા તે નિર્વિકારી શ્રીહરિ તે જાંબુડાના થડ આગળ નિત્ય ત્રણવાર સ્નાન કરતા હતા. ।।૪૧।।

जम्बूवृक्षोऽस्त्ययं मुक्तो तत्पादाम्बुसुधां सदा ।
पातुमिच्छन् हि सञ्जातो जम्बूभूरुहरू पतः ॥४२॥

श्रीशुकानन्द उवाच -
एवं निशम्य वचनं रु चिरं तदीयं पुण्यं सुधारसविर्तजिमनोभिरामम् ।
भक्ता हरे र्नृप ! भवज्जनकादयस्ते तं प्राणमन् प्रमुदितास्तदतिप्रसक्ताः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनु श्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदत्तहरिजनदीक्षानिरू पणं नाम पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥५५॥

अथ षट्पञ्चाशत्तमोऽध्यायः

षट्पञ्चाशेऽक्षरानन्दं शुभां दीक्षामदाद्धरिः ।
षट्त्रिंशत् बलिवर्दान् स नस्तितान् विदधे दृढान् ॥

श्रीचैतन्यानन्द उवाच -
राजन्नथैकदा चित्रं चरित्रं स व्यधाद्धरिः ।
तथा स्वं दिव्यमैश्वर्यं स्वभक्तेभ्यो व्यदीदृशत् ॥१॥

"આ જાંબુડો તો મુક્ત છે, મારું ચરણામૃતજળ પીવાની ઇચ્છાથી તે ઝાડ રૂપે અવતર્યો છે." ॥૪૨॥

હે નૃપ ! આ પ્રમાણેનું અમૃતરસને લજવે તેવું મનોજ્ઞ અને સુંદર પવિત્ર તેમનું વચન સાંભળીને શ્રીહરિમાં હેતવાળા તમારા પિતા શ્રીદાદાખાચર આદિ શ્રીહરિના ભક્તો પ્રસન્ન થયા અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૫ સમાપ્ત

અધ્યાય - ૫૬

શ્રીહરિએ શ્રીઅક્ષરાનંદ સ્વામીને દીક્ષા આપી તથા ૩૬ આખલાને નાથ્યા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક સમયે શ્રીહરિએ આશ્ચર્યકારી ચરિત્ર કર્યું તથા ભક્તોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું. ॥૧॥

श्रीशुकानन्द उवाच -
श्रुत्वेति तस्य वचनं मुनिवन्दितस्य तापत्रयोपशमनं च सुधायमानम् ।
प्राप्तो मुदं नरपतिर्विनयावनम्रो बद्धाञ्जलिस्तमिति वाचमुवाच नम्राम्।
एतच्चरित्रमतिचारु हरेरु दारमैश्वर्यमद्भुतमिदं परमं पवित्रम् ।
शुश्रूषवे करु णया मुनिराज ! मह्यं वक्तुं त्वमर्हसि विबोधनिधे! दयालो!
इत्थं निशम्य वचनं स मुनिप्रवर्यस्तस्याऽतितुष्टहृदयः सुधियो नृपस्य ।
ध्यायन् हरिं स्वहृदये करु णानिधानं प्राहेति तं वचनमार्त्तिहरं मनोज्ञम् ॥

श्रीचैतन्यान्द उवाच -
एकदाऽक्षरसौधस्य पश्चिमद्वारसंयुजि ।
बहिर्वेद्यां निजे पीठे स न्यषीदत् प्रभुर्वरे ॥५॥
सर्वश्वेताम्बरोद्भासी माल्यहारादिभास्वरः ।
कैसरं तिलकं भाले बिभ्रत्कुङ्कुमचन्द्रकम् ॥६॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, સંતોમાં વંદનીય શ્રીચૈતન્યાનંદ સ્વામીનું આવું ત્રણ તાપને મટાડનારું અમૃત સમાન વચન સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર આનંદિત થયા. પછી તેમણે વિનયથી નમ્ર પણે હાથ જોડ્યા અને નમ્ર વિનંતિ કરી. ॥૨॥

હે જ્ઞાનનિધિ દયાળુ મુનિરાજ ! શ્રીહરિના આ મહાન્ સુંદર ચરિત્ર અને પરમ પવિત્ર અદ્‌ભુત ઐશ્વર્યને હું સાંભળવા ચાહું છું. તો આપ દયા કરીને મને તે ચરિત્ર અને ઐશ્વર્ય કહો. ॥૩॥

સદ્‌બુદ્ધિવાળા શ્રીઅમરાખાચરનું આવું વચન સાંભળીને મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામી હૃદયમાં અત્યંત પ્રસન્ન થયા. પછી પોતાના હૃદયમાં કરુણાનિધિ શ્રીહરિનું ધ્યાન કરીને પીડાહારી મનોહર વચન બોલ્યા. ॥૪॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીહરિ અક્ષરભવન (અક્ષર ઓરડી) ના આથમણા બારણા પાસેની ઓસરીમાં પોતાના ઉત્તમ આસન ઉપર વિરાજ્યા હતા. ॥૫॥

સર્વ શ્વેતવસ્ત્રોની ક્રાંતિ ચમકતી હતી. ફૂલોના હારની આભા દીપી રહી હતી. લલાટમાં કેસર ચંદનનું તિલક અને કુંકુમનો ચાંદલો કરેલો હતો. ॥૬॥

प्रेक्ष्यमाणोऽनिमेषाक्षैर्भक्तैस्त्वज्जनकादिभिः ।
मानसानि हरंस्तेषां प्रोल्लसत्पाणिचेष्टया ॥७॥
तावत्तत्राऽऽगमन् राजन्नलयग्रामसिनौ ।
आदाय साधवो धीरा राजपुत्रौ विरागिणौ ॥८॥
अथ प्रणम्य साष्टाङ्गं निजाग्रे तानवस्थितान् ।
दृष्ट्वा हसन् हरिः प्रीतः प्राहैवं ते पितामहम् ॥९॥
राजन्निमे मुनिवरा नृपतेः कुमारौ कृत्वोपदेशमखिलार्त्तिहरं पवित्रम् ।
कर्त्तुं त्विमौ परमहंसपथानुयातावत्राऽऽनयन्ति जनजातहितप्रसक्ताः ॥
सल्लक्षणैकनिलया नृप! चैतदाद्या ऐश्वर्यवीर्यबलशीलविराजमानाः।
श्रेयः क्षितौ तनुभृतामवतारवद्वै कुर्वन्ति चाक्षरसमा मुनयो मदीयाः।११।
भूरिप्रतापनिलया विगताभिमानाः साश्चर्यचारु चरिताः सुखदोपदेशाः।
नानाऽशुभोपशमना ननु सिद्धयोगाः सर्वोत्तमाः परमहंसगणाः किलैते।

તમારા પિતા શ્રીદાદાખાચર આદિ ભક્તો એકીટશે દેખી રહ્યા હતા અને શ્રીહરિ સુંદર લટકાથી ભક્તોના મનને ખેંચતા હતા. ॥૭॥

હે રાજન્ ! બરાબર તે સમયે ત્યાં ધીર ગંભીર સંતો અલિયા ગામના વૈરાગ્યવાન્ બે રાજપૂતોને લઇને આવ્યા. ॥૮॥

તે સહુએ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને આગળ ઊભા રહ્યા. ત્યારે તેમને જોઇને પ્રસન્ન થયેલા શ્રીહરિએ હસતાં હસતાં તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચર ને આમ કહ્યું. ॥૯॥

"હે રાજન્ જનતાના હિતકાર્યમાં લાગેલા આ મુનિવર્ય સંતોએ રાજપૂત દરબારના પુત્રો આગળ સર્વ પીડાને ટાળનારો પવિત્ર ધર્મોદેશ કર્યો છે. અને આ બન્ને રાજપુત્રોને પરમહંસ (સાધુ) કરવા માટે અહીં લઇ આવ્યા છે. ॥૧૦॥

હે નૃપ ! આ મારા સંતો સાધુતાનો તો એક આધાર છે, ઐશ્વર્ય, વીર્ય, બળ અને શીલથી (ચારિત્ર્યથી) આ સાધુઓ શોભે છે. આ ભૂમિ ઉપર મારા અવતારોની જેમ મનુષ્યોનું કલ્યાણ કરી રહ્યા છે. આ સંતો તો અક્ષરના સમાન છે. ॥૧૧॥

આ મારા સંતો અપાર પ્રતાપી છે. નિરભિમાની છે, તેમનું ચરિત સુંદર અને વિસ્મયજનક છે, તેમનો ઉપદેશ પરિણામે સુખરૂપ છે, તેઓ અનેક પાપોને

भ्रात्रोः किलैतयोर्मध्ये द्वयोः राजकुमारयोः ।
दलजित्संज्ञितो धीमान् पुञ्जजिच्च तथा सुधीः ॥१३॥
धीमान् सत्सङ्गकार्येषु शान्तो नानाविधेष्वसौ ।
मय्यासक्तमना राजन्नुपयोगी भविष्यति ॥१४॥
तस्मात्परमहंसं वै विधास्यामेतमुत्तमम् ।
स इत्युदीर्य सामान्यां दीक्षां तस्मै ददौ हरिः ॥१५॥
ततस्तस्मै हरिर्दीक्षां विशेषां वैष्णवीमदात् ।
तं चकाराक्षरानन्दसंज्ञितं स्वानुरागिणम् ॥१६॥
तदा तस्येच्छयाऽपश्यत्सोऽक्षरं धाम भास्वरम् ।
तत्र सिंहासने दिव्ये हरेर्मूर्त्तिं तथाऽद्भुताम् ॥१७॥
नैकलोकेशलावण्यं तर्जयन्तीं निजश्रिया ।
कोटिकामस्मयोच्छेत्रीं दिव्यवासोविभूषणाम् ॥१८॥

શમાવે છે, તેઓ સિદ્ધયોગવાળા છે, આ પરમહંસો જગતમાં સર્વોત્તમ છે. ॥૧૨॥

આ બન્ને સગાભાઇ રાજપુત્રોમાં દલજિત્ (દલાજી) મોટા અને બુદ્ધિમાન છે. પુંજાજી નાના અને રૂડી બુદ્ધિવાળા છે. ॥૧૩॥

હે રાજન્ આ મોટો દલજીત અનેક પ્રકારના સત્સંગના કાર્ય કરી શકે તેવો બુદ્ધિમાન્ છે અને શાંત છે, તેનુ મન મારા સ્વરૂપમાં લાગેલું છે, તેથી તે ઉપયોગી થશે. ॥૧૪॥

માટે હું આ મોટોભાઇ ઉત્તમ છે તેને દીક્ષા આપીને પરમહંસ કરીશ. આમ બોલીને પછી શ્રીહરિએ તેને પ્રથમ સામાન્ય દીક્ષા આપી. ॥૧૫॥

અને તે પછી તેને વૈષ્ણવી વિશેષ દીક્ષા (મહાદીક્ષા) પણ આપી. પોતાના ઉપર હેતવાળા તે દીક્ષિતનું નામ "અક્ષરાનંદ મુનિ" રાખ્યું. ॥૧૬॥

તે સમયે શ્રીહરિની ઇચ્છાથી શ્રીઅક્ષરાનંદ મુનિને તેજસ્વી અક્ષરધામ દેખાયું. ત્યાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિની અદ્‌ભુત મૂર્તિના પણ દર્શન થયા. ॥૧૭॥

તે મૂર્તિ પોતાના સ્વરૂપ સૌંદર્યથી અનેક લોકપાળોના લાવણ્યને લજવતી હતી. તે દિવ્ય વસ્ત્ર અને અલંકારોથી શોભતી હતી તથા કરોડો કામદેવના ગર્વને

अथ प्राप्तो महानन्दं प्रेमोद्यत्पुलकाङ्कितः ।
निश्चिकायेति या मूर्तिर्दृष्ट्वा धाम्न्यक्षरे मया ॥१९॥
सैवाऽस्त्यसौ हरेर्मूर्त्तिः साक्षादाश्चर्यकारिणी ।
अणुमात्रोऽपि चैतस्या भेदस्तस्या न विद्यते ॥२०॥
तस्यानुजोऽथ स भ्राता स्वर्णमुद्राशतं ततः ।
अर्पयामास वै तस्मै स्वेष्टदेवाय भूपते ! ॥२१॥
चर्मणी स ततस्तस्मै खड्गौ चादान्मुदान्वितः ।
अथैकं राजपुत्रं तं हरिः प्राहेति सस्मितम् ॥२२॥
भक्तवर्यस्त्वदीयोऽसौ ज्येष्ठो भ्राता हि मद्रतः ।
कृतो मुख्यो मया प्राज्ञो ललिते जनबोधने ॥२३॥
त्वं तु तिष्ठ तदीयायां सेवायामेव सर्वदा ।
मदाज्ञापालनोद्युक्तो युक्तः साधुगुणैः सुधीः ॥२४॥
निदेशं तं हरेर्भद्रं परं निःश्रेयसावहम् ।

ઉતારી દે તેવી હતી. ॥૧૮॥

શ્રીઅક્ષરાનંદ સ્વામી ખૂબ જ આનંદિત થયા. પ્રેમથી શરીર રોમાંચિત થઇ ગયું. જ્યારે સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે મનમાં નિશ્ચય કર્યો કે “મેં અક્ષરધામમાં જે મૂર્તિના દર્શન કર્યા છે તે જ આ સાક્ષાત્ શ્રીહરિની આશ્ચર્યકારી મૂર્તિ છે. તે મૂર્તિમાં અને આ મૂર્તિમાં અણુ જેટલો પણ તફાવત નથી. ॥૧૯-૨૦॥

હે ભૂપતે ! પછી અક્ષરાનંદ મુનિના નાનાભાઇ પુંજાજીએ પોતાના ઇષ્ટદેવ શ્રીહરિની આગળ એક સો સોના મહોર ભેટ અર્પણ કરી. ॥૨૧॥

અને પ્રેમથી બે તલવારો અને બે ઢાલ પણ ભેટ મૂકી. પછી શ્રીહરિએ તેમના માતાપિતાના એક માત્ર રાજપુત્ર શ્રીપુંજાજીને આછું હસીને કહ્યું, ॥૨૨॥

હે ભક્તરાજ ! તમારા આ મોટાભાઇ મારા સ્વરૂપમાં પ્રેમવાળા છે. તે મહાબુદ્ધિશાળીને મેં સુંદર લોકોપદેશ કરવામાં મુખ્ય કર્યા છે. ॥૨૩॥

મારી આજ્ઞા પાળવામાં તત્પર રહેતા, સાધુતાના ગુણોથી યુક્ત અને સદ્‌બુદ્ધિવાળા તમે હમેશાં શ્રીઅક્ષરાનંદ સ્વામીની સેવામાં રહો. ॥૨૪॥

શ્રીહરિની કલ્યાણકારી મંગળમય સર્વોત્તમ આજ્ઞાને આદરભાવવાળા તે

अगृह्णातामिति प्रीत्या मूर्ध्ना तावादरान्वितौ ॥२५॥
ततस्ताभ्यां हरेः पूजां सादरं त्वत्पितामहः ।
गन्धवस्त्रविभूषाद्यैरु पचारैरचीकरत् ॥२६॥
विचित्रैः सोऽथ पक्वान्नैः शष्कुलीपर्पिकादिभिः ।
भोज्यैर्नानाविधैश्चान्यैः श्रीहरिं समतर्पयत् ॥२७॥
वर्णिसंन्यासिसत्पद्गान् भक्तांश्चान्यान् गृहाश्रमान् ।
नानाभोज्यैश्च पक्वान्नैस्तादृशैः स व्यतीतृपत् ॥२८॥
पराह्ने चाऽथ तस्याह्नः सोऽक्षराभिधसौधतः ।
चतुष्के स्वासने रम्ये श्रीहरिः समुपाविशत् ॥२९॥
ततस्तस्याऽग्रतो राजंस्त्यागिनो गृहिणस्तथा ।
तं नत्वोपाविशन् भक्ताः प्रेक्षमाणास्तमच्युतम् ॥३०॥
अथेत्यूचे हरिर्धीरं स्वासक्तं ते पितामहम् ।
राजन् ! वृषास्त्वयाऽऽनेया गोधने ते मदोद्धताः ॥३१॥

બન્ને એ પ્રેમથી મસ્તકે ચઢાવી. ॥૨૫॥

પછી તમારા પિતામહ શ્રીએભલ ખાચરે તે બન્ને પાસે આદરપૂર્વક ચંદન વસ્ત્ર અને અલંકારો આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરાવી. ॥૨૬॥

પછી અનેક જાતના જલેબી અને બરફી ઇત્યાદિ મિષ્ટાન્ન તથા અનેક પ્રકારના બીજા ભોજનનો થાળ કરાવીને શ્રીહરિને જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૭॥

વર્ણી, સાધુ, સંન્યાસીઓ, પાર્ષદો અને બીજા ગૃહસ્થ ભક્તોને સારા પકવાન તથા બીજા અનેક પ્રકારના ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૮॥

પછી તે જ દિવસ બપોર પછીના સમયે અક્ષરભવન આગળ ચોકમાં પોતાના મનોહર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૨૯॥

હે રાજન્ ! શ્રીહરિની આગળના ભાગમાં સર્વ સંતો અને હરિભક્તો પગે લાગીને બેઠા અને અવિકારી શ્રીહરિના મુખારવિંદ સામે સહુ જોઇ રહ્યા હતા. ॥૩૦॥

પછી શ્રીહરિએ પોતામાં પ્રેમથી બંધાયેલા, ધીર ગંભીર તમારા પિતામહ શ્રીએભલખાચરને કહ્યું, “હે રાજન્ ! તમારી ગાયોના ધણમાં કેટલાક મદોદ્ધત આખલાઓ મોટા થઇ ગયા છે, તેને અહીં મગાવો.” ॥૩૧॥

तथेत्युक्त्वाऽथ स प्रीत्या योधसंज्ञेन भूपते ! ।
गोपेनाऽऽनाययत्तूर्णं षट्त्रिंशत् सम्मितान् वृषान् ॥३२॥
एकैकस्मिंस्तु तत्राऽऽसीत्सप्त सप्त वृषोद्बलम् ।
आसन्नेवं महौजस्का दुर्ग्रहास्ते दुरासदाः ॥३३॥
दधानाः शारदीं पुष्टिं क्रूरा भूरिपराक्रमाः ।
दुर्मदाः शूरदुर्दान्ता ध्वस्तवीरमहास्मयाः ॥३४॥
उच्चैर्भीमं प्रकुर्वन्तः स्वीयजातिरवं नृप ! ।
क्षोणिं महाककुत्काया: कम्पयन्तः खुरक्षताम् ॥३५॥
पुच्छमुद्यम्य शृङ्गाग्रैर्वप्राणां चातिभञ्जकाः ।
येषां निर्ह्रादवित्रस्ताः पलायन्ते स्म देहिनः ॥३६॥
तीक्ष्णशृङ्गान् स तान् दृष्ट्वा स्तब्धस्फारदृशो हरिः ।
पार्षदान् प्रेरयामास विधातुं विद्धनासिकान् ॥३७॥
उत्थितास्ते तदाज्ञप्ता वीर्यशौर्यबलोर्जिताः ।

ત્યારે તેમણે ''બહુ સારું મગાવું છું.'' આમ કહીને ગોવાળ જોધા ભરવાડ પાસે છત્રીશ જેટલા મોટા, જેમાં એક એક આખલામાં સાત સાત બળદનું બળ હતું, તે આખલાઓને તુરત મગાવ્યા. ॥૩૨॥

તે બધા આખલા ઘણા પાણીદાર, ન પકડી શકાય કે ન વશ કરી શકાય, એવા ઘણા પરાક્રમી, બળિયા અને ક્રૂર હતા. શરદ ઋતુમાં સારો ખોરાક મળતો હોવાથી ઘણા પુષ્ટ થયેલા હતા. તે અતિ ઉદ્ધત, શૂર, અને વીરપુરુષોના ગર્વને પણ તોડી પાડે તેવા હતા. ॥૩૩-૩૪॥

હે નૃપ ! તે આખલાઓ ઊંચે અવાજે તાડૂકતા હતા. મોટી મોટી કોઠ (ખૂંધ) વાળા તે ખરીઓથી જમીને ખોતરીને ધ્રુજાવતા હતા. ॥૩૫॥

પૂંછડું ઊંચું રાખીને શિંગડાઓથી ભેખડો કે કિનારાઓને ઓખદાળીને તોડી પાડતા હતા. જેની ત્રાડ સાંભળીને ડરી ગયેલા લોકો ભાગવા માંડતા હતા. ॥૩૬॥

શ્રીહરિએ તેની સામે જોયું, અણીદાર સીંગ હતા. તેની આંખો સ્થિર બિહામણી અને ફાડેલી હતી. પછી શ્રીહરિએ પાર્ષદોને કહ્યું કે ''તમે જઈને આ

क्रूरान् विलोक्य तांस्तेषां गन्तुं शेकुर्न सन्निधौ ॥३८॥
श्रीहरिस्तानथेत्यूचे सप्त कृष्णो यथा वृषान् ।
गृहीत्वा स्वौजसा तूर्णं न्यबध्नाद्दामभिर्विभुः ॥३९॥
तथाऽहं गोवृषान्नेतान् गृहीत्वा सत्वरं जनाः ।
नस्प्रोतान् विमदान् दीनान् विधास्यामीति बुध्यताम् ॥४०॥
इत्युक्त्वा वाससा शूरो हरिर्बध्वा कटिं दृढम् ।
तानुच्चैर्नदतोऽपश्यद्भिन्दतश्चावनिं खुरैः ॥४१॥
ततः शब्दं वदन्नुच्चैः पूर्वदेशानुसारिणम् ।
अगात्स चान्तिकं तेषां तूर्णमुत्प्लुत्य रंहसा ॥४२॥
ततो रू पाणि षट्त्रिंशद्धृत्वा तान् युगपद्धरिः ।
गृहीत्वाऽऽविध्य तन्नासा बध्नाति स्माऽऽशुदामभिः ॥४३॥
तेनेत्थं बध्यमानांस्तान् बालो दारुमयान् यथा ।

આખલાઓ ને નાથો.'' પાર્ષદો વીરતા શૂરતા અને બળથી ભરપૂર હતા. શ્રીહરિની આજ્ઞા થઈ તેથી ઊઠ્યા તો ખરા, પણ તે ક્રૂર આખલાઓની નજીક જવાની કોઈને હિંમત ન ચાલી. ॥૩૭-૩૮॥

પછી શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, મહાન્ સમર્થ શ્રીકૃષ્ણભગવાને સાત આખલાઓને પકડીને પોતાના પ્રભાવથી જ તેને નાથીને બાંધી દીધા હતા. ॥૩૯॥

''હે ભક્તો ! હું પણ આ છત્રીશ આખલાઓને પકડીને નાથી દઈશ. અને તેને મદ રહિત દીન કરી મૂકીશ. એમ સમજો.'' ॥૪૦॥

આમ કહીને શ્રીહરિએ શૂર ભાવે એક ખેસથી કમર કસીને સારી રીતે બાંધી. પછી ઊંચેથી તાડૂકતા અને ખરીઓથી જમીનને ખોતરતા તે આખલાઓની સામું જોયું. ॥૪૧॥

પછી પૂર્વ દેશ (અવધ પ્રદેશ) ને અનુસારે ઊંચેથી પડકાર કર્યો. વેગથી કૂદીને તત્કાળ તે આખલાઓની પાસે પહોંચી ગયા. ॥૪૨॥

પછી શ્રીહરિએ તત્કાળ છત્રીશ સ્વરૂપ ધારણ કર્યાં. એક જ સમયે બધા આખલાઓને નાકમાં દોરીથી નાથ્યા અને દોરડીથી બાંધી દીધા. ॥૪૩॥

નાનું બાળક જેમ લાકડાના રમકડાંને પકડે કે બાંધે તેમ શ્રીહરિએ તે બધા

भक्ता वीक्ष्येयुराश्चर्यं ध्वस्तदर्पान् हतौजसः ॥४४॥
ऐश्वर्यमित्थमतुलं जनचित्रकारं सर्वार्त्तिपापभिदुरं रुचिरं सुभद्रम् ।
श्रुत्वा हरेर्नृपतयो भुवि मर्त्यगीतं प्रापुर्हि विस्मयमुदारमुदारबुद्धे ! ॥४५॥

इति श्रीमद्धहरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये राजकुमारदीक्षाप्रदानादिनिरू पणं नाम षट्पञ्चाशत्तमोऽध्यायः ॥५६॥

अथ सप्तपञ्चाशत्तमोऽध्यायः

सप्तपञ्चाश ईशेन कार्कोटकेन संश्रिताः ।
घृतपक्वेन शाकेन भोज्यैश्च सुहिताः कृताः॥

श्रीचैतन्यानन्द उवाच -
अङ्गणाद्दिशि वारु ण्यां राजन्नक्षरसौधतः ।
यो मार्गोऽभूत्ततस्तस्यामेकभौमभभूद् गृहम् ॥१॥

આખલાઓને પકડીને બાંધ્યા, ગર્વરહિત તથા નિસ્તેજ કરી દીધા. આ બધું દેખીને ભક્તજનો વિસ્મય પામ્યા. ॥૪૪॥

શ્રીહરિનું આ રીતનું ઐશ્વર્ય આશ્ચર્યકારી અને અનુપમ હતું. સર્વ પીડાઓને અને પાપોને ટાળનારું હતું. હે ઉદારબુદ્ધિવાળા રાજા ! તે સુંદર મંગળરૂપ મહાન્ ઐશ્વર્યને લોકમુખે સાંભળીને દુનિયામાં મોટા રાજાઓ પણ વિસ્મય પામ્યા હતા. ॥૪૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૫૬ સમાપ્ત

અધ્યાય - ૫૭

રાજબાઈની રસોઈ, કંકોડાનું શાક શ્રીહરિએ કર્યું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! અક્ષરભવન (અક્ષરઓરડી) ના આંગણાથી આથમણી દિશામાં જે રસ્તો હતો. તેથી આથમણું એક માળ વાળું એક ઘર હતું. ॥૧॥

श्रीहरिस्तत्र सोऽकार्षीच्चरित्रं पावनं परम् ।
स्वैश्वर्यज्ञापकं दिव्यं मङ्गलश्रवणादिकम् ॥२॥
श्रीशुकानन्द उवाच -
इति स तस्य वरस्य सतां वचः वरगुणस्य निशम्य नरेश्वरः ।
समधिगम्य मुदं विहिताञ्जलिस्तमिति वाचमुवाच मनोहराम् ॥३॥
गुणनिधे ! चरितं रु चिरं हरेरिदमुदारसुखप्रदमद्भुतम् ।
दुरितदुःखभरच्छिदुरं परं गदितुमर्हसि मे दययाञ्जसा ॥४॥
इति निशम्य स तस्य महीभुजो मुनिवरो मुदितः करु णालयः ।
हरिचरित्रसुधाप्रपिपासया युतमिदं वचनं निजगाद तम् ॥५॥
श्रीचैतन्यानन्द उवाच -
तद्गेहस्यैकदा राजन्नेडुकोपरि भास्वरे ।
श्रीहरिः शिल्पनैपुण्ये सद्गवाक्षे ह्युपाविशत् ॥६॥
चारुस्मेरमुखोद्धासी हंसपक्षसिताम्बरः ।

શ્રીહરિએ ત્યાં, જેનું શ્રવણ કીર્તન આદિ મંગળરૂપ છે, દિવ્ય છે, જે પોતાના ઐશ્વર્યને સૂચવે છે, આવું પરમ પાવન ચરિત્ર કર્યું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, સર્વોત્તમ ગુણવાળા સદ્ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીનું વચન સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર ખૂબ જ ખુશ થયા અને પછી હાથ જોડીને મનોહર વાત કહી. ॥૩॥

હે ગુણનિધે ! શ્રીહરિનું આ ચરિત્ર સુંદર વિશાલ સુખ આપનારું અને અદ્ભુત છે. તે પાપોને અને અનેક પ્રકારના દુઃખોને નષ્ટ કરનારું છે, શ્રેષ્ઠ છે, તો આપ દયા કરીને મને તે ચરિત્ર કહો - કહી સંભળાવો. ॥૪॥

દરબાર શ્રીઅમરાખાચરનું આવું વચન સાંભળીને કરુણાનિધિ મુનિરાજ શ્રીચૈતન્યાનંદ સ્વામી પ્રસન્ન થયા અને શ્રીહરિ ના ચરિત્રરૂપી અમૃતના પિપાસુ તે શ્રીઅમરાખાચરના પ્રત્યે કહેવા લાગ્યા. ॥૫॥

હે રાજન્ ! આગળ કહી ગયા તે ઘરની પાકી દીવાલના કલાકારીગરીવાળા ગોખમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૬॥

સુંદર આછા હાસ્યથી મુખ તેજસ્વી લાગતું હતું. હંસની પાંખ જેવા સર્વ

नानासुगन्धिमाल्यानां हारोत्तंसादिराजितः ॥७॥
न्यषीदत्तत्र राजन्ती राजन् ! दूरे जया तथा ।
तद्रता ललिता साध्वी प्रीत्या चोपाविशच्छुभा ॥८॥
तत्राऽथ श्रीहरेर्भक्ता भालदेशादुपाऽऽगमन् ।
कर्कोटकांस्तदर्थं ते त्वानयंच्छकटाऽऽभृतान् ॥९॥
हरिं नत्वाऽथ साष्टाङ्गं दण्डवत्पतिताः क्षितौ ।
पुञ्जं कर्कोटकानां ते हरेरग्रे व्यधुर्मुदा ॥१०॥
ततो राजन्त्यवोचत्तं प्रीत्यैवं ते ददाम्यहम् ।
समग्रां पाकसामग्रीं मुन्याद्यर्थं तथा प्रभो ! ॥११॥
मुकुन्दानन्दवर्णीन्द्रं पृच्छति स्मेत्यथ प्रभुः ।
सोऽस्मिञ्छाकविधावाज्यं विद्यतेऽपेक्षितं कियत् ॥१२॥
अथेत्थं श्रीहरिं वाक्यं स हि प्राह महाप्रभो ! ।
अत्राऽपेक्षितमस्त्याज्यं द्वादशैर्मणकैर्मितम् ॥१३॥

શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. અનેક પ્રકારના સુંગંધી ફૂલોના હાર અને તોરા વગેરે શોભતા હતા. ॥૭॥

હે રાજન્ ! ત્યાંથી થોડે દૂર, શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમપૂર્વકની સેવાવૃત્તિરૂપ ભક્તિભાવ જેવા સર્વ શુભ સદ્‌ગુણોથી પૂર્ણ આવા રાજબાઇ, જીવુબા તથા લાડુબા વગેરે સ્નેહપૂર્ણ હૃદયવાળા ભક્ત મહિલાઓ બેઠા હતા. ॥૮॥

ત્યારે ત્યાં ભાલપ્રદેશના હરિભક્તો આવ્યા. તેઓ શ્રીહરિને માટે શાક કરવા ગાડીમાં કંકોડા ભરી લાવ્યા હતા. ॥૯॥

તે સહુ હરિભક્તોએ શ્રીહરિની આગળ ભૂમિ ઉપર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને આગળના ભાગમાં પ્રેમથી કંકોડાનો ઢગલો કર્યો. ॥૧૦॥

તે દેખીને રાજબાઇએ પ્રેમથી કહ્યું, હે પ્રભો ! સંતો વગેરે સહુને માટે રસોઇ કરવા હું સીધું સામાન મગાવી આપું છું. ॥૧૧॥

પછી શ્રીહરિએ શ્રીમુકુંદાનંદ વર્ણીને પૂછ્યું ''આ કંકોડાનું શાક કરીએ તો તેમાં ઘી કેટલું જોઇએ ? '' ॥૧૨॥

ત્યારે તેમણે શ્રીહરિને કહ્યું, ''હે મહાપ્રભો ! આટલા કંકોડાનું શાક કરવું

तां श्रीहरिस्ततो वाचं जगादैवं शुचिस्मिताम् ।
शाकं कृत्वा महाबुद्धे ! भोज्या मुन्यादयोऽखिलाः ॥१४॥
आनाय्याथ घृतं तूर्णं विंशत्या मणकैर्मितम् ।
महापात्रेषु राजर्षे ! शाकं संस्कृत्य सोऽकरोत् ॥१५॥
ततो गोधुमपिष्टस्य हरिः कृत्वा स बाटिकाः ।
प्रफुल्लास्ता वराः सर्वाः प्राज्याऽऽज्येनाऽऽप्लुता व्यधात् ॥१६॥
वेषवारान्वितं शाकं बाटिकास्तास्तथा हरिः ।
निवेद्य वैष्णवे प्रीत्या भुङ्क्ते स्माऽपः पिबन्मुहुः ॥१७॥
ततो गोधुमपिष्टस्य रोटकान् विप्रकारितान् ।
बर्जर्यांस्तांस्तथाऽऽज्यार्द्रान् मुन्यादीन् पर्यवेषयत् ॥१८॥
कार्कोटकीयशाकं तं तथा तान् पर्यवेषयत् ।
तत्पङ्क्तिषु व्रजन् भूयः शाकाद्यं तानभोजयत् ॥१९॥
अथौदनं स तान् सर्वान् परिवेष्य च शर्कराः ।

હોય તો તેમાં બારમણ ઘી જોઇએ.'' ॥૧૩॥

ત્યારે નિર્દોષ હાસ્યવાળા રાજબાઇને શ્રીહરિએ કહ્યું, ''હે મહાબુદ્ધે ! આ કંકોડાનું શાક કરીને સંતો વગેરે સહુને જમાડવા છે.'' ॥૧૪॥

પછી તત્કાળ વીશ મણ જેટલું ઘી મગાવ્યું. હે રાજર્ષે ! સ્વયં શ્રીહરિએ મોટા મોટા કડાયામાં વઘાર કરીને શાક તૈયાર કર્યું. ॥૧૫॥

પછી ઘઉંના લોટની બાટીઓ બનાવી. પકાવતા ફૂલી ગયેલી તે બધી બાટીઓને પુષ્કળ ઘીમાં બોળી દીધી. ॥૧૬॥

સુંદર મસાલેદાર કંકોડાનું શાક અને બાટીઓનો થાળ ભગવાનને ધરાવ્યો. પછી વારંવાર વચ્ચે પાણી પીઇને શ્રીહરિ પ્રેમથી થાળ જમ્યા. ॥૧૭॥

પછી બ્રાહ્મણોએ ઘઉંના લોટના અને બાજરાના રોટલા કરીને તેને ખૂબ જ ઘી ચોપડ્યું હતું, તે સંતો વગેરેને પિરસાવ્યા. કંકોડાનું શાક પણ તે સહુને પિરસાવ્યું. તે પંગતમાં વારંવાર પીરસવા ફરીને શ્રીહરિએ સહુને શાક રોટલા સારી રીતે જમાડ્યા. ॥૧૮-૧૯॥

પછી સહુને સ્વયં ભાત પીરસીને દળેલી સાકર અપાવી અને જાડી ધારે દૂધ

परिवेष्य स्वयं क्षीरं भोजयामास निर्भरम् ॥२०॥
राजन्त्यथेष्टदेवस्य श्रीहरेवतारिणः ।
त्वत्पित्रोत्तमभूपेन पूजामित्थं व्यधापयत् ॥२१॥
श्रीहरिं किन्नखापस्य सुरवारं महाधनम् ।
नीशारं धारयामास तादृशं ते पिता सुधीः ॥२२॥
कौशेयं स्वर्णसद्बुट्टं सुवर्णप्रान्तपल्लवम् ।
उष्णीषं मस्तके तस्य सोऽभ्ररङ्गं व्यदीधपत् ॥२३॥
अभ्ररङ्गं वरं वासः स्वर्णप्रान्तसुपल्लवम् ।
स तत्कट्यां मनोज्ञायां बन्धयामास भक्तितः ॥२४॥
उत्तरीयं वरं नीलकिन्नखापस्य भास्वरम् ।
स्वर्णप्रान्तान्तसंयुक्तं धारयामास सोंऽसयोः ॥२५॥
तेन दत्तो नक्तकस्तत्पाणौ रेजेऽरुणप्रभे ।
श्वेतोपलोज्ज्वलो हंसः पद्मवृन्द इवाऽस्वनः ॥२६॥
अयुतद्वयसद्रूप्यमुद्रामूल्यं मनोरमम् ।

પીરસીને ખૂબ જ જમાડ્યા. ॥૨૦॥

પછી રાજબાઈએ પોતાના ઈષ્ટદેવ અવતારી શ્રીહરિની પૂજા તમારા પિતાશ્રી દાદાખાચર પાસે આ રીતે કરાવી. ॥૨૧॥

સદ્‌બુદ્ધિવાળા શ્રી દાદાખાચરે શ્રીહરિને ઘણા કીમતી કિનખાબનો સુરવાળ અને જામો પહેરાવ્યા. ॥૨૨॥

અને આસમાની રંગની સોનેરી બુટ્ટાદાર અને છેડે સોનેરી પાલવવાળી રેશમી પાઘ મસ્તકે બંધાવી. ॥૨૩॥

આસમાની રંગના, છેડે સોનેરી પાલવવાળા, એક ખેસથી શ્રીહરિની મનોહર કમર ઉપર ભક્તિભાવથી ભેટ બંધાવી. ॥૨૪॥

આસમાની ગૂઢા રંગના કિનખાબનો, છેડે સોનેરી પાલવવાળો, ચમકતો બીજો ખેસ તેમણે બન્ને ખભા ઉપર ધારણ કરાવ્યો. ॥૨૫॥

શ્રીહરિના લાલ કાંતિ વાળા હાથમાં આપેલો શ્વેતરૂમાલ, કમળ સમૂહમાં મૌન થઈને બેઠેલા શ્વેત હીરા જેવા ઊજળા હંસની જેમ, શોભતો હતો. ॥૨૬॥

मुक्ताहारं स्फुरत्कान्ति स तत्कण्ठे व्यधारयत् ॥२७॥
विशाले ललिते भाले पत्रलेखां स कैसरीम् ।
श्रीहरेरकरोद्भक्त्या चारु काश्मीरचन्द्रकम् ॥२८॥
सुगन्धिस्थलपद्मानां हारान्नानाविधान् वरान् ।
ऐकान्तिकः स वै प्रीत्या तद्ग्रीवायामधारयत् ॥२९॥
स्वर्णपात्रेऽथ सोऽम्भोजं विधायाष्टदलान्वितम् ।
तस्मिन् प्रज्वाल्य कर्पूरं हरेर्नीराजनं व्यधात् ॥३०॥
गन्धकौसुमहाराद्यैरुपचारैः सतस्ततः ।
सोंऽशुकैश्चार्चयत् प्रीत्या भिक्षुवर्णिपुरःसरान् ॥३१॥
राजन्ती सा ततो दूरात् कृत्वा नीराजनं हरेः ।
पञ्चाङ्गं प्राणमत्प्रीत्या स्वेष्टदेवं तमच्युतम् ॥३२॥
रम्यां प्राग् ललितां प्रीत्या कृतां स्वध्यानवार्त्तिकाम् ।
अपृच्छत्तं हरिं नम्रो मुक्तानन्दो महामुनिः ॥३३॥

પછી તેમણે શ્રીહરિના કંઠમાં વીશ હજાર રૂપિયાની કીમતનો, ઝળહળતી કાંતિવાળો મનોહર મોતીનો હાર પહેરાવ્યો. ॥૨૭॥

વિશાળ ઊપડતા શ્રીહરિના લલાટમાં કેસર ચંદનની અર્ચા (આડ) ભક્તિભાવથી કરી અને તેની વચ્ચે સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. ॥૨૮॥

એકાંતિક ભક્ત શ્રીદાદાખાચરે સુગંધી સારા ગુલાબના અનેક પ્રકારના હાર શ્રીહરિના કંઠમાં પ્રેમથી પહેરાવ્યા. ॥૨૯॥

સોનાના થાળમાં કુંકુમથી આઠ પાંખડીઓનું કમળ કર્યું હતું, તેમાં કપૂરને પ્રજ્વલિત કરીને તેમણે શ્રીહરિની આરતી ઉતારી. ॥૩૦॥

પછી તેમણે સંતો, બ્રહ્મચારીઓ, સંન્યાસીઓ વગેરેની ચંદન, પુષ્પહાર આદિ ઉપચારોથી તથા વસ્ત્રો આપીને પ્રેમથી પૂજા કરી. ॥૩૧॥

રાજબાઈએ ત્યાંથી દૂર ઊભા રહીને આરતી ઉતારીને પોતાના ઈષ્ટદેવ અવિકારી શ્રીહરિને પંચાંગ પ્રણામ કર્યા. ॥૩૨॥

શ્રીહરિએ પહેલા પોતાનું ધ્યાન કરવાની વાત લાડુબાને સ્નેહથી કહી હતી. મહામુનિ શ્રીમુક્તાનંદ સ્વામીએ નમ્રપણે તેમને તે વાત પૂછી. ॥૩૩॥

पथ्यामर्थ्यां तथा तथ्यां तां स वार्तां ततो हरिः ।
शास्त्रानुसारिणीं भद्रां तस्मै स्वप्रेयसेऽवदत् ॥३४॥
उत्तीर्याऽथाऽऽगमद्राजंस्तद्गेहस्योर्ध्वभूमितः ।
अधोनिबद्धमाणिक्यां सन्निधौ पार्षदान्वितः ॥३५॥
ततो माणिक्यवर्णां तां शालिशीलगुणालयाम् ।
वीक्ष्याऽश्विनीं हरिर्वाक्यं पार्षदानित्थमब्रवीत् ॥३६॥
पार्षदास्ताक्ष्र्यतुल्येयं चारु चित्रगतिर्हयी ।
वर्तते ते तु तद्वाक्यं राजन् ! सत्यं हि मेनिरे ॥३७॥
तत्राऽल्पनिश्चयाः केचित्तान्निशम्य हरेर्वचः ।
तन्माहात्म्याविदो मन्दाश्चक्रुर्हास्यं परस्परम् ॥३८॥
तेऽथ तामिच्छया तस्य वाजिनीं ताक्ष्र्यरूपिणीम् ।
अपश्यंश्चेतरे राजन् ! भूयांसं विस्मयं गताः ॥३९॥
दृढीयांसं ततस्तस्य निश्चयं ते भवच्छिदम् ।

ભક્તનું હિત કરનારી, અર્થગંભીર, સત્ય, મંગળકારી અને શાસ્ત્ર સંમત તે ધ્યાનની વાત પછી શ્રીહરિએ પોતાના અતિ પ્રિય સંત શ્રીમુક્તાનંદ સ્વામીને કહી. ॥૩૪॥

હે રાજન્ પછી શ્રીહરિ તે ઘરના માળ ઉપરથી પાર્ષદોની સાથે નીચે ઊતર્યા અને પછી ત્યાં બાંધેલી માણકી ઘોડીની પાસે પધાર્યા. ॥૩૫॥

સુંદર, સર્વોચ્ચ ગુણોના ધામ જેવી માણેક વર્ણી માણકી ઘોડીને જોઈને પછી તેમણે પાર્ષદોને આમ કહ્યું, ॥૩૬॥

"હે પાર્ષદો ! સુંદર વિવિધ પ્રકારની ગતિથી ચાલતી આ માણકી ગરુડના જેવી છે" હે રાજન્ ! પાર્ષદોએ શ્રીહરિની વાતને સાચી માની. ॥૩૭॥

તેમાં જેને શ્રીહરિનો સંપૂર્ણ નિશ્ચય થયો ન હતો અને તેમનું માહાત્મ્ય સમજતા ન હતા તેવા મંદ લોકો શ્રીહરિનું વચન સાંભળી પરસ્પર જોઈને હસ્યા. ॥૩૮॥

ત્યારે શ્રીહરિની ઇચ્છાથી તેમને માણકી ગરુડરૂપે દેખાઈ. બીજાને પણ દેખાઈ તેથી હે રાજન્ ! તે સહુને આશ્ચર્ય થયું. ॥૩૯॥

सम्प्राप्य धर्मनिष्ठास्तं सर्वदा भेजिरे हरिम् ॥४०॥
ऐश्वर्यमित्थमतुलं पुरुशान्तिकारं दिव्यं हरेरतिशुभं मुनिवर्णनीयम् ।
मुक्तिप्रदं श्रवणगायनकृज्जनानां शुश्रुषवे निगदितं नृपते ! मया ते ॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये कर्कोटकशाकप्राशनादिनिरूपणं नाम सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥५७॥

अथाऽष्टपञ्चाशत्तमोऽध्यायः

अष्टपञ्चाश ईशोऽसौ जयानैवेद्यमग्रहीत् ।
हरी रामप्रतापं च स्वपित्रादीनदर्शयत् ॥

श्रीचैतन्यानन्द उवाच –
यत्राऽद्य विद्यते राजन् ! वर्तुलं गेहमुच्चकैः ।
तत्राऽभूतां हि विस्तीर्णे गर्भागारे मनोहरे ॥१॥

પછી તેમને કલ્યાણકારી શ્રીહરિનો દૃઢ નિશ્ચય થયો. અને ધર્મનિષ્ઠ થઈને સદાકાળ શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ॥૪૦॥

હે નૃપતે ! આવી રીતનું શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય છે. તે અનુપમ છે, અપાર શાંતિ કરે છે, અત્યંત શુભ અને સંતો વર્ણન કરે તેવું છે, જે લોકો તેનું શ્રવણ કીર્તન કરે તેનું કલ્યાણ કરનારું છે. તમે તે સાંભળવાની ઇચ્છા રાખો છો તેથી મેં તમને સંભળાવ્યું છે. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૭ સમાપ્ત

અધ્યાય - ૫૮

શ્રીવાસુદેવ મૂર્તિ દ્વારા જીવુબાનો થાળ જમ્યા અને શ્રીરામપ્રતાપજીને પિતૃદર્શન કરાવ્યું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આજે જ્યાં ઊંચો ગોળ કોઠો છે ત્યાં પહેલા વિશાળ મનોહર બે ઓરડા હતા. ॥૧॥

गर्भागारद्वये तस्मिन् मङ्गलं पावनं हरिः ।
आश्चर्यकृत्स्वभक्तेभ्यो निजैश्वर्यं व्यदर्शयत् ॥२॥
श्रीशुकानन्द उवाच -
इत्थं तां स मुनिवरस्य तस्य वाचं श्रुत्वाऽऽसो मुदमधिकां सुधायमानाम्।
राजेन्द्रः स्वहितकरं परं सुभद्रं तं वाक्यं सरसमिदं जगाद नम्रः ॥३॥
ऐश्वर्यं रुचिरमिदं हरेरुदारं पापघ्नं परमसुखप्रदं दयालो ! ।
सद्गेयं भवभयभेदनं पवित्रं त्वं मह्यं निगदितुमर्हसि प्रचिन्त्यम् ॥४॥
तस्येत्थं स नृपवरस्य साधुवर्यः सद्वाचं रुचिरतरं निशम्य हृष्टः ।
प्रेयांसं हरिमतुलं स्मरन् स्वचित्ते तं प्रोचे वचनमिदं हरिप्रसक्तः ॥५॥
श्रीचैतन्यानन्द उवाच -
तत्रैकस्मिन् दिशि प्राच्यां गर्भागारेऽतिभासुरे ।
वासुदेवः पुरा राजन् ! स्थापितोऽभून्मनोहरः ॥६॥

શ્રીહરિએ તે બન્ને ઓરડાઓમાં પોતાના ભક્તોને મંગળમય, પાવન કારી અને આશ્ચર્યરૂપ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, સદ્ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીની અમૃતના જેવી વાત સાંભળીને ઘણું જ ખુશ થયેલા દરબાર શ્રીઅમરાખાચરે પોતાનું પરમ હિત કરનારા તે સ્વામીને નમ્રભાવે આગળ કહું છું તેવું મંગળમય સરસ વાક્ય કહ્યું. ॥૩॥

"હે દયાળો ! શ્રીહરિનું ઐશ્વર્ય સુંદર છે, ઉદાર છે, પાપોનો નાશ કરે છે, પરમ સુખને આપનારું છે, સંતો તેનું ગાન કરે છે, સંસારના ભયને તોડનારું છે, અતિ પવિત્ર છે અને ધ્યાન કરવા યોગ્ય છે, માટે તે ઐશ્વર્યની વાત મને કહો. ॥૪॥

રાજવર્ય શ્રીઅમરાખાચરની અતિશય સુંદર વાણી સાંભળીને સદ્ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામી મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. પછી શ્રીહરિના સ્વરૂપમાં મનને જોડી રાખનારા તે સ્વામીએ પોતાના પરમ પ્રિય અને અનુપમ આવા શ્રીહરિને મનમાં સંભાર્યા અને પછી આમ વચન કહ્યું. ॥૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પૂર્વ દિશામાં અત્યંત દીપતા એક ઓરડામાં મનોહર મૂર્તિ શ્રીવાસુદેવનારાયણને પહેલા પધરાવ્યા હતા. ॥૬॥

तस्य श्रीवासुदेवस्य सेवनं सर्वदाऽकरोत् ।
यथायोग्यं यथाकालं सद्गुणैर्हि जयान्विता ॥७॥
सैकदा पूजयित्वा तं नानापात्रेषु सादरम् ।
भृत्वा भोज्यानि रम्याणि राजंस्तस्मै समार्पयत् ॥८॥
तत्स्थालस्थानि भोज्यानि वासुदेवः स्वयं विभुः ।
साक्षाच्छ्रीहरिरूपेण समादद्विस्मयावहः ॥९॥
तज्जया ललिता चान्या राजन्त्याद्या हि योषितः ।
विलोक्याऽऽश्चर्यसंयुक्ता महानन्दं प्रपेदिरे ॥१०॥
पुण्यामाश्रुत्य तद्वार्तां त्वत्पिता मोदमाव्रजत् ।
तावत्तत्राऽऽगमद्धार्मिर्लक्ष्मीवाटीं गतो हरिः ॥११॥
तामाश्रुत्य ततो वार्तामाययौ सत्वरं हरिः ।
राजितं वासुदेवस्य गर्भागारं सपार्षदः ॥१२॥
स प्राहैवं ततो वाक्यं जयां तेऽभून्मनोरथः ।

સર્વસદ્ગુણ સંપન્ન જીવુબા (મોટીબા) યથોચિત રીતે સમય પ્રમાણે તે શ્રીવાસુદેવનારાયણની હમેશાં સેવા કરતા હતા. ॥૭॥

હે રાજન્ ! જીવુબાએ એક દિવસ પૂજા કરી. પછી અનેક પાત્રોમાં સુંદર ભોજનોનો થાળ પીરસ્યો અને શ્રીવાસુદેવનારાયણને અર્પણ કર્યો. ॥૮॥

મહાન્ શક્તિશાળી અને વિસ્મયજનક ઐશ્વર્ય સંપન્ન શ્રીવાસુદેવનારાયણ શ્રીહરિનારૂપમાં સાક્ષાત્ પ્રકટ થઈને તે થાળમાં પીરસેલા ભોજનો જમ્યા. ॥૯॥

તે સમયે જીવુબા, લાડુબા, રાજબાઈ અને બીજા મહિલા ભક્તોએ તે દર્શન કર્યા અને વિસ્મય પામીને મહાન્ સુખિયા થયા. ॥૧૦॥

આ પવિત્ર વાત સાંભળીને તમારા પિતા શ્રીદાદાખાચર અત્યંત રાજી થયા. તેવા સમયમાં તો લક્ષ્મીવાડીએ પધારેલા શ્રીહરિ પણ ત્યાં પાછા આવી પહોંચ્યા. ॥૧૧॥

તેમણે વાત સાંભળી એટલે તેઓ સત્વરે તે સુશોભિત વાસુદેવનારાયણના ઓરડામાં પાર્ષદો સાથે પધાર્યા. ॥૧૨॥

પછી શ્રીહરિએ જીવુબાને કહ્યું. હે શુભે ! તમે જાતે બનાવેલી રસોઈ મને

आत्मकृतानि भोज्यानि मां हि भोजयितुं शुभे ! ॥१३॥
तथाऽप्यद्याग्रजत्वान्मे नैष्ठिकत्वाच्च सुव्रते ! ।
तानि चाशयितुं शक्ता नासीस्त्वं मां सदाशया ॥१४॥
तस्माच्छ्रीवासुदेवस्य मूर्तिद्वाराऽऽश्रितप्रियः ।
त्वया दत्तानि भोज्यानि भुक्तवानहमुत्सुकः ॥१५॥
इति श्रुत्वा हरेर्वाक्यं जयाद्या योषितोऽखिलाः ।
विस्मिता मुदिता नत्वा श्रीहरिं तं समस्तुवन् ॥१६॥
तद्गर्भागारसामीप्ये गर्भागारमभूत् परम् ।
तत्र रामप्रतापाख्यो हरेर्भ्राताऽवसत्सुधीः ॥१७॥
एकदा श्रीहरिं प्रीत्या भोजयिष्यन्नजूहवीत् ।
तदावासेऽथ सोऽभुक्त स्वादुभोज्यानि भूपते ! ॥१८॥
इत्थं तदा स सङ्कल्पं भूपते ! चेतसि व्यधात् ।
कथंस्विद्दर्शनं मे स्यान्मत्पित्रोर्भक्तिधर्मयोः ॥१९॥

જમાડવાનો તમારો સંકલ્પ હતો. ॥૧૩॥

હે સુવ્રતે ! તમે શુભ ભાવવાળા હોવા છતાં હું બ્રાહ્મણ અને બ્રહ્મચારી હોવાથી મને તે રસોઇ જમાડી શક્યા નથી. ॥૧૪॥

તેથી ભક્તપ્રિય એવો હું, શ્રીવાસુદેવનારાયણની મૂર્તિ દ્વારા તમે અર્પણ કરેલ થાળના પદાર્થોને ઉત્સાહથી જમ્યો છું. ॥૧૫॥

શ્રીહરિનું આવું વચન સાંભળીને જીવુબા આદિ સર્વ બહેનો વિસ્મિત થયા અને આનંદથી પ્રણામ કરીને સ્તુતિ કરી. ॥૧૬॥

આ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની બાજુમાં એક બીજો ઓરડો હતો. તેમાં રૂડી બુદ્ધિવાળા, શ્રીહરિના મોટાભાઇ શ્રીરામપ્રતાપજી મહારાજ રહ્યા હતા. ॥૧૭॥

એક વખત તેમણે શ્રીહરિને પોતાને ઉતારે જમવા માટે બોલાવ્યા હતા. હે ભૂપતે ! પછી શ્રીહરિ ત્યાં પધાર્યા અને સારા સાદું ભોજન જમ્યા હતા. ॥૧૮॥

હે ભૂપતે ! તે વખતે શ્રીરામપ્રતાપજી મહારાજે મનમાં આવો સંકલ્પ કર્યો કે શું મને મારા માતા પિતા ભક્તિદેવી તથા ધર્મદેવના દર્શન થાય ખરા ? ॥૧૯॥

हरीच्छयाऽथ तस्याऽऽसीद्दर्शनं भक्तिधर्मयोः ।
सर्वासां धर्मपत्नीनां श्रद्धादीनां शुभं तथा ॥२०॥
आसीत्तत्परिवारस्य तथाऽशेषस्य दर्शनम् ।
तं युक्तं परिवारेण स दृष्ट्वा विस्मितोऽनमत् ॥२१॥
सपत्नीकस्ततो राजन् ! धर्मदेवश्च वै तदा ।
हरिणा भोजितोऽभुक्त नैकभोज्यानि सादरम् ॥२२॥
राजन् ! रामप्रतापस्तत् तत्पत्नी च सुवासनी ।
साश्चर्यं वीक्ष्य चाऽब्रूतामहो!! भाग्यमिति स्फुटम् ॥२३॥
तेजः पुञ्जं ततो व्याप्तं सोऽपश्यत्तत्र वेश्मनि ।
तत्र स्वान् पूर्वजान् भक्तान् विस्मितोऽलोकयन्मुदा ॥२४॥
धर्मेणापि प्रदत्तानि श्रीहरिणार्पितानि ते ।
भुक्त्वा भोज्यानि रम्याणि महानन्दं प्रपेदिरे ॥२५॥
ततः कोट्यर्कसंकाशप्रकाशा दिव्यरू पिणः ।
धाम नैजं विमानस्थास्तेऽक्षराख्यं पुनर्ययुः ॥२६॥

પછી તુરંત શ્રીહરિની ઇચ્છાથી તેમને શ્રીધર્મભક્તિના અને ધર્મની બીજી બાર પત્નીઓ- શ્રદ્ધા આદિના પણ શુભ દર્શન થયા. ॥૨૦॥

તે રીતે જ સંપૂર્ણ ધર્મવંશના દર્શન થયા. પોતાના પરિવાર સાથે શ્રીધર્મદેવના દર્શન કરીને વિસ્મિત થયેલા શ્રીરામપ્રતાપજી મહારાજે તેમને પ્રણામ કર્યા. ॥૨૧॥

હે રાજન્ ! તે સમયે પત્નીઓએ સહિત શ્રીધર્મદેવને શ્રીહરિએ જમાડ્યા અને ધર્મદેવપણ આદર સાથે અનેક પ્રકારના ભોજન જમ્યા. ॥૨૨॥

હે રાજન્ ! શ્રીરામપ્રતાપજી મહારાજ અને તેમના પત્ની સુવાસિની બાઇ આશ્ચર્ય પામીને બોલ્યા કે અમારા અહો ! ભાગ્ય છે કે આવા દર્શન થયા. ॥૨૩॥

પછી શ્રીરામપ્રતાપજી મહારાજે તે ઓરડાને તેજના પુંજથી ભરાઇ ગયેલો જોયો. અને તે તેજઃપુંજમાં ભગવદ્ભક્ત પોતાના પૂર્વજોને પણ દેખ્યા. ॥૨૪॥

શ્રીધર્મદેવે અને પ્રભુ શ્રીહરિએ આપેલા રમણીય પ્રસાદરૂપ ભોજન જમીને તે બધા ખૂબ જ રાજી થયા. ॥૨૫॥

પછી કરોડો સૂર્યના સમાન પ્રકાશયુક્ત દિવ્ય રૂપ વાળા તે બધા વિમાનમાં

संयुक्तः परिवारेण राजन्! धर्मः स भक्तियुक् ।
तेजःपुञ्जपरीताङ्गस्तिरोऽभूत्तत्र सत्वरम् ॥२७॥
तदा तस्य बहिर्वेद्यां गर्भागारस्य ते पिता ।
स्थितोऽपश्यत् परैश्वर्यं हरेश्च त्वत्पितामहः ॥२८॥
निषण्णास्तत्र चापश्यंस्तिस्त्रो योषा जयादयः ।
श्रीहरेर्दिव्यमैश्वर्यं हर्षप्राप्ताश्च विस्मयम् ॥२९॥
इत्थमानन्दसन्दोहं भक्तान् प्रापयितुं हरिः ।
सोऽदर्शयत्स्वभक्तेभ्यः स्वैश्वर्यं दिव्यमद्भुतम् ॥३०॥
ऐश्वर्यमित्थमुरुशर्मकरं सुभद्रं दिव्यं हरेरखिलकल्मषहारि चित्रम् ।
श्रव्यं च गेयमनिशं हृदि चिन्तनीयं तुभ्यं मया निगदितं श्रवणादृताय॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

---

બેસીને ફરી પોતાના અક્ષરધામમાં ગયા. ॥૨૬॥

હે રાજન્ ! ભક્તિદેવી સાથે રહેલા શ્રીધર્મદેવ તેજના પુંજને મધ્યે વિરાજમાન હતા તે પરિવારે સહિત સત્વરે અંતર્હિત થઈ ગયા. ॥૨૭॥

તે સમયે તે ઓરડાની બહાર ઓસરીમાં તમારા પિતા શ્રીદાદાખાચર તથા પિતામહ શ્રીએભલખાચર હતા તેમણે શ્રીહરિનું આ બધું ઐશ્વર્ય દેખ્યું. ॥૨૮॥

તેમજ ત્યાં જીવુબા, લાડુબા અને રાજબાઇ, આ ત્રણ બહેનો બેઠા હતા તેમણે પણ શ્રીહરિનું આ દિવ્ય ઐશ્વર્ય જોયું. અને તે વિસ્મય સાથે આનંદિત થયા. ॥૨૯॥

શ્રીહરિએ ભક્તોને અપાર આનંદ આપવા માટે આ પ્રમાણે પોતાનું દિવ્ય અને અદ્‌ભુત ઐશ્વર્ય તેમને દેખાડ્યું હતું. ॥૩૦॥

હે રાજન્ શ્રીહરિનું ઐશ્વર્ય અપાર સુખકારી છે, અતિ મંગળરૂપ છે, સર્વ પાપોનો નાશ કરનારું, આશ્ચર્યકારી અને દિવ્ય છે, નિરંતર ગાવા અને સાંભળવા લાયક છે, હૃદયમાં ચિંતવન કર્યા જેવું છે, તે સાંભળવામાં આદર રાખનારા તમને મેં કહ્યું છે. ॥૩૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૮ સમાપ્ત

माहात्म्ये जयादेवीरामप्रतापादिभक्तेभ्यो श्रीहरिप्रदर्शितनिजैश्वर्यनिरू पणं नामाष्टपञ्चाशत्तमोऽध्यायः ॥५८॥

अथोनषष्टितमोऽध्यायः

ऊनषष्टितमे राज्ञा पुत्रीकृताऽभयेन च ।
राजन्ती जैनवैश्यानां विद्वेषो हरिणा हृतः ॥

श्रीचैतन्यानन्द उवाच -

भूपते ! वर्त्तुलात्तस्माद्गेहात्प्राग्द्वारराजितम् ।
अगारं वर्तते रम्यं द्विभौमं सगवाक्षकम् ॥१॥
तत्राऽऽसीद्वेदिकातुल्यः कोष्ठो रम्यो महीपते ! ।
तत्राद्भुतं हरिर्दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥२॥

श्रीशुकानन्द उवाच -

संश्रुत्यैवं तस्य वाक्यं मनोज्ञं सद्वर्यस्य प्राप्तहर्षो नरेन्द्रः ।
शान्तं शुद्धाऽगाधबोधं मुनीद्रं, तं प्राहेत्थं प्राञ्जलिर्भक्तिनम्रः ॥३॥
तस्यैश्वर्यं श्रीहरेरार्तिहारं, गेयं चैतत्सद्भिरत्यादरेण ।

અધ્યાય - ૫૯

શ્રીએભલખાચરે રાજબાઇને પુત્રી માન્યા તથા શ્રીહરિએ જૈનોનો દ્વેષ ટાળ્યો.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! તે કોઠાના ભવનથી નજીક ઉગમણા બારનું સુંદર સુશોભિત ઘર ગોખવાળું અને માળવાળું છે. ॥૧॥

હે મહીપતે ! ત્યાં ઓટા જેવો મનોહર કોઠો હતો ત્યાં શ્રીહરિએ દિવ્ય અને અદ્‌ભુત પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, મુનિવર્ય શ્રીચૈત્યાનંદ સ્વામીનું આ રીતનું રમણીય વચન સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર આનંદ પામ્યા. પછી બે હાથ જોડી ભક્તિભાવ થી નમ્રપણે તેમણે શુદ્ધ અગાધ જ્ઞાનવાળા અને સ્વભાવે શાંત, મુનિરાજ શ્રીચૈત્યાનંદ સ્વામીને આ પ્રમાણે કહ્યું. ॥૩॥

હે સદ્‌ગુરો ! સંતો જેને અતિશય આદરભાવથી સાંભળે છે, ગાય છે અને

श्रव्यं भक्त्या चिन्तनीयं च दिव्यं, वक्तुं मे त्वं सद्गुरोऽर्हस्युदारम् ॥४॥
इत्थं तस्याऽऽकर्ण्य वाणीं वरेण्यां, राजेन्द्रस्याऽवाप्तमोदो मुनीन्द्रः ।
कारुण्यार्द्रस्तं सखा सोऽङ्गभाजां, तथ्यं पथ्यं संजागादेति वाक्यम्।
श्रीचैतन्यानन्द उवाच -
तत्कोष्ठस्थान एवाऽऽसन् राजंस्त्वत्तातमन्त्रिणः ।
नानागाराणि रम्याणि चारुवातायनादिभिः ॥६॥
तत्र भूमौ हि शून्यायां श्वेतपूज्यस्य भूपते ! ।
आसीदुपाश्रयश्चागात्स पूज्यः प्रेततां वसन् ॥७॥
एकदा श्रीहरिस्तस्मिन् स्थाने रम्ये निजासने ।
न्यषीदद् गौरसद्वासा माल्यहारादिराजितः ॥८॥
न्यषीदच्चाऽथ तस्याऽग्रे त्वत्पिता त्वत्पितामहः ।
दूरे चोपाविशत्प्रीत्या जयाद्या योषितो नृप ! ॥९॥

ભક્તિભાવથી ચિંતવે છે તે પીડાહારી, દિવ્ય, અને ઉદાર આવું શ્રીહરિનું ઐશ્વર્ય, આપ મને કહો. ॥૪॥

દરબાર શ્રીઅમરાખાચરની આ પ્રકારની શ્રેષ્ઠ વાણી સાંભળીને શ્રીચૈતન્યાનંદ સ્વામી ખૂબ રાજી થયા. સમગ્ર દેહધારીઓના મિત્ર જેવા અને કરુણાથી ભીંજાઇ ગયેલા તેઓશ્રી સત્ય અને હિતકારી વચન કહેવા લાગ્યા. ॥૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તે કોઠાને ઠેકાણે જ તમારા પિતાશ્રીના કામદારના સારા બારી બારણાવાળા રમણીય નાના મોટા કેટલાક ઘર હતા. ॥૬॥

હે ભૂપતે ! ત્યાં ખાલી જગ્યામાં શ્વેતાંબરી જૈનોનો ઉપાશ્રય હતો. ત્યાં પહેલા રહેતો એક જૈન સાધુ ભૂત થયો હતો. ॥૭॥

એક વખત શ્રીહરિ તે ઠેકાણે પોતાના રમણીય આસન ઉપર વિરાજ્યા હતા. સર્વ સુંદર શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. ફૂલના હાર વગેરેથી તેઓ શોભતા હતા. ॥૮॥

તેમની આગળ તમારા પિતા શ્રીદાદાખાચર અને પિતામહ શ્રીએભલખાચર બેઠા હતા. હે નૃપ ! જીવુબા આદિ બહેનો પણ આવીને પ્રેમથી દૂર બેઠા હતા. ॥૯॥

अथ प्राहेति भूपालं श्रीहरिस्त्वत्पितामहम् ।
एकः पुत्रस्तथा कन्याश्चतस्रः सन्ति तेऽनघ ! ॥१०॥
द्वितीयस्ते यदा पुत्रः स्यात्पुत्री पञ्चमी तथा ।
तस्मै ताभ्यश्च देयं स्याद्धनाद्यं वस्तु ते नृप ! ॥११॥
दायभागश्च देयः स्यात्पुत्रस्याऽस्योत्तमस्य ते ।
तस्मादेकं वचो मान्यं मदीयं सद्धिया त्वया ॥१२॥
अस्मदर्थं परित्यक्तं कुटुम्बं ह्येतयाऽस्त्यलम् ।
राजन्त्या ते ततः पुत्री पञ्चमीयं कृता मया ॥१३॥
स्वसेयं ते कुमारस्य मत्सक्तस्य मया कृता ।
धर्मभ्राता ह्यसौ तस्या निर्मितश्चोत्तमो मया ॥१४॥
पञ्चपुत्रीसमेतस्य पुत्रस्यैतस्य ते नृप! ।
सर्वदा देहपर्यन्तं कर्त्तव्यं रक्षणं त्वया ॥१५॥
त्वत्पुत्रेणोत्तमाख्येन कार्यं तत्सेवनं सदा ।
तदर्थं च सदा दानं कारणीयं शुभं त्वया ॥१६॥

પછી શ્રીહરિએ તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચરને એક વાત કરી. હે નિષ્પાપ રાજા, તમારે એક પુત્ર છે અને ચાર પુત્રીઓ છે. ॥૧૦॥

હે નૃપ ! જો તમારે બીજો પુત્ર હોય કે પાંચમી પુત્રી હોય, તો તે પુત્ર કે પુત્રીને વપરાશની વસ્તુ, ધન કે જમીન વગેરે આપવું જ પડે. આ દાદા ખાચરે પણ તેનો વારસાનો ભાગ તેને આપવો જ પડે. માટે તમે સદ્‌બુદ્ધિવાળા છો, તો તમારે મારું એક વેણ માનવું પડશે. ॥૧૧-૧૨॥

આ રાજબાઇએ અમારા સત્સંગ માટે પોતાના કુટુંબનો પણ ત્યાગ કર્યો છે, તેથી જ મેં તેને તમારી પાંચમી પુત્રી કરી છે, મારા સ્વરૂપમાં હેતવાળા આ તમારા પુત્ર શ્રીદાદાખાચરની પાંચમી બહેન કરી છે, અને તે રાજાબાઇને માટે આ શ્રીદાદાખાચર ધર્મનો ભાઇ કર્યો છે. ॥૧૩-૧૪॥

હે નૃપ ! પાંચ પુત્રીઓ સાથેના પુત્ર આ શ્રીદાદાખાચરનું તમારે યાવજ્જીવન હમેશાં પાલન-પોષણ કરવાનું છે. ॥૧૫॥

તમારા પુત્ર શ્રીદાદાખાચરે હમેશાં પાંચેય બહેનોને સાચવવી અને તમારે

त्वत्पिता तस्य तातश्च जया चोत्थाय सादरम् ।
ते तु तं जगृहुर्मूर्ध्ना निदेशं श्रीहरेः शुभम् ॥१७॥
तत्राऽथ श्रीहरिः प्रीतःकोष्ठतुल्यं निकेतनम् ।
प्राजिज्ञपज्जनांस्तूर्णं कारयिष्यन् सहस्त्रशः ॥१८॥
हेममुख्यास्ततः सर्वे क्रोधं वै वणिजो गताः ।
भूभुजे तन्निरोधाय सत्वरं तन्न्यवेदयन् ॥१९॥
ते पिधायाऽथ सर्वाणि हट्टद्वाराणि वैरिणः ।
कर्माणि क्रयमुख्यानि नैव हट्टेषु चक्रिरे ॥२०॥
ततस्ते सङ्गताः सर्वे विग्रहं कर्त्तुमागमन् ।
ततस्तेषां पराभूतिं स व्यधात्स्वौजसा हरिः ॥२१॥
सदादानध्वजस्तम्भं तत्रैवाऽचीखनद्धरिः ।
तत्प्रतापाग्निना दग्धास्तर्हि ते वणिजोऽभवन् ॥२२॥

પણ સદા તેમને માટે શુભ દાન કર્યા કરવું. ॥૧૬॥

હે રાજન્ ! પછી તમારા પિતા શ્રીદાદાખાચર, પિતામહ શ્રીએભલખાચર અને જીવુબા, આ ત્રણેયે ઊભા થઈને શ્રીહરિની શુભ આજ્ઞાને શિરોધાર્ય કરી. ॥૧૭॥

પછી પ્રસન્ન મનના શ્રીહરિએ તે સ્થળે કોઠા જેવું ઘર કરાવવાનું ધારીને હજારો ભક્તજનોને તત્કાળ કામે લાગવા આજ્ઞા કરી. ॥૧૮॥

તે સમયે ગઢપુરના હેમચંદ શેઠ વગેરે જૈન વણિક લોકો એકદમ ખીજાયા. તેમણે તે કામ બંધ રખાવવા ભાવનગર ઠાકોર સાહેબની કચેરીમાં સત્વરે ફરિયાદ નોંધાવી. ॥૧૯॥

અને વિરોધી વેપારી વણિકોએ બધી દુકાનો બંધ કરી. ખરીદ-વેચાણનું કામ બંધ કરીને હડતાળ પાડી. ॥૨૦॥

પછી તે જૈન વણિકો ભેગા મળીને તકરાર કરવા દરબારગઢમાં આવ્યા. પણ શ્રીહરિએ પોતાના પ્રભાવથી તે જૈનોનો પરાભવ કર્યો. ॥૨૧॥

શ્રીહરિએ ત્યાં સદાવ્રત (અન્નક્ષેત્ર) ના ધ્વજનો થાંભલો રોપાવી દીધો. ત્યારે શ્રીહરિના પ્રતાપરૂપ અગ્નિથી તે જૈન વણિક દાઝવા લાગ્યા. ॥૨૨॥

तदा भक्तैर्जयस्वामिनारायण इति ध्वनिः ।
उच्चैरुच्चारितो व्यापद्दिक्षु मङ्गलकृन्महान् ॥२३॥
वणिजस्तेऽथ चापश्यंश्चतुर्विंशतिसम्मितान् ।
तीर्थङ्करान् हरेरग्रे नृत्यतः स्तुवतश्च तम् ॥२४॥
अथेत्थं तत्र मुख्यं ते हेमाख्यं वणिजं वचः ।
प्राहुर्नोऽयं हरिः कर्त्ता ब्रह्माण्डानां च वर्तते ॥२५॥
परमात्मा परंब्रह्म सर्वकारणकारणम् ।
हेतुरेवावताराणां विद्यते पुरुषोत्तमः ॥२६॥
तस्मात्त्वं वणिजश्चान्ये स्वामिनारायणं हरिम् ।
साक्षाद्भक्तैकगोप्तारं शरणं यात मा चिरम् ॥२७॥
अन्यथा वो हि सर्वेषां नाशस्तूर्णं भविष्यति ।
तैरित्युक्ते स भीतोऽभूत्तत्प्रतापक्षतप्रभः ॥२८॥
त्वत्तातस्याऽथ सोऽमात्यं लब्धाख्यं बुद्धिमत्तरम् ।

તે સમયે શ્રીહરિના આશ્રિત ભક્તોએ ઊંચેથી ''જય સ્વામિનારાયણ'' આવો પડકારનો ધ્વનિ કર્યો. મહાન્ મંગળકારી તે ધ્વનિ ચોતરફ પ્રસરી ગયો. ॥૨૩॥

તે જૈન વણિકોને દેખાયું કે ''તેના ચોવીશ તીર્થંકરો શ્રીહરિની આગળ નૃત્ય કરીને તેમની સ્તુતિ કરતા હતા.'' ॥૨૪॥

પછી તે તીર્થંકરોએ જૈનોના આગેવાન હેમચંદ શેઠને કહ્યું કે ''આ શ્રીહરિ અનેક બ્રહ્માંડોના અને અમારા સ્રષ્ટા છે. ॥૨૫॥

આ શ્રીહરિ પરબ્રહ્મ પરમાત્મા છે, સર્વ કારણના પણ કારણ છે તથા સર્વ અવતારોના હેતુ પુરુષોત્તમ છે. ॥૨૬॥

માટે તમે અને બીજા બધા વણિકો ભક્તરક્ષક સાક્ષાત્ ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણને શરણે જાઓ, વિલંબ ન કરો. ॥૨૭॥

જો શરણે નહિ જાઓ તો તમારો સર્વનો તત્કાળ વિનાશ થશે.'' તીર્થંકરો એ આમ કહ્યું ત્યારે શ્રીહરિના પ્રતાપથી ઝાંખા પડી ગયેલા હેમચંદ શેઠ ડરી ગયા. ॥૨૮॥

પછી તમારા પિતાશ્રીના મહાન્ બુદ્ધિમાન્ કારભારી લાધા ઠક્કર હતા.

नत्वाऽवदत्परं प्रीत्या प्रतापं श्रीहरेः शुभम् ॥२९॥

तेन सार्द्धमथाऽऽयातः श्रीहरेरन्तिकं मुदा ।
पतित्वा पादयोस्तस्य प्रागदत्तं स सत्पतिम् ॥३०॥

तीर्थङ्करैर्हि मे स्वामिन् ! निश्चयस्ते विधापितः ।
तस्मात्त्वं भगवान् साक्षात्पूर्णं ब्रह्म सनातनम् ॥३१॥

अद्यप्रभृत्यहं तस्मात्प्रभो ! त्वां शरणं गतः ।
तस्मात्कार्या त्वया रक्षा मदीया सर्वसङ्कटात् ॥३२॥

ऐश्वर्यमित्थमतिचारु हरेरतुल्यं,
दिव्यं किलैतदघ हृच्छ्रवणानुवादम् ।
तुभ्यं मया निगदितं श्रवणोत्सुकाय,
पुण्यं त्विदं स्वहृदये भवताऽवधार्यम् ॥३३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रदर्शिततीर्थङ्करादिनिरू पणं नामैकोनषष्टितमोऽध्यायः

તેમની પાસે ગયા અને પ્રણામ કરીને પરમ પ્રેમથી શ્રીહરિના શુભ પ્રતાપની વાત કરી. ॥૨૯॥

પછી તે શેઠ લાધા ઠક્કરની સાથે શ્રીહરિ પાસે આવ્યા. પ્રેમથી તેમના ચરણોમાં નમી પડ્યા અને સત્પતિ શ્રીહરિને કહેવા લાગ્યા. ॥૩૦॥

હે સ્વામિન્ ! મને આપના ભગવાનપણાનો નિશ્ચય તીર્થંકરોએ કરાવ્યો છે. માટે આપ સનાતન પૂર્ણ બ્રહ્મ સાક્ષાત્ ભગવાન છો. ॥૩૧॥

હે પ્રભો ! આજથી આરંભીને હું આપને શરણે આવ્યો છું. માટે આપ મારી સર્વ સંકટોથી રક્ષા કરજો. ॥૩૨॥

શ્રીહરિનું ઐશ્વર્ય અત્યંત સુંદર છે, અનુપમ છે, દિવ્ય છે, તેનું શ્રવણ કીર્તન જો કરવામાં આવે તો તે પાપોનો નાશ કરે છે અને પુણ્યરૂપ છે. તેથી આ ઐશ્વર્ય સાંભળવામાં ઉત્સાહવાળા તમને મેં કહ્યું છે, તો તેને પોતાના હૃદયમાં સંભારી રાખવું. ॥૩૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૫૯ સમાપ્ત

॥५९॥

अथ षष्टितमोऽध्यायः

षष्टितमे सुवासिनीवरीयस्यावभिजनान् ।
गोपालजिच्च ददृशुः पितॄंस्तेऽक्षरवासिनः॥

श्रीचैतन्यानन्द उवाच -

कोष्ठस्य तस्य पार्श्वेऽभूत्कोष्ठतुल्यं निकेतनम् ।
इच्छारामाङ्गना राजंस्तत्राऽवात्सीद्वरीयसी ॥१॥

तत्र पुण्यं हरिर्दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ।
गोपालस्य तथाऽऽवासे तच्चैवाऽदीदृशद्वरम् ॥२॥

श्रीशुकानन्द उवाच -

निशम्येति तस्योत्तमां सद्वरस्य, गिरं कर्णपीयूषतुल्यामुदाराम् ।
नरेन्द्रः स हृष्टो विनीतो महान्तं, वचस्तं जगादेति सद्वन्दनीयम् ॥३॥

हरेरेतदैश्वर्यमेवाऽऽर्त्तबन्धो !, सदा सज्जनैरत्रजेगीयमानम् ।
त्वमर्हस्यनन्यं शुभं शान्तिकारं, प्रवक्तुं परं मे प्रपन्नाय विद्वान् ॥४॥

અધ્યાય - ૬૦

સુવાસિની બાઈ અને વરીયાળીબાઈના પિતૃઓનો ઉદ્ધાર.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તે કોઠાની બાજુમાં કોઠાના જેવું જ એક બીજું ઘર હતું. શ્રીઈચ્છારામજી મહારાજના પત્ની વરિયાળીબાઈ તેમાં રહેતા હતા. ॥૧॥

ત્યાં શ્રીહરિએ પોતાનું પુણ્યરૂપ દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું તથા શ્રીગોપાળજી મહારાજના ઘેર પણ તેવું જ સારું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીઅમરાખાચરે મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીની ઉદાર અને સર્વોત્તમ અમૃતના સમાન વાત સાંભળી. તેથી તે ઘણું જ પ્રસન્ન થયા. પછી તેમણે સંતોમાં પણ વંદનીય મહાન્ સંત શ્રીચૈતન્યાનંદ સ્વામીને નમ્ર ભાવે કહ્યું. ॥૩॥

હે આર્તબંધુ, હે વિદ્વન્ ! શ્રીહરિના આ ઐશ્વર્યને સંતો અત્યંત ભાવથી

समाकर्ण्य भूपस्य तस्येति वाचं, मुदं भूयसीं प्राप्तवान् सद्गुरः सः ।
तमित्याह वाक्यं मनोहारि पुण्यं, हरिध्यानसक्तोऽति कारुण्ययुक्तः ॥५॥
श्रीचैतन्यानन्द उवाच –
धीमनथैकदा राजन्निच्छारामोऽनुजो हरेः ।
भोक्तुं न्यमन्त्रयत्तातं त्वदीयं च सतो हरिम् ॥६॥
तथा भोक्तुं हरेः सर्वान् पार्षदान् स न्यमन्त्रयत् ।
त्वत्तातपार्षदोपेतस्ततोऽगात्तद्गृहं हरिः ॥७॥
तत्राऽभुक्ताऽथ भोज्यानि सुधास्वादूनि स प्रभुः ।
प्राश्नन् सन्तस्तथा तानि त्वत्पिता पार्षदास्तथा ॥८॥
इच्छारामस्य सङ्कल्पं पत्नी चेत्यकरोत् स्वयम् ।
रामप्रतापमुख्यानां वंशे जातोऽस्त्यसौ हरिः ॥९॥
तस्माज्जातस्तदीयानां पूर्वजानां किलाऽभवः ।

નિરંતર ગાતા કહેતા હોય છે. આ ઐશ્વર્ય અન્યત્ર દુર્લભ છે, શુભ છે અને શાંતિ આપનારું છે, તો આપના શરણે આવેલા મને તે ચરિત્ર કહી સંભળાવો. ॥૪॥

શ્રીઅમરા ખાચરની વાણી સાંભળીને સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામી અત્યંત આનંદિત થયા. શ્રીહરિના સ્વરૂપમાં સતત મનને જોડી રાખનારા અને પરમ કૃપાળુ આવા તે સ્વામી પવિત્ર અને મનોહારી વાત કહેવા લાગ્યા. ॥૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ધીમન્ ! હે રાજન્ ! એક વખત શ્રીહરિના નાનાભાઈ શ્રીઈચ્છારામજી મહારાજે તમારા પિતાશ્રી દાદાખાચરને, સંતોને અને શ્રીહરિને જમવા માટે નિમંત્રણ આપ્યું. ॥૬॥

તે રીતે જ શ્રીહરિના સમગ્ર પાર્ષદોને પણ જમવા નોતર્યા. પછી શ્રીહરિ તમારા પિતા અને પાર્ષદોને સાથે લઈને શ્રીઈચ્છારામજી મહારાજને ઘેર ગયા. ॥૭॥

ત્યાં અમૃત જેવા સ્વાદુ ભોજન શ્રીહરિ જમ્યા. સર્વ સંતો, તમારા પિતાશ્રી અને સર્વ પાર્ષદો પણ તે સ્વાદુ ભોજન જમ્યા. ॥૮॥

ત્યાં ઈચ્છારામજીના પત્ની વરીયાળી બાઈના મનમાં એવો સંકલ્પ થયો કે આ શ્રીહરિ શ્રીરામપ્રતાપજીમહારાજ આદિના વંશમાં પ્રકટ થયા છે. ॥૯॥

सुवासिन्याः कुले तेषां जातानां मत्कुले तथा ॥१०॥
प्रत्यक्षस्य हरेरस्य प्रतापेन महीयसा ।
निर्वाणं भविता नूनं तापसैरपि वाञ्छितम् ॥११॥
ततस्तदीयसङ्कल्पमन्तर्याम्यखिलात्मनाम् ।
ज्ञात्वा स श्रीहरिर्वाक्यं तामित्यूचे हितं शुभम् ॥१२॥
साधवः श्वस्त्वया भोज्याः सुवासिन्या समेतया ।
वर्णिनः पार्षदाश्चान्ये भक्ता मत्सक्तचेतसः ॥१३॥
ततस्त्वं मुक्तिमापन्नान् पूर्वजान् स्वानशेषतः ।
सुवासिनी च सच्छीले ! द्रक्ष्यस्येवोरु तेजसः ॥१४॥
द्वितीयेऽथाह्नि ते राजन् ! पायसान्नं सशर्करम् ।
भोज्यानि च विचित्राणि कारयामासतुर्मुदा ॥१५॥
सोऽभुक्ताऽथ हरिः साक्षान्नानाभोज्यानि भूपते ! ।
भुञ्जते स्माऽथ मुन्याद्यास्तानि रम्याणि सर्वशः ॥१६॥

તેથી તેમના પૂર્વજોનો મોક્ષ તો થઈ જ ગયો છે પણ સુવાસિની બાઈના પિતૃવંશનો મોક્ષ અને મારા પિતૃવંશનો મોક્ષ કે જેને મોટા તપસ્વીઓ પણ ચાહે છે તે, આ પ્રત્યક્ષ શ્રીહરિના પ્રતાપથી ચોક્કસ થશે જ. ॥૧૦-૧૧॥

પછી વરિયાળી બાઈના તે સંકલ્પને સર્વાન્તર્યામી શ્રીહરિએ જાણી લીધો અને તે પછી તેને હિતકારી અને શુભ આવું વચન કહ્યું. ॥૧૨॥

"હે સરછીલે ! આવતી કાલે તમારે અને સુવાસિની બાઈએ સમગ્ર સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને મારા સ્વરૂપમાં મન રાખનારા મારા બધા જ ભક્તોને જમાડવા. ॥૧૩॥

પછી તમે અને સુવાસિની બાઈ મોક્ષ પામેલા અને મહાન્ તેજસ્વી આવા પોતાના બધા જ પૂર્વજોને દેખશો. ॥૧૪॥

હે રાજન્ ! પછી બીજે દિવસ તેણે સાકર નાખીને દૂધપાક કરાવ્યો અને ભાત ભાતના બીજા પણ ભોજન પ્રેમથી તૈયાર કરાવ્યા. ॥૧૫॥

હે ભૂપતે ! પછી સાક્ષાત્ શ્રીહરિ તે અનેક પ્રકારના ભોજન જમ્યા. અને બધા જ સંતો વગેરે પણ તે સુંદર ભોજન જમ્યા. ॥૧૬॥

ततश्चन्दनसन्माल्यहाराद्यैश्चोपचारकैः ।
पूजां षोडशभिर्दिव्यैस्ते व्यधातां शुभां हरेः ॥१७॥
ते व्यधातां हरेर्भक्त्या पञ्चाङ्गं वन्दनं ततः ।
अकुर्वातां च सद्गोप्तुस्तस्य भद्रावहां स्तुतिम् ॥१८॥
ततः सुवासिनी राजन्! स्वीयांश्चैव वरीयसी ।
महातेजोमयान् दिव्यान् मुक्तान् प्रैक्षत पूर्वजान् ॥१९॥
इत्थं दृष्ट्वा हरेर्दिव्यं तस्यैश्वर्यं महाद्भुतम् ।
ते महानन्दमापन्ने ववन्दाते तमच्युतम् ॥२०॥
प्राच्यां यो वर्तते सौधः कोष्ठतुल्यगृहद्वयात् ।
तस्य सौधस्य रम्यस्य विद्यते याऽधिरोहिणी ॥२१॥
तस्या राजन्! दिशि प्राच्यां गेहं प्राग्द्वारसंयुतम् ।
संयुक्तं दिशि वारुण्यां बहिर्वेद्याऽभवद्वरम् ॥२२॥
तत्र गोपालजिन्नामा ज्येष्ठो भ्राताऽवसत्सुधीः ।
रघुवीरार्यवर्यस्य त्विच्छारामस्य चात्मजः ॥२३॥
एकदा श्रीहरिं नीत्वा निजागारं कृतादरः ।

પછી ચંદન અને પુષ્પના હાર વગેરે સોળ દિવ્ય ઉપચારોથી તે બન્નેએ સંતોના રક્ષક આવા શ્રીહરિની ભક્તિભાવથી શુભ પૂજા કરી અને પ્રેમથી પંચાંગ પ્રણામ કર્યા. પછી તેમની મંગળકારી સ્તુતિ કરી. ॥૧૭-૧૮॥

હે રાજન્ ! પછી સુવાસિની બાઇ તથા વરીયાળી બાઇએ પોતાના પૂર્વજોને મહાન્ તેજોમય અને દિવ્ય મુક્તરૂપે દેખ્યા. ॥૧૯॥

આ પ્રમાણેનું શ્રીહરિનું અત્યંત અદ્‌ભુત દિવ્ય ઐશ્વર્ય જોઇને તે બન્ને અત્યંત આનંદ પામ્યા અને નિર્વિકારી શ્રીહરિને તેમણે પ્રણામ કર્યા. ॥૨૦॥

કોઠાના જેવા જે બે ઘર કહ્યા તેથી પૂર્વ દિશામાં જે એક ભવન છે, તે રમણીય ભવનના જે પગથિયા છે. હે રાજન્ ! તેથી પૂર્વમાં ઉગમણાબારનું એક ઘર છે કે જે આથમણી બાજુએ સારા ઓટલા વાળું હતું. ॥૨૧-૨૨॥

તે ઘરમાં રઘુવીરજી મહારાજના મોટા ભાઇ અને શ્રીઇચ્છારામજી મહારાજના પુત્ર સુબુદ્ધિવાળા શ્રીગોપાળજી મહારાજ રહેતા હતા. ॥૨૩॥

नानाविधानि भोज्यानि सुधास्वादून्यभोजयत् ॥२४॥
ततः सद्गन्धकस्तूरीभूषावस्त्रैः स भूपते! ।
माल्यहारादिभिर्दिव्यैरुपचारैस्तमार्चयत् ॥२५॥
ततस्तस्येच्छया प्रापत् समाधिं सोऽखिलेशितुः ।
धाम तत्राऽक्षरं दिव्यं तेजःपुञ्जं व्यलोकयत् ॥२६॥
तत्र सिंहासनं हैमं दिव्यसन्मणिमण्डितम् ।
प्रैक्षताऽथ निषण्णं तं तत्र स श्रीहरिं परम् ॥२७॥
कोटिकोट्यर्कसंकाशप्रकाशं दिव्यविग्रहम् ।
कोटिकामस्मयोच्छेदं दिव्यवासोविभूषणम् ॥२८॥
नैकलोकेशलावण्यं तर्जयन्तं निजश्रिया ।
रूपसौन्दर्यमाधुर्यगाम्भीर्यादिमहोदधिम् ॥२९॥
महातेजोमयान् सर्वान् स तत्रैवाक्षराभिधान् ।

શ્રીગોપાળજી મહારાજે એક વખત શ્રીહરિને આદર ભાવથી પોતાને ઘેર પધરાવ્યા. અને અમૃતના જેવા સ્વાદુ અનેક પ્રકારના ભોજન જમાડ્યા. ॥૨૪॥

હે ભૂપતે ! પછી તેમણે સારા સુગંધી ચંદન, કસ્તૂરી, ઘરેણાં અને વસ્ત્રોથી તથા ફૂલના હાર આદિ દિવ્ય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૫॥

પછી વિશ્વેશ્વર પરમાત્મા શ્રીહરિની ઇચ્છાથી શ્રીગોપાળજી મહારાજને સમાધિ થઇ. તેમને સમાધિમાં તેજના પુંજથી ભરેલ દિવ્ય અક્ષરધામના દર્શન થયા. ॥૨૬॥

તે તેજમાં દિવ્ય સર્વોત્તમ મણિઓથી શોભતું સોનાનું સિંહાસન દેખાયું. અને તે સિંહાસનમાં વિરાજમાન પરમાત્મા શ્રીહરિના પણ દર્શન થયા. ॥૨૭॥

કરોડો કરોડ સૂર્યના જેવા પ્રકાશવાળુ શ્રીહરિનું દિવ્ય સ્વરૂપ, કરોડો કામના ગર્વને ઉતારે તેવું હતું. તેમણે દિવ્ય વસ્ત્ર અને આભૂષણો પહેર્યા હતા. ॥૨૮॥

પોતાના સ્વરૂપ સૌંદર્યથી અનેક લોકપાળોના લાવણ્યને ઝાંખું કરી દેતા હતા. ભવ્ય રૂપ, નિર્દોષ સૌન્દર્ય, માધુર્ય અને ગાંભીર્ય આદિ અનેક દિવ્ય કલ્યાણકારી સદ્‌ગુણોના તો તેઓ સાગર જેવા મહાન્ હતા. ॥૨૯॥

વળી ત્યાં અત્યંત તેજોમય સર્વ અક્ષર મુક્તોને, અત્યંત આનંદ સાથે

प्रैक्षत श्रीहरिं मुक्तान् प्रेक्षमाणान् महामुदः ॥३०॥
नन्दरामं तथा दिव्यं तेजःपुञ्जातिराजितम् ।
दिव्याङ्गं मानसारामं विस्मितः स व्यलोकयत् ॥३१॥
उत्थाप्याथ समाधेस्तं श्रीहरिस्तेन भूपते! ।
वार्तामक्षरधामादेः कारयामास चाद्भुताम् ॥३२॥
तत्रैकमासपर्यन्तं गोपालस्य निकेतने ।
सुधास्वादूनि स प्राश्नाद्धरिर्भोज्यानि सर्वदा ॥३३॥
तत्र त्वदीयपित्रादीन् स्वानुरक्तान्निजाश्रितान् ।
हरिर्भक्तावनोद्युक्तः पट्टक्रीटामशिक्षयत् ॥३४॥
ऐश्वर्यद्वयमिति मङ्गलं सुदिव्यं, वक्तॄणां श्रवणकृतां च मुक्तिकारम्।
सन्तापप्रशनकारणं हरेस्ते, सम्प्रोक्तं मनुजपते ! मया पवित्रम् ।३५॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनु श्रीरघुवीराचार्य विरचिते श्रीदुर्गपुर-माहात्म्ये धर्मवंश्येभ्यः श्रीहरिप्रदर्शितैश्वर्यादि निरू पणं नाम

श्रीહરિના દર્શન કરી રહ્યા હોય તેમ દેખ્યા. ॥૩૦॥

તેજના પુંજને મધ્યે શોભતા શ્રીનંદરામજીને દિવ્ય સ્વરૂપે દેખ્યા. તે રીતે જ માનસારામને પણ દિવ્ય સ્વરૂપે દેખ્યા. તેથી તેમને મહાન્ આશ્ચર્ય થયું. ॥૩૧॥

હે રાજન્ પછી શ્રીહરિએ શ્રીગોપાળજી મહારાજને સમાધિમાંથી જાગ્રત કર્યા. અને તેમની પાસે અક્ષરધામ વગેરેની અદ્‌ભુત વાર્તા કહેવડાવી. ॥૩૨॥

શ્રીહરિ તે ગોપાળજી મહારાજને ઘરે એક માસ પર્યન્ત અમૃત જેવા સ્વાદુ ભોજન હમેશાં જમ્યા હતા. ॥૩૩॥

ભક્તોની રક્ષા કરવામાં તત્પર રહેનારા શ્રીહરિએ ત્યાં તમારા પિતા શ્રીદાદાખાચર આદિ પ્રેમી ભક્તોને પટ્ટો ખેલવા વગેરેની કળા શીખવી હતી. ॥૩૪॥

શ્રીહરિના આ બન્ને ઐશ્વર્ય મંગળમય અને અતિ દિવ્ય છે, વક્તા અને શ્રોતાને મુક્તિ આપે તેવા છે. હે રાજન્ અનેક જાતના સંતાપને શમાવનારું અને પરમ પવિત્ર શ્રીહરિનું આ ઐશ્વર્ય મેં તમને કહી સંભળાવ્યું છે. ॥૩૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૬૦ સમાપ્ત

षष्टितमो-ऽध्यायः ॥६०॥

अथैकषष्टितमोऽध्यायः

एकषष्टितमे सतां गायकानां प्रशंसनम् ।
समाययुः प्रसङ्गेऽत्र सामनारदपर्वताः ॥

श्रीचैतन्यानन्द उवाच -
प्राद्द्वारेऽथैकदा राजन् ! रमाऽगारे निजासने ।
न्यषीदच्छ्रीहरिर्युक्ते कोमलैस्तूलिकादिभिः ॥१॥
बिभ्रच्छुभ्राणि वस्त्राणि गौरसारशिरःपटः ।
पौष्पान् हारांश्च केयूरान् कर्णपूरांश्च शेखरान् ॥२॥
मुक्तानन्दं ततः प्रेष्ठं ब्रह्मानन्दं तथा हरिः ।
प्रेमानन्दं च गानार्थं योगानन्दं तथैरयत् ॥३॥
ज्ञानानन्दं हर्रिदक्षं प्रैरीरद् गातुमच्युतः ।
ततस्ते गातुमुद्युक्ता नानावाद्यान्यसज्जयत् ॥४॥
वादयन्तोऽथ वाद्यानि स्वरालापं विधाय ते ।

અધ્યાય-૬૧

ગવૈયા સંતોની પ્રશંસા અને નારદાદિનું આગમન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત શ્રીહરિ ઉગમણા બારના રમાબાઈના ઓરડામાં સુંવાળા ગાદી તકિયા વગેરેથી બિછાવેલા પોતાના આસન ઉપર વિરાજમાન હતા. ॥૧॥

સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. એકદમ ઊજળી સફેદ પાઘ મસ્તકે બાંધી હતી. ફૂલોના હાર, બાજુબંધ, ગુચ્છ અને તોરા ધારણ કર્યા હતા. ॥૨॥

પછી અવિકારી શ્રીહરિએ પોતાના અત્યંત વહાલા સંતો, શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીબ્રહ્માનંદ સ્વામી, શ્રીપ્રેમાનંદ સ્વામી, શ્રીયોગાનંદ સ્વામી, ગાનપ્રવીણ શ્રીજ્ઞાનાનંદ સ્વામી, આ સર્વને કીર્તન ગાવાનું કહ્યું. પછી તે કીર્તન ગાવાની તૈયારીમાં અનેક પ્રકારના વાજિંત્રોને મેળવવા લાગ્યા. ॥૩-૪॥

પછી વાજિંત્ર વગાડીને સ્વરનો આલાપ કર્યો અને તાલ, સ્વર, ગ્રામ અને

चक्रुस्तालान्वितं गानं सस्वरग्राममूर्छनम् ॥५॥
हरिर्गानरसाभिज्ञः शृण्वंस्तेषां सुगायनम् ।
गुणग्राही जगौ प्रीतः सार्धं तैर्वादयंस्त्रुटिम् ॥६॥
गन्धर्वाऽऽश्चर्यकर्तृणां गानकौशल्यशालिनाम् ।
आगमत् सोऽन्तिकं तेषां त्यजन् राजन्निजाऽऽसनम् ॥७॥
श्रीहरिस्तेष्वतिप्रीतो निजप्रासादिकानि सः ।
गायकेभ्योऽदिशत्तेभ्यश्चारु वासांसि सत्पतिः ॥८॥
स्वीयप्रासादिकान् पौष्पान् हरिर्हारांश्च शेखरान् ।
कर्णपूरांश्च केयूरान् प्रादात्तेभ्यो महामुदा ॥९॥
पिण्डकान् विशदान् रम्यानात्मप्रासादिकान् हरिः ।
पर्पिकां च सितां रम्यां प्रादात्तेभ्यस्तथाविधाम् ॥१०॥
ततो गानप्रसङ्गेन देवर्षेस्तुम्बरोस्तथा ।
आख्यानं भूप ! विस्तृत्य हरिस्तानब्रवीत् सतः ॥११॥

મૂર્છનાથી યુક્ત સુંદર ગાન કર્યું. ॥૫॥

શ્રીહરિ સંગીતના રસજ્ઞ છે, ગુણગ્રાહી છે, તેથી તે સંગીત સાંભળવાની સાથે ચપટી વગાડીને પ્રસન્ન મનથી ગાતા હતા. ॥૬॥

હે રાજન્ ગાયક સંતો સંગીતમાં ઘણા કુશળ હતા. તેમનું સંગીત સાંભળીને ગંધર્વોને પણ આશ્ચર્ય થાય તેવું હતું. તે સાંભળતાં સાંભળતાં શ્રીહરિ પોતાના આસન ઉપરથી નીચા ઊતરીને સંતોને નજીક પહોંચી ગયા. ॥૭॥

સત્પતિ શ્રીહરિ ગાયક સંતો ઉપર ખૂબ જ રાજી થયા. પોતાના પ્રસાદીના વસ્ત્ર તેમણે તે સંતોને આપ્યા. ॥૮॥

મનમાં અતિશય પ્રસન્ન થઈને શ્રીહરિએ ફૂલોના પ્રસાદીના હાર, તોરા, ગુચ્છ અને બાજુબંધ પણ સંતોને આપી દીધા. ॥૯॥

પોતાની પ્રસાદીના રમણીય ઊજળા પેંડા અને તેવી જ સુંદર સફેદ બરફી તે સંતોને આપી. ॥૧૦॥

હે નૃપ ! પછી સંગીતવિદ્યાના પ્રસંગે શ્રીહરિએ સંતોની આગળ દેવર્ષિ નારદ અને તુંબરુની વાત વિસ્તારીને કહી. ॥૧૧॥

अथेत्यूचे स तान् प्रीत्या नारदात्तुम्बुरोस्तथा ।
युष्माकं गायनं श्रेष्ठं वर्तते गीतकोविदाः ! ॥१२॥
इत्यथ प्राह तं धीमान् ब्रह्मानन्दः सखा हरेः ।
कविश्रेष्ठो हरिप्रेष्ठो नर्ममर्मविदां वरः ॥१३॥
अहो !! भाग्यं हरेऽस्माकं सर्वाविर्भावकारणम् ।
नियन्ता कालमायादेर्यत्त्वं श्लाघयसे हि नः ॥१४॥
स तद्वाक्यमिति श्रुत्वा तमित्यूचे हरिर्वचः ।
प्रशंसेयं तु वो धीमन्! मया सत्या विधीयते ॥१५॥
इत्युक्त्वा तालिकास्तिस्रो वादयामास स प्रभुः ।
तत्राऽऽयात्तुम्बुरु स्तावद्वीणापाणिश्च नारदः ॥१६॥
ततस्तौ श्रीहरिप्रेक्षाप्राप्ताऽऽनन्दभरान्तरौ ।
हरिं प्रणम्य साष्टाङ्गं तस्याऽग्रे तस्थतुर्विभोः ॥१७॥
तावथाऽऽश्रुत्य सद्गानं तेषामाश्चर्यकारकम् ।

અને અત્યંત પ્રસન્ન થઈને તે સંતોને કહ્યું કે "હે સંગીતના વિદ્વાનો ! તમારું આજનું આ સંગીત નારદ અને તુંબરુના સંગીત કરતાં પણ શ્રેષ્ઠ છે." ॥૧૨॥

સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી મહાન બુદ્ધિશાળી અને શ્રીહરિના સખા હતા. કવિઓમાં શ્રેષ્ઠ અને શ્રીહરિના અતિશય વહાલા હતા. મર્મભરી હાસ્ય-રમૂજની વાતોમાં તો પારંગત હતા. તેમણે શ્રીહરિને કહ્યું, ॥૧૩॥

"હે હરે ! અમારું અહો ભાગ્ય છે કારણ કે આપ સર્વ અવતારોનું કારણ અને કાળ માયા આદિના નિયંતા છો. તે પણ અમારી પ્રશંસા કરો છો." ॥૧૪॥

તેમની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા, "હે ધીમન્ ! આ પ્રશંસા હું ખરેખર સાચી જ કરું છું." ॥૧૫॥

આટલું બોલીને પ્રભુ શ્રીહરિએ ત્રણવાર તાળી વગાડી. તેટલી વારમાં તો ત્યાં તુંબરુ અને હાથમાં વીણા ધારી રહેલા નારદજી આવ્યા. ॥૧૬॥

શ્રીહરિના દર્શનથી તે બન્નેના હૃદય આનંદથી ઊભરાવા લાગ્યા. મહાસમર્થ શ્રીહરિને તે બન્નેએ સાષ્ટાંગ પ્રણામ કર્યા અને આગળ ઊભા રહ્યા. ॥૧૭॥

नानागानकलाभिज्ञौ राजन् ! प्राशसतां मुदा ॥१८॥
वादयन्तौ ततस्तन्त्रीं तौ प्रीतौ श्रीहरेः पुरः ।
तं प्रासादयितुं राजंश्चक्रतुर्गानमुत्तमम् ॥१९॥
एवं दिदृक्षमाणौ तौ श्रीहरिं पुण्यदर्शनम् ।
श्रोतुं गानं तथा तेषामायातामन्वहं मुदा ॥२०॥
ततस्तौ हि तिरोऽभूतां हरिप्रेक्षामहोत्सवौ ।
हरेर्दृष्ट्वा तदैश्वर्यं मुन्याद्या विस्मयं ययुः ॥२१॥
सामवेदोऽथ तत्राऽऽयात्तद्वीक्षार्थं किलोत्सुकः ।
ततस्तं श्रीहरिं नत्वा विस्मितो मोदमव्रजत् ॥२२॥
ततो गानं शुभं तेषां तालग्रामादिसंयुतम् ।
स श्रुत्वाऽऽप्तमहानन्दस्तत्प्रशंसां व्यधाद्भृशम् ॥२३॥
ततस्तद्दर्शनाऽऽह्लादो गानं कृत्वा हरेः पुरः ।

હે રાજન્ ! અનેક પ્રકારના સંગીતની કલાના નિષ્ણાત તે બન્નેએ સંતોનું આશ્ચર્યજનક સંગીત સાંભળ્યું હતું તેથી પ્રસન્ન મને તેની પ્રશંસા કરવા લાગ્યા. ॥૧૮॥

હે રાજન્ ! પછી શ્રીહરિનો રાજીપો મેળવવા તેઓ વીણાવાદન કરીને હર્ષાવેશમાં શ્રીહરિની આગળ સુંદર ગાન કરવા લાગ્યા. ॥૧૯॥

નારદ અને તુંબરુ, જેમનું દર્શન પુણ્યકારી છે આવા શ્રીહરિના આ પ્રમાણે દર્શન કરવા માટે અને સંતોનું સંગીત સાંભળવાની ઇચ્છાથી રોજ હરખથી આવતા હતા. ॥૨૦॥

શ્રીહરિના દર્શનથી મહાન્ આનંદોત્સવ માણનારા તે બન્ને તિરોહિત થઇ ગયા અને શ્રીહરિનું આ ઐશ્વર્ય જોઇને સંતો વગેરે સહુ વિસ્મય પામ્યા. ॥૨૧॥

પછી તે જ સમયે શ્રીહરિના દર્શન કરવામાં ઉત્સાહી સામવેદ પણ મૂર્તિમાન ત્યાં આવ્યા. અને પછી શ્રીહરિને પગે લાગીને વિસ્મય પામેલા તે સામવેદ પણ પ્રસન્ન થયા. ॥૨૨॥

તેમણે પણ તાલ અને ગ્રામ આદિકે સહિત સંતોનું શુભ સંગીત સાંભળ્યું હતું, તેથી પ્રસન્ન થઇને સંતોની ઘણી પ્રશંસા કરી. ॥૨૩॥

तस्येच्छयाऽखिलेशस्य तिरोभूत्तत्र सत्वरम् ॥२४॥
ऐश्वर्यमित्थमखिलार्त्तिहरं सुदिव्यं, श्रव्यं हरेरघहरं श्रुतिगानमग्र्यम् ।
गेयं सदा शुभकरं स्वहितप्रसक्तैरु क्तं मया मुनिजनप्रियमद्भुतं ते ॥२५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं नारदतुम्बुरु सामवेदागमनादिनिरू पणं नामैकषष्टितमोऽध्यायः ॥६१॥

अथ द्विषष्टितमोऽध्यायः

द्विषष्टे रामनारोपनयने यज्ञदर्शनम् ।
तथा कालाद् व्यधाद् रक्षामुत्तमस्य स्वयं हरिः॥

श्रीचैतन्यानन्द उवाच -
राजन्नक्षरसौधस्य चतुष्के सन्निधौ हरिः ।
आश्चर्यकृत्परं दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ॥१॥

શ્રીહરિના દર્શનથી આનંદિત થયેલા તે સામવેદે પણ તેમની આગળ ગાન કર્યું અને પછી વિશ્વેશ્વર શ્રીહરિની ઇચ્છાથી સત્વરે અંતર્ધાન થઇ ગયા. ॥૨૪॥

હે રાજન્ ! શ્રીહરિનું ઐશ્વર્ય સર્વ પીડાને શમાવે છે, અતિ દિવ્ય અને સાંભળ્યા જેવું છે, તેનું શ્રવણ અને કીર્તન પાપોને બાળે છે અને તે શ્રેષ્ઠ છે, શભકારી આ ઐશ્વર્ય પોતાનું હિત ચાહનારા ભક્તોએ ગાવા જેવું છે, સંતોને અત્યંત પ્રિય છે અને અદ્‌ભુત છે, તે મેં તમને આ રીતે કહ્યું છે. ॥૨૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૧ સમાપ્ત

અધ્યાય-૬૨

શ્રીરામશરણાદિના ઉપવીતમાં યજ્ઞદર્શન અને શ્રીદાદાખાચરની કાળથી રક્ષા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીહરિએ અક્ષરભવન (અક્ષર ઓરડી) ના ચોકમાં નજીક આશ્ચર્યકારી સર્વોત્તમ પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૧॥

पूर्वदिग्द्वारयुक्तेषु सोमादेव्यास्त्रिषु प्रभुः ।
गर्भागारेषु राजर्षे ! स्वैश्वर्यं स व्यदीदृशत् ॥२॥
श्रीशुकानन्द उवाच -
गिरं तस्योदारामिति मुनिवरस्य क्षितिपति
र्मनोज्ञां स श्रुत्वा भवविविधतापोपशमनीम् ।
महामोदं प्राप्तो दुरितभरहारां वरतरां
वचस्तं सद्वन्द्यं सरसमिदमूचेऽतिरुचिरम् ॥३॥
हरेरैश्वर्याणि श्रवणसुखदातृण्यपि सुधा
तिरस्कतृण्यार्त्तिप्रकरदलनानिह्यसुभृताम् ।
निधि र्ज्ञानादीनां मृदुलहृदयः सज्जनगुरो !
वद त्वं मे ब्रह्मन् ! भवदनुचरायोरु दयया ॥४॥
इति श्रुत्वा तस्य क्षितिपतिवरस्यातिललितां
हरिप्रेयान् वाचं श्रितविपुलवात्सल्यनिलयः ।

હે રાજર્ષે ! પ્રભુ શ્રીહરિએ ઉગમણા બારના સોમાદેવીના ત્રણેય ઓરડાઓમાં પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીની વાણી ઉદાર અને મનોજ્ઞ હતી, તે સંસારના વિવિધ સંતાપોને ટાળનારી, પાપના પુંજને બાળનારી અને સર્વોત્તમ હતી. તેને સાંભળીને દરબાર શ્રી અમરાખાચર ખૂબ જ રાજી થયા અને પછી સંતોએ પણ વંદવા યોગ્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીને અતિ સુંદર અને સરસ વચન કહ્યું. ॥૩॥

હે સજ્જનગુરો ! હે બ્રહ્મન્ ! ભગવાન્ શ્રીહરિના ઐશ્વર્ય સાંભળવાથી સુખ આપે છે, મધુરતાથી તો તે અમૃતને પણ ઝાંખું કરી દે છે અને પ્રાણીઓની અનેક પીડાઓનો નાશ કરે છે, આપ જ્ઞાન આદિના નિધિ છો અને સુકોમળ હૃદયવાળા છો, હું આપનો શિષ્ય છું. તો આપ અપાર દયા કરીને મને તે ઐશ્વર્યોની વાત કહો. ॥૪॥

શ્રીચૈતન્યાનંદ સ્વામી શ્રીહરિના વહાલા સંત હતા, ભક્તોના ઉપર અપાર વાત્સલ્યના તો તેઓ ધામ હતા. સંતોને મધ્યે માનનીય હતા અને શ્રીહરિના

सतां मान्यः प्रीतः स हरिचरणध्याननिरतो
गिरं प्राहेत्थं तं शुभममृतमाधुर्यनिभृताम् ॥५॥
श्री चैतन्यानन्द उवाच -
नन्दरामस्य वै रामशरणाख्यं सुतं ततः ।
नारायणप्रसादं च निजभ्रातृसुतात्मजम् ॥६॥
उपवीताख्यसंस्कारयुक्तं कारयितुं हरिः ।
ऐच्छद्विप्रैर्यथाशास्त्रं वेदवेदाङ्गपारगैः ॥७॥
चतुष्केऽक्षरसौधस्य सन्निधौ स ततो हरिः ।
भूपते ! मण्डपं रम्यं कार्यदक्षैरकारयत् ॥८॥
प्रोल्लसन्तं चतुर्द्वारैर्नानावर्णाम्बरप्रभम् ।
सौवर्णैः कलशैर्भास्वद्भासमानैर्मनःप्रियम् ॥९॥
पञ्चपल्लवसंयुक्तं रम्भास्तम्भातिभास्वरम् ।
नानावर्णध्वजोपेतं चैलपल्लवतोरणम् ॥१०॥

ચરણકમળનું ધ્યાન કરવામાં તો તત્પર રહેતા હતા. તેમણે દરબાર શ્રી અમરાખાચરની અત્યંત સુંદર વાત સાંભળી અને મનમાં પ્રસન્ન થયા. પછી શુભ ગુણ સંપન્ન તે દરબારશ્રીને અમૃતની મધુરતાથી ભરપૂર વાણી કહેવા લાગ્યા. ॥૫॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીહરિના મોટાભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજના પુત્ર નંદરામજી હતા. અને તેના બે પુત્ર, એક રામશરણજી અને બીજા નારાયણપ્રસાદજી હતા. ॥૬॥

"તે બન્નેને વેદ અને વેદાંગના પારંગત વિદ્વાન વિપ્રો પાસે યજ્ઞોવીત સંસ્કાર કરાવવો" એમ શ્રીહરિએ વિચાર કર્યો. ॥૭॥

હે ભૂપતે ! પછી અક્ષર ભવનના ચોકને નજીક શ્રીહરિએ કાર્યકુશળ ભક્તો પાસે રમણીય મંડપ બંધાવ્યો. ॥૮॥

મંડપ ચાર દરવાજાથી શોભતો હતો. જાત જાતના રંગીન કપડાંઓથી તે ચમકતો હતો, સૂર્યની જેમ ચળકતા સોનાના કળશોથી મનોહર લાગતો હતો. ॥૯॥

પાંચ જાતના વૃક્ષોના કૂંણા પાન બાંધ્યા હતા. કેળના સ્તંભોની શોભા તેજસ્વી હતી. અનેક રંગની ધજાઓ બાંધી હતી અને વસ્ત્રોના અને નવ પલ્લવોના તોરણ બાંધ્યા હતા. ॥૧૦॥

वेदशास्त्रविदो विप्रास्तत्र वेदीं ततो व्यधुः ।
वेदप्रोक्तविधानेन चक्रुर्होमं च भूपते ! ॥११॥
तथोपनीतिसंस्कारं तयोश्चक्रुर्यथोदितम् ।
नादो मङ्गलवाद्यानां तदा व्यापद्दिशोऽखिलाः ॥१२॥
पूर्णाहूतौ ततो राजन्! यज्ञनारायणो विभुः ।
आविरासीन्महातेजा मूर्त्तिमानग्निकुण्डतः ॥१३॥
स प्रणम्याऽथ तं भक्त्या स्तुत्यं स्तुत्वा सदादिभिः ।
हरिप्रेक्षामहानन्दस्तिरोऽभूत्तत्र सत्वरम् ॥१४॥
तदानीं श्रीहरेर्मूर्तेस्तेजः प्रादुरभूद्बहुशम् ।
शान्तिप्रदं विधुश्वेतं दिव्यमाश्चर्यकारणम् ॥१५॥
सर्वमाच्छादयद्दुर्गं व्याप्नुवत्सर्वतोदिशम् ।
आवृणोल्लोचनाह्लादं सूर्यादीनां महन्महः ॥१६॥

પછી વેદોના અને શાસ્ત્રોના પારંગત વિદ્વાનોએ ત્યાં વેદિકા કરી. હે ભૂપતે ! વેદોક્ત વિધિથી હોમ પણ કર્યો. ॥૧૧॥

આમ યથાવિધિ શ્રીરામશરણજી અને શ્રીનારાયણપ્રસાદજીનો યજ્ઞોપવીત સંસ્કાર પૂર્ણ કર્યો . તે વખતે મંગળમય વાજિંત્રોનો ધ્વનિ બધી દિશાઓમાં વ્યાપી ગયો હતો. ॥૧૨॥

હે રાજન્ ! જ્યારે હોમની પૂર્ણાહુતિ થઇ ત્યારે અગ્નિકુંડમાંથી મૂર્તિમાન્ પ્રભુ યજ્ઞનારાયણ મહાન્ તેજસ્વી સ્વરૂપે પ્રકટ થયા. ॥૧૩॥

તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા. સ્તુતિ કરવા યોગ્ય શ્રીહરિની ભક્તિભાવથી સ્તુતિ કરી પછી સંતો વગેરેએ સહિત શ્રીહરિના દર્શનથી ખૂબ જ ખુશ થયેલા તેઓ તુરંત હિરોહિત થઇ ગયા. ॥૧૪॥

તે સમયે શ્રીહરિની મૂર્તિમાંથી ઘણું જ તેજ પ્રકટ થયું. તે સહુને સુખ શાંતિ આપનારું, ચંદ્રમા જેવું શ્વેત અને આશ્ચર્યકારી દિવ્ય હતું. ॥૧૫॥

તે આખા દરબારગઢમાં છાઇ ગયું, સૂર્યઆદિના મહાન્ તેજને ઢાંકી દઇને બધી દિશાઓમાં તે વ્યાપવા લાગ્યું. તે તેજ આંખોને આનંદકારી અને ગમે તેવું હતું. ॥૧૬॥

त्वत्पित्राद्यास्ततो भक्तास्तत्र तेजसि भूपते ! ।
अपश्यन्बद्धसद्रत्नं हैमं सिंहासनं वरम् ॥१७॥
तेऽथ तत्रोपविष्टं तं तेजःपुञ्जातिराजितम् ।
दर्शनीयं हरिं शान्तं प्रैक्षन्ताऽत्यद्भुताऽऽकृतिम् ॥१८॥
एकैकाङ्गश्रिया राजन् ! कोटिकामस्मयच्छिदम् ।
दयापीयूषपूर्णेक्षं दिव्यवासोविभूषणम् ॥१९॥
आक्रान्तानेकलोकेशसर्वलावण्यया श्रिया ।
सेवितं कौस्तुभग्रीवं वनमालाविभूषितम् ॥२०॥
यादृश्यक्षरधामस्था दिव्या तन्मूर्त्तिरद्भुता ।
अस्ति तेजोमयी शान्ता तेऽपश्यंस्तं हि तादृशम् ॥२१॥
तेऽथ मूर्त्तिमतो वेदान् प्रैक्षन्त स्तुवतो हरिम् ।
तेजोमयांश्च तस्याग्रे मुक्तानक्षरसंज्ञितान् ॥२२॥

હે ભૂપતે ! તમારા પિતાશ્રી દાદાખાચર આદિ ભક્તોને તે તેજના મધ્યમાં રત્નજડિત સર્વોત્તમ સોનાનું સિંહાસન દેખાયું. ॥૧૭॥

તે સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિના પણ દર્શન થયા. શ્રીહરિ તેજના પુંજમાં અત્યંત સોહમણા લાગતા હતા. મૂર્તિ દર્શનીય અને શાંત હતી. સ્વરૂપ ઘણું જ અદ્‌ભુત હતું. ॥૧૮॥

હે રાજન્ ! શ્રીહરિના એકેક અંગની શોભા કરોડો કામદેવના ગર્વને ઉતારી દે તેવી હતી. નેત્ર દયારૂપ અમૃતથી ભર્યા હતાં. દિવ્ય વસ્ત્ર તથા અલંકાર ધાર્યા હતાં. ॥૧૯॥

તેમના સૌંદર્યની શોભા આગળ અનેક લોકપાળોનું બધું લાવણ્ય ઢંકાઇ ગયું હતું. કંઠમાં કૌસ્તુભ મણિ પહેર્યો હતો. છાતી ઉપર વનમાળા શોભતી હતી. ॥૨૦॥

અક્ષરધામમાં શ્રીહરિની મૂર્તિ જેવી દિવ્ય અદ્‌ભુત, તેજોમયી અને શાંત છે, તેવા જ પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન સહુ ભક્તોને થયા. ॥૨૧॥

ભક્તોએ જોયું કે શ્રીહરિની આગળ ઊભા રહીને મૂર્તિમાન વેદો સ્તુતિ કરતા હતા અને તેજોમય અક્ષર મુક્તો પણ તેમની આગળ ઊભા હતા. ॥૨૨॥

तेऽवतारांस्तथा सर्वान् हरेरग्रे व्यलोकयन् ।
तेऽथ सर्वे तिरोऽभूवन् राजंस्तेषां हि पश्यताम् ॥२३॥
इत्थं ते दिव्यमैश्वर्यं हरेरालोक्य विस्मिताः ।
हेतुं सर्वावताराणां मेनिरे तं महामुदः ॥२४॥
अन्ये जना हि भूयांसो हरेरैश्वर्यमद्भुतम् ।
तदाऽऽलोक्याऽस्तसन्देहास्तस्याऽकुर्वन् दृढाश्रयम् ॥२५॥
ततस्ते धर्मवंशीया गोपालाद्या व्यधुर्हरेः ।
चारु केसरगन्धाद्यैरु पचारैः समर्हणम् ॥२६॥
श्रीहरिधर्मवंश्यानामावासेऽभुक्त भूपते ! ।
नानाविधानि भोज्यानि सुधास्वादूनि सन्मते ! ॥२७॥
ततो भोक्तुं हरिः पङ्क्तीर्मुन्यादीनां व्यधापयत् ।
परिवेष्याऽथ तान् पर्पीशष्कुल्यादीन्यभोजयत् ॥२८॥
चारुकेसरगन्धेन चर्चिताङ्गश्चरन् हरिः ।

ભક્તોએ શ્રીહરિની આગળ ઊભેલા અવતારોના પણ દર્શન કર્યા. હે રાજન્! સહુ દર્શન કરી રહ્યા હતા અને તત્કાળ તે સહુ અદૃશ્ય થઈ ગયા. ॥૨૩॥

તે સર્વ ભક્તો શ્રીહરિનું દિવ્ય ઐશ્વર્ય જોઈને વિસ્મય પામ્યા. મનમાં ખૂબ જ આનંદિત થઈને તેમને સર્વ અવતારોનું કારણ માનવા લાગ્યા. ॥૨૪॥

બીજા પણ ઘણા લોકો તે વખતે ત્યાં હાજર હતા. તેમણે શ્રીહરિનું આવું અદભુત ઐશ્વર્ય દેખ્યું. તેથી તેમના બધા સંદેહ ટળી ગયા અને શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. ॥૨૫॥

તે પછી શ્રીગોપાળજી મહારાજ વગેરે ધર્મવંશીઓએ સુંદર કેસર ચંદન આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૬॥

હે ભૂપતે ! હે સન્મતે ! શ્રીહરિ ધર્મવંશીઓને ઉતારે અનેક પ્રકારના અમૃત જેવા સ્વાદુ ભોજનોનો થાળ જમ્યા. ॥૨૭॥

પછી સંતો વગેરેને જમાડવા માટે પંગત કરાવી. તેમને બરફી અને જલેબી આદિ સારી પેઠે પીરસીને જમાડ્યા. ॥૨૮॥

સુંદર કેસરી ચંદનથી સર્વ અંગોમાં પૂજાએલા શ્રીહરિ પંગતોમાં ફર્યા અને

तेषां पङ्क्तिषु भोज्यानि स भूयः पर्यवेषयत् ॥२९॥
तदा संन्यासिनः सर्वान् वर्णिनश्चाग्रजान् हरिः ।
भक्तान् सहस्रशश्चान्यान्नानाभोज्यैरतर्पयत् ॥३०॥
चतुष्केऽथ हरिस्तस्मिन् सायं नीराजनोत्तरम् ।
सभायां स्वीयभक्तानां न्यषीदत्स्वोत्तमासने ॥३१॥
राजन् ! सहस्रशो विप्रान् भूरिशो रू प्यमुद्रिकाः ।
औदार्याम्भोनिधिः प्रादाद्दानशूरो दयानिधिः ॥३२॥
ततोऽनर्घ्याम्बराभूषागन्धमाल्यस्रगादिभिः ।
उपचारैर्हरिं रम्यैः पूजयामास ते पिता ॥३३॥
धर्मवंश्यास्ततो रम्यैर्नानालङ्करणाम्बरैः ।
सोऽपूजयद्वरैरर्घ्यैर्मुन्यादींश्च यथोचितम् ॥३४॥
चतुष्के तत्र सोऽकार्षीद्भूयांसि श्रीहरिर्नृप! ।
चरित्राणि विचित्राणि तथैश्वर्याण्यदर्शयत् ॥३५॥

ફરીવાર સારા મિષ્ટાન્ન પિરસાવ્યાં. ॥૨૯॥

તે સમયે શ્રીહરિએ સંન્યાસીઓને, સર્વ બ્રહ્મચારીઓને, બ્રાહ્મણોને, હજારો હરિભક્તોને તથા બીજા લોકોને અનેક પ્રકારના ભોજનોથી જમાડીને તૃપ્ત કર્યા. ॥૩૦॥

સાંજે આરતી થયા પછી તે અક્ષરભવન આગળના ચોકમાં ભરાયેલી ભક્તોની સભામાં શ્રીહરિ પોતાના સર્વોત્તમ આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૧॥

હે રાજન્ ! ઉદારતાના સાગર, દાનવીર અને દયાનિધિ શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને ચાંદીના રોકડા રૂપિયા દાનમાં આપ્યાં. ॥૩૨॥

પછી તમારા પિતા શ્રીદાદા ખાચરે અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો અને ચંદન, ફૂલહાર આદિ રમણીય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૩૩॥

ધર્મવંશી વિપ્રોએ પણ મનોજ્ઞ અનેક ઘરેણાં અને વસ્ત્રોથી તથા બીજા શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. તેમજ સંતો વગેરેની પણ યથોચિત રીતે પૂજા કરી. ॥૩૪॥

હે નૃપ ! તે ચોકમાં શ્રીહરિએ ઘણા વિચિત્ર ચરિત્ર કર્યા હતાં અને અપાર ઐશ્વર્ય પણ બતાવ્યાં હતાં. ॥૩૫॥

तत्रैकं ते मयैश्वर्यं चरित्रेणान्वितं हरेः ।
पावनं मङ्गलं दिव्यं संक्षेपेण प्रकीर्त्तितम् ॥३६॥
गर्भागारेषु तेष्वाऽऽसीत्प्रतीच्यां यो दिशि त्रिषु ।
सोमादेव्या हि तातस्ते तत्र स्वल्पाऽऽमयोऽवसत् ॥३७॥
ततः सम्भावनां तस्य कर्तुं स्वासक्तचेतसः ।
आयात्तत्र हरिः स्वीयैः पार्षदैर्वेष्टितः प्रभुः ॥३८॥
अभ्युत्थायाऽथ ते पित्रा प्रीत्या योजितपाणिना ।
स न्यषीदन्नतस्तूर्णं मञ्जुषाऽऽस्तीर्णविष्टरे ॥३९॥
ततः पृष्ट्वा समाचारं त्वत्तातं भक्तवत्सलः ।
सोऽब्रवीत्तमिदं वाक्यं सुधामाधुर्यतर्ज्जनम् ॥४०॥
हेतुः सर्वावताराणां सर्वकारणकारणम् ।
नियन्ता कालमायादेस्त्वत्समीपे स्थितोऽस्म्यहम् ॥४१॥
तस्मान्मदीयभक्तस्य महाभाग्यं किलाऽस्ति ते ।

તેમાંથી શ્રીહરિના ચરિત્રથી યુક્ત એક ઐશ્વર્ય મેં તમને ટૂંકમાં કહ્યું છે, તે પરમ પાવનકારી છે, મંગળમય છે અને દિવ્ય છે. ॥૩૬॥

સોમાદેવીના ત્રણ ઓરડાઓમાં જે આથમણો ઓરડો હતો તેમાં તમારા પિતાશ્રી દાદાખાચર થોડા બીમાર થયા ત્યારે રહ્યા હતા. ॥૩૭॥

પોતાના સ્વરૂપમાં જ મન રાખનારા તે શ્રીદાદાખાચરની સંભાવના કરવા-સ્વાસ્થ્યના સમાચાર પૂછવા વગેરે માટે પાર્ષદો સાથે પ્રભુ શ્રીહરિ ત્યાં પધાર્યા. ॥૩૮॥

શ્રીદાદા ખાચર તત્કાળ ઊભા થયા, હાથ જોડ્યા, પગે લાગ્યા. પછી શ્રીહરિ નાના કોઠલા ઉપર આસન પાથર્યું હતું ત્યાં વિરાજમાન થયા. ॥૩૯॥

પછી ભક્તવત્સલ શ્રીહરિએ તમારા પિતાશ્રીને સ્વાસ્થ્ય બાબતના સમાચાર પૂછ્યા, અને અમૃતની મધુરતાને પણ ઝાંખી પાડે તેવું સુંદર વાક્ય બોલ્યા. ॥૪૦॥

"સર્વ અવતારોના હેતુ, સર્વ કારણોનું પણ કારણ અને કાળ, માયા ઈત્યાદિનો નિયન્તા આવો હું તમારી પાસે રહ્યો છું. ॥૪૧॥

તમે મારા ભક્ત છો, માટે તમારું મહાન્ ભાગ્ય છે, માટે સુબુદ્ધિ આવા

अतः काचिन्न कर्तव्या त्वया चिन्ता सुमेधसा ॥४२॥
अम्बरीषेण भूपेन पारोक्ष्येण पुरा हरेः ।
कृता भक्तिर्यथाशास्त्रं धर्मज्ञानादिसंयुता ॥४३॥
तथाऽप्येषोऽवितुं भक्तं तं निर्दोषान्तरं हरिः ।
स्वीयं सुदर्शनं चक्रं प्राहिणोद्भक्तवत्सलः ॥४४॥
ब्रह्माण्डानामसङ्ख्यानां जन्मस्थित्यन्तकारणम् ।
त्वन्नेत्राऽग्रे स्थितः साक्षात्सर्वज्ञोऽहं मुनिप्रियः ॥४५॥
कर्म ते विषमं तस्मात्कालो वा विषमो भवेत् ।
मर्दयिष्यामि तं कालं कर्म तच्चापि दुःसहम् ॥४६॥
मा कुरु त्वं ततश्चिन्तामित्युक्त्वा तं हरिर्मुदा ।
तस्याऽधान्मूर्ध्नि भक्तस्य स्वीयहस्ताम्बुजद्वयम् ॥४७॥
दिव्यदृष्टिं ततो यातः स व्यपश्यत्तदिच्छया ।
ब्रह्माण्डानामनेकानां विचित्रां रचनां नृप! ॥४८॥

તમારે કોઈપણ જાતની ચિંતા કરવી નહિ. ॥૪૨॥

પૂર્વે અંબરીષ રાજાએ ધર્મ જ્ઞાન વગેરેથી સંપન્ન આવી ભગવાનની ભક્તિ શાસ્ત્રાનુસારે પરોક્ષપણે કરી હતી. ॥૪૩॥

છતાં ભક્તવત્સલ ભગવાન્ શ્રીહરિએ નિર્દોષ હૃદયના તે અંબરીષની રક્ષા કરવા માટે પોતાનું સુદર્શન ચક્ર મૂક્યું હતું. ॥૪૪॥

અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ, સર્વજ્ઞ અને મુનિઓનો પ્રિય અથવા મુનિઓને પ્રિય માનનારો હું તો તમારી નજર આગળ પ્રત્યક્ષ રહ્યો છું. ॥૪૫॥

કદાચ તમારું કર્મ વિષમ હોય કે કાળ પણ વિષમ આવે, છતાં તે અસહ્ય કાળ કે કર્મનો હું વિનાશ કરી દઈશ. ॥૪૬॥

માટે તમે ચિંતા ન કરશો" આમ કહીને શ્રીહરિએ ભક્ત શ્રીદાદાખાચરના મસ્તક ઉપર પોતાના બન્ને કરકમળ પ્રેમથી મૂક્યા. ॥૪૭॥

પછી શ્રીહરિની ઈચ્છાથી તેમને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ. હે નૃપ ! તેથી તેને અનેક બ્રહ્માંડોની વિચિત્ર રચના દેખાવા લાગી. ॥૪૮॥

दिव्यां मूर्तिं ततस्तस्य महातेजोमयीं शुभाम् ।
अतुल्यौदारसौन्दर्यां सोऽपश्यद्विस्मयावहाम् ॥४९॥
स प्रैक्षताऽथ वित्रस्तं तं हरेः क्रूरया दृशा ।
धावमानं च पश्यन्तं पश्चात् कालं त्वरान्वितम् ॥५०॥
त्वत्पिता श्रीहरिं राजन् ! पूर्ववत्तं तदिच्छया ।
साश्चर्यं प्रैक्षत प्रेष्ठं प्रेमोद्यत्पुलकाङ्कितः ॥५१॥
इत्थं त्वदीयपितरं जगदन्तकाराद्ब्रह्मादिभीतिजनकाद्बहुलोग्रवीर्यात् ।
कालादपाद्धरिरु दारदयार्द्रचितो भक्ताऽवनक्षमतरः प्रथितप्रतापः ॥५२॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितनन्दरामपुत्रोपवीतसंस्कारादिनिरू पणं नाम द्विषष्टि-तमोऽध्यायः ॥६२॥

अथ त्रिषष्टितमोऽध्यायः

त्रिषष्टे दर्शितः पुत्रः सोमाया अक्षरं गतः ।

पछी श्रीहरिनी मूर्तिना दर्शन थया. मूर्ति अतिशय तेजस्वी, दिव्य अने शुभ हती, अनुपम, उदारता तथा सौंदर्यपूर्ण अने आश्चर्य जनक हती. ॥४९॥

पछी तेमणे जोयुं के त्यां काळ आव्यो हतो ते श्रीहरिनी क्रूर दृष्टिथी त्रासीने भागवा लाग्यो हतो, ते काळे पाछुं वळीने जोयुं अने अत्यंत त्वराथी दोडवा लाग्यो. ॥५०॥

हे राजन् ! फरी श्रीहरिनी ईच्छाथी ज तमारा पिता श्रीदादाखाचरे श्रीहरिने पहेलानी जेम मानवरूपे जोया. तेओ पोताना अतिप्रिय श्रीहरिने देखीने प्रेमथी पुलकित थई गया अने पछी तेमने आश्चर्यकारी नजरथी जोई रह्या. ॥५१॥

भगवान् श्रीहरिनुं मन उदार छे अने अति दयाळु छे, आवा श्रीहरिए तमारा पितानी काळथी रक्षा करी के जे काळ आखा संसारनो विनाश करी शके छे, ब्रह्मादिकने पण डरावी दे छे अने तेनुं पुष्कळ पराक्रम अति उग्र छे. ॥५२॥

दुर्गपुर माहात्म्य अध्याय - ६२ समाप्त

जसुदेव्याऽनुनीतोऽसावौदासीन्यं जहौ हरिः ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरिं राजन् ! सोमादेवी न्यसादयत् ।
आहूय विष्टरे रम्ये गर्भागारे च मध्यमे ॥१॥
ततो राजन् ! हरेरग्रे वर्णिसाधुपदातयः ।
त्वत्पित्राद्यास्तथा भक्ताः प्रणम्योपाविशन् हरिम् ॥२॥
त्वत्पित्रा साऽथ सद्गन्धभूषावस्त्रैस्तथेतरैः ।
अर्घ्यैः सन्माल्यहाराद्यैर्हरेरर्हामकारयत् ॥३॥
तथाऽर्च्चां धर्मवंश्यानां गन्धभूषाम्बरादिभिः ।
अध्यैर्व्यधापयत्तेन राजन्नानाविधैर्वरैः ॥४॥
साऽथ तेनाऽर्चनं रम्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ।
वर्णिसाधुप्रमुख्यानामुपचारैर्व्यधापयत् ॥५॥

अध्याय - ६३

सोमादेवीने अक्षरवासी पुत्र देखाड्यो अने जसुबानी भक्तिथी श्रीहरिनी उदासीनता टळी

श्रीचैतन्यानंद स्वामीए कह्युं, हे राजन् ! सोमादेवीना त्रण ओरडा आगळ कह्या. तेमां एक समये सोमादेवीए श्रीहरिनी पधरामणी पोताने घेर करी अने वचला ओरडामां सुंदर आसन उपर तेमने पधराव्या. ॥१॥

हे राजन् ! ते पछी श्रीहरिनी आगळ ब्रह्मचारी, साधु, पार्षदो अने तमारा पिता श्रीदरबार दादाखाचर आदि हरिभक्तो श्रीहरिने पगे लागीने बेठा. ॥२॥

पछी सोमादेवीए श्रीदादाखाचर पासे फूलहार, तोरा आदि अने सुगंधी चंदन, आभूषण, सारा वस्त्रो तथा बीजा सर्वोत्तम उपचारोथी श्रीहरिनी पूजा करावी. ॥३॥

हे राजन् ! ते रीते चंदन, आभूषण अने वस्त्र आदिक अनेक उपचारोथी धर्मवंशी विप्रोनी पूजा पण तेमनी पासे करावी. ॥४॥

वळी वर्णी तथा साधु ईत्यादिनी पूजा पण सारा चंदन अने सुगंधी फूलहार वगेरेथी करावी. ॥५॥

नानाविधानि भोज्यानि भोजयित्वाऽथ सा हरिम् ।
वर्णिसाधुपदात्यादींस्तर्पयामास निर्भरम् ॥६॥
सङ्कल्पः सा ततो राजन् ! करोति स्मेति मे सुतः ।
मोक्षं प्राप्त इति ज्ञानं यथार्थं मे कथं भवेत् ॥७॥
सर्वान्तयाम्यथ ज्ञात्वा तत्सङ्कल्पं स सर्ववित् ।
तां प्रदर्शयितुं त्वैच्छन्मुक्तिमाप्तं हि तत्सुतम् ॥८॥
साऽथ दिव्यविमानस्थं तेजःपुञ्जातिराजितम् ।
यातं धामाक्षरं दिव्यं व्यपश्यद्दिव्यविग्रहम् ॥९॥
सा सहस्रमिताः पात्रे रू प्यमुद्रास्ततो मुदा ।
भृत्वा स्वीयेष्टदेवाय तस्मै सादरमार्पयत् ॥१०॥
अथ स्वीयैर्वृतौ राजन् ! वर्णिमुन्यादिभिर्हरिः ।
पादुकाङ्घ्रिमनोहारी निजावासं समाययौ ॥११॥
औदासीन्यमथ प्राप्तः सोमादेव्यास्तृतीयकम् ।

પછી શ્રીહરિ તથા વર્ણી, સાધુઓ અને પાર્ષદો વગેરેને અનેક પ્રકારના ભોજન ખૂબ જ જમાડીને તૃપ્ત કર્યા. ॥૬॥

હે રાજન્ ! પછી સોમા દેવીએ મનમાં સંકલ્પ કર્યો કે મારે એક દીકરો હતો. તેનું મૃત્યુ થયું છે. તેનો મોક્ષ થયો છે, એમ મને વિશ્વાસપાત્ર રીતે ખબર કેમ પડે ? ॥૭॥

ત્યારે સર્વજ્ઞ અને સર્વાન્તર્યામી શ્રીહરિએ તેમના સંકલ્પને જાણીને તેનો પુત્ર મોક્ષ પામ્યો છે તે બતાવવાની ઇચ્છા મનમાં કરી. ॥૮॥

તે વખતે સોમાદેવીએ, તેજના પુંજમાં વિરાજતો, દિવ્ય વિમાનમાં બેઠેલો અને દિવ્ય શરીરવાળો તેનો પુત્ર અક્ષરધામમાં ગયો છે, એવું જોયું. ॥૯॥

પછી તેણે ચાંદીના રોકડા એક હજાર રૂપિયા એક પાત્રમાં ભર્યા અને આદરે સહિત પ્રેમથી પોતાના ઇષ્ટદેવ શ્રીહરિને અર્પણ કર્યા. ॥૧૦॥

પછી ચરણોમાં પહેરેલી ચાખડીઓથી દર્શન કરનારાના મનને આકર્ષતા શ્રીહરિ બ્રહ્મચારીઓ અને સંતોની સાથે પોતાને નિવાસ સ્થાને પધાર્યા. ॥૧૧॥

પણ મનમાં એકદમ ઉદાસ થઇ ગયા. સ્વતંત્ર આવા પ્રભુ શ્રીહરિ

गर्भागारं दिशि प्राच्यां स्वतन्त्रः सोऽव्रजत्प्रभुः ॥१२॥
तत्रैकान्ते ततो मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
मृदूत्तरच्छदैर्युक्ते सोऽस्वपत्स्वाश्रितप्रियः ॥१३॥
ऐकान्तिकैस्ततो भक्तैस्त्वत्तातप्रमुखैर्हरिः ।
न मेने कस्यचिद्वाक्यं सोऽनुनीतोऽपि कोविदैः ॥१४॥
प्राहाथैवं स तान् वाक्यं नात्र वत्स्याम्यहं जनाः ! ।
बदर्याश्रममेकान्तं गमिष्याम्येव सत्प्रियम् ॥१५॥
त्वन्माताऽथानता साध्वी भामिनी जसुसंज्ञिका ।
श्रीहरिं प्राप्य तं नत्वा तत्स्तुतिं बहुधा व्यधात् ॥१६॥
तामथेत्यब्रवीद्वाक्यं श्रीहरिः शुद्धमानसाम् ।
उत्तमः परिणेतुं त्वां यदाऽऽगच्छदसौ नृपः ॥१७॥
तदेत्युक्तं हि पित्रा ते मत्पाणौ त्वत्करं शुभे ! ।
निधायेयं हि ते पुत्री वर्तते स्वाश्रिताऽऽर्त्तिहन् ! ॥१८॥

સોમાદેવીના ઉગમણી બાજુના ત્રીજા ઓરડામાં ચાલ્યા ગયા. ॥૧૨॥

શ્રીહરિને આશ્રિત ભક્તો પ્રિય છે છતાં તે ઓરડામાં એક ખાટલા ઉપર સારો ઓછાડ અને સુંવાળું ગાદલું ઓશિકા વગેરેથી તૈયાર કરેલી પથારીમાં સૂઇ ગયા. ॥૧૩॥

તમારા પિતા શ્રીદાદાખાચર આદિ એકાંતિક ભક્તો અને વિદ્વાન્ સંતો વગેરેએ ઘણી પ્રાર્થના કરી છતાં કોઇની વાત મનમાં રુચિ નહિ અને શ્રીહરિની ઉદાસીનતા ટળી નહિ. ॥૧૪॥

તેમણે સહુને કહ્યું, હે ભક્તો ! હવે હું અહીંયાં રહીશ નહિ. સંતોના પ્રિય બદરિકાશ્રમ જેવા એકાંત સ્થળે જતો જ રહીશ. ॥૧૫॥

તે વખતે નમ્રતા, સદાચાર અને શીલથી સંપન્ન જસુબા નામે તમારી માતા શ્રીહરિ પાસે આવ્યા, પગે લાગ્યા અને ઘણી રીતે સ્તુતિ કરી-વિનવ્યા. ॥૧૬॥

જસુબાનું મન પવિત્ર હતું. તેથી શ્રીહરિએ તેમને કહ્યું, આ દરબાર શ્રીદાદાખાચર લગ્ન કરવા જ્યારે ભટવદર જાન લઇને આવ્યા હતા. ત્યારે તમારા પિતા નાગપાળ વરુએ તમારો હાથ મને સોંપીને કહ્યું હતું, ''આશ્રિતોની પીડા ટાળનારા

भट्टभद्राभिधे ग्रामे नागपालेन सुव्रते ! ।
तातेन ते तथा भ्रात्रा व्याघ्रेणाऽहं प्रसादितः ॥१९॥
मया तत्र जलं क्षारं कृतं मिष्टं महौजसा ।
एवं तयोरहं जातः प्रसन्नो दुर्लभेक्षणः ॥२०॥
नोदयित्वा रथं तस्माद् ग्रामादत्राऽऽगतोऽस्म्यहम् ।
एवं जातस्त्वयि प्रीतो दुरापोऽहं शरीरिभिः ॥२१॥
तस्मान्नास्त्यत्र देशे मे स्थातव्यं वै तथापि ते ।
वाक्यं स्वीकृत्य सद्बुद्धे ! स्थास्याम्यत्र मुदा सदा ॥२२॥
हर्यर्थं सा ततोऽकार्षीत्पाकभूमिविलेपनम् ।
आज्यबर्जरिकापिष्टं वृन्ताकानि तथाऽऽनयत् ॥२३॥
अथ स्नात्वा व्यधात् पाकं मुकुन्दानन्दवर्णिराट् ।
भक्त्या न्यवेदयद्भक्ष्यं वैष्णवे रोटकादिकम् ॥२४॥
ततो बार्जरिकं राजन् ! रोटकं सद्घृताऽऽप्लुतम् ।

હે પ્રભુ ! આ જસુબા આપની દીકરી છે,'' તે રીતે જ તમારા ભાઈ વાઘાવરુએ પણ ભલામણ કરી હતી, અને મારો રાજીપો લીધો હતો. ॥૧૭-૧૯॥

ભટવદરમાં પાણી ખારું હતું પણ મારા પ્રભાવથી ત્યાં પાણી મીઠું કર્યું હતું. મારા દર્શન પણ દુર્લભ છે છતાં તે નાગપાળ વરુ અને વાઘાવરુ, બન્નેના ઉપર હું રાજી થયો હતો. ॥૨૦॥

ભટવદરથી રથ જોડાવીને હું અહીં હંકારી લાવ્યો હતો. જે હું અન્ય લોકોને દુષ્પ્રાપ્ય છું તે તમારા ઉપર પ્રસન્ન રહ્યો હતો. ॥૨૧॥

હે સદ્બુદ્ધે ! જો કે મારે આ પ્રદેશમાં રહેવાનો વિચાર નથી છતાં તમારી વાત માનીને હું અહીં કાયમ પ્રસન્ન મને રહીશ. ॥૨૨॥

પછી જસુબાએ શ્રીહરિને માટે રસોડામાં લીંપણ કરીને શુદ્ધ કર્યું. ઘી, બાજરાનો લોટ અને રીંગણાં લઈ આવ્યા. ॥૨૩॥

શ્રીમુકુંદાનંદ વર્ણીએ સ્નાન કરીને રાંધ્યું. બાજરાના રોટલા અને રીંગણાનું શાક વગેરેનો થાળ ભગવાનને ધરાવ્યો. ॥૨૪॥

હે રાજન્ ! પછી શ્રીહરિ સારી રીતે ઘી ચોપડેલો બાજરાનો રોટલો, રીંગણાનું

स प्राश्नाच्चारु वृन्ताकशाकं कार्चरिकास्तथा ॥२५॥
जसुसंज्ञा तदाऽकार्षीत् सङ्कल्पं चेत्यसौ हरिः ।
दध्यश्नीत यदि स्यान्मे महानन्दस्तदान्तरे ॥२६॥
ततो ज्ञात्वा स सर्वज्ञस्तत्सङ्कल्पं हरिर्विभुः ।
मुकुन्दानन्दवर्णीन्द्रं प्राहैवं सस्मितं वचः ॥२७॥
एतस्या जसुसंज्ञाया मत्पुत्र्या वर्णिसत्तम ! ।
सङ्कल्पो वर्तते रम्यं दधि प्राशयितुं हि माम् ॥२८॥
दध्यानेयं त्वया तस्मात्तद्भक्ष्येऽहं महामते ! ।
तेनेत्युक्ते स हृष्टात्मा तूर्णं दध्यानयद्वरम् ॥२९॥
ततस्तत्पिच्छलं नूत्नं श्रीहरिर्मधुरं दधि ।
प्राश्नात्तद्भक्तिवैवश्यात्तां प्रसादयितुं भृशम् ॥३०॥
ततो वर्णीन्द्रदत्तेन नीरेणाऽऽस्यं तथा करौ ।
मार्जयित्वा च तद्दत्तं मुखवासं स चाग्रहीत् ॥३१॥
स्वीयप्रासादिकैर्भोज्यैर्भृतं स्थालं ततो हरिः ।

શાક અને કાચરી વગેરે જમ્યા. ॥૨૫॥

તે વખતે જસુબાના મનમાં સંકલ્પ થયો કે જો મહારાજ દહીં જમે તો મારા હૃદયમાં ખૂબ જ સુખ થાય. ॥૨૬॥

મહાસમર્થ અને સર્વજ્ઞ શ્રીહરિએ જસુબાનો સંકલ્પ જાણ્યો અને આછું હાસ્ય કરીને શ્રીમુકુંદાનંદ વર્ણીને કહ્યું. ॥૨૭॥

''વર્ણિરાજ ! આ મારા દીકરી જસુબાના મનમાં મને સુંદર મીઠું દહીં જમાડવાનો સંકલ્પ થયો છે. હે મહામતે ! તેથી તમે દહીં લાવો, હું દહીં જમીશ.'' શ્રીહરિનું વચન સાંભળીને ખુશી થયેલા શ્રીમુકુંદાનંદ સ્વામી સારું દહીં લઈ આવ્યા. ॥૨૮-૨૯॥

શ્રીહરિ જસુબાના ભક્તિભાવને વશ હતા. તેથી તેમને ખૂબ રાજી રાખવા માટે તાજું, મીઠું તરવાળું, દહીં જમ્યા. ॥૩૦॥

જમી રહ્યા પછી વર્ણીએ જળ આપ્યું. તેનાથી હાથ મુખ ધોયાં પછી વર્ણીએ મુખવાસ આપ્યો તે લીધો. ॥૩૧॥

भक्तायै जसुसंज्ञायै दापयामास भूपते ! ॥३२॥
सोऽतिस्निग्धस्ततस्तस्यै श्रीहरिः प्रीतमानसः ।
आशीर्वादान् परान् दिव्यान् योगिवन्द्यान् शुभानदात् ॥३३॥
औदासीन्यं ततस्त्यक्त्वा श्वेतवस्त्रधरो हरिः ।
गर्भागारबहिर्वेद्यां न्यषीदत्स्वोत्तमासने ॥३४॥
अथ ज्ञात्वा तमीशानं त्यक्तौदासीन्यमच्युतम् ।
सन्तश्च वर्णिनः पद्गा भक्तास्तत्राऽऽशु चाऽव्रजन् ॥३५॥
ततस्तं वन्दमानानां महानन्दं समीयुषाम् ।
तेषां तद्दर्शनोत्कानां तदग्रेऽभून्महासभा ॥३६॥
स प्रैरिरत्ततः साधून् गायकान् गातुमुत्सुकान् ।
सवाद्यं तेऽथ तस्याऽग्रे गानं चक्रुर्मनोहरम् ॥३७॥
उत्थायाऽथ हरिस्तस्या बहिर्वेद्या निजैर्वृतः ।

હે ભૂપતે ! પછી પોતાની પ્રસાદીરૂપ રસોઇથી ભરેલો થાળ પોતાના ભક્ત જસુબાને અપાવડાવ્યો. ॥૩૨॥

ભક્તો ઉપર અતિ સ્નેહ રાખનારા પ્રસન્ન મનના શ્રીહરિએ જસુબાને યોગીઓએ વંદવા યોગ્ય, સર્વોત્તમ અને શુભ દિવ્ય આશીર્વાદ આપ્યા. ॥૩૩॥

શ્રીહરિની ઉદાસીનતા ટળી ગઇ. તેમણે સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યા અને ઓરડા બહાર ઓટલા ઉપર ઓસરીમાં પોતાના સર્વોત્તમ આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૪॥

સહુને ખબર પડી કે ''શ્રીહરિએ ઉદાસીનતા છોડી દીધી છે.'' એટલે સંતો, બ્રહ્મચારીઓ પાર્ષદો અને હરિભક્તો બધા નિર્વિકારી શ્રીહરિ પાસે તત્કાળ આવ્યા. ॥૩૫॥

બધા અત્યંત રાજી થયા હતા. દર્શન કરવા સહુના મનમાં ઉત્સાહ હતો. શ્રીહરિને તે વંદન કરવા લાગ્યા અને તેમની આગળ એક મોટી સભા ભરાઇ. ॥૩૬॥

ગાયક સંતોમાં કીર્તન ગાવાનો ઉત્સાહ હતો, તે જોઇને શ્રીહરિએ તેમને કીર્તન ગાવાની આજ્ઞા કરી. પછી સંતોએ તેમની આગળ મનોહર કીર્તન ગાયા. ॥૩૭॥

पार्षदैर्वर्णिभिः सद्भिर्निजावासं समाययौ ॥३८॥
ऐश्वर्याणि हरेर्मयेति नृपते ! प्रोक्तानि ते शृण्वतां
पापघ्नानि च गायतां तनुभृतां श्रद्धायुजां सादरम् ।
संसारार्णवतारणप्लवसमान्याधिक्षपाण्यङ्गिनां
तानि स्वहृदये त्वया प्रतिदिनं ध्येयानि गेयान्यलम् ॥३९॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपूजनभोजनादिनिरू पणं नाम त्रिषष्टितमोऽध्यायः॥६३॥

अथ चतुःषष्टितमोऽध्यायः

गदार्तमाणकीमोक्षो कृतः श्रीहरिणा स्वयम् ।
गाङ्गेयस्य हतो गर्व श्चतुःषष्टे च धार्मिणा ॥

श्रीचैतन्यानन्द उवाच –
सोमादेव्या वराद् राजन् ! गर्भागारात् पुरोऽभवत् ।
वाजिशाला हरिस्तस्यामश्वान् द्रष्टुं सदाऽऽव्रजत् ॥१॥

પછી શ્રીહરિ તે ઓટલા ઉપરથી ઊઠ્યા. પોતાના આશ્રિત બ્રહ્મચારીઓ, સંતો અને પાર્ષદોને સાથે લઇને પોતાને નિવાસ સ્થળે અક્ષરભવન પધાર્યા. ॥૩૮॥

હે નૃપતે ! શ્રીહરિના આ ઐશ્વર્ય મેં તમને કહ્યા, તે ઐશ્વર્યને જો કોઇ આદર અને શ્રદ્ધા સાથે સાંભળે કે બીજાને કહે, તો તેના પાપ માત્રનો નાશ થઇ જાય છે. પ્રાણીઓને સંસારરૂપ સમુદ્રને તરવા માટે મોટા નાવ સમાન અને બધી જાતની મનોવ્યથાને ટાળનારા આ ઐશ્વર્યને તમારે પોતાના હૃદયમાં પ્રતિદિન ખૂબ જ સંભારવા અને તે બીજા આગળ કહેવા. ॥૩૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૩ સમાપ્ત

અધ્યાય-૬૪

બીમાર માણકીનો મોક્ષ અને ગંગારામ મલ્લનો ગર્વ ગાળ્યો

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સોમાદેવીના શ્રેષ્ઠ ઓરડાની

तत्रैकदा हरिर्दिव्यं निजैश्वर्यं व्यदर्शयत् ।
तथा गाङ्गेयभक्ताय भक्तद्वारा तदैक्षत ॥२॥
त्वद्भ्रातुर्बाणभूपस्य महाद्वारगृहान्तरे ।
राजन्नासीत्कुटी रम्या सदादानास्पदं वरा ॥३॥
तस्यां स्वीयं हरिर्दिव्यं पावनश्रुतिकीर्तनम् ।
ऐश्वर्यं पापतापघ्नं दर्शयामास मङ्गम् ॥४॥
पूर्णमासीयसंज्ञस्य राजन् ! कूपस्य संन्निधौ ।
श्रीहरिर्दिव्यमैश्वर्यं भद्रं स्वीयं व्यदीदृशत् ॥५॥
श्रीशुकानन्द उवाच -
श्रुत्वैवं स नरेश्वरो गुणनिधेस्तस्येति वाचं शुभां,
पीयूषप्रतिमां मुदं पुरु तरां प्राप्तस्तमित्यब्रवीत् ।
ऐश्वर्याणि वराणि तानि गदितुं त्वं मेऽर्हसि श्रीहरेः,
पृष्टस्तेन मुदेति तं समवदद्वाक्यं स वै सद्गुरु : ॥६॥

આગળના ભાગમાં એક ઘોડશાળ હતી. શ્રીહરિ તેમાં ઘોડાને જોવા માટે કાયમ જાતા હતા. ॥૧॥

ત્યાં શ્રીહરિએ એક સમય પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. અને શ્રીગંગારામ મલ્લને પણ અન્ય ભક્ત દ્વારા પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૨॥

હે રાજન્ ! તમારા ભાઈ શ્રી બાવા ખાચરના દરવાજા અને ઘર વચ્ચે એક સારી સદાવ્રત આપવાની ઓરડી હતી. ॥૩॥

તે સ્થળે શ્રીહરિએ પોતાનું દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું હતું, જેનું શ્રવણ અને કીર્તન પાવનકારી છે, અનેક પ્રકારના પાપ તથા સંતાપનો નાશ કરનારું છે અને મંગળરૂપ છે. ॥૪॥

હે રાજન્ ! પૂનમિયા કૂવાની પાસે પણ શ્રીહરિએ પોતાનું મંગળમય દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૫॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, ગુણનિધિ શ્રી ચૈતન્યાનંદ સ્વામીએ કહેલી અમૃતના જેવી શુભ વાત સાંભળીને દરબાર શ્રીઅમરાખાચર અત્યંત ખુશ થયા. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું, હે ગુરો ! આપ મને શ્રીહરિના સર્વોત્તમ ઐશ્વર્ય કહો.

श्रीचैतन्यानन्द उवाच -
एकदा वाजिशालायां तस्यामासीन्महीपते ! ।
चारु माणिक्यवर्णाऽश्वा जाठरीयव्यथाऽऽतुरा ॥७॥
दुःसहाऽऽमयदुःखेन व्याकुला साऽपतत्क्षितौ ।
आसन्नमृत्युरेवाऽभून्मूर्छामाप्ता ततो नृप ! ॥८॥
हरेर्भक्तोऽथ मूलाख्यो गत्वा तस्यान्तिकं द्रुतम् ।
तं जगादेति सा मृत्युं सत्वरं यास्यति प्रभो ! ॥९॥
आश्रुत्यैवं स तद्वाक्यं सद्भिः पद्‌गैश्च वेष्टितः ।
आययौ सन्निधिं तस्यास्तूर्णमार्त्तिक्षयेक्षणः ॥१०॥
तां विलोक्याऽथ गोत्रायां पतितां पारवश्यतः ।
दुखितां चेतनाहीनां दयार्द्रः सोऽभवद्धरिः ॥११॥
गालितं स ततो नीरं स्वीयं पीत्वा महीपते! ।
तत्स्वप्रासादिकं तोयं पाययामास तां हरिः ॥१२॥

આમ તેમણે પૂછ્યું ત્યારે સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામી ફરી વાત કહેવા લાગ્યા. ॥૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ એક વખત આ કહી તે ઘોડશાળમાં સુંદર માણેક વર્ણી માણકી ઘોડી પેટતોડના રોગથી પીડાતી હતી. ॥૭॥

હે નૃપ ! રોગના અસહ્ય દુઃખથી વ્યાકુળ થયેલી ઘોડી જમીન ઉપર ઢળી પડી. તેનું મૃત્યુ થોડી વારમાં થાય તેમ હતું. તેથી તે મૂર્છિત થઈ ગઈ. ॥૮॥

ઘોડાઓને સાચવતા મૂળજી ભક્તે શ્રીહરિની પાસે જઈને કહ્યું, "હે પ્રભો! માણકી ઘોડી હવે સત્વરે મરી જશે." ॥૯॥

તે સાંભળીને દર્શન આપીને પીડાને મટાડનારા શ્રીહરિ સંતો તથા પાર્ષદોને લઈને તત્કાળ તે ઘોડી પાસે પધાર્યા. ॥૧૦॥

તેમણે જોયું ઘોડી પરવશ થઈને જમીન ઉપર ઢળી પડી હતી. ચેતના વિનાની થઈને પીડાતી હતી. શ્રીહરિને એકદમ દયા આવી. ॥૧૧॥

હે મહીપતે ! શ્રીહરિએ ગાળેલું પાણી મગાવ્યું. તેમાંથી સ્વયં થોડું પીધું. પછી વધેલું પ્રસાદીનું પાણી ઘોડીને પાયું. ॥૧૨॥

पतितायास्ततो भूमौ तस्या मूर्धनि स प्रभुः ।
चिन्तनीयं न्यधात्सद्भिः पादाम्भोजं निजं शुभम् ॥१३॥
उद्घाट्याऽथ शुभे तस्या लोचने मिलितेऽकरोत् ।
पूर्ववच्छ्रीहरी राजन् ! सर्वकार्याऽतिकौशलः ॥१४॥
तस्या देहस्ततस्तूर्णं हरिस्पर्शातिपावनः ।
प्राप्तः प्रारब्धकर्मान्तं पञ्चभूतात्मकोऽपतत् ॥१५॥
तदा प्रैक्षन्त केचित्तां दिव्यां चारु चतुर्भुजाम् ।
तार्क्ष्यरू पां च तामन्ये पश्यन्ति स्माऽतिविस्मिताः ॥१६॥
ततो दिव्यविमानस्थां तां हि तेजोमयाऽऽकृतिम् ।
धामाऽक्षरं हरेर्यान्तीं भक्ताः प्रैक्षन्त विस्मिताः ॥१७॥
अथैकदा हरीक्षार्थं मल्लो गाङ्गेयसंज्ञितः ।
भुजङ्गाख्यात्पुरादायात्तद्भक्तो दुर्गपत्तनम् ॥१८॥
ततस्तद्वाजिशालायाः सोमादेव्यास्तथाऽन्तरे ।

ઘોડી જમીન ઉપરજ પડી હતી. સંતો જેનું ધ્યાન કરતા હોય છે આવો પોતાનો શુભ ચરણ (કમળ) તે ઘોડીના માથા ઉપર મૂક્યો. ॥૧૩॥

હે રાજન્ ! શ્રીહરિ બધા જ કાર્યોમાં અતિશય પ્રવીણ છે, તેમણે ઘોડીની બન્ને શુભ આંખોને ખોલીને પાછી પહેલાની જેમ બંધ કરી દીધી. ॥૧૪॥

શ્રીહરિના સ્પર્શથી ઘોડીનો દેહ તત્કાળ પાવન થઇ ગયો હતો. તેનું પ્રારબ્ધ કર્મ સમાપ્ત થઇ ગયું અને પંચભૂતનું શરીર પડી ગયું. ॥૧૫॥

તે સમયે કેટલાક ભક્તોને તે ઘોડીને સુંદર ચતુર્ભુજ દિવ્ય દેહ પ્રાપ્ત થયો હોય તેમ દેખાયું અને કેટલાકને તો તે ઘોડી દિવ્ય ગરુડના રૂપને પામી હોય તેમ દેખાયું. તેથી સહુ વિસ્મય પામ્યા. ॥૧૬॥

પછી તેજોમય દેહે મુક્તસ્વરૂપમાં દિવ્ય વિમાનમાં બેસીને શ્રીહરિના અક્ષરધામમાં જતી હોય તેમ ભક્તોએ જોયું અને આશ્ચર્ય પામ્યા. ॥૧૭॥

એક સમયે શ્રીહરિના ભક્ત શ્રીગંગારામ મલ્લ દર્શન કરવા માટે ભુજથી ગઢપુર આવ્યા. ॥૧૮॥

તે વખતે એક બાજુ ઘોડશાળ અને બે બાજુ સોમાદેવીના છ ઓરડાઓ, તે

षड्गर्भागारतो रम्यश्चतुष्कोऽभूत्सुविस्तृतः ॥१९॥
तत्रोच्चैरासने युक्ते कोमलैस्तूलिकादिभिः ।
स स्वभक्तसभामध्ये निषण्णं प्राणमद्धरिम् ॥२०॥
ततस्तस्येति सङ्कल्पो भक्तस्याऽऽसीद्बलीयसः ।
जेतुं मां हि महाशौर्यं नास्ति कश्चिदपि क्षमः ॥२१॥
वेद्मि नानाविधाः सर्वा मल्लक्रीडाकलास्त्वहम् ।
तस्माच्छक्तोऽस्मि सङ्ग्रामे जेतुं शूरानपि द्विषः ॥२२॥
अन्तर्यामी ततस्तस्य सङ्कल्पं श्रीहरिर्विदन् ।
शृण्वतां सर्वसभ्यानां वाक्यमित्थं तमब्रवीत् ॥२३॥
जेताऽहं सर्वयोद्धानां मज्जेता नास्ति कश्चन ।
वित्रासकृद्धि शत्रूणां धीरो वीरो दुरासदः ॥२४॥
इत्थंभूतोऽस्ति ते गर्वस्तवाऽन्तःकरणेऽनघ ! ।
स त्वदीयो मया ज्ञातः समग्रप्राणिसाक्षिणा ॥२५॥
एवं तवाऽस्ति चेद् गर्वो युध्यस्व त्वं तदा मया ।

બધાની વચ્ચે વિશાળ સુંદર ચોક હતો. ત્યાં ભક્તોની સભામાં સુંવાળા ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા ઊંચા આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ત્યારે શ્રીગંગારામ મલ્લ આવીને શ્રીહરિને પગે લાગ્યા. ॥૧૯-૨૦॥

પછી અતિ બળવાન તે શ્રીગંગારામ ભક્તના મનમાં એવો સંકલ્પ થયો કે હું મહાન્ શૂરવીર છું, તેથી મને મલ્લ યુદ્ધમાં કોઇ પણ જીતી શકે નહિ. ॥૨૧॥

હું મલ્લક્રીડાની અનેક પ્રકારની કળાઓમાં લગભગ બધી જ કળાઓને જાણું છું. તેથી શૂરવીર શત્રુઓને પણ હું યુદ્ધમાં જીતી શકું છું. ॥૨૨॥

શ્રીહરિ સહુના અન્તર્યામી છે, તેથી તેના સંકલ્પને જાણી ગયા. પછી બધી સભા સાંભળે તેમ શ્રીહરિએ શ્રીગંગારામ મલ્લને કહ્યું. ॥૨૩॥

"હે નિષ્પાપભક્ત ! હું સર્વ યોદ્ધાઓને જીતી શકું છું, મને કોઇ જીતી શકે નહિ. હું શત્રુઓ માટે ભયંકર અને દુર્ધર્ષ છું, ધીર છું, વીર છું." તમારા મનમાં આવો ગર્વ છે ને ? હું સર્વ પ્રાણીઓનો સાક્ષી છું, તેથી તમારા ગર્વની મને ખબર છે. જો તમને આવો જ ગર્વ હોય તો મારી સાથે યુદ્ધ કરો. સર્વજ્ઞ શ્રીહરિનું આવી રીતનું

तेनेत्युक्तेऽखिलज्ञेन स प्रोचे तमिदं वचः ॥२६॥
कारणेनाऽवताराणामीश्वराद्येकजिष्णुना ।
इष्टदेवेन मे स्वामिन्नाहं योद्धुं क्षमस्त्वया ॥२७॥
नाहं योत्स्ये त्वया सार्द्धं पूजनीयेन सत्पते ! ।
योत्स्येऽत्राऽन्येन सर्वात्मन् ! शूरेणैव त्वदाज्ञया ॥२८॥
षोडशाब्दं ततो भक्तं राजन् ! बर्हिचरं हरिः ।
सार्द्धं गाङ्गेयमल्लेन प्रीत्या योद्धुमजिज्ञपत् ॥२९॥
समाज्ञप्तः स तेनैवं तं प्रसादयितुं प्रभुम् ।
तेन सार्द्धं व्यधाद्युद्धं नानायुद्धैकवेदिना ॥३०॥
तौ युध्यन्तौ बलीयांसौ मदोन्मत्ताविव द्विपौ ।
प्रत्यक् पादं न मुञ्चन्तौ शूरौ दृष्ट्वाऽहसद्धरिः ॥३१॥
अङ्घ्रिभ्यां पादयोर्बध्वा पाणिभ्यां हस्तयोस्तथा ।

વચન સાંભળીને તેણે શ્રીહરિને એમ કહ્યું, ॥૨૪-૨૬॥

"સર્વ અવતારોનું કારણ, ઈશ્વર, કાળ અને માયા આદિ સહુને વશ રાખનારા આપ મારા ઈષ્ટ દેવ છો, તેથી હે સ્વામિન્ ! હું આપની સાથે યુદ્ધ ન કરી શકું, ॥૨૭॥

હે સત્પતે ! આપ પૂજનીય છો, માટે આપની સાથે હું યુદ્ધ કરીશ નહિ. હે સર્વાત્મન્ આપની આજ્ઞા હોય તો અહીં રહેલા બીજા કોઈ શૂરપુરુષ સાથે યુદ્ધ કરીશ." ॥૨૮॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ લગભગ સોળ વર્ષની ઉંમરના બહેચર ચાવડા નામે પાર્ષદને શ્રીગંગારામ મલ્લની સાથે યુદ્ધ કરવાની પ્રેમથી આજ્ઞા કરી. ॥૨૯॥

શ્રીબહેચર ચાવડાને શ્રીહરિની આવી આજ્ઞા થઈ. અનેક પ્રકારે યુદ્ધકળાના નિષ્ણાત તે ચાવડા પણ શ્રીહરિનો રાજીપો મેળવવા ચાહતા હતા. તેથી તેણે શ્રીગંગારામ મલ્લની સાથે મલ્લયુદ્ધ કર્યું. ॥૩૦॥

તે બન્ને મદોન્મત હાથીના જેવા બળવાન હતા. યુદ્ધ કરતા બન્ને શૂરવીરોનો ક્યારેય પગ પાછો પડતો નહિ. તે દેખીને શ્રીહરિ હસતા હતા. ॥૩૧॥

તે બન્ને પરસ્પર પોતાના પગથી વિરોધીના પગને આંટીવાળીને બાંધતા

तौ प्रसह्य जिगीषन्तावन्योन्यं विचकर्षतुः ॥३२॥
अरत्निभ्यामरत्नी द्वे जानुभ्यां जानुनी तथा ।
शिरो मूर्ध्नोरसा वक्षो जघ्नतुस्तौ परस्परम् ॥३३॥
उत्थापनैरुन्नयनैश्चालनस्थापनैस्तथा ।
चक्राते युद्धमन्योन्यं तौ सिंहारावकारिणौ ॥३४॥
हस्तविस्फालनोद्भूतस्तयोर्नादो हि युद्ध्यतोः ।
वज्रपातोपमो भीमस्त्रासयामास देहिनः ॥३५॥
ततः शूरो रणोत्साहो राजन् ! बर्हिचरः सुधीः ।
गृहीत्वा पादयोस्तूर्णं पातयामास तं क्षितौ ॥३६॥
वीर्यं तस्येति भूयिष्ठं श्रीहरिर्गर्वगञ्जनः ।
दृष्ट्वाऽहसत्तथा सभ्या हसन्ति स्माऽतिविस्मिताः ॥३७॥
इत्थं हरिप्रतापेन दुर्जयं चैतरैर्नरैः ।

હતા, પોતાના હાથથી સામે વાળાના હાથને દબાવી-પકડીને બળથી જીતવા ચાહતા હતા. અને એકબીજા ખેંચતાણ કરતા હતા. ॥૩૨॥

કળાઈથી કળાઈને, ઢીંચણથી ઢીંચણને, માથાથી માથાને અને છાતીથી છાતીને ભટકાવીને પરસ્પર મારવા લાગ્યા. ॥૩૩॥

એકબીજાને ઉઠાવીને, ઉછાળીને, ખેંચીને, ચલાવીને અને બેસાડી દઈને સિંહગર્જના કરતા તે બન્ને લડી રહ્યા હતા. ॥૩૪॥

તે લડતાં લડતાં પોતાની ભુજાઓને થાબડતા હતા, તેનાથી વજ્રપાતના જેવો ભયંકર ધ્વનિ થતો હતો, તે સાંભળીને લોકોના મનમાં ત્રાસ થતો હતો. ॥૩૫॥

હે રાજન્ ! શ્રીબહેચરચાવડા શૂર, રણોત્સાહી અને રૂડીબુદ્ધિવાળા હતા. તેણે શ્રીગંગારામ મલ્લના પગ પકડ્યા અને જમીન ઉપર પછાડી દીધા. (અને તે મૂર્છિત થઈ ગયા.) ॥૩૬॥

ગર્વ ગંજન શ્રીહરિ શ્રીબહેચર ચાવડાની વીરતા જોઈને હસ્યા. સભામાં બેઠેલા સહુ ભક્તો પણ અત્યંત વિસ્મિત થયા અને હસવા લાગ્યા. ॥૩૭॥

શ્રીગંગામ મલ્લને બીજા કોઈ જીતી શકતા નહિ, કારણ કે તે મલ્લ યુદ્ધના કુશળ યોદ્ધા હતા, સ્વભાવે પણ ભીષણ હતા, છતાં શ્રીહરિના પ્રતાપથી શ્રીબહેચર

मल्लयुद्धक्रियादक्षं तं स क्रूरं किलाऽजयत् ॥३८॥
स मूर्छान्तेऽथ निस्तेजा म्लानवक्त्रो गतस्मयः ।
उत्थितोऽभ्येत्य तं साक्षात्स्वेष्टदेवं मुदाऽनमत् ॥३९॥
विनम्राऽऽस्यं ततो दीनं श्रीहरिर्भक्तवत्सलः ।
सुधाश्रेष्ठैर्वचोभिस्तं पथ्यैर्न्यायैरसान्त्वयत् ॥४०॥
स्वीयभक्तजनपोषणकर्त्ता, श्रीहरिः प्रणतसंसृतिहर्त्ता ।
सर्वजीवहितकृन्नृप ! ताभ्यां, पारितोषिकमदाद्बहुमूल्यम् ॥४१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतमाणकीमोक्षगाङ्गेयमल्लगर्वविध्वंसनादिनिरू रणं नाम चतुःषष्टितमोऽध्यायः ॥६४॥

अथ पञ्चषष्टितमोऽध्यायः

रू पं खड्खान् पञ्चषष्टे नारसिंहमदर्शयत् ।

ચાવડાએ તેને જીત્યા. ॥૩૮॥

શ્રીગંગારામ મલ્લને મૂર્છા વળી, તેમનું મુખ ઝાંખું થઈ ગયું, તેજ ઊતરી ગયું, ગર્વ જતો રહ્યો, ઊભા થયા, ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીહરિની પાસે ગયા અને પ્રેમથી પગે લાગ્યા. ॥૩૯॥

તેમનું મોઢું ઝૂકી ગયું હતું, દીન દેખાતા હતા, છતાં શ્રીહરિ તો ભક્તવત્સલ છે ને ! તેથી તેમણે તેને અમૃત જેવા મીઠાં, હિતકારી અને ન્યાયભર્યાં વચન કહીને આશ્વાસન આપ્યું. ॥૪૦॥

હે નૃપ ! શ્રીહરિ આત્મીય ભક્તોનું પોષણ કરે છે, શરણે આવેલાનો ઉદ્ધાર કરે છે અને સર્વ જીવોનું હિત કરે છે. તેથી તેમણે શ્રીગંગારામ મલ્લ તથા શ્રીબહેચર ચાવડા, આ બન્નેને ઘણા કીમતી પારિતોષિક (ઈનામ) આપ્યાં. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૪ સમાપ્ત

અધ્યાય-૬૫

ખાખીઓને નૃસિંહજીના દર્શન અને પૂનમિયા કૂવામાં ગંગાદર્શન

पौर्णमास्ये च विप्रान् स कूपे गङ्गामदर्शयत् ॥

श्रीचैतन्यानंद उवाच -
भ्रातुस्ते बाणसंज्ञस्य महाद्वारगृहान्तरे ।
सदादानास्पदीभूतकुट्यासीद्भूपते! वरा ॥१॥
आयंस्तत्रैकदा नग्ना भस्मलिप्तकलेवराः ।
खड्खा भूरिजटावन्तो भीमाश्चिपिटपाणयः ॥२॥
तेऽथाऽब्रुवन्निति क्रूरा दाद्यगुर्वभिधं मुनिम् ।
भागान् गुडाज्यपिष्टानां ग्रहीष्यामः समान् वयम् ॥३॥
तेषां वाक्यमिति श्रुत्वा घर्घरस्वरभाषिणाम् ।
स प्राप्य श्रीहरिं तूर्णं तद्वृत्तान्तं व्यजिज्ञपत् ॥४॥
आगत्याऽथ हरिर्युक्तस्तां कुटीं पार्षदैर्द्रुतम् ।
द्वारि तस्या मनोहारी तिष्ठतिस्मेक्षितो जनैः ॥५॥
खड्खो मुख्योऽथ तत्रैको बिभ्रद् वेषं भयंकरम् ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! તમારા મોટાભાઈ શ્રીબાવાખાચરનો મોટો દરવાજો અને રહેવાનું ઘર, તે બે વચ્ચે કાયમના સદાવ્રત (અન્નક્ષેત્ર)ની એક સારી ઓરડી હતી. ॥૧॥

ત્યાં એક સમયે દિગંબર ખાખી આવ્યા. તેમણે શરીરે ભસ્મ ચોળી હતી. માથે મોટી જટાઓ હતી. હાથમાં ચીપિયા હતા અને દેખાવમાં ભયંકર હતા. ॥૨॥

તે ક્રૂર ખાખીઓએ સદાવ્રત આપનારા સંત દાદા ગુરુ શ્રીપ્રભુતાનંદજી સ્વામીને કહ્યું કે અમે સીધામાં ગોળ ઘી અને લોટ ભારોભાર (સરખે વજને) લેશું. ॥૩॥

ઘોઘરે અવાજે બોલતા તે ખાખીઓનું કહેવું સાંભળીને દાદા ગુરુ તત્કાળ શ્રીહરિ પાસે આવ્યા અને સઘળું વૃત્તાંત કહ્યું. ॥૪॥

શ્રીહરિ થોડા પાર્ષદોને લઈને તુરંત સદાવ્રતની ઓરડીએ પધાર્યા. સહુના મનને આકર્ષતા શ્રીહરિના સહુ દર્શન કરતા હતા અને સ્વયં શ્રીહરિ તે ઓરડીના બારણામાં ઊભા હતા. ॥૫॥

એક મુખ્ય ખાખી હતો, તેનો વેશ ભયંકર હતો. દૃષ્ટિ ક્રૂર હતી અને દુરાગ્રહી

एत्याऽतिष्ठद्धरेरग्रे क्रूरदृष्टि र्दुराग्रहः ॥६॥
ततस्तं श्रीहरिं शान्तं सोऽतिरु क्षाक्षरं वचः ।
इत्थं क्रोधानलज्वालाज्वलन् प्राह विषोपमम् ॥७॥
त्वां तु कार्मणकं ख्यातं स्वामिनारायणाऽऽख्यया ।
भगवन्तं हि मन्यन्ते त्वद्भक्ता लोकवञ्चकम् ॥८॥
यर्हि त्वं भगवान्साक्षात्तर्हि पाषण्डिनां वरः ।
कारय त्वं नृसिंहस्य दर्शनं मां प्रियस्य मे ॥९॥
अन्यथा त्यज पाषण्डं तेनेत्युक्ते स सर्ववित् ।
तं व्याघ्रभीषणाकारं प्रगल्भं वाक्यमब्रवीत् ॥१०॥
अस्म्यहं भगवान् साक्षात् कालमायाद्यधीश्वरः ।
तस्मात्तुभ्यं नृसिंहस्य कारयिष्यामि दर्शनम् ॥११॥
सोऽधाद्रूपं तमुक्त्वैवं नारसिंहं भयङ्करम् ।
लोकैरवेक्षितं त्रस्तै दृष्टं खड्खैश्च विस्मितैः ॥१२॥

હતો. તે શ્રીહરિની આગળ આવીને ઊભો રહ્યો. ॥૬॥

તે ક્રોધાગ્નિની જાળમાં બળતો હતો. શ્રીહરિ તો શાંત ભાવે ઊભા હતા. તે ખાખીએ શ્રીહરિને ઝેર જેવું કઠોર વચન આ પ્રમાણે કહ્યું, ॥૭॥

''સ્વામિનારાયણ નામે કહેવાતા તમે તો કામણગારા છો, લોકોને ઠગો છો, તમારા ભક્તો તમને ભગવાન માને છે. ॥૮॥

પાખંડીઓમાં મુખ્ય ગણાતા તમે જો સાક્ષાત્ ભગવાન હોવ તો મને મારા ઈષ્ટદેવ નૃસિંહ ભગવાનના દર્શન કરાવો. ॥૯॥

મને નૃસિંહના દર્શન ન કરાવી શકો, તો પાખંડ મૂકી દો.'' વાઘના જેવા ભયંકર આકારવાળો તે ખાખી એમ બોલી રહ્યો ત્યારે સર્વજ્ઞ શ્રીહરિએ તેની આગળ નિઃસંકોચપણે કહ્યું. ॥૧૦॥

''હું કાળ અને માયા આદિનો અધીશ્વર સાક્ષાત્ ભગવાન્ છું. માટે તમને નૃસિંહજીના દર્શન કરાવીશ.'' ॥૧૧॥

આમ તેને કહીને શ્રીહરિએ નરસિંહજીનું રૂપ ધારણ કર્યું, તે જોઈને લોકો ડરી ગયા અને ખાખીઓ વિસ્મય પામ્યા. ॥૧૨॥

तप्तकार्त्तस्वरोत्पिङ्गं चण्डनेत्रातिभीषणम् ।
भीमभ्रूयुङ्मुखं क्रूरं स्तब्धोर्ध्वश्रवणान्वितम् ॥१३॥
केसरोज्जृम्भितास्योग्रं स्फुरत्पिङ्गजटाछटम् ।
खड्गलोलक्षुरप्रान्तजिह्वं चैवाल्पमध्यमम् ॥१४॥
अदीर्घपीवरग्रीवं सर्वप्राणिदुरासदम् ।
शैलगह्वरव्यात्तास्यनासिकप्रोन्नतायतम् ॥१५॥
भीमदंष्ट्रं ततोरस्कं हनूद्भेदविभीषणम् ।
चंद्ररश्मिसितैर्व्याप्तं रोमभिस्त्रासदेक्षणम् ॥१६॥
इत्थं नृसिंहरू पं तं दृष्ट्वा तेषां पुरःसरः ।
नृत्यं कुर्वन् मुदा युक्तश्चकरोच्चैर्जयारवम् ॥१७॥
तस्योद्घोषमिति श्रुत्वा जनास्तूर्णं पुरौकसः ।
त्यक्तकार्या हि तत्रायन् सत्वरं विस्मयं गताः ॥१८॥

નૃસિંહજીનું રૂપ તપાવેલા સોનાના જેવું ચમકતું પીળું હતું, ઉગ્ર આંખોને લીધે ભયંકર જણાતું હતું. દેખાવમાં ક્રૂર અને ભયાનક ભ્રૂકુટી વાળું મુખ હતું, કાન કડક અને ઊભા હતા. ॥૧૩॥

તેઓ કેશવાળી વચ્ચે ખુલ્લા મુખથી ઉગ્ર જણાતા હતા. ચળકતી પીળી કેશવાળીની છટા હતી. તલવારની જેમ લટકતી તથા સજાયાની ધાર જેવા પડખાવાળી તેમની જીભ હતી. કમરનો ભાગ અત્યંત પાતળો હતો. ॥૧૪॥

ટૂંકી અને જાડી ગરદન (ગળું) હતી. પ્રાણિમાત્રને માટે તે અસહ્ય હતા. પહાડની ગુફા જેવું ફાડેલું મુખ અને નાક ઊંચું તથા લાંબું હતું. ॥૧૫॥

દાઢો બિહામણી હતી. છાતી પહોળી હતી. ઉપડતી દાઢીથી તે ભયંકર લાગતા હતા. ચંદ્રમા જેવા સફેદ રૂંવાડા શરીર ઉપર છાઈ ગયા હતા. આંખો ડરામણી હતી. ॥૧૬॥

આવા નૃસિંહજીને જોઈને ખાખીઓનો આગેવાન આનંદિત થઈને નાચવા લાગ્યો. અને ઊંચેથી જયનાદ કરવા લાગ્યો. ॥૧૭॥

ખાખીઓએ કરેલા જયઘોષને સાંભળીને ગઢપુર ગામના લોકો તુરંત કામકાજ છોડીને ત્યાં દોડી આવ્યા, પછી બધું જાણી જોઈને વિસ્મિત થયા. ॥૧૮॥

तेऽथाऽऽलोक्य तदैश्वर्यं प्रीता विस्मितचेतसः ।
महानन्दाऽऽप्लुता भक्त्या श्रीहरिं तं ववन्दिरे ॥१९॥
अन्तर्धायाऽथ तद् रू पं स्वतंत्रोऽमोधवाञ्छितः ।
आसीदौदार्यपाथोधिर्नाकृतिः पूर्ववद्धरिः ॥२०॥
सोऽथ तस्य तनौ राजन्! वेत्रमाघट्टयत्ततः ।
नृसिंहं प्रैक्षतोदारं खड्खाः सर्वेऽतिविस्मिताः ॥२१॥
ततः संभोज्य सर्वान्सोऽपूपादीनि तान् हरिः ।
सर्वान तर्पयत् खड्खान् भूपते! हि शतद्वयम् ॥२२॥
विधायाथाऽऽश्रयं तस्य स्वीयमुख्येन संयुताः ।
राजन् ! पारमहंस्यं ते प्राप्तास्तं भेजिरेऽन्वहम् ॥२३॥
सदादानास्पदीभूतकुट्या वै संनिधौ हरिः ।
कूपं सोऽचीखनद् राजन्! पूर्णमासीयसंज्ञितम् ॥२४॥
उत्सर्गकर्म शास्त्रोक्तं भूपते! ललिता ततः ।

ખાખીઓ શ્રીહરિનું ઐશ્વર્ય દેખીને રાજી થયા. આશ્ચર્ય પામ્યા. અત્યંત આનંદથી તરબોળ થઇ ગયા અને ભક્તિભાવથી વંદન કરવા લાગ્યા. ॥૧૯॥

શ્રીહરિ સ્વતંત્ર છે, સત્યસંકલ્પ છે અને ઉદારતાના તો સાગર છે. તેમણે નૃસિંહ રૂપ અદૃશ્ય કર્યું. અને પૂર્વની માફક મનુષ્ય રૂપે થયા. ॥૨૦॥

હે રાજન્ ! શ્રીહરિએ નેતરની સોટી તેના શરીરને અડાડી. પછી મહાન્ નૃસિંહજીના દર્શન કર્યા અને સર્વ ખાખી વિસ્મિત થયા. ॥૨૧॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ તે બસો જેટલા બધા ખાખીઓને માલપુવા વગેરેનું ભોજન સારી રીતે જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૨॥

હે રાજન્ ! પોતાના મહંતની સાથે તે બધા ખાખીઓ શ્રીહરિને શરણે આવ્યા. દીક્ષા લઇને સાધુ થયા. પછી પ્રતિદિન શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ॥૨૩॥

હે રાજન્ તે સદાવ્રત- અન્નક્ષેત્રની ઓરડીને નજીક ''પૂનમિયો કૂવો'' આવે નામે પ્રસિદ્ધ થયેલો કૂવો ખોદાવ્યો. ॥૨૪॥

પછી લાડુબાએ અંગોએ સહિત વેદ ભણેલા વિદ્વાન બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક્ત

ब्राह्मणैः साङ्गवेदज्ञैः कारयामास सोत्सवम् ॥२५॥
सा तदा विविधैर्भोज्यैस्तर्पयामास सद्रसैः ।
वर्णिसाधूंस्तथा पद्गान् भक्तांश्चान्यान् हि भूरिशः ॥२६॥
सहस्त्रशस्तथा विप्रान् भोज्यैर्भूरिघृताऽऽप्लुतैः ।
तर्पयित्वा च सा तेभ्यो दक्षिणा भूयसी ददौ ॥२७॥
तत्र केचित्समात्सर्या विप्रा इत्यब्रुवन् वचः ।
कूपेऽस्मिन् हरिणाऽऽनीता गङ्गेत्याहुस्तदाश्रिताः ॥२८॥
इत्थं तेषां सगर्वाणां नर्मयुक्तं वचो हरिः ।
श्रुत्वा तानुक्तवानेवं विदंस्तेषां दुराशयम् ॥२९॥
वाडवाः पिबतैतस्य नीरं कूपस्य पावनम् ।
कूपं पश्यत चैतं तत्ततो ज्ञास्यथ तत्त्वतः ॥३०॥
ते विलोक्याऽथ तं कूपं पपुस्तस्याम्बु वै ततः ।
समाधिं ते हि चत्वारः सत्वरं लेभिरेऽग्रजाः ॥३१॥
ते तत्रैक्षन्त सद्वासोनानालंङ्कारशालिनीम् ।

વિધિથી તે કૂવાનું પૂર્તકર્મ ઉત્સવ સાથે કરાવ્યું. લાડુબાએ આ પૂર્તકર્મ વખતે સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને બીજા ઘણા હરિભક્તો - બધાને સારા રસભર્યા અનેક પ્રકારના ભોજનો કરાવી જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૫-૨૬॥

તે રીતે જ હજારો બ્રાહ્મણોને ઘી નીરતા સારા ભોજનો જમાડીને તૃપ્ત કર્યા અને તેમને પુષ્કળ દક્ષિણાઓ આપી. ॥૨૭॥

તેમાં કેટલાક દ્વેષી વિપ્રો હતા તે આવું બોલ્યા કે ''સ્વામિનારાયણના ભક્તો કહે છે કે આ કૂવામાં શ્રીહરિ ગંગાજીને લાવ્યા છે.'' ॥૨૮॥

તે ગર્વિષ્ઠ બ્રાહ્મણોનું બોલવું શ્રીહરિએ સાંભળ્યું. તે લોકોના દુરાશયને પોતે જાણતા હતા તેથી સ્વયં બોલ્યા કે ''ભૂદેવો ! આ કૂવાનું પાવનકારી પાણી તો પીવો તથા આ કૂવાને જૂઓ. તે પછી જ તમને સત્યની પ્રતીતિ થશે.'' ॥૩૦॥

પછી તે બ્રાહ્મણોએ કૂવો જોયો, તેનું પાણી પીધું, ત્યારે તેમાંથી ચાર બ્રાહ્મણોને સત્વરે સમાધિ થઇ ગઇ. ॥૩૧॥

તેમને સમાધિમાં મૂર્તિમાન દિવ્ય ગંગાજીના દર્શન થયા. ગંગાજી સુંદર

गङ्गां मूर्तिमतीं दिव्यां वन्द्यमानां नरामरैः ॥३२॥
वाक्यं साऽथेत्यवोचत्तान् वर्तते भगवानसौ ।
स्वामिनारायणः साक्षाद्विप्राः! सर्वेश्वरेश्वरः ॥३३॥
अस्यानुलङ्घ्यया सर्वैः कालेशाद्यै निरन्तरम् ।
आज्ञयाऽहं प्रहावस्मिन् वासं प्राप्ताऽस्मि सर्वदा ॥३४॥
तानित्युक्त्वा तिरोऽभूत् सा हरेर्विद्युदिवेच्छया ।
तत्सङ्कल्पेन तेऽभूवन् समाधेरु त्थितास्ततः ॥३५॥
विप्रास्तेऽथाऽऽश्रयं तस्य दृढं कृत्वा हरेः शुभम् ।
स्वीयधर्मस्थितिं प्राप्ताः श्रीहरिं भेजिरेऽन्वहम् ॥३६॥
ऐश्वर्याण्यतिरु चिराणि ते मयैवं, प्रोक्तानि क्षितिप! हरेःसुमङ्गलानि।
गेयानि श्रुतिसुखदानि पावनानि, श्रोतव्यान्यघनिकरक्षयाणि राजन्!॥
इति श्रीमद्धकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

વસ્ત્ર અને અલંકારોથી શોભતા હતા. ''હે વિપ્રો ! આ સ્વામિનારાયણ સર્વ ઈશ્વરોના અધીશ્વર છે અને સાક્ષાત્ ભગવાન્ છે. ॥૩૨-૩૩॥

કાળ અને ઈશ્વર આદિ બધા આમની આજ્ઞાનું ક્યારેય ઉલ્લંઘન કરતા નથી. હું પણ તેમની આજ્ઞાથી આ કૂવામાં કાયમ નિવાસ પામી છું.'' ॥૩૪॥

ગંગાજીએ સહુને આ પ્રમાણે કહ્યું. પછી શ્રીહરિની ઈચ્છાથી વીજળીની જેમ તે અન્તર્હિત થઈ ગયા. પછી તેમના સંકલ્પથી તે બ્રાહ્મણો સમાધિમાંથી ઊઠ્યા. ॥૩૫॥

તે બધા બ્રાહ્મણોએ શ્રીહરિનો શુભ આશ્રય દઢપણે કર્યો. પછી પોતપોતાના ધર્મમાં રહીને નિરંતર શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ॥૩૬॥

હે રાજન્ ! શ્રીહરિના અત્યંત સુંદર ઐશ્વર્યની વાત મેં તમને કહી. હે ક્ષિતિપ ! તે ઐશ્વર્ય અત્યંત મંગળકારી છે, ગાવા લાયક છે, સાંભળનારાને સુખ આપે છે, પરમ પાવનકારી છે, પાપના પુંજોનો વિનાશ કરનારા છે અને સાંભળ્યા જેવા છે. ॥૩૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૬૫ સમાપ્ત.

माहात्म्ये श्रीहरिप्रदर्शितनृसिंहरू पगंगारू पादिनिरू पणं नाम पञ्चषष्टि-
तमोऽध्यायः ॥६५॥

अथ षट्षष्टितमोध्यायः

षट्षष्टे केतने मानसिंहकेसरिसिंहयोः ।
स्वैश्वर्यं लक्ष्यभेदादि हरिः स्वीयानदर्शयत् ॥

श्रीचैतन्यानंद उवाच -
तत्कूपादुत्तराशायां कुट्यातीत्तत्र चाऽवसत् ।
भक्तः केसरिसिंहाख्यो मानसिंहश्च भूपते ! ॥१॥
तत्र राजन् ! हरिर्दिव्यं चरित्रं मङ्गलास्पदम् ।
मुक्तिदं श्रुतिगीतिभ्यां करोतिस्मातिपावनम् ॥२॥
एतस्य राजदुर्गस्य गोपुरे श्रीहरिर्वरे ।
चरित्रं चाकरोद्दिव्यं चारु स्वैश्वर्यगर्भितम् ॥३॥
भ्रातुस्ते बाणसंज्ञस्य वर्ततेऽद्यातिविस्तृतम् ।
वेश्म कुट्यो हि तत्राऽऽसन् सतां वासोचिता नृप! ॥४॥

અધ્યાય - ૬૬
લક્ષ્યવેધાદિ લીલા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું , હે રાજન્ ! પૂનમિયા કૂવાથી ઉત્તર દિશામાં એક ઓરડી હતી. તેમાં ભક્ત કેસરીસિંહ તથા માનસિંહ નામે બે પાર્ષદ રહેતા હતા. ॥૧॥

હે રાજન્ ! ત્યાં શ્રીહરિએ મંગલરૂપ દિવ્ય ચરિત્ર કર્યું હતું. તે ચરિત્ર સાંભળવા કે ગાવાથી મુક્તિ આપનારું અને અત્યંત પાવનકારી છે. ॥૨॥

આ દરબારગઢના સર્વોત્તમ દરવાજામાં જ શ્રીહરિએ સુંદર ઐશ્વર્યપૂર્ણ દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૩॥

હે નૃપ ! તમારા ભાઈ દરબાર શ્રીબાવાખાચરનું હાલમાં જે વિશાળ ઘર છે, ત્યાં સંતોને રહ્યા જેવી નાની ઓરડીઓ હતી. ॥૪॥

तत्रैकस्यां हरिप्रेयान् रामदासो महामुनिः ।
कुट्यां वासं व्यधात् तस्यां चरित्रं सोऽकरोद्धरिः ॥५॥
श्रीशुकानन्द उवाच -
इति स मुनिवरस्य तस्य वाचं नरपतिरार्तिहरां वरामुदाराम् ।
हरिचरितसुधारसं पिपासुस्तमिति वचो निजगाद भक्तिनम्रः ॥६॥
भवभयभिदुराणि तानि सद्भिः सततमुरु प्रणयेन कीर्त्तितानि ।
मुनिवर! चरितानि वै हरेर्मे निगदितुमर्हसि पुण्यकीर्तनानि ॥७॥
इति स मुनिवरो नृपस्य तस्य वचनमिदं रुचिरं निशम्य राजन्! ।
अवददिति वचस्तमार्यवन्द्यः, पुरुतरनिर्वृतिदं सुधासमानम् ॥८॥
श्रीचैतन्यानंद उवाच -
रम्योपवेशनस्थानं श्रीहरिस्त्वेकदा तयोः ।
अगच्छत् स्वेक्षणासक्तैः सार्द्धं सद्भिश्च पार्षदैः ॥९॥

તેમાં એક ઓરડીમાં જેને શ્રીહરિ ઘણા વહાલા હતા અથવા જે શ્રીહરિના ઘણા વહાલા હતા આવા સદ્‌ગુરુવર્ય શ્રી ભાઈરામદાસજી રહેતા હતા. ત્યાં શ્રીહરિએ સુંદર ચરિત્ર કર્યું હતું. ॥૫॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીઅમરાખાચર શ્રીહરિના ચરિત્રરૂપ અમૃતરસને પીવાની ઈચ્છાવાળા (પિપાસુ) હતા, તેથી ચૈતન્યાનંદ સ્વામીએ કહેલી વાત, સર્વ પીડાને હરનારી, સર્વોત્તમ અને ઉદાર હતી, તેને સાંભળી અને પછી ભક્તિથી નમ્રપણે તેમણે શ્રીસ્વામી ચૈતન્યાનંદજીને કહ્યું. ॥૬॥

હે મુનિવર ! શ્રીહરિના ચરિત્ર સંસારના જન્મ મરણ આદિ ભયને નષ્ટ કરનારા છે, તેને સંતો ઘણા જ પ્રેમથી સતત ગાય છે અને તેનું સંકીર્તન - પ્રવચન પણ પરમ પવિત્ર છે, માટે શ્રીહરિના તે ચરિત્ર આપ મને કહો. ॥૭॥

હે રાજન્ ! આ રીતનું દરબારશ્રી અમરાખાચરનું વચન, સજ્જનોએ વંદન કરવા યોગ્ય મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીએ સાંભળ્યું. તે પછી અપાર શાંતિ આપનારું અમૃત સમાન વચન બોલ્યા. ॥૮॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીહરિ પોતાના દર્શન કરવામાં રસવાળા સંતો અને પાર્ષદોને સાથે લઈને તે શ્રીકેસરીસિંહજી અને શ્રીમાનસિંહજી, આ બે પાર્ષદોની જ્યાં બેઠક હતી ત્યાં પધાર્યા. ॥૯॥

अभ्युत्थायाऽथ दृष्ट्वा तौ नत्वाऽऽयान्तं हरिं मुदा ।
उपावेशयतां रार्जस्तूलिकाद्यन्वितासने ॥१०॥
ततस्तौ श्रीहरेस्तस्य हृष्टचित्तौ शुभाज्ञया ।
स्थापयामासतुर्वीरौ लक्ष्यं पूगीफलं नृप! ॥११॥
तौ ह्रस्वचापयोर्बाणौ संधायाऽथ हरिप्रियौ ।
पातयामासतुर्लक्ष्यं ताभ्यां तल्लक्ष्यभिद्वरौ ॥१२॥
अथ प्रीतस्तयोः साक्षात्तत्प्रशंसां व्यधाद्धरिः ।
ततस्ताभ्यामदाद् राजन्! महार्हं पारितोषिकम् ॥१३॥
तत्रोत्थाय नरः कश्चित्ततोऽतिष्ठत्तदाज्ञया ।
मूर्ध्नि तस्याऽचलाङ्गस्य धारयामास दीपकम् ॥१४॥
धारयामास वै दीपौ श्रीहरिस्तस्य चांसयोः ।
कार्मुके बाणसंधानं सत्वरं सोऽकरोत्ततः ॥१५॥
दशां मूर्धस्थदीपस्य तेनाऽथ ह्युदडीडयत् ।

શ્રીહરિ પધારે છે તેમ જોઈને તે બન્ને હરખથી ઊભા થયા, પગે લાગ્યા. તમને પછી ગાદી તકિયાવાળા, સુંદર આસન ઉપર પધરાવ્યા. ॥૧૦॥

હે નૃપ ! પછી પ્રસન્ન મનના તે બન્ને વીર પુરુષોએ શ્રીહરિની શુભ આજ્ઞાથી દૂર એક જગ્યા ઉપર લક્ષ્યના રૂપમાં સોપારી ગોઠવી. ॥૧૧॥

તે બન્નેને શ્રીહરિ ઉપર ખૂબ જ હેત હતું. નિશાનબાજોમાં તે સર્વશ્રેષ્ઠ ગણાતા હતા. તેમણે નાના ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને તેનાથી ગોઠવેલું લક્ષ્ય પાડ્યું. ॥૧૨॥

પછી તેના ઉપર સાક્ષાત્ શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. તેની પ્રશંસા કરી. હે રાજન્ ! પછી તે બન્નેને ઘણો કીમતી પુરસ્કાર આપ્યો. ॥૧૩॥

તે પછી શ્રીહરિની આજ્ઞાથી કોઈ એક માણસ ઊઠીને આગળ દૂર ઊભો રહ્યો. સ્થિર થઈને ઊભેલા તે માણસના માથા ઉપર પ્રગટાવેલો એક દીવો મૂક્યો. ॥૧૪॥

અને તેના બન્ને ખભા ઉપર અલગ એક એક દીવો પ્રગટાવીને મૂક્યો. પછી શ્રીહરિએ સત્વરે ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. ॥૧૫॥

तत्र पात्रात्ततस्तैलं च्योततिस्मापि नाल्पकम् ॥१६॥
सन्धायाऽथाशुगौ चापे पर्यायेण द्रुतं हरिः ।
स्कन्धदीपदशे तस्य ताभ्यामेवोदडीडयत् ॥१७॥
दृष्ट्वा तच्चरितं राजन्नेकादश्यां हि तत्कृतम् ।
तस्य भक्तजनाश्चान्ये महाश्चर्यं प्रपेदिरे ॥१८॥
तस्यां रात्रौ ततः सार्द्धं हरिर्मुन्यादिभिर्व्यधात् ।
सद्भिर्जागरणं चेशः कृष्णपद्यान्यगापयत् ॥१९॥
ततः केसरिसिंहाख्यो मानसिंहश्च पारणाम् ।
तावचीकरतां साधून् द्वादश्यां श्रीहरिं तथा ॥२०॥
तौ ततो गन्धसन्माल्यहाराद्यैर्भूषणाम्बरैः ।
अर्घ्यै र्धूपप्रदीपाद्यैरर्चयामासतुर्हरिम् ॥२१॥
उपचारैस्तथा रम्यैर्माल्यहारांशुकादिभिः ।
मुन्यादीनां यथायोग्यं चक्रतुस्तौ समर्हणाम् ॥२२॥

પહેલા બાણથી મસ્તક ઉપરના દીવાની સળગતી વાટ ઉડાડી દીધી, છતાં કોડિયામાંથી તેલનું ટીપું પણ ઢોળાયું નહિ. ॥૧૬॥

પછી અનુક્રમે બે વખત ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને ખભા ઉપરના દીવાની બન્ને વાટને ઉડાડી દીધી. ॥૧૭॥

એકાદશીને દિવસ કરેલું શ્રીહરિનું આ ચરિત્ર જોઇને ભક્તો તથા બીજા બધા અત્યન્ત આશ્ચર્ય ચકિત થયા. ॥૧૮॥

પછી તે રાતે શ્રીહરિએ તથા સંત હરિભક્તો વગેરેએ જાગરણ કર્યું અને સંતોની પાસે સારા કીર્તન ગવડાવ્યા. ॥૧૯॥

પછી બારશને દિવસ શ્રીકેસરીસિંહ અને શ્રીમાનસિંહ, બન્ને પાર્ષદોએ સંતો વગેરે અને શ્રીહરિને એકાદશીનું પારણું કરાવ્યું. ॥૨૦॥

પછી તે બન્નેએ ચંદન, સુગંધી ફૂલના હારતોરા વગેરે, કીમતી ઘરેણાં, વસ્ત્ર અને ધૂપ દીપ આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૧॥

તે રીતે જ ફૂલના હાર અને વસ્ત્ર આદિક રમણીય ઉપચારોથી સંતો વગેરેની પૂજા પણ યથાયોગ્ય રીતે તે બન્ને એ કરી. ॥૨૨॥

ततो माता तयोर्माल्यहारभूषाम्बरैर्हरिम् ।
किञ्चिद् गदार्दिता चान्यैरु पचारैरपूजयत् ॥२३॥
वार्तामष्टाङ्गयोगस्य तां हरिर्मुद्वितस्ततः ।
यथाशास्त्रं व्यधाद भद्रां जनश्रेयोविधायिनीम् ॥२४॥
ततस्तेजोमयं रम्यं दिव्यरू पं परं हरिम् ।
साश्चर्यं प्रेक्षमाणा सा भद्रं ध्यानं व्यधाद्धरेः ॥२५॥
अथ निजमपहाय सा शरीरं द्युतिमयभागवतीं तनुं प्रपन्ना ।
द्युतिनिकरयुते स्थिता विमाने परतरमक्षरनाम धाम लेभे ॥२६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृष्णलक्ष्यभेदादिनिजैश्वर्यनिरू पणं नाम षट्षष्टितमोऽध्यायः ॥६६॥

अथ सप्तषष्टितमोऽध्यायः

युयुत्सुरु त्तमद्वेषी ददाहेक्षुवणं यदा ।
सप्तषष्टे नृसिंहेन भीतोऽसौ द्राक् पलायितः ॥

તે બન્નેની માતા થોડા બીમાર રહેતા હતા. તેથી તેણે તે પોતાના બન્ને પુત્રો પાસે ફુલહાર, વસ્ત્ર, અલંકારો તથા બીજા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરાવી. ॥૨૩॥

પછી પ્રસન્ન થયેલા શ્રીહરિએ લોકોનું કલ્યાણ કરે તેવી શાસ્ત્રાનુસારે અષ્ટાંગ યોગની મંગળમય વાતો કરી. ॥૨૪॥

પછી શ્રીકેસરીસિંહ અને માનસિંહ બન્નેના માને તેજોમય, રમણીય અને દિવ્ય આવા શ્રીહરિના સર્વોત્તમ સ્વરૂપના આશ્ચર્યમય દર્શન થયા અને મંગળમય શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. ॥૨૫॥

પછી તે વૃદ્ધાએ પોતાનું પાંચભૌતિક શરીર તજી દીધું. તેજોમય ભાગવતી તનુ પ્રાપ્ત કરી અને તેજના પુંજ વચ્ચે રહેલા વિમાનમાં બેસીને સર્વથી પર આવા અક્ષરધામમાં તે ગયા. ॥૨૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૬ સમાપ્ત

श्रीचैतन्यानंद उवाच -

एकदा त्वत्पितुर्देषी राजन्! कश्चिन्नरेश्वरः ।
कालव्यालसमक्रोधान् दुर्जेयान् वैरिमर्दनान् ॥१॥
नानाशस्त्रधरानुग्रान् युद्धोत्साहान्निजानुगान् ।
योद्धुं तातेन ते सार्द्धं प्रैरयत् द्विसहस्त्रकम् ॥२॥
अन्तर्यामितया जानंस्तदुद्योगं हरिर्नृप! ।
त्वत्तातमुत्तमक्ष्मेशं जगादैवं वचः शुभम् ॥३॥
वैरानुबन्धकृद्राजा मदोन्मत्तो दुराग्रहः ।
स एवोपद्रवं धीमन् ! करिष्युत्युग्रविक्रमः ॥४॥
तस्मान्नेह त्वया स्थेयं मदीयाज्ञानुवर्तिना ।
सारङ्गाख्यं पुरं गत्वा तत्र स्थेयं मदाज्ञया ॥५॥
तेनेत्युक्ते स विश्लेषं तदीयं सोढुमक्षमः ।

અધ્યાય-૬૭

લડાઈ કરવા આવેલા શ્રીદાદાખાચરના શત્રુઓને નૃસિંહરૂપથી ડરાવ્યા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત તમારા પિતાશ્રી દાદા ખાચરના દ્વેષી કોઈ રાજાએ તેમની સાથે લડાઈ કરવા માટે બે હજાર સૈનિકોનું લશ્કર મોકલ્યું. તે સૈનિકો કાળાનાગ જેવા ક્રોધી હતા. તેઓ જીતી શકાય તેવા નહતા, પોતાના વિરોધીઓને ચોળી નાખે તેવા હતા. તેમની પાસે અનેક પ્રકારના હથિયાર હતા. તેઓ સ્વભાવે ઉગ્ર હતા. યુદ્ધમાં ઉત્સાહી હતા અને પોતાના રાજાને વફાદાર હતા. ॥૧-૨॥

હે નૃપ ! શ્રીહરિ અન્તર્યામી પણે તે શત્રુ રાજાની તૈયારીને જાણતા હતા. તેથી તમારા પિતા શ્રીદાદાખાચરને આવું શુભ વચન કહ્યું. ॥૩॥

તમારો વૈરી રાજા ગર્વથી ઉદ્ધત છે અને દુરાગ્રહી છે. હે ધીમન્ ! ભયંકર પરાક્રમી તે તમારો વૈરી કાંઈક ઉપદ્રવ કરશે જ. ॥૪॥

માટે મારી આજ્ઞામાં રહેનારા તમારે અત્યારે અહીં ગઢપુરમાં રહેવું નહિ. મારી આજ્ઞાથી તમે સારંગપુર જાઓ અને ત્યાં રહેજો. ॥૫॥

જ્યારે શ્રીહરિએ આમ કહ્યું ત્યારે તેમના વિયોગને સહન નહિ કરી શકતા

स्त्रवद्बाष्पेक्षणो वाक्यं तं प्राहैवं विचक्षणः ॥६॥
सङ्ग्रमावसरे प्राप्ते शूरहर्षविवर्धने ।
अन्यत्र यान्ति हित्वा तं धिक् तेषामस्ति जीवितम् ॥७॥
आजावेवंविधे भाव्ये त्वां त्यक्त्वा प्राणवल्लभम् ।
याते मय्येव मंस्यन्ते रणाद्भीतं मम द्विषः ॥८॥
वैरिभिर्दृष्टपृष्ठानां भीतिव्याकुलचेत्तसाम् ।
नराणां धावमानानां निन्दां कुर्वन्ति देहिनः ॥९॥
बाहुजैरत्र योद्धव्यं सङ्ग्रमेऽभिमुखं द्विषाम् ।
अयं शास्त्रोदितोधर्मः क्षत्रियाणां हि वर्तते ॥१०॥
तस्माद्युयुत्सुरेवाहं मत्सपत्नैः सहोद्धतैः ।
यातुमन्यत्र नोत्सेहे त्वत्प्रसङ्गातिलालसः ॥११॥
स इत्याकर्ण्य तद्वाक्यं तं प्राहेत्थं हरिर्वचः ।
चिन्तां मा कुरु चोत्पातो राज्ञो भाव्योऽस्ति यन्महान् ॥१२॥

શ્રીદાદાખાચરની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. પછી ઘણી વિચક્ષણતા ભર્યા તેઓ આમ બોલ્યા. ॥૬॥

શૂરાના મનને હરખ વધારનારો યુદ્ધનો સમય આવ્યો અને તે વખતે જે બીજે સ્થળે ચાલ્યો જાય તેના જીવનને તો ધિક્કાર છે. ॥૭॥

આવો સંગ્રામનો પ્રસંગ આવ્યો અને મારા પ્રાણપ્યારા આપને છોડીને હું જતો રહું તો મારા દ્વેષીઓ મને ''હું યુદ્ધથી ડરી ગયો છું'' આમ માનશે. ॥૮॥

વેરીઓને પીઠ દેખાડનારા, ડરથી મનમાં વ્યાકુળ થઈ અને લડાઈના પ્રસંગથી ભાગતા માણસની તો લોકો નિંદા કરે છે. ॥૯॥

''સંગ્રામમાં ક્ષત્રિયોએ સામી છાતીએ શત્રુઓની સાથે લડવું જોઈએ.'' શાસ્ત્રોમાં કહેલો ક્ષત્રિયોનો આ જ ધર્મ છે. ॥૧૦॥

તેથી મારા ઉદ્ધત શત્રુઓની સાથે હું તો લડી લેવા જ માગું છું. આપની સાથે રહેવાની લાલસાવાળો હું બીજે ક્યાંય ચાલ્યો જવા ચાહતો નથી. ॥૧૧॥

શ્રીદાદાખાચરની આવી વાત સાંભળીને શ્રીહરિએ તેમને કહ્યું. ''તમે ચિંતા ન કરો. તમારા શત્રુ રાજા તરફથી ઘણો મોટો ઉત્પાત થવાનો છે. તેથી તમારી સુરક્ષા

तस्मात्त्वदीयरक्षार्थं त्वामद्यान्यत्र सत्वरम् ।
यापयाम्याजिपर्यन्तं स्थेयं तत्र पुरे त्वया ॥१३॥
अत्र त्वामानयिष्यामि तूर्णं युद्धादनन्तरम् ।
तस्माद् गच्छाऽऽज्ञया मे त्वं सारङ्गाख्यं पुरं द्रुतम् ॥१४॥
तस्याऽथ स्वेष्टदेवस्य वाक्यं सोऽमन्यत प्रभोः ।
प्राञ्जलिः प्रश्रयानम्रः सदा तत्प्रीणनोद्यतः ॥१५॥
अथ स्वैकान्तिकं भक्तं महाराष्ट्रोढसंज्ञितम् ।
सोऽजिज्ञपद्धरिर्धीरं तेन गन्तुं सहाच्युतः ॥१६॥
सोऽभिवन्द्याऽथ तं भक्त्या तेन सार्द्धं महाधिया ।
प्रतस्थे तद्वियोगार्तः सारङ्गाख्यं पुरं नृप! ॥१७॥
प्राहाथैवं हरिर्भक्तान् राजदुर्गादितो द्रुतम् ।
अन्यत्र नयताऽशेषान् पदार्थानेव सद्धियः ! ॥१८॥

માટે આજે તમને સત્વરે હું બીજે મોકલું છું. માટે આ લડાઈની સ્થિતિ સુધી તમારે ત્યાં સારંગપુર રહેવું. ॥૧૨-૧૩॥

યુદ્ધ બંધ થશે એટલે તુરંત હું તમને અહીં બોલાવી લઈશ. તમે મારી આજ્ઞાથી વહેલાસર સારંગપુર જાઓ.'' ॥૧૪॥

દરબાર શ્રીદાદાખાચર નિરંતર શ્રીહરિને રાજી રાખવા પ્રયત્નશીલ રહેતા, વિનયથી નમ્રપણે વર્તતા હતા, તેથી તેમણે હાથ જોડ્યા અને પોતાના ઈષ્ટદેવ પ્રભુ શ્રીહરિની આજ્ઞા માની લીધી અર્થાત્ સારંગપુર જવા તૈયાર થયા. ॥૧૫॥

અવિકારી પરમાત્મા શ્રીહરિએ દરબારશ્રી રાઠોડ ધાધલ (મોટા) નામે ધીર ગંભીર પોતાના એકાંતિક ભક્તને શ્રીદાદાખાચર સાથે સારંગપુર જવાની આજ્ઞા કરી. ॥૧૬॥

હે નૃપ ! શ્રીહરિના વિયોગથી મનમાં ખિન્ન થતા શ્રીદાદાખાચર ભક્તિભાવથી શ્રીહરિને પગે લાગ્યા. પછી મહાન્ બુદ્ધિશાળી શ્રીરાઠોડ ધાધલની સાથે સારંગપુર જવા ચાલી નીકળ્યા. ॥૧૭॥

પછી શ્રીહરિએ પોતાના ભક્તો આગળ કહ્યું, હે સદ્‌બુદ્ધિશાળી ભક્તો ! અત્યારે આ દરબારગઢમાં ઉપયોગી જે કોઈ પણ સારા વસ્તુ પદાર્થ હોય તે બધાને અહીંથી સત્વરે બીજી જગ્યાએ લઈ જાઓ. ॥૧૮॥

प्राहैवं चोत्सवायातान् बाहुजान् स प्रभुस्ततः ।
योद्धव्यं तेन देहान्तं सहाऽस्माभिर्महीभुजा ॥१९॥
तस्मादाधाय शस्त्राणि वर्मचर्माणि च द्रुतम् ।
सज्जीभूयाऽप्रमत्तैर्वै स्थेयं युष्माभिरुत्सुकैः ॥२०॥
पदातीन् सोऽथ शस्त्राणि बन्धुकीश्चाप्यबन्धयत् ।
बाहुजांश्चेतरान् पौरान् खड्गादीनि न्यधारयत् ॥२१॥
अथेत्याज्ञापयद्योषाः श्रीहरि र्हि सहस्रशः ।
हन्तव्याः शत्रवो दुष्टाः घोरा युष्माभिरश्मभिः ॥२२॥
ततः कच्छं दृढं कृत्वा कटिं बद्ध्वा च वाससा ।
स न्यबध्नात् तथोष्णीषं पूर्वदेशानुसारिणम् ॥२३॥
कट्यां बबन्ध निस्त्रिंशं कट्टारं च हरिस्ततः ।
कैसरं चन्दनं मूर्तौ सर्वस्यां चाप्यचर्च्चयत् ॥२४॥
चर्म न्यधात् तथा श्रेष्ठं तूणीरं चाशुगाऽऽभृतम् ।

પછી સમૈયો કરવા માટે જે ક્ષત્રિય હરિભક્તો આવ્યા હતા તેમને પ્રભુ શ્રીહરિએ કહ્યું, ''દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી દરબારોએ અમારી સાથે રહીને શત્રુઓ સામે યુદ્ધ કરવાનું છે. ॥૧૯॥

માટે તત્કાળ કવચ પહેરી ઢાલ લઈને શસ્ત્રો ઉઠાવીને સહુએ સાવધાનીથી ઉત્સાહ સાથે તૈયાર થઈને રહેવાનું છે.'' ॥૨૦॥

શ્રીહરિએ પાર્ષદોને શસ્ત્રો અને બંદૂકો બંધાવી. ગામના બીજા જે ક્ષત્રિયો હતા તેમને તલવાર આદિ હથિયારો લેવડાવ્યા. ॥૨૧॥

પછી શ્રીહરિએ દરબારગઢમાં જે હજારો મહિલાઓ હતી, તેમને પણ આજ્ઞા કરી કે તમારે પથ્થરના ઘા કરીને ઘોર દુષ્ટ શત્રુઓને મારવા. ॥૨૨॥

પછી શ્રીહરિએ દઢ કછોટો બાંધ્યો. કમર ઉપર કપડાથી ભેટવાળી પૂર્વદેશ (અયોધ્યા પ્રદેશ) ના જેવી માથે પાઘ બાંધી. ॥૨૩॥

કમરે તલવાર અને કટાર બાંધી. પછી આખે શરીરે કેસરી ચંદનની અર્ચા (આડ) કરાવી. ॥૨૪॥

તેજોનિધિ શ્રીહરિએ ઢાલ લીધી, બાણોથી ભરેલો ભાથો અને હાથમાં સજ્ય

सज्यं पाणौ हरिश्चापं तथाऽबिभ्रन्महोनिधिः ॥२५॥
इत्थं नृसिंहवत् क्रूरो भूत्वा वैरिजिघांसया ।
महापट्टासने रम्ये स न्यषीदुरासदः ॥२६॥
श्रीहरिः स महाशूरो मूर्तिमानिव चारु चत् ।
राजन्! वीररसोऽदभ्रं जनैराश्चर्यवीक्षितः ॥२७॥
पार्षदाः सोमसूराद्या धृत्वा शस्त्राण्यथाऽखिलाः ।
शूरास्तस्थुर्हरेरग्रे सन्नद्धाश्चर्मधारिणः ॥२८॥
हरैरैकान्तिका भक्तास्तस्य सन्निधिमागमन् ।
सारङ्गाख्यपुरावासिजीवर्मादयस्ततः ॥२९॥
ते तदा वैरिणो भृत्या लक्ष्मीवाटीमुपागमन् ।
इक्षुक्षेत्रं ततस्तस्यां दाहयामासुरुद्धताः ॥३०॥
ततो मेघजितं भक्तं कोशाध्यक्षं हरिस्तथा ।
प्रैरयद्धसनं दक्षं तत्कर्मातिबुभुत्सया ॥३१॥
लक्ष्मीवाटीमथ प्राप्तौ तस्यामुग्रैर्नृपानुगैः ।

કરેલું ધનુષ્ય ઉઠાવ્યું. ॥૨૫॥

દુર્જેય શ્રીહરિ શત્રુઓને મારવાની ઈચ્છાથી શ્રીનૃસિંહજીના જેવું ક્રૂર સ્વરૂપ ધારણ કરીને મોટી રમણીય પાટ ઉપર આવીને બેઠા. ॥૨૬॥

હે રાજન્ ! મહાન્ શૂર શ્રીહરિ મૂર્તિમાન વીરરસ હોય તેમ શોભતા હતા. અને અપાર લોકો આશ્ચર્યપૂર્વક તેમને દેખતા હતા. ॥૨૭॥

શ્રીસોમલાખાચર આદિ બધા જ શૂરા પાર્ષદો વિવિધ હથિયારો અને ઢાલ લઈને આગળ તૈયાર થઈને બેઠા. ॥૨૮॥

પછી સારંગપુરના દરબાર શ્રીજીવાખાચર આદિ એકાંતિક ભક્તો તેમની પાસે આવી ગયા. ॥૨૯॥

તે સમયે શત્રુઓના પગારદાર ઉદ્ધત સૈનિકો લક્ષ્મીવાડીએ આવી ગયા. તેમણે ત્યાં શેરડીનો વાઢ સળગાવી દીધો. ॥૩૦॥

પછી શ્રીહરિએ તે જાણવા માટે કોઠારી શ્રીમેઘજી ભક્તને અને અત્યંત નિપુણ હસનજીને મોકલ્યા. ॥૩૧॥

दग्धं विलोक्य तत्क्षेत्रं तावास्तां त्रस्तचेतसौ ॥३२॥
तावथाऽऽगच्छतां तूर्णं श्रीहरेस्तस्य सन्निधिम् ।
अथोच्चैर्हसनो राजन्नाक्रोशं निर्भरं व्यधात् ॥३३॥
तत्कृतं क्षेत्रदाहं तौ प्रेष्ठं प्रावोचतां हरिम् ।
दुर्निरीक्ष्यस्ततः सोऽभूद् भ्रमद्वक्रीकृतभ्रुवा ॥३४॥
तस्मिन् कृत्ये तु सार्द्धं तैर्जीववर्मा किलाऽभवत् ।
अमूल्याख्याऽमरी चास्तां तत्कन्ये श्रीहरौ रते ॥३५॥
भगवद्भक्तियुग्योषावरीयस्यौ सदाशये ।
गुप्तं तत्कर्म सर्वं ते सूचयामासतुर्हरिम् ॥३६॥
राजदुर्गात्ततस्तस्य भृत्या भीमा महीभुजः ।
निर्जग्मुर्हि महानादा नानावाद्यस्वनान्विताः ॥३७॥
अथाऽऽश्रुत्य महोद्घोषं तेषां प्राणिभयावहम् ।

તે બન્ને લક્ષ્મીવાડીએ ગયા. ઉગ્ર સૈનિકોએ શેરડીનું ખેતર સળગાવી દીધું હતું. તેને જોઈને મનમાં ત્રાસી ગયા. ॥૩૨॥

પછી તે બન્ને તુરંત શ્રીહરિની પાસે દરબારગઢમાં આવ્યા. હે રાજન્ ! આવતાની સાથે જ હસનજીએ ઊંચે અવાજે જોરથી ચીસ પાડી. ॥૩૩॥

તે લોકોએ શેરડીનું ખેતર બાળી દીધું તે બધી વાત પણ પ્રિય શ્રીહરિને કહી. આ વાત સાંભળતા જ શ્રીહરિનો ચહેરો ઉગ્ર થયો. રોષ પ્રકટ કરતી ભૃકુટી વાંકી થઈને ફરકવા લાગી અને તેથી કોઈ શ્રીહરિની સામે જોઈ શકતું નહિ. ॥૩૪॥

આ કૃત્યમાં શત્રુઓને દરબારશ્રી જીવાખાચરનો સહયોગ હતો. શ્રી જીવાખાચરના બે દીકરીઓ, અમૂલા બા અને અમરી બાને શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમ પૂર્ણ ભક્તિ હતી. ॥૩૫॥

શુદ્ધ હૃદયના તે બન્ને બહેનો ભગવાનની ભક્ત મહિલાઓમાં શ્રેષ્ઠ હતા. તેઓ પોતાના પિતાની ખાનગી બધી વિગત શ્રીહરિને સૂચિત કરતા હતા. ॥૩૬॥

પછી તેથી જીવાખાચરના દરબારગઢમાંથી શત્રુ પક્ષના ભયાનક યોદ્ધાઓ મોટી ગર્જના સાથે અનેક પ્રકારના શૌર્ય પ્રેરક વાજિંત્ર વગાડીને બહાર નીકળ્યા. ॥૩૭॥

आयात् पितामही राजन् ! सोमादे व्यन्तिकं हरेः ॥३८॥
सिंहनादं ततः कृत्वा सा तं चेत्यब्रवीद् वचः ।
त्वदग्रे गणना कस्य विद्यते चातुलौजसः ॥३९॥
कर्तव्याश्छिन्नभिन्नाङ्गास्त्वत्प्रतापेन शत्रवः ।
कर्त्तुर्ब्रह्माण्डसंहारं कार्यमेतत्तु ते कियत् ॥४०॥
वदन्त्या इति वै तस्याः कृष्णोर्णा शिरसोऽपतत् ।
आसन् दृश्यास्ततः केशाः श्वेतास्तन्मस्तकेऽखिलाः ॥४१॥
पश्यन् स तामथ हरिर्निजधर्मनिष्ठां साध्वीवरां वयुनमुख्यगुणैरु पेताम्।
आत्मानुवृत्तिनिरतां स्वनिषक्तचितामित्थं सुधावरतरां समुवाच वाचम्॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये द्वेषिनृपभृत्यकृत्क्षेत्रदाहारिकर्मनिरू पणं नाम सप्तषष्टितमोऽ-ध्यायः ॥६७॥

હે રાજન્ ! પ્રાણીઓ ડરી જાય તેવો આ સેનાનો ભયંકર ઉદ્‌ઘોષ સાંભળીને તમારા પિતામહી (શ્રીદાદાખાચરના મા)સોમાદેવી શ્રીહરિની પાસે આવ્યા. ॥૩૮॥

સિંહનાદ કરીને તેમણે શ્રીહરિને કહ્યું, ‘‘આપ મહાન્ પ્રતાપી છો. આપની આગળ આ લોકોની શી ગણના ? ॥૩૯॥

આપના પ્રતાપથી આ શત્રુઓના અંગોને તો છિન્ન ભિન્ન કરી નાંખવા જોઈએ. વિશ્વનો સંહાર કરનારા આપને માટે આ કાર્ય કેટલું ?’’ ॥૪૦॥

સોમાદેવી આમ બોલતા હતા તે સમયે તેમના માથે ઓઢેલી કાળી કામળી ખસી પડી. તેથી તેમના માથાના બધા સફેદ વાળ દેખાવા લાગ્યા. ॥૪૧॥

સોમાદેવી પોતાના ધર્મ નિયમમાં નિષ્ઠાયુક્ત હતા. તેમનું પાતિવ્રત્ય સર્વોત્તમ હતું. તેમનામાં ધર્મજ્ઞાનાદિ ઘણા સદ્‌ગુણો મોજૂદ હતા. શ્રીહરિની અનુવૃત્તિ પાળવામાં તત્પર રહેતા અને ભગવત્સ્વરૂપમાં મન પ્રેમથી જોડી રાખતા હતા. આવા સોમાદેવીની સામે દેખીને શ્રીહરિએ અમૃત કરતાં પણ મીઠી અને ઊંચી વાત કહી. ॥૪૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૭

अथाऽष्टषष्टितमोऽध्यायः

अष्टषष्टितमे शत्रुपराजयनिरू पणम् ।
हरिणा नरसिंहेन स्वीयोत्तमावनं कृतम् ॥

श्रीहरिरु वाच –
अहं नृसिंहरूपः स्यां त्वं चण्डी भव शोभने! ।
आवाभ्यां शत्रवोऽसभ्याः पराभाव्या किलाञ्जसा ॥१॥
इत्युक्त्वा मस्तके तस्याश्चारुकेसरचन्दनम् ।
श्रीहरिश्च तदीयास्ये व्यलिम्पत् कार्यकोविदः ॥२॥
सोऽक्षिपद्विग्रहे तस्या गुलालं ललितं हरिः ।
कुङ्कुमं चैव तत्पाणौ भूपते ! मुसलं ददौ ॥३॥
इत्थं प्रोत्साहनं तस्या विधाय श्रीहरिर्विभुः ।
सज्यं चापं दधत्पाणौ सज्योऽभूद् वै युयुत्सया ॥४॥
स प्राप्याऽथ हरिस्तूर्णं राजदुर्गस्य गोपुरम् ।
तिष्ठंस्तदग्रतश्चक्रे सिंहनादं महत्तरम् ॥५॥
स नादो भूपभृत्यानां पौराणां च भयङ्करः ।

અધ્યાય-૬૮

શત્રુઓનું પલાયન અને જીવાખાચરને ઠપકો

શ્રીહરિએ કહ્યું, હે શોભતે ! હું નૃસિંહ બનું અને તમે ચંડી થાઓ. આપણે બન્નેએ આ દુષ્ટ શત્રુઓનો પરાજય કરવો છે. ॥૧॥

આમ બોલીને કાર્યદક્ષ શ્રીહરિએ સોમાદેવીના મસ્તકે અને મુખ ઉપર કેસરી ચંદનનો લેપ કર્યો. ॥૨॥

હે ભૂપતે ! તે પછી તેમના શરીર ઉપર સુંદર ગુલાલ અને કુંકમ નાખ્યું અને તેમના હાથમાં મુશળ (સાંબેલું) આપ્યું. ॥૩॥

આમ સોમાદેવીને પ્રોત્સાહિત કર્યા અને હાથમાં સજજ ધનુષ્ય લઈને યુદ્ધ કરવાની ઈચ્છાથી સ્વયં પણ તૈયાર થઈ ગયા. ॥૪॥

પછી શ્રીહરિ તત્કાળ દરબારગઢને મુખ્ય દરવાજે આવ્યા. ત્યાં આગળ ઊભા રહીને અતિભયાનક સિંહગર્જના કરી. ॥૫॥

राजन् ! प्रकम्पमानानां त्रासमेवोदपादयत् ॥६॥
सोमादेवी ततोऽत्युग्रा तत्राऽऽयाद्भूपते! द्रुतम् ।
तावत्तत्राऽऽगमद् राजन्! राजभृत्या मदोद्धताः ॥७॥
तदा वाद्यारवा भीमा महाशौर्यप्रदीपकाः ।
आसन् धैर्यविहीनानां त्रासदाः शूरहर्षकाः ॥८॥
तदा त्वत्पितृपक्षीया योद्धारस्ते च सर्वशः ।
उग्रं नृसिंहरू पं तं हरिं त्रस्ता व्यलोकयन् ॥९॥
चण्डीरू पधरां क्रूरां सोमादेवीं च तेऽखिलाः ।
उद्यतां वाखिलं विश्वं संहर्त्तुं वै व्यलोकयन् ॥१०॥
गालवः सोमसूराद्याः पार्षदाश्चेतरे तदा ।
शत्रूनभ्यपतन् वीरा मृगराजो यथा मृगान् ॥११॥
तत्रैको यवनोऽत्युग्रः श्रीहरेः सन्मुखं ततः ।

હે રાજન્ શ્રીહરિની આ સિંહગર્જના શત્રુ રાજાના ધ્રૂજતા સૈનિકોને અને નગરના લોકોને અત્યંત ભયાનક લાગી અને તે તેનાથી ત્રાસી ગયા. ॥૬॥

હે ભૂપતે ! અતિ ઉગ્રસ્વરૂપે સોમાદેવી ત્યાં આવી પહોંચ્યા. હે રાજન્ ! તેજ વખતે રાજાના મદોન્મત્ત સૈનિકો પણ આવ્યા. ॥૭॥

તે સમયે વીરોને શૂરાતન વધે તેવા અને બીજા માટે ભયંકર આવા વાજિંત્ર વાગવા લાગ્યા. તે સાંભળીને ધીરજ વિનાના લોકો ત્રાસી ગયા અને શૂરાઓના મન હરખાવા લાગ્યા. ॥૮॥

તે સમયે તમારા પિતા શ્રીદાદાખાચરના પક્ષમાં જે યોદ્ધાઓ હતા તે બધાએ શ્રીહરિને નૃસિંહરૂપે મનમાં ડરતાં ડરતાં જોયા. ॥૯॥

તે સહુએ સોમાદેવીને ક્રૂર ચંડીના રૂપમાં સમગ્ર જગતનો સંહાર કરવા તૈયાર થયા હોય તેમ દેખ્યા. ॥૧૦॥

તે વખતે જેમ સિંહ હરણનાં ટોળાં ઉપર તૂટી પડે તેમ શ્રીઘેલા ધાધલ, શ્રીસોમલાખાચર, શ્રીસૂરાખાચર આદિ અને બીજા પાર્ષદો તે શત્રુઓ ઉપર તૂટી પડ્યા. ॥૧૧॥

તેમાં એક અતિ ઉગ્ર મુસલમાન આરબે શ્રીહરિના સન્મુખ ઝડપથી આવીને

बन्धुकीधूष्कृतिं यावत् करोति स्माऽतिरंहसा ॥१२॥
बंधुकी स्फाटिता तावत् राजंस्तस्यौजसा हरेः ।
श्मश्रूण्याश्वज्वलत्तेन दुर्बुद्धेस्तस्य पाप्मनः ॥१३॥
राजभृत्यास्ततस्त्रस्तास्तूर्णं प्राणपरिप्सवः ।
यद्वन्मृगा वनोद्दाहे प्रादवन् हि सहस्त्रशः ॥१४॥
दग्धश्मश्रुस्ततो म्लेच्छः सोऽनाच्छन्नशिरा द्रुतम् ।
चक्रे पलायनं दुष्टस्तार्क्ष्यभीत इवोरगः ॥१५॥
चण्डीरू पा ततो राजन् ! सोमादेवी दुरासदा ।
प्रहारैर्मौसलैश्चक्रे हत्वा योधान् भृशाकुलान् ॥१६॥
चारणोऽथ विशल्याख्यः क्रूरजित्पुरु षस्तथा ।
आलयाङ्कस्तथा गोपस्तेषां मध्येऽव्रजंश्च ते ॥१७॥
तेऽथ प्राञ्जलयो नम्रास्तं सम्प्रार्थ्य हरिं भृशम् ।
युद्धं निवर्तयामासुर्वैरिवृन्दक्षयोद्यतम् ॥१८॥
पलायन्तस्तदा केचिद्विद्विषो जीववर्मणः ।

બંદૂક તાકી અને નિશાન લીધું. હે રાજન્ ! તે વખતે જ શ્રીહરિના પ્રતાપથી તેની બંદૂક ફાટી. પાપાચારી તે દર્બુદ્ધિ આરબના દાઢી મૂછ એકદમ સળગ્યા. ॥૧૨-૧૩॥

વન સળગે ત્યારે હરણ ભાગે, તેમ તે રાજાના હજારો ત્રાસેલા સૈનિકો પ્રાણ બચાવવા ખાતર ભાગવા લાગ્યા. ॥૧૪॥

જેમ ગરુડથી ડરેલો સર્પ ભાગે, તેમ સળગેલી દાઢીવાળો તે દુષ્ટ આરબ ઉઘાડે માથે જલદીથી ભાગ્યો. ॥૧૫॥

હે રાજન્ ! દુર્જેય બનેલા રણચંડી જેવા સોમા દેવીએ મુશળના પ્રહારથી યોદ્ધાઓને મારીને ભયવિહ્વળ કરી દીધા. ॥૧૬॥

તે સમયે વિશળ નામે એક ચારણ, કુરજીનામનો એક બીજો માણસ અને આલો ભરવાડ, આ ત્રણ જણ વચ્ચે પડ્યા. તેમણે શ્રીહરિ આગળ હાથ જોડ્યા. નમ્રભાવે ખૂબ જ પ્રાર્થના કરી. ત્યારે શત્રુ સમૂહનો નાશ કરનારું યુદ્ધ અટક્યું. ॥૧૭-૧૮॥

ભયથી વિહ્વળ થયેલા તે શત્રુના સૈનિકોમાંથી કેટલાક તો શ્રી જીવાખાચરના

राजदुर्गं ततो गुप्तं तत्र तस्थुर्भयाकुलाः ॥१९॥
सोमादेव्यामथ प्रीतो गुणज्ञः श्रीहरिर्भृशम् ।
न्यधात् तन्मूर्धनि स्वीये योगिध्येये कराम्बुजे ॥२०॥
आलयाङ्काभिधे गोपे सोऽभिप्रीतो हरिस्ततः ।
जनान् स्वीयाश्रितान् सर्वान् युद्धाद्राजन् न्यवर्तयत् ॥२१॥
राजदुर्गस्य रक्षार्थं सोमादेवीं ततो हरिः ।
आज्ञापयच्च पद्गादीन् नानाशस्त्राणि बिभ्रतः ॥२२॥
सोऽजिज्ञपत्ततः शूरानश्ववारान् दश प्रभुः ।
सहाऽऽयातुं तथा पद्गान् पञ्चाशत् शस्त्रधारिणः ॥२३॥
ततो माणिक्यवर्णी स्वां नान्नानीतां हयीं हरिः ।
सज्जीकृतां समारुक्षच्चारु चारातिचातुरीम् ॥२४॥
सादिपद्गैरथोपेतस्तैरगच्छत् स भूपते! ।
राजदुर्गं जनैः पौरैरीक्षितो जीववर्मणः ॥२५॥

દરબારગઢમાં જઈને છુપાઈ રહ્યા. ॥૧૯॥

ગુણને જાણનારા શ્રીહરિ તે વખતે સોમા દેવીના ઉપર ખૂબ જ રાજી થયા. યોગીઓ પણ જેનું ધ્યાન કરે છે આવા પોતાના બન્ને હસ્તકમળને શ્રીહરિએ સોમાદેવીના મસ્તક ઉપર મૂક્યા. ॥૨૦॥

શ્રીહરિ આલા ભરવાડના ઉપર ઘણું પ્રસન્ન થયા. હે રાજન્! પછી શ્રીહરિએ પોતાના આશ્રિત સર્વ વીર ભક્તોને યુદ્ધ કરવાથી રોક્યા. ॥૨૧॥

પછી શ્રીહરિએ સોમાદેવીને અને અનેક પ્રકારના શસ્ત્ર ધારી રહેલા પોતાના પાર્ષદોને દરબારગઢની રક્ષા કરવાની આજ્ઞા આપી. ॥૨૨॥

પછી પ્રભુ શ્રીહરિએ દસેક શૂરા ઘોડેસવારોને અને પચાસેક શસ્ત્રધારી પાર્ષદોને પોતાની સાથે ચાલવાની આજ્ઞા કરી. ॥૨૩॥

તે વખતે શ્રીનાનખાચરનામે પાર્ષદ માણેક વર્ણી માણકી ઘોડીને લઈ આવ્યા. ચતુરતા ભરેલી ચાલથી ચાલતી અને પલાણ મૂકીને તૈયાર કરેલી તે માણકી ઘોડી ઉપર શ્રીહરિ સવાર થયા. ॥૨૪॥

હે ભૂપતે ! ઉપર કહ્યા મુજબના ઘોડેસવારો અને પાર્ષદોને સાથે લઈને

आहूयोच्चैस्ततो रुष्टो जीववर्मनृपं हरिः ।
अब्रवीद्वदतां श्रेष्ठो वाक्यमित्थं प्रतापयुक् ॥२६॥
एतत्कैतवयुक्तस्य कर्म ते विद्यतेऽशुभम् ।
नाद्य हन्मि तथापि त्वां सोढा तेऽहं किलागसः ॥२७॥
अमला चामरी द्वे स्तो भक्तिमत्यौ मयि प्रभौ ।
भक्तयोषिद्वरीयस्यौ धर्मज्ञानादिसद्गुणे ॥२८॥
तस्मान्न मारयामि त्वां मत्सपत्नानुसारिणम् ।
अन्यथा चाऽहनिष्यं त्वां छित्वाऽङ्गान्येव तेऽसिना ॥२९॥
इत्युक्त्वा तं वचो युक्तः सादिपद्गैश्च तैर्हरिः ।
अगच्छत्प्रेक्षितः पौरै राजन् ! पिप्पलवाटिकाम् ॥३०॥
नानाविधानि भोज्यानि तत्र भुक्त्वाऽथ स प्रभुः ।

ગઢપુર ગામના લોકો જોઈ રહ્યા હતા ત્યારે શ્રીહરિ શ્રીજીવાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૨૫॥

ત્યાં જઈ ખીજાયેલા શ્રીહરિએ ઊંચેથી પડકાર કરીને શ્રીજીવાખાચરને બોલાવ્યા અને સમયોચિત સારી રીતે કહી શકાય તેવું પ્રતાપ ભર્યું વચન કહ્યું. ॥૨૬॥

"આ તમારું કપટ ભર્યું કામ અત્યંત અશુભ છે, ઘણું ખરાબ છે છતાં હું અત્યારે તમને હણતો નથી, પણ તમારા અપરાધને સહન કરું છું. ॥૨૭॥

અમૂલા બા અને અમરી બા, આ તમારા બે દીકરીઓ મારા સ્વરૂપમાં ભક્તિવાળા છે. મહિલા ભક્તોમાં સર્વશ્રેષ્ઠ છે અને ધર્મ, જ્ઞાનાદિ સદ્‌ગુણોથી સંપન્ન છે. ॥૨૮॥

તમે મારા શત્રુઓમાં ભળી ગયેલા હોવા છતાં પણ તે બન્ને તમારી દીકરીઓના સદ્‌ગુણોને લીધે જ હું તમને મારતો નથી. નહિ તો તલવારથી અંગો કાપીને હણી નાખું." ॥૨૯॥

હે રાજન્ ! આટલું વચન કહીને શ્રીહરિ ઘોડેસવારો અને પાર્ષદોને સાથે લઈને પીપળા વાડીએ પધાર્યા. બજારમાં ગઢપુરના નગરજનો દર્શન કરતા હતા. ॥૩૦॥

શ્રીહરિ ત્યાં અનેક પ્રકારના ભોજનોનો થાળ જમ્યા. પછી ઘોડેસવારો અને

सारङ्गाख्यं पुरं प्रायात् सार्द्धं सादिपदातिभिः ॥३१॥
ततस्त्रासेन शत्रूणां भूयसां दुष्टमेधसां ।
आसीद्विरेचनं तेन प्रपद्यन्ते स्म ते मृतिम् ॥३२॥
इति ते चरितानि भूपते! गदितान्यार्त्तिहराणि वै हरेः ।
स्मरतां गदतां च शृण्वतां भवपाशच्छिदुराणि देहिनाम् ॥३३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतराजवैरिपराजयनिरू पणं नामाष्टषष्टितमोऽध्यायः ॥६८॥

अथैकोनसप्ततितमोऽध्यायः

रामदासमुनीन्द्रेण नैजं हार्दं सतां पुरः ।
उक्तं चासौ नवषष्टे देहं त्यक्त्वाऽक्षरं ययौ ॥

श्रीचैत्यन्यानंद उवाच -
एकदा रामदासाख्यो गदार्त्तोऽभून्महामुनिः ।

પાર્ષદોની સાથે સારંગપુર પધાર્યા. ॥૩૧॥

પછી શ્રીહરિની સાથે શત્રુભાવ રાખનારા, દુષ્ટબુદ્ધિના તે ઘણા લોકોને ત્રાસને લીધે ઝાડા (જુલાબ) થઇ ગયા અને તેથી તેઓનું મરણ થયું. ॥૩૨॥

હે રાજન્ શ્રીહરિના આ રીતના પીડાહારી ચરિત્ર મેં તમને કહ્યા. તે ચરિત્રને જે કોઇ યાદ કરે, બીજા આગળ વાત કહે અને સાંભળે, તે મનુષ્યના જન્મ મૃત્યુ રૂપ સંસારનો નાશ થઇ જાય છે. ॥૩૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૮ સમાપ્ત

અધ્યાય-૬૯

શ્રીભાઇરામદાસ સ્વામીનું મંતવ્ય અને તેમનો અક્ષરવાસ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીભાઇરામદાસ સ્વામી બીમાર થયા. હે નૃપ ! પછી મહાન્ બુદ્ધિશાળી તમારા પિતા શ્રીદાદા-

त्वत्तातोऽथाऽऽगमद्धीमान् सारङ्गाख्यपुरान्नृप! ॥१॥
ततः सम्भावनां तस्य कर्त्तुं यातस्तदन्तिकम् ।
तं स पृष्ट समाचारं प्राहाथैवं शुभं वचः ॥२॥
इष्टदेवो हि नो राजन्! वर्तते क्वाऽधुना हरिः ।
अथेत्यूचे स तं धीमान् ग्रामे कार्यायनेऽस्ति सः ॥३॥
सद्वरीयाँस्ततो वाक्यं तमित्थं भद्रमब्रवीत् ।
एकादश्यां मम श्वोऽयं देहो मृत्युमवाप्स्यति ॥४॥
तस्माद्धरीक्षणोत्कण्ठं राजन्! मे वर्तते मनः ।
ततोऽत्राऽऽकारयाऽऽशु त्वं श्रीहरिं पुण्यदर्शनम् ॥५॥
अथाऽऽनेतुं हरिं तूर्णं त्वत्पिता प्रैरयद्धरेः ।
भक्तं कनिष्ठराष्ट्रोढं हर्याज्ञापालनोद्यतम् ॥६॥
आरुह्याथ हर्यी सज्जः सोऽतिसत्वरमागमत् ।
तां विद्राव्यान्तिकं तस्य ग्रामे कार्यायने द्रुतम् ॥७॥

ખાચર સારંગપુરથી ગઢપુર આવ્યા. ॥૧॥

તેઓ શ્રીભાઇ રામદાસ સ્વામીની સંભાળ લેવા - ખબર પૂછવા તેમની પાસે ગયા. સ્વાસ્થ્યના સમાચાર પૂછ્યા ત્યારે તેમણે શ્રીદાદાખાચરને આવું શુભ વચન કહ્યું. ॥૨॥

હે રાજન્ ! આપણા ઈષ્ટદેવ અત્યારે ક્યાં વિરાજે છે ? ત્યારે બુદ્ધિમાન્ શ્રીદાદાખાચરે તેમને કહ્યું, શ્રીહરિ તો અત્યારે કારિયાણીમાં વિરાજે છે. ॥૩॥

મુનિવર્ય શ્રીરામદાસ સ્વામીએ આવું મંગળમય વચન કહ્યું, ‘‘આવતી કાલે એકાદશીને દિવસ મારા આ શરીરનું મૃત્યુ થશે.’’ ॥૪॥

હે રાજન્ ! તેથી મારા મનમાં શ્રીહરિના દર્શનની ઉત્કંઠા છે. તો જેનું દર્શન અતિપવિત્ર છે આવા શ્રીહરિને તમે સત્વરે અહીં ગઢપુર બોલાવો. ॥૫॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર રહેનારા ભક્ત શ્રીનાના રાઠોડ ધાધલને તુરંત શ્રીહરિને તેડવા મોકલ્યા. ॥૬॥

રાઠોડ ધાધલ તૈયાર થયા, ઘોડી ઉપર બેઠા અને ઘોડી દોડાવીને જલદી કારિયાણી શ્રીહરિની પાસે પહોંચ્યા. ॥૭॥

सोऽभिवन्द्याऽथ तं साक्षात् प्राहैवं श्रीहरिं वचः ।
रामदासमुनीन्द्रस्य जातो रोगस्तनौ महान् ॥८॥
तस्मादित्थं स हि ब्रूते श्वो मध्याह्ने कलेवरम् ।
मया त्याज्यं ततः प्रेक्षाऽऽकाङ्क्षा मेऽस्ति भृशं हरेः ॥९॥
तस्मादुत्तमभूपेन त्वां नेतुं तत्र सत्पते ! ।
सत्वरं प्रेषितोऽत्राहं तत्राऽऽगम्यं ततस्त्वया ॥१०॥
ततो माणिक्यवर्णां स्वां वाजिनीं शीघ्रगामिनीम् ।
आरुह्य सत्वरं प्रायाच्छ्रीहरिर्दुर्गपत्तनम् ॥११॥
उत्तीर्याऽथ हरिस्तस्या रामदासान्तिकं द्रुतम् ।
आयात्सद्वत्सलो हस्तं धूनयन् गौरनक्तकम् ॥१२॥
अन्तर्वृत्या निजध्यानं तं कुर्वन्तं हरिस्ततः ।
उच्चैस्त्रिराह्वयत्सोऽगात्ततो ध्यानाद्बहिर्दृशिम् ॥१३॥
स प्रणम्याऽथ तं साक्षात्स्वेष्टदेवं शुभं वचः ।

श्रीराठोડ ધાધલ શ્રીહરિને પગે લાગ્યા. પછી સાક્ષાત્ શ્રીહરિને આવી વાત કહી, ''શ્રીભાઈ રામદાસજી સ્વામીને શરીરે બીમારી ઘણી વધી ગઈ છે, ॥૮॥

તેથી તેઓએ આમ કહ્યું છે કે આવતી કાલે બપોરે મારું શરીર છૂટી જશે, તેથી મને શ્રીહરિના દર્શન કરવાની ઘણી ઈચ્છા થઈ છે. ॥૯॥

તેટલા માટે હે સત્પતે ! દરબાર શ્રીદાદાખાચરે આપને ત્યાં ગઢપુર લઈ આવવા માટે મને તુરંત મોકલ્યો છે. તો આપ જલદી ગઢપુર પધારો.'' ॥૧૦॥

પછી શ્રીહરિ ઝડપથી ચાલતી, માણેકવર્ણી પોતાની માણકી ઘોડી ઉપર સવાર થયા અને સત્વરે ગઢપુર આવ્યા. ॥૧૧॥

શ્રીહરિ માણકી ઉપરથી નીચા ઊતર્યા. તેમને સંતો બહુ જ વહાલા છે, સફેદ રૂમાલવાળા હાથને ગતિને અનુરૂપ હલાવતા શ્રીહરિ તુરંત શ્રીભાઈ રામદાસજી સ્વામી પાસે પહોંચી ગયા. ॥૧૨॥

સ્વામી અન્તર્દષ્ટિ કરીને તેમનું ધ્યાન કરતા હતા ત્યારે શ્રીહરિએ તેમને ઊંચે અવાજે ત્રણ વખત સાદ કરીને બોલાવ્યા. એ પછી શ્રીરામદાસ સ્વામી ધ્યાનમાંથી બહાર આવ્યા. ॥૧૩॥

जगादैवं हरिं प्रेष्ठं प्रेक्षमाणः स्थिरेक्षणः ॥१४॥
अन्तकालो मदीयस्य देहस्याप्तो दयानिधे! ।
मया वाच्यं ततो हार्दं साधून् मे गृहिणस्तथा ॥१५॥
तस्मात् त्वं निखिलान् स्वामिंस्तानाह्वापय सत्वरम् ।
तेनेत्युक्ते स तांस्तूर्णमाजुहावाश्रितप्रियः ॥१६॥
साधवस्तेऽथ तत्राऽऽयन् गृहस्थाश्चाश्रिता हरेः ।
न्यषीदंस्तत्र तं नत्वा रामदासं च ते ततः ॥१७॥
चतुष्कपीठकं रम्यं रामदासस्ततः सुधीः ।
आनाय्य तत्र तं साक्षात् हरिं प्रीत्या न्यषादयत् ॥१८॥
नीरेणोन्मत्तगङ्गाया हरिं सोऽसिस्नपत्ततः ।
तं वासोऽथ सितं सूक्ष्मं सकच्छं पर्यधापयत् ॥१९॥
आनखादाशिखं दिव्यां तस्य मूर्तिं महाद्भुताम् ।
समग्रां स्वे हृदि प्रीत्या प्रवेश्याऽधारयद्वराम् ॥२०॥

પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીહરિને પ્રણામ કર્યા. દૃષ્ટિ સ્થિર હતી. પોતાના પરમ પ્રિય શ્રીહરિને જોઈ રહ્યા હતા. પછી તેમણે આ રીતે શુભ વચન કહ્યું. ॥૧૪॥

''હે દયાનિધે ! મારા શરીરનો અન્તકાળ આવી ગયો છે. હવે મારે બધા સંતોને અને ગૃહસ્થ હરિભક્તોને મારા મનનું રહસ્ય કહેવું છે. ॥૧૫॥

હે સ્વામિન્ ! તેથી આપ સર્વ સંતોને તથા હરિભક્તોને જલદી બોલાવો.'' શ્રી રામદાસ સ્વામીએ આવું કહ્યું ત્યારે જેમને આશ્રિત ભક્તો ઘણા વહાલા છે આવા શ્રીહરિએ સૌને તત્કાળ બોલાવ્યા. ॥૧૬॥

પછી શ્રીહરિના આશ્રિત સંતો અને ગૃહસ્થો ત્યાં આવ્યા. સહુ શ્રીહરિને અને શ્રી ભાઈ રામદાસજી સ્વામીને પગે લાગીને યથોચિત રીતે બેઠા. ॥૧૭॥

પછી સદ્બુદ્ધિવાળા શ્રી રામદાસ સ્વામીએ સુંદર પાયાવાળો ચોરસ બાજોઠ મગાવ્યો. તેના ઉપર સાક્ષાત્ શ્રીહરિને પ્રેમથી પધરાવ્યા. ॥૧૮॥

પછી તેમણે શ્રીહરિને ઉન્મત્તગંગાના નીરથી સ્નાન કરાવ્યું. પછી આગળ પાછળ પાટલી વાળીને ઝીણું શ્વેત ધોતિયું પહેરાવ્યું. ॥૧૯॥

તેમણે નખથી શિખા પર્યંત શ્રીહરિની શ્રેષ્ઠ મહાન્ અદ્ભુત દિવ્ય, સમગ્ર

तस्याङ्गेष्वथ सर्वेषु चारु केसरचन्दनम् ।
चर्चयित्वा स तत्कण्ठे माल्यहारानधारयत् ॥२१॥
रम्भाफलानि पक्वानि द्राक्षाश्चार्द्राः स भक्तितः ।
दाडिमाद्यं तथा रम्यं तस्मै नैवेद्यमार्पयत् ॥२२॥
ततो नीराजनं तस्य कृत्वा सादरमानमत् ।
श्रीहरिं स्वेष्टदेवं तं हृदि स्वे ध्यातमन्वहम् ॥२३॥
अथेत्यूचे स तान् वाक्यं सर्वे शृण्वन्तु साधवः ।
गृहस्थाश्च हितार्थं वो वार्तामेकां करोम्यहम् ॥२४॥
सन्तो यदाऽब्रुवन्नेतं श्रीहरिं कृष्णसन्निभम् ।
तर्हि तन्नेति तान् सभ्याः! कर्हिचिन्नाहमुक्तवान् ॥२५॥
यदाऽऽधिक्यं हरेरस्य श्रीकृष्णात्तेऽवदंस्तदा ।
अमन्वानो हि तद्वाक्यं प्रावोचं चेति तानहम् ॥२६॥
शार्करेषु यथा भेदो नालिकेरेषु नाप्यणुः ।

મૂર્તિને પ્રેમથી ધારીને હૃદયમાં સ્થાપન કરી. ॥૨૦॥

તેમના બધા જ અંગો ઉપર કેસરી ચંદનની અર્ચા કરી. કંઠમાં સુગંધી ફૂલોના હાર પહેરાવ્યા. ॥૨૧॥

પાકાં કેળાં, લીલી દ્રાક્ષ અને સુંદર દાડમ આદિ ફળોનું નૈવેદ્ય ભક્તિભાવથી અર્પણ કર્યું. ॥૨૨॥

હરરોજ પોતાના હૃદયમાં જેમનું ધ્યાન કરતા હતા તે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની આરતી કરી અને આદરભાવથી પ્રણામ કર્યા. ॥૨૩॥

પછી તેમણે કહ્યું કે ''સર્વ સંતો ! અને ગૃહસ્થ હરિભક્તો ! હું જે કહું તે મારી વાતને તમે સહુ સાંભળો. તમારા હિતની વાત છે. ॥૨૪॥

હે સભાજનો ! સંતો જ્યારે પહેલા આ શ્રીહરિને શ્રીકૃષ્ણના સમાન ગણાવતા ત્યારે તે બરાબર નથી'' એમ મેં ક્યારેય કહ્યું નહતું. ॥૨૫॥

પણ જ્યારે તે શ્રીહરિને શ્રીકૃષ્ણ કરતા પણ અધિક કહેતા, ત્યારે તે વાતને નહિ માનીને હું તેમને એમ કહેતો કે જેમ સાકરનાં બધા જ નાળિયેર એક સરખા હોય, તેમાં ભેદ નથી કરાતો, તેમ ભગવાનના બધા અવતારો સરખા જ હોય, તેમાં

वर्तते चावतारेषु तथा भेदो न विद्यते ॥२७॥
कृष्णो मेऽथाऽदिशत्स्वेक्षां रामानदश्च सद्गुरुः ।
उद्धवस्याऽवतारो यः सर्वसद्गुणराजितः ॥२८॥
तौ प्रसन्नौ ततो भक्त्या सादरं वन्दितौ मया ।
अब्रविष्टामिदं वाक्यं मां हि तं चामृतोपमम् ॥२९॥
योगिवर्य! हरिः साक्षाद्वर्ततेऽसौ परात्परः ।
हेतुः सर्वावताराणां कारणानां च कारणम् ॥३०॥
कालमायेश्वरादीनां नियन्ताऽतुल्यविक्रमः ।
विचित्रशक्तिकल्याणगुणादीनां महोदधिः ॥३१॥
एतं परं समग्रेभ्यो यदा त्वं ज्ञास्यसे हरिम् ।
आत्यन्तिकं तदा श्रेयो निश्चितं ते भविष्यति ॥३२॥
इत्युक्त्वा मां हि तौ प्रीतौ तिरोऽभूतामहं ततः ।
एतं सर्वावताराणां श्रीहरिं वेद्मि कारणम् ॥३३॥

ભેદ કરવો જોઈએ નહિ. ॥૨૬-૨૭॥

શ્રીકૃષ્ણ ભગવાને મને દર્શન દીધાં હતાં અને ઉદ્ધવજીનો અવતાર તથા સર્વસદ્ગુણ સંપન્ન સદ્ગુરુશ્રીરામાનંદ સ્વામીએ પણ મને દર્શન આપ્યાં હતાં. ॥૨૮॥

મારી ભક્તિથી તે બન્ને મારા ઉપર પ્રસન્ન થયા. મેં આદરભાવથી તેમને વંદન કર્યાં. ત્યારે તેમણે મને અમૃતના જેવું આ એક વચન કહ્યું હતું. ॥૨૯॥

''હે યાગિવર્ય આ સાક્ષાત્ શ્રીહરિ પરાત્પર છે, સર્વ અવતારોના હેતુ છે અને સર્વ કારણોનું પણ કારણ છે. ॥૩૦॥

તેઓ કાળ, માયા અને બ્રહ્માદિ ઈશ્વરોના નિયામક છે, તેમનું બળ પરાક્રમ અનુપમ છે, વિચિત્ર શક્તિઓ તથા કલ્યાણકારી ગુણો વગેરેના તો મહાસાગર છે. ॥૩૧॥

આ શ્રીહરિને તમે જ્યારે સર્વથી પર જાણશો ત્યારે નિશ્ચિત તમારું આત્યંતિક કલ્યાણ થશે.'' ॥૩૨॥

મને આટલું કહ્યું. પછી મારા ઉપર પ્રસન્ન થયેલા તે બન્નેય અન્તર્હિત થઈ

सर्वान्तर्याम्यसौ साक्षात्सर्वोपर्येव वर्तते ।
नास्ति कश्चित्परो ह्यस्मादित्थं जाने त्वमुं हरिम् ॥३४॥
अत्राऽसत्यं यदा स्याच्चेत् तर्हि मे शपथः सताम् ।
अस्ति ब्रह्माण्डभङ्गस्य पातकं मे तथा महत् ॥३५॥
इत्युक्त्वा तत्पदाम्भोजे हृदि स्वे धर्तुमग्रहीत् ।
यदा स तं तदेत्यूचे हसन् वाक्यं शुभं हरिः ॥३६॥
सतीर्थ्या हि वयं तस्मान् मुनिश्रेष्ठ त्वयाऽनघ! ।
धास्ये वक्षसि नाहं ते मत्पादौ त्वन्महत्त्ववित् ॥३७॥
तेनेत्युक्ते स तं वाक्यं प्राहेत्थं प्राञ्जलिर्हरिम् ।
गुरु णां त्वं गुरु : स्वामिन्! वर्तसे पुरु षोत्तमः ॥३८॥
तस्मात्त्वदीयपादाब्जे सर्वेभ्योदातुमर्हसि ।
तेनेत्युक्ते स पादौ स्वे तस्य वक्षस्यधाद्धरिः ॥३९॥
ततो रम्बां सितोपेतां कृत्वा सद्वत्सलो हरिः ।

ગયા. ત્યારથી આરંભીને હું આ શ્રીહરિને સર્વ અવતારોનું કારણ માનું છું. ॥૩૩॥

આ સાક્ષાત્ શ્રીહરિ સર્વના અન્તર્યામી છે અને સર્વોપરિ છે, શ્રીહરિથી કોઈપણ પર મહાન્ નથી, એમ હું શ્રીહરિને માનું છું. ॥૩૪॥

આમાં હું જો કાંઈ અસત્ય કહેતો હોઉં તો મને આ પરમહંસોના સોગંદ છે અને આખા બ્રહ્માંડને ભાંગવાનું સહુથી મોટું પાપ મારે શિર લાગે.'' ॥૩૫॥

આમ કહીને શ્રીરામદાસ સ્વામીએ શ્રીહરિના બન્ને ચરણ કમળને પોતાની છાતી ઉપર ચાંપવા જ્યારે હાથમાં લીધા ત્યારે હસતાં હસતાં શ્રીહરિએ તેમને શુભવચન કહ્યું. ॥૩૬॥

હે મુનિવર્ય ! આપણે તો બધા ગુરુભાઈઓ છીએ. હું તમારી મોટાઈ જાણું છું. તેથી મારા ચરણને હું તમારી છાતીએ ચાંપીશ નહિ. ॥૩૭॥

શ્રીહરિએ આવું કહ્યું ત્યારે શ્રીરામદાસ સ્વામીએ હાથ જોડ્યા અને આમ બોલ્યા કે ''હે સ્વામિન્ ! આપ તો ગુરુઓના પણ ગુરુ છો, પુરુષોત્તમ છો, તેથી આપ પોતાના ચરણારવિંદ સહુને આપી શકો છો.'' તેમણે આમ કહ્યું ત્યારે શ્રીહરિએ પોતાના બન્ને ચરણ કમળ તેમની છાતી ઉપર ચાંપ્યા. ॥૩૮-૩૯॥

स्वयं पीत्वा स तां तस्मै पाययामास भूपते! ॥४०॥
ततः पद्यानि दिव्यानि साधुभिः स्वानुवर्तिभिः ।
तामशेषां निशां प्रीत्या गापयामास स प्रभुः ॥४१॥
एकादश्यास्ततो जाते प्रभाते श्रीहरिं पुरः ।
ध्यायंस्तेजोमयं दिव्यं रामदासो जहौ तनुम् ॥४२॥
ततो दिव्याकृतिर्दिव्यं विमानं सोऽतिभास्वरम् ।
आरु ह्याऽगाद्धरेर्दिव्यं धाम चाक्षरसंज्ञितम् ॥४३॥
श्रीहरिः स ततो राजन्! कारयित्वा सुमाण्डवीम् ।
उपावेश्याऽथ तं तस्यां गन्धमाल्यादिपूजितम् ॥४४॥
ततस्तद्देहसंस्कारं हरिः कर्तुं सहाऽगमत् ।
चारु पद्यानि गायद्भिः सार्द्धं सद्भिर्महीपते! ॥४५॥
अथैतस्मात्पुरात् प्राच्यामल्पनद्याः पुरोऽस्ति यः ।

હે ભૂપતે ! શ્રીહરિને સંતોના ઉપર ઘણું જ વાત્સલ્ય છે, તેમણે સાકરની 'રાબ' કરી. થોડી પોતે પીધી અને શ્રીરામદાસજી સ્વામીને પાઈ. ॥૪૦॥

પછી પ્રભુ શ્રીહરિએ સાથે રહેલા સંતો પાસે આખી રાત પ્રેમથી ભગવાનના દિવ્ય કીર્તનો ગવડાવ્યા. ॥૪૧॥

રાત વીતી. સવાર થયું. એકાદશીનો દિવસ હતો. શ્રીરામદાસ સ્વામીએ પોતાની દૃષ્ટિ આગળ વિરાજમાન શ્રીહરિના તેજોમય દિવ્ય સ્વરૂપનું ધ્યાન કર્યું. અને ભૌતિક શરીરનો ત્યાગ કરી દીધો. ॥૪૨॥

પછી તેઓ દિવ્યભાગવતી તનુને પામ્યા. અતિ તેજસ્વી દિવ્ય વિમાનમાં બેઠા અને શ્રીહરિના દિવ્ય અક્ષરધામમાં ગયા. ॥૪૩॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ એક સુંદર માંડવી (પાલખી) કરાવી. ચંદન અને ફૂલહાર આદિથી પૂજેલા શ્રીરામદાસ સ્વામીના પાર્થિવ શરીરને તે પાલખીમાં સ્થાપ્યું. ॥૪૪॥

હે મહીપતે ! સંતો ભગવાનના સુંદર કીર્તન ગાતા હતા, શ્રીહરિ સ્વામીનો અગ્નિ સંસ્કાર કરવા માટે તે સહુ સંતોની સાથે ગયા. ॥૪૫॥

આ ગઢપુરથી પૂર્વમાં સોમાદેવીની વોકળી જ્યાં ઉન્મત્તગંગામાં ભળી જાય

कूपस्तरङ्गिणीत्तीरे तत्समीपेऽस्ति या क्षितिः ॥४६॥
तस्यां तद्देहसंस्कारं यथाशास्त्रं व्यधापयत् ।
ततस्तस्य हरिः प्रीत्या प्रशंसां बहुधा व्यधात् ॥४७॥
धर्मज्ञानविरागाद्यैः संपन्नः सर्वसद्गुणैः ।
सोऽभूत् सत्संगिनां शश्वन् मातृवत्परिपोषकः ॥४८॥
सोऽवतारसमैश्वर्यः पश्यन्नात्मानमन्वहम् ।
अग्रेऽक्ष्णोश्चैव मामन्त वीक्षमाणोऽभवत्सदा ॥४९॥
तस्मादेतच्छिवं स्थानं चमत्कारेण संयुतम् ।
तस्य नाम्नातिपुण्येन सर्वसाधुवरीयसः ॥५०॥
इति श्रुत्वा हरेर्वाचं पुण्यां मुन्यादयोऽखिलाः ।
रामदासस्य माहात्म्यं जानन्तः प्राणमन् हरिम् ॥५१॥
स्नात्वाऽथोन्मत्तगङ्गायां हरिर्मुन्यादिभिर्युतः ।

છે, ત્યાં નદીના કાંઠામાં એક ઓરિયો (કૂવો)છે, તેની પાસે ખુલ્લી ભૂમિ છે. ॥૪૬॥

તે જગ્યાએ શ્રીહરિએ શ્રીભાઈરામદાસ સ્વામીના પાંચ ભૌતિક શરીરનો અગ્નિ સંસ્કાર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કર્યો અને તે પછી શ્રીહરિએ તેમના સદ્ગુણોની પ્રેમથી ઘણી જ પ્રશંસા કરી. ॥૪૭॥

શ્રીહરિ કહે, ''શ્રીરામદાસ સ્વામી ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ સર્વ સદ્ગુણોથી સંપન્ન હતા. તેઓ સગી માની જેમ સર્વ સત્સંગીઓનું અખંડ પોષણ કરતા હતા. ॥૪૮॥

તેમાં અવતારોના જેવું તો ઐશ્વર્ય હતું, તેમને નિરંતર આત્માનો સાક્ષાત્કાર રહેતો હતો. બહાર દૃષ્ટિ આગળ અને હૃદયમાં અખંડ મારા સ્વરૂપને તેઓ કાયમ દેખતા હતા. ॥૪૯॥

સર્વ સંતોમાં મોટેરા આ શ્રીરામદાસ સ્વામીના પવિત્ર નામ સાથે આ તેમના દેહસંસ્કારનું સ્થાન ઘણું મંગળરૂપ અને ચમત્કારી છે.'' ॥૫૦॥

સર્વ સંતો અને હરિભક્તો વગેરેએ શ્રીહરિની પુણ્યરૂપ આવી વાણી સાંભળી. સહુએ શ્રીરામદાસ સ્વામીનું માહાત્મ્ય જાણ્યું અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૫૧॥

સર્વ સંતો અને હરિભક્તોની સાથે શ્રીહરિ ઉન્મત્તગંગા (ઘેલા નદી) માં

राजदुर्गमुपेत्याऽगात् कुटीं तस्य सतां गुरोः ॥५२॥
निषद्याऽथ हरिस्तस्यां तदीयोदारसद्गुणैः ।
युक्तां वार्तां व्यधात्पुण्यां साधुलक्षणबोधिनीम् ॥५३॥
द्वादश्यां ललिता भोज्यैर्हरिं नानाविधैस्ततः ।
तर्पयामास सुस्वादैर्मुन्यादींश्च यथोचितम् ॥५४॥
वृषभुवश्चरितानि मयेति ते निगदितानि हरेर्भवहारिणः ।
दुरिततापहराणि शरीरिणां कलिमलक्षपणानि महीपते ! ॥५५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये रामदासोक्तभगवत्सर्वोपरित्वनिरू पणं नामैकोनसप्ततितमोऽध्यायः ॥६९॥

अथ सप्ततितमोऽध्यायः

सप्तत्यामुत्सवो च म्यषठयाः श्रीकपिलस्यम्य ।
दर्शितं कापिलं रू पं हरिणा भक्ततुष्टये ॥

નહાયા, દરબારગઢમાં આવ્યા અને સંતોના ગુરુ આવા શ્રીરામદાસ સ્વામીની ઓરડીએ પધાર્યા. ત્યાં શ્રીહરિ બેઠા. સ્વામીના ઉદાર વિશાળ સદ્ગુણોની વાતો, સાધુતાના લક્ષણવાળી અને પુણ્યરૂપ હતી તે બધી કહી. ॥૫૨-૫૩॥

પછી બારશને દિવસ લાડુબાએ અનેક પ્રકારના સ્વાદુ ભોજનોની રસોઈ કરાવી. શ્રીહરિને તથા સંતોને યથોચિત રીતે જમાડીને તૃપ્ત કર્યા. ॥૫૪॥

હે મહીપતે ! મોક્ષદાતા ધર્મપુત્ર શ્રીહરિના ચરિત્ર દેહધારી જીવોના પાપ અને ત્રિવિધ તાપને ટાળનારા છે અને કળિયુગના મેલને પણ હઠાવનારા છે, તે મેં તમારી આગળ આ રીતે કહ્યા છે. ॥૫૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૬૯

અધ્યાય-૭૦

કપિલા છઠનો મહોત્સવ (સમૈયો)

श्रीचैतन्यानन्द उवाच -

राजदुर्गस्य चैतस्य चारु गोपुरसन्निधौ ।
सभानिकेतनं राजन्नासीद्विस्तीर्णमुत्तमम् ॥१॥
तत्र भक्तसमज्यायां चक्रके मृगचर्मणः ।
न्यषीदच्छ्रीहरिर्नित्यं भक्तैरालोकितो निजैः ॥२॥
तदा त्वदीयतातस्य सोऽमात्यैः कार्यकोविदैः ।
कार्यं विधापयन् सर्वं हरिः सम्भावनां व्यधात् ॥३॥
विक्रमार्कशकस्याब्दं व्योमवाहाष्टभूमितम् । (१८७०)
आरभ्य रसनागेन्द्रमानसंवत्सरं (१८८६) नृप! ॥४॥
तत्राऽद्भुतानि दिव्यानि चरित्राण्यकरोद्धरिः ।
तद्वर्ततेऽद्भुतं तस्मात्स्थानं सर्वोत्तमं शुभम् ॥५॥
भूपते ! कपिलाषष्ठ्यां हरिस्तत्रैकदाऽकरोत् ।
शर्मणे स्वीयभक्तानामाश्चर्यकृन्महोत्सवम् ॥६॥

श्रीशुकानन्द उवाच -

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આ દરબારગઢના દરવાજાની પાસે એક વિશાળ અને સર્વોત્તમ બેઠકનું (સભાનું) સ્થાન હતું. ॥૧॥

તે બેઠકના સભાસ્થળમાં શ્રીહરિ મૃગચર્મના ચાકળા ઉપર નિત્ય વિરાજતા અને પોતાના ભક્તજનો ત્યાં બેસીને દર્શન કરતા હતા. ॥૨॥

તે વખતે શ્રીહરિ તમારા પિતાશ્રી દાદાખાચરના કાર્યકુશળ કારભારીઓ પાસે બધું કામકાજ કરાવતા અને તેમની સંભાળ રાખતા હતા. ॥૩॥

હે નૃપ ! વિક્રમ સંવત્ ૧૮૭૦ થી લઈને ૧૮૮૬ સુધી શ્રીહરિએ તે સ્થળે અદ્‌ભુત દિવ્ય ચરિત્ર કર્યા હતા અને તેથી જ તે સ્થાન અદ્‌ભુત સર્વોત્તમ અને શુભ છે. ॥૪-૫॥

હે ભૂપતે ! એક વખત શ્રીહરિએ તે સ્થાને પોતાના ભક્તોને સુખ આપવા માટે કપિલાછઠનો આશ્ચર્યકારી મહોત્સવ કર્યો હતો. ॥૬॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, સંતો પણ જેને વંદન કરતા હોય છે આવા સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીનું તે અત્યંત સુમધુર વચન સાંભળીને દરબાર

नरपतिरितिवाक्यं तस्य सद्वन्दितस्य मधुरतर मुदारं तन्निशम्याप्तमोदः ।
तमखिलजनमित्रं शुद्धबोधं दयालुं
वचनमिदमवोचद् ब्रह्मविद्वृन्दवर्यम् ॥७॥
जनहितकर ! योगिन्नुत्सं तं सुभद्रं दुरितभरविदारं शृण्वतां गायतां वा।
सकलकलिमलानां क्षालनं सत्प्रगीतं
त्वमसि गदितुमर्हो बोधदक्षोऽञ्जसा मे ॥८॥
इति सनृपवरस्याऽऽकर्ण्य वाणीं मुनीन्द्रो,
मृदुल विमलचेता मोदमाप्तो महान्तम् ॥
निजहृदि वृषसूनुं श्रीहरिं ध्यायमानो वचनमिदवोचत्तं नरेन्द्रं मनोज्ञम्॥

श्रीचैत्यन्यानंद उवाच -

प्राणिनिर्वाणनैपुण्यः श्रीहरिर्भक्तशर्मदः ॥
भूपते! कपिलाषष्ठ्यां कर्त्तुमैच्छन्महोत्सवम् ॥१०॥
अथाऽऽह्वातुं निजान् भक्तान्नानादेशस्थितान् हरिः ॥

શ્રીઅમરાખાચર ઘણો આનંદ પામ્યા. પછી સર્વ લોકોના મિત્ર, શુદ્ધજ્ઞાની, પરમ દયાળુ અને બ્રહ્મવેત્તાઓના મંડળમાં સર્વોત્તમ આવા શ્રીચૈતન્યાનંદ સ્વામીને શ્રીઅમરાખાચરે આવું વચન કહ્યું. ॥૭॥

હે લોક હિતકારી યોગી ! કપિલા છઠનો મહોત્સવ પરમ મંગળમય ગણાય. તે સાંભળનારાના અને કહેનારાના અનેક પ્રકારના પાપોનો વિનાશ કરે તથા કળિયુગના બધા જ દોષોને ધોઈ નાખે તેવો સંતોએ કહ્યો છે, તો આપ સમજાવવામાં નિપુણ છો, માટે મને કપિલા છઠના મહોત્સવની વાત કહો. ॥૮॥

મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીનું હૃદય કોમળ અને શુદ્ધ હતું. દરબાર શ્રીઅમરાખાચરની વાણી સાંભળીને ખૂબ જ ખુશ થયા. પછી તેઓએ પોતાના હૃદયમાં ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન કર્યું અને તે પછી દરબારની આગળ મનોહર વાત કહેવા લાગ્યા. ॥૯॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! શ્રીહરિ જીવોનું કલ્યાણ કરવામાં નિપુણ હતા અને ભક્તોને સુખ આપનારા હતા. તેમણે કપિલા છઠનો મહોત્સવ કરવાનું વિચાર્યું. ॥૧૦॥

प्रैषयत् कुंकुमोपेता राजन्! मङ्गलपत्रिकाः ॥११॥
अथोत्सवेक्षणोत्साहा नानाजानपदा मुदा ।
एतद्दुर्गपुरं भक्ता आयंस्तद्दर्शनोत्सुकाः ॥१२॥
तेऽथ भक्तसमज्यायां हरिं रम्यासने स्थितम् ।
साष्टाङ्गं प्राणमन् भक्त्या स्वेष्टदेवं मनोहरम् ॥१३॥
तेऽथावलोकयन्तस्तं प्राणप्रेयांसमच्युतम् ।
चकोरा इव रात्रीशं महानन्दं प्रपेदिरे ॥१४॥
ततस्तेषां यथायोग्यं निवासान्नादिदापनैः ।
सम्भावनां हरिः प्रीत्या करोतिस्माऽऽश्रितप्रियः ॥१५॥
त्वत्पिताऽथ हरिप्रेयांश्चन्दनाऽक्षतकुंकुमैः ।
माल्यकेयूरहाराद्यैर्महार्हाम्बरभूषणैः ॥१६॥
धूपदीपादिभिश्चान्यैर्वरैः षोडशभिस्तथा ।

હે રાજન્ ! પછી શ્રીહરિએ પ્રદેશોમાં રહેતા પોતાના ભક્તોને તેડાવવા માટે મંગળમય કુંકુમ પત્રિકાઓ મોકલી. ॥૧૧॥

ભક્તોને મહોત્સવ (સમૈયા)ના દર્શન કરવામાં ઉત્સાહ હોય છે, આથી શ્રીહરિના દર્શન કરવાના ઉત્સાહી અનેક પ્રદેશોના હરિભક્તો ઉત્સાહથી સમૈયો કરવા ગઢપુર આવ્યા. ॥૧૨॥

આવનારા તે ભક્તોની સભામાં ભવ્ય આસન ઉપર વિરાજમાન સલૂણી મૂર્તિ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને ભક્તજનો ભક્તિભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. ॥૧૩॥

ચંદ્રમાને દેખીને ચકોર જેમ આનંદ પામે છે તેમ નિર્વિકારી અને પોતાના પ્રાણ કરતાં પણ પ્રિય આવા શ્રીહરિના દર્શન કરનારા ભક્તો ખૂબ જ આનંદ પામ્યા હતા. ॥૧૪॥

શ્રીહરિને ભક્તો પ્રિય છે તેથી આવેલા તે બધા ભક્તોને યથોચિત રીતે ઉતારા અને જમવાનું વગેરે અપાવીને પ્રેમથી તેમની સંભાવના કરતા હતા. ॥૧૫॥

જેમને શ્રીહરિ અતિ પ્રિય છે અથવા સ્વયં શ્રીહરિના અધિક પ્રિય આવા તમારા પિતાશ્રી દાદાખાચરે કિંમતી વસ્ત્રો, ઘરેણાં, ચંદન, કુંકુમ, અક્ષત, ફૂલોના

उपचारैर्हरिं प्रेष्ठं पूजयामास भक्तितः ॥१७॥
ततो देशान्तरायाता भक्ता गन्धेन चारुणा ।
माल्यकेयूरहाराद्यैर्भूषावस्त्रैर्महाधनैः ॥१८॥
चारु धूपप्रदीपाद्यैर्महानीराजनैस्तथा ।
नानोपचारकैर्भक्त्या पूजयाञ्चक्रिरे हरिम् ॥१९॥
कपिलस्याऽथ रूपेण लोचनानन्दकारिणा ।
तेजोमयेन भक्तेभ्यः स्वेभ्योऽदात् स्वेक्षणं हरिः ॥२०॥
ते तं वीक्ष्याऽथ तद्रूपं महाशान्तिप्रदं हरिम् ।
जहृषुर्निर्भरं राजन्! कोशं लब्ध्वेव निर्धनाः ॥२१॥
इत्थं तद्रूपवीक्षायास्तेभ्यो दत्वा सुखं हरिः ।
स्वतंत्रोऽभूदशेषज्ञः पूर्ववत्स नराकृतिः ॥२२॥
राजन्! सहस्त्रशो विप्रांस्तदौदार्यमहाम्बुधिः ।
बह्वाज्यशर्करोपतैर्हरिर्भोज्यैरतर्पयत् ॥२३॥

હાર, બાજુબંધ આદિ અને બીજા ધૂપ, દીપ આદિ સર્વોત્તમ સોળ ઉપચારોથી ભક્તિભાવ સાથે પ્રિયતમ શ્રીહરિની પૂજા કરી. ॥૧૬-૧૭॥

તે રીતે જ અનેક પ્રદેશોમાંથી આવેલા હરિભક્તોએ પણ સારું સુગંધીમાન ચંદન, ફૂલના હાર અને બાજુબંધ વગેરે, કિંમતી વસ્ત્રાલંકારોથી અને સરસ ધૂપદીપ, મહાનીરાજન (આરતી) આદિ વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રદ્ધાભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી. ॥૧૮-૧૯॥

શ્રીહરિએ તે સમયે દર્શન કરનારા ભક્તોના નેત્રોને આનંદ પમાડનારા તેજોમય શ્રીકપિલ દેવ સ્વરૂપે આત્મીય ભક્તોને પોતાના દર્શન દીધા. ॥૨૦॥

હે રાજન્ ! સહુ ભક્તો તે કપિલરૂપે શ્રીહરિના દર્શન થવાથી, નિર્ધન માણસને ભરપૂર ધનનો ખજાનો મળે અને જેમ રાજી થાય તેમ રાજી થયા. ॥૨૧॥

સ્વયં શ્રીહરિ સ્વતન્ત્ર છે, કોઈના પ્રભાવમાં આવે એવા નથી અને સર્વજ્ઞ પણ છે. તેથી સહુ ભક્તોને કપિલ સ્વરૂપના દર્શનનું સુખ આપીને પછી પૂર્વના જેવા મનુષ્ય સ્વરૂપે થયા. ॥૨૨॥

હે રાજન્ ! તે વખતે ઉદારતાના મહાસાગર જેવા શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને

ततस्तेभ्यः समग्रेभ्यो दक्षिणा भूयसीर्हरिः ।
प्रादात्तदाऽब्दवद्वित्तं वर्षति स्म महामनाः ॥२४॥
नानादेशाऽऽगतान् भक्तान् सर्वशः श्रीहरिस्ततः ।
गन्तुमाज्ञापयत् स्वान् स्वान् देशान् स्वेक्षामहामुदः ॥२५॥
तेऽथाभिवन्द्य तं स्वेष्टं हरेः शोभां महाद्भुताम् ।
प्रशंसन्तो ययुर्देशान् स्वान् स्वांस्तं च महोत्सवम् ॥२६॥
इति परमतरं हरेश्चरित्रं निशमनगानकृतामशर्महारम् ।
भवभयविदुरं मुनीन्द्रगीतं गदितमिदं नृप! ते मयाऽतिभद्रम् ॥२७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये कपिलाषष्ठीमहोत्सवनिरु पणं नाम सप्ततितमोऽध्यायः ॥७०॥

अथैकसप्ततितमोऽध्यायः

श्रीहरिरेकसप्तते ब्रह्मानन्दमुनेः कुटीम् ।
प्रागात् तं दर्शयामास मूर्तिं स्वांतं निरावृताम् ॥

પુષ્કળ ઘી અને સાકર નાખેલા ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૩॥

ઉદાર દિલના શ્રીહરિએ તે બધા જ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ આપી. દક્ષિણામાં મેઘની જેમ ધનનો વરસાદ કર્યો. ॥૨૪॥

અનેક પ્રદેશોથી ભક્તો આવ્યા હતા. પ્રભુના દર્શનથી તેમને મહાન આનંદ થયો હતો. પછી તે સમગ્ર ભક્તોને શ્રીહરિએ પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. ॥૨૫॥

પછી તે સહુ ભક્તો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પગે લાગ્યા. અને તેમની અદ્ભુત શોભાને તથા મહોત્સવ (સમૈયા) ને વખાણતા વખાણતા પોતપોતાના દેશમાં ગયા. ॥૨૬॥

હે નૃપ ! શ્રીહરિના ચરિત્ર સર્વોત્તમ છે, તેને જે સાંભળે અથવા કહે, તેના દુઃખોને તે ટાળે છે. જન્મ, મરણ, નરકયાતનારૂપ સંસારના ભયને તે ચરિત્ર ટાળે છે, તે અતિ મંગળમય છે, અને મોટા મોટા મુનિઓ આ ચરિત્રોના યશને ગાય છે, તો આવું શ્રીહરિનું ચરિત્ર મેં તમને કહી સંભળાવ્યું છે. ॥૨૭॥

श्रीचैतन्यानन्द उवाच -
कुट्यासील्लेखकावासा तस्या दक्षिणदिश्यभूत् ।
युक्ता चारु बर्हिवेद्या कुटी रम्या महीपते! ॥१॥
नित्यदा न्यवसत्तस्यां ब्रह्मानन्दो महामुनिः ।
श्रीहरिस्तत्र सद्गेयं चरित्रं मङ्गलं व्यधात् ॥२॥
एतस्याः साधुशालाया अङ्गणे ललिते शुभम् ।
चरित्रं श्रीहरिर्दिव्यं करोति स्मातिपावनम् ॥३॥
मन्दिरादुत्तराशायां योऽस्ति मण्डपगोपुरः ।
अस्ति रू प्यचतुष्की या सन्निधौ तस्य राजिता ॥४॥
तत्स्तम्भादन्तिके राजन्नङ्गणेवेद्यभूच्च या ।
स न्यषीत्सदा तस्यां शीततौं भक्ततुष्टये ॥५॥
सुधालिप्तं समं स्थानं मन्दिरादस्त्युदग्दिशि ।

અધ્યાય-૭૦ સમાપ્ત

અધ્યાય-૭૧

શ્રીબ્રહ્માનંદ સ્વામીને (નખશિખ) સ્વરૂપદર્શન અને તેનો મહીમા કહ્યો.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે મહીપતે ! લહિયાઓને રહેવાની જે નાની ઓરડી હતી તેથી દક્ષિણ દિશામાં સરસ ઓટાવાળી એક રમણીય ઓરડી હતી. ॥૧॥

તેમાં મુનિરાજ સદ્ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી સ્થાયી નિવાસ કરીને રહેતા હતા. ત્યાં સંતો ગાય તેવું મંગલમય ચરિત્ર શ્રીહરિએ કર્યું હતું. ॥૨॥

સંતો જેમાં રહેતા તે સાધુઓની જાયગા (ધર્મશાળા) ના સુંદર આંગણામાં શ્રીહરિએ અત્યંત પવિત્ર, દિવ્ય અને શુભ ચરિત્ર કર્યું હતું. ॥૩॥

શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનાં ઘુંમટ નીચેના મંડપથી ઉત્તર તરફનો જે દરવાજો છે અને તેની પાસેની જે સુંદર રૂપચોકી છે, હે રાજન્ ! તેના સ્તંભથી બહાર આંગણામાં જે વેદી હતી, ત્યાં શ્રીહરિ શિયાળામાં કાયમ ભક્તોના રાજીપા સારુ બેસતા હતા. ॥૪-૫॥

वारुण्यां कुट्यभूत्तस्मान्मुकुन्दानन्दवर्णिनः ॥६॥
भूपते! श्रीहरिस्तस्यामार्तिहारीणि देहिनाम् ।
चरित्राणि विचित्राणि मङ्गलानि व्यधान्मुहुः ॥७॥
कुट्यास्तस्या दिशि प्राच्यामासीद्वर्णिमहानसम् ।
तस्मिन्नाश्चर्यकृद्दिव्यं चरित्रं सोऽकरोद्धरिः ॥८॥
तस्मान्महानसाद्राजन्! पूर्वस्यां दिशि सत्पतिः ।
सोऽचीखनद्यदा कूपं चरित्रं चाऽकरोत्तदा ॥९॥
जीर्णसौधान्तिके राजन्! वाडकोऽभून्महत्तरः ।
त्वत्पितृस्वसृपाञ्चाली गेहभित्तेरुदग्दिशि ॥१०॥
नूत्नसज्जनशालाया निःश्रेणिर्यास्त्युदग्दिशि ।
तत्पर्यन्तं स दीर्घोऽभूच्चरित्रं तत्र सोऽकरोत् ॥११॥
अस्ति श्रीवासुदेवस्य गर्भागारं मनोहरम् ।
तत्र पूर्वमभूद् गेहं शोभनं शिल्पनैपुणम् ॥१२॥
तस्मिन् वेश्मनि विस्तीर्णे पूर्वदिग्द्वारभास्वरे ।

મંદિરથી ઉત્તર તરફ ચૂના બંધ સપાટ ભૂમિ (સમથળ) છે તેથી પશ્ચિમમાં શ્રીમુકુંદાનંદ વર્ણીની ઓરડી હતી. ॥૬॥

હે ભૂપતે ! ત્યાં શ્રીહરિએ પ્રાણીઓની પીડા હરે તેવા મંગળમય વિવિધ પ્રકારના ચરિત્ર વારંવાર કર્યાં હતાં. તે શ્રીમુકુંદાનંદ વર્ણીની ઓરડીથી પૂર્વમાં વર્ણીઓનું રસોડું હતું. ત્યાં પણ શ્રીહરિએ આશ્ચર્યકારી દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૭-૮॥

હે રાજન્ ! તે રસોડાથી પૂર્વદિશામાં સત્પતિ શ્રીહરિએ જ્યારે કૂવો ખોદાવ્યો હતો ત્યારે ચરિત્ર કર્યું હતું. ॥૯॥

હે રાજન્ ! તમારા ફઈબા પાંચુબાના ઓરડાની ભીંતથી ઉત્તર દિશામાં જૂના ઓરડાને નજીક એક મોટો વાડો હતો. ॥૧૦॥

સંતોની નવી ધર્મશાળાના ઉત્તર તરફ જે પગથિયા છે ત્યાં સુધી તે વાડો લાંબો હતો. ત્યાં શ્રીહરિએ ચરિત્ર કર્યું છે. ॥૧૧॥

અત્યારે જે શ્રીવાસુદેવનારાયણનો મનોહર ઓરડો છે ત્યાં પહેલા સરસ કળા-કારીગરી વાળું સુંદર ઘર હતું. ॥૧૨॥

पवित्रं मङ्गलं दिव्यं चरित्रं सोऽकरोद्धरिः ॥१३॥
श्रीशुकानन्द उवाच -
इति तस्य सद्गुरुवरस्य सद्वचः स निशम्य पावनकरं नरेश्वरः ।
गतवान्मुदं पुरुतरां कृताञ्जलिस्तमिदं जगाद हितकारिणं वचः ॥१४॥
चरितानि तानि ललितानि तत्ववित् सकलार्तिपातकहराणि वै हरेः ।
भवभञ्जनानि गदतां च शृण्वतां गदितुं त्वमर्हसि हितावहानि मे ॥
इति तस्य वाक्यमवनीभुजः शुभं श्रुतवान् स बोधनिधिराधिभेदनः ।
मुनिराजराज ! इति तं क्षितीश्वरं हृदये स्मरन् हरिमिदं वचोऽब्रवीत् ॥१६॥
श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरिं राजन्! ब्रह्मानन्दो महामुनिः ।
आह्वयत् स्वां कुटीं रम्यां मैत्रीं प्राप्तो हरौ पराम् ॥१७॥
आसनेऽथाऽऽनीते रम्ये कोमलैस्तूलिकादिभिः ।

ઉગમણા બારના આકર્ષક વિશાળ તે ઘરમાં શ્રીહરિએ મંગળમય પવિત્ર અને દિવ્ય ચરિત્ર કર્યું હતું. ॥૧૩॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, દરબાર શ્રીઅમરાખાચરે આ પ્રમાણે સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીનું પાવનકારી સુંદર વચન સાંભળ્યું. તેથી તેમના મનમાં અપાર આનંદ થયો. પછી હાથ જોડીને પરમ હિતકારી શ્રીચૈતન્યાનંદ સ્વામીની આગળ આવી વાત ઉચ્ચારી. ॥૧૪॥

હે સ્વામિન્ ! શ્રીહરિના સુંદર પ્રિય ચરિત્ર સમગ્ર પ્રકારની પીડાઓનો અને પાપોનો નાશ કરનારા છે. તે ચરિત્રોને જે કહે કે સાંભળે, તેનો સંસાર સાગરથી ઉદ્ધાર થાય છે અને હિતકારી છે. તે આપ તત્ત્વજ્ઞ છો તો તે ચરિત્ર મને કહો. ॥૧૫॥

દરબાર શ્રીઅમરાખાચરનું આવું શુભ વચન શ્રીચૈતન્યાનંદ સ્વામીએ સાંભળ્યું. તેઓ જ્ઞાનના નિધિ હતા, બધી જ મનોવ્યથાને મટાડનારા હતા અને મુનિવર્યોમાં પણ શ્રેષ્ઠ હતા. પછી તેમણે હૃદયમાં શ્રીહરિને સંભાર્યા અને તે દરબારશ્રીને આવું વચન કહ્યું. ॥૧૬॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિની સાથે સર્વોત્તમ મિત્ર ભાવ હતો. તેમણે એક વખત પોતાની રમણીય કુટીમાં (ઓરડીમાં) શ્રીહરિને બોલાવ્યા. ॥૧૭॥

हरौ गाढानुरागस्तं सत्प्रियं स न्यषादयत् ॥१८॥
ततस्तं धारयाञ्चक्रे महार्हाण्यम्बराणि सः ।
कर्पूरपुञ्जगौराणि सूक्ष्मसान्द्राणि भूपते! ॥१९॥
चारु केसरगन्धेन कस्तूरीकुङ्कुमाक्षतैः ।
अथौपचारकैश्चान्यैः सोऽर्चयामास तं हरिम् ॥२०॥
महानीराजनं कृत्वा ततः प्रेमपरिप्लुतः ।
साष्टाङ्गं प्राणमद्भूमौ पतित्वा दण्डवद्धरिम् ॥२१॥
अथैवं प्राञ्जलिर्वाक्यं स तं प्राह प्रियंवदः ।
इष्टदेवो ममाऽसि त्वं सर्वज्ञः पुरुषोत्तमः ॥२२॥
तस्मादत्र तथाऽमुष्मिन् स्यान्मे श्रेयो यथा प्रभो! ।
हेतुः सर्वावताराणां ब्रूहि तत्साधनं तथा ॥२३॥
तस्य वाक्यमिति श्रुत्वा स्वातिस्निग्धस्य भूपते! ।

સ્વામીને શ્રીહરિમાં ગાઢ પ્રેમ હતો. એટલે તેમણે સુંવાળા ગાદી તકિયા વગેરેને બિછાવીને તૈયાર કરેલા સુંદર આસન ઉપર સત્પતિ શ્રીહરિને પધરાવ્યા. ॥૧૮॥

હે ભૂપતે ! પછી તેમણે કપૂર પુંજના જેવા સફેદ, ઝીણા અને ઘાટાં ઘણા કિંમતી વસ્ત્રો શ્રીહરિને પહેરાવ્યા. ॥૧૯॥

સુંદર કેસરી ચંદન, કસ્તૂરી, કુંકુમ તથા અક્ષત આદિ બીજા અનેક ઉપચારોથી તેમણે શ્રીહરિની પૂજા કરી. ॥૨૦॥

પ્રેમથી તરબોળ થયેલા શ્રીબ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિની આરતી ઉતારી, પછી ભૂમિ ઉપર દંડની જેમ ઢળી પડીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ॥૨૧॥

મધુરભાષી સ્વામીએ બે હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું, આપ સર્વજ્ઞ છો, પુરુષોત્તમ છો અને મારા ઈષ્ટદેવ છો. ॥૨૨॥

સર્વ અવતારોનું કારણ પણ આપ છો. માટે હે પ્રભો ! આ લોકમાં અને પરલોકમાં જે રીતે મારું શ્રેય થાય, તેવું કોઈ સાધન આપ કહો. ॥૨૩॥

હે ભૂપતે ! સ્વામીને શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમ હતો, તેથી તેમનું આવું વચન સાંભળીને શ્રીહરિના મુખ ઉપર સુંદર આછા હાસ્યના તરંગો ફરી વળ્યા અને

सोऽब्रवीत्तमिति प्रीत्या चारु स्मेरोल्लसन्मुखः ॥२४॥
सर्वेषामवताराणां कारणं पुरुषोत्तमः ।
कालमायेश्वरादीनां नियन्ता सर्ववित्तमः ॥२५॥
न स्थितो धाम्नि कस्मिंश्चित्तथेशानादिधामसु ।
भिक्षुकेष्वेत्य युष्मासु स्थितो धाम्नोऽक्षरादहम् ॥२६॥
तस्मात्साक्षात्परं ब्रह्म युष्माकं मामुपेयुषाम् ।
जातं नूनं परं श्रेयो विद्धि त्वं चेति सन्मते! ॥२७॥
श्रेयः साक्षाद्धरेः प्राप्त्या भवेदेकान्तिकं परम् ।
शास्त्रीयश्चेति राद्धान्तो वर्तते तत्वविन्मतः ॥२८॥
तस्मान्मत्सक्तचित्तानां मदीयाज्ञानुवर्तिनाम् ।
धर्मज्ञानादियुक्तानां हितं जातं हि वः परम् ॥२९॥
श्रीहरिस्तमथेत्यूचे धाम्नि यो वर्ततेऽक्षरे ।
स्वतन्त्रो भगवान्साक्षात् सोऽस्म्यहं चेति विद्धि माम् ॥३०॥

પછી પ્રેમથી બોલ્યા. ॥૨૪॥

"હું સર્વ અવતારોનું કારણ પુરુષોત્તમ છું, કાળ, માયા અને ઈશ્વરો આદિનો નિયંતા છું અને અતિ સર્વજ્ઞ છું. ॥૨૫॥

હું અન્ય કોઈ ધામમાં ન રોકાયો. શિવ બ્રહ્માદિના ધામમાં પણ ક્યાંય ન રોકાયો. અક્ષરધામથી સીધો જ હું તમારી સહુ પરમહંસોની વચ્ચે રહ્યો છું. ॥૨૬॥

હે સન્મતે ! હું સાક્ષાત્ પરબ્રહ્મ છું, માટે મારે શરણે આવેલા-રહેલા તમારું સહુનું પરમ શ્રેય-કલ્યાણ થયેલું જ છે. એમ તમે નિશ્ચિત સમજો. ॥૨૭॥

તત્ત્વજ્ઞાની વિદ્વાનોએ આવો શાસ્ત્રીય સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો છે કે પ્રત્યક્ષ ભગવાન્ મળે તો મુમુક્ષુનું એકાંતિક-આત્યંતિક પરમ કલ્યાણ થાય જ છે. ॥૨૮॥

મારા સ્વરૂપમાં મનને જોડી રાખનારા, મારી આજ્ઞા પ્રમાણે રહેનારા અને ધર્મજ્ઞાનાદિથી સંપન્ન આવા તમે છો, તેથી તમારું પરમ કલ્યાણ (શ્રેય) તો થઈ ચૂકેલું જ છે." ॥૨૯॥

વળી શ્રીહરિએ તેમને કહ્યું, "અક્ષરધામમાં જે ભગવાન્ સર્વશક્તિમાન અને સ્વતંત્ર રહ્યા છે તે જ સાક્ષાત્ હું તમારી વચ્ચે રહ્યો છું એમ મને જાણો." ॥૩૦॥

तमित्युक्त्वोत्तरासङ्गं स्वीयादुत्तार्य विग्रहात् ।
तस्थावसंवृताकारो हरिस्तस्याग्रतो मुदा ॥३१॥
ब्रह्म तस्मात् परं त्वं मां सर्वाविर्भावकारणम् ।
आनखादाशिखं धीमन्! पश्यैवं स्वस्थचेतसा ॥३२॥
नान्यदस्मान्महाबुद्धे! विद्धि तस्यास्ति साधनम् ।
साधनानां हि सर्वेषां प्रोक्तमेतत्परं बुधैः ॥३३॥
स तन्मूर्तिं ततः सर्वामानखादाशिखं प्रियाम् ।
दृष्ट्वा स्वीये हृदि श्रेष्ठां निमिल्याऽधारयद् दृशौ ॥३४॥
तथान्ये साधवो धीरा दिव्यां तन्मूर्तिमद्भुताम् ।
प्रेयसीं प्रचुरप्रीत्या धारयाञ्चक्रिरे नृप! ॥३५॥
ततो गोधुमपिष्टस्य बाटिकाः स घृताऽऽप्लुताः ।
प्राश्नाद्दध्यादिकं श्रेष्ठं चाणकीयां च भाजिकाम् ॥३६॥

આટલું બોલીને શ્રીહરિએ પોતાની મૂર્તિ ઉપરથી ખેસ ઓઢ્યો હતો તે ઉતારી લીધો. અને શ્રીબ્રહ્માનંદ સ્વામીની સામે પ્રેમથી ખુલ્લે શરીરે ઊભા રહ્યા અને કહ્યું, ॥૩૧॥

"હે ધીમન્ ! હું સર્વ અવતારોનું કારણ પરબ્રહ્મ છું. તેથી જ મનને સ્વસ્થ રાખીને નખથી શિખા પર્યંત મારી આ મૂર્તિને જોઇ લો. ॥૩૨॥

હે મહાબુદ્ધે ! આ મારી મૂર્તિ વિના બીજું કોઇ તમારા હિતનું-કલ્યાણનું સાધન નથી. વિદ્વાનોએ સર્વ સાધનોમાં આ મારી મૂર્તિને જ, તેના ધ્યાન-સ્મરણને જ સર્વ સાધનોમાં શ્રેષ્ઠ સાધન કહ્યું છે." ॥૩૩॥

પછી સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પરમ પ્રિય શ્રીહરિની શ્રેષ્ઠ મૂર્તિને નખથી શિખાપર્યંત સંપૂર્ણપણે જોઇ લીધી. પછી આંખો બંધ કરીને પોતાના હૃદયમાં ધારીને સ્થાપન કરી. ॥૩૪॥

હે નૃપ ! તે સિવાયના બીજા પણ ધીર ગંભીર સ્વભાવના જે સંતો ત્યાં હતા તેમણે પોતાને પરમ પ્રિય, અદ્‌ભુત તે દિવ્ય મૂર્તિને પરમ પ્રેમથી હૃદયમાં ધારી લીધી. ॥૩૫॥

પછી શ્રીહરિ ઘીમાં બોળેલી બાટી, સરસ દહીં વગેરે અને ચણેચીની ભાજીનો થાળ જમ્યા. ॥૩૬॥

ततो नानाविधं भोज्यं निजप्रासादिकं हरिः ।
ब्रह्मानन्दाय स प्रादात् सादरं सद्वरीयसे ॥३७॥
सुप्त्वाऽथ श्रीहरिर्मञ्चे तूलिकाद्यैर्युते वरैः ।
स्वीचकार स्वसेवायां योगनिद्रां हि तत्पराम् ॥३८॥
पराह्णे तामथ त्यक्त्वा तत्र भक्तसभान्तरे
न्यषीदत्स्वासने रम्ये श्रीहरिर्भक्तवत्सलः ॥३९॥
ब्रह्मानन्दोऽथ पद्यानि गायति स्माऽग्रतो हरेः ।
आनखादाशिखं तस्य मूर्तिवर्णनवन्त्यलम् ॥४०॥
श्रुत्वा स तानि रु चिराणि हरि र्गुणज्ञः प्रीतोऽस्वजत्तमधिकप्रणयेन राजन्
तद्वक्षसि स्वचरणौ मुनिचिन्त्यमानौ प्रीत्यान्यधाद्भवहरौ नलिनोपमानौ।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये ब्रह्मानन्दप्रश्नोत्तरनिरू पणं नामैकसप्ततितमोऽध्यायः ॥७१॥

પછી અનેક પ્રકારની પોતાની પ્રસાદીનો થાળ મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીને માન સાથે આપ્યો. ॥૩૭॥

પછી સારા ગાદલા ઓશિકાથી તૈયાર કરેલા પલંગ ઉપર શ્રીહરિએ શયન કર્યું અને પોતાની સેવામાં તત્પર રહેલી યોગનિદ્રાને સ્વીકારી. ॥૩૮॥

બપોર પછી થોડી વારે શ્રીહરિ ઊઠ્યા. પછી ભક્તવત્સલ શ્રીહરિ ભક્તોની સભામાં પોતાના રમણીય આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૯॥

પછી સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીએ સભામાં શ્રીહરિની આગળ નખથી શિખાપર્યંત મૂર્તિવર્ણનના સુંદર કીર્તન ગાયા. ॥૪૦॥

હે રાજન્ ! ગુણોના પરખનારા શ્રીહરિ તે સુંદર કીર્તન સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા. સ્વામીને ઘણા જ પ્રેમથી બાથમાં લઇને ભેટ્યા અને પછી સંતો જેનું સતત ધ્યાન કરતા હોય છે, ભવભટકણને જે ટાળે છે, આવા કમળ જેવા સુકોમળ પોતાના બન્ને ચરણરવિંદને શ્રીબ્રહ્માનંદ સ્વામીની છાતીમાં ચાંપ્યા. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૭૧ સમાપ્ત.

अथ द्वासप्ततितमोऽध्यायः

सुरप्रभाप्रसन्नेन तस्यै मुकुन्दवर्णिने ।
द्वासप्तते च संदत्तं दर्शनं दिव्यमद्भुतम् ॥

श्रीचैतन्यानन्द उवाच -

अस्ति रू प्यचतुष्की या दिश्युदीच्यां हि मन्दिरात् ।
प्रतीच्यां दिशि तत्स्तम्भादग्रेऽभूद्रम्यमङ्गणम् ॥१॥
तत्राऽऽसीद्वेदिका तस्यां रम्यायां श्रीहरिर्विरे ।
न्यषीदत्स्वासने युक्ते तूलिकाद्यैर्मुहुर्मुहुः ॥२॥
औदासीन्यमथ प्राप्तः कर्हिचित्तत्र स प्रभुः ।
इत्थं प्रोवाच भक्तान् स्वान् सद्भिर्वत्स्याम्यहं समम् ॥३॥
स तत्राऽथाऽकरोद्राजन्! धर्मज्ञानादिवार्तिकाम् ।
तत्राऽथाऽभुक्त भोज्यानि हरिर्नानाविधानि सः ॥४॥
राजंस्तत्राऽथ चत्वारि दिनानि श्रीहरिर्विभुः ।
शिश्ये कोमलशय्यायां यामवत्यां दयानिधिः ॥५॥

અધ્યાય-૭૨

સુરપ્રભાદેવી અને વર્ણીઓ ઉપર કૃપા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં ઉત્તર દિશાની રૂપ ચોકીથી પાસેના પશ્ચિમ તરફના થાંભલાથી આગળ પાકું આંગણું હતું. ॥૧॥

ત્યાં એક રમણીય ઓટો હતો. તેના ઉપર ગાદી તકિયા મુકાવીને બિછાવેલા સુંદર પોતાના આસન ઉપર શ્રીહરિ વારંવાર વિરાજમાન થતા હતા. ॥૨॥

કોઈ એક વખત શ્રીહરિ ઉદાસ થઈ ગયા. પછી તેમણે સહુ સંત હરિભક્તોને કહ્યું કે હવે હું સાધુઓની સાથે રહીશ. ॥૩॥

હે રાજન્ ! આ પછી તો શ્રીહરિ ત્યાં ધર્મ અને જ્ઞાન સંબંધી વાતો કરવા લાગ્યા. અને અનેક પ્રકારના ભોજનના થાળ પણ ત્યાં જમવા લાગ્યા. ॥૪॥

હે રાજન્ ! મહાસમર્થ અને દયાનિધિ શ્રીહરિ ત્યાં ચાર દિવસ સુધી રાતે કોમળ પથારીમાં સૂતા હતા. ॥૫॥

तत्र पञ्चदशाहानि श्रीहरिर्न्यवसन्नृप! ।
तदा सेवां हरेश्चक्रे मुकुन्दानन्दवर्णिराट् ॥६॥
अथैकदा हरौ सक्ता त्वत्पितुर्जननी नृप! ।
सार्द्धं सुरप्रभा स्वीयैरैच्छद्भोजयितुं हरिम् ॥७॥
साऽथ फेणीप्रमुख्यानि नानाभोज्यानि तं हरिम् ।
भोजयित्वा च मुन्यादींस्तर्पयामास निर्भरम् ॥८॥
कैसरेणाऽथ गन्धेन कस्तूरीकुङ्कुमाक्षतैः ।
माल्यकेयूरहाराद्यैर्भूषावस्त्रैर्महाधनैः ॥९॥
चारु धूपप्रदीपाद्यैस्त्वत्तातश्चोपचारकैः ।
स्वेष्टदेवं हरिं भक्त्या पूजयामास भूपते! ॥१०॥
वाक्यं प्राहेत्यथ प्रीत्या श्रीहरिं सा सुरप्रभा ।
राजदुर्गं त्वयाऽऽगम्यं दयां कृत्वा दयोदधे! ॥११॥
प्रार्थ्यमानस्तयाऽप्येवं राजदुर्गं न सोऽव्रजत् ।

હે નૃપ ! શ્રીહરિ પંદર દિવસ સુધી ત્યાં રહ્યા અને તે વખતે વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામી શ્રીહરિની સેવામાં હતા. ॥૬॥

હે નૃપ ! શ્રીહરિના સ્વરૂપમાં ખૂબ જ ભક્તિભાવથી જોડાયેલા તમારા પિતામહી(પિતાની મા, શ્રીદાદાખાચરના મા) સુરપ્રભા દેવીના મનમાં સંતોને અને શ્રીહરિને જમાડવાની ઈચ્છા થઈ. ॥૭॥

પછી તેમણે સૂતર ફેણી આદિ અનેક પ્રકારના ભોજન તૈયાર કરાવીને શ્રીહરિ તથા સંતો વગેરેને જમાડીને અતિશય તૃપ્ત કર્યા. ॥૮॥

હે ભૂપતે ! તે પછી કેસરી ચંદન, કસ્તૂરી, કુંકુમ, અક્ષત, સુગંધી ફૂલોના હાર, તોરા, બાજુબંધ આદિ તથા કિંમતી વસ્ત્રો અને ઘરેણાં, સુંદર ધૂપ દીપ આદિ ઉપચારોને લઈને તમારા પિતા શ્રીદાદાખાચરે ભક્તિભાવથી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પૂજા કરી. ॥૯-૧૦॥

શ્રીહરિની આ રીતે પૂજા કરાવ્યા પછી સુરપ્રભા દેવીએ શ્રીહરિને વચન કહ્યું, હે દયાના સાગર ! અમારા ઉપર દયા કરીને આપ દરબારગઢમાં પધારો. ॥૧૧॥

सा प्रणम्याऽथ तं प्रायाद्राजदुर्गं सुरप्रभा ॥१२॥
दिव्यदृष्टिं ततः प्राप्ता सत्वरं सा हरीच्छया ।
तत्राऽपश्यद्धरिं वेद्यां निषण्णं दिव्यविग्रहम् ॥१३॥
कोटिकामस्मयोच्छेदं कोटिकोट्यर्कतेजसम् ।
नैकलोकेशसौन्दर्यं तर्ज्जयन्तं निजश्रिया ॥१४॥
साऽथ तस्यऽऽननं प्रीत्या प्रेक्षमाणा मनोरमम् ।
व्यपश्यत्तेजसां राशिं व्याप्नुवानं दिशो दश ॥१५॥
सुश्वेतीकृतदिग्भागं लोचनानन्ददायिनम् ।
पुञ्जीभूतघनश्वेतं सुदिव्यं चन्द्रशीतलम् ॥१६॥
तत्रैक्षताऽवतारान् सा चतुर्विंशतिसम्मितान् ।
भूरितेजोमयान् दिव्यान् मनोनेत्रातिशान्तिदान् ॥१७॥
कुर्वाणान् पूजनं प्रीत्या हरेर्दिव्योपचारकैः ।

આ પ્રમાણે પ્રાર્થના કરવા છતાં પણ તેઓ દરબારગઢમાં ન ગયા. પછી તો તે સુરપ્રભાદેવી શ્રીહરિને પ્રણામ કરીને દરબારગઢમાં ચાલ્યા ગયા. ॥૧૨॥

પછી શ્રીહરિની ઈચ્છાથી સુરપ્રભા દેવીને તુરંત દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ અને ત્યાં દરબારમાં તેમને ઓટા ઉપર દિવ્ય સ્વરૂપે વિરાજમાન શ્રીહરિના દર્શન થયા. ॥૧૩॥

તેઓ કરોડો કામદેવના ગર્વને ગાળી દેનારા, કરોડો સૂર્યના સમાન તેજસ્વી અને પોતાના સૌન્દર્યથી અનેક લોકપાળોના સૌન્દર્યને પણ ઝાંખું પાડી દેતા હતા, આવા મનોહર શ્રીહરિના મુખારવિંદને તેઓ પ્રેમભાવથી જોઈ રહ્યા હતા, તેવા સમયમાં તો દસે દિશાઓમાં વ્યાપી ગયેલો તેજનો પુંજ દેખ્યો. ॥૧૪-૧૫॥

તે તેજઃપુંજથી બધી દિશાઓ સફેદ થઈ ગઈ હતી. તેને દેખતી આંખોને આનંદ થતો હતો. તે તેજ, ભેળા મળેલા શ્વેત વાદળાં જેવું, દિવ્ય અને ચંદ્રમા જેવું શીતળ હતું. ॥૧૬॥

સુરપ્રભાદેવીને તે તેજમાં ચોવીશ અવતારોના દર્શન થયા. અવતારો અત્યંત તેજોમય અને દિવ્ય હતા. મનને અને આંખોને શાંતિ આપતા હતા. ॥૧૭॥

તે અવતારો દિવ્ય ઉપચારો લઈને પ્રેમથી શ્રીહરિનું પૂજન કરતા હતા. હે

अक्षराख्यांस्तथा मुक्तान् दिव्यांस्तेजोमयान्नृप! ॥१८॥
तांस्ततः श्रीहरेर्मूर्तौ साऽपश्यल्लीनतां गतान् ।
पृथग्भूतानथाऽशेषांस्तस्मात्तानद्भुताकृतीन् ॥१९॥
तिरोऽभूवन्नथाऽशेषास्तेऽवतारास्तदिच्छया ।
तस्येच्छयाऽथ सा प्रापत् समाधिं शान्तिदायिनम् ॥२०॥
सा तत्राऽथाऽक्षरे दिव्ये धाम्नि तं दिव्यविग्रहम् ।
जुष्टं कोट्यक्षरैर्मुक्तैरैक्षतोदारतेजसम् ॥२१॥
तद्वृत्तान्तं ततः प्रीत्या त्वत्तातश्चाब्रवीद्धरिम् ।
ततः स प्राप्य तां तूर्णं समाधेरु दतिष्ठिपत् ॥२२॥
अथेत्याह त्वयि प्रीतो जातोऽहं तद्वरं हि मत् ।
त्वं वृणीष्व यथाकामं ततः सेत्यब्रवीद्धरिम् ॥२३॥
मदीये राजदुर्गेऽस्मिन् सर्वदा त्वं वस प्रभो! ।
वर्ततेऽयं वरोऽस्माकं त्वं नो दातुं तमर्हसि ॥२४॥

નૃપ ! આ રીતે જ તેમને દિવ્ય તેજોમય અક્ષર મુક્તોના પણ દર્શન થયા. ॥૧૮॥

પછી તેણે તે અવતારોને શ્રીહરિની મૂર્તિમાં લીન થતા જોયા. વળી ફરીવાર અદ્‌ભુત સ્વરૂપવાળા તે બધાને શ્રીહરિથી અલગ પણ દેખ્યા. ॥૧૯॥

શ્રીહરિની ઈચ્છાથી તે બધા અવતારો અંતર્હિત થઈ ગયા. પછી સુરપ્રભાદેવીને શાંતિદાયી સમાધિ થઈ ગઈ. ॥૨૦॥

તેણે ત્યાં દિવ્ય અક્ષરધામમાં અત્યંત તેજસ્વી શ્રીહરિના દિવ્ય સ્વરૂપે દર્શન કર્યા. કરોડો અક્ષરમુક્ત શ્રીહરિની સેવા કરી રહ્યા હતા. ॥૨૧॥

તમારા પિતાશ્રી દાદાખાચરે શ્રીહરિની પાસે જઈને તુરંત પ્રેમથી આ વૃત્તાંત કહ્યું. પછી શ્રીહરિ જલદી ત્યાં ગયા અને સુરપ્રભા દેવીને સમાધિમાંથી ઉઠાડ્યા. ॥૨૨॥

શ્રીહરિએ તેમને કહ્યું, હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તો તમારા મનમાં જેવી ઈચ્છા હોય તેવું વરદાન મારી પાસે માગો. ત્યારે તેણે શ્રીહરિને કહ્યું, ॥૨૩॥

"હે પ્રભો ! આ અમારા દરબારગઢમાં આપ કાયમ રહો, અમે આવું વરદાન માગીએ છીએ, તો આપ તે આપો." ॥૨૪॥

अथातिप्रीत एवेशः पितामह्यै स ते हरिः ।
वरं दत्वाऽवसत् प्रीत्या राजदुर्गेऽत्र सर्वदा ॥२५॥
सुधालिप्तं समं स्थानं मन्दिरादस्त्युदग्दिशि ।
वारुण्यां कुट्यभूत्तस्मान् मुकुन्दानन्दवर्णिनः ॥२६॥
स तस्यामेकदा राजन्! प्रीत्या भोजयितुं हरिम् ।
आह्वयत् स ततो धार्मिस्तत्राऽऽयात्तन्मुदे प्रभुः ॥२७॥
ततस्तत्सेवनासक्तो मुकुन्दानन्दवर्णिराट् ।
बह्वाज्यशर्करोपेतान् मोदकांस्तं ह्यभोजयत् ॥२८॥
नानाविधानि चान्यानि सुधास्वादूनि भूपते! ।
व्यञ्जनादीनि स प्रीत्या भोजयित्वा व्यतीतृपत् ॥२९॥
तं निषाद्याऽथ संयुक्ते कोमलैस्तूलिकादिभिः ।
आसने तं स चाऽपश्यच्चकोरः शशिनं यथा ॥३०॥
चारु चन्दनकाश्मीरमाल्यहारादिभिस्तथा ।

ત્યારે શ્રીહરિ તમારા પિતામહી (પિતાની મા) ના ઉપર અત્યંત રાજી થયા. તેમણે માગેલ વરદાન આપ્યું અને હમેશાં આ દરબારગઢમાં પ્રસન્ન મનથી રહ્યા હતા. ॥૨૫॥

શ્રીગોપીનાથજી મહારાજના મંદિરથી ઉત્તર દિશામાં ચૂનાબંધ સમતળ સ્થાન હતું. તેનાથી પશ્ચિમમાં શ્રીમુકુંદાનંદ વર્ણીની ઓરડી હતી. ॥૨૬॥

હે રાજન્ ! શ્રીમુકુંદાનંદ વર્ણીએ એક વખત પોતાની ઓરડીમાં શ્રીહરિને પ્રેમથી થાળ જમાડવા માટે બોલાવ્યા. તેથી ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ તેમને રાજી કરવા ત્યાં પધાર્યા. ॥૨૭॥

શ્રીહરિની સેવામાં તત્પર રહેનારા વર્ણિરાજ શ્રીમુકુંદ વર્ણીએ ઘણું ઘી સાકર નાખીને બનાવેલા લાડુ તેમને જમાડ્યા. ॥૨૮॥

હે ભૂપતે ! અમૃતના જેવા સ્વાદવાળા બીજા અનેક પ્રકારના શાક વગેરે ભોજન હેતથી જમાડીને શ્રીહરિને તૃપ્ત કર્યા. ॥૨૯॥

પછી સુંવાળા ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર તેમને પધરાવ્યા. તેમણે પોતાના અતિશય વહાલા શ્રીહરિને સુંદર ચંદન, કુંકુમ, ફૂલોના હાર વગેરેથી

पूजयित्वा स तं प्रेष्ठं महानीराजनं व्यधात् ॥३१॥
तदा बभौ श्रीहरिरात्मभक्तै, र्वृतोऽतिहृष्टैर्भगणैरिवेन्दुः ।
माल्योल्लसच्छेखरसारहारकेयूरमुख्यैरतिराजमानः ॥३२॥
काश्मीरसच्चन्द्रकरोचमानां, भालेदधच्चन्दनपत्रलेखाम् ।
मनोहरस्मेरविराजितास्यः, पश्यज्जनानन्दनदिव्यरूपः ॥३३॥
ते वर्णिनश्चाऽथ मुकुन्दमुख्यास्तेजश्चयं तं प्रसरन्तमग्र्यम् ।
प्रणाशयन्तं हरितां तमिस्रं व्यालोकयन्विस्मययुक्तचित्ताः ॥३४॥
अथोल्लसद्वर्णिमनोज्ञवेशं ते वामनं तत्र सुदण्डहस्तम् ।
आलोकयन्ति स्म तमीक्षमाणं, हरिं प्रशान्तं रमणीयरूपम् ॥३५॥
अथोपचारैर्हरिमर्च्चयन्तं मनोहरैः षोडशभिर्निजेष्टम् ।
ते वीक्ष्य तं पूरुषसूक्तमन्त्रैराश्चर्यमापुर्बहुलप्रमोदाः ॥३६॥

પૂજીને આરતી ઉતારી. પછી ચકોર પક્ષી જેમ ચંદ્રમાને જુએ તેમ શ્રીહરિના મુખારવિંદ સામે જોઇ રહ્યા. ॥૩૦-૩૧॥

તે સમયે તારામંડળમાં જેમ ચંદ્રમા શોભે તેમ પોતાના ભક્તોની વચ્ચે શ્રીહરિ શોભી રહ્યા હતા. તેઓ પુષ્પોના સારા હાર, તોરા અને બાજુબંધ વગેરેથી દેદીપ્યમાન જણાતા હતા. ॥૩૨॥

કપાળમાં ચંદનની આડ કરી હતી અને તેમાં કુંકુમનો ચાંદલો શોભતો હતો. મનોહર હાસ્યથી મુખ ઓપતું હતું. દર્શન કરનારા ભક્તોને આનંદ આપે તેવું દિવ્ય સ્વરૂપ હતું. ॥૩૩॥

તે વખતે શ્રીહરિના સ્વરૂપમાંથી તેજનો પુંજ પ્રકટ થયો. તે ચોતરફ પ્રસરી ગયો. તેનાથી બધી દિશાઓનું અંધારું ટળી ગયું. તેને દેખીને શ્રીમુકુંદાનંદ સ્વામી આદિ બ્રહ્મચારીઓના મન અત્યંત વિસ્મય પામ્યા. ॥૩૪॥

પછી તે બ્રહ્મચારીઓને તે તેજમાં સુંદર બ્રહ્મચારીના મનોજ્ઞવેશમાં શ્રીવામન ભગવાનના દર્શન થયા. તેમના હાથમાં પલાશ (ખાખરા)નો દંડ હતો. તેઓ અતિશાંત અને મનોહરમૂર્તિ શ્રીહરિના દર્શન કરી રહ્યા હતા. ॥૩૫॥

પછી તે શ્રીવામન ભગવાન પુરુષ સૂક્તના મંત્ર બોલીને મનોહર સોળ ઉપચારોથી ઇષ્ટદેવ શ્રીહરિની પૂજા કરતા હતા. તે જોઇને પુષ્કળ આનંદિત થયેલા તે વર્ણીઓને આશ્ચર્ય થયું. ॥૩૬॥

तदीयमूर्तौ तमथ प्रपन्नं, विलीनतामद्भुतदर्शनायाम् ।
निरीक्ष्य तं ते ह्यवतारहेतुं विदुर्ध्रुवं हर्षमहाब्धिमग्नाः ॥३७॥
ततो निजास्येन्दुनिबद्धनेत्रांस्तान् भूरिकारुण्यसुधार्द्रदृष्ट्या ।
निरीक्ष्यमाणो ह्युपदेष्टुमिच्छन् हरिर्मुदैवं समुवाच वाचम् ॥३८॥
स्त्रीणां प्रसङ्गः किल सर्वथोक्तो, बृहद्व्रतैस्त्याज्यतयाऽत्र सद्भिः ।
श्रेयोङ्कुरच्छेदकरोऽतिनिन्द्यः शास्त्रेषु सत्स्वीरित एव सभ्याः ! ॥३९॥
यासां प्रसङ्गेन जनास्तु तीव्रां, याम्यां व्यथां यान्ति चिरं दुरन्ताम् ।
देहाभिमानं विबुधाश्च येन, च्युतिं तथा यान्ति विमुक्तिमार्गात् ॥४०॥
योषाप्रसङ्गोऽस्ति यथा सुशीलाः ! विमोहकारी दृढबन्धहेतुः ।
नास्ति प्रसङ्गोऽत्र तथाविधोऽन्यो दुरन्तनानाविधदुःखदाता ॥४१॥
हेयोऽष्टधा वर्णिभिरङ्गनानां, सदा प्रसङ्गोऽशुभकृद्व्रवद्भिः ।

પછી તે શ્રીવામનજી અદ્‌ભુત દેખાતી શ્રીહરિની મૂર્તિમાં લીન થઇ ગયા. આવા દર્શન થવાથી સૌએ શ્રીહરિને સર્વ અવતારોનું કારણ માન્યા અને આનંદના સાગરમાં ગરકાવ થઇ ગયા. ॥૩૭॥

સમગ્ર વર્ણીઓની નજર શ્રીહરિના મુખચંદ્રમાં લાગેલી હતી. શ્રીહરિ અપાર કરુણારૂપી અમૃતથી ભરેલી દૃષ્ટિથી સહુને દેખતા હતા. તે બધાને કાંઇ ઉપદેશ આપવાની ઇચ્છાથી તેમણે પ્રેમસહિત આવું સુંદર વચન કહ્યું. ॥૩૮॥

આ લોકમાં સારા બ્રહ્મચારીઓએ બધી જ રીતે સ્ત્રીઓનો સંસર્ગ તજી દેવો જોઇએ. સ્ત્રીઓનો સંસર્ગ મોક્ષના અંકુરને કાપી નાખે છે, માટે તેને સચ્છાસ્ત્રોમાં અત્યંત નિંદ્ય ગણાવ્યો છે. ॥૩૯॥

જેના પાપમય સંસર્ગથી લોકો તીવ્ર યમયાતના અને અપાર અસહ્ય વેદનાને ચિરકાળ સુધી ભોગવે છે. તેમજ દેવ જેવા ડાહ્યા માણસો પણ દેહાભિમાની થઇને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે. ॥૪૦॥

હે સુશીલ વર્ણીઓ ! સ્ત્રીઓનો સંસર્ગ જેવો મોહ પેદા કરે છે, દૃઢ બંધનનું કારણ બને છે અને અનેક પ્રકારના અપાર દુઃખ દે છે તેવો બીજો કોઇ પણ પ્રસંગ નથી. ॥૪૧॥

બ્રહ્મચારીઓને સ્ત્રીઓનો સંસર્ગ હમેશાં પાપરૂપ છે. માટે તમારે આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખવો. બ્રહ્મચારીઓએ સ્ત્રીઓએ રાંધેલી રસોઇ ક્યારેય

न सवर्था तत्कृतपाकभुक्तिः कार्या किल क्वापि बृहद्व्रतस्थैः ॥४२॥
त्याज्यस्तथैवात्र धनस्य सौम्या! नूनं भवद्भिः किल सङ्ग्रहश्च ।
अनर्थहतोरपरैर्न कैश्चिद्विधापनीयो विपदां पदस्य ॥४३॥
योषित्त्यजां द्रव्यमिहास्ति नानाबन्धस्यहेतुर्भवतां बहूनाम् ।
ददाति दुःखं समुपार्जने तदतो मया हेयतया प्रगीतम् ॥४४॥
अतोऽत्र युष्माभिरहं वदामि, यथा तथैव ह्यनुवर्तनीयम् ।
इतोऽन्यथा नो बटवः प्रकुर्युर्ये वर्तनं वै मम ते प्रियाश्च ॥४५॥
आज्ञां मदीयां समतीत्य येऽत्र स्वीयेच्छया वर्तनमेव कुर्युः ।
भुवि स्वतन्त्रा रसनादिसक्ता अन्योपमाना नहि ते मदीयाः ॥४६॥
ते तं तथेति समुदीर्य ततोऽतिहृष्टास्तं श्रीहरेरखिलदुःखहरं निदेशम् ।
तं स्वेष्टदेवमखिला ननु वन्दमानाः प्रीत्या दधुर्निजशिरस्सु हरिं प्रसक्ताः॥

જમવી નહિ. ॥૪૨॥

હે સૌમ્ય વર્ણીઓ ! બ્રહ્મચારીઓને માટે ધનનો સંગ્રહ કરવો તે અનેક અનર્થનું મૂળ છે તથા અનેક વિપત્તિઓનું સ્થાન છે, માટે તમારે ધન સંગ્રહ સ્વયં કરવો નહિ અને બીજા પાસે કરાવવો નહિ. ॥૪૩॥

સ્ત્રીના સંસર્ગથી દૂર રહેતા તમારા જેવા ઘણાને ધનનો સંગ્રહ અનેક જાતનું બંધન કરાવે છે. ધન સંગ્રહ ધન મેળવવામાં ઘણું દુઃખ આપે છે, અને તેટલા માટે જ મેં તેને તજી દીધા જેવું ગણાવ્યું છે. ॥૪૪॥

એટલા માટે જ જેમ હું કહું છું તેમ તમારે સહુએ વર્તવું જોઇએ. આથી જે વિરુદ્ધ નથી વર્તતા તે મને વહાલા લાગે છે. ॥૪૫॥

આ ભૂમિ ઉપર મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જે સ્વૈચ્છિક રીતે-સ્વચ્છંદી પણે વર્તે, રસાસ્વાદી થઇ જાય અથવા બીજાનો વાદ લે, તે મારા આશ્રિત નથી. ॥૪૬॥

પછી શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહથી બંધાયેલા તે બધા બ્રહ્મચારીઓએ "જેમ આપ કહો છો તેમ અમે વર્તશું" આમ કહ્યું. સહુ મનમાં ખૂબ જ રાજી થયા. હેતથી સહુએ વંદન કર્યા અને શ્રીહરિના સર્વદુઃખહારી આદેશને- ઉપદેશ વચનને માથે ચઢાવ્યું ॥૪૭॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्मये श्रीहरिप्रदर्शितवामनस्वरूपादिनिरू पणं नाम द्वासप्ततितमो-ऽध्यायः ॥७२॥

अथ त्रिसप्ततितमोऽध्यायः

चतुरो वर्णिनः प्राह सनकादीनितीश्वरः ।
अचीखनत् त्रिसप्ततितमे कूपं तथेतरम् ॥

श्रीचैतन्यानन्द उवाच -

अथैकदाऽऽहूय महानसे स्वे, तं श्रीहरिं वर्णिवराः सहर्षम् ।
सिंहासने कोमलतूलिकाद्यै, र्निषादयन्ति स्म युते सुदिव्ये ॥१॥
सर्वेऽथ ते सौरभयुक्तगन्धकस्तूरिकाकुंकुमाल्यहारैः ।
सत्पुष्पकेयूरसुशेखराद्यैस्तं पूजयन्ति स्म वरोपचारैः ॥२॥
नीराजनं तेऽथ विधाय राजन्!, प्रदक्षिणीकृत्य तमिष्टदेवम् ।
स्तुत्वा तमीशं च यथामनीषं, प्रीत्याऽथ ते भोजयितुं तमैच्छन् ॥३॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૭૨ સમાપ્ત

અધ્યાય - ૭૩

ચાર બ્રહ્મચારીઓને સનકાદિ કહ્યા. નારાયણ લહેરી કૂવો ગળાવ્યો અને બીજા ચરિત્ર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત બ્રહ્મચારીઓએ હરખથી શ્રીહરિને પોતાને રસોડે બોલાવ્યા. ત્યાં સુંવાળું ગાદલું પાથરેલા દિવ્ય સિંહાસન ઉપર પધરાવ્યા. ॥૧॥

અને ભેળા મળેલા તે સમગ્ર વર્ણીઓએ સુગંધી ચંદન, કસ્તૂરી, કુંકુમ, ફૂલહાર, સારા પુષ્પોના બાજુબંધ તથા તોરા આદિ શ્રેષ્ઠ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨॥

હે રાજન્ ! પછી સૌએ ઈષ્ટદેવ શ્રીહરિની આરતી કરી, પ્રદક્ષિણા કરી. પછી યથાબુદ્ધિ સ્તુતિ પણ કરી અને પ્રેમથી શ્રીહરિને થાળ જમાડવાની ઈચ્છા કરી,

विचित्रभोज्यान्यथ ते वराणि शाकादियुक्तानि सुधोपमानि ।
संयावमुख्यानि हरिं हि राजन्! सम्भोजयामासुरु दारभावाः ॥४॥
तथा त्वदीयं पितरं प्रशान्तं हरिप्रसक्तं सुविविक्तबुद्धिम् ।
प्रासादिकैरेव हरेः सुभोज्यैरतर्पयन् वै हरिभक्तमुख्यम् ॥५॥
स तूलिकाद्यैरथ सन्यषीदद् वरासने भूमिपते! समेते ।
ततस्तदग्रे तदवेक्षणोत्का, मुदान्यषीदन् व्रतिनोऽखिलास्ते ॥६॥
प्रश्नानथाऽऽपृच्छ्य हरिस्ततस्तान् व्यधात्परीक्षां स तदीयबुद्धेः ।
अतिप्रसक्तिं गतवांश्च तेषु प्रावोचदित्थं वचनं स्वभक्तान् ॥७॥
वर्णीन्द्रो नैष्ठिको वासुदेवानन्दाभिधः सुधीः ।
आनन्दानन्द संज्ञश्च वैकुण्ठानन्द संज्ञितः ॥८॥
गोविन्दानन्दसंज्ञोऽसौ ब्रह्मचारी च नैष्ठिकः ।
एते सन्ति हि चत्वारः सन्निभाः सनकादिभिः ॥९॥

॥૩॥

હે રાજન્ ! શીરો ગેરે અમૃત જેવા જાત જાતના ભોજન, વિવિધ શ્રેષ્ઠ શાક આદિ તૈયાર કરીને ઉદાર ભાવવાળા તે વર્ણીઓએ શ્રીહરિને જમાડ્યા. ॥૪॥

તે રીતે જ સ્વભાવે શાંત, શ્રીહરિના સ્વરૂપમાં મનને જોડી રાખનારા, શુદ્ધ બુદ્ધિવાળા અને હરિભક્તોમાં શ્રેષ્ઠ આવા તમારા પિતા શ્રીદાદાખાચરને પણ થાળની પ્રસાદીરૂપ સુંદર ભોજન પીરસીને તૃપ્ત કર્યા. ॥૫॥

હે ભૂમિપતે ! ગાદી તકિયાથી સરસ બિછાવેલા શ્રેષ્ઠ આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા અને તેમની આગળના ભાગમાં તેમના દર્શન કરવામાં ઉત્સુક બધા બ્રહ્મચારીઓ પ્રેમથી બેઠા. ॥૬॥

પછી શ્રીહરિએ કેટલાક પ્રશ્ન પૂછીને તેમની બુદ્ધિની પરીક્ષા કરી. તે બધા બ્રહ્મચારીઓનો ઘણો પ્રસંગ થયા પછી શ્રીહરિએ સભામાં સર્વ ભક્તો આગળ આવી વાત કરી. ॥૭॥

સદ્બુદ્ધિવાળા નૈષ્ઠિક વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદ સ્વામી, શ્રીઆનંદાનંદ સ્વામી, શ્રીવૈકુંઠાનંદ સ્વામી અને શ્રીગોવિંદાનંદ સ્વામી, આ ચારેય નૈષ્ઠિક બ્રહ્મચારી સનકાદિકના જેવા છે. ॥૮-૯॥

इत्युक्त्वा श्रीहरिः प्रीत्या तेषां वक्षस्यधान्निजे ।
पादपद्मे मुनिध्येये तापसैश्चापि वाञ्छिते ॥१०॥
तदा तेषां हि तत्साम्ये केषाञ्चित् संशयोऽभवत् ।
अथाऽगात् सच्चिदानन्दः समाधिं श्रीहरीच्छया ॥११॥
तत्र तान् स ततोऽपश्यत् सनकाद्यैः समाऽऽकृतीन् ।
शान्तान् मनोहरान् दिव्यांस्तद्वच्छीलगुणादिकान् ॥१२॥
अथ प्राप्तो बहिर्दृष्टिं स योगीन्द्रः समाधितः ।
इत्यवोचद्धरिं वाक्यं सुप्रसन्नाननाम्बुजम् ॥१३॥
समाधौ प्रेक्षिताः स्वामिन् ! मयैते सनकादिभिः ।
तुल्यरू पगुणाचारस्वभावा वर्णिनो हरे! ॥१४॥
तस्मादेते हि वर्तन्ते चत्वारश्चारु दर्शनाः ।
सनकाद्यैः समानत्वं सम्प्राप्ता नैष्ठिकोत्तमाः ॥१५॥

આટલું કહ્યા પછી મુનિઓ જેનું ધ્યાન કરતા હોય છે અને તપસ્વીઓ જેની ઈચ્છા કરતા હોય છે આવા પોતાના બંને ચરણ કમળ તે બ્રહ્મચારીઓની છાતીમાં પ્રેમથી ચાંપ્યા. ॥૧૦॥

તે સમયે સભામાં બેઠેલા કેટલાકને સંશય થયો કે ''શું આ ચાર વર્ણીઓ સનકાદિક જેવા હશે ?'' તે વખતે હરિ ઈચ્છાથી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ. ॥૧૧॥

સમાધિમાં તેમણે આ ચાર બ્રહ્મચારીઓને સનકાદિના જેવી આકૃતિવાળા જોયા, તેઓ સ્વભાવે શાંત, દેખાવમાં મનોહર, સ્વરૂપમાં દિવ્ય અને તેમના જેવા જ શીલ તથા ગુણોથી સંપન્ન હતા. ॥૧૨॥

યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી પછી સમાધિમાંથી જાગૃત થયા. પછી મુખકમળ ઉપર પ્રસન્નતા ધારી રહેલા શ્રીહરિને તેમણે કહ્યું, ॥૧૩॥

હે હરે ! હે સ્વામિન્ ! મેં સમાધિમાં આ ચારેય બ્રહ્મચારીઓને સ્વરૂપ, સ્વભાવ અને ગુણ આચરણ વગેરેમાં સનકાદિકના જેવા જ જોયા છે. ॥૧૪॥

તેથી સુંદર દેખાતા આ ચારેય શ્રેષ્ઠ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ સનકાદિકોના જેવા જ છે. ॥૧૫॥

स इत्याकर्ण्य तद्वाक्यं नैष्ठिकव्रतवत्प्रियः ।
प्रसन्नास्योऽभवत् प्रीतः सोऽब्रवीत्तमिदं पुनः ॥१६॥
येषां तदीयतत्साम्ये जनानां संशयोऽभवत् ।
सङ्कल्पः श्रीहरे! तेषां मया ज्ञातस्त्वदोजसा ॥१७॥
ततः सन्दिग्धचित्तास्ते जाता निःसंशया हरेः ।
पादौ नत्वाऽपराधं नः क्षमस्वेत्यब्रुवन् हरिम् ॥१८॥
उत्थायाऽथाऽऽसनात् प्रीतः श्रीहरिः पार्षदैर्युतः ।
साश्चर्यप्रेक्षितः पौरैर्निजावासं समाययौ ॥१९॥
मुकुन्दानन्दमुख्या ये वर्णिनस्तेऽथ तं हरिम् ।
कूपं खनयितुं राजन्! प्रार्थयामासुरानताः ॥२०॥
स प्राच्यां दिश्यथ क्षोण्यां चारु वर्णिमहानसात् ।
पद्गानाज्ञापयत् प्रीत्या कूपं खनयितुं द्रुतम् ॥२१॥

શ્રીહરિને નૈષ્ઠિક વ્રત પાળનારા ઘણા વહાલા છે, તેથી શ્રીસચ્ચિદાનંદ સ્વામીનું વચન સાંભળીને તેમનું મુખ પ્રસન્ન થયું. પછી રાજી થઈને સ્વામીએ ફરીવાર વાત કહી. ॥૧૬॥

''આ બ્રહ્મચારીઓ સનકાદિકના જેવા છે'' આ બાબતમાં જેને સંદેહ ભર્યો સંકલ્પ થયો હતો, હે હરે ! આપના પ્રતાપથી તેને હું સમજી ગયો હતો. ॥૧૭॥

પછી જેના મનમાં સંદેહ પેદા થયો હતો તેઓ નિઃસંદેહ થઈ ગયા. તેઓ સભામાં ઊભા થઈને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને અમારા અપરાધને માફ કરો, એમ શ્રીહરિ આગળ બોલ્યા. ॥૧૮॥

પછી શ્રીહરિ પ્રસન્ન થયા. આસનેથી ઊઠ્યા. પાર્ષદો સાથે હતા. નગરવાસી ભક્તો આશ્ચર્યપૂર્વક મહિમા સાથે દર્શન કરતા હતા અને શ્રીહરિ પોતાને ઉતારે અક્ષરભવન પધાર્યા. ॥૧૯॥

હે રાજન્ ! શ્રીમુકુંદાનંદ વર્ણી વગેરે જે બ્રહ્મચારીઓ હતા, તેમણે શ્રીહરિને પગે લાગીને એક કૂવો ખોદાવી આપવા માગણી કરી. ॥૨૦॥

ત્યારે શ્રીહરિએ તે બ્રહ્મચારીઓના સુંદર રસોડાથી પૂર્વની જમીન જોઈને ત્યાં જલદી કૂવો ગાળવા માટે પ્રેમથી પાર્ષદોને આજ્ઞા કરી. ॥૨૧॥

तेऽथः तत्प्रीणनोद्युक्ताः कूपसंखननं व्यधुः ।
प्रातः सायं तदा राजन्! न्यषीदत्तत्र स प्रभुः ॥२२॥
तृतीयेऽथाऽह्नि तत्राभून्निर्गतं सलिलं शिवम् ।
तत्राऽथ वर्णिनः प्रीत्या तन्नीरैस्तमसिस्नपन् ॥२३॥
मन्त्रैः पुरुषसूक्तस्य विधिवत्तेऽभ्यषेवचयन् ।
विष्णुनामसहस्रेण तीर्थपादाम्बुजं हरिम् ॥२४॥
महोत्साहोऽथ वर्णीन्द्रो वैकुण्ठानन्दसंज्ञितः ।
प्राञ्जलिस्तमिति प्रेष्ठं सादरं वाक्यमब्रवीत् ॥२५॥
उत्तीर्याऽस्मिन् हरे! कूपे स्वामिनारायण! प्रभो! ।
स्नात्वा कूपं विधेह्येतं गङ्गावत्तीर्थमुत्तमम् ॥२६॥
कृपामस्मासु कृत्वैतत् कार्यं कर्तुं त्वमर्हसि ।
यतस्त्वद्योगतः स्वामिन्! कूपाद्या यान्ति तीर्थताम् ॥२७॥
अम्भोऽथैतस्य कूपस्य त्वदीयस्नानपावितम् ।

પાર્ષદો શ્રીહરિને પ્રસન્ન કરવા માટે તત્પર રહેતા હતા. તેઓ કૂવો ગાળવા લાગ્યા. હે રાજન્ ! તે દિવસોમાં શ્રીહરિ સવારે અને સાંજે ત્યાં આવીને વિરાજતા હતા. ॥૨૨॥

કૂવો ગાળતા ત્રીજે દિવસ તો તેમાં સારું પાણી નીકળ્યું. પછી વર્ણીઓએ તે સારા નવા પાણીથી યથાવિધિ શ્રીહરિનો પ્રેમથી અભિષેક કર્યો. ॥૨૩॥

શ્રીહરિના ચરણ કમળ તીર્થરૂપ છે, તેથી પુરુષ સૂક્તના મંત્ર બોલીને તથા શ્રી વિષ્ણુનામસહસ્ર સ્તોત્ર બોલીને અભિષેક કર્યો. ॥૨૪॥

શ્રીવૈકુંઠાનંદ વર્ણી મહાન્ ઉત્સાહી હતા. તેમણે હાથ જોડ્યા અને વિનય સાથે આવું વચન કહ્યું. ॥૨૫॥

"હે હરે ! હે સ્વામિનારાયણ પ્રભો ! આપ આ કૂવામાં ઊતરો, કૂવાના પાણીમાં સ્નાન કરો અને તેને ગંગાના જેવું સર્વોત્તમ તીર્થ કરો. ॥૨૬॥

આપ અમારા ઉપર કૃપા કરીને આટલું કાર્ય કરી આપો. હે સ્વામિન્ ! કારણ કે આપના સંબંધથી કૂવો વગેરે બધા જ તીર્થભાવને પામી જાય છે. ॥૨૭॥

આપના સ્નાન કરવાથી પવિત્ર થયેલા આ કૂવાનું પાણી પીઈને અમે સહુ

पीत्वा वयं कृतार्थत्वं प्राप्स्यामस्त्वदनुग्रहात् ॥२८॥
उत्तीर्याथ हरिस्तस्मिन् कूपेऽस्नात्तीर्थसद्यशाः ।
ततो निर्गत्य तत्कूपाच्छ्वेतवस्त्राण्यधारयत् ॥२९॥
गन्धसन्माल्यहाराद्यैरर्घ्यैस्ते वर्णिनस्ततः ।
पूजयाञ्चक्रिरे भक्त्या स्वेष्टदेवं तमच्युतम् ॥३०॥
शर्करां तैरथाऽऽनीतां भूपते! श्रीहरिर्मुदा ।
स्वाश्रितान् व्यभजत् सर्वान् स्वप्रसादाभिकाङ्क्षिणः ॥३१॥
स्वासक्तं चाथ ते तातं वाक्यमित्यब्रवीद्धरिः ।
धीमन्! राज्ये त्वदीयेऽस्मिन् वर्ण्याद्याः सन्ति सङ्गताः ॥३२॥
भोजनीया दिने त्वस्मिंस्त्वया सन्तश्च वर्णिनः ।
तानथाऽभोजयत् सर्वान्नानाभोज्यैः स चोत्तमैः ॥३३॥
स्वाङ्गायोगातिपुण्यस्य तस्य कूपस्य भूपते! ।
नारायणलहर्याख्यां स व्यधात्सर्ववित् प्रभुः ॥३४॥

આપના રાજીપાથી કૃતાર્થ થઈ જશું. ॥૨૮॥

શ્રીહરિનો યશ તીર્થરૂપ છે, તેથી શ્રીહરિ પછી કૂવામાં ઊતર્યા. તેના પાણીમાં સ્નાન કર્યું. પછી તેમાંથી બહાર નીકળ્યા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા. ॥૨૯॥

પછી તે સર્વ વર્ણીઓએ સુગંધી ચંદન, સારા ફૂલહાર વગેરે ઉપચારોથી નિર્વિકારી ઈષ્ટદેવ શ્રીહરિની ભક્તિભાવથી પૂજા કરી. ॥૩૦॥

હે ભૂપતે ! બ્રહ્મચારી સાકર લાવ્યા. સહુની ઈચ્છા હતી કે અમને શ્રીહરિ સાકરની પ્રસાદી આપે. આથી શ્રીહરિએ સહુ આશ્રિત ભક્તોને સાકરની પ્રસાદી સ્વયં વહેંચીને આપી. ॥૩૧॥

પછી પોતાના સ્વરૂપમાં ભક્તિભાવથી જોડાએલા તમારા પિતાશ્રી દાદાખાચરને શ્રીહરિ એ કહ્યું કે હે ધીમન્ ! આ તમારા રાજ્યમાં (દરબાર ગઢમાં) વર્ણીઓ વગેરે ભેળા થયા છે. ॥૩૨॥

માટે સંતોને અને બ્રહ્મચારીઓને આજના દિવસે તમે જમાડો. પછી તેમણે સર્વોત્તમ પ્રકારની રસોઈ કરાવીને અનેક પ્રકારના ભોજનોથી સહુને જમાડ્યા. ॥૩૩॥

હે ભૂપતે ! સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિએ પોતાના સ્વરૂપ સંબંધથી અત્યંત પવિત્ર થયેલા તે કુવાનું નામ "નારાયણ લહેરી" આવું રાખ્યું. ॥૩૪॥

गोपीनाथीयसंराजन्मदिरस्य प्रदक्षिणा ।
या वर्त्तते ह्यधस्तस्याः स कूपो विद्यते नृप! ॥३५॥
अस्ति यद् वासुदेवस्य गर्भागारं महीपते! ।
गर्भागारं हि तत्राऽऽसीच्चारु प्राग्द्वारभास्वरम् ॥३६॥
तत्रासने न्यषीदत् स्वे शीतर्त्तावेकदा हरिः ।
वसानः स्वाकृतौ जीर्णां मृद्वीं तूलपटीं नृप! ॥३७॥
ततः सद्गुरवतस्य मुक्तानन्दादयोऽग्रतः ।
न्यषीदन् सोमसूराद्यास्तत्प्रसक्ताश्च पार्षदाः ॥३८॥
सोऽभयाख्यस्तथा राजा भूपते! त्वत्पितामहः ।
प्रेक्षमाणो हरिं प्रीत्या तस्य चोपाविशत्पुरः ॥३९॥
तावत्तत्राऽऽगतः कश्चिच्चारणस्तं व्यलोकयत् ।
तेजःपुञ्जातिराजन्तं दिव्यरू पं मनोहरम् ॥४०॥
कोटिकोट्यर्कसंकाशं प्रकाशं पुण्यदर्शनम् ।

હે નૃપ ! શ્રીગોપીનાથજી મહારાજના સુભવ્ય મંદિરની જે પ્રદક્ષિણા છે, તેની નીચેના ભાગમાં તે ‘‘નારાયણ લહેરી’’ કૂવો અત્યારે છે. ॥૩૫॥

હે મહીપતે ! આજે જે શ્રીવાસુદેવનારાયણનો ઓરડો છે, તે જગ્યાએ પહેલા એક સરસ આકર્ષક ઉગમણા બારનો ઓરડો હતો. ॥૩૬॥

હે નૃપ ! એક વખત શિયાળાનો દિવસ હતો અને શ્રીહરિ ત્યાં સુંવાળી જૂની ગોદડી ઓઢીને વિરાજ્યા હતા. ॥૩૭॥

પછી સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી વગેરે મોટેરા સદ્‌ગુરુઓ તેમની આગળ બેઠા અને શ્રીસોમલાખાચર તથા શ્રીસૂરાખાચર વગેરે હેતવાળા પાર્ષદો બેઠા હતા. ॥૩૮॥

હે ભૂપતે ! તમારા પિતામહ દરબારશ્રી એભલ ખાચર પણ શ્રીહરિની મૂર્તિ સામે નજર રાખીને આગળના ભાગમાં બેઠા હતા. ॥૩૯॥

તેવા સમયમાં ત્યાં કોઈ એક ચારણ આવ્યો. તેણે તેજના પુંજમાં વિરાજમાન મનોહર દિવ્ય સ્વરૂપવાળા શ્રીહરિના દર્શન કર્યા. ॥૪૦॥

દર્શન કરવાથી પુણ્ય વધારનારો, કરોડો સૂર્યના પ્રકાશ જેવો ઉજ્જ્વળ પ્રકાશ

कोटिकामस्मयोच्छेदं लोकसौन्दर्यतर्जनम् ॥४१॥
इत्थमाश्चर्यकृन्मूर्तिं तं विलोक्याऽतिविस्मितः ।
आनन्दाम्भोनिधौ मग्नो वाक्यमित्यब्रवीद्धि सः ॥४२॥
बिभ्रत् कन्थामसौ जीर्णां वर्तते भगवान् स्वयम् ।
रमाराधापतिः साक्षाद्भक्तसौख्यावतारभृत् ॥४३॥
अहो ततो वदंश्चाहो!! महानन्दाऽऽप्लुतान्तरः ।
सोऽनृत्यत्छ्रीहरेरग्रे प्रकुर्वन् कुर्दनं मुहुः ॥४४॥
ततस्तं प्रैक्षताऽत्युग्रैः कटाक्षैस्त्वत्पितामहः ।
लोकोपाधिकया भीतस्तं सोऽथेत्यब्रवीद्वचः ॥४५॥
भयङ्करैः कटाक्षैर्मां कथं त्वं प्रेक्षसेऽस्त्यसौ ।
ब्रह्म नारायणः पूर्णं परमात्मा सनातनः ॥४६॥
क्षरं चासावतिक्रान्तो वर्ततेऽप्यक्षरात्परः ।

અને તેના મધ્યમાં કરોડો કામદેવના ગર્વને ઉતારી નાખનારી તથા લોકના સૌંદર્યને ઝાંખું કરે તેવી આશ્ચર્યકારી મૂર્તિ વિરાજતી હતી. આવા શ્રીહરિના દર્શન કરીને તે ચારણ અત્યંત વિસ્મિત થયો. તે આનંદના સાગરમાં ડૂબી ગયો અને આવું વચન બોલવા લાગ્યો. ॥૪૧-૪૨॥

આ જૂની ગોદડી ઓઢીને બેઠા છે તે તો સ્વયં ભગવાન છે, સાક્ષાત લક્ષ્મીજી અને રાધિકાજીના પતિ છે. ભક્તોને સુખ આપવા માટે આમણે અવતાર ધાર્યો છે. ॥૪૩॥

અહો !!! અહો !!! આમ બોલતા તે ચારણનાં હૃદયમાંથી આનંદ ઊભરાવા લાગ્યો. તે વારે વારે ઊછળી કૂદીને શ્રીહરિની આગળ નાચવા લાગ્યો. ॥૪૪॥

ત્યારે તમારા પિતામહ શ્રીએભલ ખાચરે તેના સામે બિહામણી આંખના કટાક્ષથી જોયું. ત્યારે તે લોકદૃષ્ટિએ તો ડરી ગયો પણ ફરીથી વચન બોલવા લાગ્યો. ॥૪૫॥

‘‘તમે મને ભયંકર કટાક્ષથી ડરાવો છો શા માટે ? આ તો પૂર્ણબ્રહ્મ પરમાત્મા સનાતન નારાયણ છે. ॥૪૬॥

આ શ્રીહરિ ક્ષર અને અક્ષરથી પર છે, પોતાના અક્ષરધામમાં બ્રહ્મરૂપ

धाम्नि स्वीयेऽक्षरे मुक्तैर्ब्रह्मरूपैरुपासितः ॥४७॥
वेदा मूर्तिधराः प्रीत्या यं हि गान्त्यनेकधा ।
ब्रह्मशेषादयो ब्रह्मशिरोव्रातास्तथाऽन्वहम् ॥४८॥
ते प्राप्नुवन्ति नैवान्तं सर्वेशस्याऽस्य सत्पतेः ।
जन्मकर्मगुणादीनामाकाशस्येव पक्षिणः ॥४९॥
उद्भवत्राणसंहारं ब्रह्माण्डानां यदिच्छया ।
कुर्वते योजिता येन ब्रह्मविष्णुशिवादयः ॥५०॥
अहो ते राजदुर्गस्य धन्येयं नृपते! क्षितिः ।
अस्ति यत्र हरिः साक्षाद्भूयः सञ्चरति प्रभुः ॥५१॥
चकोरा इव रात्रीशं ये वीक्षन्ते जना मुदा ।
आस्यमेतस्य सस्मेरं सन्ति धन्यतरा हि ते ॥५२॥
अद्य जातः कृतार्थोऽहं साक्षादस्याऽवलोकनात् ।
कोटिजन्मकृतैः पुण्यैराप्याच्छास्त्रोक्तसाधनैः ॥५३॥

મુક્તો તેમની ઉપાસના કરે છે. ॥૪૭॥

મૂર્તિમાન વેદો જેનું અનેક રીતે પ્રેમથી યશોગાન કરે છે, બ્રહ્મા, શેષનારાયણ અને વેદાંતની શ્રુતિઓ પણ નિરંતર તેમનો યશ ગાય છે. ॥૪૮॥

જેમ પક્ષીઓ આકાશનો પાર પામતા નથી તેમ મુક્તો, બ્રહ્માદિ ઈશ્વરો કે શાસ્ત્રો આ પરમેશ્વર સત્પતિ શ્રીહરિના જન્મ, કર્મ અને ગુણ વગેરેના પારને પામતા નથી. ॥૪૯॥

તેમણે નીમેલા બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી આદિ તેમની ઇચ્છા પ્રમાણે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. ॥૫૦॥

હે નૃપતે ! આ તમારા દરબારગઢની ભૂમિ ધન્ય છે. જ્યાં સાક્ષાત્ પ્રભુ શ્રીહરિ વારંવાર વિચરણ કરી રહ્યા છે. ॥૫૧॥

ચકોર પક્ષી જેમ ચંદ્રમા સામું જોઇ રહેતા હોય છે તેમ આ બધા લોકો પ્રેમથી શ્રીહરિના હસતા મુખકમળને જ દેખી રહ્યા છે, માટે તેના તો અતિ મહાન્ ભાગ્ય છે. ॥૫૨॥

શાસ્ત્રોમાં કહેલા સાધન કરોડો જન્મ પર્યન્ત કરે ત્યારે જે દર્શન પ્રાપ્ત થાય

धर्मारिवंशनाशाय क्ष्मास्वभक्तातितुष्टये ।
असौ ब्रह्मपुराधीशो जातो मन्ये कलौ युगे ॥५४॥
स इत्युक्त्वा महाह्लादो माहात्म्यं तस्य संविदन् ।
दण्डवत् पतितो भूमौ प्राणमत् प्राञ्जलिर्हरिम् ॥५५॥
स्वामिनारायणः साक्षाद्वर्तते भगवानसौ ।
हट्टमार्गे ब्रुवन्नित्थं सोऽव्रजन्मोदसम्प्लुतः ॥५६॥
अथाऽऽयाद्राजदुर्गस्य गोपुरं जीववर्मणः ।
भूपतेस्तं ततोऽवोचत् स तद्वृतान्तमद्भुतम् ॥५७॥
तेन सार्द्धमथाऽऽयातः श्रीहरेस्तस्य सोऽन्तिकम् ।
कृत्वा तस्याऽऽश्रयं भेजे तं धर्मस्थो मुदा सदा ॥५८॥
हरिरिति निवसन् स्वभक्तशान्त्यै वरतरदुर्गपुरेऽत्र राजदुर्गे ।
शुभमिदमघहारिकीर्तनाद्यं शुचिरुचिरं चरितं चकार चित्रम् ॥५९॥

છે તે દર્શન મને થયા છે અને તેથી હું આજે કૃપાર્થ થયો છું. ॥૫૩॥

અધર્મવંશનો નાશ કરવા માટે તથા ભૂમિ અને પોતાના ભક્તોને રાજી કરવા માટે આ બ્રહ્મધામના અધિપતિ શ્રીહરિ કળિયુગમાં પ્રકટ થયા છે. એમ હું માનું છું.'' ॥૫૪॥

શ્રીહરિના માહાત્મ્યને સમજતો તથા અત્યંત ખુશ થયેલો તે ચારણ હાથ જોડી ભૂમિ ઉપર દંડવત પ્રણામ કરવા લાગ્યો. ॥૫૫॥

આનંદમાં અતિશય તરબોળ થયેલો તે ''સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે'' આમ બજારમાં પણ બોલતો બોલતો ચાલતો થયો. ॥૫૬॥

તે ચારણ દરબાર શ્રીજીવાખાચરના દરબારગઢની ડેલીએ આવ્યો અને તેણે ત્યાં શ્રીહરિના માહાત્મ્યથી ભરેલું બધું અદ્‌ભુત વૃત્તાંત કહ્યું. ॥૫૭॥

પછી તે ચારણ શ્રીજીવાખાચરની સાથે ફરીને શ્રીહરિની પાસે આવ્યો. વર્તમાન ધારીને સત્સંગી થયો અને કાયમને માટે સ્વધર્મમાં રહીને પ્રેમથી શ્રીહરિનું ભજન કરવા લાગ્યો. ॥૫૮॥

હે રાજન્ શ્રીહરિ પોતાના ભક્તોને સુખ અને શાંતિ આપવા માટે આ ગઢપુરમાં શ્રીદાદાખાચરના દરબારગઢમાં વસીને રહ્યા હતા. આ પ્રમાણે બીજા આગળ

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितनारायणलहेरीकूपखननादिनिरू पणं नाम त्रिसप्त-तितमोऽध्यायः ॥७३॥

अथ चतुःसप्ततितमोऽध्यायः

क्लेशापनोदनं चतुःसप्ततितम उच्यते ।
गङ्गाधरेण भूपस्य कारितं हरिणा च यत् ॥

श्रीचैतन्यानन्द उवाच –

श्रीहरिर्मुदितो राजन्! रम्यदुर्गपुरे वसन् ।
स्वेक्षाप्रदानवार्ताद्यैः सुखं प्रापयदाश्रितान् ॥१॥
तत्रैकदाऽऽगतं प्राज्ञं नृपामात्यंच शास्त्रिणम् ।
गङ्गाधराभिधं दिव्यं स्वैश्वर्यं स व्यदर्शयत् ॥२॥
रम्ये श्रीवासुदेवस्य गर्भागारे परं हरिः ।
स्वकीयं दिव्यमैश्वर्यं दर्शयामास मङ्गलम् ॥३॥

કહેવાથી પાપોને બાળનારું, શુભ, પવિત્ર અને સુંદર વિસ્મયકારક શ્રીહરિએ જે ચરિત્ર કર્યું તે મેં તમને કહ્યું છે. ॥૫૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય- ૭૩ સમાપ્ત

અધ્યાય - ૭૪

શ્રીગંગાધર શાસ્ત્રી દ્વારા ગરાસના કલેશનું સમાધાન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીહરિ પ્રસન્ન મને આ રમણીય ગઢપુરમાં રહ્યા હતા. ભક્તોને દર્શન આપીને તથા કલ્યાણકારી વાતો કહીને સુખી કરી રહ્યા હતા. ॥૧॥

તેમાં એક વખત ગંગાધર શાસ્ત્રી નામે એક વિદ્વાન્ બ્રાહ્મણ આવ્યા. તે સારા બુદ્ધિમાન્ હતા અને ગાયકવાડ સરકારના મંત્રી હતા. તેમને શ્રીહરિએ શ્રીવાસુદેવનારાયણના રમણીય ઓરડામાં પોતાનું સર્વોત્તમ, મંગળમય અને દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૨-૩॥

गर्भागारस्य तस्याऽऽसीच्चतुष्के चारु विस्तृते ।
हरिप्रासादिको राजन्! यज्ञकुण्डो मनोहरः ॥४॥
तद्गर्भागाररम्याया बहिर्वेद्या दिनात्यये ।
हरिः सिंहासने रम्ये सोपानस्थे ह्युपविशत् ॥५॥
तत्राऽऽथाश्चर्यकृद्दिव्यं जनानन्दप्रदं शुभम् ।
दर्शयामास सद्गेयं निजैश्वर्यं परं हरिः ॥६॥
तत्राऽथाऽन्यदपि स्वीयं जनात्यन्ताद्भुतावहम् ।
सोऽदर्शयन्निजैश्वर्यं स्वभक्तानन्ददित्सया ॥७॥
गर्भागारस्य तस्येशो बहिर्वेद्यास्तु मध्यमे ।
खण्डे निजाऽऽसनाऽऽसीनो स्वैश्वर्यं स व्यदर्शयत् ॥८॥
भित्तौ श्रीवासुदेवस्य गर्भागारस्य चान्तरे ।
गर्भागारस्य चान्यस्य गवाक्षोऽभून्महत्तरः ॥९॥
तत्रैकदा निजे युक्ते कोमलैस्तूलिकादिभिः ।
आसीनो विष्टरे दिव्यं स्वैश्वर्यं स व्यदीदृशत् ॥१०॥

હે રાજન્ ! શ્રીવાસુદેવનારાયણના ઓરડાની આગળ સુંદર વિશાળ ચોકમાં શ્રીહરિનો પ્રસાદીભૂત મનોહર એક યજ્ઞ કુંડ હતો. ॥૪॥

સાંજને સમયે તે ઓરડાની ભવ્ય ઓસરીમાં પગથિયા પાસે રમણીય સિંહાસન બિછાવ્યું હતું, તેમાં શ્રીહરિ વિરાજતા હતા. ॥૫॥

ત્યાં શ્રીહરિએ પોતાનું દિવ્ય ઐશ્વર્ય તેમને દેખાડ્યું, તે ઐશ્વર્ય આશ્ચર્યકારી તથા દિવ્ય હતું, જનતાને સુખ આપતું, શુભ અને સંતો ગાય તેવું હતું. ॥૬॥

તે રીતે જ ત્યાં ભક્તોને આનંદ આપવાની ઇચ્છાથી બીજું પણ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું કે જે લોકોને અત્યંત અદ્‌ભુત આનંદદાયક હતું. ॥૭॥

શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીના વચલા ખંડમાં પોતાના આસન ઉપર શ્રીહરિ વિરાજમાન હતા ત્યારે તે ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૮॥

વળી તે શ્રીવાસુદેવ નારાયણના ઓરડાની અને તેની બાજુના ઓરડાની વચલી ભીતમાં એક સુંદર મોટો ગોખ હતો. ત્યાં એક વખત સુંવાળા ગાદી તકિયો બિછાવેલા પોતાના આસન ઉપર વિરાજેલા શ્રીહરિએ પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું

श्रीशुकानन्द उवाच -

सकलमुनिवरस्याऽऽकर्ण्यतस्येति वाणीं

पुरु तरमुदमाप्तो राजवर्यः स राजन्! ॥

हरिचरितसुधायाः पानसंसक्तचेता

स्तमवददिति वाक्यं प्राञ्जलिर्भक्तिनम्रः ॥११॥

मुनिवर! हरिदिव्यैश्वर्यजातानि तानि, दुरितभरहराणि श्रोतृनिर्वाणदानि।

श्रवणहृदयशान्तिप्रापकाण्यद्भुतानि,

वद मयि कृपया त्वं श्रोतुकामाय मह्यम् ॥१२॥

इतिनृपतिवरस्याऽऽश्रुत्य वाक्यं स तस्य, प्रचुरतरमुपेतो हर्षमार्यातिवर्यः।

हृदि हरिमतिरम्यं ध्यायमानो निजेष्टं, तमितिवचनमूचे भूपतिं शुद्धभावम्

श्रीचैतन्यानन्द उवाच -

पितामहस्य ते राजन्नेकदा कलहोऽभवत् ।

હતું. ॥૯-૧૦॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીના મુખથી વાત સાંભળીને રાજવર્ય દરબારશ્રી અમરાખાચર અત્યંત ખુશી થયા. તેઓ શ્રીહરિના ચરિત્રરૂપ અમૃત પાનમાં બંધાયેલા હતા તેથી ભક્તિભાવથી નમ્રપણે હાથ જોડીને આ રીતે બોલ્યા. ॥૧૧॥

હે મુનિરાજ ! શ્રીહરિના આ દિવ્ય ઐશ્વર્યનો સમૂહ અનેક જાતના અપાર પાપોને ટાળે છે, જે સાંભળનારાને મોક્ષ આપે છે, શ્રોત્ર (કાન) ને અને હૃદયને શાંતિ આપે તેવા અદ્‌ભુત છે, હું તે ઐશ્વર્યોને સાંભળવા ચાહું છું તો આપ મારા ઉપર કૃપા કરીને તે ઐશ્વર્યોની વાત મને કહો. ॥૧૨॥

દરબારશ્રી અમરાખાચરની આ રીતની વાણી સાંભળીને સંતવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીના મનમાં પુષ્કળ આનંદ થયો. પછી તેમણે પોતાના પ્રિય મનોહર ઈષ્ટદેવ શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કર્યું. અને શુદ્ધભાવનાવાળા તે દરબાર શ્રી અમરાખાચર આગળ આ શ્રીહરિના ઐશ્વર્યની વાત કહેવા લાગ્યા. ॥૧૩॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ તમારા પિતામહ દરબારશ્રી એભલ ખાચરને પોતાના ગરાસના ભાગીદાર બીજા દરબારની સાથે કજિયો થયો હતો,

राज्यभागभुजाऽन्येन राज्ञा राज्याऽऽगतौजसा ॥१४॥

तावत्तत्राऽगमद्धीमान् भूपते! वटपत्तनात् ।

शास्त्री गङ्गाधरोऽमात्यः सिंहजित्संज्ञ भूपतेः ॥१५॥

शृण्वानोऽथ हरेरग्र्य ंप्रतापं पावनं शुभम् ।

तत्प्रतापाऽऽगताऽऽशङ्कोऽभवत्तत्रेति सोऽवसत् ॥१६॥

ततो द्वादशवर्षं ते तातं गन्तुं तदन्तिकम् ।

महामूल्याम्बराभूषाः संधार्याजिज्ञपद्धरिः ॥१७॥

तं प्रणम्याथ स प्रीत्या शस्त्रभृद्भिर्युतोऽनुगैः ।

तत्सन्निधावगात्प्राज्ञः प्रेक्ष्यमाणः पुरालयैः ॥१८॥

प्रतापेनाथ राजन्तं श्रीहरेरु ष्मरश्मिवत् ।

तं विलोक्यातिहृष्टात्मा तत्सत्कारं व्यधाद्भृशम् ॥१९॥

नानाकार्यविधौ दक्षो नीतिशास्त्रविशारदः ।

કારણ કે તેને રાજ્ય તરફથી બળ મળેલું હતું. ॥૧૪॥

હે ભૂપતે ! તે દિવસોમાં જ વડોદરા ગાયકવાડ સરકાર શ્રીસયાજીરાવ મહારાજના એક મહાન્ બુદ્ધિમાન્ મંત્રી શ્રીગંગાધર શાસ્ત્રી વડોદરાથી ગઢપુર આવ્યા. ॥૧૫॥

તેમણે ત્યાં શ્રીહરિના સર્વોત્તમ, શુભ અને પાવનકારી પ્રતાપની વાત સાંભળી, શ્રીહરિના આવા પ્રતાપમાં તેમને સંદેહ થયો, તેથી તેઓ ગઢપુરમાં રોકાઈ ગયા. ॥૧૬॥

આ બાજુ તમારા પિતા શ્રીદાદાખાચરની ઉમર બારવરસની હતી. શ્રીહરિએ તેમને ઘણા મોંઘા વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યા અને શ્રીગંગાધરઘા શાસ્ત્રીને મળવા તેમની પાસે મોકલ્યા. ॥૧૭॥

શ્રીદાદાખાચરે શ્રીહરિને પ્રેમથી પ્રણામ કર્યા. પછી હથિયારધારી માણસો સાથે લીધા, ગામના લોકો જોઈ રહ્યા હતા. મહાબુદ્ધિમાન્ શ્રીદાદાખાચર શ્રીગંગાધર શાસ્ત્રી પાસે ગયા. ॥૧૮॥

શ્રીહરિના પ્રતાપથી સૂર્યના કિરણોની જેમ દેદીપ્યમાન લાગતા શ્રીદાદા-ખાચરને જોઈને શ્રીગંગાધર શાસ્ત્રી ઘણા ખુશ થયા અને તેમનો ખૂબ જ સત્કાર કર્યો. ॥૧૯॥

तमारोप्याऽथ स स्वाङ्के पृच्छति स्म ह्यनामयम् ॥२०॥
राज्यसम्बधिवृत्तान्तं पृष्टस्तेनाऽथ सोऽवदत् ।
कृतं स्वराज्यभागस्य क्ष्माभृताऽतिक्रमं द्विषा ॥२१॥
ततस्तं तस्य तातस्य समाचारान् स कोविदः ।
पृच्छतिस्माऽतिहृष्टात्मा तं पश्यन् पुण्यदर्शनम् ॥२२॥
तमापृच्छ्याऽथ चाऽऽयातः प्रसन्नः सोऽन्तिकं हरेः ।
तद्वृत्तान्तं हरिं प्रोचे पिप्रिये स निशम्य तत् ॥२३॥
ततः शास्त्री सुभोज्यानि भुक्त्वा नानाविधानि सः ।
शिश्ये कोमलशय्यायां स्वप्नस्तस्याऽथ चाऽभवत् ॥२४॥
स तस्मिन्नित्यथाऽऽश्चर्यं पश्यति स्म महामतिः ।
सोऽपश्यद्रचनाश्चित्रा ब्रह्माण्डानां हरीच्छया ॥२५॥
स प्रैक्षताद्भुतं रम्यं विस्मितो दुर्गपत्तनम् ।

શાસ્ત્રીજી અનેક કાર્યોમાં નિપુણ હતા અને નીતિશાસ્ત્રમાં નિષ્ણાત હતા. પછી તેમણે શ્રીદાદાખાચરને હેતથી પોતાના ખોળામાં લઈ લીધા અને કુશળ સમાચાર પૂછ્યા. ॥૨૦॥

અને ગામ ગરાસ સંબંધી વાત પણ પૂછી. ત્યારે શ્રીદાદાખાચરે તેમને કહ્યું કે અમારા દ્વેષી દરબારે અમારા ગરાસની જમીન દબાવી છે. ॥૨૧॥

શ્રીદાદાખાચરનો નિર્દોષ પવિત્ર ચહેરો જોઈને તે વિદ્વાન શાસ્ત્રીજી પ્રસન્ન થયા. પછી તેમણે શ્રીદાદાખાચરને તેમના પિતાજી બાબતના સમાચાર પણ પૂછ્યા. ॥૨૨॥

તે પછી શ્રીદાદાખાચર શ્રીગંગાધર શાસ્ત્રીજીની રજા લઈને પ્રસન્ન ચહેરે દરબારગઢમાં શ્રીહરિની પાસે આવ્યા. અને બધું જ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને શ્રીહરિ રાજી થયા. ॥૨૩॥

તે પછી શ્રીગંગાધરશાસ્ત્રી અનેક પ્રકારના ભોજન જમ્યા અને સુંવાળી પથારીમાં સૂતા. તેમને ઊંઘમાં સ્વપ્ન દેખાયું. ॥૨૪॥

મહાન્ બુદ્ધિશાળી તે શાસ્ત્રીને સ્વપ્નમાં આશ્ચર્યજનક અનુભવ થયો. શ્રીહરિની ઈચ્છાથી તેમને અનેક બ્રહ્માંડોની વિચિત્ર રચના દેખાણી. ॥૨૫॥

राजदुर्गं त्विहोदारं हर्यावासप्रभं तथा ॥२६॥
अत्र श्रीवासुदेवस्य गर्भागारे मनोहरे ।
प्रीत्या सोऽपश्यदासीनं दिव्यं सिंहासने हरिम् ॥२७॥
तेजःपुञ्जातिदिव्याङ्गं दिव्यवासोविभूषणम् ।
रू पसौन्दर्यमाधुर्यलावण्यादिमहोदधिम् ॥२८॥
ततोऽपश्यद्धरेरग्रे स नृत्यन्तं शिवं मुदा ।
गणाधीशं तथा गौरीं कुर्वाणां नृत्यमादरात् ॥२९॥
अथ प्राप्तो महाश्चर्यं प्रेष्य दौवारिकंहि सः ।
आह्वापयन्निवासे स्वे तातं ते च पितामहम् ॥३०॥
तावथ स्वान्तिकायातौ सोऽप्राक्षीत् सर्वकार्यवित् ।
स्वामिनारायणः साक्षाद्वर्तते सुधियौ! न वा ॥३१॥
ततस्तौ श्रीहरेराज्ञां विना कर्तुं तदुत्तरम् ।

વિસ્મિત થયેલા તે શાસ્ત્રીજીને અદ્ભુત તથા રમણીય ગઢપુર દેખાયું. તેમાં મહાન્ દરબારગઢ દેખાયો હતો અને તેમાં પણ શ્રીહરિના નિવાસની ઉજ્જ્વળતા દેખાઈ. ॥૨૬॥

આ દરબારગઢના શ્રીવાસુદેવનારાયણના મનોહર ઓરડામાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિના તેમણે પ્રેમથી દર્શન કર્યા. ॥૨૭॥

તે સમયે તેજના પુંજમાં અતિ દિવ્ય મૂર્તિ શોભતી હતી. વસ્ત્રો અને ઘરેણાં દિવ્ય હતાં. રૂપ, સૌંદર્ય, માધુર્ય અને લાવણ્ય આદિના સાગર જેવી મૂર્તિ હતી. ॥૨૮॥

તે પછી શાસ્ત્રીજીને શ્રીહરિની આગળના ભાગમાં આનંદ અને આદરથી નૃત્ય કરતા શંકર, પાર્વતીજી અને ગણેજીના દર્શન થયા. ॥૨૯॥

આથી તેમને મહાન્ આશ્ચર્ય થયું. ચોકીદારને દરબારગઢમાં મોકલ્યો અને તમારા પિતાશ્રી દાદાખાચરને તથા પિતામહ શ્રીએભલખાચરને પોતાને ઉતારે બોલાવ્યા. ॥૩૦॥

સર્વ કાર્યને સમજનારા તેણે પોતાની પાસે આવેલા તે બન્નેને પૂછ્યું. હે સદ્બુદ્ધિમાન્ દરબારો ! સાક્ષાત્ સ્વામિનારાયણ અહીંયાં છે કે નહિ'' ? ॥૩૧॥

न शेकाते ततो गत्वा तौ तमित्थमपृच्छताम् ॥३२॥
शास्त्री स्वामिन्नृपामात्यः सोऽत्राऽयातुं त्वदऽन्तिकम् ।
पृच्छत्यावां स चानेयो नाऽत्र वा श्रीहरे! वद ॥३३॥
इत्युक्तः श्रीहरिस्ताभ्यां वाक्यं तावित्थमब्रवीत् ।
आनेतव्योऽत्र निःशङ्कं युवाभ्यां सन्निधौ स मे ॥३४॥
तावथैत्याऽन्तिकं तस्य प्राहतुश्चेति तं वचः ।
स्वामिनारायणः साक्षाद्वर्ततेऽत्र महामते ! ॥३५॥
वृत्तान्तं तमथ स्वाप्नं सर्वं तौ सोऽब्रवीन्मुदा ।
शास्त्री सायमथाऽऽगच्छत्सन्निधानं शुभं हरेः ॥३६॥
पतित्वा दण्डवद्भूमौ वन्दमानस्तमच्युतम् ।
वाक्यमित्यब्रवीत्प्रीत्या प्राञ्जलिः प्रश्रयान्वितः ॥३७॥
स्वामिनारयणः साक्षाद्वर्तते भगवानस्वयम् ।
अखण्डसच्चिदानन्दः पूर्णं ब्रह्म सनातनः ॥३८॥

તે બન્ને પિતાપુત્ર શ્રીહરિની આજ્ઞા વિના કાંઇ કહી શક્યા નહિ. તે બન્ને પાછા દરબારગઢમાં ગયા. ત્યાં શ્રીહરિને આ રીતે પૂછ્યું. ॥૩૨॥

''હે સ્વામિન્ ! ગાયકવાડ સરકારના મંત્રી અહીં આપની પાસે આવવાનું પૂછે છે, તેને અમે અહીં લાવીએ કે નહિ ? હે હરે ! તે આપ કહો.'' ॥૩૩॥

આમ પૂછ્યું ત્યારે શ્રીહરિએ તે બન્નેને કહ્યું, ''કોઇપણ જાતની શંકા કર્યા સિવાય તેમને અહીં મારી પાસે તેડી લાવો. ॥૩૪॥

પછી તે બન્ને શાસ્ત્રીજીની પાસે આવ્યા અને કહ્યું, ''હે મહીપતે ! સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન અહીંયાં વિરાજે છે.'' ॥૩૫॥

ત્યારે શ્રીગંગાધર શાસ્ત્રીએ તે બન્ને દરબારોની આગળ પોતાના સ્વપ્નની વાત ઉત્સાહથી કહી. પછી તે શાસ્ત્રી સાયંકાળે શ્રીહરિના શુભ સાન્નિધ્યમાં આવ્યા. ॥૩૬॥

અવિકારી શ્રીહરિની આગળ તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વિનયથી નમ્રપણે હાથ જોડ્યા અને પ્રેમથી આ રીતે વાત કરી. ॥૩૭॥

''આપ સ્વામિનારાયણ સ્વયં સાક્ષાત્ ભગવાન છો, પૂર્ણ બ્રહ્મ, સનાતન અને અખંડ સચ્ચિદાનંદ છો.'' ॥૩૮॥

इत्युक्त्वाऽऽश्रित्य सोऽमात्यस्तस्य पादाम्बुजं हरेः ।
जन्म स्वं सफलीचक्रे हित्वाऽविद्यामयं मतम् ॥३९॥
ततः षोडशभिर्दिव्यैरु पचारैर्व्यर्द्धरेः ।
पूजनं चार्पयत्तस्मै महावासोयुगं वरम् ॥४०॥
अथेत्यूचे हरिं प्रीत्या राज्ञश्चैतस्य सन्मतेः ।
विग्रहं राज्यभागस्य समाधास्याम्यहं हरे! ॥४१॥
तावत्तत्राऽऽगमद्राजन् ! गोधनं त्वत्पितुर्मुदा ।
तद्विलोक्याऽथ सोऽमात्यः प्रीतिं प्रापद्धि भूयसीम् ॥४२॥
तत्र वै कपिला दृष्ट्वा प्राशंसद् गाः स निर्भरम् ।
इत्यथोवाच सद्वाक्यं श्रीहरिस्तं विचक्षणम् ॥४३॥
गावस्तेऽपेक्षिता धीमन्! यावत्यस्त्वत्र गोधने ।
तावत्यस्तास्त्वया ग्राह्याः स प्राहाऽथेति तं वचः ॥४४॥
गावोऽत्र मे प्रदातव्याः कपिला द्वादश प्रभो! ।

આટલું કહીને તે મંત્રી શ્રીહરિના વ્રતમાન ધારીને ચરણકમળના આશ્રિત થયા. અજ્ઞાનવાદી મતનો ત્યાગ કરીને તેમણે પોતાના જન્મને સફળ કર્યો. ॥૩૯॥

પછી તેમણે દિવ્ય સોળ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી અને ઘણાં કીમતી બે વસ્ત્ર અર્પણ કર્યા. ॥૪૦॥

પછી તેમણે શ્રીહરિને પ્રેમથી કહ્યું કે હે હરે! આ સદ્બુદ્ધિવાળા દરબાર શ્રીએભલ ખાચરના ગરાસના ભાગ બાબતના કજિયાનું હું સમાધાન કરાવી આપીશ. ॥૪૧॥

હે રાજન્ ! તે વેળાએ તમારા પિતાશ્રીની ગાયોનું ધણ આવ્યું. તે સારી ગાયોને તેઓ પ્રેમથી દેખીને મનમાં ખૂબ જ રાજી થયા. ॥૪૨॥

તે ધણમાં કપિલા ગાયોને જોઇને તેમણે તેની ખૂબ જ પ્રશંસા કરી. પછી શ્રીહરિએ તે વિચક્ષણ રાજમંત્રીને સરસ વચન કહ્યું. ॥૪૩॥

''હે ધીમન્ ! આ ગાયોના ધણમાંથી તમારે જેટલી ગાયો જોઇએ તેટલી લઈ લેવી.'' ત્યારે તેમણે કહ્યું, ॥૪૪॥

''હે પ્રભો ! આમાંથી તમારે મને બાર કપિલા ગાયો આપવી. હે હરે ! તેની

तन्मूल्यं तु भवेद्यावत्तावद्देयं मया हरे! ॥४५॥
अथेत्थं सोऽब्रवीद्वाक्यं तं हितं त्वत्पितामहः ।
सदोषं न क्वचित्कुर्मो धेनूनां विक्रयं वयम् ॥४६॥
द्वादशाथोत्तमा धेनूः श्रीहरिः कपिला मुदा ।
तस्मै प्रादादमात्याय नीतिवेदिवरीयसे ॥४७॥
स प्रणम्याथ तं प्रीत्या गास्ताः स्वावासमुत्सुकः ।
आनीय सत्वरं सज्जो गन्तुकामोऽभवन्नृप! ॥४८॥
ततः कार्यातिनैपुण्यः स प्राप्तो वटपत्तनम् ।
सिंहजित्संज्ञभूपालं प्रणम्येत्थं वचोऽब्रवीत् ॥४९॥
स्वामिनारायणः साक्षाद्वर्तते भगवान् स्वयम् ।
राजन्! मया तदैश्वर्यं दृष्टमप्रतिमं शुभम् ॥५०॥
पितामहस्य तेऽथैवं कृतं विद्वेषिभूभुजा ।
तस्मै स राज्यभागीयं प्राह सर्वमुपद्रवम् ॥५१॥

જે કીમત થાય તે હું આપીશ. ॥૪૫॥

પછી તમારા પિતામહ શ્રીએભલખાચરે તેમની આગળ હિતકારી વાત કહી કે ''ગાય વેચવી તે પાપ છે,'' અમે ક્યારેય ગાયો વેચતા નથી. ॥૪૬॥

પછી શ્રીહરિએ સર્વોત્તમ નીતિવેત્તા રાજમંત્રી શ્રીગંગાધર શાસ્ત્રીને સારી બાર કપિલા ગાયો પ્રેમથી આપી. ॥૪૭॥

હે નૃપ ! પછી તે ઉત્સાહી રાજમંત્રીએ શ્રીહરિને પ્રેમથી પ્રણામ કર્યા. અને તે ગાયોને પોતાને ઉતારે લાવ્યા. પછી વડોદરા સત્વરે જવા માટે તૈયાર થયા. ॥૪૮॥

વ્યવહાર કાર્યમાં નિપુણ તે ગંગાધર શાસ્ત્રી વડોદરા પહોંચ્યા. ત્યાં શ્રીસયાજીરાવ મહારાજાને પ્રણામ કરીને આમ વાત કહી. ॥૪૯॥

''હે રાજન્ સ્વયં સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન્ છે. તેમનું અનુપમ શુભ ઐશ્વર્ય મેં જોયું છે.'' ॥૫૦॥

પછી તેમણે સરકારની આગળ તમારા પિતામહ શ્રીએભલખાચરના દ્વેષીઓએ કરેલો રાજભાગનો (ગરાસની વહેંચણીનો) બધો ઉપદ્રવ કહી સંભળાવ્યો. ॥૫૧॥

तस्मै राज्ञे स इत्युक्त्वा राज्यमागं हृतं द्विषा ।
पितामहाय तेऽशेषं तेन राज्ञा व्यदीदपत् ॥५२॥
इत्थं स तत्प्रतापेन त्वत्पितामहकष्टदम् ।
राज्यसम्बन्धि विक्षेपं सर्वथैव व्यशीशमत् ॥५३॥
इति नृपसचिवेन भक्तभर्ता तव नरराज! पितामहस्य तस्य ।
हरिरवनमिहावने पटीयान् प्रचुरदयार्द्रमना व्यधादधीशः ॥५४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रशमिताभयनृपराज्यक्लेशादिनिरू पणं नाम चतुः-सप्ततितमोऽध्यायः ॥७४॥

अथ पञ्चसप्ततिमोऽध्यायः

कृतार्थेनाऽभयेनात्र देहत्यागः कृतश्च यः ।
तदौर्ध्वदैहिकं पञ्चसप्ततितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच –

તે પછી તેમણે તમારા પિતામહનો ગરાસ (રાજભાગ) જે દ્વેષીઓએ દબાવ્યો હતો. તે બધો જ ગાયકવાડ સરકાર દ્વારા અપાવડાવ્યો. ॥૫૨॥

આ પ્રમાણે શ્રીહરિના પ્રતાપથી શ્રીગંગાધર શાસ્ત્રીએ દરબાર શ્રીએભલ-ખાચરને તકલીફરૂપ થયેલો રાજ્ય સંબંધી (ગરાસ વહેંચણી બાબતનો) વિક્ષેપ શાંત પાડી દીધો. ॥૫૩॥

હે રાજન્ ! આ રીતે ભક્તોની રક્ષામાં નિપુણ, અપાર દયાથી તરબોળ હૃદયવાળા, સર્વાધીશ્વર અને ભક્તોનું ધારણ પોષણ કરનારા શ્રીહરિએ રાજાના મંત્રી દ્વારાએ તમારા પિતામહ શ્રીએભલખાચરનું રક્ષણ કર્યું હતું. ॥૫૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૭૪ સમાપ્ત

અધ્યાય - ૭૫

શ્રીએભલખાચરનો અક્ષરવાસ અને ઉત્તરક્રિયા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ આ પછી થોડા દિવસ વીત્યા. અને

दिनेष्वल्पेष्वथो राजन्! प्रयातेषु ज्वरव्यथा ।
पितामहस्य ते राज्ञो दुःसहाऽऽसीन्महीयसी ॥१॥
ततो युक्तो निजैः पद्गैरायात्तस्यान्तिकं हरिः ।
तस्य सम्भावनां कर्तुं भक्तत्राणोद्यतः सदा ॥२॥
स प्रणम्याथ तं भक्त्या प्राहैवं प्राञ्जलिर्वचः ।
देहस्याऽद्यान्तकालो मे वर्तते करुणानिधे! ॥३॥
आह्वातव्यास्त्वया तस्मात्सन्तः सद्योऽत्र सर्वशः ।
तद्दिदृक्षाऽस्ति मे यस्माद्भूयसी शान्तिकारिणी ॥४॥
आह्वापयत्ततस्तूर्णं मुक्तानन्दपुरःसरान् ।
तत्र साधून् हरिः प्रीत्या निजाज्ञापालनोद्यतान् ॥५॥
तेऽथाऽऽगत्याऽखिलाः सन्तो वन्दमानास्तमच्युतम् ।
न्यषीदंस्तत्र तत्प्रेक्षासक्तचित्ता यथोचितम् ॥६॥
स प्रणम्याऽथ तान् राजा चन्दनाक्षतकुङ्कुमैः ।

તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચર બીમાર પડ્યા. તાવની પીડા ઘણી અસહ્ય થઈ હતી. ॥૧॥

સદા ભક્તોની રક્ષા કરવા તત્પર રહેતા શ્રીહરિ થોડા પાર્ષદોની સાથે સંભાળ લેવા શ્રીએભલખાચરની પાસે આવ્યા. ॥૨॥

ત્યારે શ્રીએભલખાચરે ભક્તિભાવથી હાથ જોડીને શ્રીહરિને પ્રણામ કર્યા. પછી તેઓ બોલ્યા, હે કરુણાનિધે ! આજે મારો દેહાન્ત સમય છે. ॥૩॥

તો આપ બધા જ સંતોને અહીં સત્વરે બોલાવો. કારણ કે મારા હૃદયમાં શાંતિ થાય એવી સંતોના દર્શનની ઈચ્છા ઘણી છે. ॥૪॥

પછી શ્રીહરિએ પોતાની આજ્ઞા પાળવામાં તત્પર રહેતા શ્રીમુક્તાનંદ સ્વામી આદિ સંતોને પ્રેમથી સત્વરે ત્યાં બોલાવ્યા. ॥૫॥

બધા સંતો ત્યાં આવ્યા. અવિકારી શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિના દર્શનમાં મન જોડીને સહુ યથોચિત રીતે બેઠા. ॥૬॥

દરબાર શ્રીએભલખાચરે સહુને પ્રણામ કર્યા. પછી સુગંધી ચંદન, અક્ષત, કુંકુમ, સુંદર ફૂલોના હાર, તોરા વગેરે, રત્ન જડિત સોનાના આભૂષણો, નૈવેદ્ય, ધૂપ

सन्माल्योत्तंसहाराद्यैः सन्मणिस्वर्णभूषणैः ॥७॥
नैवेद्यधूपदीपाद्यैर्विचित्रैश्चोपचारकैः ।
भूपार्हैः श्रीहरेरर्हां करोति स्मातिभक्तितः ॥८॥
ततः सन्माल्यहाराद्यैश्चन्दनेनातिचारुणा ।
पूजयामास तान् साधून् सोऽर्घ्यैर्नानाविधैस्तथा ॥९॥
मूलवर्मा ततो राजन्! जीववर्मा च भूपतिः ।
तस्य सम्भावनां कर्तुं तत्राऽऽयातां हि सत्वरम् ॥१०॥
तौ प्रणम्याऽथ तं साक्षान्निषण्णौ तत्र सत्पतिम् ।
पृष्ट्वैवं तत्समाचारं प्राहतुस्त्वत्पितामहम् ॥११॥
राजन्नुत्तमसंज्ञस्य त्वत्पुत्रस्याऽस्य धीमतः ।
कर्तुं सम्भावनां वाच्यं यदि स्यात् तत्त्वयोच्यताम् ॥१२॥
स प्राहाऽथेति तौ वाक्यं पुत्रस्याऽस्योत्तमस्य मे ।
कृतं श्रीदामवत्सौख्यं सर्वथा हरिणा महत् ॥१३॥
ब्रह्माण्डानामसङ्ख्यानां जन्मस्थित्यन्तकारिणः ।

અને દીપ આદિ રાજામહારાજાને લાયક અનેક પ્રકારના ઉપચારો લઈને ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. ॥૭-૮॥

પછી તેમણે સુંદર ચંદન અને સારા ફૂલહાર ઈત્યાદિ અનેક પ્રકારના ઉત્તમ ઉપચારોથી તે સર્વ સાધુઓની પૂજા કરી. ॥૯॥

હે રાજન્ ! તે વખતે ત્યાં શ્રીમૂળુખાચર તથા શ્રીજીવાખાચર, આ બન્ને દરબારો શ્રીએભલખાચરની સંભાળ લેવા તત્કાળ આવ્યા. ॥૧૦॥

તે બન્નેએ સત્પતિ સાક્ષાત્ શ્રીહરિને પ્રણામ કર્યા. પછી ત્યાં બેઠા. શ્રીએભલખાચરના સમાચાર પૂછ્યા અને પછી તેમને આ રીતે કહ્યું. ॥૧૧॥

હે રાજન્ ! આ બુદ્ધિમાન્ તમારા પુત્ર શ્રીદાદાખાચરની બાબતમાં કાંઈ ભલામણ કરવાની હોય તો કહો. ॥૧૨॥

ત્યારે તેમણે તે બન્નેને કહ્યું કે મારા પુત્ર શ્રીદાદાખાચરને તો આ શ્રીહરિએ સુદામાની જેમ બધી રીતે મહાન્ સુખી કરી દીધા છે. ॥૧૩॥

અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ આવા આ

स्वामिनारायणस्याऽद्धा प्रकोष्ठोऽस्यार्पितः करे ॥१४॥
कोऽन्यः सम्भावनां कर्तुं जन्मसंहारदुःखभाक् ।
क्लिश्यमानस्य मर्त्त्यस्य शक्तः कालाहिभीतिमान् ॥१५॥
ऋते तेऽस्मान्नास्ति लोकेऽस्मिन् किञ्चिन् मित्रं हि देहिनः ।
कस्य सन्त्यङ्गनापुत्रभ्रात्राद्याः स्वार्थतत्पराः ॥१६॥
स इत्याकर्ण्य तद्वाक्यं प्रसन्नः श्रीहरिर्विभुः ।
पशंसां तस्य भक्तस्य करोति स्माश्रितप्रियः ॥१७॥
उत्तीर्याथ स पर्यङ्कादुपाविश्य क्षितौ नृपः ।
ध्यायति स्म हृदि प्रेष्ठं स्वामिनारायणं हरिम् ॥१८॥
कोटिकोट्यर्कसङ्काशप्रकाशं शर्मदेक्षणम् ।
कोटिकन्दर्पदर्पघ्नं लोकलावण्यतर्ज्जनम् ॥१९॥
देहं त्यक्त्वाऽथ स प्रापद्धाम तस्याऽक्षरं हरेः ।

श्रीस्वामिनारायण ભગવાનના હાથમાં મેં શ્રીદાદાખાચરનું કાંડું સોંપી દીધું છે. ॥૧૪॥

અન્ય મનુષ્ય કે જે જન્મ મરણના દુઃખને ભોગવી રહ્યો છે અને તેના માથા ઉપર કાળરૂપ અજગરનો ભય તોળાયેલો જ છે, તે આ સંસારના દુઃખથી ક્લેશ પામતા બીજાની સંભાળ શું રાખી શકે ? ॥૧૫॥

મનુષ્યને આ શ્રીહરિ ભગવાન સિવાય આ લોકમાં બીજો કોઇ સાચો મિત્ર નથી, સ્ત્રી, પુત્ર અને ભાઇઓ, આ બધા તો સ્વાર્થ પરાયણ જ છે. ॥૧૬॥

મહાસમર્થ પ્રભુ શ્રીહરિ શ્રીએભલખાચરનું આવું વાક્ય સાંભળીને પ્રસન્ન થયા. અને ભક્તપ્રિય શ્રીહરિએ તે પોતાના ભક્ત શ્રીએભલખાચરની ઘણી પ્રશંસા કરી. ॥૧૭॥

પછી દરબાર શ્રીએભલખાચર પલંગ ઉપરથી નીચા ઊતરી ગયા. જમીન ઉપર બેઠા. કરોડો કરોડ સૂર્યના જેવા પ્રકાશમાન, જેના દર્શન સુખદ છે, કરોડો કામદેવના ગર્વને ઉતારનારા છે અને દુનિયાની સુંદરતાને ઝાંખી પાડી દે છે, આવા પોતાના પરમપ્રિય ભગવાન્ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. ॥૧૮-૧૯॥

શ્રીએભલખાચરનું શરીર છૂટી ગયું અને તેઓ શ્રીહરિના અક્ષરધામને

त्वत्पित्राऽकारयत्तस्य हरिश्चाथौर्ध्वदैहिकम् ॥२०॥
तदा लब्धाभिधो धीमान् कूरजित्प्रेमजित्तथा ।
आनेतुं तान् हरिर्वै त्रीन् घृतं सोऽजिज्ञपत् प्रभुः ॥२१॥
तेऽथाऽऽनिन्युर्घृतं राजन् स व्ययादधिकं ततः ।
तदाज्यं श्रीहरिस्तेभ्यः स्वभक्तेभ्यो ददौ विभुः ॥२२॥
हरेरेकान्तिकैर्भक्तैस्तैस्तथाऽप्यस्य सत्पतेः ।
अणुमात्रोऽपि सत्प्रज्ञैर्गृहीतो नाऽगुणो हरेः ॥२३॥
निर्भरं स ततः प्रीतस्तेभ्योऽदात् पारितोषिकम् ।
लब्धाभिधं ततो दक्षं तथा क्रूरजिदाह्वयम् ॥२४॥
त्वत्तातस्योत्तमाख्यस्य श्रीहरिप्रेयसो नृप! ।
अमात्यं सोऽकरोत्प्रीत्या सर्वकार्यविचक्षणः ॥२५॥
पितुः कर्मणि तातस्ते शाटकान् सत्सितान्वितान् ।
पक्वान्नानि तथा सप्तविधान्यभोजयज्जनान् ॥२६॥

પામ્યા. પછી શ્રીહરિએ તેમનું ઔર્ધ્વદૈહિક કર્મ તમારા પિતા શ્રીદાદાખાચર પાસે કરાવ્યું. ॥૨૦॥

તે ક્રિયા વખતે પ્રભુ શ્રીહરિએ બુદ્ધિમાન્ લાધા ઠક્કર, કૂરજી ઠક્કર અને પ્રેમજી ઠક્કર, આ ત્રણેયને ઘી લાવવાની આજ્ઞા કરી. ॥૨૧॥

હે રાજન્ ! તેમણે જરૂર કરતા વધારે ઘી આણ્યું, ત્યારે મહાસમર્થ શ્રીહરિએ વધારાનું ઘી નિજ ભક્તો સાથે પાછું મોકલ્યું. ॥૨૨॥

તેમ છતાં શ્રીહરિના સદ્‌બુદ્ધિવાળા તે ભક્તોએ સત્પતિ શ્રીહરિનો એક અણુ જેટલો પણ અવગુણ લીધો નહિ. ॥૨૩॥

તેથી શ્રીહરિ તેઓના ઉપર ઘણું રાજી થયા અને તેમને પુરસ્કાર આપ્યો. હે નૃપ ! સર્વ કામકાજમાં વિચક્ષણ શ્રીહરિએ વ્યવહાર ચતુર લાધા ઠક્કરને અને કૂરજી ઠક્કરને પ્રેમથી પોતાના પ્રિય એવા તમારા પિતાશ્રી દરબાર દાદાખાચરના કારભારી બનાવ્યા. ॥૨૪-૨૫॥

તમારા પિતા શ્રીદાદાખાચરે પોતાના પિતાના કારજમાં સફેદ સાકર પાયેલા સાટા અને બીજા સાત પકવાન્ન કરાવીને સૌને જમાડ્યા. ॥૨૬॥

महौदार्यान्वितो राजन्! वदान्यानां शिरोमणिः ।
लक्षशो हि जनानेवं भोजयामास भावतः ॥२७॥
ब्राह्मणेभ्योऽथ स प्रादाद्दक्षिणा भूयसीर्मुदा ।
अन्नार्थिनस्तदायातान् भोजयामास चाखिलान् ॥२८॥
एकमासं ततः साधून् स सद्भोज्यान्यभोजयत् ।
चातुर्मास्येऽथ चारक्षत्तत्र वर्णिसदादिकान् ॥२९॥
पक्वान्नैरह्न्यथैकस्मिन् विचित्रैः स्वादुभिर्जया ।
वर्णिसंन्यासिमुन्यादींस्तर्पयामास सुव्रता ॥३०॥
वासरे ललितैकस्मिंस्तथा श्रद्धाऽऽदरान्विता ।
व्यञ्जनाद्यैश्च पक्वान्नैश्चारु भिस्तानर्पयत् ॥३१॥
पर्यायेणेति तान् प्रीत्या प्रेयांसं ते हरिंतथा ।
चातुमास्यान्तमार्तिघ्नं तर्पयामासतुर्नृप! ॥३२॥
जया(ललिता?) थाऽकारयद् राजन् नन्नकूटमहोत्सवम् ।

હે રાજન્ ! શ્રીદાદાખાચર ઘણા ઉદાર હતા. અને દાનીઓમાં શિરોમણિ હતા, તેથી આ રીતે લાખો લોકોને તેમણે ભાવથી જમાડ્યા. ॥૨૭॥

બ્રાહ્મણોને પણ પ્રેમભાવથી પુષ્કળ દક્ષિણાઓ આપી. તે વખતે જે કોઇ પણ અન્નાર્થી આવતા તે બધાને સારી રીતે જમાડતા હતા. ॥૨૮॥

તે પછી એક માસ સુધી સાધુઓને સારી રસોઇ કરાવીને જમાડ્યા. બ્રહ્મચારીઓ અને સાધુઓ વગેરેને ચાતુર્માસ પર્યંત ગઢપુરમાં રોક્યા. ॥૨૯॥

તે પછી સુદૃઢ વ્રત-ટેકવાળા મોટીબા (જીવુબા) એ એક દિવસ ભાત ભાતના સ્વાદુ પકવાન્ન કરાવીને બ્રહ્મચારીઓ, સંન્યાસીઓ અને સાધુઓ વગેરેને જમાડીને તૃપ્ત કર્યા. ॥૩૦॥

તે રીતે જ શ્રદ્ધા અને આદરભાવવાળા લાડુબાએ પણ એક દિવસ સુંદર પકવાન્ન અને શાકભાજી વગેરે ભોજનોથી સંતો વગેરે સહુને જમાડ્યા હતા. ॥૩૧॥

હે નૃપ ! આ પ્રમાણે વારાફરતી તે બન્ને બહેનોએ પીડાને ટાળનારા પરમ પ્રિય શ્રીહરિને અને સંતો વગેરેને ચાતુર્માસ પૂરા થયા ત્યાં સુધી જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૩૨॥

यं श्रुत्वा चापि राजानो महाश्चर्यं प्रपेदिरे ॥३३॥
भूपते! ललिता (ऽथजया) भक्त्या प्रबोधन्युत्सवं शुभम् ।
सादरं कारयाञ्चक्रे महीयांसं हि तादृशम् ॥३४॥
तावत्कालं तत्र रम्ये सधार्मिर्गर्भागारे वासुदेवाभिधाने ।
स्वावासार्हे श्रीहरिर्धर्मधारी प्रीत्याऽवात्सीद्भक्तदुःखाऽपहारी ॥३५॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृताभयभूपसम्भानादिनिरू पणं नाम पञ्चसप्ततितमो-ऽध्यायः ॥७५॥

अथ षट्सप्ततितमोऽध्यायः

उदग्द्वारे नवीने षट्सप्ततितम उच्यते ।
प्रतिष्ठां वासुदेवस्य सौधे चक्रे हरिस्तु याम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
पूर्णं श्रीवासुदेवस्य गर्भागारं यदाऽभवत् ।

હે રાજન્ ! પછી જીવુબા (મોટીબા) એ (લાડુબાએ ?) અન્નકૂટનો મહોત્સવ કરાવ્યો. જેને સાંભળીને રાજા મહારાજાઓ પણ ઘણો વિસ્મય પામ્યા હતા. ॥૩૩॥

હે ભૂપતે ! તે રીતે જ લાડુબા (જીવુબા ?) એ પણ આદર સહિત ભક્તિભાવથી તેવો જ મોટો શુભ પ્રબોધની એકાદશીનો મહોત્સવ કરાવ્યો હતો.॥૩૪॥ (તુલના કરો. સત્સંગિજીવન ૩.જું પ્રકરણ)

ધર્મપુત્ર શ્રીહરિ ધર્મનો આધાર છે અને ભક્તોના દુઃખોને ટાળનારા છે, તેઓ આ દરમ્યાન પોતાને રહેવા યોગ્ય શ્રીવાસુદેવ નારાયણના ઓરડામાં પ્રેમથી રહ્યા હતા. ॥૩૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૭૫ સમાપ્ત

અધ્યાય - ૭૬

ઉત્તરદાબારના ઓરડામાં શ્રીવાસુદેવનારાયણની પ્રતિષ્ઠા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! શોભતા ઉત્તરાદાબારનો , ઓસરી

राजितोत्तरदिग्द्वारं बहिःशालान्वितं नृप! ॥१॥
तदा साधूंस्तथा भक्तान् समाहूय स्वयं हरिः ।
वासुदेवप्रतिष्ठाया विचारं तैः सहाऽकरोत् ॥२॥
सन्मुहूर्त्तं ततः पृष्ट्वा विप्रं ज्योतिर्विदं हरिः ।
आकारयद्धरादेवान् वेदवेदाङ्गपारगान् ॥३॥
गर्भागारस्य तस्याऽग्रे मण्डपं तैर्वरं हरिः ।
रम्यं पल्लवचैलाद्यैश्चतुर्द्वारं व्यधापयत् ॥४॥
सोऽकारयत्ततस्तस्मिन् यज्ञशालां मनोहराम् ।
यज्ञकुण्डं तथा रम्यं तत्र सोऽद्यापि वर्तते ॥५॥
तत्र होमं यथाशास्त्रं वाडवैस्तैरकारयत् ।
गवाक्षोऽथाऽस्त्युदग्द्वारो गर्भागारे तु तत्र यः ॥६॥
प्रीत्या श्रीवासुदेवस्य प्रतिष्ठां तत्र सोऽकरोत् ।
नानावाद्यरवोपेतां यथाशास्त्रं च सोत्सवाम् ॥७॥

સાથેનો શ્રીવાસુદેવનારાયણનો નવો ઓરડો જ્યારે તૈયાર થઈ ગયો. ॥૧॥

ત્યારે સ્વયં શ્રીહરિએ સર્વ સંતોને તથા હરિભક્તોને બોલાવ્યા. તે આવ્યા પછી તે સહુની સાથે શ્રીવાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા બાબતનો વિચાર કર્યો. ॥૨॥

પછી શ્રીહરિએ જ્યોતિષી વિદ્વાનને બોલાવીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછ્યું અને વેદ વેદાંગના પારંગત બ્રાહ્મણોને બોલાવ્યા. ॥૩॥

શ્રીહરિએ તે ઓરડાની આગળના ભાગમાં તે બ્રાહ્મણો પાસે ચાર દ્વારવાળો સુંદર અને સર્વોત્તમ મંડપ કરાવ્યો અને તેને પાંચ જાતના નવા પલ્લવો તથા રંગબેરંગી કપડાઓથી સજાવ્યો. ॥૪॥

તે પછી મંડપમાં મનોહર યજ્ઞશાળા કરાવી અને તેમાં સુંદર યજ્ઞકુંડ કરાવ્યો જે આજે પણ હયાત છે. ॥૫॥

તે બ્રાહ્મણો પાસે વિધિ પ્રમાણે યજ્ઞમાં હોમ કરાવ્યો. પછી તે ઓરડામાં પાછળની પછીતમાં ઉત્તર તરફ દ્વારવાળો જે ગોખ છે. ॥૬॥

તેમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીહરિએ પ્રેમથી શ્રીવાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા કરી. અનેક પ્રકારના વાંજિત્ર વગડાવ્યા અને મહાન્ ઉત્સવ કરાવ્યો. ॥૭॥

अथ श्रीवासुदेवस्य व्यधान्नीराजनं हरिः ।
जनास्तदेत्थमाश्चर्यं व्यपश्यन् हि सहस्त्रशः ॥८॥
दिव्यभूरितरज्योतिर्व्याप्तं तेऽलोकयन्मुदा ।
गर्भागारं मनोहारं पश्यतां विस्मयावहम् ॥९॥
तत्र सिंहासनं हैमं नद्धनानामणिप्रभम् ।
ते प्रैक्षन्त महाशोभं स्वर्णसत्कलशान्वितम् ॥१०॥
स्वर्णनानामणिश्रीमद्वेदिकासमलङ्कृतम् ।
नद्धचित्रमणिस्वर्णषोडशस्तम्भराजितम् ॥११॥
हैमनद्धमणिज्योतिश्चित्रकान्तिश्रियान्वितम् ।
नानावल्लीश्रियोपेतं नानापक्षिविभूषितम् ॥१२॥
राजन्मेघघटातुल्यस्वर्णचारु मणित्विषा ।
ज्योतिर्मयेन रम्येण छत्रैणैवातिराजितम् ॥१३॥
कोमला तूलिका तस्मिन्नासीद्रम्योत्तरच्छदा ।

પછી શ્રીહરિએ શ્રીવાસુદેવનારાયણની આરતી ઉતારી. તે સમયે હજારો લોકોએ આવું એક આશ્ચર્ય દેખ્યું. ॥૮॥

સહુને તે ઓરડો અપાર દિવ્ય તેજથી ભરપૂર દેખાયો. જોનારાને તે મનોહર અને આશ્ચર્યકારી લાગ્યો. ॥૯॥

તેમાં એક સુંદર સોનાનું સિંહાસન જોયું. તેમાં જડેલા અનેક રત્નોની ચળકાટીથી તે અત્યંત શોભતું હતું. ॥૧૦॥

મણિઓ જડેલી સોનાની વેદિકાથી તે સારું અલંકૃત હતું. તે જાત જાતના રત્ન જડેલા સોનાના સોળ થાંભલાથી દીપતું હતું. ॥૧૧॥

સોનામાં જડેલા રંગબેરંગી મણિઓની વિચિત્ર કાંતિથી તે ઝળહળતું હતું. તેમાં અનેક જાતની વેલોની સુંદરતા હતી. તેમજ અનેક જાતના પક્ષીઓની શોભાથી તે વિભૂષિત હતું. ॥૧૨॥

હે રાજન્ તે સિંહાસનમાં છત્રની સુંદર શોભા હતી, છત્ર મેઘની ઘટાની જેમ છાયેલું હતું તેમ જ સોનામાં જડેલા મણિઓની ચળકાટીથી તે તેજોમય અને રમ્ય લાગતું હતું. ॥૧૩॥

सपार्श्विका हरिं तस्यां निषण्णं ते व्यलोकयन् ॥१४॥
चञ्चत्सुस्वर्णसूत्राणि भूरिमूल्यानि भूपते! ।
विद्युद्भास्वन्ति बिभ्राणं दिव्यवासांसि विग्रहे ॥१५॥
श्रीवत्सवक्षसं दिव्यं बिभ्राणं कौस्तुभं मणिम् ।
वैजयन्तीं शुभां मालां मनोनेत्रातिहर्षदाम् ॥१६॥
दिव्यकेसरगन्धस्य पुण्ड्रमूर्ध्वं वरेऽलिके ।
बिभ्रतं दीर्घविस्तीर्णे वृत्तकुङ्कुमचन्द्रकम् ॥१७॥
दिव्यविभ्राजमानाङ्ग तेजःपुञ्जातिराजितम् ।
तर्जितेन्दुसरोजास्यं लोकसौन्दर्यतर्जनम् ॥१८॥
एकाङ्गशोभया कोटिकामभूरिस्मयापहम् ।
किरीटं बिभ्रतं हैमं नद्धसन्मणिभास्वरम् ॥१९॥
नद्धनानामणिस्वर्णमकराकारकुण्डलम् ।

તે સિંહાસનમાં સુંદર ઓછાડેલી સુંવાળી ગાદી ગોઠવી હતી. વ્યવસ્થિત તકિયા મૂક્યા હતા. તે ગાદી ઉપર શ્રીહરિ વિરાજમાન હતા. તેમ સહુને દર્શન થયા. ॥૧૪॥

હે ભૂપતે ! શ્રીહરિના સ્વરૂપમાં દિવ્ય વસ્ત્ર પહેરેલા હતા. તે વસ્ત્ર ચમકતા સોનાના તારવાળા અને ઘણા કીમતી હતા. વીજળીના જેવા ઝળહળતા હતા. ॥૧૫॥

વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન હતું, દિવ્ય કૌસ્તુભમણિ પહેર્યો હતો. મન અને આંખોને આનંદ આપે એવી શુભ વૈજંતી માળા ધારણ કરી હતી. ॥૧૬॥

સુંદર વિશાળ ઊપડતા લલાટમાં દિવ્ય કેસરી ચંદનનું ઊર્ધ્વ પુંડ્ર-તિલક કર્યું હતું, તેમાં કુંકમનો ગોળ ચાંદલો કર્યો હતો. ॥૧૭॥

બધા અવયવો દિવ્ય તથા સોહામણા હતા. તેજના પુંજમાં અત્યંત દેદીપ્યમાન જણાતા હતા. ચંદ્રમાને અને કમળને ઝાંખા પાડી દે એવું આકર્ષક તેજસ્વી મુખ હતું. લૌકિક સૌંદર્ય તો તેમની તુલનામાં તુચ્છ હતું. ॥૧૮॥

શ્રીહરિના કોઈપણ એક અંગની શોભા આગળ કરોડો કામદેવનો ગર્વ ઊતરી જતો હતો. જડેલા મણિઓથી ઝળહળતો સોનાનો મુકુટ મસ્તક ઉપર હતો. ॥૧૯॥

અનેક મણિ જડેલા સોનાના મકરાકાર કુંડળ ધાર્યા હતા. મણિ જડેલા

नद्धसन्मणिसौवर्णदिव्यग्रैवेयभूषितम् ॥२०॥
बिभ्राणं मौक्तिकीं मालां स्फुरत्तारानुकारिणीम् ।
ललन्तीं चातिराजन्तीं स्वर्णहारान् मनोहरान् ॥२१॥
बिभ्रतं स्वर्णकेयूरौ नद्धनानामणित्विषौ ।
प्रकोष्ठाऽऽभरणे हैमे नद्धसन्मणिभास्वरे ॥२२॥
पारिहार्यौ च सौवर्णौ नद्धसन्मणिरौचिषौ ।
अङ्गुलीषूर्मिका दिव्या दधानं विस्फुरत्प्रभाः ॥२३॥
काञ्चनीं रुचिरां काञ्चीं नद्धश्रीमन्मणिप्रभाम् ।
बिभ्राणं हंसकौ हैमौ मञ्जीरौ च मणिप्रभौ ॥२४॥
नानासुगन्धिमाल्यानां हारकेयूरशेखरान् ।
कर्णपूरौ तथा गुच्छं दधानं दिव्यविग्रहम् ॥२५॥
स्तुवतश्चोपविष्टांस्तं तत्सिंहासनपार्श्वयोः ।
मुक्तांस्तेऽलोकयन् प्रीत्या पार्षदांश्च सहस्रशः ॥२६॥
तस्य सिंहासनस्याग्रे तिष्ठन्तं ते व्यलोकयन् ।

સોનાના દિવ્ય ટૂંપિયાનીકંઠમાં શોભા હતી. ॥૨૦॥

આકાશમાં ચમકતા તારાઓના જેવી કીમતી મોતીઓની માળા છાતી ઉપર લટકતી ઓપતી હતી. અને મનોહર સોનાના હાર પણ ધારણ કર્યા હતા. ॥૨૧॥

જડેલા અનેક મણિની ચમકવાળા સોનાના બાજુ બંધ ધાર્યા હતા. મણિજડિત સોનાના તેજસ્વી કડાં, વળિયા અને સાંકળાં વગેરે પહેર્યા હતા. ॥૨૨॥

રત્ન જડિત સોનાના કંકણ ઝળકતા હતા. આંગળિયોમાં ચમકતી દિવ્ય વીંટીઓ ધારણ કરી હતી. ॥૨૩॥

જડેલા મણિઓના સુંદર ચળકાટ વાળો કંદોરો કમરે ધાર્યો હતો. રત્નોની પ્રભાવાળા સોનાના નૂપુર અને વીંછીયા ચરણોમાં પહેર્યા હતા. ॥૨૪॥

અનેક જાતના સુગંધી ફૂલોના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ અને ફૂલદડો, તેને ધારી રહેલ દીવ્ય સ્વરૂપ હતું. ॥૨૫॥

તે સિંહાસનની બંને બાજુમાં બેસીને પ્રેમથી તેમની સ્તુતિ કરી રહેલા મુક્તોને અને હજારો પાર્ષદોને પણ સહુએ જોયા. ॥૨૬॥

नूतनाम्भोधरश्यामं वासुदेवं चतुर्भुजम् ॥२७॥
शंखचक्रगदाऽब्जानि चतुर्हस्तेषु बिभ्रतम् ।
पीताम्बरधरं युक्तं वैजयन्त्या च मालया ॥२८॥
नद्धसन्मणिसुस्वर्णकिरीटोद्भासिमस्तकम् ।
कौस्तुभाख्यं मणिं कण्ठे बिभ्राणं भूरितेजसम् ॥२९॥
नद्धनानामणिस्वर्णकुण्डले चारु कर्णयोः ।
बिभ्राणं मकराकारे वल्गुवल्गितराजिते ॥३०॥
आदधानं महामूल्यं श्वेतं चैवाङ्गरक्षकम् ।
स्थलाम्भोजारुणं वासो महार्हं स्कन्धयोर्वरम् ॥३१॥
ऊर्ध्वपुण्ड्रेण संयुक्तां पत्रलेखां च कैसरीम् ।
ललाटे बिभ्रतं राजद्वृतं कुङ्कुमचन्द्रकम् ॥३२॥
मञ्जीरौ पादयोर्हैमौ नद्धसन्मणिरोचिषौ ।
दधानं राजितस्मेरं महातेजोमयाकृतिम् ॥३३॥

તે સિંહાસનની આગળના ભાગમાં નવીન મેઘના સમાન શ્યામ અને ચતુર્ભુજ શ્રીવાસુદેવનારાયણને ઊભેલા જોયા. ॥૨૭॥

ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ રાખેલા હતા. રેશમી પીતાંબર પહેર્યા હતા. વૈજયંતી વાળા કંઠમાં હતી. ॥૨૮॥

સુંદર મણિ જડેલા સોનાના મુકુટથી મસ્તક ઝળહળી રહ્યું હતું. અત્યંત તેજસ્વી કૌસ્તુભ મણિ કંઠમાં પહેર્યો હતો. ॥૨૯॥

સુંદર કાનમાં અનેક મણિ જડિત સોનાના મકરાકાર કુંડળ હતા અને ભવ્યતાથી લટકતા તે શોભતા હતા. ॥૩૦॥

તેમણે ઘણું કીમતી શ્વેત અંગરખું પહેર્યું હતું. ગુલાબના જેવો લાલ, કીમતી શ્રેષ્ઠ ખેસ ખભા ઉપર હતો. ॥૩૧॥

સુંદર કપાળમાં કેસરી ચંદનની અર્ચા (આડ) હતી. તેમાં ઊભું તિલક અને સુંદર ગોળ કુંકુમનો ચાંદલો શોભતો હતો. ॥૩૨॥

સુંદર રત્નની કાંતિવાળા સોનાના ઝાંઝર ચરણોમાં હતા. આછું હાસ્ય સોહામણું લાગતું હતું અને મૂર્તિ ખૂબ જ તેજોમય હતી. ॥૩૩॥

तथा ते वीक्ष्य तं शान्तं दिव्यपुष्टाङ्गमद्भुतम् ।
स्वामिनारायणं चापि महामोदं प्रपेदिरे ॥३४॥
कोटिकोट्यर्क तुल्येन नितान्ताऽऽमोदसंयुजा ।
कोटिशीतांशुशीतेन राजितं भूरि तेजसा ॥३५॥
बिभ्राणं दक्षिणे पाणौ तौलसीं मालिकां शुभाम् ।
वामहस्ते स्थलाम्भोजमाल्यगुच्छं च शोभनम् ॥३६॥
सौरभातिभ्रमद्भृङ्गं तं जिघ्रन्तं क्वचिच् क्वचित् ।
पश्यन्तं सदयाऽक्षाब्जकटाक्षैराश्रितव्रजान् ॥३७॥
इत्थंभूतं तमालोक्य जनाः प्रीताः सहस्रशः ।
चक्रुर्जयजयारावं व्याप्नुवन्तं दिशोऽखिलाः ॥३८॥
अथ श्रीवासुदेवस्तं प्रणम्याऽस्तौन्मुदा हरिम् ।
त्वत्पिता तन्महाश्चर्यं महामोदो व्यलोकयत् ॥३९॥
तद्वै सहस्रशः सन्तो राजन्भक्तास्तथेतरे ।
जयामुख्यास्तथा योषाः प्रैक्षन्ताऽऽनदसंप्लुताः ॥४०॥

તે રીતે જ સહુએ શાંતસ્વરૂપવાળા, દિવ્ય અને પુષ્ટ અદ્‌ભુત સ્વરૂપે શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના દર્શન કર્યા, તેથી તેઓ અત્યંત ખુશી થયા. કરોડો સૂર્યના જેવા ઉજ્જ્વળ, કરોડો ચંદ્રમાના જેવા શીતળ અને સુગંધી તેજથી તે યુક્ત હતા. ॥૩૪-૩૫॥

જમણા હાથમાં શુભ તુલસીની માળા ધારી હતી. ડાબા હાથમાં ગુલાબના ફૂલોનો સુંદર ગુચ્છ લીધો હતો. ॥૩૬॥

સુગંધને લીધે ગુચ્છ ઉપર ભમરો આવતો હતો અને ગુચ્છને ક્યારેક ક્યારેક સુંઘતા હતા. ભક્ત સમૂહને દયાપૂર્ણ નેત્રકમળના કટાક્ષથી દેખતા હતા. ॥૩૭॥

આ પ્રમાણેના દર્શન કરીને હજારો ભક્તજનો ખુશી થયા. ઊંચે અવાજે જયનાદ કરવા લાગ્યા. જેનો અવાજ દસે દિશાઓમાં પ્રસરી ગયો. ॥૩૮॥

પછી શ્રીવાસુદેવનારાયણે તે શ્રીહરિને પ્રણામ કર્યા અને સ્તુતિ કરી. તમારા પિતા શ્રીદાદાખાચરે અતિ આનંદ સાથે તે મહાન્ આશ્ચર્ય જોયું. ॥૩૯॥

હે રાજન્ ! હજારો સંત-હરિભક્તો, બીજા લોકો અને જીવુબા વગેરે

तदा तं द्रष्टुमायातैर्विमानस्थैस्तदम्बरे ।
शब्दो जयजयेत्यासीद्देवैरुच्चारितो महान् ॥४१॥
तेऽथ चन्दनपुष्पाणां तदा वृष्टिं व्यधुर्मुदा ।
नानावाद्यानि गन्धर्वा वादयन्तो जगुस्तथा ॥४२॥
तदा श्रीवासुदेवस्य गर्भागारं धरापते! ।
महातेजोमयं दिव्यं विरेजेऽक्षरधामवत् ॥४३॥
अथ श्रीवासुदेवस्य तां मूर्तिं सोऽन्तिकस्थिताम् ।
वासुदेवाकृतौ स्वेन स्थापितायां न्यवीविशत् ॥४४॥
त्वत्पिता तन्मुदाऽपश्यत् राजन्त्याद्यास्तथा जया ।
भक्ताः प्रैक्षन्त चैवान्ये प्रफुल्लास्येक्षणा मुदा ॥४५॥
स तन्मूर्तेस्ततः सेवां विधातुं नित्यदा हरिः ।
आज्ञापयत्तदीयाऽऽज्ञां तां सा मूर्ध्नि न्यधाज्जया ॥४६॥
सा ततो वासुदेवार्चां गन्धमाल्यस्त्रगादिभिः ।

મહિલાઓ, સહુએ આનંદમાં તરબોળ થઈને આવા દર્શન કર્યા. ॥૪૦॥

તે સમયે ત્યાં દર્શન કરવા આવેલા અને વિમાનમાં બેઠેલા દેવતાઓએ ઊંચે અવાજે મહાન્ જયજયકારનો પુકાર કર્યો. ॥૪૧॥

તે દેવોએ તે વખતે આનંદથી પુષ્પોની અને ચંદનની વૃષ્ટિ કરી. ગંધર્વો અનેક પ્રકારના વાજિંત્ર વગાડીને ગાવા લાગ્યા હતા. ॥૪૨॥

હે ભૂપતે ! તે સમયે વાસુદેવનારાયણનો ઓરડો દિવ્ય મહાન્ તેજોમય દેખાતો હતો અને અક્ષરધામની જેમ શોભતો હતો. ॥૪૩॥

પછી પોતાની સમીપે જે દિવ્ય વાસુદેવ સ્વરૂપ હતું તેને પોતે પધરાવેલી શ્રીવાસુદેવનારાયણની મૂર્તિમાં લીન કરાવ્યું. ॥૪૪॥

આવું દર્શન તમારા પિતા શ્રીદાદાખાચરને થયું. જીવુબા અને રાજબાઈ આદિ બહેનોને થયું તથા બીજા ભક્તોને પણ થયું. તેના આનંદમાં સહુના મુખ અને આંખો પ્રફુલ્લિત થઈ ગયા. ॥૪૫॥

પછી શ્રીહરિએ તે શ્રીવાસુદેવનારાયણની મૂર્તિની સેવા નિત્ય કરવાની આજ્ઞા કરી. તે આજ્ઞાને જીવુબાએ મસ્તકે ધારણ કરી. ॥૪૬॥

आर्च्चयच्चोपचारैस्तां वासोभूषादिभिर्वरैः ॥४७॥
साऽथ सम्भोज्य तां मूर्तिं नानाभोज्यान्यतर्पयत् ।
श्रीहरिं वर्णिसन्मुख्यान् भक्तांश्चान्यान् सहस्त्रशः ॥४८॥
सुभोज्यानि तदा प्रीत्या परिवेष्य व्यतर्पयत् ।
स्वातिस्निग्धान् स मुन्यादीन् मुहुस्तत्पङ्क्तिषुव्रजन् ॥४९॥
नानाधामस्थिता मुक्ता देवा ब्रह्मादयस्तथा ।
प्रीत्या तत्राऽऽव्रजन् राजंस्तत्प्रसादाऽऽप्तिलालसाः ॥५०॥
साधुवेशप्रतिच्छन्नास्ते प्रविश्य सदालिषु ।
हरिप्रासादिकान्यादन्नाभोज्यानि भूपते! ॥५१॥
सामग्र्यादशसाहस्त्रपाकपर्याप्तया कृतम् ।
पाकं सर्वं सकृद्भुक्त्या ते हि प्राश्नन्महीपते! ॥५२॥
त्वत्पिताऽथोपचारैस्तं गन्धमाल्यस्त्रगादिभिः ।
गर्भागारबहिर्वेद्यां वासुदेवस्य चाऽऽर्चयत् ॥५३॥

પછીથી જીવુબા (મોટીબા) સારા વસ્ત્ર અને ઘરેણા વગેરેથી તથા સુગંધી ચંદન અને ફૂલહાર આદિ સર્વોત્તમ ઉપચારોથી શ્રીવાસુદેવનારાયણની પૂજા કરતા હતા. ॥૪૭॥

જીવુબાએ અનેક પ્રકારના ભોજનોનો થાળ તૈયાર કરીને શ્રીવાસુદેવ-નારાયણને અર્પણ કર્યો, તે પછી શ્રીહરિને અને વર્ણી, સાધુ વગેરે અન્ય હજારો ભક્તોને અનેક પ્રકારના ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ॥૪૮॥

હે રાજન્ ! અનેક ધામમાં રહેતા મુક્તો અને બ્રહ્મા આદિ દેવતાઓ શ્રીહરિના પ્રસાદની લાલચથી પ્રેમ સહિત ત્યાં આવ્યા હતા. ॥૫૦॥

હે ભૂપતે ! તે મુક્તો અને દેવતાઓ સાધુના વેશમાં સાધુની પંક્તિમાં બેસી ગયા. અને શ્રીહરિના પ્રસાદીરૂપ અનેક પ્રકારના ભોજનને જમવા લાગ્યા. ॥૫૧॥

હે મહીપતે ! દસ હજાર માણસો જમે તેટલી સામગ્રી લઈને રસોઈ કરાવી હતી, પણ તે રસોઈને તે બધા એક વખત જમ્યા તેટલામાં જ બધી રસોઈ ખૂટી ગઈ. ॥૫૨॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીવાસુદેવનારાયણના ઓરડાથી બહાર

भोज्यैस्ततो बहुसिताज्ययुतैर्विचित्रैः
सन्तर्प्यभूमिप ! सहस्त्रश एवं विप्रान् ।
तेभ्यो हरिः पुरु तरा ननु दक्षिणास्ते, पित्राऽत्युदारमनसा समदीदपत्सः॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतवासुदेवप्रतिष्ठानिरू पणं नाम षट्सप्ततितमोऽध्यायः ॥७६॥

अथ सप्तसप्ततितमोऽध्यायः

यज्ञाजपूजितः सप्तसप्ततितम उच्यते ।
हरिःकृष्णस्वरू पं स्वं प्रतिगवमदर्शयत् ॥

श्रीचैतन्यानन्द उवाच -
भूपते! वासुदेवीयं गर्भागारं हि यन्महत् ।
तस्य दीर्घा च विस्तीर्णा बहिर्वेद्यस्ति राजिता ॥१॥
सोपानस्थे हरिस्तस्यां कोमलैस्तूलिकादिभिः ।

ઓસરીમાં સુગંધી ચંદન અને ફૂલહાર ઈત્યાદિ ઉપચારોથી શ્રીહરિની અને શ્રીવાસુદેવ નારાયણની પૂજા કરી. ॥૫૩॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પુષ્કળ ઘી સાકર નાખેલા અનેક જાતના ભોજનોથી હજારો બ્રાહ્મણોને જમાડ્યા અને તમારા પિતાશ્રી દાદાખાચર પાસે તેમને ઉદારમનથી પુષ્કળ દક્ષિણાઓ અપાવડાવી. ॥૫૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૭૬ સમાપ્ત

અધ્યાય - ૭૭

યજ્ઞપુરુષ અને બ્રહ્માએ કરેલા દર્શન પૂજન તથા શ્રીહરિનું કૃષ્ણસ્વરૂપે દર્શન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! શ્રીવાસુદેવનારાયણનો ઓરડો ઘણો વિશાળ છે અને તેની ઓસરી પણ સુંદર વિશાળ અને લાંબી છે. ॥૧॥

युक्ते रम्यासने सायं न्यषीदद्भक्तवीक्षितः ॥२॥
ततो नीराजने जाते श्रीकृष्णस्य हरिर्मुदा ।
तालिका वादयंश्चक्रे कृष्णनामानुकीर्तनम् ॥३॥
शिक्षयन्तं निजान् भक्तिं तं तद्भक्तास्त्वनुप्रभुम् ।
नामसङ्कीर्तनं तद्वच्चक्रिरे राधिकापतेः ॥४॥
वन्दितः स ततो भक्तैर्न्यषीदत् स्वासने पुनः ।
तं प्रणम्याथ तस्याग्रे न्यषीदंस्ते मुदन्विताः ॥५॥
यज्ञकुण्डादथोद्भूतां महाज्वालां हविर्भुजः ।
ऊर्ध्वं च सर्वतो व्याप्तां ते प्रैक्षन्ताऽऽश्रिता हरेः ॥६॥
ततस्तस्यामपश्यंस्ते यज्ञनारायणाकृतिम् ।
महातेजोमयीं दिव्यां भास्वरां दिक्तमोपहाम् ॥७॥
स्वर्णनानामणिश्रीमन्नानालङ्कारभास्वराम् ।

તે ઓસરીના પગથિયા પાસે સુંવાળા ગાદી તકિયા આદિ બિછાવીને તૈયાર કરેલા મનોજ્ઞ પોતાના આસન ઉપર શ્રીહરિ સાંજે વિરાજ્યા હતા અને ભક્તજનો દર્શન કરતા હતા. ॥૨॥

પછી શ્રીવાસુદેવનારાયણની આરતી થઈ, ત્યારે પ્રેમથી તાળીઓ વગાડીને શ્રીહરિ નારાયણધૂન કરવા લાગ્યા. ॥૩॥

પરમાત્મા શ્રીહરિ પોતાના ભક્તોને ભક્તિમાર્ગ શીખવતા હતા તેથી બધા ભક્તો પણ તેમના પછી ભગવાનના નામોની ધૂન કરવા લાગ્યા. ॥૪॥

ભક્તો વંદન કરતા હતા અને શ્રીહરિ ફરીવાર પોતાને આસને વિરાજ્યા, ત્યારે હરખભર્યા ભક્તો પણ તેમને પગે લાગીને તેમની આગળના ભાગમાં બેઠા. ॥૫॥

તે સમયે સર્વ ભક્તોને દેખાયું કે યજ્ઞકુંડમાંથી અગ્નિની મોટી જ્વાળા પ્રકટી છે અને ઊંચે તથા ચોતરફ ફેલાઈ રહી છે. ॥૬॥

તે અગ્નિની જ્વાળામાં સહુને યજ્ઞનારાયણના દર્શન થયા. તેમનું સ્વરૂપ અતિ તેજસ્વી, ચમકતું અને દિવ્ય હતું, તેનાથી અંધારું ટળી ગયું હતું. ॥૭॥

તે સ્વરૂપ રત્નજડિત સોનાના અનેક અલંકારોથી ઉજ્જ્વળ લાગતું હતું.

वैजयन्तीं वरां मालां दधानां दिव्यवाससम् ॥८॥
यज्ञनारायणः साक्षात्तं ततः श्रीहरिं मुदा ।
पूजयामास दिव्यार्घ्यै रम्यैः षोडशभिर्नृप! ॥९॥
स प्रणम्याऽथ तं राजन्! स्तुत्वा गद्गदया गिरा ।
ध्यायंस्तं परमात्मानं तन्मूर्तौ लीनतामगात् ॥१०॥
ऐश्वर्यमित्थमवलोक्य हरेरतुल्यं ते तस्य भक्तनिकराः शुभमद्भुतं तत् ।
प्राप्ता मुदं पुरु तरामवतारहेतुं जानन्ति चाक्षरपरं स्म तमात्मतन्त्रम् ॥११॥
सोपानेष्वन्वहं तस्य गर्भागारस्य भूपते! ।
न्यषीदत् स्वासने रम्ये तूलिकाद्यैर्युते हरिः ॥१२॥
राजन्! धनत्रयोदश्यां तत्राऽथ श्रीहरिः प्रगे ।
न्यषीदत् स्वासने रम्ये भक्तैरालोकितो मुदा ॥१३॥
चतुष्केऽथाऽऽनयत्तस्य गर्भागारस्य विस्तृते ।

તેમના વસ્ત્ર દિવ્ય હતા. વૈજયંતી માળા પહેરી હતી. ॥૮॥

હે નૃપ ! પછી શ્રીયજ્ઞનારાયણે રમણીય દિવ્ય ષોડશોપચારોથી સાક્ષાત્ શ્રીહરિની પ્રેમે સહિત પૂજા કરી. ॥૯॥

હે રાજન્ ! પછી પ્રણામ કરીને ગદ્‌ગદવાણીથી સ્તુતિ કરી. તે પછી પરમાત્મા શ્રીહરિનું ધ્યાન કરતા કરતા તેમની મૂર્તિમાં લીન થઇ ગયા. ॥૧૦॥

ભગવાન્ શ્રીહરિના આવા અનુપમ, શુભ અને અદ્‌ભુત ઐશ્વર્યને દેખીને બધા ભક્તો ખૂબ જ આનંદિત થયા. અને તે સહુએ શ્રીહરિને અક્ષરથી પર, સ્વતંત્ર અને સર્વ અવતારોના હેતુ તરીકે ઓળખ્યા. ॥૧૧॥

હે રાજન્ ! શ્રીહરિ તે વાસુદેવનારાયણના ઓરડાની આગળ પગથિયા પાસેના ખંડમાં ગાદી તકિયો બિછાવેલા પોતાના રમણીય આસન ઉપર રોજ વિરાજમાન થતા હતા. ॥૧૨॥

હે રાજન્ ! એક વખત ધનતેરશનો દિવસ હતો. સવારના પહોરમાં શ્રીહરિ ત્યાં પોતાના સુંદર આસન ઉપર વિરાજ્યા હતા. સહુ ભક્તજનો પ્રેમથી દર્શન કરતા હતા. ॥૧૩॥

ત્યારે ત્યાં ઓરડાની આગળના વિશાળ ચોકમાં બીજલ નામે ગોવાળ

भ्राजिता नवतिर्धेनूर्गोपो बीजलसंज्ञितः ॥१४॥
ततस्तासां गवां पूजां विप्रैर्वेदादिवेदिभिः ।
सोऽर्घ्यैरकारयद्दिव्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ॥१५॥
अथेत्थं दिव्यमैश्वर्यं प्रेक्षकाऽऽश्चर्यकारणम् ।
प्रादर्शयत् स्वभक्तानामानन्दार्थं निजं हरिः ॥१६॥
आसन् गावो हि यावत्यस्ता हरिस्तावतीर्विभुः ।
अबिभ्रद्भास्वरा मूर्तीर्मनोनेत्रातिहर्षदाः ॥१७॥
साऽथैकैका हरेर्मूर्तिर्दिव्या प्रत्यर्जुनिस्थिता ।
आसीद्यष्टिधरा राजन्! बर्हिपिच्छकिरीटिनी ॥१८॥
वेणुं पाणिद्वयोपात्तं धृत्वा बिम्बोपमाधरे ।
वादयन्ती मनःकान्ता सस्वरग्राममूर्छनम् ॥१९॥
वामपार्श्वस्थया युक्ता राधया ध्वस्तबाधया ।
चञ्चलभ्रूर्वरस्मेरा दिव्यभूषाम्बरप्रभा ॥२०॥

સુંદર દેખાવડી ૯૦-નેવું ગાયોને લઇને ચોકમાં આવ્યો. ॥૧૪॥

પછી શ્રીહરિએ વૈદિક વિધિ જાણનારા વિપ્રો પાસે ચંદન કુંકુમ અને ફૂલાહાર આદિ દિવ્ય ઉપચારોથી તે ગાયોની પૂજા કરાવી. ॥૧૫॥

પછી ત્યાં દર્શન કરનારાને આશ્ચર્ય થાય તેવું, પોતાનું દિવ્ય ઐશ્વર્ય, ભક્તોના આનંદ માટે શ્રીહરિએ બતાવ્યું. ॥૧૬॥

તે ગાયો જેટલી હતી તેટલી જ મન તથા આંખોને આનંદ આપનારી, તેજસ્વી મૂર્તિઓ શ્રીહરિએ ધારણ કરી. ॥૧૭॥

શ્રીહરિની તે એક એક મૂર્તિ પ્રત્યેક ગાય પાસે ઊભેલી હતી. હે રાજન્ ! તે પ્રત્યેક મૂર્તિના હાથમાં છડી હતી અને મોરપિચ્છનો મુકુટ પહેર્યો હતો. ॥૧૮॥

બન્ને હાથમાં રહેલી વાંસળીને પાકા ઘિલોડા જેવા લાલ હોઠ ઉપર રાખીને સ્વર, ગ્રામ તથા મૂર્છનાના વિવેક સાથે મનોહર તે મૂર્તિ વગાડી રહી હતી. ॥૧૯॥

સર્વ પ્રકારના દુઃખને નષ્ટ કરનારા રાધિકાજી તેમને ડાબે પડખે ઊભા હતા. તેમની ભ્રૃકુટી ચંચળ હતી. સર્વોત્તમ મૃદુ હાસ્ય હતું. દિવ્ય વસ્ત્રો અને અલંકારોની ચમક હતી. ॥૨૦॥

इत्थंभूतां शुभां मूर्ति तां सर्वा ललिताऽद्भुताम् ।
दृष्ट्वा जयां च राजन्तीमुख्या योषा जगाविदम् ॥२१॥
अहो! जयादयो! योषा! ईदृग्रूपधरं हरिम् ।
प्रैक्षन्ताऽथेति ताः सर्वा व्यपश्यंस्तं हि तादृशम् ॥२२॥
बीजलाख्यस्तथा गोपो हरेर्मूर्तीर्हि तावतीः ।
आलोक्य विस्मयाविष्टो मुदं प्रापन्महीयसीम् ॥२३॥
इत्थं सुदिव्यबहुमूर्त्तिधरं निजेष्टं भक्तप्रियं हरिमुदारदयार्द्रचित्तम् ।
दृष्टवा मुनिः परमहंसशुभाभिधानस्तं प्राणमन्नति मुदा ह्यवतारहेतुम्॥
रू पाणि तानि सकलान्यतिराजितायां मूर्तौ हरेरतुलरू पगुणान्वितायाम्।
लीनत्वमीयुरिति ते हि विलोक्य चित्रं भक्तव्रजा मुदमुदारतरामवापुः॥
गर्भागारस्य तस्योच्चैर्बहिर्वेद्यास्तु मध्यमे ।

લાડુબાને આ રીતની બધી જ તે શુભ અદ્‌ભુત મૂર્તિઓના દર્શન થયા. પછી તેમણે જીવુબા તથા રાજબાઇ આદિ સર્વ મહિલાઓને તે દર્શનની વાત કહી. ॥૨૧॥

અરે ! જીવુબા ! બધી બહેનો ! આવા ગોપવેશમાં રાધિકાજી સાથે રહેલા શ્રીહરિના દર્શન તો કરો !!! પછી તે બધી બહેનોએ જેવા લાડુબાને દર્શન થતા હતા તેવા દર્શન કર્યા. ॥૨૨॥

ગોવાળ બીજલને પણ તેટલી બધી શ્રીહરિની મૂર્તિઓના દર્શન થયા. તેથી તેને આશ્ચર્ય થયું અને મહાન આનંદ પામ્યો. ॥૨૩॥

શ્રીહરિએ આ રીતે અનેક સ્વરૂપ ધાર્યા, જે પોતાના ભક્તોને ઇષ્ટ છે તથા પ્રિય છે, તેઓ ઉદાર છે અને તેમનું હૃદય દયાથી તરબોળ છે. શ્રીપરમહંસાનંદ નામના એક સંતે ઉપર કહ્યા મુજબના શ્રીહરિના બહુ રૂપે દર્શન કર્યા. અપાર આનંદિત થઇને તેમણે અવતારોના પરમ કારણ શ્રીહરિને વંદન કર્યા. ॥૨૪॥

શ્રીહરિની મૂર્તિ અત્યંત સુશોભિત છે, અનુપમ રૂપ અને ગુણોથી યુક્ત છે. તે આ મૂર્તિમાં પૂર્વોક્ત ગોપવેશધારી બધા સ્વરૂપ લીન થઇ ગયા. ત્યાં રહેલા સર્વ ભક્તજનો શ્રીહરિના આશ્ચર્ય પૂર્ણ ઐશ્વર્યને જોઇને અત્યધિક આનંદ પામ્યા. ॥૨૫॥

હે રાજન્ ! તે ઓરડાની ઓસરીના સુંદર ઊંચા વચલા ખંડમાં શ્રીહરિ

भूयो भूयो हरिः खण्डे रम्ये राजन्नुपाविशत् ॥२६॥
तत्रैकदा हरिर्युक्ते किन्नखापस्य भूपते! ।
तूलिकाद्यैः स पर्यङ्के न्यषीदद्राजिते प्रभुः ॥२७॥
श्वेतवासा मनोहारी माल्यहारविराजितः ।
दृष्ट्या दयार्द्रया पश्यन् स्वभक्तान् स्वाननेक्षणान् ॥२८॥
सन्तो भक्तास्ततश्चान्ये महान्तः श्रीहरेः पुरः ।
न्यषीदंश्चाङ्गना दूरे तेभ्यो द्वादश सुव्रताः ॥२९॥
श्रीहरिस्तानथाऽशेषान् भक्तानानन्दयन्निजान् ।
यथाशास्त्रं व्यधाद्भद्रं पुण्यं ब्रह्मनिरू पणम् ॥३०॥
तदाऽऽयादुत्तराशायास्तेजोगोलो महान् सितः ।
सोऽथैत्य तद्बहिःशालासोपानं सुस्थिरोऽभवत् ॥३१॥
तस्मिन्नथेक्षिते भक्ता हंसमेकं व्यलोकयन् ।
निषण्णं पद्मजं तस्मिन् दिव्यवासोविभूषणम् ॥३२॥

વારંવાર વિરાજમાન થતા હતા. ॥૨૬॥

હે ભૂપતે ! એક વખત મહાપ્રભુ શ્રીહરિ ત્યાં કિનખાબના ગાદી તકિયા બિછાવેલા સુશોભિત પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ॥૨૭॥

તેમણે સર્વ શ્વેતવસ્ત્ર પહેર્યા હતા, સ્વરૂપ મનોહર હતું. ફૂલના હારથી શોભતા હતા, પોતાના મુખારવિંદ સામે જોઇ રહેલા ભક્તોને દયાભરી દૃષ્ટિથી દેખતા હતા. ॥૨૮॥

શ્રીહરિની આગળ મોટોરા સંતો અને બીજા હરિભક્તો બેઠા હતા. તેમનાથી થોડે દૂર અતિદૃઢ વ્રત નિયમ પાળનારી બાર જેટલી મહિલાઓ બેઠી હતી. ॥૨૯॥

શ્રીહરિ તે સહુ ભક્તોને મનમાં આનંદ થાય તે રીતે મંગળમય શુદ્ધ બ્રહ્મ સ્વરૂપનું શાસ્ત્ર પ્રમાણે નિરૂપણ કરી રહ્યા હતા. ॥૩૦॥

તે સમયે ઉત્તર દિશામાંથી એક મોટો શ્વેત તેજનો ગોળો ઊતર્યો. પછી તે તેજસ્વી ગોળો ઓસરીના પગથિયા પાસે આવીને સ્થિર થઇ ગયો. ॥૩૧॥

સહુભક્તોએ જોયેલા તે તેજમાં એક હંસને દેખ્યો. તે હંસના ઉપર દિવ્ય વસ્ત્રો અને અલંકારોને ધારી રહેલા બ્રહ્માને દેખ્યા. ॥૩૨॥

ते समैक्षन्त सावित्रीं निषण्णां तत्र सुव्रताम् ।
सार्घ्यपात्रकरां दिव्यां चञ्चद्वासोविभूषणाम् ॥३३॥
सपत्नीकस्ततो ब्रह्मा हंसादुत्तीर्य चाऽऽगमत् ।
श्रीहरीक्षामहानन्दः प्रेमोद्रेकस्तदन्तिकम् ॥३४॥
तं ववन्दे ततो भक्त्या साष्टाङ्गं सोऽम्बुजासनः ।
तदीया स्त्री च पञ्चाङ्गं सादरं प्रेमपूर्वकम् ॥३५॥
ततः केसरकस्तूरीयुक्तश्रीखण्डगन्धतः ।
कुङ्कुमाक्षतसन्माल्यहारोत्तंसादिभिस्तथा ॥३६॥
महार्हाम्बरसद्भूषाधूपदीपादिभिस्तथा ।
विचित्रोपायनैश्चान्यैरार्चयत्तं स साङ्गनः ॥३७॥
अथ स्थालाऽऽभृतं भोज्यं भक्ष्यं लेह्यं च चोष्यकम् ।
स तं संभोजयाञ्चक्रे श्रीहरिं सादरं विधिः ॥३८॥
सपत्नीकोऽथ स प्राशनाद्धरिप्रासादिकं मुदा ।

વળી તે હંસ ઉપર બેઠેલા પવિત્ર વ્રતવાળા સાવિત્રી દેવીને પણ સહુએ દેખ્યા. તેમનું સ્વરૂપ દિવ્ય હતું. ચમકતા વસ્ત્રો અને ઘરેણાં તેમણે પહેર્યા હતા. હાથમાં પૂજાપાનું પાત્ર લીધું હતું. ॥૩૩॥

પછી બ્રહ્માજી પત્નીએ સહિત હંસ ઉપરથી નીચા ઊતરીને શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિના દર્શનથી તેમને મહાન્ આનંદ થયો હતો. હૃદયનો પ્રેમ ઊભરાતો હતો. ॥૩૪॥

પછી બ્રહ્માએ ભક્તિભાવથી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને દેવી સાવિત્રીએ હેતથી પંચાંગ પ્રણામ કર્યા. ॥૩૫॥

પછી કેસર કસ્તૂરી મેળવેલા અગરુચંદન, કુંકુમ, અક્ષત , ફૂલોના હાર તોરા વગેરે, મોંઘામૂલા વસ્ત્રો, ઘરેણાં, ધૂપ, દીપ, ઇત્યાદિ અને જાતજાતની ભેટ વસ્તુઓ આદિ ઉપચારોથી સપત્નીક બ્રહ્માજીએ શ્રીહરિની પૂજા કરી. ॥૩૬-૩૭॥

પછી ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, આ ચાર પ્રકારના ભોજનથી ભરેલો થાળ બ્રહ્માએ શ્રીહરિને આદરભાવથી અર્પણ કરીને જમાડ્યા. ॥૩૮॥

તે પછી પોતાનું મહાન્ ભાગ્ય છે એમ માનીને સાવિત્રીદેવીએ સહિત

भक्ष्यभोज्यादिकं भाग्यं मन्यमानो निजं महत् ॥३९॥
वक्त्रैस्ततश्चतुर्भिस्तं प्रेमोद्यत्पुलकाङ्कितः ।
ब्रह्मा गद्गदया वाचा राजन्नस्तौद्यथागमम् ॥४०॥
अथ प्रैक्षन्त भक्तास्ते गच्छन्तं द्रागुदग्दिशि ।
गोलकं तेजसो दिव्यं साश्चर्यं दिक्प्रकाशकम् ॥४१॥
सन्तोऽपृच्छन्नथैवं तं ब्रह्मानन्दादयो हरिम् ।
तेजोगोलात् समुद्भूतः पुमान् कोऽत्राऽऽगतः प्रभो! ॥४२॥
एतद्वेदितुमिच्छामो वयं सर्वे त्वदाश्रिताः ।
तस्मात्त्वं नो हि तत्स्वामिन् वक्तुमर्हस्यशेषदृक् ॥४३॥
स इत्याकर्ण्य तद्वाणीं तानित्थं वाक्यमब्रवीत् ।
एतद्ब्रह्माण्डसृड् ब्रह्मा मत्प्रेक्षार्थं त्विहाऽऽगतः ॥४४॥
पूजयित्वाऽत्र मां भुक्त्वा भोज्यं प्रासादिकं स मे ।
स्तुत्वा चाहेति मां जातः कृतार्थोऽहं त्वदीक्षया ॥४५॥
सोऽभिवन्द्याऽथ मां प्रीत्या मत्प्रेक्षानन्दसम्प्लुतः ।

બ્રહ્માજી શ્રીહરિના ભક્ષ્ય ભોજ્ય આદિ પ્રસાદી અન્નને હરખથી જમ્યા. ॥૩૯॥

હે રાજન્ બ્રહ્મા પ્રેમથી રોમાંચિત થઇ ગયા. પછી ચારે મુખે ગદ્ગદ વાણીથી શાસ્ત્રાનુસારે શ્રીહરિની સ્તુતિ કરી. ॥૪૦॥

પછી તે દિવ્ય તેજનો ગોળો બધી દિશાઓમાં અજવાળું ફેલાવીને સત્વરે ઉત્તર દિશામાં ચાલ્યો ગયો તેમ ભક્તોએ વિસ્મય સાથે જોયું. ॥૪૧॥

પછી સદ્ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી આદિ સંતોએ આવું પૂછ્યું, ''હે પ્રભો ! તેજના ગોળામાંથી પ્રકટ થયેલા પુરુષ અહીં આવ્યા તે કોણ હતા ? ॥૪૨॥

આપના આશ્રિત અમે સહુ તે જાણવા ચાહીએ છીએ. માટે હે સ્વામિન્ ! આપ સર્વ દૃષ્ટા છો તેથી તે અમને કહો'' ॥૪૩॥

સંતોનું કહેવું સાંભળીને શ્રીહરિએ તેમને વચન કહ્યું. આ બ્રહ્માંડના સ્રષ્ટા બ્રહ્મા મારા દર્શન કરવા અહીં આવ્યા હતા. ॥૪૪॥

તેમણે મારી પૂજા કરી, મારું પ્રસાદીરૂપ અન્ન જમ્યા, સ્તુતિ કરી અને મને કહ્યું કે આપના દર્શન થવાથી હું કૃતકૃત્ય થયો છું. ॥૪૫॥

इतः प्रायान्महाबुद्धे! धाम स्वीयं मदाज्ञया ॥४६॥

इत्थं हरेरतिशुभं च सुधावतर्ज्जं, संसारसर्पपरिदष्टजनार्तिहारम् ।
वाक्यं निशम्य मुदिता मुनयोऽखिलास्ते
तं प्राणमन्नितरभक्तजनाश्च राजन् ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रदर्शितैश्वर्यनिरू पणं नाम सप्तसप्ततितमोऽध्यायः ॥७७॥

अथाऽष्टसप्ततितमोऽध्यायः

गोपीशमूर्तिनिर्माणं ध्यानगौरवकीर्तनम् ।
हरिणा कारितं चाष्टसप्ततितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -
नारायणजिदाख्येन शिल्पिना श्रीहरिस्ततः ।
दिव्यां सोऽचीकरन्मूर्तिं गोपीनाथस्य भूपते! ॥१॥

હે મહાબુદ્ધે ! મારા દર્શનના આનંદમાં તરબોળ થયેલા બ્રહ્માએ મને પ્રેમથી પ્રણામ કર્યા. પછી મારી આજ્ઞા લઇને અહીંથી તે પોતાના ધામમાં ગયા છે. ॥૪૬॥

હે રાજન્ ! શ્રીહરિની વાત અત્યંત શુભ હતી. તેની આગળ અમૃત પણ તુચ્છ ગણાય, આ વાત સંસારરૂપી સર્પના ઝેરની પીડાને ટાળનારી હતી. તે સાંભળીને સર્વ સંતો અને બીજા ભક્તજનો રાજી થયા અને સહુ શ્રીહરિને પગે લાગ્યા. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય- ૭૭ સમાપ્ત

અધ્યાય - ૭૮

શ્રીગોપીનાથજી મહારાજ મૂર્તિ કરાવી અને ધ્યાનનું ગૌરવ કહ્યું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! પછી શ્રીહરિએ શિલ્પી શ્રીનારાયણજી ભાઇ સુતાર પાસે શ્રીગોપીનાથજી મહારાજની દિવ્ય મૂર્તિ કરાવી. ॥૧॥

स्वमूर्तिर्यावती तुङ्गा तत्प्रमाणोन्नतां शुभाम् ।
चिह्नैश्चावयवैर्युक्तामात्मतुल्यैर्मनोरमैः ॥२॥
खण्डे श्रीवासुदेवीयगर्भागारस्य पश्चिमे ।
स न्यषीदत्तदाऽजस्त्रं दोलायां तूलिकायुजि ॥३॥
स तत्रोपाविशन्नित्थं हरिर्मासत्रयं मुदा ।
कारयामास तां मूर्तिं गोपीनाथस्य भास्वराम् ॥४॥
सम्पूर्णायां ततस्तस्यां जातायां तां प्रियां हरिः ।
दशकृत्वोऽस्वजत्प्रीत्या श्रिया युक्तामुदारया ॥५॥
तस्यास्ततोऽन्तिके तिष्ठंस्तातं प्राहेति ते हरिः ।
सद्गुरू न् पार्षदांश्चान्यांस्तथा योषा जयादिकाः ॥६॥
गोपीनाथस्य जाताऽसौ मूर्तिर्दिव्या हि मादृशी ।
प्राहैवं ललिता वाक्यं श्रीहरिं प्राञ्जलिस्ततः ॥७॥
राजिताऽवयवोपेता रू पसौन्दर्यशालिनी ।
त्वादृश्यसौ हरे! मूर्तिर्गोपीनाथस्य वर्तते ॥८॥

પોતાની જેટલી ઊંચાઇ હતી તેટલી જ તે મૂર્તિની શુભ ઊંચાઇ કરાવી. પોતાના સ્વરૂપ જેવા જ મનોહર ચિહ્નો અને અવયવો કરાવ્યા. ॥૨॥

તે વખતે શ્રીવાસુદેવનારાયણના ઓરડાથી પશ્ચિમ ખંડમાં ગાદીવાળા હિંડોળામાં શ્રીહરિ સતત વિરાજતા હતા. ॥૩॥

આ રીતે શ્રીહરિ ત્યાં લગભગ ત્રણ મહિના સુધી પ્રેમથી બેસી રહ્યા અને આવી તેજસ્વી શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ કરાવી. ॥૪॥

મૂર્તિ જ્યારે સંપૂર્ણ તૈયાર થઇ ત્યારે અત્યંત સુશોભિત પોતાની પ્રિય તે મૂર્તિને પ્રેમથી દસેક વાર ભેટ્યા હતા. ॥૫॥

શ્રીહરિ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિની બાજુમાં ઊભા રહ્યા, પછી તમારા પિતાશ્રીદાદાખાચર, મોટેરા સદ્ગુરુઓ, પાર્ષદો, બીજા ભક્તો અને જીવુબા (મોટીબા) આદિ મહિલાઓ, સહુને શ્રીહરિએ કહ્યું કે આ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ મારા જેવી જ થઇ છે. ત્યારે લાડુબાએ હાથ જોડીને કહ્યું, હે હરે ! સુશોભિત અવયવો વાળી અને રૂપ સૌંદર્યથી સોહામણી આ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ

नारायणजिते प्रादात् सोऽतिप्रीतो हरिस्ततः ।
महामूल्यं निजोष्णीषं स्वर्णसूत्रातिभास्वरम् ॥९॥
किन्नखापस्य नीशारं सुरवारं तथोत्तमम् ।
श्रोणिबन्धं च सद्वासो हेमप्रान्तसुपल्लवम् ॥१०॥
उत्तरीयं च कौसुम्भं सुवर्णप्रान्तपल्लवम् ।
तथा स्वं नक्तकं रम्यं तस्मै प्रीत्याऽदिशद्धरिः ॥११॥
परिवीते ततः स्वेन पादुके पुण्यदर्शने ।
निजप्रासादिकान् पौष्पान् हारांस्तस्मै स चाऽदिशत् ॥१२॥
त्वत्तातोऽथाऽदिशत्तस्मै स्वर्णहारं महाधनम् ।
जयाद्या योषितस्तिस्त्रस्तिस्त्रोऽदुर्हेममुद्रिकाः ॥१३॥
ततः सोऽनावृताङ्गस्तं गाढं दोर्भ्यांसमस्वजत् ।
तथा तद्वक्षसि स्वीये पादपद्मे न्यधान्मुदा ॥१४॥
सर्वे सद्गुरवो राजन्! त्वत्पित्राद्यास्तथेतरे ।

આપના જેવી જ છે. ॥૬-૮॥

પછી શ્રીહરિ નારાયણજી ભાઈ શિલ્પી ઉપર ખૂબ જ રાજી થયા. અને તેમને સોનાના તારથી ઝળહળતી ઘણી મૂલ્યવાન્ પોતાની પાઘ આપી. ॥૯॥

તે સિવાય કિનખાબનો જામો, સર્વોત્તમ સુરવાળ, સોનેરી કિનારી તથા પાલવવાળો કમરબંધનો ખેસ, તેવો જ સોનેરી કિનારી અને પાલવવાળો કસુંબી ખેસ અને સુંદર પોતાનો હાથ રૂમાલ, આ બધું , તેમને શ્રીહરિએ હેતથી આપ્યું. ॥૧૦-૧૧॥

પછી દર્શન કરવા માત્રથી જ પવિત્ર કરનારી સ્વયં પહેરેલી પાદુકાઓ (ચાંખડીઓ) આપી. પ્રસાદીના ફૂલહાર પણ તેમને આપ્યા. ॥૧૨॥

તમારા પિતાશ્રીએ પણ એક ઘણો કીમતી સોનાનો હાર આપ્યો. જીવુબા આદિ ત્રણ બહેનોએ સોનાની ત્રણ વીંટીઓ આપી. ॥૧૩॥

પછી શ્રીહરિ ખુલ્લે શરીરે તેમને ભુજાઓમાં ભીડીને ભેટ્યા. તેમજ પ્રેમથી તેની છાતીમાં પોતાના ચરણકમળ ચાંપ્યા. ॥૧૪॥

હે રાજન્ ! બધા સદ્ગુરુ સંતો, તમારા પિતાશ્રી આદિ સર્વ હરિભક્તો

तं हर्य्यनुग्रहं प्राप्तं प्राज्ञं प्रीत्याऽभिरेभिरे ॥१५॥
तं नारायणजित् स्वेष्टं ततो गन्धेन चारुणा ।
नानासुगान्धपुष्पाणां हारकेयूरशेखरैः ॥१६॥
धूपदीपैस्तथा रम्यैर्नैवेद्यप्रमुखैर्हरिम् ।
पूजयित्वोत्तमैरर्घ्यैस्तस्य नीराजनं व्यधात् ॥१७॥
तस्य श्रीवासुदेवीयगर्भागारस्य सोऽस्वपत् ।
दिशि प्राच्यां हरिः खण्डे मध्याह्ने भूरि वत्सरम् ॥१८॥
तत्राऽजस्त्रं मुनीन्द्रेण शुकानन्देन स प्रभुः ।
श्रीमद्भागवतादीनां वाचयामास सत्कथाम् ॥१९॥
तत्रैकदा स मध्याह्ने राजन्! सुप्त्वोत्थितोऽभवत् ।
तदर्थं चाथ सत्पाकं ललिताऽकारयन्मुदा ॥२०॥
पुरिका वर्तुला रम्या मुकुन्दानन्दवर्णिना ।
तण्डुलीयां तथा भार्जी सादरं सा व्यधापयत् ॥२१॥
धान्याकतिक्तवस्त्वादेरल्पाऽम्लीयफलान्विताम् ।

તેમને શ્રીહરિના કૃપાપાત્ર કુશળ કારીગર માનીને પ્રેમથી ભેટ્યા. ॥૧૫॥

આ પછી શ્રીનારાયણજીભાઈ સુતારે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પૂજા કરી. સુગંધી ચંદન, અનેક જાતના સુગંધી ફૂલોના હાર, બાજુબંધ અને તોરાઓ, ધૂપ, દીપ, રમણીય નૈવેદ્ય વગેરે પૂજાના શ્રેષ્ઠ ઉપચારોથી પૂજા કરીને આરતી ઉતારી. ॥૧૬-૧૭॥

તે શ્રીવાસુદેવનારાયણના ઓરડાથી પૂર્વ તરફના ખંડમાં બપોર વચ્ચે શ્રીહરિ ઘણા વરસ સુધી શયન કરતા હતા. ॥૧૮॥

મહાપ્રભુ શ્રીહરિ તે સ્થળે જ મુનિવર્ય શ્રીશુકાનંદ સ્વામી પાસે શ્રીમદ્ભાગવત આદિ સદ્ગ્રંથોની કથા વંચાવતા હતા. ॥૧૯॥

હે રાજન્ ! તેમાં એક વખત શ્રીહરિ મધ્યાહ્ને પોઢીને ઊઠ્યા. પછી લાડુબાએ શ્રીહરિને માટે પ્રેમથી સારો થાળ કરાવ્યો. ॥૨૦॥

શ્રીમુકુંદવર્ણીએ સુંદર ગોળ પૂરી અને તાંદળજાની ભાજી આદરભાવથી બનાવી. ॥૨૧॥

चटनीं सा व्यधाद्रम्यां तदर्थं प्रेमसंयुता ॥२२॥
तां भाजीं चटनीं चाग्र्यां पुरिकास्तां स वर्णिराट् ।
भृत्वा न्यवेदयत् पात्रे विष्णवे भूपते! मुदा ॥२३॥
परिधायाऽथ स स्नात्वा चारु पीताम्बरं हरिः ।
पादुकेऽङ्घ्र्योर्वसित्वाऽन्यद्भुक्तिस्थानं समाययौ ॥२४॥
स न्यषीदत् ततो रम्ये श्रीहरिः पट्टकासने ।
अथाऽधाद्वर्णिराट् पात्रं पुरिकाद्यैर्युतं पुरः ॥२५॥
अथाऽश्नात् पुरिका रम्याश्चटनीं तां च भाजिकाम् ।
श्रीहरिश्चारनालानि पिबन्नीरं मुहुर्मुहुः ॥२६॥
पुरिकाद्यन्वितं स्थालं निजप्रासादिकं ततः ।
शुकानन्दमुनीन्द्राय प्रादात् स्वप्रेयसे हरिः ॥२७॥
तथा वस्त्राणि सर्वाणि स्वीयमूर्तौ धृतानि सः ।
तस्मै प्रादादतिप्रीत्या गाढं तं चाऽस्वजत् प्रियम् ॥२८॥

લાડુબાએ લીલા ધાણા, મરચા અને આંબલીના કાચા કાતરાની સુંદર ચટણી શ્રીહરિને માટે પ્રેમથી બનાવી. ॥૨૨॥

વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામીએ ભાજી, સરસ ચટણી અને પૂરીનો થાળ પ્રેમથી ભરીને ભગવાનને નૈવેદ્યમાં અર્પણ કર્યો. ॥૨૩॥

પછી શ્રીહરિએ સ્નાન કર્યું. સુંદર પીતાંબર પહેર્યું. ચરણમાં ચાંખડીઓ પહેરી અને પછી થાળ જમવા માટે રસોડામાં પધાર્યા. ॥૨૪॥

પછી શ્રીહરિ રમણીય બાજોઠ ઉપર બેઠા અને બ્રહ્મચારીએ પૂરી, ભાજી અને ચટણીનો થાળ આગળ મૂક્યો. ॥૨૫॥

પછી શ્રીહરિ સુંદર પૂરી, ભાજી અને ચટણી, અથાણું વગેરે જમ્યા. જમતાં જમતાં વચ્ચે વારેવારે જળપાન કરતા હતા. ॥૨૬॥

પછી શ્રીહરિએ પોતાની પ્રસાદીનો પૂરી ઈત્યાદિનો થાળ પોતાના વહાલા મુનિવર્ય શ્રીશુકાનંદ સ્વામીને આપ્યો. ॥૨૭॥

અને પોતાને શરીરે જે વસ્ત્ર ધાર્યા હતા તે બધા ઉતારીને પ્રેમથી તેમને આપ્યા અને પોતાના પ્રિય શુક સ્વામીને બાથમાં લઈને ગાઢ રીતે ભેટ્યા. ॥૨૮॥

स्वपादाब्जे ततो धृत्वा तस्य वक्षसि सादरम् ।
तत्प्रशंसां व्यधात्प्रीत्या त्वत्तातादग्रतो हरिः ॥२९॥
ततो राजन्निदं वाक्यं त्वत्तातादीन् स चाऽब्रवीत् ।
शुकानन्दोऽस्ति मत्पाणिस्थानीयोऽसौ सतां वरः ॥३०॥
यैर्न दृष्टः शुको योगी ते पश्यन्तु त्विमं जनाः ।
वर्ततेऽसौ यतः प्राज्ञास्तत्समानो हि सद्गुणैः ॥३१॥
इत्युक्त्वोत्थाय पर्यङ्के तिष्ठन् कच्छं दृढं हरिः ।
निबध्येत्यब्रवीद्वाक्यं शुकानन्दं विदां वरम् ॥३२॥
आनखादाशिखं धीमन्! चारु चिह्नाङ्गभास्वरा ।
सर्वावतारहेतो मे मूर्तिर्धार्या त्वयाऽतुला ॥३३॥
तेनेत्युक्तः स सद्वर्यस्तां तन्मूर्तिं मनोहराम् ।
सभ्याश्चाऽधारयन् सर्वां सच्चिह्नावयवान्विताम् ॥३४॥

પછી તેમની છાતીમાં માન સાથે ચરણારવિંદ ચાંપ્યા અને તમારા પિતાશ્રી દાદાખાચર વગેરેની આગળ તેમની પ્રશંસા કરી. ॥૨૯॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તમારા પિતાશ્રી આદિને એમ કહ્યું કે આ શુકાનંદ સ્વામી ઘણી સારા છે સાધુ અને મારા હાથને સ્થાને છે. ॥૩૦॥

જેને શુકદેવજીના દર્શન ન થયા હોય તેમણે આ શુક મુનિના દર્શન કરી લેવા. હે શાણા ભક્તો ! આ શુક મુનિ સદ્‌ગુણોને લીધે વ્યાસપુત્ર શુકજી જેવા જ છે. ॥૩૧॥

આમ બોલીને શ્રીહરિ પલંગ ઉપર ઊભા થયા. પછી ધોતીને સંકોચીને દૃઢ કછોટો વાળ્યો અને વિદ્વદ્વર્ય શ્રીશુકાનંદ સ્વામીને કહ્યું, ''હે ધીમન્ ! હું સર્વ અવતારોનું કારણ છું માટે સુંદર ચિહ્નો અને અવયવોથી પ્રભાવવાળી આ મારી અનુપમ મૂર્તિને નખથી આરંભીને શિખા પર્યંત હૃદયમાં ધારી લો.'' ॥૩૨-૩૩॥

શ્રીહરિએ આમ કહ્યું એટલે સંતવર્ય શ્રીશુકાનંદ સ્વામીએ ચિહ્નો અને અવયવોએ સહિત મનોહર શ્રીહરિની મૂર્તિ સંપૂર્ણ મૂર્તિને હૃદયમાં ધારી લીધી. સભામાં બેઠેલા બીજા બધા સંતો અને હરિભક્તોએ પણ તે મૂર્તિને હૃદયમાં ધારી લીધી. ॥૩૪॥

प्राहाथैवं हरिर्वाक्यं शुकानन्देऽत्र सद्वरे ॥
तथाऽस्मिन्नुत्तमे भूपे भक्ता:! प्रीतोऽस्म्यहं भृशम् ॥३५॥
साधनानां हि मन्मूर्तेर्ध्यानरू पं हि साधनम् ॥
साधनानां समग्राणां श्रेष्ठमस्त्यशुभापहम् ॥३६॥
यथा कतकवृक्षोत्थफलस्यैव प्रसङ्गतः ॥
तथा वैशद्यमेत्यम्भश्चित्तं मे ध्यानतो हरेः ॥३७॥
यथा दावानलज्वालादह्यमानो वनद्विपः ॥
गङ्गा प्रवाहयोगेन शान्तिं गच्छति भूयसीम् ॥३८॥
तथा काममहादावज्वालया दग्धमातुरम् ॥
मनो मच्चिन्तनेनैव याति शान्तिं महीयसीम् ॥३९॥
पुरा ध्रुवेण भूपेन प्रह्लादाद्यैस्तथेतरैः ॥
दुर्लभोऽपि हरिर्नूनं ध्यानेनाऽऽशु प्रसादितः ॥४०॥
तथैव व्यापकानन्दप्रमुख्यैरद्य सज्जनैः ॥
तोषितश्चिन्तनेनाहं श्रीहरिर्धर्मनन्दनः ॥४१॥

વળી શ્રીહરિએ કહ્યું, હે ભક્તો ! સાધુઓમાં શ્રેષ્ઠ આ શુકાનંદ સ્વામી ઉપર અને શ્રીદાદાખાચર ઉપર હું ખૂબ જ રાજી થયો છું. ॥૩૫॥

આ મારી મૂર્તિનું ધ્યાન કરવા રૂપ સાધન સર્વ સાધનોમાં શ્રેષ્ઠ છે અને પાપને નષ્ટ કરનારું છે. ॥૩૬॥

જેમ નિર્મળી (અરીઠા) થી પાણીનો મેલ કપાઈ જાય છે અને શુદ્ધ થાય છે. તેમ આ મારી મૂર્તિના ધ્યાનથી ચિત્તનો મેલ નષ્ટ થાય છે અને તે શુદ્ધ થાય છે. ॥૩૭॥

જેમ દાવાનળની જ્વાળાથી દાઝેલો જંગલી હાથી ગંગાના પ્રવાહમાં પડે તો તેને શાંતિ થાય છે તેમ કામાદિ અંતઃશત્રુરૂપ અગ્નિની જ્વાળાથી દાઝેલા અને પીડાતા મનને મારું ધ્યાન જ મહાન્ શાંતિ આપે છે. ॥૩૮-૩૯॥

પૂર્વે મહારાજ ધ્રુવ તથા પ્રહ્લાદજી વગેરે બીજા ભક્તોએ, સર્વથા દુષ્પ્રાપ્ય આવા ભગવાન્ શ્રીહરિને ધ્યાનથી સત્વરે પ્રસન્ન કર્યા હતા. ॥૪૦॥

તે રીતે જ અત્યારે શ્રીવ્યાપકાનંદ સ્વામી આદિ સંતોએ મને ધર્મનંદન

तस्मादिच्छद्भिरीशानं भृशं प्रीणयितुं हि माम् ॥
भक्तैर्भद्रं मम ध्यानं प्रीत्या कार्यं निरन्तरम् ॥४२॥
ध्यानेन मेऽतिपुण्येन कोटिजन्माऽघपञ्जरम् ॥
भिद्यते शतधा शैलो वज्रघातादिव द्रुतम् ॥४३॥
ऊर्ध्वज्वालो मरु द्युक्तो वह्निः कक्षं यथाऽखिलम् ॥
दहत्यघं तथाऽशेषं ध्यायतां मामहं विभुः ॥४४॥
मदीयस्मरणक्षीणक्लेशदोषौघवासनः ॥
याति मुक्तिं जनस्तस्य स्वर्गो विघ्नो हि सम्मतः ॥४५॥
क्व नाकलोकसंयानं पुनरावर्तिसंयुतम् ॥
ध्यानं मे क्वाऽऽर्तिहृत् पुण्यं मुक्तिबीजं सुमङ्गलम् ॥४६॥
प्रायश्चितेषु सर्वेषु ध्यानं मे वै विशिष्यते ॥
तस्मात्सर्वप्रयत्नेन शुद्धिकामो हि मां स्मरेत् ॥४७॥

શ્રીહરિને ધ્યાન-સ્મરણથીજ પ્રસન્ન કર્યો છે. ॥૪૧॥

માટે મને પરમેશ્વરને અત્યન્ત પ્રસન્ન કરવા ચાહતા ભક્તોએ મારું મંગળમય ધ્યાન પ્રેમથી નિરંતર કરવું. ॥૪૨॥

અતિશય પાવનકારી ધ્યાનથી જ કરોડો જન્મના પાપરૂપી પાંજરાના, વજ્રઘાતથી પહાડ જેમ છિન્ન ભિન્ન થઈને તેના સેંકડો ટુકડા થઈ જાય છે તેમ સેંકડો ટુકડા થઈને છિન્ન ભિન્ન થઈ જાય છે. ॥૪૩॥

પવનની ફૂંક લાગવાથી વધેલો ઊંચી જ્વાળાવાળો અગ્નિ સૂકા ઘાસના જંગલને જેમ સંપૂર્ણ રીતે બાળી દે છે તેમ મારું ધ્યાન કરનારા ભક્તોના બધા જ પાપોને મહાસમર્થ આવો હું બાળી દઉં છું. ॥૪૪॥

મારા ધ્યાન-સ્મરણથી મનુષ્યના અવિદ્યા અસ્મિતા આદિ ક્લેશો, કામાદિદોષના સમૂહો અને વાસનાનો સદંતર નાશ થઈ જાય છે. પછી તે ભક્તને મોક્ષ પ્રાપ્ત થાય છે. તેને સ્વર્ગાદિસુખ તો વિઘ્ન ગણાય છે. ॥૪૫॥

જન્મ મૃત્યુરૂપી પુનરાવૃત્તિવાળું સ્વર્ગગમન ક્યાં ? અને ધ્યાન ક્યાં ? ધ્યાન તો બધી જ પીડાઓને હરે છે, પુણ્યરૂપ છે, અને મંગળરૂપ મોક્ષનું બીજ છે. ॥૪૬॥

બધી જ જાતના પ્રાયશ્ચિતોમાં મારું ધ્યાન વિશિષ્ટ છે, મહત્વપૂર્ણ છે. માટે

ध्यायन्निरन्तरं प्रीत्या मां हरिं धर्मभावनम् ॥
पापव्रातविनिर्मुक्तो जायते पङ्क्तिपावनः ॥४८॥
उन्मिषन्निमिषंस्तिष्ठन् व्रजन् जाग्रत्स्वपन्नपि ॥
शुचिश्चैवाप्यशुद्धो मां धार्मिं ध्यायेद्धरिं सदा ॥४९॥
ध्यानवांश्चिन्तनाच्छ्रान्तो जपेन्मन्त्रं शुभं हि मे ॥
चिन्तयेन्मां जपाच्छ्रान्तस्तेन तुष्याम्यहं द्रुतम् ॥५०॥
ब्रह्माहं परमं ब्रह्म श्रीहरिर्मेऽस्त्यधीश्वरः ॥
हृद्येवं भावयन्नित्यं ध्यायेन्मां तत्त्वविन्मुदा ॥५१॥
तत्ववित्प्रथमं ज्ञात्वा ध्यातारं ध्येयमेव च ॥
ध्यानप्रयोजनं ध्यानं ततो योगं समभ्यसेत् ॥५२॥
वेदप्रोक्ता हि विद्यन्ते सर्वयज्ञक्रियाः शुभाः ॥
यज्ञादस्ति परं जप्यं ज्ञानं जप्यात्परं मतम् ॥५३॥

જેને શુદ્ધિ-પવિત્રતા પ્રાપ્ત કરવી હોય તેને બધા જ પ્રયત્ન કરીને મારું સ્મરણ-ધ્યાન કરવું જોઈએ. ॥૪૭॥

જે મનુષ્ય ધર્મભાવનાવાળા મારા શ્રીહરિ સ્વરૂપનું પ્રેમથી નિરંતર ધ્યાન કરે છે તે પાપ પુંજથી છૂટી જાય છે અને પંક્તિ પાવન (જ્યાં તે બેઠો હોય તે બધી પગંતને પવિત્ર કરનારો) થાય છે. ॥૪૮॥

મનુષ્ય આંખો ખુલ્લી હોય કે બંધ, ઊભો હોય કે ચાલતો, જાગતો હોય કે ઊંઘતો, પવિત્ર હોય કે અપવિત્ર, તેણે નિરંતર મારું ધર્મપુત્રનું ધ્યાન કરવું. ॥૪૯॥

ધ્યાની ધ્યાન કરતા જો થાકી જાય તો તેણે મારા શુભ નામમન્ત્રનો જપ કરવો જોઈએ અને જાપક-જપકરનારો જપ કરતા જો થાકી જાય તો તેણે મારું ધ્યાન કરવું જોઈએ. આ રીતે ધ્યાન અને ભજન કરવાથી હું જલદી પ્રસન્ન થાઉં છું. ॥૫૦॥

હું બ્રહ્મરૂપ છું અને મારા અંતર્યામી ઈષ્ટદેવ શ્રીહરિ પરબ્રહ્મ છે, તત્ત્વજ્ઞ જ્ઞાની ભક્ત આવી ભાવના કરીને પ્રેમથી નિત્ય મારું ધ્યાન કરે. ॥૫૧॥

તત્ત્વવેત્તા મુમુક્ષુએ પહેલા ધ્યાતા-જીવાત્માને ઓળખવો, પછી ધ્યેય પરમેશ્વરને ઓળખવા, ધ્યાનનું પ્રયોજન વિચારવું અને ધ્યાનનું સ્વરૂપ સમજવું, તે પછી યોગનો અભ્યાસ કરવો. ॥૫૨॥

યજ્ઞની બધી જ શુભ ક્રિયાઓ વેદમાં કહી છે, યજ્ઞ કરતા પણ જપવાનો

परं ज्ञानादपि ध्यानं सङ्गरागापवर्जितम् ॥
ध्यानान्मे श्रीहरेस्तूर्णं प्राप्तिमाहुर्मनीषिणः ॥५४॥
शतमब्दान्मरुद्भोजी य स्तिष्ठेदेकपादतः ॥
तस्माद्ध्यानी मतः श्रेयानित्थं ब्रह्माऽब्रवीत्स्वयम् ॥५५॥
सहस्त्रवाजिमेधेभ्यो राजसूयशतात्तथा ॥
सहस्त्रपुण्डरीकेभ्यो ध्यानिष्वावसतिर्वरा ॥५६॥
इत्थं मेऽसावभिप्रायो मया सङ्कीर्तितः शुभः ॥
शुकानन्देऽतितुष्टेन भूपाले चोत्तमाभिधे ॥५७॥
स हरिरिति सुधावरामुदारां, निजजनशान्तिकरीं विधाय वार्त्ताम् ॥
पदचटचटपादुकानिनादो, द्रुतगतिरागमदात्मसन्निवासम् ॥५८॥

મંત્ર પર-મહાન્ છે અને મંત્ર જપ કરતા પણ જ્ઞાન-સમજણ અધિક મહત્ત્વ રાખે છે. ॥૫૩॥

અને તે જ્ઞાન કરતા પણ ધ્યાન વધારે મહત્ત્વનું છે. તે ધ્યાનમાં આસક્તિ કે વિષયમાં રાગ હોવો જોઈએ નહિ. વિદ્વાનોનું કહેવું એવું છે કે ધ્યાન કરવાથી જ મારી-શ્રીહરિ સ્વરૂપની પ્રાપ્તિ તુરંત થાય છે. ॥૫૪॥

ખુદ બ્રહ્માએ પણ આમ કહ્યું છે કે કોઈ મનુષ્ય સો વર્ષ પર્યન્ત વાયુભક્ષણ કરે અને એક પગ ઉપર ઊભા રહીને તપ કરે, તેના કરતા પણ એકાગ્ર ચિત્તે જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તે શ્રેષ્ઠ છે. ॥૫૫॥

એક હજાર અશ્વમેધ યજ્ઞ, એક સો રાજસૂય યજ્ઞ અને એક હજાર પુંડરીક યાગ કરતા પણ ધ્યાનીના સમાગમમાં રહેવું તે ઉત્તમ છે. ॥૫૬॥

આ પ્રમાણે શ્રીશુકાનંદ મુનિ અને શ્રીદાદાખાચરના ઉપર અતિશય પ્રસન્ન થયેલા મેં મારો શુભ અભિપ્રાય કહ્યો છે. ॥૫૭॥

શ્રીહરિની કહેલી વાત અમૃત કરતા પણ શ્રેષ્ઠ અને સર્વોત્તમ હતી. તે આ રીતે સહુને કહીને ચાંખડીઓનો ચટાક્ ચટાક્ અવાજ કરતા થકા શ્રીહરિ ઉતાવળે પગલે પોતાને નિવાસ સ્થાને પધાર્યા. ॥૫૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૭૮ સમાપ્ત

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीगोपीनाथमूर्तिविधापनादिनिरू पणं नामाष्टसप्ततितमो-ऽध्यायः ॥७८॥

अथैकोनाशीतितमोऽध्यायः

ऊनाशीतितमे सर्वे भोजिताः पूजिताः समम् ।
हरिणाऽऽम्ररसादिना राजन्त्या शुद्धभावया ॥

श्रीचैतन्यानन्द उवाच -

प्राच्यां श्रीवासुदेवीयाद् गर्भागारान्महीपते! ॥
वाटकोऽभूत्सुविस्तीर्णः स तत्राऽस्थात्सदा हरिः ॥१॥
तत्रेदानीं वरं राजन्! सभागारं विराजितम् ॥
वर्त्तते बाणसंज्ञस्य तव भ्रातुर्महीपतेः ॥२॥
निम्नं दशाङ्गुलोन्मानं ग्रावबद्धं समं महत् ॥
आसीत्तद्धृतलं दीर्घं चतुरस्त्रं च विस्तृतम् ॥३॥
सन्तस्तत्रैकदा तीव्रे ग्रीष्मतापेऽतिदुःसहे ॥
आनीयाम्भो निषिञ्चन्तो बिभरामासुरुत्सुकाः ॥४॥

અધ્યાય - ૭૯

રાજબાઈએ કેરી પોળીનો થાળ અને રસોઈ કરાવી. શ્રીહરિ અને સહુને જમાડ્યા અને પૂજ્યા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીવાસુદેવનારાયણના ઓરડાથી પૂર્વમાં એક વિશાળ વાડો હતો. ત્યાં શ્રીહરિ કાયમ રહેતા હતા. ॥૧॥

તે જગ્યાએ હાલમાં તમારા મોટા ભાઈ દરબાર શ્રીબાવા ખાચરનું સુંદર બેઠકનું સ્થાન (સભાગૃહ) છે. ॥૨॥

તે સ્થાન બીજી જમીન કરતા દસ આંગળ જેટલું નીચું હતું, પથ્થર અને ચૂનાથી પાકું કરેલું હતું. મોટું લાંબું પહોળું અને ચોખંડું હતું. ॥૩॥

એક વખત અતિશય સખત ઉનાળો હતો, અસહ્ય તાપ લાગતો હતો, ત્યારે ઉત્સાહી સંતોએ તે સ્થળે લાવી લાવીને પાણી ભર્યું, ॥૪॥

ते तत्रत्ये ततो गेहे घासं निक्षिप्य भूपते! ॥
भूयिष्ठं नीरमसिञ्चंस्तापशान्तिविधीत्सया ॥५॥
तद्‌गेहाऽभ्यन्तरे नीरे मञ्चकं ते व्यतिष्ठिपन् ॥
आस्तीर्य तूलिकां तस्मिन्न्य धुश्चेलं च पार्श्विकम् ॥६॥
रम्ये तत्राऽथ पर्यङ्के कोमलैस्तूलिकादिभिः ॥
श्रीहरिर्भ्राजिते युक्ते स न्यषीदन्महीपते! ॥७॥
राजन्त्यथेष्टदेवं तं घृतात्यार्द्राभिरच्युत्तम् ॥
पोलिकाभिस्तथैवाम्ररसेनाऽन्यैश्चभोज्यकैः ॥८॥
स्वादुभिर्व्यञ्जनैश्चित्रैस्तर्पयामास सादरम् ॥
वर्णिसंन्यासिमुन्यादीन् भक्तांश्चान्यान् यथोचितम् ॥९॥
तदा श्रीवासुदेवीये गर्भागारे मनोहरे ॥
बर्हिर्वेद्यां तथा तस्य सन्तस्तस्थुर्हि पङ्क्तिशः ॥१०॥
तानथाम्ररसं रम्यं शर्करां चाज्यमुत्तमम् ॥
पर्यवेषयदीशानो बह्वाज्यार्द्राश्च पोलिकाः ॥११॥

હે ભૂપતે ! પછી તે સ્થળે ઘરમાં ઘાસ નાખ્યું. પછી તાપની ગરમી ઓછી કરવા માટે તેના ઉપર પુષ્કળ પાણી છાંટ્યું. ॥૫॥

પછી તે ઘરમાં થોડું પાણી ભર્યું હતું તેમાં એક પલંગ (ખાટલો) ઢાળ્યો. તેના ઉપર ગાદલું પાથરીને ઓછાડ્યું અને ઓશિકું, તકિયો વગેરે મૂક્યા. ॥૬॥

હે રાજન્ ! શ્રીહરિ સુકોમળ ગાદલા વગેરેથી રમણીય બનેલા તે સુંદર પલંગ ઉપર વિરાજ્યા. ॥૭॥

પછી ત્યાં રાજબાઈએ ઘીમાં બોળેલી પોળી (એક પ્રકારની રોટલી), પાકી કેરીનો રસ તથા શાક વગેરે બીજા સ્વાદુ ભોજન ભાત ભાતના કરાવ્યા હતા તે ઈષ્ટદેવ શ્રીહરિને ખૂબ જ આદરભાવથી જમાડીને તૃપ્ત કર્યા. વર્ણીઓ, સંન્યાસીઓ, સાધુઓ અને બીજા ભક્તોને પણ યથોચિત રીતે જમાડ્યા. ॥૮-૯॥

તે સમયે મનોહર શ્રીવાસુદેવનારાયણના ઓરડામાં અને બહાર તેની ઓસરીમાં જમાડવા માટે સંતોની પંગત કરી હતી. પરમેશ્વર શ્રીહરિએ સંતોને સુંદર કેરીના રસમાં સાકર તથા સારું ઘી પિરસાવ્યું અને ઘીમાં તરબોળ પોળીઓ પિરસાવી. ॥૧૦-૧૧॥

भोज्यान्याम्रसादीनि हस्तप्रासादिकानि सः ॥
कृत्वाऽथाऽजिज्ञपद्योषाः प्रीत्या भोजयितुं जयाम् ॥१२॥
वाटकेऽथ हरिस्तस्मिन्मध्याह्ने तूलिकादिभिः ॥
कोमलैरन्विते रम्ये न्यषीदन्मञ्चके नृप! ॥१३॥
तं ततोऽर्च्चयितुं प्रीत्या राजन्ती श्रीहरौ रता ॥
अजिज्ञपद्धि तातं ते रम्यैर्नानोपचारकैः ॥१४॥
स तस्याऽथाऽऽकृतौ दिव्यं भूरिसौरभसंयुतम् ॥
सादरं चर्चयाञ्चक्रे चन्दनं मलयोद्भवम् ॥१५॥
मल्लिकाकौसुमान् हारान् गुच्छकेयूरशेखरान् ॥
सोऽदीधपद्धरिं चान्यैरुपचारैरपूजयत् ॥१६॥
पात्रेऽथाऽष्टदलं पद्मं स कृत्वाऽत्युत्कमानसः ॥
पञ्चवर्तियुतं चक्रे हरेर्नीराजनं शुभम् ॥१७॥
माल्यहारसमाच्छन्नं दृष्ट्वा भृङ्गस्तदा हरिम् ॥

શ્રીહરિએ કેરીના રસને અને બીજી બધી રસોઈને પોતાના હાથથી પ્રસાદીની કરી આપી અને હરિભક્ત બહેનોને જમાડવાની જીવુબાને આજ્ઞા કરી. ॥૧૨॥

હે નૃપ ! પછી મધ્યાહ્ન સમયે ઉપર જણાવેલા વાડામાં શ્રીહરિ પધાર્યા. અને ત્યાં સુંવાળા ગાદી તકિયા વગેરેથી તૈયાર કરેલા પલંગ ઉપર વિરાજ્યા. ॥૧૩॥

પછી પ્રેમી ભક્ત રાજબાઈએ અનેક પ્રકારના રમણીય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરવા માટે તમારા પિતા શ્રીદાદાખાચરને કહ્યું. ॥૧૪॥

તેમણે શ્રીહરિને શરીરે દિવ્ય પુષ્કળ સુગંધી મલયાચળના અગરુચંદનની અર્ચા અપાર ભાવથી કરી. ॥૧૫॥

જૂઈના ફૂલના હાર, બાજુબંધ, તોરા અને ગુચ્છ વગેરે ધરાવ્યા, અને તે સિવાય બીજા ઉપચારોથી પણ પૂજા કરી. ॥૧૬॥

પછી કુંકુમથી આઠ પાંખડીનું કમળ જેમાં કર્યું હતું તે પાત્રમાં ઘીની પાંચ વાટો પ્રકટાવીને અતિ ઉત્સાહી મનવાળા શ્રીદાદાખાચરે શ્રીહરિની શુભ આરતી ઉતારી. ॥૧૭॥

સુગંધી ફૂલહારોથી ઢંકાઈ ગયેલા શ્રીહરિને દેખીને 'આ કોઈ ફૂલ બાગ છે'

पुष्पाराम इति भ्रान्त्या गुञ्जन्तो विश्वगभ्रमन् ॥१८॥
पीतचन्दनलिप्ताङ्गः कुन्दहारादिराजितः ॥
स व्यभादिव कालिन्द्याः पीतश्वेताम्बुजैर्जलम् ॥१९॥
तदानीं निष्कुलानन्दः स्वाहृतस्यातिभक्तितः ॥
तालवृन्तस्य सद्रज्जुं कर्षति स्मादरान्वितः ॥२०॥
तेन शीतो मरुन्मन्दः पुष्पचन्दनसौरभः ॥
पावनोदारकीर्त्तिं तं सिषेवे पापहृत्स्मृतिम् ॥२१॥
पात्रे भृत्वाऽथ राजन्ती भूरिशो रुप्यमुद्रिकाः ॥
अलङ्कारांस्तथाऽशेषांस्तस्मै श्रीहरयेऽदिशत् ॥२२॥
प्रणद्धसन्मणिहैमीं प्रकोष्ठालङ्कृतिं ततः ॥
सा प्रकोष्ठे हरेस्तस्य बबन्ध स्वाश्रिताविनः ॥२३॥
ततः सर्वानलङ्कारान् हैमान्नद्धमणिप्रभान् ॥
श्रीहरिर्धर्मवंश्येभ्यो वदान्येन्द्रो ददौ मुदा ॥२४॥

આવી ભ્રાંતિથી ભમરાઓ તેમની ચોતરફ ગુંજારવ કરીને ઘૂમવા લાગ્યા. ॥૧૮॥

શ્રીહરિના અંગો ઉપર પીળા ચંદનનો લેપ હતો અને મોગરા વગેરેની શ્વેત ફૂલોના હારની શોભા હતી તેથી, તેઓ શ્વેત અને પીળા કમળોથી યમુનાનું જળ જેવું શોભે તેવા શોભતા હતા. ॥૧૯॥

પલંગ ઉપર દોરી ખેંચવાથી ચાલતો પંખો શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ બાંધ્યો હતો, એટલે તેઓ ભક્તિભાવથી ઊભા થઈને આદરે સહિત તે પંખાની દોરી ખેંચીને તેને ચલાવવા લાગ્યા. ॥૨૦॥

શ્રીહરિની કીર્તિ પવિત્ર તથા વિશાળ છે અને તેમનું સ્મરણ પાપ બાળનારું છે, તેમને મંદ, શીતળ અને ચંદન તથા પુષ્પોના સુગંધવાળો પવન સેવવા લાગ્યો. ॥૨૧॥

પછી રાજબાઈએ એક મોટા ત્રાંસમાં ચાંદીના રોકડા રૂપિયા અને બધા જ ઘરેણાં શ્રીહરિને અર્પણ કર્યાં. ॥૨૨॥

ભક્તરક્ષક ભગવાન શ્રીહરિના હાથના કાંડા ઉપર રત્ન જડિત સોનાના સાંકળાં વગેરે ઘરેણાં પહેરાવ્યા. ॥૨૩॥

પછી શ્રેષ્ઠ દાની શ્રીહરિએ જડેલા મણિઓથી ચમકતા સોનાના બધા જ

सोऽतिप्रीतोऽथ ते ताते सर्वदा स्वं ह्यनुव्रते ॥
तद्वक्षसि न्यधात्स्वस्य योगिध्येयाङ्घ्रिपङ्कजे ॥२५॥
आगत्याथ हरिस्तस्माद्वासुदेवाभिधस्य सः ॥
गर्भागारस्य चाऽतिष्ठद्बहिर्वेद्यां दयोदधिः ॥२६॥
तदाऽपश्यज्जया राजन्! राजन्ती ललिता तथा ॥
आनखादाशिखं तस्य मूर्तिमत्यद्भुतश्रियम् ॥२७॥
दिव्यदृष्ट्या ततो राजन्! राजन्ती हरिदत्तया ॥
तत्राऽक्षरं परं दिव्यं धाम प्रैक्षत भास्वरम् ॥२८॥
तत्र सिंहासने हैमे नद्धनानामणिप्रभे ॥
निषण्णं श्रीहरिं दिव्ये सा व्यपश्यच्चतुर्भुजम् ॥२९॥
तेजोविभ्राजमानाङ्गं कोटिकामस्मयच्छिदम् ॥
स्वीयेकाङ्गश्रियाऽनेकलोकसौन्दर्यतर्ज्जनम् ॥३०॥
निर्दोषस्वास्यचन्द्रेण लज्जयन्तं कलङ्किनम् ॥

ઘરેણાં ધર્મવંશી બ્રાહ્મણોને ઉદારતાથી આપી દીધા. ॥૨૪॥

શ્રીહરિ કાયમ પોતાની અનુવૃત્તિમાં જ રહેનારા તમારા પિતા શ્રીદાદાખાચરના ઉપર અત્યંત પ્રસન્ન થયા અને યોગીઓ ધ્યાનમાં લે એવા પોતાના બન્ને ચરણારવિંદને તેમની છાતીમાં ચાંપી આપ્યા. ॥૨૫॥

પછી દયાસાગર શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા અને શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં આવીને ઊભા રહ્યા. ॥૨૬॥

હે રાજન્! તે સમયે જીવુબા (મોટીબા), લાડુબા તથા રાજબાઈએ નખથી શિખાપર્યન્ત અત્યંત શોભતી શ્રીહરિની મૂર્તિના દર્શન કર્યાં. ॥૨૭॥

હે રાજન્ ! શ્રીહરિએ રાજબાઈને દિવ્ય દૃષ્ટિ આપી, તેથી તેમણે ત્યાં અતિશય તેજસ્વી પરમ દિવ્ય અક્ષરધામ જોયું. ॥૨૮॥

ત્યાં જડેલા અનેક રત્નોથી ચમકતા સોનાના દિવ્ય સિંહાસનમાં વિરાજમાન શ્રીહરિના ચતુર્ભુજ સ્વરૂપે તેમને દર્શન થયા. ॥૨૯॥

શ્રીહરિની મૂર્તિ તેજના મધ્યમાં અત્યંત દીપતી હતી. તેથી કરોડો કામદેવનો ગર્વ ગળી જતો હતો. તેમના એકેક અવયવની શોભા આગળ દુનિયાનું સૌંદર્ય નકારું થઈ જતું હતું. ॥૩૦॥

शारदं पार्वणं चन्द्रं दिव्यवासोविभूषणम् ॥३१॥
तदा तस्योपरि प्रीत्या राजदुर्गेऽत्र चाखिले ॥
गन्धवृष्टिरभूद्देवैः कृता भूयस्यजादिभिः ॥३२॥
तदा मन्दस्तथा शीतः सुगन्धिर्मारुतो ह्यवात् ॥
आसीच्चाभ्रघटाऽऽकाशे मेघोऽवर्षच्छनैः शनैः ॥३३॥
प्राहाथैवं हरिर्वाक्यं राजन्त्याऽस्मिन् दिने यतः ॥
मुन्याद्यास्तर्पिता भोज्यैर्रम्यैश्चाम्ररसादिभिः ॥३४॥
ग्रीष्मतापस्ततस्तीव्रो नाशमापद्धि सर्वशः ॥
शीतत्वं निर्भरं जातं प्राणिमात्रसुखावहम् ॥३५॥
मदर्थं नीरसेकस्य कृतो मुन्यादिभिर्महान् ॥
प्रयासस्तं घनो दृष्ट्वा वर्षतीत्यवदन्मुदा ॥३६॥
अथ श्रीवासुदेवीयगर्भागारस्य स प्रभुः ॥
सोपाने वै बहिर्वेद्या निषद्याऽस्थान्महीपते! ॥३७॥
तद्गर्भागारराजन्त्यां बहिर्वेद्यां ततो हरिः ॥

તેમના નિર્દોષ ભવ્ય મુખચંદ્ર આગળ શરદ પૂર્ણિમાનો કલંકી ચંદ્રમા શરમાઈ ગયો હતો. તેમના વસ્ત્ર અને અલંકારો દિવ્ય હતા. ॥૩૧॥

તે સમયે શ્રીહરિ ઉપર અને આખા દરબારગઢ ઉપર બ્રહ્મા આદિ દેવતાઓએ પ્રેમથી સુગંધી ચંદનની પુષ્કળ વૃષ્ટિ કરી. ॥૩૨॥

તે વખતે મંદ, શીતળ અને સુગંધી પવન વાવા લાગ્યો. આકાશમાં વાદળાઓની ઘટા છાઈ ગઈ. ધીમે ધીમે વરસાદ વરસવા લાગ્યો. ॥૩૩॥

ત્યારે શ્રીહરિએ આમ કહ્યું, આજ રાજબાઈએ કેરીનો રસ અને બીજી સુંદર રસોઈ કરાવીને સંતો વગરેને જમાડ્યા છે, તેથી ઉનાળાનો સખત તીવ્ર તાપ બધો જતો રહ્યો અને પ્રાણિમાત્રને સુખકારી શીતળતા ઘણી થઈ ગઈ છે. ॥૩૪-૩૫॥

મારે માટે આ સંતો વગેરેએ પાણી છાંટવામાં ઘણો જ દાખડો કર્યો છે તે દેખીને વરસાદ ઉત્સાહથી વરસે છે. ॥૩૬॥

હે રાજન્! પછી શ્રીહરિ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની બહાર ઓસરીના પગથિયામાં થોડીવાર બેસી રહ્યા. ॥૩૭॥

न्यषीदच्चक्रके रम्ये प्रेक्ष्यमाणो निजैर्मुदा ॥३८॥
धर्मनिष्ठाऽथ राजन्ती हरौ गाढानुरागिणी ॥
त्वत्तातं धर्मवंश्यानां कर्तुं पूजामजिज्ञपत् ॥३९॥
अथाऽऽचार्यप्रमुख्यानां वस्त्राभूषादिभिर्वरैः ॥
अर्चां स धर्मवंश्यानां व्यधान्नानोपचारकैः ॥४०॥
त्वत्पित्रा सा ततो राजन्! सतां पूजां व्यधापयत् ॥
वर्णिसाधुपदात्यादीन् द्वे द्वे वस्त्रेऽप्यदीदपत् ॥४१॥
आचार्याभ्यामथ प्रीत्या मञ्जुषे द्वेऽदिशच्च सा ॥
निजावासमथ प्रीतः श्रीहरिः स्वैः सहाऽऽगमत् ॥४२॥
ऐश्वर्यमित्थमतुलं श्रवणाभिरामं सन्दर्शितं परतरं हरिणा स्वकीयम् ॥
दिव्यं विलोक्य मुदिता नितरां हि भक्ता राजेन्द्र विस्मयमुदारतरं समायन्
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

---

પછી તે ઓરડાની સુશોભિત ઓસરીમાં સુંદર ચાકળા ઉપર શ્રીહરિ વિરાજ્યા ત્યારે ભક્તજનો આનંદોત્સાહથી દર્શન કરતા હતા. ॥૩૮॥

ત્યારે શ્રીહરિના સ્વરૂપમાં ગાઢ ભક્તિભાવવાળા ધર્મનિષ્ઠ રાજબાઇએ ધર્મવંશીઓની પૂજા કરવા માટે તમારા પિતા શ્રીદાદાખાચરને કહ્યું, ॥૩૯॥

એટલે તેમણે આચાર્ય મહારાજશ્રી ઈત્યાદિ ધર્મવંશીઓની પૂજા સારા વસ્ત્ર અલંકાર આદિ અનેક ઉપચારોથી કરી. ॥૪૦॥

હે રાજન્ ! પછી શ્રીદાદાખાચરની પાસે જ સંતો વગેરેની પૂજા કરાવી. બ્રહ્મચારીઓ, સાધુઓ અને પાર્ષદો વગેરેને બબ્બે વસ્ત્ર અપાવ્યા. ॥૪૧॥

તે પછી રાજબાઇએ બન્ને આચાર્યશ્રીને પ્રેમભાવથી એક એક પટારો આપ્યો. પછી પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાના સેવકોને સાથે લઇને પોતાને નિવાસ સ્થાને અક્ષર ઓરડીએ પધાર્યા. ॥૪૨॥

આ પ્રમાણે શ્રીહરિએ પોતાનું અનુપમ અને સર્વોત્તમ ઐશ્વર્ય સહુને દેખાડ્યું. તે દિવ્ય ઐશ્વર્ય સાંભળવામાં ગમે તેવું છે. તેને જોઇને સમગ્ર ભક્તજનો અત્યંત પ્રસન્ન થયા અને ખૂબ જ વિસ્મિત થયા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૭૯ સમાપ્ત

माहात्म्ये राजन्तीकारितश्रीहरिभोजनपूजनादिनिरू पणं नामैएकोनाशीतितमोऽध्यायः ॥७९॥

अथाऽशीतितमोऽध्यायः

श्रीभक्तिधर्मयोर्दिव्यमशीतितम उच्यते ।
कारितं दर्शनं भद्रं भक्तवश्येन धार्मिणा ॥

श्रीचैतन्यानन्द उवाच -
गर्भागारस्य तस्यैव प्रतीच्यां दिशि भित्तिगः ॥
गवाक्षोऽस्ति महीयान् यो गर्भागारद्वयान्तरे ॥१॥
स तत्रोपाविशद् राजन् ! कोमले चक्रके हरिः ॥
मुन्यादीनां सभा चासीद् गर्भागारे हि ते पितुः ॥२॥
तथा श्रीवासुदेवीये गर्भागारे मनोहरे ॥
योषितां हरिभक्तानां निषद्याऽऽसीन्महीपते! ॥३॥
अथ प्रादुरभूद्दिव्यः शान्तः शीतः ससौरभः ॥
तेजोराशिः सदादीनां पुंसां संसदि भूपते! ॥४॥
तत्र चन्द्रसितं शान्तं सारगौरतराम्बरम् ॥

અધ્યાય - ૮૦

શ્રીધર્મભક્તિના દિવ્ય દર્શન તથા ધર્માચરણનું ગૌરવ.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીવાસુદેવનારાયણના ઓરડાની અંદર પશ્ચિમ તરફની ભીંતમાં બે ઓરડાની વચ્ચે એક મોટો ગોખ છે. ॥૧॥

હે રાજન્ ! તે ગોખમાં એક સુંવાળો ચાકળો મુકાવીને તેના ઉપર શ્રીહરિ વિરાજતા અને આથમણી તરફના તમારા પિતા શ્રીદાદાખાચરના ઓરડામાં સંતો વગેરેની સભા બેસતી અને શ્રીવાસુદેવનારાયણના મનોહર ઓરડામાં ભગવાનના ભક્ત મહિલાઓની સભા બેસતી હતી. ॥૨-૩॥

હે ભૂપતે ! એક વખત આ રીતની સભા થઇ હતી ત્યારે સંતો તરફની પુરુષોની સભામાં શાંત, શીતળ અને સુગંધી તેજનો પુંજ પ્રકટ થયો. ॥૪॥

સભામાં સહુને આશ્ચર્ય થયું, તે સહુએ ચંદ્રમા જેવા શ્વેત, દેખાવમાં શાંત,

तेऽपश्यन् विस्मिताः सभ्या भास्वरं पुरुषं परम् ॥५॥
गायन्तो हरिपद्यानि त्यक्त्वा तद् गायकास्तदा ॥
सर्वेऽपश्यंस्तदाश्चर्यं हरिं चाश्चर्यकारणम् ॥६॥
गायकाश्चेतरे भक्तास्तत्कुतूहलदर्शनात् ॥
अहो!! अहो!! इति प्रीत्या शब्दस्योच्चारणं व्यधुः ॥७॥
तदा प्रादुरभूद्राजन्! स्त्रीणां संसदि चारुणः ॥
सुगन्धिस्तेजसां राशिर्द्योतयन् सर्वशो दिशः ॥८॥
तत्र रक्ताम्बरां दिव्यामिन्दिरामिव रू पिणीम् ॥
स्त्रियं तेजोमयीं योषाः प्रैक्षन्ताऽऽश्चर्यकारिणीम् ॥९॥
अहो!! अहो!! इति क्ष्मेश! शब्दं सभ्या हि योषितः ॥
राजन्नुच्चारयाञ्चक्रुस्तदाश्चर्येक्षणोत्सुकाः ॥१०॥
तेजोराशिद्वये तस्मिन् प्रकाशोऽवर्द्धताधिकः ॥
तेजःपुञ्जद्वयं तद्वै श्रीहरो लीनतामगात् ॥११॥

અત્યંત શ્વેત વસ્ત્ર પહેરેલા, શ્રેષ્ઠ અને તેજસ્વી એક પુરુષને જોયા. ॥૫॥

જે કીર્તન ગાતા હતા તેમણે કીર્તન બંધ કરી દીધા. સહુ તે આશ્ચર્યને જોવા લાગ્યા અને સર્વ આશ્ચર્યના કારણ એવા શ્રીહરિની સામે જોવા લાગ્યા. ॥૬॥

ગાયકો અને બીજા ભક્તો તે કુતૂહળને દેખીને પ્રેમથી અહો !!! અહો !!! આમ બોલવા લાગ્યા. ॥૭॥

હે રાજન્ બરાબર તે વખતે સ્ત્રીઓની સભામાં પણ સુગંધ યુક્ત લાલાશવાળો તેજનો પુંજ પ્રકટ થયો તેનાથી બધી જ દિશાઓ ઊજળી થઇ ગઇ. અને શોભવા લાગી. ॥૮॥

ભક્ત સ્ત્રીઓએ તે તેજમાં લક્ષ્મીજીના જેવા દેખાવડા, લાલ વસ્ત્ર પહેરી રહેલા, આશ્ચર્યકારી, તેજોમયી દિવ્ય સ્ત્રીને દેખ્યા. ॥૯॥

હે રાજન્ તે સભામાં બેઠેલી બધી સ્ત્રીઓ તે આશ્ચર્ય જોવામાં ઉત્સુક હતી તેથી તે સર્વ અહો !!! અહો !!! આવા શબ્દ બોલવા લાગી. ॥૧૦॥

તે બન્ને તેજઃપુંજનો પ્રકાશ ખૂબ જ વધ્યો. છેવટે તે બન્ને તેજ શ્રીહરિની મૂર્તિમાં લીન થઇ ગયાં. ॥૧૧॥

तेऽवलोक्यैवमाश्चर्यं सन्तोऽपृच्छन्निति प्रभुम् ॥
तेजोराशिद्वये तौ कौ स्त्रीनरौप्रेक्षितौ हरे! ॥१२॥
एवं स्वप्रेयसां तेषां सतां वाक्यं शुभं हरिः ॥
निशम्येत्यब्रवीद्वाचं स्मयन् भद्रां सुधोत्तमाम् ॥१३॥
सन्तो मत्पितरावेतौ भक्तिधर्मौ सदाशयौ ॥
ज्ञेयौ वो दर्शनं ताभ्यां दत्तं स्वीयं महामुदा ॥१४॥
यस्मादुत्तमभूपस्य राजदुर्गे वसाम्यहम् ॥
तस्मादत्रौषितौ प्रीत्या तावदृश्यौ जनैः सदा ॥१५॥
तौ तिसृणां जयादीनां शुद्धभक्त्या हि योषिताम् ॥
भूयसीं वश्यतां प्राप्तौ सर्वप्राणिसुखावहौ ॥१६॥
तस्मादुत्तमभूपस्य राजदुर्गेऽत्र नित्यदा ॥
तावत्तौ स्थास्यतो नूनं यावत्स्थास्यति भूतलम् ॥१७॥
यत्र तौ तिष्ठतः संतस्तत्राऽजस्रं वसाम्यहम् ॥

આ બધું આશ્ચર્ય જોઇને સંતોએ પ્રભુ શ્રીહરિને પૂછ્યું, હે હરે ! આ બન્ને તેજના પુંજમાં પુરુષ અને સ્ત્રીને અમે જોયા તે કોણ હતા. ॥૧૨॥

પોતાના પ્રિય સંતોની આવી શુભ વાત સાંભળીને શ્રીહરિ થોડું હસ્યા અને પછી અમૃત કરતાં પણ ઉત્તમ આવી શુભ વાણી કહેવા લાગ્યા. ॥૧૩॥

હે સન્તો ! આ બન્ને શુદ્ધ આશયવાળા મારા માતા તથા પિતા ભક્તિ દેવી અને ધર્મદેવ હતા એમ તમે સમજો. તેમણે રાજી થઇને તમને પોતાનાં દર્શન આપ્યા છે. ॥૧૪॥

જ્યારથી હું અહીં શ્રીદાદાખાચરના દરબારગઢમાં રહું છું ત્યારથી તેઓ બન્ને બીજા લોકો ન દેખે તે રીતે અહીંયાં જ કાયમ નિવાસ કરીને રહ્યા છે. ॥૧૫॥

ધર્મદેવ અને ભક્તમાતા, આ બન્ને જીવુબા, લાડુબા અને રાજબાઇ, આ ત્રણેય બહેનોની શુદ્ધ ભક્તિને વશ્ય થઇ ગયા છે અને સર્વ પ્રાણીઓના સુખ માટે રહ્યા છે. ॥૧૬॥

માટે આ ધર્મ અને ભક્તિ બન્ને, શ્રીદાદાખાચરના દરબારગઢમાં જ્યાં સુધી આ ભૂમિ રહેશે ત્યાં સુધી ચોક્કસ રહેશે. ॥૧૭॥

હે બુદ્ધિમાન્ સંતો, જ્યાં ધર્મ અને ભક્તિ રહે છે ત્યાં હું નિરંતર રહું છું

प्राज्ञास्तिष्ठामि यत्राऽहं तत्र तौ तिष्ठतोऽन्वहम् ॥१८॥
धर्मं नाऽऽचरतः पुंसो भक्तिः सिध्यति न क्वचित् ॥
भक्तिधर्मौ विना तस्य मुक्तिः स्यान्नैव कर्हिचित् ॥१९॥
तं विना ज्ञाननिर्वेदौ यज्ञो दानं तपस्तथा ॥
तीर्थव्रतानि वा योगो न सिध्येयु र्हि सत्तमाः ॥२०॥
तस्मात्साधनसंसिद्धिं प्राप्तुकामैर्हितैषिभिः ॥
पालनीयोऽन्वहं धर्मः शर्मदः सद्गुणावहः ॥२१॥
तस्मान्मत्प्रीणनाऽऽसक्तैर्जनैर्धर्मः प्रियो हि मे ॥
आचर्योऽतिप्रयत्नेन प्रत्यहं श्रद्धयाऽन्वितैः ॥२२॥
धर्मो यस्य भवेन्नष्टे भक्तिस्तस्य क्षयं व्रजेत् ॥
तरौ नष्टे यथा नश्येत्तस्य शाखाततिर्द्रुतम् ॥२३॥
साधनेषु समग्रेषु धर्मरू पं हि साधनम् ॥
मुख्यं सत्कर्मसु प्रोक्तं यथा ध्यानं शुभं हरेः ॥२४॥
तस्माद्धर्मान्विता भक्तिर्जनैर्मोक्षाभिकाङ्क्षिभिः ॥

અને જ્યાં હું રહું છું ત્યાં તે બન્ને ધર્મ અને ભક્તિ કાયમ રહે છે. ॥૧૮॥

જે મનુષ્ય ધર્મનું પાલન નથી કરતો તેને ક્યારેય ભક્તિ સિદ્ધ થતી નથી અને ધર્મ તથા ભક્તિના વિના ક્યારેય તે મનુષ્યનો મોક્ષ થતો નથી. ॥૧૯॥

હે સંતવર્યો ! ધર્મ ન હોય તો જ્ઞાન, વૈરાગ્ય, યજ્ઞ, દાન, તપ, તીર્થયાત્રા, વ્રતો અને યોગ, કોઈ પણ કલ્યાણનું સાધન સફળ થતું નથી. ॥૨૦॥

માટે જેને પોતાના સાધન સફળ કરવા હોય તેવા સ્વહિતેચ્છુઓએ સદ્‌ગુણવાળા સુખદ ધર્મનું પાલન કરવું જોઈએ. ॥૨૧॥

તેથી શ્રદ્ધાવાળા અને મને પ્રસન્ન કરવામાં તત્પર રહેનારા ભક્તોએ મારા વહાલા ધર્મનું નિરંતર પ્રયત્નપૂર્વક પાલન કરવું. ॥૨૨॥

જેનો ધર્મ નાશ પામે તેની ભક્તિ પણ ક્ષીણ થઈ જાય છે, ઝાડના મૂળ નાશ પામે તો તેની ડાળીઓનો નાશ નિશ્ચિત તત્કાળ થાય છે. ॥૨૩॥

જેમ સર્વ સત્કર્મોમાં ભગવાનનું શુભ ધ્યાન મુખ્ય કહ્યું છે, તેમ કલ્યાણને માટે જે શાસ્ત્રોમાં સારા સાધન કહ્યા છે તેમાં ધર્મને મુખ્ય સાધન કહ્યું છે. ॥૨૪॥

कर्तव्यैकान्तिकी नित्यं नौका संसारवारिधेः ॥२५॥
गुणैर्विद्यादिभिर्युक्तो धर्मयुग्भक्तिवर्ज्जितः ॥
न भात्यलङ्क्रियाहीनो वस्त्रैरप्यन्वितो यथा ॥२६॥
ब्रुवत्येवं हरौ राजञ्छिल्पी कश्चित्तदागमत् ॥
गृहीत्वा सुन्दरे मूर्ती दिव्ययोर्भक्तिधर्मयोः ॥२७॥
धनं दत्वाऽथ ते मूर्ती सोऽगृह्णाच्छ्रीहरिः शुभे ॥
स्थापनार्थं च गेहेऽस्मिन् स्वीयानां तुष्टये नृप! ॥२८॥
परेऽह्न्यऽहर्मुखे तस्य गवाक्षः पिहितोऽश्मना ॥
शुभं सिंहासनं तत्र कारितं शिल्पिभिस्ततः ॥२९॥
वेद प्रोक्तविधानेन! वेदज्ञैर्वाडवैर्हरिः ॥
ते मूर्ती स्थापयाञ्चक्रे रुचिरे तत्र मन्दिरे ॥३०॥
यदा धर्मात्मजेनाऽत्र मन्दिरे कारिते सति ॥

માટે મોક્ષ મેળવવા ચાહતા મારા ભક્તોએ સંસારસાગર તરવા માટેની નૌકા જેવી ધર્મસહિત મારી એકાંતિકી ભક્તિ કાયમ કરવી. ॥૨૫॥

જેમ સારા વસ્ત્ર પહેર્યા હોવા છતાં સજાવટ સાથેના ઘરેણાં ન હોય, તો મનુષ્ય શોભતો નથી તેમ વિદ્યાવિનયાદિ ગુણો હોવા છતાં જો તેમાં ધર્મસહિત ભક્તિ ન હોય તો તે સાધક શોભતો નથી. ॥૨૬॥

હે રાજન્ ! શ્રીહરિ જ્યારે આવી વાત કહેતા હતા તે વખતે જ કોઈ એક મૂર્તિકલાકાર શિલ્પી ત્યાં આવ્યો. તેની પાસે ઘણી સુંદર તથા દિવ્ય ધર્મ અને ભક્તિની બે મૂર્તિઓ હતી. ॥૨૭॥

હે નૃપ ! પોતાના ભક્તોના સંતોષ માટે તે મૂર્તિઓને શ્રીવાસુદેવનારાયણના ઓરડામાં પધરાવવી હતી, તેથી શ્રીહરિએ તે બંને મૂર્તિઓને તેની કીમત ચૂકવીને ખરીદી લીધી. ॥૨૮॥

બીજે દિવસ બે ઓરડા વચ્ચેનો ગોખ પથ્થર ચણીને બંધ કર્યો. અને ત્યાં સારા કારીગરો પાસે એક સરસ સિંહાસન કરાવ્યું. ॥૨૯॥

પછી શ્રીહરિએ વેદોક્ત વિધિને જાણનારા વિદ્વાન્ બ્રાહ્મણો પાસે પ્રતિષ્ઠાનો વિધિ કરાવીને સુંદર મંદિરમાં ધર્મભક્તિની તે બન્ને મૂર્તિઓ પધરાવી. ॥૩૦॥

પછી જ્યારે ધર્મપુત્ર શ્રીહરિએ શ્રીગોપીનાથજી મહારાજનું મોટું મંદિર

ते मूर्ती धर्मभक्त्योर्वै भूपतेऽतिष्ठिपद्विभुः ॥३१॥
वचनमिति हरेः सुधावरिष्ठं प्रियहितसत्यमशर्महारि भद्रम् ॥
मुदमधिकतरां निशम्य याता हरिमनमंस्तदुपाश्रिताः सदस्याः ॥३२॥
हरिरथ नृपते ! पदानुगैः स्वैः करधृतहेतिभिरच्युतोऽनुयातः ॥
लघुतरगमनेन राजहंसान् समुपनयन्स्वपदं त्रपां ययौ सः ॥३३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्य विरचिते श्रीदुर्गपुर-माहात्म्ये धर्मभक्तिप्रदत्तनिजदिव्यरू पदर्शनादिवर्णनं नामोऽशीतितमो-ऽध्यायः ॥८०॥

अथैकाशीतितमोऽध्यायः

एकाशीतितमे दिव्यदोलारू ढेन धार्मिणा ।
राधाकृष्णादिरू पेण दर्शनं कारितं शुभम् ॥

श्रीचैतन्यानन्द उवाच -

કરાવ્યું ત્યારે મહાસમર્થ શ્રીહરિએ તે મંદિરમાં શ્રીધર્મભક્તિની મૂર્તિઓને પધરાવી હતી. ॥૩૧॥

શ્રીહરિની વાણી અમૃતના જેવી સર્વોત્તમ છે, તે વાણી પ્રિય છે, હિતકારી છે અને સત્ય છે. બધી જાતના અમંગળને મટાડે છે અને શુભ છે. તો તે વાણીને સાંભળીને સભામાં બેઠેલા બધા ભક્તજનો ખૂબ જ રાજી થયા અને શ્રીહરિને હાથ જોડીને પગે લાગ્યા. ॥૩૨॥

હે નૃપતે ! પછી અવિકારી શ્રીહરિ ત્યાંથી ઊઠીને ચપળ ગતિથી અક્ષરભવન (અક્ષરઓરડી) માં પધાર્યા. તે વખતે સશસ્ત્ર પાર્ષદો પાછળ ચાલ્યા આવતા હતા. શ્રીહરિની આ ચપળ ગતિને જોઇને રાજહંસ પણ લજ્જિત થઇ જતા હતા. ॥૩૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૦ સમાપ્ત

અધ્યાય - ૮૧

હિંડોળામાં વિરાજેલા શ્રીહરિએ રાધાકૃષ્ણ રૂપે દર્શન આપ્યા.

एकदा वासुदेवीये गर्भागारे हरिर्नृप! ॥
न्यषीदत्स्वासने युक्ते कोमलैस्तूलिकादिभिः ॥१॥
तत्राऽथोपाविशन् सन्तो भक्ताश्चान्ये प्रणम्य तम् ॥
जयाद्या योषितो दूरे स्थित्वाऽपश्यन् हरिं मुदा ॥२॥
ततस्तेऽपूजयत्तातः कुङ्कुमाक्षतचन्दनैः ॥
अर्घ्यैर्वासोविभूषाद्यैर्हरिं माल्यस्त्रगादिभिः ॥३॥
ततो नीराजयित्वा तं साष्टाङ्गं प्राणमन्मुदा ॥
सोऽस्वजत्तमथ स्वेष्टं गाढं दोर्भ्यामतिप्रियम् ॥४॥
श्रावणोत्थफलाम्रस्य ततः पक्कफलानि सः ॥
दाडिमानि च पक्कानि पक्काऽमृतफलानि च ॥५॥
पक्करम्भाफलादीनि सुधास्वादूनि भूपते! ॥
नानाफलानि तं प्रीत्या भोजयामास सादरम् ॥६॥
वादयित्वाऽथ वाद्यानि सन्तस्तस्याऽऽज्ञया हरेः ॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! એક વખત શ્રીવાસુદેવ નારાયણના ઓરડામાં સુકોમળ ગાદી તકિયા આદિથી બિછાવેલા પોતાના આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

પછી ત્યાં સંતો તથા બીજા હરિભક્તો શ્રીહરિને પગે લાગીને બેઠા. જીવુબા આદિ બહેનો દૂર રહીને પ્રેમથી શ્રીહરિના દર્શન કરતા હતા. ॥૨॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે અમૂલ્ય વસ્ત્રો, ઘરેણાં વગેરેથી કુંકુમ, ચોખા તથા ચંદન અને ફૂલોના હાર તોરા ઈત્યાદિથી શ્રીહરિની પૂજા કરી. ॥૩॥

પછી આરતી કરીને આનંદોત્સાહથી સાષ્ટાંગ પ્રણામ કર્યા. પોતાના અત્યંત પ્રિય ઈષ્ટદેવ શ્રીહરિને બાથમાં ભીડીને ભેટ્યા. ॥૪॥

હે નૃપ ! શ્રાવણિયા આંબાની પાકી કેરી, દાડમ, પોપૈયા, અમૃત જેવા સ્વાદુ પાકા કેળાં વગેરે અનેક પ્રકારના સારા ફળ શ્રીહરિને આદરપૂર્વક પ્રેમથી જમાડ્યા. ॥૫-૬॥

चक्रुश्चेत्तोहरं गानं सतालस्वरमूर्छनम् ।।७।।
स शृण्वन् गायनं तेषां रेजे भक्तैर्वृतो हरिः ।।
शारदस्तापहृद्रम्यः पूर्णश्चन्द्र इवोडुभिः ।।८।।
सन्माल्यैः स्वकृतं रम्यं कञ्चुकं ललिता ततः ।।
तं हि धारयितुं प्रादात्त्वत्ताताय सुमेधसे ।।९।।
तत् स प्रीत्याऽथ राजन्तं श्रीहरिं पर्यधापयत् ।।
अल्पद्वारेण चाऽपश्यंस्तं जयाललितादयः ।।१०।।
तदा तास्ते तथा सभ्या गर्भागारं तमुत्सुकाः ।।
गोलोकधामवद्दिव्यं तेजोयुक्तं व्यलोकयन् ।।११।।
आलोक्यां ललितां दोलां तद्गर्भागारमध्यगाम् ।।
नद्धनानामणिश्रेष्ठां काञ्चनीं ते व्यलोकयन् ।।१२।।

પછી શ્રીહરિની આજ્ઞાથી સંગીતકાર સંતો સુમધુર વાજિંત્ર વગાડીને તાલ, સ્વર અને મૂર્છતાનું અનુસંધાન રાખીને મનોહર કીર્તન ભક્તિ કરવા લાગ્યા. ।।૭।।

ભક્તજનોની વચ્ચે સંતોના કીર્તન સાંભળતા શ્રીહરિ, બધી જાતના સંતાપને ટાળનાર શરદ ઋતુનો રમણીય ચંદ્રમા તારાઓ વચ્ચે જેમ શોભે તેમ શોભતા હતા. ।।૮।।

તે સમયે સુગંધી ફૂલોને ગૂંથીને લાડુબાએ સુંદર અંગરખું તૈયાર કર્યું. અને શ્રીહરિને પહેરાવવા માટે સદ્‌બુદ્ધિમાન્ શ્રીદાદાખાચરને તેમણે આપ્યું. ।।૯।।

પછી તે સુંદર ફૂલોનું અંગરખું શ્રીદાદાખાચરે પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યું ત્યારે દૂર રહેલા જીવુબા, લાડુ આદિએ નાના જાળિયામાંથી શ્રીહરિના દર્શન કર્યા. ।।૧૦।।

તે સમયે ત્યાં રહેલા દર્શનના ઉત્સાહી સર્વ સંત હરિભક્ત પુરુષો અને દૂર રહેલી મહિલાઓએ તે ઓરડાને ગોલોક ધામના જેવો દિવ્ય તેજોમય દેખ્યો. ।।૧૧।।

તે ઓરડાની વચ્ચે દર્શન કર્યા જેવો, જેમાં શ્રેષ્ઠ સારા રત્નો જડ્યા હતા તેવો સોનાનો સુંદર હિંડોળો સૌએ જોયો. ।।૧૨।।

निषण्णं तत्र तेऽपश्यन् स्वामिनारायणं हरिम् ।।
ब्रह्माण्डानामसङ्ख्यानां जन्मस्थित्यन्तकारणम् ।।१३।।
रू पसौन्दर्यमाधुर्यगाम्भीर्यादिमहोदधिम् ।।
एकैकाङ्गश्रियोद्गर्वकोटिकामस्मयच्छिदम् ।।१४।।
दयापीयूषवर्षिण्या पश्यन् सुस्नेहया दृशा ।।
भक्तान् स्तुतं च दिव्यार्घ्यैर्मुक्तैरर्च्चितमाक्षरैः ।।१५।।
कौस्तुभालङ्कृतिग्रीवं वैजयन्त्या स्त्रजाऽन्वितम् ।।
नुतं चोपनिषद्वृन्दैर्दिव्यवासोविभूषणम् ।।१६।।
तत्र पीताम्बरोद्भासं श्रीकृष्णं ते व्यलोकयन् ।।
बर्हापीडं मनोहारं स्वर्णसन्मणिभूषणम् ।।१७।।
तस्य वामे स्थितां पार्श्वे सद्वस्त्रालङ्कृतिश्रियम् ।।

અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ આવા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તે હિંડોળામાં વિરાજ્યા હોય તેવા સહુને દર્શન થયા. ।।૧૩।।

શ્રીહરિ તો રૂપ, સૌંદર્ય, માધુર્ય અને ગાંભીર્ય આદિ કલ્યાણકારી ગુણોના મહાસાગર જેવા છે. એક એક અંગની શોભાથી ગર્વિષ્ઠ કરોડો કામદેવના ગર્વને ઉતારી દે છે, ।।૧૪।।

શ્રીહરિ દયારૂપી અમૃતને વરસાવતી સ્નેહભરી દૃષ્ટિથી ભક્તોને દેખી રહ્યા હતા. અક્ષરધામના મુક્તો દિવ્ય ઉપચારોથી પૂજા કરીને સ્તુતિ કરતા હતા. ।।૧૫।।

શ્રીહરિના કંઠમાં કૌસ્તુભ મણિના અલંકાર વૈજયંતી માળા પહેરેલા હતા. દિવ્ય વસ્ત્રો અને અલંકારો પણ ધાર્યા હતા. ઉપનિષદનો સમૂહ શ્રીહરિની સ્તુતિ કરતો હતો. ।।૧૬।।

તે તેજોમય ઓરડામાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયા. સુંદર ચમકતા પીતાંબરને તેમણે પહેર્યા હતા. મસ્તકે મોર મુકુટ હતો અને કીમતી રત્ન જડેલા સોનાના આભૂષણો પહેર્યા હતા. ।।૧૭।।

दिव्यां प्रैक्षन्त ते राधां गोपान् गोपीश्च भूरिशः ॥१८॥

कृष्णोऽथ प्रश्रयानम्रो हरिं चेत्यब्रवीद्वचः ॥

त्वत्समीपेऽत्र मे वाञ्छा स्थातुमेवास्ति सत्पते! ॥१९॥

इत्युदाहृत्य कृष्णस्तं तन्मूर्तौ लीनतामगात् ॥

ततो राधेत्यवोचत्तं प्रश्रयप्रेमपूर्वकम् ॥२०॥

गोपीनाथोल्लसन्मूर्त्तेः स्थातुमिच्छामि सन्निधौ ॥

इच्छा चेत्तेऽन्तिके त्वस्यास्तिष्ठेयं नित्यदा मुदा ॥२१॥

तयेत्युक्तः स तां प्रीत्या वाक्यमित्यब्रवीद्धरिः ॥

तथा भद्रे ! विधेहि त्वं तत्र मेऽस्ति प्रसन्नता ॥२२॥

ततस्तदित्थमाश्चर्यं दृष्ट्वा भक्तास्तथा स्त्रियः ॥

मिथोऽकुर्वन् हि तद्वार्त्तां भद्रामानन्दकारिणीम् ॥२३॥

तत्राऽथाऽशेषयामिन्यां भक्ता दारा नरास्तथा ॥

તેમના ડાભા પડખામાં સારા વસ્ત્ર અલંકારથી શોભતા દિવ્ય રાધિકાજી હતા અને ઘણા ગોવાળો તથા ગોપીઓ પણ હતી, તેમને સહુએ જોયા. ॥૧૮॥

શ્રીકૃષ્ણે વિનીત ભાવે શ્રીહરિને કહ્યું, હે સત્પતે ! અહીંયાં ગઢપુરમાં તમારી સમીપે રહેવાની મને ઇચ્છા થઇ છે. ॥૧૯॥

આટલું બોલીને શ્રીકૃષ્ણ પરમાત્મા શ્રીહરિની મૂર્તિમાં લીન થઇ ગયા. તે પછી રાધિકાજીએ પણ શ્રીહરિને વિનય અને પ્રેમ પૂર્વ કહ્યું, ॥૨૦॥

સુશોભિત શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિની સાથે હું રહેવા ચાહું છું, માટે જો આપની સંમતિ હોય તો હું પ્રેમથી કાયમ સાથે રહું. ॥૨૧॥

તેમણે આમ કહ્યું ત્યારે શ્રીહરિએ સ્નેહની લાગણીથી તેમને કહ્યું કે હે ભદ્રે ! બહુ સારું, જેમ તમે કહો છો તેમ કરો. તેમાં મારો રાજીપો છે. ॥૨૨॥

આવું આશ્ચર્ય જોયા પછી તો બધા ભક્ત પુરુષો તથા સ્ત્રીઓ તે બાબતની જ મંગળરૂપ અને આનંદદાયી વાતો કરતા રહેતા. ॥૨૩॥

પછી ત્યાં ભક્ત પુરુષો અને સ્ત્રીઓ શ્રીહરિના અદ્ભુત દર્શન થવાથી

चक्रुर्जागरणं प्रीत्या हरिप्रेक्षामहामुदः ॥२४॥

प्रातः काले ततो राजन्! कृत्वा शौचविधिं हरिः ॥

दिश्युदिच्यां ततो वेद्यां सोऽकरोद्दन्तधावनम् ॥२५॥

अथ स्नात्वा विधायेशः स्वीयं नित्यनिधिं हरिः ॥

तस्मिन् प्राश्नात्सुभोज्यानि गर्भागारे ह्युदङ्मुखः ॥२६॥

परिवेष्याऽथ सत्प्रीत्या साधुमुख्यान्निजाश्रितान् ॥

पक्वान्नानि विचित्राणि तथा भोज्यान्यतर्पयत् ॥२७॥

साधुभ्योऽर्पयितुं प्रीत्या श्रीहरिं ललिता ततः ॥

हर्यासक्तेन पित्रा ते नूत्नवासांस्यदीदपत् ॥२८॥

एकमेकमथ प्रीत्या वासः प्रादाद्धरिर्नृप! ॥

समग्रेभ्यो हि साधुभ्यो मुनिप्रेयान् दयोदधिः ॥२९॥

त्वत्पिताऽथोत्तमो राजा गन्धमाल्यस्त्रगादिभिः ॥

अर्घ्यैर्वस्त्रविभूषाद्यैरर्च्चयामास तं हरिम् ॥३०॥

ખૂબ જ ખુશી થયેલા હતા, તેથી તેમણે આખી રાત જાગરણ કર્યું. ॥૨૪॥

હે રાજન્ ! સવારે શ્રીહરિ શૌચવિધિ કરીને ઉત્તર તરફના ઓટા ઉપર દાંતણ કરવા બેઠા. ॥૨૫॥

તે પછી સ્નાન કર્યું. પોતાનો નિત્યનિધિ કર્યો. તે પછી ઓરડામાં ઉત્તર મુખે બેસીને થાળ જમ્યા. ॥૨૬॥

પછી શ્રીહરિએ મોટેરા સંતોને જમવા બેસાડ્યા. અને પકવાન્ન અને ભાત ભાતના બીજા ભોજન ઘણા પ્રેમથી સ્વયં પીરસીને તેમને તૃપ્ત કર્યા. ॥૨૭॥

લાડુબાએ શ્રીહરિના સ્વરૂપમાં હેતવાળા તમારા પિતાશ્રી દાદાખાચર પાસે શ્રીહરિને વસ્ત્ર આપીને તે વસ્ત્ર સંતોને અપાવ્યા. ॥૨૮॥

પોતાને સંતો બહુ વહાલા છે, માટે દયાસાગર શ્રીહરિએ સમગ્ર સંતોને એક એક વસ્ત્ર પ્રેમથી આપ્યું. ॥૨૯॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે સારા વસ્ત્ર, અલંકાર, ચંદન ફૂલહાર

ततो नीराजयित्वा तं साष्टाङ्गं सोऽनमन्मुदा ॥
स प्राशंसत्ततः पाकं ललिताकारितं हरिः ॥३१॥
भूपते! ललिता चित्ते विचारं चेत्यथाऽकरोत् ॥
गोपीगोपैर्न भुक्तं तन्मया भोज्या हि तेऽखिलाः ॥३२॥
तत्सङ्कल्पं ततो ज्ञात्वा सर्वविच्चेत्युवाच ताम् ॥
पक्वान्नादीनि भोज्यानि स्थाले भृत्याऽऽनय द्विजैः ॥३३॥
भृतं स्थालमथ श्रेष्ठैर्भोज्यैः पक्वान्नमुख्यकैः ॥
आनीयाऽऽशु न्यधुर्विप्रा हरेरग्रे मुदान्विताः ॥३४॥
तान्यथाऽभुक्त स प्रीत्या श्रीहरिर्ललिता ततः ॥
भुक्ता गोप्यस्तथा गोपास्तृप्ता एवेत्यलोकयत् ॥३५॥
इत्थं तस्यै हरिर्दिव्यं पुण्यं भद्रं सुखप्रदम् ॥
सोऽदर्शयन्निजैश्वर्यं गीयमानं सदादिभिः ॥३६॥

વગેરે સારા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૩૦॥

પછી પ્રેમથી આરતી ઉતારી અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. પછી શ્રીહરિએ સૌની આગળ લાડુબાએ કરાવેલી રસોઇની પ્રશંસા કરી. ॥૩૧॥

હે ભૂપતે ! લાડુબાના મનમાં વિચાર થયો કે સંતો વગેરે સહુ જમ્યા પણ ગોપીઓ અને ગોવાળો ન જમ્યા. મારે તે બધાને જમાડવા છે. ॥૩૨॥

ભગવાન્ શ્રીહરિ સર્વજ્ઞ છે, લાડુબાનો સંકલ્પ જાણી ગયા. તેથી તેમને કહ્યું, ''બ્રાહ્મણો પાસે પક્વાન્ન વગેરે થાળ ભરાવીને મંગાવો.'' પછી તેમણે બ્રાહ્મણોને કહ્યું તેથી ઉત્સાહી બ્રાહ્મણોએ પક્વાન્ન આદિ અનેક ભોજનોનો થાળ ભરી લાવીને શ્રીહરિની આગળ મૂક્યો. ॥૩૪॥

ત્યારે શ્રીહરિ થાળમાં પીરસેલા બધા ભોજનને પ્રેમથી જમ્યા. તે સમયે ગોપીઓ અને ગોવાળો બધા જમીને તૃપ્ત થયા છે એવા દર્શન લાડુબાને થયા. ॥૩૫॥

આ રીતે શ્રીહરિએ સંતો જેની વાતો કહેતા હોય છે આવું પોતાનું દિવ્ય, પવિત્ર, મંગળમય અને સુખદાયી ઐશ્વર્ય લાડુબાને દેખાડ્યું. ॥૩૬॥

तावत्तत्राऽऽगमत्कश्चिच्छिल्पिवर्योऽन्तिकं हरेः ॥
गृहीत्वा राधिकामूर्तिं प्रणम्याथेत्युवाच तम् ॥३७॥
एतस्या राधिकामूर्त्तेर्मूल्यद्रव्यं मया हरे! ॥
न ग्राह्यं मे हि मोक्षार्थमानीतेयं तु सत्पते! ॥३८॥
स इत्युक्त्वाऽदिशत्तस्मै राधामूर्तिं च तां मुदा ॥
ततो दृष्ट्वाऽथ तां रम्यां तस्मिन् प्रीतोऽभवद्धरिः ॥३९॥
आदायाऽथ मुदा तस्मै मूल्यद्रव्यं दयालवे ॥
प्रादादष्टौ शुभा राधाकृष्णमूर्त्ती र्मनोहराः ॥४०॥
अथेत्युचे सुधासारं श्रीहरिर्ललितां वचः ॥
प्रेक्षिता यादृशी साक्षाद्राधामूर्तिर्गते दिने ॥४१॥
राधामूर्तिरियं दिव्या वर्तते तादृशी शुभा ॥
गोपीनाथस्य चैतस्या युग्मं योग्यं भविष्यति ॥४२॥
जातेयं ललिते! दिव्या त्वदीयेच्छानुसारतः ॥

તેવા સમયમાં ત્યાં શ્રીહરિની આગળ શ્રીરાધિકાજીની મૂર્તિ લઇને કોઇ એક શિલ્પી આવ્યો. તેણે શ્રીહરિને પ્રણામ કર્યા અને પછી તે બોલ્યો. ॥૩૭॥

''આ રાધિકાજીની મૂર્તિનું મૂલ્ય મારે લેવું નથી. હે સત્પતે ! હું આ મૂર્તિને તો મારા મોક્ષ માટે લાવ્યો છું.'' ॥૩૮॥

આમ કહીને તેણે પ્રસન્ન મને શ્રીરાધિકાજીની મૂર્તિ શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિ તે રમણીય મૂર્તિને જોઇને તે શિલ્પી ઉપર ઘણું રાજી થયા. ॥૩૯॥

પછી તે શિલ્પીએ દયાળુ શ્રીહરિની પાસેથી મૂર્તિઓનું મૂલ્ય લઇને આ સિવાયની બીજી આઠ શ્રીરાધાકૃષ્ણની શુભ મનોહર મૂર્તિઓ આપી. ॥૪૦॥

પછી શ્રીહરિએ લાડુબા આગળ અમૃત જેવું મધુર વચન કહ્યું. ''ગઇ કાલે સાક્ષાત્ શ્રીરાધિકાજીની જેવી મૂર્તિ જોઇ હતી, તેવી જ આ શ્રીરાધિકાજીની શુભ મૂર્તિ દિવ્ય છે. શ્રીગોપીનાથજી મહારાજ અને શ્રીરાધિકાજીની આ મૂર્તિ, બન્નેની બરાબર યોગ્ય જોડી થશે. ॥૪૧-૪૨॥

राधामूर्तिरु दारश्रीर्मनोज्ञाऽवयवान्विता ॥४३॥
गोपीनाथस्य दिव्येयं मूर्तिरस्तीतिगम्यताम् ॥
इत्थं निशम्य तद्वाक्यं सा प्रीता प्राणमद्धरिम् ॥४४॥
हरिरिति रु चिरां विधाय वार्तां,
भवशमनीं च सुधावधीरिणीं सः ॥
श्रवणसुखकरीमगाधबोधां,
निजमतिरम्यमुपाऽऽगमन्निवासम् ॥४५॥

इति श्रीमद्धरिकृष्ण भगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितराधाकृष्णरू पादिनिरू पणं नामैकाशीतितमो-ऽध्यायः ॥८१॥

अथ द्व्यषशीतितमोऽध्यायः

आगमः सनकादीनां द्व्यशीतितम उच्यते ।
दमनं नगदुष्टस्य हरिणा विहितं च यत् ॥

હે લલિતે ! (લાડુબા!) તમારી ઈચ્છા પ્રમાણે જ શ્રીરાધિકાજીની આ મૂર્તિ સુંદર મનોહર અવયવો વાળી થઈ છે. ॥૪૩॥

અને શ્રીગોપીનાથજી મહારાજની આ મૂર્તિ પણ દિવ્ય છે એમ તમે સહુ સમજો.'' શ્રીહરિનું આવું વચન સાંભળીને લાડુબા રાજી થયા અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૪૪॥

શ્રીહરિની વાતો અત્યંત સુંદર હતી, જન્મમરણરૂપ સંસારને ટાળનારી અને અમૃતને પણ તુચ્છકારે તેવી હતી. સાંભળવામાં સુખદાયી અને અગાધ જ્ઞાનથી ભરેલી હતી. આવી વાતો ભક્તોને કહીને શ્રીહરિ પોતાના મનોહર નિવાસ સ્થાને પધાર્યા. ॥૪૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૮૧ સમાપ્ત

श्रीचैतन्यानन्द उवाच -
गर्भागारे वरे तस्मिन् भूयो भूयो न्यभुक्त सः ॥
श्रीहरिर्मृदुशय्यायां तथा शिश्ये मुहुर्मुहुः ॥१॥
चातुर्मास्ये हरिस्तस्मिन्नेकदा स्वोत्तमासने ॥
राजन्नुपाविशद्युक्ते कोमलैस्तूलिकादिभिः ॥२॥
त्वत्तातं ललिताऽथाऽदात् प्रीत्या धारयितुं शुभान् ॥
नानासुगन्धिमाल्यानां सारहारांस्तथोत्तमान् ॥३॥
तानि वासांस्यथ प्रीत्या श्रीहरिं स न्यधारयत् ॥
नानासुगन्धिमाल्यानां सारहारांश्च तद्गले ॥४॥
तदानीं निर्भरं रेजे मन्दं मन्दं हसन् हरिः ॥
तमालः फुल्लसन्माल्यः स्फुरच्चान्द्रैः करैरिव ॥५॥

અધ્યાય-૮૨
શ્રીમુક્તમુનિ ઉપર રાજીપો, સનકાદિકનું આગમન અને નગાજણનું દુર્જનપણું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! વાસુદેવનારાયણના ઓરડામાં શ્રીહરિ વારંવાર થાળ જમ્યા હતા અને સુકોમળ પથારીમાં વારેવારે પોઢ્યા હતા. ॥૧॥

હે રાજન્ ! એક વખત ચાતુર્માસના દિવસો હતા. ઓરડામાં ગાદી તકિયા મૂકીને બિછાવેલા પોતાના સર્વોત્તમ આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨॥

ત્યારે લાડુબાએ તમારા પિતા શ્રીદાદાખાચરને શ્રીહરિને પ્રેમથી અર્પણ કરવા માટે સારા વસ્ત્ર અને અનેક જાતના સુગંધી પુષ્પોના ઘણા સારા હાર વગેરે આપ્યા. ॥૩॥

પછી શ્રીદાદાખાચરે તે ઉત્તમ વસ્ત્રો શ્રીહરિને ધારણ કરાવ્યા અને અનેક પ્રકારના સર્વોત્તમ સુગંધી ફૂલહાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. ॥૪॥

તે વખતે શ્રીહરિનું મધુરું આછું હાસ્ય, ખીલેલા ફૂલવાળો તમાલવૃક્ષ ચંદ્રના

पद्यगानं मुदाऽकार्षीन्मुक्तानन्दोऽथ सद्गुरुः ॥
स्वप्रासादिकवासांसि तस्मै प्रीतोऽथ सोऽदिशत् ॥६॥
तथा हारान् हरिः पौष्पान्निजप्रासादिकांस्ततः ॥
प्रादात्तस्मै च पादौ स्वौ तस्य वक्षस्यधान्मुदा ॥७॥
अथ प्राहेति तं वाक्यं रम्यं सद्वत्सलो हरिः ॥
कृतान्यमून्यतिप्रेम्णा कीर्तिनानि त्वया मुने! ॥८॥
हरिर्भुक्त्वाऽथ भोज्यानि स्वीयप्रासादिकानि सः ॥
मुक्तानन्दमुनीन्द्राय त्वत्पित्रे तानि चाऽदिशत् ॥९॥
तद्गर्भागार सामीप्ये राजन्नासीदुदग्दिशि ॥
द्विभौमं वेश्म तत्राऽश्नान्नानाभोज्यानि स प्रभुः ॥१०॥
एकदा स्वाश्रितत्राता भक्ताभीष्टसुखप्रदः ॥
तत्राऽऽसने निषद्याऽश्नाद्धरिर्भोज्यान्युदङ्मुखः ॥११॥

કિરણોથી શોભે તેમ, શોભતું હતું. ॥૫॥

પછી સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીએ આનંદોત્સાહથી કીર્તનના પદ ગાયા. તેમના ઉપર શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને પ્રસાદીના વસ્ત્ર આપ્યા. ॥૬॥

તે રીતે જ પ્રસાદીના ફૂલહાર આપ્યા અને તેમની છાતીમાં રાજી થઈને ચરણારવિંદ પણ ચાંપ્યા. ॥૭॥

સંતોના ઉપર વાત્સલ્યભાવ રાખતા શ્રીહરિએ શ્રીમુક્તાનંદ સ્વામીને કહ્યું કે હે મુને ! તમે આ કીર્તન અતિશય પ્રેમથી રચ્યા છે. ॥૮॥

પછી શ્રીહરિ થાળ જમ્યા અને પ્રસાદીનો થાળ મુનિવર્ય શ્રીમુક્તાનંદ સ્વામીને તથા તમારા પિતા શ્રીદાદાખાચરને આપ્યો. ॥૯॥

હે રાજન્ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની પાસે ઉત્તર તરફ માળવાળું એક ઘર હતું. ત્યાં પ્રભુ શ્રીહરિ સારા ભોજનનો થાળ જમ્યા હતા. ॥૧૦॥

નિજ ભક્ત રક્ષક તથા ભક્તોને ઈષ્ટ સુખ આપનારા શ્રીહરિ તે ઘરમાં ઉત્તર મુખે આસનિયા ઉપર બેસીને થાળમાં સારા ભોજન જમ્યા હતા .॥૧૧॥

तदा राजन्त्यपश्यत्तं स्थित्वा बाणकरान्तरे ॥
श्रीहरिं ललिता प्रीत्या स्वप्रेयांसं तथा जया ॥१२॥
बिरञ्जं श्रीहरिः प्राश्नात्प्रफुल्लाः पुरिकास्तथा ॥
भज्यकानि च वृन्ताकशाकं संस्कृतमुत्तमम् ॥१३॥
सशर्करं दधि श्रेष्ठं दध्याक्तान् वटकांस्तथा ॥
चटनीं चारनालाद्यं भुङ्क्ते स्माऽपः पिबन्मुहुः ॥१४॥
तदानीं श्रीहरेरग्रे मुकुन्दानन्दवर्णिराट् ॥
नित्यं तत्सेवनोद्युक्तः सर्वदा तमनुवृतः ॥१५॥
ततस्तत्राऽऽगमन् राजन् ! वर्णिवेषविराजिताः ॥
पञ्चवर्षवयोयुक्ताः सनकाद्याः सुरोचिषः ॥१६॥
तेऽथ तत्प्रेक्षणानन्दाः साष्टाङ्गं चाभिवन्द्य तम् ॥
तस्थुः प्राञ्जलयो नम्राश्चत्वारश्चारु दर्शनाः ॥१७॥

તે સમયે પાંચેક હાથ દૂર ઊભા રહીને રાજબાઈ, લાડુબા અને જીવુબા (મોટીબા) પોતાના ઉપાસ્ય પ્રિય પ્રભુ શ્રીહરિના ભક્તિભાવથી દર્શન કરતા હતા. ॥૧૨॥

શ્રીહરિના થાળમાં બિરંજ, ફૂલેલી પૂરી, ભજિયા, રીંગણાનું સારું વઘારેલું મસાલાવાળું શાક, સારું દહીં સાકર, દહીંવડા, ચટણી અને અથાણાં વગેરે પીરસ્યું હતું. વચ્ચે ઘણીવાર પાણી પીતા પીતા શ્રીહરિ જમતા હતા. નિત્ય શ્રીહરિની સેવામાં તત્પર રહેતા, અનુવૃત્તિ સાચવીને સેવા કરતા વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામી શ્રીહરિની આગળ જ ઊભા હતા. ॥૧૩-૧૫॥

હે રાજન્ ! તે વેળાએ વર્ણીના વેષમાં સોહામણા લાગતા, લગભગ પાંચેક વર્ષની ઉમરના ચાર સનકાદિક (સનકકુમાર, સનતકુમાર, સનંદનકુમાર અને સનાતનકુમાર) અત્યંત તેજસ્વી સ્વરૂપે ત્યાં આવી પહોંચ્યા. ॥૧૬॥

તેઓ શ્રીહરિના દર્શનથી ખૂબ જ ખુશ થયા. સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. અત્યંત સુંદર દેખાતા તે ચારેય સિદ્ધ મુનિઓ હાથ જોડીને નમ્રભાવે શ્રીહરિની સન્મુખ

मुकुन्दानन्दवर्णीन्द्रस्तान् विलोक्योरु तेजसः ॥
महान्तं विस्मयं प्रापज्जयाद्या योषितस्तथा ॥१८॥
नानाभोज्यभृतं स्थालं तदग्रेऽथ न्यधाद्धरिः ॥
तेऽभुञ्जताऽथ चत्वारो नाना भोज्यानि भूपते! ॥१९॥
तेऽथ पर्य्यस्वजन् प्रीत्या श्रीहरिं प्रेम विह्वलाः ॥
स्वीयहृत्सु न्यधुस्तस्य योगिध्येये च पङ्कजे ॥२०॥
भक्त्या नत्वाऽथ तं राजन् पृष्ट्वा ते चाद्भुतक्रियाः ॥
जग्मुर्विहायसा तूर्णं चत्वारो भूरि तेजसः ॥२१॥
नम्रभावं हरौ तेषां दृष्ट्वा प्रीतिं च भूयसीम् ॥
स वर्णीन्द्रो जयामुख्या योषाश्चापुर्हि विस्मयम् ॥२२॥
तद्द्विभौमगृहे याऽभूत्पाकशालोत्तमा हरेः ॥

ઊભા રહ્યા. ॥૧૭॥

શ્રીમુકુંદાનંદ વર્ણી અને જીવુબા આદિ બહેનો, અત્યંત તેજસ્વી સનકાદિકોને જોઇને ખૂબ જ વિસ્મિત થઇ ગયા. ॥૧૮॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ અનેક ભોજનોથી પીરસેલો થાળ સનકાદિકોની આગળ મૂક્યો. તે ચારેય થાળની પ્રસાદી જમ્યા. ॥૧૯॥

પછી પ્રેમઘેલા થયેલા સનકાદિ સિદ્ધો શ્રીહરિને ભેટી પડ્યા અને તેમણે શ્રીહરિના યોગીઓએ ધ્યાનમાં લીધા જેવા ચરણકમળને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ॥૨૦॥

હે રાજન્ ! અદ્ભુત ક્રિયાવાળા તથા અપાર તેજસ્વી તે ચારેયે શ્રીહરિને ભક્તિભાવથી પ્રણામ કર્યા, પછી તેઓ આજ્ઞા લઇને તત્કાળ આકાશ માર્ગે ચાલ્યા ગયા. ॥૨૧॥

સનકાદિ સિદ્ધોનો નમ્રભાવ તથા શ્રીહરિના સ્વરૂપમાં અમાપ પ્રેમ જોઇને શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારી તથા જીવુબા વગેરે બહેનો અત્યંત વિસ્મય પામ્યા. ॥૨૨॥

તે માળ વાળા ઘરમાં જે શ્રીહરિના થાળ માટેનું સુંદર રસોડું હતું, તેનું જે

द्वारशाखाऽस्ति या तस्या भूरिप्रासादिका हरेः ॥२३॥
सोपानान्यभवन्नेतद्गर्भागारद्वयान्तरे ॥
न्यषीदत्तत्र स स्नातुं शुभ्रसूक्ष्माम्बरं दधत् ॥२४॥
शल्यभूपादयस्तावत्तत्राऽऽयन् भूरिशो जनाः ॥
भक्तत्राणातिशक्तस्य दर्शनार्थं हरेर्नृप! ॥२५॥
योऽभूत्तत्र खलाधीशो दुष्टस्तन्मातुलात्मजः ॥
नगाख्यः सोऽकरोदित्थं सङ्कल्पं मोहनष्टधीः ॥२६॥
स्वामिनारायणः साक्षादसावन्यान् क्षितौ जनान् ॥
धर्मे वर्तयतेऽजस्त्रं स्वीये वेदागमोदिते ॥२७॥
स्वयं तु प्रत्यहं प्रीत्या रासलीलादिकं कृती ॥
विधत्ते चरितं ह्येनं ब्रुवन्ति त्यागिनं जनाः ॥२८॥
स चैवं संशयं कुर्वंस्तत्राऽतिष्ठद् दुराशयः ॥

બારસાખ, તે શ્રીહરિનું ઘણું જ પ્રસાદીનું હતું. ॥૨૩॥

ઉત્તરદા બારના આ બન્ને ઓરડાઓની વચ્ચે જે પગથિયા હતા ત્યાં શ્રીહરિ શ્વેત સૂક્ષ્મ વસ્ત્ર પહેરીને સ્નાન કરવા માટે બેઠા. ॥૨૪॥

હે નૃપ ! તે વખતે ત્યાં ચેલા ખાચર આદિ ઘણા લોકો ભક્તોનું રક્ષણ કરવામાં અતિશક્તિશાળી આવા શ્રીહરિના દર્શન કરવા આવ્યા. ॥૨૫॥

તેમાં ચેલા ખાચરના મામાનો દીકરો નગાજણ નામે હતો, તે મોટો ખળાધીશ હતો. સ્વભાવે દુષ્ટ હતો અને મોહને લીધે તેની બુદ્ધિ નાશ પામી હતી. તે મનમાં આવો કાંઇક સંકલ્પ કરવા લાગ્યો. ॥૨૬॥

આ સાક્ષાત્ સ્વામિનારાયણ દુનિયામાં બીજા લોકોને પોતાના વેદાક્ત ધર્મમાં નિરંતર વરતાવે છે. ॥૨૭॥

પોતે તો પોતાને કૃતકૃત્ય માનીને રાસલીલા આદિક ચરિત્ર કરે છે અને લોકો આને ત્યાગી કહે છે. ॥૨૮॥

તે દુષ્ટ હૃદયનો નગાજણ મનમાં આવો સંદેહ કરીને ત્યાં ઊભો હતો. આ

अन्तर्यामितया थाऽवैत्स तस्यैवं मनोरथम् ॥२९॥
उत्थायाथ हरिस्तिष्ठन् स्मयन् प्राहेति तं वचः ॥
अत्राऽसभ्य ! कुबुद्धे ! त्वं द्रष्टुं किं न्यवतिष्ठसे ॥३०॥
विधत्से त्वं यथा दुष्टान् सङ्कल्पान् स्वीयमानसे ॥
नैवास्म्यहं तु तादृक्षः साक्षाद्वै भगवानहम् ॥३१॥
स्वरू पं मे त्विदं दिव्यं प्राकृतं नास्ति सर्वथा ॥
एवं वेद्यं त्वया चिते नान्यथा क्वापि दुर्मते! ॥३२॥
इत्युक्त्वाऽमोघसङ्कल्पः स्वतन्त्रः स्र्वविद्धरिः ॥
तस्मै सोऽदर्शयद् दिव्यं स्वीयं रू पं भयानकम् ॥३३॥
दुष्प्रेक्ष्यं वह्निसन्तप्तलौहगोलारु णेक्षणम् ॥
कालत्रासदया युक्तं भृकुट्या भुग्नलोलया ॥३४॥
ब्रह्मादयोऽपि देवेशा दृष्ट्वा यत् त्रस्तचेतसः ।

બાજુ અન્તર્યામીપણે શ્રીહરિ તેના સંકલ્પને જાણી ગયા. ॥૨૯॥

શ્રીહરિ બેઠા હતા તે ઊભા થઇ ગયા. સાધારણ હસતું મુખ રાખીને તેને કહેવા લાગ્યા, નગાજણ! તું અસભ્ય અને કુબુદ્ધિ છો, તું અહીંયા શુ જોવા ઊભો છે. ॥૩૦॥

તું તારા મનમાં જેવા દુષ્ટ સંકલ્પ કરે છે તેવો હું નથી, હું તો સાક્ષાત્ ભગવાન્ છું. ॥૩૧॥

હે દુર્મતે ! આ સ્વરૂપ સંપૂર્ણ રીતે દિવ્ય છે, તેમાં માયિક ભાવ બિલકુલ નથી, આ પ્રમાણે જ તારે પોતાના મનમાં માનવું, અવળી રીતે માનવું નહિ. ॥૩૨॥

સત્યસંકલ્પ, સ્વતંત્ર અને સર્વજ્ઞ શ્રીહરિ આટલું બોલ્યા. પછી તેને પોતાનું મહાભયાનક દિવ્ય રૂપ દેખાડ્યું. ॥૩૩॥

તે સ્વરૂપ સામે કોઇ દેખી શકતું નહિ. અગ્નિમાં તપાવેલા લોઢાના ગોળા જેવી લાલ લાલ આંખો હતી. ॥૩૪॥

બ્રહ્મા આદિ દેવેશ્વરો પણ જે રૂપને જોઇને માનમાં ત્રાસી જતા હતા. હે

गन्तुं न शेकिरे राजन्! कम्पमानास्तदन्तिके ॥३५॥
सङ्कर्षणोऽपि चात्युग्रो रु द्रो लोकभयङ्करः ॥
भीतस्तद्वीक्षणात्तस्य गन्तुं शेके न सन्निधौ ॥३६॥
कालोऽपि लोकविध्वंसी भूतव्रातातिभीषणः ॥
यद्विलोक्य भयं प्राप्तो व्यधाद्दूरं पलायनम् ॥३७॥
तदा रोमाञ्चिताकारो स्वेदबिन्दुभिरङ्कितः ॥
रेजे वीररसोऽदभ्रं मूर्तिमानिव स प्रभुः ॥३८॥
क्रूरं शौर्योर्जितं रू पं नगाख्यः सोऽवलोक्य तत् ॥
बिभ्यति स्माऽऽकुलोऽधीरो राजन्! सञ्जातवेपथुः ॥३९॥
सम्मील्याऽथाक्षिणी स्वीये स न्यषीदत्क्षितौ द्रुतम् ॥
मुहूर्ताऽर्द्धे ततो जाते स्वनेत्रोन्मीलनं व्यधात् ॥४०॥
अथेत्थं सोऽब्रवीद्रूपे योऽस्ति संशयकृन्मम ।

રાજન્ ! દેખીને જ ધ્રુજી ગયેલા તે દેવો તેમની પાસે જઇ શકતા નહિ. ॥૩૫॥

અત્યંત ઉગ્ર સંકષણ કે લોકભયંકર રુદ્ર, તેમના દર્શનથી ડરી જઇને પાસે જઇ શકતા નહિ. ॥૩૬॥

લોકોનો વિનાશ કરનાર અને પ્રાણિમાત્રને માટે ભયંકર આવો કાળ પણ જેને દેખીને ડરી ગયો અને દૂર ભાગી ગયો. ॥૩૭॥

તે વેળાએ શ્રીહરિનું સ્વરૂપ રોમાચિંત થઇ ગયું. ચારે બાજુ પરસેવાના બિંદુઓ ઊપસી આવ્યા. મૂર્તિમાન્ વીરરસ હોય તેમ પ્રભુ શ્રીહરિ ઘણું શોભવા લાગ્યા. ॥૩૮॥

હે રાજન્ ! શ્રીહરિનું શૌર્યભર્યું તેજસ્વી અને ક્રૂર રૂપ જોઇને નગાજણ ડરી ગયો. અધીર અને આકુળ વ્યાકુળ થઇ ગયો, તેનું શરીર થરથરવા લાગ્યું. ॥૩૯॥

તેણે આંખો બંધ કરી દીધી. તત્કાળ જમીન ઉપર હેઠો બેસી ગયો. એક ઘડી વીતી ત્યારે તેણે આંખો ખોલી. ॥૪૦॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, મારા સ્વરૂપમાં જે સંદેહ કે દુર્ભાવના કરે છે તેની

नश्येत्तस्याऽखिला लज्जा छिन्ननासाङ्गिनो यथा ॥४१॥
जीवन्मृतः स दुर्मेधाः प्राप्नुयाद्धि महापदम् ॥
इत्युक्त्वा तं स कौशेये धृत्वा भुक्त्यास्पदं ययौ ॥४२॥
स नगाख्यस्ततः खिद्यन् गत्वाऽऽवासं नृप! स्वकम् ॥
शल्यभूपस्य चाऽमुष्णात् पञ्च काञ्चुकिकान् पटान् ॥४३॥
ततस्तच्छोधने राजन्! कृते तस्य खरंटके ॥
भूरिमूल्यानि वस्त्राणि तानि लब्धानि भूपते! ॥४४॥
ततः सोऽभून्मृतप्रायो नष्टलज्जो दुराशयः ॥
शल्यभूपोऽथ सोऽप्राक्षीत्तमित्थं ध्वस्ततेजसम् ॥४५॥
ईदृशी ते कथं जाता बुद्धिर्निन्द्याऽऽतिदूषिता ॥
तेनेत्युक्ते स तं चैवं नगाख्यो वाक्यमब्रवीत् ॥४६॥
स्वामिनारायणाख्यस्य स्वरू पे संशयो हरेः ॥
यस्मात्जातो हि मे तस्माद्बुद्धिर्जाता ममेदृशी ॥४७॥

આ દુનિયામાં લાજ આબરૂ, નકટા માણસની જેમ, સંપૂર્ણ નાશ પામે છે. ॥૪૧॥

તે દુષ્ટ બુદ્ધિનો માણસ ભલે જીવતો હોય, પણ તે મરેલો જ છે, તેને અનેક મોટી આફતો આવે છે. તેને આટલું કહીને શ્રીહરિએ એક રેશમી વસ્ત્ર પહેર્યું અને બીજું ઓઢ્યું, પછી થાળ જમવા રસોડે પધાર્યા. ॥૪૨॥

હે નૃપ! પછી તે નગાજણ મનમાં મૂંઝાઈને પોતાને ઘેર ગયો. ચેલા ખાચરના પહેરવા માટેના પાંચ કપડાં - અંગરખા વગેરે તેણે ચોરી લીધા. ॥૪૩॥

હે ભૂપતે! હે રાજન્ ! તે કપડાંની શોધ ખોળ કરી ત્યારે નગાજણના ખડિયામાંથી (ખડિયો-વચ્ચે મોઢું અને બન્ને બાજુ વસ્તુ ભરી શકાય તેવો એક પ્રકારનો થેલો) તે ઘણા કીમતી વસ્ત્ર મળી આવ્યા. ॥૪૪॥

આ રીતે દુષ્ટહૃદયવાળો નગાજણ મર્યા જેવો થઈ ગયો. તેની આબરૂ ધૂળમાં મળી ગઈ. પછી નિસ્તેજ થઈ ગયેલા તે નગાજણને ચેલાખાચરે પૂછયું કે તારી બુદ્ધિ આટલી નિંદ્ય અને દુષિત-ભ્રષ્ટ કેમ થઈ ગઈ. ત્યારે નગાજણે તેમને કહ્યું. ॥૪૫-૪૬॥

ભગવાન સ્વામિનારાયણ શ્રીહરિના સ્વરૂપમાં મેં ખરાબ સંશય કર્યો તેથી મારી બુદ્ધિ આટલી ભ્રષ્ટ થઈ ગઈ છે. ॥૪૭॥

तमित्युक्त्वा स तं सर्वं तद्वृतान्तं सविस्तरम् ॥
प्राह श्रुत्वा स तत्प्रापद्विस्मयं भूपते! भृशम् ॥४८॥
ततस्तस्य बहिर्वेद्यां गर्भागारस्य चाऽभवत् ॥
मुन्यादीनां सभा तस्यां न्यषीदत्स्वासने हरिः ॥४९॥
स नगाख्योऽथ तं नत्वा तद्वृत्तान्तं तमब्रवीत् ॥
अथ प्राहेति यः कुर्यात्त्वद्रूपे संशयं जनः ॥५०॥
लज्जाहीनः स एव स्याच्छिन्ननास इवाङ्गभृत् ॥
भूयिष्ठं चाप्नुयात् क्लेशं न श्रेयो याति कर्हिचित् ॥५१॥
त्वं वै पुराणपुरु षोऽक्षरधामवासी,मायाऽक्षरादिकपरोऽस्यवतारहेतुः ॥
दिव्यानवद्यसकलाऽवयवेज्यमूर्ति, र्दिव्योरु शर्मविभवादिमहापयोधिः।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये सनकाद्यागमननगाख्यपराभवादि निरू पणं नाम द्व्यशीति-तमोऽध्यायः ॥८२॥

હે રાજન્ ! આમ કહીને તેણે બધું વૃત્તાંત વિસ્તારથી તેમને કહ્યું, તે સાંભળીને ચેલા ખાચરને અત્યંત આશ્ચર્ય થયું. ॥૪૮॥

પછી તે ઓરડાની ઓસરીમાં સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને તે સભામાં શ્રીહરિ પોતાને આસને વિરાજ્યા હતા. ॥૪૯॥

ત્યારે તે નગાજણે ત્યાં સભામાં આવીને શ્રીહરિને પ્રણામ કર્યા. અને પછી પોતાનું બધું જ વૃત્તાંત કહ્યું. પછી ફરીવાર તેણે કહ્યું, હે હરે ! જે કોઈપણ માણસ આપના સ્વરૂપમાં સંશય કરશે તો તેની લાજ આબરૂ નાશ પામશે અને તે નકટા જેવો થઈ જશે. તેને ઘણું દુઃખ ભોગવવું પડશે, તેનું શ્રેય-રૂડું ક્યારેય નહિ થાય. ॥૫૦-૫૧॥

આપ તો પુરાણ પુરુષ છો, અક્ષરધામમાં વસો છો, માયા અને અક્ષરાદિકથી પર છો, સર્વ અવતારોનું કારણ છો, આપ દિવ્ય અને નિર્દોષ અવયવથી સંપન્ન અને આરાધ્ય સ્વરૂપ છો, આપ તો વિશાળ દિવ્ય આનંદ અને વૈભવના મહાસાગર છો.॥૫૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૮૨ સમાપ્ત

શ્રીગઢપુરનાં તીર્થસ્થાનોનું પરિશિષ્ટ

અ.નિ. સદ્‌ગુરુ પુરાણી
શ્રીહરિપ્રિયદાસજી ગઢપુર

શ્રીગઢપુર મંદિરમાં રહેલા દરબાર આદિ તીર્થોની યાદી દુર્ગપુર-માહાત્મ્યગ્રન્થ ના આધારે અહીંયા સંક્ષેપમાં આપેલ છે. આ પ્રત્યેક તીર્થોમાં શ્રીહરિએ દિવ્ય લીલાચરિત્રો કર્યા છે તેનુ અદ્‌ભુત વર્ણન વિસ્તારથી શ્રીદુર્ગપુરમાહાત્મ્યગ્રન્થમાં કરેલ છે જેના શ્રવણ મનનથી અનેક જીવાત્માનો મોક્ષ થયો છે અને થાય છે હાલ આ મૂળ સંસ્કૃત ગ્રન્થ ગુજરાતી અનુવાદ સાથે બે ભાગમાં શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે.

(૧)અક્ષર ઓરડી. (૨) ગંગાજળીયો કૂપ. (૩) કૂપથી દક્ષિણમાં એક પર્ણકુટી. (૪) કૂપથી અગ્નિખુણમાં એક લિંબડાનુવૃક્ષ. (૫) અક્ષર ઓરડીથી પૂર્વમાં એક ઓસરી. (૬) આ ઓસરીથી પાંચ હાથ ઉંચો એક ફરજો (ગૃહ). (૭)ફરજાની નજીકમાં એક પાકશાળા. (૮)પાકશાળાની નજીકમાં લીંબડાના છાયાવાળી એક વેદિકા. (૯) અક્ષર ઓરડીથી પૂર્વમાં એક ઓસરી. (૧૦) અક્ષર ઓરડીથી ઉત્તર એક જાંબુવૃક્ષ. (૧૧) અક્ષર ઓરડીથી આથમણી એક ઓસરી તથા ચોક, (૧૨) અક્ષરઓરડીથી આથમણી કોર બે માળનું ઘર, (૧૩) અક્ષર ઓરડીથી બે માળના ઘરની નીચે માણકી ને બાંધવાનું સ્થાન. (૧૪) અક્ષરઓરડીથી માણકીના સ્થાન સમીપમાં બે ઓરડા. (૧૫) આ બે ઓરડા તેમાંનો એક ઓરડો વાસુદેવ-નારાયણનો બીજા ઓરડામાં અયોધ્યાવાસીનો ઉતારો.(૧૬) આ ઓરડાની સમીપમાં આથમણા દ્વારનું ઘર. (૧૭)આ ઘરના સમીપમાં ચોખંડો કોઠો ૧. (૧૮) આ કોઠામાં સદાવ્રત આપવાનું સ્થાન આ કોઠાની સમીપમાં વિશાળ ચોક. (૧૯) આ કોઠાની વામભાગે કોઠા જેવું બીજું ઘર, આ ઘરમાં રઘુવીરજી મહારાજનાં માતુશ્રીનો ઉતારો હતો. (૨૦) આ કોઠાથી અને કોઠા જેવું ઘરથી પૂર્વમાં એક ઘર તે આથમણી ઓસરીવાળું હતું. (૨૧) આ ઉગમણા બારના ઓરડામાં પ્રથમ રાજ-બાઈનો નિવાસ હતો. (૨૨) ત્યાં પાછળ શ્રીહરિ રહીને સંતોને ગાયન શિખવતા હતા. આ ઘરથી દક્ષિણ દીશામાં એક પાટડાવાળુ ઘર તેમાં ગાયનવિદ્યાના અભ્યાસી સંતો રહેતા હતા. (૨૩) અક્ષર ઓરડીથી ઉત્તરમાં ઉગમણા બારનું ઘરને તેનો ચોક વિશાળ હતો. (૨૪) અક્ષર ઓરડીથી દક્ષિણ દિશામાં ત્રણ ઓરડા હતા તેમાં પહેલા ઓરડામાં ઉત્તમ નૃપ રહેતા હતા.(૨૫) મધ્યના ઓરડામાં સોમાબાઈ રહેતાં હતા. (૨૬) આ મધ્યનો ઓરડો તેથી આથમણો ઓરડો તેમાં જ્યારે કોઈ વખત શ્રીજી ઉદાસી હોય ત્યારે તે ઓરડામાં રહેતા હતા (ત્રીજો ઓરડો) (૨૭) આ ત્રણ ઓરડાની સામે દક્ષિણ દ્વારની એક અશ્વશાળા હતી. (૨૮) ઓરડો આ કહ્યો તે ને ઘોડશાળ

બેની મધ્યે ચોક હતો. તેમાં ઉત્તમ રાજા આદિક તે પટો ખેલતા તથા મલ્લવિદ્યા શીખવતા હતા. (૨૯) અક્ષર ઓરડીનો સુંદર વિસ્તારવાળો ચોક ને સોમાબાઈના ઓરડાનો ચોક તેમાં અક્ષર ઓરડીનો ચોક તેમાં રામશરણજીને ઉપવીતનો સંસ્કાર કર્યો તથા તેમના ભાઈ નારાયણપ્રસાદજીને પણ યજ્ઞોપવિતનો સંસ્કાર કર્યો. (૩૦) તે ચોકની પાસે એક સદાવ્રત દેવાની ઓરડી હતી તે પર્ણકુટીની સમીપમાં કુવો ખોદાવ્યો હતો તેનું નામ પુનમીયો કુવો હતો પુન્યમે જળ નીકળ્યું તેથી તે નામ પાડ્યું હતું. (૩૧) આ કુવાથી ઉત્તરદિશામાં એક પર્ણકુટી હતી તેમાં કેસરીસિંહને માનસિંહ પાર્ષદ બે રહેતા હતા. (૩૨) તે ઓરડીથી ઉત્તરદિશામાં અભયરાજાનો દરવાજો હતો. (૩૩) આ દરવાજાથી બહાર બે ઓટલીયો હતી તેના સમીપમાં બે ઉંચી ઓટલીયો હતી તે બેમાં ઉત્તરાદિ દિશામાં લીંબડાના વૃક્ષયુક્ત જે ઓટલી તેમાં શંકરપાર્વતિ પધરાવ્યા હતા.(૩૪) અને બે ઓટલીથી દક્ષિણાદિ ઓટલીમાં અભયરાજા નિરંતર બેસતા હતા તે બે ઓટલીના વચ્ચે અત્યારે જે દરવાજો મોટો છે ત્યાં કોઈ વાર બળીયા સંઘાથે યુદ્ધ થયું તે વખતે પોતે શ્રીહરિએ નૃસિંહરૂપ ઉગ્ર ધાર્યું હતું. (૩૫) આ દરવાજાની સમીપમાં રામદાસભાઈની ઓરડી હતી. (૩૬) જ્યાં અત્યારે હાટ છે ત્યાં ચોક હતો ને ત્યાં આગળ ઘરમાં શ્રીજી વારંવાર છાના રહેતા હતા. (૩૭) લાડુબાના ઓરડાથી દક્ષિણદિશામાં એક કુટી હતી જેમાં પાકશાળા હતી (કે જે ઓરડાની ઓસરીમાં બારણું પુરેલું હાલ દેખાય છે). (૩૮) તે પાકશાળાની ઓરડીની પશ્ચિમ દિશામાં ઉંચી એક ઓટલી હતી તેઉપર શ્રીહરિ વારંવાર બેસતા હતા તે વેદીઉપર બેસીને ઘણી વખત જમ્યા છે. (૩૯) તે પાકશાળાથી પૂર્વમાં બે માળનું ઘર હતું તેની વિશાળ ઓસરીમાં પાર્ષદ રહેતા હતા ત્યાં શ્રીજી વારંવાર આવી બેસતા હતા. (૪૦) તે પાકશાળાથી પૂર્વ દિશામાં એક ઉત્તમ રાજાનું સભાગૃહ હતું તેથી દક્ષિણદિશામાં પાર્ષદોનો ભંડાર હતો. (૪૧) અત્યારે જ્યાં મોટો દરવાજો છે ત્યાં પ્રથમ અભય રાજાનો દરવાજો હતો ત્યાં શ્રીહરિ ચરિત્ર કરતા હતા. (૪૨) જ્યાં અત્યારે ચોઘડીનો મેડો છે તેની આગળ સુંદર ચોકમાં મહારાજ બેસતા હતા ત્યાં બેસી ઉપદેશ સંતોને કરતા હતા. (૪૩) તે ચોઘડીયાનો મેડો તેની આગળ બે માળનું ઘર હતું તેની નીચે પવિત્ર પૃથ્વી છે ત્યાં એક દેશમાં એક પર્ણકુટી હતી જેમાં મુક્તાનંદ-સ્વામી રહેતા હતા. (૪૪) મુક્તાનંદસ્વામીની કુટીની આગળ આંગણું વિશાળ હતું. હનુમાનજીના મંદિરથી ઉત્તર દિશામાં ચોક હતો તે આંગણામાં શ્રીજી સભામાં વીરાજમાન થઈને સંતોને જ્ઞાના-દિકની વાર્તા કરતા હતા તે ઠેકાણે ટાટનાં વસ્ત્ર મહારાજે સંતોને પહેરાવ્યાં છે. (૪૫) મુક્તાનંદસ્વામીની કુટીથી ઉત્તરમાં મહા-રાજના લેખક લેયા સંતની એક ઓરડી હતી. (૪૬) તે બે કુટીથી ઉત્તરમાં બ્રહ્માનંદસ્વામીની ઓરડી હતી ને દક્ષિણ દ્વારની એક ધર્મશાળા હતી. (૪૭)

ગોપીનાથજીનું મંદિર અને ધર્મશાળા બેની મધ્યે એક ઓટલી હતી ત્યાં શ્રીજી બેસિને ચરિત્ર કરતા હતા. (૪૮) કોઠારની આગળ ખળી હતી ત્યાં વારંવાર બેસતા હતા ને પોઢતા હતા. (૪૯) ખળીથી આથમણી દિશામાં એક પર્ણકુટી હતી જેમાં મુકુંદાનંદજી રહેતા હતા જેમાં મહારાજ જમેલા છે. (૫૦) મુળજી બ્રહ્મચારીની પર્ણકુટી તેથી દક્ષિણ દિશામાં ઉગમણા દ્વારની બ્રહ્મચારીઓની પાકશાળા હતી ને તેની આગળ નારાયણ લહરી નામવાળો કુવો ખોદાવેલો છે જે પ્રદક્ષિણાની નીચે આવેલો છે તેમાં વારંવાર શ્રીહરિ નાયેલા છે. (૫૧) ધર્મશાળાના કોટ આગળ દાડીમના વૃક્ષ હતાં ત્યાં સંતોનાં નિવાસ હતાં જ્યાં શ્રીજી ગુપ્ત રહેલા છે. (૫૨) અક્ષરઓરડીથી ઉત્તર દિશામાં બે સારી ઓસરીયો જેની છે એવા બે ઓરડા હતા. (૫૩) તેમાં એક ઓરડામાં વાસ્તુકર્મ કરતી વખતે ઘણું ઐશ્વર્ય જણાવ્યું છે ઓસરીયે યુક્ત તે ઓરડો તેમાં તેજ દેખાડ્યું તે ઓરડામાં વાસુદેવનારાયણની મૂર્તી સ્થાપન કરી હતી. (૫૪) વાસુદેવના ઓરડામાં ઉત્તમ રાજા આદિકની પ્રસન્નતા માટે મહારાજ રહેલા હતા. (૫૫) બે ઓરડાની વચલી ભિંત તેમાં એક ગોખ છે. (૫૬) આ વાસુદેવના ઓરડાની બહારની ઓસરી માં ચાકળા ઉપર મહારાજ બેસતા હતા. (૫૭) આ ઓસરીમધ્યે હિંડોળામાં ઝુલેલા છે.(૫૮) તેમજ આથમણા પણ ઝુલતા હતા. (૫૯) તેમજ તેના પશ્ચિમ ખંડમાં કથા કરાવતા હતા. (૬૦) તેમજ તે ઓસરીના પૂર્વ દિશામાં પોઢતા હતા. (૬૧) વાસુદેવના ઓરડાથી પૂર્વમાં કોટેયુક્ત એક ઘર હતું તેમાં વારેવારે બેસતા હતા. (૬૨) વાસુદેવના પડખામાં એક સુંદર ઓરડો હતો તે ઉત્તમ રાજાને આપ્યો તેમાં ઐશ્વર્યે દેખાડ્યું એટલે સૂર્યના મંડળમાં હીરણ્યગર્ભરૂપે દર્શન આપ્યું. (૬૩) સિતારામજીને પોતે શ્રીહરિએ પોતાની ગાદીએ બેસારવાની ઈચ્છા કરી ત્યારે ઉત્તમરાજાએ ચાકળો ઓસરીમાં નાખ્યો તેના ઉપર પોતે વિધિથી ઉત્સવ કરાવી પોતાનું ગુરુપદ સિતારામને આપ્યું. (૬૪) ઓરડાની પાછળ વાડામાં આંબલીનો વૃક્ષ વવરાવ્યો તેના મૂળમાં પોતે સ્નાન કરેલ છે. (૬૫) વાસુદેવના ઓરડાથી પૂર્વમાં બે ઓરડા હતા તે ઉગમણા આથમણા બારના હતા ને બે તરફ ઓસરીવાળા હતા ત્યાં વાસ્તુ પોતે કરી બ્રાહ્મણોને જમાડ્યા હતા. (૬૬) આ ઓરડાની દક્ષિણ દિશામાં ઓરડો હતો તે જીવુબાને આપ્યો તેમાં શ્વેતદ્વીપ જેવા તેજસ્વી દેખી આશ્ચર્ય પામ્યાં ને વાસુદેવ રૂપે શ્રીહરિએ દર્શન આપ્યું. (૬૭) તે ઓરડાની પાછળ એક ઓસરી હતી. (૬૮) તે ઓરડાની પૂર્વમાં ઓસરીના સર્વ ખંડમાં મહારાજ ઘણી વાર બેઠેલા છે. (૬૯) જીવુબાના ઓરડાથી ઉત્તરદિશામાં લાડુબાને એક ઓરડો આપ્યો તેમાં શ્રીહરિએ ગોલોક તથા તેના અધિપતિરૂપે દર્શન આપ્યું ને પછીથી શ્રીહરિરૂપે જણાયા. (૭૦) લાડુબાના ઓરડામાં વારે વારે જમ્યા છે. (૭૧) આ ઓરડાની પશ્ચિમ દિશામાં બાહેર ઓસરી હતી તેમાં ઘણી વાર બેઠેલા છે તે ઓરડાથી ઉત્તરમાં પાકશાળા

હતી તેમાં શ્રીહરિ જમ્યા છે. (૭૨) તથા ઓસરીના દરેક ખંડમાં મહારાજ બેઠેલા છે. (૭૩) લાડુબાના આ ઓરડાથી ઉત્તર દિશાની ભિંતમાં જે વેદીકા તેમાં બેસી અદ્‌ભુત ચરિત્ર કર્યુ છે. (૭૪) તેથી ઉત્તર દિશામાં બે માળવાળું ઘર હતું તેની પાકશાળામાં શ્રીહરિ જમ્યા છે મેડેથી ઉતરતાં પગથીયા ઉપર બેસી અદ્‌ભુત ચરિત્ર કર્યું છે. (૭૫) આ લાડુબાના ઓરડાનું ઉત્તરા દુ બાર તેમાં બેસી ઘણાં ચરિત્ર કર્યા છે. (૭૬) બે ઓરડાના બે બારના સમીપમાં ગોખમાં મહારાજ બેઠા છે ને પોઢ્યા છે. (૭૭) તેમજ ઓરડાના સમીપમાં જે પગથીયાં તેના થડમાં આંગણું તેના નજીકમાં બેઠેલા છે. (૭૮) આ ત્રણ્ય સ્થાનમાં ચરિત્ર કરેલાં છે. (૭૯) તેથી પૂર્વ દિશાના બારવાળા બે ઓરડા કરાવ્યા તે ન રૂચવાથી નવા કરાવ્યા ને તેમાંથી એક ઓરડો જીવુંબાને આપ્યો ને બીજો ઓરડો સુરબાઈને આપ્યો તેમાંના એકમાં લક્ષ્મીનારાયણ વૈકુંઠપતિરૂપે દર્શન આપ્યું અને બીજા ઓરડામાં નરનારાયણરૂપે પોતે દર્શન આપ્યું. (૮૦) આ બે ઓરડાની ઓસરીના સાતે ખંડમાં મહારાજ જેટલાં વર્ષ રહ્યા ત્યાં સુધી બેઠા છે ને ચોકમાં સંતોને જમાડ્યા છે ને સભા કરેલી છે. (૮૧) બે ઓરડાની આગળ ચોકમાં શ્રીહરિએ મલક્રીડા કરાવેલી છે. (૮૨) બે ઓરડામાંનો જે ઉત્તરા દો ઓરડો તેમાં ભાવનગરના દરબાર વિજયસિંહજીને મળ્યા છે આ ઉગમણા બારના ઓરડા દરબારમાં જતાંજ આવે છે તેજ. (૮૩) ત્યાંથી દક્ષણાદી કોરનો ઓરડો તેની ઓસરીમાં મીરસાહેબને મળ્યા છે. (૮૪) ઉગમણા બારનાં બે ઉપર કહેલા ઓરડાથી ઉત્તરાદા બે ઓરડા કરાવ્યા જેમાં પાંચુબા રહેતાં હતાં પાંચુબાને આ ઓરડો આપીને ભૂમા પુરૂષરૂપે દર્શન આપ્યાં છે. (૮૫) આજ બીજા ઓરડામાં ઘાયલ થયેલા પાર્ષદોને રાખ્યા ને કાળથી રક્ષા કરી. (૮૬) આ ઓરડામાં મહારાજે ઘણા સમય સુધી નિવાસ કરેલો છે. (૮૭) આ ઓરડામાં પાંચુબાની દીકરીનો મોક્ષ કર્યો છે અને ઓસરીમાં બેસી શ્રીગોપી-નાથજીનું મંદિર કરતી વખત અનેક પ્રકાર નાં ઐશ્વર્ય બતાવ્યાં છે. (૮૮) આ બે ઓરડાની પાછળ ઓસરીને વાડો હતો જેમાં દાડિમના વૃક્ષો હતા. (૮૯) ક્યારેક ઉદાસિન પ્રાપ્ત થતાં આ ઓરડાની પાછલી ઓસરીમાં રહેતા હતા. (૯૦) આ પાંચુબાના ઓરડામાં છાના રહેલા શ્રીહરિની ઉદાસીનતા સુરાખાચરે ટાળી કાંઈ પોતાનું બનાવેલું કાઠી ભાષાનું પદ જે (મારે નિશ્ચે દ્વારકા જાવું) તે બોલી મહારાજને રાજી કર્યા. (૯૧) તે બે ઓરડાથી દક્ષિણ ભાગમાં રસોડું હતું તેમાં મહારાજ જમ્યા છે. (૯૨) તે ઘરની ભીંત પડી તેથી જીવુંબાની રક્ષા કરી. (૯૩) આ ચારે ઓરડાથી દક્ષિણમાં ઘોડશાળ હતી જ્યાં હાલ બ્રહ્મચારીનો ભંડાર છે ત્યાં શ્રીજીએ ચરિત્ર કર્યા છે. (૯૪) આ ઘોડશાળથી પૂર્વ દિશાનો માર્ગ ત્યાં થઈ અક્ષરભુવનમાં વારે વારે વિચર્યા છે. (૯૫) જ્યાં અત્યારે શ્રીગોપીનાથજીનું મંદિર છે ત્યાં બે માળનું જાળીવાળું સ્થાન હતું. (૯૬) તેથી દક્ષિણાદા તથા ઉત્તરદા

બારવાળા ઓરડા હતા તેનું મહારાજે વાસ્તુકર્મ કરાવી વૈરાજરૂપે દર્શન આપ્યું છે ને પછીથી મનુષરૂપે દેખાયા. (૯૭) ત્યાં સાધુ રહેતા હતા ને સંતોને અક્ષરધામનું વર્ણન જેમાં આવે તેવી વાતો કરતા હતા. (૯૮) આ બે ઓરડામાં પૂર્વ દિશાનો ઓરડો હતો ત્યાં શ્રીહરિની આજ્ઞાથી સભા ઉત્તમરાજા કરતા હતા ને શ્રીહરિ ઉત્તમરાજા ની સાથે ગુપ્ત વિચાર કરતા હતા. (૯૯) આ પૂર્વ દિશાથી આથમણા ઓરડામાં બ્રહ્માનંદસ્વામી રહેતા હતા ત્યાં પણ ચરિત્ર કરતા હતા. (૧૦૦) આ બે ઓરડાની પાછલા ભાગમાં જે ઓસરી તેમાં મહારાજ બેઠેલા છે ત્યાં માંદા સાધુઓ રહેતા હતા તેમને મહારાજ ઉપદેશ કરતા હતા ને દક્ષણાદાબારના ઓરડાની ઓસરીમાં ચાતુર્માસમાં ઢોલીયાપર બેસી સુંદર વાતો કરતા હતા. (૧૦૧) આ બેના મધ્યમાં પગથીયાઉપર ચાકળો નંખાવી બેસતા હતા. (૧૦૨) આ બે ઓરડામાં જે આથમણો ઓરડો તેની પાસે ખાણ હતી ત્યાં શ્વેત વસ્ત્ર પહેરી બેસી ઘણીવાર દર્શન આપેલા છે. (૧૦૩) ચારે કોરના ઓરડાની વચ્ચેનો હાલ ચોક છે ત્યાં લિંબડા નીચે રહેલી વેદિકા ત્યાં બેશી ચારે દિશા તરફ મુખ રાખી જોતા હવા ને ત્યાં માણકી ઘોડી ઘણી વાર ફેરવેલી છે. (૧૦૪) અને માણકીને ફેરવી તેના ઉપર ઘણી કરૂણા બતાવેલી છે. (૧૦૫) હસનજી ભક્તને ત્યાં ચાલતા કર્યા છે. (૧૦૬) મુકભક્તને ત્યાં લિંબડા નીચે બોલતા કર્યા છે. (૧૦૭) વેદીઉપર બેસીને મલ્લક્રીડા કરાવી છે. (૧૦૮) રંગક્રીડા પણ ત્યાં કરી છે. (૧૦૯) રંગથી ભિના થઈ લિંબડાપર ચડી ગયા છે ને નિત્યાનંદ સ્વામીને કડાં આપ્યાં છે. (૧૧૦) ઉગમણા બારના ઓરડાની ઓસરી ને લિંબ વૃક્ષની વેદી તે બેના મધ્યમાં ઢોલીયાપર બેસતા હતા. (૧૧૧) લિંબડાથી આથમણી મોટી એક ખાણ્ય છે ત્યાં મહારાજ બેઠેલા છે. (૧૧૨) તે ચોકમાં ઉગમણી બાજુએ યવનાધીશને ચોવીશ પેગંબરનું દર્શન કરાવ્યું છે, (૧૧૩) લિંબડાના વૃક્ષથી ઉત્તરમાં જૈનોને તીર્થંકરનું દર્શન કરાવ્યું છે. (૧૧૪) લિંબડાથી દક્ષિણમાં જે ઓરડા છે તેમાં લાડુબાના ઓરડામાં જીવુબાને તથા ઉત્તમ-રાજાને ઐશ્વર્ય દેખાડ્યું છે ગોલોક તથા અક્ષરધામ દેખાડ્યું તેમાં સિંહાસન આદિના દર્શન કરાવ્યાં છે સિંહાસન તથા મહારાજ ની મૂર્તિનું વર્ણન કરેલું છે. (૧૧૫) દાદાખાચરની પ્રાર્થનાથી દક્ષણાદા બારના ઓરડા પડાવી મંદિર કરી ગોપીનાથજીદેવ પધરાવ્યા. (૧૧૬) ત્રણે મંદિરની શાખ જે દ્વાર તેને પકડીને મહારાજ મૂર્તિ સામું જોઈને ઉભા રહેતા હતા. (૧૧૭) ગોપીનાથજી ઉગમણા મંદિરમાં સૂર્ય-નારાયણ પધરાવ્યા છે. તેમના સામું પણ જોઈ રહ્યા હતા. (૧૧૮) મંદિરના ત્રણે ખંડમાં વારંવાર બેઠેલા છે ને થાળ જમેલા છે તથા દિવ્ય ચરિત્રો કરેલાં છે. (૧૧૯) મંદીરની અંદર દક્ષણાદી કોરે પ્રદક્ષિણા છે તેમાં શ્રીહરિ બેઠેલા છે. (૧૨૦) હાલમાં જે સુખ શય્યા મંદીર છે તેમાં શ્રીહરિ પોઢેલા છે અને દિવ્ય ચરિત્રો કર્યા છે. (૧૨૧) તેજ

શય્યા મંદિરમાં જ્યાં હાલ મારૂતી (હનુમાનજી છે) તેજ સ્થાનમાં શ્રીજી પ્રીતીયે કરી બેઠેલા છે અને તે વખતે મહારાજ મુકુંદાનંદ વર્ણિન્દ્રના પ્રત્યે બોલ્યા જે આંહી મારૂતી રૂપે તમારૂં સ્થાપન થશે. (૧૨૨) સૂર્યનારાયણના મંદિર પાસે જે ઓરડી છે તેમાં દેવની પ્રતિમાયું જોવાને શ્રીજી બેઠેલા છે. (૧૨૩) મંદિરથી દક્ષણાદી દિશામાં મોટો ગોખ છે તેમાં શ્રીજી બેઠેલા છે. (૧૨૪) મંદિરથી ઉત્તર દિશામાં રૂપ ચોકીમાં આસન નખાવીને સભા કરી બેઠા છે. (૧૨૫) તેના થકી પૂર્વ દિશાના ખુણામાં પોતાના વહાલા સંતોને રમણીય નર્મ વાક્યોયે કરીને હસાવ્યા છે. (૧૨૬) મંદિરથી પૂર્વ ભાગમાં દરવાજો છે ત્યાં આગળ વાયુપુત્ર તથા ગણપતિ સ્થાપન કરેલા છે તેના સમીપમાં શરદપુનમનો મંડપ કરાવી. સિંહાસનમાં બાળમુકુંદજીને સ્થાપન કરીને બેઠા છે અને તે રાત્રીનાં કીર્તનો ગવરાવ્યાં છે અને યથાશાસ્ત્ર શરદપુનમનો ઉચ્છવ કર્યો છે. (૧૨૭) હાલ જ્યાં હનુમાનજી છે ત્યાં પ્રથમ વેદીકા હતી તે ઉપર બેસીને શ્રીજી ફળ જમ્યા છે. (૧૨૮) ગણપતીની દેરી હાલ છે તે થકી પૂર્વમાં વેદીકા હતી તે ઉપર બાજઠ ઢળાવીને શ્રીહરિએ સ્નાન કર્યું છે. (૧૨૯) મંદિરના પૂર્વ દરવાજા આગળ ઉત્તર દક્ષણ તરફથી ચડવાનાં પગથીયાં હતાં તેના દક્ષણાદી હાથણીઉપર બેસીને નીચે પાળા ઓની પરીક્ષા કરતા હતા. (૧૩૦) મંદિરના પૂર્વ પશ્ચિમ તથા ઉત્તર તરફની હાથણીયુ ઉપર બેસીને રૂડાં ચરિત્રો કરેલાં છે તથા પોતામાં અધિક સ્નેહવાળા સંતો પાસે કીર્તનો ગવરાવેલાં છે. (૧૩૧) મંદિરથી ઉત્તર તરફની રૂપ ચોકીમાં બેસીને પોતાના ભક્તોને ગોપીનાથજીનાં દર્શન કરવાની ભક્તિને શીખડાવતા હતા. (૧૩૨) તેના થકી પશ્ચિમ તરફના ખુણામાં વારંવાર બેસીને રૂડાં દિવ્ય ચરિત્રો કરેલાં છે. (૧૩૩) તેના થકી પૂર્વ ભાગમાં ઉત્તરમુખે કઠોડાનો ટેકો કરીને બેસીને દિવ્ય ચરિત્ર કરેલ છે. (૧૩૪) મંદિરથી પૂર્વ ભાગમાં બે કૃત્રીમ પેરોલીયા છે તથા કૃત્રીમ બે વાઘ છે તેના ઉપર વારંવાર હાથ ફેરવેલા છે અને તે વાઘ ઉપર પોતે બેઠેલા છે.

આવી રીતે મંદીરમાં બીજાં નાનાં મોટાં કેટલાંક સ્થળો જ્યાં શ્રીજી વારંવાર બેઠેલા છે ને દિવ્ય ચરિત્રો કરેલાં છે એમ મળી તમામ ગણતાં ૧૫૪ થાય છે પરંતુ તે નથી લખતો પછી છેવટ શ્રીજી પોતાના ભક્તોને આનંદ આપતા થકા એમ બોલ્યા છે જે આ ગોપીનાથજીની મૂર્તિ તે મારા સમાન-સુંદર દિવ્ય અવયવોએ યુક્ત ભવહારિણી પવિત્ર દર્શનવાળી છે તથા વાસુદેવનારાયણ ધર્મદેવાદી તમામ મૂર્તિયો તે મારા હસ્તથી સ્પર્શ કરાયેલી છે એમ પોતે બોલ્યા છે.

એવી રીતે તમામ મંદિરનો ભાગ તથા દરબારની અંદર બાહેરનો તમામ ભાગ છે તથા જીવાખાચરનો દરબાર ઓરડા ઓસરીયું તથા લીંબડો વિગેરે દિવ્ય પવિત્ર છે અને તીર્થક્ષેત્રો તમામના કરતાં અતી ઉત્તમ છે.

ઉન્મત્તગંગાનો તીર્થો.

(૧) ઘેલા સોમનાથ (૨) ફુલઝરગામ (૩) ભડલીગામ (૪) સહસ્રઘરો (૫) માંડવઘાર, માંડવ્યઆશ્રમ. (૬) હનુમાનજી (૭) દેવસભા (૮) નારાયણહ્દ. (૯) નિત્યાનંદઘાટ. (૧૦) આનંદઘાટ. (૧૧) ખીજડીયોઆરો. (૧૨) ખળખળીયો ઘાટ. (૧૩) ઠાકોરજીને જીલવાનો ઘરો. (૧૪) પીપળાઘાટ. (૧૫) નીલકંઠ મહાદેવ. (૧૬) દાદાખાચરનો ખળખળીયો (૧૭) ઈચ્છારામ ઘાટ તથા ઓટો. (૧૮) ઓરીયો. (૧૯) તથા ઓરીયા સામો મધરીયો, ડુંગર. (૨૦) સંતોના ઓટા.

લક્ષ્મીવાડીમાં સ્થાન.

(૨૧)દરવાજામાં પેસતાં ઓટો. (૨૨) લક્ષ્મીવાડીમાં બેઠક. (૨૩) તથા ડભાણીયા આંબાનું સ્થાન. (૨૪) પીપળાવાળો કૂવો. (૨૫) તથા તેજ વંડામાં રાસરમેલાની છત્રી. (૨૬) બે આંબલીયો. (૨૭) આસો પાલવ તથા ઓટો. (૨૮) નિષ્કુળાનંદસ્વામીની ઓરડી. (૨૯) તથા તેમાં અક્ષર ઓરડીની થાંભલીયો. (૩૦) શ્રીજીએ પૂજેલો ખીજડો તથા ઓટો (૩૧) હાલ દુધવાળા સાધુની જગ્યામાં અક્ષરઓરડીની થાંભલીયો ૨ છે. (૩૨) વાડી પાછળ નાળીયેરો ડુંગરો. (૩૩) તથા તેની પાસેનો કુવો જેમાં પ્રાગજી દવે પગ લટકાવી બેઠા હતા. (૩૪) વોકળી જયાંથી ભુજ જાતાં વાસુદેવને પાછા લાવ્યા. (૩૫) પીપળાવાડી તથા કૂવો સ્ટેશન નજીક. (૩૬) રાધાવાવ્ય તથા વાડી. (૩૭) ભક્તિબાગ.

જ્યાં સચ્ચિદાનંદસ્વામી પાસે બીડ ભગાવી ખેતર કરાવેલ છે તે આ વિના બીજાં સ્થાન ગામ આદિમાં ઘણાં છે પણ આતો સંક્ષેપથી લખ્યાં છે. દુર્ગપુર માહાત્મ્યમાંથી ઉતારો લીધો છે.